૨૦૩૫

૨૦૩૫ કાદંબરી

પ્રસ્તાવના.

“The first and the simplest emotion which we discover in the human mind, is curiosity. By curiosity I mean whatever desire we have for, or whatever pleasure we take in, novelty. * * * Some degree of novelty must be one of the materials in every instrument which works upon the mind; and curiosity blends itself more or less with all our passions.”

EDMUND BURKE. *On the Sublime and Beautiful.*

“Providential or self-chosen monotony of existence has, of course, its novelties in proportion. A great many lives seem to us to present no opportunities for anything new in the daily course of them, even in the humblest form of novelty; but those who live them do find variety enough to distinguish one day from another. Something unexpected, not to be calculated on beforehand, relieves monotony, stirs the blood, creates those little stimulants without which we could not live, or life would be a living death.”

Essays on Social Subjects, Vol. II. P. 75-6.

સૃષ્ટિના નિર્માણ સમયે પ્રથમ ઉત્પન્ન થયેલા મનુષ્યના મન ઉપર, જગત્‌ની વિવિધ રચનાઓ જોઇ કેવી વિચિત્ર, અનિર્વર્ણ્ય, અસર થઇ હશે ? સતત ભ્રમણ કરનાર તેજોમય સૂર્ય, ચંદ્ર, તારા, અને તેમની ગહન ગતિયો; અગાધ ગામ્ભીર્ય વાળા, નાના પ્રકારનાં જલચરોથી ભરેલા, વિશાલ સમુદ્ર; પત્ર પુષ્પ અને ફલના ભારથી લચી જતાં તથા અકલ ગતિના પવનથી કંપતાં અનંત વૃક્ષોથી છવાઈ ગયેલા—‘દૂરથી મેઘ-માલા જેવા દીસતા’—ઉંચા ઉંચા પર્વતો, અને તેમના ખડકોમાંથી ખળખળ વહેતાં વાંકાં ચૂકાં ઝરણો; શ્રોત્ર-હારી મધુર શબ્દ સહિત, આકાશમાં નિરાધાર અવસ્થાન કરતાં, નાનાં મ્હોટાં, સુશોભિત પક્ષિયો;— એ આદિના પ્રથમ દર્શનથી તેને કેવું અનુપમ સાનંદાશ્ચર્ય થયું હશે ? એ ના એજ સૂર્ય ચંદ્ર આદિ નિર્માણ-ભેદ મનુષ્ય-વર્ગના કેટલા સ્વલ્પ ભાગનેજ તેવોજ વા તેનાથી જરા ન્યૂન પણ આનંદ કે આશ્ચર્ય હાલ

ઉપજાવતા હશે ? જનતાના મ્હોટા સમુદાયને એ નિર્મિતિયોમાં હવે કંઈ ગૌરવ વા મહત્વ લાગતું નથી અથવા થોડુંજ લાગેછે તે શું એ પદાર્થોનો દોષ છે? શું એમના પ્રભાવમાં કંઈ ન્યૂનતા થઈ છે જે આવી અવધીરણાને પાત્ર છે? નહિજ. એ તો મનુષ્યના મનની લઘુતા છે જે મહાન્ વિષયોમાં પણ, સહવાસને લીધે, દિવસે દિવસે ઓછી મહત્તા જુવે છે, અને જે, આજીવિકાનાં સાધન પ્રાપ્ત કરવામાંજ અહર્નિશ વ્યાપૃત રહીને, તેમના ઉપર ઘટિત લક્ષ આપી વિચાર નહિ કરી શકવાથી તેમને ઉચિત આદર આપી શકતી નથી.

પ્રખ્યાત ડૉ. જૉનસનના રાસેલાસના જેવી વૃત્તિ વિનાનાં મનુષ્ય જગત્માં વિરલજ છે! સ્વશક્તિ વા સ્વધન વડે અતિ આકાંક્ષાથી સંપાદિત કરેલા એક પ્રકારના સુખના વિષયથી આજ તૃપ્તિ થાય તો કાલેજ, તેની મોહક-શક્તિમાં ન્યૂનતા થવાથી, મનુષ્ય વર્ગના મ્હોટા સમૂહને તેથી અતૃપ્તિ થવા માંડેછે. માનવીઓના—તેમાં વિશેષે કરીને યુવાનોના—મનની ઘટનાજ ઈશ્વરે એવી કરેલી છે કે એકજ વસ્તુ, પ્રથમ તે ગમે તેવી પ્રિય અને હૃદયાલ્હાદક હોય તોપણ કાલક્રમે તેનો પરિચય વધવાથી ધીમે ધીમે કંઈક સૌંદર્ય-વિહીન, અરુચિકર અને અપ્રિય જેવી લાગવા માંડેછે. જ્યાં સુધી તેની નવીનતા ત્યાં સુધીજ તેનો મોહ અને તે ઉપર ભાવ રહેછે. આ નિયમને અનુસરીને ધનાઢ્યો પ્રતિદિવસ નવીન પ્રકારના વૈભોગ તથા સુખ પ્રાપ્ત કરવાને પ્રયત્ન-પરંપરા કર્યાં કરેછે; પરંતુ જે આગામિક સુખનો તેઓ અભિલાષ રાખેછે. તે જ્યાં સુધી દૂર અને અનુપભુક્ત હોય ત્યાં સુધીજ મોહજનક રહે છે; ઉપભુક્ત થયું કે તત્કાલ અસંતોષ ઉત્પન્ન કરે છે. આ પ્રકારે સર્વ સામાન્ય સુખનો ભંડાર ખુટી જતાં તેઓ કંઈક અસામાન્ય—અસાંસારિક—અનિર્વર્ણ્ય—સુખોપભોગની પ્રાપ્તિને અર્થે ઉત્સુકતા દર્શાવે છે.

પણ ઉપરનો નિયમ અપવાદ-રહિત છે એમ નથી. અભિલષિત વસ્તુ જો—

क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः ।

એ વ્યાખ્યાનુસાર ક્ષણે ક્ષણે નવતા પામે એવી, યથાર્થ રીતે રમણીય, હોય, અને ઉપભોક્તા ખરેખરો રસિક, ગુણગ્રાહી તથા સંતુષ્ટ હોય તો પ્રીતિમાં ન્યૂનતાને બદલે કાળે કરીને અધિકતા થઈને પરિણામે તે 'સ્નેહ-સાર' બનેછે.

સાંસારિક સુખમાં મનુષ્ય જાતિના મ્હોટા વર્ગની અને કાવ્ય, કથા, ઈતિહાસ આદિ સાહિત્યના ગ્રંથોમાં વાચક વર્ગની વૃત્તિ સમાન રહેછે. "જન્મ, જરા, વિપત્તિ, મરણ" આદિમાંનું પ્રત્યેક ચમત્કારિક તથા બોધકારક છતાં પ્રતિદિવસ દૃષ્ટિગોચરમાં રહેવાથી સાધારણ જેવું ભાસેછે, અને જે ગ્રંથોમાં એવા—આપણી સામાન્ય સ્થિતિ દર્શાવતા—વિષયોજ વર્ણવેલા હોય છે તેમના કરતાં જેમનું વસ્તુ (plot) કોઈક ચિત્તાકર્ષક, અશ્રુતપૂર્વ, અદ્ભુત, અલૌકિક વૃત્તાન્તોથી ભરેલું હોય છે એવા ગ્રંથો ઉપર આપણને અધિક રુચિ તથા પ્રીતિ થાય છે. ઇંગ્રેજી મહાકવિ વર્ડ્સવર્થ પણ કહે છે કે "આપણા સર્વેના મનમાં કેટલીક અવાચ્ય ઉત્કંઠાઓ—ગુપ્ત વાસનાઓ—રહેલી છે જે લૌકિક વૃત્તાન્તોથી સંતુષ્ટ ન થતાં અલૌકિકની વાञ्छના રાખેછે અને તેજ આહારની જેને આવશ્યકતા છે. આના સંપાદનને અર્થે એક કૃપાલુ દેવ આ પૃથ્વીનો તથા મનુષ્યોનાં અંતઃકરણનો અધિષ્ઠાતા થઈ રહેલો છે. તે અદૃષ્ટ રહીને, આવાં અનિન્દ્ય આનંદ આપતાં, સુખદ અસર કરતાં પુસ્તક રચવાની, જેઓને ચિન્તા નથી, જેઓ જાણતા કે વિચારતા નથી કે આપણે શું કરિયે છિયે, તેઓને પ્રેરણા કરે છે. આ અદ્ભુત કથાદિકનાં પુસ્તકો દિવસવત પ્રકાશ પામી જ્યાં સુધી જગત્માં મનુષ્યનું અસ્તિત્વ છે ત્યાં સુધી તેની પ્રચ્છન્ન—અંતર્હિત—તૃષ્ણાઓ શમાવવા સારૂ કોઈ પણ રૂપે અવશ્ય રહેવાનાંજ એ નિઃશંક છે."

આ મહા કવિના સકારણ મત ઉપરથી તથા આપણા સ્વાનુભવથી સ્હેજ સમજાશે કે સાહિત્યની આ અદ્ભુત કથા (Romance) રૂપી શાખાના અભ્યાસની થોડી ઘણી આવશ્યકતા છે ખરી. આ પ્રકારના સાધારણ ગ્રંથમાંથી પણ—ઉપર કહેલી સ્વાભાવિક હૃદય-તૃષ્ણાની શાન્તિ રૂપી લાભ કોરે મુકવા છતાં—કંઈક સાર (moral), જ્ઞાન અને બોધ મળી શકે છે તો પછી બાણભટ્ટ જેવા પ્રથમ વર્ગીય પ્રાસાદિક કવિયે રચેલા આ, સ્વજાતિમાં સર્વોત્તમ પુસ્તકમાંથી તે પ્રાપ્ત થાય એમાં શું આશ્ચર્ય ? ગ્રંથની બોધક તથા રંજક શક્તિ વિશેષે કરીને વસ્તુ-સંકલના ઉપર, અને રસ-પ્રકાશક, પ્રૌઢ પણ સરલ, અલંકાર-યુક્ત શબ્દ-વૃત્તિ (style) ઉપર આધાર રાખે છે. આ ગ્રંથની વસ્તુ-સંકલના કેવી ચમત્કારિક છે, અને તેનું રચના-પ્રદર્શન (denouement) પ્રથમથી અથવા ધીમે ધીમે ન થતાં અંતે થવાથી અથથી ઇતિ સુધી વાંચનારનું,

આગળનો વૃત્તાન્ત જાણવાનું કુતૂહલ કેવું જાગૃત રહે છે એ વર્ણવવા કરતાં કથાનો માત્ર સાર જાણવાથી પણ વધારે સમજાશે. એ સાર વાંચતા પેહેલાં એક અગત્યની સૂચના વાંચનારને એ કરવાની છે કે એમાં મૂળ કથાના માત્ર કુંચા કુંચાજ કાઢીને મુકેલા છે. હવે એ કુંચાજ જો નિરસ ન લાગતાં કાંઈક સરસ છે એમ તેની ધારણામાં આવે તો પછી મૂળ કથા—જેમાં આમાંના ઘણું કરીને પ્રત્યેક વાક્યને પુષ્ટિ કરવાને એક એક પૃષ્ઠ તો શું પણ કોઈ કોઈ સ્થલે સાત સાત આઠ આઠ પૃષ્ઠ નવા નવા વિચારોથી ભરેલાં જોવામાં આવશે—તેનો રસ કેટલો હશે એ કલ્પવું કઠિન લાગશે નહિ.[1]

એ લઘુ સારની અંદર આખી કથાનો સમાવેશ કરવા જતાં કોઈ કોઈ સ્થલે વધારે લંબાણ થઈ ગયું છે તથા કોઈ કોઈ સ્થલે છેકજ ટુંકાવવું પડ્યું છે, અને પ્રમાણની એ ન્યૂનાધિકતાથી એમાં કથાનું યથાર્થ સ્વરૂપ સ્પષ્ટ દેખાતું નથી તોપણ એ ઉપરથી, વાંચનારને કવિના અસાધારણ સંવિધાન-ચાતુર્ય વિશે થોડો ઘણો વિચાર સ્હેજ આવશે. હોમર જેવા કવિના 'ઈલિયડ' ને માટે હોરેસે કરેલી ટીકા જો બાણભટ્ટને આ ગ્રંથના સંબંધમાં લાગુ પાડિયે તો એમ કહી શકાય કે એ પણ પ્રથમ-થીજ "વસ્તુના મધ્યભાગમાં ઝંપલાવે છે (rushes *in medias res*);" અર્થાત્ ગ્રંથને આરંભે કથાનો આરંભ કરેતા નથી પણ તેના મધ્ય-ભાગમાંથીજ શરૂ કરેછે અને જેમ જેમ આગળ જાય છે તેમ તેમ તેની અગાઉના વૃત્તાન્તથી વાંચનારને માહિત કરેછે. આ યુક્તિથી કરીને એ લક્ષ્ય-કાર્યનું ઐક્ય (Unity of Action)[2] જાળવી શકયો છે;

૧ કાદમ્બરી-કથા-સાર માટે જુઓ પ્રસ્તાવનાને અંતે.

૨ લક્ષ્ય-કાર્ય=જે કાર્ય સાધવાનું હોય. (મુખ્ય નાયકની) જે કથા વર્ણવવાની હોય, તે. એરિસ્ટોટલના મત પ્રમાણે મિલ્ટનના 'પેરેડાઈસ લૉસ્ટ' ઉપર ટીકા કરતાં ઍડિસન લખેછે કે:—

"The first thing to be considered in an epic poem is the Fable, which is perfect or imperfect, according as the action which it relates is more or less so. This action should have three qualifications in it. First, *it should be but one action*. Secondly, it should be an entire action; and thirdly, it should be a great action."

The Spectator, Letter No. 267.

આ ઉપરથી જણાશે કે ઉપર કહેલા કાર્યનો પ્રથમ ગુણ એ છે કે તે એક હોવું જોઈયે, અર્થાત્ કાવ્યમાં કે કથામાં જુદાં જુદાં કાર્યો વા જુદા જુદા વૃત્તાન્તો મરડી મચરડીને

અર્થાત્ આખી વાર્તા સંબંધ રહિત જુદા જુદા વિભાગોની બનેલી છે એમ નહિ જણાવા દેતાં સંબદ્ધ વિભાગોની બનેલી એક અખંડ કથા છે એમ દર્શાવી રસમાં વૃદ્ધિ કરી શક્યો છે. કોઇ એમ માને છે કે ગ્રંથ-સાગરના તીર આગળ પ્રવેશ કરી, થોડી વાર દૃષ્ટિગોચરમાં તરતાં રહ્યા પછી, વિસ્મરણ થઇ જાય એટલા દીર્ઘ કાળ સુધી પ્રથમ પાત્ર (શૂદ્રક) અન્તરાલે નિમગ્ન રહે છે, અને તેના વિશેનું કુતૂહલ ધીમે ધીમે નિઃશેષ શમી ગયા પછી (તે પાત્ર) પાછું સામે તીરે એકાએક બહાર આવે છે એ, કર્થા-રચનાનો નિરસતા ઉત્પન્ન કરતો એક દોષ છે. પણ આ મત પ્રતિપાદન કરનારાએ એટલું તો કબુલ કરે છે કે એ યુક્તિથીજ, ઉપર કહેલા "કાર્યના ઐક્ય" નું સંરક્ષણ થાય છે.

વળી આ અદ્ભુત વૃત્તાન્ત એવો તો સુઘટિત છે કે જો કોઈ પ્રવીણ નાટકકર્તા મૂળ વસ્તુને આધારે, મૂળનાંજ ભાષણ રાખીને નાટક રચવાનું ધારે તો, મને પરિપૂર્ણ વિશ્વાસ છે કે, તે નવીન, ચમત્કારિક, અને ચિત્તા-કર્ષક બની, વાંચનાર અને જોનારનાં મન અને ચક્ષુને આલ્હાદિત કરી, શ્રમ સફલ કર્યા વિના રહેશે નહિ. પણ આ અનુપમ વસ્તુ-સં-કલનાનું માન બાણભટ્ટની કલ્પનાનેજ આપતાં આપણે ડૉ. પીટર્સનની 'કાદમ્બરી'ની આવૃત્તિની પ્રસ્તાવના વાંચી જરા સંકોચાઇયે છિયે. એ પ્રસ્તાવનામાં એમ દર્શાવેલું છે કેઃ-સોમદેવ નામના કવિયે સંસ્કૃત પદ્યમાં રચેલા 'કથા-સરિત્-સાગર' નામના ગ્રંથમાં નરવાહનદત્ત નામે રાજાને તેના મંત્રીએ કહેલી એક વાર્તા છે તેનું અને 'કાદમ્બરી'નું વસ્તુ એકજ છે. પણ બાણભટ્ટ (આગળ જણાશે તેમ) ઇ. સ. ના સાતમા સૈકામાં થઈ ગયો અને આ સોમદેવ બારમા સૈકામાં થઈ ગયો એટલે એ કથા ઉપરથી બાણે 'કાદમ્બરી' રચી હોય એ તો અસંભવિતજ છે. પણ સોમદેવ પોતાના ગ્રંથમાં કહે છે કે તે ગુણાઢ્ય કવિયે પૈશાચી ભાષામાં રચેલી 'બૃહત્કથા'ના સારનું સંસ્કૃત ભાષાન્તર છે.[1] હવે આ બૃહત્કથા બૂલર સાહેબના મત પ્રમાણે પેહેલા કે બીજા સૈકામાં રચાયલી છે;

જેમ તેમ ગોઠવવાને બદલે સુગ્રથિત કરીને જો એવી રીતે મુકવામાં આવે કે અથથી ઇતિ સુધી તેઓ નાયક કે નાયિકાના વૃત્તાન્તનેજ પુષ્ટિ આપી વાંચનારનું લક્ષ તેમના ઐક્ય ઉપર દોડાવે તો તેની અસર ચમત્કારિક થયા વિના રહે નહિ.

૧. ગુણાઢ્યનો બૃહત્કથા તો હાલ કહીં પ્રસિદ્ધ થઈ નથી એટલે તેમાંથી સોમદેવે ઉતારો કર્યો છે એ માત્ર તેના લખવા ઉપરથીજ માનવાનું છે.

વેબર સાહેબના મત પ્રમાણે આશરે છઠ્ઠા સૈકામાં લખાયલી છે; અને પીટર્સન સાહેબ એમ કલ્પે છે કે બાણ અને ગુણાઢ્ય ઘણું કરીને સમકાલીન કવિ હતા! ગમે તેમ હોય પણ એટલું તો સિદ્ધ છે કે બાણને બૃહત્કથા વિશે ખબર હતી.[1] એટલે તે બાણની પૂર્વે વા બાણના સમયમાં લખાયલી હોવી જોઈયે. આ બૃહત્કથા પણ (ડૉ. પીટર્સનના કહેવા પ્રમાણે) ગુણાઢ્યની કલ્પનાથી રચેલી નથી. એણે તો પાછળનાં સેંકડો વર્ષોમાં ચાલતી વાર્તાઓને ભેગી કરીને માત્ર ગોઠવેલીજ છે. માટે જો 'કથાસરિત્સાગર'માં આપેલી વાર્તા જોઈને પણ આપણે એમ ન ધારિયે કે બાણભટ્ટે એ બૃહત્કથા ઉપરથી આ ગ્રંથ લખ્યો છે તો એમ ધારી શકાય કે જે વાર્તાઓ ગુણાઢ્યે ગોઠવીને પ્રકટ કરી તેજ વાર્તાઓ બાણભટ્ટને પણ વિદિત હશે અને તેમાંથી એક ચમત્કારિક વાર્તા લઈ, યથારુચિ તેને ફેરવી, તે ઉપર આ બધી ઇમારત ચણી હશે.

ઉપર કહેલી વાર્તાનો 'કથાસરિત્સાગર'માંથી ઉતારો પીટર્સન સાહેબે આપેલોછે.[2] તેમાં અને આપણા ગ્રંથમાં પાત્રોનાં તથા સ્થાનનાં નામ કેવલ જુદાં છે. વિદિશાને બદલે કાઞ્ચનપુરી; શૂદ્રકને બદલે સુમનસ્; ચંડાલ-કન્યાને બદલે મુક્તાલતા નામની ભિલ્લકન્યા; વૈશમ્પાયન (શુક) ને બદલે શાસ્ત્રગંજ; (એ પણ સુમનસ્‌ની પાસે તેના પ્રતાપવિશે એક શ્લોક બોલેછે.) વિંધ્યાટવીના શાલ્મલી વૃક્ષને બદલે હિમાલય પાસેનું એક રોહિણી તરુ; હારીતને બદલે મરીચિમુનિ, અને જાબાલિને બદલે પૌલસ્ત્ય; ઉજ્જયિનીને બદલે રત્નાકરપુર; તારાપીડ અને વિલાસવતીને બદલે જ્યોતિષ્પ્રભ અને હર્ષવતી; ચંદ્રાપીડને બદલે સોમપ્રભ (સોમ=ચંદ્ર); શુકનાસ અને વૈશમ્પાયનને બદલે પ્રભાકર અને પ્રિયંકર; ઇંદ્રાયુધ અશ્વને બદલે આશુશ્રવસ્ (પણ એ કોઈ શાપ પામેલા મુનિકુમારનો અવતાર નથી); હેમકૂટ ઉપરનાં હંસ, ગૌરી અને તેમની પુત્રી મહાશ્વેતાને બદલે હિમાચલપાસેના કાંચનાભ નગરનાં પદ્મકૂટ, હેમપ્રભા અને મનોરથ-પ્રભા; શ્વેતકેતુને બદલે દીધિતિમાન્ અને (લક્ષ્મીથી ઉત્પન્ન થયેલો) તેનો પુત્ર રશ્મિમાન્ પુંડરીકને બદલે; કપિંજલ જેવો તેનો એક મિત્ર છે પણ તેનું નામ આપ્યું નથી; રશ્મિમાન્ મરણ પામેછે ત્યારે એના પણ શરીરને કોઈ પુરુષ આકાશમાં લઈ જાયછે પણ તે (બાણભટ્ટે આપ્યું છે તેવા) કોઈ કારણ વિનાજ (!); કપિંજલ

---

1. જુઓ પૃ. ૨૨, નો. ૨; પૃ. ૬૮ લી. ૬, નો. ૫. નરવાહનદત્ત રાજાનું નામ પણ આ ગ્રંથમાં આવે છે. જુઓ પૃ. ૧૦૫ લી. ૧૬-૧૭; પૃ. ૧૨૧ લી. ૧. વળી જુઓ શ્રીહર્ષચરિતને આરંભે નીચેનો શ્લોકઃ—

समुद्दीपितकन्दर्पा कृतगौरीप्रसाधना ।
हरलीलेव नो कस्य विस्मयाय बृहत्कथा ॥

2. જુઓ મુંબઈની આવૃત્તિની પ્રસ્તાવના પૃ. ૮૪–૮૫.

જેવો મિત્ર છે તે પણ ઉડી જાયછે; ચિત્રરથને બદલે સિંહવિક્રમ—વિદ્યાધરોનો રાજા; મદિરા જેવું કોઈ છે નહિ; કાદમ્બરીને બદલે મકરંદિકા; આમાં સોમપ્રભ વિદ્યાધર-દેશ જોવા જવાની ઈચ્છા દર્શાવેછે (આપણામાં ઉલટુંજછે); સોમપ્રભ અને મકરંદિકાને પ્રીતિ થાયછે; સોમપ્રભ પરણવાની હા કહી, પાછો આવુંછું એવું વચન આપી, સૈન્યને પોતાની ખબર કરવા જાયછે પણ ત્યાં પિતાનું પત્ર મળવાથી દેશ તરફ જાયછે; કેયુરકને બદલે દેવજય; પત્રલેખા જેવું પાત્ર છેજ નહિ; આટલે સુધી બંને કથાના વૃત્તાન્ત ઘણા ખરા સમાન છે પણ અહીંથી કેવલ ભિન્ન ભિન્ન છે; અને ઉપરના ભાગમાં પણ જ્યાંજ્યાં બાણભટ્ટે સુધારો કે વધારો કર્યોછે તેમાં તથા હવે પછીના ભાગને બદલીને હાલ છે તેવો મનોરંજક કર્યોછે તેમાં કેટલી ઉંડી બુદ્ધિ, કેટલું જન-સ્વભાવનું અવલોકન ને જ્ઞાન, અને કેટલું રચના-ચાતુર્ય દર્શાવ્યું છે એ લખી બતાવવા કરતાં વાંચનાર પોતાની મેળેજ સ્હેજ સમજી શકશે.—મકરંદિકા સોમપ્રભના ગયા પછી વિરહાતુર થાયછે અને પિતામાતાને દુ:ખ દેછે ત્યારે તેઓ એને શાપ દેછે કે તું ભિલ્લ જાતિમાં અવતરજે (!!) પછી સિંહવિક્રમ (એનો પિતા) શોકથી મરણ પામેછે તે પૂર્વ જન્મનાં પાપને લીધે શુક થઈ અવતરે છે (સુજ્ઞ વાંચનાર ! જરા વિચારી જુઓ કે બાણની ઘટના કેવી સબલ પાયા ઉપર, કેવી સકારણ અને કેટલી ચમત્કારિક છે !); એ શાસ્ત્રજ્ઞ શુક નિષાદના હાથમાં પડે છે તે પણ કારણ વિનાજ; સોમપ્રભ નગરમાં જઈને પ્રિયા-પ્રાપ્તિને અર્થે શિવની આરાધના કરે છે તે એને સ્વપ્નમાં કહે છે કે સુમનસ્ પાસે જે ભિલ્લ કન્યા આવી છે તે ત્હારી મકરંદિકા છે અને તને જોઈને એનો શાપ અસ્ત થશે માટે ત્યાં જા; વળી શિવજી મનોરથપ્રભાને પણ સ્વપ્ન આપેછે કે ત્હારો રશ્મિમાન્ સુમનસ્ થઈને અવતર્યો છે માટે ત્યાં જઈશ તો તને ઓળખશે. પછી ચારે જણ મળે છે. સુમનસ્ મનોરથ-પ્રભાને જુવે છે એટલામાં આકાશમાંથી એનું પૂર્વ શરીર પડે છે તેમાં એ પ્રવેશ કરે છે (!); શુકને પણ પક્ષી-શરીરમાંથી તત્કાલ મોક્ષ પ્રાપ્ત થાય છે (!!)

આવા અસંબદ્ધ જેવા વૃત્તાન્તને નવીન રીતે ગોઠવી, પૂર્વાપર સં-બંધયુક્ત કરી અતિ રસિક બનાવ્યો એ શું જેવી તેવી કલ્પના અને જેવી તેવી વિચારણાનું કામ કહેવાય ? બાણભટ્ટના બુદ્ધિ-પ્રભાવે તો આ વૃત્તા-ન્ત રૂપી નિર્માંસ અસ્થિપંજરમાંથી ઉપર તરી આવતાં જર્જરિત જેવાં નિ:સાર અસ્થિ દૂર કરી, પરીક્ષકની કસોટીએ ઉતરે એવાં તેમને બદલે બીજાં સ્વચ્છ તથા બલવર્ધક નવાં મુકી, "માંસ રુધિરાદિ આપી, ત્વચાથી ઢાંકી નાંખી," પ્રાણ મુકી, તેને પ્રફુલ્લ અને તેજસ્વી કોઈક અપૂર્વ શરીરના રૂપમાં આપણી દૃષ્ટિ આગળ ઉપસ્થિત કર્યુંછે માટે મૃત શરીરને પુનરુજ્જીવિત કરનારના જેવુંજ માન આપણા કવિને એક રીતે ઘટેછે એમ કહિયે તો ચાલે.

આ કથાના પાત્રવર્ગની વ્યવસ્થા જોઈશું તો તેમાં પણ કવિની અદ્‌ભુત શક્તિનાં ચિન્હ જણાયા વિના રહેશે નહિ. એ તો સત્ય છે કે શુકના મુખમાં આખી કથા મુકયાથી તથા પ્રસંગોપાત્ત આવતા

ગગન-ગમન, આકાશ-વાણી, મૃત-સંજીવન આદિ, દિવ્ય વર્ગને ઉચિત, કલિયુગમાં અસંભવિત બનાવોથી કથાની અકૃત્રિમતા (reality)નું જ્ઞાન ઓછું થવાથી તેનો ચમત્કાર જરા ઘટે છે, પણ જેમ જેમ વાંચનાર આગળ જાયછે તેમ તેમ નવીન વૃત્તાન્તોથી પૂર્વ-સ્મરણનું આચ્છાદન થઈને તે ક્ષીણ થતું જાયછે, અને પોતાના જેવાંજ પાત્રો સમક્ષ આવવાથી તેમના સુખદુઃખમાં ગરક થઈ જઈને તેમની અનુકમ્પામાં એ શુકના અસ્તિત્વને કેવલ વિસ્મરી જાયછે.

ગ્રંથનું નામ "કાદમ્બરી" રાખ્યું છે તે નાયિકા ઉપરથીજ છે એમ કહેવાની અગત્ય નથી. નાયક ચંદ્રાપીડ છે. ઉપનાયક વૈશમ્પાયન અને ઉપનાયિકા મહાશ્વેતા છે. બીજાં મુખ્ય પાત્રોમાં તારાપીડ, શુકનાસ, વિલાસવતી, મનોરમા, પત્રલેખા આદિ છે. વાંચનારને પ્રથમ કૌતુક તો એજ લાગશે કે લગભગ ૨૨૫ પૃષ્ઠ સુધી તો નાયિકાનું નામ પણ નથી આવતું તો એનો વૃત્તાન્ત જાણવાની વાતજ શી! આનું પીટર્સન સાહેબ દોષ-પક્ષે નિરૂપણ કરેછે. પરંતુ મને તો લાગેછે કે વસ્તુ-સંકલના અત્રુટિત રહે એ ઉપરાંત કવિનો વિચાર આવી વ્યવસ્થા કરવામાં એવો હશે કે પ્રથમથી નાયિકાનો પ્રવેશ કરાવીને એને થોડી વાર તટસ્થ વા શૂન્ય જેવી દર્શાવવી તે કરતાં યોગ્ય અવસરે પ્રવેશ કરાવી સમાપ્તિ પર્યંત પ્રત્યક્ષ રાખવી એ ઠીક.

રંગ-ભૂમિ ઉપર એનો પ્રવેશ થતા પહેલાં પણ ગ્રંથકર્તાએ એવી સરસ રચના કરી છે કે એનું પ્રથમ ભાષણજ (જુઓ પૃ. ૨૨૬ લી. ૭ વિ.) એની મહાનુભાવતા, અનુકમ્પા, સુશીલતા, સખી ઉપરની પ્રીતિ અને વાક્પટુતા વિશે સદ્વિચાર ઉત્પન્ન કરાવી એનો પક્ષપાત કરવાને આપણને તત્પર કરી મુકેછે. "ચંદ્રાપીડને જોઈ એ વિહ્વલ થાયછે ત્યારથીજ પ્રેમ અને કુમારીભાવની લજ્જા, આશા અને નિરાશા, જન્મથી સંવર્ધિત પિતૃ-ભક્તિ અને અભિનવ પ્રણય-લાલસા, જનાપવાદની ભીતિ અને સ્વેચ્છાની તૃપ્તિ—વિગેરે પરસ્પર વિરુદ્ધ ચિત્તવૃત્તિયોથી ભેદાઈ જતા એના મુગ્ધ અંતઃકરણની સુંદર છબી વાંચનારના હૃદયમાં યથાર્થ પડીને એટલું તો તેને મોહિત કરી નાંખેછે કે '**કાદમ્બરીના રસમાં**' મગ્ન થઈને તે બીજું સર્વ ભૂલી જાયછે." પ્રાણનાથના મરણ પછીનું એનું અસાધારણ ધૈર્ય તથા ડહાપણ અને સતીત્વ પણ (સામાન્ય) સ્ત્રી-સ્વભાવના કરતાં શ્રેષ્ઠજ છે.

રુચિર આકૃતિનો, સકલ કલામાં કુશલ ચંદ્રાપીડને વિનીત, વીર, ધીર, ચતુર તથા અનુરક્ત નાયક દર્શાવ્યો છે. પોતાના મિત્ર વૈશમ્પાયનને સૈન્યમાં ન જોતાં એને જે અગાધ પીડા થઈ, અને તેનું મૃત્યુ સાંભળતાંજ એનું હૃદય ફાટી ગયું એટલા ઉપરથીજ આપણે એના કોમલ, પ્રીતિના પાશે બંધાઈ રહેલા, અંતઃકરણનું અનુમાન કરી શકિયે છિયે.

ઉપનાયક પૂર્વ જન્મે મુનિ-પુત્ર હતો તે જાતિમાંથી પોતાના અવિનયને લીધે મર્ત્ય લોકમાં મનુષ્ય-જાતિમાં પડ્યો અને ત્યાંથી પણ તેજ કારણને લીધે શુકજાતિમાં અધોગતિ પામ્યો એમ દર્શાવીને કવિયે 'અવિનયનો, દુરાચારનો, પરાજય' એ રૂપી તાત્પર્યાર્થ (moral) સિદ્ધ કરી આપ્યો છે. અને યુવાવસ્થા પ્રાપ્ત થતાંજ અસહ્ય દુઃખમાં પડેલી, તીવ્ર તપશ્ચર્યા વડે સુકુમાર શરીરને ક્ષીણ કરતી, પતિના પુનઃ સમાગમની આશાએ જેમ તેમ જીવિત ધારણ કરી રહેલી, પતિવ્રતા, પરોપકારી, સુશીલ સ્વભાવની, અતિ ગૌર વર્ણની મહાશ્વેતાની દીન પણ મનોહર છબી તો એણે એવી પ્રવીણતાથી તથા રસજ્ઞતાથી ચિત્રી છે કે તેનું પ્રતિબિમ્બ ચિત્તમાંથી જરા પણ ખસતું નથી. એનો ઐશ્વર્ય-સુખનો ત્યાગ, બાંધવ-ત્યાગ, અબલા જનની સહજ ભીતિનો પરિત્યાગ, બ્રહ્મચર્ય-ગ્રહણ, વનવાસનાં દુઃખનું અંગીકરણ, મહા કષ્ટોનું સહન, અને દીર્ઘ કાલ સુધી 'આશા-તંતુ'ના બંધારણથી એવી અવસ્થામાં પણ સ્થિરતા જોઈને, અંતે એના—ચિર કાલથી આકાંક્ષિત—પતિ-સમાગમની પ્રાપ્તિ થકી અનુમોદન સહિત કોઈ પણ હર્ષ પામ્યા વિના રહેશેજ નહિ.

બીજાં પાત્રોમાં પુત્ર-વત્સલ, પત્નીવત્સલ, પર પીડા જાણનાર, પ્રજા રંજન કરનાર, રાજા તારાપીડ,—રાજા-પ્રજાનું હિત ઈચ્છનાર, યોગ્ય અવસરે ઘટિત બોધ દેનાર, ડાહ્યો પ્રધાન શુકનાસ,—વ્હાલ ઘેલી, પુત્રને માટે તલપતી, તેના અમંગલની શંકાથી બ્હીતી, માયાળુ વિલાસવતી,—પૂર્વ જન્મના સ્નેહથી ચંદ્રાપીડનેજ અનુલગ્ન રહેતી, તથા તેના હિતાર્થે સર્વદા પ્રયત્ન કરતી પત્રલેખા—એ આદિ સર્વને પણ સજીવ જેવાંજ અસરકારક ચિત્રેલાં છે.

વસ્તુ-સંકલના અને પાત્ર-ભેદ પછી ભાષા ઉપર જોતાં, તે વિષયમાં તો બાણની તુલના કરી શકે એવો કોઈ સંસ્કૃત કવિ 'न भूतो न भविष्यति.' સંસ્કૃત જેવી "વિલક્ષણ માધુર્ય યુક્ત પ્રૌઢ વર્ણ વાળી, શબ્દના અખુટ ભંડાર વાળી, વિચિત્ર વાક્ય-રચના વાળી, ચમત્કારિક પ્રકારના તથા દીર્ઘત્વ સંબંધી નિર્બંધ વિનાના સમાસથી ભરેલી ભાષા છંદ વિના પદ્યનો સર્વ ઠાઠ ગદ્યમાં દર્શાવવાને પરિપૂર્ણ રીતે અનુકૂલ છે." અને એવાં ગદ્યાત્મક કાવ્ય રચવાની શક્તિ બાણભટ્ટ, સુબંધુ, તથા દંડી એ ત્રણનીજ પ્રસિદ્ધ થયેલી છે[1]—તેમાં વિશેષે કરીને બાણભટ્ટની—એવું બીજા રસિક

---

૧ ભરતખંડના પ્રાચીન ગ્રંથકારોનું વલણ ગદ્ય કરતાં પદ્ય લખવા તરફ વધારે હતું અને મનની બીજી શક્તિયોનું પોષણ ન થતાં તેમનામાં કલ્પનાશક્તિ અધિક પ્રબલ થતી—તેનું કારણ બકલ જેવા વિદ્વાન્ આપણા દેશનાં સૃષ્ટિ-દર્શન (Aspects of Nature) હતાં એમ સિદ્ધ કરી આપે છે, અને કહેછે કે:—

"If, then, we look at the ancient literature of India, even during its best period, we shall find the most remarkable evidence of the uncontrolled ascendency of the imagination. In the first place, we have the striking fact that scarcely any attention has been paid to prose composition; all the best writers having devoted themselves to poetry, as being most congenial to the national habits of thought. * * * The consequence is, that while

કવિયોનું પણ સિદ્ધાન્ત છે. ધર્મદાસ નામનો કવિ 'વિદગ્ધ-મુખ-મંડન' નામના પોતાના ગ્રંથમાં કહેછે કેઃ—

रुचिरस्वरवर्णपदा रसभाववती जगन्मनो हरति ।
तत्किं तरुणी नहि नहि वाणी बाणस्य मधुरशीलस्य ॥

(આમાં પ્રશ્ન અને ઉત્તર છે.)— અહાહા! શું એના **સ્વરનું**, **વર્ણનું**, અને **પદનું** સૌંદર્ય? **રસ** અને **ભાવ** તો એનામાં વ્યાપીજ ગયેલા છે![1]— એવી સકલ લોકનાં મન હરનારી કોણ છે? તરુણી? નહિ, નહિ, એ તો પ્રકૃતિથીજ મધુર બાણ કવિની વાણી!

જયદેવ કવિ તો વળી બાણને કવિતા રૂપી કામિનીના હૃદયમાં વસનાર પંચબાણ—મદન—નું નામ આપેછે!![2] અને ગોવર્ધન કવિ એને વાણીનો, સરસ્વતીનો, સાક્ષાત અવતારજ ગણેછેઃ—

जाता शिखंडिनी प्राक् यथा शिखंडी तथाऽवगच्छामि ।
प्रागल्भ्यमधिकमाप्तुं वाणी बाणो बभूवेति ॥ [3]

સર્વથા, સર્વ પ્રકારે પ્રશંસનીય, "સહૃદય, ચતુર, કલ્પક" બાણે પ્રકૃતિયેજ અનેક ગુણથી મનોહર ગીર્વાણ ભાષાને આત્મવશ કરી કેટલી અધિક ચિત્તવેધક બનાવી છે તે વિશે આપણે જે કહિયે તે થોડુંજ છે. એની અગાધ કલ્પનાએ એટલું તો ગ્રહણ કરી લીધું છે કે—

बाणोच्छिष्टं जगत् सर्वम् ।

જગત્ સર્વ હવે ઉચ્છિષ્ટ જેવુંજ ભાસેછે! વાચક-વર્ગને પદે પદે વિસ્મિત કરી વાગ્વિસ્તારથી થકવી દેતાં, વિવિધ શબ્દાલંકાર તથા અર્થાલંકારથી ભરેલાં, ઇંગિત-જ્ઞાનનું સ્ફુટ પ્રદર્શન કરવામાં તથા નાના

---

prose writing is utterly despised, the art of poetry has been cultivated so assiduously, that the Sanscrit can boast of metres more numerous and more complicated than have ever been possessed by any of the European languages."

Buckle's His. of Civilization in England, Vol. I., P. 132-3.

૧ સ્વર=અવાજ (તરુણીનો); અ, ઈ, ઉ, આદિ (વાણીમાં). વર્ણ=રંગ; અક્ષર. પદ=પગ; શબ્દ. રસ=પ્રીતિ; શૃંગાર આદિ. ભાવ=મનોવિકાર, લીલા; અભિપ્રાય, વિચાર.

૨ જુઓ મુખ-પત્ર (Title-page). ૩ પૂર્વે જેમ શિખંડિની (નામે સ્ત્રી) બીજા અવતારમાં (વેર લેવા માટે) શિખંડી (પુરુષ) રૂપે અવતરી હતી, તેમજ, અધિક પ્રાગલ્ભ્ય પામવાને વાણી (સરસ્વતી) વાણ—('બ' તથા 'વ'નો અભેદ હોવાથી) બાણ—રૂપે અવતરી એમ હું ધારૂંછું! ભીષ્મપિતાનો વધ કરનાર શિખંડી પહેલા અવતારમાં સ્ત્રી હતો એ કથા ભારતમાં છે.

પ્રકારના ચિત્તવિકારની ઉત્પત્તિ વૃદ્ધિ આદિકનું મનોરંજક આલેખન કરવામાં કુશલ, સમાન છતાં પણ ભિન્ન ભિન્ન, ચિત્રવત્ આહ્લાદન કરતાં, ઠામ ઠામ દૃષ્ટિયે પડતાં એનાં વર્ણનનું સૌંદર્ય, યથાર્થ સમજનારનાં અંતઃકરણને ખરેખર ભેદીજ નાંખેછે. બીજા અલંકારોમાં વળી શ્લેષ-રચનાની શક્તિ તો બાણની વિચિત્રજ છે. 'રાઘવ-પાંડવીય' નામના શ્લિષ્ટ ગ્રંથનો કર્તા કહેછે કે:—

सुबंधुर्बाणभट्टश्च कविराज इति त्रयः।
वक्रोक्तिमार्गनिपुणाश्चतुर्थो विद्यते न वा ॥

સુબંધુ, બાણભટ્ટ અને કવિરાજ (લખનાર પોતે) એ ત્રણજ વક્રોક્તિ રચવામાં નિપુણ છે. ચોથો કોઈ તેવો હોય એમ લાગતું નથી! સુબંધુએ 'વાસવદત્તા'માં શ્લિષ્ટ ભાષણો મુકેલાં છે અને બાણે 'કાદમ્બરી'માં તેવાં મુકેલાં છે, પરંતુ તેમાં ભેદ એટલો છે કે બાણભટ્ટ કેવલ શ્લેષનેજ અધીન થઈ અર્થાદિકની હાનિ ન કરતાં ક્વચિત્ ક્વચિત્ સ્વાદ ચખાડવાનેજ તેમને વાપરે છે અને તે વળી નિયમાનુસારજ—વર્ણનોના છેલ્લા ભાગમાંજ; એના શ્લેષ ટુંકા, પ્રસ્તુત વિષય સાથે સંબદ્ધ, અને પ્રસાદ-ગુણયુક્ત હોયછે એટલે વાંચનારને તે છોડતાં ઝાઝો શ્રમ ન થતાં ચમત્કારિક દ્વિઅર્થની પ્રાપ્તિથી કંઈક વિનોદ મળેછે. પણ "પ્રત્યક્ષર-શ્લેષમય પ્રબંધ રચવામાં કુશલ" સુબંધુના શ્લેષમાં ક્લિષ્ટતા, ગ્રામ્યતા આદિ દોષ એટલા છે કે અવધિ! એની 'વાસવદત્તા'ના ટીકાકાર શિવરામ ત્રિપાઠીએ કોઈ કોઈ સ્થલે એક એક શ્લેષને વિવિધ રીતે લેવાથી તથા એકાક્ષરી કોશની સાહાય્યથી પંદર પંદર—સોળ સોળ—અર્થ કરી બતાવ્યા છે!! પણ બાણનામાં તો એવો એક પણ શ્લેષ નથી એ જોઈને જરા સંતોષ થાયછે. એટલું તો છે કે બાણ અને સુબંધુના ઉપર કહેલા બે ગ્રંથોમાં સરલ શ્લેષ અને વિચાર કેટલાક સાધારણ છે (જે આ ભાષાન્તરમાં દર્શાવેલા છે); પણ કોણે કોનામાંથી તે લીધેલા એ કહેવું સેહેલું નથી. હૉલ સાહેબના મત પ્રમાણે સુબંધુ બાણની પેહેલાં થઈ ગયો એમ ગણીએ તથા બાણે શ્રીહર્ષચરિતના આરંભમાં મુકેલો એક શ્લોક[1] આજ 'વાસવદત્તા' વિશે છે એમ માનીએ—જે કે પ્રો. ભાણ્ડારકરનો અને પ્રો.

---

[1] कवीनामगलद्दर्पो नूनं **वासवदत्तया** ।
शक्त्येव पाण्डुपुत्राणां गतया **कर्ण**गोचरम् ॥

પીટર્સનનો અભિપ્રાય તેથી વિરુદ્ધ છે[1]—તો એમ કહેવાય કે બાણે સુબંધુના ગ્રંથમાંથી એટલાં સુપુષ્પ વીણી લઈ પોતાની માલામાં નાંખેલાં છે.

"આ પ્રમાણે આપણે જોયું કે પ્રસ્તુત ગ્રંથ અનેક ગુણથી કરીને રમણીય બનેલો છે. જે કોઈને હિંદુ લોકની કલ્પનાશક્તિ, સંસ્કૃત ભાષાનો શબ્દાર્થ રૂપ અક્ષય ભંડાર, શ્લેષાદિ વિચિત્ર ચમત્કાર ઉત્પન્ન કરવાની તેની અપ્રતિમ શક્તિ, તેના કવિત્વનું અત્યંત ઉજ્જ્વલ સ્વરૂપ, એ સર્વે એકત્ર જોવાનું મન હોય તેની ઈચ્છા આ સાંપ્રત ગ્રંથ પૂર્ણ કરશે. વળી પ્રાચીન કાળના રીતિ રિવાજ વિગેરે પણ આમાં લક્ષે પડે છે; અને મુસલમાન આદિ પરદેશીઓએ દુર્દશામાં આણ્યા પહેલાં આ સુવર્ણ-ભૂમિનો જે અપાર વિભવ દૂર દેશાવરમાં ગાજી રહ્યો હતો તેની કંઈક કલ્પના આ ગ્રંથ ઉપરથી જેટલી મનમાં આવશે તેટલી કદાચિત્ બીજા કોઈ પણ ગ્રંથ ઉપરથી આવનાર નથી."[2]

'કાદમ્બરી' માં પ્રધાન રસ શૃંગાર છે, જેને ઉચિત માર્દવ તથા લાલિત્ય યુક્ત પદ-રચના કરવામાં કવિયે કશી મણા રાખી નથી. બીજા રસ—કરુણ, હાસ્ય, અદ્ભુત વિ૦ પણ ક્વચિત્ ક્વચિત્ પ્રસંગોપાત્ત જોવામાં આવે છે. અર્થાલંકારમાં વિશેષે કરીને સ્વભાવોક્તિ, ઉપમા, ઉત્પ્રેક્ષા, પ્રતિવસ્તૂપમા, અપહ્નુતિ, વિરોધ અને શ્લેષ આદિનાં ચમત્કારિક દૃષ્ટાન્ત સ્થલે સ્થલે આકર્ષણ કરે છે. પણ ગ્રંથ-રચનાની એક અપૂર્વ વિચિત્રતા તો એ છે કે આખી કથા એક કવિનું કૃત્ય ન હોતાં બેનું છે, તથાપિ તેમાં સાધારણ વાંચનારને કંઈ ભેદ જણાય એમ નથી! અર્ધ ભાગ લખી રસ-સંગ્રામમાં પ્રવેશ કરતાંજ બાણભટ્ટ દૈવયોગે મૃત્યુની પાશમાં સપડાઈ ગયાથી શેષ તેના પુત્રે સંપૂર્ણ કીધું છે. આથી શોક અને હર્ષ બંને વૃત્તિમાં મન વિભક્ત થાય છે. શોક એટલા માટેજ કે "જેણે આ અપ્રતિમ કૃતિનો નકશો પૂર્વથી મનમાં આણેલો તેનાજ હાથથી તે કૃતિ છેવટ સુધી ઉતરી નહિ." જો એમ થયું હત તો ગ્રંથનું પ્રમાણ કેટલું વધી ગયું હત તથા તેના ઉત્તર ભાગમાં રસ કેવો ઉદ્દીપ્ત થઈને પ્રસર્યો હત એ આપણાથી આજ કળી શકાતું નથી. કવિના અકાલ મૃત્યુથી જે હાનિ થઈ છે તેનો બદલો તો બીજા કશાથી વળે એમ નથી. હર્ષ એટલા માટે કે અર્ધે સુધી ચણાયલી એક સુંદર ઈમારત તેવી

૧ જુઓ કા૦ ની મુંબઈની આવૃત્તિની પ્રસ્તાવના પૃ. ૭૨ અને તે તળે આપેલી ટીપ.

૨ 'સંસ્કૃત કવિ'—(બાણ): પૃ. ૧૨.

ને તેથીજ અપૂર્ણ ન રહેતાં, તેના પૂર્વ શીલ્પકારના પુત્રનેજ હાથે પરિપૂર્ણ થઈ. એ પુત્રના ગુણ અવગુણનું વિવેચન કરતા પહેલાં એટલું ધ્યાનમાં લેવાની આવશ્યકતા છે કે મ્હોટા મ્હોટા કવિયો પણ પોતાની એક કૃતિની સમાનજ બીજી કૃતિ ઉતારી શકતા નથી---મિલ્ટન જેવો કવિ પણ પોતાના "પેરેડાઈસ લૉસ્ટ" જેવું "પેરેડાઈસ રીગેન્ડ" લખી શક્યો નથી તો પછી એક કવિયે લખેલા ગ્રંથનું બીજાએ 'સંધિ-ભેદ જરા પણ જણાય નહિ એવી રીતે' સાંધણ લખી, તેનો મૂળ રસ તથા તેની મૂળ અસર જાળવી રાખી, તેને સમાપ્ત કરવો એ કંઈ જેવું તેવું કામ નથી. પ્રખ્યાત રોમન શૂરવીર સીઝરે ઇતિહાસ સંબંધી એક ટિપ્પણ લખ્યું છે તેને ઇતિહાસના યોગ્ય રૂપમાં મુકનાર હજી કોઈ પુરુષ નીકળ્યો નથી! આ જોતાં તો આપણને નિઃસીમ આનંદ થાય છે કે 'કાદમ્બરી' પણ તેવી અપૂર્ણતાની દુર્દશાને પ્રાપ્ત થઈ નહિ. બીજા કોઈ કવિ કરતાં બાણભટ્ટનો પુત્રજ આ ગ્રંથ સંપૂર્ણ કરવાને સર્વ પ્રકારે અધિક યોગ્ય હતો એ તો નિઃસંશયજ છે; કેમકે બાલપણથીજ તે પિતાની પાસે ઉછરેલો, તેના હાથ નીચે કેળવાયલો, તેના ગ્રંથનો સતત મનન પૂર્વક અભ્યાસ કરનારો, અને વળી. તેના જેવી તો નહિ પણ તે જાતિની થોડીક કલ્પના-શક્તિ ઈશ્વર-કૃપાથી પામેલો એટલે તે જેટલું સ્વ-બુદ્ધિથી વા સહવાસ-પરિચયથી પિતાનું અનુકરણ કરી શકે તેટલું બીજા કોઈથી થવું અશક્યજ. અને એ કેવો વિનીત. નમ્ર, તથા કવિત્વ-વિષયે નિરભિમાની છે એ એના મધુર પ્રસ્તાવિક શ્લોક ઉપરથી કે માત્ર આટલા ઉપરથીજ સિદ્ધ થઈ શકશે કે શેષ-પૂર્ણ કરતાં એણે પોતાનું નામ પણ તે સાથે જોડવું ઉચિત ધાર્યું નહિ! પિતાના નામથીજ ગ્રંથ પ્રસિદ્ધ રહેશે અને હું બાણભટ્ટનો તનય કહેવાઈશ એ કંઈ ઓછું માન નથી એમ એની ધારણા હોય એવું ભાસે છે ખરે! એવા પુત્ર—તેમાં વિશેષે કરીને પિતાને સમાન કવિત્વ તથા બુદ્ધિ ગુણ વાળા--મળવા એ કેવલ દુર્લભ છે, અને અખિલ જગત્માં વિરલ કવિયોનેજ એ સુખામૃતની પ્રાપ્તિ થઈ હશે. પૂર્વ ભાગ વાંચી, ઉત્તર ભાગમાં પ્રવેશ કરનારને ક્વચિત્ ક્વચિત્ પૂર્વે આવેલાજ વિચાર, પૂર્વનીજ ઉક્તિયો, પૂર્વનાજ શ્લેષ આદિ દૃષ્ટિયે પડશે ખરા, પણ તેટલા ઉપરથી એવોજ મત બાંધવો ઘટતો નથી કે ભૂષણબાણમાં[1]

૧. બાણભટ્ટના પુત્રનું આ નામ શોધી કાઢ્યાનું માન ડૉ. બૂલ્હરને છે. જુવો મુંબઈની આવૃત્તિની પ્રસ્તાવના પૃ.૪૦.

પિતાની માત્ર અનુકૃતિ કરવાનીજ કલા છે. ઊત્તર ભાગમાં કહિંક કહિંક એવાં પણ સૃષ્ટિસાંદર્યનાં વર્ણન—એવાં પણ હૃદય-ગત ભાવનાં વિવેચન—દૃષ્ટિયે પડે છે કે જે ઉપરથી એની સ્વાભાવિક ઉત્તમ કવિત્વ-શક્તિ, સહૃદયતા, તથા ભાષા-જ્ઞાન સ્પષ્ટ જણાઇ આવે છે.

આ ભાષાન્તરનો મુખ્ય હેતુ ગ્રંથકર્તાની કલમનું યથાર્થ ચિત્ર આપવાનો તથા અભ્યાસીઓને સરલતા કરી આપવાનો હોવાથી તે પ્રાયશઃ શબ્દશઃ કીધેલું છે. તેની અંદર ઘણું કરીને કલકત્તાની આવૃત્તિના પાઠ ગ્રહણ કીધેલા છે. પણ કવચિત્ કવચિત્ તે અશુદ્ધ લાગવાથી મુંબઇની આવૃત્તિના, અને કવચિત્ તે આવૃત્તિના ટિપ્પણમાં આપેલા બીજા પાઠનો પણ ઉપયોગ કર્યો છે. મૂળ ગ્રંથના રસાલંકાર બનતા સુધી ભાષાન્તરમાં આણવાનો પ્રયત્ન કીધો છે, જો કે તેમ કરતાં કોઇક કોઇક સ્થલે ગુજરાતી ભાષાનું માધુર્ય જરા ઘટીને કઠિનતા આવી ગઇ હશે ખરી. આ ગ્રંથની એક અસાધારણ નવીનતા એના શ્લેષમાં છે, જેનું ભાષાન્તર થવું અશક્યજ છે. સંસ્કૃત ભાષામાં એક શબ્દ-રચના સમાસના, સંધિના, તથા કોશના બલથી વિવિધ પ્રકારે લેવાથી તેના બે અથવા અધિક અર્થ જેમ નીકળી શકે છે તેમ બીજી કોઈપણ ભાષામાં થતું નથી, પણ જો જરાએ તેમ થવાનો કોઇ ભાષામાં સંભવ છે તો તે ગુજરાતી મરાઠી આદિ જે તેની શાખાઓ છે અને જેમાં નાના નાના સમાસ વાપરવાની ધીમે ધીમે રીતિ પડેલી છે તેમાંજ છે—જો કે તેમાં પણ મૂળનું તેવુંજ ભાષાન્તર કરવું તો અશક્યજ છે પણ એટલુંજ કે મૂળ શબ્દરચના જરા ફેરવીને રાખવાથી વાંચનારને તે છેક નવાઇનું લાગતું નથી. આ લાભ લઇને મેં બનતા સુધી તેના તેજ શ્લિષ્ટ શબ્દો જરા ફેરફાર કરીને રાખેલા છે અને તે વર્તાવા સારૂ બીજા કરતાં મ્હોટા અક્ષરમાં છાપેલા છે. શ્લેષને માટે પ્રત્યેક સ્થલે ટીકા આપેલી છે જે વિના સાધારણ વાંચનારને તેના અર્થ સમજવા સુગમ પડે એમ નથી. વળી અર્થની સુગમતા અધિક કરવાને કવચિત્ કવચિત્ કેટલાંક ચિન્હ વાપરેલાં છે, જેવાં કે:—

[ ] આ કોંસમાં જે અક્ષર વા અક્ષર-વિભાગ આવે તે ટિપ્પણમાં દર્શાવ્યા પ્રમાણે વિકલ્પે લેવાના છે—એક અર્થ કરતાં લેવાના, બીજો કરતાં મુકી દેવાના છે.

( ) આ કૌંસમાં ઘણું કરીને મૂળમાં નહિ આપેલા પણ અર્થ વિશદ કરવાને નવા ઉમેરેલા શબ્દો આપેલા છે.

——........——આવાં બે ચિન્હ (ડૅશ) ઇંગ્રેજી " ઇન્વર્ટેડ કોમાઝ " ને બદલે અથવા બોલનારના શબ્દ સૂચક તરીકે વાપરેલાં છે. ઇંગ્રેજી રીત ન વાપરવાનું કારણ એટલુંજ છે કે આ ગ્રંથમાં એકજ પાત્રના બોલેલા શબ્દ ન આવતાં પેટાં ઘણાં થઈ જાય છે: જેમ કે—પોપટ શૂદ્રકને કહે છે કે જાબાલિ મુનિ બોલ્યા કે તારાપીડ નામે રાજા હતો તેણે વિલાસવતીને કહ્યું કે વિ૦. આ સઘળું બતાવવાને 'કોમા'ની અંદર 'કોમા' અને તેની અંદર 'કોમા' આખા ગ્રંથમાં જોઈયે, જેથી વાંચનારને ગુંચવણ થયા વિના રહેજ નહિ. માટે ઉપર કહેલી નવી રીતિ વાપરેલી છે, જો કે કોઈ કોઈ સ્થલે એ રીતિથી પણ અર્થ સ્પષ્ટ નહિ જણાય એમ લાગવાથી 'કોમા' રાખવા પડ્યા છે, પણ તે ક્વચિતજ.

આ ભાષાન્તરના વાંચનારને એક સૂચના કરવાની આવશ્યકતા છે કે તેમાં પગલે પગલે ઉપમા કે ઉત્પ્રેક્ષા આવ્યાં કરે છે, અને તે અલંકાર સ્વેચ્છાએ અનિયમિત રીતે લખવાની રુઢિ નથી પણ જે પ્રસ્તુત વિષયને અધિક વર્ણવવા સારૂ ઉપમિત વા ઉત્પ્રેક્ષિત કર્યો હોય તેને, અને જેની સાથે તેને ઉપમિત વા ઉત્પ્રેક્ષિત કર્યો હોય તેને કંઇક પ્રકટ વા ગૂઢ સંબંધ—સમાન ધર્મ—હોવોજ જોઈયે, અને તે શોધી કાઢવા ઉપર લક્ષ આપીને, અલંકારની મનન-સહિત તુલના કરીને વાંચવાથી શ્રમ અફલ ન જતાં અર્થ અધિક સમજાશે એટલુંજ નહિ પણ કવિની અનુપમ કલ્પના-શક્તિનું ખરેખરૂં પ્રતિબિમ્બ મન ઉપર પડી "પદે પદે" નવા નવા ચમત્કાર ઓળખાઇ આવવાથી હર્ષ અને સંતોષ થયા વિના રહેશે નહિ. માટે વાચક-વર્ગને વિનતી એ છે કે કથાના બીજા સામાન્ય ગ્રંથોની પેઠે આને ઉપલક ઉપલક ન વાંચી જતાં ધીમે ધીમે ટીકાની મદદથી સમજીને વાંચવો, અને મને આશા છે કે એમ કરવાથી જ્યાં જ્યાં તેને શંકા પડશે ત્યાં ત્યાં ટીકાથી અથવા પાછળ આપેલા કોશથી તેનું સ્પષ્ટીકરણ થયા વિના રહેશે નહિ.

આ પ્રસંગે ખેદકારક એટલુંજ છે કે સૃષ્ટિ-સૌંદર્યનાં વા રુચિર આકૃતિયોનાં જેવાં ચિત્તવેધક, ચિત્રસમ વર્ણન વાંચનારના અંતર્ગત ચક્ષુ આગળ ઉપરા ઉપરી ઉભાં થાય છે તેવાંજ ચિત્ર—તેમાંનું એક પણ—તેના ચર્મ-ચક્ષુ આગળ ઉપસ્થિત કરવાને સમર્થ કોઈ ચિત્રકાર મળી

શકયો નથી જે અલ્પ મૂલ્યથી એ લાભની પ્રાપ્તિ કરાવી શકે. જો ઇંગ્લંડ જેવા દેશમાં આવો ગ્રંથ પ્રસિદ્ધ થતો હોય તો તેને એ વિષયમાં કેવી સહાયતા મળે એ થોડાનેજ અજાણ્યું હશે.

'કાદમ્બરી' રૂપી રત્ન-રાશિમાંથી કોઈક કોઈક રત્ન બહાર કાઢી તેટલાનીજ શોભાથી જનમન મોહિત કરવાને કેટલાક આધુનિક કવિયોએ પૂર્વે પણ પ્રયત્ન કરેલા છે એમ દેખાય છે. તેઓમાં 'અભિનવ કાદમ્બરી' નામે એક પદ્યાત્મક લઘુ ગ્રંથ સંસ્કૃત ભાષામાંજ કોઇ ધુણ્ઢિરાજ નામના કવિયે બનાવેલો છે જેમાં મૂળ વસ્તુનો માત્ર સારજ આપેલો છે, વર્ણન આદિ કંઈજ છે નહિ. મરાઠી ભાષામાં પણ આ ગ્રંથના કેટલાક ભાગનું ભાષાન્તર થયુ છે એમ સમ્ભળાય છે. પણ ઉપરના બને કરતાં વિશેષ ચમત્કારિક કૃતિ તો ભાલણ કવિની છે જેણે આ સમસ્ત ગ્રંથનું ગુર્જર ભાષામાં પદ્યમય એક રસિક ભાષાન્તર રચ્યું છે. એ કંઈ શબ્દશઃ ભાષાન્તર નથી પણ મૂળનું સરલ ભાષામાં માત્ર વ્યાખ્યાનજ છે. ભાલણની વાણી કેટલીક રીતે પ્રેમાનંદના જેવી છે અને એની રચના દેશી રાગમાં હોવાથી વાંચનારને ઘણી સુગમ પડે એવી છે, પણ મૂળ ગદ્યની જે ખુબી છે તે તો પદ્યમાં યથાસ્થિત શી રીતે આણી શકાય? તો પણ એણે પોતાનું કાવ્ય સરસ કરવાને બનતો પ્રયાસ કર્યો છે અને એને ભાષાન્તર તરીકે ન ગણતાં એક જૂના ગુજરાતી કાવ્ય તરીકે ગણાને વાંચનારને કેટલોક વિનોદ અવશ્ય થશેજ. પ્રેમાનંદના "દશમ સ્કંધ"ની પ્રસ્તાવનામાં કવિ નર્મદાશંકર કહે છે કેઃ— "સંવત સૈકા સત્તરમાં સિદ્ધપુર પાટણના ભાલણે અને અઢારમા સૈકામાં ડભોઈના રત્નેશ્વરે તથા વડોદરાના પ્રેમાનંદે 'દશમ સ્કંધ' નાં ગુજરાતી ભાષાન્તર રચ્યાં." આ ઉપરથી કલ્પના એટલી થઈ શકે છે કે જેણે 'દશમ' જેવા ગ્રંથનું ભાષાન્તર કરવાનું માથે લીધું હશે તેણેજ બાણનો ગ્રંથ પણ હાથમાં લીધો હશે માટે એ ભાલણ અને આ ઉપર કહેલો એ બંને એકજ હોવા જોઈયે. આમ હોય તો એ ભાષાન્તરના કાલનો પણ નિર્ણય થયો એમ કહેવાય. આ ગ્રંથ હજી પ્રસિદ્ધ થયો નથી પણ તેની એકજ હસ્ત લિખિત પ્રત ગુ. વ સોસાઈટીએ કરેલા સંગ્રહમાં છે જે ઉપરથી મ્હારે માટે ઉતરાવેલી એક નકલ મ્હારા મિત્ર રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ. બી. એ. ના સાહાય્યથી હું મેળવી શકયો છું, અને તેને માટે હું આ પ્રસંગે તેમનો આભાર માનું છું. • એમ સંભળાય છે કે

ગુ. વ. સો. થોડા દિવસમાં એ ગ્રંથ પ્રસિદ્ધ કરી ઉત્તમ ગુર્જર કાવ્યોમાં વૃદ્ધિ કરનાર છે જેથી વાચકવર્ગને નિ:સંશય મહા લાભ પ્રાપ્ત થશે.

આ પ્રસ્તાવના સમાપ્ત કરતા પહેલાં મ્હારે મ્હારા મિત્રોનો, તેમાં વિશેષે કરીને ગ. રા. નૃસિંહરાવ ભોળાનાથ બી. એ., સિ. એસ., એઓનો, તથા શાસ્ત્રી શંકરલાલ મહેશ્વર, શાસ્ત્રી ભાનુશંકર હરિશંકર, અને શાસ્ત્રી જીવણરામ મહીધરનો ઉપકાર માનવો ઘટિત છે—જેમણે પ્રસંગોપાત્ત આપેલી અમૂલ્ય સહાયતા વિના આ ભાષાન્તરને તેની વર્તમાન સ્થિતિયે આવવું કઠિન પડ્યું હત.

બાણભટ્ટનું ચરિત્ર.

પ્રાચીન ઐતિહાસિક ગ્રંથોના તથા પ્રાચીન મહાપુરુષોનાં જીવન-ચરિત્રના અભાવથી, કોઇ વિખ્યાત પુરુષ ક્યારે થઈ ગયો, તેનો જન્મ કેવી અવસ્થામાં હતો, તેણે જ્ઞાન કે નામ શી રીતે મેળવ્યું, અને તેનો ઉદય કે અસ્ત શી રીતે થયો એ આ સમયમાં નિશ્ચયથી લખવું અશક્ય જેવું છે. તથાપિ આપણા ગ્રંથકાર વિશે લખતાં હર્ષિત થવાનું કારણ એ છે કે એણે પોતાનો વૃત્તાન્ત 'શ્રીહર્ષચરિત' નામના પોતાના ગ્રંથના પ્રથમ ઉચ્છ્વાસમાં આપેલો છે. 'કાદમ્બરી' ના આરંભમાં પણ 'વાત્સ્યાયન-વંશ-વર્ણન' એ નામ નીચે એણે પોતાના કુલનું પદ્યમય વર્ણન ટુંકામાં કરેલું છે પણ એમાં તો માત્ર નામજ છે. 'શ્રીહર્ષચરિત' માં એથી વધારે સારી રીતે આપેલું જોવામાં આવેછે. તેમાં કહે છે કે:—સરસ્વતીને એક પ્રસંગે દુર્વાસા મુનિનો શાપ થયાથી તે મર્ત્ય લોકમાં શોણ નદીને[1] તીરે આવીને રહી હતી અને ચ્યવન મુનિના પુત્ર દધીચને પરણી હતી. તેનો શાપ પુત્ર-મુખ-દર્શનથી અસ્ત થવાનો હતો તેથી તે પુત્ર પામતાંજ તેને મુકી સ્વર્ગે જતી રહી. દધીચે પોતાના પુત્રને પોતાની ભાભી અક્ષમાલિકાને સ્વાધીન કર્યો. એ અક્ષમાલિકાને પણ દધીચના પુત્ર જેવડોજ એક પુત્ર હતો. પહેલાનું નામ સારસ્વત, બીજાનું નામ વત્સ હતું. સ્વમાતા સરસ્વતીના પ્રસાદથી સારસ્વતને સર્વ વિદ્યા

૧. "એ નદી નર્મદાના મૂળની પૂર્વ દિશાએ બે ત્રણ કોસ ઉપર, નાગપુરના ગોંડવન પ્રાન્તમાં અમરકંટક નામની અધિત્યકા (tableland) ઉપર નીકળે છે, અને પ્રથમ ઉત્તર દિશામાં તથા પછી પૂર્વ દિશામાં અઢીસે કોસ સુધી વહીને પાટલિપુત્ર અથવા પટણાની ઉપર ગંગાને મળેછે."—મોનિયર વુ.

જિહવાગ્રે હતી અને તે તેણે પોતાના મિત્ર વત્સને નિઃશેષ શીખવી. ત્યાર પછી તેને શોણ પાસેના પ્રીતિકૂટ નામે ગામમાં સ્થાપી[1] પોતે પિતા સાથે તપશ્ચર્યા કરવા ગયો. આ વત્સ એક મ્હોટા વંશનો પ્રવર્તાવનાર થયો. તેમાંથી વાત્સ્યાયન નામના ગૃહ-મુનિયો ઉત્પન્ન થયા, અને કેટલાક યુગ ગયા પછી તેઓની અંદર એક કુબેર નામે દ્વિજ ઉત્પન્ન થયો. તેને અચ્યુત, ઈશાન, હર અને પાશુપત એવા ચાર પુત્ર થયા. પાશુપતને અર્થપતિ નામે તનય થયો. અર્થપતિને ભૃગુ, હંસ, શુચિ, કવિ, મહાદત્ત, ધર્મ, જાતવેદસ્, ચિત્રભાનુ, ત્ર્યક્ષ, મહિદત્ત અને વિશ્વરૂપ એ નામે અગિયાર પુત્ર થયા, અને તેમાંથી ચિત્રભાનુને રાજદેવી નામે બ્રાહ્મણ-પત્નીથી બાણ પ્રાપ્ત થયો. બાલપણમાંથીજ બાણને માતાનો સ્વર્ગવાસ થયાથી વિયોગ થયો, અને એ ચૌદ વર્ષનો થયો એટલામાં તો એના પિતા મરણ પામ્યા. દેશાન્તર જોવાના કુતૂહલથી બાણ પ્રવાસ કરવા નીકળ્યો અને તેમાંથી કેટલેક કાળે પાછો આવી "ઉષ્ણ ઋતુમાં એ એક દિવસ ભોજન કરી પાછલે પ્હોરે ઘરમાં બેઠો હતો" તેવામાં એની પાસે શ્રીહર્ષવર્ધન રાજાના ભાઈ કૃષ્ણ પાસેથી પત્ર લઈને મેખલક નામે એક દૂત આવ્યો. તેણે એને શ્રીહર્ષ રાજા પાસે આવવાના આમંત્રણ રૂપી પોતાનો સંદેશો કહ્યો. કેટલોક વિચાર કરી અંતે એણે તે આમંત્રણ સ્વીકાર્યું અને બીજે દિવસ પ્રીતિકૂટમાંથી તેની સાથે નીકળ્યો. પેહેલે દિવસે એ ચંડિકા-વન ઓળંગીને મલ્લકૂટ નામના ગામમાં આવી પ્હોચ્યો. ત્યાં જગત્પતિ નામના પોતાના ભાઈ અને મિત્રને ઘેર વિસામો કરી બીજે દિવસ ગંગા નદી ઓળંગીને યષ્ટિગૃહ નામે ગામમાં એણે રાત ગાળી, અને ત્રીજે દિવસે મણિપુરની પાસે આવેલી અજિરવતી નદીને કાંઠે હર્ષ રાજાની છાવણીમાં એ આવી પ્હોચ્યો....... પછી એને હર્ષનો મેલાપ થાયછે અને ત્યાં એ રહેછે. શરદ્માં પાછો ઘેર આવે છે અને પ્રસંગ નીકળ્યાથી હર્ષ રાજાનું ચરિત્ર પોતાના મિત્રોને કહેવા માંડે છે.—આ પછીનો ભાગ એ રાજાના ઇતિહાસ વિશે છે, અને એવી ઘણા વિદ્વાનોની કલ્પના છે કે 'શ્રીહર્ષચરિત' હજી અપૂર્ણ અવસ્થામાંજ પ્રાપ્ત થયેલું છે (કેમકે બાણભટ્ટનો ઉત્તર વૃત્તાન્ત હાલના 'શ્રીહર્ષચરિત' ને અંતે નથી).

---

૧. સારસ્વતનો પિતા દધીચ માતૃપક્ષ તરફથી રાજા થયો હતો. કેમકે ચ્યવન શર્યાત રાજાની પુત્રીને પરણેલો હતો.

આ પ્રમાણે આપણને ઉપર કહેલા ગ્રંથમાંથી બાણની ઉત્પત્તિ વિગેરે વિશે કંઈક કંઈક સૂચના મળે છે, અને એ કયા કાળમાં થઈ ગયો તેનો પણ એક વિચિત્ર સાધનથી નિર્ણય થઈ શકે છેઃ—ઈ. સ. ૬૨૯ માં હુએન સંગ (Houen-Thsang) નામે એક ચીનવાસી, બૌદ્ધમતનો પ્રવાસી સ્વદેશ છોડી, સ્વધર્મનાં પવિત્ર સ્થાને યાત્રાને અર્થે ભરતખંડ તરફ આવવા નીકળ્યો હતો. તે કાશ્મીરને માર્ગે થઈને ભરતખંડમાં પેઠો અને તેમાં પ્રવાસ કરી, થોડાં વર્ષ સ્થિતિ કરી, ફરી પોતાને દેશ ઈ. સ. ૬૪૫ માં પહોંચ્યો. ચીની ભાષામાં એ પુરુષના પ્રવાસના વર્ણનનો એ ગ્રંથ છે જેમનું ભાષાન્તર ફ્રેન્ચ ભાષામાં થયેલું છે. તેમાં લખેછે કે હુએન સંગે પ્રવાસ કર્યો તે કાળની અંદર (૬૨૯–૬૪૫) ઉત્તર હિંદુસ્થાનમાં હર્ષવર્ધન નામે રાજા રાજ્ય કરતો હતો. આ રાજાના કુટુમ્બ આદિક સંબંધી જે વૃત્તાન્ત ઉપરના ચીનાઈ ગ્રંથમાં આપેલો છે તેજ બાણના "શ્રીહર્ષચરિત" માં પણ છે. આ ઉપરથી એમજ સિદ્ધ થાય છે કે હુએન સંગનો અને બાણનો હર્ષવર્ધન એકજ હોવો જોઈયે. માટે બાણ કવિ પણ ઉપર કહેલાં વર્ષોમાં અથવા ઈ. સ. સાતમા સૈકાના પ્રથમ અર્ધ ભાગમાં હયાત હોવો જોઈયે. આ વિષય ઉપર પ્રથમ લક્ષ દોરનાર ડૉ. ફિટ્સ એડવર્ડ હૉલ હતો, જેણે પોતાની 'વાસવદત્તા' ની આવૃત્તિની પ્રસ્તાવનામાં આ વિશે લંબાણથી લખેલું છે. '''

એકલી 'કાદમ્બરી'થીજ બાણ પોતાને માટે અક્ષય કીર્તિ સંચિત કરી ગયો છે, પણ એ તથા ઉપર કહેલા 'શ્રીહર્ષચરિત' વિના બીજા પણ કેટલાક ગ્રંથો એણે રચેલા છે એમ કહેવાય છે. તેમાં 'ચંડિકાશતક' નામે એક લઘુ કાવ્યનો કર્તા તો એ નિર્વિવાદ ઠરી ચુકયો છે. એ ૧૦૨ શાર્દૂલવિક્રીડિત છંદનું બનેલું છે. એની રચના વિશે એક એવી કથા ચાલે છે કેઃ—મયૂર નામે કવિ ભોજ રાજાના (?) વખતમાં ઘણો માનીતો હતો, અને તેનો જમાઇ બાણ પણ ત્યાં પંકાયલો હતો. એક વેળા એવું બન્યું કે બાણ અને તેની સ્ત્રીને કંઈ પ્રણય-કોપથી કલહ થતો હતો અને સ્વપત્નીનું માન મુકાવતાં મુકાવતાં બાણની ઘણી ખરી રાત વીતી ગઈ, એટલામાં મયૂર ત્યાં થઈને ફરવા જતો હશે તે બારીમાંથી કંઈ ગડબડાટ સાંભળી નીચે ઉભો રહ્યો. તે વેળા બાણ સ્ત્રીને પગે પડતો હતો અને કહેતો હતો કે—પ્રિયે ! આટલી વાર ક્ષમા કર, હવે કદી તને કોપાયમાન નહિ કરૂં. આ સાંભળી એણે તો એને ઉલટો ચરણ-પ્રહાર કર્યો. તે સમયનો નૂપુરનો ખણખણાટ સાંભળીને પુત્રી વિશે મયૂરને ઘણો ખેદ થયો. પણ બાણ એક નવો છંદ બોલ્યોઃ—

इतः क्षीणा रात्रिः कृशतनु शशी शीर्यत इतः ।
प्रदीपोऽयं निद्रावशमुपगतो घूर्णत इव ॥

प्रणामान्ते मानं त्यजसि न यथा त्वं क्रुधमहो ।
कुचप्रत्यासत्त्या हृदयमपिं ते सुभ्रु कठिनम् ॥

આ સાંભળી મયૂરે કહ્યું કે:—એને ‘સુભ્રુ’ શું કહે છે? ‘ચંડિ’ કહે!—આ અપમાનકારક શબ્દ કર્ણે પડતાંજ બાણની સ્ત્રીએ રોષથી પિતાને શાપ દીધો કે—આ મ્હારા તામ્બૂલ-રસના સ્પર્શથી તને કોઢ નીકળજો. અને તેજ ક્ષણે તેમ થયું......પછી તેમાંથી મુક્ત થવાને મયૂરે ‘સૂર્યશતક’ નામે સ્તુતિ રચી,[1] જેનો છઠ્ઠો શ્લોક બોલતાંજ એને સૂર્યે કોઢમાંથી મુક્ત કર્યો. આથી એનું માન રાજકુલમાં વધ્યું તેથી બાણને ઈર્ષ્યા આવી અને સ્વશક્તિ દર્શાવવા એણે પોતાના હાથ પગ કપાવી નાંખ્યા, અને દૃઢ નિશ્ચય તથા ભક્તિથી ચંડિકાનું સ્તવન કર્યું, જેના પ્રથમ શ્લોકનો છઠ્ઠો અક્ષર બોલતાંજ ચંડિકાએ પ્રત્યક્ષ દર્શન દઈને એનાં અવયવ પૂર્વ સ્થિતિમાં આણ્યાં!![2]

આમાંથી કેટલું માનવું એ વાંચનારના વિચાર ઉપર આધાર રાખે છે. ‘પાર્વતી-પરિણય’ અને ‘મુકુટતાડિતક’ નામે નાટક પણ બાણે રચેલાં કહેવાય છે.[3] અને ‘રત્નાવલી’ નામનું પ્રખ્યાત નાટક જે આજ સુધી શ્રીહર્ષ નામે રાજાએ લખેલું કહેવાય છે તે પણ (એ શ્રીહર્ષ અને બાણનો શ્રીહર્ષ એકજ હશે તથા તેની કીર્તિ પ્રસરાવવાને તેને નામે બાણે પ્રસિદ્ધ કીધું હશે એમ ધારી) ખરું જોતાં બાણે લખેલું એમ કેટલાક વિદ્વાનો માનેછે.

બાણના આ વૃત્તાન્ત વિશે નીચેનાં પુસ્તકોમાંથી મને સાહાય્ય મળેલી છે:—

૧. શ્રીહર્ષચરિત.

૨. ડૉ. ફિ. એ હૉલની પ્રસિદ્ધ કરેલી ‘વાસવદત્તા’ની પ્રસ્તાવના.

૩. ડૉ. પીટર્સને પ્રસિદ્ધ કરેલી ‘કાદમ્બરી’ની પ્રસ્તાવના.

૪. ‘સંસ્કૃત કવિ’ નામે એક પૂર્વે છપાતા મરાઠી માસિક પત્રનો (જુલાઈ ૧૮૭૭ નો) બાણભટ્ટ વિશેનો અંક.

નીચેના કેટલાએક પૃથક્ પૃથક્ શ્લોક બાણની માધુરીએ સહૃદય કવિયોનાં હૃદય ભેદી બ્હાર કાઢેલા છે તે અત્રે આપીને મ્હારી પ્રસ્તાવના હવે હું બંધ કરૂંછું:—

---

૧ મયૂરના ‘સૂર્યશતક’ વિશે કાવ્ય-પ્રકાશકાર મમ્મટે પણ લખેલું છે.

૨ જુઓ સન ૧૮૭૨ ના એપ્રિલ માસનું “ઇન્ડિયન એન્ટિક્વેરી”, ડૉ. બુલરનો વિષય. એમાં ઉપરના શ્લોકનું પ્રથમ ચરણ આવું આપેલું છે:—

गतप्राया रात्रिः कृशतनु शशीयत इव (?)

૩ જુઓ મુંબઈની “કાદમ્બરી”ની આવૃત્તિની પ્રસ્તાવના પૃ. ૯૮.

निःश्वासोऽपि न निर्याति बाणे हृदयवर्तिनि ।
किं पुनर्विकटाटोपपदबन्धा सरस्वती ॥ १ ॥

भग्नः काव्यैकमेरुः कविविपणिमहारत्नराशिर्विशीर्णः ।
शुष्कः शब्दाम्बुसिन्धुः प्रलयमुपगतो वाक्यमाणिक्यकोशः ॥
दिव्योक्तीनां निधानं निधनमुपगतं हा हता दिव्यवाणी ।
बाणे दूरप्रयाणे प्रणयिनि विधिना शायिते दीर्घनिद्राम् ॥ २ ॥

गद्यानि निरवद्यानि हृद्यानि कस्य नो मुदे ॥
कविताकामिनीपंचबाणबाणकवीशितुः ॥ ३ ॥

हृदि लग्नेन बाणेन यन्मन्दोऽपि पदक्रमः ।
भवेत् कविकुरंगाणां चापलं तत्र कारणम ॥ ४ ॥

श्लेषे केचन शब्दगुम्फविषये केचिद्रसे चापरे ।
ऽलंकारे कतिचित् सदर्थविषये चान्ये कथावर्णके ॥
आसर्वत्र गभीरधीरकविताविन्ध्याटवीचातुरी- ।
संचारे कविकुम्भिकुम्भभिदुरो बाणस्तु पंचाननः ॥ ५ ॥*

---

*१. હૃદયમાં બાણનો (બીજો અર્થ 'તીરનો') વાસ હોવાથી નિઃશ્વાસ પણ બ્હાર નીકળી શકતો નથી તો પછી વિકટ આટોપવાળા—મ્હોટા મ્હોટા (bombastic)—પદબંધથી ભરેલી સરસ્વતીની—વાણીની—વાતજ શી? २. વિધિયે પ્રણયી બાણને દૂર પ્રયાણને અર્થે દીર્ઘ નિદ્રામાં નાંખ્યાથી (=મૃત્યુને વશ કર્યાથી) કાવ્યનો એકજ જે મેરુ હતો તે ભગ્ન થયો છે! કવિ રૂપી વ્યાપારીઓનો મહારત્નરાશિ તુટી ગયો છે! શબ્દનો સિંધુ સુકાઈ ગયો છે! વાક્ય રૂપી માણિક્યના કોશનો પ્રલય થઈ ગયો છે! દિવ્ય ઉક્તિયોનો ભંડાર નાશ પામ્યો છે! દિવ્ય વાણી વિનષ્ટ થઈ છે! ૩. કવિતા રૂપી કામિનીના પંચબાણ—મદન—રૂપ બાણ કવીશ્વરનાં દોષ રહિત, મનોહર ગદ્ય કોને મુદિત નહિ કરે? ४. બાણ (બીજો અર્થ ઉપર પ્રમાણે) હૃદયમાં લાગ્યા પછી કવિ રૂપી મૃગોનો જો મંદ પણ પદ-ક્રમ થાય (શબ્દોચ્ચાર થાય; પગલાં ભરાય) તો તેનું કારણ ચાપલજ છે એમ સમજવું. ५. કેટલાક (કવિયો) શબ્દની ગુંથણી કરી શ્લેષ રચવામાં મગ્ન રહે છે; કેટલાક રસમાં મગ્ન રહે છે; કેટલાક અલંકારમાં; કેટલાક સારો અર્થ લાવવામાં; અને કેટલાક કથા-વર્ણનમાં; પણ સર્વે પાસથી ગંભીર અને ધીર કવિતા રૂપી વિંધ્યાટવી વિશે ચાતુરીથી સંચરવામાં, કવિ રૂપી હસ્તિયોનાં કુમ્ભસ્થલ ભેદનાર બાણ તો પંચાનન ઇ—સિંહ છે (બીજો અર્થ, પાંચ મુખવાળો છે—એટલે ઉપરના પાંચ વિષયમાં પ્રવીણ છે).

કાદમ્બરી-કથા-સાર.

શૂદ્રક નામે એક રાજાની પાસે એક વેળા પ્રાતઃકાળે એક ચંડાલ-કન્યા પોપટ લઈને આવે છે, અને રાજાને તેનું અર્પણ કરે છે. પોપટ પ્રણામ કરી, એક આર્યા બોલી રાજાની સ્તુતિ કરે છે. આથી વિસ્મિત થઈ રાજા તેના વૃત્તાન્ત વિશે પ્રશ્ન પૂછેછે. પોપટ કહે છે કે વિંધ્યાટવીમાં પમ્પા નામે એક સરોવર છે. તેની પાસે એક શાલ્મલી વૃક્ષમાં હું જન્મ્યો હતો. મ્હારા પ્રસવ-સમયે માતા મરણ પામી તેથી પિતા મને ઉછેરતા હતા. એક દિવસે શિકારને અર્થે આવેલા એક ઘરડા ભીલે અમારાજ વૃક્ષ ઉપર ચઢી બીજા પોપટ સાથે મ્હારા પિતાને પણ મારી નાંખી નીચે નાંખ્યા. તે વેળા હું એમના ખોળામાં લપાઈ ગયો હતો એટલે એમની સાથેજ ગડબડ્યો અને એક સૂકાં પાંદડાંના ઢગલામાં પડ્યો. ત્યાંથી હું પાસેના એક તમાલ વૃક્ષનાં મૂળમાં ભરાઈ ગયો. થોડી વારે તે ભીલ પેલાં મારી નાંખેલાં પક્ષી લઈને ગયા પછી મને તરસ લાગી. પાણીની શોધમાં હું બ્હાર નીકળી આગળ જવા લાગ્યો પણ બપોરનો વખત અને પાંખો પૂરી આવેલી નહિ એટલે રસ્તામાં લથડતો હતો અને હાંફતો હતો તેવામાં સારે ભાગ્યે જાબાલિ મુનિનો પુત્ર હારીત કેટલાક સોબતિયો સહિત તે રસ્તેથી ન્હાવા જતો હતો તેણે મને દીઠો અને દયા આવવાથી ઉપાડીને તળાવ ઉપર લઈ ગયો. ત્યાં જઈ, પાણીથી મને શુદ્ધિમાં આણી, સ્નાન કરી પાછા વળતાં એ મને પોતાને આશ્રમે લઈ ગયો......મને જોઈ ત્રિકાલદર્શી જાબાલિ મુનિ બોલ્યા કે—આ તો એના અવિનયનું ફલ ભોગવતો દેખાય છે.—આ સાંભળી કુતૂહલથી આસપાસના મુનિજન મ્હારો વૃત્તાન્ત પૂછવા લાગ્યા ત્યારે એમણે કહ્યું કે "સંધ્યાકાળે આપણે આની વાર્તા કહીશું. હું કહેતો જઈશ તેમ તેમ આ બચ્ચાને પણ પોતાનો પૂર્વ વૃત્તાન્ત સાંભરતો જશે." પછી જ્યારે સ્વકર્મ સમાપ્ત કરીને સાયંકાળે સર્વ મુનિયો ત્યાં ભરાયા ત્યારે એ ઋષિયે કહ્યું કેઃ—

ઉજ્જયિનીમાં તારાપીડ નામે રાજા રાજ્ય કરે છે. તેને વિલાસવતી નામે એક પટરાણી છે અને શુકનાસ નામે એક મહા પ્રવીણ પ્રધાન છે. એ રાજાને બીજાં સર્વ સુખ છતાં પુત્રનું સુખ ન હતું. વિલાસવતીને એક દિવસ તે વિશે શોક કરતી જોઈ તેણે એને ઘણું આશ્વાસન કીધું અને ધર્મ ઉપર આસ્થા રાખવાનો ઉપદેશ દીધો. થોડાજ કાળ પછી રાજાએ સ્વપ્નમાં વિલાસવતીના મુખમાં પૂર્ણ ચંદ્રને પ્રવેશ કરતો જોયો. શુકનાસે પણ તેજ રાત્રે સ્વપ્નમાં પોતાની સ્ત્રી મનોરમાના ખોળામાં એક બ્રાહ્મણ જેવી આકૃતિવાળા પુરુષને પુંડરીક(શ્વેત કમલ) મુકતાં જોયો. કેટલેક દિવસે રાણીને ગર્ભ રહ્યાની વાર્તા રાજાને વિદિત થઈ. અને પ્રસવકાલ પૂર્ણ થયેથી તેણે એક પુત્ર પ્રસવ્યો. તે વેળા મનોરમાને પણ એક પુત્ર આવ્યો. રાજકુલમાં અને ઘેર ઘેર ઉત્સવ થઈ રહ્યો. રાજાએ પુત્રનું નામ સ્વપ્નને અનુસરીને ચંદ્રાપીડ રાખ્યું અને પ્રધાને વૈશમ્પાયન રાખ્યું. બંને પુત્ર મ્હોટા થયા ત્યારે, છઠ્ઠા વર્ષમાં, રાજાએ કુમારને માટે નગરીની બ્હાર એક વિદ્યામંદિર બંધાવ્યું અને ત્યાં એ બે બાલકને સર્વ શાસ્ત્રમાં પ્રવીણ ગુરુઓને સ્વાધીન કર્યા. દશ વર્ષ સુધી ત્યાં અભ્યાસ કર્યા પછી ગુરુઓની અનુમતિથી રાજાએ તેમને ઘેર તેડી લાવવા એક અશ્વસૈન્ય મોકલ્યું તથા કુમારને માટે, સમુદ્રમાંથી જન્મેલો એક ઈંદ્રાયુધ નામે ઉત્તમ અશ્વ મોકલ્યો. તે ઉપર અશ્વાર થઈ કુમાર રાજગૃહમાં આવી પહોંચ્યો તથા પિતા માતા અને શુકનાસને મળ્યો. ત્રીજે દિવસ સવારમાંજ એની માતાએ કૈલાસ નામના એક કંચુકી સાથે પત્રલેખા નામની એક સુંદર કન્યાને તામ્બુલ-વાહિની તરીકે એની પાસે મોકલી. તે દિવસથી બંનેને અન્યોન્ય પ્રીતિ ઉત્પન્ન થઈ જે અહર્નિશ વધતી ગઈ.

થોડા દિવસ પછી યુવરાજનો રાજ્યાભિષેક-દિવસ પાસે આવતો જોઈ શુકનાસે એક

વેળા તેને યૌવનના તથા લક્ષ્મીના મદ વિશે ઘણુંજ અસરકારક ભાષણ આપ્યું, અને અભિષેક થયા પછી કુમાર દિગ્વિજય[illegible] અર્થે પત્રલેખા, વૈશમ્પાયન, અને એક મ્હોટા સૈન્ય સહિત બ્હાર નીકળ્યો. ત્રણ [illegible] આખી પૃથ્વી ઉપર ફરીને સર્વત્ર જય મેળવતો મેળવતો તે એક દિવસ ઉત્તરમાં કૈલાસ [illegible]ના સુવર્ણપુર નામે ગામમાં આવી પહોચ્યો, જે તેણે જીતી લીધું અને થોડા દિવસ સૈન્યનો પડાવ ત્યાંજ રાખ્યો. ત્યાંથી એક વાર મૃગયા સારૂ નીકળ્યો હતો તેવામાં એણે એક કિન્નર લોકનું જોડું દૂરથી જોયું. તેને પકડવાની ઈચ્છાથી એ પાછળ પડ્યો પણ તે લોક તો ત્રાસ પામી પર્વત ઉપર ચઢી ગયા અને કુમાર એકલોજ પોતાના મુકામથી ઘણેજ દૂર નીકળી ગયો. આ જોઈ એ પશ્ચાત્તાપ સહિત પાછો ફર્યો, અને તરસ લાગવાથી કોઈ તળાવની શોધમાં ફરતો હતો એટલામાં એક ભોનો માર્ગ તેની દૃષ્ટિએ પડ્યો અને તેને અનુસરતાં એક વિશાળ સરોવર આવ્યું. તેથી આનંદ પામી, ઘોડાને જલ પાઈ, પોતે પીને સંતુષ્ટ થઈ, ઘોડાને બાંધી, એક વૃક્ષ તળે જરા સૂતો એટલામાં દૂરથી આવતો એક સંગીત-ધ્વનિ એને કર્ણે પડ્યો. એવા નિર્માનુષ અરણ્યમાં તે આશ્ચર્ય જેવું લાગવાથી તેની શોધ કરવા અશ્વ ઉપર બેસીને જે દિશાએથી તે આવતો હતો તે દિશા તરફ એ ચાલ્યો. ચાલતાં ચાલતાં, વૃક્ષોથી ઘેરાયલું એક શિવાલય આવ્યું. ત્યાં અશ્વથી ઉતરી પડી અંદર ગયો તો મૂર્તિની સામે દિવ્ય સ્વરૂપવાળી, બ્રહ્મચર્ય પાળતી, એક કન્યાને વીણાથી શિવ-સ્તુતિ કરતી જોઈ. આ કન્યાની બ્રહ્મચર્યાવસ્થા જોઈ એને અધિક કુતૂહલ થયું તેથી ત્યાંજ એ બેઠો. થોડી વારે એ બ્હાર આવી ત્યારે ચંદ્રાપીડને જોઈ એણે આવકાર દીધો અને અતિથિ-સત્કારને અર્થે એને પોતાની ગુફામાં તેડી ગઈ. ત્યાં જઈ કુમારનો એણે વૃત્તાન્ત પૂછ્યો તે એણે કહ્યો. ફલાહાર કરી રહ્યા પછી કુમારે તેનો વૃત્તાન્ત જાણવાની આતુરતા દર્શાવી ત્યારે ચોધાર આંસુ સહિત તે બોલી કે મ્હારા જેવી પાપિણીનો વૃત્તાન્ત સાંભળે શું ફલ થવાનું છે? પણ ઈચ્છા હોય તો સાંભળો:—

ચંદ્રકિરણમાંથી નીકળેલા અપ્સરાઓના એક કુળમાં હું જન્મેલી છું. મ્હારી માતાનું નામ ગૌરી છે. પિતાનું નામ હંસ છે. મ્હારૂં નામ મહાશ્વેતા છે. હેમકૂટ પર્વત ઉપર મ્હારા કુટુમ્બનો વાસ છે. એક વાર વસંતઋતુમાં હું આ અચ્છોદ સરોવર ઉપર મ્હારી માતા તથા સખીઓ સાથે સ્નાન કરવા આવી હતી અને સખીઓ સાથે વૃક્ષોની શોભા નિહાળતી નિહાળતી ફરતી હતી એવામાં મને કંઇક અપૂર્વ સુગંધ આવી અને આગળ ચાલી તો મેં બે મુનિકુમાર જોયા. તેમાંના એક અતિ રૂપવાન્‌ના કર્ણમાં એક કુસુમ-મંજરી હતી. તે જોયાથી મને લાગ્યું કે આ સુગંધ તેનીજ હશે. એ મુનિકુમારનું રૂપ જોતાંજ મદને મને પાશમાં નાંખી દીધી અને એની પણ અવસ્થા મને જોઈને મ્હારા જેવીજ થઈ. થોડી વારે મેં એના સોબતીને પૂછયું કે આ કોણ છે? અને આ કુસુમમંજરી શાની છે? તેણે કહ્યું ભગવાન્ શ્વેતકેતુ નામે મુનિનો લક્ષ્મીથી ઉત્પન્ન થયેલો આ પુંડરીક નામે પુત્ર છે, અને નન્દન-વન-દેવતાએ એને અર્પણ કરેલી આ પારિજાત-વૃક્ષની મંજરી છે. આમ અમે વાત કરતાં હતાં તેવામાં પુંડરીક મ્હારી પાસે આવી કહેવા લાગ્યો કે તને જો આ ગમતી હોય તો તુંજ પેહેર. એમ કહી તે એણે મ્હારા કર્ણમાં પેહેરાવી. પણ એટલામાં એના હાથમાંથી ગભરાટને લીધે માળા પડી ગઈ તે એણે જોઈ નહિ પરંતુ મેં લઈ લીધી અને મ્હારા કંઠમાં નાંખી. પછી મ્હારી માતા જાય છે એમ સાંભળી હું પ્રણામ કરી પાછી ફરતી હતી તેવામાં પેલા બીજા મુનિપુત્રે આ માળા ગયા વિશે એને ઠપકો દીધો ત્યારે એણે મને ખોટો કોપ ધારણ કરી કહ્યું કે મ્હારી માળા આપ્યા વિના ત્હારે જવું નહિ. આ ઉપરથી મેં મ્હારો એકાવલી હાર કાઢી એના હાથમાં નાંખ્યો પણ તે એણે વર્યો નહિ, અને ત્યાંથી હું સ્નાન

કરી ઘેર આવી. પણ જીવ મ્હારો ત્યાંજ રહ્યો હતો. થોડી વારે મ્હારી એક દાસી જે પાછળ રહી હતી તે મ્હારી પાસે આવી અને એક પત્રિકા આપી કહેવા લાગી કે જેણે તમને કુસુમમંજરી પેહેરાવી હતી તેણેજ આ મોકલી છે. હરખાઈને મેં એ વાંચી તો મને બમણો કામાવેશ થઈ આવ્યો અને દાસી સાથે હું એ વિશે વાત કરતી હતી એટલામાં એક મુનિકુમાર બારણે આવ્યો છે એવી દ્વારપાલે મને ખબર કરી. મેં તરતજ તેને અંદર લાવવા કહ્યું અને જોયું તો એ પુંડરીકનો મિત્ર કપિંજલ હતો. એણે આવીને ઘણીવાર સુધી શરમાયા પછી એના મિત્રની અતિ દુ:ખી અવસ્થાનું મને યથાર્થ નિવેદન કર્યું. ઉપદેશ સઘળા વ્યર્થ ગયાથી એણે ધાર્યું હતુ કે અમારા સમાગમ વિના બીજા કોઈ ઉપાયથી એ બચે એમ નથી. તેથી એ મને પ્રાર્થના કરવા આવ્યો હતો અને હું ઉત્તર આપું એટલામાં તો મ્હારી માતા મ્હારી પાસે આવે છે એ ખબર સાંભળવાથી એ ગભરાયો અને મને ફરીથી વિનતી કરીને ચાલતો થયો. માતા ગયા પછી મને ગડભાંગ થવા લાગી કે શું કરવું. આખરે ત્યાં જવાનો નિશ્ચય કરી, રાત પડી એટલે મ્હારી દાસી તરલિકા સાથે છાનીમાની હું બ્હાર નીકળી તે તરફ ચાલી. પણ દુર્ભાગ્યને લીધે, તે સ્થલ પાસે આવતાંજ મને રુદન કરતા કપિંજલનો સ્વર સભળાયો અને ધબકતે હૈયે આગળ ચાલી તો મેં મ્હારા પ્રાણનાથને કામની પીડાથી તત્કાળ મરણ પામેલા જોયા ! આ જોઈ એકાએક ભૂમિ ઉપર પડી, વિલાપ કરતી કરતી હું સાથેજ બળી મરવાનો નિશ્ચય કરતી હતી તેવામાંજ આકાશમાંથી એક દિવ્ય પુરુષ ઉતરી આવ્યો. તેણે મને આશ્વાસન દઈને કહ્યું કે પુત્રિ ! પ્રાણત્યાગ કરીશ નહિ. પુનરપિ તમારો સમાગમ થશે. એમ કહી શબને ઉપાડી તે આકાશમાં જતો રહ્યો. કપિંજલ આ જોઈ ગભરાટમાં પડ્યો અને હું એને એ અદ્ભુત વૃત્તાન્ત વિશે પૂછવા લાગી તેનો ઉત્તર ન આપતાં કેડ બાંધી એ પણ, રોષમાંજ, પેલા પુરુષની પાછળ આકાશમાં દોડી ગયો. આ પ્રમાણે એકલી પડવાથી હું તો બમણી શોકાતુર થઈ, પણ પુન:સમાગમની આશાએ તે દિવસથી બ્રહ્મચર્ય ગ્રહણ કરીને આ ઠેકાણે મ્હારી દાસી તરલિકા સાથે રહું છું. એમ કહી ચોધાર આંસુ પાડી એ રુદન કરવા લાગી.

ચંદ્રાપીડને આથી ઘણો શોક થયો તથા દયા ઉપજી અને બહુ પ્રકારે એણે એને આશ્વાસન કીધું. પછી બહુ વારે આહાર કરી, રાત પડી એટલે ચંદ્રાપીડ એક શિલાતલ ઉપર સુવાની તૈયારીમાં હતો તેવામાં એણે તરલિકા વિશે વિચાર આવવાથી પૂછ્યું કે તમારી દાસી તરલિકા કેમ દેખાતી નથી? ત્યારે મહાશ્વેતાએ કહ્યું કે ગન્ધર્વોમાં ચિત્રરથ નામે રાજા છે તેને કાદમ્બરી નામે પુત્રી છે. અમે બન્ને સાથે ઉછર્યાં છિયે એટલે અમારે બાલપણથીજ સહીપણાં છે. મ્હારો આવો વૃત્તાન્ત સાંભળ્યો ત્યારથી એણે નિશ્ચય કર્યો છે કે જ્યાં સુધી મહાશ્વેતા દુ:ખી છે ત્યાં સુધી હું પાણિ-ગ્રહણ કરાવનાર નથી. એને લગ્ન યોગ્ય અવસ્થામાં આવેલી જોઈ, એનું આ વચન સાંભળવાથી એનાં માતાપિતાને બહુ ખેદ થયો અને બીજો કોઈ ઉપાય ન ચાલવાથી આજ સવારેજ એક કંચુકીને મ્હારી પાસે એમણે મોકલ્યો હતો અને મને કહાવ્યું હતું કે તું જેમ તેમ કરીને ત્હારી સખીને સમજાવે તો ઠીક. તે ઉપરથી તરલિકાને મેં મ્હારા સંદેશા સહિત કાદમ્બરી પાસે મોકલી છે.— આ સાંભળી, ચંદ્રાપીડ એ બધા વૃત્તાન્ત વિશે ચિન્તન કરતો કરતો સુઈ ગયો. પ્રાત:કાળમાંજ કેયૂરક નામે એક ગંધર્વ-કુમાર સાથે તરલિકા ત્યાં આવી પહોચી. તેના કહેવાથ જણાયું કે કાદમ્બરી મનાતી નથી. તેથી મહાશ્વેતાએ પોતેજ ત્યાં જવાનો નિશ્ચય કર્યો અને ચંદ્રાપીડને હેમકૂટ જોવા આવવાની વિનતી કરી, તે ઉપરથી એ બન્ને ત્યાં ગયાં...... કાદમ્બરીનો તથા ચંદ્રાપીડનો મેળાપ થતાંજ તેઓને પરસ્પર પ્રીતિ થઈ......એક દિવસ

ત્યાં રહીને કુમાર પાછો કેટલાક ગંધર્વ-કુમાર સાથે ત્યાંથી પોતાના સૈન્ય પાસે આવ્યો. બીજે દિવસે તેની પાસે આવી કેયૂરકે વિનતી કરી કે આપના દર્શન વિના દેવી કા૦ તથા મ૦ દુઃખી છે માટે ફરીથી આપનું મુખ જોવા ઇચ્છે છે. ચંદ્રાપીડ આ સાંભળી, પત્રલેખાને લઈ, તેની સાથે ફરીથી હેમકૂટ ઉપર ગયો. ત્યાં એણે કા૦ને કામ-પીડાથી હિમગૃહમાં સૂતેલી જોઈ. કેટલીક શ્લિષ્ટ વાતચીત થયા પછી ત્યાંથી એ ઉઠી પાછો પોતાને મુકામે આવ્યો પણ કા૦ની અરજથી પત્રલેખાને ત્યાં રહેવા દીધી. સૈન્ય પાસે આવતાં પિતાના તરફથી પત્ર લઈને આવેલા એક દૂતને તેણે જોયો. પત્રમાં લખ્યું હતું કે તમને જોયે બહુ દિવસ થઈ ગયા માટે આ પત્ર વાંચી રહો કે તરતજ તમારે આ તરફ આવવું. આ ઉપરથી એણે મેઘનાદ નામના એક સેવકને બોલાવીને કહ્યું કે પત્રલેખા થોડા દિવસમાં કેયૂરક સાથે અહીં આવશે તેને તેડીને તું આવજે. પછી સૈન્ય ઉપર વૈશમ્પાયનને નીમી, તેમને ધીમે ધીમે આવવા કહી, પોતે એકલોજ કેટલાક સવાર સાથે ઉજ્જયિની તરફ ચાલ્યો. માર્ગમાં ચંડિકાનું મંદિર આવ્યું ત્યાં એક દ્રવિડ-ધાર્મિક રહેતો હતો તેનો વિચિત્ર આકાર વિ૦ જોઈ એને ઘણો વિનોદ થયો. ઘેર આવ્યા પછી કા૦ વિના પોતે તલપતો હતો એટલામાં, થોડાક દિવસ પછી, મેઘનાદ પત્રલેખાને લઈને આવ્યો. પત્રલેખાએ કા૦ની દુઃખી અવસ્થાનો એને બધો વૃત્તાન્ત સંભળાવ્યો અને કહ્યું કે દેવીના પ્રાણ બચાવવાને આપે સત્વર ત્યાં જવું જોઈયે. ચં૦ આ સાંભળી ચિન્તામાં પડ્યો કે શું કારણ બતાવી બ્હાર નીકળવું? આમ ગભરાટમાં પડ્યો હતો અને એક દિવસ સિપ્રાને તટે ફરવા ગયો હતો તેવામાં એણે દૂરથી કેયૂરકને કેટલાક સવારો સહિત આવતો જોયો. તેને ઘેર તેડી લાવી, સન્માન આપી, કા૦નો સર્વ વૃત્તાન્ત પૂછ્યો તો તેણે પણ એની હૃદય-વેધક વેદનાનું યથાર્થ વર્ણન આપ્યું અને કહ્યું કે હવે વિલંબ થશે તો દેવીના પ્રાણ ટકશે એવી આશા નથી. આ સાંભળી ચં૦ વિચાર કરવા લાગ્યો કે વૈશમ્પાયન હત તો કંઈ સલાહ પણ બતાવત, પણ હવે કરવું શું? શું બ્હાનું કાઢી બ્હાર જવું? આમ ચિન્તા કરતો હતો એટલામાં સૈન્ય નગરીથી થોડેક દૂર આવ્યાના સમાચાર એને મળ્યા. તે ઉપરથી વૈ૦ને તેડવા જવાસારૂ પિતાની આજ્ઞા લઈ એ સૈન્ય તરફ ચાલ્યો. પણ ત્યાં ગયો તો વૈ૦ મળે નહિ! આ જોતાંજ એને મૂર્છા આવી અને રાજપુત્રોએ જેમ તેમ કરી એને શુદ્ધિમાં આણ્યો. ઘણી વારે મહા કષ્ટે એણે હિમ્મત ધરીને વૈ૦નો વૃત્તાન્ત પૂછ્યો તો તેઓએ કહ્યું કે તમારા ગયા પછી અમને વૈ૦ અચ્છોદમાં સ્નાન કરવા તેડી ગયો પણ એને તો એ ભૂમિમાં પગ મુકતાંજ કંઈક વિકાર થઈ આવ્યો તેથી બાવરો બની જઈને આમ તેમ કંઈ શોધતો હોય તેમ ફરવા લાગ્યો. અમે પાછાં ફરવાને એને બહુ બહુ સમજાવ્યું પણ માન્યુંજ નહિ; આખરે ત્રીજે દિવસે થાકીને અમે કેટલાક માણસ એની પાસે રાખી ચાલી આવ્યા છિયે. આ સાંભળી ચં૦ શોક તથા વિસ્મયમાં પડ્યો પણ વિચારવા લાગ્યો કે એક પાસથી આ મને અનુકૂલ પડશે. વૈ૦ને તેડવા જવા સારૂ પિતામાતા મને ના કહેશે નહિ. ત્યાંથી પછી હું કા૦ પાસે જઈશ. આમ વિચારી સૈન્ય સાથે પોતે ઉજ્જયિની પાછો આવ્યો ....પછી મેઘનાદને, કેયૂરકને તથા પત્રલેખાને આગળથી મોકલી, માતા પિતા પાસેથી જેમ તેમ કરી આજ્ઞા લઈ વૈ૦ને તેડવા જવા નીકળ્યો. પણ માર્ગમાં મેઘ-સમય નડવાથી ઘણે દિવસે એ અચ્છોદ પાસે પહોંચી શક્યો. ત્યાં આવીને ચોતરફ પેરો મુકી શોધ કરી પણ વૈ૦ જડ્યો નહિ! તેથી એ વધારે ગભરાઈ ગયો પણ મહાશ્વેતાને કદાચ એની વાત ખબર હશે એમ ધારી તેને પૂછવા તેના આશ્રમ ભણી ચાલ્યો. ત્યાં આવ્યો તો રુદન કરતી મહાશ્વેતાને તરલિકાએ ઝાલી રાખેલી દીઠી. આ જોઈ, રખેને કા૦ને કંઈ થયું હોય

એમ શંકા આવવાથી એ "શું થયું?" એમ પૂછવા લાગ્યો ત્યારે મહાશ્વેતાએ એવીજ અવસ્થામાં ઉત્તર દીધો:—આપના ગયાની ખબર સાંભળી, શોકાતુર થઈ હું હેમકૂટથી અહીં આવી ત્યારે મેં આપના જેવડાજ એક કુમારને અહીં ફરતો જોયો. મને જોઈ એની નજર બગડી તથા વાર્યા છતાં એ મ્હારી પાછળ ભમવા લાગ્યો, અને એક વાર રાત્રે હું શિલાતલ ઉપર સુતી હતી તેવામાં એ મ્હારી સમીપ આવી કુવચન બોલ્યો તેથી મને ઝટ ઝાળ ચઢવાથી મેં એને શાપ દીધો કે પોપટની પેઠે તું સમજ્યા વિના ગમે તેમ બોલેછે માટે મ્હારા સત્ય વચનથી તેવોજ થઈને તે જાતિમાં પડ. આવું કહ્યું કે તત્કાળ એ કાષ્ઠવત્ થઈ ભૂમિઉપર પડ્યો. પણ એના મરણ પછી મેં સાંભળ્યું કે એ તો આપનો મિત્ર હતો!—આ સાંભળતાંજ ચંદ્રાપીડનું તો હૈયુંજ ફાટી ગયું અને એને ભૂમિઉપર પડતો જોઇ તરલિકાએ દોડી આવી ઝાલી લીધો. એનું મૃત્યુ થયું જોઈ મહા૦ ગભરાઈ ગઈ, પરિજન વિ૦ સૌ દોડી આવ્યા અને મહા૦ને ગાળો દઈ શોક કરવા લાગ્યા. એટલામાં, ચં૦ ના આવવાની ખબર પત્રલેખાએ કહ્યાથી કા૦ તેને મળવા સારૂ પત્ર૦ તથા બીજી સખીઓ સાથે ત્યાં આવી પહોચી પણ ચં૦ ને મરણ પામેલો જોઈ મૂર્છિત થઈ. પત્રલેખાને પણ મૂર્છા આવી. મૂર્છામાંથી જાગી એટલે કા૦ સહગમન કરવાનો નિશ્ચય કરી ચં૦નું મસ્તક ખોળામાં લઈને બેઠી. તેવામાંજ એના સ્પર્શને લીધે ચં૦ ના શરીરમાંથી એક જ્યોતિ બ્હાર નીકળ્યું અને તે અંતરીક્ષમાં રહીને મહા૦ને આશ્વાસન દઈ કા૦ ને કહેવા લાગ્યું કે પ્રાણત્યાગ મા કર. ફરી ત્હારો ચં૦ સાથે સમાગમ થશે. આ શરીરને અગ્નિ-સંસ્કાર આદિ ન કરતાં આમ ને આમજ રાખવું. એવું કહી તે અંતર્હિત થઈ ગયું પણ પત્રલેખા તો એ જ્યોતિના શીતલ સ્પર્શથી મૂર્છામાંથી ઉઠી, દોડીને ઇંદ્રાયુધ સહિત સરોવરમાં પડી! ગભરાટમાં સર્વે ચકિત દૃષ્ટિયે સામું જોઈ રહ્યાં હતાં તેવામાં જલમાંથી એક મુનિ-કુમાર નીકળ્યો તે મહાશ્વેતા પાસે આવી પૂછવા લાગ્યો કે મને ઓળખોછો? તેણે તરતજ, શું, હું પાપિણી કપિંજલને પણ ન ઓળખું?—એમ કહી પ્રણામ કરી સર્વે વૃત્તાન્ત પૂછ્યો. તેણે કહ્યું:—તમને એકલાં મુકી હું આકાશમાં એ દિવ્ય પુરુષ પાછળ ગયો ત્યારે એ મને ચંદ્રલોકમાં લઈ જઇને કહેવા લાગ્યો કે હું ચંદ્ર છું. મને ત્હારા મિત્રે મરણ-સમયે શાપ દીધો કે—મને તું આવી પીડા આપી મરણ પમાડેછે માટે તું પણ મ્હારા જેવીજ પીડા જન્મે જન્મે પામી મરણ પામજે. આ શાપથી ક્રોધ પામી મેં પણ તેવો શાપ એને સામો દીધો. પછી મને જણાયું કે એ તો મ્હારો જામાતા થાય. પણ 'જન્મે જન્મે' કહ્યાથી અવશ્ય એણે મ્હારી સાથે બે વાર તો મનુષ્ય લોકમાં જન્મવું પડશે. એનું શરીર અવિનષ્ટ રહે એટલા માટે હું અહીં લાવ્યોછું અને પુત્રીને મેં આશ્વાસન કીધુંછે. આ વૃત્તાન્ત તું શ્વેતકેતુને કહી આવ.—તે ઉપરથી હું દોડતો દોડતો કહેવા જતો હતો એટલામાં એક ક્રોધી, વિમાનમાં બેઠેલા, દેવને મ્હારી અડફટ વાગી તેથી તેણે મને શાપ દીધો કે—અશ્વની સમાન વગર વિચાર્યે તું આમ ચાલેછે માટે અશ્વજ થઈને પૃથ્વી ઉપર પડ.—આથી નિરાશ થઈ મેં ઘણી આજીજી કરી ત્યારે એણે એટલું કહ્યું કે મર્ત્યલોકમાં ચંદ્રમા તારાપીડને ત્યાં તથા ત્હારો મિત્ર શુકનાસને ત્યાં અવતરશે માટે અશ્વરૂપે પણ તું ત્હારા મિત્ર સાથે રહી શકીશ અને તે રાજપુત્રના મરણ પછી શાપ-મુક્ત થઈશ. આ સાંભળતાંજ હું નીચે સમુદ્રમાં પડ્યો અને ત્યાંથી અશ્વ થઈ નીકળ્યો............હવે તમે સમજ્યાં હશો કે તમે જેને અજાણતાં શાપ દીધો તે મ્હારા મિત્ર પુંડરીકનોજ અવતાર હતો! મહાશ્વેતા તો આ સાંભળી ઘણાજ શોકમાં પડી; તેને આશ્વાસન દઈ બાકીનો વૃત્તાન્ત જાણવા કપિંજલ પાછો ગગનમાર્ગે જતો રહ્યો. તેના ગયા પછી કા૦ ચં૦ના શરીરને ખોળામાં રાખી નિત્ય પૂજા કરતી ત્યાં રહેતી હતી. તેવામાં

ઉજ્જયિનીથી કેટલાક દૂત આવી પહોચ્યા, જેઓ સર્વે તે અશુભ સમાચાર લઈ પાછા ગયા. તે ઉજ્જયિની પહોચતા હતા તેવામાંજ પુત્રને અર્થે દેવીની આરાધના કરવા નગરીની બ્હાર આવેલી વિલાસવતીએ તેમને દીઠા. સમાચાર પૂછતાં તેઓ કંઈ ઉત્તર આપી શક્યા નહિ એટલા ઉપરથીજ કંઈ અનિષ્ટ થયુ એમ ધારી એ અત્યંત વિલાપ કરવા લાગી. તારાપીડને ખબર થયાથી એ પણ મંત્રી સહિત દોડતો આવ્યો. વિલાસવતીને છાની રાખી તેણે સર્વે વૃત્તાન્ત પૂછી જોયો............અને ચંદ્રાપીડનું શરીર એવુ ને એવુ છે એમ સાંભળી જરા ધૈર્ય રાખી રાણી વિ૦ સહિત ત્યાં જવા નીકળ્યો. ત્યાં આવી દર્શનથી જરા સુખ પામી, વિરક્ત થઈ, વનવાસનો અંગીકાર કરીને રહ્યો.

આટલું કહી જાબાલિ મુનિ બોલ્યા કે હવે તમે સમજ્યા હશો કે આ પોપટ કોણ છે અને એણે શું કર્યું છે......પછી (વૈશમ્પાયન પોપટ કથા આગળ ચલાવે છે) થોડીવારે કપિંજલ એ આશ્રમમાં આવી પહોચ્યો. તેણે મને પોતાનો વૃત્તાન્ત કહી પિતાનો સંદેશો કહ્યો કે શાપના અંત સુધી ત્હારે જાબાલિ મુનિ પાસેજ રહેવું. એમ કહી એ ઉઠી ગયો. મને થોડા દિવસમાં પાંખો આવી અને મુનિના કહેવા પ્રમાણે સ્મરણ તો થયું હતુંજ એટલે મહાશ્વેતાને મળવાની ઉત્કંઠાથી હું એક દિવસ આહારને બ્હાને આશ્રમમાંથી તે દિશા તરફ ઉડ્યો. પણ થાક લાગવાથી એક વૃક્ષ પર બેસી ઉંઘી ગયો. જાગ્યો ત્યારે તો પાશામાં પકડાયો હતો એમ જણાયું! સામે એક ચંડાલ ઉભો હતો તેને મેં છોડવાની વિનતી કરી પણ એ તો ઉપાડીને મને એના સ્વામીની પુત્રી પાસે લઈ ગયો. તેણે મને એક દુર્ગંધિ પાંજરામાં પૂર્યો. મને આમ ચંડાલને હાથ જવાથી પશ્ચાત્તાપ અતિશય થયો તેથી હું બોલ્યો ચાલ્યો નહિ અને એ કન્યાએ બહુ કહ્યું ત્યારે બીજે દિવસે મેં ફલાહાર કર્યો. એમ કેટલાક દિવસ ગયા પછી એક સવારે મેં જોયું તો એકાએકજ ચંડાલવાડો બદલાઈ ગયેલો ને મ્હારૂં પાંજરૂ સોનાનું થઈ ગયેલુ જોયું! આથી વિસ્મય પામી હું પૂછવાનું કરતો હતો તેવામાં એ કન્યા ઉપાડીને મને અહીં લાવી. બાકી કંઈ હું જાણતો નથી.


શૂદ્રકે આ સાંભળી મહા આશ્ચર્ય પામી એ કન્યાને બોલાવી. તેણે આવીને કહ્યું—મહારાજ! આપ ચંદ્રનો અવતાર છો! અને આ આપનો પૂર્વ જન્મનો મિત્ર વૈ૦ છે, માટે હું, એની માતા લક્ષ્મી, એને આપની પાસે લાવી છું. હવે આપના અને એના શાપનો અંત આવ્યોછે.—એટલું કહી એ ઉડી ગઈ કે તરતજ શૂદ્રકને પૂર્વ જન્મ સાંભરી આવ્યાથી કા૦ ના વિરહની ભારે પીડા થવા લાગી જે દિવસે દિવસે એટલી વધતી ગઈ કે આખરે તેની કાયા કાષ્ઠ જેવી થઈ ગઈ. વૈ૦ ને પણ મહા૦ ને લીધે તેમજ થયું.

એવામાં એકવાર વસંત ઋતુમાં મદનોત્સવને દિવસે સાયંકાળે કાદમ્બરીએ ચંદ્રાપીડના શરીરની પૂજા કરી અસહ્ય ઉત્કંઠાથી તેને છાનેમાને આલિંગન દીધું તો અચાનક તેનામાં જીવ આવ્યો! તેથી હર્ષિત થઈ બંને જણ સુખ પામતાં હતાં અને ચંદ્રાપીડે પુંડરીકના સજીવન થવાની ખબર કહ્યાથી કા૦ મહાશ્વેતાને વધામણી ખાવા જતી હતી એવામાં આકાશમાંથી કપિંજલ સહિત પુંડરીક ઉતરી આવ્યો. આ સમાચાર કા૦ ની સખીએ દોડી તારાપીડ વિ૦ ને કહ્યા તથા કેયૂરકે જઈને કા૦ તથા મ૦ નાં માતાપિતાને કહ્યા. તેઓ સર્વે ત્યાં આવ્યાં અને ઘણા કાળથી વાઞ્છિત મનોરથ પૂર્ણ થયા જોઈ કૃતાર્થ થયાં. કપિંજલે શ્વેતકેતુના વચનથી પુંડરીકને શુકનાસને સ્વાધીન કર્યો. પછી હેમકૂટ ઉપર જઈને ગંધર્વરાજે તથા હંસે ચારે જણનાં લગ્ન કર્યા. અને પુંડરીકને સર્વે રાજ્યભારનું અર્પણ કરીને ચંદ્રાપીડે કાદમ્બરી સાથે યથેચ્છિત સુખ ભોગવ્યું.

શુદ્ધિ-પત્ર.

☞ ગ્રંથ-વાચન આરંભતા પહેલાંજ વાંચનારે આ ભૂલો સુધારી લેવી.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨	૨૧	Illiad	Iliad
૨૧	૧	વિંધ્યાટવી	વિંધ્યા
,,	૫	શ્વત	શ્વેત
૨૨	૧૩	બાળકથી	બાળકની
૨૭	૧	૦બાહુનો	૦બાહુનો ?
૪૦	૧૧	ક્રર	ક્રૂર
૬૦	૧	હેયા	હોય
૬૨	૨૮	તાદૃશ્ય	તાદ્રૂપ્ય
૯૫	૪	કાતિ૦	કાર્તિ૦
૯૬	૭	શોભાતો	શોભતો
૧૧૬	૧૮	૦વાળા	૦વાળી
,,	૧૯	આપતી	આપતા
૧૨૫	૧૫	તી;૧	હતી;૧
,,	૨૨	હટવાસ	પટવાસ
૧૩૯	૩૧	परिबाद्ध	परिबद्धा
૧૬૮	૧૦	ધન	ધન
૧૮૮	,,	મીણાઈ	મીચાઈ
,,	૩૧	પ્રચામ૦	પ્રણામ૦
૧૯૧	૧	દુવિનીત	દુર્વિનીત
૨૪૧	છેલી	Confident	Confider
૨૯૩	૧૭	વિનવિ	વિનતી
૩૩૭	૧૮	વશમ્પાયન	વૈશમ્પાયન
૩૯૨	૧૬	જામાત	જામાતૃ
૪૦૦	છેલી	રતો	કરતો



મંગલાચરણ.

(મનહર.)

સૃજે રહી રજોમય, પાળે રહી સત્વમય,
સંહારે જે તમોમય રહીને આ વિશ્વને;
હેતુ એવા સૃષ્ટિ-સ્થિતિ-લય તણા, ત્રયીમય,
વંદુ ત્રિગુણાત્મ એ સ્વયંભૂ મહા ઈશને.[1]

બાણને મુકુટ ચઢી પામી ઝાઝાં લાડને જે,
ચુમ્બિત દશાસ્ય કેરા ચૂડામણિ-ચક્રથી;
સૂતી દેવ દૈત્ય તણા પતિના શિખાન્તમાં જે,
વિજયી તે ભવચ્છેદી પાંશુ શિવ-પાદની.[2]

જય નરસિંહ ! જય ! ભેદવાની ઇચ્છાએ તેં
ક્રોધ-રક્ત કીધી દષ્ટિ ક્ષણ એક દૂરથી;
તેવામાં તો રિપુઉર શોણિતથી બન્યું રક્ત,
ફાટ્યું ભયભીત થઇ દિસે જાણે આપથી !![3]

સામન્ત-મુકુટ તણી વેદિકાના શિખરનો
સ્પર્શ થયે અંગુલિ બનેલી જ્યાં અરુણ છે;
અર્ચે જેને (ભૂમિપાલ) મૌખરી શેખર-ધારી,
વંદુ ભરુ તણા એવા ચરણ-કમલને.[4]

દુર્જન-નિન્દા, સજ્જન-સ્તુતિ.

વિષે ભર્યું મુખ જેમ મહાસર્પ કેરું સદા,
દુ:સહ કુવચનો ભરેલાં જેને મુખ છે;
અકારણ વૈર બાંધી દમે જે દારુણ થઇ,
એવા અસજ્જન થકી નહિ ભીતિ કોને છે ?

કટુ કટુ શબ્દ કરે મલદાયી દુષ્ટ જન,
પીડે અતિશય જેમ બંધનની સાંકળો;
મધુર મધુર ધ્વનિ થકી સંત પદે પદે
મન હરે નિત્ય જેમ મણિકેરાં નૂપુરો.[૫]

ઉતરે ન સુભાષિત હોય જો મધુર તોએ
ગળે અસજ્જન તણે, સુધા જેમ રાહુને;
ધરે તેજ સુભાષિત સજ્જન હૃદય વિશે
નિર્મલ મહામણિને ધર્યો જેમ હરિયે.[૬]

કથા-પ્રશંસા.

કાલા કાલા બોલ તણા વિલાસે રીઝવી મન,
આવતી શય્યા વિશે જે આપથી રસે ભરી,
કથા એવી અભિનવ વધૂ જેવી લાગે પ્રિય
હૃદયને લોકના, અધિક કૌતુકે કરી.[૭]

ઉજ્જવલ-દીપકોપમ નવીન પદાર્થ થકી
નિરંતર-શ્લેષ-ઘન રચેલી કથાઓ જે,
ચમ્પક-મુકુલથી ગ્રથિત મહામાલા જેવી
હરે નહિ ચિત્ત કોનું સુજાતિયે યુક્ત તે ?[૮]

વાત્સ્યાયન-વંશ-વર્ણન.

ખ્યાતિ જેના ગુણતણી હતી જગમાં ગવાઈ,
વૈશ્યજન પૂજતા 'તા પ્રેમે જેના પાદને;
સંતનો અગ્રણી, દ્વિજ, અંશ જાણે બ્રહ્મ તણો
હતો એવો વાત્સ્યાયન વંશમાં કુબેર તે.

શ્રુતિ થકી શાન્ત થયાં સકલ કલુષ જેનાં,
પવિત્ર અધર જેના પુરોડાશ-સ્પર્શથી;
સ્મૃતિ-શાસ્ત્રમાં પ્રવીણ, સોમ-રસે સુવાસિત,
વસી એવે તેને મુખ સર્વદા સરસ્વતી.[૯]

અભ્યાસી સાહિત્ય કેરાં, શુક અને સારિકાઓ
બેઠેલાં પંજરમાંહે રખે દોષ કાઢશે!
શંકા આણી એવી મન, પદે પદે શિશુજન
ગાતા યજુઃસામ તણાં ગાનને તેને ગૃહે![૧૦]

સ્વયંભૂ બ્રહ્માંડ થકી, શશિ ક્ષીર-સાગરેથી,
ઉપજ્યો ગરુડ જેમ વિનતાને પેટથી;
દ્વિજ સર્વ તણો પતિ અર્થપતિ નામે તેમ
જનમ્યો તે વંશમાંહે વિખ્યાત કુબેરથી.

દિને દિને શિષ્યગણ નવા નવા તેની પાસ
ઉપદેશ લેવા કાજ આવતા પ્રભાતમાં;
શ્રવણે લાગેલા તેઓ શોભતા અધિક જેમ
શ્રવણે લાગેલાં શોભે પલ્લવ ચંદનનાં.[૧૧]

વિધાનથી સંપાદિત દાન વડે સુશોભિત,
દીપ્તિમાન મહાવીર થકી અધિષ્ઠિત જે,
અગણિત એવા એવા, યૂપ-કર, કરી જેવા
મહાયજ્ઞ થકી પામ્યો સુખે સુરલોક તે.[૧૨]

શ્રુતિ અને શાસ્ત્રતણી વાત સર્વ જાણનાર
પુત્ર થયા મહાત્મા ને ઉત્તમ તેને બહુ;
સ્ફટિક-વિમલ હતો તેમાં ચિત્રભાનુ એક
શોભતો કૈલાસ જેમ ભૂધર વિશે સહુ.[૧૩]

કલંકરહિત શશિ-કલા સમ કાન્તિમાન,
નિર્મલ, નૃસિંહ કેરા નખાંકુર જેવા જે
ગુણ તે મહાત્મા તણા, પ્રસરી સુદૂર, પેઠા
રિપુઓના મનમાંહે કરી કરી માર્ગ તે.

દિશાને લલાટે વક્ર અલક સમાન શોભે,
ત્રયી-વધૂ-કર્ણ કેરો તમાલ-પલ્લવ જે,
એવો તેના યજ્ઞતણો ધૂમનો સમૂહ તેણે
મલિન છતાંએ કીધો શ્વેત નિજ યશને.[૧૪]

હોમશ્રમે થઈ તેને સ્વેદ-જલ-કણિકા જે
સરસ્વતી તણે કર-કમલે લ્હોવાઈ તે ! !
એવા તાત, ધોળ્યાં જેણે યશે સપ્ત ભુવનને,
પામ્યો જન્મ તેનાથકી પુત્ર બાણ નામે જે.

કુંઠિતપણું ન જેમાં કંઠ વિશે અસ્ત પામ્યું,
મહા મોહે મનના બની મલિન, અંધ, જે;
વૈદગ્ધ્ય-વિલાસ વણ મળ્યે રહી મુગ્ધ, એવી
બુદ્ધિથી રચી આ તેણે કથા અદ્વિતીય જે.[૧૫]

પ્રસ્તાવિક શ્લોક ઉપર ટીકા.

૧. રજોમય=રજોગુણથી ભરેલા. સત્વમય=સત્વગુણથી ભરેલા. તમોમય=તમોગુણથી ભરેલા. સૃષ્ટિ=ઉત્પત્તિ (વિશ્વની). સ્થિતિ=પાલન. લય=પ્રલય, વિનાશ. ત્રયી=ઋક્, સામ અને યજુઃ એ ત્રણ વેદનો સમૂહ—જુઓ પૃ. ૧૩૫ લી. તથા નો. ૩. ત્રિગુણાત્મ=ઉપર કહેલા ત્રણ ગુણ વાળા. સ્વયંભૂ=પોતાની મેળે જન્મેલા, અયોનિજન્મ.

૨. બાણ=બાણાસુર. દશાસ્ય=દશ મુખવાળો—રાવણ. ચૂડામણિ-ચક્ર=મુકુટમાંના મણિનો સમૂહ. શિખાન્ત=શિખાનો અંત. ભવચ્છેદી=સંસારનું બંધન છેદી શકે—ટાળી શકે—એવી. પાંશુ=રજ.

૩. નરસિંહ રૂપમાં વિષ્ણુએ હિરણ્યકશિપુને માર્યો હતો તે સંબંધની આ સ્તુતિ છે.

૪. સામન્ત=અવર નૃપતિયો. તેમના મુકુટ રૂપી વેદિકાનું શિખર, પ્રણામ કરતી વેળા (ભરુના) ચરણ-કમલને સ્પર્શ કરે તેથી—તેમાંથી પડતા કિરણથી—તેની અંગુલિયો રાતી દેખાય. મૌખરી—જુઓ શ્રીહર્ષચરિત, ઉચ્છ્વાસ ચોથો, પૃ. ૧૦૮ :—धरण्यां भूभृन्मूर्ध्नि स्थितः......सकलभुवननमस्कृतो मौखरी वंशः । આ ઉપરથી એમ અર્થ લઈ શકાય કે 'તે વંશના રાજાઓ'. શેખર=માથે પેહેરવાનો હાર. 'ભરુ' શબ્દનો અર્થ આ ઠેકાણે શો હશે એ શંકિત છે. સિદ્ધાન્ત કૌમુદીના ઉત્તરાર્ધમાં કહેછે કે-भरति बिभर्ति वा भरुः स्वामी हरश्च ॥ મૂળમાં भर्वोः એવું ષષ્ઠીનું દ્વિવચન છે તે ઉપરથી એવો અર્થ થાય કે 'શિવ અને પાર્વતીના' અથવા 'ઉમા-મહેશ્વરના.' પણ આ અર્થ લેતાં 'સામન્ત' તથા 'મૌખરી' શબ્દો તે સાથે બેસતા નથી કેમકે સાક્ષાત્ દેવને મનુષ્યો નમે એ આ કલિયુગમાં અસંભવિત જેવું લાગે છે. પરંતુ જો 'ઉમામહેશ્વરની મૂર્તિ' એવો અધ્યાહાર્ય અર્થ લઈએ તો આમ બેસે ખરૂં. બીજી શંકા આ અર્થ વિશે એવી છે કે પ્રથમ છંદથી ત્રિગુણાત્મનું, બીજાથી શિવનું, અને ત્રીજાથી વિષ્ણુનું વંદન કરી, ફરી પાછું (ચોથા છંદથી) શિવપાર્વતીનું વંદન કરે એ ઠીક લાગતું નથી. માટે કદાચિત્ કવિનો હેતુ (કૌમુદીમાં આપેલા भरु શબ્દના બીજા અર્થ પ્રમાણે) બ્હારથી ઉમામહેશ્વરને વંદન કરે છે એમ દર્શાવી અંદરથી સ્વામીને—પોતાને આશ્રય આપનાર રાજા રાણીને—વંદન કરવાનો હશે એવું લાગે છે. અને તે પ્રમાણે લેતાં 'સામન્ત' તથા 'મૌખરી' શબ્દ યથાર્થ બેસી શકે છે. રાજા સાથે રાણીને પણ વંદન કરે છે એમ કહેવાનું કારણ એ છે કે તે વિના भर्वोः એ દ્વિવચનનું પ્રયોજન રહેતું નથી, તેમજ—

राजापत्नी गुरोःपत्नी मित्रपत्नी तथैव च ।
पत्नीमाता स्वमाता च पंचैता मातरः स्मृताः ॥

આ પ્રમાણે જોતાં રાણી પણ પૂજ્ય છે એટલે વંદનાર્હ છે.

૫. કટુ=કડવો. શબ્દ કરે=(દુષ્ટ જન) બોલે; (સાંકળો) ખખડે. મલદાયી=(એક બુદ્ધિમાં, મનમાં, અને (બીજું) ચરણ ઉપર મલ—મેલ—મલિનતા—આણે. પદે પદે=શબ્દે શબ્દે; પગલે પગલે.

६. મહામણિ=કૌસ્તુભ. 'મધુર' અને 'નિર્મલ' એ શબ્દ ઉપમાન અને ઉપમેય બંને સાથે લેવાના છે.

૭. બોલ=કથામાં આવતા શબ્દ; વધૂના મુખમાંથી નીકળતા શબ્દ. શય્યા=વાક્ય-રચના ("या पदानां पदान्योन्यं मैत्री शय्येति कथ्यते"); શયન. રસ=શૃંગાર આદિક, પ્રીતિ. 'અભિનવ' શબ્દ બંનેને સમાન છે. કથાની આવીજ ઉપમા સારૂ જુઓ શ્રીહર્ષચરિતનો પ્રસ્તાવિક શ્લોક ૧૨ (કલકત્તાની આવૃત્તિ) :—

दर्शयन्ती मुखे खेदं प्रस्खलन्ती पदे पदे ।
कथंचिन्नीयते शय्यां कथा नववधूरिव ॥

૮. પ્રથમ શ્લિષ્ટ વિશેષણ 'પદાર્થ' અને 'ચમ્પક-મુકુલ' સાથે લેવાનું છે. પદાર્થ=પદ—શબ્દ—ના અર્થ. મુકુલ=થોડીક ખીલેલી કળિ. ઉજ્જવલ-દીપકોપમ=ઉજળા દીપક તથા ઉપમા એ અલંકારથી યુક્ત (પદાર્થ); ઉજળા દીપક—દીવા—જેવા (મુકુલ). બીજું અને ત્રીજું શ્લિષ્ટ વિશેષણ 'કથા' અને 'માલા' સાથે. નિરંતર વિ૦=નિરંતર આવતા શ્લેષ નામના અલંકારથી ઘન—ભરેલી; અંતર રહે નહિ એવી રીતે ગુંથેલી. સુજાતિ=સારો 'જાતિ' નામનો અલંકાર; જાતિ નામના છોડ (નાં ફૂલ).

૯. પેહેલી ત્રણ લીટીમાંનાં વિશેષણ 'મુખ'નાં છે. શ્રુતિ=વેદ. કલુષ=પાપ. પુરોડાશ=એક જાતનું બલિદાન. સોમ-રસ=સોમ નામની લતાનો રસ.

૧૦. તેના ઘરમાં પાળેલાં મેના અને પોપટ પણ નિત્ય શ્રવણ કીધાથી એટલાં પ્રવીણ થયેલાં હતાં કે વિદ્યાર્થીઓને પોતાનો પાઠ ગોખતાં તેઓ ચૂક કાઢશે એવી બ્હીક રહેતી હતી !! યજુ: સામ=યજુર્ વેદ અને સામવેદ.

૧૧. શ્રવણે લાગેલા=શ્રવણ કરવા—સાંભળવા—માં વ્યગ્ર થયેલા (શિષ્યો). શ્રવણે લાગેલાં=કાને પેહેરેલાં.

૧૨. વિધાન—વિધિયુક્ત માર્ગ—પ્રમાણે દીધેલા દાન—દક્ષિણા—થી શોભતા—યજ્ઞો; વિધાન—હાથીને માટે કરેલો લાડુ—આપવાથી નીકળતું દાન—મદ-જલ—તે વડે શોભતા—હાથી. દીપ્તિમાન્ મહાવીર=પ્રકાશતા અગ્નિ; શૂરા યોદ્ધાઓ. યૂપ-કર=યૂપ—યજ્ઞના પશુને બાંધવાનો સ્તંભ—તે રૂપી કર—હાથ—વાળા; યૂપ—યજ્ઞ-સ્તંભ—જેવા કર—શુંડ—વાળા. સુરલોક=સ્વર્ગ.

૧૩. સ્ફટિક-વિમલ=સ્ફટિક મણિ જેવો વિમલ—શુદ્ધ (ચિત્રભાનુ); સ્ફટિક મણિને લીધે વિમલ (કૈલાસ). અથવા પેહેલો અર્થ બંનેને સમાન રીતે પણ લાગી શકશે.

૧૪. અલક=વાળની લટ. ત્રયી-વધૂ-કર્ણ= ત્રયી રૂપી વહૂનો કર્ણ—કાન. અલંકાર વિરોધ છે. ધૂમ પોતે મલિન છતાં યશને શ્વેત કરે એ વિરોધ. તે શમાવતાં—યજ્ઞ(ના ધૂમ)થી કરીને એને શ્વેત યશ મળ્યો—એમ અર્થ લેવો.

૧૫. કુંઠિતપણું=મંદપણું. વૈદગ્ધ્ય-વિલાસ=વૈદગ્ધ્ય—પાંડિત્ય—ચતુરાઈ—નો, અથવા તે રૂપી, વિલાસ.

કાદંબરી.

શૂદ્રક નામે એક રાજા હતો. તેની આજ્ઞાને સર્વ નૃપતિમંડલ માથે ચઢાવતું હતું. બીજો જાણે ઈન્દ્ર હોય તેમ તે ચાર સમુદ્રની માલારૂપી મેખલા[1] વાળી પૃથ્વીનો ભર્તા હતો. તેના પ્રતાપથી ઉત્પન્ન થયેલા અનુરાગવડે સર્વ સામન્ત ચક્ર[2] તેને સ્વાધીન થયું હતું. ચક્રવર્તિ રાજાનાં સર્વ ચિન્હ તેનામાં હતાં. વિષ્ણુના સરખું તેના હસ્તકમલમાં શંખચક્રનું લાંછન દેખાતું હતું.[3] શિવની પેઠ તેણે કામને જીત્યો હતો. કાર્તિકેયની પેઠ તેની શક્તિને[4] કોઈ હરાવે તેમ ન હતું. બ્રહ્માની પેઠ તેણે સર્વ રાજહંસમંડલનું વિમાન કર્યું હતું.[5] સમુદ્રના જેવો તે લક્ષ્મીનું પ્રસવસ્થાન હતો.[6] ગંગાપ્રવાહપ્રમાણે તે ભગીરથે દર્શાવેલે માર્ગે જતો હતો.[7] સૂર્યની પેઠ તે પ્રતિદિવસ ઉદય પામતો હતો. મેરુ પર્વતની પેઠ તેની પાદચ્છાયામાં આખી પૃથ્વીના લોક આશ્રય લેતા હતા.[8] સર્વદા દાન કરવાથી દિગ્ગજની પેઠ તેનો કર ભીનો રહેતો હતો.[9] તે મહાઆશ્ચર્યકારક કાર્ય સાધતો હતો. મ્હોટા મ્હોટા યજ્ઞ કરતો હતો. સર્વ શાસ્ત્રોનું તે દર્પણ

---

૧. મેખલા=સ્ત્રિયોની કેડ ઉપરનો કંદોરો. આવોજ વિચાર વાસવદત્તામાં છે–પૃ. ૧૨૫–चतुरुदधिमेखलाया भुवो नायके शासति वि० ૨. ખંડિયા રાજાઓનું મંડલ. ૩. વિષ્ણુના હાથમાં ખરેખરાં શંખચક્ર, અને આ રાજાના હાથમાં તેમનાં ચિન્હ હતાં. ૪. શક્તિ=મહાદેવના પુત્ર કાર્તિકસ્વામીનું શસ્ત્ર; (બીજો અર્થ) સામર્થ્ય. 'શક્તિ' એ શબ્દ બંનેને સામાન્ય છે માટે તેમનો ઉપમાનોપમેય સંબંધ કીધોછે. આવા દ્વિઅર્થી (શ્લિષ્ટ) શબ્દ જ્યાં જ્યાં આવે ત્યાં ત્યાં એક અર્થ ઉપમાન સાથે અને બીજો ઉપમેય સાથે લેવો. ૫. બ્રહ્માએ રાજહંસોને—તે પક્ષિયોને વિમાનમાં–રથમાં જોડેલા; આ રાજાએ રાજહંસ—રાજાઓમાં હંસજેવા (શ્રેષ્ઠ) નું વિમાન—અપમાન કર્યું હતું—અર્થાત્ તેમને તાબે કર્યા હતા. ૬. સમુદ્ર મથન કરતાં લક્ષ્મી નીકળેલી માટે તે તેનું પ્રસવસ્થાન. ૭. ગંગા ભગીરથે દર્શાવેલે માર્ગે સ્વર્ગમાંથી પૃથ્વીપર આવી હતી એ વાત પ્રસિદ્ધ છે; આ રાજા ભગીરથને અનુસરતો હતો–તેના જેવો રાજ્યનીતિ જાણનાર હતો. ૮. પાદ=પર્વતની નાનીટેકરીઓ; (રાજાના) ચરણ. ૯. દાન=હાથીના લમણા-

હતો. સર્વ કલાઓનો તે ઉત્પન્નકર્તા હતો. સર્વ ગુણનું કુલગૃહ હતો. કાવ્યામૃત રસનો આગમ હતો. **મિત્રમંડલનો** તે **ઉદયશૈલ** હતો.[1] શત્રુઓનો નાશકારક કેતુ હતો.[2] સભાઓનું પ્રવર્તન કરનાર હતો. રસિક જનોનો આશ્રય હતો. ધનુષ્મન્તનો ગર્વ ઉતારનાર હતો. પરાક્રમી પુરુષોમાં મુખ્ય હતો. ચતુરનો શિરોમણિ હતો. ગરુડની પેઠે **વિનતાને** આનંદ આપનાર હતો.[3] અને પૃથુરાજની પેઠે ધનુષ્ની કોટિવડે એણે સર્વ **શત્રુકુલાચલને** દૂર ખસેડી મુક્યા હતા.[4]

પોતાના નામથીજ શત્રુઓનાં હૃદય તેણે ભેદી નાંખ્યાં હતાં, તથા એક **વિક્રમથીજ** પોતે સકલ ભુવનમાં વ્યાપ્ત હતો તેથી, નૃસિંહ રૂપનો આડંબર ધારણ કરનાર, તથા ત્રણ **વિક્રમથી** ત્રણ ભુવનોને ભયમાં નાંખનાર વાસુદેવને તે જાણે હસતો હતો.[5] જીતેલા હજારો કુનૃપતિયોના સ્પર્શરૂપી, દીર્ઘ કાળથી લાગેલા કલંકને તેની ખડ્ગધારા રૂપી વિમલ

માંથી ઝરતો પ્રવાહી પદાર્થ—મદ; દ્રવ્યવિ૦, આપવું તે. દિગ્ગજ=દિશાઓના પાલક આઠ હાથી ગણાયછે, તેમનાં નામ—ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભોમ અને સુપ્રતીક. કર=શુંઢ; હાથ.

૧. મિત્રમંડલ=સૂર્યમંડલ; દોસ્તદારો. ઉદયશૈલ=ઉદયાચલ; ઉદય કરવાના સ્વભાવવાળો. ૨. કેતુ=પુંછડિયો તારો; એ અશુભસૂચક ગણાયછે. અસલના ગ્રીક લોક પણ તેમજ માનતા હતા—

> 'As the red comet, from Saturnius sent,
> 'To fright the nations with a dire portent,
> 'A fatal sign &c.'—Pope's Illiad B. IV. L. 101—104.

૩. ગરુડ, વિનતા—પોતાની માતા—ને આનંદ આપતો; આ રાજા, વિનત—નમ્ર, વિનયવાન્ને આનંદ આપતો; જુઓ વાસવદત્તા, પૃ. ૩૪—तार्क्ष्य इव विनतानन्दकरः. ૪. શત્રુ૰વિ૦=શત્રુકુળરૂપી પર્વત, તેમને રાજાએ દૂર કરેલા; શત્રુ જેવા કુલાચલ–કુલ પર્વત, તેમને પૃથુએ. મહેંદ્ર, મલય, સહ્ય, શુક્તિમાન્, ઋક્ષ, વિંધ્ય અને પારિયાત્ર એ સાત 'કુલ પર્વત' કહેવાયછે, અને વેણુના પુત્ર પૃથુએ પૃથ્વીને સરખી કરતી વેળા એ પર્વતોને ધનુષ્કોટિ વડે ખસેડી મુક્યા હતા એ કથા પુરાણમાં છે.

૫. વાસુદેવે નૃસિંહ અવતારમાં દીર્ઘ નખ વિગેરે વિક્રાળ સ્વરૂપ ધારણ કરી શત્રુને ડરાવ્યા હતા. પણ શૂદ્રકે તો માત્ર નામથીજ તેમનાં હૃદય ભેદ્યાં હતાં માટે તે વાસુદેવને જાણે હસતો હતો. વળી વિષ્ણુએ વામનરૂપ ધર્યું હતું ત્યારે ત્રણ વિક્રમ (=પગલાં)થી ત્રણ ભુવન ભરી દીધાં હતાં; પણ શૂદ્રકે એક વિક્રમથીજ (અદ્વિતીય શૌર્યથીજ) બધી પૃથ્વી વ્યાપ્ત કીધી હતી માટે તે વિષ્ણુથી જાણે ચઢતો હતો. અહીં "વિક્રમ" શબ્દ શ્લિષ્ટ છે.

જલમાં ધોત્રી ધોતી, રાજલક્ષ્મી ઘણા વખત સુધી વસી હતી. તેના મનમાં ધર્મનો વાસ હતો, કોપમાં યમનો, અનુગ્રહમાં કુબેરનો, પ્રતાપમાં અગ્નિનો, હાથમાં પૃથ્વીનો, ચક્ષુમાં લક્ષ્મીનો, જીભમાં સરસ્વતીનો, મુખમાં ચંદ્રનો, બળમાં પવનનો, બુદ્ધિમાં બૃહસ્પતિનો, રૂપમાં કામનો, અને તેજમાં સૂર્યનો વાસ હતો, તેથી તે વિશ્વરૂપ આકૃતિ પ્રકટ કરનાર સર્વદેવમય ભગવાન્ નારાયણ જેવો દેખાતો હતો. તે જ્યારે મદમત્ત હાથિયોનાં કુંભસ્થલ ભેદી નાંખતો ત્યારે મ્હોટા મ્હોટા મોતીના દાણા જે ખડ્ગપર લાગતા હતા[1], અને તેને લીધે, જાણે મુષ્ટિના દૃઢગ્રાહથી છૂટેલાં જલબિન્દુઓથી છવાયલું હોય એવું જે દેખાતું હતું તે ખડ્ગથી ખેંચાયલી, યોદ્ધાઓની છાતિયો રૂપી દ્વાર ઉપર આવેલાં હજારો કવચના અંધકારમાં રેહેનારી રાજલક્ષ્મી, હાથિયોનાં ગંડસ્થલમાંથી ગળતા મદજલરૂપી વર્ષાદના ઘોર અંધકાર વાળી યુદ્ધરાત્રિયોમાં, અભિસારિકાની પેઠે વારંવાર તેની પાસે આવતી હતી.[2] તેના પ્રતાપનો અગ્નિ, રિપુસ્ત્રિયોનાં હૃદયમાં પણ રહેલા તેમના પતિયોને બાળવાની જાણે ઇચ્છા રાખતો હોય તેમ, તે વિયોગિનીઓનાં પણ અંતઃકરણ બાળતો, રાત દિવસ પ્રકટજ હતો. સર્વ જગત્નો જીતનાર રાજા શૂદ્રક જ્યારે પૃથ્વીનું પાલન કરતો હતો ત્યારે પ્રજામાં, માત્ર ચિત્રકામમાંજ વર્ણસંકર થતા હતા;[3] કામક્રીડામાંજ કેશ ખેંચાતા હતા;[4] કાવ્યોમાંજ દૃઢ બંધ હતા;[5] (લોકો) શાસ્ત્રમાંજ ચિન્તા રાખતા હતા;[6] સ્વપ્નમાંજ વિપ્રલંભ થતા હતા;[7] છત્રમાંજ કનક દંડ હતા;[8] માત્ર ધ્વજોજ કંપતા હતા; ગીતમાંજ રાગવિલાસ

---

૧. આ કલ્પના સંસ્કૃત કવિયોમાં ઘણીજ સાધારણ છે. જુઓ વાસવદત્તા પૃ. ૪૨—निशितनाराचजर्जरितमत्तमातङ्गकुम्भस्थलविगलितमुक्ताफलनिकरदन्तुरित... ૨. અભિસારિકા=પ્રીતમપાસે રાત્રે છાની જનાર સ્ત્રી—અત્રે લક્ષ્મી—જે યુદ્ધરૂપી રાત્રિમાં શૂદ્રકની પાસે સંચરતી હતી. ૩. વર્ણસંકર=વર્ણ—વિવિધ રંગ, તેમનો સંકર—ખીચડી; અને વર્ણ=જાતિ, બ્રાહ્મણ વિ૦. તેમની ખીચડી. અર્થાત્ ત્યાં એક જાતિનો પુરુષ બીજી જાતિની સ્ત્રીને પરણતો નહિ; માત્ર ચિત્રમાંજ બે વર્ણ ભેગા થતા હતા. ૪. અર્થાત્—દંડ વિગેરે યુદ્ધમાં નહિ. ૫. બંધ=કાવ્યનું ગ્રથન; અને બંધીખાને પૂરવું.—લોકોને બંધીવાન કરવાની ત્યાં જરૂર ન હતી. ૬. લોકો શાસ્ત્રનું ચિન્તન કરતા; બીજી સર્વ વસ્તુઓથી તૃપ્ત થયેલા માટે તેમની ચિન્તા કરતા નહિ. ૭. વિપ્રલંભ=શૃંગાર રસનો 'સંભોગ' શિવાય બીજો ભાગ—વિયોગ—જે ત્યાં ખરેખરો ન હતો. ૮. દંડ=છત્ર વિગેરેનો દાંડો; અને

દેખાતો હતો;[1] હાથિયોમાંજ મદવિકાર હતો;[2] ધનુષોમાંજ ગુણચ્છેદ થતા હતા;[3] બારિયોમાંજ જાલમાર્ગ હતા;[4] કલંક, માત્ર ચંદ્રમાં, ખડ્ગમાં, તથા કવચમાંજ હતું;[5] પ્રેમકલહમાંજ દૂતનું કાર્ય પડતું હતું;[6] અને દ્યુતમાંજ ગૃહો શૂન્ય થતાં હતાં.[7] વળી એ રાજાના સમયમાં ભય પરલોક તરફનુંજ હતું. ભંગ અંતઃપુરની સ્ત્રિયોના વાળમાંજ હતો.[8] મુખરતા નૂપુરોમાંજ હતી.[9] કરગ્રહણ વિવાહ સમયેજ થતું હતું.[10] અશ્રુપાત, અહર્નિશ ચાલતા હોમાગ્નિના ધૂમને લીધેજ થતો હતો. ચાબુકો ઘોડાનેજ મારવામાં આવતી હતી.[11] અને ધનુષ્નો ટંકાર માત્ર કામદેવનોજ હતો.[12]

કલિકાળના ભયને લીધે એકત્ર આવીને વસેલા કૃતયુગ જેવી, અને જાણે ત્રણે ભુવનની પ્રસવભૂમિ હોય એવી વિસ્તીર્ણ વિદિશા નામની નગરી એ રાજાની રાજધાની હતી. તેની ચારે પાસ વેત્રવતી નદી આવી રહેલી હતી, જેની તરંગમાલા ડુબકાં મારતી માલવાની વિલાસિનીઓના સ્તનતટ ઉપર

અપરાધી પાસેથી પૈસા લેવામાં આવેછે તે. લોકો સુજ્ઞ હોવાથી ત્યાં દંડ કરવાની જરૂર ન હતી. ૧. ગીતમાં રાગ ગવાતા હતા; પણ ક્રોધાદિ રાગદ્વેષ જેવું કંઈ ન હતું. ૨. મદવિકાર=દાન; જુઓ પૃ૪ ૧લું—નોટ ૯; (બીજો અર્થ) મત્સર. ૩. ગુણ—ધનુષ્ની દોરી; અને દયા, પરોપકાર વિ૦. છેદ=તુટવું; અભાવ. ૪. જાલમાર્ગ=જાળિયાં; જાલ—મચ્છ પકડવાની—જે ત્યાં ન હતી. ૫. યુદ્ધ નહિ થવાથી ખડ્ગ ને કવચ કટાયાં હતાં—પરંતુ કુલમાં કે પુરુષોના મનમાં કંઈ કલંક—પાપ વિ૦ ન હતું.

૬. યુદ્ધકાર્યમાં નહિ પણ સ્ત્રીપુરુષના પ્રેમકલહમાંજ દૂત વા દૂતીઓ મોકલાતી હતી. ૭. ગૃહ—બાજી રમવામાં સોગઠાંનાં ઘર આવેછે તે; અને મનુષ્યના આવાસ; અર્થાત્ ત્યાં પુત્રપૌત્રાદિકનું સુખ હોવાને લીધે કોઈ ઘર શૂન્ય ન હતું. ‘ગૃહ’ સારૂ જુઓ ભર્તૃહરિનું વૈ૦ શ૦ શ્લો૦ ૩૯—यत्रानेकाः क्वचिदपि गृहे तत्र तिष्ठत्यथैकः विo

૮. ભંગ=વક્રતા; પલાયન—યુદ્ધાદિકમાંથી. ૯. મુખરતા=નૂપુરનો ખણખણાટ; મૂર્ખોનો લવારો. ૧૦. કર—હાથ; વેરો. ૧૧. અર્થાત્ ચૌરાદિકને નહિ. ૧૨. સર્વ શત્રુઓના વિનાશને લીધે કોઈ ધનુષ્ લેઈ સામો થાય તેમ ન હતું પણ માત્ર કામદેવજ ટંકાર કરતો હતો. ઉપરના પ્રત્યેક વાક્યમાં શ્રી દંડીએ કહેલો ‘સનિયમ શ્લેષ’ અલંકાર છે.—અર્થાત્ ટીકામાં બતાવ્યા પ્રમાણે શ્લિષ્ટ શબ્દો એક અર્થમાં, આપેલા શબ્દ જોડે લેવાના છે ને બીજા અર્થમાં, સંબંધવાળા કોઈ બીજા નહિ, આપેલા શબ્દ જોડે લેવાના છે.

અથડાવાથી જર્જરિત થઇ ગઈ હતી. સ્નાન કરવાને ઉતારેલા જયકુંજરોનાં કુંભસ્થલ ઉપરના સિંદૂરવડે તે નદીનું પાણી સંધ્યાસમય જેવું દેખાતું હતું. અને તેના કિનારા મદમત્ત કલહંસ પક્ષિયોના કોલાહલને લીધે[1] ગાજી રહ્યા હતા.

સમસ્ત ભુવનમંડલને તે નરપતિયે વશ કર્યું હતું તેથી રાજ્યચિન્તાના ભારમાંથી તે મુક્ત થયેલો હતો. દેશ દેશથી આવેલા અનેક રાજા પોતાના મુકુટવડે તેના ચરણની આરાધના કરતા હતા. આખી પૃથ્વીના ભારને પોતાના હાથ ઉપર એક કંકણની પેઠે તે ધારી રહ્યો હતો. બૃહસ્પતિને પણ બુદ્ધિપ્રભાવમાં કોરે મૂકે તેવા, વંશપરંપરાથી ચાલતા આવતા, વારંવાર નીતિશાસ્ત્રનું અધ્યયન કરવાથી નિર્મલ થયેલાં મનવાળા, નિર્લોભી, હેતસ્વી અને ડાહ્યા પ્રધાનો તેની સેવામાં હાજર હતા. પોતાના જેટલીજ વય, વિદ્યા અને અલંકારવાળા[2], અનેક ક્ષત્રિય રાજકુલમાં ઉત્પન્ન થયેલા, સર્વ કલાઓના અભ્યાસથી તીક્ષ્ણ થયેલી બુદ્ધિવાળા, અતિ પ્રગલ્ભ, કાળને જાણનારા, પ્રતાપવડે અનુરક્ત હૃદયવાળા, સભ્ય પરિહાસમાં કુશલ, મનના ભાવ અને (બાહ્ય) આકાર સમજનારા, કાવ્ય નાટક કથા લેખન વ્યાખ્યાનાદિ ક્રિયાઓમાં નિપુણ, અને અતિ કઠિન તથા જાડા સ્કંધ ઊરુ[3] તથા હસ્તવાળા રાજપુત્રો જેઓએ સિંહનાં બચ્ચાંની પેઠે વારંવાર રિપુઓના મદમત્ત હાથિયોનાં કુંભસ્થલ ભેદી નાંખ્યાં હતાં, જેઓ વિક્રમમાંજ[4] આનંદ માનવા છતાં વિનયથી વર્તતા હતા, અને જેઓ પોતાનાંજ જાણે પ્રતિબિમ્બ હતા, તેવા (રાજપુત્રો) ની સાથે રમતાં રમતાં, તે નરપતિયે પોતાની યુવાવસ્થા દીર્ઘ કાળસુધી સુખમાં ગુજારી. પણ જય મેળવવાની મ્હોટી ઇચ્છાને લીધે તથા પોતાના અતિશય સત્વને લીધે તે, સ્ત્રીજાતિને તૃણ જેવી હલકી ગણતો હતો; અને જો કે તે યુવાવસ્થામાં હતો, રૂપવાન્ હતો, અને સંતાનની પ્રધાનો તેની પાસેથી આશા રાખતા હતા તોપણ કામક્રીડા ઉપર તેને કંઈક દ્વેષ જેવું હતું. રૂપ અને વિલાસમાં રતિના પણ વિભ્રમને ઢાંકી નાંખે એવી, લાવણ્યવાળી, વિનયવાળી, કુલિન, અને હૃદયહારી કામિનીઓ તેના અંતઃપુરમાં હતી તે છતાં

---

૧ કોલાહલ=ઘોંઘાટ. ૨. અહિંથી શરૂ થતાં વિશેષણો આગળ આવતા "રાજપુત્રો" સાથે જોડવાનાં છે. ૩. ઝાંઘો. ૪. વિક્રમ=શુરાતન (પ્રકાશ કરવું).

પણ એ રાજા કવચિત્ સંગીતવિદ્યા શીખવામાં,[1] જ્યાં વારંવાર તેના હાથનું રત્નવલય[2] હીંદાળા ખાતું હતું, ઘુઘરિયાં અથડાવાથી થતા કંપને લીધે તેના મણિકર્ણપૂર[3]નો ઝણઝણાટ થતો હતો, અને તે પોતેજ મૃદંગ વગાડતો હતો; કદાચિત્ અસંખ્ય બાણોના વર્ષાદથી વનને શૂન્ય કરી મુકતો, મૃગયા વ્યાપારમાં; કોઈક વાર વિદ્વાન્ પુરુષોની સભા કરીને, કાવ્ય પ્રબંધ રચવામાં; કોઈ વાર શાસ્ત્રકથામાં; કોઈ વાર આખ્યાનક, આખ્યાયિકા,[4] ઇતિહાસ અને પુરાણના શ્રવણમાં; કદાચિત્ ચિત્ર વિનોદમાં; કવચિત્ વીણા વગાડવામાં; કોઈવાર દર્શને આવેલા મુનિજનના ચરણની સેવા કરવામાં, અને કોઈક વખત, અક્ષરચ્યુતક, માત્રાચ્યુતક, બિન્દુમતી, ગૂઢચતુર્થપાદ અને પ્રહેલિકાઓ[5] કરવા કારવવામાં, સ્ત્રીસંભોગથી થતા સુખમાં મન નહિ ઘાલતાં, આખો દિવસ મિત્રોની સાથે ગાળતો હતો. જેવી રીતે દિવસ, તેવીજ રીતે રાત પણ, વિવિધ ક્રીડા તથા પરિહાસ કરવામાં ચતુર, પોતાના મિત્રોસાથે તે વિતાડતો હતો.

એક દિવસ, નવાં કમલપત્રના સંપુટને ભેદનાર, ભગવાન્ સૂર્ય દેવતા ઉગ્યા પછી થોડીવારે જ્યારે રતાશ જરા જરા ઓછી થવા માંડી હતી, ત્યારે, સ્ત્રીજનને અયોગ્ય ખડ્ગ ડાબી બાજુએ ધારણ કરવાથી, જાણે નાગયુક્ત ચંદનલતા હોય તેના જેવી બ્હીઆમણી તેમજ રમણીય આકૃતિ વાળી[6],—જાડા ચંદનલેપવડે સ્તનતટ ધોળાં થવાથી, ઉપર તરી આવતાં ઐરાવત હાથીનાં કુંભસ્થલ સહિત સ્વર્ગંગા હોય તેવી દેખાતી,—રાજાઓના મુકુટમણિમાં પડેલાં પોતાનાં પ્રતિબિમ્બના આકારમાં, જાણે માથે ચઢાવેલી શૂદ્રક રાજાની આજ્ઞા હોય તેવી શોભતી,[7]—શરદ્ની સમાન કલહંસ જેવા ધોળા અંબર વાળી[8],—જામદગ્નિના પરશુની ધારની પેઠ

---

૧. આ વિગેરે સપ્તમી વિભક્તિયોનો સંબંધ, વાક્યને છેડે આવેલા—"દિવસ ગાળતો હતો" એ શબ્દો સાથે લેવાનો છે.

૨. કંકણ. ૩. કર્ણનું આભૂષણ. ૪. એ બે સંસ્કૃત કથાના ભેદ છે.

૫. આ બધા, સંસ્કૃત કાવ્યોમાં વપરાતા શબ્દાલંકારના ભેદ છે.

૬. અહિંથી શરૂ થતાં વિશેષણો, આગળ આવતી 'પ્રતિહારી' સાથે જોડવાં. ૭. અહિં અપન્હુતિ અને ઉત્પ્રેક્ષા એ બે અલંકારોનો સંકર છે. કોઈ વસ્તુનું ખરૂં રૂપ છુપાવીને તેને બીજુંજ રૂપ આપવું તે અપન્હુતિ. અત્રે પ્રતિહારીનાં પ્રતિબિમ્બને 'પ્રતિબિમ્બ' નહિ પણ 'શૂદ્રકની આજ્ઞા' કહી માટે તેના ખરા રૂપનો અપન્હવ થયો. 'જાણે માથે વિ૰' એ ઉત્પ્રેક્ષા છે. ૮. અંબર=વસ્ત્ર અને આકાશ.

સકલ રાજમંડલને વશ કરનારી[1],—વિન્ધ્યાચલની વનભૂમિ જેવી વેત્રલતા સમેત,[2]—અને શરીર ધારણ કરીને આવેલી રાજકુલદેવતા જેવી—પ્રતીહારી, સભામંડપમાં બેઠેલા નૃપતિની પાસે આવી, પોતાનાં જાનુ તથા હસ્તકમલ ભૂમિ ઉપર મુકી વિનય સાથે બોલીકેઃ–રાજાજી! કોપાયમાન થયેલા ઇન્દ્રના હુંકારથી નીચે પડેલી, સ્વર્ગમાં જતા ત્રિશંકુ રાજાની રાજલક્ષ્મી જેવી,[3]દક્ષિણ દિશામાંથી આવી દરવાજે ઉભેલી એક ચંડાલકન્યા, કોઇ પોપટને પાંજરામાં ઘાલીને લાવી છે અને દેવને અરજ કરેછે કેઃ—સમુદ્રના જેવા, ભુવનતલ ઉપરનાં સર્વ રત્નોના આપ એક ભંડાર છો, અને મ્હારો આશ્ચર્યકારક પોપટ અખિલ ભુવનનું એક રત્ન છે એમ જાણી આપના દર્શનસુખના અભિલાપથી, દેવચરણ પાસે તે પક્ષીને લેઇને હું આવીછું.—હવે દેવની શી ઇચ્છા છે?—પ્રતીહારી બોલી રહ્યા પછી રાજાને પણ જિજ્ઞાસા ઉત્પન્ન થઇ તેથી, પાસે બેઠેલા સર્વ નૃપોનાં મુખ તરફ દૃષ્ટિ ફેરવીને તેણે આજ્ઞા કીધી કે—શો દોષ છે? એને અંદર આવવા દો.

રાજાનું વચન સાંભળી, પ્રતિહારીએ ઉઠીને તે ચંડાલકન્યાને ત્યાં દાખલ કરી. પ્રવેશ કરતાં વાંતજ તેણે, હજારો નૃપતિની મધ્યે વિરાજમાન હોવાને લીધે, વજ્રના ભયથી[4] ભેગા મળેલા કુલપર્વતોની વચમાં જાણે મેરુ બેઠો હોય,—અને અનેક રત્નાભૂષણની કિરણજાલમાં તેનાં અવયવ ઢંકાઇજવાથી, હજારો ઇન્દ્ર ધનુષ્થી છવાઇગયેલી આઠે દિશાઓ વાળો જાણે વર્ષા ઋતુનો દિવસ હોય એવો શૂદ્રક રાજા જોયો. મ્હોટાં મ્હોટાં મોતીના છડા જેને લટકાવેલા હતા, જેના ચાર મણિસ્તંભ સોનાની સાંકળોથી બાંધેલા હતા, અને જે સ્વર્ગગંગાના ફીણ જેવો ધોળો હતો, તે વસ્ત્રના નાના મંડપની નીચે બિછાવેલા ચંદ્રકાન્તમણિના નાના પલંગપર તે બે-

---

૧. જામદગ્નિ=પરશુરામ જેમણે સર્વ ક્ષત્રિયકુલનો નાશ કરી દીધો હતો.
૨. વેત્રલતા=બરૂના છોડ; અને પ્રતિહારી વિગેરેના હાથમાં હોયછે તે છડી.
૩. એવી કથા છે કે અયોધ્યાના રાજા ત્રિશંકુને જ્યારે વિશ્વામિત્ર ઋષિયે વસિષ્ઠ ઋષિની ઇચ્છા ઉપરાંત,પોતાના પ્રભાવથી સ્વર્ગમાં મોકલ્યો ત્યારે ત્યાંથી ઇન્દ્રાદિક દેવોએ તેને ત્યાં ન આવવા દેવો એવો નિશ્ચય કરી ભૂમિપર પાછો નાંખી દીધો. પરંતુ નીચેથી ઋષિનું વચન સ્વર્ગમાં મોકલવાનું, ને દેવોનું નહિ લેવાનું, એમ બે વિરુદ્ધ મતને લીધે તે અન્તરીક્ષમાં લટકી રહ્યો. તેથીજ હાલ કેહેવત જેવું ચાલેછે કે 'त्रिशंकुरिवान्तराले तिष्ठ.'
૪. ઇન્દ્રે જ્યારે વજ્રથી પર્વતોની પાંખો કાપવા માંડી હતી ત્યારે.

ઠેલો હતો. કનકદંડવાળાં ચામરો તેને ઉરાડાતાં હતાં. ઉંચે સુધી પ્રસરતા કિરણવાળા તેના મુખની કાન્તિથી પરાભવ પામીને પગે પડેલો જાણે ચંદ્ર હોય તેવા, સ્ફટિકમણિના બાજઠ ઉપર પોતાનો ડાબો પગ તેણે મુક્યો હતો. ઈન્દ્રનીલ મણિમય ભૂમિના તેજઃસ્પર્શને લીધે જરા શ્યામ પડવાથી, વશ થયેલા શત્રુઓના નિશ્વાસવડે જાણે મલિન થયા હોય એવા, તેના ચરણનખમાંથી પ્રસરતા કિરણોથી તે શોભતો હતો. આસનમાં ઝળકી રહેલા પદ્મરાગ મણિના મયૂખથી[1] તેની બે ઝાંઘો રક્ત થઈ હતી તેથી તે, થોડા કાળ પહેલાં ચગદી નાંખેલા મધુકૈટભના રુધિરથી લાલ થયેલી ઝાંઘોવાળા હરિના જેવો વિરાજતો હતો.[2] તેણે પહેરેલાં અમૃત ફેન[3] જેવાં શ્વેત બે વસ્ત્રની કોરો ઉપર ગોરોચનાથી[4] હંસપક્ષીનાં જોડાં ચિત્રેલાં હતાં, અને તેમના છેડા ચામરના પવનથી ઉડતા હતા. બહુ સુગન્ધિ ચંદનરસના લેપથી તેની છાતી ધવલ થયેલી હતી, અને તેના ઉપર તેણે કેશરની અર્ચા કીધેલી હતી તેથી, પ્રાતઃકાળના સૂર્યનો તડકો જેના ઉપર વચ્ચે વચ્ચે પડેલો છે એવા કૈલાસપર્વત જેવો તે શોભતો હતો. તેના મુખને બીજો ચંદ્ર ધારીને જાણે (આકાશમાંથી) નક્ષત્રમાલા આવી હોય એવી તેની મોતીની માલાએ તેના મુખની આજુબાજુ ગોળ પ્રકાશ પાડેલો હતો[5]. અતિ ચપલ રાજલક્ષ્મીને બાંધવાની સાંકળોની શંકા કરાવતા, અને ચંદનરસની સુગંધથી લોભાઈને આવેલા બે સર્પ હોય તેવા દેખાતા બે કેયૂર[6] તેણે હાથે બાંધ્યા હતા. તેનું કર્ણકમલ જરા લટકતું હતું. તેની નાસિકા ઉંચી હતી. ખીલેલાં શ્વેત કમલ જેવાં તેનાં લોચન હતાં. નિર્મલ કલધૌતના પટ્ટ[7] જેવું, અષ્ટમીના નાના ચંદ્રના આકારનું, તથા સકલ ભુવનના રાજ્યાભિષેકજલથી પવિત્ર થ-

---

૧. સ્ફટિક, ઈન્દ્રનીલ, પદ્મરાગ વિગેરે, મણિની જાતિયો છે. મયૂખ=કિરણ. ૨. મધુ ને કૈટભ એ બે રાક્ષસો હતા જેમને વિષ્ણુએ હણ્યા હતા. ૩. ફેન=ફીણ. ૪. ગોરૂં ચંદન. ૫. આને મળતો વિચાર નીચેના શ્લોકમાં છે.—

राजचंद्रं समालोक्य त्वां तु भूतलमागतम् ।
रत्नश्रेणिमिषान्मन्ये नक्षत्राण्यभ्युपागमन् ॥

सु. र. भां.

૬. કેયૂર=બાજુબંધ. ૭. કપાળ સાથે લેતાં 'કલધૌત'=સોનું; અને ચંદ્ર સાથે લેતાં–રૂપું.

ચેલું તેનું કપાળ હતું, જેમાં બે ભમરોની વચ્ચે રુવાંટી ઉગેલી હતી. સુગંધિ માલતી કુસુમનો તેણે શેખર[1] પેહેર્યો હતો, તેથી શિખરપર સવારમાં પથરાયેલા તારાઓ સહિત પશ્ચિમાચલ હોય તેવો તે શોભતો હતો. આભૂષણના પ્રકાશથી તેનાં સર્વ અંગ પીળાં થયાં હતાં તેથી તે મહાદેવના (લોચનમાંથી નીકળેલા) અગ્નિથી બળતા કામદેવ જેવો દેખાતો હતો. તેની આજુબાજુ, સેવાને અર્થે આવેલી દિગ્વધૂઓ[2] જેવી, ગણિકાઓ ઉભેલી હતી. સ્વચ્છ મણિમય કુટ્ટિમમાં[3] તેનું પ્રતિબિમ્બ પડેલું હતું તેથી પૃથ્વીએ જાણે પોતાના પતિને પ્રેમથી હૃદયમાં લીધો હોય તેમ ભાસતું હતું. સર્વજનોએ ભોગવેલી, તથાપિ **અસાધારણ** રાજલક્ષ્મીએ તેને આલિંગન દીધું હતું.[4] પરિવાર અસંખ્ય છતાં પણ તે **અદ્વિતીય** હતો.[5] અગણિત હાથી અને ઘોડાઓનું **સાધન** છતાં પણ માત્ર ખડ્ગ તેની સાહાય્યમાં હતું.[6] તે એકજ સ્થળમાં બેઠેલો છતાં પણ આખી પૃથ્વી તેનાથી વ્યાપ્ત હતી.[7] આસન ઉપર હતો તથાપિ તે ધનુષ્‌માં બેઠેલો હતો.[8] સર્વ શત્રુઓ રૂપી ઇંધનને ખાખ કરી નાંખ્યા છતાં પણ તેના પ્રતાપનો અગ્નિ બળ્યાં કરતો હતો.[9] તેને **લોચન** દીર્ઘ છતાં પણ તે **સૂક્ષ્મ** જોઇ શકતો હતો.[10] મ્હોટા દોષ છતાં પણ તે સર્વ ગુણનો

૧ માથે પેહેરવાનો હાર. ૨. દિશાઓ રૂપી સ્ત્રિયો. ૩. કુટ્ટિમ=ભૂમિ તળ–સપાટી. ૪. અહિંયાં અને નીચે વિરોધાલંકાર છે. જ્યાં ખરો વિરોધ ન હોય તે છતાં પણ વિરોધનો આભાસ થાય તે વિરોધાલંકાર. જે વસ્તુ સર્વોપભોગી હોય તે અસાધારણ ન કહેવાય, પણ તેને તેવી કહી એ વિરોધ થયો. તેનો પરિહાર કરતાં અસાધારણનો અર્થ–અઢળક, મ્હોટી, લેવો. આમ નીચે પણ સમજવું. ૫. એકલો હતો; અર્થાત્ તેના સમાન બીજો કોઇ ન હતો. ૬. સાધન=લશ્કર; બહુ લશ્કર છતાં સાહાય્યમાં માત્ર ખડ્ગજ, એ વિરોધ. શમાવતાં એવો અર્થ લેવો કે બહુ લશ્કરનું તે સાધન હતો–કારણ હતો. ૭. અર્થાત્ તેના પ્રભાવથી તે સર્વત્ર વ્યાપી હતો.

૮. એટલે કે ધનુષ્‌માં તે આસક્ત હતો. ૯. અત્રે 'વિભાવના' અલંકાર છે. કારણ વિના પણ જ્યાં કાર્યની ઉત્પત્તિ થાય ત્યાં 'વિભાવના.' અહીં બળતણ રૂપ કારણ શિવાય પણ અગ્નિનું બળવારૂપી કાર્ય થતું હતું માટે 'વિભાવના.'–મમ્મટ. ૧૦. લોચન=આંખો; જ્ઞાન. સૂક્ષ્મ=થોડું; ઝીણું.

ભંડાર હતો.[1] તે કુપતિ[2] હતો તોપણ તેની સર્વ સ્ત્રિયોને પ્રિય હતો.[2] અહર્નિશ દાન કરવા છતાં પણ તેનામાં મદવિકાર ન હતો.[3] તેનો સ્વભાવ અતિ શુદ્ધ હતો તોપણ તે કૃષ્ણચરિત કરતો હતો.[4] અને કર વિના પણ તેના હાથમાં સર્વ પૃથ્વી આવી રહી હતી.[5]

દૂરથીજ રાજાને તે ચંડાલ કન્યાએ જોયો કે તરતજ, તેણે, હાલતાં રત્નવલયવાળા અને રક્ત કમલપત્ર જેવા કોમલ પોતાના હાથથી, અગ્રભાગ જેનો જર્જરિત થઈ ગયો હતો તેવી વાંસની લાકડી લેઈને, રાજાનું ધ્યાન પોતાના તરફ ખેંચવા સારૂ, જમીન ઉપર એકવાર પછાડી; અને તરતજ તાલ શબ્દથી જેમ વનગજો, તેમ આ વાંસની લાકડીના અવાજથી સર્વ નૃપતિમંડલે, એકદમ, પૃથ્વીપતિના તરફથી અકસ્માત્ દૃષ્ટિ ફેરવી, મોં વાંકું વાળીને તેની તરફ જોયું.

પ્રતીહારીએ દૂરથી તેને "જો" એટલું કહી રાજાને બતાવી, ત્યારે રાજાએ તે નવયૌવનમાં આવેલી, અતિશય સુંદર આકૃતિવાળી કન્યાને, એક પળ પણ આંખ મીચ્યા શિવાય નિહાળીને જોઈ. તેની આગળ આર્ય વેષ અને ધોળાં વસ્ત્રવાળો એક પુરુષ ઉભેલો હતો, જેના માથાના વાળ, વૃદ્ધાવસ્થાને લીધે ધોળા થઈ ગયેલા હતા; રક્ત કમલ જેવા જેનાં ચક્ષુના ખુણા હતા; વારંવાર કસરત કરવાથી જેના શરીરના બંધ, યુવાવસ્થા જતી રહેલી છતાં પણ, શિથિલ પડી ગયા ન હતા; ને ચંડાલ જાતિનો છતાં પણ જેની આકૃતિ અતિ ક્રૂર ન હતી. તે કન્યાની પછવાડે એક ચંડાલ જાતિનો છોકરો, જેના કાકપક્ષ[6] વારંવાર હાલ્યાં કરતા હતા, તે, સોનાની સળિયોનું બનાવેલું, તથાપિ અંદર બેઠેલા પોપટની પ્રભાથી, જાણે મરકત મણિનું બનાવેલું હોય તેમ કાળાશ મારતું પાંજરૂ લેઈને ઉભો હતો. તે કન્યાના શ્યામ રંગને લીધે, દૈત્યોએ લેઈ લીધેલા અમૃતનું હરણ કરવાને માયાથી મોહનીરૂપ ધારણ કરનાર વિષ્ણુના જેવી તે દેખાતી હતી; તથા ગમનશક્તિ વાળી જાણે ઇન્દ્રનીલ મણિની પૂતળી હોય એમ લાગતું હતું. ઘુંટણ સુધી પહોચતા ભુરા બદનથી તેનું શરીર ઢંકાયેલું હતું; અને ઉપર તેણે રાતા વસ્ત્રનો એક બુરખો નાંખ્યો હતો; તેથી, સંધ્યાકાળના સૂર્યકિરણ જેના ઉપર પડેલા હોય એવી નીલકમલની જાણે તે એક

---

૧. દોષ=અવગુણ; હાથ. ૨. કુપતિ=કુ–નિન્દિત–ખરાબ; અને કુ–પૃથ્વી–તેનો પતિ. ૩. દાન અને મદના અર્થ સારૂ જુઓ પૃષ્ઠ ૧ લું નોટ ૯ મી અને પૃષ્ઠ ૪ થું, નોટ ૨ જી. ૪. કૃષ્ણ ચરિત=કાળાં કર્મ, અને કૃષ્ણના જેવાં કૃત્ય. ૫. કરના બે અર્થ સારૂ જુઓ પૃષ્ઠ ૪ થું, નોટ ૧૦મી. આ સર્વ દૃષ્ટાન્ત પણ વિરોધાલંકારનાંજ છે. ૬. કાકપક્ષ=કાન છેરિયાં.

ભૂમિ હતી. એક કાને પહેરેલા દંતપત્રની[1] પ્રભાથી તેના ગાલ ગોરા દેખાતા હતા; માટે ઉગતા ચંદ્રબિમ્બના કિરણથી છવાયેલા મુખવાળી જાણે તે નિશા હતી. આછા પીળા રંગની ગોરોચનાથી, તિલક રૂપી એણે ત્રીજું નેત્ર બનાવેલું હતું તેથી, મહાદેવે રચેલા વેશ પ્રમાણેજ ભીલડીનો વેશ ધારણ કરનાર, તે જાણે પાર્વતી હતી. નારાયણના વક્ષઃસ્થલમાં વસવાથી આવેલી તેમની દેહપ્રભાને લીધે કાળી પડેલી જાણે તે સાક્ષાત્ લક્ષ્મીજ હતી. કોપાયમાન થયેલા મહાદેવના અગ્નિથી બળતા કામદેવના ધૂમથી મલિન થયેલી જાણે તે રતિ[2] હતી. કામાવેશમાં આવેલા બળરામજીના હળથી ઘસડાઈ જવાના ભયને લીધે નાઠેલી જાણે તે યમુના હતી.[3] ઘણા જાડા અને પિંડ જેવા અલક્તક રસના[4] રંગ રૂપી તેના ચરણકમલને આવેલાં પલ્લવને લીધે તે, તરત મારેલા મહિષાસુરના રુધિરથી રાતા થયેલા પગવાળી જાણે દુર્ગાદેવી હતી. રાતી અંગુલિપ્રભાથી તેના નખના કિરણ (પણ) રાતા થયેલા હતા. અતિ કઠિન મણિમય ભૂમિનો સ્પર્શ અસહ્ય હોવાથી ભૂમિપર જાણે તે પલ્લવના કડકા મુકીને ચાલતી હતી[5]. તેના નૂપુરમણિમાંથી પ્રસરતા, આછા પીળા રંગના પ્રકાશથી તેનું શરીર રંગાયેલું હતું તેથી ભગવાન્ અગ્નિદેવતાએ, માત્ર તેની કાન્તિનોજ પક્ષપાત કરી, પ્રજાપતિની આજ્ઞા લોપી, તે (નીચ) જાતિને પવિત્ર કરવાને જાણે તેના શરીરને આલિંગન દીધું હતું ! તેના જઘનસ્થલ ઉપર, કામદેવરૂપી હાથીના મસ્તક ઉપરની નક્ષત્રમાલા જેવી[6] તથા રોમરાજિ[7]–લતાની આસપાસના કયારા જેવી, મેખલાની સેર આવી રહી હતી. તેના ગળામાં, તેને યમુના નદી જાણીને જાણે ગંગાજી મળવા આવ્યાં હોય તેવી, મ્હોટાં મ્હોટાં મોતીની, સ્વચ્છ માળા તેણે પેહેરેલી હતી. શરદ્‌ની સમાન તેનાં **કમલનયન** પ્રફુલ્લ હતાં[8]. વર્ષાઋતુની પેઠે તેના કેશ ઘન

---

૧. દન્તપત્ર=દાંતાવાળું કર્ણાભૂષણ.

૨. કામદેવની સ્ત્રી. ૩. બળરામે ક્રીડાની ઇચ્છાથી યમુનાની યાચના કરી ત્યારે તેણે એમનો અનાદર કીધો તેથી બળદેવજીએ એને પોતાના હળથી ખેંચી હતી એ કથા ભાગવતના દશમ સ્કંધમાં છે. આ બધી ઉત્પ્રેક્ષાઓ ચંડાલકન્યાની શ્યામતા ઉપરથી કાઢેલી છે.

૪. અળતો. ૫. એના નખમાંથી પ્રસરતા રાતા કિરણ પલ્લવના કડકાનો આકાર કરતા. ૬. નક્ષત્રમાલા=હાથીના માથા ઉપરની ૨૭ મોતીની માળા. ૭. રૂવાંટી. ૮. અહિંથી શ્લેષને ઉપમા અલંકારનો સંકર શરૂ થાયછે. કમલનયન=કમલ રૂપી નયન–શરદ્‌નાં; કમલ જેવાં–કન્યાનાં.

હતા[1]. મલયાચલની મેખલા હોય તેમ તેણે ચંદનપલ્લવનાં આભરણ પહેરેલાં હતાં[2]. નક્ષત્રમાલાની પેઠ તે ચિત્રશ્રવણાભરણથી શણગારેલી હતી[3]. લક્ષ્મીની પેઠ તેના હાથમાં કમલની શોભા હતી[4]. મૂર્છાના જેવી તે મનને હરી લેતી હતી. વનભૂમિના જેવી તે રૂપસંપન્ન હતી[5]. દેવાઙ્ગનાના જેવી તે અકુલીન હતી[6]. નિદ્રાની પેઠ તે આંખોનું આકર્ષણ કરતી હતી. વનકમલિનીના જેવી તે માતંગકુલથી દૂષિત થયેલી હતી[7]. તેને કોઈ સ્પર્શ કરી શકે નહિ માટે તે જાણે નિરાકાર હતી[8]. તેનું માત્ર દર્શનજ થઈ શકતું માટે તે જાણે ચિત્રેલી હતી. ચૈત્ર માસની પુષ્પસમૃદ્ધિની પેઠ તે વિજાતિ હતી[9]. કામદેવના પુષ્પધનુષ્‌ની દોરીની પેઠે તેની મધ્ય મુઠીમાં આવે તેવી હતી[10]. અને કુબેર રાજાની લક્ષ્મીના જેવી તે અલક [।] શોભિત હતી[11].

તેને જોઈને મહીપતિને વિસ્મય ઉત્પન્ન થયો અને તેણે મનમાં વિચાર કીધો કે:—અહો! જગત્કર્તાનો રૂપ અર્પણ કરવાનો (આ) પ્રયત્ન કેવો અયોગ્યસ્થાને છે! જ્યારે એને સર્વ રૂપવાળી વસ્તુઓને હસી કાઢે એવી કાન્તિ આપીને ઉત્પન્ન કરી, ત્યારે જે કુળમાં સ્પર્શ અથવા સંભોગનું સુખ ન મળે તેવા કુળમાં એને શું કરવા જન્મ આપ્યો! હું તો એમ ધારૂં છું કે ચંડાલજાતિને સ્પર્શ કરવાથી થતા દોષના ભયથી પ્ર-

---

૧. ઘન=વાદળ; નિરંતર ભરેલા. ૨. મેખલા=પર્વતની બાજુનો ભાગ–તેને પલ્લવરૂપી આભરણ; અને આ કન્યાને પલ્લવનું બનાવેલું આભૂષણ. ૩. કન્યાને ચિત્ર–વિચિત્ર, શ્રવણાભરણ–કાનનાં ઘરેણાં હતાં; આકાશનાં નક્ષત્રોમાં ચિત્ર–ચિત્રા, શ્રવણા, ને ભરણી એ ત્રણ નક્ષત્રો છે. ૪. લક્ષ્મીના હાથમાં ખરેખરૂં કમલ; ને કન્યાના હાથમાં માત્ર કમલ જેવી શોભા અથવા તેનું ચિન્હ.

૫. રૂપ=મૃગ; કાન્તિ. ૬. અકુલીન=(દેવાંગનાઓ) કુ--પૃથ્વી–તેમાં નહિ રહેનારી; ચંડાલ કન્યા અ–કુલિન, હલકા કુલની હતી.

૭. કમલિની=કમલનો સમૂહ જેને માતંગ–હાથીઓ છુંદી નાંખે છે; માતંગકુલ=ચંડાલ જાતિ. ૮. નીચ જાતિની, માટે તેને સ્પર્શ થાય નહિ; અને જે નિરાકાર–આકાર વિનાનું તે પણ અસ્પૃશ્ય; માટે તે જાણે તેવી હતી. ૯. વિજાતિ=જાતિ નામનાં ફુલવિનાની; વિજાતિ=હલકી જાતની–કન્યા. ૧૦. મધ્ય=દોરીની વચ્ચેનો ભાગ; કન્યાની કમર.

૧૧. અલકા=કુબેરની રાજધાની, તેમાં કુબેરની લક્ષ્મી શોભતી; અલક=કપાળ ઉપર લટકતી વાળની લટ–તે વડે આ કન્યા શોભતી હતી. એવાજ બીજા દૃષ્ટાન્ત સારૂ જુઓ પૃષ્ઠ ૨ જું નોટ ૩ જી.

હ્માએ એને અડક્યા શિવાય ઘડી છે, નહિ તો આટલું બધું લાવણ્ય ક્યાંથી હોય! હાથના સ્પર્શથી દબાયા ચંપાયેલા અવયવોની આવી કાન્તિ કદી પણ ન હોય. સર્વથા ધિક્કાર છે પ્રજાપતિને કે એણે આવો અઘટિત સંયોગ કર્યો:—આવી મનોહર મૂર્ત્તિને પણ દુષ્ટ કુળમાં જન્મ આપ્યો! એથી કરીને આ, અસુરશ્રીની પેઠે અતિરમણીય છતાં પણ સુરત[ા]નિન્દાને લીધે સર્વદા ખેદ પમાડેછે.[1] આવી રીતે રાજા વિચારમાં પડ્યો હતો એવામાંજ તે કન્યાયે, જરા લચી પડતાં કર્ણપલ્લવ રૂપી આભૂષણ સહિત, એક પ્રૌઢ સ્ત્રીની પેઠ તેને પ્રણામ કર્યો. પ્રણામ કરીને તે નીચે મણિભૂમિ ઉપર બેઠી કે તરતજ, પેલા (વૃદ્ધ) માણસે પાંજરા સાથેજ પોપટને લાવીને, જરા આગળ આવી, રાજાની પાસે તેને મુકીને કહ્યું કેઃ—દેવ! આ પોપટ સર્વશાસ્ત્રાર્થ કરી શકેછે; રાજનીતિના પ્રયોગમાં કુશલ છે; પુરાણ ઇતિહાસ આદિ કથા કહેવામાં નિપુણ છે; ગાયનની શ્રુતિયો[2] સમજેછે; કાવ્ય, નાટક, આખ્યાયિકા, આખ્યાનક વિગેરે અનંત સુભાષિત શીખેલો છે, અને પોતે પણ બનાવેછે; પરિહાસમાં પાકો છે; વીણા, વેણુ, મૃદંગ વિગેરે વાદિત્રોનો અદ્વિતીય શ્રોતા છે; નૃત્યપ્રયોગ જોવામાં નિપુણ છે; ચિત્રકામમાં પ્રવીણ છે; દ્યૂત રમવામાં ચતુર છે; પ્રેમકલહથી કોપેલી સ્ત્રીને મનાવવાના ઉપાય (પણ) ઘણા જાણેછે; હાથી, ઘોડા, પુરુષ અને સ્ત્રિયોનાં લક્ષણ સમજેછે; સકલ ભૂતલનું આ એક રત્ન છે; અને એનું નામ વૈશમ્પાયન છે. સર્વ રત્નોના, સમુદ્ર જેવા, આપ એકજ ભંડાર છો એવું જાણી, અમારા સ્વામીની પુત્રી, એને લેઇને આપના ચરણ પાસે આવેલી છે, માટે આપ એનું ગ્રહણ કરો.—એટલું કહી, પાંજરૂં રાજાની પાસે મુકી તે પાછો ગયો.

તે ગયો કે તરતજ એ પક્ષિરાજ, નરપતિના સામું મ્હોં કરી, પોતાનો જમણો પગ ઉંચો કરી, સ્પષ્ટ વર્ણસ્વરથકી અલંકૃત ભાષામાં, રાજાને જય જય કહી, તેનાજ સંબંધમાં આ નીચેની આર્યા બોલ્યોઃ—

અન્તઃશોકાનલની પાસે સ્તનયુગ, અશ્રુથી ભીનું,
ભજે વિમુક્તાહાર, વ્રતને જાણે, રિપુસ્ત્રીનું.[3]

---

૧. દૈત્યની શ્રી, સુરતા—દેવોનો સમૂહ—તેને નિન્દતી હતી; અને ચંડાલકન્યાની સાથે સુરત—કામક્રીડા કરવી—એ નિન્દિત છે, માટે સુરત[ા]—નિન્દામાં બંને સરખાં હતાં. ૨. શ્રુતિ—સંગીત શાસ્ત્રમાં કહેલા સ્વરભેદ. ૩. અર્થ.—આપના શત્રુઓની સ્ત્રિયોનાં હૃદયમાં બળતા

આ સાંભળીને રાજાને ઘણો વિસ્મય થયો, અને તેણે, પોતાની પાસે ઘણા ભારે આસન ઉપર બેઠેલો, કુમારપાલિત નામનો એક વૃદ્ધ બ્રાહ્મણ પ્રધાન જે બૃહસ્પતિના જેવો સકલ નીતિશાસ્ત્રમાં પ્રવીણ હતો, અને સર્વ મંત્રીમંડલમાં મુખ્ય હતો, તેને હર્ષસહિત કહ્યું કેઃ—કેમ! જોઈ કે આ પક્ષીની વર્ણોચ્ચાર કરવામાં સ્પષ્ટતા, અને એના સ્વરની મધુરતા! પ્રથમ તો આજ એક મ્હોટું આશ્ચર્ય છે કે આ પોપટ છુટા છુટા વર્ણ-વિભાગ સહિત, માત્રા અનુસ્વાર અને સ્વરના સંયોગ તથા વિશેષ વાળી ભાષા, સ્પષ્ટ અક્ષરથી બોલી શકેછે. વળી બીજું એ કે,'મનગમતા વિષયમાં મનુષ્યોની પેઠે પક્ષિયોની પણ, સ્મરણશક્તિસહિત, જ્ઞાનપૂર્વક પ્રવૃત્તિ થાયછે; કેમકે આ પોપટે પોતાનો જમણો પગ ઉંચો કરી, જય જય શબ્દ બોલી, મ્હારાજ સંબંધમાં આ આર્યા અતિ સ્ફુટાક્ષરથી ગાઈ. ઘણું કરીને પશુ પક્ષિયોને માત્ર આહાર, નિદ્રા, ભય અને મૈથુન-નીજ સંજ્ઞાઓનું જ્ઞાન હોયછે. પણ આ તો ઘણુંજ નવાઈનું છે.—રાજાના આ શબ્દ સાંભળી પ્રધાન કુમારપાલિત જરા મ્હોં મલકાવીને બોલ્યો કેઃ—રાજાજી! આમાં શું વિચિત્ર છે? દેવે પણ સાંભળ્યું હશે કે પોપટ મેના વિગેરે કેટલાંક પક્ષિયો સાંભળેલા શબ્દો બોલી શકેછે. તેમાં પછી, પૂર્વ જન્મના સંસ્કારથી, અથવા મનુષ્યના યત્નથી વિશેષ ચાતુરી આવે એ કંઈ અદ્‌ભુત નથી. બીજું એ કે માણસોની પેઠે, એમને પણ ઘણું સ્ફુટ ઉચ્ચારણ કરી શકાય એવી વાચા પૂર્વે હતી. પણ અગ્નિદેવના શાપ-થી પોપટની વાચા પછીથી અશુદ્ધ થઈ, અને હાથીઓની જીભ અવળી

શોકાગ્નિની પાસે રહેતાં સ્તનયુગ જે અશ્રુથી ભીનાં થયેલાં છે—ન્હવા-યેલાંછે—તેમના ઉપરથી મુક્તાહાર—મોતીની માળાઓ—કાઢી નાંખેલી છે. માટે જાણે તે સ્તનયુગ, વિમુક્ત-આહાર—આહાર ત્યજવો પડે એવું—વ્રત કરેછે. અહીં "વિમુક્તાહાર" ના ભાગ એક વખત વિ+મુક્તાહાર અને બીજી' વખત વિમુક્ત+આહાર એવા કરવા. અલંકાર શ્લેષ અને ઉત્પ્રેક્ષાનો સંકર છે. પોપટના કહેવાનો ભાવાર્થ એવો છે કે—શૂદ્રક રાજાનો પ્રતાપ એટલો બધો હતો કે તેના સર્વ શત્રુ નાશ થયેલા હતા, તેથી તેમની સ્ત્રિયો શોકાતુર હતી; અને શોકમાં તેમણે સર્વ અલંકાર—તેમાં મુખ્યત્વે કરીને સ્તન ઉપરના મુક્તાહાર—ત્યજી દીધા હતા; માટે તે સ્તન, (શોકરૂપી) અગ્નિસેવન કરી, (અશ્રુરૂપી) જલમાં સ્નાન કરી, જાણે વિમુક્તાહાર વ્રત—જેમાં આહાર વિમુક્ત કરવો પડે, ઉપવાસ કરવો પડે, એવું વ્રત—આચરતાં હતાં!!

ફરી ગઈ.[1]—આ વાત ચાલતી હતી તેવામાં, સૂર્ય આકાશના મધ્યભાગમાં આવી પહોચ્યો છે એમ સૂચવતો મધ્યાન્હકાળનો શંખનાદ, પ્રહરને અંતે વગાડેલી નોબતના શબ્દની સાથેજ થયો. તે સાંભળી, સ્નાન સમય પાસે આવ્યો એમ જાણી, સર્વ નૃપતિમંડલને વિદાય કરી, શૂદ્રક રાજા સભામંડપમાંથી ઉઠ્યો.

રાજાએ ચાલવા માંડ્યું કે તરતજ ઉભા થતા મહીપતિયોમાં એક મ્હોટી ગરબડ થઈ રહી. એક એકને ખસેડવાની ઉતાવળમાં હાલેલાં કેયૂર, પત્રભંગ ને મકરના[2] ખુણા (ભરાવા) થી તેઓનાં વસ્ત્ર ફાટી ગયાં. ધક્કા ધક્કીમાં તેમના ગળામાંના હાર હીંદોળા ખાવા લાગ્યા. તેઓના ખભા ઉપરથી ઉડતી, કુંકુમના સુગન્ધિ ભુકાની રજથી દિશાઓ બધી પીળી પીળી થઈ ગઈ. તેમના માથા ઊપર હાલતા, માલતી કુસુમના શેખરમાંથી ભ્રમરોનાં ટોળાં ઉડવા મંડ્યાં. અર્ધાં લટકતાં, તેઓનાં કર્ણકમલ ગંડસ્થલોને અડકવા લાગ્યાં, અને જતી વખતે પ્રણામ કરવાની હોંસાતુશીમાં તેમની છાતી ઉપરની હારલતાઓ ખશી ગઈ. ખભા ઉપર ચામર મુકીને આમથી ને તેમથી નીકળતી ચામર ઉરાડનારી સ્ત્રિયોના, કમલમધુપાનથી મત્ત થયેલા વૃદ્ધ કલહંસના નાદ જેવા જર્જરિત, ઝણકાર કરતાં મણિનૂપુરમાંથી પગલે પગલે થતા શબ્દથી[3]; હીંડતી ગણિકાઓની, જઘન સાથે અથડાવાથી વાગતી રત્નમાળાઓવાળી મેખલાઓના મનોહર ઝંકારથી; નૂપુરશબ્દ સાંભળી દોડી આવતા, અને સભામંડપની નીસરણિયોને ધોળતા, ભવનદીર્ઘિકામાંના[4] કલહંસના કોલાહલથી; રશનાના[5] ઝણકારથી ઉત્સુક થયેલાં, તથા ઘણેજ તીને સ્વરે બોલતાં ગૃહસારસના, ઘસાતા કાંસાના શબ્દ જેવા દીર્ઘ કૂજિતથી; વેગથી ચાલતા સેંકડો સામન્તોના ચરણ સાથે ઘસાતા સભામંડપના, વજ્રઘોષ જેવા ગંભીર અને પૃથ્વીને કંપાવી દે એવા ધ્વનિથી; દંડવડે, આગળથી લોકોને એકદમ કાઢી મુકતા, અને કિકિયારી સાથે ઉંચે સ્વરે "જુઓ! જુઓ!" એમ બોલતા પ્રતીહારિયોના તીક્ષ્ણ, પણ મેહેલની કુંજોમાંથી નીકળતા

---

૧. આ કથા આનુશાસનિક પર્વમાં છે. ૨. આ ત્રણે આભૂષણનાં નામ છે ૩. આ બધી પંચમી વિભક્તિયોનો સંબંધ, વાક્યને છેડે આવેલા "સભાગૃહમાં...જાણે એક મ્હોટું તોફાન મચી રહ્યું" એ શબ્દોની સાથે લેવો. ૪. ભવનદીર્ઘિકા=ગૃહ સરોવર—ઘરની પાસે બંધાવેલું સરોવર. ૫. સ્ત્રીનો કંદોરો.

પ્રતિશબ્દ વડે દીર્ઘ થયેલા આલોકશબ્દથી[1]; પ્રણામ કરવાની ઉતાવળમાં મુકુટો વાંકા થઈ જવાથી જેમના ચૂડામણિ હાલી ગયા હતા એવા રાજાઓની, મણિશલાકા વડે દંતુર થયેલી મુકુટકોટિયો સાથે[2] ઘસાતી મણિભૂમિના શબ્દથી; પ્રણામ સમયે નીકળી જઈને અતિ કઠિન રત્નભૂમિ ઉપર પડવાથી રણરણાટ કરતાં મણિકર્ણપૂરના સ્વરથી; (રાજાની) આગળ ચાલતા મંગલપાઠકોના "જયજય મહારાજ! ચિરંજીવ" એવાં મધુર વચનને અનુસરી સર્વ દિશાઓમાં વ્યાપી જતા કલકલથી[3]; હીંડતા મનુષ્યોના સેંકડો પગ તળે છુંદાઈ જવાની બ્હીકથી, પુષ્પના ઢગલામાંથી ઉડી જતા ભ્રમરોના ગુંજારથી; અને સંક્ષોભમાં અતિત્વરિત ચરણથી ચાલતા પૃથ્વીપતિયોની કેયૂરકોટિયો અથડાવાથી શબ્દ કરતા રત્નહારવાળા, મણિસ્તંભોના રણકારાથી, તે સભાગૃહમાં સર્વ સ્થળે જાણે એક મ્હોટું તોફાન મચી રહ્યું.

સર્વ રાજાઓને વિદાય કર્યા પછી ચંડાલકન્યાને પોતેજ આરામ લેવાનું કહી, વૈશમ્પાયનને અંદર આણવાનો પોતાની તાંબૂલ-કરંકવાહિનીને[4] હુકમ કરી, કેટલાક આપ્ત[5] રાજપુત્રો સાથે, નરપતિયે મંદિરમાં પ્રવેશ કીધો. ત્યાં સર્વ આભૂષણ ઉતારી, કિરણોથી વિમુક્ત સૂર્ય જેવો, તથા ચંદ્ર અને તારાગણ વિનાના આકાશ જેવો તે, કસરતને યોગ્ય સાધનથી ભરેલી કસરતશાળામાં ગયો. ત્યાં સમાન વયના રાજપુત્રોસાથે તેણે થોડી થોડી કસરત કરી તેના શ્રમને લીધે ઉત્પન્ન થતાં સ્વેદજલબિન્દુ—જે ગાલઉપર, થોડે થોડે પડતી ધોળાં સિન્ધુવાર પુષ્પની મંજરી જેવાં શોભતાં હતાં; છાતીઉપર, નિર્દય કામક્રીડાના શ્રમથી તુટેલા હારમાંથી પડતાં મોતીના ઢગ જેવાં દેખાતાં હતાં; ને કપાળમાં, અષ્ટમીની ચંદ્રકળાપર પ્રકાશતાં અમૃતબિન્દુઓને હરાવે એવાં લાગતાં હતાં;—તે બિન્દુઓથી તેનું શરીર અલંકૃત થયું. પછી, સ્નાનની સામગ્રી કરવાની ત્વરામાં આમ તેમ આગળ દોડતા સેવકજનોને લીધે, તે વખતે રાજગૃહમાં વિરલ પુરુષો

---

૧. 'જુઓ જુઓ' એ શબ્દ, અથવા 'જય જય થાઓ' એ આદિ સ્તુતિનો શબ્દ. (જુઓ શં.પા.પંડિતની રઘુવંશપર ટીકા પુ.૧લું પૃ.૧૨મું.)

૨. ચૂડામણિ=મુકુટના મણિ. મણિશલાકા=મણિની સળિયો. દંતુર=ખરબચડી. મુકુટકોટિ=મુકુટનાં શિખર. ૩. કળહળાટ. ૪. પાનદાની ઉચકીને ચાલનારી સ્ત્રી. ૫. આપ્ત=તનના–વિશ્વાસુ, મિત્ર.

છતાં પણ, (આડે આવતા માણસોને) દૂર કરવાનું પોતાનું કામ જેઓ ખરેખર બજાવતા હતા તે છડીદારોએ બતાવેલે માર્ગે રાજા સ્નાનભૂમિમાં ગયો. ત્યાં એક ધોળા વસ્ત્રનો ચંદરવો બાંધી દીધો હતો. અસંખ્ય ચારણો ટોળાં બાંધી બાંધીને બેઠલા હતા. એ ઓરડાની વચમાં, ગન્ધોદક ભરીને એક સુવર્ણમય જલદ્રોણી[1] મુકેલી હતી. સ્નાન કરવા સારૂ સ્ફટિકમણિનો ત્યાં એક બાજઠ રાખેલો હતો. અને તેના એક ભાગમાં મુકેલા, અતિશય સુગન્ધિ જલથી પૂર્ણ, અને સુવાસને લીધે આવેલા ભ્રમરોનાં ટોળાંથી મુખ કાળાં થવાથી, જાણે (પાણી) ઉષ્ણ થઈ જવાની બ્હીકને લીધે ત્યાં[2] કાળાં વસ્ત્ર બાંધ્યાં હોય એવા દેખાતા સ્નાનકલશોથી તે ભૂમિ શોભાયમાન થઈ હતી.—ગણિકાઓએ હાથથી સુગન્ધિ આમળાં ચોળીને રાજાને માથે લેપ કર્યા પછી જ્યારે તે જલદ્રોણીમાં ઉતર્યો ત્યારે તેની આસપાસ, સ્નાન કરાવવાને આવેલી અભિષેકદેવતાઓ જેવી કેટલીક વારાઙ્ગનાઓ ઉભી રહી.—તેઓએ પોતાનાં સ્તનને વસ્ત્ર વડે દૃઢ બાંધી દીધાં હતાં; હાથ ઉપરનાં વલય બહુ ઉંચાં ચઢાવી દીધાં હતાં; પગનાં આભૂષણ કાઢી મુક્યાં હતાં; કપાળ ઉપર આવતી વાળની લટોને કાન તરફ વાળી દીધી હતી; અને (હાથમાં) પાણીના કલશ લીધા હતા. ઉંચા કુચકુમ્ભવાળી આ સ્ત્રિયોની વચ્ચે, પાણીમાં પેંઠેલો રાજા, તે ક્ષણે, હાથણિયોની વચમાં વનગજ હોય એવો શોભતો હતો. તે જળમાંથી ઉઠીને, વરુણ દેવ જેમ નિર્મલ સ્ફટિકમણિ જેવા ધોળા રાજહંસ ઉપર ચઢે તેમ રાજા, સ્વચ્છ સ્ફટિકમણિના, શ્વેત, સ્નાન કરવાના બાજઠ ઉપર બેઠો. ત્યાં મરકતમય કલશાની પ્રભાને લીધે કાળી પડવાથી જાણે પત્રપુટ સહિત પ્રત્યક્ષ નલિનીઓ[3] હોય એવી દેખાતી કેટલીક વારાઙ્ગનાઓએ તેનાઉપર પાણીની ધારા કરી. કેટલીકે રૂપાના કલશ હાથમાં લેઈને, પૂર્ણ ચંદ્રમંડલમાંથી નીકળતા પ્રકાશવડે જેમ રાત્રિયો સ્નાન કરાવે તેમ તેને ન્હવરાવ્યો. કલશ ઉંચા કરવાથી થયેલા શ્રમસ્વેદ વડે પલળેલાં શરીરવાળી, કેટલીક જલદેવતા જેવી વારાઙ્ગનાઓએ સ્ફટિકમણિના કલશથી તીર્થોદક

---

૧. જળદ્રોણી=જલ ભરવાનું લાકડાનું અથવા પથ્થરનું એક મ્હોટું વાસણ. ૨. ત્યાં=ઘડાઓનાં મ્હોં ઉપર. ૩. નલિની=નલિન–કમલ–તેનો સમૂહ ; એવી રીતે કમલિની=કમલનો સમૂહ, એમ સમજવું.

વડે તેને સ્નાન કરાવ્યું. મલયાચલની નદિયોના જેવી કેટલીક ગણિકા-ઓએ તેને ચંદનરસ નાંખેલા પાણીથી ન્હવરાવ્યો. ઉચકેલા કલશની એક બાજુએ મુકેલા જેમના હસ્તપલ્લવમાંથી નખકિરણો પ્રસરતા હતા, માટે જેઓ, પ્રત્યેક અંગુલિછિદ્રમાંથી નીકલતી જલધારાવાળી જલયંત્રદેવતા-ઓ જેવી દેખાતી હતી તેઓએ, અને શિથિલતા હરણ કરવાને સારૂ જાણે બાલ સૂર્યની પ્રભા છાંટતી દિવસશ્રિયો જેવી કેટલીક, કનક-કલશ હાથમાં લેઈને કેસરજલ છાંટતી વારાઙ્ગનાઓએ, તેના ઉપર અનુક્રમે અભિષેક કર્યો. તેજ વેળાએ જોરથી વગાડેલી હજારો નોબત, ઝાલર, મૃદંગ, વેણુ, અને વીણાના ગીતસ્વર સાથે આવતો, બન્દીજનો-નાં ટોળાંના કોલાહલમાં ભળેલો, અને પૃથ્વીની ગુફાઓમાં વ્યાપતો, ઘણા સ્નાનશંખનો[1] ગર્જના કરતો ધ્વનિ, કાનને જાણે ફોડી નાંખતો હોય તેમ બધે ગાજી રહ્યો.

એવી રીતે સ્નાનનો અનુક્રમ થઇ રહ્યા પછી, તેનું શરીર પાણીથી ધોવાઈને શરદ્ ઋતુના આકાશના એક ભાગ જેવું નિર્મલ થયું. સાપની કાંચળી જેવાં ઝીણાં અને સ્વચ્છ, બે ધોળાં વસ્ત્ર તેણે પેહેર્યાં; અને હિમાલય જેમ સ્વર્ગગંગાના પ્રવાહને તેમ તેણે અતિ શ્વેત મેઘના કડકા જેવા સ્વચ્છ દુકૂલપટ-પલ્લવને[2] માથે બાંધ્યો. પછી પિતૃતર્પણ કરી, મંત્ર-પૂત જલાઞ્જલિથી[3] સૂર્ય દેવતાને નમસ્કાર કરી, પોતે દેવાલયમાં ગયો. ત્યાં મહાદેવનું પૂજન કરી દેહેરામાંથી નીસરી, હોમ વિગેરે કરીને તે વિલેપનભૂમિમાં[4] ગયો; અને ત્યાં જેના પરિમલથી[5] ભ્રમરોનાં ટોળાં ચોતરફ ગુંજાર કરી રહ્યાં હતાં એવા, કસ્તૂરી કર્પૂર તથા કેસરની વાસથી સુગન્ધિ થયેલા ચંદનવડે સર્વ ગાત્રને લેપ કરી, સુગંધમય માલતી પુષ્પનો શેખર પહેરી, વસ્ત્ર બદલી, આભૂષણમાં માત્ર રત્નકર્ણપૂરજ રાખી, બીજા રાજાઓને યોગ્ય ભોજન આપી, તેમની સાથે પોતે પણ મન ગમતા રસના સ્વાદથી આનંદ પામીને ભોજન કીધું.

જમ્યા પછી ધૂમવર્ત્તિ[6] પીને, મુખ પ્રક્ષાલન કરી, તાંબૂલ લઇ, ચળકતી મણિમય ભૂમિ ઉપરથી ઉઠીને રાજા, જરા દૂર ઉભેલી પણ ત્વરાથી

---

૧. સ્નાન સમયે વગાડેલા શંખ. ૨. રેશમી વસ્ત્રનો પાલવ અથવા કડકો-ફેંટો. ૩. મંત્રથી પવિત્ર થયેલી, જલની અંજલિ-પોશ-ભરીને. ૪. વિલેપન ભૂમિ=શરીર ઉપર અર્ગજા વિગેરે લગાવવાની જગા. ૫. સુવાસ, સુગંધ. ૬. તમાકુની બીડી.

દોડી આવતી પ્રતીહારીએ લાંબા કરેલા હાથને ટેકો દઇ, અહર્નિશ છડી ઝાલવાથી જેમની હાથેલીઓ અતિ કઠિન પલ્લવ જેવી થઇ ગયેલી હતી, અને જેઓ અભ્યન્તર પ્રવેશ કરવાને યોગ્ય હતા તે, પાછળ આવતા પરિજન સહિત, સભામંડપ તરફ ચાલ્યો. તે મંડપની ચારે બાજુએ શ્વેતવસ્ત્રના પડદા બાંધેલા હતા તેથી તેને જાણે સ્ફટિકમણિની ભીંતો હોય તેમ લાગતું. તેની મણિમય ભૂમિ ઉપર અતિસુગન્ધિ કસ્તૂરીયુક્ત ચંદનજલ છાંટવાથી તે શીતલ થયેલી હતી. નિર્મલ મણીભૂમિરૂપી ગગનતલ ઉપરના તારાગણ જેવાં, પાસે પાસે પાથરેલાં પુષ્પના ઢગલાથી તે મંડપ નિરંતર ભરાઇ ગયો હતો. સુગંધિ જલથી ધોયેલા, અને અંદર કોતરેલી પૂતળીઓ રૂપે જાણે ત્યાં ગૃહદેવતાઓ બેઠી હોય એમ દેખાડતા, સુવર્ણમય સ્તંભથી તે શોભી રહ્યો હતો. અગુરુના[1] ધૂપનો પરિમલ ત્યાં ઘણોજ વ્યાપી ગયો હતો. અને ત્યાં વેદિ ઉપર, બધું જળ નીકળી જવાથી શ્વેત થયેલા મેઘના કડકા જેવો, તથા હિમાલયના શિલાતલ જેવો એક પલંગ પાથરેલો હતો—જેની પછેડી ફુલની વાસથી સુગંધિ થયેલી હતી; ઝીણા વસ્ત્રનું એક ઉશીસું માથા તરફ મુકેલું હતું; પગ તરફ મણિમય પાવડિયો મુકેલી હતી; ને એક બાજુએ રત્નનો બાજઠ હતો. ત્યાં જઇ તે શયનતલ ઉપર પોતે બેઠો; અને ખોળામાં ખડ્ગ લેઇને જમીનપર બેઠેલી તેની ખડ્ગવાહિની,[2] નવાં કમલપત્ર જેવા કોમલ પોતાના કરસંપુટથી ધીરે ધીરે તેના પગ ચાંપવા લાગી. એ સમયે જેમનું દર્શન યોગ્ય હતું તેવા નરપતિયો, પ્રધાનો અને મિત્રોની સાથે વિવિધ વાર્તા કરતો કરતો તે જરાક વાર ત્યાં રહ્યો. પછી વૈશમ્પાયનને તેનો વૃત્તાન્ત પુછવાની જિજ્ઞાસાથી તેણે, જરા દૂર ઉભેલી પ્રતીહારીને હુકમ કર્યો કે—જા, અન્તઃપુરમાંથી વૈશમ્પાયનને લેઇ આવ.—એટલે તેણે ભૂમિ ઉપર પોતાનાં ઢીચણ સાથે હાથેલિયો મુકીને 'જેવી દેવની આજ્ઞા' એમ કહી, તે હુકમને માથે ચઢાવી, આજ્ઞા પ્રમાણે કર્યું.

થોડા વખતમાંજ, પ્રતીહારીએ ઝાલેલા પાંજરામાં વૈશમ્પાયન, રાજાની પાસે આવી પહોચ્યો; અને એક કંચુકી જેણે સોનાની છડી ઝાલી હતી, જેની કાયાનો પૂર્વ ભાગ જરા વાંકો વળેલો હતો, જેનું શરીર ધોળા બદનથી ઢંકાયલું હતું, વૃદ્ધાવસ્થાને લીધે જેને માથે પળિયાં આવેલાં હતાં,

---

૧. અગરનું વૃક્ષ—જેમાંથી અગરબત્તી બનાવેછે તે. મળિયાગરૂ પણ આ વૃક્ષની એક જાત છે. ૨. તલવાર ઝાલનારી સ્ત્રી.

સ્વર ગદ્ગદ્ થયો હતો, ગતિ ધીમી થઇ હતી, તથા જાણે વૃદ્ધ કલહંસ, પક્ષિજાતની પ્રીતિને લીધે ત્યાં આવ્યો હોય એમ જે પોપટની પછવાડેજ ચાલતો હતો તેણે જમીનપર પોતાના હાથ મુકી રાજાને અરજ કરી કે–રાણિયોએ કાહાવ્યુંછે કે આપની આજ્ઞા પ્રમાણે વૈશમ્પાયનને ન્હવરાવી, જમાડીને પ્રતીહારી સાથે આપની પાસે મોકલ્યો છે.—એટલું કહી તે ચાલતો થયો. પછી રાજાએ જ્યારે પોપટને પુછ્યુંકે–કેમ અન્તઃપુરમાં મન ગમતાં કંઇ વિવિધ ભોજન જમ્યા?—ત્યારે તેણે ઉત્તર દીધો કે રાજાજી! મેં શું નથી ચાખ્યું? મત્ત કોકિલનાં લોચન જેવો, ભૂરો અને લાલ, તુરો અને મધુર, જાંબુનો રસ મેં ખૂબ પીધો; સિંહના પંઝાથી ભેદાયલા, મત્ત હાથીના કુંભસ્થલમાંથી નીકળતાં, લોહીથી ભીનાં મોતી જેવાં ચળકતાં, દાડિમનાં બીજ મેં (ચાંચથી) ભાગ્યાં; કમલપત્ર જેવાં લીલાં, ને દ્રાક્ષ જેવાં મીઠાં, જુની આમળીનાં આમળાં મેં ઇચ્છા પ્રમાણે ખાધાં; અથવા વધારે કહેવાનું શું ફળ છે? રાણિયોએ જે જે પોતાને હાથે મ્હારી પાસે આણ્યું તે અમૃત જેવું થઇ ગયું હતું!—પોપટના આ વચન ઉપર ધ્યાન નહિ આપતાં રાજાએ કહ્યું કેઃ—એ વાત તો સઘળી જવાદો. પણ અમારી જિજ્ઞાસા પૂરી કરવાને આપ પ્રથમથીજ આરંભીને સવિસ્તર અમને કહો કે—આપનો જન્મ કયા દેશમાં અને કેમ થયો છે; કોણે આપનું નામ પાડ્યું છે; આપની માતા કોણ; આપનો પિતા કોણ; વેદાભ્યાસ આપે શી રીતે કર્યો; શાસ્ત્રમાં પ્રવીણ શી રીતે થયા; સર્વ કળાઓ ક્યાંથી મેળવી; આપને કંઇ પૂર્વજન્મનું સ્મરણ રહેલું છે અથવા કોઇનું વરદાન છે, કે આપ પક્ષીના વેશમાં કોઇ ગુપ્ત પુરુષ છો; આપનો પહેલાં ક્યાં વાસ હતો; આપની વય કેટલી થઇ છે; પાંજરામાં ક્યાંથી પકડાયા છો; ચંડાલના હાથમાં શી રીતે ગયા છો, અને અહિં શા પ્રયોજનથી આપનું આવવું થયું છે. રાજાએ, વૃત્તાન્ત જાણવાની ઇચ્છાથી, પોતેજ જ્યારે આમ માનસહિત પુછ્યું ત્યારે જરા વાર વિચાર કરીને વૈશમ્પાયન આદરસહિત બોલ્યો કેઃ—દેવ! એ વાત ઘણીજ લાંબીછે, તોપણ જો આપની ઇચ્છા હોય તો સાંભળો.

વિન્ધ્યાટવી નામે એક, પૂર્વ અને પશ્ચિમ સમુદ્રના કિનારાને અડકતી, અરણ્યભૂમિ છે. મધ્ય દેશનું[૧] તે એક આભૂષણ છે. પૃથ્વીની જાણે તે મેખલા છે. વનગજોનાં ટોળાંનું મદજલ છંટાયાથી ઉછરેલાં, અને મ્હોટી ઉંચાઈને લીધે ટોચ ઉપર તારાગણ જેવાં દેખાતાં અતિ પ્રફુલ્લ શ્વેત પુષ્પના સમૂહને ધારણ કરતાં વૃક્ષોથી તે શોભી રહીછે.[૨] ત્યાં મરીના છોડનાં પલ્લવને મદમત્ત કુરર પક્ષિયો કરડેછે. હાથીનાં બચ્ચાંની શુંઢોથી ચુરેચુરા થઈ ગયેલાં તમાલપલ્લવની સુગન્ધ ત્યાં વ્યાપી રહેલી છે. મદિરાના મદથી લાલ થયેલા, કેરલ દેશની સ્ત્રિયોના ગાલ જેવી કોમલ કાન્તિવાળાં, માટે જાણે ફરતી વનદેવતાઓના પગના અલક્તક રસથી રંગાયેલાં, પલ્લવના ઢગથી તે છવાઈ ગઈછે. પોપટનાં ટોળાંએ ફોડેલાં દાડમના રસથી જેમનાં તળ ભીનાં થયેલાં છે; કુદાકુદ કરતા વાનરોએ હચ હચાવી દીધેલાં કમ્પિલ્લ વૃક્ષમાંથી પડતાં પલ્લવ અને ફલથી જે વિચિત્ર દેખાયછે; અહર્નિશ ઉડતી પુષ્પની રજથી જે મલિન થયેલા છે; વટેમાર્ગુઓએ જ્યાં લવંગપલ્લવની શય્યાઓ રચેલીછે; જેમના છેડાઓ ઉપર ઘણી જુની નાળિયેરિયો તથા કેવડા ઉગેલા છે; અને નાગરવેલથી વિંટળાયલાં સોપારીનાં લુમખાંથી જેઓ સુશોભિત છે તે,—વનલક્ષ્મીને રહેવાના મેહેલ જેવા લતામંડપોથી એ ભૂમિ રળિયામણી લાગેછે. મદ જેવી સુગન્ધ નીકળવાથી, જાણે ઉન્મત્ત ગજોના ગંડસ્થલમાંથી ઝરતા મદજલવડે ભીના થયેલા, એલાયચીના છોડના ગાઢ વનથી તેમાં અંધકાર થઈ રહ્યો છે. નખના અગ્રભાગમાં ભરાઈ રહેલા, હાથીના કુંભસ્થલમાંથી નીકળેલા મોતીના દાણાના લોભથી, શબર સેનાપતિયો[૩] ત્યાં સેંકડો સિંહને મારી નાખેછે. સુર્વદા પાસે રહેતા મૃત્યુથી ભયંકર લાગતી અને મહિષવાળી, પ્રેતરાજાની જાણે તે નગરી છે.[૪] રણસંગ્રામમાં સજ્જ થયેલી જાણે સેના હોય તેમ ત્યાં બાણાસન ઉપર શિલીમુખ બેઠલાછે, અને સિંહનાદ સ્પષ્ટ સંભળાયછે.[૫] દુર્ગાદેવીના જેવી તે ફરતા ખડ્ગ-

---

૧. ઉત્તરમાં હિમાલય, દક્ષિણમાં વિન્ધ્ય, પશ્ચિમમાં વિનશન અને પૂર્વમાં પ્રયાગ—એ સર્વની વચ્ચે આવેલો પ્રદેશ. ૨. જુઓ વાસવદત્તા પૃ. ૧૧૯ तारागणमिव कुसुमनिकरमुद्वहद्भिः. ૩. શબર=ભીલ.

૪. મૃત્યુ=મોત અને તે રૂપી દેવ; મહિષ=ભેંશો, પાડા વિ૰; અને યમનું વાહન.—આવાં વાક્યોમાં આગળ બતાવેલી રીતેજ અર્થ કરવો (જુઓ પૃ. ૧, નો. ૪). ૫. બાણાસન=બાણ અને આસન નામના છોડ;

ને લીધે ભયાનક અને રક્તચંદનથી અલંકૃત છે.[1] કર્ણીસુતની કથાની પેઠ તે [ની પડોશ]માં વિપુલાચલ છે, અને ત્યાં શશનો પ્રચારછે.[2] મહાપ્રલય કાળની જાણે સંધ્યા હોય તેમ ત્યાં નીલકંઠ નાચેછે અને તે પલ્લવરક્ત છે.[3] અમૃતમથનવેળાના જેવી તે શ્રીદ્રુમોથી શોભી રહીછે, અને વારુણિયુક્ત છે.[4] વર્ષા ઋતુના જેવી તે ઘનશ્યામ અને અનેક શતહ્રદ[ા]થી અલંકૃત છે.[5] ચંદ્રમૂર્તિની પેઠે તેની પછવાડે ઋક્ષગણ ફરેછે, અને ત્યાં હરિણનો વાસ છે.[6] રાજ્યસ્થિતિની પેઠ તે ચમર મૃગના બાલ વ્યજનથી શોભિત છે, અને મદમત્ત ગજઘટા તેનું રક્ષણ કરેછે.[7] પાર્વતીની પેઠ તે સ્થાણુ સહિત છે, અને મૃગપતિ તેને સેવેછે[8]. સીતાની પ્રમાણે તેણે કુશલવને જન્મ આપ્યોછે, અને નિશાચરે તેનું ગ્રહણ કર્યું છે.[9] કામિનીના જેવી તે ચંદન અને કસ્તૂરીની સુગંધ આપેછે, તથા સુંદર અગુરુતિલકથી અલંકૃત છે.[10] કામવશ સ્ત્રીના જેવી તે વિવિધ પલ્લવના પવનથી ઠંડી પડેલી, તથા મદનયુક્ત છે.[11] બાળકથી કાટ જેવી તે વાઘનખની પંક્તિથી શોભિત, તથા ગંડકથી અલંકૃત છે.[12] પાન ભૂમિની પેઠે ત્યાં

અને બાણનું આસન=ધનુષ્. શિલીમુખ=ભ્રમર; તીર. સિંહનાદ=સિંહનો નાદ; સિંહ જેવા–યોદ્ધાઓનો નાદ. ૧. ખડ્ગ=ગેંડો; તરવાર. ચંદન=તે નામનું વૃક્ષ; અને તેનો રસ. ૨. કર્ણીસુતની વાત બૃહત્કથામાં કહેલી છે. તેને વિપુલ અને અચલ નામે બે મિત્ર હતા, અને શશ નામનો વડો પ્રધાન હતો. વનભૂમિ સાથે લેતાં–વિપુલાચલ=વિપુલ–અતિવિસ્તારવાળો અચલ–પર્વત; શશ=સસલા. ૩. નીલકંઠ=મયૂર;મહાદેવ. પલ્લવરક્ત=પલ્લવ વડે, અને પલ્લવ જેવી રાતી. ૪. શ્રીદ્રુમ=બીલાંનાં ઝાડ; અને શ્રી=લક્ષ્મી, દ્રુમ=પારિજાત વિ૦ વૃક્ષો–તે બંનેથી અમૃતમથનવેળા શોભતી હતી. વારુણી=પશ્ચિમ દિશા; અને મદિરા. ૫. ઘનશ્યામ=ઘણી કાળી: અને ઘન–મેઘ–વડે કાળી થયેલી. શતહ્રદ=શત–સો; હ્રદ=તળાવ (જે વનમાં હતાં). શતહ્રદા=વીજળી. ૬. ઋક્ષ=રીંછ; અને નક્ષત્ર. હરિણ=વનમાં ફરતાં હરણ; અને ચંદ્રમાં દેખાતું લાંછન. ૭. ચમર મૃગના બાલ વ્યજન=વનભૂમિમાં ચમર–તે જાતનાં પ્રાણિ, મૃગના બાલ=નાના મૃગ, અને વ્યજન =તાડનાં પત્ર જેના વીજણા થાયછે તે હોયછે. રાજ્યસ્થિતિમાં ચમર નામના મૃગના બાલ–વાળ–રૂપી વીજણા. ૮. સ્થાણુ=શાખાવિનાનાં થડ; અને શિવ. મૃગપતિ=સિંહ; મહાદેવ. ૯. કુશલવ=કુશ–દર્ભ ના–લવ–કડકા; અને કુશ તથા લવ–સીતાના પુત્ર. નિશાચર=રાક્ષસો (જે વનમાં ફરતા હતા); અને રાવણ. ૧૦. અગુરુ, તથા તિલક નામનાં વૃક્ષ; સ્ત્રીને અગુરુ–મળિયાગરુ–નું તિલક હોયછે. ૧૧. મદન=એ નામનુ વૃક્ષ; કામદેવ. ૧૨. ગંડક=ગેંડો; એ નામનું એક ભૂષણ.

સેંકડો મધુકોશ જોવામાં આવેછે, તથા વિવિધ પુષ્પ પથરાયલાં છે.[૧] કોઈ સ્થાને મહાવરાહના દાંતથી ખોદાએલી ભૂમિને લીધે તે પ્રલયવેળા જેવી દેખાયછે.[૨] કોઈક સ્થળે રાવણની નગરીની પેઠે તે કુદતાં વાનરોનાં ટોળાંએ તોડી નાંખેલાં શિખર સહિત શાલ[ા]થી ભરપૂર છે.[૩] જાણે વિવાહકાર્ય થોડોજ સમય થયાં ત્યાં સમાપ્ત થયું હોય તેમ, કોઈક ઠેકાણે તે લીલા દર્ભ, સમિધ્, પુષ્પ, શમી અને પલાશથી સુશોભિત છે. ઉન્મત્ત સિંહના નાદથી જાણે બ્હીની હોય તેમ કહીંક તે કંટકિત થઈછે.[૪] જાણે મદમત્ત સ્ત્રી હોય તેમ કોઈક સ્થળે તે કોકિલ પક્ષિયોનાં ટોળાંનો પ્રલાપ કરેછે.[૫] કહીંક ઉન્મત્ત વનિતાની પેઠે તે વાયુના વેગથી તાલશબ્દ કરેછે.[૬] વિધવા સ્ત્રીના જેવી તે કહીંક તાલપત્ર વિનાની છે.[૭] રણભૂમિ જેવી તે કોઈ ભાગમાં સેંકડો શરથી નિરંતર ભરાયેલીછે.[૮] જાણે ઇન્દ્રની કાયા હોય તેમ કોઈ સ્થળે તેને હજાર નેત્ર છે.[૯] નારાયણની મૂર્તિ જેવી તે કોઈ જગાએ તમાલ-શ્યામ છે.[૧૦] અર્જુનની રથધ્વજા હોય તેમ ત્યાં કોઈ ભાગમાં વાનરનો વાસ છે.[૧૧] નૃપતિની દ્વારભૂમિ હોય તેમ ત્યાં કહીંક સેંકડો વેત્રલતાને લીધે પ્રવેશ કરવો દુર્લભ છે.[૧૨] કોઈક સ્થળમાં, વિરાટનગરીની પેઠે સેંકડો કીચક જોવામાં આવેછે.[૧૩] આકાશલક્ષ્મીની પેઠે ત્યાં

---

૧. પાનભૂમિ=પીઠું. મધુકોશ=પુષ્પનું મધ, અને સંપુટ; મદિરાનું વાસણ. ૨. મહાવરાહ=મોટાં ડુક્કર; અને વરાહાવતાર. ૩. શાલ=એ નામનાં વૃક્ષ; શાલા=ગૃહ. ૪. કંટકિત=કાંટાવાળી; ઉભાં થયલાં રુવાં સહિત. ૫. વનભૂમિમાં કોકિલો શબ્દ કરેછે; અને મદમત્ત સ્ત્રી કોકિલ જેવો શબ્દ કરેછે. ૬. વાયુ=પવન, અને વાત, કફને પિત્તમાંનો પેહેલો. તાલ શબ્દ=તાડના અથડાવાથી થતો શબ્દ; અને તાલ–તાળિયોનો અવાજ, અથવા તાલ–તાર–ઉંચો–શબ્દ–જે ગાંડાં માણસો કરેછે. ૭. તાલપત્ર=તાડનાં પાંદડાં; અને તે નામનું કર્ણાભરણ–જે વિધવાઓ પહેરતી નથી. ૮. શર=બરૂ; અને બાણ. ૯. નેત્ર=વૃક્ષનાં મૂળ; અને આંખો. ૧૦. તમાલ–શ્યામ=તમાલ વૃક્ષથી શ્યામ થયેલી; અને તમાલ જેવી શ્યામ. ૧૧. વાનર=વાંદરાં; અને હનુમાન. ભીમને હનુમાને વનપર્વમાં કહેલું છે કે હું અર્જુનના રથની ધ્વજા ઉપર રહી એવા ભયંકર નાદ કરીશ કે તમારા શત્રુઓ તે સાંભળતાંજ પ્રાણ ત્યજી દેશે. ૧૨. વેત્રલતા=બરૂના છોડ; અને છડીઓ—દ્વારપાળ રાખેછે તે. ૧૩. કીચક=પોલા વાંસ; વિરાટ રાજાના, એ નામના સો સાળા.–જુઓ એવોજ શ્લેષ વાસવદત્તામાં પૃ. ૧૦૬–विराटलक्ष्म्येवानन्दितकीचकशतया.

કહીંક તરલ-તારક-મૃગની પછવાડે વ્યાધ ફરેછે.[1] કોઈ સ્થાને દર્ભ [નાં] ચીર, જટા અને વલ્કલ ધારણ કરવાથી, તે વ્રત કરનારી સ્ત્રી જેવી દેખાયછે.[2] અસંખ્ય કાળાં પત્રથી ભરેલી છતાં પણ તે ભૂમિ સપ્તપત્રથી શોભેછે.[3] તેના ક્રૂર સત્વ છતાં પણ મુનિજનો ત્યાં વાસ કરેછે.[4] અને પુષ્પવતી છતાં પણ એ પવિત્ર ગણાયછે.[5]

તે વનભૂમિમાં દંડકા અરણ્યની અંદર, સર્વ પૃથ્વીમાં વિખ્યાત, અને ભગવાન્ ધર્મ રાજાનું ઉત્પત્તિસ્થાન હોય તેવું એક આશ્રમ-સ્થાન હતું. જે અગસ્ત્યમુનિ, ઈન્દ્રની પ્રાર્થનાથી આખા સમુદ્રનું પાણી પી ગયા હતા; જેમની આજ્ઞાનું, વિન્ધ્ય જેવો અચલ—જેણે મેરુ પર્વતની અદેખાઈથી પોતાનાં હજારો વિકટ શિખર ગગનતલસુધી પ્રસારી દીધાં હતાં, સૂર્યરથના માર્ગને રુંધવાને જે તત્પર થયો હતો, અને જેણે સર્વ દેવતાઓની અરજને ગણી ન હતી,[6] તે પણ—ઉલ્લંઘન કરી શક્યો ન હતો; જેમના જઠરાગ્નિયે વાતાપિ નામના અસુરની ભસ્મ કરી નાંખી હતી;[7] જેમની ચરણરજનું, દેવદાનવોના મુકુટમાંનાં મરકત મણિમય પત્રભંગનાં[8] શિખર ચુંબન કરતાં હતાં; દક્ષિણ દિશાના મુખ

---

૧. તરલ-તારક-મૃગ=ચંચળ આંખવાળાં હરણ—જેમની પછવાડે વનમાં વ્યાધ—પારધીઓ ફરેછે; આકાશમાં, તરલ—ગતિમાન્—ફરતા; તારક—તારા; મૃગ=મૃગશીર્ષ;વ્યાધ=નક્ષત્રરૂપે મૃગશીર્ષની પાસે રહેતો એક શીકારી—રાક્ષસ. એક વ્યાધ તથા મૃગ શિવરાત્રીના ઉપવાસથી પવિત્ર થઈ નક્ષત્ર થઈ ગયાં એવી શિવરાત્રી માહાત્મ્યમાં કથા છે. ૨. વનમાં દર્ભ, ચીર—છાલનો કડકો. જટા—વૃક્ષોની, અને વલ્કલ—ઝાડની છાલ હોયછે. વ્રત કરનાર સ્ત્રી દર્ભનાં વસ્ત્ર, જટા, અને ઝાડની છાલ ધારણ કરેછે. ૩. અત્રે તથા આગળ વિરોધાલંકાર થાયછે—કેમકે બહુ પત્ર છતાં પણ સાત પત્ર હતાં! એ વિરોધ, સપ્તપત્ર=એક જાતનું વૃક્ષ—એમ અર્થ લેવાથી શમી જાયછે. ૪. ક્રૂરસત્વ=ક્રૂર સ્વભાવ; અને ક્રૂર પ્રાણિયો. ૫. પુષ્પવતી=રજસ્વલા; ફુલથી ભરપુર. ૬. મેરુનીજ આસપાસ સૂર્યને ફરતો જોઈ વિંધ્યાચળને અદેખાઈ થઈ આવી તેથી તેણે ચંદ્રસૂર્યનો માર્ગ રોકી વિક્રાળ રૂપ પ્રકટ કર્યું હતું, અને રસ્તો આપવાને કોઈની પણ આજ્ઞાને તે માનતો ન હતો. પરંતુ જ્યારે દેવોની પ્રાર્થનાથી અગસ્ત્ય મુનિએ તેને દક્ષિણ દિશામાં માર્ગ આપવાનું કહ્યું, ત્યારે તે આજ્ઞા તેણે માની હતી—'વનપર્વ'. ૭. વાતાપિ નામના રાક્ષસનું આ મહર્ષિએ ભક્ષણ કર્યું હતું એ વાત પણ ભારતના વનપર્વમાંજ છે. ૮. પત્રને આકારે રચેલાં આભૂષણ. કોઈવાર એનો અર્થ સ્ત્રિયોને શરીરે કાઢવામાં આવેછે તે, 'આડ'

ઉપરનું જે તિલક હતા; અને જેમણે એકજ હુંકારથી નહુષને સ્વર્ગમાંથી પૃથ્વીપર પાડીને પોતાનો પ્રભાવ બતાવ્યો હતો[૧]—તે મહા મુનિની પત્ની લોપામુદ્રાએ પોતાની મેળેજ જે વૃક્ષોની આસપાસ ક્યારા કરેલા હતા; પોતાને હાથેજ પાણી પાઈને જેમને ઉછેર્યાં હતાં; અને જેમને તે પુત્રસમાન ગણતી હતી—તે વૃક્ષોથી એ આશ્રમપદ શોભી રહ્યું હતું. એ મહર્ષિનો દૃઢદસ્યુ નામનો પુત્ર—જેણે વ્રત ગ્રહણ કર્યું હતું; ખાખરાનો દંડ ધારણ કર્યો હતો; પવિત્ર ભસ્મથી જેણે ત્રિપુંડ્રકનું[૨] આભરણ રચ્યું હતું; દર્ભનું બનાવેલું જેણે વસ્ત્ર પેહેર્યું હતું; મુંજની[૩] મેખલા જેણે કેડે બાંધી હતી; અને લીલાં પાંદડાંનો પડિયો (હાથમાં) લેઈને ભિક્ષા માગવાને સારૂ જે ઝુંપડીએ ઝુંપડીએ ફરતો હતો—તે પુત્રથી એ સ્થાન પવિત્ર થયેલું હતું. વળી તેની ચારે બાજુએ, સર્વ દિશામાં ફેલાતાં, પોપટના જેવા લીલા રંગનાં, કેળનાં વનથી જરા કાળી પડી ગઇ હતી; અને અગસ્ત્યમુનિએ આચમન કરેલા સમુદ્રની પછવાડે પછવાડે જાણે જતી હોય તેમ ગોદાવરી નદી, વેણી બાંધીને[૪] તેની આસપાસ ફરી વળેલી હતી.

ત્યાં દશરથ રાજાનું વચન પાળી, રાજ્યનો ત્યાગ કરી, રાવણના લક્ષ્મી-વિલાસનો અંત લાવનાર શ્રીરામચંદ્ર, મહામુનિ અગસ્ત્યની શોધમાં, સીતાસાથે, પંચવટીમાં લક્ષ્મણે રચેલી પર્ણકુટીમાં થોડા વખત સુધી, સુખે રહ્યા હતા. ઘણા કાળથી ઉજ્જડ થઈ ગયેલા તે પ્રદેશમાં, આજ પણ, વૃક્ષની શાખાઓમાં ગુપચુપ ભરાઈ પેઠલાં ધોળાં ખબુતર-

---

એવો થાયછે. 'પત્રલતા'નો પણ આજ અર્થ છે. ૧. જુઓ રઘુવંશ, સ. ૧૩. શ્લો. ૩૬. भ्रूभेदमात्रेण पदान्मघोन: प्रभ्रंशयां यो नहुषं चकार ॥ નહુષ એ નામનો એક ચંદ્રવંશી રાજા હતો. તેણે ઈન્દ્રનું રાજ્ય હરી લીધું હતું. અને તે ઇન્દ્રાણી ઉપર કુદૃષ્ટિ નાંખી વિંહળ થયો હતો. ઇંદ્રાણીયે આખરે કપટ રચી એને કહ્યું કે તું અપૂર્વ રથમાં બેસીને આવે તો હું તને વરૂં. તેથી ઋષિયોને રથે જોડી પોતે ઈન્દ્રાણી પાસે આવવા નીકળ્યો. અને 'સર્પ, સર્પ,'—'ચાલો ચાલો' કહેવા લાગ્યો. તે ઉપરથી અગસ્ત્ય મુનિએ તેને શાપ દીધો કે "સ્વર્ગમાંથી સર્પ થઈને તુંજ પૃથ્વી ઉપર પડ." એ વાત શાન્તિપર્વમાં કહેલી છે.

૨. કપાળમાં કરેલું ત્રણ પાંખિયાંનું તિલક. ૩. મુંજ=એક જાતનો ઘાસ. ૪. વેણી=વિધવાઓ તથા વિયોગિની સ્ત્રિયોનો, એકજ લટમાં ગુંથેલો ચોટલો. અત્રે સમુદ્ર રૂપી ભર્તા મરી જવાથી ગોદાવરી રૂપી

ની હારોથી, તપસ્વીઓના અગ્નિહોત્રના[1] ધુમાડાની જાણે ઘટાઓ બાઝી હોય એવું દેખાયછે.[2] બલિદાન સારૂ પુષ્પ ચુંટતી સીતાના હાથમાંથી જાણે આવ્યો હોય તેમ, રાતો રંગ, ત્યાંની લતાઓની કોમળ ડાળિયો ઉપર ચળકેછે. પીને પાછું કાઢેલું જાણે સમુદ્રનુંજ જલ ઋષિયે[3] ત્યાં આશ્રમની સીમાપર આવેલાં મ્હોટાં તળાવોમાં વ્હેંચી નાંખ્યું છે. રામનાં તીક્ષ્ણ બાણના પ્રહારથી હણાયેલાં રાક્ષસોનાં ટોળાંના જાડા રુધિરવડે (લતાઓનાં) મૂળ પલળી જવાથી, જાણે હજી પણ તેનો રાતો રંગ લેઈને પાંદડાં ફુટતાં હોય એવું ત્યાં નવાં પલ્લવનું વન દેખાયછે![4] સીતાએ ઉછેરેલાં ત્યાંનાં વૃદ્ધ હરિણો, જેમનાં શીંગડાંનાં શિખર વૃદ્ધાવસ્થાને લીધે જર્જરિત થઈ ગયેલાં છે તેઓ, જ્યારે વર્ષા ઋતુમાં નવા મેઘની ગંભીર ગર્જના સાંભળેછે ત્યારે ભગવાન્ રામચંદ્રના ત્રિભુવનવ્યાપી ધનુષ્ટંકારને આજ પણ સંભારીને, તથા અહર્નિશ ચાલતી અશ્રુધારાથી છવાઈ ગયેલાં દીન લોચનવડે દશે દિશાઓ શૂન્ય[5] દેખીને ઘાસનો કોળિયો પણ ભરતાં નથી.[6] ત્યાં રામરાજાયે વારંવાર મૃગયા રમીરમીને વનહરિણોનો નિઃશેષ નાશ કરેલો તેથી જાણે ઉશ્કેરાયો હોય તેમ સોનાનો મૃગ સીતાને છેતરી, રામને અતિ દૂર લઈ ગયો હતો. વળી ત્યાં સીતાના વિયોગથી પીડાતા, રાવણનો વિનાશ સૂચવતા, તથા ચંદ્રસૂર્યનીપેઠે કબંધથી[7] ઘેરાયલા, રામ અને લક્ષ્મણ બંનેયે ત્રણે ભુવનને ભયભીત કરી

વિધવાએ જાણે વેણી બાંધી હતી. ખરૂં જોતાં ગોદાવરી વેણી બંધ વેહેતી હતી—અર્થાત્ તેના પ્રવાહનો વેગ અતિશય હતો. ૧. હોમ કરવાનો અગ્નિ. ૨. અહીં ખબુતર ધુમાડાની ઘટા જેવાં દેખાયાં. વિક્રમોર્વશીના ત્રીજા અંકમાં ' ધુમાડાથી ખબુતરની શંકા થાયછે ' એવો વિચાર છે.— धूपैर्जालविनिःसृतैर्वलभयः संदिग्धपारावताः ॥ ૩. અગસ્ત્ય ઋષિયે. ૪. ઉત્પ્રેક્ષા એવી છે કે—નવાં પલ્લવનાં પાંદડાંનો રાતો રંગ જાણે લોહીથી ભીનાં થયેલાં મૂળમાંથી આવ્યો હતો. ૫. શૂન્ય=રામવિનાની. ૬. આ ઉપરથી એવુંજ સમજવું પડેછે કે હરિણો રામ રાજાના વખતમાં સીતાયે ઉછેરેલાં તે શૂદ્રક રાજાના વખતસુધી જીવતાં હતાં. 'સીતાએ ઉછેરેલાં હરિણ' વિશે જુઓ ઉત્તરરામચરિત, ત્રીજો અંક પૃ. ૧૦૨:—

एतत्तदेव कदलीवनमध्यवर्ति कान्तासखस्य शयनीयशिलातलं ते ॥
अत्र स्थिता तृणमदाद्बहुशो यदेभ्यः सीता ततो हरिणकैर्न विमुच्यते स्म ॥

૭. એ નામનો રાક્ષસ; અને માથા વિનાનું રાહુનું ધડ, જે ગ્રહણ

દીધાં હતાં. દશરથપુત્રના બાણથી ત્યાં કપાઈ પડેલો યોજનબાહુનો[1] અતિ દીર્ઘ બાહુ, અગસ્ત્ય મુનિને રીઝવવા સારૂ આવેલા નહુષ-અજગરના[2] શરીરની, ઋષિજનને શંકા કરાવતો. અને ત્યાં રામચંદ્રે વિયોગ સમયે વિનોદને અર્થે પર્ણકુટીની અંદર ચિત્રેલી જનકકન્યાને, રામનો નિવાસ જોવાની ઉત્કંઠાને લીધે જાણે ફરીથી પૃથ્વીમાંથી નીકળતી હોય એમ વનચર લોકો અદ્યાપિ જુવેછે[3].

આવો અગસ્ત્યનો આશ્રમ જ્યાં હાલ પણ પૂર્વે બનેલો વૃત્તાન્ત શુદ્ધ દેખાયછે ત્યાંથી થોડેક દૂર પમ્પા નામનું એક અગાધ, અનન્ત, અદ્વિતીય, અને જલથી ભરેલું પદ્મ-સરોવર છે. સમુદ્રનું પાન કરવાથી કોપેલા વરુણ દેવે ઉત્કરેલા બ્રહ્માએ, અગસ્ત્યમુનિના મત્સરને લીધે તેમના આશ્રમની પાસે જાણે એ બીજો મ્હોટો સમુદ્ર ઉત્પન્ન કરેલો છે. પ્રલયકાળે આઠ દિશાઓના સંધિબંધ તુટી જવાથી નીચે પડેલું જાણે એ ગગનતલ છે. મહાવરાહે ઉચકેલા મહીમંડલનું સ્થાન જાણે જલથી પૂરેલું હોય એવું તે દેખાયછે. તેનું જલ, વારંવાર સ્નાન કરતી મદમત્ત ભીલડિયોના કુચકલશથી ક્ષુભિત થયેલું છે. તેની અંદર કુમુદ, કુવલય, અને કલ્હારનાં ફુલ ખીલેલાં છે. ઉઘડેલાં કમલમાંથી ટપકતાં મધુબિન્દુવડે તે(ના જલ)માં ચંદ્રાકાર થઈ રહ્યાછે. ભ્રમરોનાં ટોળાં બેસવાથી તેમાંનાં શ્વેત કમલ ઉપર અંધકાર વ્યાપી ગયોછે. મદોન્મત્ત સારસ પક્ષિયો ત્યાં મધુર ગાન કરેછે. કમલનું મધુ પીવાથી મત્ત થયેલી કલહંસીઓ ત્યાં કોલાહલ કરી રહીછે. અસંખ્ય જલચર પક્ષિયોના વારંવાર ફરવાથી હાલેલી તરંગમાલાનો ત્યાં શબ્દ થાયછે. પવનથી નાચતા જલતરંગની ઠંડી ફરફર ઉડવાથી ત્યાં દુર્દિન થઈ રહેછે[4]. (પાણીમાં) નિઃશંક ઉતરેલી અને જલક્રીડામાં મગ્ન થયેલી વનદેવતાઓના સ્નાન સમયે પડેલાં, કેશમાંનાં ફુલથી તે સુગન્ધિ થયેલું છે. એક બાજુએ ઉતરેલા ઋષિયોના કમંડલ ભરવાથી થતા મધુર ધ્વનિથી તે મનોહર લાગેછે. ખીલતાં કમલવન મધ્યે ચાલતાં, અને સમાન રંગને લીધે માત્ર સ્વરથીજ ઓળખાતાં કલહંસ પક્ષિયોનાં ટોળાંથી તે ભરપૂર છે. સ્નાન કરવાને

સમયે સૂર્યચંદ્રને પીડેછે એમ કેટલાકનો મત છે. ૧. યોજન જેટલા લાંબા હાથવાળો એક રાક્ષસ. "કબંધ" નું બીજું નામ. ૨. નહુષને સારૂ જુઓ પૃષ્ઠ ૨૫ મું નોટ ૧. ૩. સીતા જનક રાજાને યજ્ઞભૂમિમાંથી જડી હતી એવી કથા ચાલેછે; તેથી જન્મ સમયે તો પૃથ્વીમાંથી નીકળીજ હતી અને આ બીજી વાર, માટે "ફરીથી."

૪. દુર્દિન=મેઘથી ઢંકાઈ ગયેલો દિવસ; મેઘ; અથવા વર્ષાદનું ઝાપટું.

ઉતરેલી પુલિન્દ-રાજાની[1] સુંદરીઓનાં સ્તન ઉપરથી પડેલી ચંદનધુલિવડે તેના તરંગ શ્વેત થયેલાછે. કાર ઉપર ઉગેલા કેવડાની રજના ઢગથી ત્યાં પુલિન[2] બંધાયેલા છે. પાસેના આશ્રમમાંથી આવેલા તપસ્વીઓએ ધોયેલાં ભીનાં વલ્કલથી તેના કાંઠા ઉપરનું જલ ગેરૂ જેવું લાલ થયેલું છે. આરાની પાસે ઉગેલાં ઝાડનાં પલ્લવમાંથી આવતા પવનને લીધે તે(નું જલ) અસ્થિર રહેછે. તેની તીરે જે વૃક્ષની કુંજો નિરંતર ઉગેલી છે તેમાં તમાલ વૃક્ષોની ગાઢી ઘટાઓથી અંધકાર વ્યાપી રહ્યોછે; વાલિયે કાઢી મુકયાથી ફરતા, ઋષ્યમૂક-વાસી સુગ્રીવે પ્રતિદિવસ તોડેલાં ફળથી તેમની લતાઓ ઘણી હલકી થઈ ગઈછે;[3] જલવાસી તપસ્વિયો તેમનાં પુષ્પને દેવપૂજામાં વાપરેછે; ઉડતાં જલચર પક્ષિયોની પાંખોમાંથી ગળતાં જલબિન્દુ પડવાથી તેમની નાની ડાળિયો કુંળી થયેલી છે; લતા મંડપને તળિયે બેઠેલાં મયૂરોનાં ટોળાં ત્યાં નૃત્ય કરી રહ્યાંછે; અને અસંખ્ય પુષ્પની સુગન્ધ નીકળવાથી, જાણે તેઓ વન-દેવતાઓના શ્વાસથી સુવાસિત થઈ હોય એમ લાગેછે. તે સરોવરને બીજો સમુદ્ર જાણીને, પાણી લેવા સારૂ આવેલા મેઘ જેવા, જાડા કાદવથી મલિન થયેલા વનગજો, તેનું પાણી અહર્નિશ પિયેછે; અને ત્યાં પ્રફુલ્લ કુવ-લયની પ્રભાથી શ્યામ પડતી પાંખોવાળાં, મધ્યે ફરતાં ચક્રવાક પક્ષિયોનાં દ્વંદ્વ હજી પણ જાણે સાક્ષાત્ રામશાપથી ગ્રસ્ત હોય એમ દેખાયછે.[4]

એ પ્રકારના તે પદ્મ-સરોવરને પશ્ચિમ તીરે, રામના શરપ્રહાર-થી જર્જરિત થયેલાં જુનાં તાલવૃક્ષોની ઘટાપાસે, એક મ્હોટું, જીર્ણ શાલ્મલી વૃક્ષ છે[5]. તેનાં મૂળની આસપાસ, દિગ્ગજની શુણ્ડ રૂપી દંડ જેવો વૃદ્ધ અજગર સર્વદા વીંટળાવાથી જાણે એક મ્હોટો ક્યારો બાંધ્યો હોય એમ દેખાયછે. તેના ઉંચા થડને લટકતી અને પવનથી હાલતી, સર્પની કાંચળિયોનું તેણે જાણે વસ્ત્ર પહેરેલું છે. દિશાઓના મંડલનું જાણે માપ કાઢતા, અન્તરીક્ષમાં ફેલાયલા, તેની શાખાઓના સમૂહથી,

---

૧. પુલિન્દ રાજા=મ્લેચ્છ અથવા ભીલનો રાજા. ૨. રેતીના કીનારા.
૩. વાલિ નામના વાનરરાજે સુગ્રીવની સ્ત્રી તથા રાજ્યનું હરણ કરીને તેને કાઢી મુકયો હતો. ઋષ્યમૂક નામનો દક્ષિણમાં આવેલો પર્વત છે જ્યાં રામ અને સુગ્રીવ થોડો કાળ ભેગા રહ્યા હતા. ૪. સરોવરમાં કુવલયવનની મધ્યે ફરવાથી તેની શ્યામ પ્રભા ચક્રવાક ઉપર પડે, તે જાણે સાક્ષાત્ રામશાપ—સીતાના વિયોગસમયે ચક્રવાકના દ્વંદ્વને રામે દીધેલો શાપ—હોય એમ કલ્પ્યું–કારણ કે શાપનો રંગ કવિયો શ્યામ કલ્પેછે. ૫. શીમળાનું ઝાડ.

પ્રલયકાળે તાંડવ નૃત્યમાં પ્રસારેલા સહસ્ર ભુજવાળા ચંદ્રશેખરની[1] જાણે તે બરોબરી કરેછે. વૃદ્ધાવસ્થાને લીધે જાણે પડી જવાના ભયથી તેણે ગગનસ્કંધને ટેકો દીધોછે. તેના આખા શરીર ઉપર લાંબી લાંબી, અને જીર્ણતાને લીધે જાણે તેની નાડિયો હોય એવી વેલો આવી રહેલી છે. વૃદ્ધાવસ્થાનાં તિલકબિન્દુ[2] જેવા કંટકથી તેનું શરીર ભરેલું છે. સમુદ્રનું પાણી પીને આકાશમાંથી આવી, પક્ષિયોની પેઠે તેની ડાળિયોમાં ભરાઈ ગયેલા, પાણીના ભારથી જરા મંદ મંદ ચાલતા, તથા પલ્લવને ભીનાં કરી દેતા મેઘથી પણ એ વૃક્ષનો શિખરભાગ જોઈ શકાતો નથી. તેની ઉંચાઈને લીધે તે જાણે નંદનવનની[3] શોભા જોવાને યત્ન કરેછે. તેની સમીપ, ઉપર ફરતા અને ગગનતલમાં ચાલવાથી થાકી ગયેલા, સૂર્યરથના ઘોડાનાં મુખના ખુણામાંથી ગળેલા ફેનસમૂહની શંકા કરાવતા રૂના ઢગથી, તેની ટોચ ઉપરની ડાળિયો ધોળી થયેલી છે. કલ્પ સુધી ચાલે એવાં તેનાં મૂળ, વનગજનાં ગંડસ્થલ ઘસાયાથી વ્હેલા ટેલા મદને લીધે ભરાયેલી મત્ત ભ્રમરમાલારૂપી લોઢાની સાંકળના બંધથી જાણે નિશ્ચલ થયેલાં છે. તેના કોટરની અંદર પેઠેલા, ચળકતા ભમરોનાં ટોળાંથી તે જાણે સજીવન છે. દુર્યોધનની પેઠે તેમાં શકુનિનો પક્ષપાત દેખાયછે.[4] વિષ્ણુની પેઠે તે વનમાલાયુક્ત છે.[5] નવા મેઘસમૂહની પેઠે તે નભસ્‌માં ઉંચું થાયછે[6]. વનદેવતાઓને અખિલ ભુવનતલ જોવાનો તે જાણે મહેલ છે. દંડકા અરણ્યનો તે જાણે અધિપતિ છે. સર્વ વનસ્પતિયોનો જાણે નાયક છે. વિન્ધ્ય પર્વતનો જાણે મિત્ર છે. અને પોતાની શાખા રૂપી બાહુઓથી આખી વિન્ધ્યાટવીને જાણે તેણે પકડી રાખી છે.

તે વૃક્ષની ડાળિયોની ટોચો ઉપર, કોટરનાં પોલાણમાં, પલ્લવોની વચ્ચે વચ્ચે, થડની સંધિયોમાં, અને જુની છાલનાં છિદ્રમાં, અવકાશ

---

૧. મહાદેવ. ૨. અતિ વૃદ્ધ અવસ્થામાં શરીરે દેખાતાં કૃષ્ણ બિંદુ. ૩. ઇંદ્રની વાડી. ૪. શકુનિ=પક્ષી; અને સુબળરાજાનો પુત્ર—દુર્યોધન વિગેરેનો મામો. પક્ષપાત=પાંખોનું ફડફડવું; અને એકજ બાજુતરફ વલણ રાખવું, પગ કરવી તે. ૫. વનમાળા=વનવૃક્ષોની ઘટા—તેની હાર; કૃષ્ણની ફુલની માળા જે ઉપરથી એ 'વનમાળી' કહેવાયછે. એ શ્લેષ સારૂ જુઓ વાસવ૦ પૃ. ૮૬—जनार्दन इव विचित्रवनमालः ૬. નભસ્‌=આકાશ; શ્રાવણ માસ.

મ્હોટો હોવાને લીધે વિશ્વાસથી હજારો માળા બાંધીને, દેશ દેશમાંથી આવેલાં પોપટ વિગેરે પક્ષિયોનાં ટોળાં રહેતાં, જેમને વિનાશનો ભય, તે વૃક્ષ ઉપર ચઢવું અતિ કઠિન હોવાથી જતો રહ્યો હતો. તે પક્ષિયો દિવસ અને રાત તેમાં વસતાં હતાં તેથી, તે વનસ્પતિની[1] જીર્ણાવસ્થાને લીધે થોડાં પાંદડાં રહ્યાં છતાં પણ, અસંખ્ય પત્રસમૂહથી જાણે તે શ્યામ પડ્યો હોય એમ દેખાતો. તે શુકાદિ પક્ષિયો એ વૃક્ષમાં પોતપોતાના માળામાં રાત ગાળીને પ્રતિદિવસ ઉઠી ઉઠી, આહાર ખોળવાને આકાશમાં હારબંધ ફરતાં તેથી, ઉન્મત્ત બળરામના હળના અગ્રભાગવડે ખેંચાયાથી ઘણા પ્રવાહમાં ફેલાઈ ગયેલી યમુનાને[2] જાણે તેઓ આકાશમાં દેખાડતાં; દેવગજે ઉખેડી નાંખ્યાથી પડતી, આકાશગંગાની જાણે કમલિનીઓ[3] હોય એવી તેઓ શંકા કરાવતાં; ગગનતલને જાણે સૂર્યરથના અશ્વોની પ્રભાથી રંગ્યું હોય એવું બનાવતાં;[4] ચાલતી જાણે મરકત મણિની ભૂમિ હોય એવાં તે શોભતાં; શૈવલના[5] પલ્લવની હારને જાણે આકાશરૂપી સરોવરમાં પાથરતાં; ગગનમાં પોહોળી કરેલી, કેળનાં પાંદડાં જેવી, પોતાની પાંખોથી તેઓ, સૂર્યના ઉષ્ણ કિરણવડે ખેદ પામેલાં દિશાઓનાં મુખને વા નાંખતાં; આકાશમાં જાણે એક ફરતી શષ્પની પંક્તિને રચતાં; અને અન્તરીક્ષમાં જાણે ઇન્દ્રધનુષ પડ્યાં હોય એમ દેખાડતાં. આહાર કરી, પાછાં આવી, પોતપોતાના માળામાં બેઠેલાં બચ્ચાંને તેઓ, હણેલા હરિણના રુધિરથી રક્ત થયેલા વાઘનખના અગ્રભાગ જેવી રાતી ચાંચોથી, જાતજાતનાં ફળના રસ તથા ડાંગેરની વિવિધ મંજરીઓ વારંવાર ખવરાવી, સર્વ સ્નેહમાં શ્રેષ્ઠ, અસાધારણ, અને મ્હોટો જે અપત્ય-સ્નેહ[6] તેથી પોતાનાં બચ્ચાંને છાતી સરસાં સંતાડી, એજ વૃક્ષમાં રાત્રિયો ગાળતાં.

મ્હારા વૃદ્ધ પિતા જે મ્હારી માતાસાથે ત્યાં એક જીર્ણ કોટરમાં રહેતા હતા તેમનો, દૈવયોગે હુંજ એકલો પુત્ર હતો. મ્હારાજ જન્મ સમયે પ્રસવવેદના ઘણી થવાને લીધે મ્હારી માતાનો સ્વર્ગવાસ થયો. પોતાની વ્હાલી સ્ત્રીના મરણથી થતા શોકવડે જોકે મ્હારા પિતા ખરેખર પીડાતા હતા તોપણ સુતસ્નેહને લીધે, શોકના તીવ્ર વેગને પણ અંતર-

૧. વનનો પતિ. ૨. જુઓ પૃષ્ઠ ૧૧ મું નોટ ૩ જી. ૩. જુઓ પૃષ્ઠ ૧૭ મું નોટ ૩ જી. ૪. સૂર્યના અશ્વ કાળા કલ્પેલા છે માટે આ ઉત્પ્રેક્ષા. ૫. શેવાલ; લીલ. ૬. અપત્ય=છોકરાં છૈયાં–તેમના ઉપરનો સ્નેહ–

માં દબાવી રાખી, પોતે એકલા, મને ઉછેરવાનેજ યત્ન કરવા લાગ્યા. પિતાની અવસ્થા અતિ વૃદ્ધ હતી તેથી એમની પાંખો દર્ભના ચીર જેવી થઈ ગઈ હતી; પીછાં ઘણાંજ થોડાં અને ઘસાઈ ગયેલાં હોવાથી તેઓ જર્જરિત થયેલી હતી; ખભા નીચા નમી જવાથી તેઓ શિથિલ પડી ગઈ હતી; અને ઉડવાની શક્તિ તેમાંથી કેવળ જતી રહી હતી. એવી પાંખોને (પણ) ઉંચી કરીને,—શરીર કંપવાથી, અંગમાં વ્યાપીને સંતાપ કરતી જરાની[1] પેઠે તેમને હલાવીને,—કોમળ શેફાલિકાના ફુલના દાંડા જેવી આછા પીળા રંગની, ડાંગેરની મંજરી ભાંગવાથી લિસ્સી અને ક્ષીણ થયેલી કોરેવાળી અને ભાગેલા અગ્રભાગવાળી પોતાની ચાંચવડે, એ, બીજા માળામાંથી નીચે પડી ગયેલા ડાંગેરના છોડમાંથી ચોખાના કણ વીણી લાવતા; પોપટોએ ફોડેલાં ફળના કડકા, જે વૃક્ષનાં મૂળ આગળ પડેલા હોય, તે ભેગા કરી લાવતા; અને મને ખવરાવતા—કેમકે આકાશમાં ભ્રમણ કરવાની એમનામાં શક્તિ ન હતી. એવી રીતે પ્રતિદિવસ મને ખવરાવીને, શેષ રહેતું તેનું પોતે ભક્ષણ કરતા.

એમ કરતાં કરતાં એક દિવસ જ્યારે પ્રભાતસંધ્યાના રંગથી લાલ થયેલો ચંદ્રમા, ગગન-કમલિનીના મધુથી રક્ત થયેલી પાંખોવાળા વૃદ્ધ હંસની પેઠે, સ્વર્ગગંગાના તીર ઉપરથી પશ્ચિમ સમુદ્રના તટ ઉપર ઉતરતો હતો; વૃદ્ધ મૃગના વાળ જેવો ધોળો, દિશાઓનો સમૂહ જ્યારે વિશાળ થતો જતો હતો; ગજરુધિરથી રક્ત થયેલી સિંહની ચાળના વાળ જેવા લાલ, તપાવેલી લાખના તાર જેવા રાતા, અને પદ્મરાગ મણિની સળિયોવાળી સાવરણિયો જેવા, લાંબા સૂર્યકિરણોથી જ્યારે ગગનતલ ઉપરના પુષ્પસમૂહ જેવો તારાગણ વાળી કાઢવામાં આવતો હતો; ઉત્તર દિશામાં આવેલું સપ્તર્ષિ-મંડલ[2] જ્યારે સંધ્યા કરવાને માનસ સરોવરની તીરે જાણે ઉતરતું હતું; કાંઠે આવીને ભાગી ગયેલા છીપના સંપુટમાંથી વેરાયલો, અને રેતીના કિનારાને શ્વેત રૂપ આપતો મુક્તાફલનો સમૂહ, જ્યારે પશ્ચિમ સમુદ્રમાં અરુણના કરની પ્રેરણાથી નીચે પડેલા તારાગણ જેવો દેખાતો હતો; વનમાં જ્યારે ઝાકળનાં ટીપાં પડતાં હતાં, મયૂરવૃન્દ જાગ્યાં હતાં, સિંહ પણ બગાસાં ખાતા હતા, હાથણીઓનાં ટોળાં મદગજોને જગાડતાં

માતાપિતાનો. ૧. જરા=વૃદ્ધાવસ્થા. ૨. આકાશમાં દેખાતું સાત તારાઓનું ઝુમખું.

હતાં, અને જાણે ઉદયાચલના શિખર ઉપર આવેલા સૂર્યને, પલ્લવ રૂપી અંજલિયોવડે, રાત્રે પડેલા જલથી જડ થયેલાં કેસરવાળાં[1] પુષ્પનું અર્પણ થતું હતું; વૃક્ષો રૂપી, વનદેવતાઓના મહેલનાં શિખરોમાં જ્યારે રાસભના[2] રોમ જેવી ધૂસર, પારાવતની પંક્તિ જેવી અને ધર્મની ધ્વજાઓ જેવી, તપોવનના અગ્નિહોત્રમાંની[3] ધૂમલેખાઓનો આભાસ થવા માંડયો હતો; હિમના કણવાળો,[4] કમલવનને કંપાવી દેતો, કામક્રીડાથી ખિન્ન થયેલી ભીલડીના સ્વેદજલની કણિકાને હરી લેતો, વનમહિષના, વાગોળવાથી થતાં ફેનબિન્દુઓને સાથે લાવતો, હાલતાં પલ્લવવાળી લતાઓને નૃત્યનો ઉપદેશ આપતો, ઉઘડેલા કમલસમૂહના મધુકણનો વર્ષાદ વર્ષાવતો, પુષ્પની સુગંધથી ભ્રમરોનાં ટોળાંને તૃપ્ત કરતો, અને રાત્રિને અંતે શીતલ થયેલો, પ્રભાત-પવન જ્યારે મંદ મંદ વાતો હતો; ગજગંડસ્થલ જેમનાં ડિંડિમ[5] છે એવા, કમલવનના પ્રબોધ સમયે મંગલપાઠ કરનારા ભ્રમરો, કુમુદની પાંખડિયો બંધ થતાં પાંખો અંદર દબાઈ જવાથી જ્યારે ગણગણાટ કરી રહ્યા હતા; જે ચક્ષુઓના ઉપર પ્રભાતનો ઠંડો પવન લાગેલો હતો—હજી થોડાં નિદ્રાલુ હોવાથી જેમની કીકીઓ જરા વાંકી નમી ગયેલી હતી, અને જાણે તપાવેલી લાખના રસથી જેમની પાંપણો ચ્હોટી ગઈ હોય એમ લાગતું હતું—તેમને જ્યારે, ખારી ભૂમિ ઉપર સુવાથી ધૂસર થયેલી છાતીની રુવાંટીવાળાં વનહરિણો ધીમે ધીમે ઉઘાડતાં હતાં; જે સમયે વનચરો આમ તેમ ફરતાં હતાં; કર્ણને આનંદ આપતો, પમ્પા સરોવરના કલહંસનો કોલાહલ જ્યારે વધ્યાં જતો હતો; મયૂરમંડલને નચાવતો, વનગજોના કર્ણનો મનોહર તાલશબ્દ જ્યારે ગાજી રહ્યો હતો[6]; વળી, આકાશમાં ગમન કરતા સૂર્ય રૂપી હાથીના અવચૂલ-ચામર[7] જેવા, મજીઠ જેવા રાતા રંગના કિરણ જ્યારે થોડે થોડે દેખાવા માંડયા હતા; ભગવાન્ સૂર્ય દેવતાનો જ્યારે ધીરે ધીરે ઉદય થતો હતો; પમ્પા સરોવરની પાળ ઉપરનાં વૃક્ષશિખરોમાં ફરતો, ગિરિશિખર ઉપર વસતો, રવિથી ઉત્પન્ન થયેલો, અને તારાનું હરણ કરનાર, બાલ સૂર્ય, ફરીથી જાણે સુગ્રીવ

---

૧. કેસર=દોરડા જેવા રેસા. ૨. ગર્દભ. ૩. જુઓ પૃષ્ઠ ૨૬મું નોટ ૧. અને નો. ૨ જીનો શ્લોક. ૪. એવો 'પવન'જ્યારે વાતો હતો. ૫. ડિંડિમ=નગારૂં, નોબત. ૬. હાથીના કાન અથડાવાથી થતા ગંભીર શબ્દને મયૂરો મેઘગર્જના સમજીને નાચતા હતા. ૭. અવચૂલ=ધ્વજાને છેડે બાંધેલું વસ્ત્ર.

આવતો હોય તેમ, વનમાં જ્યારે પ્રવેશ કરતો હતો;[૧] પ્રભાત જ્યારે સ્પષ્ટ થયું હતું; થોડીજ વારમાં સૂર્ય જ્યારે પ્રહર એક દિવસ ચઢવાથી સ્પષ્ટ દેખાવા લાગ્યો હતો; પોપટનાં ટોળાં જ્યારે પોતપોતાની ગમતી દિશાઓમાં ઉડી ગયાં હતાં; માળાઓમાં નિશ્ચિંત ભરાઇ પેઠેલાં બચ્ચાં છતાં પણ, સૌ શાન્ત હોવાથી તે વૃક્ષ જ્યારે શૂન્ય જેવું દેખાતું હતું; મ્હારા પિતા જ્યારે પોતાના માળામાં બેઠેલાજ હતા; ને મ્હારી બાલ્યાવસ્થાને લીધે બળ નહિ છતાં પણ હું જ્યારે, થોડી થોડી ફુટેલી પાંખોથી તાતની પાસેના કોટરમાં ગયેલો હતો, ત્યારે એ મહાવનમાં સહસાજ શિકારિયોના કોલાહલનો શબ્દ થઇ રહ્યો, જેથી સર્વ વનચરો ત્રાસ પામી ગયાં. ગભરાટમાં ઉડતાં પક્ષિયોની પાંખોનો ફડફડાટ તે શબ્દની સાથે મિશ્ર થઇ ગયો હતો. બ્હીનેલાં હાથીનાં બચ્ચાંની ચીસોથી તે પુષ્ટ થયેલો હતો. મત્ત ભ્રમરોનાં ઉડતાં ટોળાંના ગણગણાટથી તે જાડો થયો હતો. ઉંચાં નાક કરીને ભમતાં વનવરાહના સ્વરથી તે ઘર્ઘર[૨] થયો હતો. પર્વતની ગુફાઓમાં નિદ્રામાંથી જાગેલા સિંહના નાદથી તે વધારે ઘોર થયો હતો. વૃક્ષોને તે જાણે ડોલાવતો હતો. ભગીરથે ઉતારેલા ગંગાપ્રવાહના કલકલ જેવો તે ધૂધવાટ કરતો હતો. અને વનદેવતાઓ (પણ) ભયભીત થઇને તેને સાંભળતી હતી. એવા અશ્રુતપૂર્વ[૩] ધ્વનિને સાંભળતાંજ હું કંપવા લાગ્યો, તથા બાળક હોવાને લીધે મ્હારા કર્ણ જર્જરિત થઇ ગયા. અને ભયથી વિહ્વળ બની જઇને આશ્રય લેવાની આશાએ હું પાસે બેઠેલા મ્હારા પિતાની, જરાથી શિથિલ થયેલી પાંખોમાં ભરાઇ ગયો.

પછી તો તરતજ મેં ગભરાટમાં—વૃક્ષની ઝાડીમાં જેમનાં શરીર ઢંકાઇ ગયાં હતાં એવા, અન્યોન્ય વાત કરતા શિકારિયોના મ્હોટા ટોળાનો,—આખા વનને ગજવી મુકતો કોલાહલ સાંભળ્યો કે:—આ બાજુએ ગજરાજે ખુંદી નાંખેલી કમલિનીઓનો પરિમલ આવેછે! આમથી ડુક્કરોનાં ટોળાંવડે કરડાતી ભદ્રમુસ્તાના[૪] રસની સુગંધ આવેછે! આ તરફ,

૧. બાલ સૂર્ય અને સુગ્રીવ એમનાં ઉપર કહેલાં ચારે સાધારણ વિશેષણ છે. નાનો સૂર્ય વૃક્ષની ટોચોમાં ફરતો; તેમજ સુગ્રીવ–વાનર પણ. સૂર્ય ઉદયગિરિ ઉપર વસતો, અને સુગ્રીવ કિસ્કન્ધ્યાદિ ગિરિ ઉપર. નાનો સૂર્ય પાછલા દિવસના મ્હોટા સૂર્યમાંથી ઉત્પન્ન થયો હતો; સુગ્રીવ સૂર્યપુત્ર હતો. પહેલાએ આકાશમાંથી તારા હરી લીધા હતા; બીજાએ તે નામની સ્ત્રીનું હરણ કીધું હતું. ૨. ઘોઘરો. ૩. પૂર્વે નહિ સાંભળેલો. ૪. એ નામની વનસ્પતિ.

હાથીનાં બચ્ચાંથી ભગાતી સલ્લકીનો[1] સુવાસ નીકળેછે! આમ, ખરી પડેલાં સુકાં પાંદડાંનો ખણખણાટ સંભળાયછે! આ દિશામાં, વનમહિષોનાં શૃંગશિખર રૂપી વજ્રથી તોડેલા રાફડાની ધૂળ ઉડેછે! આમથી હરિણોનું ટોળું આવેછે! પેલી પાસ વનગજોનો સંઘ દેખાયછે! આમ વનવરાહનું ઝુંડ ફરેછે! અહીંથી વનમહિષોનું વૃન્દ નીકળેછે! આ દિશાએથી મયૂરમંડલનો ટૂહકાર આવેછે! આ તરફ ચાતકનાં ટોળાંનું મધુર કૂજન થઈ રહ્યુંછે! આમથી કુરર પક્ષિયોનું ગાન સંભળાયછે! આ બાજુએ, સિંહનખથી ભેદાતા કુંભવાળા હાથીઓની ગર્જના કાને પડેછે! આ રહી, ભીના કાદવથી મલિન થયેલી, વરાહોનાં પગલાંની હાર! જુઓ આ, ખાધેલા તાજા ઘાસના રસવડે જરા કાળો થયેલો, હરિણોના વાગોળવાથી પડેલો, ફીણનો ઢગ! સાંભળો આ, મદમત્ત ગંધગજના ગંડસ્થલ ઘસવાથી નીકળતા પરિમલને લીધે ન્હોટેલા અને શબ્દ કરતા ભ્રમરોનો ગણગણાટ! જુઓ આ, ટપકેલાં રુધિરબિન્દુઓવડે પલળેલાં સુકાં પત્રથી રાતો થયેલો, રુરુ મૃગનો માર્ગ! આ રહ્યો, હાથીઓના ચરણ નીચે ચગદાયેલી શાખા અને પલ્લવનો મ્હોટો ઢગ! આ રહી, ગેંડાનાં ટોળાંની રમત! નખના અગ્રભાગથી ચિત્રેલી વિકટ પત્રલેખા[2] વાળો, આ રહ્યો, રુધિરથી રક્ત, અને હાથીઓનાં મોતીના ભુકાથી દન્તુર થયેલો,[3] સિંહનો માર્ગ! જુઓ આ હમણાંજ વીઆયેલી વનમૃગીના ગર્ભમાંથી વ્હેતા લોહીથી રાતી થયેલી ભૂમિ! આ રહી, વનભૂમિની વેણીના જેવી, સંઘ સહિત ચાલતા ગજપતિની, મદજલથી મલિન થયેલી, પદપંક્તિ! આ ચમરીઓના ટોળાની પછવાડે દોડો! મૃગના સુકાઈ ગયેલા છાણની ધૂળવાળી, આ વનસ્થલી ઉપર ત્વરાથી બેસી જાઓ! વૃક્ષના શિખર ઉપર ચઢી જાઓ! દૃષ્ટિને આ દિશામાં ફેરવો! કાન દઈને આ શબ્દ સાંભળો! ધનુષ્નું ગ્રહણ કરો! સાવધાન થઈ ઉભા રહો! શ્વાનને છોડી મુકો!

થોડાજ વખતમાં, ભીલ લોકોનાં બાણથી હણાયેલા કેસરીઓના, લેપનથી ભીની થયેલી મૃદંગના ધ્વનિ જેવા ધીરા, તથા પર્વતની ગુફાઓમાંથી ઉઠતા પ્રતિશબ્દવડે ગંભીર થયેલા નાદથી[4]; ત્રાસ પામેલાં ટોળાંથી

૧. એ નામની વનસ્પતિ. ૨. જુઓ પૃ. ૨૪ નો. ૮. ૩. જુઓ પૃ. ૧૬ નો. ૨. ૪. આ સર્વ પંચમી વિભક્તિયોનો સંબંધ, વાક્યને અંતે આવેલા, "તે અરણ્ય જાણે બધું થરથરી ગયું"—એ શબ્દો સાથે લેવાનો છે.

છૂટા પડી એકલા ભટકતા ગજપતિયોની, વારંવાર શુંઢો પછાડવાથી થતા શબ્દ સાથે મળેલી, મેઘનિર્ઘોષ જેવી કંઠગર્જનાથી; વેગવાળા કુતરાઓએ (કેટલાંક) અવયવ ફાડી ખાધાથી જેમની આંખોની કીકી, ચંચલ, બ્હીકણ અને વધારે ચપલ થયેલી, એવા મૃગોની કરૂણ ચીસોથી; અનુગમન કરતાં બચ્ચાંની સાથે આમ તેમ ભટકતી, હણાયલા હાથીઓની વિયોગી હાથણીઓ, જેઓ અચકી અચકી, કોલાહલ સાંભળી, કર્ણપલ્લવ ઉંચાં કરી દેતી હતી તેમની, તત્કાલ થયેલા પતિવિનાશના શોકને લીધે લાંબી લાંબી રાઢોથી; થોડાજ દિવસ ઉપર જેમને પ્રસવ થયેલો હતો, ત્રાસથી વિખુટાં પડેલાં પોતાનાં બચ્ચાંને જેઓ શોધતી હતી, અને ગદ્ગદ્ કંઠે અતિ કરૂણ ચીસો પાડતી હતી, તેવી ગેંડીઓના વિલાપથી; વૃક્ષનાં શિખર ઉપર ઉડી ગયેલાં, તથા આકુલ વ્યાકુલ ભમતાં પક્ષિયોના કલકલાટથી; મૃગની પછવાડે દોડતા પારધીઓના ચરણ, જે પૃથ્વીઉપર સાથેજ વેગથી પડીને તેને જાણે કંપાવી દેતા હતા તેમના શબ્દથી; કર્ણપર્યંત ખેંચેલી દોરીવાળાં, બાણનો વર્ષાદ વર્ષાવતાં ધનુષોના, મદમત્ત કુરરીના કંઠસ્વર જેવા નાદથી; પવન વાયાથી ખડખડતી ધારવાળી, તથા મહિષોના કઠિન સ્કંધ ઉપર પડતી, તરવારોના રણકારાથી; અને જોરથી ઘર્ઘર સ્વરે ભસતા કુતરાઓના, અખિલ વનમાં વ્યાપી રહેતા શબ્દથી, તે અરણ્ય જાણે બધું થરથરી ગયું. જરા વાર પછી, જ્યારે તે શિકારિયોનો કોલાહલ શાન્ત પડી ગયો, અને જલવૃષ્ટિ પછી શાન્ત પડેલા મેઘવૃંદના જેવું તે વન જ્યારે, મથનને અન્તે શમી ગયેલા જલવાળા સમુદ્રના જેવું સ્તબ્ધ થયું ત્યારે મ્હારો ભય જરા ઓછો થયો; અને કુતૂહલ ઉત્પન્ન થવાથી, હું બાળક એટલે 'આ તે શું હશે!' એમ વિસ્મય પામી, જોવાને આતુર બની ગયો. તેથી મેં પિતાના ખોળામાંથી જરા બ્હાર આવી, કોટરમાં ને કોટરમાંજ રહી, મ્હારી ડોક લાંબી કરી, ત્રાસથી ચંચલ થયેલી કીકીસહિત, તેજ દિશા તરફ નજર કરી.

ત્યારે મેં, બીજા વનમાંથી સામું આવતું, અર્જુનના સહસ્ર હાથથી પથરાઈ ગયેલા નર્મદાપ્રવાહ જેવું,[1] પવનના બળથી ચાલતા તમાલવન

---

૧. સહસ્રાર્જુને નર્મદા સાથે જલક્રીડા કરી હતી એ વાત રામાયણના ઉત્તર કાંડમાં કહેલી છે. અહિંથી શરૂ થતાં વિશેષણો "સૈન્ય"નાં છે.

જેવું, કાલ-રાત્રિયોના[1] પ્રહરના એકત્ર મળેલા સમૂહ જેવું, પૃથ્વીકંપથી હાલેલા અંજનશિલા-સ્તંભના સંચય જેવું[2], રવિકિરણથી આકુળવ્યાકુળ થયેલા અંધકારના પૂર જેવું, મૃત્યુના ભટકતા પરિવાર જેવું, પાતાળ ફાડીને બ્હાર નીકળેલા દાનવ લોક જેવું, એક સ્થલે ભેગા થયેલા અશુભ કર્મના સમૂહ જેવું, આખા દંડકા અરણ્યમાં વસતા ઋષિયોના શાપના જાણે ચાલતા સંઘ જેવું,—વારંવાર બાણનો વર્ષાદ વર્ષાવીને રામે મારેલા ખરને દૂષણનું[3] સૈન્ય, જાણે તે(રામ)ના અનિષ્ટ ચિંતનથી પિશાચની અવસ્થામાં આવ્યું હોય તેવું,—કળિયુગના એકત્ર મળેલા બંધુવર્ગ જેવું, સ્નાન કરવાને નીકળેલા વનમહિષના ટોળા જેવું, પર્વતના શિખર ઉપર ઉભેલા સિંહના પંઝામાં ભરાયાથી પડીને ભાગી ગયેલા કાલમેઘના વૃન્દ જેવું, સકલ રૂપનો[4] વિનાશ કરવાને આવેલા ધૂમકેતુઓના[5] ગણ જેવું, અને પ્રલયકાળના વેતાલ વૃન્દ[6] જેવું,—આખા વનમાં અંધકાર તથા અતિ ભય ઉત્પન્ન કરતું, અનેક સહસ્ર શબર લોકોનું એક સૈન્ય જોયું.

તે અતિ મહત્ સૈન્યની મધ્યે મેં માતંગક નામના અતુલ આકૃતિના જુવાન શબર-સેનાપતિને દીઠો, જેનું નામ તો મેં પછીથી સાંભળ્યું. તેની અતિ કઠિનતાને લીધે તે જાણે લોહમયજ બનાવેલો હતો. બીજો જન્મ લેઈને આવેલો જાણે એકલવ્ય[7] હોય એવો તે દેખાતો હતો. તેને શ્મશ્રુ[8] ફુટવા માંડી હતી તેથી તે, પ્રથમ મદલેખાથી શોભતા ગંડસ્થલવાળા ગજપતિ-કુમાર જેવો લાગતો હતો. કાળા કમલ જેવા શ્યામ, તેની દેહપ્રભાના પ્રવાહને લીધે તે, જાણે યમુનાનું જલ આખા અરણ્યમાં ભરી દેતો હતો. છેડેથી ગુંછળાં વાળેલા, અને સ્કંધ ઉપર પડતા કેશથી તે, ગજમદવડે મલિન થયેલી યાળવાળા કેસરી જેવો દીસતો હતો. તેનું કપાળ મ્હોટું હતું. નાસિકા ઘણી ઉંચી અને બિહયામણી હતી. એક કર્ણમાં પેહેરેલા સર્પ-ફણામણિના રતાશ મારતા કિરણોથી લાલ થયેલી

---

૧. પ્રલયકાળની રાત્રિ અથવા કૃષ્ણપક્ષની રાત્રિ. ૨. અંજનશિલા=કાળાપર્વત. ભીલલોક કાળા માટે તેમને શ્યામ પર્વત સાથે સરખાવ્યા છે. ૩. એ બે રાક્ષસોને રામે હણ્યા હતા. ૪. જુઓ પૃ. ૧૨. નો. ૫. ૫. જુઓ પૃષ્ઠ. ૨ નો. ૨. ૬. વેતાલ=રાક્ષસ-ભેદ.

૭. નિષાદના રાજા હિરણ્યધનુષ્નો પુત્ર. એની કથા ભારતના આદિપર્વમાં છે. ૮. દાઢી મુછ.

માટે, પત્રમાં શયન કરવાના અભ્યાસથી જાણે પલ્લવનો રંગ લાગ્યો હોય એવી, તેની ડાબી બાજુથી તે શોભતો હતો. જરા વાર ઉપર મારેલા હાથીના ગંડસ્થલમાંથી લીધેલા, સપ્તપત્રનો[1] પરિમલ આપતા, કૃષ્ણાગુરુના[2] રસ જેવા સુગંધી મદનો તેણે લેપ કર્યો હતો; તેના પરિમલથી અંધ થઈને ભમતાં, મયૂરપિચ્છના છત્ર જેવાં ભ્રમરનાં ટોળાંએ, તે સેનાપતિ ઉપર જાણે તમાલપલ્લવની છાયા કરી દીધી હતી. હાલતા કર્ણપલ્લવના આકારમાં, ભુજ-બળથી જીતેલી અને ભયથી સેવા કરવા આવેલી જાણે વિંધ્યાટવીનો હસ્ત, તેના ગંડસ્થલ ઉપરની સ્વેદ-લેખા ભુસી નાંખતો હતો[3]. હરિણોના ક્ષયરૂપી રાત્રિની સંધ્યા જેવી, અને જાણે લોહીથી ભીની થયેલી, તેની ઈષદ્રક્ત[4] દૃષ્ટિથી તે દિશાઓના સર્વ વિભાગને જાણે રંગતો હતો. ઢીંચણ સુધી પહોચતી, ગજશુંડનું જાણે પ્રમાણ લેઈને બનાવેલી, અને ચંડિકાને રુધિર-બલિદાન આપવા સારૂ વારંવાર (ઝાલેલાં) ધારવાળાં શસ્ત્ર ઉઝરડાયાથી વિષમ થયેલા ખભાવાળી, તેના હાથની જોડ તેને શોભાવતી હતી. સ્વેદકણિકાથી ભરપૂર, અને વચ્ચે વચ્ચે, જાડાં હરિણ-રુધિરનાં બિંદુ ચ્હોટેલાં હોવાથી, જાણે ગુંજાફલ[5] સહિત, ગજકુંભસ્થલનાં મોતિનું તેને આભૂષણ પેહેરાવ્યું હોય એવી તેની છાતી વિંધ્ય-શિલાતલ જેવી વિશાલ દીસતી હતી. અહર્નિશ ચાલતા શ્રમના અભ્યાસથી તેનું ઉદર ઘણું કૃશ થયેલું હતું. તેના બે ઊરૂ-દંડવડે[6] તે ગજમદથી મલિન થયેલા બે બંધન-સ્તંભને જાણે હસતો હતો. લાક્ષા[7] જેવું રક્ત રેશમી વસ્ત્ર તેણે પેહેરેલું હતું. તેની ક્રૂર જાતિને લીધે તેનું લલાટ કારણવિના પણ ત્રિવલિયુક્ત[8] રેહેતું, અને ઉંચી ભ્રુકુટિથી વિકરાલ દેખાતું હતું તેથી તે, દૃઢ ભક્તિથી પ્રસન્ન થયેલી દુર્ગા દેવીએ 'આ મ્હારો ભક્ત છે' એવું જાણી ત્રિશૂલથી જાણે આંકેલું હતું! તેની પછવાડે, પરિચિત થયેલા, અનેક વર્ણના શ્વાન ચાલતા હતા તેઓ, શ્રમથકી ઘણી બ્હાર નીકળેલી, અને જન્મથીજ રાતી હોવાને લીધે, તે વખતે સુકાઈ ગયેલી છતાં પણ હરિણ-રુધિરનાં જાણે ટપકાં પાડતી હોય એવી જિંહાઓથી પોતાનો ખેદ દર્શાવતા હતા. તેમનાં ઉઘાડાં મુખ-

---

૧. જુઓ પૃષ્ઠ ૨૪ મું નોટ ૩ જી. ૨. જુઓ પૃષ્ઠ ૧૯ મું નોટ ૧ લી. ૩. અલંકાર સારૂ જુઓ પૃષ્ઠ ૬, નોટ ૭ મી. ૪. ઈષત્=થોડી, રક્ત=લાલ; થોડી લાલ. ૫. ગુંજાફલ=ચણોખડી. ૬. ઊરૂ=ઝાંઘો. ૭. લાખ. ૮. ત્રિવલિ=ત્રણ કરચલી.

ના ખુણામાંથી દંષ્ટ્ર-કિરણો સ્પષ્ટ દેખાતા હતા તેથી દાંતની વચ્ચે વચ્ચે જાણે કેસરીની યાળ ભરાઈ હોય એમ ભાસતું હતું. મ્હોટી મ્હોટી કોડિયોની માળાઓ તેમના કંઠમાં બાંધેલી હતી. મ્હોટાં વરાહના દંષ્ટ્ર-પ્રહારથી તેઓ જર્જરિત થઇ ગયેલા હતા. શરીર તો તેમનું નાનું હતું પણ સામર્થ્ય ઘણું હોવાથી, યાળવિનાનાં સિંહનાં બચ્ચાં જેવા તેઓ દેખાતા હતા; અને હરિણીઓને વૈધવ્ય-દીક્ષા[1] આપવામાં તેઓ કુશલ હતા. તેમની સાથે વળી કેટલીક, મ્હોટાં શરીરવાળી, અને કેસરીઓને સારૂ અભયદાનની યાચના કરવા આવેલી જાણે સિંહીઓ હોય એવી, કુતરીઓ પણ આવતી હતી.—તે સેનાપતિની આસપાસ અનેક પ્રકારનાં ભીલ લોકોનાં ટોળાં ચાલતાં હતાં; તેમાં કેટલાક પુરુષોએ ચમરના વાળ અને હાથીના દાંતના ભાર લીધા હતા; કોઈકે છિદ્ર-રહિત પત્રમાં મધુપુટ બાંધી લીધા હતા; કેસરીઓના જેવા કેટલાકે પોતાના હાથમાં, ગજ-કુંભસ્થલમાંથી નીકળેલાં મોતી રાખેલાં હતાં; રાક્ષસોની પેઠે કેટલાકે માંસનો ભાર લીધો હતો; પ્રમથોની[2] પેઠે કેટલાકે સિંહ-ચર્મ ઝાલ્યાં હતાં; બૌદ્ધ-ભિક્ષુકોની પ્રમાણે કોઈકે મયૂરપિચ્છ લીધાં હતાં; બાળકોની પેઠે કોઈકે **કાકપક્ષ** રાખ્યાં હતાં;[3] કેટલાકે તો, કૃષ્ણચરિત જાણે દેખાડતા હોય તેમ, ગજને મારીને તેના દન્તનું ગ્રહણ કર્યું હતું;[4] અને કોઇ કોઇનાં **અમ્બર** વર્ષા ઋતુના દિવસોની પેઠે **મેઘ-મલિન** હતાં.[5] અરણ્યની સમાન તે સૈન્યાધિપતિની પાસે **ખડ્ગ-ધેનુકા** હતી.[6] નવા મેઘની પેઠે તેણે મયૂરપિચ્છના [જેવા] ચિત્રધનુષ્‌ને ધારણ કર્યું હતું.[7] બક રાક્ષસની પેઠે તેણે **એક ચક્ર** લીધું હતું.[8] ગરુડની પેઠે તેણે અનેક મહા **નાગ**ના દંત પાડી નાંખ્યા હતા.[9] ભીષ્મ

---

૧. વિધવાપણું. ૨. તે નામના, મહાદેવના અનુચર. ૩. કાકપક્ષ=કાગડાનાં પીછાં; અને કાનછેરિયાં. ૪. ગજ=સાધારણ હાથી; અને કુવલયાપીડ નામે હાથી જે કંસને ત્યાં હતો અને જેને શ્રીકૃષ્ણે માર્યો હતો. એ હાથી, મૂળ રાક્ષસ હતો પણ એવે રૂપે છાંનો માંનો રહેલો હતો. ૫. મેઘ-મલિન=મેઘના જેવાં મલિન; અને મેઘથી મલિન. 'અમ્બર'ને સારૂ જુઓ પૃષ્ઠ ૬, નોટ ૮મી. ૬. ખડ્ગ-ધેનુકા=નાનું ખડ્ગ-છરી; અને ગેંડી. ૭. અહીં એક વખત કાંસમાંના શબ્દો લેવા અને બીજી વખત શ્લેષમાં ન લેવા. આ સેનાપતિનું ધનુષ, મયૂરપિચ્છના ચિત્રવાળું હતું—અર્થાત્ ત્યાં મોરનાં પીછાં બાંધ્યાં હતાં. નવા મેઘનું ધનુષ્—ઇન્દ્રધનુષ્—મોરનાં પિચ્છ જેવું વિચિત્ર હોયછે. ૮. એક ચક્ર—તે નામનું ગોળ શસ્ત્ર; અને "એકચક્ર" નામનું બકનું નગર. ૯. નાગ=હાથી; સાપ.

પિતાના જેવો તે **શિખંડીનો** શત્રુ હતો.[1] ગ્રીષ્મ દિવસની પેઠે તે સર્વદા **મૃગતૃષ્ણા** દેખાડતો હતો.[2] વિદ્યાધરોના જેવો તેને **માનસવેગ** હતો.[3] પરાશરની પેઠે તે **યોજનગંધાને** અનુસરતો હતો.[4] ઘટોત્કચની સમાન તેણે **ભીમરૂપ** ધારણ કર્યું હતું.[5] પાર્વતીના કેશ જેવો તે **નીલકંઠના ચંદ્રકથી** અલંકૃત હતો.[6] હિરણ્યાક્ષ રાક્ષસની પેઠે, **મહાવરાહના** દંષ્ટ્રાથી તેની છાતી ભેદાયલી હતી.[7] વિષયાસક્ત પુરુષની પ્રમાણે તેણે બહુ **બન્દીઓનો** પરિગ્રહ કીધો હતો.[8] રાક્ષસના જેવો તે **રક્તલુબ્ધક** હતો.[9] સંગીતકળાના વિલાસની પેઠે તેની સાથે **નિષાદ** આવતા હતા.[10] અંબિકાના ત્રિશૂલના જેવી તેની કાયા **મહિષ-રુધિરથી** ભીની થયેલી હતી.[11] નવ-યૌવનમાં છતાં પણ તેણે બહુ **વયનો** ક્ષય કર્યો હતો[12]. **સારમેયનો** સંગ્રહ કર્યા છતાં પણ પોતે ફલમૂલનુંજ ભક્ષણ કરતો હતો.[13] તે કૃષ્ણ હતો તથાપિ **સુદર્શન** વિનાનો હતો.[14] સ્વચ્છંદચારી છતાં પણ તે દુર્ગ[ા]નેજ શરણ હતો.[15] **ક્ષિતિધરના પાદને** તે અનુસરતો હતો તથાપિ રાજસેવાથી કેવળ અજાણ્યો હતો.[16] વિંધ્યાચલનો તે જાણે પુત્ર હતો. મૃત્યુનો અંશ લેઈને જાણે તે અવતર્યો હતો. પાપનો

૧. શિખંડી=મયૂર; અને દ્રુપદ રાજાનો પુત્ર. ૨. મૃગતૃષ્ણા=હરણ મારવાની ઇચ્છા; અને જે ઝાકળ સવારમાં જળનો દેખાવ આપી મૃગોને લોભમાં નાંખેછે તે. ૩. માનસવેગ=માનસ નામના સરોવર તરફ વેગ–ગતિ (સેનાપતિની); માનસ–મન–ના જેવો વેગ (વિદ્યાધર નામના લોકનો). ૪. પરાશર=વ્યાસના પિતા. યોજનગંધા=કસ્તૂરી; અને વ્યાસની માતા સત્યવતી. ૫. ઘટોત્કચ–'ગટોરગચ્છ'–હિડંબાથી ઉત્પન્ન થયેલો ભીમનો પુત્ર. ભીમરૂપ=ભયંકર રૂપ; અને ભીમના જેવું રૂપ. ૬. નીલકંઠ=મયૂર; મહાદેવ. ચંદ્રક=મયૂરપિચ્છના ચાંલ્લા; અને નાનો ચંદ્ર. ૭. મહાવરાહ=મ્હોટું ડુક્કર; વરાહાવતાર. ૮. બંદી=સ્તુતિ પાઠકો; અને હઠથી પકડી આણેલી સ્ત્રિયો. ૯. રક્તલુબ્ધક–(સેનાપતિને) રક્ત–અનુરક્ત, લુબ્ધ– પારધી હતા; રાક્ષસ રક્ત–લોહી–નો લુબ્ધ–લોભી હોયછે. ૧૦. નિષાદ=ભીલ વિ૰ હલકી જાતિના લોક; તે નામનો સંગીતસ્વર. ૧૧. મહિષ=પાડા; તે નામનો અસુર.
૧૨. અત્રેથી વિરોધાલંકાર શરૂ થાયછે. વય=ઉમ્મર; પક્ષિયો.
૧૩. સારમેય=સાર–ધન, અને મેય–મપાય તેવું, અન્ન વિ૰. વિરોધ શમાવતાં સારમેય=કુતરા. ૧૪. કૃષ્ણ=શ્રીકૃષ્ણ; કાળો. સુદર્શન=એ નામનું કૃષ્ણનું ચક્ર; સારૂં રૂપ. ૧૫. દુર્ગ=કીલ્લો. વિરોધ શમાવતાં 'દુર્ગા' શબ્દ લેવાનોછે. તેનો અર્થ–ચંડિકાદેવી. ૧૬. ક્ષિતિધર-પાદ=

જાણે સહોદર હતો. કલિયુગનો જાણે તે સારથિ હતો, ને ભયંકર છતાં પણ તેના અતિશય બળને લીધે તે ગંભીર જેવો દેખાતો હતો.

(આ બધું જોઈ) મ્હારા મનમાં વિચાર આવ્યો કે—અહો! આ લોકનું જીવિત મોહપ્રાય છે, અને એમનાં કર્મ સાધુ જનોથી નિન્દિત છેઃ કારણ કે પુરુષ-માંસનું બલિદાન આપવામાં એ લોક ધર્મ માનેછે. સુજ્ઞ પુરુષોએ નિન્દેલા મધુમાંસાદિનો આહાર કરેછે. મૃગયા એજ એમનો શ્રમ છે. શિયાળનું રડવું એજ એઓનું શાસ્ત્ર છે[1]. એમને સારા ખોટાનો ઉપદેશ કરનારા ઘૂડ છે. પક્ષિયો(ની ચેષ્ટા)નું જ્ઞાન મેળવવામાં એઓ ડહાપણ માનેછે. શ્વાન સાથે પરિચય રાખેછે. શૂન્ય અરણ્યોમાં એઓનું રાજ્ય છે. મદ્યપાન-ગોષ્ઠી, એજ એમનો ઉત્સવ છે. ક્રૂર કર્મ કરનારાં ધનુષ એમના મિત્ર છે. મુખમાં વિષ ભરેલા સર્પ જેવાં બાણ એમના સહાય છે. એમનું ગાયન મુગ્ધ મૃગોને નાશકારક છે. હઠથી પકડી આણેલી સ્ત્રિયોને એ પરણેલા છે. ક્રૂર વ્યાઘ્રોસાથે એમનો વાસ છે. પશુ-રુધિરથી એ દેવપૂજા કરેછે. માંસનું બલિદાન આપેછે. ચૌર્યથી જીવિકાનિર્વાહ કરેછે. સર્પ-મણિનાં આભૂષણ પેહેરેછે. વનગજ-મદનો અંગલેપ કરેછે. અને જે વનમાં વસેછે તેનેજ પૂરેપૂરૂં નિર્મૂલ કરી નાંખેછે.—એમ હું વિચાર કરતો હતો એટલામાંજ પેલો શબર-સેનાપતિ, વનમાં ભ્રમણ કરવાંથી ઉપજેલા શ્રમને દૂર કરવાની ઇચ્છાથી તેજ શીમળાના ઝાડ તળેની છાયામાં આવીને, પોતાનું ધનુષ્ નીચે મુકી, પરિજનોએ ત્વરાથી આણેલા પલ્લવાસન ઉપર બેઠો; અને એક જુવાન ભીલ, પેલા સરોવરમાં[2] સંભ્રમસહિત[3] ઉતરી, પોતાની પોશવડે પાણી હલાવી, તેમાંથી વૈદૂર્યમણિના રસ જેવું, પ્રલયકાળના સૂર્યકિરણના તાપથી ગળી પડેલા આકાશના કડકા જેવું, ચંદ્રમંડલમાંથી જાણે ટપકેલું, મૌક્તિક-રસ જેવું, અતિ સ્વચ્છ હોવાને લીધે માત્ર સ્પર્શથીજ જણાય તેવું, હિમ જેવું ઠંડું, અને કમલ-

---

પૃથ્વીને ધારણ કરનાર—રાજા—ના પગ; અને પર્વતની ટેકરીઓ.

૧. ચોર લોકો જયારે ચોરી કરવા નીકળેછે ત્યારે, એમ કહેવાયછે કે તેઓ શકુન જુવેછે, તેમાં જો શિયાળ જમણી બાજુએ રોતું હોય તો ખોટું અને ડાબી બાજુએ રૂવે તો સારૂં એમ માનેછે. ૨. અર્થાત્ પમ્પા નામનું—ઉપર કહેલું સરોવર. ૩. ઝટપટ.

કળિયોની રજથી સુગંધિ થયેલું જલ,, કમલપત્રપુટમાં ભરીને, તરત ચુંટેલી તથા કાદવ ધોઈ નાંખ્યાથી નિર્મલ થયેલી મૃણાલિકાઓ[1] સાથે લેઈ આવ્યો. જલપાન કીધા પછી તે સેનાપતિએ, રાહુ જેમ ચંદ્રકળાનું ભક્ષણ કરે તેમ પેલી મૃણાલિકા ધીમે ધીમે ખાધી. પછી વિશ્રાન્ત થયો એટલે તે ઉઠ્યો અને આખું સૈન્ય પણ જલપાન કરી, તેની પછવાડે, ધીરે ધીરે, બીજી મનગમતી દિશામાં ગયું.

પણ તે ભીલ લોકોના ટોળામાંથી એક વૃદ્ધ શબર, જેને હરિણમાંસ મળ્યું ન હતું, અને જે રાક્ષસ જેવો અતિભયંકર દેખાતો હતો તે, માંસ લેવાને અર્થે એજ વૃક્ષની નીચે થોડી વાર ઉભો રહ્યો. પછી જ્યારે સેનાપતિ દૃષ્ટિગોચરની બહાર ગયો ત્યારે, પક્ષિયોનું માંસ ભક્ષણ કરવાને લાલચુ શ્યેનના[2] જેવા તે વૃદ્ધ ભીલે તેની, રુધિરબિન્દુ જેવી રક્ત, અને કપિલ ભૂલતાના પરિવેષથી[3] ભયંકર લાગતી દૃષ્ટિવડે, અમારાં આયુષને જાણે પીતો હોય અને શુકકુળોના માળા જાણે ગણતો હોય તેમ, ઉપર ચઢવાની ઇચ્છાથી, ઘણા વખત સુધી તે વૃક્ષ ઉપર ઠેઠ મૂળથી જોયાં કર્યું. તેની દૃષ્ટિથી ભયભીત થયેલાં પોપટનાં ટોળાંના પ્રાણ તેજ ક્ષણે જાણે ઉડી ગયા! અકરુણને કંઈ અસાધ્ય નથીઃ કેમકે તે વૃક્ષ અનેક તાડ જેટલું ઉંચું હતું, અને આકાશને અડકતી શાખાઓ તેના શિખર ઉપર હતી, તોપણ જાણે પગથિયાં ઉપર ચઢતો હોય એમ તે સ્હેલાઈથી એના ઉપર ચઢી ગયો; અને ઉડવાની શક્તિવિનાનાં, કેટલાંક થોડાજ દિવસ થયાં જન્મેલાં, ગર્ભ જેવાં રાતાં, તથા શીમળાના ફુલની શંકા કરાવતાં[4]—કેટલાંકને પાંખો ફુટેલી તેથી કમલનાં કુંળાં પાંદડાં જેવાં દેખાતાં—કેટલાંક અર્કફલ[5] જેવાં—કેટલાંકની ચંચુકોટિ લાલ થવા માંડેલી તેથી, જરા ઉઘડેલી પાંખડિયોને લીધે રાતાં થયેલાં મુખવાળી કમલકળિયોની શોભા ધારણ કરતાં[6]—ને કેટલાંક, પોતાને વારંવાર થતા શિરઃકંપના વ્યાજમાં, જાણે ઉપાય કરવાને અસમર્થ હોવાથી, ના, ના,

---

૧. કમલનાં ખવાય એવાં કુંળાં કુંળાં મૂળ. ૨. શકરો, બાજ. ૩. ભૂલતા=ભમર, પરિવેષ=આસપાસ પડતો ગોળ પ્રકાશ. (Halo). ૪. સંદેહાલંકાર. આ વિશેષણો "પોપટનાં બચ્ચાં"ની સાથે યોજવાનાં છે. ૫. આકડાનાં ફલ. ૬. અત્રે મંમટનો કહેલો બીજા પ્રકારનો નિદર્શના અલંકાર છે.—બે વસ્તુઓ વચ્ચે સંબંધનો અસંભવ છતાં પણ ઉપમાવડે તે દેખાડ્યો હોય ત્યારે 'નિદર્શના'. અહીં 'બચ્ચાં' તથા

કહેતાં હોય એવાં¹—પોપટનાં બચ્ચાંને, એક એક જાણે તે વૃક્ષનાં ફલ ગ્રહણ કરતો હોય તેમ, શાખાઓના સંધિમાંથી અને કોટરોની અંદરથી લેઈ, પ્રાણથી વિમુક્ત કરી, તેણે ભૂમિ ઉપર નાંખ્યાં.

મ્હારા પિતાને, આવો મ્હોટો, અણચિન્તવ્યોજ પ્રાણહરણ કરતો, અને પ્રતીકાર વિનાનો ઉપદ્રવ આવી પડેલો જોઇ,બમણો કંપ થઈ આવ્યો. મરણભયથી ઉંચી અને ચંચલ થયેલી કીકીવાળી, વિષાદથી શૂન્ય (દૃષ્ટિવાળી) અને અશ્રુજલથી ભરાઈ ગયેલી પોતાની આંખને એમણે આમ તેમ જુદી જુદી દિશાઓમાં ફેરવવા માંડી. તાલુ એમનું સુકાઈ ગયું હતું; પોતાનું રક્ષણ કરવાને એ અસમર્થ હતા; અને શું કરવું તેની એમને સુઝ પડતી ન હતી તોપણ સ્નેહને લીધે મ્હારી રક્ષા કરવાને આકુળ હોવાથી, ત્રાસમાં સંધિયો નરમ પડ્યાથી શિથિલ થયેલી પોતાની પાંખોવડે મને ઢાંકી દઈ, તે કાળે એજ ઉપાય ઉચિત હતો એમ માની, પોતાના ખોળામાં મને લપેટીને એ બેશી રહ્યા. એટલામાં તે પાપી અને અતિ ક્રૂર ભીલે, શાખાઓની વચમાં વચમાં ચાલી, (અમારા) કોટર-દ્વાર પાસે આવી, જીર્ણ કૃષ્ણસર્પની ફેણ જેવો ભયંકર, વિવિધ વનવરાહની ચરબી તથા માંસની ગંધ મારતી હાથેલીવાળો, ધનુષ્‌ની દોરી ખેંચવાથી અંકિત થયેલા કાંડાવાળો, અને મૃત્યુ-દંડ જેવો તેનો ડાબો હાથ લાંબો કરી, વારંવાર ચંચુપ્રહાર કરતા અને મ્હોટી ચીસો પાડતા મ્હારા પિતાને બ્હાર ખેંચી કાઢી, એમના પ્રાણ લીધા. પણ મ્હારૂં શરીર ઘણું નાનું હતું, અંગ બધાં ભયથી સંકોચાઈ ગયાં હતાં, અને આયુષ્ બાકી રહેલું તેથી, મને તો તેણે પાંખોમાં ભરાયેલો મુદ્દલ જોયો નહિ. મુવેલા મ્હારા તાતને લથડતી ડોક અને ઉંધે મ્હોંએ તેણે નીચે ભૂમિઉપર નાંખ્યા; અને એમના પગ વચ્ચે મ્હારી ડોક આવી હતી, તથા છાનોમાનો એમના ખોળામાં હું ભરાઇ રહ્યો હતો તેથી હું પણ એમની સાથેજ નીચે પડ્યો. શેષ રહેલા કંઈક પુણ્યથી હું, પવનવડે થયેલા, પાંદડાંના મ્હોટા ઢગલાઉપર પડ્યો હતો એમ મને માલમ પડ્યું; અને તેથીજ મ્હારાં ગાત્રો ભાગી ન ગયાં. શુષ્કપત્રના જેવોજ મ્હારો રંગ હતો તેથી મ્હારૂં શરીર સ્પષ્ટ દેખાતું ન હતું; અને પેલો શબર, વૃક્ષના શિખર ઉપરથી નીચે આવ્યો ન હતો એટલામાં તો હું,

---

'કળિયો' વચ્ચે સંબંધ નહિ છતાં પણ 'શોભા ધારણ વિ૦' કહીને તે બતાવ્યો છે. ૧. અલંકાર સારૂ જુઓ પૃષ્ઠ૦૬ ઠું નોટ ૭ મી.

દુષ્ટ જેવો, મ્હારા મરી ગયેલા પિતાએ આવા પ્રાણત્યાગ-યોગ્ય કાળે પણ છોડી દેઈ, કાલાન્તરે ઉત્પન્ન થનાર સ્નેહરસથી મ્હારી કાચી ઉમ્મરને લીધે કેવળ અજાણ્યો હોવાથી, તથા જન્મથી સાથે આવેલા ભયવડે-જ અતિશય પીડાયાથી, જરા જરા આવેલી મ્હારી પાંખોઉપર ટેકા દેતો દેતો, અને આમ તેમ લોટતો લોટતો, મૃત્યુના મુખ-વિવરમાંથી જાણે નીકળ્યો હોઉં એમ માની, જરા દૂર ઉગેલા એક અતિ મહાન્ તમાલવૃક્ષનાં, સૂર્યકિરણ પણ પેસી શકે નહિ એવાં અતિગહન મૂળમાં, જાણે બીજા પિતાનો ઉત્સંગ હોય એમ પેસી ગયો. તે ઝાડનાં પલ્લવનાં શબરસુંદરીઓ કર્ણપૂર પેહેરતી હતી. બલરામના વસ્ત્ર જેવી તેની નીલ છાયાથી તે જાણે શ્રીકૃષ્ણના શરીરની કાન્તિને હસી કાઢતું હતું. યમુના-જલના કડકાનાંજ જાણે તેનાં પાંદડાં બનાવેલાં હતાં[1]. તેનાં પલ્લવઉપર, જાણે વનગજનું મદજલ છાંટેલું હતું. વિંધ્યાટવીના કેશપાશની શોભા-ને તેણે ધારણ કરેલી હતી[2], અને દિવસે પણ તેની શાખાઓની વચ્ચે વચ્ચે અંધકાર વ્યાપી રહેતો હતો.

પછી તે ભીલ, વૃક્ષ ઉપરથી ઉતરીને તરતજ, ભૂમિઉપર છૂટાં છૂટાં પડેલાં શુકશિશુઓને ભેગાં કરી, એક લતાપાશમાં વીંટી, પત્રપુટમાં બાંધી, સેનાપતિ ગયો હતો તેજ માર્ગે અને તેજ દિશામાં ઉતાવળો જતો રહ્યો. મને હવે જીવવાની આશા રહી; પરંતુ તરત થયેલા પિતૃમરણના શોકથી મ્હારૂં હૃદય બળી ગયું હતું, અતિ ઉચ્ચ સ્થલેથી પડેલો માટે શરીરમાં કળતર થતું હતું, અને ત્રાસથી કમ્પ છૂટતો હતો તેવામાં, સર્વ અંગમાં તાપ ઉત્પન્ન કરતી, મને ઘણીજ તૃષા લાગી. તેથી, હવે તો એ ચંડાલ ઘણેજ દૂર ગયો હશે એમ વિચારી, ડોક જરા ઉંચી કરી, ભય-ચકિત દૃષ્ટિથી સર્વ દિશાઓ મેં નિહાળી; અને તૃણ સરખું પણ ખડ-ખડે તોએ, રખેને એ પાછો ફર્યો હોય! એમ પગલે પગલે તેજ ઘાતકી પુરુષને જોતાં જોતાં, એ તમાલવૃક્ષનાં મૂળમાંથી નીસરી, જલાશયપાસે જવાનો મેં યત્ન કર્યો.

મને પાંખો (પૂરી) આવી ન હતી તેથી મ્હારા ચરણ અતિ સ્થિર પડતા ન હતા. ઘડી ઘડી હું મ્હોંએ લથડી પડતો. ઘણીવાર જ્યારે હું

---

૧. યમુનાનું જલ શ્યામ છે એમ કહેવાયછે. જુઓ પૃષ્ઠ ૧૧, લીટી ૧૦ અને ૨૨ મી; પૃ. ૩૦, લી. ૧૦; વિ૦. ૨. અલંકાર નિદર્શના છે. લક્ષણ સારૂ જુઓ પૃષ્ઠ ૪૧, નોટ ૬.

વાંકો થઈ જઈ પડવાની તૈયારીમાં આવતો ત્યારે એક પક્ષ-કોટિથી મ્હારૂં રક્ષણ કરતો. ભૂમિ ઉપર ચાલવાથી હું શ્રાન્ત થઈ જતો હતો. અભ્યાસ નહિ તેથી એક એક ડગલું ભર્યા પછી પણ વારે વારે ઉંચું જોતો હતો. મ્હોટા મ્હોટા નિશ્વાસ મુકતો હતો ને ધૂળથી ધૂસર થઈ ગયો હતો તેવામાં, ચાલતે ચાલતે મને વિચાર થયો કેઃ—જગત્‌માં અતિ કષ્ટ દશામાં પણ પ્રાણિયોની પ્રવૃત્તિ જીવવા ઉપરથી ઉઠી જતી નથી. આ સંસારમાં સર્વ જન્તુઓને જીવવા કરતાં બીજું કંઈ વધારે વ્હાલું નથી; કેમકે, જેનું નામ સ્મરણ કર્યાથી સુખ થાય એવા મ્હારા પિતા આમ મરણ પામ્યા છતાં હું હજી સાજો સમો ફરૂંછું! ધિક્કાર છે મને અકરૂણને—અતિ કઠિનને—પિતૃમરણનો શોક સહન કરે એવા દારૂણને, કે હું (હજી પણ) જીવુંછું, ને ઉપકારને પણ ગણતો નથી! ખરેખર મ્હારૂં હૃદય ખલ છે! મ્હારી માતાનો પરલોક-વાસ થયા પછી, પોતાના શોકનો ઉભરો શમાવી, મ્હારા જન્મદિવસથીજ, પિતાએ પોતે વૃદ્ધ છતાં પણ, જયાંસુધી જીવ્યા ત્યાંસુધી સ્નેહને લીધે મને ઉછેરવાના અતિ મહાન્ શ્રમને પણ ન ગણતાં, વિવિધ ઉપાયો કરી મને મ્હોટો કર્યોછે—તે બધું હું એકદમ ભુલી ગયો! ખરે આ પ્રાણ અતિ કૃપણ છે કે તેઓ આવા ઉપકારી પિતાના મોત પછી હજી પણ તેની પછવાડે જતા નથી! સર્વથા જીવિત-તૃષ્ણા કોઇને વશ નથી કરતી એમ નથી; કારણ કે હું આવી અવસ્થામાં આવી પડ્યોછું તોપણ હજી જલ પીવાની ઇચ્છા મને પીડેછે. હું તો એમ ધારૂંછું કે પિતૃમરણનો શોક મેં ગણ્યો નહિ એવો હું નિર્દય થયો માટે-જ મને જલપાન કરવાની બુદ્ધિ સુઝી છે. હજી સરોવરનું તીર તો દૂર હશે; કારણ કે જલદેવતાના નૂપુરરવ જેવો આ કલહંસનો ધ્વનિ હજી ઘણો દૂર લાગેછે. સારસ પક્ષિયોનો સ્વર અસ્ફુટ સંભળાયછે. અને અંતર ઘણો હશે માટે આ કમલસમૂહનો પરિમલ દિશાઓમાં ફેલાઈ જવાથી વિરલ વિરલ આવેછે. વળી દિવસની આ દશા અતિ કષ્ટદાયક છે; શાથી કે, ગગનતલના મધ્યભાગમાં આવીને સૂર્ય પોતાના કિરણોથી, અગ્નિની ધૂળ જેવો, ભડભડતો તાપ બધે નિરંતર પાથરી દેછે. તાપના સ્પર્શથી ધૂળ તપી જવાથી પગ પણ ન મુકાય એવી ભૂમિ અધિક અધિક તૃષા ઉત્પન્ન કરેછે. અતિ પ્રબલ જલતૃષ્ણાથી ખિન્ન થયેલાં મ્હારાં અવયવો હવે જરા પણ ચાલી શકે તેમ નથી. મ્હારો આત્મા મ્હારા હાથમાં નથી.

હૃદય હારી જાયછે અને ચક્ષુમાં અંધકાર વ્યાપેછે; રખેને ખલ વિધિ, મ્હારી ઇચ્છા ઉપરાંત પણ હમણાં મોત આણે!

હું એમ ચિન્તન કરતો હતો તેવામાં, એ કમલ-સરોવરથી જરા દૂર આવેલા તપોવનમાં વસતા જાબાલિ નામે મહા તપસ્વી મુનિનો હારીત નામે કુમાર તેજ માર્ગે થઇને સ્નાન કરવાસારૂ જતો હતો. સનત્કુમારની[1] પેઠે તેનું અંતઃકરણ સર્વ વિદ્યાથી વિશુદ્ધ થયું હતું. તેની પાછળ, સમાન વયના બીજા ઋષિકુમારકો આવતા હતા. જાણે બીજો સૂર્ય દેવતા હોય તેમ અતિશય તેજને લીધે તેની મૂર્તિ સામુ જોઈ શકાય તેમ ન હતું. ઉગતા રવિમંડલમાંથી તે જાણે કોરી કાઢેલો હતો. વિજળીઓથી જાણે તેનાં અવયવ રચેલાં હતાં. તપ્ત-કનકરસનો જાણે તેના શરીર ઉપર લેપ કર્યો હતો. તેની જરા પીળી તથા ધોળી, ઝગઝગતી દેહ-પ્રભાથી, દિવસને તે જાણે બાલ-સૂર્ય-યુક્ત દેખાડતો હતો, અને વનમાં જાણે દાવાનલ લાગ્યો હોય એમ દર્શાવતો હતો. તેની જટા, તપાવેલા લોહ જેવી લાલ, અનેક તીર્થસ્નાનથી પવિત્ર, અને સ્કંધદેશ ઉપર લટકતી હતી; શિખાકલાપ તેણે બાંધી રાખ્યો હતો; તેથી ખાંડવ વન બાળવાની ઇચ્છાએ કપટમાં વિપ્રનો વેશ ધારણ કરનાર અગ્નિદેવ જેવો તે દેખાતો હતો[2]. તપોવનની દેવતાના નૂપુર જેવું, ધર્મશાસનના કટક જેવું, શોભાયમાન, સ્ફટિક અક્ષવલય[3] તેના જમણા કર્ણમાં લટકતું હતું. સર્વ સાંસારિક વિષયોપભોગમાંથી નિવૃત્તિ મેળવવાસારૂ લલાટમાં કરેલા ત્રિસત્ય[4] જેવા ભસ્મત્રિપુંડ્રથી તે અલંકૃત હતો. આકાશમાં ઉડવાસારૂ ઉંચું જોઇ રહેલા બગલા જેવું, તથા જાણે સ્વર્ગમાર્ગ દેખાડતું હોય એમ અહર્નિશ ઉંચી ગ્રીવા રાખતું, સ્ફટિકમણિનું કમંડલ તેણે ડાબા હાથમાં પકડેલું હતું. તપસ્તૃષ્ણાને લીધે પીધા પછી અંતર્માંથી બ્હાર નીકળી આવતા ધુમાડાના ગોટા જેવું[5] ફીકા કાળા રંગનું, તેના સ્કંધ ઉપર લટ-

---

૧. બ્રહ્માનો પુત્ર. ૨. જટા છૂટી હતી પણ તેમાંનો કેટલોક વચલો ભાગ શિખા તરીકે બાંધ્યો હતો. અર્જુન જ્યારે ખાંડવ વન બાળવા ગયો ત્યારે અગ્નિ પોતે વિપ્રનો વેશ લેઇને છાનોમાનો તેની પછવાડે, સાહાય્ય કરવાને ગયો હતો એ વાત ભારતના આદિપર્વમાં છે.

૩. કટક=કડું. અક્ષવલય=અક્ષ-રુદ્રાક્ષ-નું વલય. ૪. કાયિક, વાચિક, અને માનસિક સત્ય. ૫. મુનિલોક અગ્નિસમીપ તપશ્ચર્યા કરે માટે ધૂમ શરીરમાં જાય.

કતું કૃષ્ણમૃગચર્મ, તેના શરીરની આજુબાજુ વીંટળાયેલું હતું. અભિનવ મૃણાલસૂત્રનું જાણે બનેલું હોય તેવું, ઝીણું હોવાને લીધે પવનથી હાલતું, ને નિર્માંસ તથા વિરલ પાર્શ્વના અસ્થિપંજરને જાણે ગણતું હોય એવું, વામસ્કંધ ઉપર આવી રહેલું યજ્ઞોપવીત તેને શોભાવતું હતું. એક ખાખરાના દંડની ટોચ ઉપર તેણે દેવપૂજાસારૂ લીધેલાં વનલતા-કુસુમથી ભરેલો પડિયો બાંધીને તેને જમણા હાથમાં પકડ્યો હતો. શૃંગાગ્રથી ખોદેલી સ્નાન-મૃત્તિકા ઉચકતું, પરિચિત થઈ ગયેલું, નીવારમુષ્ટિથી[1] ઉછેરેલું, તથા દર્ભ, પુષ્પ, અને લતાઓમાં પોતાની લોલ દૃષ્ટિ ફેરવતું[2], તપોવનનું એક હરિણ તેની પાછળ ચાલતું હતું. વૃક્ષની પેઠે તે મુનિકુમારની કાયા કોમળ વલ્કલથી ઢંકાયેલી હતી. ગિરિના જેવો તે મેખલાયુક્ત હતો[3]. રાહુની સમાન તે વારંવાર સોમનો સ્વાદ લેતો હતો[4]. કમલસમૂહની પેઠે તે સૂર્યકિરણને પીતો હતો[5]. નદીના તટવૃક્ષની પેઠે તેની જટા સર્વદા જલમાં ધોવાયાથી નિર્મલ થયેલી હતી[6]. હાથીના બચ્ચાની સમાન તેના દાંત વિકસિત-કુમુદપત્ર[ના] શકલ[જેવા] શ્વેત હતા.[7] અશ્વત્થામાની પેઠે તે કૃપાનુગત હતો[8]. નક્ષત્રરાશિના જેવો તે ચિત્રમૃગ[ની] કૃત્તિકા[ના]શ્લેષથી શોભતો હતો[9]. ગ્રીષ્મ દિવસની પેઠે તેનામાં દોષ[ા]નો ક્ષય હતો[10]. મેઘસમયની પેઠે તેનામાં રજઃપ્રસર થતો ન હતો[11]. વરુણની સમાન તે જલમાં વાસ કરતો હતો[12]. વિષ્ણુની પેઠે તેણે નરકભયનું નિવારણ કર્યું હતું[13]. રજનીના આરંભની પેઠે તેના તારા સંધ્યા-

---

૧. નીવાર=એક જાતનું ધાન્ય. ૨. અર્થાત્ દર્ભ વિગેરે ખાવાની ઇચ્છાથી. ૩. 'મેખલા'ના બે અર્થ સારૂ જુઓ પૃ. ૧, નોટ ૧ અને પૃ. ૧૨, નો. ૨. ૪. સોમ=તે નામની લતાનો રસ; ચંદ્ર. ૫. ઊર્ધ્વ મુખે તપ કરવાથી કુમાર એ કિરણોનું પાન કરતો હતો; અને કમલનો સમૂહ સૂર્યકિરણથીજ ખીલેછે. ૬. જટા=મસ્તક ઉપરના વાળ; અને વૃક્ષનાં મૂળ. ૭. કુમારના દાંત કુમુદપત્રના શકલ—કડકા—જેવા શ્વેત. હાથીના બચ્ચાના દાંત, શકલવડે શ્વેત. ૮. કૃપાનુગત=કૃપા—દયા—ને અનુગત=કૃપાળુ; અને કૃપ નામનો અશ્વત્થામાનો આચાર્ય તેને વિ૦.

૯. ચિત્રમૃગની કૃત્તિકા—ચર્મ, તે બાંધ્યાથી મુનિકુમાર શોભતો હતો; અને ચિત્રા, મૃગ (-શિરા), કૃત્તિકા, અને આશ્લેષા એ નામનાં નક્ષત્રો આકાશમાં છે. ૧૦. દોષ=અવગુણ; દોષા=રાત્રિ. ૧૧. રજઃ=રજોગુણ, અને ધૂળ. ૧૨. અર્થાત્ તપશ્ચર્યા માટે. ૧૩. નરક=નરક લોક; અને નરકાસુર જેને વિષ્ણુએ માર્યો હતો.

પિંગલ હતા[1]. પ્રભાતકાળની સમાન તે **બાલાતપ-કપિલ** હતો[2]. સૂર્યરથની પેઠ તેનું **અક્ષચક્ર** નિયમમાં હતું[3]. બુદ્ધિમાન્ રાજાની પ્રમાણે તેણે ગૂઢ **મંત્રસાધનથી વિગ્રહનો** ક્ષય કર્યો હતો[4]. સમુદ્રની પેઠ તેને વિકરાલ **શંખમંડલ** [અને] **આવર્ત** ગર્ત[માં] હતો[5]. ભગીરથની પેઠ તેણે **ગંગાવતારનું** દર્શન કર્યું હતું[6]. ભ્રમરની સમાન તે વારંવાર **પુષ્કરવનમાં** વાસ કરતો હતો[7]. વનચર છતાં પણ તેણે **મહાલયમાં** પ્રવેશ કીધો હતો[8]. **અસંયત** છતાં પણ તે **મોક્ષની** ઈચ્છા રાખતો હતો[9]. **સામનો** પ્રયોગ કરવા છતાં પણ તે સર્વદા **દંડ** ગ્રહણ કરતો હતો.[10] નિદ્રાવશ હોય ત્યારે પણ તે **પ્રબુદ્ધ** રહેતો[11]. અને તેનાં બંને નેત્ર છતાં તેણે **વામ લોચનનો** પરિત્યાગ કીધેલો હતો[12].

સત્યજ છે કે સત્પુરુષોનાં અંતઃકરણ ઘણું કરીને સર્વદા અકારણ મિત્ર થઈ પડેછે અને અતિકરુણાર્દ્ર હોયછે; કેમકે જ્યારે એ મુનિકુમારકે મને એવી અવસ્થામાં જોયો ત્યારે એને દયા આવી, અને પોતાની પાસે ઉભેલા એક ઋષિકુમારને એણે કહ્યું કેઃ—આ પોપટના બચ્ચાને પાંખો તો હજી આવી નથી એટલામાં એ કોણ જાણે કેમ આ વૃક્ષની ટોચ ઉપરથી પડી ગયું છે. અથવા તો શ્યેનના મુખમાંથી નીચે પડી ગયું

---

૧. તારા=ડોળા; અને આકાશના તારા. સંધ્યા-પિંગલ=સંધ્યા જેવા પિંગલ=પીળચટ્ટા; અને સંધ્યાકાળને લીધે પિંગલ ૨. બાલાતપ-કપિલ=બાલસૂર્ય જેવો કપિલ; અને બાલસૂર્ય પ્રકાશવડે કપિલ–પીળચટ્ટો. ૩. અક્ષચક્ર=ઈન્દ્રિયોનો સમૂહ; અક્ષ–રથની ધરી, અને ચક્ર=પૈડું. ૪. મંત્રસાધન=દેવની ઉપાસનામાં મંત્ર સાધવા; અને મંત્ર–રાજકાર્યની ગોઠવણ, સાધન–સૈન્ય. વિગ્રહ=શરીર; યુદ્ધ. ૫. કુમારને શંખમંડલ–લલાટ અને શ્રવણ વચ્ચેના ભાગ–માં, આવર્ત–જલભ્રમર–જેવો, ગર્ત હતો. એ તપસ્વિલક્ષણ ગણાયછે. સમુદ્રના ગર્ત–અગાધ પ્રદેશ–માં, શંખમંડલ, અને આવર્ત–જલભ્રમર હોય. ૬. ગંગાવતાર=તે નામનું તીર્થ; અને ગંગા નદીનું ઉતરવું. ૭. પુષ્કરવન=પુષ્કર નામે તીર્થ અને વન–અરણ્ય; (ભ્રમર સાથે લેતાં) કમલસમૂહ. ૮. વિરોધાલંકાર. મહાલય=મેહેલ, અને બ્રહ્મમાં લય. ૯. અસંયત=બંધનરહિત; અને અ–વિષ્ણુ–તેમાં લીન થયેલો. મોક્ષ=બંધનમાંથી છૂટવું; અને મુક્તિ. ૧૦. સામ=સામ, દાન, દંડ અને ભેદ એમાંનો પેહેલો ગુણ; દંડ–ત્રીજો ગુણ. વિરોધ શમાવતાં સામ=સામવેદનાં ગાન; અને દંડ=લાકડી એ અર્થ લેવા. ૧૧. પ્રબુદ્ધ=જાગતો; અને આત્મ-સ્વરૂપ જાણતો. ૧૨. વામ લોચન=ડાબી આંખ; અને કુદૃષ્ટિ.

હશે. કેમ જે અતિ ઉચ્ચ સ્થલેથી પડવાથી એનામાં હવે થોડોજ જીવ રહેલોછે. નેત્ર મીચીને એ વારંવાર અતિસ્ફુટ હાંફેછે. ઘડી ઘડી એ મ્હોંઉપર લથડેછે. વારે વારે પોતાની ચાંચને એ ઉઘાડેછે, અને એની ડોકને આધાર આપવાની (પણ) એનામાં શક્તિ નથી. માટે ચાલ, એનામાં હજી પ્રાણ છે એટલામાં એને ઉચકી લેઇને પાણીની પાસે મુક. એમ કહીને તે મુનિકુમાર પાસે મને સરોવરની તીરે લેવરાવ્યો. પછી જલ પાસે જઈ, એક કોરે પોતાનો દંડ તથા કમંડલ મુકી, પોતે મને ઉચકી લાવ્યો, અને જોકે મેં સર્વ પ્રયત્ન છોડી દીધો હતો[1] તોપણ મ્હારૂં મ્હોં ઉંચું કરી, પોતાની આંગળીથી એણે મને કેટલાંક પાણીનાં ટીપાં પાયાં; પાણીની છોળથી મને ન્હવરાવ્યો, અને જ્યારે મ્હારામાં નવો પ્રાણ આવ્યો ત્યારે, તીરપાસે ઉગેલા કમલપત્રની, જલથી શીતલ થયેલી છાયામાં મને મુકી, એણે યથાયોગ્ય સ્નાનવિધિ કરી. સ્નાનને અંતે, અનેક પ્રાણાયામ કરીને પવિત્ર થઇ, અઘમર્ષણનો[2] જપ કરી, ઉંચું મુખ કરી, નલિનીપત્રપુટવડે, તરત ચુંટેલાં રક્તકમલના, સૂર્ય દેવતાને અર્ઘ આપીને એ ઉભો થયો. પછી ધોયેલું શ્વેત વલ્કલ પેહેરવાથી, ચંદ્રિકાયુક્ત સંધ્યાતપ જેવો શોભતો એ કુમાર પોતાની હાથેલી વડે જટાને ખંખેરીને સ્વચ્છ કરી, કમંડલમાં કમલના રેસાથી સુગન્ધિ તથા પવિત્ર સરોજલ ભરી, મને લેઇને તપોવન તરફ ધીરે ધીરે (પાછો) ગયો; અને તરત સ્નાન કર્યાથી ભીની રહેલી જટાઓવાળા ઋષિકુમારોનું આખું ટોળું (પણ) તેની પછવાડેજ ચાલ્યું.

એ સરોવરથી અમે બહુ દૂર ગયા ન હતા એટલામાં તો મેં એક અતિ રમણીય, અને બીજો જાણે બ્રહ્મલોક હોય એવો આશ્રમ જોયો. પ્રત્યેક દિશામાં ખીચોખીચ ઉગેલાં વૃક્ષનાં વનથી તે ઢંકાઇ ગયેલો હતો. એ અરણ્યોમાં સર્વદા કુસુમ તથા ફળ પડેલાંજ રહેતાં હતાં; તાલ, તિલક, તમાલ, હિંતાલ અને બકુલ વૃક્ષો તો ત્યાં પુષ્કળ હતાં; નાળિયેરિયોના જથામાં એલાયચીના છોડ વીંટળાયલા હતા; લોધ્ર, લવલી, અને લવંગનાં પલ્લવ ત્યાં હાલ્યાં કરતાં હતાં; આમ્રવૃક્ષની (માંજરોની) ધૂળ ઉંચે ઉડતી હતી; ભ્રમરકુળના ગણગણાટથી આંબાઓ ઝણકી રહ્યા હતા; મદમત્ત કોકિલ-

1. અર્થાત્ હું હાલતો કે ચાલતો ન હતો. 2. સંધ્યાવંદન કરનાર સર્વ બ્રાહ્મણોને એ (आपोहिष्ठा वि०), ઋગ્વેદના દશમા મંડલમાં કહેલા મંત્ર યાદ હશેજ.

કુલના કલાપનો ત્યાં કોલાહલ થઈ રહ્યો હતો; પ્રફુલ્લ કેવડાની રજના ઢગથી તે અરણ્યો પીળાં દેખાતાં હતાં; સોપારીની લતારૂપી હિંદોળાઉપર વનદેવતાઓ હીંચતી હતી; અને ત્યાં ખરતા તારાગણ જેવો અધર્મ-વિનાશ-સૂચક, પવનથી હાલેલો, તથા અતિ ધવલ કુસુમસમૂહ વારંવાર પડતો હતો.[1] ચકિત થયા વિના દોડતા સેંકડો કૃષ્ણ મૃગોથી વિચિત્ર દેખાતી, પ્રફુલ્લ કમલિનીઓથી રાતી, મારીચ નામના માયા-મૃગે[2] કરડેલાં મ્હોટી લતાઓનાં પત્રવાળી, અને રામની ધનુષ્કોટિના પ્રહારથી ઉખડી ગયેલાં મૂળને લીધે પડેલાં વિવરવડે વિષમ થયેલાં તળવાળી, દંડકા અરણ્યની ભૂમિયો તે આશ્રમના પ્રાન્ત ભાગને શોભાવતી હતી. સમિધ્, દર્ભ, પુષ્પ અને મૃત્તિકા લેઈ સર્વ દિશાઓમાંથી આવતા, તથા મ્હોટે સ્વરે પાઠ ગોખતા શિષ્યોની આગળ ચાલતા મુનિયો તેની પડોશમાં દેખાતા હતા. જલકલશ ભરતાં થતા ધ્વનિને ત્યાંનાં મયૂરમંડલ ઉંચી ડોકે સાંભળતાં હતાં. અહર્નિશ અપાતી ઘીની આહુતિથી સંતુષ્ટ થયેલા અગ્નિદેવોએ, સર્વ મુનિજનોને શરીર સહિતજ સ્વર્ગલોકમાં લેઈ જવાની ઇચ્છાથી, ઉંચે જતી ધૂમલેખાના આકારમાં, જાણે સ્વર્ગમાર્ગે જવાસારૂ ત્યાં નીસરણિયોનો સેતુ બાંધ્યો હોય એમ દેખાતું હતું[3]!! તેની સમીપ ચોતરફ આવી રહેલાં સરોવરની મલિનતા જાણે તપસ્વીઓના સમ્પર્કથી જતી રહી હતી; તેમના તરંગની પરંપરામાં સૂર્ય-પ્રતિબિમ્બની પંક્તિ પડેલી હતી તેથી, મુનિના દર્શનસારૂ આવેલું જાણે સપ્તર્ષિ-મંડલ[4] સ્નાન

---

૧. અહિં પુષ્પસમૂહ પડતો તેને તારાગણના ખરવાસાથે સરખાવવાનું પ્રયોજન એવું છે કે તે બંને ધોળા હોયછે, અધર્મ-વિનાશ-સૂચક હોયછે તથા પવનથી ચલિત થઈને પડેછે. છાંદોગ્ય શ્રુતિમાં એમ કહેલું છે કે જ્યાંસુધી પ્રાણિયોના પુણ્યનો ક્ષય થાય ત્યાંસુધી તેઓ ચંદ્રલોકમાં રહેછે અને પછી વાયુથી ચલિત થઈને મર્ત્યલોકમાં પડેછે. તારાઓને સત્પુરુષો તરીકે માનવામાં આવેછે, અને તેઓ જ્યારે ખરેછે ત્યારે કોઈ મ્હોટો પુરુષ પડયો એમ ઘણીવાર લોકો કહેછે. માટે તારાઓનું ખરવું, અધર્મ—ધર્મ જેમનો ક્ષીણ થઈ ગયોછે એવા પુરુષો—નો વિનાશ—મર્ત્યલોકમાં પડવું—સૂચવેછે. એવી રીતે ઉપરનાં ત્રણે વિશેષણ ઉપમાન સાથે લેવાં. ઉપમેય સાથે લેતાં અધર્મ-વિનાશ=પાપનો ક્ષય, એ અર્થ લેવો કેમકે પુષ્પવૃષ્ટિ સર્વદા તેજ સૂચવેછે. ૨. મારીચ= તાડકાનો પુત્ર, જેણે માયાથી મૃગનું રૂપ ધારણ કર્યું હતું. ૩. અલંકાર સારૂ જુઓ પૃ૪ ૬ નોટ ૭. ૪. સપ્તર્ષિ=મરીચિ, અત્રિ, પુલસ્ત્ય, પુલહ,

કરતું હોય એમ લાગતું હતું; અને તેમાંનાં અતિ પ્રફુલ્લ કુમુદવન નિશા સમયે, જાણે ઋષિજનોની સેવા કરવાને નીચે ઉતરેલા ગ્રહગણ હોય એમ દેખાતાં હતાં. વનલતાઓ તેને, પવનથી નમતી પોતાની શિખાઓવડે જાણે પ્રણામ કરતી હતી! અહર્નિશ પુષ્પપાતવડે સર્વ વૃક્ષો તેની જાણે પૂજા કરતાં હતાં! પલ્લવરૂપી અંજલિ રચીને શાખાઓ તેની જાણે સેવા કરતી હતી! ત્યાં મુનિગૃહોનાં આંગણાંમાં શ્યામાક ધાન્ય સુકાવાને સારૂ પાથરેલું હતું. આમળી, લવલી, બોરડી, કેળ, નાનાં મ્હોટાં પનસ, આંબા, અને તાલ—એ વૃક્ષોનાં ફળ ત્યાં ભેગાં કરી રાખેલાં હતાં. બાળકો મ્હોટે સાદે ત્યાં પાઠ ભણતા હતા. શુકકુળો, વારંવાર સાંભળ્યામાં આવેલો 'વષટ્કાર' શબ્દ બોલ બોલ કરતાં હતાં.[1] અસંખ્ય સારિકાઓ વેદનો ઘોષ કરી રહી હતી. અરણ્યના કુકડા વૈશ્વદેવમાં આપેલું બલિદાન ખાતા હતા. પાસેની વાવમાં રહેતાં કલહંસનાં બચ્ચાં નીવાર ધાન્યના બલિદાનનો આહાર કરતાં હતાં. મુનિ-બાલકોને હરિણીઓ જિહ્વા-પલ્લવથી સ્પર્શ કરતી હતી. હવનમાં અર્ધા બળેલાં કુશ, સમિધ અને પુષ્પ ચડચડતાં હતાં. પથ્થરથી ભાગેલાં નાળીએરના પાણીથી ત્યાંનાં શિલાતલ ભીનાં થયેલાં હતાં. થોડાજ વખત ઉપર વટાયલાં વલ્કલના રસથી ભૂતળ લાલ થયું હતું. રક્ત ચંદનથી ચિત્રેલા સૂર્યમંડલ ઉપર, ત્યાં કણેર પુષ્પ ચઢાવેલાં હતાં. અહીં તહીં પાથરેલી ભસ્મલેખાઓવડે મુનિયોની ભોજનશાળાઓને આડ બાંધેલી હતી. હળી ગયેલા વાનરો, ત્યાંના વૃદ્ધ અને અંધ તપસ્વીઓની લાકડીઓ પોતાને હાથે ઝાલીને, તેમને બ્હાર લઈ જતા તથા અંદર પ્રવેશ કરાવતા હતા!! હાથીનાં બચ્ચાંએ અર્ધ ચાવ્યા પછી પડી ગયેલા, સરસ્વતીની ભુજ-લતામાંથી નીકળી ગયેલા શંખ-વલય જેવા, મૃણાલના કડકાઓથી તે આશ્રમ ચિત્ર

ક્રતુ, દક્ષ, અને વશિષ્ઠ–તેમના નામ ઉપરથી પડેલું સાત તારાનું ગુંછળું. કુમારસંભવ, સર્ગ ૬ શ્લો. ૪૯ માં કાલિદાસે પણ સપ્તર્ષિમંડલને રવિ-પ્રતિબિમ્બ સાથે સરખાવ્યું છેઃ—

> गगनादवतीर्णा सा यथावृद्धपुरःसरा ।
> तोयान्तर्भास्करालीव रेजे मुनिपरम्परा ॥

૧. વષટ્કાર=દેવને બલિદાન અથવા હોમ આપતી વખતે 'સ્વાહા' વિગેરે શબ્દ કહેછે તે. જુઓ સુ. ૨. ભા. પૃ. ૧૮૧.—

> नित्याकर्णनया शुकेन च पदं साम्नामिदं गीयते.

વિચિત્ર લાગતો હતો. ઋષિજનોને સારૂ હરિણો પોતાના શૃંગાગ્રથી વિવિધ કંદમૂળ ખોદતાં હતાં[૧]! વૃક્ષોના ક્યારાને વનગજો, જલથી ભરેલા પોતાના શુંડાગ્રથી પૂરતા હતા! ઋષિકુમારકો વનવરાહના દંતની વચમાં વચમાં ભરાઈ રહેલાં કમલકંદને ખેંચી કાઢતા હતા! પરિચિત થયેલા મયૂરો પોતાની પાંખોવડે પવન નાંખીને મુનિયોના હોમાગ્નિને સળગાવતા હતા! અમૃત-ચરુની[૨] મનોહર સુગંધ ત્યાં વ્યાપતી હતી. અર્ધ પક્વ પુરોડાશના[૩] પવિત્ર પરિમલથી તે આશ્રમ સુગન્ધિત થયો હતો. અગ્નિમાં અવિચ્છિન્ન ઘૃત-ધારાની આહુતિ અપાતી હતી તેના ઝણઝણાટનો શબ્દ (ચારે પાસ) નીકળી રહ્યો હતો. અતિથિવર્ગની ત્યાં સેવા કરાતી હતી. પિતૃદેવતાઓની પૂજા થતી હતી. હરિ, હર અને પિતામહનું અર્ચન થતું હતું. શ્રાદ્ધ-કર્મનો ઉપદેશ થતો હતો. યજ્ઞવિદ્યાનું વ્યાખ્યાન ચાલતું હતું. ધર્મશાસ્ત્રનું આલોચન થતું હતું. વિવિધ પુસ્તકોનો ત્યાં પાઠ ચાલતો હતો. સર્વ શાસ્ત્રાર્થનો વિચાર થતો હતો. પર્ણકુટિયો (બાંધવા)નો આરંભ થતો હતો. આંગણાં લીંપાતાં હતાં, ને મુનિગૃહો અંદરથી સ્વચ્છ કરવામાં આવતાં હતાં. વળી ત્યાં ધ્યાન થતું હતું, મંત્ર સધાતા હતા, યોગનો[૪] અભ્યાસ ચાલતો હતો, વનદેવતાઓને બલિદાનનું અર્પણ થતું હતું, મુંજ-મેખલા બંધાતી હતી, વલ્કલો ધોવાતાં હતાં, સમિધ્નો સંગ્રહ થતો હતો, કૃષ્ણમૃગચર્મ સ્વચ્છ કરવામાં આવતાં હતાં, ગવેધુકા[૫] લેવાતી હતી, કમલબીજ સુકવાતાં હતાં, અક્ષમાલા ગુંથાતી હતી, વેત્રદંડ[૬] મુકાતા હતા, પરિવ્રાજકોને સંસ્કાર અપાતો હતો, અને કમંડલમાં જલ ભરાતું હતું. વળી કળિકાળે તેને કદી જોયો ન હતો, અસત્યને તેનો પરિચય ન હતો, અને કામદેવે તેને પૂર્વે સાંભળ્યો (પણ) ન હતો. બ્રહ્માની પેઠે તેનું ત્રણે ભુવન વંદન કરતાં હતાં. વિષ્ણુની સમાન તેણે વરાહ અને નરસિંહ રૂપ પ્રકટ કર્યાં હતાં[૭]. સાંખ્યની પેઠે તેમાં કપિલ[।]નું અધિષ્ઠાન હતું[૮]. મથુરાના ઉપવનની પેઠે ત્યાં બળે કરીને

---

૧. જુઓ પૃ.૪૬,લી.૭મી. ૨.બલિદાન સારૂ ઉકાળવામાં આવતા ચોખા વિ૦. ૩. એક જાતનું બલિદાન. ૪. યોગ=ચિત્તવૃત્તિને અટકાવીને ધ્યાન કરવું તે. ૫. એક જાતનું ધાન્ય. ૬. જુઓ પૃષ્ઠ ૭. નોટ ૨. ૭. વરાહ, નર, સિંહ, અને રૂપ–મૃગ–એ સર્વ આ આશ્રમમાં હતાં; અને વિષ્ણુએ વરાહ રૂપ તથા નરસિંહ રૂપ ધારણ કર્યાં હતાં. ૮. વેદાન્ત, ન્યાય, અને સાંખ્ય એવાં ત્રણ આપણાં શાસ્ત્ર છે, તેમાં સાંખ્યનો અધિષ્ઠાતા–

મદમત્ત ધેનુક[ા]નો નાશ થયો હતો.[1] ઉદયનની પેઠે તે વત્સ-કુલને આનંદ આપતો હતો.[2] કિંપુરુષ-રાજ્યની સમાન ત્યાં મુનિજનો જલ-કલશ લેઈને દ્રુમ ઉપર રેડતા હતા[3]. ગ્રીષ્મ ઋતુના અંતની પેઠે ત્યાં જલ-પ્રપાત પાસેજ હતો.[4] વૃષાકાળની પેઠે ત્યાં વનગહન મધ્યે હરિ સુખે સુતેલા હતા.[5] હનુમાન્‌ની સમાન તેણે શિલાઓના કડકાના પ્રહાર કરી કરીને અક્ષના અસ્થિ-સંચયનો ચૂરો કરી નાંખ્યો હતો.[6] ખાંડવ વન બાળવાને તત્પર થયેલા અર્જુનની પ્રમાણે ત્યાં અગ્નિકાર્યનો આરંભ થયો હતો.[7] સુરભિ વિલેપન છતાં પણ ત્યાં સર્વદા ધૂમની ગંધ નીસરતી હતી[8]. માતંગ-કુલનો વાસ છતાં પણ તે આશ્રમ પવિત્ર હતો.[9] સેંકડો ધૂમકેતુઓ ત્યાં દેખાતા હતા તથાપિ ઉપદ્રવ કંઈજ ન હતો.[10] અને ત્યાં દ્વિજપતિનું આખું મંડલ છતાં પણ પાસેના વૃક્ષોની ઝાડીમાં સર્વદા અંધકારજ રહેતો.[11]

વળી ત્યાં મલિનતા, માત્ર યજ્ઞ-ધૂમમાંજ હતી, (મનુષ્યનાં) ચરિતમાં ન હતી.[12] મુખરાગ પોપટોમાંજ હતો, કોપમાં નહિ.[13] તીક્ષ્ણતા દર્ભાગ્રમાંજ હતી, સ્વભાવમાં નહિ. ચંચલતા કદલી-પત્રમાંજ હતી, મનમાં નહિ. ચક્ષુરાગ કોકિલોમાંજ હતો, પરસ્ત્રીમાં નહિ.[14] કંઠગ્રહ

સ્થાપનાર—કપિલ કહેવાયછે. અહિં કપિલા=દુઝણી ગાય તેનો વાસ.
૧. ઉપવન=બાગ. બળ=તપોબળ; અને બળરામ. ધેનુકા=ગોંડી; ધેનુક=બળરામે મારેલા એક રાક્ષસનું નામ. ૨. ઉદયન, વત્સ નામની એક ક્ષત્રિય જાતિનો રાજા હતો માટે તે તેમને આનંદ આપતો; આ આશ્રમ વત્સ-કુલ—વાછરડાં—ને ગમતો. ૩. કિંપુરુષ=સ્વર્ગલોકની એક જાતિ; ત્યાંના નૃપતિનું નામ દ્રુમ હતું; આશ્રમમાં દ્રુમ=વૃક્ષ. ૪. જલ-પ્રપાત=જલ અને પ્રપાત—ખડક—આશ્રમમાં હતાં; જલ-પ્રપાત=જળનું આકાશમાંથી પડવું. ૫. વન ગહન=ગાઢ અરણ્ય; અગાધ જળ. હરિ=સિંહ; વિષ્ણુ. ૬. તેણે=તે આશ્રમે—અર્થાત્ આશ્રમવાસીઓએ. અક્ષના અસ્થિ=અક્ષ—તે નામનાં વૃક્ષફલ—ના અસ્થિ—ગોટલા; અને અક્ષ—રાવણનો પુત્ર—તેનાં હાડકાં. ૭. અગ્નિ-કાર્ય=હોમાદિ; અગ્નિથી થતું કાર્ય—બાળવું તે. ૮. વિરોધાલંકાર. સુરભિ વિ૦=સુવાસિત; (વિરોધ શમાવતાં) સુરભિ-ગાય—ના છાણથી લિંપેલો. ૯. માતંગ=ચંડાલ જાતિ; હાથી. ૧૦. ધૂમકેતુ=પુંછડિયો તારો જે અશુભ સૂચક ગણાયછે; કેતુ-ધ્વજ—જેવો ધૂમ. ૧૧. દ્વિજપતિ=ચંદ્ર; શ્રેષ્ઠ બ્રાહ્મણ. મંડલ=બિંબ; સમૂહ. ૧૨. મલિનતા=કાળાશ; પાપાદિ દોષ. (અલંકાર નિયમ-શ્લેષ વા પરિસંખ્યા.) ૧૩. મુખરાગ=મુખમાં રાગ—રતાશ; મુખઉપર લાલાશ. ૧૪. ચક્ષુરાગ=નેત્રમાં રતાશ; નેત્રાકર્ષક પ્રેમ.

કમંડલમાંજ હતો, રતિવિલાસમાં નહિ.[1] મેખલા-બંધ વ્રતમાંજ હતો, ઈર્ષ્યા-કલહમાં નહિ.[2] હોમની ગાયોનાંજ સ્તનને સ્પર્શ થતો હતો, સ્ત્રિયોનાં નહિ. પક્ષપાત કુકડાઓનોજ થતો હતો, વિદ્યા-વિવાદમાં તે ન હતો.[3] અગ્નિ-પ્રદક્ષિણા કરવામાંજ ભ્રાન્તિ હતી, શાસ્ત્રાર્થમાં નહિ.[4] વસુ-સંકીર્તન દિવ્ય કથાઓમાંજ થતું હતું, ધન-તૃષ્ણામાં નહિ.[5] રુદ્રાક્ષની માળાનીજ ગણના થતી હતી, શરીરની નહિ.[6] મુનિ-બાલનો નાશ ક્રતુ-દીક્ષાથીજ થતો હતો, મૃત્યુથી નહિ.[7] રામાનુરાગ રામાયણ-વડેજ થતો હતો, યૌવનવડે નહિ.[8] અને મુખઉપર ભંગવિકાર વૃદ્ધાવસ્થામાંજ થતા હતા, ધનાભિમાનથી નહિ.[9] તેમજ શકુનિ-વધ તો મહાભારતમાંજ હતો.[10] વાયુ-પ્રલાપ (વાયુ) પુરાણમાંજ હતો.[11] દ્વિજ-પતન વૃદ્ધાવસ્થામાંજ થતું હતું.[12] જાડ્ય ઉપવનનાં ચંદન વૃક્ષોમાંજ હતું.[13] ભૂતિ અગ્નિદેવોમાંજ હતી.[14] ગીત-શ્રવણનું વ્યસન મૃગોમાંજ હતું. નૃત્ય-પક્ષપાત મયૂરોનોજ હતો.[15] ભોગ સર્પનેજ હતો.[16] શ્રીફલનો પ્રેમ વાનરોનેજ હતો.[17] અને અધોગતિ માત્ર વૃક્ષનાં મૂળોનીજ હતી.[18]

---

૧. કંઠગ્રહ=કમંડલને નાળચેથી પકડવું તે; આલિંગન. ૨. મેખલા-બંધ=બ્રહ્મચર્યમાં મૌંજીબંધન થાયછે તે; અને રતિકલહસમયે સ્ત્રિયો પતિને (કવિયોના કહેવા પ્રમાણે) કેડના કંદોરાથી બાંધેછે તે. એવોજ વિચાર, પણ ઉલટી રીતે વાસવદત્તામાં પૃ. ૧૨૮ મે છેઃ—रसनाबंधो रतिकलहेषु. ૩. પક્ષપાત=પાંખોથી પડવું-ઉડવું; વાદી, પ્રતિવાદીમાંથી એક તરફજ વલણ રાખવું તે. ૪. ભ્રાન્તિ=ફરવું, ભમવું; અને ભ્રમણા (હોય કંઈ ને સમજવું કંઈ તે). ૫. વસુ=દેવગણનો ભેદ; દ્રવ્ય. સંકીર્તન=કીર્તન—વખાણ—કરવાં; ગણત્રી કરવી. ૬. ગણના=જપસમયે માળાની ગણત્રી કરવી તે; દરકાર. ૭. મુનિબાલ=મુનિયોના વાળ—નો નાશ, ક્રતુ—હોમ—ની દીક્ષા આપતી વખતેજ થતો હતો; પણ મુનિના બાલ—બાલકો—નો નાશ મૃત્યુથી થતો નહિ. ૮. રામાનુરાગ=રામઉપર પ્રીતિ, અને રામા—સ્ત્રી—ઉપર પ્રેમ. ૯. ભંગવિકાર=કરોચલી; મુખની અપમાનકારક ચેષ્ટા. ૧૦. શકુનિ=પાંડવોનો મામો; પક્ષિયો.—અર્થાત્ ત્યાં પક્ષિયોનો વધ ન હતો. એમ આગળ પણ સમજવું. ૧૧. વાયુ-પ્રલાપ=વાયુ દેવનો પ્રલાપ; વાયુવડે થતો પ્રલાપ—અનર્થક વચન. ૧૨. દ્વિજ=દાંત; બ્રાહ્મણ. ૧૩. જાડ્ય=શૈત્ય; મૂર્ખતા. ૧૪. ભૂતિ=રાખ, ભસ્મ; સંપત્તિ.—આ આશ્રમમાં સંપત્તિ ન હતી. ૧૫. નૃત્ય વિ૦=નૃત્યકાળે પક્ષ—પીછાં—નું પડવું—પથરાવું; નૃત્યમાં પક્ષપાત—આસક્તિ. ૧૬. ભોગ=ફેણ; સ્ત્રી-સુખાદિ. ૧૭. શ્રીફલ=બીલું; લક્ષ્મીનું ફળ. ૧૮. અધોગતિ=ભૂમિની અંદર જવું; નરકમાં

એ પ્રકારના આ આશ્રમના મધ્યભાગને શોભાવતું એક રક્ત અશોક વૃક્ષ હતું. તેને અલક્તક જેવાં રાતાં પલ્લવ હતાં. મુનિજનોએ તેની શાખાઓ ઉપર કૃષ્ણચર્મ અને જલપાત્ર લટકાવ્યાં હતાં. ઋષિ-કુમારિકાઓએ હરિદ્રાના ચૂર્ણથી તેના મૂલભાગ ઉપર અનેક થ્હોંચા પાડયા હતા. હરિણનાં બચ્ચાં તેની આસપાસના ક્યારાનું જલ પીતાં હતાં. મુનિકુમારકોએ તેને દર્ભ-વસ્ત્ર અને હાર બાંધ્યા હતા. ગાયના લીલા છાણથી તેની આજુબાજુનું ભૂતળ લીંપેલું હતું. તેજ ક્ષણે ત્યાં કુસુમનું બલિદાન આપેલું હતું તેથી તે રમણીય લાગતું હતું, અને તેનું કદ ઘણું મ્હોટું નહિ છતાં મંડલાકારને લીધે તેનો અવકાશ વિસ્તીર્ણ લાગતો હતો. એ અશોક વૃક્ષની નીચે છાયામાં મેં ભગવાન્ જાબાલિ મુનિને બેઠેલા જોયા. ભુવન જેમ સમુદ્રોથી, હેમાચલ જેમ કુલ-પર્વતોથી,[1] ક્રતુ યજ્ઞ-વહ્નિયોથી, પ્રલય-દિવસ જેમ સૂર્યદેવતાઓથી,[2] અને કાળ કલ્પોથી,[3] તેમ એ મુનિ અતિતપસ્વી મહર્ષિયોથી પરિવૃત હતા. ભયાનક શાપથી જાણે બ્હીતી હોય તેમ દેહ કંપાવતી, પ્રેમમાં લપટાઈ ગઈ હોય તેમ કેશનું ગ્રહણ કરતી, ક્રોધાયમાન થઈ હોય તેમ ભ્રૂભંગ કરતી, મદ્યપાન કીધું હોય તેમ ગમનમાં સ્ખલન કરતી, જાણે અલંકાર પેહેર્યા હોય તેમ તિલકને[4] પ્રકટ કરતી, અને વ્રત ગ્રહણ કીધું હોય તેમ ભસ્મ-ધવલ[5] દેખાતી વૃદ્ધાવસ્થાયે એમનું શરીર ધોળું કરી નાંખ્યું હતું. લાંબી તથા પળિયાંને લીધે શ્વેત થયેલી જે જટાઓ એમને શોભાવતી હતી તેઓ, તપવડે સર્વ મુનિજનને જીતીને પ્રાપ્ત કરેલી જાણે ધર્મ-પતાકાઓ હોય, સ્વર્ગલોકમાં જવા સારૂ મેળવેલી જાણે પુણ્ય-રજ્જુઓ હોય, અને અતિદૂર ફેલાયલા તપરૂપી વૃક્ષને ઉગેલી જાણે કુસુમ-મંજરીઓ હોય એવી દેખાતી હતી. એમના લલાટમાં ભસ્મનું ત્રિપુંડ્ રચેલું હતું તેથી એ જાણે ગંગાના વાંકા વહેતા ત્રણ પ્રવાહવાળું, હિમાદ્રિનું શિલાતલ હોય એવું લાગતું હતું. ઉંચી રાખેલી

પડતું.—ત્યાંથી કોઈ નરકમાં જતું નહિ. ૧. જુઓ પૃષ્ઠ. ૨ નોટ ૪. ૨. પ્રલયને દિવસે બાર સૂર્ય દેખાશે એવી આપણામાં કથા છે. ૩. કલ્પ=બ્રહ્માનો એક દિવસ. આપણાં ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ વર્ષ થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય અને પૃથ્વીનો નાશ થાય. ૪. તિલક= ટીલું; બીજા અર્થ સારૂ જુઓ પૃ. ૨૯ નો. ૨. ૫. ભસ્મ-ધવલ=ભસ્મ જેવી અને ભસ્મથી, ધોળી.

ચંદ્રકલા જેવી તથા કરોચલી પડવાથી શિથિલ થયેલી બે ભ્રૂલતાઓવડે એમની દૃષ્ટિ રુંધાયલી હતી. નિરંતર ચાલતા મંત્રાભ્યાસને લીધે ઉઘાડા રહેતા અધરપુટમાંથી નીકળતા અતિશ્વેત, સત્યના પ્રરોહ જેવા, સ્વચ્છ ઇન્દ્રિય-વૃત્તિયો જેવા તથા કરુણારસના પ્રવાહ જેવા દંત-કિરણોથી, પોતાના પુરોભાગને એ ધવલ રૂપ આપતા હતા; અને તેથીજ, નિર્મલ ગંગા-પ્રવાહનું વમન કરતા જન્હુ મુનિ જેવા એ દેખાતા હતા.[1] નિરંતર સોમ-પાન કરવાથી સુગંધિ થયેલા નિશ્વાસવડે આકર્ષાયલા, મૂર્ત્તિમાન્ શાપાક્ષર જેવા, સર્વદા મુખની પાસેજ ભમતા ભ્રમરો એમનાથી જરા પણ વિખુટા પડતા ન હતા. અતિશય કૃશતાને લીધે એમના ગાલમાં ઉંડા ઉંડા ખાડા પડી ગયાં હતા; એમનાં જડબાં તથા નાક અતિ ઉંચાં થયાં હતાં; ડોળા જરા વિકરાલ લાગતા હતા; નયનની પાંપણોમાં વાળ થોડાજ રહેલા હતા; શ્રવણ-વિવર દીર્ઘ રોમ ઉગવાથી ઢંકાઈ ગયાં હતાં; અને નાભિ સુધી એમની દાઢી વધેલી હતી. અતિ ચપલ ઇંદ્રિયોરૂપી અશ્વોનું અંતર્માં સંયમન કરવાની રજ્જુઓ હોય તેવી લાંબી લાંબી કંઠ-નાડીઓથી એમની ગ્રીવા નિરંતર ભરાઈ ગઈ હતી. એમનું અંગ, જેમાં અસ્થિ-પંજર ઉંચું તરી આવેલું તથા વિરલ વિરલ હતું, અને સ્કંધ ઉપરથી શુભ્ર યજ્ઞોપવીત લટકતું હતું તે, પવનથી ઉત્પન્ન થયેલા નાના નાના તરંગવાળા તથા તરતા મૃણાલવાળા સ્વર્ગંગાના પ્રવાહ જેવું નિર્મલ દીસતું હતું.[2] સ્વચ્છ સ્ફટિકમણિના કડકાઓના બનાવેલા, તથા ઉજ્વલ અને મ્હોટાં મોતીનો ગુંથેલો સરસ્વતીનો હાર હોય એવા દેખાતા અક્ષવલયને પોતાની હાલતી આંગળિયોની વચમાં એ ફેરવતા હતા તેથી, અહર્નિશ ભ્રમણ કરતા તારામંડલવાળો જાણે બીજો ઉત્તર ધ્રુવ હોય એવા એ પ્રકાશતા હતા. બ્હાર ઉપસી આવતી નાડીઓના જાળાથી કરીને એ, લાંબી વધેલી લતાઓના સમૂહવડે નિરંતર વિંટળા-

---

૧. ભગીરથ જ્યારે ગંગાને આકાશમાંથી લાવ્યા ત્યારે ત્યાંથી ઉતરતાં ઉતરતાં એના જલથી જન્હુ મુનિની યજ્ઞભૂમિ ડુબી ગઈ, તે ઉપરથી કોપાયમાન થઈને મુનિ ગંગાનું પાન કરી ગયા, અને ભગીરથે જ્યારે અતિશય આજીજી અને પ્રાર્થના કરી ત્યારે એમણે પોતાના કર્ણમાંથી પાછી ગંગા કાઢી એવી કથા છે.–આ ઉપરથી ગંગા 'જાન્હવી' પણ કહેવાયછે. ૨. અહીં અંગ, પ્રવાહ સાથે; અસ્થિપંજર, મોજાં સાથે; અને યજ્ઞોપવીત, મૃણાલસાથે સરખાવ્યાં છે.

ચળા, જુના કલ્પવૃક્ષ જેવા લાગતા હતા. ચંદ્રકિરણોનું અથવા અમૃતના ફીણનું વા ગુણસંતાનના[1] તંતુઓનું જાણે બનાવ્યું હોય એવું નિર્મલ, માનસ સરોવરમાં ધોયાથી શ્વેત થયેલું, અને બીજું જાણે જરા-જાજ્ઞક[2] હોય એવું દુકૂલ-વલ્કલ[3] એમણે ઓઢ્યું હતું. એમની પાસે દેવગંગાના જલથી ભરેલું એક સ્ફટિકમય કમંડલ, ત્રિદંડ[4] ઉપર મુકેલું હતું તેને લીધે, રાજહંસથી જેમ વિકસિત કમલસમૂહ શોભે તેમ એ શોભતા હતા. સ્થિરતામાં પર્વતોનો, ગામ્ભીર્યમાં સાગરોનો, તેજમાં સૂર્યનો, શાન્તિમાં ચંદ્રનો, અને નિર્મલતામાં આકાશનો જાણે એ સંવિભાગ કરતા હતા. ગરુડની પેઠે પોતાના પ્રભાવથી એમણે સકલ દ્વિજોમાં આધિપત્ય મેળવ્યું હતું[5]. બ્રહ્માની સમાન એ આશ્રમના ગુરુ હતા[6]. જુના ચંદનવૃક્ષની પેઠે એમની જટા સર્પકંચુક-ધવલ હતી[7]. પ્રશસ્ત ગજના જેવા એમને કર્ણવાલ લટકતા હતા[8]. બૃહસ્પતિની સમાન એમણે જન્મથીજ કચનું સંવર્ધન કીધું હતું[9]. દિવસની પ્રમાણે એમનું મુખ ઉગતા સૂર્યથી પ્રકાશતું હતું[10]. શરત્કાલની પેઠે એમનામાં વર્ષનો ક્ષય થયો હતો[11]. શાન્તનુની સમાન એમને સત્યવ્રત ઉપર પ્રીતિ હતી[12]. અંબિકાના કરની પેઠે, રુદ્રાક્ષનું ગ્રહણ કરવામાં એ નિપુણ હતા[13]. શિશિર સમયના સૂર્યની પેઠે એમણે ઉત્તરાસંગ લીધો હતો[14]. વડવાગ્નિની સમાન પોતે સર્વદા પયઃપાન કરતા[15].

---

૧. ગુણસંતાન=ગુણનું સંતાન વૃક્ષ; પાંચ દેવ-વૃક્ષો (મંદાર, પારિજાતક, સંતાન, કલ્પવૃક્ષ અને હરિચંદન) માંનું એ એક છે. ૨. વૃદ્ધાવસ્થાનું જાળું. ૩. વલ્કલ એજ દુકૂલ-રેશમી વસ્ત્ર. ૪. ત્રિદંડ=ત્રણ પાયાની બેસણી (Tripod). ૫. દ્વિજ=બ્રાહ્મણ; પક્ષી. ૬. આશ્રમ=મઠ; બ્રહ્મચર્યાદિ ચાર. ૭. જટા=કેશ; મૂળ. સર્પ૦=સાપની કાંચળી જેવી ધોળી જટા; કાંચળીથી ધોળાં થયેલાં મૂળ. ૮. કર્ણવાલ=કાન ઉપરના વાળ; કર્ણ અને વાળ-પુચ્છના. ૯. કચ=કેશ; બૃહસ્પતિનો તે નામનો પુત્ર. ૧૦. મુખ=મ્હોં; પ્રથમ ભાગ. ૧૧. વર્ષ=ઉમ્મર; વર્ષાદ. ૧૨. શાન્તનુ=ભીષ્મના પિતા. સત્યવ્રત=સારૂં આચરણ; ભીષ્મનું નામ. ૧૩. રુદ્રાક્ષ=તે નામના મણકા; રુદ્ર-મહાદેવ-ની અક્ષ-આંખો. અંબિકાનો હાથ રતિસમયે મહાદેવની આંખ ઢાંકવામાં નિપુણ; અને મુનિ રુદ્રાક્ષ જપવામાં. ૧૪. ઉત્તરાસંગ=ઉત્તરીય-ઉપરનું વસ્ત્ર-તેનો સંગ; ઉત્તરાયણનો સંગ. ૧૫. વડવાગ્નિ=સમુદ્રતળે રહેલો અગ્નિ. (કથા પ્રમાણે). પય=દુધ; પાણી.

શૂન્ય નગરની પેઠે એ દીન, અનાથ, તથા વિપન્નનું શરણ હતા[1]. અને મહાદેવની પેઠે એમનું શરીર **ભસ્મ-પાણ્ડુરોમ**[ા]વડે આશ્લિષ્ટ હતું[2].

એમને જોતાંજ મને વિચાર થયો કે અહો! તપનો પ્રભાવ કેવો આશ્ચર્યકારક છે! આ મુનિની શાન્ત મૂર્તિ પણ તપ્ત સુવર્ણ જેવી સ્વચ્છ અને વિદ્યુત્‌ની સમાન ઝબકતી, ચક્ષુના તેજને ડાબી નાંખેછે, અને સર્વદા ઉદાસીન[3] છતાં પણ પોતાના મહાપ્રભાવ થકી એ, પ્રથમ દર્શન કરનાર-માં જાણે કંઈક ભય જેવું ઉત્પન્ન કરેછે! શુષ્ક ઘાસ અને કાશ-કુસુમમાં પડેલા અગ્નિ જેવી ચંચલ વૃત્તિનું, સૂક્ષ્મ તપવાળા મુનિયોનું પણ તેજ પ્રકૃતિથી નિત્ય ક્ષમારહિત હોયછે તો પછી આવા પાપક્ષયકારી ભગવતો, જેમના ચરણનું સકલ જગત્ વંદન કરેછે, જેઓનો મલ તપોજલથી નિ-રંતર ધોવાયલો છે, અને જેઓ પોતાનાં દિવ્ય ચક્ષુવડે સકલ સંસારને હાથેલીમાં રહેલા આમળાની પેઠે જોઈ શકેછે[4] તેઓના તેજની તો વાત-જ શી!! મહામુનિયોનું માત્ર નામગ્રહણે પુણ્યજનક છે તો સાક્ષાત્ દર્શનનું ફળ તે કેવું મ્હોટું!! આ આશ્રમને ધન્ય છે કે એને આવા અધિપતિ મળ્યાછે. અથવા આખા ભુવનતલનેજ ધન્ય છે, કેમકે પૃથ્વી ઉપરના આ બ્રહ્માથી એ અધિષ્ઠિત થયેલું છે. ખરેખર આ મુનિયો પુણ્યશાલી છે, કેમકે તેઓ અહર્નિશ સર્વ અન્ય વ્યાપાર ત્યજી દેઈ, બીજા બ્રહ્મા જેવા આ મહાપુરુષના મુખકમલને નિશ્ચલ દૃષ્ટિથી નિરખી નિરખી, પુણ્યકથાઓનું શ્રવણ કરી એમની સેવા કરેછે. સરસ્વતીને પણ ધન્ય છે કે તે રાજહંસીની પેઠે, આવા, સર્વદા અતિ પ્રસન્ન, કરુણાજલ વર્ષાવતા, અગાધ ગામ્ભીર્યવાળા, અને સુંદર **દ્વિજ**કુલને પરિચિત, **માનસમાં**, મુખકમલ-સ્પર્શનો અનુભવ લેતી વસેછે[5]. બ્રહ્માના

---

૧. શરણ=ત્રાતા; આશ્રય. ૨. ભસ્મ જેવા પાણ્ડુ—ધોળા, રોમ—રૂ-વાડાં—વાળું; ભસ્મથી પાણ્ડુર—શ્વેત થયેલી, ઉમાયે—પાર્વતીએ—આશ્લિષ્ટ—આલિંગિત. ૩. તટસ્થ. ૪. જુઓ વાસવદત્તા. પૃ. ૨ જું.—

करबदरसदृशमखिलं भुवनतलं यत्प्रसादतः कवयः.........વિગેરે.

૫. પ્રસન્ન=ઈર્ષ્યાદિ રહિત; મેલરહિત. ગામ્ભીર્ય=મનની ઉંડાઈ; જળની અગાધતા. દ્વિજ—જુઓ પૃ. ૫૬ નો. ૫. માનસ=મન; માન સરોવર. હંસી જેમ માનસ સરોવરમાં તેમ સરસ્વતી આ મુનિના મનમાં વસેછે. સરસ્વતીને હંસીની ઉપમા શ્રી દંડીયે પણ કાવ્યાદર્શના પ્રથમ શ્લોકમાં આપેલી છે:—

चतुर्मुखमुखाम्भोजवनहंसवधूर्मम ।
मानसे रमतां नित्यं सर्वशुक्ला सरस्वती ॥

ચાર મુખકમલમાં વસનાર વેદોને ઘણા કાળ પછી આ બીજું ઉચિત સ્થાન મળ્યું છે. જગત્‌માં, કલિકાળ રૂપી મેઘસમયે મલિન થયેલી, નદિયો જેવી સર્વ વિદ્યાઓ, શરત્કાળ જેવા આ મહાપુરુષના સંસર્ગથી ફરી પાછી સ્વચ્છ થઇ છે. ખરેખર, કળિયુગના વિલાસનું અવમાન કરીને સર્વાત્માથી અહિં વસતા ભગવાન્ ધર્મને કૃતયુગ સાંભરતો નહિ હોય. ધરણિતલને આ મહામુનિથી અધિષ્ઠિત થયેલું જોઇને, નક્કી આકાશને હવે સપ્તર્ષિ-મંડલના વાસનું અભિમાન ધરાવવાનું રહ્યું નથી. અહો ! વૃદ્ધાવસ્થાનું પણ જોર જબરૂં દેખાયછે કે, પ્રલયકાળના સૂર્યકિરણ જેવા દુર્નિરીક્ષ્ય,[1] તથા ચંદ્રકિરણ જેવા શુભ્ર, આમના જટાભારમાં, મહાદેવની જટામાં જેમ ફીણના ઢગથી શ્વેત થયેલી ગંગા, તથા અગ્નિની જ્વાલાના સમૂહમાં જેમ દુધની આહુતિ પડે તેમ પડતી એ (જરા પણ) બ્હીની નથી ! આ મહર્ષિયે, હોમેલા પુષ્કળ ઘીમાંથી નીકળતા ધૂમના ગોટાવડે આખું આશ્રમપદ મલિન કરી દીધું છે માટે, તેમના પ્રભાવથી જાણે બ્હી બ્હીને સૂર્યકિરણો પણ તપોવનને દૂરથી ત્યજેછે. અહિં વળી પવનથી ફરફરતી તથા ભેગી થઇ જતી જ્વાલાઓવાળા અગ્નિ દેવો, મંત્રવડે પવિત્ર કરેલા બલિદાનને, જાણે અંજલિ રચીને એમના સ્નેહથી ગ્રહણ કરેછે. દુકૂલ-વલ્કલને ફડફડાવતો, આશ્રમ-લતાનાં કુસુમોની સુગંધ લાવતો, તથા મંદમંદ ગમન કરતો આ પવન જાણે બ્હીતો બ્હીતો એમની પાસે જાયછે. તેજનો પરાજય ઘણું કરીને મહાભૂત[2] પણ કરી શકતાં નથી; અને આ મહાપુરુષ સર્વ તેજસ્વીઓના અગ્રણી છે; જગત્‌માં, એ મહાત્માના અધિષ્ઠાનને લીધે જાણે એ સૂર્ય હોય એમ ભાસેછે, તથા પૃથ્વી એમના આધારથી જાણે નિષ્કંપ રહીછે. આ મુનિ કરુણારસના પ્રવાહ છે; સંસાર-સમુદ્રને તરવાના સેતુ છે; ક્ષમા-જલના આધાર છે; તૃષ્ણારૂપી ઝાડીના પરશુ છે; સંતોષામૃતના સાગર છે; સિદ્ધિમાર્ગના ઉપદેશક છે; દુષ્ટ ગ્રહોના અસ્તાચલ છે; શાન્તિરૂપી વૃક્ષનું મૂળ છે; બુદ્ધિ-ચક્રની નાભિ છે;[3] ધર્મ-ધ્વજને રહેવાનો વંશ છે[4]; સર્વ વિદ્યાઓના અવતરણનું તીર્થ છે; લોભ-સમુદ્રના વડવાગ્નિ છે; શાસ્ત્ર-રત્નની કસોટી છે; પ્રેમ-પલ્લવના દાવાનલ છે; ક્રોધ-સર્પના મહા મંત્ર છે[5]; મોહાન્ધકારના સૂર્ય છે; નરક-દ્વારના અર્ગલ છે; સર્વ આચારનું

૧. જોઇ શકાય નહિ એવું. ૨. પૃથ્વી આદિ. (Elements). ૩. નાભિ=પૈડાની નાયડી. ૪. વંશ=વાંસ. ૫. સબળ મંત્રના જોર આગળ

કુલ-ભવન છે; મંગલ વસ્તુઓનું ગૃહ છે; મદવિકારોનું અસ્થાન છે; સન્માર્ગના દર્શક છે; સાધુતાની ઉત્પત્તિ છે; ઉત્સાહ-ચક્રની નાભિ છે; સત્વના આશ્રય છે; કળિયુગના પ્રતિપક્ષ છે; તપના ભંડાર છે; સત્યના મિત્ર છે; નિષ્કપટપણાનું ક્ષેત્ર છે; અને પુણ્ય-સંચયનું ઉત્પત્તિ-સ્થાન છે. મત્સરને તો એમણે અવકાશજ દીધો નથી; વિપત્તિના એ મિત્ર નથી; પરિભવનું સ્થાન નથી; અભિમાનને અનુકૂલ નથી; દૈન્યને પ્રિય નથી; રોષને અધિન નથી; વિષયોને વશ નથી; અને સુખને અભિમુખ નથી. અહો! મહાત્માઓનો પ્રભાવ કેવો મ્હોટો છે! આ મહામુનિના પ્રભાવથીજ આખા તપોવનમાંથી વૈર શાન્ત થઇ ગયું છે અને મત્સર નાશ પામ્યો છે. અહિં પશુપક્ષિયો પણ પોતાના શાશ્વતિક વિરોધને ત્યજી દઇ, શાન્ત આત્મા થકી તપોવન-વાસનું સુખ અનુભવતાં દેખાયછે![1] કેમકે વિકસિત કમલવનની રચના જેવા, ઉંચા થતા સેંકડો ચારુ ચંદ્રકવાળા, અને હરિણ-લોચનની કાન્તિ જેવા વિચિત્ર મયૂર-કલાપમાં, તડકાથી શેકાયલો આ સર્પ, જાણે નવા ઉગેલા લીલા ઘાસમાં જતો હોય તેમ નિઃશંક ભરાયછે!! વળી આ મૃગના બચ્ચાને, યાળવિનાના નાના નાના સિંહ સાથે રહેવાનો પરિચય થયેલો છે તેથી એ પોતાની માતાને ત્યજીને, સિંહી-સ્તનમાંથી નીકળતી ક્ષીર-ધારાનું પાન કરેછે!! આ મૃગપતિની ચંદ્ર-કિરણ જેવી ધોળી યાળને હાથીનાં બચ્ચાં મૃણાલ-કલાપ ધારી ખેંચેછે ત્યારે એ પોતાની આંખો અર્ધી મીચીને એમને આનંદથી ગેલ કરવા દેછે!! વળી અહિં આ વાનરોનું ટોળું સ્વજાતીય ચાપલ ત્યજીને, ન્હાએલા મુનિકુમારકો સારૂ ફળ લાવી દેછે!! અને આ હાથીઓ મદાન્ધ છતાં પણ, ગંડસ્થલ ઉપર બેઠેલાં તથા મદજલનું પાન કરવામાં નિશ્ચલ થયેલાં ભ્રમરનાં ટોળાંને, દયાભાવને લીધે, કર્ણ હલાવી હલાવીને ઉરાડી મુકતા નથી! ટુંકામાં, ઉંચે જતી તાપસાગ્નિહોત્રની ધૂમલેખાના સંગથી, અહર્નિશ જાણે કૃષ્ણચર્મનું આચ્છાદન વસ્ત્ર પેહેર્યું હોય એવાં શોભતાં, ફળ મૂળ અને વલ્કલ ધારણ કરતાં,

---

જેમ સર્પનું કંઇ ચાલે નહિ તેમ આ ઋષિની પાસે ક્રોધનું કંઇ ફાવે નહિ.

૧. જુઓ કુમારસંભવ સ. ૫. શ્લો. ૧૭.

विरोधिसत्वोज्झितपूर्वमत्सरम् ।

* * * * * *

तपोवनं तच्च बभूव पावनम् ॥

આ મુનિની આસપાસ ઉગેલાં નિશ્ચેતન વૃક્ષો પણ વ્રત આચરતાં હોય એમ દેખાયછે તો પછી સચેતન પ્રાણિયોની તો વાતજ શી !!

આવી રીતે હું વિચાર કરતો હતો એટલામાંજ મને તેજ રક્ત અશોક વૃક્ષની છાયામાં એક જગાએ મુકીને હારીત પોતાના પિતાને ચરણ-સ્પર્શ કરી, પગે લાગી, તેમનાથી જરા દૂર પડેલા કુશાસન ઉપર બેઠા; અને તે સર્વે મુનિયો મને જોઈને એને પૂછવા લાગ્યા કે આ પોપટનું બચ્ચું ક્યાંથી આણ્યું? તેણે કહ્યું:—હું સ્નાન કરવા જતો હતો ત્યારે પદ્મ-સરોવરની તીરે ઉગેલાં વૃક્ષમાંના કોઈ માળામાંથી પડેલું આ બચ્ચું મેં દીઠું. તાપને લીધે એ હાંફતું હતું; ઉની ઉની ફફળતી રેતીમાં એ પડેલું હતું; ઉંચેથી પડવાથી એનાં ગાત્ર શિથિલ થઈ ગયાં હતાં અને થોડોજ જીવ એનામાં રહેલો હતો. એને જોઈને મને દયા તો આવી પણ તે મ્હોટા ઝાડ ઉપર તપસ્વિયોને ચઢવું ઘણું કઠિન એટલે એને એના માળા-માં મુકી શકાય તેમ ન હતું, માટે હું ઘેર લેઈ આવ્યોછું. હવે જ્યાં સુધી એને પાંખો નથી આવી અને અન્તરીક્ષમાં એ ઉડી શકે તેમ નથી ત્યાં સુધી આજ આશ્રમના કોઈ તરુ-કોટરમાં ભલે એ બિચારૂં રહે, અને અમે બધા મુનિકુમારો નીવાર-કણનો સમૂહ તથા વિવિધ ફલ-રસ લાવીશું તેથી પોતાનો નિર્વાહ કરીને જીવે. આપણા જેવાનો તો ધર્મ છે કે અનાથનું પરિપાલન કરવું. વળી જ્યારે એને પાંખો ફુટશે અને ગગન-તલમાં જવાને એ સમર્થ થશે ત્યારે એને ગમશે ત્યાં જશે અથવા તો પરિચય પડી ગયાથી અહીંજ રહેશે.—એ વિગેરે મ્હારા સંબંધી વાત સાંભળીને ઉપજેલા કુતૂહલથી ભગવાન્ જાબાલિ પોતાની ગ્રીવા જરા વાંકી વાળી, પુણ્યજલથી મને પ્રક્ષાલન કરતા હોય તેમ અતિ પ્રશાન્ત દૃષ્ટિથી મ્હારી સામું ઘણા વખત સુધી જોઈ, જાણે મને ઓળખી કાઢતા હોય તેમ ફરી ફરી નિહાળીને બોલ્યા કે:—આ તો પોતાનાજ અવિનયનું ફળ પામેલોછે.—એ ત્રિકાલદર્શી મહાત્મા[1] તપના પ્રભાવથી, દિવ્યચક્ષુવડે આખા જગત્‌ને પોતાની હાથેલીમાં જાણે રમી રહ્યું હોય એમ જુવેછે; પૂર્વ જન્મોને જાણેછે; થનાર વસ્તુને પણ કહી આપેછે; અને દૃષ્ટિ-

---

૧. "That sacred seer, whose comprehensive view
"The past, the present, and the future knew."

Iliad Book I. L. 93–4.

ગોચરગત પ્રાણિયોના આયુષ્નું પ્રમાણુ વરતી કાઢેછે!! ત્યાંની આખી તાપસ-સભા તો એમનો પ્રભાવ જાણતી હતી તેથી, આ વાક્ય સાંભળતાંજ—આણે શો અવિનય કર્યો હશે? શા સારૂ કર્યો હશે? ક્યાં કર્યો હશે? અને બીજા જન્મમાં એ કોણ હશે?—એ જાણવાને આતુર થઈ, અને વારે વારે તે મહામુનિને પ્રાર્થના કરવા લાગી કે ભગવન્! કૃપા કરીને કહો કે કેવા અવિનયનું ફળ એ ભોગવેછે, જન્માન્તરે એ કોણ હતો, પક્ષિજાતિમાં એ કેમ ઉત્પન્ન થયો અને એનું નામ શું. અમારૂં કુતૂહલ આપ શમાવો કેમકે સર્વ આશ્ચર્યોનું આપજ ઉત્પત્તિ-સ્થાન છો.

તપસ્વી-મંડલની આવી યાચના સાંભળી એ મહામુનિયે પ્રત્યુત્તર આપ્યો કેઃ—આ આશ્ચર્યકારક કથા ઘણી મ્હોટી છે; દિવસ થોડોજ રહેલો છે, અને મ્હારે સ્નાનસમય થવા આવ્યોછે; વળી આપને પણ દેવાર્ચન વેળા વહી જાયછે માટે ઉઠો અને સર્વે યથોચિત દિવસ વ્યાપાર કરી લો. સાંજે જ્યારે આપ સર્વે ફલમૂલાહાર કરીને નિરાંતે બેસશો ત્યારે હું અથથી ઈતિસુધી સર્વ કથા કહીશ કે આ કોણ છે, અન્ય જન્મમાં એણે શું કર્યું છે અને આ લોકમાં એ કેવી રીતે ઉત્પન્ન થયોછે. હમણાં તો એને આહાર આપીને વિશ્રાન્ત કરો. હું જેમ જેમ કહેતો જઈશ તેમ તેમ નક્કી એને પણ પોતાના જન્માન્તરનો વૃત્તાન્ત જાણે સ્વપ્નમાં થઈ ગયો હોય એમ અગ્નિશુદ્ધ સાંભરતો જશે—એમ કહેતાં કહેતાંજ, સર્વ મુનિયો સાથે એ ઉઠ્યા અને પછી સ્નાનાદિક યોગ્ય દિવસ-વ્યાપાર કર્યા.

આ સમયે દિવસ આથમ્યો. સ્નાન કરી ઉઠ્યા પછી મુનિજનોયે અર્ઘ આપતાં જે રક્ત ચંદન ભૂમિ ઉપર નાંખેલું તેનોજ જાણે સાક્ષાત્ આકાશમાં રહેલા સૂર્યે અંગલેપ કીધો!! ઉંચે મ્હોંયે સૂર્યબિમ્બ સામી દૃષ્ટિ રાખી ઉષ્મપાન કરનાર ઋષિયો જાણે તેજ પી ગયા હોય તેમ, ક્ષીણ તાપવાળો દિવસ કૃશતા પામ્યો. ઉગતા સપ્તર્ષિ-મંડલનો સ્પર્શ ત્યાગ કરવાને જાણે ઇચ્છતો હોય તેમ પાદ[1] સંકોચીને, પારાવતના ચરણ જેવો રક્ત રવિ ગગનતલમાંથી નીચે લટકવા લાગ્યો. પશ્ચિમાર્ણવમાં પ્રતિબિમ્બિત થયેલું, ઈષદ્રક્ત કિરણજાલવાળું સૂર્યમંડલ, જલશય્યામાં પોઢેલા વિષ્ણુનું જાણે નાભિકમલ હોય અને તેમાંથી જાણે મધુધારા છૂટતી હોય એવું દેખાયું! પૃથ્વીતલ છોડીને તથા કમલવન મુકીને, પક્ષિયો

૧. પગ; કિરણ.

જેવા રવિકિરણોએ સંધ્યાકાળે તપોવન-વૃક્ષનાં શિખરોમાં અને પર્વતોની ટોચો ઉપર વાસ કીધો. આશ્રમ-તરૂઓ ઉપર કહિંક કહિંક રાતો તડકો પડતો હતો તેથી જાણે મુનિયોએ ત્યાં રક્ત વલ્કલ લટકાવ્યાં હોય એમ તેઓ ક્ષણવાર શોભવા લાગ્યાં. ભગવાન્ સૂર્યદેવતા અસ્ત પામ્યા પછી પશ્ચિમ સમુદ્રના તટમાંથી નીકળતી પ્રબાલ-લતા જેવી રક્ત સન્ધ્યા દેખાવા લાગી. તે સમયે આશ્રમમાં ધ્યાન થવા લાગ્યું. એક પાસ હોમધેનુ દોહોવાતી હતી ત્યાંથી દુગ્ધધારાનો મનોહર ધ્વનિ આવવા લાગ્યો. અગ્નિહોત્રની વેદિયો ઉપર લીલા કુશ પથરાવા લાગ્યા, અને ઋષિકુમારિકાઓ આમ તેમ દિગ્દેવતાઓને ભાતના બલિગ્રાસ નાંખવા લાગી. કહિંક (આખો દિવસ) વિહાર કરીને સૂર્ય આથમતાં પાછી આવતી, રક્ત તારક[1]વાળી તપોવન-ધેનુ જેવી કપિલ સંધ્યા મુનિજનોને દેખાઇ. થોડોજ સમય થયાં સૂર્યનો વિયોગ થયાથી શોકગ્રસ્ત થયેલી કમલિની, કમલકલિરૂપી કમંડલ ધારણ કરી, હંસરૂપી શ્વેત દુકૂલ પેહેરી, મૃણાલરૂપી શ્વેત યજ્ઞોપવીત રાખી[2], મધુકર-મંડલરૂપી અક્ષવલય ગ્રહણ કરી, દિનપતિ-સમાગમવ્રતને જાણે આચરવા લાગી !! પશ્ચિમ સમુદ્ર જલમાં સૂર્ય પડ્યો[3] એટલે તેના પડવાના વેગથી ઉછળેલા જલકણના સમૂહ જેવો તારાગણ આકાશમાં આવી રહ્યો !! પછી તરતજ ગગનતલ તારાથી છવાઇ ગયું તેથી, સિદ્ધકન્યાઓએ ફેંકેલાં સંધ્યાર્ચન-કુસુમથી જાણે તે વિચિત્ર થયું હોય એવું શોભવા લાગ્યું !! અને એક ક્ષણમાં તો, ઉન્મુખ મુનિજનોએ ઉંચે રેડેલા પ્રણામાઞ્જલિના જલથી જાણે ધોવાઇ ગયો હોય એમ બધો સંધ્યારાગ ગળી ગયો.

સન્ધ્યાનો ક્ષય થયા પછી, તેના વિનાશને લીધે દુઃખ પામતી રાત્રિયે કૃષ્ણમૃગચર્મ જેવો અભિનવ અંધકાર ધારણ કર્યો ! મુનિજનોનાં હૃદય શિવાય, અંધકારથી બીજું સર્વ કાળું મેશ થઇ ગયું. સૂક્ષ્મ તિમિર રૂપી તમાલ-વનલેખા જેના પર્યન્ત ભાગમાં આવેલી છે, સપ્તર્ષિમંડલનો જેમાં વાસ છે, અરુન્ધતીના ચરણસ્પર્શવડે જે પવિત્ર છે, આષાઢ[4]

---

૧. આંખની કીકી; તારા. ૨. મૃણાલ અને ધવલ યજ્ઞોપવીત વચ્ચે જે તાદૃશ્ય અહીં દેખાડ્યું છે તેવુંજ સાદૃશ્ય પેહેલાં પણ કવિયે દેખાડેલું છે. જુઓ પૃષ્ઠ ૫૫ મું નોટ ૨ જી.

૩. "Now deep in ocean sunk the lamp of light."
Iliad. Book VIII. L. 605.

૪. ગગનતલને આશ્રમસાથે સરખાવ્યું છે એટલે વિશેષણો શ્લિષ્ટ છે.

જેમાં ઉપસ્થિત છે, મૂલ[1] જેમાંથી દૃષ્ટિયે પડેછે, અને જેની એકાન્તે ચારુ-તારક-મૃગ[2] આવી રહ્યાછે એવા અમરલોકના આશ્રમ જેવા ગગનતલમાં ચંદ્ર, રવિનો અસ્ત થયો એ વાત સાંભળી વૈરાગ્ય[3] ગ્રહણ કરી, ધોયેલા દુકૂલવલ્કલ જેવું શ્વેત અંબર[4] ધરી, થોડી વારે, તારાન્તઃપુર[5] સહિત પ્રવેશ કીધો. ચંદ્રથી આભૂષિત અને તારારૂપી કપાલના[6] કડકાઓથી અલંકૃત શિવમસ્તક જેવા આકાશતલમાંથી, સાગર ભરી નાંખતી ગંગા જેવી, હંસ-ધવલ ચંદ્રિકા ધરણીઉપર પડી.[7] વિકસિત કમલ-ધવલ ચંદ્ર-સરોવરમાં[8] ચંદ્રિકા-જલ પીવાના લોભથી ઉતરેલો, નિશ્ચલ હરિણ, જાણે અમૃત-પંકમાં ચ્હોટી ગયો હોય એવો દેખાયો !! અંધકાર રૂપી જલધર-સમય વીતી ગયા પછી, સમુદ્રમાંથી આવેલા, અભિનવ શ્વેત સિંધુવાર પુષ્પ જેવા ધોળા ચંદ્રકિરણો કુમુદ-સરોવરોમાં હંસની સમાન તરવા લાગ્યા. ચંદ્રબિમ્બમાંથી બધો ઉદય-રાગ જતો રહ્યો હતો તેથી તે, આકાશગંગામાં ન્હાવાથી ધોવાઈ ગયેલા સિન્દૂરવાળું જાણે ઐરાવત

આષાઢ=નક્ષત્રનું નામ; અને ખાખરાનો દંડ જે આશ્રમમાં હોવો જોઈયે. ૧. મૂલ=મૂલ નક્ષત્ર; બ્રહ્માંડનું મૂળ. ૨. ચારુ વિ૰=ચારુ–સુંદર, તારકમૃગ–મૃગશીર્ષ નક્ષત્ર (ગગનમાં); આશ્રમપક્ષે લેતાં, ચારુ–સુંદર, તારક–ચક્ષુની કીકી–વાળા મૃગ–હરિણ. જુઓ પૃષ્ઠ ૨૪ નોટ ૧ લી. ૩. વૈરાગ્ય=વૈવર્ણ્ય, ફિકાશ; સંસારત્યાગ. ૪. અંબર=વસ્ત્ર; આકાશ. ૫. તારાન્તઃપુર=તારા–ચંદ્રપત્નિયો–નું અન્તઃપુર. ૬. કપાલ=ખોપરી–જેનો, એમ કહેવાયછે કે શંભુ પોતાના કંઠમાં હાર પેહેરેછે. ૭. ગંગા આકાશમાંથી શિવમસ્તક ઉપર પડી ને ત્યાંથી ધરણીઉપર. જુઓ ભર્તૃહરિનું નીતિશતક, શ્લોક ૧૦.—

शिरः शार्वं स्वर्गात् पतति शिरसस्तत् क्षितिधरम् ।
महीध्रादुत्तुंगादवनिमवनेश्चापि जलधिम् ॥
अधो गंगा सेयं * * * * * * *
વળી જુઓ રામાયણ—गगनात्शंकरशिरस्ततो धरणिमागता ॥

અહીં આકાશ શિવમસ્તક સાથે સરખાવ્યું, કારણ કે શિવને માથે ચંદ્ર તેમ આકાશમાં પણ; અને શિવને કપાલમાલા તેવી આકાશમાં તારારૂપી કપાલના કડકાની માલા. ચંદ્રિકા ગંગાજોડે સરખાવી, કારણ કે તે આકાશમાંથી ગંગાની પેઠે નીચે આવીને સાગરને ભરી નાંખેછે–ભરતી આણેછે. એ હંસ (જેવી) ધવલ હોય અને ગંગા હંસ(વડે) ધવલ. ૮. વિ૰ કમલ જેવો શ્વેત ચંદ્ર; કમલવડે શ્વેત સરોવર.

હાથીનું કુંભસ્થલ હોય એવું તે ક્ષણે દેખાયું! ધીરે ધીરે જ્યારે ભગવાન્ હિમરશ્મિનો પ્રફુલ્લ ઉદય થયો; અમૃતધૂલિ જેવા ચંદ્રપ્રકાશથી જ્યારે જગત્ બધું ધોળાયું; હિમનાં જલબિન્દુ પડવાથી શીતલ થયેલા, મંદ ગતિવાળા, ઉઘડતાં કુમુદવનનો સુગન્ધિ પરિમલ લાવતા, નિશાના પ્રથમ પ્રહરના પવન જ્યારે વાવા લાગ્યા, અને સુખે બેઠ બેઠ ધીરે ધીરે મ્હોં હલાવીને વાગોળતા આશ્રમમૃગ—જેમની આંખો ઉંઘ ભરાઈ આવવાથી ભારે થયેલી હતી તથા પાંપણો મીચાઈ ગઈ હતી તેઓ—જ્યારે એ પવનને અભિનન્દન કરવા લાગ્યા; તથા માત્ર અર્ધપ્રહરજ રાત્રિ જ્યારે વીતી—ત્યારે, હું ખાઈ રહ્યો હતો તેથી હારીત મને લઈને તે બધા મુનિયોસાથે એના પિતા પાસે ગયો. ચંદ્રિકામાં ઝગઝગતા, તપોવનના એક ભાગમાં, વેત્રાસન ઉપર એ બેઠા હતા, અને જરા દૂર ઉભેલો જાલપાદ નામનો એક શિષ્ય દર્ભનો પવિત્ર પંખો હાથમાં લઈને એમને પવન નાંખતો હતો. (ત્યાં જઈ) હારીત બોલ્યો કેઃ—પિતાજી! આશ્ચર્ય સાંભળવાના કુતૂહલથી આકુલ થયેલાં હૃદયવાળી સઘળી આ તાપસસભા ટોળામાંને ટોળામાં આપ પાસે આવીને ઉભી છે. વળી આ પક્ષીના બચ્ચાને હવે શ્રમ ઉતરી ગયોછે, માટે આપ કહો કે બીજા જન્મમાં આણે શું કર્યું છે, એ કોણ હતો અને હવે કોણ થશે. આવી રીતે જ્યારે તે મહામુનિને એણે કહ્યું ત્યારે તે મને આગળ ઉભેલો જોઈ, તથા એ સર્વ મુનિયોને એકાગ્ર ચિત્તે શ્રવણતત્પર થયેલા જાણી, ધીમે રહીને બોલ્યા કે જો જિજ્ઞાસા હોય તો સાંભળો.[1]

૧. જાબાલિ મુનિયે જે અહિંથી કથા કહેવા માંડીછે તેનો અંત બાણભટ્ટે રચેલો કથાભાગ પૂર્ણ થઈ ગયા પછી તેના પુત્રે લખેલા ભાગમાં આવેછે. ત્યાં સુધી તો આ કથા જાબાલિ મુનિ ઋષિયોને સંભળાવેછે અને વૈશમ્પાયન પોપટ શૂદ્રક રાજાને કહેછે એમ સમજવું.

कथारम्भः

અવન્તીમાં ઉજ્જયિની નામે નગરી છે, તેની દ્યુતિ અમરલોકથી પણ ચઢતી છે. સકલ ત્રિભુવનનું તે એક આભૂષણ છે. કૃતયુગની તે જન્મભૂમિ જેવી છે. ત્રણે ભુવનની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરનાર શ્રીમહાકાલેશ્વર[1] મહાદેવે પોતાને વસવા યોગ્ય ઉત્પન્ન કરેલી જાણે તે બીજી પૃથ્વી છે. તેને બીજી પૃથિવી ધારીને આવેલા સમુદ્ર જેવો, રસાતલ જેવી ઉંડી એક પાણીની ખાઈનો ગોળ પરીઘ તેની આસપાસ ફરી વળેલો છે. શંકરની એ નિવાસ ઉપર પ્રીતિ જોઈ, ગગનને સ્પર્શ કરતાં શિખરવાળો જાણે કૈલાસ પર્વત આવ્યો હોય એવો, ત્યાં ચારે બાજુએ, ચુનાથી ધોળેલો ફરતો કોટ છે. શંખ, છીપ, મોતી, પ્રબાલ અને મરકત મણિના સમૂહ જેમાં સ્પષ્ટ દેખાયછે એવા, સુવર્ણના ચૂર્ણ રૂપી રેતીના ઢગથી ભરેલા, વિશાલ, અગસ્ત્ય મુનિયે પીધેલા જલવાળા સમુદ્ર જેવા, મ્હોટા બજારના રસ્તાઓથી[2] તે નગરી શોભી રહેલી છે. અહર્નિશ થતા ઉત્સવો જોવાના કુતૂહલથી, આકાશમાંથી ઉતરી આવેલાં જાણે દિવ્ય વિમાનોની પંક્તિયો હોય એવી—દેવ, દાનવ, સિદ્ધ, ગંધર્વ, વિદ્યાધર અને નાગ લોકથી ભરેલી—ત્યાંની ચિત્રશાલાઓથી તે અલંકૃત છે ! તેના ચતુષ્પથ[3] આગળ જે દેવમંદિરો આવેલાં છે તેઓની શોભા. મન્થન સમયે ઉડેલા દુધને લીધે ધવલ થયેલા મંદરાચલ જેવી

---

૧. બાર જ્યોતિર્લિંગમાંનું એક મહાકાલ નામનું ઉજ્જયિનીમાં છે.

> सौराष्ट्रे सोमनाथं च श्रीशैले मल्लिकार्जुनम् ।
> उज्जयिन्यां महाकालमोंकारममरेश्वरम् ॥
>
> द्वा० ज्यो०
>
> अवन्तिकायां विहितावतारं मुक्तिप्रदानाय च सज्जनानाम् ।
> अकालमृत्योः परिरक्षणार्थं वंदे महाकालमहासुरेशम् ॥
>
> ज्यो० स्तोत्र.

૨. સમુદ્રમાં પણ શંખ વિ૦ વસ્તુઓ હોયછે ને દુકાનોમાં પણ (વેચવા સારૂ) તે રાખેલી હોયછે. સુવર્ણનો ભુકો દુકાનોમાં ને તે રૂપી રેતી સાગરમાં હોય. પણ સમુદ્રમાં જલ હોય માટે બજાર સાથે સાદૃશ્ય ન બેસે તે બેસાડવા સારૂજ 'અગસ્ત્યે પીધેલા જલવાળા' એમ કવિયે કહ્યુંછે. ૩. ચાર માર્ગ મળે એવું સ્થાન—ચકલું.

છે; સુવર્ણમય નિર્મલ કલશ તેમનાં શિખર ઉપર મુકેલા છે; તથા પવનથી તેમના શ્વેત ધ્વજ ફરફરેછે તેથી, ઉપર પડતી સ્વર્ગગંગાવાળાં હિમાલયનાં શિખર જેવાં તેઓ દિસેછે. કેવડાના પરાગથી ધૂસર થયેલી તેની રળિયામણી સીમાઓ પાસે ચુનાથી ધોળેલી વેદિકાવાળા કુવા શોભી રહ્યાછે, અને અહર્નિશ ચાલતા રેંટવડે, લીલી વાડિયોની અંધારી ઘટાને જલ સિંચાયછે. ગૃહોની સમીપ રચેલા બાગમાં મદથી ગુંજાર કરતાં ભ્રમરોનાં ટોળાંએ અંધકાર કરી મુકયો છે. કંપતી ઉપવન-લતાઓના પુષ્પ-પરિમલથી પવન સુગન્ધિ થયેલાછે. ઘેર ઘેર મદન-યષ્ટિ[1] ઉપર પ્રબાલમય તથા મકરચિન્હયુક્ત કેતુઓ લટકાવેલા છે તેમની ઉપર, સૌભાગ્ય સૂચવતી ઘંટાઓ વાગેછે, આછાં લાલ વસ્ત્રની ધ્વજાઓ (ફરફરે) છે તથા રક્ત ચામરો બાંધેલાં છે તે ઉપરથી જણાયછે કે મકરધ્વજની[2] ત્યાં પૂજા થાયછે. સર્વદા ચાલતા અધ્યયન-ધ્વનિથી તેનું પાપ બધું ધોવાઈ જાયછે. મૃદંગના ગંભીર સ્વરથી ગાજી રહેલાં ધારાગૃહ,[3] જ્યાં ઝીણા ઝીણા જલકણના વર્ષાદથી દુર્દિન[4] થઈ રહ્યો છે અને પથરાયેલા રવિકિરણના સમૂહથી બનેલાં ઇંદ્ર-ધનુષોને લીધે જે રમણીય દેખાયછે, ત્યાં કળા કરી ઉભેલા, નૃત્ય-વ્યસની, મત્ત મયૂરોના કેકા-રવથી[5] કોલાહલ થઈ રહેછે. વિકસિત કુવલયથી મનોહર લાગતાં, પ્રફુલ્લ કમલથી ધવલ થયેલાં અભ્યન્તરવાળાં, તથા અનિમિષ-દર્શનવડે રમણીય દેખાતાં ઇન્દ્ર-લોચન જેવાં સહસ્ર સરોવરથી[6] તે નગરી શોભી રહેલીછે. અ-વિરલ કદલીવનને અડકતી, અમૃત-ફેનના ઢગ જેવી શ્વેત, દિશાએ દિ-શાએ આવેલી દંત-વલભિકાઓથી[7] તે ધોળાયલી છે. તેની આજુ બાજુ, આકાશને જાણે સ્વચ્છ કરતી હોય એવી શિપ્રા નદી ફરી વળેલી છે; તેનું જલ, યૌવનમદથી મત્ત થયેલી માલવી સ્ત્રિયોના કુચ-કલશથી ક્ષુભિત છે, અને ભગવાન્ મહાકાલના મસ્તક ઉપર દેવગંગાને જોઈને જાણે ઈર્ષ્યા

---

૧. મદન નામના વૃક્ષની યષ્ટિ-દંડ; મદન-કામદેવ-તેની પૂજા સારૂ મુકેલી યષ્ટિ. ૨. મકર-મચ્છ-ની આકૃતિ જેના ધ્વજઉપર છે એવો-કામદેવ. ૩. જ્યાં જલધારાઓ છૂટતી હોય એવાં, સ્નાન કરવાનાં ગૃહ. (Shower-baths). ૪. જુઓ પૃ. ૨૭ નોટ ૪. ૫. મયૂરોની ચીસોનો અવાજ. ૬. અનિમિષ=આંખો ન મીચે તે-માછલાં; એકાગ્ર દૃષ્ટિ. કુવલયથી૦-થી ને બદલે જેવાં શબ્દ લેવાથી આજ વિશેષણો ઇંદ્રલોચનને પણ લગાડી શકાયછે. ઇંદ્રનું નામ 'સહસ્રાક્ષ' પણ છે. ૭. વલભિ=કઠેરો;

ઉપજી હોય તેમ તે સર્વદા તરંગ રૂપી ભ્રુકુટિ-લેખા ચઢાવી રાખેછે. ત્યાં વસનાર વિલાસી લોક હર-જટાના ચંદ્ર જેવો સકલ ભુવનમાં વિખ્યાત યશવાળો અને કોટિસાર છે;[1] મૈનાક પર્વતની પેઠે પક્ષપાતને તે સમજતો નથી;[2] સ્વર્ગગંગાના પ્રવાહની સમાન તેમાં કનકપદ્મનો સમૂહ દેખાયછે;[3] સ્મૃતિશાસ્ત્રના જેવો તે સભા, યજ્ઞશાલા, કૂપ, પ્રપા, ઉદ્યાન, દેવાલય, સેતુ અને યન્ત્રોનો પ્રવર્તન કરનાર છે;[4] મંદરાચલની પેઠે તેણે સર્વ સાગર-રત્નનો સાર કાઢી લીધોછે;[5] પોતાની પાસે ગારુડ છતાં પણ તે ભુજંગ-સંગથી ડરેછે;[6] સકલોપજીવી છતાં પણ તેનો વિભવ પ્રણયી જનજ ભોગવેછે;[7] વીર છતાં પણ તે લોક વિનયી છે;[8] પ્રિયંવદ છે તથાપિ સત્યવાદી છે;[9] અભિરૂપ છે તથાપિ સ્વપત્નીથી સંતુષ્ટ છે;[10] અતિથિ જનોને આવવાની તે પ્રાર્થના કરેછે તથાપિ પર-પ્રાર્થનાથી અજ્ઞ છે;[11] કામાર્થ-પર છે તો પણ તે ધર્મોત્તેજક

જરૂખો. (Balcony.) ૧. યશ=કીર્તિ;પ્રકાશ. કોટિસાર=કોટિ-શતલક્ષ, સાર=ધન, વાળો લોક ; અને કોટિ-ખુણાજ-જેનો સાર છે એવો, અર્થાત્ બીજની રાત્રે દેખાય તેટલો. ૨. પક્ષપાત-એક અર્થ સારૂ જુઓ પૃ. ૨૯ નો. ૪ માંનો બીજો અર્થ. સર્વ પર્વતોને પૂર્વે પક્ષ-પાંખો-હતી, પણ તેઓ ઉપદ્રવ બહુ કરવા લાગ્યા તેથી ઇન્દ્રે વજ્રથી તે પાંખો પછી કાપી નાંખી. કાપતાં માત્ર મૈનાક પર્વતજ સમુદ્રમાં નાશી જઇને બચ્યો હતો એટલે તેનો પક્ષપાત થયો નહિ.-રામાયણ. ૩. કનકપદ્મ=કનકની-અર્થાત્ મ્હોરોની-પદ્મ જેટલી મ્હોટી સંખ્યા, અથવા કનક અને પદ્મ-તે નામના મણિ, લોક પાસે હતા. સ્વર્ગગંગામાં કનકનાં પદ્મ-કમલ. ૪. પ્રપા=પરબ. ઉદ્યાન=વાડી. શાસ્ત્રમાં ઉપદેશ કરેલો હોય; અને આ લોક તે પ્રમાણે વર્તે. ૫. મંથનસમયે મંદરની સાહાય્યથીજ સર્વ રત્ન નીકળ્યાં હતાં ; આ લોકે સર્વ રત્નનો સંગ્રહ કીધો હતો. ૬. ગારુડ=વિષમંત્ર; મરકત મણિ. ભુજંગ=સર્પ; લંપટ પુરુષ. (વિરોધ). ૭. સકલોપજીવિ૰=સકલ-સર્વ-ને ઉપજીવિકા આપે તથાપિ પ્રણયી જનજ-વ્હાલાં મનુષ્યજ-વિભવ ભોગવે એ વિરોધ. તે શમાવતાં, સકલોપજીવી=(શિલ્પાદિ) કળા જાણનાર ઉપજીવી જનવાળો-એ અર્થ લેવો. ૮. વીર=અન્યને તુચ્છ ગણનાર; શૂરો. બીજાને તુચ્છ ગણે તે વિનયી નહોય, માટે વિરોધ. શમન બીજો અર્થ લીધાથી થાયછે. ૯. હંમેશાં પ્રિયવક્તા સત્યવાદી હોતા નથી, માટે તેમ હોય તે વિરોધ જેવું ગણાય. ૧૦. અભિરૂપ=રૂપ અભિમત-ગમતું-છે જેને તે, અર્થાત્ સૌન્દર્ય-પક્ષપાતી; વિદ્વાન્. ૧૧. વિરોધ શમન કરતાં પર-પ્રાર્થના=પારકાની દ્રવ્યા-

છે;[1] અતિ વીર્યવાન્ છે તથાપિ તે પરલોકથી ડરેછે;[2] વિવિધ સાંસારિક વિષયનું તેને જ્ઞાન છે; તે ઉદાર, ચતુર, તથા હસીને બોલનાર છે; પરિહાસમાં કુશલ છે; વસ્ત્ર ઉજ્જ્વલ પેહેરેછે; સર્વ દેશની ભાષાઓમાં પ્રવીણ છે; વક્રોક્તિમાં નિપુણ છે;[3] આખ્યાયિકા તથા આખ્યાનના[4] અભ્યાસથી ચતુર છે; સર્વ લિપિને જાણનાર છે; મહાભારત, પુરાણ તથા રામાયણ ઉપર ભાવ રાખેછે; બૃહત્કથામાં[5] કુશલ છે; દ્યૂતાદિ કલાઓમાં તે પારંગત છે; વેદશાસ્ત્ર ઉપર તે લોકને પ્રેમ છે; સુભાષિતનું વ્યસન છે; (સ્વભાવે) તે શાન્ત છે; ચૈત્રમાસના પવન જેવો તે સર્વદા દક્ષિણ છે;[6] હિમાલયના વન જેવો તે અંતઃસરલ છે;[7] લક્ષ્મણની પેઠે તે રામ[ા]નું આરાધન કરવામાં નિપુણ છે;[8] શત્રુઘ્નની સમાન ભરતનો પરિચય દર્શાવેછે;[9] દિવસની પેઠે મિત્રને અનુવર્તેછે;[10] બૌદ્ધની પેઠે તે સર્વદા નાસ્તિ વાદમાં શૂરો છે;[11] સાંખ્ય શાસ્ત્રની પેઠે તેનામાં પ્રધાન પુરુષ છે;[12] અને જિન ધર્મની સમાન તે જીવ ઉપર દયાભાવ રાખેછે. વળી તે નગરીમાં પર્વતો જેવડા જેવડા મહેલ છે; શેરિયો જેવાં તો ત્યાં મ્હોટાં મ્હોટાં ઘર છે; ને કલ્પવૃક્ષો જેવા તો ત્યાં સત્પુરુષો છે.

દિકને અર્થે પ્રાર્થના, અથવા પરપુરુષોએ કરેલી તેમની પ્રાર્થના—એ અર્થ લેવો. ૧. કામાર્થપર=કામ—રતિ-વિલાસ, અને અર્થ—દ્રવ્ય, તેમાં તત્પર. વિરોધ શમાવતાં, કામાર્થ—વાઞ્છિત પદાર્થ—મેળવવામાં તત્પર, એ અર્થ કરવો. ૨. પરલોક=શત્રુ; બીજી દુનિયાં. અહીં સુધીજ વિરોધાલંકાર છે. ૩. વક્રોક્તિ=મર્મનાં વચન, દ્વીઅર્થી ભાષણ. ૪. જુઓ પૃષ્ઠ ૬ નોટ ૪. ૫. બૃહત્કથા=ગુણાઢ્ય નામના કવિયે રચેલી કથા.—જુઓ એફ. ઈ. હૉલની, વાસવદત્તાની પ્રસ્તાવના.

૬. દક્ષિણ=ચતુર; દક્ષિણ દિશામાંથી આવતો (પવન). ૭. અન્તઃસરલ=અન્તઃકરણમાં શુદ્ધ; વનની અંદર 'સરલ' જાતનાં વૃક્ષ હોયછે. ૮. રામા—સ્ત્રિયો—નું આરાધન; રામનું આરાધન—પૂજન. ૯. ભરત=ભરત મુનિ—તેનું રચેલું નાટ્યશાસ્ત્ર વાંચવાથી લોકને તેનો પરિચય; અને કેકયીનો પુત્ર—શત્રુઘ્નનો ભાઈ. ૧૦. જુઓ પૃ. ૨. નો. ૧. ૧૧. સર્વદાનાસ્તિવાદ='સર્વ દાનમાંજ છે,' એવો વાદ કરવો તે; અને સર્વદા+નાસ્તિવાદ= હમેશાં,'નાસ્તિક'વાદ કરવો તે (બૌદ્ધ સાથે લેતાં). ૧૨. પ્રધાન પુરુષ= ઉત્કૃષ્ટ પુરુષો (તે લોકમાં છે); અને સાંખ્યશાસ્ત્રમાં 'પ્રધાન' અને 'પુરુષ' એ શબ્દ મુખ્યત્વે કરીને જોવામાં આવેછે. પ્રધાન=પ્રકૃતિ—સર્વ પદાર્થનું, ઉત્પત્તિકારક બીજ. (Matter). અને પુરુષ—એથી ઉલટું—આત્મા—જે ઉત્પન્ન કરતો પણ

તેની ચિત્રેલી ભીંતોથી તે જાણે વિશ્વરૂપ પ્રકટ કરેછે. ઈન્દ્રમૂર્ત્તિ જેવી તે સેંકડો યજ્ઞાગ્નિના ધૂમથી પવિત્ર થયેલી છે.[1] મહાદેવની નૃત્ય-ક્રીડાની સમાન ત્યાં સુધા-ધવલ અટ્ટહાસ છે.[2] વૃદ્ધ સ્ત્રીની પેઠે તેનામાં સુવર્ણનો ક્ષય થયેલો છે.[3] ગરુડ-મૂર્તિના જેવી તે અચ્યુત-સ્થિતિવડે રમણીય લાગેછે.[4] સંધ્યાના જેવી તે પદ્મરાગ વડે અરુણ છે.[5] પ્રભાતવેળાની પેઠે ત્યાં સર્વ લોક પ્રબુદ્ધ છે.[6] શબર લોકની વાસભૂમિ હોય તેમ ત્યાં લટકાવેલા ચામર[યુક્ત]નાગદંતથી ગૃહો ધવલ થયેલાં છે.[7] શેષ નાગની મૂર્તિની પેઠે તે પોતાની સમીપ સદા વસુધા ધરે [રાખે] છે.[8] સમુદ્રમથન વેળાની સમાન ત્યાં મ્હોટા ઘોષથી દિગન્તરો પૂરાઈ ગયાં છે.[9] પ્રસ્તુત સમયે અભિષેક કરવાની ભૂમિની પેઠે ત્યાં હજારો સુવર્ણ-કલશ પડેલા રહેછે. પાર્વતીની પેઠે તે મહાસિંહાસનને ઉચિત[10] છે. અદિતિની સમાન તે હજારો દેવકુલથી સેવ્ય છે.[11] વરાહાવતારની જાણે લીલા હોય તેમ ત્યાં હિરણ્યાક્ષનો પાત દેખાયછે.[12] કદ્રુની પેઠે તે ભુજંગ લોકને આનંદ આપેછે.[13] હરિવંશની કથા હોય તેમ તે અનેક

નથી ને થતો પણ નથી. (Spirit). ૧. સો યજ્ઞ કીધાથી ઈન્દ્રની પદ્વી મળેછે ને તેથીજ ઈન્દ્ર "શતક્રતુ" કહેવાયછે. ૨. સુધા–ચુનો–તેથી ધોળેલી અટ્ટ–અટારિયો–રૂપી હાસ (નગરીમાં); અને સુધા જેવું ધોળું અટ્ટહાસ–મહાદેવનું હાસ્ય. ૩. સુવર્ણ=સોનું; સારો રંગ–રૂપ. ક્ષય=નિવાસ; વિનાશ. ૪. અચ્યુત-સ્થિતિ=ખસે નહિ એવી સ્થિતિ; અચ્યુત–વિષ્ણુ–ની સ્થિતિ–સ્થાન–બેસવું. જુઓ વાસવ૦ साधुमिवाच्युतस्थितिरमणीयं.–પૃ. ૨૭૧. ૫. પદ્મરાગ=તે નામના મણિ; પદ્મ–કમલ–નો રાગ–રંગ. ૬. પ્રબુદ્ધ=જ્ઞાની; જાગૃત. જુઓ પૃષ્ઠ ૪૭ લીટી ૯ મી.

૭. નગરીમાં ગૃહોની અંદર ચામરવાળી નાગદન્ત–ખીંટિયો–હતી–અર્થાત્ ખીંટિયે ચામર ભરવેલાં હતાં; ભીલ લોકોને ઘેર ચામર–ચમરીના વાળ, તથા નાગદન્ત–હસ્તિદન્ત લટકાવેલા હોય. ૮. શેષનાગ વસુધા–પૃથ્વી–ધરેછે–ઉચકેછે; નગરી પોતાની પાસે વસુધાધરે–પર્વત પણ–રાખે-છે. ૯. ઘોષ=નાનાં નાનાં ગામડાં; અવાજ. ૧૦. મહાસિંહાસન= મહાસિંહનું આસન–પાર્વતીને; મહા–મ્હોટું, સિંહાસન–નગરીને. ૧૧. દેવકુલથી=દેવાલયોને લીધે; અને દેવનો સમૂહ–તેમને. અદિતિ–દેવોની માતા. જુઓ વાસવદત્તા–પૃ. ૧૨૧, अदितिजठरमिवानेकदेवकुलाध्यासितं. ૧૨. હિરણ્યાક્ષ વિ૦=હિરણ્ય–સુવર્ણ–ના અક્ષ–પાસા–ત્યાં પડેછે (રમવામાં); અને એ નામનો રાક્ષસ–હિરણ્યકશિપુનો ભાઈ–જેણે પૃથ્વી સમુદ્રમાં નાંખી દીધી હતી ને જેને વિષ્ણુએ વરાહાવતારમાં માર્યો હતો–તેનો પાત–વિનાશ. ૧૩. કદ્રુ=નાગલોકની માતા. ભુજંગ=વિષયી પુરુષો;

બાલક્રીડાથી રમણીય લાગેછે.[1] અંગનોપભોગ પ્રકટ છતાં પણ તેનું ચરિત્ર અખંડિત છે.[2] વર્ણ રક્ત છતાં પણ તે કળીચુનાથી ધોળી દેખાય-છે.[3] ત્યાં મોતીના હાર લટકાવેલા છતાં પણ તેનાં ભૂષણ વિહાર[4] છે. અને વિવિધ પ્રકૃતિ છતાં પણ તે સ્થિર રહેછે.[5]

ત્યાં ઉંચા ઉંચા મહેલના શિખરભાગમાં ગાન કરતી સ્ત્રિયોના અતિમધુર ગીતસ્વરથી આકૃષ્ટ થતા સૂર્યના અશ્વ નીચે મુખે ચાલેછે, અને રથનું ધ્વજપટ આગળ ફરફરેછે તેથી તે જાણે જતે જતે શ્રી-મહાકાલેશ્વરને પ્રણામ કરતો હોય એવો પ્રતિદિવસ દેખાયછે. વળી ત્યાં સિંદૂરવાળી મણિભૂમિયો ઉપર સૂર્યકિરણ, જાણે સંધ્યારાગથી રક્ત થયા હોય એવા શોભેછે; મરકત મણિની વેદિયો ઉપર, જાણે નીલકમલિ-નીને સ્પર્શ કરતા હોય એવા દીસેછે; વૈદૂર્ય મણિની ભૂમિ ઉપર, જાણે ગગનતલમાં પ્રસરેલા હોય એવા દીપેછે; કૃષ્ણાગુરુના ધુમાડાના ગોટામાં, જાણે અંધકાર તોડી નાંખવાને તત્પર થયા હોય એવા લાગે-છે; મુક્તાહાર ઉપર તે, તારાઓની પંક્તિને જાણે હરાવેછે; સ્ત્રિયોનાં મુખ ઉપર, વિકસિત કમલને ચુંબન કરતા હોય એમ જણાયછે; સ્ફટિકમણિ-મય ભિત્તિયોની પ્રભામાં, પ્રભાત-ચંદ્રિકામધ્યે પડયા હોય એવા ભાસેછે; શ્વેત ધ્વજપટ ઉપર, જાણે ગગનગંગાના તરંગને સ્પર્શ કરતા હોય એવા દેખાયછે; સૂર્યમણિ ઉપર, જાણે પલ્લવિત થયા હોય એવા પ્ર-કાશેછે; અને ઈન્દ્રનીલ મણિની જાળિયોના અન્તરાલમાં, જાણે રાહુના મુખની ફાડમાં પડ્યા હોય એવા વિરાજેછે!! તે નગરીમાં (કદી) અંધકાર નહિ થવાથી[6] રાત્રે ચક્રવાક પક્ષિયોનાં દ્વંદ્વને વિયોગ પડતો નથી; સુરત-પ્રદીપો વ્યર્થ જેવા થાયછે; અને કામિનીઓની ભૂષણ-પ્રભાને

નાગ. ૧. બાલક્રીડા=બાલકોની ક્રીડા; કૃષ્ણની બાળપણની ક્રીડાઓ. ૨. અંગનોપભોગ=અંગના+ઉપભોગ=સ્ત્રીસંભોગ; અને અંગન—આં-ગણું—તેનો ઉપભોગ—ઉપયોગ. (વિરોધાલંકાર). ૩. વર્ણ=રંગ; અને બ્રાહ્મણાદિ જાતિ. રક્ત=લાલ; અનુરાગયુક્ત. ૪. વિહાર=હાર વિનાનાં; અને બીજો અર્થ—બુદ્ધ-મંદિર. મોતીના હાર છતાં ભૂષણ હાર વિનાનાં એ વિરોધ. તેનું શમન કરતાં એમ અર્થ લેવો કે એ નગરીને વિહાર—બુદ્ધ-મંદિર—રૂપી ભૂષણ છે. ૫. પ્રકૃતિ=સ્વભાવ; અને રાજાની પ્રજા. ૬. કારણ કે અહર્નિશ ત્યાં મહેશ્વરનો વાસ હતો એટલે તેમના મસ્તક ઉપરની ચંદ્રકલાનો બારેમાસ ત્યાં પ્રકાશ પડતો.

લીધે, કામાગ્નિનો જાણે દિગ્દાહ સળગ્યો હોય તથા બાલ સૂર્યનો જાણે પિંગલ પ્રકાશ પ્રસરી ગયો હોય એવું ભાસેછે!! તેની સમીપ મહાદેવ વસેછે તેથી જાણે રતિનો પ્રલાપ ચાલતો હોય એવો અતિ મધુર અને **મદનદાહ-હેતુ**, ગૃહ-કલહંસનો કોલાહલ, અહર્નિશ તે નગરીમાં સંભળાયછે[૧]. વળી ત્યાં દૂર પ્રસારેલા ઉંચા ધ્વજ-ભુજવાળી હવેલિયો, રાત્રે રાત્રે માલવી સ્ત્રિયોના મુખકમલની કાન્તિ જોઈ લજ્જા પામેલા ચંદ્રનું કલંક, પવનથી ચંચલ થઈને ફરફરતા દુકૂલ-પલ્લવોવડે જાણે ભુસી નાંખતી હોય• એવી દેખાયછે! મહેલના શિખર-ભાગમાં સુતેલી ત્યાંની પુર-સુંદરિયોનાં મુખ જોઈને જાણે કામવશ થઈ પડેલો ચંદ્ર, જાડા ચંદન-રસ છાંટવાથી શીતલ થયેલી મણિભૂમિયો ઉપર પોતાની પ્રતિમાના છલમાં આળોટેછે[૨]!! તે નગરીમાં પંજરગત શુક-સારિકાઓ પાછલી રાત્રે જાગી જાગીને અતિશય ઉંચે સ્વરે પ્રભાતનાં મંગલ ગીત ગાયછે તે પણ, ગૃહ-સારસના કૂજનને કોરે મુકે એવા, વિલાસિનીઓના વિસ્તારી ભૂષણ-શબ્દથી ઢંકાઈ જઈને વ્યર્થ જેવાં થઈ જાયછે. વળી ત્યાં અનિવૃત્તિ મણિ-પ્રદીપોને છે;[૩] તરલતા હારમાં છે;[૪] અસ્થિતિ, સંગીત અને મૃદંગના ધ્વનિને છે;[૫] દ્વંદ્વ-વિયોગ ચક્રવાકને છે;[૬] વર્ણ-પરીક્ષા સુ-

---

૧. કામને મહાદેવે તૃતીય લોચનમાંથી નીકળેલા અગ્નિથકી બાળી નાંખ્યો હતો તે સારૂ જુઓ કુમારિ૰ સર્ગ ૩, શ્લોક ૭૧, ૭૨.

> तपःपरामर्शविवृद्धमन्योर्भ्रूभङ्गदुष्प्रेक्षमुखस्य तस्य ।
> स्फुरन्नुदर्चिः सहसा तृतीयादक्ष्णः कृशानुः किल निष्पपात ॥
> क्रोधं प्रभो संहर संहरेति यावद्गिरः खे मरुतां चरन्ति ।
> तावत्स वन्हि र्भवनेत्रजन्मा भस्मावशेषं मदनं चकार ॥

ઘરમાં પાળેલા હંસના કોલાહલને રતિ-વિલાપ સાથે સરખાવવાનું પ્રયોજન 'મદનદાહ-હેતુ' માં છે. મહાદેવ ઉજ્જયિની પાસેજ રહેતા હતા અને તેમણે મદન–કામ–નો દાહ કર્યો હતો, અર્થાત્ તેને બાળી નાંખ્યો હતો તેથી રતિ વિલાપ કરતી હોય; તેમજ આ કોલાહલ પણ મદનદાહ હેતુ હતો–મદનનો દાહ ઉપજાવવાનો હેતુ હતો–કામાગ્નિ સળગાવતો હતો. ૨. અહીં અપન્હવોત્પ્રેક્ષા છે. ૩. બીજે સર્વ ઠેકાણે નિવૃત્તિજ વ્યાપેલી છે. (સનિયમશ્લેષાલંકાર). ૪. તરલતા=તરલ–હારની મધ્યે રહેતો મણિ–ધારણ કરવો તે; મનની તરલતા–અસ્થિરતા ત્યાં નથી. ૫. સર્વદા સંગીતાદિ ચાલુ રહેછે; અને અસ્થિતિ=અમર્યાદા=સ્થિતિનું ઉલ્લંઘન, કહીં નથી. ૬. પાછળ કવિયે કહ્યું છે કે

વર્ણની છે[1]; અસ્થિરપણું ધ્વજોમાં છે; મિત્ર-દ્વેષ કુમુદોમાં છે[2]; અને કોશગુપ્તિ તરવારોની છે[3]. ટુંકામાં, જેના ચરણનખ-કિરણોનું દેવ-દાનવોના મુકુટમણિ-મરીચિ ચુંબન કરેછે; તીક્ષ્ણ ધારવાળા ત્રિશૂલથી જેણે અંધક અસુરને ચીરી નાંખ્યો છે; પાર્વતીના નૂપુરને છેડે જેના મસ્તક ઉપરનો નાનો ચંદ્ર ઘસાયલો છે[4]; ત્રિપુરની ભસ્મરજનો જેણે અંગ-લેપ કીધોછે; કામદેવના નાશથી શોકાતુર થઇને આરાધના કરતી રતિ પ્રસારેલા પોતાના કરયુગલમાંથી પડી ગયેલા કંકણવડે જેના ચરણની પૂજા કરેછે; ને પ્રલયકાળની અગ્નિજ્વાલાના કલાપ જેવી જેની કપિલ જટામાં દેવગંગા ભમ્યાં કરેછે—એવા, અંધકાસુરના શત્રુ, ભગવાન્ શ્રી-મહાકાલેશ્વર પોતે કૈલાસવાસની પ્રીતિ છોડીને ત્યાં રહેલા છે.

એવા પ્રકારની એ નગરીમાં નલ, નહુષ, યયાતિ, ધુંધુમાર, ભરત, ભગીરથ અને દશરથ જેવો, પ્રજાની પીડા હરનાર તારાપીડ નામે રાજા હતો. પોતાના ભુજ-બલથીજ તેણે આખું ભૂમંડલ જીત્યું હતું. ત્રણ શક્તિયો[5] તેને પ્રસન્ન હતી. તે મતિમાન્ અને ઉત્સાહી હતો. નીતિ-શાસ્ત્રમાં તેની બુદ્ધિ ઘણી ઉંડી પહોચતી હતી. ધર્મશાસ્ત્રનું તેણે અધ્યયન કીધું હતું. તેજ અને કાન્તિમાં સૂર્ય-ચંદ્ર સમાન ત્રીજો તે હતો. અનેક યજ્ઞો કરવાથી પોતે પવિત્ર થયો હતો. સકલ જગત્નાં સંકટ તેણે ભાગ્યાં હતાં; અને શૂરસમાગમનેજ શોધનારી, હસ્તમાં પ્રફુલ્લ કમલ ધારણ કરનારી લક્ષ્મીએ કમલવનનો ત્યાગ કરી, નારાયણના વક્ષઃસ્થલમાં રહેવાનું સુખ ન ગણકારી, તેને નિષ્કપટ આલિંગન દીધું હતું. મ્હોટા મ્હોટા મુનિજનોએ સેવેલા દેવગંગાના પ્રવાહનો જેમ વિષ્ણુ-ચરણ, તેમ તે સત્યનો જન્મહેતુ હતો.[6] શિશિર છતાં પણ રિપુજનોને સંતાપ-

(જુઓ પૃ.૭૦ લી.૨૧) એમને વિયોગ પડતો નથી—તે માત્ર અતિશયોક્તિ તરીકેજ લેવું પડશે; કારણ કે તેમ નહિ કરતાં, લખાણમાં પૂર્વાપર સંબંધ-નો વિરોધ થઇ જશે. ૧ વર્ણ-પરીક્ષા વિ૦=સોનાનીજ કસોટી ત્યાં થાયછે. વર્ણ—ચાર જાતિયો (બ્રા૦ આદિ)—તેમની પરીક્ષા નહિ.

૨. મિત્ર=સૂર્ય, દોસ્તદાર. ૩. કોશ—તરવારનું મ્યાન, તેમાં ગુપ્તિ—સંતાડવું; કોશ—ખજાનો—તેને કોઈ સંતાડતું નથી. ૪. જ્યારે પાર્વતી રીસાય ત્યારે મહાદેવ તેને પગે લાગી લાગીને મનાવે, માટે તેમ કરતાં માથાનો ચંદ્ર પાર્વતીના ચરણનૂપુર સાથે ઘસાતો હશે એવી કલ્પના થાયછે. ૫. ત્રણ પ્રકારની રાજ્યશક્તિ—પ્રભુત્વ, મંત્ર, અને ઉત્સાહ. ૬. ગંગા વિષ્ણુના ચરણમાંથી નીકળી હતી એવી કથા છે. કવિયોમાં આ સાદૃશ્ય સામાન્ય છે. જુઓ વિક્રમાંકદેવચરિત, પૃ. ૬. શ્લો. ૫૭—

क्रमेण तस्मादुदियाय वंशः शौरेः पदाद् गाङ्ग इव प्रवाहः ॥

કારી, **સ્થિર** અને વળી અહર્નિશ ભ્રમણ કરનાર[1], પોતે નિર્મલ રહીને શત્રુસ્ત્રિયોનાં મુખકમલની કાન્તિને મલિન કરનાર, અને અતિધવલ છતાં પણ સર્વ જનને **રક્ત** કરનાર[2] યશનું, સમુદ્ર જેમ ચંદ્રનું તેમ, તે ઉત્પત્તિસ્થાન હતો. પોતાના **પક્ષ**-ચ્છેદના ભયથી **ક્ષિતિધર**-કુલોએ પાતાલની સમાન તેનો આશ્રય લીધો હતો[3]. ગ્રહગણની પેઠે તે **બુધથી** અનુગત હતો[4]. કામદેવની પેઠે તે **વિગ્રહ**-રહિત હતો[5]. દશરથ જેવો તે **સુમિત્ર**[ા]યુક્ત હતો[6]. મહાદેવની પેઠે તે **મહાસેન**[ા]થી અનુગત હતો.[7] શેષનાગના જેવો તે **ક્ષમાના** ભારથી ગુરુ થયેલો હતો[8]. નર્મદા-પ્રવાહ જેવો તે **મહાવંશનો** પ્રભવ હતો[9]. ધર્મનો જાણે તે અવતાર હતો અને પુરુષોત્તમનો જાણે પ્રતિનિધિ હતો.

તમઃપ્રસરથી મલિન થયેલા વપુવાળા પાપી રાવણે ખસેડી મુકેલા કૈલાસને જેમ મહાદેવે અટકાવીને પાછો સ્થિર કર્યો હતો તેમ તમઃપ્રસર જેવા મલિન વપુવાળા, પાપથી ભરેલા કળિકાળે મૂળથી ચળાવેલા ધર્મને તેણે ફરીથી સ્થિર કીધો હતો[10]. રતિના પ્રલાપ સાંભળી મહાદેવને દયા ઉપજી હોય અને અંતઃકરણ આર્દ્ર થયાથી તેમણે બીજો કામદેવ ઉત્પન્ન કર્યો હોય એવો તેને લોક ધારતા હતા. જલનિધિતરંગથી જેની મેખલા ધોવાયેલી છે[11], પત્રની વચ્ચે વચ્ચે ચાલતા તારાગણને લીધે, જેનાં તટવૃક્ષનાં કુસુમો દ્વિગુણ થયેલાંછે, ઉગતા ચંદ્રબિમ્બમાંથી ગળતાં અમૃતબિન્દુના વર્ષાદથી જ્યાં ચંદનવૃક્ષ ભીનાં થાયછે, સૂર્યરથના ઘોડાની ખરીઓના છેડા ઉઝરડાયાથી ખંડિત થયેલાં લવંગ-પલ્લવો

---

૧. (વિરોધ). સ્થિર=અચંચલ; અને નાશરહિત. ૨. રક્ત=લાલ; અનુરક્ત. ૩. પક્ષ=સહાય; (પર્વતની) પાંખો. ક્ષિતિધર=રાજાઓ; પર્વતો. જુઓ પૃ. ૬૭ નો. ૨ જી. ૪. બુધ=ડાહ્યા પુરુષ; તે નામનો ગ્રહ. ૫. વિગ્રહ=લઢાઈ, ટંટો; શરીર. ૬. સુમિત્ર=સારા મિત્ર; સુમિત્રા=લક્ષ્મણની માતા. જુઓ વાસવદત્તા પૃ. ૩૦. दशरथ इव सुमित्रोपेतः.
૭. મહાસેના=મ્હોટી સેના; મહાસેન=કાર્તિકસ્વામી. જુઓ વાસવ૦ પૃ. ૧૪–हर इव महासेनानुगतः. ૮. ક્ષમાનો ભાર=અતિશય દયાભાવ; ક્ષમા–પૃથ્વી–નો ભાર. ગુરુ=સમર્થ; ભારે. ૯. વંશ=કુળ; વાંસ. અહીં બધે શ્લેષોપમાનો સંકર છે. ૧૦. રાવણે કૈલાસને ખસેડ્યો હતો એ વિ૦ કથા રામાયણના ઉત્તરકાંડમાં છે. તમઃપ્રસર=(એક વખત) તમોગુણનો પ્રસર; (બીજી વખત)અંધકારનો પ્રસર. વપુ=સ્વભાવ; શરીર.
૧૧. અહીંથી શરૂ થતાં વિશેષણ-રૂપ વાક્યોનો સંબંધ, આગળ આ-

જ્યાં શોભી રહ્યાં છે, અને ઐરાવત્ હાથીની શુણ્ડથી કરીને જ્યાં સલ્લકી-વૃક્ષનાં પલ્લવ તથા પત્ર કપાઇ ગયાં છે—એવા ઉદયશૈલ સુધીના[1]; જ્યાં વાનરોનાં ટોળાંએ ઘણાં લવલી-ફલ તોડી નાંખ્યાથી થોડાંજ રહેલાં છે[2], સમુદ્રમાંથી નીકળેલી જલદેવતાઓ જ્યાં રામચંદ્રજીનાં પગલાંનું વંદન કરેછે, પર્વતો ઉપરથી પડવાને લીધે ભાગી ગયેલા શંખના કડકાથી જ્યાં શિલાતલો ઉપર જાણે તારા તારા થઇ રહ્યા છે, અને નલને હાથે જોડાયેલા હજારો પર્વતોથી જે બનેલો છે—તે સેતુબંધ સુધીના[3]; સ્વચ્છ ઝરાનાં જલવડે જ્યાં તારક-ગણ ધોવાયછે[4], અમૃત-મથન કરતી નારાયણ-નાં કેયૂર તથા પત્ર મકરની કોટિસાથે ઘસાવાથી જેના પથ્થર સુંવાળા થયેલાછે, દેવદાનવોએ રહેલથી વલયાકારે વાળેલા વાસુકિ નાગને ખેંચ-વાને આરંભ કર્યો ત્યારથી તેમના હાલતા ચરણના ભારવડે જેનો નિતંબ ભાગ ક્ષુંદાઇ ગયોછે, તથા અમૃતની ફરફરથી જેનાં શિખર સિંચાયલાં છે—એવા મંદર પર્વત સુધીના; અને નરનારાયણની ચરણમુદ્રાથી અંકાયલા બદરિકાશ્રમવડે જે રમણીય લાગેછે[5], કુબેર-નગરીની સુંદરી-ઓના ભૂષણ-રવથી જેનાં શિખર ગાજી રહ્યાં છે, સપ્તર્ષિયોએ કરેલી સંધ્યોપાસનાથી જેના ઝરણનાં પાણી પવિત્ર થયેલાંછે, અને ભીમસેને (ક્રોડામાં) ક્ષુંદી નાંખેલાં સૌગંધિક પુષ્પના સમૂહવડે જેની મેખલા સુ-ગન્ધિ થયેલીછે—એવા ગંધમાદન (પર્વત) સુધીના, ભુજબલથી જીતાયલા રાજાઓ, પોતાના ચરણ-નખ-કિરણથી (તેની) મુકુટ-પત્રલતા સાથે ગ્રંથી-ઓ બાંધતા બાંધતા, ભયથી ચકિત અને ચંચલ થતી કીકીસહિત, સેવાઞ્જલિ રૂપી કમલ-કલિથી દન્તુર[6] થયેલાં પોતાનાં મસ્તકવડે તેને પ્રણામ કરતા. અનેક રત્ન-કિરણરૂપી પલ્લવવાળા, અને લટકતાં મોતી-વાળા, કલ્પતરુ જેવા સિંહાસન ઉપર દિગ્ગજ જેવો તે રાજા જ્યારે બિ-રાજ્યો ત્યારે લતાઓની સમાન શિલીમુખથી[7] કંપેલી સર્વ વિસ્તીર્ણ

વતા 'ઉદયશૈલ' સાથે છે. ૧. આ વિગેરે, સમાન વિભક્તિનાં વાક્યોનો સંબંધ-'રાજાઓ...તેને પ્રણામ કરતા'-તેની સાથેછે. ૨. એ વિગેરે વાક્યો "સેતુબંધ" સાથે યોજવાં. ૩. નલ=વિશ્વકર્માનો પુત્ર. સેતુબંધ=ભરતખંડ અને સિંહલદ્વીપ વચ્ચેનો પુલ. ૪. અહીંથી શરૂ થતાં વિશેષણ-રૂપ વાક્યો "મંદર પર્વત" સાથે યોજવાં. ૫. આ સર્વ 'ગંધમાદન' નાં વિશેષણ છે. ૬. જુઓ પૃ. ૧૬ નોટ ૨ જી. ૭. શિલીમુખ=બાણ; ભ્રમર.

દિશાઓ ભારથી નમી ગઈ. તેની અસાધારણ શક્તિને લીધે, હું ધારૂંછું કે ઇન્દ્ર પણ તેની સ્પૃહા રાખતો હતો. ક્રૌંચ પર્વતમાંથી જેમ હંસનું ટોળું નીકળે[1] તેમ તેનામાંથી, સર્વ ભુવનતલને ધવલ કરતો, સકલ લોકનાં હૃદયને આનંદકારી ગુણગણ પ્રસર્યો હતો. અમૃતના સુવાસ જેવા સુગંધિ પરિમલવાળી, મંદરાચલથી ઉછળેલા પુષ્કળ દૂધવાળા સમુદ્રની જાણે ફેનલેખા હોય એવી, સુરાસુર લોકને ધવલ કરી મુકનારી તેની કીર્તિ આખા ભુવનને ગજવતી, દશે દિશાઓમાં[2] ભ્રમણ કરતી હતી. તેના પ્રતાપના અતિદુ:સહ સંતાપથી જાણે ખેદ પામતી હોય તેમ રાજ્યલક્ષ્મી તેની છત્રચ્છાયાથી ક્ષણ પણ દૂર જતી ન હતી[3]. અને વળી તેના ચરિતનું સર્વ જનો ઉત્સવ-વૃદ્ધિની સમાન શ્રવણ કરતા; ઉપદેશની પેઠે ગ્રહણ કરતા; જાણે મંગલકાર્ય હોય એમ તેને વખાણતા; મંત્ર જેવો તેનો જાપ જપતા; અને શાસ્ત્ર-વચન હોય તેમ કદી તેને વિસ્મરતા નહિ. તે રાજાના રાજ્યમાં પૃથ્વી ઉપર પર્વતોનેજ **વિપક્ષતા** હતી.[4] પ્રત્યયોનેજ **પરત્વ** હતું.[5] દર્પણોજ સામાં રહેતાં હતાં.[6] મહાદેવની મૂર્ત્તિઓજ દુર્ગાશ્લેષ કરતી હતી.[7] જલધરોજ **ચાપ** ધારણ કરતા હતા.[8] કમલનેજ જલદિવ્ય હતું.[9] પ્રતિહારોજ ખડ્ગ રાખતા હતા. તીક્ષ્ણતા ખડ્ગ-ધારામાંજ હતી.[10] **ઉન્નતિ** ધ્વજોમાંજ અને **અવનતિ** ધનુષોમાંજ હતી.[11]

---

૧. માનસ સરોવરે જતાં, હંસ ક્રૌંચ પર્વતમાં થઇને જાયછે. જુઓ મેઘદૂત શ્લો. ૫૯.

हंसद्वारं भृगुपतियशोवर्त्म यत्क्रौञ्चरन्ध्रम् ॥

૨. ચાર દિશા, ચાર ખુણા, ભૂતલ અને આકાશ મળીને દશ.

૩. પ્રતાપનો જાણે તાપ લાગતો હોય તેથી છાયામાંજ રહેતી હતી.

૪. વિપક્ષતા=પાંખોવિના રહેવું (જુઓ પૃ. ૬૭ નો. ૨); દુશ્મનાઇ—જે ત્યાં ન હતી. ૫. પરત્વ=શબ્દની પાછળ આવવું તે; શત્રુત્વ. ૬. અર્થાત્ શત્રુઓ સામા આવતા નહિ. ૭. દુર્ગાશ્લેષ=દુર્ગ+આશ્લેષ; દુર્ગા+આશ્લેષ. જુઓ પૃષ્ઠ ૩૯ નોટ ૧૫. ૮. ચાપ=ઇંદ્રધનુષ્; યુદ્ધ સારૂ ધનુષ્ ગ્રહણ કરવાની જરૂર ન હતી. ૯. જલદિવ્ય=શાસ્ત્રમાં અપરાધીની પરીક્ષા કરવા સારૂ દશ શિક્ષાઓ (Ordeals) કહેલીછે, તે પ્રત્યેકનું નામ 'દિવ્ય'; જેવી કે તુલા-પરીક્ષા, અગ્નિ-પરીક્ષા, વિષ પરીક્ષા, તંદુલ-પરીક્ષા વિ૰, તેમાં જલ દિવ્ય—અપરાધીને પાણીમાં ડુબકી મરાવવી—એ પણ એક છે. આ શિક્ષા અહીં લોકોને ન થતી એવું કવિ સૂચવેછે, કારણ કે જલમાં માત્ર કમલજ ડુબતાં અને તરતાં. ૧૦. તીક્ષ્ણતા=ઝીણી ધાર; સ્વભાવની કઠોરતા. ૧૧. ઉન્નતિ=ઉંચે સ્થલે બેસવું, ચઢવું;

શિલીમુખથી વાંસનોજ ક્ષય થતો હતો.[1] યાત્રા દેવતાઓનીજ થતી હતી.[2] બંધન-સ્થિતિ કુસુમોનેજ હતી.[3] નિગ્રહ ઇન્દ્રિયોનોજ હતો.[4] વન-ગજોનોજ વારિ-પ્રવેશ હતો.[5] તુલા ઉપર ગ્રહોનેજ ચઢવું પડતું હતું.[6] વિષ-શુદ્ધિ સૂર્યોદયેજ થતી હતી.[7] કેશ તથા નખનોજ વૃદ્ધિ-છેદ થતો હતો.[8] વર્ષાઋતુના દિવસોનેજ મલિન અંબર હતું.[9] રત્ન અને પથ્થરનોજ ભેદ હતો.[10] મુનિયોજ યોગ-સાધના કરતા.[11] કાર્તિક-સ્વામિની સ્તુતિમાંજ તારકનો ઉદ્ધાર થતો હતો.[12] ગ્રહણની શંકા સૂર્ય-નેજ હતી.[13] જયેષ્ઠનું ઉલ્લંઘન ચંદ્રજ કરતો હતો.[14] મહાભારતમાંજ દુ:શાસનના અપરાધ સંભળાતા હતા.[15] વૃદ્ધાવસ્થામાંજ દંડ-ગ્રહણ થતું હતું.[16] ખડ્ગધારાનેજ કોષ-ગુપ્તિ હતી.[17] કામિનીનાં સ્તન ઉપર (ચિત્રેલા) પત્રભંગનેજ વક્રતા હતી.[18] હાથીઓમાંજ દાનનો નાશ થતો હતો.[19] અને પાસા રમવામાંજ શૂન્ય ગૃહો દેખાતાં હતાં.[20]

સુનાસીરને જેમ બૃહસ્પતિ, વૃષપર્વને જેમ કવિ, દશરથને જેમ વસિષ્ઠ, રામને જેમ વિશ્વામિત્ર, યુધિષ્ઠિરને જેમ ધૌમ્ય, ભીમને જેમ દમનક, તથા નલને જેમ સુમતિ તેમ તે રાજાને શુકનાસ નામે બ્રાહ્મણ પ્રધાન

અને મ્હોટાઇ–ગર્વ. અવનતિ=નમવું, વળવું; શત્રુપાસે નમી જવું.
૧. શિલીમુખ=ભ્રમર; બાણ. ૨. અર્થાત્ યુદ્ધસારૂ સેનાની યાત્રા થતી નહિ. ૩. બંધન=પુષ્પનું દીંટું; બંધીખાનું. ૪. એટલે લોકોનું દમન રાજા કરતો નહિ. ૫. વારિ=ગજ-બંધન-સ્થાન, (ત્યાં હાથીઓનો પ્રવેશ થતો, પણ) વારિ-પ્રવેશ=જલદિવ્ય, અપરાધિયોનું થતું નહિ. ૬. તુલા–તે નામની રાશિ, ગગનમાં; અને કાંટો–તોળવાની પરીક્ષા ઉપર ગણાવી તે સારૂ. ૭. વિષ-શુદ્ધિ=વિષ–જલ–ની શુદ્ધિ; અને ઉપર ગણાવેલી શિક્ષાની રીત–જે ત્યાં ન હતી. ૮. એટલે કોઈ પુરુષનો નહિ. ૯. અંબર=આકાશ; વસ્ત્ર. ૧૦. ભેદ=પ્રથક્ ભિન્નભાવ; લોકમાં તુટફાટ (જે ત્યાં ન હતી). ૧૧. યોગ=ચિત્ત-નિરોધ; અને કવચનો ઉપયોગ–જે ત્યાં ન થતો. ૧૨. તારક=એ નામનો અસુર જેને કાર્તિકસ્વામિયે હણ્યો હતો–તેના ઉદ્ધારની કથા તેમની સ્તુતિ સમયે આવતી; પણ તારક=ડોળા, તે કોઈના ફોડવામાં કે ખેંચી કાઢવામાં ન આવતા. ૧૩. ગ્રહણ=રાહુથી ઘેરાવું તે; અને પકડાવું. ૧૪. જયેષ્ઠ=૧૮મું નક્ષત્ર; વડીલ. ૧૫. દુ:શાસન=ધૃતરાષ્ટ્રના એક પુત્રનું નામ; અહીં દુ:શાસન–દુષ્ટ કારભાર–થી લોકોને પીડા થતી નહિ. જુઓ વાસવ૦ પૃ. ૨૧–दुःशासनदर्शनं भारते. ૧૬. દંડ=લાકડી; દ્રવ્ય વિ૦ શિક્ષાતરીકે લેવું તે. ૧૭. કોષગુપ્તિ–જુઓ પૃષ્ઠ ૭૨ નો. ૩૭. ૧૮. પત્રભંગ–જુઓ પૃ. ૨૪ નો. ૮. લોકમાં દુરાચારાદિ કુટિલતા ન હતી. ૧૯. જુઓ પૃષ્ઠ ૧ લું નો. ૯ મી. જુઓ વાસવ૦ પૃ. ૧૨૫–दानच्छेदः करिकपोलेषु. ૨૦. જુઓ પૃષ્ઠ ૪ નોટ ૭.

હતો. તેની બુદ્ધિ સકલ શાસ્ત્ર તથા કળાઓમાં ઉંડી ઉતરવાથી ગંભીર થયેલી હતી. બાળપણથીજ તેને (રાજા ઉપર) અત્યંત પ્રેમ હતો. નીતિશાસ્ત્રના પ્રયોગમાં તે કુશલ હતો. ભુવન-રાજ્ય-ભાર રૂપી નૌકાનો તે નાવિક હતો. મ્હોટાં મ્હોટાં કાર્ય-સંકટોમાં પણ તેની બુદ્ધિ પાછી હઠતી ન હતી. ધૈર્યનું તે ધામ હતો. સ્થિતિનું સ્થાન હતો. સત્યનો સિંધુ હતો. ગુણગણનો ગુરુ હતો. સર્વ આચારનો આચાર્ય હતો, અને ધર્મનો રક્ષક હતો. શેષનાગની પેઠે પૃથ્વીનો ભાર ધારણ કરવાને તે શક્તિવાન્ હતો. જલનિધિની સમાન તે મહાસત્વવાળો હતો.[1] જરાસંધ જેવો તે સંધિ-વિગ્રહવાન્ હતો.[2] મહાદેવની પેઠે તે દુર્ગ[ા]પ્રસાધન કરતો હતો,[3] અને યુધિષ્ઠિર જેવો તે ધર્મનો પ્રભવ હતો.[4] સર્વ વેદ અને વેદનાં અંગ તે જાણતો હતો. સકલ રાજ્યમંડલનો તેજ એક સાર હતો. અને સર્વ કાર્યોમાં તેની મતિ નિર્વિઘ્ન પ્રસરતી હતી.

નરકાસુરના શસ્ત્રપ્રહારથી ભયંકર થયેલી અને ભ્રમણ કરતા મંદરાચલના નિર્દય ઘર્ષણથકી કઠિન થયેલા સ્કંધવાળી, શ્રીનારાયણની છાતીમાં પણ રહેલી લક્ષ્મી દુર્લભ નથી એમ પોતાના બુદ્ધિબલથકી તે માનતો હતો. અનેક રાજ્યરૂપી ફલ દર્શાવતી, લતા જેવી બુદ્ધિ તે મહા-વૃક્ષ જેવા પ્રધાનના સમાગમવડે અસંખ્ય શાખાઓથી ગહન થઇને વિસ્તાર પામેલી હતી. અને ચાર સમુદ્રના વલયરૂપી સીમાવાળી આખી પૃથ્વી ઉપર તેના અનેક સહસ્ર ગૂઢ પુરુષો ફરતા હતા તેથી જાણે (સકલ ભુવન) પોતાનું ભવન હોય તેમ (ત્યાંના વિવિધ) રાજાઓના શ્વાસોશ્વાસ-ની પણ તેને કદી ખબર પડ્યા વિના રહેતી નહિ.

તે રાજાએ, ઐરાવતની શુણ્ડ જેવા, સ્થૂલ, રાજલક્ષ્મીને ક્રીડા રમવા-ના ઉપધાન[5] જેવા, સકલ જગત્‌ને અભય-પ્રદાન કરવામાં પ્રવીણ, રણરૂપી યજ્ઞ-દીક્ષાના સ્તંભ જેવા, ઝગઝગતા ખડ્ગના કિરણ-જાલમાં

---

૧. સત્વ=સત્વગુણ; જીવજંતુઓ જે સમુદ્રમાં હોયછે. જુઓ પૃ. ૨૪ લી. ૪ નો. ૪. ૨. પ્રધાન સંધિ તથા વિગ્રહ—સંપ અને ભેદ—કરવાનું જાણતો હતો; જરાસંધનું વિગ્રહ-શરીર, સંધિવાળું-સાંધાવાળું હતું, તે એવું કે કાપે કાપે ને પાછા ભાગ એકઠા થઇ જાય. જુઓ વાસવદત્તા પૃ. ૨૯. जरासंधइव घटितसंधिविग्रहः—એનો એજ શ્લેષ ને અર્થ. ૩. દુર્ગ= કીલ્લો. દુર્ગા=પાર્વતી. પ્રસાધન=જીતવું; શણગારવું. ૪. યુધિષ્ઠિર, ધર્મ રાજાનો પ્રભવ—પુત્ર—હતો, અને આ પ્રધાન ધર્મનું પ્રવર્તન કરનાર—ઉત્પત્તિસ્થાન—હતો. ૫. ઉશિસું.

ઢંકાઈ ગયેલા, અને અખિન્ન શત્રુકુલનો પ્રલય સૂચવતા ધૂમકેતુ જેવા પોતાના ભુજ-દંડવડે, સપ્તદ્વીપ[1] રૂપી વલય વાળી વસુધાને બાળપણમાંથી-જ વશ કરીને તે શુકનાસ નામના પોતાના મિત્ર જેવા મંત્રિઉપર સર્વ રાજ્યભારનો નિક્ષેપ કરી, પ્રજાઓને સ્વસ્થ કરી હતી, તથા સર્વ શત્રુઓના પ્રશમન થકી તેની સઘળી ચિંતા દૂર થઈ હતી, તેથી બીજું કંઈ કર્તવ્ય શેષ રહેલું છે એમ તેને લાગ્યું નહિ; માટે પૃથ્વીસંબંધી વ્યાપાર શિથિલ કરી, યૌવન-સુખનો ઘણો ખરો અનુભવ તેણે લીધો.—એટલે કે–કોઈ કોઈ વાર તે કામવશ થઈને સુરત-ક્રીડા કરતો તે પ્રિયાઓના અધર-દંશ થવાથી ધ્રુજતા હાથ ઉપર હાલતાં મણિ-વલયના કલકલથી રમણીય લાગતી હતી; આખા શયન ઉપર, ત્યાં, રતિ-રભસમાં[2] છુંદાઈ ગયેલાં દંતપત્રના[3] કડકા કડકા થઈ રહેતા હતા; ઉંચા થતા ચરણમાંથી ગળતા અલક્તક[4] રસવડે માથા ઉપરના હાર રક્ત થતા હતા; વેગથી કેશ-ગ્રહણ કરતાં, મણિ-કર્ણપૂરના ચુરેચુરા થતા હતા; સ્તન ઉંચાં નીચાં થવાથી, તે ઉપરની કૃષ્ણાગુરુ-લેપથી રચેલી પત્રલતાવડે[5] પ્રચ્છદપટ[6] અંકિત થતું હતું; અને સ્વચ્છ શ્રમજલના ઝીણા ઝીણા કણથકી, ગોરોચનાનાં તિલક અને પત્રભંગ ભુસાઈ જતાં હતાં. ગાલઉપર ઉભાં થતાં કઠોર રુવાંથી જર્જરિત થયેલા કર્ણપલ્લવવાળી પ્રિય યુવતીઓ, ચંદન-જલ-ધારા જેવી પોતાની હાસ્યામૃત-શોભાથી ત્યાં તેને અભિષેક કરતી હતી; કર્ણોત્પલ જેવા નેત્ર-કિરણોથી તેને પ્રહાર કરતી હતી; કેસર-ધૂલિ જેવી આભૂષણ-પ્રભાથી તેનાં લોચન ભરી નાંખતી હતી; શ્વેત વસ્ત્ર જેવા પોતાના કર-નખ-કિરણવડે તેને જરા તાડન કરતી હતી; અને ચંપક-પુષ્પ તથા પત્રની માલાઓ જેવી પોતાની ભુજ-લતાઓ વડે તેને બાંધી લેતી હતી[7]. કોઈ કોઈ વાર તે નૃપતિ સુવર્ણમય પિચકારીઓથી ઘણા કાળ સુધી ક્રીડા કરતો હતો; ત્યાં, કામદેવનાં કનકબાણની હેલી જેવી, કામિનીઓના કર-સંપુટમાંથી નીકળતી, કેસરની જલધારાઓવડે તેનું શરીર પીળું પીળું થતું હતું; લાક્ષા જલની ધારાના પ્રહાર થકી તેનું દુકૂલ લાલ થતું હતું, અને કસ્તૂરી વાળાં જલ-બિન્દુવડે તેનો ચંદન-લેપ પંચરંગી થતો હતો. કોઈ

૧. તેમનાં નામ—જમ્બુ, પ્લક્ષ, શાલ્મલી, કુશ, ક્રૌંચ, શાક અને પુષ્કર (મો. વુ.). ૨. કામક્રીડાની ગરબડમાં. ૩. તે નામના કર્ણાભૂષણના. ૪. અળતો, જે સ્ત્રિયો પગે ચોપડતી. ૫. જુઓ પૃ. ૨૪ નો. ૮ મી. ૬. પછેડી. ૭. અર્થાત્ આલિંગન દેતી.

કોઇ સમયે જ્યારે તે અંતઃપુરની સ્ત્રિયો સાથે જલક્રીડા કરતો ત્યારે ગૃહ-સરોવરોના જલમાં સ્તન ઉપરનું ચંદન-ચૂર્ણ પડવાથી તરંગ-માલા ધવલ થતી હતી; જે ઉપરનાં નૂપુરનો હાલ્યાથી ઝણકાર થતો હતો તે ચરણે ચોપડેલા અલક્તક રસવડે હંસ-મિથુન છંટાઇ જતાં હતાં; વાળની લટો-માંથી ખરી પડેલાં કુસુમને લીધે તે જલમાં વિવિધ વર્ણ થતા હતા; કર્ણ-પૂરનાં કમલપત્ર ત્યાં તરતાં હતાં; ઉંચા ઉંચા નિતમ્બના ક્ષોભથી તરંગ જર્જરિત થતા હતા; દાંડામાંથી ભાગીને ફેંકેલાં કમલની ધૂળ તેમાં પડતી હતી; અને વારંવાર હાથ અફળાવાથી ઉડતાં ફેન-બિન્દુઓવડે ત્યાં ચંદ્રા-કાર થઇ રહેતા હતા. સંકેતમાં ઠગાયેલી પ્રિયાઓ કોઇ કોઇ વાર તેના અપરાધને લીધે ભ્રુકુટિ-ભંગ કરીને, રણરણાટ કરતાં મણિ-વલયથી ખડ-ખડતી ભુજ-લતાઓવડે, બકુલ-કુસુમની માલાથી તેના ચરણ બાંધી, આખો દિવસ તેને નખ-કિરણસાથે મિશ્ર થયેલા પુષ્પ-હારનું તાડન કરતી હતી. કોઇ કોઇ વાર સ્ત્રિયોએ ભરેલા મધુ-ગંડૂષના સ્વાદથી આનંદ પામી, બકુલવૃક્ષની પેઠે તે વિકાસ પામતો[1]. કદાચિત્ સુંદરીઓના ચરણતલ-પ્રહારવડે લાગેલા અલક્તકરસથી, અશોક વૃક્ષની સમાન તેને રાગ ઉત્પન્ન થતો.[2] કોઇ કોઇ વાર બલરામ જેવો ચંદન-ધવલ. કંઠમાં હાલતી કુસુમ-માલા પેહેરીને તે પાન કરતો.[3] મદ-રક્ત ગાલઉપર હિંદોળા ખાતાં કર્ણ-પલ્લવસાથે તે મદમત્ત રાજા, ગંધગજની સમાન, વિકસિત વન-લતા-કુસુમોનો સુગંધિ પરિમલ આપતા અરણ્યમાં કદાચિત્ ફરતો. ક્વચિત્ ક્વચિત્, ઝણઝણાટ કરતા મણિનૂપુરના રવથી મનમાં આનંદ પામી, હંસ-ની પેઠે તે કમલવનમાં ક્રીડા કરતો. કોઈ વાર, મૃગપતિની સમાન સ્કંધ-ઉપર કેસરમાલ લટકાવી, ક્રીડા-પર્વતો ઉપર તે ફરતો.[4] વળી કોઈ વાર

---

૧. ગંડૂષ=ઘુંટડો. એમ કહેલું છે કે—

(દુહો)

દિવ્ય સુંદરી જો કરે, બકુલ-વૃક્ષપર ધાર,
મુખથી મધુ-ગંડૂષની, ફાલે તે તત્કાળ.

૨. અશોકને માટે એમ કહેવાયછે કે—

(દુહો)

નૂપુર-રવથી ઝણકતા, ચરણે કરે પ્રહાર,
અશોકને કદિ સુંદરી, પુષ્પ ગ્રહે તે વાર.

રાગ=(રાજાને) પ્રેમ; (વૃક્ષને) લાલ રંગ. ૩. બલરામ ચંદન જેવો ગોરો હતો; તારાપીડ, ચંદન-લેપથી તેવો થયેલો; અને બંને મદિરા-પાનમાં સમાન. ૪. મૃગપતિ=સિંહ. કેસરમાલ= કેસરની માલા; યાળ.

ભ્રમરની પેઠ તે,ખીલતાં કુસુમની કળિયોથી ભરેલા લતા-મંડપોમાં સંચરતો. કોઈ વાર, નીલ વસ્ત્રથી મુખનું આચ્છાદન કરી, જે સુંદરીએ સાથે કૃષ્ણ રાત્રિના પ્રદોષ-સમયનો સંકેત કરી મુકેલો તેમને અભિસરણ કરતો.[1] અને મહેલના જે વિભાગમાં કનકદ્વાર ઉઘાડીને બારિયો પ્રકટ કરવામાં આવતી હતી, તથા જ્યાં અહર્નિશ બળતા કૃષ્ણાગુરુના ધૂમથી જાણે રક્ત થયેલાં પારાવત વિટંક[2] ઉપર બેઠેલાં હતાં ત્યાં કેટલાક આપ્ત[3] મિત્રો સહિત, વીણા, વેણુ, અને મૃદંગથી મનોહર લાગતું, અંતઃપુરનું નાટ્ય કદી કદી પોતે જોતો. ટુંકામાં, જે જે અતિ રમણીય વસ્તુ પોતાને પ્રિય હતી અને તે સમયને તથા ભવિષ્યકાળને અવિરુદ્ધ હતી તેનું, બીજા સર્વ પૃથ્વી-વ્યાપાર પોતે પરિસમાપ્ત કરેલા હતા માટે એ રાજાએ સુખ ભોગવ્યું, પરંતુ તેમાં સ્વચિત્તને તેણે લીન કરી દીધું ન હતું તથા તેનું વ્યસન (પણ) પાડ્યું ન હતું.—સકલ મહીમંડલસંબંધી કાર્ય સમાપ્ત કરીને પ્રજાનું રંજન કરનાર આવા મહીપતિની વિષયોપભોગ-લીલા તેનું ભૂષણ છે, પણ બીજા પુરુષોની (લીલા) તો (તેમની માત્ર) વિડંબના છે!—પ્રજાની પ્રીતિ મેળવવાની ઇચ્છાથી વચ્ચે વચ્ચે પોતે દર્શન દેતો અને પ્રયોજન હોય ત્યારે સિંહાસન ઉપર બિરાજતો.

શુકનાસ પણ અતિમહાન્ આ રાજ્યભારને પોતાના બુદ્ધિ-બલવડે, જરા પણ શ્રાન્ત થયા વિના, ઉપાડતો. જેવી રીતે નૃપતિ સર્વ કાર્ય કરતો તેવી રીતે એ પણ પ્રજાનો અનુરાગ દ્વિગુણ વધારીને વર્તતો. એને પણ રાજાએ, વાંકા થઇ ગયેલા ચૂડામણિની કિરણ-મંજરિયોથી ભરેલા પોતાના મુકુટવડે પ્રણામ કરતા તે વખતે તેમના ખસી જતા કુસુમ-શેખરમાંથી ટપકતા મધુ-કણવડે સભા બધી ભીંજાતી, તથા અતિશય નીચે નમવાથી લચી જતાં મણિકુંડલની કોરો સાથે તેમનાં અંગદ ઘસાતાં. અને એના પ્રયાણ સમયે પણ દશ દિશાઓમાં અન્તરીક્ષ ચપલ અશ્વ-બલની ખખડતી ખરિયોની શબ્દથી બધિર થઇ જતું હતું; સૈન્યના ભારથી ચળેલા પૃથ્વી-તલ ઉપર પર્વતો ડગમગી જતા હતા ; ગળતા મદને લીધે અંધ થયેલા ગંધગજની દાન-ધારાથી અંધકાર પ્રસરી જતો હતો; (ઉંચે) ઉડતા ધૂળના મ્હોટા ઢગથી સમુદ્રોનો રંગ ધૂસર થતો હતો; ચાલ-

૧. અભિસરણ—જુઓ 'અભિસારિકા'—પૃ. ૩ નો. ૨. અત્રે એ શબ્દ પુરુષને લગાડેલો છે. ૨. પક્ષિયોને રેહેવાનું સ્થલ. ૩. જુઓ પૃ. ૧૬ નોટ ૫.

તા પાયદળના કલકલથી કર્ણ-વિવર ભેદાઈ જતાં હતાં; અતિત્વરાથી જય શબ્દનો નિરંતર પોકાર થઈ રહેતો હતો; ઢોળાતાં હજારો શ્વેત ચામરોથી દિશાઓ ઢંકાઈ જતી હતી; અને ભેગા મળેલા નરપતિ-વૃન્દનાં, કનક-દંડવાળાં છત્રના સમૂહથી દિવસ ઢંકાઈ જતો હતો.

આ પ્રમાણે પ્રધાન ઉપર રાજ્યભારનો નિક્ષેપ કરીને તે રાજા યૌવન-સુખનો અનુભવ લેવામાં કાલ-નિર્ગમન કરતો. બહુ વર્ષ થયાં ત્યારે તે બીજાં પણ ઘણાં ખરાં સાંસારિક સુખનો પૂર્ણ ઉપભોગ કરી રહ્યો, પરંતુ પુત્ર-મુખ-દર્શન રૂપી એક સુખ તેને મળ્યું નહિ. આવા આવા ભોગમાં પણ અંતઃપુર તેને નિષ્ફલ પુષ્પ-દર્શન-યુક્ત શરવણ[1] જેવું લાગવા માંડ્યું. અને જેમ જેમ યૌવન જવા લાગ્યું તેમ તેમ મનોરથ નિષ્ફલ થવાથી, વંધ્યતાનો મ્હોટો સંતાપ તેનામાં વધતો ગયો. વિષયોપભોગથી પ્રાપ્ત થતા સુખની ઇચ્છાઓ ઉપરથી તેનું મન ઉઠી જવા લાગ્યું; અને હજારો નરપતિથી પરિવૃત છતાં પણ જાણે પોતે સહાય વિનાનો હોય, છતી આંખે અંધ હોય, અને આખા ભુવનનો આધાર છતાં જાણે નિરાધાર હોય એમ પોતાને સંતાન વિનાનો તે માનવા લાગ્યો.

શંભુના જટાકલાપને જેવી ચંદ્ર-કલા, વિષ્ણુના વક્ષઃસ્થલને જેવી કૌસ્તુભ-પ્રભા, બલદેવને જેવી વનમાલા[2], સાગરને જેવી ભરતી, દિગ્ગજને જેવી મદલેખા, વૃક્ષને જેવી લતા, ચૈત્ર માસને જેવી કુસુમોદ્‌ગતિ[3], ચંદ્રને જેવી ચંદ્રિકા, સરોવરને જેવી કમલિની, આકાશને જેવી તારાઓની પંક્તિ, માનસ સરોવરને જેવી હંસ-માલા, મલયાચલને જેવી ચંદનવનની ઘટા, અને શેષનાગને જેવી ફણામણિની જ્યોતિ, તેવી તે રાજાને—ત્રિભુવનને વિસ્મય પમાડનારી, સ્ત્રી-વિભ્રમની[4] જનની જેવી, સકલ અંતઃપુરમાં પ્રધાન પદ પામેલી,—વિલાસવતી નામે રાણી, આભૂષણ હતી.

એક દિવસ રાજા જ્યારે રાણીને મહેલ જઈ ચઢ્યો ત્યારે તેણે એને એક નાની સુઘટિત શય્યા ઉપર બેઠે બેઠે રુદન કરતી જોઈ. એની આસપાસ ભરાયેલા સર્વ દાસી-મંડલની દૃષ્ટિ ચિંતાથી જડ બની ગઈ હતી તથા શોકથી સર્વ ચૂપ થઈ બેઠાં હતાં; ધ્યાનમાં એકાગ્ર દૃષ્ટિ કરીને

---

૧. શરવણ=શર—બરૂ-નું વન. 'પુષ્પ' ના બે અર્થ સારૂ જુઓ પૃ. ૨૪ નો. ૫. ૨. પગ સુધી લટકતી પત્રપુષ્પની માલા. ૩. ફુલ આવવાં તે. ૪. વિભ્રમ=લાવણ્યતા, સ્વાભાવિક લટક, નખરાં.

પાસે ઉભેલા કંચુકિયો એની સેવા કરતા હતા; જરા દૂર રહેલી અંતઃપુરની વૃદ્ધ સ્ત્રિયો એને આશ્વાસન કરતી હતી; ચોધાર આંસુ પડવાથી એનું વસ્ત્ર પલળી ગયું હતું; સર્વ અલંકાર એણે ઉતારી નાંખ્યા હતા; વામ કરતલ ઉપર પોતાનું મુખ-કમલ રાખેલું હતું; અને એના વાળની લટો છૂટી હોવાથી આમ તેમ ફરફરતી હતી. (રાજાને જોઈ,) ઉઠીને એણે સત્કાર કર્યો કે તરતજ નૃપતિયે એને તેજ શય્યા ઉપર બેસાડી, અને પોતે પણ ત્યાંજ બેઠો. પરંતુ અશ્રુપાતનું કંઈ કારણ નહિ જાણવાથી તે જરા ગભરાટમાં પડ્યો, અને પોતાને હાથેજ એના બંને ગાલ ઉપરથી આંસુ લ્હોઈ નાંખતે નાંખતે કહેવા લાગ્યો કેઃ—દેવિ! અંતઃકરણના પ્રબલ શોકભારથી મંદ અને નિઃશબ્દ રુદન તું શા સારૂ કરેછે? જો આ ત્હારી પક્ષ્મ-પંક્તિયો મોતી જેવાં અશ્રુ-બિન્દુઓનું ગ્રથન કરેછે! કૃશોદરિ[1]! તેં આજ ભૂષણ કેમ કંઈ સજ્યાં નથી? રક્તકમલની કળિયો જેવા એ ચરણ ઉપર પ્રભાતના સૂર્ય-પ્રકાશ જેવો અલક્તક-રસ કેમ છાંટ્યો નથી? મદન-સરોવરના કલહંસ—ત્હારા મણિનૂપુર—ને આજ ચરણ-કમલ-સ્પર્શનો કેમ અનુગ્રહ કીધો નથી? પ્રિયે! મધ્યભાગને આજ શા કારણથી મેખલા કાઢી નાંખીને મૂક રાખ્યોછે? મૃગલાંછનમાં[2] મૃગ જેવો, કૃષ્ણાગુરુનો પત્રભંગ[3] કેમ આજ પયોધર ઉપર ચિતર્યો નથી? સુંદરિ! શંભુના મુકુટમાંની ચંદ્ર-કલા જેવી ત્હારી ગ્રીવાને શાને સારૂ ગંગા-પ્રવાહ જેવા હારથી શણગારી નથી? વિલાસિનિ! કેમ તેં આજ અશ્રુબિન્દુ પાડી પાડીને, ગાલ ઉપરથી કુંકુમ-પત્રલતા નિરર્થક ધોઈ નાંખી છે? વળી આ કોમલ અંગુલિ રૂપી પત્રવાળા રક્તકમલ જેવા કરતલનું કેમ તેં કર્ણપૂર બનાવી દીધુંછે?[4] ગોરોચનાના તિલક વિનાના લલાટ ઉપરની લટો કેમ તેં આજ હોળી નથી? દેવિ! ચંદ્રલેખા-રહિત, કૃષ્ણપક્ષના પ્રદોષ જેવો, આ ત્હારો કાળો કાળો, પુષ્પવિનાનો ચોટલો મ્હારી દૃષ્ટિને ખેદ પમાડેછે, માટે કૃપા કરીને દુઃખનું કારણ વિદિત કર. આ સ્તનઉપરના વસ્ત્રને કંપાવતા, દીર્ઘ-દીર્ઘ શ્વાસ-પવનથકી પલ્લવ જેવું **સરાગ**[5] મ્હારૂં અંતઃકરણ ધ્રુજેછે, માટે કહે કંઈ મ્હારો

---

૧. કૃશ—નાનું, ઉદર—પેટ—છે જેનું. ૨. મૃગલાંછન=ચંદ્ર. ૩. જુઓ પૃષ્ઠ ૨૪ નોટ ૮ મી. ૪. હાથ માથાતળે, એટલે કાન આગળ મુકેલો માટે તેની હાથેલી જાણે કર્ણપૂર જેવી બનેલી. ૫. રાગ=પ્રેમ; લાલ રંગ.

અપરાધ થયોછે? અથવા કોઈ મ્હારા પરિજનનો વાંક પડયોછે? હું તો વિચાર કરતાં મને તો ખરે, ત્હારા સંબંધમાં અલ્પ પણ મ્હારો દોષ થયો હોય એમ લાગતું નથી; મ્હારૂં જીવિત અને રાજ્ય ત્હારે સ્વાધીન છે; માટે સુંદરિ! શોકનું કારણ મને (ઝટ) કહીદે.—આવું કહેતાં પણ જ્યારે વિલાસવતીએ કંઇ પ્રતિવચન ન દીધું ત્યારે, વધારે વધારે આંસુ પાડવાનું કારણ રાજા તેની દાસીઓને પૂછવા લાગ્યો.

એટલે મકરિકા નામની તેની તાંબૂલ કરંક-વાહિનીએ[1] રાજાને પ્રત્યુત્તર આપ્યો કેઃ—મહારાજ! આપનો તે જરાએ અપરાધ ક્યાંથી હોય? અને આપ છો ત્યાંસુધી બીજું કોણ—પરિજન વા અન્ય કોઇ—અપરાધ કરી શકે એમ છે? પરંતુ—કોઇ મહાગ્રહથી પીડાતી હોઉં એમ નરેન્દ્રનો સમાગમ મ્હારે નિષ્ફલ થાયછે—એ રીતની ચિંતા દેવીને થયાં કરેછે, અને ઘણા કાળથી એ સંતાપ ભોગવેછે. અસુરસ્ત્રીના જેવાં સર્વદા સુરત[ા]ની નિન્દા[2] કરતાં રાણીજી પ્રથમ પણ શયન, સ્નાન, ભોજન, ભૂષણ-પરિગ્રહ આદિ ઉચિત દિવસ-વ્યાપારમાં પરિજનના અતિશય પ્રયત્નથી બળાત્કારે ચિત્ત ઘાલતાં અને શોકાતુર જેવાં રહેતાં; પરંતુ આપના હૃદયને પીડા થતી અટકાવાને જરાએ વિકાર દર્શાવતાં નહિ. પણ આજ ચતુર્દશી છે તેથી ભગવાન્ મહાકાલેશ્વરનું પૂજન કરવા સારૂ એ ગયાં હતાં ત્યાં મહાભારત કહેવાતું હતું, અને તેમાં એમણે સાંભળ્યું કેઃ—અપુત્ર જનને સ્વર્ગલોકની પ્રાપ્તિ નથી; પુ નામે નરકમાંથી તારે તે પુત્ર કહેવાય.—એટલું સાંભળીને ઘેર આવ્યા પછી, દાસિયો નમી નમીને પ્રાર્થના કરેછે તોપણ, નથી એ ભોજન કરતાં, નથી શણગાર સજતાં ને નથી ઉત્તર આપતાં; કેવળ, અવિરલ અશ્રુબિન્દુરૂપી દુર્દિનથી[3] મુખ ઉપર અંધકાર કરી, રોયાં કરેછે; હવે જેવી દેવની આજ્ઞા.—એટલું બોલીને તે બંધ રહી.

ભૂપતિયે તેના બોલી રહ્યા પછી જરાવાર શાન્ત રહી, દીર્ઘ અને નિશ્વાસ નાંખીને કહ્યું કેઃ—દેવિ! આમાં આપણાથી શું થાય એમ જે વસ્તુ દૈવને અધીન છે તેને સારૂ અતિ રુદન કર્યેથી શું વળ આપણા ઉપર દેવતાઓ અનુગ્રહ નહિ કરવાના હોય; પુ રૂપી અમૃત-સ્વાદનું સુખ આપણાં હૃદયને ખરેજ નહિ મળ

૧. જુઓ પૃષ્ઠ ૧૬ નોટ ૪. ૨. જુઓ પૃષ્ઠ
૩. જુઓ પૃ. ૨૭ નો. ૪.

ને જન્માન્તરે આપણે પુણ્ય કર્મ નહિ કીધાં હોય, કેમ કે પૂર્વ જન્મમાં પુરુષે જે જે કાર્ય કર્યાં હોય તેનું ફલ તેને આ જન્મમાં મળે. ગમે તેટલા યત્ન કરતાં પણ દૈવ-નિયોગ ફેરવી શકાય તેમ નથી; તોપણ જેટલું મનુષ્યજાતિથી થઈ શકે એમ છે તેટલું બધું કરો.—ગુરુજન ઉપર, દેવિ! અધિક ભક્તિ રાખો; દેવતાઓની પૂજા દ્વિગુણિત કરો; ઋષિજનની સેવામાં આદર દર્શાવો, કેમકે ઋષિયોનું દૈવત ઘણું સમર્થ છે, અને યત્નથી તેમની આરાધના કરી હોય તો તેઓ યથેચ્છિત ફલ અને અતિ દુર્લભ વર (દાન) પણ આપેછે. એવું કહેવાયછે કે પૂર્વે ચંડકૌશિકના પ્રસાદથી મગધના બૃહદ્રથ રાજાને, વિષ્ણુને જીતનાર, અતુલ બલ-પરાક્રમ વાળો જરાસંધ નામે પુત્ર પ્રાપ્ત થયો હતો; અને દશરથ રાજા વૃદ્ધ થયા હતા તોપણ વિભાણ્ડક મહામુનિના પુત્ર ઋષ્યશૃંગના પ્રસાદથી તેમને, નારાયણના ભુજ જેવા અપરાજિત, અને સમુદ્ર જેવા ક્ષોભ-રહિત ચાર પુત્રો મળ્યા હતા. વળી એવી રીતે બીજા રાજર્ષિયો પણ તપસ્વિજનોની આરાધના કરીને પુત્ર-દર્શન રૂપી અમૃત-સ્વાદનું સુખ ભોગવી ગયાછે; કેમકે મહામુનિયોની સેવા કરેલી વ્યર્થ જતી નથી. (પણ) અરે! દેવીને પ્રફુલ્લ ગર્ભના ભારથી મંદ થયેલી, ફીકા મુખવાળી, અને પૂર્ણ-ચંદ્રોદય-સમયની પૌર્ણમાસી-નિશા જેવી ખરેખર હુંએ ક્યારે જોઈશ? પુત્રજન્મ-મહોત્સવના આનંદમાં મગ્ન થયેલા મ્હારા પરિજન વધામણી ખાઈને ક્યારે મ્હારી પાસેથી શિરપાવ લઈ જશે? પીળું વસ્ત્ર પેહેરી, સુતને ઉત્સંગમાં લઈને (બેઠેલી), ઉદય પામેલા રવિમંડલના પિંગલ પ્રકાશ સહિત ગગનાંગના[1] જેવી દેવી ક્યારે મને આનંદ આપશે? સર્વ ઓષધિથી જેના કેશ રંગાઈને જટિલ થયા હોય, જેના તાલુ ઉપર રક્ષા સારૂ ઘૃતબિન્દુએ મુકીને તે ઉપર ધોળા સર્ષપમાં[2] મેળવેલી થોડી વિભૂતિ નાંખેલી હોય, ગોરોચનાથી જેના કંઠ-સૂત્રની ગાંઠ રંગાયલી હોય, ચતો ...ેા હોય અને દંત-રહિત મુખમાં મંદમંદ હાસ્ય કરતો હોય, એવો ક્યારે મ્હારા હૃદયનું આલ્હાદન કરશે? ગોરોચના-કપિલ[3] કાન્તિ-અંતઃપુરની સ્ત્રિયોના હાથમાં વારા ફરતી જતો, અને સર્વ જનથી

...ગનરૂપી અંગના=સ્ત્રી. રાણીના ખોળામાં પુત્ર, અને ગગનાંગ-...માં સૂર્ય; રાણીનું પીળું વસ્ત્ર અને આનો પ્રકાશ પીળો—એ

૨. સર્ષપ=સરશવ. ૩. પુત્ર ગોરોચના થકી કપિલ; ...કપિલ.

તે ક્યારે મ્હારાં ચક્ષુઓના શોકાન્ધકારનું
રની ધૂળ[1] ચ્હોટવાથી ધૂસર થઇને, મ્હારા
...થેજ ભ્રમણ કરતો તે ક્યારે ભવનનાં આંગણાંને
...ણે ચાલતાં આવડ્યા પછી, સિંહ-શિશુની સમાન ક્યારે
...ણમય ભિત્તિમાં દેખાતાં[2], મૃગનાં પાળેલાં બચ્ચાંને પકડવા-
ગથી આમ તેમ દોડશે? ક્યારે એ અંતઃપુરની સ્ત્રિયોના નૂપુર-
અનુસરતા ગૃહ-કલહંસોની પછવાડે પડી, ઓરડાની અંદર દોડી જઈ, કનક-મેખલાની ઘુઘરિયોના શબ્દને અનુસરવી એની ધાત્રીને પજવશે? કૃષ્ણાગુરુના પંકથી કાઢેલી મદલેખાવડે શોભતા ગંડસ્થલ-વાળો, કોમલ મુખરવ રૂપી ડિંડિમ-ધ્વનિથી વ્હાલો લાગતો, કર ઉંચો કરી ઉછાળેલી ચંદન-ચૂર્ણની ધૂળથી ધૂસર થયેલો, અને વાંકા વાળેલા અંગુલિ-શિખર રૂપી અંકુશવડે ખેંચાયાથી શિર કંપાવતો, ક્યારે એ મદમત્ત ગજરાજની ક્રીડા કરશે? માતાના ચરણ રંગતાં શેષ રહેલો અલક્તક રસ લઇને ક્યારે એ વૃદ્ધ કંચુકિયોને મુખે ચોપડશે? ક્યારે એ કુતૂહલથી ચંચલ થયેલાં ચક્ષુવડે મણિભૂમિઉપર નીચી દૃષ્ટિ નાંખી-ને, ઠોકર ખાતો ખાતો પોતાનાં પ્રતિબિમ્બને અનુસરણ કરશે? હું સભામાં બેઠો હોઉં, હજારો નૃપતિયો હસ્ત પ્રસારી પ્રસારીને એને અભિનંદન કરતા હોય, અને તેમના ભૂષણમણિના કિરણથી એની દૃષ્ટિ અંજાઇ જઇને આમ તેમ ફરતી હોય તે સમયે મ્હારી પાસે થઇને ક્યારે એ સભામાં ભ્રમણ કરશે?—આવા આવા સેંકડો મનોરથનું, હૃદયમાં ખેદ પામી પામીને ચિંતન કરવામાં મ્હારી રાત્રિયો વીતેછે; અગ્નિ જેવો આ વંધ્યતાનો શોક મને પણ અહર્નિશ બાળી મુકેછે; જગત્ બધું મને શૂન્ય જેવું ભાસેછે; અને આ રાજ્ય સઘળું નિષ્ફલ જેવું લાગેછે. પણ જ્યાં વિધાતાની આગળ કંઈ ઉપાય ચાલે તેમ નથી ત્યાં હું શું કરૂં? માટે દેવિ! આ સર્વ શોક મુકી દો, અને ધૈર્યમાં તેથા ધર્મમાં બુદ્ધિનું પ્રવર્તન કરો; કેમકે કલ્યાણની સંપત્તિ સર્વદા ધર્મિષ્ઠ મનુષ્યોની સમીપ રહેછે.—

---

૧. જુઓ રઘુવંશ, સર્ગ ૧૦ મો શ્લોક ૨ જો.—

न चोपलेभे पूर्वेषामृणनिर्मोक्षसाधनम् ॥
सुताभिधानं स ज्योतिः सद्यः शोकतमोपहम् ॥

૨. ઉભેલાં મણિમય ભીંતની પછવાડે પણ અંદર દેખાવાથી બાળક એમ ધારે કે પાસેજ છે.

એટલું કહીને જલ આણી, અભિનવ પદ્મ
કમલ જેવું રાણીનું અશ્રુ-લેખા-યુક્ત વદન એ
દૂર કરે એવાં સેંકડો પ્રિય અને મધુર, ધર્મોપદે
પુનઃપુનઃ આશ્વાસન કરી, ઘણીવાર પછી ભૂમિપાલ ત્યાં

રાજાના ગયા પછી વિલાસવતીએ, શોક મંદ પડવાથી, સ્ના... આભૂષણ-પરિગ્રહ વિગેરે યોગ્ય દિવસ-વ્યાપાર કર્યો. ત્યારથી દેવતા આરાધનામાં, બ્રાહ્મણની પૂજામાં, અને ગુરુજનની સેવામાં વધારે તેણે આદર દર્શાવવા માંડ્યો. જે જે કંઈ વ્રત કહીં થકીએ સાંભળવામાં આવે તે તે, સન્તાનની ઈચ્છાથી તે કરવા લાગી, અને અતિશય શ્રમ પડે તેને પણ ન ગણતી. અહર્નિશ બળતા ગૂગળના શ્યામ ધૂપથી જ્યાં અંધકાર થઈ રહેલો એવાં ચંડિકાનાં મંદિરમાં, શ્વેત વસ્ત્ર પેહેરી, શરીરે શુદ્ધ થઈ ઉપવાસ કરી, ભૂતલ-શયન ઉપર લીલા કુશ પાથરીને તે સુતી. પુણ્ય જલ તથા સર્વ રત્નથી ભરેલા કનક-કુંભ, જેમાં વિવિધ કુસુમ, ફલ, દૂધ અને વૃક્ષ-પલ્લવ નાંખેલાં હતાં તેવડે, ગાયોના વાડામાં, વૃદ્ધ ગોપીઓએ જેમને મંગલ ચિન્હ કરેલાં એવી સુલક્ષણ[1] ગાયોની નીચે (બેસીને) તે સ્નાન કરતી. પ્રતિદિવસ ઉઠીને સર્વ-રત્ન-સમેત સુવર્ણ-તિલપાત્રનું બ્રાહ્મણોને દાન કરતી. કૃષ્ણ-ચતુર્દશીઓની રાત્રે રાત્રે ચતુષ્પથ[2] ઉપર તે, કોઈ મ્હોટા ગારુડીએ દોરેલા મંડલમધ્યે રહીને વિવિધ બલિદાનથી દિક્પાલોને આનંદ ઉપજાવે એવાં મંગલ-સ્નાન આચરતી. દેવતાઓને સારૂ જ્યાં વિચિત્ર બલિદાન તૈયાર કીધેલાં એવાં સિદ્ધ-ગૃહમાં તે રેહેતી. (દેવનો) પરછાયો જ્યાં માલમ પડતો એવાં, પાસેનાં દેવાલયમાં તે જતી. નાગકુલને વસવાનાં પ્રસિદ્ધ સરોવરોમાં સ્નાન કરતી. પિપ્પલ વિગેરે મહાવનસ્પતિયોનું પૂજન કરી, પ્રદક્ષિણા ફરી,[3] તેમને વંદન કરતી. સ્નાન કરી, હાલતાં મણિવલય વાળા હાથથી, રૂપાના પાત્રમાં મુકેલું, દહીં અને ભાતના અખંડ પિંડનું બલિદાન પોતેજ વાયસોને આપતી. અગણિત પુષ્પ, ધૂપ, વિલેપ, અપૂપ, માંસ, પાયસ અને લાજવડે[4] પ્રતિદિવસ અંબાદેવીની તે પૂજા કરતી. સત્ય-વચની નગ્ન ક્ષપણકોને

---

૧. સારાં લક્ષણ–ચિન્હ–વાળી. ૨. જ્યાં ચાર રસ્તા મળે તે–ચકલું. ૩. પૂજા કરીને દેવની આસપાસ ફેરા ફરવા તે "પ્રદક્ષિણા." ૪. અપૂપ =માલપુવા. પાયસ=ખીર. લાજ=જવ વિ૦ ની ધાણી.

સારૂ પોતેજ પિંડ-પાત્ર લાવી દઈ, શ્રદ્ધાયુક્ત ચિત્તથી તેમને પ્રશ્ન કરતી[1]. ભવિષ્ય-કથન કરનારનાં વચન ઉપર બહુ આસ્થા રાખતી. નિમિત્ત[2] જાણનારાઓ પાસે સંચરતી. શકુન વર્તનારાઓ ઉપર આદર દર્શાવતી. અનેક વૃદ્ધજન પાસેથી પરંપરાએ ચાલતાં આવેલાં રહસ્યનો અંગીકાર કરતી. પુત્ર-દર્શનની ઇચ્છાથી તે, દર્શને આવેલા બ્રાહ્મણો પાસે વેદ-પારાયણ કરાવતી. અહર્નિશ ચાલતી પવિત્ર કથાઓનું શ્રવણ કરતી. ગોરોચનાથી ભૂર્જપત્ર ઉપર લખેલા મંત્રવાળાં માદળિયાં પેહેરતી, અને ઔષધિનાં રક્ષા-સૂત્ર બાંધતી. વળી એના પરિજન પણ સર્વદા દૈવ-પ્રશ્નને અર્થે બહાર ફરતા અને એ સંબંધી નિમિત્ત શોધ્યાં કરતા. શિયાળોને રાત્રે રાત્રે માંસના બલિ-પિંડ નાંખતા; સ્વપ્નમાં દીઠેલાં આશ્ચર્ય આચાર્યોને કહેતા; અને ચકલાં ઉપર શિયાળ સારૂ બલિદાન મુકતા.

એમ કરતાં કરતાં કેટલાક દિવસ પછી એક સમયે જ્યારે રાત્રિ ઘણી ખરી વીતી ગઈ હતી, તારાઓ થોડા થોડા અને ઝાંખા ઝાંખા દેખાતા હતા, અને આકાશ વૃદ્ધ પારાવતની પાંખ જેવું ધૂમ્ર થયું હતું ત્યારે રાજાએ સ્વપ્નમાં[3], કરિણીના મુખમાં જેમ મૃણાલ-વલય તેમ, મહેલના શિખર ઉપર સુતેલી વિલાસવતીના મુખમાં સકલ કલાથી પરિપૂર્ણ ચંદ્ર-મંડલ પ્રવેશ કરતું જોયું ! તેમાંથી જાગ્યો કે તરતજ તે ઉઠ્યો; હર્ષથી તેનાં લોચન વધારે વધારે પ્રફુલ્લ થઈને શયન-ગૃહને શ્વેત કરવા લાગ્યાં; ઉઠીને તેણે શુકનાસને તેજ ક્ષણે બોલાવ્યો, અને (તે આવ્યો એટલે) સ્વપ્નની વાત તેને કહી. હર્ષિત થઈને તેણે પ્રત્યુત્તર આપ્યો કે:—દેવ! ઘણા કાળ પછી આજ આપણા તથા પ્રજાના મનોરથ પરિપૂર્ણ થયા; હવે થોડાજ દિવસમાં મહારાજને નિઃસંશય પુત્ર-મુખ-કમલ નિરખવાનું સુખ મળશે. વળી આજ રાત્રે મને પણ સ્વપ્નમાં, કોઇ ધોયેલાં શ્વેત વસ્ત્ર પેહેરીને આવેલા, શાન્ત આકાર અને દિવ્ય આકૃતિના બ્રાહ્મણે દેવી મનોરમાના[4] ખોળામાં મુકેલું, વિકસિત, ચંદ્ર-કલા જેવાં સ્વચ્છ શત પત્રવાળું, ફરફરતાં હજારો કેશરથી ભરાઈ ગયેલું, અને રસનાં ઝીણાં

---

૧. નગ્ન ક્ષપણક=બૌદ્ધ મતના સંન્યાસી. પિંડપાત્ર=આહારથી ભરેલું વાસણ. ૨. શુભ વા અશુભ સૂચવતાં ચિન્હ. ૩. જુઓ પૃ. ૮૮ નો. ૨. ૪. મનોરમા—શુકનાસની પત્ની.

બિન્દુ ટપકાવતું પુંડરીક દેખાયુંછે.[1] આગળથી જણાતાં શુભ ચિન્હ, પાસે આવતા આનંદને સૂચવેછે; અને આથી બીજું કયું આનંદ-કારણ વધારે પ્રિય થાય એવું છે? રાત્રિને અંતે દેખાતાં સ્વપ્ન ઘણું કરીને ફલીભૂત થયાવિના રેહેતાંજ નથી,[2] માટે સર્વથા માન્ધાતા જેવો સર્વ રાજર્ષિયોનો અગ્રણી અને લોકને આનંદકારક પુત્ર થોડાજ કાળમાં દેવીને પ્રસવશે. શરદ્ ઋતુની કમલિની જેમ અભિનવ કમલના જન્મથી ગંધ-ગજને તેમ દેવી આપને આલ્હાદન કરશે; જેથી, દિગ્ગજની મદ-લેખા જેવી અવિચ્છિન્ન સંતાનવાળી, તથા પૃથ્વીનો ભાર ધારણ કરવાને યોગ્ય કુલ-સંતતિ દેવને ઉત્પન્ન થશે.—એમ તે કહેતો હતો તેવામાંજ રાજા તેનો હાથ ઝાલી (રાણીના મહેલની) અંદર ગયો, અને એ બંને સ્વપ્નો કહીને વિલાસવતીને તેણે આનંદ ઉપજાવ્યો.

થોડાક દિવસ ગયા પછી, સરસીમાં[3] જેમ ચંદ્ર-પ્રતિબિમ્બ પ્રવેશ કરે તેમ વિલાસવતીમાં, દેવતાઓની કૃપાથી, ગર્ભે પ્રવેશ કીધો. પારિજાતથી જેમ નન્દન વનની ઘટા,[4] તથા કૌસ્તુભમણિથી જેમ વિષ્ણુની છાતી, તેમ તે ગર્ભને લીધે રાણી વધારે વધારે શોભવા લાગી. દર્પણ-શ્રીની સમાન તેણે, ગર્ભના આકારમાં પડેલું, ભૂપતિનું પ્રતિબિમ્બ ધારણ કર્યું. દિવસે દિવસે જેમ ગર્ભ ધીમે ધીમે વધવા લાગ્યો તેમ, પુષ્કળ-સમુદ્ર-જલ પીવાથી મંદ થયેલી મેઘ-માલાની પેઠે તે ધીરે ધીરે સંચરણ કરવા લાગી; ને વારંવાર બગાસાં સાથે, આંખો જરા જરા મીચીને મંદ મંદ નિશ્વાસ નાંખવા લાગી. આવી તેની અવસ્થા, પાન-ભોજન ઉપર અરુચિ અને વર્ષાઋતુના જેવાં શ્યામ થતાં તેનાં પયોધર-મુખ[5] દેખીને, તથા કેતકી

---

૧. પુંડરીક=શ્વેત કમલ. આ બંને ગર્ભ ધારણ કર્યાનું કારણ બાણભટ્ટના પુત્રે રચેલા ભાગમાં આગળ આવશે. ૨. 'સ્વપ્નાધ્યાય'માં એવું કહેલુંછે કે રાત્રિને અંતે દેખાતાં સ્વપ્ન સત્વર ફલ આપેછેઃ—

तृतीये (प्रहरे) तु त्रिमासं स्यादरुणे दशभिर्दिनैः ॥

અથવા

अरुणोदयवेलायां दशाहेन फलं भवेत् ॥

૩. નાની તળાવડી. ૪. જુઓ પૃ. ૨૯ નો. ૩. ૫. પયોધર—સ્તન (દૂધ ધારણ કરનાર); અને મેઘ (જલ ધારણ કરનાર) તેમનું મુખ—અગ્રભાગ.

જેવી તેને ગર્ભ-પાણ્ડુર[1] જોઇને, ઇંગિત-જ્ઞાનમાં કુશલ તેની દાસીઓ તરત ચેતી ગઇ[2].

તેના સર્વ પરિજનમાં પ્રધાન-પદ પામેલી, સદા રાજકુલમાં વસવાથી ચતુર થયેલી, રાજાની પાસે સર્વદા રહેવાથી પ્રગલ્ભ બનેલી, અને સર્વ મંગલ કાર્યમાં કુશલ, કુલવર્ધના નામે એક વિખ્યાત વૃદ્ધ સ્ત્રી હતી. તેણે ત્યારપછી એક શુભ દિવસે પ્રદોષ-સમયે જ્યારે ભૂપતિ અંદરના સભામંડપમાં બેઠેલો હતો, તેની આસપાસ સુગન્ધિ તેલના હજારો દીપ બળતા હતા તેથી ગ્રહ-ગણ-મધ્યે વિરાજતા પૂર્ણિમાના ચંદ્ર જેવો અને સર્પરાજના સહસ્ર ફણા-મણિની વચ્ચે બેઠલા નારાયણ જેવો જ્યારે તે દેખાતો હતો, આજુબાજુ ક્ષત્રિય-કુલના કેટલાક મુખ્ય નરપતિયો જ્યારે ભરાયા હતા, પરિજનો જ્યારે તેનાથી જરા દૂર ઉભા હતા, અને ધોયેલાં શ્વેત વસ્ત્ર પેહેરી સાદે વેષે પાસેના ઉંચા વેત્રાસન ઉપર બેઠેલા—સમુદ્ર જેવા અગાધ ગામ્ભીર્યવાળા—શુકનાસની સાથે જ્યારે તે પરિપૂર્ણ વિશ્વાસથી નિશ્ચિંત થઇને વિવિધ વાર્તામાં પડેલો હતો ત્યારે તેની પાસે જઇને કાનમાં ધીમેથી વિલાસવતીના ગર્ભનો વૃત્તાન્ત તેને કહ્યો.

તેનું આ અશ્રુત-પૂર્વ અને અસંભાવ્ય વચન સાંભળતાંજ જાણે અમૃત-રસથી રાજાનાં સર્વ અંગ પલળી ગયાં. તત્કાળ ઉભાં થયેલાં રોમાંકુરથી તેના શરીર ઉપર કંટક વ્યાપી ગયા. આનંદ-રસથી તે વિહ્વલ બનવા લાગ્યો. સ્મિતથી તેના ગાલ પ્રફુલ્લ થયા, અને હૃદય ટંકોટંક ભરાતાં બાકી રહેલો તેનો જાણે હર્ષ દંત-કિરણના આકારમાં બ્હાર પ્રસરવા લાગ્યો. એટલામાં તેની ચંચલ કીકીવાળી, અને આનંદાશ્રુ-બિન્દુથી ભીની થયેલી પાંપણવાળી દૃષ્ટિ શુકનાસના મુખ ઉપર પડી. ભૂપતિનો આવો અદૃષ્ટ-પૂર્વ હર્ષનો ઉભરો જોવાથી, કુલવર્ધનાને સ્મિત-વિકસિત મુખથી આવતી દેખવાથી, એજ વાત મનમાં સર્વદા વર્તમાન રહેવાથી, અને પોતાને એ (ગર્ભનો) વૃત્તાન્ત વિદિત ન હતો તોપણ એ સમયને ઉચિત બીજું કંઇ અતિમહાન્ હર્ષનું કારણ જણાયું નહિ તેથી શુકનાસ (તરત) ચેતી ગયો, અને આસન ખસેડી,

૧. ગર્ભ-પાણ્ડુર=રાણી ગર્ભથી કરીને પાણ્ડુર—શ્વેત; કેતકી ગર્ભમાં—મધ્યભાગમાં—શ્વેત. ૨. અર્થાત્ સમજી ગઇ કે રાણીને દિવસ રહ્યાછે. ઇંગિત=હૃદયનો ભાવ—વિચાર.

રાજાની છેક પાસે જઈ, ધીમે સ્વરે બોલ્યોઃ—મહારાજ! કેમ કંઈ સ્વપ્ન-દર્શનમાં સત્ય જણાયછે કે? કુલવર્ધનાનાં લોચન તો પ્રફુલ્લ દેખાયછે, અને પ્રિયવચન શ્રવણ કરવાની જાણે ઈચ્છાથી શ્રવણની પાસે જઈ પહોચેલાં, તથા તેને નીલ કમલના કર્ણપૂરની જાણે શોભા આપતાં, આપનાં પણ આ, આનંદ-જલથી છલકાઈ જતાં, ચંચલ કીકીવાળાં, પ્રફુલ્લ ચક્ષુ, કંઈ મહત્ હર્ષ-કારણ સૂચવતાં હોય એમ લાગેછે. આ ભારે મહોત્સવ સાંભળવાની જિજ્ઞાસાથી ઉત્સુક થયેલું મ્હારૂં મન તલપ્યાં કરેછે માટે (કૃપા કરીને) કહો કે આ શું બન્યુંછે.—એમ જ્યારે તે બોલી રહ્યો ત્યારે રાજાએ હસીને પ્રત્યુત્તર આપ્યો કેઃ—જે આણે કહ્યું તે જો સત્યજ હોય તો તો સર્વ સ્વપ્ન-દર્શન સાચું પડ્યું (એમ કહેવાય). પણ મને એનો વિશ્વાસ પડતો નથી. આપણી તે એવી ભાગ્યસંપત્તિ ક્યાંથી હોય? આવાં પ્રિય વચન સાંભળવાને આપણે તે ક્યાંથી પાત્ર હોઈયે? કુલવર્ધના ખરૂં કહેતી હશે તોપણ આવા પ્રકારનાં કલ્યાણ મ્હારા સંબંધમાં અસંભવિત છે એમ જાણીને, મને એ જુઠું કહેતી હોય એમ લાગેછે; માટે ચાલો ઉઠો, આપણે પોતેજ દેવી પાસે જઈને પૂછિયે કે શું આ સત્ય છે?—એવું કહી તેણે સર્વ રાજલોકને વિદાય કરી, પોતાના અંગ ઉપરનાં સર્વ આભૂષણ ઉતારી કુલવર્ધનાને આપ્યાં. પ્રસાદ-લાભ થયો કે તરતજ તેણે ભૂતલ ઉપર લલાટ-લેખાનો સ્પર્શ કરી રાજાને શિરઃ-પ્રણામ સાથે વંદન કર્યું. પછી નરપતિ શુકનાસ સાથે ઉઠ્યો કે હર્ષથી ભરાઈ ગયેલું તેનું મન તેને ત્વરા કરાવવા લાગ્યું; પવનથી ડોલતા નીલ કમલ-પત્ર જેવું શોભતું તેનું દક્ષિણ ચક્ષુ ફરકી ફરકીને તેને અભિનંદન કરવા લાગ્યું; અને (એવી રીતે) તે, તે સમયે સેવાને યોગ્ય, પાછળ ચાલતા, વિરલ વિરલ પરિજન સહિત, આગળ ધરેલી—પવનથી હાલતી સ્થૂલ જ્યોતવાળી—પ્રદીપિકાઓના[1] પ્રકાશથી ઓરડાઓમાં ભરાઈ રહેલો અંધકાર દૂર કરતો કરતો અંતઃપુરમાં આવી પહોચ્યો.

ત્યાં, રક્ષા સારૂ વિવિધ પ્રકારની જ્યાં ગોઠવણો કરેલી હતી, નવા ચુનાના લેપથી જે ધોળેલું હતું, મંગલ-પ્રદીપ જ્યાં પ્રજવાલ્યા હતા, દ્વારપાસે જ્યાં પૂર્ણ કલશ મુકેલા હતા, તત્કાળ દોરેલાં મંગલ-ચિત્રથી ઉજ્જવલ થયેલી ભીંતોવડે જે મનોહર લાગતું હતું, જ્યાં ધોળો ચંદરવો

૧. પ્રદીપિકા=મશાલ.

બાંધીને તેને છેડે મોતીની સેરો લટકાવી હતી, અને મણિ-પ્રદીપોએ જ્યાં તિમિર ટાળી મુક્યું હતું એવા શયન-ગૃહમાં, હિમાલયના શિલાતલ જેવા વિશાલ, અને ગર્ભ(વતી સ્ત્રી)ને ઉચિત એક શયન ઉપર, ગોરોચનાથી ચિત્રેલા છેડાવાળાં, નવાં અને અતિશ્વેત બે વસ્ત્ર પેહેરીને સુતેલી વિલાસવતીને તેણે જોઇ. રક્ષાસારૂ વિભૂતિથી તે શયનની આજુબાજુ પત્રલતાઓ દોરી હતી. તેના શિરોભાગ તરફ શ્વેત નિદ્રા-મંગલ-કલશ[1] મુકેલા હતા. વિવિધ ઔષધિનાં મૂલ, તથા યંત્ર બાંધીને તેને પવિત્ર કીધું હતું. રક્ષાને અર્થે શક્તિયોનું વલયાકારમાં સ્થાપન કર્યું હતું. કહીં કહીં ધોળા સર્ષપ વેરેલા હતા. ઝીણી દોરિયોમાં, હાલતાં પિપ્પલ-પત્ર ગુંથીને લટકાવેલાં હતાં. લીલાં લિંબડાનાં પલ્લવ ચોઢેલાં હતાં. પગ મુકવાસારૂ એક ઉંચો બાજઠ ત્યાં રાખી મુક્યો હતો, અને શશિ કિરણ જેવું શ્વેત પ્રચ્છદ-પટ પાથરેલું હતું. સોનાની થાળિયોમાં મુકેલાં પૂર્ણ પાત્ર, જેમાં અવિચ્છિન્ન દધિ-લવ[2] છૂટા છૂટા દેખાતા હતા, જલ તરંગ જેવા તરલ તથા શ્વેત ભાતના દાણા નાંખેલા હતા, અને ગુંથ્યા વિનાનાં પુષ્પ અંજલિ ભરીને વેરેલા હતાં—તે વડે; તાજા માંસ-પિંડસાથે મિશ્ર કરેલા, આખાં મુખવાળા ઘણાક મત્સ્યવડે; સમૂહમાં પ્રકટેલા શીતલ પ્રદીપ, જેમની પછવાડે પછવાડે જલ-ધારા કરવામાં આવતી હતી તેવડે; ગોરોચનામાં મેળવેલા ધોળા સર્ષપવડે; તથા જલની અંજલિયોવડે, આચારમાં કુશલ, અંતઃપુરની વૃદ્ધ સ્ત્રિયો તે રાણીને અવતરણ[3] રૂપી મંગલ ક્રિયા કરતી હતી. શ્વેત વસ્ત્રનો સ્વચ્છ વેષ પેહેરીને મંગલ આલાપ કરતા પરિજન આનંદથી તેની સેવા કરતા હતા; અને ગર્ભ પ્રફુલ્લ થયો હતો તેથી તે, અંતર્ગત કુલ-પર્વતવાળી જાણે પૃથ્વી હોય, જલમાં ડુબેલા ઐરાવત હાથીવાળી જાણે દેવ-ગંગા હોય, ગુહામાં પેઠેલા સિંહવાળી જાણે ગિરિ-રાજની મેખલા હોય, મેઘથી દબાઇ ગયેલા સૂર્યવાળી જાણે દિવસ-શ્રી હોય, ઉદયાચલથી ઢંકાઇ ગયેલા શશિ-મંડલવાળી જાણે રાત્રિ હોય, બ્રહ્મ-કમલના[4] ઉત્પત્તિ-સમયની જાણે વિષ્ણુની નાભિ હોય, અગસ્ત્યના[5]

---

૧. નિદ્રાસમયે શયનના ઉશીસા તરફ જલ ભરીને કલશ મુકવાનો કેટલાક દેશમાં ચાલ છે. ૨. દહીંના નાના નાના કડકા. ૩. અવતરણ=ઉત્તારણ—માથે ઉતારવાનો પ્રસિદ્ધ દેશાચાર. ૪. વિષ્ણુની નાભિમાંથી જે કમલ નીકળ્યું તેમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા એમ કહેવાયછે. તે કમલનું નામ "બ્રહ્મ-કમલ". ૫. અગસ્ત્ય=એ નામનો તારો.

ઉદય-સમયની દક્ષિણ દિશા હોય,' તથા ફીણથી ઢંકાયલા અમૃત-કલશવાળી ક્ષીરસાગરની ભરતી હોય એવી શોભતી હતી !! દાસીઓએ ત્વરાથી પ્રસારેલા હાથને ટેકો દઈ, વામ જાનુ ઉપર હસ્ત-પલ્લવ મુકી, હાલતા ભૂષણ-મણિના ઝણકાર સહિત જેવી વિલાસવતી (નૃપતિને આદર આપવાને) ઉભી થતી હતી તેવુંજ—બહુ થયું, બહુ થયું, અતિઆદર જવા દો; દેવિ! માં ઉઠો—એમ કહી રાજા તેની સાથે તેજ શયન ઉપર બેઠો; અને સ્વચ્છ સુવર્ણના સુંદર પાદવાળા તથા ધવલ પ્રચ્છદવાળા, પાસે પડેલા બીજા શયન ઉપર શુકનાસ પણ બેઠો.

રાણીને પ્રફુલ્લ ગર્ભસહિત જોઈને હર્ષના ભારવડે મંદ થયેલા મનવડે પરિહાસ કરતો કરતો રાજા બોલ્યોઃ—દેવિ! શુકનાસ પૂછેછે કે કુલવર્ધના જે કંઈ કહી ગઈ તે શું તેમજ છે?—એટલે વિલાસવતીના ગાલ ઉપર, અધર ઉપર, અને લોચન ઉપર મંદ મંદ હાસ્ય પ્રકટ થયું અને લજ્જા આવવાથી, દંત-કિરણના આકારમાં જાણે વસ્ત્રવડે[1] મુખને ઢાંકીને તેણે તરતજ નીચું જોયું. પણ જયારે રાજાએ પુનઃપુનઃ પૂછ્યાં કર્યું ત્યારે—મને શું કરવા વધારે વધારે શરમાવોછો? હું તો કંઈ એ નથી જાણતી—એમ કહી, આંખની કીકી જરા વાંકી ફેરવી, મુખ નીચું રાખી, તેણે રાજાની તરફ જાણે ક્રોધ-યુક્ત દૃષ્ટિ નાંખી. (પરંતુ) અસ્ફુટ હાસ્ય રૂપી ચંદ્રિકા થકી સ્વચ્છ થયેલા મુખ-ચંદ્રવડે ભૂપતિ ફરીથી બોલ્યો કેઃ—સુતનુ! જો મ્હારાં વચનથી ત્હારી લજ્જા વધતી હોય તો હું તો આ ગુપચુપ રહ્યો. પણ વિકસિત થતાં પત્ર અને કળિયોથી સ્વચ્છ દેખાતા ચંપક જેવી કાન્તિનો, આ ત્હારો પાણ્ડુર થતો (શરીરનો) રંગ, જેના ઉપરનો કુંકુમ-લેપ સવર્ણ[2] હોવાથી માત્ર પરિમલે કરીનેજ ઓળખી શકાયછે તેને તું શી રીતે ગુપ્ત રાખશે? વળી ચૂચુક[3] શ્યામ પડવાથી, ગર્ભ-સંભવ રૂપી અમૃત-સિંચનને લીધે શાન્ત પડતા હૃદય-શોકાગ્નિના ધૂમનું જાણે વમન કરતાં હોય એવાં, નીલ કમલ લેઈ (ઉભેલાં) ચક્રવાક જેવાં, તમાલ-પલ્લવથી ઢાંકેલાં મુખવાળા કનક-કલશ જેવાં, અને ઉપર જાણે

---

૧. અપન્હવોત્પ્રેક્ષા અલંકાર. ૨. સવર્ણ=એકજ અથવા સરખા વર્ણ—રંગ—નો. ૩. સ્તન ઉપરનું ડીટું. તે શ્યામ પડતું હતું તેથી એવી ઉત્પ્રેક્ષા કરી છે કે અંતઃકરણમાં અપુત્રતાનો શોકરૂપી અગ્નિ અત્યાર સુધી બળતો હતો તે ગર્ભ રહેવાથી—તે રૂપી અમૃત છંટાયાથી—ઓલવાતો ગયો તેમ તેમ તેમાંથી જાણે ધુમાડો સ્તનમાં થઈને નીકળતો હોય એમ

આછી આછી કૃષ્ણાગુરુની પત્રલતા દોરી હોય એવાં દીસતાં, આ ત્હારાં સ્તનને તું શી રીતે ઢાંકશે? અને દિવસે દિવસે મેખલા વધારે વધારે સજડ થવાથી જે પીડા પામેછે, ત્રિવલિ[1] રૂપી વલય જે ઉપરથી અદૃશ્ય થઈ જાયછે, તથા કૃશતા જેની ઓછી ઓછી થતી જાયછે, એવા ત્હારા મધ્ય ભાગને (પણ) તું ક્યાં સંતાડશે?—રાજા એમ કહેતો હતો એટલામાં મ્હોં મલકાવીને શુકનાસે તેને કહ્યું કેઃ—મહારાજ! રાણીને આમ શું કરવા દમોછો? એતો આવી વાતથી પણ શરમાયછે, માટે કુલવર્ધનાએ કહેલી વાર્તા સંબંધી કંઈ બોલવુંજ આપ મુકીદો.—ઘણીવાર સુધી આવી આવી રીતની નર્મ-ગોષ્ઠી[2] ચલાવ્યા પછી શુકનાસ પોતાને મંદિર ગયો, અને ભૂપતિયે તેજ શયન-ગૃહમાં રાણીની સાથે એ રાત ગાળી.

કેટલાક વખત પછી, ઈચ્છિત ગર્ભ-દોહદના[3] સંપાદનથી હર્ષ પામેલી વિલાસવતીએ, પ્રસવ-કાલ પૂર્ણ થયેથી, એક શુભ દિવસે, અહર્નિશ ગળતી નાડિકાથી[4] તથા બ્હારથી આણેલી શંકુ-ચ્છાયાથી જેઓ કાળના અંશ માપતા હતા તે જ્યોતિષિયોએ ગ્રહણ કીધેલા લગ્નમાં, શુભ વેળાએ, મેઘ-માલા જેમ મેઘ-જ્યોતિને જન્મ આપે તેમ, સકલ લોકનાં ત્હૃદયને આનંદકારી પુત્રને પ્રસવ્યો. તે જન્મ્યો કે તરતજ રાજકુલમાં, ત્વરાથી આમ તેમ દોડતા પરિજનોના સેંકડો ચરણ પડવાથી ધરાતલને ડોલાવતો, નગરને ગજવી મુકતો ઉત્સવ-વૃદ્ધિનો ભારે ગરબડાટ મચી રહ્યો.—તેમાં ભૂપતિની પાસે જતા હજારો કંચુકી ચાલતાં ચાલતાં (હર્ષથી) ગબડી પડયા; માણસોની ભીંડમાં ચગદાઈ જઈને કુબ્જ, વામન અને કિરાત જનનાં ટોળાં[5] ભૂમિ ઉપર પડી ગયાં; અંતઃપુરની સ્ત્રિયોનાં આભૂષણનો મનોહર ઝણઝણાટ ફેલાઈ ગયો; અને શિરપાવમાં વ્હેંચાતાં વસ્ત્ર તથા ભૂષણ લેવા સારૂ પડાપડી થઈ. પછી, મંદરાચલવડે વલોવેલા સમુદ્રના ઘોષ જેવો ગંભીર દુંદુભિ-નાદ કરીને, મૃદુ મૃદંગ, શંખ, કાહલ, આનક, વિગેરે વાદિત્રો વગાડીને, મંગલ પટહનો તીક્ષ્ણ સ્વર તેમાં મેળવીને, અનેક સહસ્ર મનુષ્યના કલકલવડે ત્રણે

લાગતું!! ૧. જુઓ પૃ. ૩૭ નો. ૮. ૨. મજાક મશ્કરી અથવા ગંમતની વાતચીત. ૩. ગર્ભ-દોહદ=ગર્ભ ધારણ કર્યા પછી સ્ત્રીને થતી વિવિધ ઈચ્છા. ૪. નાડિકા=રેતીનાં વા પાણીનાં ઘડિયાળ. ૫. સ્ત્રિયોના વિનોદને સારૂ અથવા તેમનું મન ભ્રષ્ટ ન થાય તેટલા સારૂ એવાં મનુષ્ય અંતઃપુરમાં રાખતા હશે એવી કલ્પના થાયછે.

ભુવનને ભરી નાંખતો ઉત્સવ-કોલાહલ મચાવીને—સામંત લોકસહિત, અન્તઃપુર-જનસહિત, સર્વ પ્રકૃતિસહિત[1], રાજલોકસહિત, વેશ્યા સ્ત્રિયો સહિત, બાલ તથા વૃદ્ધસહિત—છેવટ ગોવાળ લોક સુધીની બધી પ્રજા હર્ષમાં નિમગ્ન થઈને ઉન્મત્ત હોય તેમ નૃત્ય કરવા લાગી, અને ચંદ્રોદય થકી જેમ જલનિધિ વધે તેમ રાજપુત્રના આ જન્મ-મહોત્સવનો કલકલાટ ક્ષણે ક્ષણે વધવા લાગ્યો[2].

નૃપતિનું હૃદય પુત્ર-મુખ-દર્શન રૂપી ઉત્સવને સારૂ તલપી રહ્યું હતું તોપણ યોગ્ય દિવસ આવ્યો ત્યારેજ સૂતિકા-ગૃહમાં[3], સર્વ પરિજનને દૂર કરી, શુકનાસની સાથે તે, જ્યોતિષિયોએ બતાવેલે શુભ મુહૂર્તે જઈ શક્યો. તે ગૃહના અતિ સુંદર દ્વાર-દેશપાસે બે મણિમય મંગલ કલશ રાખેલા હતા તથા શોભીતી ઘણીક પૂતળિયો પાસે પાસે મુકેલી હતી. વિવિધ વન-પલ્લવના ઢગ ત્યાં નિરન્તર મારેલા હતા. તેની પાસે કનકનાં બે હળ મુસળ રાખ્યાં હતાં. દુર્વાંકુરની સાથે વિરલ વિરલ ગુંથેલાં શ્વેત પુષ્પની માળાઓ ત્યાં શોભતી હતી. આખાં આખાં વ્યાઘ્ર-ચર્મ ત્યાં લટકાવેલાં હતાં, અને વંદન-માલાની[4] વચમાં વચમાં ઘંટાઓ બાંધેલી હતી. બંને દ્વાર પાસે બેઠેલી, મર્યાદામાં નિપુણ, વૃદ્ધ સૌભાગ્યવતી સ્ત્રિયો, ચતી મુકેલી કોડિયોથી દંતુર થયેલી,—વચ્ચે વચ્ચે ચોઢેલાં, વિવિધ રંગનાં, સુંદર, કપાસનાં ફુલના કડકાથી ઢંકાયેલી,—અને થોડાં થોડાં કસુંબાનાં કેશર જોડે મુકવાથી રક્ત થયેલી ગોમય-લેખાઓવડે વિવિધ સાથિયા દોરતી હતી;

---

૧. પ્રકૃતિ=પ્રધાન-મંડલ વિ૦ રાજ-સેવકો. ૨ ચંદ્રોદય વિ૦—આ વિચાર બાણભટ્ટે તથા એની પૂર્વેના કવિયોએ બહુ વાર દર્શાવ્યોછે તે ઉપરથી એમ સિદ્ધ થઈ શકેછે કે તે સમયમાં, સમુદ્રની ભરતીનું ખરૂં કારણ જણાયલું હતું. જુઓ રઘુવંશ, સર્ગ ૩, શ્લોક ૧૭ (પૃ. ૯૬, નો. ૪); કુમારસંભવ, સર્ગ ૩. શ્લોક ૬૭.

हरस्तु किञ्चित् परिलुप्तधैर्य-
श्चन्द्रोदयारम्भ इवाम्बुराशिः ॥ વિ૦;

અને વાસવ૦ પૃ. ૩૭–૮.

येन च चंद्रेणेव......विलोकिता जलधय इव......सुदूरविवर्धितजीवनाः सन्तः परां वृद्धिमापुः ।

૩ સુવાવડીના ઓરડામાં. ૪ લગ્નસમયે અથવા એવે કોઈ બીજે શુભ પ્રસંગે દ્વારપાસે જે માળા અથવા તોરણ બાંધવામાં આવેછે તે ‘વંદન-માલા.’

(કોઈ કોઈ) હળધરનો રસ છાંટીને પીળાં
દેવીને ચિતરતી હતી; ખુલ્લી પાંખોને લીધે વિ:
બેઠેલા, ફરફરતા રક્ત વસ્ત્રની ધ્વજાવાળા, અ
પ્રચંડ દીસતા કાર્તિકેયની મૂર્તિ ઘડતી હતી.
રક્ત કરીને (કોઈક) સૂર્ય-ચંદ્ર (ના આકાર)
ચોપડી પીળી કરેલી, વચ્ચે વચ્ચે ઉભા સુ:
થી કંટકિત થયેલી અને પાસે પાસે ગૌર સર્ષપ
રસવડે જાણે ભરી હોય એવી દેખાતી, મૃત્તિકાન.
કોઈ) માળા રચતી હતી; અને (કોઈક) ચં:
ભીંતોના ઉપલા ભાગ ઉપર પંચરંગી વિચિત્ર વસ્ત્ર
હરિદ્રાના રસથી રંગેલી વર્ધમાનની હારો[2] તથા એવાં
ગૃહને સુશોભિત કરે એવાં મંગલ-ચિન્હ કાઢતી હતી.
જાતજાતનાં સુગંધિ કુસુમની માળાઓ પહેરાવીને એક
બાંધેલો હતો. શયનના શિરોભાગની આસપાસ ડાંગેર પા
અને તે ઉપર એક વૃદ્ધ સ્ત્રી બેઠેલી હતી. ઘૃત સાથે મિશ્ર કર
કાંચળી અને મેષનાં શૃંગનો ભૂકો ત્યાં અહર્નિશ બળતો હતો.
બળતાં લિંબડાનાં પલ્લવમાંથી રક્ષા-ધૂમની ગંધ ફેલાતી હતી. પા
બ્રાહ્મણો થોડું થોડું શાન્ત્યુદક છાંટતા હતા[3]. વસ્ત્ર ઉપર તરતજ
દેવીઓનું પૂજન કરવામાં ધાત્રીઓ વ્યગ્ર થઈ હતી. અનેક વૃદ્ધ
યોએ પ્રસવ-સમયને યોગ્ય મંગલ ગીત ગાવા માંડ્યાં હતાં તેથી તે:
મનોહર લાગતું હતું. સ્વસ્તિ-વાચન ત્યાં ચાલતું હતું. બાળની રક્ષાને
સારૂ બલિદાન આપવામાં આવતું હતું. શ્વેત કુસુમના સેંકડો હાર બંધાતા
હતા. વિષ્ણુ-સહસ્ર-નામનો અવિચ્છિન્ન પાઠ થતો હતો. સુવર્ણની સ્વચ્છ
દીવિયો ઉપર મુકેલા, અને નિશ્ચલ જ્યોતવડે જાણે અંતરમાં સેંકડો
કલ્યાણનું ધ્યાન કરતા મંગલ-પ્રદીપોનો ત્યાં પ્રકાશ પડી રહ્યો હતો.
અને ઉઘાડી તરવાર હાથમાં લઈને રક્ષા-પુરુષો (તે ગૃહની) ચાર
પાસ ફરી વળેલા હતા. ત્યાં જલ અને અગ્નિનો સ્પર્શ કરીને રાજાએ
પ્રવેશ કીધો.

---

૧. શક્તિ=કાર્તિકેયનું તે નામનું શસ્ત્ર. ૨. વર્ધમાન=સાથિયા વિગેરે, વૃદ્ધિને અર્થે કાઢવામાં આવતાં ચિત્ર. ૩. દુષ્ટ ભૂતવિગેરેનો નાશ થઈ સૌ શાન્ત થાય તેટલા સારૂ ઉદક-જલ-છાંટતા હતા.

રાજાએ, પ્રસવથી દુબળી તથા ફીકી પડી માં પોઢેલા, પ્રીતિજનક પુત્રને જોયો. તેની ર્ભ-ગૃહના પ્રદીપોની પ્રભા ઝાંખી પડી ગઇ વડે, ઉદય(સમયના) રક્ત રવિમંડલ જેવો, દ્રબિમ્બ જેવો, કલ્પવૃક્ષના કોમલ પલ્લવ જેવો, ગ્રહ જેવો, અને પૃથ્વી જોવા સારૂ નીચે ઉતરેલા તો હતો!! પ્રવાલ-પલ્લવનાં જાણે પત્રવડે, પ્રભાતના છેદવડે, અને પદ્મરાગ મણિના જાણે કિરણવડે તેનાં !!ઢંકાઈ ગયેલાં પંચ મુખવાળા કાર્તિકેય જેવો[3], અને ાંથી પડી ગયેલા ઇન્દ્રના કુમાર જેવો તે લાગતો હતો. કનક જેવો પ્રકાશ મારતી, પોતાના દેહની પ્રભાથી તે ગૃહને જાણે પૂરી નાંખતો હતો. દીપ્તિમાન્ સહજ ભૂષણ ષનાં લક્ષણ તેનામાં દેખાતાં હતાં, અને—ભવિષ્યમાં મ્હારૂં કરશે—એમ જાણી હર્ષ પામેલી લક્ષ્મીએ તેને આલિંગન પછી, નિમેષ રહિત, નિશ્ચલ પક્ષ્મવાળાં, અતિશય પ્રફુલ્લ અને ચક્ષુ, જેમની કીકી વારંવાર લોહી નાંખતાં વાંતજ ભરાઈ આ- નંદાશ્રુમાં ડુબી ગયેલી હતી તેવડે જાણે પાન કરતો હોય,[4] પ કરતો હોય, અને સ્પર્શ કરતો હોય એમ, હજારો મનોરથે દર્શન પ્રાપ્ત થયું હતું તે તનય-મુખને સ્પૃહાથી નિહાળી નિહાળીને ત આનંદ પામ્યો, અને પોતાને કૃત-કૃત્ય માનવા લાગ્યો. સર્વ નોરથ ફલિત થયાથી શુકનાસ, પ્રીતિથી વિસ્તાર પામતાં લોચનવડે

---

૧. જુઓ રઘુવંશ સ. ૧૦. શ્લોક ૬૮—

रघुवंशप्रदीपेन तेनाप्रतिमतेजसा ।
रक्षागृहगता दीपाः प्रत्यादिष्टा इवाभवन् ॥

૨. આ કુમારનો રંગ રક્ત હતો અને મંગલનું નામ પણ 'लोहिताङ्ग' –રક્તવર્ણનો—એવું છે માટે બન્નેને સરખાવ્યા. ૩. કાર્તિકેયને 'षडानन' કહેછે, અર્થાત્ તેને છ મુખ કલ્પેલાં છે, અને કુમારને એક હતું માટે સાદૃશ્ય બેસવા સારૂ એમ કહ્યું કે પંચમુખ ઢંકાઇ ગયાં હોય અથવા ન આવ્યાં હોય તે વખતના કાર્તિકેય જેવો તે હતો. ૪. જુઓ ર. વં. સ. ૩ શ્લો. ૧૭.

निवातपद्मस्तिमितेन चक्षुषा । नृपस्य कान्तं पिबतः सुताननं ॥
महोदधेः पूर इवेन्दुदर्शनात् । गुरुः प्रहर्षः प्रबभूव नात्मनि ॥

એ પુત્રનાં અંગે અંગ જોતો જોતો રાજાને ધીમે ધીમે કહેવા લાગ્યો કેઃ—જુઓ ! જુઓ મહારાજ ! ગર્ભ-પીડનથી હજી કુમારના અવયવની શોભા બરાબર સ્ફુટ તો થઈ નથી તથાપિ, આ સર્વ ચક્રવર્તિ-ચિન્હ એનું માહાત્મ્ય દર્શાવી આપેછે. જુઓ ! સંધ્યા-કિરણથી રક્ત બાલ-ચંદ્ર જેવા એના લલાટ-પટ્ટમાં, ભાગેલા કમલ-દંડના તંતુ જેવી સૂક્ષ્મ આ ઊર્ણા[1] ખીલી રહીછે. પ્રફુલ્લ પુંડરીક જેવાં શ્વેત અને કર્ણાન્તસુધી પહોચેલાં આ એનાં, વળેલી પાંપણોવાળાં લોચન વારંવાર ઉન્મેષ[2] કરીને જાણે શયન-ગૃહને ધોળી નાંખેછે ! આ એની લાંબી કનક-લેખા જેવી નાસિકા, ખીલતી કમલ-કલિના પરિમલ જેવી મનોહર, એના મુખની સહજ સુગન્ધને જાણે સુંઘેછે ! એનો અધર રક્તકમલની કળિ જેવો શોભેછે. એની હાથેળિયો રક્તપદ્મની કળિ જેવી લાલ છે. હાથ, વિષ્ણુના જેવા શંખ-ચક્ર-ચિન્હયુક્ત,[3] અને શુભ લેખાથી અંકિત છે. એનું ચરણ-યુગલ નવા કલ્પવૃક્ષ-પલ્લવ જેવું કોમલ,—લેખામય[4] ધ્વજ, રથ, અશ્વ, છત્ર તથા કમલથી અલંકૃત,—અને અનેક સહસ્ર નરપતિયોના ચૂડામણિથી ચુંબિત થવાને ઉચિત છે. વળી એ રુવેછે ત્યારે એનો સ્વર (પણ) દુંદુભિના જેવો અતિ ગંભીર સંભળાયછે.—

એમ તે કહેતો હતો એટલામાં,—દ્વાર પાસે ઉભેલા રાજલોકે ઝટ ખસીને જેને માર્ગ આપ્યો હતો, હર્ષથી જેના શરીર ઉપર રુવેરુવાં ઉભાં થયાં હતાં, અને લોચન જેનાં પ્રફુલ્લ થતાં હતાં એવા, મંગલક નામના પુરુષે ત્વરાથી આવીને હસતે મુખે, રાજાને પ્રણામ કરી જણાવ્યું કેઃ—દેવ ! વૃદ્ધિ પામો ! આપના શત્રુઓનો નાશ થાઓ ! મહારાજ ! ઘણું જીવો ! પૃથ્વીનો જય કરો ! આપના પ્રસાદથી આર્ય શુકનાસની પણ જયેષ્ઠ બ્રાહ્મણ-પત્ની નામે મનોરમાને, રેણુકાના પરશુરામ જેવો એક તનય પ્રસૂત થયોછે.—હવે મહારાજની જેવી ઇચ્છા.

નૃપતિયે અમૃત-વૃષ્ટિ-તુલ્ય આ તેનાં વચન સાંભળ્યાં કે પ્રીતિથી તેનાં ચક્ષુ પ્રફુલ્લ થયાં અને તેણે પ્રત્યુત્તર આપ્યો કેઃ—અહો કલ્યાણ-પરંપરા ! વિપત્તિ વિપત્તિને અને સંપત્તિ સંપત્તિને અનુસરેછે એ જન-પ્રવાદ આજ સત્ય થયો ! સર્વથા સુખદુઃખમાં સમતા દર્શાવીને વિધિયે

---

૧. ઊર્ણા=કપાળમાં બે ભમરો વચ્ચે ઉગતી રુવાટી. ૨. ઉન્મેષ=ઉઘડવું તથા મીચાવું. ૩. જુઓ પૃષ્ઠ ૧ લું નોટ ૩ જી. ૪. લેખામય=ખરેખરાં નહિ પણ રેખાઓના આકારમાં દેખાતાં.

પણ તમારી પેઠે અમને અનુવર્તન કીધું છે.[1] એમ કહી, સત્વર આલિંગન દઇ, પ્રીતિથી પ્રફુલ્લ થયેલા મુખવડે હસતાં હસતાં પોતેજ શુકનાસનું ઉત્તરીય શિરપાવમાં લઇ લીધું. મનમાં આનંદ પામી, પેલા પુરુષને પણ તેના શુભ સમાચારને યોગ્ય, અમુલ્ય બક્ષીસ તેણે અપાવી. પછી ઉઠીને એમને એમજ તે શુકનાસને મંદિર જવા નીકળ્યો. તેની પાછળ નૃત્ય-ક્રીડામાં આસક્ત અન્તઃપુરની સ્ત્રિયો ચાલી, તેમના ચરણ અથડાયાથી શબ્દ કરતાં હજારો નૂપુરવડે દિગન્તરો ગાજી રહ્યાં; વેગથી હાથ ઊંચા કરવાથી હાલતાં મણિ-વલયોનો શબ્દ ત્યાં થઇ રહ્યો; ચતી હાથેલિયો રાખી ઊંચા કરેલા કર-સંપુટવડે તેઓ જાણે પવનથી ડોલી ગયેલી આકાશ-કમલિનીને[2] દર્શાવવા લાગી; તેમનાં કર્ણ-પલ્લવ નીકળી જઇને ચગદાઇ ગયાં; પરસ્પર અંગદ-કોટિયોના ઘસાયાથી ઉઝરડાઇને તેમનાં ઉત્તરીય વસ્ત્ર ફાટી ગયાં; શ્રમ-જલથી ધોવાઇ ગયેલા અંગ-લેપના, તેમનાં નવાં વસ્ત્રપર ડાઘ પડી ગયા; (ચિત્રેલાં) તમાલ-પત્ર (ભુસાતે ભુસાતે) કિંચિત્ માત્રજ રહી ગયાં; વિલાસ કરતી વેશ્યા સ્ત્રિયોના હાસ્યવડે, ઉત્ફુલ્લ કમલ-વનના જેવી રચના ત્યાં થવા લાગી; વેગમાં કૂદવાથી ખસી ખસીને હાલતી હાર-લતાઓ તેમનાં સ્તન ઉપર અફળાવા લાગી; સિંદૂરની આડમાં તેમના વાળની લટો ચ્હોટી ગઇ અને તેમના કેશ અબિલ ગુલાલ વિગેરે ઉરાડવાથી પીળાશ મારવા લાગ્યા. નૃત્ય કરતા વિકલ, મૂક, કુબ્જ, કિરાત, વામન, બધિર, અને જડ જન[3] તેમની આગળ ચાલતા હતા. કોટમાં ઉત્તરીય વસ્ત્ર બાંધીને તાણવાથી તેઓ વૃદ્ધ કંચુકિયોની વિડમ્બના કરતી હતી; વીણા, વેણું, મૃદંગ, કાંસાં અને તાલના લયને અનુસરતી હતી; ધીમે સ્વરે મધુર ગાયન કરતી હતી; અને હર્ષમાં મગ્ન થવાથી, મદમત્ત હોય, ઉન્મત્ત હોય કે દુષ્ટ પિશાચથી પીડાતી હોય તેમ તેઓને યોગ્ય અયોગ્ય ભાષણનો વિવેક રહ્યો ન હતો. વળી, જેમનાં કુંડલ હાલતાં હાલતાં ગાલ સાથે ઘસાતાં હતાં; કર્ણોત્પલ જેમનાં ડોલ્યાં કરતાં હતાં; જેમના શેખર ખસી ખસીને નીચે પડી ગયા હતા; જેમની વૈકક્ષક[4] કુસુમ-માલા હિંદોળા ખાતી હતી; જોરથી વગાડેલાં, ભેરી, મૃદંગ, મર્દલ અને પટહના નાદ સાથે કાહલા તથા શંખના સ્વરથી જેમણે મ્હોટી ધાંધળ મચાવી દીધી હતી, અને (કૂદતાં કૂદતાં) ચરણ પડવાથી

૧. અર્થાત્ વિધિ પણ અમને અનુકૂલ છે. ૨. આકાશ-કમલિની=આકાશમાં કલ્પેલો કમલ-સમૂહ. ૩. જુઓ પૃષ્ઠ ૯૩ નોટ ૫. ૪. જનોઇની પેઠે છાતી ઉપર પેહેરેલો હાર.

જેઓ પૃથ્વીને જાણે ફાડી નાંખતા હતા—એવા રાજ-પરિજન, અને નાચતે નાચતે વિવિધ મુખ-વાદિત્રથી કોલાહલ કરતા, મ્હોટે સ્વરે બોલતા તથા ગાન કરતા ચારણો (પણ) તેની પછવાડે ચાલ્યા. એવી રીતે શુકનાસને મંદિર જઇ, રાજાએ ત્યાં બમણો ઉત્સવ કરાવ્યો.

ષષ્ઠી-જાગરણ[1] થઇ ગયા પછી જ્યારે દશમો વાસો થયો ત્યારે શુભ મુહૂર્તમાં કોટિ કોટિ ગાય અને સુવર્ણનું બ્રાહ્મણોને દાન કરીને, 'સ્વપ્નમાં એની માતાના મુખ-કમલમાં મેં પરિપૂર્ણ ચંદ્ર-મંડલને પ્રવેશ કરતાં જોયું હતું' એમ વિચારી રાજાએ સ્વપ્નનેજ અનુસરીને પુત્રનું નામ ચંદ્રાપીડ પાડ્યું. બીજે દિવસે શુકનાસે પણ બ્રાહ્મણને ઉચિત સર્વ ક્રિયા કરીને, રાજાની અનુમતિ પ્રમાણે, પોતાના તનયનું 'વૈશમ્પાયન' એવું વિપ્રજન-યોગ્ય નામ પાડ્યું. પછી ચંદ્રાપીડને ચૂડા-કરણાદિ[2] બાલ-ક્રિયાઓ અનુક્રમે કરવામાં આવી અને (એમ કરતાં કરતાં) એની બાલ્યાવસ્થા વીતી ગઇ.

પછી તારાપીડ રાજાએ પુત્રનું મન ક્રીડામાં આસક્ત થતું અટકાવવા સારૂ નગરની બ્હાર શિપ્રા નદીને તીરે, અર્ધ કોશ લાંબું, દેવ-ગૃહ જેવું એક વિદ્યા-મંદિર બંધાવ્યું. તેની આસપાસ હિમાલયની શિખર-માલા જેવો, ચુનાથી ધોળેલો, ફરતો એક ઊંચો કોટ બંધાવ્યો, અને કોટની પછવાડે એક મ્હોટી ગોળ ખાઈ નંખાવી. તેનાં કપાટ[3] અતિ દૃઢ બનાવ્યાં. પ્રવેશ કરતાં ઉઘાડવાનું એક તેમાં દ્વાર રખાવ્યું. એક બાજુએ ઘોડા ગાડી રહેવાનો વિભાગ રચાવ્યો, અને નીચે કસરતશાળા કરાવી. (વળી) મહા મહા પ્રયત્ને તે વિદ્યા-મંદિરમાં સર્વ વિદ્યાઓના આચાર્યનો તેણે સંગ્રહ કીધો.

ત્યાં ચંદ્રાપીડને પંજર-ગત સિંહ-શિશુની પેઠે રાખી, કહીં પણ બ્હાર જવા દેવાની મના કરી, તેના પરિજનમાં માત્ર આચાર્ય-કુલના પુત્રનેજ રાખ્યા; અને બાળકનું મન આકૃષ્ટ થાય એવી સર્વ રમતો ત્યાંથી દૂર કરી, તેનું ચિત્ત અન્ય વસ્તુમાં વ્યાપૃત ન થાય એવી ગોઠવણ કરી, અશેષ વિદ્યા સંપાદન કરવા સારૂ તેને એક શુભ દિવસે, વૈશમ્પાયન સાથે, આચાર્યોને સ્વાધીન કર્યો. પછી રાજા, પ્રતિદિવસ ઉઠી ઉઠીને વિલાસવતી રાણીને લઇ, વિરલ પરિજન સાથે ત્યાંજ જઇને તેનું દર્શન કરી આવતો.

---

૧. બાળક અવતર્યા પછી છઠ્ઠે વાસે ષષ્ઠી દેવીની પૂજા કરી જાગરણ કરવું એમ શાસ્ત્રમાં કહેલું છે. ૨. ચૂડા-કરણ=બાળકના વાળ ઉતરાવવાની ક્રિયા-જેમાં એક લટ બાકી રાખવામાં આવતી હતી. ૩. કમાડ.

રાજાની આવી નિયન્તણામાં રહેલા ચંદ્રાપીડનું હૃદય અન્ય વિષયમાં પ્રરત ન હતું તેથી તેણે, પોતપોતાની કુશલતા દર્શાવનારા, તથા સુપાત્ર શિષ્ય મળ્યાથી ઉત્સાહથી ઉપદેશ કરતા આચાર્યો પાસેથી થોડાજ કાળમાં સર્વ વિદ્યાઓનો અભ્યાસ કરી લીધો. મણિ-દર્પણ જેવા અતિ નિર્મલ એ રાજપુત્ર(ના મન)માં સકલ કલા-કલાપે પ્રવેશ કીધો; અને વ્યાકરણમાં, મીમાંસામાં[1], પ્રમાણમાં,[2] ધર્મશાસ્ત્રમાં, રાજનીતિમાં, મલ્લ-યુદ્ધાદિક વિદ્યામાં,—ધનુષ્, ચક્ર, ઢાલ, ખડ્ગ, શક્તિ, ભાલા, પરશુ, ગદા વિગેરે—સર્વ વિવિધ આયુધોમાં, રથચર્યામાં,[3] ગજારોહણમાં; અશ્વ-વિદ્યામાં,—વીણા, વેણુ, મૃદંગ, કાંસ્ય, તાલ, દર્દુરપુટ વિગેરે વાદ્યોમાં, ભરતાદિનાં રચેલાં નૃત્ય-શાસ્ત્રમાં, નારદ વિગેરેનાં સંગીત-શાસ્ત્રમાં, હસ્તિ-શિક્ષામાં, અશ્વ-વય જાણવામાં,પુરુષ-લક્ષણ (ઓળખવા)માં,ચિત્ર-કર્મમાં,પત્ર વિંધવામાં, પુસ્તક-વ્યાપારમાં,લેખન-ક્રિયામાં, સર્વ દ્યૂત-કલાઓમાં,ગંધ-શાસ્ત્રોમાં, પક્ષીનું ઉચ્ચારણ સમજવામાં, ગ્રહ-ગણિતમાં,[4] રત્ન-પરીક્ષાઓમાં, કાષ્ઠ-કર્મમાં,હાથીદાંતનાં કામમાં, વાસ્તુ-વિદ્યામાં,[5] આયુર્વેદમાં,[6]યંત્ર-પ્રયોગમાં, વિષ ઉતારવામાં, સુરંગ ફોડવામાં, તરવામાં, ઓળંગવામાં, કૂદવામાં, ચઢવામાં, રતિ-તંત્રમાં, જાદુમાં, કથાઓમાં, નાટકોમાં, આખ્યાયિકાઓમાં, કાવ્યોમાં, મહાભારતમાં, પુરાણમાં, ઇતિહાસમાં, રામાયણમાં, સર્વ લિપિયોમાં, સર્વ દેશની ભાષાઓમાં, સર્વ સંજ્ઞાઓમાં, શિલ્પ-કાર્યમાં, છન્દોમાં, અને એવી બીજી કેટલીક કલાઓમાં તેણે મ્હોટી કુશલતા મેળવી.

પ્રતિદિવસ અભ્યાસ કરતાં કરતાં તેનામાં ભીમસેનના જેવી, બાળપણમાંજ સર્વ લોકને વિસ્મય પમાડતી મહાવીરતા દેખાઇ આવી. રમતમાં રહેજજ જ્યારે તે હાથીઓનાં બચ્ચાંનાં કર્ણ-પલ્લવ હાથવડે પકડીને તેમને નમાવી દેતો હતો ત્યારે જાણે સિંહ-શિશુના ઝપાટામાં આવી ગયાં હોય તેમ તેઓ જરા હાલી પણ શકતાં નહિ. ખડ્ગના એક એક પ્રહારથી તે બાળપણમાંજ તાલ વૃક્ષોને મૃણાલ-દંડની સમાન કાપી નાંખતો. સકલ ક્ષત્રિય વંશ રૂપી વનને ભસ્મ કરનાર પરશુરામની પેઠે તેનાં બાણ પર્વતોના

---

૧. મીમાંસા—એક હિંદુશાસ્ત્ર, જેના પૂર્વ ભાગમાં કર્મકાણ્ડ વિશે, ને ઉત્તર ભાગમાં વેદાન્ત વિશે લખેલું છે. ૨. પ્રમાણ=જ્ઞાન પ્રાપ્ત કરવાના માર્ગ, જેવા કે પ્રત્યક્ષ-પ્રમાણ, અનુમાન, ઉપમાન, વિ૦ જે ન્યાયાદિક શાસ્ત્રોમાં કહેલા છે. ૩. રથ ચલાવવામાં. ૪. ગ્રહોની ગતિયો વિ૦ બતાવનાર શાસ્ત્રમાં. ૫. વાસ્તુ-વિદ્યા=ઘર બાંધવાની વિદ્યા.
૬. વૈદ્યક શાસ્ત્રમાં.

શિલાતલને છેદી નાંખતાં; અને દશ પુરુષ ઉચકી શકે એવા (ભારે) લોહ-દંડવડે તે શ્રમ કરતો. તેના અતિશય બળ શિવાય બીજા સર્વ ગુણોમાં વૈશમ્પાયન તેના સરખોજ થયો. સર્વ કલાઓમાં તેની પ્રવીણતાના બહુમાનથી, શુકનાસ ઉપર પોતાના આદરભાવથી, ધૂળમાં સાથે રમવાથી અને સાથે સાથે ઉછર્યાથી વૈશમ્પાયન, ચંદ્રાપીડનું સર્વ વિશ્રમ્ભ-સ્થાન[1] જાણે બીજું હૃદય હોય એવો પરમ મિત્ર થઇ ગયો. એક નિમિષ માત્ર પણ તેના વિના તે એકલો રહી શકતો નહિ, અને દિવસ જેમ સૂર્યને તેમ પ્રધાન-પુત્ર પણ તેને અનુસરતો તથા એક ક્ષણ તેનાથી વિયુક્ત રહેતો નહિ.

એ પ્રકારે જ્યારે ચદ્રાપીડ સર્વ વિદ્યાઓના અભ્યાસમાં પડ્યો હતો ત્યારે તેનામાં, સાગરના અમૃત-રસ[2] જેવો ત્રિભુવનને લોભમાં નાંખનાર, પ્રદોષ-સમયના[3] ચંદ્રોદય જેવો સકલ લોકનાં હૃદય-નયનને આનંદ ઉપજાવનાર, મેઘકાલના ઈન્દ્રધનુષ્ જેવો વિવિધ રાગ-વિકાર-યુક્ત તથા ભંગુર,[4] કલ્પ વૃક્ષના કુસુમ-પ્રસવ જેવો કામદેવનું આયુધ બનેલો, કમલ-વન ઉપરના સૂર્યોદય જેવો નવા નવા રાગથી રમણીય લાગતો, અને મયૂરના પુચ્છ જેવો વિવિધ નૃત્ય-ક્રીડાને યોગ્ય યૌવનારંભ દેખાઇ આવ્યો, જેથી કરીને એ (સહજ) રમણીય કુમારની પણ રમણીયતા બમણી વધી ગઈ. કામદેવને (હવે) અવસર મળ્યો એટલે તે નવા સેવકની સમાન (ધીમે ધીમે) તેની પાસે આવવા લાગ્યો. લક્ષ્મીની સાથે તેની છાતી વિસ્તાર પામવા લાગી.[5] બંધુજનોના મનોરથની સાથે તેની ઝાંઘો ભરાવા લાગી. શત્રુઓની સાથે તેનો મધ્ય-ભાગ ઓછો ઓછો થવા માંડ્યો. દાનની સાથેજ તેનો નિતંબ-ભાગ[6] વધવા લાગ્યો. પ્રતાપની સાથે રોમ-રાજિ[7] ઉગવા લાગી. રિપુ-સ્ત્રિયોના કેશની લટો સાથે તેના હાથ નીચે લટકવા લાગ્યા.[8] ચરિતની સાથે તેનાં નયન ધવલ થવા લાગ્યાં.

---

૧. વિશ્રમ્ભ-સ્થાન=વિશ્વાસ-ભૂમિ. ૨. સમુદ્રમાંથી મથન-સમયે નીકળેલું અમૃત. ૩. પ્રદોષ=સંધ્યાકાળ, નિશામુખ. ૪. રાગ=પ્રેમ—અનુરાગ; રંગ. ભંગુર=ક્ષણિક; આકારમાં વક્ર. ૫. અત્રેથી સહોક્તિ નામનો અલંકાર શરૂ થાયછે. (તેમાં એક કાર્ય બીજાની સાથે થતું દર્શાવ્યું હોયછે.) અર્થ એવો કે જેમ એની છાતીનો પટ વધતો ગયો તેમ લક્ષ્મી પણ એની વધતી ગઇ. ૬. કટિની તળે ને જઘનની પછવાડેનો ભાગ. ૭. રુવાંટી. ૮. ચંદ્રાપીડ ઉમ્મરે વધતો ગયો તેમ એના હાથ

આજ્ઞાની સાથે તેના ભુજનો શિખર-ભાગ[1] ગુરૂ થતો ગયો, અને સ્વરની સાથે હૃદયમાં (પણ) ગંભીરતા પ્રકટ થઇ.

ચંદ્રાપીડ આવી રીતે યૌવનાવસ્થામાં આવી પહોચ્યોછે, સકલ કલાનું તેણે જ્ઞાન મેળવ્યુંછે, અને અશેષ વિદ્યાનું તેણે અધ્યયન કર્યુંછે એવું જ્યારે રાજાએ જાણ્યું ત્યારે આચાર્યોની અનુમતિથી તેને તેડાવવા સારૂ તેણે બલાહક નામના સેનાપતિને બોલાવી, ભારે અશ્વ-બલ અને પાયદળ સાથે તેને એક શુભ દિવસે ત્યાં મોકલ્યો. વિદ્યા-ગૃહપાસે તે આવી પહોચ્યો કે (તરત) દ્વારપાલો સાથે ખબર કહાવી તેણે અંદર પ્રવેશ કર્યો, અને ચૂડા-મણિ ભૂતલ સુધી નમાવી, મસ્તકવડે પ્રણામ કરી, રાજ-સમીપ જેમ બેસતો હોય તેમ વિનય સહિત, પોતાની પદ્વીને યોગ્ય આસન ઉપર રાજપુત્રની અનુમતિથી તે બેઠો. પછી જરાવાર રહીને તેણે ચંદ્રાપીડ પાસે જઇ વિનયથી કહ્યું કેઃ—કુમાર ! મહારાજની એવી આજ્ઞા છે કે અમારા મનોરથ સર્વ પરિપૂર્ણ થયાછે; તમે શાસ્ત્રોનું અધ્યયન કીધુંછે, સર્વ કળાઓ શીખ્યાછો, ને સકલ આયુધ-વિદ્યાઓમાં તમે મ્હોટી પ્રતિષ્ઠા મેળવીછે માટે સર્વ આચાર્યોએ વિદ્યા-ગૃહમાંથી તમને નીસરવાને રજા આપીછે. શિક્ષા ગ્રહણ કરીને બંધન સ્થાનમાંથી બ્હાર નીકળેલા ગંધગજ-કુમાર જેવા, અને સકલ-કલા-પરિપૂર્ણ[2], પૂર્ણિમાના તરત ઉગેલા ચંદ્ર જેવા તમને ભલે સર્વ લોક જુવે, અને ઘણા કાળથી દર્શનને સારૂ ઉત્કંઠિત થયેલાં પોતાનાં લોચનને સફલ કરે. તમને જોવાને સર્વ અંતઃપુર ઘણુંજ ઉત્સુક છે. વિદ્યાગૃહમાં વસતાં તમને આજ દશમું વર્ષ ચાલેછે, અને છઠ્ઠે વર્ષે તમે તેમાં પ્રવેશ કર્યો હતો;—એ બંને મેળવતાં તમે હવે સોળમા વર્ષમાં આવી પંહોચ્યાછો. માટે આજથી બ્હાર આવી, દર્શનોત્સુક સર્વ માતાઓને દર્શન આપી, ગુરૂઓને અભિવંદન કરી, સ્વતંત્ર થઇ, રાજ્ય-સુખ તથા નવ-યૌવનના વિલાસ રુચિ પ્રમાણે અનુભવો. રાજલોકને સન્માન આપો. બ્રાહ્મણોનું પૂજન કરો. પ્રજાનું પાલન કરો અને બંધુ-વર્ગને આનંદ આપો. મહારાજે તમને મોકલેલો આ—અ-

---

લાંબા થતા ગયા, અને સાથે વળી શત્રુઓનો નાશ થતો ગયો એટલે તેમની સ્ત્રિયોના વાળ પણ વેણિના આકારમાં નીચે લટકવા લાગ્યા. સ્વામીના વિયોગ વા મરણ પછી સ્ત્રિયો કેશને વેણી રૂપે (જુઓ પૃ. ૨૫ નો. ૪) લટકતા રાખતી. ૧. ખભાની નીચેનો ભાગ. ૨. કલા= હુન્નર; અને ચંદ્રનો સોળમો ભાગ. (Digit)

ખિલ ત્રિભુવનનો એક મણિ,—વેગમાં પવન-ગરુડ જેવો, ઇન્દ્રાયુધ નામનો અશ્વ દ્વાર પાસે ઉભેલોછે. ત્રણે ભુવનનું એ એક આશ્ચર્ય છે એમ જાણી પારસીઓના અધિપતિયે—સમુદ્ર-જલમાંથી ઉત્પન્ન થયેલું આ અયોનિ-જન્મ[1] અશ્વ-રત્ન જે મને મળેલુંછે તે મહારાજને બેસવાને યોગ્ય છે—એવો સંદેશો કહાવી એને દેવપાસે મોકલ્યો હતો. એને જોઇને લક્ષણ જાણનારાઓએ કહ્યુંછે કે:—દેવ ! જે લક્ષણ ઉચ્ચૈઃશ્રવસ્‌માં[2] હતાં એમ સંભળાયછે તેજ આમાં છે; આના જેવો અશ્વ કહીં થયો નથી અને થવાનો પણ નથી.—માટે આરોહણ કરીને એનો અનુગ્રહ કરો. વળી ક્ષત્રિય રાજકુળમાં ઉત્પન્ન થયેલા, વિનયી, શૂરા, રૂપવાન્, ચતુર અને કુલ-ક્રમાગત આ સહસ્ર રાજપુત્રો જેમને તમારા પરિચારને[3] અર્થે મોકલ્યાછે તેઓ અશ્વઉપર બેઠા બેઠા, તમને પ્રણામ કરવાની લાલસાથી બ્હાર તમારી વાટ જુએછે.

એટલું કહીને બલાહક શાન્ત પડ્યો કે (તરત) ચંદ્રાપીડે, પિતાની આજ્ઞા માથે ચઢાવી, બ્હાર નીકળવાની ઇચ્છાથી નવા મેઘની ગર્જના જેવા ગંભીર સ્વરે આજ્ઞા કરી કે ઇંદ્રાયુધને અંદર લાવો.

પછી આજ્ઞા થતાંજ તે મહાન્ અશ્વને તેણે અંદર આણેલો જોયો. બંને તરફથી ચોકડાનાં કનકનાં કડાં પકડીને પગલે પગલે નિગ્રહ રાખવાનો પ્રયત્ન કરતા બે પુરુષો તેને દોરી લાવતા હતા. પ્રમાણમાં તે ઘણો મ્હોટો હતો; (તેથી) હાથ ઉંચા કરેથીજ પુરુષો તેના પૃષ્ઠભાગને સ્પર્શ કરી શકતા હતા. સન્મુખ આવેલા અખિલ આકાશનું તે જાણે પાન કરતો હતો. ઉદરને કમ્પાવતો તથા પૃથ્વીની ગુફાઓને (પણ) પૂરી નાંખતો, અતિ નિષ્ઠુર હેષારવ[4] વારંવાર કરવાથી, ખોટા વેગનું મિથ્યા અભિમાન રાખનાર ગરુડનો જાણે તે તિરસ્કાર કરતો હતો. ક્ષણે ક્ષણે તેનું મસ્તક ઘણું નીચું ઉંચું થતું હતું, અને વેગ રુંધાયાથી થતા અતિશય રોષવડે તેમાંની ઘોર નાસિકા ઘુરઘુર શબ્દ કરી મુકતી હતી તેથી, એ જાણે પોતાના વેગના ગર્વને લીધે આખા ત્રિભુવનનું ઉલ્લંઘન કરવાનું ચિન્તન

---

૧. યોનિ—પ્રસવસ્થાન-માંથી નહિ જન્મેલો, કારણ કે એ સમુદ્રમાંથી નીકળ્યો હતો એમ કહ્યુંછે. એ કથાનું અનુસંધાન બાણભટ્ટના પુત્રે રચેલા ભાગમાં આવશે. ૨. ઉચ્ચૈઃશ્રવસ્—ઇંદ્રના અશ્વનું નામ. ૩. પરિચાર=સાથે અથવા પછવાડે ચાલનારા સોબતી. ૪. ઘોડાના ખોંખારાના શબ્દને 'હેષા' કેહેછે. રવ=સ્વર.

કરતો હોય એમ લાગતું હતું! ઇન્દ્રધનુષ્‌ના જેવી કાળી, પીળી, લીલી અને લાલ લેખાઓથી તેનું આખું શરીર ચિત્રાયલું હતું તેથી, તે જાણે નાનો હાથી હોય અને વિવિધ વર્ણનો કંબલ[1] તેના ઉપર પાથર્યો હોય એવો શોભતો હતો; કૈલાસ-તટના આઘાતથી ફ્હોટેલી ધાતુ-ધૂલિવડે રક્ત થયેલા હર-વૃષભ જેવો તે લાગતો હતો; અને દૈત્ય-રુધિરની લેખાઓથી લાલ થયેલી યાળવાળા પાર્વતી-સિંહ જેવો તે દેખાતો હતો. વેગનો જાણે તે મૂર્ત્તિમાન્ સમૂહ હતો. વારંવાર ફુલી ફુલીને સુસવાટો કરતાં નસકોરાંમાંથી તે જાણે મહાવેગથી પીધેલા પવનને બ્હાર કાઢી નાંખતો હતો! મુખની અંદર અથડાવાથી ખખડતા ચોકડાના તીક્ષ્ણ અગ્રભાગના ક્ષોભથી ઉત્પન્ન થયેલાં, લાળનાં ફીણ, સમુદ્ર-નિવાસ-સમયે પીધેલા અમૃત-ગંડૂષની[2] સમાન તેના મુખમાંથી નીકળતાં હતાં. તેનું મ્હોં ઘણું લાંબું અને નિર્માંસ હોવાને લીધે જાણે કોતરી કાઢેલું હોય એમ દેખાતું હતું. મુખ-મંડલ ઉપર મુકેલા રક્તમણિમાંથી નીકળતા કિરણ તેના નિશ્ચલ શિખરવાળા[3] કર્ણ ઉપર પડવાથી જાણે ત્યાં રક્ત ચામર લટકાવ્યાં હોય એમ લાગતું હતું. તેની ગ્રીવા સુવર્ણની સ્વચ્છ સાંકળમાંથી પડતા કિરણોવડે, તથા લાક્ષા-રસે રંગેલી, લાંબી, અને ફરફરતી યાળવડે ભરાઇ ગઇ હતી તેથી, સમુદ્રમાં સંચરવાથી જાણે તેના ઉપર પ્રબાલ-પલ્લવ ફ્હોટયાં હોય એવી શોભતી હતી. અતિ કુટિલ કનક-પત્રલતાની[4] શાખાઓથી વક્ર થયેલાં રાતાં આભૂષણ, જેમાંની રત્ન-માલા પગલે પગલે ખણખણતી હતી અને સ્થૂલ મુક્તાફલથી જે ભરેલાં હતાં તે વડે, તારા-ગણથી જેમ સંધ્યાકાળ દીપે તેમ તે દીપતો હતો. આભૂષણમાં મુકેલા મરકત મણિની પ્રભાથી તેનું શરીર જરા જરા શ્યામ પડતું હતું તેથી તે, ગગનમાંથી પડેલા, સૂર્ય-રથના અશ્વની જાણે શંકા કરાવતો હતો.[5] વેગ રુંધાયાથી ભરાઇ આવતા રોષવડે રોમે રોમે નીકળતાં સ્વેદ-બિન્દુઓ જે તેની અતિતેજસ્વિતાને લીધે, સમુદ્રના પરિચયથી લાગેલાં મોતી જેવાં શોભતાં હતાં તેનો એ વર્ષાદ વર્ષાવતો હતો. ઇન્દ્રનીલ મણિના બાજઠ જેવી, અંજન-શિલાથી જાણે ઘડેલી, અને

---

૧. કંબલ=કામળો. ૨. ગંડૂષ=ઘુંટડા. ૩. શિખર=અગ્રભાગ. ૪. પત્રલતા—તે નામનું આભૂષણ. ૫. કારણ કે સૂર્યના ઘોડાનો રંગ પણ એવો કલ્પેલો છે. જુઓ પૃ. ૩૦ નો. ૪. વળી જુઓ વિક્રમચરિત પૃ. ૧૩૮.

घर्मेण दग्धानिव नीलदेहान्। सहस्ररश्मेस्तुरगान् जहास॥

વારંવાર પડ ઉપડ કરવાથી અગ્રભાગવડે વિષમ સ્વર કરતી, પોહોળી ખરીઓથી પૃથ્વીને જર્જરિત કરીને તે જાણે મૃદંગનો અભ્યાસ કરતો હતો. તેની જંઘાઓ જાણે કાતરી કાઢેલી હતી; છાતી વિસ્તારેલી હતી; મુખ સુંદર અને સ્વચ્છ કરેલું હતું; ગ્રીવા જાણે પ્રસારેલી હતી; બંને બાજુઓ જાણે ચિત્રેલી હતી; અને જઘનભાગ જાણે દ્વિગુણ કરેલો હતો. વેગમાં તે જાણે ગરુડનો પ્રતિપક્ષ[1] હતો. ત્રિલોકમાં સંચરણ કરવામાં પવનનો જાણે તે સહાય હતો. ઉચ્ચૈઃશ્રવસ્‌નો જાણે અંશાવતાર હતો.[2] વેગ-શિક્ષામાં મનનો સહાધ્યાયી હતો.[3] (વામનરૂપ) વિષ્ણુના ચરણ જેવો તે સકલ પૃથ્વીનું ઉલ્લંઘન કરવાને શક્તિવાન્ હતો.[4] વરુણના હંસની પેઠે તેનો માનસ-પ્રચાર હતો.[5] ચૈત્ર માસના દિવસની પેઠે તે વિકસિત અશોક[જેવો]પાટલ હતો.[6] વ્રતધારી પુરુષની સમાન તેના મુખ ઉપર [જાણે] ભસ્મનું ધોળું તિલક હતું. કમલ-વનની પેઠે તેને મધુ-પિંગલ કેશર હતી.[7] ગ્રીષ્મ દિવસ જેવો તે મહાયામ અને પ્રબલ તેજસ્વિ હતો.[8] સર્પ જેવો તે સદા ગતિને અભિમુખ રહેતો.[9] સમુદ્ર-તટની પેઠે તેને શંખ-માલાનું આભૂષણ હતું.[10] ભયભીત હોય તેમ કર્ણ સ્તબ્ધ રાખીને તે ઉભો હતો. વિદ્યાધર લોકના રાજ્યની સમાન તે ચક્રવર્ત્તિ નર [ના] વાહનને ઉચિત હતો.[11] અને સૂર્યોદયની પેઠે સકલ ભુવનમાં તે અર્ઘને યોગ્ય હતો.[12]

એવા અદૃષ્ટપૂર્વ, અખિલ ત્રિભુવન-રાજ્યને યોગ્ય, તથા અશેષ-

---

૧. હરીફ. ૨. જુઓ પૃ. ૧૦૩. નો. ૨. અંશ=ભાગ. ૩. અર્થાત્ તે મનોવેગી હતો. ૪. જુઓ પૃ. ૨. નો. ૫. ૫. અશ્વનો પ્રચાર–વેગ, માનસ–મન–જેવો; હંસનો પ્રચાર–માર્ગ,માનસ સરોવર તરફ. ૬. અશ્વ, વિકસિત અશોક જેવો પાટલ–રક્ત; ચૈત્ર માસનો દિવસ,વિકસિત અશોક તથા પાટલ–તે નામના છોડથી યુક્ત. ૭. મધુ-પિંગલ=મધ જેવી અને મધ-થી પિંગલ–જુઓ પૃ.૪૭નો.૧.કેશર=યાળ; પુષ્પના તંતુ. ૮. મહાયામ= મ્હોટા આયામ–વિસ્તાર–વાળો; યામ=પ્રહર. ૯. અશ્વ સદા–સર્વદા, ગતિ-ને અભિમુખ–ચાલવાને ખુશી;સર્પ સદાગતિ–પવન–ને અભિમુખ, કારણ કે તેનો તે આહાર છે. જુઓ વાસવદત્તા પૃ. ૨૪૧—भुजङ्गेनेव सदागत्य-भिमुखेन. ૧૦. શંખમાલા=કેટલાક અશ્વની કોટે ઉગતો રોમસમૂહ; શંખ-લાની માળા. ૧૧. અશ્વ, ચક્રવર્ત્તિ નરના વાહનને–તેનું વાહન થવાને–યોગ્ય; રાજ્ય, નરવાહન નામના રાજાને. ૧૨. અર્ઘ=મૂલ્ય; પૂજા, નમ-સ્કાર. અર્થાત્ અશ્વનું મૂલ્ય જ્યાં જાય ત્યાં ઉપજે એમ હતું.

લક્ષણ-સંપન્ન મહાન્ અશ્વનો માનુષ લોકને અનુચિત આકાર જોઈને, ચંદ્રાપીડ અતિધીર પ્રકૃતિનો છતાં એના હૃદયમાં વિસ્મય ઉત્પન્ન થયો; અને મનમાં વિચાર આવ્યો કેઃ—વેગસહિત ફરીને વિંટળાતા વાસુકિ નાગથી ચલિત થયેલા મંદર પર્વતવડે જ્યારે પૂર્વે સમુદ્ર-જલનું દેવ-દાનવોએ મંથન કર્યું ત્યારે આ અશ્વરત્નને ન કાઢતાં એમણે શું રત્ન કાઢ્યું? અને મેરુશિલાતલ જેવા વિશાલ, આના પૃષ્ઠઉપર જ્યારે ઈન્દ્ર નથી બેઠો ત્યારે એને ત્રૈલોક્ય-રાજ્યનું ફલ પણ શું મળ્યું? ખરેખર ઉચ્ચૈઃશ્રવસ્‌થીજ મોહિત કરી દઈને જલનિધિયે ઈન્દ્રને ઠગ્યો છે! હું તો એમ ધારૂંછું કે અત્યાર સુધી ભગવાન્ નારાયણે (પણ) એને જોયો નથી, કારણ કે હજી એ ગરુડને વાહન કરવાની ટેવ ત્યજતા નથી. ખરે! ત્યારે મ્હારા પિતાની રાજ્ય-લક્ષ્મી તો ઈન્દ્રની સમૃદ્ધિ કરતાં પણ ચઢે એવી થઈ, કેમકે આવાં આવાં, સકલ ત્રિભુવનને દુર્લભ રત્નોએ એમની સેવામાં આવેછે! આ અશ્વની અતિ તેજસ્વિતાને લીધે તથા મ્હોટા બળને લીધે એની આકૃતિ જાણે દેવતાઈ હોય એવી લાગેછે; અને તેથીજ મને ખરેખર એના ઉપર આરોહણ કરવામાં કંઈ જરા શંકા જેવું થાયછે. સામાન્ય અશ્વોની કંઈ આવી મનુષ્ય લોકને અયોગ્ય અને સકલ ત્રિભુવનને વિસ્મયજનક આકૃતિ ન હોય. દેવતાઈ આકૃતિયો પણ મુનિ-શાપને લીધે પોતાનાં પૂર્વ શરીરનો ત્યાગ કરીને, શાપ-વચનના બળથી ઉત્પન્ન થયેલાં આવાં બીજાં શરીર ધારણ કરી શકેછે; કેમકે એવું સંભળાયછે કે પૂર્વે સ્થૂલશિર નામના મહાતપસ્વિ મુનિયે અખિલ ભુવનના અલંકારરૂપ રંભા નામની અપ્સરાને શાપ દીધો હતો. તેથી તે દેવલોક ત્યજીને અશ્વ-હૃદયમાં પ્રવેશ કરી, અશ્વ-હૃદયા નામની અશ્વા થઈ, મર્ત્યલોકમાં મૃત્તિકાવતી નગરીમાં શતધન્વા નામે રાજાની સેવામાં ઘણા કાળ સુધી વસી હતી. વળી બીજા પણ મહાત્માઓ પોતાનો પ્રભાવ મુનિજનના શાપવડે ક્ષીણ થઈ જવાથી, વિવિધ આકારમાં આ લોકમાં ભ્રમણ કરી ગયાછે તેમ આએ કોઈ નિઃસંશય શાપ ભોગવતો મહાત્મા હશે, કેમકે મ્હારૂં અંતઃકરણજ એના દેવતાઈપણા વિશે મને જાણે કંઈ સૂચના જેવું કરેછે.[1]

---

૧. ચંદ્રાપીડના મનમાં આવો વિચાર ઉત્પન્ન થયો દર્શાવીને કવિ પોતાની ચાતુરીથી, અશ્વનો પૂર્વ જન્મ કોઈ ઉચ્ચ યોનિમાં છે તથા શાપથી તેણે આ રૂપ ધારણ કર્યુંછે એ વાત ખરેખરીજ સૂચવેછે. એનું

એમ ચિન્તન કરતો કરતોજ આરોહણ કરવાની ઇચ્છાથી એ આસન ઉપરથી ઉભો થયો. પછી અશ્વની પાસે જઇને પોતાના મનમાં કહેવા લાગ્યો કેઃ—મહાત્મન્ અશ્વ! તું ગમે તે હોય પણ તને હું નમસ્કાર કરૂં છું! સર્વથા આ મ્હારો આરોહણરૂપી અતિક્રમ[1] ક્ષમા કરજે. કેમકે દેવતાઓ પણ જ્યારે ઓળખાતા નથી ત્યારે અનુચિત પરિભવનું પાત્ર થઈ પડેછે.—(તે વખતે) ઇન્દ્રાયુધે જાણે તેનો અભિપ્રાય સમજી ગયો હોય તેમ, મસ્તક ઉપરની ચંચળ યાળ વાગવાથી જરા મીચાઈ ગયેલી અને વાંકી દેખાતી ચક્ષુની કીકી ફેરવીને તેની સામું જોયું; અને ત્યારપછી જમણી ખરી ભૂમિતલ ઉપર વારંવાર ઠોકી ઠોકીને, ખોદાયેલી ધૂળવડે પોતાની છાતી ઉપરની રોમ-રાજિ ધૂસર કરીને, ચંદ્રાપીડને જાણે આરોહણ કરવાને બોલાવતો હોય તેમ ફફડતાં નસકોરાંના ઘર્ઘર ધ્વનિથી મિશ્ર, મધુર, અને નરમ હુંકારસહિત અતિ મનોહર હેષારવ કર્યો. એટલે જાણે આ મધુર સ્વરથી આજ્ઞા મળી હોય તેમ ચંદ્રાપીડ ઇન્દ્રાયુધ ઉપર અસ્વાર થયો. આરોહણ કરીને આખા ત્રૈલોક્યને જાણે પ્રાદેશમાત્ર[2] હોય એમ ગણતો ગણતો રાજપુત્ર બ્હાર આવ્યો કે ત્યાં તેણે પ્રલયકાલના મેઘમાંથી પડતા પથ્થરના વર્ષાદ જેવા કઠિન, અને રસાતલને જાણે જર્જરિત કરતા હોય એવા અતિ નિષ્ઠુર ખરિયોના શબ્દથી તથા ખરીમાંથી ઉડતી રજવડે રૂંધાયેલા નાસિકાના ઘોર ઘોષ સહિત હેષારવથી પૃથ્વીની સર્વ ગુફાઓને (પણ) બધિર કરતું એક અશ્વ-સૈન્ય જોયું, જેનો પર્યન્ત-ભાગ તો દષ્ટિયે પડતો પણ ન હતો. સૂર્યકિરણના સ્પર્શથી ઝબકારા મારતી વિમલ ધારાવાળા, ઉંચા કરેલા ભાલાઓ રૂપી લતાના વનવડે તે, ઉંચા દંડવાળાં નીલ કમલની કળિયોના સમૂહથી ગહન થયેલા સરોવરની સમાન ગગનતલને શોભાવતું હતું. ઉંચા દંડવાળાં, મયૂર-પિચ્છનાં બનાવેલાં તેમનાં હજારો છત્રથી આઠે દિશાઓનાં મુખ ઘેરાઇ ગયાં હતાં તેથી તે સૈન્ય, ઝબકતા ઇંદ્રધનુષ્-કલાપને લીધે વિચિત્ર દેખાતા મેઘવૃન્દ જેવું લાગતું હતું. અને ફીણના ઢગ બ્હાર નીકળવાથી (ઘોડાનાં) મુખ ધવલ થયેલાં હતાં, તથા પળે પળે તેઓ

અનુસંધાન ઉત્તર-ભાગમાં છે. ૧. વાંક. ૨. પ્રાદેશ=અંગુઠો અને પેહેલી આંગળી વચ્ચેની જગા. તે જેટલી થોડી હોયછે તેટલું આખું ત્રિભુવન તેને લાગ્યું—કારણ કે અશ્વની ગતિ એટલી હતી કે જાણે એક પળમાં તેટલું કૂદી જાય.

થેકડા મારતા હતા તેથી તે પ્રલયકાલના સમુદ્ર-જલનો તરંગ-સમૂહ હોય એવું ભાસતું હતું. ચંદ્રોદય જેવા ચંદ્રાપીડને જોતાંજ, સાગર-જલ જેવું તે આખું અશ્વ-સૈન્ય ખળભળી ગયું.[1] પછી, પ્રણામ કરવાની હોંસાતુશીમાં છત્ર એકદમ ખસી જવાથી જેમનાં શિર ઉઘાડાં થઈ ગયાં હતાં, તથા પરસ્પર દબાવાથી કોપેલા અશ્વોને વારવાને જેઓ યત્ન કરતા હતા તે રાજપુત્રો એની આસપાસ ભરાઇ ગયા. અને બલાહક જેમ એકએકનું નામ દઈને ઓળખાવતો ગયો તેમ તેઓ, ખસી ગયેલા મુકુટોમાંથી પ્રસરતા પદ્મરાગ-મણિના કિરણોના આકારમાં[2] અનુરાગને જાણે બ્હાર દર્શાવતાં હોય એવાં, તથા સેવાઞ્જલિ રચવાથી, યૌવરાજ્યાભિષેકના કલશમાંથી જલસાથે પડતાં કમલ જાણે તેમને ચ્હોટયાં હોય એવાં, પોતાનાં મસ્તક દૂર નમાવીને તેને પ્રણામ કરતા ગયા.

તે સર્વને માન આપ્યા પછી ચંદ્રાપીડ, પોતાની પછવાડે યોગ્ય અશ્વ ઉપર બેઠેલા વૈશમ્પાયન સહિત નગર તરફ સિધાવ્યો. એના ઉપર, રાજ્યલક્ષ્મીને રહેવાના પુંડરીક જેવું,[3] સર્વ ક્ષત્રિયકુલરૂપી કુમુદ-સમૂહના ચંદ્ર-મંડલ જેવું, અશ્વ-સેનારૂપી નદીના પુલિન જેવું, ક્ષીરસમુદ્રના ફીણથી ધવલ થયેલી વાસુકિ નાગની સુંદર ફેણ જેવું, મ્હોટાં મ્હોટાં મોતીના છડાથી ઢંકાઈ ગયેલું, ઉપર ચિન્હરૂપે બેસારેલા કેસરીને ધારણ કરતું, કનકદંડવાળું જે મ્હોટું છત્ર ધરેલું હતું તેવડે એને છાયા થઈ હતી. બંને બાજુએ ઢોળાતાં ચામરના પવનથી એનાં કર્ણ-પલ્લવ ફરફરતાં હતાં; અને પરિજન-મંડલમાં આગળ દોડતા અનેક સહસ્ર તરુણ વીર પુરુષો—જય થાઓ ! ચિરંજીવ રહો ! એવા મધુર શબ્દોથી, તથા બંદીજનો વારંવાર મંગલ વચનથી, મ્હોટે સાદે એની સ્તુતિ કરતા હતા.

પછી, અંગધારણ કરીને આવેલા અનંગ[4] જેવા ચંદ્રાપીડને નગરમાર્ગમાં આવી પહોચ્યો જોઈને સર્વે લોક કામકાજ ત્યજી દઈ, ચંદ્રોદય સમયે વિકાસ પામતાં કુમુદ-વન જેવા બની ગયા; અને—હવે તો આની સાથે સરખાવતાં, મુખ-સમૂહને લીધે વિકટ લાગતી આકૃતિવાળો

૧. જુઓ પૃષ્ઠ ૯૪ નોટ ૨. ૨. અપન્હવાલંકાર. ૩. લક્ષ્મી શ્વેત કમલમાં વસેછે એવું કહેવાયછે ને તેથી તેનું નામ પણ "પદ્માસના"પડેલું છે. ૪. મહાદેવે કામને બાળી નાંખ્યો (જુઓ પૃ. ૭૧ નો.૧) ત્યારથી તેનું અંગ જતું રહ્યું માટે તે અનંગ—અંગવિનાનો—કહેવાયછે. ચંદ્રાપીડ સાથે સરખાવતાં કામને અંગ જોઈયે માટે કહ્યુંછે કે "અંગ ધારણ વિ૰."

કાર્તિકેય (પણ) કુમાર શબ્દને લજવેછે;[1] અહો! આપણે તે કેવાં પુણ્ય કર્યાં હશે કે આની આવી દેવતાઈ આકૃતિને, અંતઃકરણમાં ઉભરાતો પ્રીતિ રસ ભરાવાથી વિસ્તાર પામતાં અને કુતૂહલથી પ્રફુલ્લ થતાં ચક્ષુવડે નિરાંતે જોઈએ છિયે!! ખરેખર આજજ આપણો જન્મ સફલ થયો! સર્વથા નમસ્કાર છે તને, ચંદ્રાપીડના આકારમાં રૂપાન્તર ધારણ કરીને આવેલા શ્રીભગવાન્ નારાયણને!—એમ બોલતા બોલતા નગરના સર્વ લોક પ્રણામાઞ્જલિ રચીને તેને નમવા લાગ્યા. સર્વ સ્થલે દ્વાર ઉઘાડી ઉઘાડીને હજારો બારિયો પ્રકટ કરવામાં આવી હતી તેથી તે નગરે પણ જાણે ચંદ્રાપીડનું દર્શન કરવાના કુતૂહલને લીધે પોતાનાં સર્વ લોચન ઉઘાડી દીધાં હોય એમ લાગતું! પછી તો,—સકલ વિદ્યા સમાપ્ત કરીને ચંદ્રાપીડ વિદ્યાગૃહમાંથી હમણાં અહિં આવેછે—એ વાત સાંભળતાંજ તેને જોવાને ઉત્કંઠિત થયેલી નગરની સઘળી પ્રમદાઓ શણગાર સજતી સજતી, અરધાં પરધાં આભૂષણ પેહેરી, એમ ને એમજ ઉતાવળમાં ઉઠી, મહેલના શિખર-ભાગ ઉપર ચઢી ગઈ. તેમાં કેટલીકના ડાબા હાથમાં દર્પણ રહી ગયાં હતાં તેથી, પ્રકાશતા પૂર્ણ ચંદ્રમંડલસહિત પૂર્ણિમાની રજનિયો હોય એવી તેઓ શોભતી હતી! કેટલીકના ચરણ, લીલા અલક્તક-રસથી લાલ રંગેલા હતા[2] તેને લીધે તેઓ બાલાતપ પીધેલાં કમલ વાળી નલિનીઓ જેવી લાગતી હતી! કોઈક કોઈકના ચરણ-પલ્લવ, ગભરાટમાં ચાલવાથી ઉતરી ગયેલી મેખલાને લીધે રુંધાયા હતા તેથી, શૃંખલા-બંધનને લીધે મંદ મંદ ગમન કરતી જાણે હાથણીઓ હોય એવી તેઓ દીસતી હતી! કોઈકે જલધર-સમયની દિવસ-શ્રીની પેઠે, ઇન્દ્ર-ધનુષ્ના [જેવા] રુચિર રંગવાળાં અંબર ધારણ કર્યાં હતાં![3] કેટલીકના ચરણમાંથી નખનાં શ્વેત કિરણ-પલ્લવ નીકળતાં હતાં તે, નૂપુર-સ્વરથી આકૃષ્ટ થયેલાં, ગૃહનાં કલહંસ પક્ષિ જેવાં લાગતાં હતાં! કેટલીકના હાથમાં

---

૧. કાર્તિકેયને છ મુખ હતાં માટે તેને 'ષડાનન' કહેતા, અને વળી 'કુમાર' કહેતા. પણ તે છ મ્હોંવાળા કુમાર કરતાં આ એક મુખવાળો કુમાર વધારે રૂપવાન્ લાગે માટે કાર્તિકેય 'કુમાર' શબ્દને લજવે છે એમ કહ્યું. ૨. જુઓ કુમાર૦ સ. ૭. શ્લો. ૫૮—

प्रसाधिकालम्बितमग्रपादमाक्षिप्य काचित् द्रवरागमेव ॥
उत्सृष्टलीलागति रागवाक्षादलक्तकाङ्कां पदवीं ततान ॥

૩. અંબર—જુઓ પૃ. ૧ નો. ૮.

સ્થૂલ હાર રહી ગયા હતા તેથી તે, મદનના નાશથી શોકાતુર થઈ, સ્ફટિક-મણિનું અક્ષ-વલય લઈને ઉભેલી રતિના જેવી શોભતી હતી! કેટલીક લલનાઓનાં પયોધર વચ્ચે મોતીની માળા લટકતી હતી તેથી તેઓ, સાંકડા અને વિમલ જલ-પ્રવાહથી જુદાં પડેલાં ચક્રવાક-મિથુન વાળી જાણે પ્રદોષ-શ્રિયો હોય એવી દીસતી હતી ![1] કોઈક કોઈકના નૂપુર-મણિમાંથી ઈન્દ્રધનુષ નીકળતાં હતાં તેથી, હળી ગયેલી ગૃહ-મયૂરિયોને જાણે પછવાડે લાવી હોય એવી તેઓ શોભતી હતી! અને કોઈક તો (મદિરાના) મણિ-મય પ્યાલા પીતાં પીતાં મુકી દીધા હતા તેથી તેઓ લાલચોળ પોતાના અધર-પલ્લવમાંથી જાણે મધુ-રસનાં ટીપાં પાડતી હોય એવી દેખાતી હતી! બીજી કેટલીક સ્ત્રિયો મરકતમણિની બારિયોમાંથી મુખ-મંડલ બ્હાર કાઢી કાઢીને, આકાશમાં ફરતી, વિકસિત કમલ-કલિકા સહિત કમલિનીને જાણે દેખાડતી હોય તેમ તેના સામું જોવા લાગી.

તેજ સમયે, વેગમાં ચાલવાથી ઉત્પન્ન થયેલો, મધુર મધુર વાગતી વીણાના ઘોષ જેવો, મેખલાના શબ્દથી આકર્ષાયલા ગૃહ-સારસના સ્વર સાથે મળેલો, નીસરણીનાં પગથિયાં ઉપર ચરણ સ્ખલિત થવાથી ઉત્પન્ન થતા ગંભીર ધ્વનિવડે હરખાયેલા અંતઃપુર-મયૂરોના ટૂહૂશબ્દની આગળ સંભળાતો, નવા મેઘની ગર્જનાથી બ્હીને ચમકી ઉડતા કલહંસના કોલાહલ જેવો કોમલ, કામદેવના વિજય-ઘોષને અનુરૂપ,[2] શ્રોત્રહારી,[3] તથા પ્રતિશબ્દ વડે ગંભીર થયેલો, પરસ્પર અથડાવાથી અતિ તીક્ષ્ણ રણરણાટ કરતા હાર-મણિવાળી રમણિયોનો[4] ભૂષણ-રવ હવેલિયોની અંદર સહસા ગાજી રહ્યો.

પછી એક ક્ષણમાંજ, સ્ત્રિયોની ભીંડને લીધે મહેલ જાણે નારી-મયજ હોય એમ દેખાવા લાગ્યા; અલક્તક ચોપડેલાં ચરણ-કમલ મુકવાથી ભૂતલ બધું પલ્લવમયજ જાણે થઈ ગયું; અંગનાઓની અંગ-પ્રભાના પ્રવાહથી આખું નગર જાણે લાવણ્યમય હોય એમ દેખાયું; મુખ-મંડલના સમૂહથી ગગનતલ જાણે ચંદ્રબિમ્બમય થઈ ગયું; તાપ નિવારણ કરવા

---

૧. સ્ત્રિયોનાં બે સ્તન તે જાણે ચક્રવાક પક્ષિયોનું દ્વંદ્વ! વચ્ચે આવેલો શ્વેત હાર તે જાણે સાંકડો પાણીનો પ્રવાહ! અને ચક્રવાક છૂટાં પડેલાં બતાવ્યાંછે માટે સ્ત્રિયોને સંધ્યાકાળની લક્ષ્મી સાથે સરખાવી છે, કારણ કે તે પક્ષિયોનો વિયોગ સાંજેજ થાયછે. સ્તનને ચક્રવાક સાથે પેહેલાં પણ સરખાવ્યાંછે. જુઓ. પૃ. ૯૨ લી. ૨૫. ૨. સકલ જગત્માં વિજય પ્રસિદ્ધ કરનાર ઘોષને અનુરૂપ–સમાન. ૩. કાનને ગમતો. ૪. સ્ત્રિયોનો.

સારૂ ઉંચા કરી આડે ધરેલા ઘણા હાથને લીધે દિશાઓ સઘળી જાણે કમલ-વનમય હોય એમ દીસવા લાગી; આભૂષણના કિરણ-કલાપથી, સૂર્ય-પ્રકાશ જાણે ઈન્દ્રધનુષ્મય થઈ ગયો; અને નેત્રમાંથી પ્રસરતી કિરણ-લેખાઓ વડે દિવસ જાણે નીલ-કમલ-પત્રમય હોય એવો ભાસવા લાગ્યો!! કૌતુકથી ચક્ષુ પ્રસારીને નિશ્ચલ દૃષ્ટિયે તે સર્વ યુવતીઓ જોતી હતી તેવામાં, તેમનાં હૃદય જાણે દર્પણમય હોય, સલિલમય હોય, અથવા સ્ફટિકમય હોય તેમ તેઓમાં ચંદ્રાપીડની આકૃતિયે પ્રવેશ કીધો.

પછી તો મદન-રસ પ્રકટ થવાથી તે ક્ષણે તેઓ અન્યોન્ય પરિહાસ-યુક્ત, વિશ્વાસયુક્ત, સંભ્રમયુક્ત, ઈર્ષ્યાયુક્ત, હાસ્યયુક્ત, અસૂયાયુક્ત,[1] વિલાસ-યુક્ત, કામયુક્ત, અને સ્પૃહાયુક્ત, આલાપ ચલાવવા લાગી. જેમ કે:— અલિ દોડનારી ! મ્હારો સંઘાત કરતી ના. અરે જોવા સારૂ ઘેલી થયેલી! લે આ ત્હારૂં ઉત્તરીય વસ્ત્ર. અરે ચપલા ! આ ત્હારા મ્હોં ઉપર આવતી લટોને ઉંચી કર. ઓ મૂઢ જોની ! આ ત્હારી ચંદ્રલેખા તો લેતી જા ! અલિ કામાન્ધ ! જોજે ઉપહાર-કુસુમ[2] ઉપર ઠોકર ખાઈને તું કહીં પડી જશે ! અરે મદમાતી ! ત્હારા ચોટલાનો અંબોડો તો વાળ ! અલિ ચંદ્રા-પીડનું દર્શન કરવાને તલપી રહેલી ! ત્હારી મેખલા તો ઉંચી ચઢાવ ! પાપિણિ ! આઘાં ખસેડ ત્હારા ગાલ ઉપર હાલતાં કર્ણ-પલ્લવ. ઓ અલિ ભાન વિનાની ! લે આ ત્હારૂં પડી ગયેલું દન્તપત્ર.[3] યૌવનથી છકી ગયેલી ! ઢાંકીદે ત્હારાં પયોધર; જો લોક ત્હારા સામું જુવેછે. લાજવિનાની ! છૂટી ગયેલા ત્હારા વસ્ત્રને તો ઠીક પેહેર ! અલિ ખોટી મુગ્ધતા ધારણ કરતી ! ચાલને ઉતાવળી ! ઓ જોવાની રસિયણ ! મને તો જોવાદે ! અરે અસંતોષી ! તું તે ક્યાં સુધી જો જો કરશે ? અલિ તરલ હૃદયની ! જરા ત્હારા પરિજનની તો અપેક્ષા રાખ ! ઓ પિશા-ચિણિ ! ત્હારૂં ઉત્તરીય ખસી ગયું છે તેથી જો આ લોક તને હસેછે[4] !

---

૧. 'અસૂયા' ને 'ઈર્ષ્યા' માં ફેર એટલો કે પહેલામાં પરગુણને દોષ ગણવા અથવા ઠરાવવા; ને બીજામાં પરગુણ દેખીને માત્ર બળવુંજ. ૨. પૂજા અથવા બલિદાન સારૂ આણેલાં પુષ્પ ૩. દન્તપત્ર=દાંતા-વાળું કર્ણાભૂષણ. ૪. જુઓ વિક્રમચરિત પૃ. ૧૦૬, શ્લો. ૨૩.

प्रयासि हारत्रुटिमप्युपेक्ष्य भ्रष्टोत्तरीयाऽपि न तिष्ठसि त्वम् ॥
ध्रुवं प्रधावस्यवधीरणेन परिच्युतस्याधरवाससोऽपि ॥

અલિ પ્રેમાન્ધ! આ ત્હારી સખિયોને પણ તું નથી ગણતી કે? અલિ ભંગિ-વિકારની[1] ભરેલી! મિથ્યા તું ત્હારા હૃદયને પરિતાપ આપીને જીવેછે. ઓ વિનયનો ઢોંગ કરનારી! શું કરવા તું છાનાં છાનાં કટાક્ષ નાંખેછે? જોની નિરાંતે! અલિ યુવતિ[2]! શા માટે તું ત્હારા સ્તન-ભારથી મને દબાવેછે? અલિ ક્રોધિષ્ઠ! લે તું આગળ જા. ઓ મત્સરિણિ![3] તું એકલીજ બધી બારી રોકી બેસશે કે? અરે મદન-વશ થયેલી! આ તો તું મ્હારૂં ઉત્તરીય વસ્ત્ર તાણી જાયછે, ત્હારૂં ન હોય. અલિ પ્રેમ-મદમત્ત! જરા ડાહી તો થા! અલિ અધીરી! ગુરુજન-સમક્ષ દોડેછે શું! ઓ ઉતાવળી! કેમ આટલી આકુલ વ્યાકુલ બની ગઇછે? અરે મુગ્ધા! સંતાડ આ ત્હારા મદન-જ્વરથી થયેલા રોમાઞ્ચને. ઓ દુરાચરણી! કેમ આમ ગાભરી બની ગઇછે? બહુ વિકારી! વિવિધ રીતે અંગ વાળીને વૃથા તું ત્હારા મધ્યભાગને પીડા આપી ખેદ પામેછે. અલિ વિચાર વિનાની! તને ત્હારા ઘરમાંથી નીકળ્યાની એ ખબર નથી કે? અલિ ઉત્કંઠિત થયેલી! તું તો શ્વાસ લેવાનું એ ભુલી ગઇછે તો! અરે સંકલ્પિત સુરત-સમાગમના સુખથી નયન મીચનારી! ઉઘાડ ત્હારાં લોચન, જો એ તો હવે જાયછે! અલિ કામબાણના પ્રહારથી મૂર્છિત થયેલી! સૂર્ય-કિરણનું નિવારણ કરવાને નાંખ ત્હારા માથા ઉપર આ ત્હારા વસ્ત્રનો પાલવ. અરે સતીવ્રતરૂપી ગ્રહથી પીડાતી! દ્રષ્ટવ્ય ન જોવાથી તું ત્હારાં ચક્ષુને ઠગેછે. અલિ ભાગ્યહીણી! પરપુરુષનું મુખ ન જોવાનું વ્રત ગ્રહણ કરીને તેં આ સુખ ખોયુંછે. સખિ! કૃપા કરીને ઉઠ, અને જો આ રતિ-વિરહિત—મકર-ધ્વજ વિનાના—સાક્ષાત્ મકર-ધ્વજ જેવા કુમારને![4] જો આ એના, ભ્રમર-કુલથી શ્યામ દેખાતા મસ્તકઉપર, શ્વેત છત્રની નીચે તિમિર જાણીને પડેલા ચંદ્ર-કિરણના કલાપ જેવો, માલતી કુસુમનો શેખર દેખાયછે!! આ એના ગાલઉપર કર્ણભૂષણના મરકતમણિની જરા શ્યામ પ્રભા પડેછે તેથી, વિકસિત શિરીષ પુષ્પનું જાણે એણે કર્ણપૂર પેહેર્યું હોય એમ લાગેછે! એના હારની અંદર જડેલા રક્ત મણિના કિરણના આકારમાં, જાણે નવ-યૌવન-રાગ હૃદયમાં પેસવાની ઇચ્છાથી

---

૧. ભંગિ=વક્રોક્તિ, મરોડમાં બોલવું તે. ૨. ભર જુવાનીમાં આવેલી સ્ત્રી. ૩. મછરાયલી. ૪. પેહેલા 'મકરધ્વજ' નો અર્થ—મકરના ચિન્હવાળો ધ્વજ—તે ચંદ્રાપીડપાસે નહિ માટે કામદેવસાથે સરખાવતાં 'તે વિનાના' કહ્યું. બીજા 'મકર-ધ્વજ'નો અર્થ 'કામદેવ'—મકરના ધ્વજવાળો.

બ્હાર ફરતો હોય એમ જણાયછે![1] જો જો! આ એણે ચામર-કલાપની વચ્ચે થઇને આપણી સામુંજ જોયું! અલિ જો તો ખરી, વૈશમ્પાયન સાથે કંઇ વાતચીત કરતો કરતો દંત-કિરણની લેખાઓથી દિશાઓને શ્વેત કરી દઇને એ હસેછે! વળી પેલો બલાહક, અશ્વની ખરિયોમાંથી ઉડી ઉડીને એના અગ્ર-કેશમાં ચ્હોટેલી ધૂળને, પોપટની પાંખ જેવા લીલા પોતાના ઉત્તરીય વસ્ત્રના છેડાથી લોહી નાંખેછે. આ એણે પોતાનો, લક્ષ્મીના કર-કમલ જેવા કોમલ તલવાળો ચરણ ઉંચો કરી, અશ્વના સ્કંધ ઉપર આડો નાંખ્યો. 'શૈવલનો[2] ગ્રાસ લેવાની ઇચ્છાથી હાથી જેમ ઇષદ્રક્ત પુષ્કર-કોશથી શોભતો કર પ્રસારે તેમ, આ એણે પોતાનો દીર્ઘ અંગુલિવાળો અને રતાશ મારતા પુષ્કર-કોશ જેવો શોભતો ચતો કર, તામ્બૂલ લેવા સારૂ લીલાસહિત પ્રસાર્યો![3] ધન્ય છે તે વસુંધરાની સપત્નીને જે લક્ષ્મી-ની સમાન, કમલથી પણ અધિક કોમલ એના કરનું ગ્રહણ કરશે![4] વળી ધન્ય છે વિલાસવતી દેવીને કે સકલ મહી-મંડલના ભારને ધારણ કરી શકે એવા, દિગ્ગજ જેવા આ કુમારને દિશાની પેઠ એણે પોતાના ગર્ભમાં રાખ્યો!!

આવાં અને એવાંજ બીજાં વચન બોલતી તે યુવતીઓ, ચંદ્રાપીડ રાજગૃહની સમીપ આવી પહોચ્યો ત્યાં સુધી લોચનવડે જાણે એનું પાન કરવા લાગી; ભૂષણ-રવથી જાણે એને બોલાવવા લાગી; હૃદયવડે જાણે એને અનુગમન કરવા લાગી; આભૂષણ-રત્નના કિરણરૂપી રજ્જુ-ઓથી જાણે એને બાંધવા લાગી; નવ-યૌવન રૂપી બલિદાનથી જાણે એનું પૂજન કરવા લાગી; અને વિવાહાગ્નિને જેમ કુસુમ-મિશ્ર લાજાઞ્જલિથી[5] તેમ શિથિલ ભુજ-લતામાંથી પડી ગયેલા શ્વેત વલય-સમૂહ વડે પગલે પગલે એને વધાવવા લાગી. પછી ધીરે ધીરે રાજપુત્ર રાજદ્વાર પાસે આવી પહોચ્યો. ત્યાં અહર્નિશ ગંડસ્થલમાંથી ગળતા મદવડે[6] શ્યામ

---

૧. અપન્હવોત્પ્રેક્ષા. છાતીઉપર લાલ લાલ કિરણો પડેલા માટે જાણે નવયૌવનનો રાગ-રંગ (અને પ્રેમ) તેનામાં પ્રવેશ કરવાની ઇચ્છાથી બ્હાર ફરતો હોય એવી ઉત્પ્રેક્ષા કરી. ૨. જુઓ પૃ. ૩૦ નો. ૫. ૩. પેહેલા 'પુષ્કર-કોશ' નો અર્થ શુંડાગ્ર; કર=શુંડ. બીજાનો અર્થ પુષ્કર-કમલ-ની કોશ-કળિ, જેવો. કર=હાથ. ૪. વસુંધરા-પૃથ્વી-રાજપુત્રની વહૂ ગણી ને બીજી જે ખરેખરી વહૂ આવનારી તે એની સપત્ની-શોક. ૫. લાજાઞ્જલિ=લાજ-જવ કે ડાંગેરની ધાણી-તેની અંજલિ.

પંક કરતી, અંજન-ગિરિની શિલા[1] જેવી મલિન, યામ-ગજ-ઘટાઓને લીધે[2] દિશાઓનાં મુખ ઉપર અંધકાર વ્યાપી રહ્યો હતો તેથી વર્ષાઋતુના દિવસ જેવો દેખાવ લાગતો હતો. ઉંચાં ધરેલાં હજારો શ્વેત છત્રથી તે ભરાઈ ગયું હતું, અને દેશ દેશથી આવેલા સેંકડો દૂત ત્યાં ઉભેલા હતા. ત્યાં આવીને અશ્વ ઉપરથી પોતે ઉતરી પડ્યો.

ઉતરીને વૈશમ્પાયનનો હાથ ઝાલી, સવિનય આગળ ચાલતા બલાહકે બતાવેલ માર્ગે, ભેગા કરેલા ત્રિભુવન જેવા (વિશાલ) રાજ-ગૃહમાં તેણે પ્રવેશ કીધો. તેની દ્વાર-ભૂમિ પાસે, સોનાની છડીવાળા, શ્વેત કવચવાળા, શ્વેત અંગલેપવાળા, શ્વેત કુસુમ-શેખરવાળા, શ્વેત ફેંટાવાળા,—(ટુંકામાં) શ્વેત વેષને લીધે શ્વેત-દ્વીપમાંજ[3] જાણે ઉત્પન્ન થયેલા (હોય એવા જણાતા), કૃતયુગના પુરુષ જેવા મ્હોટાં શરીરવાળા, અને ચિત્રેલા કે કોતરેલા હોય એમ અહર્નિશ તોરણ-સ્તંભ સમીપજ બેસી રહેતા દ્વાર-પાલો ભરાયેલા હતા. તેની અંદર આવી રહેલા મ્હોટા મ્હોટા મહેલ,—જેમના શિખરભાગ ચોક, ચંદ્રશાલિકા, વિટંક[4] અને વેદિકાઓથી નિરંતર ભરેલા હતા, આકાશ સુધી જે પહોચતા હતા, શોભામાં તો કૈલાસ પર્વતને પણ જે હઠાવતા હતા, અને નિર્મલ ચુનાથી જે ધોળેલા હતા,—તે વડે તે ગૃહ જાણે હિમગિરિયુક્ત હોય એવું ભાસતું હતું. તેની અનેક બારિયોમાંથી યુવતિયોનાં ભૂષણના હજારો કિરણ નીકળતા હતા તેથી, ઉપર જાણે સુવર્ણમય શૃંખલાઓ પાથરી દીધી હોય એવું તે શો-ભતું હતું.[5] તેની અંદર, શસ્ત્રના ભંડારવાળી, સર્પ-કુલથી ભરેલી પાતા-લની ગુફાઓ જેવી અતિગંભીર આયુધ-શાલાઓ રચેલી હતી. અબલાઓના ચરણ ઉપરના અલક્તક-રસ જેવા રાતા રાતા જેમાં મણિના કડકા દેખાતા હતા, અને જેના શિખરોમાં ભરાઈ પેઠેલા મયૂરો કેકા-રવથી કલકલ કરી મુકતા હતા એવા ક્રીડા-પર્વતો ત્યાં શોભી રહ્યા હતા. તેના દ્વારદેશ પાસે ઉભેલી યામ-કરિણીઓનાં કનક-પર્યાણ[6]

---

૧. જુઓ પૃષ્ઠ ૩૬ નો. ૨. ૨. યામ વિ૦=યામ–પ્રહર–સૂચક, પ્રહરે પ્રહરે બદલાતી, ગજ-ઘટા. ૩. પૂર્વે જણાયેલી પૃથ્વીના અરાઢ નાના નાના દ્વીપમાંનો એક, જેને ચંદ્રદ્વીપ પણ કહેછે. કોઈનો મત એવો છે કે એ વૈકુંઠનું નામ છે. ૪. ચંદ્રશાલિકા=ઉપરનો ઓરડો. વિટંક=કબુતર-ખાનું; પક્ષીશાલા. ૫. બારિયોમાંથી અંતરીક્ષમાં આભૂષણના કિરણ પડતા તે જાણે સોનાની સાંકળો જેવા લાગતા. ૬. પર્યાણ=પલાણ, જીન.

ઉપર ઉજ્જવલ વર્ણના કંબલ નાંખેલા હતા; લટકતાં ચામર તેમના ચંચલ કર્ણ-પલ્લવને ચુંબન કરતાં હતાં; અને કુલિન સ્ત્રિયોની સમાન તેઓ શિક્ષા ગ્રહણ કરીને વિનયથી શાન્ત રહેલી હતી. તેના એક ભાગમાં ગંધમાદન નામે એક ગંધ-ગજ[1] બંધન-સ્તંભ પાસે બેઠેલો હતો તે, નવા મેઘની ગર્જના જેવો ગંભીર, પછવાડે સંભળાતા વીણા-વેણુના સ્વરથી રમ્ય, તથા ઘુઘરિયોના શબ્દથી ઘર્ઘર લાગતો, સંગીત અને મૃદંગનો અહર્નિશ ચાલતો ધ્વનિ, લોચન જરા જરા મીચીને તથા શુંડને વામ દંતના છેડાઉપર મુકીને, કર્ણ-તાલ નિશ્ચલ રાખી, લીલાસહિત સાંભળ્યાં કરતો હતો; તેની બન્ને બાજુએ વિવિધ વર્ણનો કંબલ લટકતો હતો તેથી તે, ધાતુઓ વડે વિચિત્ર દેખાતી પાંખોવાળા વિન્ધ્યાચલ જેવો લાગતો હતો; મહાવતના ગીતથી આનંદ પામીને (વખતે) તે ગંભીર ગર્જના કરતો હતો; મદ-જલથી રંગાયેલા શંખવડે તેના શ્રવણ શોભતા હતા તેથી, ચંદ્રબિમ્બને સ્પર્શ કરતા સંવર્તક મેઘ જેવો તે દેખાતો હતો;[2] કર્ણ પાસે લટકતા કાઞ્ચનમય અંકુશને લીધે, મુખઉપર તેણે જાણે કર્ણપૂર પેહેર્યું હોય એવું લાગતું હતું; મદ-જલથી મલિન થયેલા તેના ગંડસ્થલ પાસે ભ્રમરોનું ટોળું ફરતું હતું તે જાણે બીજું કર્ણ-ચામર હોય એવું શોભતું હતું; તેની પૂર્વ કાયા ઘણી ઉંચી હતી અને જઘન-ભાગ ઘણોજ નાનો હતો તેથી, જાણે, તે પાતાલમાંથી નીકળતો હોય એમ લાગતું; નિશા-સમયની સમાન તેને અર્ધ-ચંદ્ર સહિત નક્ષત્ર-માલાનું આભૂષણ હતું;[3] શરદ્ ઋતુના આરંભની પેઠે તેણે રાતું અને સુંદર પુષ્કર પ્રકટ કરેલું હતું;[4] વામન અવતાર જેવો તે ત્રિપદી-વિલાસ કરતો હતો;[5] સ્ફટિક મણિમય ગિરિ-તટ હોય તેમ તેનામાં સિંહ-મુખની પ્રતિમા દેખાતી હતી;[6] અને જાણે અલંકૃત હોય તેમ ચંચલ કર્ણ-પલ્લવ તેના મુખઉપર

---

૧. જેના ગંધથીજ બીજા હાથી નાસી જાય તે 'ગંધ-ગજ.'

यस्य गंधं समाघ्राय न तिष्ठन्ति प्रतिद्विपाः ।
तं गंधहस्तिनं प्राहुर्नृपतेर्विजयावहम् ॥

૨. સંવર્તક મેઘ=પ્રલય કરનાર મેઘ. ૩. નક્ષત્ર-માલા—જુઓ પૃ. ૧૧, નો. ૬; નક્ષત્ર—ગ્રહો—ની માલા. ૪. પુષ્કર—જુઓ પૃષ્ઠ ૧૧૩ નોટ ૩. ૫. હાથી, ત્રિપદી—બાંધેલી સાંકળ—સાથે રમતો હતો; વામન રૂપ વિષ્ણુએ ત્રિપદ—ત્રણ પગલાં—થી ત્રિભુવન માપ્યાં હતાં. ૬. સ્ફટિકમણિના પર્વતમાં સિંહ-મુખની પ્રતિમા—પ્રતિબિમ્બ—દેખાય; હાથીને સિંહ-મુખના આકારની પ્રતિમા—દંતાભૂષણ.

અથડાતાં હતાં.[1] વળી તે રાજગૃહની અશ્વશાલાઓમાં કેટલાક રાજપ્રિય સુશોભિત અશ્વ હતા તેઓની પીઠ ઉજ્જ્વલ કંબલથી ઢાંકેલી હતી; તેમના કંઠમાં બાંધેલી મધુર ઘંટિકાઓ વાગી વાગીને શબ્દ કરી મુકતી હતી; તેમના સ્કંધ ઉપરની યાળના વાળ મજીઠથી રંગેલા હતા તેથી, વનગજના રુધિરથી રક્ત થયેલી યાળવાળા જાણે સિંહ હોય એવા તેઓ લાગતા હતા; તેમની પાસે નાંખેલી ઘાસની ગંજીઓ ઉપર અશ્વશાલાના રક્ષકો બેઠા હતા; પાસેથી આવતા મંગલ-ગીતના ધ્વનિને તેઓ કર્ણ દઈ સાંભળતા હતા; અને આખા ભાગા કરેલા લાજના[2] મધુર તથા સરસ કોળિયા તેમનાં મુખમાં ભરેલા હતા. ન્યાયસભામાં આર્ય વેષ ધરીને અતિ ઉચ્ચ વેત્રાસન[3] ઉપર બેઠેલા, અને જાણે ધર્મમયજ હોય એવા ધર્માધિકારી મહાપુરુષો તે રાજકુલમાં દેખાતા હતા. સર્વ ગામ અને નગરનાં નામ પાડે હોવાથી, આખા જગત્‌ને જાણે એકજ ગૃહ હોય એમ જોતા, અને સકલ ભુવનના વ્યાપાર લખવાથી જાણે ધર્મરાજના નગરનો દેખાવ આપતા અધિકરણ-લેખકો[4] ત્યાં હજારો શાસન લખ્યાં કરતા હતા. વળી ત્યાં સભામાં ગયેલા નરપતિને બ્હાર આવવાની રાહ જોતા, અંધ્ર, દ્રવિડ અને સિંહલ[5] સેવકજનો સ્થાને સ્થાને ટોળાંમાં ઉભા હતા તેઓ, સોનાના અર્ધ ચંદ્ર અને સેંકડો તારાગણથી વિચિત્ર દેખાતી ચર્મની ઢાલો વડે જાણે નિશા-સમય દેખાડતા હતા; ઝબકતી ધારવાળા તરવારોમાંથી પ્રસરતા કિરણવડે તડકાને (પણ) વિકરાલરૂપ આપતી હતા; એક કર્ણમાં તેઓએ શ્વેત દંતપત્ર પેહેર્યાં હતાં; માથાના પાઘ ઉંચા બાંધી દીધા હતા; ખભા ઉપર શ્વેત ચંદન-લેપ લગાડ્યો હતો; અને છરા બાંધ્યા હતા. તેમજ ત્યાં સભામંડપમાં યોગ્ય આસનો ઉપર અનેક સહસ્ર ક્ષત્રિય સામન્ત લોક બેઠેલા હતા તેમણે પોતાના મ્હોટા મ્હોટા મુકુટ ઉપર શ્વેત ફેંટા બાંધ્યા હતા તેથી, ઝરાવાળા શિખર ઉપર પડેલા પ્રભાતના સૂર્ય-પ્રકાશ વાળા કુલપર્વતો જેવા તેઓ શોભતા હતા.[6] તેમાં કોઈ ઘૂત-

---

૧. શૃંગાર પેહેરે તેમાં કર્ણ-પલ્લવ રૂપી ભૂષણ આવે; હાથીને કર્ણ પલ્લવ જેવા માટે સાદૃશ્ય. ૨. જુઓ પૃ. ૧૧૩ નો. ૫. ૩. વેત્રાસન=બરૂનું બનાવેલું આસન. ૪. અધિકરણ-લેખકો=ન્યાયસભામાં લખનારા અધિકારી. ૫. અંધ્ર=તૈલંગ લોક (ઘણું કરીને). સિંહલ=સિંહલદ્વીપના—લંકાંના—લોક. ૬. આનો આજ વિચાર રઘુવંશના સર્ગ ૬ ના ૬૦ મા શ્લોકમાં દર્શાવેલોછે:—

पाण्ड्योऽयमंसार्पितलंबहारः। क्लृप्ताङ्गरागो हरिचंदनेन ॥
आभाति बालातपरक्तसानुः। सनिर्झरोद्गार इवाद्रिराजः ॥

ક્રીડામાં મચેલા હતા, કોઈ અષ્ટાપદની[1] રમત રમતા હતા, કોઈ વીણા વગાડતા હતા, કોઈ ચિત્ર-ફલક ઉપર ભૂમિપાલનું ચિત્ર આળેખતા હતા, કોઈ કાવ્યાલાપ ચલાવતા હતા, કોઈ પરિહાસ-કથા કરતા હતા, કોઈ બિન્દુમતી રચતા હતા, કોઈ પ્રહેલિકાનું ચિન્તન કરતા હતા,[2] કોઈ નરપતિયે કરેલાં કાવ્ય-સુભાષિત વિચારતા હતા, કોઈ દ્વિપદી[3] બોલતા હતા, કોઈ કવિ-ગુણ ગ્રહણ કરતા હતા, કોઈ પત્રભંગ કોરતા હતા.[4] કોઈ વિલાસિની સ્ત્રિયો સાથે વાત કરતા હતા, અને કોઈ વૈતાલિકોનાં ગીત સાંભળતા હતા. તે ગૃહના સભા-મંડપના પર્યન્તમાં, રાજસભામાંથી ભૂમિપાલો ઉઠવાથી સંકોચાયલા ગાલીચા અને રત્નાસનના ઢગ પડેલા હતા, જે વિવિધ રંગનાં ઈન્દ્રધનુષના સમૂહ જેવા શોભતા હતા. નિર્મલ મણિભૂમિમાં પડેલાં મુખ-પ્રતિબિમ્બ વડે, વિકસિત કમલ-સમૂહને જાણે ઉત્પન્ન કરતી,—ચાલતાં ચાલતાં ઝમકતાં નૂપુર, વલય તથા રસનાનો શબ્દ કરતી,—અને સ્કંધ ઉપર કનક-દંડવાળાં ચામર મુકીને વારંવાર જતી આવતી વારાંગનાઓથી તે રાજકુલ ભરાઈ ગયું હતું. તેના એક ભાગમાં વળી સુવર્ણની શૃંખલાથી બાંધેલા શ્વાન બેઠા હતા. હળી ગયેલા હજારો કસ્તૂરી-મૃગ આમ તેમ ત્યાં ફરતા હતા, તેમના પરિમલ વડે સર્વ દિશાઓ સુગન્ધમય થઈ હતી. વળી ત્યાં અનેક કુબ્જ, કિરાત, નપુંસક, બધિર, વામન, અને મૂક જન જોવામાં આવતા હતા.[5] કિન્નર-દ્વંદ્વ[6] તથા વન-માનુષ આણી રાખેલાં હતાં. મેંઢા, કુકડા, કુરર, કપિંજલ, લાવક અને વર્તિકાનાં યુદ્ધ ચાલતાંજ હતાં.[7] ચકોર, કલહંસ, હારીત, અને કોકિલ પક્ષિયો ગાન કરી રહ્યાં હતાં. શુક-સારિકાઓનો આલાપ ચાલતો હતો. ગજ-મદના પરિમલથી ક્રોધ પામી, જાગૃત થઈ, મ્હોટી મ્હોટી ગર્જના કરતા,—ગિરિ-ગુહાઓમાં વસતા, પર્વતોના જીવ હોય એવા—પકડીને પાંજરામાં પુરેલા સિંહોવડે તે સુશોભિત હતું. કાઞ્ચન-ભવનની પ્રભાને દાવાનલ ધારી, ત્રાસમાંને ત્રાસમાં ચંચલ દૃષ્ટિ સહિત આમ તેમ ભમતાં ભવન-હરિણનાં ટોળાંની લોચન-પ્રભાવડે ત્યાં સર્વ દિશાઓ વિચિત્ર ભાસતી હતી. એ રાજગૃહની મરકતમય ભૂમિ ઉપર મયૂર-મંડલ ઉભાં હતાં તે માત્ર તેમના ઉંચા ટુહૂકારથીજ વર્તાતાં હતાં.[8]

---

૧. અષ્ટાપદ=શેત્રંજ અથવા તેના જેવી એક રમત. ૨. જુઓ પૃ. ૬. નો. ૫. ૩. એ પદના છંદ. ૪. પત્રભંગ—જુઓ પૃ. ૨૪ નો. ૮. ૫. જુઓ પૃષ્ઠ ૮૩ નોટ ૫. ૬. કિન્નર=સ્વર્ગ લોકનો ભેદ. ૭. કુરર=ટીટોડો. કપિંજલ=ચાતક, અથવા ચકલી. લાવક અને વર્તિકા એ લાવરીના ભેદ છે. ૮. મરકતમણિનો અને મયૂરનો રંગ સરખો માટે

અને ત્યાંનાં અતિશીતલ ચંદન-વૃક્ષની છાયામાં બેઠેલાં ગૃહ-સારસો નિદ્રા-વશ થઈ જતાં હતાં.

એ રાજકુલના અભ્યન્તરમાં અંતઃપુર હતું ત્યાં બાલસ્ત્રીઓ દડા અને પૂતળિયો લઈને રમતી હતી. અહર્નિશ ઝૂલતા હિંદોળાના શિખર ઉપર વાગતી ઘંટાઓનો ટંકાર દિશાઓમાં વ્યાપી જતો હતો. હારને સર્પ-કંચુક ધારી મયૂર ખેંચી જતા હતા. પ્રાસાદ-શિખર ઉપરથી નીચે ઉતરીને ચાલતાં પારાવતોથી, તે જાણે સ્થલ-કમલિનીનું વન હોય એવું શોભતું હતું. ત્યાંની સ્ત્રિયો ભૂપતિનાં ચરિત્રની અનુકરણ-ક્રીડામાં આસક્ત થઈ હતી. અશ્વશાલામાંથી નાસી આવી, ગૃહની દાડમડીઓનાં ફલ જેમણે ચુંટી ખાધાં હતાં, આંગણામાંના આંબાનાં પલ્લવ તોડી નાંખ્યાં હતાં, અને કુબ્જ, વામન તથા કિરાત લોકને પજવીને તેમના હાથમાંથી ભૂષણ ઝુંટાવી લઈ જે વેરી નાંખતાં હતાં તે વાંદરાનાં ટોળાં ત્યાં ઠામ ઠામ દેખાતાં હતાં. ત્યાંનાં મેના પોપટને રતિ-ક્રીડાની રહસ્ય વાત પ્રકાશ કરતાં સાંભળી અન્તઃપુરની સ્ત્રિયો લજ્જા પામતી હતી. મહેલની નીસરણિયો ઉપર ચઢતાં પગલે પગલે વાગતાં, અબલાઓને પગે પેહેરલાં મણિમય નૂપુર તથા વલય વડે જેમનો સ્વર દ્વિગુણ થયેલો એવા ભવન-કલહંસની પંક્તિયોને લીધે તેનું આંગણું ધોળું ધોળું લાગતું હતું; અને ધોયેલાં શ્વેત દુકૂલ તથા ઉત્તરીય પેહેરી, પાઘ બાંધી, સુવર્ણ દંડ હાથમાં લઈ, પલિતથી પાણ્ડુર થયેલા શિરવાળા,—જાણે આચારમય, મર્યાદામય અને મંગલમય હોય એવા,—ગંભીર આકૃતિવાળા, સ્વભાવે ધીરા, અને વય ઝાઝી છતાં પણ વૃદ્ધ સિંહની સમાન જેમણે સત્વનો આધાર ત્યજયો ન હતો એવા, કંચુકિયો ત્યાં ફરતા હતા.[1]

કૃષ્ણાગુરુના ધૂમ-પટલને લીધે, તે રાજગૃહમાં જાણે મેઘ દેખાતા હોય;[2] યામ-ગજ-ઘટાની શુંડમાંથી નીકળતા જલ-કણને લીધે, જાણે ત્યાં ધૂમસ વર્ષી રહ્યો હોય; તમાલ વૃક્ષની હારોના અંધકારને લીધે, જાણે ત્યાં રાત્રિજ વર્તતી હોય; રક્ત અશોક વૃક્ષને લીધે, જાણે બાલસૂર્ય ઉગેલો

વખતે ઓળખાય નહિ; પણ મોર બોલે તેથી વર્તી શકાય. ૧. કંચુકિયોએ સત્વ—સત્વગુણ—નો આધાર ત્યજયો ન હતો; સિંહ, સત્વ—પશુ આદિ—નો આધાર—આહાર, વૃદ્ધપણે પણ ત્યજતો નથી. ૨. ધૂમ-પટલ= ધુમાડાના ગોટા. સંબંધ વાક્યને છેડે આવતા "એમ લાગતું હતું" એ શબ્દો સાથે લેવો.—જુઓ વાસવ૦—પૃષ્ઠ ૨૨૧.

क्वचिदनवरतदह्यमानकृष्णागुरुधूमपटलैर्दर्शिताकालजलदोदयम्।

હોય; મુક્તા-કલાપને લીધે, જાણે ત્યાં 'તારાગણજ આવી રહ્યા હોય; ધારાગૃહને લીધે,[1] જાણે વર્ષા-સમય આવ્યો હોય; સુવર્ણમય મયૂર-યષ્ટિયોને લીધે,[2] જાણે વીજળિયો ઝબકતી હોય; અને પૂતળિયોને[3] લીધે, જાણે ત્યાં ગૃહ-દેવતાઓજ આવીને વસી હોય એમ લાગતું હતું !!

શિવનું ભવન હોય તેમ ત્યાં દ્વાર પાસે **દંડપાણિ** પ્રતિહાર[ના] ગણ ઉભેલા હતા[4]. ઉત્કૃષ્ટ કવિનું રચેલું ગદ્ય હોય તેમ તેમાં વિવિધ **વર્ણ-શ્રેણિ થકી** અભિનવ **અર્થનો** સંચય થયેલો હતો.[5] અપ્સરાઓના મંડલની પેઠે તે **મનોરમારંભ**[ા]યુક્ત હતું.[6] જાણે સૂર્યોદય હોય તેમ ત્યાં **પદ્માકરમાંથી** કમલની સુગંધ નીકળતી હતી.[7] રવિની પેઠે ત્યાં **કમલોપકાર લક્ષ્મી-કૃત** હતો.[8] નાટકની પેઠે તે **પતાકા**[તથા]**અંકથી** શોભતું હતું.[9] શોણિતપુરની સમાન તેમાં બાણને યોગ્ય આવાસ હતો.[10] પુરાણની પેઠે ત્યાં સકલ **ભુવન-કોશાની** યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી.[11] પૂર્ણ ચંદ્રોદયની સમાન તેમાં હજારો મૃદુ કર વડે **રત્નાલયનું** સંવર્ધન થયું હતું.[12] દિગ્ગજની પેઠે ત્યાં **દાનનો** પ્રવાહ અવિચ્છિન્ન

---

૧. 'ધારાગૃહ' સારૂ જુઓ પૃ. ૬૬ નો. ૩. ૨. મયૂર-યષ્ટિ=મયૂરોને રાખવાની જગા. ૩. અર્થાત્ કોરી કાઢેલી વા ચિત્રેલી. ૪. શિવના દ્વાર પાસે દંડપાણિ નામનો ગણાધિપતિ, તથા પ્રતિહાર—દ્વારપાલ, અને ગણ—મહાદેવના અનુચર ઉભા હોય; અહીં, દંડપાણિ=પાણિ—હાથ—માં દંડ રાખીને, પ્રતિહારનો ગણ—સમૂહ—ઉભેલો. ૫. રાજગૃહમાં વિવિધ વર્ણ—વિવિધ જાતિના પુરુષો અને શ્રેણિ—કારીગરો—એમની પાસે (કર લેવા) થી અર્થ—દ્રવ્ય—નો સંચય થયો હતો; મહાકવિના ગદ્યમાં, વર્ણશ્રેણિ—અક્ષર-પંક્તિ—ની વિવિધ રચનાથી નવા નવા અર્થ નીકળે. ૬. અહીં મનોરમ—મનોહર, આરંભ—કાર્યાદિકનો—થતો હતો. અપ્સરાઓમાં મનોરમા અને રંભા નામની બે મુખ્ય હતી. ૭. પદ્માકર=પદ્મા—લક્ષ્મી—નો કર; સરોવર (સૂર્યોદય સાથે લેતાં). ૮. રવિ, પોતાની લક્ષ્મીથી કમલને ઉપકાર કરેછે—કમલને પ્રફુલ્લ કરેછે; અહીં કમલોપકાર—(પ્રજાનો) કમલા વડે—લક્ષ્મી વડે—કરેલો ઉપકાર, લક્ષ્મીકૃત—ચિન્હીકૃત હતો. (લક્ષ્મ=ચિન્હ). અર્થાત્ રાજગૃહનું ચિન્હ એ હતું કે તેમાંથી લોકોને દ્રવ્ય વડે ઉપકાર થયેલો હતો.

૯. પતાકા—ધ્વજ—રૂપી અંક—ચિન્હ—થી રાજગૃહ શોભતું; નાટકમાં પતાકા—મુખ્ય નાયક વા રસને દૂરથી પોષણ કરે એમ ઉપનાયક વિ૦નો પ્રવેશ કરવાની રચના—તથા અંક હોય. ૧૦. બાણ=તીર; બાણાસુર, જેની રાજ્યધાની શો૦ હતી. ૧૧. ભુવન-કોશ=પૃથ્વીનો ખજાનો, રાજગૃહમાં ગોઠવાયેલો; અને પુરાણમાં, ભુવન-કોશ—ભૂમંડલ—નું વર્ણન. ૧૨. કર=વેરા; કિરણ. રત્નાલય=રત્નનો ભંડાર; સમુદ્ર. બીજા અર્થ ઉપર જુઓ

ચાલ્યાં કરતો હતો. બ્રહ્માંડની પેઠે ત્યાં સર્વ જીવલોકના વ્યવહારનું કારણ હિરણ્ય-ગર્ભ[માં]ઉત્પન્ન થયું હતું.[1] મહાદેવના બાહુ-વનની પેઠે તેના પ્રકોષ્ઠમાં મહાભોગીનાં સહસ્ર મંડલનો વાસ હતો.[2] મહાભારતની પેઠે ત્યાં અનન્ત ગીત સાંભળીને નર આનંદ પામેલા હતા.[3] યદુવંશની સમાન તેનું રક્ષણ કુલક્રમાગત શૂર, ભીમ, પુરુષોત્તમ[ના]બલથી થયેલું હતું.[4] વ્યાકરણ જેમ પ્રથમ, મધ્યમ તથા ઉત્તમ પુરુષ, વિભક્તિ, અનેક આદેશ, કારક, આખ્યાત, સંપ્રદાન, ક્રિયા,અને અવ્યયના પ્રપંચ વડે તેમ તે પ્રથમ, મધ્યમ તથા ઉત્તમપુરુષમાં વિભક્ત થયેલા અનેક આદેશકારકોએ આખ્યાત સંપ્રદાન ક્રિયાના વ્યય-પ્રપંચ વડે સુસ્થિત હતું.[5] સમુદ્રની પેઠે તેની અંદર, ભયને લીધે પક્ષસહિત હજારો ભૂધરોએ પ્રવેશ કીધો હતો.[6] ઓખા અને અનિરુદ્ધના સમાગમની સમાન ત્યાં ચિત્ર-લેખ[ા]વડે સકલ ત્રિભુવનનો વિચિત્ર આકાર દર્શાવાયલો હતો.[7] બલિરાજાના યજ્ઞની પેઠે તેની અંદર પુરાણ પુરુષ વામન બેઠેલા હતા.[8] શુક્લ પક્ષના પ્રદોષ-સમયની સમાન ત્યાં પ્રફુલ્લ-ચંદ્રિકા-ધવલ અંબર

નો૦ ૨ જી પૃષ્ઠ ૯૪. ૧. હિરણ્યગર્ભ–બ્રહ્મા–એમણે બ્રહ્માંડમાંથી ઉત્પન્ન થઇને સૃષ્ટિ રચી. અહીં હિરણ્ય–સુવર્ણ, જે ઉપર સર્વ વ્યવહાર ચાલે તે, ગર્ભમાં–અંદરના ભાગમાં–હતું. ૨. બાહુ-વન=હાથ રૂપી વન. મહાદેવને સહસ્ર ભુજ હોવાથી તે રૂપી 'વન' કહ્યું. જુઓ પૃ. ૨૯. લી. ૧. પ્રકોષ્ઠ=દરવાજા પાસેની જગા; હાથનું કાંડું. ભોગી=ભોગ કરનાર પુરુષો; ભોગ–ફેણ–વાળા, નાગ. ૩. અનન્ત ગીત–ઘણાંજ ગીત–સાંભળીને અહીં પુરુષો આનંદ પામ્યા હતા; ભારતમાં અનન્ત–વિષ્ણુ–ના ગીતથી–તેમણે ગાયેલી ગીતાથી–નર–અર્જુન–આનંદ પામ્યા હતા.

૪. ગૃહનું રક્ષણ શૂરા, ભયાનક, અને ઉત્તમ પુરુષના બલથી–સૈન્યથી થતું; યદુવંશનું, શૂર–કૃષ્ણના પિતામહ, ભીમ–નામનો રાજા, પુરુષોત્તમ–વાસુદેવ, બલ–બલરામ–થી. ૫. વ્યાકરણમાં ત્રણ પુરુષ, વિભક્તિ, આદેશ–અક્ષરનો ફેરફાર, કારક–કર્તા કર્મઆદિ, આખ્યાત–તિઙન્ત ક્રિયાપદ, વિગેરે હોયછે. અહીં ઉત્તમાદિ પુરુષોમાંથી રાખેલા આદેશ-કારકો–અમલદારો–ના કહેવા પ્રમાણે દાનક્રિયાનો ખરચ થતો.

૬. પક્ષ=સહાય; પાંખો. ભૂધર=રાજા; પર્વત. જુઓ પૃ. ૩૯ નો. ૧૬, અને પૃ. ૬૭ નો. ૨. ૭. ગૃહમાં ચિત્રલેખથી; ચિત્રલેખા નામની ઓખાની સખીએ અનિરુદ્ધ ઓળખવા સારૂ તેને સર્વ ચિત્રો બતાવ્યું હતું. ૮. અહીં પુરાણ પુરુષ–વૃદ્ધ જન, તથા વામન–ઠિંગણા પુરુષ–હતા; બલિના યજ્ઞમાં પુરાણ-પુરુષ–વિષ્ણુ–વામન રૂપે આવ્યા હતા.

દેખાતાં હતાં.[1] નરવાહનદત્ત રાજાના ચરિતની પેઠે, ત્યાં ઉછરેલી પ્રિયદર્શન રાજકુમારિકાએ ગન્ધર્વને ઉત્કંઠિત કીધા હતા.[2] મહાતીર્થની સમાન ત્યાં અનેક પુરુષોને અભિષેકનું ફલ સત્વર મળતું હતું.[3] પ્રાગ્વંશની પેઠે તે વિવિધ આસવ-પાત્રથી ભરેલું હતું.[4] નિશા-સમયના જેવું તે અનેક નક્ષત્ર-માલા વડે અલંકૃત હતું.[5] પ્રભાત-સમયની સમાન તેમાં મિત્રોદયનું અનુમાન પૂર્વમાં દેખાતા રાગ વડે થતું હતું.[6] ગાન્ધિક-ગૃહ જેવું તે સ્નાન, ધૂપ, અંગલેપ તથા વર્ણકથી ઉજ્જ્વલ દેખાતું હતું.[7] તામ્બૂલિક-ભવનની પેઠે ત્યાં લવલી, લવંગ, એલાયચી અને કંકોલ-પત્રનો સંચય કરી રાખ્યો હતો. પ્રથમ વેશ્યા-સમાગમની સમાન ત્યાં ચેષ્ટા-વિકારથી હૃદયાભિપ્રાય સમજાતા ન હતા.[8] કામી જનની પેઠે ત્યાં મધુર આલાપ તથા સુભાષિત-રસના સ્વાદથી તાલ-શબ્દ અપાતા હતા.[9] ધૂર્ત-મંડલની સમાન ત્યાં મણિના અગણિત અલંકાર આપવામાં લેખ્ય-પત્ર થતાં હતાં.[10] ધર્મારંભના જેવું તે સર્વ લોકનાં મનને આલ્હાદન કરતું હતું.[11] મહાવનની પેઠે ત્યાં વિવિધ શ્વાપદ અને દ્વિજનો ઘોષ ચાલતો હતો.[12] રામાયણની પેઠે તેમાં વાનરોની કથા ચાલતી હતી.[13] માદ્રી-કુક્ષની પેઠે તે નકુલવડે અલંકૃત હતું.[14] જાણે સંગીતશાલા હોય

---

૧. ચંદ્રિકા૦=ચંદ્રિકા જેવાં અને ચં૦થી ધવલ. અંબર=વસ્ત્ર; આકાશ. ૨. પ્રિયદર્શન=રૂપવતી; તે નામની નર૦ રાજાની પુત્રી. ૩. અભિષેક=રાજ્યાભિષેક જે અવર નૃપતિયોને માત્ર તારાપીડની આજ્ઞા થકીજ થતો હતો; અને સ્નાન. ૪. પ્રાગ્વંશ=યજ્ઞશાલાનો એક ભાગ. આસવ=મદિરા; સોમ-રસ જે યજ્ઞમાં પીવાતો હતો. ૫. નક્ષત્રમાલા—જુઓ પૃષ્ઠ ૧૧૫ નો. ૩ જી. ૬. મિત્ર—જુઓ પૃ. ૭૨ નો. ૨. પૂર્વ=પૂર્વાવસ્થા; અને પૂર્વદિશા. રાગ=અનુરાગ; રક્તતા. ૭. ગાન્ધિક=સુગંધિ પદાર્થ વેચનાર. સ્નાન=સ્નાનક્રિયામાં વપરાતી વસ્તુ. વર્ણક=ચંદન; સુગંધિ ભુકો. ૮. રાજગૃહનાં મનુષ્યોના અંતર્ગત ભાવ બ્હારની ચેષ્ટાથી સમજાતા ન હતા. ૯. તાલ-શબ્દ=તાળી આપવાથી થતો શબ્દ અથવા ઉચ્ચ સ્વર. ૧૦. રાજકુલમાં (અન્તઃપુરની સ્ત્રિયોને વા કોઇને) આભૂષણ વિગેરે આપવામાં આવે તેનો લેખ થાય; ધૂર્તમંડલમાં—દ્યૂત રમનારાઓમાં—જેટલું કોઇ હારે તેટલું આપવાનાં લેખ્ય-પત્ર—લખ્યાં પત્રાં—કરી આપે. ૧૧. ધર્મનું કામ થતું દેખી સર્વનાં મન પ્રસન્ન થાય તેમ આ ગૃહ જોઇ થતું. ૧૨. શ્વાપદ=શિકારી પ્રાણિ. દ્વિજ—જુઓ પૃ. ૫૬ નો ૫. ૧૩. વાનર=સાધારણ વાંદરા; અને હનુમાન્ વિગેરે. અહીં વાનરોના તોફાનની વાત થાય. ૧૪. માદ્રી=પાંડુ રાજાની બીજી ભાર્યા અને સહદેવ તથા નકુલની માતા. નકુલનો

તેમ ત્યાં ઠેકાણે ઠેકાણે મૃદંગ પડેલાં હતાં.[1] રઘુકુલની સમાન ત્યાં ભરત-ગુણથી આનંદ વ્યાપી ગયો હતો.[2] જ્યોતિશ્શાસ્ત્રની પેઠે તે ગ્રહણ, મોક્ષ તથા કલા-ભાગમાં નિપુણ હતું.[3] નારદ-પુરાણની પેઠે ત્યાં રાજધર્મનું વર્ણન થતું હતું. વાદિત્રની પેઠે વિવિધ શબ્દ-રસ થકી તે મધુર લાગતું હતું. મૃદુકાવ્યના જેવું તે અનન્ય-ચિંતિત સ્વભાવાભિપ્રાય દર્શાવતું હતું.[4] મહાનદીના પ્રવાહની પેઠે તે, દુરિતનું હરણ કરતું હતું.[5] ધનની પેઠે સર્વે તેની આકાંક્ષા રાખતા હતા. સન્ધ્યા-સમયની સમાન ત્યાં ચંદ્રાપીડનો ઉદય દેખાતો હતો.[6] નારાયણના વક્ષઃસ્થલની પેઠે તે શ્રી-રત્નની પ્રભાવડે દિશાઓને પ્રકાશિત કરતું હતું.[7] બલભદ્રની પેઠે, કાદમ્બરીના રસ-વિશેષનું વર્ણન ત્યાં અતિપ્રિય હતું.[8] બ્રહ્માની સમાન પદ્માસનના ઉપદેશ વડે ત્યાં ભૂમંડલ દર્શિત હતું[9]. કાર્તિકેયની પેઠે તે મયૂર-ક્રીડાના આરંભથી ચંચલ હતું.[10] કુલિન સ્ત્રીના પ્રચારની સમાન તેમાં સર્વદા શંકા રહેતી હતી.[11] વેશ્યાની પેઠે તે ઉપચાર વિધિમાં ચતુર હતું.[12] દુર્જનની પેઠે તેને (પણ) પરલોકનો[13]

બીજો અર્થ નોળિયો. ૧. મૃદંગ=ઢોલક—બંનેમાં સામાન્ય; અથવા અહિં મૃદ્—મૃત્તિકા—નાં અંગ—ઘટાદિક—હતાં. ૨. ભરત=નાટકકાર, નટ; અને શત્રુઘ્નનો ભાઇ. ૩. ગ્રહણ=બંધીખાને નાંખવું; મોક્ષ કરવો=બંદીવાનને છૂટા કરવા; કલાભાગ=વિવિધ કલા—હુન્નર—રાજગૃહસાથે લેતાં. જ્યોતિષ્માં સૂર્ય-ચંદ્રનું ગ્રહણ અને મોક્ષ તથા તેમના કલાભાગ. જુઓ પૃ. ૧૦૨ નો. ૨. ૪. સ્વભાવાભિપ્રાય=સ્વભાવ તથા અભિપ્રાય; સ્વાભાવિક વિચાર. ૫. દુરિત=દુશ્ચરિત; પાપ. ૬. ચંદ્રાપીડ—રાજપુત્ર (જે ત્યાં આવવાની તૈયારીમાં હતો); ચંદ્રરૂપી આપીડ—મસ્તકનું ભૂષણ. ૭. શ્રીરત્ન=શ્રીયુક્ત રત્ન=શોભીતાં રત્ન; શ્રી—લક્ષ્મી, અને રત્ન—કૌસ્તુભમણિ. ૮. કાદમ્બરી=મદિરા, બંને સાથે લેતાં. રસ-વિશેષ=અધિક રસ. બલરામને મદિરા બહુ વ્હાલી હતી. 'કાદમ્બરી' શબ્દથી ગ્રંથનાયકાનો ધ્વનિ પણ નીકળેછે. ૯. રાજગૃહમાં પદ્મા—રાજલક્ષ્મી—તેના આસન—સ્થિતિ—ને અર્થે થતા (નીતિના) ઉપદેશ વડે ભૂમંડલ (દૃષ્ટાન્તરૂપે) દર્શાવાતું હતું; બ્રહ્માને પદ્માસન—(લક્ષ્મીનું આસન—આશ્રયસ્થાન) નારાયણ—તેમણે દીધેલા ઉપદેશવડે ભૂમંડલ જણાયું હતું.

૧૦. રાજગૃહમાં મયૂરો ક્રીડા કરતા હતા; કાર્તિકેયનું વાહન મયૂર, માટે તેની ક્રીડાથી તે ચંચલ થાય—હાલે. ૧૧. સામાન્ય રીતે બંનેને લાગે એવો એક અર્થ તો સ્પષ્ટ છે. રાજગૃહમાં એમ પણ કહેવાય કે સર્વદ—સર્વ આપનાર—ઇશ્વર—ની આશંકા હતી—ઇશ્વરનો ભય હતો.
૧૨. ઉપચાર=સેવા, સત્કાર. ૧૩. જુઓ પૃષ્ઠ ૬૮ નો. ૨ જી.

ભય ન હતો. ચંડાલાદિક જેવું તે અગમ્ય-વિષયાભિલાષી હતું.[1] અગમ્ય વિષયને આસક્ત છતાં તે પ્રશંસનીય હતું.[2] યમદૂત જેવું તે કીધેલાં દુષ્કૃત-સુકૃત વિચારવામાં નિપુણ હતું.[3] સત્કાર્યની સમાન તે આદિ, મધ્ય અને અંતે કલ્યાણકર હતું.[4] દિવસના આરંભ જેવું તે પ્રકાશતા પદ્મરાગવડે નિશાન્તને રક્ત કરતું હતું.[5] દિવ્ય મુનિ-ગણની પેઠે તે કલાપિ સહિત શ્વેતકેતુ વડે શોભતું હતું.[6] ભારતના રણ-ક્ષેત્રની સમાન તે [કૃત]વર્મ[નાં] બાણ અને ચક્ર વિગેરેના સમૂહથી ભયંકર લાગતું હતું.[7] પાતાલની સમાન ત્યાં હજારો મહા કંચુકિ-ઓનો વાસ હતો.[8] વર્ષપર્વતના સમૂહની પેઠે તેની અંદર શૃંગી અને હેમ[ના]કૂટ હતા.[9] મ્હોટાં દ્વાર છતાં પણ તેમાં પ્રવેશ કરવો દુર્લભ હતો.[10] તે અવન્તિ દેશમાં છતાં પણ માગધ જન ત્યાં વસતા હતા.[11] અને વૃદ્ધિમાન્ છતાં પણ ત્યાં નગ્નલોક ભમતા હતા.[12]

(આ પ્રકારના રાજગૃહમાં પેસતાંજ,) અહીં તહીંથી ભેગા થઇને પહેલેથી યોગ્ય સ્થલે ઉભા રહેલા, અને મુકુટ અતિશય નમાવવાથી શિથિલ થઇ ગયેલા જેમના ચૂડામણિના કિરણ વસુધાતલને ચુંબન કર-

---

૧. રાજગૃહમાં અગમ્ય વિષય–દુર્લભ દેશ (લેવા)નો અભિલાષ; ચંડાલાદિકને અગમ્ય વિષય–ધનાદિક–નો અભિલાષ હોય. ૨. વિરોધાલંકાર. વિષય=ઉપભોગ; દેશ. ૩. અહીં મનુષ્યનાં સારાં માઠાં કાર્યની ખુબ જાણવામાં આવતી; યમદૂત પણ મનુષ્યને તેનાં સદસત્કાર્ય જોઇ દંડ કરે. ૪ કલ્યાણકર=કલ્યાણકારી–(બંનેને સામાન્ય); અથવા કલ્યાણ–સુખકારક–છે કર–વેરા–જેના (એવું રાજગૃહ). ૫. પદ્મરાગ–જુઓ પૃ. ૬૯ નો. ૫. નિશાન્ત=ભવન; અને નિશા–રાત્રિ, તેનો અંત–પ્રાતઃકાલ. ૬. કલાપિ=મયૂર; શ્વેતકેતુ=ધોળો ધ્વજ; અને એ બંને મુનિયોનાં નામ પણ છે. ૭. રાજગૃહમાં વર્મ–કવચ, બાણ, ચક્ર વિ૦ હતું. ક્ષેત્રમાં કૃતવર્મ નામના યાદવનાં બાણ, ચક્ર વિ૦. ૮. કંચુકિ=અન્તઃપુરના રક્ષાધિકારી; અને કંચુક–કાંચળી–વાળા, સર્પ. ૯. વર્ષપર્વત=(પૂર્વે જણાયેલી) પૃથ્વીના જુદા જુદા વર્ષ–દેશ–ની વચ્ચે વચ્ચે આવેલા પર્વત જેવા કે હિમાલય, હેમકૂટ, નિષધ, નીલ, શ્વેત, શૃંગી, મેરુ વિ૦. રાજગૃહમાં શૃંગી–શૃંગવાળાં પ્રાણિ, અને હેમ–સુવર્ણ–ના કૂટ–ઢગ–હતા. ૧૦. વિરોધ સ્પષ્ટ છે. શમાવતાં અર્થ એ કે આજ્ઞાશિવાય પ્રવેશ મળવો દુર્લભ. ૧૧. અવન્તિમાં માગધ–મગધ દેશના લોક–રહે એ વિરોધ. માગધ=ભાટ, ચારણ. ૧૨. પૈસે ટકે સુખી છતાં લોક નગ્ન રહે એ વિરોધ. નગ્ન લોક=તે નામના બૌદ્ધ ભિક્ષુક-સંન્યાસી.

તા હતા એવા રાજલોક, પ્રતીહાર નિવેદિત કરતો ગયો તેમ તેમ, એકે એક, આદર સહિત એને પ્રણામ કરવા લાગ્યા; તથા પગલે પગલે, આચારમાં કુશલ, અંતઃપુરની વૃદ્ધ સ્ત્રિયો અંદરથી બ્હાર આવી આવીને એને વધાવવા લાગી. એવી રીતે, ત્વરામાં આવીને પ્રણામ કરતા પ્રતીહારોએ દર્શાવેલે માર્ગે આગળ જઈને, તથા ભુવનાન્તર જેવા, વિવિધ જાતિનાં હજારો પ્રાણિથી ભરેલા સાત ઓરડા ઓળંગીને તેણે અભ્યન્તરમાં, નિર્મલ પુલિનથી[1] શોભતા સ્વર્ગગંગાના જલમાં જેમ દેવ-ગજ તેમ, હંસ જેવા શ્વેત શયન ઉપર બેઠેલા પોતાના પિતાને જોયા. તેની ચોતરફ, અહર્નિશ શસ્ત્ર ગ્રહણ કરવાથી શ્યામ પડી ગયેલી હાથેલિયોવાળા, તથા કર, ચરણ અને ચક્ષુ શિવાય આખે શરીરે શ્યામ કવચથી ઢંકાઈ ગયેલા, અને તેથીજ ગજ-મદ-પરિમલના લોભથી નિરંતર ચ્હોટી રહેલાં ભ્રમર-કુલથી ભરેલા જાણે ગજ-બંધન-સ્તંભ હોય એવા દેખાતા, કુલક્રમાગત, વિખ્યાત વંશના, (નૃપતિ ઉપર) અનુરાગ રાખતા, તથા મહાવીરતા અને અતિકર્કશતાને લીધે જેમનાં પરાક્રમ દાનવોની સમાન તેમના મન અને આકાર ઉપરથીજ કળી શકાય એમ હતાં એવા, શરીર-રક્ષાના અધિકારી પુરુષો[2] ઉભા રહેલા હતા, અને બંને બાજુએ વારાઙ્ગનાઓ તેને નિરંતર શ્વેત ચામર ઢોળ્યાં કરતી હતી.

પ્રતીહારે જુઓ! એમ કહ્યું કે તરતજ ચંદ્રાપીડે ચૂડામણિ ચલિત થાય એમ મસ્તક અતિ દૂર નમાવી પ્રણામ કર્યો એટલે આવ આવ! એમ બોલતાં બોલતાં, રાજાએ દૂરથીજ બાહુ પ્રસારી, શયનતલ ઉપરથી જરા ઉંચા થઈ, આનંદાશ્રુથી ભરાતાં લોચન સહિત,—રોમોદ્ગમને લીધે જાણે તે, વિનયથી નમેલા ચંદ્રાપીડને પોતાની સાથે સીવી લેતો હોય વા એક કરી દેતો હોય તેમ—આલિંગન દીધું[3]. ભેટીને છૂટા પડ્યા પછી, પોતાની તાંબૂલ-કરંક-વાહિનીએ[4] વાળીને સત્વર આસનના આકારમાં

---

૧. પુલિન=રેતીનો કિનારો (Sand-bank) અથવા બેટ.
૨. શરીર-રક્ષા કરનાર. (Body-guard.) ૩. આવોજ વિચાર શેકસ્પિયરે પણ એક સ્થલે દર્શાવ્યો છેઃ—

"......and so locks her in embracing, as if she would *pin* her to her heart, that she might no more be in danger of losing."

Winter's Tale, Act V. Sc. 2.

૪. જુઓ પૃષ્ઠ ૧૬ નોટ ૪.

મુકેલા ઉત્તરીયને—લઈ જા—એમ ધીમેથી કહી, અંગુષ્ઠથી ખસેડી મુકી, ચંદ્રાપીડ પિતાના ચરણાસન સમીપ ભૂમિ ઉપરજ બેઠા, અને તેનીપાસે મુકેલા આસન ઉપર, રાજાએ પુત્ર સમાન આલિંગન દીધા પછી, વૈશમ્પાયન બેઠા. ચામર ઉરાડવાં ભુલી જઈ નિશ્ચલ થઈ ગયેલી વારાઙ્ગનાઓ ત્યાં, અભિલાષયુક્ત, પવનથી હાલતાં કમલ-પત્રના હાર જેવા દીર્ઘ, અને વાંકી ફરતી કીકીઓથી વિચિત્ર લાગતા કટાક્ષ ચંદ્રાપીડ ઉપર ફેંકવા લાગી. એમ થોડીવાર બેઠા પછી,—જા બેટા, મળવાને વ્હાલથી તલપી રહેલી ત્હારી માતાને અભિવંદન કરી, સર્વ દર્શનોત્સુક જનનીઓને અનુક્રમે દર્શન આપી આનંદ પમાડ—એવું કહીને પિતાએ જ્યારે એને રજા આપી ત્યારે વિનયસહિત ઉઠી, સેવકજન શિવાય, માત્ર વૈશમ્પાયનને લઈ, અંતઃપુરમાં પ્રવેશ કરવા યોગ્ય રાજ-પરિજને બતાવેલે માર્ગે તે અંતઃપુરમાં ગયો.

ત્યાં, શ્વેત કંચુક પેહેરીને બેઠેલા હજારો અન્તઃપુર-જનની વચમાં હોવાથી જે ક્ષીરસાગરના તરંગથી પરિવૃત લક્ષ્મી જેવી દેખાતી તી;[1] અતિશાન્ત આકૃતિવાળી, ભગવાં વસ્ત્ર ધારણ કરનારી, સંધ્યા જેવી સકલ લોકને નમવા યોગ્ય, દીર્ઘ કર્ણ-પાશ પેહેરતી, અનેક કથા-વૃત્તાન્ત જાણતી, પૂર્વે થયેલી વાર્તાઓ કહેતી, ઈતિહાસ-પુસ્તકો વાંચતી, ધર્મનો ઉપદેશ કરતી, તથા પવિત્ર કથાઓ નિવેદિત કરતી, વૃદ્ધ પ્રવ્રજિતાઓ[2] જેને વિનોદ કરતી હતી; સ્ત્રિયોના વેષમાં સ્ત્રિયોનીજ ભાષા બોલતા નપુંસકો વિકટ આભૂષણ પેહેરીને જેની સેવા કરતા હતા; નાના નાના વ્યજન[3] જેને નિરંતર ઉરાડવામાં આવતા હતા; વસ્ત્ર, આભૂષણ, પુષ્પ, હટવાસ,[4] તાંબૂલ, વ્યજન, અંગલેપ અને ઝારિયો લઈને ટોળાંમાં બેઠેલી સ્ત્રિયો જેની સેવા બજાવતી હતી; પયોધર ઉપર લટકતા મોતાના હારવડે, બે પર્વતોની મધ્યે વહેતા ગંગા-પ્રવાહવાળી પૃથ્વી જેવી જે શોભતી હતી;[5] અને પાસેના દર્પણમાં સ્વમુખ-પ્રતિબિમ્બ પડવાથી, સૂર્ય-

---

૧. અહીંથી શરૂ થતાં વિશેષણ ચંદ્રાપીડની માતા વિલાસવતીનાં છે, માટે તેમને વાક્યને છેડે આવતા 'માતા' શબ્દસાથે યોજવાં. ૨. જૈન વા બૌદ્ધ સંન્યાસિનીઓ. ૩. વીજણા. ૪. અબિલ ગુલાલ વગેરે સુગંધિ પદાર્થ. ૫. આના જેવાજ અલંકાર સારૂ જુઓ પૃષ્ઠ ૧૧૦ લી. ૪, નોટ ૧.

મંડલમાં પેઠેલા ચંદ્રબિમ્બવાળી, આકાશ-લક્ષ્મી જેવી જે પ્રકાશતી હતી[1]—એવી પોતાની માતા પાસે જઇને રાજપુત્રે પ્રણામ કર્યો.

એટલે તો રાણીએ સંભ્રમ સહિત ઉઠીને, આજ્ઞા પાળવામાં ચતુર પરિજન પાસે છતાં પણ, પોતેજ ચંદ્રાપીડને વધાવી લીધો; અને પયોધરમાંથી છૂટતાં ક્ષીર-બિન્દુના આકારમાં, સ્નેહાકુલ હોવાથી દ્રવ પામીને જાણે બ્હાર આવતા અંતઃકરણ વડે,[2] તે, મનમાં સેંકડો કલ્યાણનું ચિન્તન કરતી કરતી, એને માથે ચુંબન કરી, ઘણા વખત સુધી આલિંગન દઈ ઉભી રહી. પછી તરતજ વૈશમ્પાયનને પણ એજ પ્રમાણે યોગ્ય ઉપચાર-વિધિ કરી, ભેટીને પોતે બેસી, વિનયથી ભૂતલ ઉપર બેસતા ચંદ્રાપીડને ખેંચીને તેની ઇચ્છા ઉપરાંત પણ બલાત્કારે પોતાના ઉત્સંગમાં રાણીએ બેસાડ્યો; અને દાસીઓએ સત્વર આણેલા આસન ઉપર વૈશમ્પાયન પણ બેઠો, એટલે ચંદ્રાપીડને પુનઃ પુનઃ આલિંગન દઈ, લલાટઉપર, છાતીઉપર અને ખભાઉપર વારંવાર હાથ ફેરવતી, ફેરવતી વિલાસવતી એને કહેવા લાગીઃ–પુત્ર! ત્હારા પિતાનું હૃદય તે કેવું કઠિન હશે કે એમણે આવી ત્રિભુવન-લાલનીય[3] આકૃતિને આટલા બધા કાળ સુધી અતિ મહાન્ ક્લેશ સહન કરાવ્યો! અરે! તું આટલા દીર્ઘ કાળ સુધી ગુરૂઓનું નિયન્ત્રણ શી રીતે સહી શક્યો હોઈશ? અહો! ધન્ય છે, બાળક છતાં પણ ત્હારા, વૃદ્ધ પુરુષના જેવા, મહાધૈર્યને! ધન્ય ત્હારા હૃદયને કે તેણે બાલપણમાંએ શિશુજન-ક્રીડાની ઉત્કંઠા ત્યજી દીધી! ધન્ય છે ત્હારી ગુરુજન ઉપર અસાધારણ ભક્તિને! સર્વથા, જેમ ત્હારા પિતાના પ્રસાદથી આજ હું તને સમસ્ત વિદ્યાથી સંપૂર્ણ જોઈ શકીછું તેમજ (મને આશા છે કે) હું, થોડાજ કાળમાં, અનુરૂપ વધૂઓ સહિત તને જોઈશ!—એટલું બોલીને, લજ્જાથી નીચું જોઈ મંદ મંદ હસતા ચંદ્રાપીડને તેણે પોતાનાં મુખ-પ્રતિબિમ્બ પડવાથી વિકસિત કમલનાં કર્ણ-પલ્લવ પેહેર્યાં હોય એવા દેખાતા ગાલ ઉપર[4] ચુંબન કીધું. એમ ત્યાં થોડી

---

૧. દર્પણ એ સૂર્ય-મંડલ જેવું;તેમાં પડેલું રાણીનું મુખ ચંદ્રબિંબ જેવું; અને પોતે આકાશ-લક્ષ્મી જેવી. ૨. સ્તનમાંથી દુગ્ધ-ધારા છૂટી તે જાણે, પીગળીને બ્હાર આવતું અંતઃકરણ હોય એવી અપન્હવોત્પ્રેક્ષા કરી. ૩. લાલનીય=લાડ લડાવવા યોગ્ય. ૪. ચંદ્રાપીડના ગાલ ઉપર વિલાસવતીના મુખનાં પ્રતિબિમ્બ દેખાય તેથી જાણે એણે કર્ણ-પલ્લવ પેહેર્યાં હોય એમ લાગે.

વાર રહ્યા પછી, અનુક્રમે સર્વ અંતઃપુરમાં દર્શન દઈને ચંદ્રાપીડે આનંદ આનંદ પ્રસારી દીધો. પછી ત્યાંથી બ્હાર આવી, રાજગૃહ-દ્વાર પાસે ઉભેલા ઈન્દ્રાયુધ ઉપર બેસી, પ્રથમ પ્રમાણેજ તે રાજલોકને પછવાડે લઈને એ શુકનાસને મળવા ચાલ્યો.

ચાલતાં ચાલતાં પ્રધાનના ગૃહ-દ્વાર પાસે તે આવી પહોચ્યો. ત્યાં યામાવસ્થિત[1] વિવિધ ગજઘટાઓ, અનેક સહસ્ર અશ્વ, અને અસંખ્ય મનુષ્યોનાં ટોળાંની નિરંતર ભીંડ થયેલી હતી; તેના એક ભાગમાં, અનેક કાર્યાર્થે આવેલા, (શુકનાસનું) દર્શન કરવાને ઉત્સુક થયેલા, વિવિધ શાસ્ત્રાઞ્જન વડે ઉઘડેલાં બુદ્ધિ-લોચન વાળા, ચીવરના આકારમાં વિનયથી અનુરાગ દર્શાવતા, ધર્મપટનું જાણે આચ્છાદન ધારણ કરતા, બૌદ્ધ મતના મુખ્ય અનુવર્તનારા—રક્તવસ્ત્ર વાળા,[2] પાશુપતો[3] તથા બ્રાહ્મણો ચારે પાસ હજારો ટોળાં બાંધી બાંધીને અહર્નિશ બેઠા રહેતા હતા; અને, જેમની જઘન ઉપર, બેવડા વાળેલા ગાલીચા ખોળામાં લઈને પુરુષો બેઠલા હતા, ઘણા વખત સુધી વાટ જોઈ રહેવાથી થાકીને જેમના મહાવત નિદ્રાવશ થઈ ગયા હતા, પર્યાણ જેમના ઉપર નાંખેલું હતું, તથા નિશ્ચલ સ્થિતિમાં પણ જેઓ ડોલ્યાં કરતી હતી એવી, અંદર ગયેલા સામન્તોની[4] શતસહસ્ર હાથણીઓથી તે ભરેલું હતું. ત્યાં આવીને, સત્વર દોડી દ્વારદેશ પાસે આવી ઉભેલા પ્રતીહારોએ નિવારણ કર્યા વિના પણ પોતે રાજકુલની પેઠે, બ્હારના આંગણામાંજ અશ્વ ઉપરથી ઉતરી પડ્યો. પછી અશ્વને દ્વારપાસે ઉભો રાખી, વૈશમ્પાયનનો હાથ ઝાલી, તે, આગળ દોડીને પરિજનોને ખસેડી મુકતા ત્યાંના પ્રતીહાર-મંડલે બતાવેલે માર્ગે—સેવાર્થે ભેગાં થયેલાં, ડગી ગયેલી મુકુટ-કોટિ વાળાં નરેન્દ્રવૃન્દના, પેહેલાંની પેઠેજ[5] ઉઠી ઉઠીને કરેલા પ્રણામ સહિત,—પ્રતીહારોના પ્રચંડ હુંકારના ભયથી ચૂપ થઈ જતા પરિજનવાળા, તથા પ્રચલિત વેત્રલતા

---

[1] ૧. જુઓ પૃષ્ઠ ૧૧૪ નો. ૨. એક ટીકાકાર 'યામ' નો અર્થ 'ચતુષ્કિકા'—ચોક—લે છે. ૨. ચીવર=સંન્યાસીઓનું ભગવું વસ્ત્ર. ધર્મપટ=જે ઉપર કરેલા આલેખનથી ધર્મ-બોધ થાય એવાં વસ્ત્ર. રક્ત વસ્ત્ર વાળા—આ એક તે મતના લોકનો ભેદ છે. ૩. પશુપતિ—શિવ—ને માનનારા.

૪. સામન્ત—જુઓ પૃષ્ઠ ૧ લું નો. ૨ જી. ૫. પેહેલાંની પેઠેજ=જેમ રાજગૃહમાં એને સંમાન આપ્યું હતું તેમજ.—એટલા સારૂ આગળ "બીજા રાજગૃહ જેવા" એમ કહ્યુંછે.

વડે ચકિત થયેલા સામન્ત લોકના, સેંકડો ચરણ(પડવા)થી કંપી ગયેલાં ભૂતલવાળા ઓરડા પેહેલાંની પેઠેજ જોતો જોતો, પ્રથમ પ્રમાણેજ નવા નવા ચુનાના લેપથી ધોળેલા હજારો મહેલથી ભરેલા, બીજા રાજગૃહ જેવા શુકનાસ-ભવનમાં પેઠો. અને પ્રવેશ કરીને, અનેક સહસ્ર નરેંદ્ર વચ્ચે વિરાજતા, દ્વિતીય પિતા જેવા શુકનાસને તેણે વિનય સહિત મસ્તક દૂર નમાવી પ્રણામ કીધો.

એટલે તો સર્વ રાજલોક અનુક્રમે ઉભા થઇ ગયા અને શુકનાસે સંભ્રમ સહિત ઉઠી, આદરથી ઘણાંક ડગલાં આગળ આવી, હર્ષને લીધે વિકાસ પામતાં લોચનમાં ભરાઇ આવેલાં આનંદાશ્રુ સહિત, ચંદ્રાપીડને તથા વૈશમ્પાયનને પ્રેમયુક્ત ગાઢ આલિંગન દીધું. ભેટીને છૂટો પડ્યો એટલે રાજપુત્ર, માનપૂર્વક આણેલા રત્નાસનને ત્યજીને ભૂમિ ઉપરજ બેઠો, અને પછી વૈશમ્પાયને પણ તેમજ કીધું. ચંદ્રાપીડ નીચે બેઠો એટલે શુકનાસ શિવાય બીજું સર્વ નરેન્દ્ર-મંડલ (પણ) પોતાનાં આસન ત્યજીને ભૂમિઉપરજ બેઠું. પછી જરા વાર શાન્ત રહીને, પ્રીતિથી રોમાઞ્ચિત થયેલાં ગાત્ર વડે હૃદયનો હર્ષ-વેગ દર્શાવતો શુકનાસ રાજકુમારને આ પ્રમાણે કહેવા લાગ્યો :—

તાત[1] ચંદ્રાપીડ ! ઘણા કાળ પછી આજજ મહારાજા તારાપીડને, આપને સર્વ-વિદ્યા-સંપન્ન તથા યુવાવસ્થામાં આવેલા જોઇને ભુવન-રાજ્યફલ પ્રાપ્ત થયું; આજ સર્વ ગુરુજનોની આશિષ્ પૂર્ણ થઇ; અનેક જન્માન્તરે કરેલાં શુભકર્મનું ફલ આજજ મળ્યું; અને કુલદેવતા આજજ પ્રસન્ન થયા; કેમ કે અપુણ્યશાલીને આપના જેવા, ત્રિભુવનને વિસ્મય પમાડનાર પુત્ર મળતા નથી. ક્યાં આ વય, અને ક્યાં આ આપની અમાનુષી શક્તિ ! વળી ક્યાં આ આપનું અશેષ વિદ્યા ગ્રહણ કરવાનું સામર્થ્ય ! અહો ! ધન્ય છે તે પ્રજાઓને જેમના આપ ભરત-ભગીરથ જેવા પાલન કરનાર ઉત્પન્ન થયા છો ! પૃથ્વીએ એવું શું વિશુદ્ધ કર્મ કીધું હશે કે એને આપના જેવો ભર્તા મળી ગયો ? ખરે, વિષ્ણુના વક્ષઃસ્થલમાં નિવાસરૂપી અસદ્ગ્રહમાં[2] પડેલી લક્ષ્મીનું પણ દુર્ભાગ્ય છે કે તે શરીર

---

૧. બાળકવિંને વ્હાલથી બોલાવામાં એ શબ્દ વપરાતો; એનો સાધારણ અર્થ અહીં સમજવો નહિ. જુઓ વે. શ. શ્લો. ૪૬—आसंसारं त्रिभुवनमिदं चिन्वतां तात तादृक् ॥ ૨. અસદ્ગ્રહ=અણસમજણનું કામ, છોકરવાદ.

સહિત આપની પાસે આવતી નથી. । સર્વથા (અમારી આશિષ્ છે કે) વરાહાવતારમાં વિષ્ણુએ જેમ દંત-વલયથી તેમ આપ સ્વબાહુથી, પિતાની સાથે, પૃથ્વીનો ભાર કોટિકલ્પ સુધી વહન કરો.—એટલું કહી, આભૂષણ, વસ્ત્ર, કુસુમ, અંગરાગ વિગેરેથી પોતેજ અર્ચન કરીને તેને વિદાય કીધો. ત્યાંથી ઉઠી, અંતઃપુરમાં જઈ, વૈશમ્પાયનની માતા મનોરમાને મળી, બ્હાર આવી, ઈન્દ્રાયુધ ઉપર અસ્વાર થઈ, પિતાએ પૂર્વથીજ કલ્પી રાખેલા, રાજગૃહનીજ પ્રતિકૃતિ જેવા ભવનમાં કુમાર ગયો. ત્યાં દ્વાર પાસે શ્વેત કલશ ભરીને મુકેલા હતા; હરિચંદન[1] (નાં પત્ર)ની માલાઓ બાંધી દીધી હતી; હજારો શ્વેત ધ્વજ ફરફરતા હતા; વગાડેલાં મંગલ તૂર્યના[2] રવથી દિગન્તરો પૂરાઈ ગયાં હતાં; વિકસિત કમલ-પુષ્પના ઢગ ત્યાં ગોઠવ્યા હતા; થોડાજ વખત ઉપર અગ્નિ-કાર્ય સમાપ્ત થયું હતું; ઉજ્જવલ અને સ્વચ્છ પરિજન ત્યાં ફરતા હતા; તથા ગૃહ-પ્રવેશને યોગ્ય સર્વ મંગલ ક્રિયા કીધેલી હતી. ત્યાં જઈ, શ્રીમંડપમાં મુકેલા શયન ઉપર જરા વાર બેસી, તેજ રાજપુત્રોસહિત તેણે સ્નાન-ભોજન વિગેરે દિવસ-વિધિ કરી; અને ઈન્દ્રાયુધનો આવાસ પોતાના શયનગૃહમાંજ રાખ્યો.

એમ કરતાં કરતાં તે દિવસ સમાપ્ત થયો. ગગનતલમાંથી ઉતરતી દિવસશ્રીનું, સ્વપ્રભાથી પૂરાઈ ગયેલા ગાળાવાળું, જાણે પદ્મરાગ-નૂપુર હોય એવું રવિમંડલ, પાદ ઉન્મુક્ત કરીને પડી ગયું[3]. સૂર્ય-રથના ચક્રને માર્ગે માર્ગે, જલ-પ્રવાહની સમાન તડકો (પણ) પશ્ચિમ દિશામાં ગયો. દિવસે, અભિનવ પલ્લવ જેવા રક્ત તલવાળા, કર જેવા નીચે પ્રસરતા સૂર્ય-બિમ્બવડે, કમલ-રાગ બધો ભૂસી નાંખ્યો. કમલિનીના પરિમલથકી આકર્ષાયેલી ભ્રમર-માલાથી આકુલિત કંઠવાળું ચક્રવાક-મિથુન, જાણે કાલ-પાશથી ખેંચાતું હોય તેમ વિખુટું પડી ગયું;[4] અને સૂર્ય-બિમ્બે,

---

૧. જુઓ પૃ. ૫૬ નો ૧. ૨. તૂર્ય= તુરી નામનું વાદિત્ર. ૩. સૂર્ય-બિમ્બ પાદ—કિરણ—ઉંચા નાંખીને પડ્યું; નૂપુર પાદ—પગ—માંથી નીચે પડે. નૂપુર પદ્મરાગનું કહ્યું, કારણ કે તે મણિ રાતો હોય, અને આ વખતનો સૂર્ય પણ તેવો હોય. પરંતુ નૂપુર વચ્ચેથી પોલું હોય (એટલે પગમાં પહેરવાનો તેને ગાળો હોય) ને સૂર્યને તેવું કંઈ નહિ માટે એમ કહ્યું કે નૂપુરનો ગાળો જાણે મણિની પ્રભાથી પૂરાઈ ગયો હોય—એટલેજ તે શુદ્ધ સૂર્ય જેવું બધું લાલ લાગે અને સાદૃશ્ય યથાર્થ થાય. ૪. જુઓ વાસ૧૦ પૃ. ૧૮૫—कालपाशेनेव......आकृष्यमाणं चक्रवाकमिथुनं विजघटे ।

કર-સંપુટવડે સંધ્યાકાળ સુધી પીધેલા જાણે કમલ-મધુરસનું, રાતા તડકાના આકારમાં, ગગનમધ્યે ચાલ્યાના જાણે ખેદથી, વમન કીધું.[1]

પછી અનુક્રમે જ્યારે પશ્ચિમ દિશાનું રક્ત કર્ણ-કમલ, સૂર્ય-મંડલ, અન્ય લોકમાં ગયું; ગગન-સરોવરની વિકસિત કમલિની જેવી સંધ્યા જ્યારે દેખાવા માંડી; કૃષ્ણાગુરુની પત્રલતા જેવી તિમિર-લેખાઓ જ્યારે દિશાઓનાં મુખમાં પ્રસરવા લાગી; મધુકર-મલિન,[2] કુવલય-વન જેવા અંધકારે જ્યારે રક્ત કમલાકર જેવા સંધ્યારાગને દૂર કરવા માંડ્યો; કમલિનીઓએ પીધેલો તાપ સમૂલ કાઢી નાંખવાને જ્યારે અંધકારના કર-પલ્લવ જેવાં ભ્રમરનાં ટોળાં, રક્ત કમલનાં ઉદરમાં પેસવા લાગ્યાં;[3] (પછી) ધીમે ધીમે જ્યારે નિશા રૂપી વિલાસિનીના મુખ ઉપરના કર્ણ-પલ્લવ જેવો સંધ્યારાગ ગરી પડ્યો હતો; સંધ્યા-સમયે દેવ-પૂજામાં બલિ-પિંડ જ્યારે દિશાએ દિશાએ મુકી દીધા હતા; મયૂર-યષ્ટિયોનાં[4] શિખર ઉપર અંધકાર વ્યાપી જવાથી, જ્યારે, મયૂર નહિ બેઠા છતાં પણ જાણે બેઠા હોય એમ લાગતું હતું; પ્રાસાદ-લક્ષ્મીનાં કર્ણ-કમલ જેવાં પારાવત જ્યારે જાળિયોની અંદર ભરાઈ પેઠાં હતાં; અંતઃપુરના હિંદોળા ઉપર જ્યારે વિલાસિનીઓ બેઠેલી નહિ હોવાથી, કાઞ્ચન-પીઠ[5] નિશ્ચલ રહેલાં હતાં તથા ઘંટાનો સ્વર શાન્ત પડી ગયેલો હતો; ભવનનાં આમ્ર

---

૧. કરસંપુટ=હાથનું સંપુટ; કિરણો. સૂર્યે આખો દિવસ કમલરસ પીધેલો, પરંતુ પ્રવાસ કરતે કરતે શ્રમ થયો તેથી જાણે તેણે તે રસ આ વખતે પોતાના રાતા તડકાના આકારમાં નાંખી કાઢ્યો !! અલંકાર અપન્હવોત્પ્રેક્ષા. ૨. મધુકર જેવો મલિન (અંધકાર); મધુકર વડે મલિન (કુવલય૦). ૩. બ્હારનો સર્વ સૂર્યપ્રકાશ દૂર કર્યા પછી, કમલમાં જે ભરાઇ રહેલો હોય તે પણ કાઢવો એ અંધકાર (રૂપી તેના શત્રુ) નો સહજ ધર્મ છે માટે તેણે ભ્રમર રૂપી પોતાના જાણે કર-પલ્લવને તેમાં મોકલ્યા !! આ ઉત્પ્રેક્ષા સંધ્યાકાળે ભ્રમર કમલમાં પેસેછે (ને પ્રભાતસમયે ત્યાંથી નીકળેછે) એ ઉપરથી કરેલી છે. જુઓ ભ્રમરાષ્ટકઃ—

> रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातम् ।
> भास्वानुदेष्यति हसिष्यति पङ्कजश्रीः ॥
> इत्थं विचिन्तयति कोशगते द्विरेफे ।
> हा हन्त हन्त नलिनीं गज उज्जहार ॥

૪. જુઓ પૃ. ૧૧૯ નો. ૨. ૫. સુવર્ણની બેઠકો.

વૃક્ષની શાખાઓ ઉપર લટકાવેલાં પંજરમાં જ્યારે મેના પોપટનાં ટોળાં બોલતાં બંધ પડી ગયાં હતાં; સંગીતને અંતે સ્વર બંધ કરી, વીણાઓ જ્યારે મુકી દેવામાં આવતી હતી; સુંદરીઓનો નૂપુર-શબ્દ બંધ પડ્યાથી જ્યારે ભવન-કલહંસ નિભૃત થઈ બેઠા હતા; મત્ત ગજોના કર્ણ-શંખ, ચામર, નક્ષત્રમાલા વિગેરે આભરણ જ્યારે લઈ લેવાતાં હતાં,[1] તથા તેમના ગંડસ્થલ, ભ્રમર-કુલ ઉડી જવાથી શૂન્ય થયા હતા; રાજ-પ્રિય અશ્વશાલાઓમાં જ્યારે પ્રદીપ પ્રદીપ્ત થતા હતા; પ્રથમ પ્રહરની કુંજર-ઘટાઓ જ્યારે પ્રવેશ કરતી હતી;[2] રાજ-સ્વસ્ત્યયન[3] કરીને જ્યારે પુરોહિત બ્હાર નીકળતા હતા; રાજલોક વિદાય થયા પછી પરિજન વિરલ વિરલ રહેવાથી જ્યારે રાજગૃહના ઓરડા જાણે વિસ્તાર પામ્યા હોય એવા દીસતા હતા; પ્રજ્વાળેલા હજારો દીવાનાં પ્રતિબિમ્બવડે ચુંબિત થયેલી મણિમય ભૂમિ ઉપર જ્યારે, પ્રફુલ્લ ચંપક-પત્રનાં જાણે બલિદાન મુક્યાં હોય એમ લાગતું હતું; ગૃહ-સરોવરોમાં દીવાઓનો પ્રકાશ પડવાથી, રવિ-વિરહ વડે પીડાતી નલિનીના વિનોદને અર્થે જાણે બાલ-સૂર્ય આવેલો હોય એમ જ્યારે ભાસતું હતું; પંજર-ગત સિંહ જ્યારે નિદ્રાવશ થઈ ગયા હતા; ધનુષ્ ચઢાવી, બાણ લઈને જ્યારે યામિક[4] જેવા કામદેવે અંતઃપુરમાં પ્રવેશ કીધો હતો; કર્ણપલ્લવ જેવાં સરાગ, સુરત-દૂતીવચન જ્યારે કર્ણ ઉપર પડતાં હતાં;[5] જાણે સૂર્યકાન્ત મણિમાંથી અગ્નિ લાગવાથી, જ્યારે માનિનીઓનાં શોકાર્ત હૃદય બળવા લાગ્યાં હતાં;[6] અને પ્રદોષ-સમય થયો હતો—ત્યારે ચંદ્રાપીડ, પ્રકટેલી દીપિકાઓ ગ્રહણ કરનાર પરિવાર સહિત, ચાલતો ચાલતોજ રાજગૃહમાં ગયો, અને પિતાની પાસે જરા વાર બેસી, વિલાસવતી માતાને મળી, પોતાને મંદિર આવ્યો; અને ત્યાં અનેક રત્નની પ્રભાથી વિચિત્ર દીસતા શયનતલ ઉપર, વિષ્ણુ જેમ શેષ નાગના ફણા-મંડલ ઉપર પોઢે તેમ પોઢ્યો.

પ્રભાત સમય થવા માંડ્યો એટલે ઉઠીને, પિતાની આજ્ઞા લઈ,

---

૧. કર્ણશંખ—દૃષ્ટિ ન પડે એટલા સારૂ (અથવા આભૂષણ તરીકે) હસ્તિને કર્ણ શંખ પેહેરાવવામાં આવેછે. નક્ષત્રમાલા—જુઓ પૃ. ૧૧ નો. ૬. ૨. જુઓ પૃ. ૧૧૪ લી. ૧, પૃ. ૧૨૭ લી. ૬. વિ૦. ૩. રાજાને સ્વસ્તિવાચક મંત્ર ભણીને વા ક્રિયા કરીને. ૪. પેહેરેગીર (Nightwatch). ૫. રાગ=રક્ત રંગ; અને અનુરાગ. ૬. માનિની—પતિ સાથે રીસાયેલી સ્ત્રી—તેને ખરૂં જોતાં કામાવેશને લીધે હૃદયમાં અગ્નિ લાગેલો પણ તેનું કારણ અન્ય ઉત્પ્રેક્ષિત કર્યું છે.

કુમાર, અભિનવ મૃગયાના ઔત્સુક્યથી, સૂર્ય ઉગ્યો ન હતો એટલામાં તો ઇન્દ્રાયુધ ઉપર અસ્વાર થઈ, ઘણા હાથી, ઘોડા તથા પાયદલ સહિત, વન તરફ જવા નીકળ્યો. ગર્દભ જેવડા મ્હોટા મ્હોટા શ્વાનને સોનાની સાંકળો બાંધી દોરી લાવતા શ્વપાલકો,[1] જેઓએ વૃદ્ધ વ્યાઘ્રનાં ચર્મ રૂપી પંચરંગી વસ્ત્રના કંચુક પેહેરેલા હતા, માથા ઉપર વિવિધ વર્ણના ફેંટા બાંધી દીધા હતા, વધેલી દાઢીને લીધે જેમનાં મુખ ભરાઈ ગયાં હતાં, એક એક કર્ણે જેઓએ સુવર્ણનાં આભૂષણ પેહેર્યા હતાં, કેડ સજ્જડ ભીંડી હતી, અહર્નિશ શ્રમ લેવાથી જેમના ઊરુ-પિંડ જાડા થયેલા હતા, અને હાથમાં જેઓએ ધનુષ પકડી લીધાં હતાં તેઓ કિકિયારી કરતા કરતા ચંદ્રાપીડની આગળ દોડી દોડીને એનો ગમનોત્સાહ દ્વિગુણ કરવા લાગ્યા. એવી રીતે વનમાં જઈને એણે ધનુષ્-ટંકાર કરવા માંડ્યા એટલે તેના શબ્દથી ભયભીત થયેલી વનદેવતાઓ કટાક્ષથી એને જોવા લાગી; અને કર્ણ-પર્યંત ખેંચી છોડેલાં, વિકસિત કુવલયપત્ર જેવાં શોભતાં બાણવડે, તથા મદમત્ત ગજ-શિશુની કુંભ-ભિત્તિયોને ભેદી નાંખતા નારાચવડે[2] એણે હજારો વરાહ, સિંહ, શરભ,[3] ચમર તથા વિવિધ હરિણનો ઘાણ કાઢ્યો. અને બીજાં કેટલાંક પ્રાણિને તો એણે મહા બળને લીધે, જીવસહિતજ કંપતાં પકડી લીધાં.

પછી મધ્યાન્હ થયો એટલે,—વનમાંથી[4] જાણે સ્નાન કરીને ઉઠ્યો હોય એમ સ્વેદ-બિન્દુઓનો જે વર્ષાદ વર્ષાવતો હતો, વારંવાર દાંત કકડાવીને જે તીક્ષ્ણ ચોકડાનો ખણખણાટ કરતો હતો, શ્રમથી શિથિલ થયેલા જેના મુખમાંથી ફીણ સાથે રુધિર-બિન્દુ ટપકતાં હતાં, પર્યાણ-પટ્ટની કોરે કોરે જેને ફેન-લેખા બાઝેલી હતી, અને પ્રફુલ્લ કુસુમથી વિચિત્ર લાગતું તથા ગણગણતાં ભ્રમરનાં ટોળાંથી ભરાઈ ગયેલું, પુષ્પના ગોટાનું કર્ણાભરણ જેણે વન-ગમન-ચિન્હ તરીકે ધારણ કર્યું હતું એવા—ઇન્દ્રાયુધ ઉપર બેઠેલો;[5] સ્વેદથકી અંદર પલળી ગયેલા, તથા મૃગ-રુધિરનાં સેંકડો બિન્દુથી પંચરંગી બનેલા કવચ વડે અધિક અધિક શોભતો; અનેક મૃગની પાછળ દોડવાની ગરબડમાં છત્રધાર વિખુટો પડી જવાથી, છત્રના આકારમાં મુકેલા નવ-પલ્લવ વડે તાપને દૂર કરતો; વિવિધ વન-લતાઓના પુષ્પ-પરાગ

---

૧. શ્વ–કુતરા, તેને પાળનારા. ૨. નારાચ=લોહમય બાણ. ૩. અષ્ટપદનું એક કલ્પિત પ્રાણિ. ૪. વન=અરણ્ય; જલ. ૫. 'બેઠેલો' 'શોભતો' વિગેરે, આગળ આવતા 'ચંદ્રાપીડનાં' લક્ષણ છે.

વડે ધૂસર થવાથી, જાણે શરીરવાન્ સાક્ષાત્ વસંત હોય એવો દેખાતો; અશ્વ-ખુરમાંથી ઉડેલી રજવડે મલિન થયેલા લલાટમાં સ્પષ્ટ દેખાતી સ્વચ્છ સ્વેદ-લેખાવાળો; અને પાયદલ દૂર વિખરાઈ જવાથી જેનો પુરોભાગ શૂન્ય થઈ ગયો હતો એવો ચંદ્રાપીડ, વેગવાળા અશ્વો ઉપર બેઠેલા, અલ્પ શેષ રહેલા રાજપુત્રો સાથે,—આમ મૃગપતિને (મેં માર્યો), આમ વરાહને (હણ્યો), આમ વનમહિષને, આમ શરભને, આમ હરિણને—એવી એવી એ મૃગયાનીજ વાત કરતો કરતો પોતાને મહેલ આવ્યો.

ત્યાં અશ્વ ઉપરથી ઉતરી, સત્વર દોડતા પરિજનોએ આણેલા આસન ઉપર બેસી, કવચ ઉતારી, અશ્વારોહણને ઉચિત સર્વ વેષ એણે કાઢી નાંખ્યો એટલે શ્રમ દૂર કરવા સારૂ આમ તેમ પંખા હલાવીને (સેવકો) એને પવન નાંખવા લાગ્યા. એવી રીતે ક્ષણવાર આરામ લીધા પછી પોતે, મણિના તથા સોના રૂપાના સેંકડો કલશથી ભરેલી સ્નાન-ભૂમિમાં ગયો, જ્યાં સુવર્ણનો એક બાજઠ મુકેલો હતો. ત્યાં સ્નાન-વિધિ કીધા પછી, સ્વચ્છ વસ્ત્ર વડે શરીર લોહી, નિર્મલ દુકૂલ-પલ્લવ માથે બાંધી, (બીજાં) વસ્ત્ર પેહેરી, દેવાર્ચન કરી જ્યારે તે વિલેપન-ભૂમિમાં[1] બેઠો હતો ત્યારે, મહાપ્રતીહારને આગળ કરીને રાજાએ મોકલેલા રાજકુલના સેવકો, કુલવર્ધના[2] સહિત વિલાસવતી રાણીની દાસિયો, તથા સકલ અંતઃપુરે મોકલેલી પરિચારિકાઓ, પેટીઓમાં મુકેલાં વિવિધ આભરણ, હાર, અંગરાગ અને વસ્ત્ર લઈને એની આગળ આવ્યાં. એક એક તેમની પાસેથી તે લઈને પ્રથમ વૈશમ્પાયનને લેપ કર્યા પછી પોતાને અંગરાગ લગાડી, પાસે બેઠેલા રાજપુત્રોને ઘટતાં આભૂષણ, વસ્ત્ર, અંગરાગ તથા પુષ્પ આપીને, રાજકુમાર, વિવિધ મણિનાં હજારો વાસણથી વિચિત્ર થયેલા, અને (તેથીજ) ચળકતા તારાગણવાળા શરદ્ ઋતુના આકાશ જેવા શોભતા આહારમંડપમાં ગયો.

ત્યાં દ્વિગુણિત કુથાસન[3] ઉપર બેસી, પાસે બેઠેલા અને તેના ગુણનું વર્ણન કરતા વૈશમ્પાયને સૌસૌને ઘટિત સ્થાને બેસાડેલા રાજપુત્ર લોક સાથે,—આ આમને આપો, આ એમને મુકો—એમ બોલી બોલી પ્રસાદ-વિશેષ દર્શાવી, તેઓનો સેવા-રસ વધારીને એણે ભોજન કીધું. ત્યાર પછી મુખ-પ્રક્ષાલન કરી, તામ્બૂલ લઈ, ત્યાં જરાવાર બેસી, પોતે ઇન્દ્રા-

૧. પૃષ્ઠ ૧૮ નોટ ૪. ૨. જુઓ પૃ. ૮૯. લી. ૫. ૩. કુથ=વિચિત્ર વર્ણનો કમ્બલ.

ચુધ-સમીપ ગયો. ત્યાં જઈ ઉભે ઉભેજ તેના ગુણ-વર્ણનની વાત ચલાવી, આજ્ઞાની રાહ જોતા પરિજન પાસે છતાં પણ પોતેજ, તેના ગુણથી મોહિત થઈ જઈને, તેની પાસે ધાસ નાંખી, બ્હાર આવીને એ રાજગૃહ તરફ ચાલ્યો. ત્યાં પૂર્વનેજ ક્રમે પિતાને મળી, પાછા આવીને એણે રાત્રિ ગાળી.

બીજે દિવસ પ્રભાત સમયેજ એણે, સર્વ અંતઃપુરના અધિકારી અને પૃથ્વીપતિના માનીતા કૈલાસ નામના કંચુકિને (પોતાની પાસે) આવતો જોયો. તેની પછવાડે પછવાડે એક પ્રથમ વયમાં આવેલી, અતિ ગંભીર આકૃતિની કન્યા ચાલતી હતી. રાજકુલ-સંવાસને લીધે પ્રગલ્ભ થયા છતાં તેનામાં વિનયની ખોટ ન હતી. યૌવનનો તેનામાં કિંચિત્ કિંચિત્ પ્રકાશ થયો હતો. ઇન્દ્રગોપના[1] જેવા રક્ત વસ્ત્રનું તેણે આચ્છાદન નાંખ્યું હતું તેથી તે બાલસૂર્ય સહિત જાણે પૂર્વ દિશા હોય એવી દેખાતી હતી. તરત ભાગેલા મનઃશિલાના[2] ચૂર્ણ જેવા વર્ણની, તેના અંગની લાવણ્યપ્રભાવડે, અમૃત-રસની નદીના પૂરથી જાણે તે આખા ભવનને પૂરી નાંખતી હતી. રાહુ-ગ્રાસના ભયથી ચંદ્રમંડલ ત્યજીને પૃથ્વી ઉપર આવેલી જાણે ચંદ્રિકા હોય, અથવા રાજગૃહની જાણે સાક્ષાત્ દેવતા હોય એવી તે શોભતી હતી. ઝણઝણાટ કરતાં મણિ-નૂપુર ચરણમાં ફેહેર્યાથી, કૂજન કરતા કલહંસ વડે આકુલ થયેલાં કમલવાળી જાણે કમલિની હોય એવી તે દીસતી હતી.[3] મહામૂલ્યની સુવર્ણ-મેખલા તેણે જઘનસ્થલ ઉપર બાંધી હતી. પયોધર તેનાં જરા જરા ગાઢ તથા પ્રફુલ્લ થયેલાં હતાં. ભુજલતાના મંદ મંદ હાલવાથી નીકળતા નખ-કિરણના આકારમાં અહર્નિશ તે પોતાના લાવણ્ય-રસની જાણે ધારા વર્ષાવતી હતી. દિશાઓનાં મુખમાં પ્રસરતા, હાર-લતાઓના કિરણજાલમાં શરીર ડુબી જવાથી તે, ક્ષીરસાગરમાંથી ઉંચું વદન કરીને નીકળતી લક્ષ્મી જેવી શોભતી હતી.[4] તેના અધર ઉપર, તામ્બૂલ ખાધાથી એક શ્યામ લેખા બંધાઈ હતી. તેની નાસિકા સમ, સુવૃત્ત અને ઉંચી હતી. વિકસિત પુંડરીક જેવાં શ્વેત તેનાં લોચન હતાં. ગાલ ઉપર મણિકુંડલ, મકર અને પત્રભંગના કોટિ કિરણનો પ્રકાશ પડવાથી તેનું મુખ જાણે સકર્ણપલ્લવ હોય એવું લાગતું હતું. તેના લલાટ ઉપર સુકાયેલા ધૂસર ચંદન-રસનું તિલક શોભતું હતું. ઘણાંખરાં આભૂષણ તેણે

---

૧. ઇન્દ્રગોપ—એ નામનો રાતો કીડો. ૨. મનઃશિલા—તે નામની ધાતુ. ૩. કમલિનીને કન્યા સાથે, કમલને તેના ચરણ સાથે, અને હંસને તેના નૂપુર સાથે અહીં સરખાવેલાંછે. ૪. આ કન્યાએ કોટમાં

મુક્તાફલનાંજ પેહેર્યાં હતાં. કર્ણની રાજ્ય-લક્ષ્મીની પેઠ તેને અંગરાગ લાગ્યો હતો.[1] અભિનવ વનલેખાની સમાન તેની તનુ-લતા કોમલ હતી.[2] ત્રયીની પેઠ તેના ચરણ સુપ્રતિષ્ઠિત હતા.[3] યજ્ઞશાલા જેવી તે વેદિ-મધ્યા હતી.[4] અને મેરુપર્વતની વનલતા હોય તેમ તે કનક-પત્રથી અલંકૃત હતી.[5]

કંચુકિયે પ્રણામ કરી, આગળ આવી, પોતાનો જમણો હાથ ભૂમિ ઉપર મુકી કહ્યું:—કુમાર! મહાદેવી વિલાસવતીની એવી આજ્ઞા છે કે, મહારાજાએ પૂર્વે કુલૂતેશ્વરની રાજધાની જીતી હતી ત્યારથી પત્રલેખા નામની આ તેની પુત્રીને બાલપણમાંજ બન્દીજનો સાથે આણીને અંતઃપુરની પરિચારિકાઓમાં રાખીછે. એ અનાથ રાજપુત્રી છે એવું જાણી મને સ્નેહ ઉત્પન્ન થવાથી, અત્યાર સુધી મેં એને પુત્રીની પેઠ લાડ લડાવીને ઉછેરીછે. હવે એ તમારી તામ્બૂલ-કરંક-વાહિની થવાને[6] ઉચિત થઇછે એમ જાણી મેં એને મોકલીછે. માટે આયુષ્માને એને અન્ય પરિજન જેવી ન ગણતાં બાલાની સમાન લડાવવી; સ્વ-ચિત્તવૃત્તિની સમાન દુરાચરણમાંથી વારવી; શિષ્યના જેવી ગણવી; અને મિત્રની સમાન એના ઉપર પરિપૂર્ણ વિશ્વાસ રાખવો. દીર્ઘ કાળથી મ્હારો પ્રેમ એના ઉપર વધતો ગયોછે તેથી મ્હારૂં અંતઃકરણ એને પુત્રીના જેવીજ માનેછે, અને મ્હારો પક્ષપાત એના ઉપર બલવાન્ છે. મ્હોટા કુળના રાજવંશમાં એ ઉત્પન્ન થયેલીછે માટે આ સર્વ કર્મને યોગ્ય છે. થોડાજ દિવસમાં એ પોતાની અતિવિનયયુક્ત વર્તણુકથી ખરેખર તમને સંતોષ તો આપશેજ, પરંતુ આ સંદેશો મોકલવાનું પ્રયોજન એટલુંજ છે કે એના ઉપરની મ્હારી પ્રેમ-પ્રવૃત્તિ ઘણા

હાર પેહેરેલા તેના શ્વેત કિરણ નીચે આખા શરીર ઉપર પડે તેથી, તે બધું તેમાં ડુબી ગયેલું; લક્ષ્મીનું શરીર ક્ષીરસાગરમાં; આનું મસ્તક કિરણથી ઢંકાયલું નહિ માટે લક્ષ્મીનું વદન પણ 'સાગરમાંથી ઉંચું થયેલું' એમ કહ્યું. ૧. કર્ણ=કુન્તિ-પુત્ર. કન્યાને અંગરાગ—શરીર ઉપર સુગંધિ લેપ—હતો. કર્ણના દેશનું નામ 'અંગ' માટે તેની રાજ્યલક્ષ્મીને તે 'અંગ' ઉપર રાગ—પ્રીતિ—હોય.

૨. તનુ-લતા=તનુ—શરીર—રૂપી લતા; તનુ—નાજુક—લતા.

૩. ત્રયી=ઋગ્, યજુર્ અને સામ, એ ત્રણ વેદનો સમૂહ. ચરણ=પગ; વેદની શાખા. ૪. વેદિ-મધ્યા=વેદિના જેવો (વચ્ચેથી પાતળો) મધ્ય ભાગ છે જેનો એવી; વેદિ છે મધ્યે જેને એવી. જુઓ કુમાર. સ.૧, શ્લો.૩૯

मध्येन सा वेदिविलग्नमध्या वलित्रयं चारु बभार बाला ॥

૫. કનકનું 'પત્ર' નામનું આભૂષણ કન્યાને; કનકનાં—સુવર્ણનાં અથવા ચંપકનાં—પત્ર—પાંદડાં—મેરુપર્વત૦માં. ૬. જુઓ પૃષ્ઠ ૧૬ નો. ૪.

કાળથી વધતી આવીને અતિ દૃઢ થયેલીછે, અને તમને એનો સ્વભાવ વિદિત નથી. માટે સર્વથા આયુષ્માને એવો પ્રયત્ન કરવો કે જેથી એ તમારી ઘણા કાળ સુધી યોગ્ય પરિચારિકા થઇ રહે.—એટલું કહી જ્યારે કૈલાસ શાન્ત પડ્યો ત્યારે માનપૂર્વક પ્રણામ કરતી પત્રલેખાને અનિમિષ-લોચનથી બહુવાર નિહાળીને ચંદ્રાપીડે–જેવી માતાની આજ્ઞા–એમ કહી, કંચુકિને રજા આપી.

પત્રલેખાને તો તે દિવસથી, એના દર્શનવડેજ સેવા-રસ ઉત્પન્ન થયો તેથી તે દિવસ અને રાત, સુતેલા અથવા બેઠેલા, ચાલતા અથવા રાજગૃહમાં ગયેલા ચંદ્રાપીડની પાસેથી, તેની છાયાની સમાન, જરાપણ વિખુટી પડેજ નહિ. ચંદ્રાપીડને પણ એને જોતાંજ પ્રીતિ ઉત્પન્ન થઇ તે ક્ષણે ક્ષણે ઘણી વૃદ્ધિ પામતી ગઈ, અને પ્રતિદિવસ એ એને અધિક અધિક પ્રસાદ દર્શાવતો ગયો તથા પોતાના હૃદયથી જાણે અભિન્ન હોય એમ એના ઉપર પૂર્ણ વિશ્વાસ રાખવા લાગ્યો.[1]

એવે પ્રકારે કેટલાક દિવસ વીતી ગયા પછી, ચંદ્રાપીડને યૌવરાજ્યાભિષેક કરવાની રાજાને ઇચ્છા થઈ તેથી તેણે સર્વ સાધન તથા સામગ્રીનો સંગ્રહ કરવા સારૂ પ્રતીહારોને આદેશ કર્યો. અભિષેક-સમય પાસે આવવા લાગ્યો તેવામાં એક દિવસ દર્શન સારૂ આવેલા ચંદ્રાપીડને વિનયી છતાં અધિક વિનીત કરવાની ઇચ્છાથી શુકનાસે નીચે પ્રમાણે વિસ્તારીને કહ્યું:—

તાત[2] ચંદ્રાપીડ! જ્ઞાતવ્ય સર્વ તમને વિદિત છે અને સકલ શાસ્ત્રનું તમે અધ્યયન કીધુંછે એટલે જરા પણ ઉપદેશ તો તમને આપવાનો છેજ નહિ. પરંતુ એવું છે કે—યૌવનનો અંધકાર સ્વાભાવિક રીતેજ, સૂર્ય વડે ભેદી શકાય નહિ, રત્નપ્રભા વડે છેદી શકાય નહિ, અને પ્રદીપપ્રકાશવડે દૂર કરી શકાય નહિ એવો અતિ ગહન છે; લક્ષ્મીનો મદ એવો દારુણ છે કે પરિણામે પણ તે શાન્ત પડતો નથી; ઐશ્વર્ય રૂપી અન્ય તિમિરનું અન્ધત્વ એવું તો દુઃખદાયક છે કે તે અંજનવર્તિથી[3] પણ મટતું નથી; ગર્વરૂપી દાહજ્વરની ઉષ્ણતા એવી તો તીવ્ર છે કે શિશિર

---

૧. દર્શન થતાંજ ઉત્પન્ન થઇ સત્વર વૃદ્ધિ પામતા આ અન્યોન્યના અનુરાગનું કારણ ચંદ્રાપીડના તથા પત્રલેખાના પૂર્વજન્મના સંબંધનો સંસ્કાર છે એમ, વાંચનારને ઉત્તરભાગમાં જણાશે. ૨. જુઓ પૃષ્ઠ ૧૨૮ નો. ૧ લી. ૩. આંજવાની સળીથી.

ઉપચાર પણ તેને હરી શકતા નથી; વિષય રૂપી વિષના સ્વાદથી થતો મોહ એવો તો વિષમ છે કે તે કદી મૂળ અથવા મંત્રથી ઉતરતો નથી; અનુરાગ રૂપી મેલનો લેપ એવો તો બલવાન્ છે કે નિત્ય સ્નાન કરવાથી અને શુદ્ધ રહેવાથી પણ તે ખસતો નથી; અને વળી રાજ્ય-સુખની નિદ્રા એવી તો ઘોર હોયછે કે રાત્રિને અંતે તેમાંથી કદી જગાતું નથી;—(આવું છે) માટે તમને જરા વિસ્તારથી કહુંછું.—ગર્ભૈશ્વર્ય[1], નવયૌવન, અસામાન્ય રૂપ અને અમાનુષી શક્તિ એ સર્વે ખરૂ જોતાં એક મ્હોટી અનર્થ-પરંપરા છે. એમાંનું એક એક છૂટું છૂટું પણ સર્વ અવિનયનું સ્થાન છે તો પછી સર્વના સમૂહની તો વાતજ શી![2] યૌવનના આરંભમાં બુદ્ધિ, શાસ્ત્ર-જલના પ્રક્ષાલનથકી નિર્મલ થયેલી હોય તોપણ, ઘણું કરીને મલિન થઇ જાયછે. યુવાનોની દૃષ્ટિ ધવલ રહેવા છતાં પણ સરાગજ થાયછે[3]. રજોભ્રાન્તિ ઉત્પન્ન કરનાર પવન જેવી, યૌવન-સમયની પ્રકૃતિ પુરુષને શુષ્ક પત્રની સમાન સ્વેચ્છાએ અતિદૂર ઘસડી જાયછે[4]. ઉપભોગરૂપી આ અતિગહન મૃગતૃષ્ણિકા[5] સર્વદા ઇંદ્રિયોરૂપી હરિણોનું આકર્ષણ કરેછે. એનાં એજ વિષય-સ્વરૂપ જયારે નવ-યૌવનથી કષાય[6] થયેલા મનને ચાખવામાં આવેછે ત્યારે જલની સમાન અધિક અધિક મધુર લાગેછે. વિષયની અત્યાસક્તિ પુરુષને દિઙ્મોહની[7] પ્રમાણે ઉન્માર્ગે લઇ જઇને એનો નાશ કરેછે. માત્ર તમારા જેવાજ ઉપદેશને પાત્ર થાયછે, કેમકે સ્ફટિકમણિમાં જેમ ચંદ્ર-કિરણ, તેમ નિર્મલ મનમાંજ ઉપદેશ-ગુણ રહેલથી પ્રવેશ કરી શકેછે. ગુરુ-વચન અમલ હોય તોપણ તે જલની સમાન અભવ્ય પુરુષને કર્ણે મ્હોટું શૂલ ઉત્પન્ન કરેછે, પરંતુ હસ્તિના શંખાભરણની[8] પેઠે, ભવ્ય પુરુષોના મુખને અધિક અધિક શોભા આપેછે. પ્રદોષ-સમયના ચંદ્ર જેવો, ગુરુનો શાન્તિકારક ઉપદેશ,

---

૧. ગર્ભૈશ્વર્ય=જન્મથીજ સમૃદ્ધિમાં–સાહેબીમાં–રહેવું તે. ૨. જુઓ હિતોપદેશ પ્ર૦ શ્લો૦ ૧૦.—

> यौवनं धनसम्पत्तिः प्रभुत्वमविवेकता ।
> एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ॥

૩. જુઓ પૃ. ૮૨ લી. ૨૭ નો. ૫. ૪. રજોભ્રાન્તિ=રજોગુણથકી થતી ભ્રાન્તિ; ધૂળનું ઉડવું. ૫. (Mirage). જુઓ પૃ. ૩૯ નો. ૨.—બીજો અર્થ. ૬. રાગયુક્ત; તુરૂં. ૭. દિશાઓની ભ્રાન્તિ, ખરો રસ્તો આ કે આ તેની સૂઝ નહિ પડે એ 'દિઙ્મોહ.' ૮. શંખાભરણ–

સંધ્યાકાળના અંધકાર જેવા અતિમલિન પણ સકલ દોષને હરી લેછે, અને વૃદ્ધાવસ્થા જેમ મસ્તકના કેશને પલિતરૂપે નિર્મલ કરેછે તેમ તે સર્વ દોષને ગુણના રૂપમાં ફેરવી નાંખેછે. તમે હજી વિષય-રસનો સ્વાદ ચાખ્યો નથી એટલે ઉપદેશ ગ્રહણ કરવાનો તમારે આજ ઉચિત સમય છે, કારણ કે કુસુમશરના શર-પ્રહારથી હૃદય જર્જરિત થઈ જાયછે ત્યારે તેમાંથી જલની સમાન ઉપદેશ ગળી પડેછે. જેની પ્રકૃતિ દુષ્ટ છે તેનું કુલ કે જ્ઞાન કંઈ વિનયનું કારણ થઈ પડતું નથી[1].–શું ચંદન-વૃક્ષનો અગ્નિ નથી બાળતો? અને શાન્તિકારક જલથી પણ શું વડવાગ્નિ અધિક પ્રચંડ નથી થતો?[2] ગુરુનો ઉપદેશ તો પુરુષોના સર્વ મલનું પ્રક્ષાલન કરી શકે એવું, જલ વિનાનું સ્નાન છે; પલિતાદિ વૈરૂપ્ય વિનાનું, અજર વૃદ્ધત્વ છે;[3] શરીર સ્થૂલ ન કરે એવું ગુરૂકરણ છે;[4] સુવર્ણવિના ઘડેલું અગ્રામ્ય કર્ણાભરણ છે; જ્યોતિથી ચઢે એવો પ્રકાશ છે; અને ઉદ્વેગ ન કરે એવું જાગરણ છે;—તેમાં વિશેષે કરીને રાજાઓને, કેમકે તેઓને ઉપદેશ કરનાર થોડાજ હોયછે, અને સર્વ મનુષ્ય રાજાના વચનને પ્રતિ-શબ્દની સમાન ભયથી અનુવર્તેછે. ઉદ્દામ દર્પરૂપી સોજાથી તેમનાં કર્ણ-વિવર બંધ થઈ ગયાં હોયછે તેથી તેઓ કોઈ ઉપદેશ દેનાર (મળે તે)ને પણ સાંભળતા નથી; અને કદી સાંભળે તોપણ, હસ્તિની પ્રમાણે ચક્ષુ બંધ રાખી, તેની અવધીરણા કરી, હિતોપદેશ આપનાર ગુરુઓને ખેદ પમાડેછે. અહંકારરૂપી દાહ-જ્વરની મૂર્છાથી અંધ થયેલી રાજ-પ્રકૃતિ વિહ્વલ હોયછે; દ્રવ્ય મિથ્યાભિમાનવડે ઉન્મત્ત કરનારછે; અને રાજ-લક્ષ્મી, રાજ્યરૂપી વિષ-વિકારની જડતા ઉત્પન્ન કરેછે.

આપ કલ્યાણની ઈચ્છા રાખોછો તો પ્રથમ એ લક્ષ્મીજ કેવી છે તે જુઓ. યોદ્ધાઓના ખડ્ગ-મંડલરૂપી કમલવનમાં વિશ્રામ કરનારી

જુઓ પૃષ્ઠ ૧૩૧ નોટ ૧. ૧. કોઈ એમ પ્રશ્ન કરે કે વિષયીજન કુલિન વા જ્ઞાની હોય તો તેને ઉપદેશની અગત્ય નથી–તો તેના ઉત્તરમાં કહેછે કે જેની પ્રકૃતિજ દુષ્ટ છે તેને એ કુલ વા જ્ઞાન વિનયી કરી શકતાં નથી. ૨. ઉપરનું સિદ્ધાન્ત દૃષ્ટાન્તવડે દૃઢ કરેછે–અગ્નિની દુષ્પ્રકૃતિ છે માટે ગમે તો તે ચંદનનાં લાકડાંનો હોય તોપણ બાળવાનો પોતાનો જાતિ-ગુણ મુકી દેતો નથી. વડવાગ્નિ=સમુદ્રતળે કલ્પેલો અગ્નિ.

૩. પલિત–પળિયાં–વિના, અજર રહીને–વૃદ્ધાવસ્થા આવ્યા વિના–ગુરુના ઉપદેશથી પુરુષ વૃદ્ધ–પાકી બુદ્ધિનો–થાયછે. ૪. ઉપદેશથી માણુસ ભારે થાયછે–મ્હોટો થાયછે–પણ તેનામાં કંઈ ચરબી વધતી નથી.

એ ભ્રમરી, પારિજાત-પલ્લવ પાસેથી રાગ, ચંદ્રકલા પાસેથી અતિશય વક્રતા, ઉચ્ચૈઃશ્રવસ્ પાસેથી ચંચલતા, વિષ પાસેથી મોહન-શક્તિ, મદિરાપાસેથી મદ, અને કૌસ્તુભમણિ પાસેથી અતિ કઠિનતા,—એટલાં વાનાં સહવાસ-પરિચયથી, વિયોગ-સમયે વિનોદ કરનાર ચિન્હતરીકે લઇનેજ ક્ષીરસાગરમાંથી બ્હાર આવી છે.[1] એ અનાર્યા જેવું જગત્માં બીજું કોઇ અપરિચિત નથી. પ્રાપ્ત થયા પછી પણ મહા કષ્ટે એ રહી શકેછે. ગુણ રૂપી પાશના દૃઢ બંધનથી એને નિશ્ચલ કરી રાખી હોયછે તોપણ એ નાસી જાયછે.[2] અતિગર્વ ધરાવતા હજારો યોદ્ધાઓએ ઉંચી કરેલી ખડ્ગ-લતાઓના પંજરમાં પૂરી હોય ત્યાંથી પણ એ જતી રહેછે. મદજલરૂપી દુર્દિનનો અંધકાર કરી મુકતા ગજની ઘન ઘટાથી એનું રક્ષણ કર્યું હોય તેમાંથી પણ એ પલાયન કરી જાયછે. નથી એ પરિચય રાખતી; નથી ઉંચા કુળને જોતી; નથી રૂપને દેખતી; નથી કુલ-ક્રમને અનુસરતી; નથી શીલ ઉપર દૃષ્ટિ કરતી; નથી ચતુરાઇને ગણતી; નથી શ્રુતિને સાંભળતી; નથી ધર્મને માનતી; નથી ઉદારતાનો આદર કરતી; નથી વિશેષ જ્ઞાનનો વિચાર કરતી; નથી આચારને પાળતી; નથી સત્યને સંભારતી; અને નથી લક્ષણનું પ્રમાણ ગણતી; પણ ગંધર્વ-નગર-લેખાની[3] પેઠ જોતા જોતામાં ઉડી જાયછે! હજી સુધી પણ એને મંદરાચલના ભ્રમણનો સંસ્કાર રહ્યો હોય એમ એ ભમ્યાં કરેછે. પદ્મ-સમૂહમાં ચાલવાથી

---

૧. સમુદ્રમાંથી મંથન-સમયે ચૌદ રત્ન નીકળ્યાં હતાં તે આ પ્રમાણેઃ—

लक्ष्मीः कौस्तुभपारिजातकसुरा धन्वन्तरिश्चंद्रमाः ।
गावः कामदुघाः सुरेश्वरगजो रंभादिदेवाङ्गनाः ॥
अश्वः सप्तमुखो विषं हरिधनुः शंखोमृतञ्चाम्बुधेः ।
रत्नानीति चतुर्दश (प्रतिदिनं कुर्वन्तु नो मंगलम्) ॥

રાગ—જુઓ પૃ. ૮૨ નો. ૫. વક્રતા—બીજો અર્થ 'આડાઇ'. ઉચ્ચૈઃ-શ્રવસ્=ઇન્દ્રનો અશ્વ. ચંચલતા=ચપલતા; અસ્થિરતા. મોહન-શક્તિ=મૂર્છા પમાડવાની શક્તિ; મોહ પમાડવાની શક્તિ. મદ=કેફ; ગર્વ. કઠિનતા—શરીરની, અને મનની. જુઓ સુ. ર. ભા. પૃ. ૭૮—

चाञ्चल्यमुच्चैःश्रवसस्तुरंगात् कौटिल्यमिन्दोर्विषतो विमोहः ।
इति श्रियाशिक्षि सहोदरेभ्यो न वेद्मि कस्माद्गुणवद्विरोधः ॥

૨. ગુણ—બીજો અર્થ 'દોરી'. જુઓ સુ. ર. ભા. પૃ. ૭૮—

अपि दोर्भ्याम् परिबाढ बद्धापि गुणैरनेकधा निपुणैः ।
निर्गच्छति क्षणादिव जलधिजलोत्पत्तिपिच्छला लक्ष्मीः ॥

૩. આકાશમાં દેખાતું એક કલ્પિત નગર જે ક્ષણવાર દેખાઇને લુપ્ત

જાણે એને કમલ-દંડના કાંટા વાગ્યા હોય એમ એ કોઈ સ્થલે પગ સ્થિર મુકીને રહેતી નથી. મ્હોટા મ્હોટા રાજાઓનાં મંદિરમાં એને મહા મહા પ્રયત્ને રાખી મુકેછે તોપણ, વિવિધ ગંધગજનાં ગંડસ્થલનું મધુ પીવાથી જાણે મત્ત થઈ હોય એમ એ સ્ખલન કરેછે. જાણે કઠિનતા શીખવાને સારૂજ એ ખડ્ગ-ધારાઓમાં વાસ કરેછે. જાણે વિશ્વરૂપત્વ[1] ગ્રહણ કરવાનેજ એણે શ્રીનારાયણનો આશ્રય લીધોછે. કેવળ અવિશ્વાસ રાખીને એ સંધ્યા-કાળના કમલની પેઠે, અતિવૃદ્ધ મૂલ-દંડ તથા કોશ-મંડલવાળા પણ ભૂપ-તિનો ત્યાગ કરેછે.[2] લતાની પેઠે વિટપ સાથે જોડાઈ જાયછે.[3] ગંગા જેવી વસુ-જનની છતાં પણ એ તરંગ-બુદ્બુદ-ચંચલ છે.[4] સૂર્યની ગતિની પેઠે વિવિધ સંક્રાન્તિ પ્રકટ કરેછે.[5] પાતાલની ગુહા જેવી તમસ્થી ભરેલીછે.[6] હિડમ્બાની પેઠે એનું હૃદય માત્ર ભીમ-સાહસથીજ હરી શકાયછે.[7] વર્ષા-ઋતુના જેવી એ ક્ષણભંગુર જ્યોતિને ઉત્પન્ન કરનારીછે.[8] અને દુષ્ટ પિશા-ચિણીની સમાન અનેક પુરુષોની ઉંચાઈ દેખાડેછે.[9] અલ્પ પ્રાણીને એ ઉન્મત્ત કરી દેછે; સરસ્વતીના માનીતાને જાણે ઈર્ષ્યાથી આલિંગતી નથી; ગુણવાન્ને જાણે અપવિત્ર ગણીને સ્પર્શ કરતી નથી; ઉદારને જાણે અ-મંગલ ગણીને માન્ય કરતી નથી; સુજનને કુલક્ષણ હોય એમ જોતી (પણ) નથી; કુલિનનું સર્પની સમાન લંઘન કરેછે; શૂરાને કંટકની પેઠે ત્યજી દેછે;

થઈ જાયછે. ૧. વિશ્વરૂપ—એવું વિષ્ણુનું નામ પણ છે. જુઓ પૃં. ૩ લી. ૫.

૨. રાજાને મૂલ-દંડ—વંશ-ક્રમાગત સૈન્ય, કોશ—ખજાનો, ને મંડલ—રાજ્ય—હોય; કમલને મૂળ, દંડ ને કોશ-મંડલ—કળિયોનો સમૂહ.

૩. વિટપ=લમ્પટ પુરુષ; વૃક્ષ. ૪. વસુ=દ્રવ્ય; ગંગાના આઠ પુત્ર. બુદ્બુદ—પરપોટા—ના જેવી ચંચલ—લક્ષ્મી; તે વડે ચંચલ—ગંગા. લક્ષ્મી વિશે આવોજ વિચાર શ્રીમત્ શંકરાચાર્યે અપરાધ-ક્ષમા-સ્તોત્રમાં દર્શા-વ્યોછે:—

आयुर्नश्यति पश्यतां प्रतिदिनं याति क्षयं यौवनम् ।
प्रत्यायान्ति गताः पुनर्न दिवसाः कालो जगद्भक्षकः ॥
लक्ष्मीस्तोयतरङ्गभङ्गचपला विद्युच्चलं जीवितम् ।
तस्मान्मां शरणागतं शरणद त्वं रक्ष रक्षाधुना ॥

૫. સંક્રાન્તિ=એકથી બીજા પાસે જવું; સૂર્યનું એકથી બીજી રાશિમાં.

૬. તમસ્=તમોગુણ; અંધકાર. ૭. હિડમ્બા—રાક્ષસી—ભીમની સ્ત્રી. ભીમ=ભયંકર; અર્જુન વિ૦ નો ભાઈ. ૮. ક્ષણ૦ જ્યોતિ—પ્રકાશ; વીજળી. ૯. લક્ષ્મી વિવિધ પુરુષોની ઉન્નતિ કરેછે; પિશાચીઓ વખતે માયાના પ્રભાવથી આઠ દસ માથોડાં ઉંચી વધી જાય.

દાતારને દુઃસ્વપ્નની સમાન સંભારતી નથી; વિનીતને પાતકી જેવો ગણી તેની સમીપ આવતી નથી; અને મનસ્વીને ઉન્મત્ત ગણીને હસી કાઢેછે. ઇંદ્રજાલની[1] સમાન પરસ્પર વિરોધ દર્શાવીને જગત્માં એ પોતાનું ચરિત પ્રકટ કરેછે. તેમજ, સર્વદા ઉષ્ણતા ઉત્પન્ન કરવા છતાં પણ એ જાડ્ય[2] આણેછે; ઉન્નતિ આપતાં પણ નીચ સ્વભાવ દર્શાવેછે; જલરાશિમાંથી ઉત્પન્ન થયેલી છતાં પણ તૃષ્ણા વધારે છે;[3] ઈશ્વરતા આપવા છતાં પણ પ્રકૃતિનું અશિવ કરી દે છે;[4] બલ વધારતાં પણ લઘુતા પમાડી દે છે;[5] અમૃતની સહોદર છતાં પણ પરિણામે કડવી થઇ પડેછે; વિગ્રહવતી છતાં પણ પ્રત્યક્ષ દર્શન દેતી નથી;[6] પુરુષોત્તમને અનુરક્ત છતાં પણ ખલ પુરુષની પ્રીતિ બાંધેછે;[7] અને જાણે ધૂલિમય હોય તેમ સ્વચ્છને પણ મલિન કરી મુકેછે.

વળી જેમ જેમ એ ચપલા પ્રકાશેછે તેમ તેમ દીપ-જ્યોતિની સમાન એમાંથી કજ્જલ-મલિન કર્મજ કેવળ નીકળેછે.[8] કેમકે એ તૃષ્ણારૂપી વિષ-લતાઓનું પોષણ કરનારી જલ-ધારા છે; ઇન્દ્રિયો રૂપી મૃગોને (આકર્ષણ કરનારી) વ્યાધ-ગીતિ છે;[9] સચ્ચરિત રૂપી ચિત્રોને ભુસી નાંખનારી ધૂમ-લેખા છે; મોહરૂપી દીર્ઘ નિદ્રાની વિલાસ-શય્યા છે; ધન-મદરૂપી પિશાચિકાઓને વસવાની જીર્ણ વલભી છે;[10] શાસ્ત્ર-દૃષ્ટિની તિમિરોત્પત્તિ છે; સર્વ અવિનયોની આગળ ઉડતી પતાકા છે; ક્રોધના આવેગ રૂપી મગરોને ઉત્પન્ન કરનાર નદી છે; વિષય રૂપી મધુપાન કરવાની ભૂમિ છે; ભ્રૂ-વિકાર રૂપી નાટ્યની સંગીતશાલા છે; દોષ રૂપી

૧. ઇન્દ્રજાલ= જાદુ, કપટ. ૨ જુઓ પૃ. ૫૩ નો. ૧૩.

૩. જલરાશિ=પાણીનો ભંડાર; સમુદ્ર. તૃષ્ણા=તૃષા; વાઞ્છા.

૪. ઈશ્વરતા–શિવપણું, અને અશિવ–શિવ નહિ–એ વિરોધ. શમાવવામાં, ઈશ્વરતા=મ્હોટાઇ, ને અશિવ=અશુભ–એ અર્થ લેવા.

૫. દ્રવ્યથી પ્રભાવ તો વધે, પરંતુ બુદ્ધિની લઘુતા થવાનો સંભવ છે.

૬. વિગ્રહ=શરીર; કલહ.

૭. પુરુષોત્તમ=ઉત્તમ પુરુષ; નારાયણ. જુઓ સુ. ૨. ભા. પૃ. ૭૯—

मुरारेर्योषित्सा सरसिरुहकिञ्जल्कनिलया।
तथापि श्रीः स्त्रीत्वात्प्रकृतिचपलालिङ्गति खलान्॥

૮. અર્થાત્ જેમ જેમ મનુષ્યની ધન-તૃષ્ણા વૃદ્ધિ પામેછે તેમ તેમ તે કાળાં કર્મ કરવાનું શીખેછે. ૯. વ્યાધ-ગીતિ=પારધીઓનું ગાયન.

૧૦. જુઓ પૃ. ૬૬ નો. ૭ મી.

સર્પોને વસવાની ગુહા છે; સત્પુરુષોનો વ્યવહાર અટકાવનારી વેત્રલતા છે; ગુણરૂપી કલહંસોની અકાલ વર્ષાઋતુ છે;[1] લોકાપવાદ રૂપી વિસ્ફોટકને વિસ્તાર પામવાની ભૂમિ છે; કપટ-નાટકની પ્રસ્તાવના છે; કામ રૂપી ગજની ધ્વજા છે; સાધુભાવની વધ્યશાલા છે; અને ધર્મ રૂપી ચંદ્ર-મંડલની રાહુ-જિવ્હા છે.

એવો કોઇ પુરુષ હું દેખતો નથી જેને આ અપરિચિત લક્ષ્મીએ ગાઢ આલિંગન નહિ દીધું હોય કે જેને છેતર્યો નહિ હોય. ખરેખર, આલેખ્યમાં રાખી હોય ત્યાંથી પણ જતી રહે, પુસ્તકોમાં હોય ત્યાંથી પણ દગો કરી જાય, કોતરેલી હોય તોએ ઠગી જાય, સાંભળતાં પણ છેતરી જાય, અને ચિન્તન કર્યાથી પણ વંચન કરે એવી એ છે. આવી દુરાચરણી છતાં પણ રાજાઓ કોણ જાણે કેમ દૈવયોગે એના પરિગ્રહથી વિક્લવ બની જઇને સર્વે અવિનયોનું સ્થાન થઇ પડેછે. કેમ જે, અભિષેક-સમયેજ જાણે મંગલ કલશના જલથી તેઓનું દાક્ષિણ્ય[2] ધોવાઇ જાયછે. જાણે અગ્નિ-કાર્યના ધૂમથી તેઓનાં હૃદય મલિન બની જાયછે. જાણે પુરોહિતની દર્ભાગ્ર રૂપી સંમાર્જની થકી[3] તેઓની ક્ષમા દૂર જતી રહેછે. મસ્તક ઉપરના જાણે મુકુટજ આવનાર વૃદ્ધાવસ્થાના સ્મરણને ઢાંકી નાંખેછે. છત્ર-મંડલથીજ જાણે તેમને પરલોક-દર્શન બંધ થાયછે. જાણે ચામરના પવનથી તેમની સત્યવાદિતા ઉડી જાયછે. જાણે વેત્ર-લતાઓજ તેમના સર્વ ગુણને દૂર કરેછે. જય શબ્દના કલકલમાંજ જાણે સાધુવાદ ડુબી જાયછે, અને ધ્વજ-પટના પલ્લવથીજ જાણે તેમનો યશ ભુસાઇ જાયછે. તેમજ કેટલાક, શ્રમને લીધે શિથિલ બની ગયેલી પક્ષીની ડોક જેવી ચપલ, ખદ્યોતના[4] પ્રકાશ જેવી ક્ષણ-મનોહર, અને મનસ્વી જનથી નિન્દિત સંપત્તિ વડે લોભાઇ જઇને,—જરાક ધન મળવાથી ગર્વિષ્ઠ થઇ સ્વજન્મ ભુલી જઇને,—અનેક દોષથી વૃદ્ધિ પામેલા દુષ્ટ રુધિર જેવા રાગાવેશથી પીડાઇને,—વિવિધ વિષય-રસ ચાખવાને

---

૧. વર્ષાઋતુ હંસને પ્રતિકૂલ છે તેમ લક્ષ્મી ગુણને. વર્ષાઋતુમાં હંસ સંતાઇ જાયછે અને મયૂરનું બલ વધેછે. શરદ્‌માં તેથી ઉલટું થાયછે. જુઓ પૃ. ૬૩ લી. ૯–૧૨. વળી જુઓ 'શિશુપાલવધ' સર્ગ ૬ શ્લો. ૪૪.

समय एव करोति बलाबलम् प्रणिगदन्त इतीव शरीरिणाम् ।
शरदि हंसरवाः परुषीकृतस्वरमयूरमयूरमणीयताम् ॥

૨. પ્રમાણિકતા, સભ્યતા. ૩. સંમાર્જની=સાવરણી.

૪. ખદ્યોત=આગિયો.

ઈચ્છતી, પાંચ છતાં પણ અનેક સહસ્ર જેવી લાગતી ઇંદ્રિયોથી દુઃખ પામતા પામતા,—ચંચલ પ્રકૃતિને લીધે પ્રસાર પામીને, એક છતાં પણ શત-સહસ્ર જેવા થઇ પડેલા મન વડે આકુલવ્યાકુલ થઇ વિહ્વલ બની જાયછે. જાણે ગ્રહ તેમને ઘેરી લે છે; ભૂત જાણે પજવેછે; મન્ત્રનો જાણે તેમનામાં આવેશ થાયછે; વિકરાલ પ્રાણિયો જાણે તેમને ગભરાવેછે; વાયુ જાણે તેમની વિડંબના કરેછે; પિશાચો જાણે તેમનું ભક્ષ કરી લેછે; કામબાણથી જાણે તેઓનાં મર્મસ્થાન ભેદાયાં હોય તેમ તેઓ હજારો મુખ-ભંગ[1] કરેછે; ધનની ઉષ્ણતાથી જાણે ઉકળતા હોય એમ ચેષ્ટાઓ કરેછે; જાણે ગાઢ પ્રહાર લાગ્યા હોય તેમ તેઓ અંગ ધારી શકતા નથી; કરચલાની પેઠે વાંકા વાંકા ચાલેછે; અધર્મને લીધે ગતિ[2] ભગ્ન થવાથી, અપંગની પ્રમાણે તેઓ પર પુરુષથી દોરાય છે; અસત્ય વાદ કરવાથી પરિણામમાં જાણે મુખ-રોગ થયો હોય તેમ તેઓ મહા કષ્ટે બોલેછે; સપ્તપર્ણ વૃક્ષની પેઠે કુસુમ-રજોવિકાર વડે, પાસે બેઠેલાઓના મસ્તકમાં તેઓ શૂલ ઉત્પન્ન કરેછે;[3] મૃત્યુ જાણે પાસે આવ્યું હોય તેમ બંધુ-જનોને પણ ઓળખતા નથી; નેત્ર જાણે અંજાઇ ગયાં હોય તેમ તેજસ્વી પુરુષોને તો દેખતાજ નથી; કૃષ્ણસર્પનો જાણે તેમને દંશ થયો હોય તેમ મહા-મંત્રિયો પણ તેમને જગાડી શકતા નથી;[4] લાક્ષામય હોય તેમ તેઓ સોષ્મને સહી શકતા નથી;[5] દુષ્ટ ગજોની પેઠે, મહામાન-સ્તંભ સાથે નિશ્ચલ કર્યા છતાં પણ તેઓ ઉપદેશ ગ્રહણ કરતા નથી;[6] તૃષ્ણારૂપી વિષની મૂર્છામાં પડવાથી સર્વ તેઓ કનકમય જુએ છે; તરવારોની પેઠે પાનવડે તીક્ષ્ણતા વધારીને, પર-પ્રેરણાથી તેઓ (કોઇનો) નાશ કરેછે;[7] દંડ થકી, દૂર રહેલાં પણ મ્હોટાં મ્હોટાં કુલને ફલની સમાન તોડી પાડે-છે; અકાલ કુસુમ-પ્રસવના જેવા તેઓ, મનોહર આકૃતિવાન્ છતાં પણ

---

૧. જુઓ પૃ. ૫૩નો. ૯. ૨. બીજો અર્થ "સત્કર્મ કરવાની વૃત્તિ." ૩. સપ્તપર્ણ–તે નામનું એક (દુર્ગંધિ) વૃક્ષ. રજસ્=રજોગુણ; ધૂળ. ૪. મહામંત્રિયો=મહાપ્રધાનો; મંત્રવાળા જાદુગરો. ૫. સોષ્મ=(ધનની) ઉષ્ણતા વાળા (પુરુષ); ઉષ્ણ (વસ્તુ). અર્થાત્ જેમ લાખ પોતાની પાસે ઉષ્ણ વસ્તુને સહી શકતી નથી તેમ તેઓ બીજા કોઈ તેજસ્વી વા ધનવાન્‌ને (ઈર્ષ્યાવિના) જોઈ શકતા નથી. ૬. મહામાન-સ્તંભ=મ્હોટા માન રૂપી સ્તંભ; અને મ્હોટા માનના–કદના–સ્તંભ. ૭. પાન=મદ્યપાન; તરવારને

લોકના વિનાશ-હેતુ થઈ પડેછે;[1] 'સ્મશાનના જાણે અગ્નિ હોય તેમ તેમની વિભૂતિ અતિરૌદ્ર હોયછે;[2] ચક્ષુ-રોગ-ગ્રસ્ત જેવા તેઓ અદૂરદર્શી હોયછે; અને કામી પુરુષોની સમાન તેઓનાં ભવન ક્ષુદ્ર જનથી અધિષ્ઠિત હોયછે.[3] શ્રવણ કીધાથી પણ તેઓ પ્રેત-પટહની[4] સમાન ભય ઉત્પન્ન કરેછે; તેમનું ચિન્તન કરવાથી પણ મહાપાતકના કાર્યની સમાન કંઈ કંઈ ઉપદ્રવ કરેછે; દિવસે દિવસે ભરાતા પાપથી જાણે તેઓ ફુલી જાયછે; અને એવી અવસ્થામાં સેંકડો વ્યસનમાં લપટાઈ જવાથી વલ્મીક[5] ઉપરના તૃણની ટોચે રહેલા જલબિન્દુઓની સમાન તેઓને પોતાના પડવાનું પણ ભાન રહેતું નથી.

વળી, કેવલ સ્વાર્થ સાધનારા ધૂર્તલોક—ધનરૂપી માંસનો ગ્રાસ કરનાર ગૃધ્ર પક્ષિયો,—સભામંડપરૂપી કમલિનીના બગલાઓ—ઠગવિદ્યામાં પોતે કુશલ હોવાથી બીજા કેટલાક (રાજાઓ)ને એમ સમજાવેછે કે દ્યૂત રમવું એ વિનોદ છે; પરસ્ત્રીનો સમાગમ કરવો એ ચાતુરી છે; મૃગયા એ કેવલ શ્રમ છે; મદ્યપાન કરવું એજ વિલાસ છે; પ્રમત્તતાનું નામજ શૌર્ય છે; સ્વપત્નીનો પરિત્યાગ કરવો એનું નામજ અવ્યસનિતા છે; ગુરુવચનનો અનાદર કરવો એજ સ્વતંત્રતા છે; સેવકજનોને યથેચ્છ વર્તવા દેવું એનું નામજ સુખની સેવા પામવી; નૃત્યમાં, ગાનમાં, વાદિત્રમાં, અને વેશ્યાઓમાં આસક્ત રહેવું એજ રસિક પુરુષનું લક્ષણ; મ્હોટા મ્હોટા અપરાધ ઉપર (પણ) લક્ષ ન આપવું, એનું નામજ મહાનુભાવતા;[6] પરાજય સહન કરવો એજ ક્ષમા; સ્વચ્છન્દ વર્તવું એજ પ્રભુત્વ; દેવની અવગણના કરવી એનું નામજ મહાવીરતા; બંદિજનોનાં કરેલાં વખાણ તેજ યશ; મનની અસ્થિરતા તે ઉત્સાહ; અને ખરાખોટામાં ભેદ ન જાણવો એજ નિષ્પક્ષપાત કહેવાય;—આ પ્રકારે સર્વ દોષને પણ એ ધૂર્તો ગુણનું આરોપણ કરી દેખાડેછે, પરંતુ પોતે તો મનમાં હસતા જાયછે અને દેવતાઈ સ્તુતિ કરી કરીને તે રાજાઓને ઠગેછે. દ્રવ્ય-મદથી

પાણી પાયછે તે. ૧. જુઓ હિતોપદેશ–'વિગ્રહ'–શ્લો. ૨૩:—

अकालकुसुमानीव भयं संजनयन्ति ह ।

૨. વિભૂતિ=સંપત્તિ; રાખ. અતિરૌદ્ર=રુદ્ર–શિવ–ના કરતાં પણ ચઢતી; અને અતિ ભયાનક. ૩. ક્ષુદ્ર–હલકા–પુરુષોનું ચલણ રાજાઓને ત્યાં; પક્ષે વેશ્યા આદિનું. ૪. પ્રેત-પટહ=શ્મશાનમાં વગાડાતું વાદ્ય. ૫. રાફડો–(Ant-hill.) ૬. મ્હોટું મન રાખવું તે.

તેમનાં ચિત્ત મત્ત હોયછે માટે તેઓ વિચાર-હીન, એ બધું યથાર્થ માનીને મિથ્યાભિમાન ધરાવેછે; મર્ત્ય છતાં પણ જાણે દેવાંશી હોય એમ પોતાને સદૈવત તથા અલૌકિક માનેછે; અને દિવ્ય પુરુષોને ઉચિત ચેષ્ટા તથા અનુભાવ કરવા માંડેછે, જેથી તેઓ સર્વ જનોના હાસ્યને પાત્ર થાયછે. સેવકજનો પોતાની વિડંબના કરે તેને પણ તેઓ અભિનન્દન કરેછે. મનમાં પોતાને દેવતાનું આરોપણ કરીને ઠગાયાથી, અસત્ય સંભાવનાવડે બુદ્ધિ-હીન થયેલા તેઓ, જાણે પોતાના બે હાથની અંદર બીજા બે હાથ પેઠલા હોય એમ માનેછે; લલાટની અંદર, ત્વચાથી ઢંકાયેલું જાણે પોતાને ત્રિજું નેત્ર હોય એમ શંકા કરેછે;[1] કોઈને દર્શન આપવું એ પણ મ્હોટો અનુગ્રહ છે એવું સમજેછે; દૃષ્ટિપાતને પણ ઉપકાર-પક્ષે ગણેછે; સંભાષણ પણ એક પ્રકારનું દાન છે એમ જાણેછે; આજ્ઞા કરવી એ વરદાન આપવું એમ ધારેછે; ને પોતાના સ્પર્શને પણ પાવન ગણેછે. (વળી) મિથ્યા માહાત્મ્યના ગર્વમાં તણાઈને તેઓ દેવતાઓને (પણ) નમતા નથી; બ્રાહ્મણોને પૂજતા નથી; માન્યને માન દેતા નથી; પૂજ્યની પૂજા કરતા નથી; નમવા-યોગ્યને નમતા નથી; તથા ગુરુઓને ઉઠીને સત્કાર કરતા નથી. વિદ્વજ્જનો નિરર્થક શ્રમથકી પોતાના વિષયોપભોગ-સુખમાં વિઘ્ન લાવેછે એમ ગણી તેમની હાસી કરેછે; વૃદ્ધજનના ઉપદેશને, વૃદ્ધાવસ્થાના વૈક્લવ્યનો પ્રલાપ છે એમ ધારેછે; પ્રધાનના ઉપદેશને અનુવર્તવું એ પોતાની બુદ્ધિનો પરાજય કહેવાય એમ જાણી તેને ધિક્કારેછે; હિતવાદી ઉપર કોપેછે; સર્વથા, જે અહર્નિશ અંજલિ રચીને સર્વ અન્ય કાર્ય ત્યજી દઈ, ઘડી ઘડી દેવતાઓની પેઠે તેમની સ્તુતિ કરેછે, અથવા તેમનું માહાત્મ્ય ઉત્પન્ન કરેછે, તેનુંજ તેઓ અભિનંદન કરેછે, તેની સાથેજ ભાષણ કરેછે, તેનેજ પાસે રાખેછે, તેનુંજ સંવર્ધન કરેછે, તેની સાથેજ સુખે રહેછે, તેનેજ દાન કરેછે, તેનેજ પોતાનો મિત્ર સ્થાપેછે, તેનુંજ વચન સાંભળેછે, તેના ઉપરજ બધો પ્રસાદ વર્ષાવેછે, તેનેજ બહુ માન આપેછે, અને તેનેજ આપ્ત બનાવેછે.

તેમજ જેઓ, ઘણુ ખરૂ અતિનૃશંસ ઉપદેશ આપનાર, ક્રૂર,[2] કૌ-

---

૧. પોતાને દેવ સમાન ગણે ત્યારે આકાર પણ તેવો જોઈએ માટે કહ્યું કે "જાણે બીજા બે હાથ વિ." ૨. 'કૌટિલ્ય'—એ પ્રખ્યાત ચાણક્યનું નામ છે; (ઉપહાસ-પક્ષે) 'પ્રપંચ'.

ટિલ્ય-શાસ્ત્રનુંજ પ્રમાણ માનેછે; અભિચાર-ક્રિયાઓથી[1] ક્રૂર થયેલી પ્રકૃતિવાળા પુરોહિતને પોતાના ગુરુ ગણેછે; પર પુરુષને ઠગવામાં તત્પર મંત્રિયો જેમના ઉપદેશક હોયછે; હજારો રાજાઓએ ભોગવી ભોગવીને ત્યજી દીધેલી લક્ષ્મીમાં જેઓ આસક્ત રહેછે; હિંસાનો ઉપદેશ કરનાર શાસ્ત્રનો જેઓ અભ્યાસ કરેછે; અને સહજ પ્રેમથી આર્દ્ર અંતઃકરણવાળા, અનુરક્ત ભાઈઓનુંજ છેદન કરેછે તેમને સાંપ્રત શું (અને અસાંપ્રત શું)[2] ?

માટે કુમાર ! આવી અતિ કુટિલ તથા કષ્ટ ભરેલી હજારો ચેષ્ટાને લીધે દારુણ લાગતા રાજ્ય-તંત્રમાં, તથા આવા મહામોહકારી યૌવનમાં, તમારે એવી રીતે વર્તવાને પ્રયત્ન કરવો કે મનુષ્યો તમારી હાસી કરે નહિ, સાધુ પુરુષો નિન્દા કરે નહિ, ગુરુઓ તમને ધિક્કારે નહિ, મિત્રો ઠપકો દે નહિ, અને વિદ્વાન્ લોક તમારે સારૂ શોકાતુર થાય નહિ; વળી, (તમારે એમ વર્તવું કે) લંપટ જન તમને ઠગે નહિ, કુશલ પુરુષો તમને હસે નહિ, કામી જનને તમારો સ્વાદ લાગે નહિ, સેવકરૂપી વરૂઓ તમને વળગે નહિ, ધૂર્ત જનો છેતરે નહિ, લલનાઓ લલચાવે નહિ, લક્ષ્મી તમારી વિડંબના કરે નહિ, મદ તમને નચાવે નહિ, મદન ઉન્મત્ત કરી દે નહિ, વિષય ફંદમાં નાંખી દે નહિ, રાગ કંઈ વિકાર કરે નહિ, અને સુખમાં તમે તણાઈ જાઓ નહિ. એ તો સત્ય છે કે તમારી પ્રકૃતિજ ધૈર્યવાન્ છે; પિતાએ તમને મહા મહા યત્ન કરીને સર્વ સંસ્કાર કરાવ્યા છે; અને દ્રવ્ય માત્ર ચંચલ હૃદયવાળાને તથા અજ્ઞાનેજ મદ ચઢાવેછે ; પરંતુ, તમારા ગુણથી સંતોષ પામીનેજ હું આટલું બધું બોલ્યોછું; અને વળી આ તો હું તમને પુનઃ પુનઃ કહુંછું કે વિદ્વાન્‌ને પણ, સચેતનને પણ, વીર્યવાન્‌ને પણ, કુલિનને પણ, ધીરાને પણ, અને પ્રયત્નવાન્‌ને પણ આ દુરાચરણી લક્ષ્મી ખલ બનાવી દેછે. સર્વથા પિતા જે તમને મંગલકારક યૌવરાજ્યાભિષેક કરવાના છે તેનું તમે કલ્યાણવડે સુખ ભોગવો; પૂર્વ પુરુષોએ વહેલી, કુલક્રમાગત ધુરાનું વહન કરો;[3] શત્રુઓનાં શિરને નમાવો; બન્ધુવર્ગની ઉન્નતિ કરો; અને અભિષેક થઈ રહ્યા પછી દિગ્વિજયનો પ્રારંભ કરી, સર્વત્ર ભ્રમણ કરી કરી, સપ્તદ્વીપ[4] રૂપી ભૂષણવાળી

૧. અભિચાર=પરપુરુષો—વા શત્રુઓ—નો નાશ કરવા સારૂ મંત્રસાધના કરવી તે. ૨. અર્થાત્ તેમને સર્વ સરખું છે. યોગ્ય અયોગ્યનો વિચાર કંઈ તેઓ કરતા નથી. ૩. ધુરા=રાજ્યરૂપી ધુંસરી. ૪. જુઓ પૃષ્ઠ ૭૮ નો. ૧.

પૃથ્વીને પિતાએ જીતેલી છતાં પણ ફરી જીતો. આ સમય તમારે પ્રતાપ દેખાડવાનો છે; કેમકે જે રાજાનો પ્રતાપ બલવાન્ હોયછે તેની આજ્ઞા, ત્રૈલોક્ય-દર્શીના વચનની પેઠે સિદ્ધ થાયછે.—એટલું કહી એ છાનો રહ્યો.

શુકનાસ બોલી રહ્યા પછી ચંદ્રાપીડ, ઉપદેશનાં આવાં નિર્મલ વચનથી જાણે પ્રક્ષાલિત થયો હોય, પ્રફુલ્લ થયો હોય, સ્વચ્છ થયો હોય, નિર્મૃષ્ટ થયો હોય, અભિષિક્ત થયો હોય, અભિલિપ્ત[1] થયો હોય, અલંકૃત થયો હોય, પવિત્ર થયો હોય, અને પ્રકાશ પામ્યો હોય તેમ હર્ષિત હૃદયે ત્યાં જરાવાર રહી, પોતાને મંદિર ગયો.

પછી થોડા દિવસ વીતી ગયા એટલે રાજાએ પોતેજ મંગલ કલશ ઉચકીને, એક શુભ દિવસે, જ્યારે પુરોહિતે રાજ્યાભિષેકની સર્વ મંગલ સામગ્રી તૈયાર કીધી હતી ત્યારે, શુકનાસ તથા અનેક સહસ્ર નરપતિ સાથે, કુમારને સર્વ તીર્થમાંથી, સર્વ નદિયોમાંથી, અને સર્વ સાગરમાંથી આણેલા,—સર્વ ઔષધિયો વડે, સર્વ ફલ વડે, સર્વ મૃત્તિકાઓ વડે, અને સર્વ રત્ન વડે પરિપૂર્ણ,—આનંદાશ્રુથી મિશ્ર,—અને મંત્રથી પવિત્ર કીધેલા—જલથી અભિષેક કર્યો. અભિષેક-જલથી તેની કાયા ભીની થઈ એટલે લતા જેમ પોતાના મૂળ વૃક્ષને ત્યજ્યા વિના પણ અન્ય વૃક્ષનો આશ્રય લે તેમ રાજલક્ષ્મીએ તેજ ક્ષણે, તારાપીડનો ત્યાગ ન કરતાં તેનામાં પ્રવેશ કીધો. પછી તરતજ સકલ અંતઃપુર સહિત વિલાસવતી રાણીએ પ્રેમાર્દ્ર હૃદયથી પોતેજ તેના શરીર ઉપર ઠેઠ પાદતલથી, સુગંધિ અને ચંદ્ર-પ્રકાશ જેવા શ્વેત ચંદનનો લેપ કીધો; અભિનવ, વિકસિત, શ્વેત કુસુમનો શેખર પેહેરાવ્યો; તેના શરીર ઉપર ગોરોચના છાંટી; ને દૂર્વા-પ્રબાલનાં તેને કર્ણપૂર ઘાલ્યાં. મ્હોટી કોરનાં, નવાં, ચંદ્ર જેવાં શ્વેત બે દુકૂલ તેણે પેહેર્યાં. પુરોહિતે મંગલ-સૂત્ર બાંધીને તેના હસ્તને કાન્તિમાન્ કર્યો. નવી રાજલક્ષ્મી રૂપી કમલિનીના મૃણાલ જેવો, તથા અભિષેક-ક્રિયા જોવાને ઉતરી આવેલા સપ્તર્ષિ-મંડલ જેવો હાર તેણે છાતી ઉપર પેહેર્યો. વળી શ્વેત પુષ્પની ગુંથેલી, જાનુને અડકતી, અને ચંદ્રકિરણ જેવી કોમલ વૈકક્ષક માલાઓથી[2] તેનું શરીર નિરંતર ભરાઈ

---

૧. નિર્મૃષ્ટ=ન્હોવાઈ ગયેલો. અભિષિક્ત=ન્હવાઈ ગયેલો. અભિલિપ્ત=લેપ પામેલો. ૨. જુઓ પૃષ્ઠ ૯૮ નોટ ૪.

ગયું તેથી, અને તેનો વેષ સર્વ શ્વેત હતો તેથી તે ફેંકારેલી યાળ સહિત નરસિંહ જેવો, ઝરતા નદિયોના પ્રવાહવાળા કૈલાસ જેવો, સ્વર્ગ-ગંગાનાં મૃણાલથી જટિલ થયેલા ઐરાવત જેવો, અને ઉછળતી ફેન-લતાથી આકુલ થયેલા ક્ષીરસમુદ્ર જેવો શોભવા લાગ્યો!! (પછી) એના પિતાએ તેજ ક્ષણે પોતેજ હાથમાં વેત્રદંડ લઈને આગળથી લોકને દૂર કરવા માંડ્યા એટલે સભામંડપમાં જઈને, શશી જેમ મેરુ-શિખરઉપર તેમ ચંદ્રાપીડ એક કાઞ્ચનમય સિંહાસન ઉપર બિરાજ્યો.

સિંહાસન ઉપર ચઢીને તેણે સકલ રાજલોકને યોગ્ય સંમાન આપ્યા પછી થોડી વારે, દિગ્‌વિજયને અર્થે પ્રયાણ કરવાનો સમય થયો એવું દર્શાવતો, પ્રલયકાલની મેઘ-ઘટાના ઘોષ જેવા ઘર્ઘર ધ્વનિવાળો, સુવર્ણના દંડીકાથી વગાડેલો પ્રસ્થાન-દુંદુભિ, મંદરાચલના આઘાતથી જેમ સમુદ્ર, યુગાન્તે થતા ભૂકમ્પથી જેમ ભૂમિતલ, વિદ્યુદ્દંડના પાતથી જેમ પ્રલય-મેઘ, અને મહાવરાહની[1] નાસિકાના પ્રહારથી જેમ પાતાલ-કુક્ષિ ગાજે તેમ, ગંભીર ગર્જના કરવા લાગ્યો. તેના ધ્વનિયે સર્વ ભુવનાન્તરને જાણે ફુલાવી દીધાં, ઉઘાડી દીધાં, પૃથક્ કરી દીધાં, વિસ્તાર પમાડી દીધાં, ગર્ભરૂપ કરી દીધાં, બધિર બનાવી દીધાં, અને આવર્તરૂપ કરી દીધાં; તથા દિશાઓના અન્યોન્ય સંધિબંધ જાણે તોડી નાંખ્યા. વળી તેના સ્વરને પાતાલમાં, ભયથકી સહસ્ર ફેણ માંડી, આડી અવળી ડોલાવીને શેષ નાગ જાણે આલિંગન દેતો હોય;[2] વારંવાર, સામસામે દંતના ઊર્ધ્વ પ્રહાર કરી કરીને દિશાઓમાં દિગ્ગજ જાણે બોલાવતા હોય; ત્રાસથી મંડલાકારે ભ્રમણ કરતા, આકાશમાં સૂર્ય-રથના અશ્વ જાણે પ્રદક્ષિણા કરતા હોય; (એને) મહાદેવનું અપૂર્વ અટ્ટહાસ[3] ધારીને હર્ષથી હુંકાર કરતો હર-વૃષભ કૈલાસ-શિખર ઉપર જાણે આમંત્રણ કરતો હોય; ગંભીર કંઠ-ગર્જના કરીને ઐરાવત ગજ દેવલોકમાં જાણે એનો સત્કાર કરતો હોય; અને એવા અશ્રુતપૂર્વ નાદથી રોષે ભરાઈ, શૃંગ વાંકાં નમાવી, યમ-ગૃહમાં યમ-મહિષ[4] જાણે એને પ્રણામ કરતો હોય તેમ એ (સ્વર) સર્વ લોકપાલના કર્ણને ભયભીત કરતો કરતો, અખિલ ત્રિભુ-

---

૧. મહાવરાહ=વિષ્ણુનો વરાહાવતાર. ૨. આવાં સર્વ વાક્યોનો સંબંધ આગળ આવતા "તેમ એ (સ્વર)......ત્રિભુવનમાં ભમ્યો" એની સાથે છે. ૩. જુઓ પૃ. ૬૯ નો. ૨. ૪. યમનું વાહન—પાડો.

વનમાં ભમ્યો !! પછી, દુંદુભિ-સ્વર સાંભળી સર્વ લોક જય જય શબ્દ બોલવા લાગ્યા એટલામાં સિંહાસન ઉપરથી ઉઠીને ચંદ્રાપીડે શત્રુઓની રાજલક્ષ્મી સાથે ચાલવા માંડ્યું.[1] અને આસપાસથી સંભ્રમ-સહિત ઉઠી પાછળ ચાલતા હજારો નરપતિ જેઓ, પરસ્પર અથડાવાથી તુટી ગયેલા હાર-સૂત્રમાંથી નીકળી પડતાં મોતીના સમૂહને દિગ્વિજય-પ્રસ્થાન-સમયના મંગલ-લાજ[2] હોય તેમ વેરતા હતા તેમની સાથે તે,—પારિજાત વૃક્ષ જેમ શ્વેત પુષ્પની કળિયો પાડતાં કલ્પતરુ સાથે, ઐરાવત જેમ શુણ્ડમાંથી જલ-કણ છાંટતા દિગ્ગજો સાથે, ગગન-વિસ્તાર જેમ તારાગણ વર્ષાવતા દિગન્તરો સાથે, અને વર્ષા-સમય જેમ સ્થૂલ જલ-બિન્દુનો સેક કરતા જલધર સાથે નીકળે તેમ—સભા-મંડપમાંથી બ્હાર નીકળ્યો.[3]

બ્હાર આવીને રાજકુમાર, પત્રલેખા જેના ઉપર પ્રથમથી ચઢીને એક આસને બેઠી હતી, તથા પ્રસ્થાન-યોગ્ય સર્વ મંગલ્ય અલંકાર જેને પેહેરાવ્યા હતા એવી, મહાવતે ત્વરાથી આણેલી હાથણી ઉપર ચઢ્યો ; અને (મંદર) પર્વતના ભ્રમણથી ક્ષીરસાગરમાં થતા જલ-ભ્રમર જેવા શ્વેત, રાવણના બાહુ-દંડને આધારે રહેલા કૈલાસ જેવા શોભતા, મોતીની સેરોથી છવાઈ ગયેલા, શત-શલાકા-યુક્ત[4] છત્ર વડે તેને છાયા થઈ એટલે તેણે ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં (રાજગૃહની) અંદર રહે રહેજ તેણે, જે રાજાઓ દ્વાર પાસે તેની વાટ જોતા ઉભા હતા અને જેમનું દર્શન કરતા કોટને લીધે અન્તરિત હતું તેમના, કિરણ પ્રસારતા મુકુટ-મણિયોની, અલક્તક-રસના રંગ જેવી બહલ પ્રભારૂપી બાલ-સૂર્ય-પ્રકાશને

---

૧. આ સહોક્તિ અલંકારનું દૃષ્ટાન્ત છે, અથવા અતિશયોક્તિનો એક ભેદ છે જેમાં કારણ પેહેલાં કાર્ય થયેલું વર્ણવેલું હોયછે.—અર્થ એ કે એ નીકળ્યો કે શત્રુઓની લક્ષ્મી પણ સ્વ-સ્થાનથી નીકળી તેની પાસે આવતી ગઈ. ૨. 'લાજ' સારૂ જુઓ પૃ. ૮૬ નો. ૪. એ વડે વધાવવાનો પૂર્વે ચાલ હતો. જુઓ રઘુ. સ. ૨, શ્લો. ૧૦—

(तं) अवाकिरन् बाललताः प्रसूनै ।
राचारलाजैरिव पौरकन्याः ॥

૩. અહીં સાદૃશ્યમાં પેહેલું ઉપમેય ચંદ્રાપીડ ; ઉપમાન પારિજાત, ઐરાવત, ગગન અને વર્ષા-સમય. બીજું ઉપમેય નરપતિયો ; ઉપમાન કલ્પતરુ, દિગ્ગજો, દિગન્તરો, અને જલધર. ત્રીજું ઉપમેય મોતીનો સમૂહ ; ઉપમાન શ્વેત પુષ્પની કળિયો, જલ-કણ, તારાગણ, અને સ્થૂલ જલબિન્દુ. ૪. શલાકા=(છત્રીની) સળિયો.

લીધે દશે દિશાઓ જાણે રાજ્યાભિષેક પછી તરતજ પ્રસરેલા પોતાના પ્રતાપના અગ્નિથી બળતી હોય તેમ અતિશય પિઞ્જર થતી દીઠી; ભૂતલને તેણે, યૌવરાજ્યાભિષેકથી ઉત્પન્ન થતા પોતાના અનુરાગ વડે જાણે રક્ત થતું હોય તેવું જોયું; આકાશ જાણે, પાસે આવેલા રિપુ-વિનાશને સૂચવતા દિગ્દાહથી રાતું થયું હોય એમ તેને લાગ્યું; અને દિવસ અભિમુખ આવેલી ભુવન-લક્ષ્મીના ચરણ ઉપરના અલક્તક-રસથી લાલ લાલ થઈ જતો હોય એવો તેને ભાસ્યો![1]

બ્હાર નીકળ્યો કે તરતજ તેને, વેગથી હજારો ગંધગજને ચલાવતાં, અવનિપાલોનાં ટોળાં જેમનાં છત્રમંડલ અન્યોન્ય અથડાવાથી જર્જરિત થઈ ગયાં હતાં, માનપૂર્વક મસ્તક નમાવવાથી જેમની મણિ-મુકુટ-પંક્તિ શિથિલ થઈ ગઈ હતી, રત્ન-કર્ણપૂર વાંકાં નમી ગયાં હતાં,તથા કુંડલ જેમનાં ખસી ખસીને ગાલ ઉપર આવી ગયાં હતાં તે,સેનાપતિ આજ્ઞાનુસાર નામ નિવેદિત કરતો ગયો તેમ તેમ પ્રણામ કરવા લાગ્યાં. પુષ્કળ સિંદૂરથકી જે રક્ત થયો હતો, મ્હોટાં મ્હોટાં મોતીની સેરોનો જેનો અવચૂલ[2] ભૂતલ ઉપર રગદોળાતો હતો, શ્વેત પુષ્પની માલાઓ વડે જેનું શિર વિચિત્ર દેખાતું હતું, અને તેથીજ જે,—સંધ્યા-સમયના સૂર્ય-પ્રકાશવાળા, વાંકા વહેતા શ્વેત ગંગા-પ્રવાહવાળા, અને તારાગણથી છવાઈ ગયેલી શિખર-શિલાઓવાળા—મેરુ પર્વત જેવો શોભતો હતો તે ગંધમાદન નામનો ગજ તેની પછવાડે ચાલતો હતો.[3] કનકનાં આભૂષણની પ્રભાથી રંગાયેલાં જેનાં અવયવ ઉપર જાણે કુંકુમ-તિલક કર્યાં હોય એમ દેખાતું હતું એવા ઇન્દ્રાયુધને તેની આગળ દોરેલો હતો.—એ પ્રકારે પ્રથમ તો એ ધીમે ધીમે પૂર્વ દિશામાં સિધાવ્યો; અને ડોલતી ગજ-ઘટાઓવડે જેમાંનાં શ્વેત છત્ર કંપી જતાં હતાં એવું અખિલ સૈન્ય (પણ), અસંખ્ય તરંગ-પરંપરા ઉપર પડેલાં હજારો ચંદ્ર-પ્રતિબિમ્બવાળું જાણે મહાપ્રલય-કાલનું જલનિધિ-જલ

---

૧. આ સર્વ ઉત્પ્રેક્ષાનો હેતુ એકજ છે;—બ્હારથી રાજાઓના મુકુટમણિના કિરણ સંખ્યાબંધ અંદર આવતા હતા, અને તેથીજ એવો દેખાવ ઉત્પન્ન થતો હતો.

૨. જુઓ પૃ. ૩૨ નો. ૭. કોઈ એનો અર્થ ‘કર્ણાભૂષણ’ પણ લેછે.

૩. ‘ગંધમાદન’ સારૂ જુઓ પૃષ્ઠ ૧૧૫ લીટી ૪. એના ઉપર સિંદૂર વિ૰ હતું તેથી એને સૂર્ય-પ્રકાશ વિ૰વાળા મેરુ સાથે સરખાવ્યો છે.

હોય તેમ, સર્વ મહીતલને ડુબાવી દેતું, તથા અદ્ભુત કલકલ કરતું કરતું ચાલવા લાગ્યું[1].

ચંદ્રાપીડ નીકળ્યો કે તરતજ પોતાને મંદિરથી, સર્વ પ્રસ્થાન-યોગ્ય મંગલ ક્રિયા થઈ રહ્યા પછી શ્વેત વસ્ત્ર તથા શ્વેત પુષ્પથી શોભતો વૈશમ્પાયન, પાછળ ચાલતા મ્હોટા સૈન્ય સહિત, નરેન્દ્ર-વૃન્દ સહિત, તથા મસ્તક ઉપર ધરેલા શ્વેત છત્ર સહિત, બીજો જાણે યુવરાજ હોય તેમ, ત્વરાથી ચાલતી હાથણી ઉપર બેસીને, ચંદ્ર સૂર્ય પાસે આવે તેમ તેની સમીપ આવી પહોચ્યો. પછી, યુવરાજ બ્હાર નીકળ્યો એવું સાંભળી આમ તેમથી દોડી આવતાં સૈન્યના ભારવડે તે ક્ષણે પૃથ્વી જાણે ચલિત કુલપર્વતોથી બંધાયેલા સમુદ્ર-જલના તરંગમાં પેઠી હોય તેમ કંપવા લાગી. કેટલાક ભૂમિપતિયો સામા આવી આવીને રાજપુત્રને પ્રણામ કરવા લાગ્યા તેમના, કિરણ-જાલમાં ઢંકાઇ ગયેલી કલગીવાળા મણિ-મુકુટોના પ્રકાશથી, તથા બહુ તેજ મારતા, પત્રભંગ-યુક્ત કેયૂરોની પ્રભા થકી, દશે દિશાઓમાં કહિંક જાણે ચાષ પક્ષીની પાંખનો ભૂકો વેર્યો હોય એવું થઈ રહ્યું; કહિંક જાણે ઉડતા મયૂરોના સેંકડો હાલતા ચંદ્રકથી તે (દિશાઓ) રંગાઈ હોય એમ દેખાયું; કહિંક અકાલ મેઘ તથા વીજળીથી જાણે તેઓ તરલ થઇ રહી; અને કહિંક જાણે કલ્પ વૃક્ષનાં પલ્લવથી, કહિંક જાણે ઇન્દ્રધનુષ્થી, તથા કહિંક જાણે બાલ સૂર્યના પ્રકાશથી ભરેલી હોય એમ તેઓ ભાસવા લાગી. વળી રાજાઓનાં છત્ર શ્વેત છતાં, પણ વિવિધ મણિયોથી વિચિત્ર થયેલા, ચૂડામણિમાંથી પ્રસરતા કિરણવડે, જાણે મયૂરોનાં ટોળાં હોય એવાં શોભવા લાગ્યાં !!

જોતાં જોતામાં તો, મહીતલ બધું જાણે અશ્વમય હોય, દિશાઓ જાણે ગજમય હોય, અન્તરિક્ષ જાણે છત્રમય હોય, ગગન જાણે ધ્વજવનમય હોય, પવન જાણે મદ-ગંધમય હોય, પ્રજા-સૃષ્ટિ જાણે ભૂપતિમય હોય, દૃષ્ટિ જાણે ભૂષણ-કિરણમય હોય, દિવસ જાણે મુકુટમય હોય, અને ત્રિભુવન જાણે જય-શબ્દમય હોય એવું દેખાવા લાગ્યું !! વળી સર્વ દિશાઓમાં ચાલતા, કુલપર્વતો જેવા મત્ત હાથીઓથી;[2] પ્રલય-સમયનાં

---

૧. મોજાં ઉપર પડીને હાલતાં ચંદ્ર-પ્રતિબિમ્બ સાથે, ગજ-ઘટા ઉપર ડોલતાં શ્વેત છત્રને સરખાવ્યાં છે. ૨. આ વિગેરે પંચમી વિભક્તિયોનો સંબંધ "પ્રલયકાળ આવ્યો વિ૦" સાથે લેવો.

ચંદ્રબિમ્બ જેવાં હાલતાં છત્રોથી; સંવર્તક મેઘના[1] જેવા ગંભીર અને ભયંકર નાદ કરતા દુંદુભિથી; તારાઓના વર્ષાદની સમાન ગજ-શુણ્ડમાંથી પડતા જલકણથી; ધૂમકેતુના જેવા ધૂસર, પૃથ્વીમાંથી ઉત્પન્ન થતા રજઃ-સ્તંભથી; વજ્ર-પાત જેવા કઠોર અને ગંભીર ઘોષવાળી હાથીઓની કંઠ-ગર્જનાથી; રુધિર-કણના વર્ષાદ જેવી, કરિ-કુંભસ્થલ ઉપરથી ઉડતી સિંદૂર-રજથી; ક્ષુભિત સમુદ્ર-જલના તરંગ જેવી ચંચલ, પ્રસરતી અશ્વ-પંક્તિયોથી; સર્વ દિશાઓમાં ઘોર અંધકાર કરીને અહર્નિશ પડતા, મદ-જલ-ધારારૂપી દુર્દિનથી;[2] તથા ભુવનાન્તરમાં વ્યાપી ગયેલા કલકલથી, જાણે મહાપ્રલયકાળ આવ્યો હોય એમ દીસવા લાગ્યું[3] !!

(આ સમયે) ધવલ ધ્વજના સમૂહથી નિરંતર ઢંકાઇ ગયેલી દશ દિશાઓ[4], મહાસૈન્યના કોલાહલથી જાણે ભયભીત થઈ હોય તેમ કહિંક ભરાઇ પેઠી! મદમત્ત ગજઘટાઓના હજારો અવચૂલથી રુંધાઇ ગયેલું ગગનતલ, જાણે મલિન મહી-રજને[5] સ્પર્શ કરવાની શંકાથી અતિ દૂર જતું રહ્યું! અશ્વોની ખરિયોમાંથી ઉડતી રજવડે મલિન થયેલા પુરોભાગ-માંથી રવિ-કિરણ, જાણે છડીદારોની છડિયોથી દૂર કરવામાં આવ્યા હોય તેમ ખસી ગયા! છત્રોથી ઢંકાઈ ગયેલા સૂર્ય-પ્રકાશવાળો દિવસ, જાણે ગજ-શુંડમાંથી નીકળતી જલ-કણિકા વડે શીતલ થઈ જવાના ત્રાસથી, નાસી ગયો! સેનાના ભારથી જર્જરિત થયેલી, અને મદમત્ત ગજોના સૈંકડો ચરણથી ઠોકાયલી ભૂમિ, જાણે બીજી પ્રયાણ-ભેરી હોય તેમ ભયંકર નાદ કરવા લાગી! મદ ઝરાવતા હાથીઓનું, ઘુંટણ સુધી આવતું મદજલ, જેમાં અશ્વમુખમાંથી પડેલાં શ્વેત ફેન-પલ્લવ દેખાતાં હતાં તેમાં પગલે પગલે પાયદળનાં માણસ પડવા લાગ્યાં; અને હરિતાલના જેવા પરિમલ વાળી, અતિપટુ મદ-સુગંધ ભરાઈ જવાથી, ગજની પેઠે મનુષ્યની ઘ્રાણેન્દ્રિની (પણ) અન્ય ગંધ ગ્રહણ કરવાની શક્તિ બધી જતી રહી!

વળી, અનુક્રમે, પ્રયાણ કરતા સૈન્યની આગળ દોડતા જન-સમૂહના કોલાહલથી; નોબત નગારાંના અતિ તીક્ષ્ણ અને દીર્ઘ નાદથી; ખરિયોના ખડખડાટ સાથે મળેલા ઘોડાઓના ખાંખારાથી; વારંવાર

---

૧. સંવર્તક મેઘ–પ્રલયકાળના મેઘ. ૨. જુઓ પૃ૪ ૨૭ નોટ ૪.
૩. આ વાક્યમાં ઉપમાન સર્વ એવાં આપ્યાંછે કે તે પ્રલયમાંજ હોયછે.
૪. જુઓ પૃ. ૭૫ નો. ૨. ૫. મહીને રજસ્વલા સ્ત્રી સાથે સરખાવી તેથી તેને સ્પર્શ કરતાં શંકા થાય; પક્ષે, રજ–ધૂળ.

થતા, કર્ણના તાલ-સ્વર સાથે મિશ્ર થયેલી ગજોની ગર્જનાથી; (પ્રાણિ-ઓના) ગળામાં ઘાલેલી ઘુઘરિયોના ઘોષ સાથે સંભળાતા, ગતિને લીધે વિષમ વાગતી ઘંટાઓના ટંકારથી; મંગલ શંખ-શબ્દ વડે વધેલા ધ્વનિ-વાળા, પ્રયાણ-પટહના નાદથી; અને વારંવાર અહીં તહીં વાગતા ઢુમ-કાના સ્વરથી, મનુષ્યના શ્રવણ જર્જરિત થઇ જઇને તેમને જાણે મૂર્છા આવતી.

ત્યાર પછી સૈન્યની હચડા હચડાથી ધીમે ધીમે ઉત્પન્ન થયેલો ધૂળનો મ્હોટો ઢગ, પૃથ્વીના વિવિધ વર્ણને લીધે, કહિંક વૃદ્ધ મત્સ્યની છાતી જેવો ધૂમ્ર;[1] કહિંક ઉંટના વાળ જેવો ધૂસર; કહિંક વૃદ્ધ હરિણના રોમ જેવો મલિન; કહિંક રેશમી વસ્ત્રના તંતુ જેવો પાણ્ડુર; કહિંક જરઠ મૃણાલ-દંડ જેવો ધવલ; કહિંક વૃદ્ધ કપિના કેશ જેવો કપિલ; કહિંક હર-વૃષભના વાગોળવાથી થતા ફેન-પિંડ જેવો શ્વેત; ગંગા-પ્રવાહની સમાન હરિ-ચરણમાંથી નીકળતો;[2] કોપેલો હોય તેમ ક્ષમાનો ત્યાગ કરતો;[3] પરિહાસ કરતો હોય તેમ નયનને રૂંધી દેતો;[4] તૃષિત હોય તેમ ગજ-શુંડમાંથી નીકળતા જલ-કણને પીતો; પક્ષવાન્ હોય તેમ ગગનમાં ચઢતો; ભ્રમર-કુલની પેઠે મદ-લેખાને ચુંબન કરતો; સિંહની સમાન કરિ-કુંભસ્થલ ઉપર ફાળ ભરતો; વિજયી હોય તેમ ધ્વજોનું ગ્રહણ કરતો; જરાગમની[5] પેઠે મસ્તકને ધોળાં કરતો; પાંપણો આગળ રહીને દૃષ્ટિને જાણે બંધ કરતો; કમલ-રસનાં મધુ-બિન્દુઓને ન્હોઠીને, જાણે કર્ણો-ત્પલને સુંઘતો; મદમત્ત ગજના હાલતા કર્ણ વાગવાના જાણે ત્રાસથી તેમના કર્ણ-શંખની[6] અંદર ભરાઇ જતો; સન્મુખ રહેલાં, રાજાઓનાં મુકુટ-મણિ, પત્રભંગ, અને મકરિકાઓથી જાણે પીવાતો; અશ્વ-મુખ-માંથી પડીને પથરાઇ ગયેલા ફેન-પલ્લવના ગોટાઓથી જાણે પૂજાતો; મત્ત ગજ-ઘટાઓની કુંભ-ભિત્તિમાંથી નીકળેલી ધાતુ-ધૂલિના[7] વલયથી જાણે અનુગત થતો; ચામર ઢોળવાથી ઉડતી પટવાસ-રજ વડે[8] જાણે

---

૧. અહીંથી શરૂ થતાં, ધૂળના ઢગનાં વિશેષણ વાક્યને છેડે આવેલા "ઉડવા લાગ્યો"–એ શબ્દો સાથે સંબંધ રાખેછે. ૨. હરિ=અશ્વ; વિષ્ણુ. જુઓ પૃ. ૭૨ નો. ૬. ૩. ક્ષમા=પૃથ્વી; તે નામનો ગુણ. જુઓ વાસવદત્તા પૃષ્ઠ ૨૯૬–उत्क्षिप्ता इव मुञ्चन् क्षमाम्. ૪. રૂંધી દેતો=(આંખમાં) પેસી જતો; ડામી દેતો. ૫. જરાગમ=જરા–વૃદ્ધાવસ્થા-નો આગમ–આવવું. ૬. જુઓ પૃ. ૧૩૧ નો. ૧. ૭. હાથીને કુંભસ્થલે ગૈરિકાદિ ધાતુનો ભૂકો (ગેરુ વિ૦) શોભાને અર્થે ચોપડેછે. ૮. સુગંધિ ભૂકા વડે.

આલિંગિત થતો; નૃપતિયોના હજારો શેખરમાંથી પડેલી, કુસુમ-કેસરની રજથી જાણે ઉત્સાહ મેળવતો; અશુભ સૂચક રાહુની પેઠે નિષ્કારણજ સૂર્ય-મંડલને પીતો; રાજાઓને પ્રસ્થાન-સમયે બાંધેલાં મંગલ-સૂત્ર, વલય અને હાર ઉપર ગોરોચનાના ચૂર્ણ જેવો દેખાતો; તથા કરવતથી વ્હેરેલા ચંદનના ભૂકા જેવો શોભતો—ઉડવા લાગ્યો. અને અસંખ્ય સૈન્યની હદળા હદળીથી વધતો વધતો, પ્રલયકાળના મેઘ જેવો શ્યામ થઈને, આખા વિશ્વનો જાણે સંહાર કરતો હોય તેમ તે ધીમે ધીમે વિસ્તાર પામવા લાગ્યો.

એવો ધૂળનો સમૂહ જે ધીરે ધીરે વધીને ઘણો મ્હોટો થયેલો હતો; દિગ્-વિજયનો જે મંગલ ધ્વજ હતો; શત્રુ-કુલ રૂપી કમલનો પ્રલય કરનાર તુષાર[1] હતો; રાજલક્ષ્મીના વિલાસનો પટવાસ-ચૂર્ણ હતો; રિપુઓનાં છત્ર રૂપી પુંડરીકનો હિમ-પાત હતો; સેનાના ભારથી પીડાતી પૃથ્વીનો મૂર્છા-ધકાર હતો; ચાલતા સૈન્ય રૂપી મેઘકાલમાં થયેલો કદમ્બ-કુસુમોદ્ગમ હતો; સૂર્ય-કિરણ રૂપી કમલ-વનને ચગદી નાંખનાર ગજ-સાર્થ હતો; ગગન અને ભૂતલને ડુબાવી દેનાર પ્રલય-સાગરનું પૂર હતો; ત્રિભુવન-લક્ષ્મીના શીર્ષને આચ્છાદન કરનાર વસ્ત્ર હતો; મહાવરાહની યાળ જેવો વિચિત્ર હતો; પ્રલયાગ્નિની ધૂમ-લેખા જેવો જાડો હતો; જાણે પાતાલમાંથી જે ઉંચો થતો હતો, ચરણમાંથી નીકળતો હતો, ચક્ષુમાંથી બ્હાર પડતો હતો, દિશાઓમાંથી આવતો હતો, આકાશમાંથી પડતો હતો, પવનમાંથી ઉડતો હતો, અને રવિ-કિરણમાંથી જાણે ઉત્પન્ન થતો હતો; ચેતન નહિ હરણ કરે એવો જે નિદ્રાગમ હતો; સૂર્ય છતાં પણ પ્રસરેલો અંધકાર હતો; ગ્રીષ્મ-સમય વિનાનું ભૂમિ-ગૃહ[2] હતો; તારાગણ ઉગ્યા વિનાનો જે કૃષ્ણ-રાત્રિનો પ્રદોષ હતો; વર્ષાદ વિનાનો જલધર-સમય હતો; ફરતા સર્પ વિનાનું પાતાલ હતો; અને વામન-ચરણની પેઠે જે વૃદ્ધિ પામતો હતો—તે ત્રણે ભુવનમાં વ્યાપી ગયો !!

અભિનવ જલ પડવાથી જેવું વિકસિત કુવલય-વન દેખાય તેવુંજ ક્ષીરસાગરના ફીણ જેવી ધોળી આ મહી-રજ વડે ઘેરાઈ ગયેલું આકાશ દેખાવા લાગ્યું. શ્યામ રજથી ધૂસર થઈ ગયેલું સૂર્ય-બિમ્બ અવચૂલ-ચામર[3] જેવું ઝાંખું પડી ગયું. દુકૂલ-પટ્ટ જેવી ધવલ ધ્વજાની પેઠે ગગન-

---

૧. ઝાકળ. ૨ ભોંયરૂં. ૩. જુઓ પૃ. ૧૫૦ નો. ૨.

ગંગા કાળી પડી ગઈ. ભૂપતિયોના સૈન્યનો મ્હોટો ભાર સહન નહિ કરી શકવાથી, પૃથ્વી, તે ભાર ઉતારવાને આ રજના આકારમાં જાણે ફરીથી અમર-લોકમાં ચઢી! સૂર્યાતપનું નિઃશેષ પાન કરવાથી અંતર્માં જાણે બળતી હોય તેમ મહી-રજ, રવિ-રથના ધ્વજ-પટને ધૂસર કરીને, સમુદ્ર-જલમાં પડી! અને એક ક્ષણમાંજ પૃથિવી જાણે ગર્ભવાસમાં, જાણે સંહાર-સમયના સમુદ્ર-જલમાં, જાણે મૃત્યુના જઠરમાં, જાણે મહાકાલના મુખમાં, જાણે શ્રીનારાયણના ઉદરમાં, અથવા જાણે બ્રહ્માંડમાંજ પેસી ગઈ!! દિવસ બધો રજોમય થઈ ગયો! દિશાઓ જાણે મૃત્તિકાનીજ હોય એમ દિસવા લાગી! આકાશ જાણે રેણુરૂપજ બની ગયું! અને અખિલ ત્રૈલોક્યમાં જાણે એકજ મહાભૂત વ્યાપી રહ્યું હોય એમ દેખાયું!

પછી જ્યારે, પોતાના મદની ઉષ્ણતાથી સંતપ્ત થયેલા ગજોની શુંડનાં છિદ્રમાંથી નીકળીને સર્વ દિશાઓમાં ખરતા, ક્ષીરસાગરના જલ જેવા શ્વેત જલકણના વર્ષાદથી, તેમના કર્ણ-પલ્લવ અથડાવાથી ગળીને વહેતા મદ-જલ-બિન્દુના દુર્દિનથી, અને હયના હણહણાટ સાથે ટપકતાં લાલા-જલનાં[1] બિન્દુના સમૂહથી રજ બધી શામી ગઈ તથા દિશાઓ ફરીથી દેખાવા લાગી ત્યારે, સમુદ્ર-જલમાંથી જાણે બ્હાર આવ્યું હોય એવું તે અસંખ્ય સૈન્ય નિહાળીને વિસ્મય પામી, સર્વત્ર દૃષ્ટિ ફેરવી, વૈશમ્પાયને ચંદ્રાપીડને કહ્યું:—

યુવરાજ! મહારાજાધિરાજ તારાપીડે શું નથી જીત્યું કે તમે જીતશો?[2] કઈ દિશાઓ વશ નથી કરી કે તમે વશ કરશો? કયા દુર્ગ નથી લીધા કે તમે લેશો? કયા દ્વીપાન્તર નથી સ્વાધીન કર્યા કે તમે સ્વાધીન કરશો? કયાં રત્ન એમણે નથી મેળવ્યાં કે તમે મેળવશો? કયા રાજાઓ નથી નમ્યા? કોણે પોતાના મસ્તક ઉપર, કમલની બાલ કલિકા જેવી કોમલ સેવાઞ્જલિ નથી રચી? કનક-મુકુટ-યુક્ત લલાટ-વડે કોણે સભા-મંડપની ભૂમિને નથી લિસ્સી કરી? કોના ચૂડામણિ પાદ-પીઠ[3] ઉપર નથી ઘસાયા? કોણે છડિયો નથી ઝાલી? કોણે ચામર નથી ઢોળ્યાં? કોણે નથી જય-શબ્દ ઉચ્ચાર્યા? મુકુટ-પત્ર-મકર વડે, જલધારા જેવી નિર્મલ એમના ચરણ-નખ-કિરણની લેખાઓનું કોણે નથી પાન કર્યું? ચાર સમુદ્રના જલમાં સ્નાન કરવામાં અતિ મગ્ન

---

૧. લાળરૂપી જલનાં. ૨ જુઓ પૃષ્ઠ ૧૪૭ લીટી ૧ લી. ૩. પગ

રહેતાં[1] સૈન્યને લીધે મદમત્ત થયેલા' આ,—દશરથ, ભગીરથ, ભરત, દિલીપ, અલર્ક, અને માન્ધાતા જેવા,—પૃથ્વીના સર્વ કુલાભિમાની, સોમરસ પીનારા, ક્ષત્રિય રાજાઓ તમારી મંગલકારક ચરણ-રજને, 'અભિષેક-જલના સ્પર્શથી પવિત્ર થયેલા પોતાના ચૂડામણિ-પલ્લવમાં રક્ષા-ભૂતિની[2] પેઠ રાખી રહ્યાછે. બીજા આદિ-પર્વતો જેવા આ નરપતિયોવડે આખી પૃથ્વીનું ધારણ થયુંછે. વળી દશે દિશાઓને ભરી નાંખતાં આ એમનાં સૈન્ય પણ તમારી સેવામાંજ છે. જુઓ! જે જે દિશામાં દૃષ્ટિ ફેરવિયે છિયે તેમાં તેમાં એમજ લાગેછે કે જાણે પાતાલમાંથી સૈન્ય નીકળી આવેછે; વસુધામાંથી જાણે જન્મેછે; દિશાઓમાંથી જાણે તેનું વમન થાયછે; ગગનમાંથી જાણે તેનો વર્ષાદ વર્ષેછે; અને દિવસ જાણે (નવાં નવાં) સૈન્ય સૃજેછે! આવા અસંખ્ય સૈન્યના ભારથી ડબાઇને પૃથ્વીને,મને લાગેછે કે, આજ મહાભારતનાં રણસંગ્રામનો સંક્ષોભ સાંભરી આવતો હશે! શિખર-દેશમાં પ્રતિબિમ્બિત થયેલો આ સૂર્ય, કૌતુકને લીધે ધ્વજાઓને જાણે ગણતો હોય તેમ પતાકાનાં વનની અંદર ભમેછે! દાનજલ છાંટતા દંતિયોના, એલાયચી જેવા સુગંધિ તથા મહાવેગમાં વહેતા મદજલમાં સર્વત્ર નિરંતર ડુબેલી, અને અંદર પડેલાં ભ્રમર-કુલના કલકલથી ગાજી રહેલી પૃથ્વી જાણે યમુના-જલના તરંગથી ભરાઇ ગઇ હોય એવી દીસેછે![3] સૈન્યના ભારથી ચગદાઇ જવાના ભયને લીધે આકાશમાં ચઢેલી નદિયો જેવી આ ચંદ્રધવલ ધ્વજ-પંક્તિયો, સર્વે દિશાઓને ઢાંકી નાંખેછે! સર્વથા આ મહા આશ્ચર્ય છે કે સૈન્યના ભારથી પૃથ્વીના સર્વે કુલપર્વતરૂપી સંધિ-બંધ તુટી જઇને એના હજારો કડકા થઇ જતા નથી, અથવા સૈન્યના ભારથી પીડાયેલી વસુંધરા ધારણ કરવાને અશક્ત થઇને, શેષનાગની ફણારૂપી ભિત્તિયો ડોલી જતી નથી!!'

એમ વાત ચાલતી હતી એટલામાં તો યુવરાજ આવાસ-ભૂમિમાં[4] આવી પહોચ્યો જ્યાં અનેક તોરણ ઉંચાં રચી દીધાં હતાં, તૃણમય પ્રાકા-

---

મુકવાનું આસન. ૧. (પુરાણ-મતપ્રમાણે) પૃથ્વીને અંતે આવેલા ચાર સમુદ્રો—તેમાં સ્નાન કરવામાં મગ્ન—એમ કહીને કવિયે એવું સૂચવ્યું છે કે તેઓએ (તે સમયે જણાયેલી) આખી પૃથ્વી જીતી લીધી હતી, અને તેની રક્ષાસારૂ ત્યાં ફરતાં હતાં. ૨. રક્ષા-ભૂતિ=રક્ષાકારક ભૂતિ—વિભૂતિ—રાખ. ૩. જુઓ પૃ. ૪૩ નો. ૧. ૪. આવાસ-ભૂમિ=મુકામ કરવાની જગા, ઉતારો.

રયુક્ત હજારો મંદિર બનાવી દીધાં હતાં, અને ચળકતા શ્વેતપટના સેંકડો મંડપ શોભી રહ્યા હતા. ત્યાં ઉતરીને ચંદ્રાપીડે રાજયોગ્ય સર્વ ક્રિયાઓ કીધી; સર્વ નૃપતિયો તથા પ્રધાનો ભેગા મળીને વિવિધ વાર્તાથી તેને વિનોદ કરાવવા લાગ્યા; અને તે આખો દિવસ, પિતાના આ પ્રથમ વિયોગને લીધે ઉત્પન્ન થયેલા શોકાવેગથી હૃદયમાં ખેદ પામતે પામતે તેણે મહાદુઃખથી વીતાડ્યો. દિવસ ગાળ્યા પછી રાત્રિ પણ, પોતાના શયન પાસે નાંખેલા બીજા શયનમાં બેઠેલા વૈશમ્પાયન સાથે, અને બીજી બાજુએ પોતાની સમીપજ ભૂમિઉપર પાથરેલા વિચિત્ર કંબલમાં સુતેલી પત્રલેખાસાથે, કોઈવાર પિતા સંબંધી, કોઈવાર માતા સંબંધી, અને કોઈવાર શુકનાસ સંબંધી વાત કરતાં કરતાં, તેણે, નિદ્રા નહિ આવવાથી, ઘણી ખરી ઉજાગરામાંજ કાઢી. પછી પ્રાતઃકાળે ઉઠીને તેણે પૂર્વની પેઠેજ, કહીં થોભ્યા વિના પ્રયાણ કરવા માંડ્યું; અને પ્રયાણે પ્રયાણે વધતા સેના-સમૂહ વડે તે વસુંધરાને જર્જરિત કરતો ગયો, પર્વતોને કંપાવતો ગયો, નદિયોને છલકાવતો ગયો, સરોવરને ખાલી કરતો ગયો, વનના ભૂકા કરતો ગયો, વિષમ(સ્થાન)ને સમ કરતો ગયો, દુર્ગને દૂર કરતો ગયો, ખાડા પૂરતો ગયો અને ટેકરા નીચા કરતો ગયો. એમ ધીરે ધીરે સ્વેચ્છાએ ચાલતાં ચાલતાં તે, ઉન્નતને નમાવતો, નમ્રને ઉન્નતિ આપતો, ભયભીતને આશ્વાસન કરતો, શરણાગતની રક્ષા કરતો, લમ્પટોનું ઉન્મૂલન કરતો, કંટકનો નાશ કરતો, સ્થાને સ્થાને રાજપુત્રોનો અભિષેક કરતો, રત્નનું ઉપાર્જન કરતો, નજરાણા સ્વીકારતો, કર ગ્રહણ કરતો, દેશ-વ્યવસ્થાના આદેશ કરતો, સ્વચિન્હનું સ્થાપન કરતો, કીર્ત્તિ ફેલાવતો, શાસન લખાવતો, બ્રાહ્મણોનું પૂજન કરતો, મુનિયોને નમતો, આશ્રમોનું પાલન કરતો, લોકમાં અનુરાગ ઉત્પન્ન કરતો, વિક્રમનો પ્રકાશ કરતો, પ્રતાપને પ્રસરાવતો, યશને વધારતો, ગુણને વિસ્તારતો, સચ્ચરિત પ્રખ્યાત કરતો, નટ-વનને દાબી નાંખતો, અને સૈન્યની રજથી સકલ સાગરનાં સલિલને મલિન કરતો કરતો આખી પૃથ્વીમાં ફર્યો. પ્રથમ તેણે પૂર્વ દિશા જીતી; પછી તિલક જેવા ત્રિશંકુવાળી જીતી;[1] ત્યારપછી પશ્ચિમ, અને છેલ્લે સપ્ત ઋષિયોના તારાથી વિચિત્ર દેખાતી દિશામાં[2] તેણે દિગ્વિજય કર્યો. ત્રણ વર્ષમાં સર્વ દ્વીપા-

---

૧. અર્થાત્ દક્ષિણ. ત્રિશંકુ સારૂ જુઓ પૃષ્ઠ ૭ નોટ ૩.
૨. અર્થાત્ ઉત્તરમાં.

ન્તર વશ કરીને તે, ચાર સમુદ્રરૂપી ગોળ ખાઈના પ્રમાણની પૃથ્વીમાં ફરી રહ્યો. એવી રીતે અનુક્રમે સર્વ ભુવનતલ જીતી, વસુંધરાની પ્રદક્ષિણા કરી, ફરતે ફરતે તેણે એક સમયે, કૈલાસ પાસે ફરતા તથા હેમકૂટમાં વસતા કિરાત લોકોનું, પૂર્વ જલનિધિ પાસે આવેલું, સુવર્ણપુર નામે નિવાસ-સ્થાન જીતી લીધું. અને અખિલ ધરણિ-મંડલમાં પર્યટન કરવાથી ખિન્ન થયેલા પોતાના સૈન્યને વિશ્રામ આપવાને તેણે કેટલાક દિવસ સુધી ત્યાંજ નિવાસ કીધો.

ત્યાંથી એક દિવસ, ઈન્દ્રાયુધ ઉપર બેસીને તે મૃગયા સારૂ નીકળ્યો હતો અને વનમાં ફરતો હતો તેવામાં ગિરિ-શિખર ઉપરથી ઉતરેલું એક કિન્નર-દ્વંદ્વ અકસ્માત્ તેની દૃષ્ટિયે પડ્યું. એ અપૂર્વ દર્શનથી તેને કૌતુક ઉત્પન્ન થયું અને પકડવાની ઇચ્છાથી તેણે ધીમે ધીમે પોતાનો અશ્વ આગળ ચલાવીને તેની પાસે જવા માંડ્યું. પણ પૂર્વે કદી નહિ જોયેલા પુરુષના દર્શનથી ત્રાસ પામીને તે દ્વંદ્વ તો નાસવા લાગ્યું, અને પ્હાણીના પ્રહારથી ઈન્દ્રાયુધને બમણા વેગથી દોડાવી કુમાર એકલોજ તેની પછવાડે જતે જતે પોતાના સૈન્યથી અતિ દૂર નીકળી ગયો. પકડી પાડું છું—પકડી પાડું છું—આ પકડ્યું—આ પકડ્યું—એમ મનમાં પોતે બહુ આતુર થતો ગયો પણ અશ્વના મહાવેગને લીધે, તે એકલોજ, એક ક્ષણ માત્રમાં પેલા પ્રદેશથી એકદમ પંદર યોજન દૂર જતો રહ્યો, અને જે કિન્નર-મિથુનની પછવાડે તે જોરથી દોડ્યો હતો તે તો, એના જોતા જોતામાંજ સામેના ઉંચા પર્વત-શિખર ઉપર ચઢી ગયું.

તેના ચઢી ગયા પછી ચંદ્રાપીડે પોતાની દૃષ્ટિ તેની પાછળ જતી અટકાવીને જોયું તો પર્વતના શિખર ઉપર પડેલા પત્થરને લીધે આગળનો માર્ગ પૂરાઈ ગયેલો દીઠો. તેથી તેણે અશ્વને ઉભો રાખ્યો, અને તે સમયે ઈન્દ્રાયુધનું તથા પોતાનું શરીર શ્રમ-સ્વેદથી ભીનું થઇ ગયેલું જોઈને, જરા વાર થોભી, પોતેજ હસીને વિચાર કરવા લાગ્યો કે—શું કરવા મેં આ બાલક-બુદ્ધિ કરીને મ્હારા આત્માને નિરર્થક શ્રમ આપ્યો? આ કિન્નર-દ્વંદ્વને પકડવાનું વા ન પકડવાનું મ્હારે શું પ્રયોજન હતું? પકડાયું હત તોએ શું થાત? અને હમણાં નથી પકડાયું તોએ શું ગયું? અહો! આ કેવી મેં મૂર્ખાઈ કરી! કેવું વગર વિચાર્યું કામ આદર્યું! કેવા નિરર્થક કાર્યમાં જીવ ઘાલ્યો! આ કેવી મ્હારી છોકરવાદ થઈ! સારૂં

ફલદાયક કર્મ કરતો હતો તે વૃથા ગયું. અવશ્ય કરવા યોગ્ય ક્રિયા પૂરી થવા આવેલી વિફલ ગઈ. મિત્ર-કાર્ય કરવાનું તે બન્યું નહિ. રાજધર્મનું પ્રવર્તન કરીને તે ચલાવાયો નહિ. ભારે કાર્ય આરંભીને પૂરૂં થયું નહિ. દિગ્વિજય કરવાનો મ્હારો પ્રયત્ન સિદ્ધ થયો નહિ. ગાંડા જેવો શું કરવા હું મ્હારો પરિવાર સર્વ ત્યજીને આટલે બધે દૂર આવી પડ્યો? અને શું કરવા હું આ કિન્નર-મિથુનની પાછળ નિરર્થક દોડ્યો?—આમ જ્યારે વિચારૂંછું ત્યારે તો મ્હારો પોતાનો આત્માજ મને પરપુરુષની સમાન હસેછે. કોણ જાણે મ્હારી સાથે આવેલું સૈન્ય અહીંથી કેટલું એ દૂર પડયું હશે! ઇન્દ્રાયુધ તો મહાવેગી છે, અને નિમેષ માત્રમાં એ ઘણે દૂર જતો રહેછે. વળી આવતે આવતે મ્હારી દૃષ્ટિ પેલા કિન્નર-મિથુન ઉપરજ ચ્હોટેલી હતી તેથી આ, સેંકડો વૃક્ષની ખીચોખીચ ઘુંચવાઈ ગયેલી શાખાઓથી ભરાઈ ગયેલા, તથા નિરંતર ખરતાં શુષ્ક પત્રથી ઢંકાઈ ગયેલી ભૂમિવાળા મહાવનમાં, અશ્વના વેગને લીધે, મ્હારાથી માર્ગ પણ જોવાયો નથી કે હું પાછો વળીને જાઉં. તેમજ આ પ્રદેશમાં મહામહા પ્રયત્ને પણ ભટકવાથી કોઈ મનુષ્ય મળે એમ નથી કે તે મને સુવર્ણપુર જવાનો માર્ગ દેખાડે. પરંતુ મેં બહુ લોકને એવું કહેતાં સાંભળ્યા છે કે સુવર્ણપુર પૃથ્વીના સર્વ ઉત્તર દેશોની સીમા છે; તેની પછી મનુષ્ય-સંચાર વિનાનું એક અરણ્ય આવેછે અને તે ઓળંગીને કૈલાસ પર્વત ઉપર જવાયછે. માટે આજ કૈલાસ હશે. તેથી હવે મ્હારે એકલાએ પાછા ફરીને જોતાં જોતાં કેવલ દક્ષિણ દિશામાંજ જવું. ખરેખર પોતાનાં કરેલાં દુષ્કૃતનું ફલ પોતાનેજ અનુભવવાનું છે!—આવો નિશ્ચય કરીને ડાબે હાથે લગામ ખેંચી તેણે ઘોડાને પીછો ફેરવ્યો.

અશ્વને પાછો વાળી પોતે ફરીથી વિચાર કરવા લાગ્યો કે—ઝગઝગતી પ્રભાથી પ્રકાશતો આ સૂર્ય હમણાં દિવસ-શ્રીના રસના-મણિ જેવો મધ્ય-ભાગમાં બિરાજેલો છે, અને આ ઇન્દ્રાયુધ ઘણો થાકી ગયોછે. માટે એને કેટલાક દૂર્વાંકુર ખવરાવી, કોઈ સરોવરમાં—શિલાના ઝરણમાં—વા નદી-જલમાં ન્હવરાવી, પાણી પાઈ, એનો શ્રમ ઉતારી, હું પણ પાણી પી, કોઈ વૃક્ષની નીચે છાયામાં જરા વાર વિશ્રામ લઉં; પછી ચાલવા માંડીશ.—એમ વિચારી, જલની શોધમાં વારંવાર આમ તેમ દૃષ્ટિ ફેરવતો ફેરવતો તે આગળ ચાલ્યો એટલે, નલિની-સમેત જલમાં નાહીને

થોડોજ કાળ થવાં ગયેલા, પર્વત-વાંસી, મ્હોટા વનગજના ટોળાના ચરણથી ઉખડેલા કાદવવડે ભીનો થયેલો માર્ગ તેની નજરે પડ્યો. તેના ઉપર, શુંડથી કાપેલાં કમલ મૃણાલ, મૂલ તથા દંડ સહિત પડેલાં હતાં. અતિશય ભીના શૈવલ-પ્રબાલ વડે તેનો કોઈક ભાગ જરા શ્યામ પડી ગયો હતો. તોડી નાંખેલી કમલ, કુમુદ, કુવલય તથા કલ્હારનાં કુસુમની કળિયો વચ્ચે વચ્ચે ત્યાં વેરાયલી હતી. ખોદી નાંખેલાં કમલ-કંદ ત્યાં કાદવ સહિત પડેલાં હતાં. ભાગી નાંખેલી, પુષ્પનાં લુમખાંવાળી, વનની કોમલ શાખાઓ ત્યાં પથરાયલી હતી. કાપી નાંખેલી વન-લતાઓનાં પુષ્પ ઉપર બેઠેલા ભ્રમર કૂદાકૂદ કરતા હતા; અને અભિનવ બકુલ-કુસુમનો પરિમલ આપતું, તમાલ-પલ્લવના રસ જેવું શ્યામ મદ-જલ તે માર્ગ ઉપર બધે છંટાઈ ગયું હતું.

તે ઉપરથી, એટલામાં કહિંક જલાશય હશે એવી શંકા કરીને તે સામોજ ચાલ્યો; અને કૈલાસતલ જે, ઉંચી ડોકે જોવાય એવાં, ઉપરના ભાગમાં છત્ર-મંડલના આકારનાં, તથા અવિરલ છતાં પણ શાખાઓ વિના વિરલ જેવાં દેખાતાં સરલ, સાલ અને સલ્લકી વિગેરે વૃક્ષથી ભરેલું છે;[1] જેની રેતી સ્થૂલ અને કપિલ છે; જ્યાં શિલાતલ બહુ હોવાથી ઘાસ વિગેરે થોડુંજ ઉગેછે; વનગજના દંતથી ભાગેલી મનઃશિલાની[2] ધૂળથી જે ધૂસર દેખાયછે; વળી ગયેલી, કોતરેલી હોય એવી શોભતી, પત્રભંગ જેવી કુટિલ, પાષાણ-ભેદકની[3] મંજરીઓ જેની શિલાઓની વચ્ચે વચ્ચે જથાબંધ પડેલી છે; અહર્નિશ ગળતા ગૂગળના રસથી જેના પથ્થર પલળી ગયેલા છે; શિખરમાંથી ઝરતા શિલાજતુ-રસથી[4] જેની શિલાઓ ચીકણી થયેલી છે; ટંકન જાતિના અશ્વની ખરિયોથી ખંડિત થયેલી હરિતાલના ચૂર્ણથી જે મલિન થયેલુંછે; ઉંદરોએ ખોદેલાં દરની અંદર જ્યાં સુવર્ણ-રજ પથરાયલી છે; ચમર અને કસ્તૂરિકા-મૃગીઓનાં પગલાં જેની રેતીમાં પડેલાંછે; અવસ્થાથી દુર્બલ થયેલા રંકુ અને રલ્લક મૃગની[5] રુવાટીથી જે ભરેલુંછે; વિષમ શિલાઓ ઉપર જ્યાં ચકોર પક્ષિયોનાં દ્વંદ્વ બેઠેલાંછે; જેની તટગુહાઓના મુખમાં વનમાનુષનાં મિથુન વસેછે; સુગંધિ પાષાણનો જ્યાં પરિમલ આવેછે; અને જ્યાં બરૂના છોડ તથા વાંસ

૧.–'ત્યાં થઈને'.વિ૰ આગળ આવતા શબ્દો સાથે સંબંધ લેવો.
૨. જુઓ પૃ. ૧૩૪ નો. ૨. ૩. તે નામના વૃક્ષની.
૪. જેને 'શિલાજીત' કહેછે તેથી. ૫. એ બંને મૃગજાતિના ભેદ છે.

ઉગેલાછે—ત્યાં થઈને કેટલેક દૂર ગયો એટલે તેજ કૈલાસ-ગિરિના ઈશાન ખુણામાં તેણે, જલ-ભારથી મંદ પડેલી મેઘ-માલા જેવી, તથા કૃષ્ણ-રાત્રિયોની ભેગી કરેલી અંધકાર-રાશિ જેવી એક અતિ વિસ્તીર્ણ વૃક્ષની ઘટા જોઈ. અને સામેથી આવતો, પુષ્પ-પરાગથી સુગંધિ થયેલો, જલ-સંસર્ગથી શિશિર બનેલો, જલ-કણને લાવતો, ચંદન-રસના સ્પર્શ જેવો લાગતો, જલ-તરંગનો પવન જાણે તેને આલિંગન દેતો હોય, તથા કમલ-મધુ પીને મત્ત બનેલા કલહંસોનો ઓવ્હારી કોલાહલ જાણે તેને બોલાવતો હોય તેમ તેણે તેમાં પ્રવેશ કીધો.

પેસતાંજ તે વૃક્ષ-ઘટાના મધ્ય ભાગમાં તેણે ત્રૈલોક્ય-લક્ષ્મીના મણિ-દર્પણ જેવું, વસુંધરા-દેવીના સ્ફટિકમય ભૂમિ-ગૃહ જેવું, સર્વ સાગરોના નિર્ગમન-માર્ગ જેવું, દિશાઓના ઝરણ જેવું, ગગનતલના જલ-રૂપ અવતાર જેવું, દ્રવ પામેલા કૈલાસ જેવું, ગળી ગયેલા હિમાલય જેવું, રસ થયેલા ચંદ્ર-પ્રકાશ જેવું, મહાદેવના પીગળી ગયેલા અટ્ટહાસ જેવું, સરોવરને આકારે રહેલા ત્રિભુવન-પુણ્ય-સમૂહ જેવું, સલિલ રૂપે દેખાતા વૈડૂર્ય-મણિના ગિરિ જેવું, દ્રવ પામીને એક સ્થલે પડેલા શરદ્-મેઘ-સમૂહ જેવું, અને વરુણ દેવના દર્પણ જેવું, એક અતિ મનોહર, દૃષ્ટિને આલ્હાદન કરતું, અચ્છોદ નામનું સરોવર જોયું. તેની સ્વચ્છતાને લીધે તે જાણે મુનિયોનાં મનનું, સજ્જનોના સદ્ગુણનું, હરિણોની લોચન-પ્રભાનું, કે મુક્તાફલના કિરણનુંજ બનાવેલું હતું!! પર્યંતસુધી પૂર્ણ છતાં પણ, તેની અંદર સર્વ વૃત્તાન્ત સ્પષ્ટ દેખાવાથી તે જાણે ખાલી હોય એમ લાગતું! પવનથી ઉછળતા જલ-તરંગના કણરૂપી ધૂળમાંથી ઉત્પન્ન થયેલાં, અને સર્વ દિશાઓમાંથી ભેગાં થયેલાં, હજારો ઈન્દ્ર-ધનુષ જાણે તેનું રક્ષણ કરતાં હતાં! શ્રીનારાયણની પેઠે તેણે (પણ) ઉદ્ભિન્ન પંકજવાળા પોતાના ઉદરમાં પ્રતિમારૂપે પડેલું,—વન, પર્વત, નક્ષત્ર અને ગ્રહોથી ભરેલું—ત્રિભુવન ધારણ કર્યું હતું![1] પાસેના કૈલાસમાંથી ઉતરીને ઉમાપતિ વારંવાર ત્યાં ડુબકી મારી બ્હાર નીકળતા તે સમયે થતા ક્ષોભ-

૧. નારાયણની નાભિમાંથી કમલ નીકળ્યું હતું; અને આ સરોવર(ના ઉદર)માં પણ કમલ ઉગેલાં; નારાયણે આખી પૃથ્વી દેખાડી હતી અને સરોવરમાં પણ આસપાસની ભૂમિ વિ૦ પ્રતિબિમ્બ રૂપે પડેલું હતું.

માં એમનો ચંદ્ર-ચૂડામણિ ચલિત થયાથી ગળતો અમૃતરસ જે, જલથી ધોવાયલા ગૌરીના ગાલમાંથી ગળેલા લાવણ્ય-પ્રવાહ જેવો દેખાતો તે, એ સરોજલમાં મિશ્ર થયો હતો. તેના સલિલ-પ્રદેશ, જેની અંદર પડેલાં, તટ ઉપરનાં તમાલ-વનનાં પ્રતિબિમ્બને લીધે અંધકાર થઈ રહેવાથી જાણે રસાતલનાં દ્વાર દેખાતાં હતાં, તે વડે એ સરોવર વધારે ગંભીર લાગતું હતું. તેનાં નીલ-કમલનાં ગાઢ વનને ચક્રવાક-યુગલ, દિવસે પણ રાત્રિની શંકા થયાથી ત્યજી દેતાં હતાં. બ્રહ્માએ વારંવાર પોતાનું કમંડલ તેમાંથી ભરીને તેના જલને પવિત્ર કીધેલું હતું. વાલખિલ્ય[1] ઋષિયોનાં ટોળાંએ સેંકડો વખત ત્યાં સંધ્યોપાસના કરેલી હતી. જલમાં ઉતરેલી સાવિત્રીએ બહુ વાર દેવપૂજા સારૂ તેમાંથી કમલ ચુંટેલાં હતાં. સપ્તર્ષિ-મંડલે સહસ્ર વાર સ્નાન કરીને તેને પાવન કીધું હતું. સિદ્ધ-વધૂઓએ સર્વદા કલ્પ-લતાનાં વલ્કલ ધોઇને તેના સલિલને સુગંધિ કીધું હતું. જલ-ક્રીડાને અર્થે આવેલી કુબેરના અંતઃપુરની કામિનીઓનાં, કામદેવે ચઢાવેલા ચાપ જેવાં, અતિ વિકટ, તથા આવર્તવાળાં[2] નાભિ-મંડલોએ તેનું જલ પીધું હતું. તેના કોઇક ભાગમાં વરુણ-હંસ, વિકસિત કમલ-વનમાં બેઠેલા હતા. કોઈ સ્થલે દિગ્ગજના સ્નાન કરવાથી જરઠ મૃણાલ-દંડ જર્જરિત થઇ ગયા હતા. કોઈક સ્થલે હર-વૃષભનાં શૃંગ-શિખર વડે તટ ઉપરની શિલાઓ તુટી ગયેલી હતી. કહિંક યમ-મહિષે શૃંગાગ્ર વડે ફેન-પિંડ વેરેલા હતા; અને કહિંક ઐરાવતના દંત-મુસલ વડે કુમુદ-ખંડ ખંડિત થયા હતા. યૌવનની પેઠે તે ઉત્કલિકાથી ભરેલું હતું.[3] પ્રેમ-થી પીડાતા પુરુષની પેઠે તે મૃણાલ-વલયથી અલંકૃત હતું.[4] મહાપુરુષની સમાન તેનામાં મીન, મકર, કૂર્મ તથા ચક્રનાં લક્ષણ પ્રકટ હતાં.[5] કાર્તિકેયના ચરિતની પેઠે તેમાં ક્રૌંચની સ્ત્રીના વિલાપ સંભળાતા હતા.[6] ભારતની પેઠે તેમાં પાણ્ડુ-ધાર્તરાષ્ટ્ર-કુલનાં પક્ષ ક્ષોભ કરતાં હતાં.[7] અ-

---

૧. ઋષિ-ગણનો એ એક ભેદ છે. ૨. નાભિની આસપાસ ઉગેલી રૂવાટી જલ-ભ્રમર જેવી હોયછે. ૩. ઉત્કલિકા=જલ-તરંગ, અથવા કળિયો; ઉત્કંઠા. ૪. સરોવરમાં મૃણાલ ઉગેલાં; કામાગ્નિથી બળતા પુરુષો હાથે મૃણાલ-વલય પેહેરે. ૫. સરોવરમાં મીનાદિક ખરેખરાં; પક્ષે, ચિન્હ રૂપ. ચક્ર=ચક્રવાક; તે નામનું ગોળ શસ્ત્ર. ૬. ક્રૌંચ=બક પક્ષી; તે નામનો પર્વત. કાર્તિકેય "ક્રૌંચ-રિપુ" કહેવાયછે, કારણ કે તેણે તે ચીરી નાંખ્યો હતો. ૭. સરોવરમાં પાણ્ડુ—શ્વેત, ધાર્તરાષ્ટ્ર—તે નામના હંસ—નાં કુલ—સમૂહ—નાં પક્ષ—પાંખો—થી પાણીમાં ક્ષોભ થતો. ભારતમાં

મૃત-મથન-સમયની સમાન ત્યાં તીરે ઉભેલા નીલકંઠ વિષ પીતા હતા.[૧] શ્રીકૃષ્ણના બાલ ચરિતની પેઠે ત્યાં તટ ઉપર ઉગેલા કદંબવૃક્ષે ચઢીને હરિ જલ-પ્રપાત રૂપી ક્રીડા કરતા હતા.[૨] કામદેવના ધ્વજની સમાન ત્યાં મકરનો વાસ હતો.[૩] દિવ્ય પુરુષના જેવું તે અનિમિષ-લોચનથી રમણીય લાગતું હતું.[૪] અરણ્યની પેઠે ત્યાં પુંડરીક પ્રફુલ્લ થતાં હતાં.[૫] સર્પ-કુલની પેઠે તે અનંત શતપત્ર પદ્મથી શોભિત હતું.[૬] કંસના સૈન્ય-ની પેઠે ત્યાં મધુકર-કુલ કુવલયાપીડની પાસે ગાન કરતાં હતાં.[૭] કદ્રુના સ્તન-યુગલની પેઠે ત્યાં હજારો નાગ પયઃપાન કરતા હતા.[૮] મલયાચલની સમાન તેનું વન ચંદન-શીતલ હતું.[૯] અને અસત્ સાધનના જેવું તે અદૃષ્ટાન્ત હતું.[૧૦]

એ જોતાંજ તેનો શ્રમ ઉતરી ગયો અને મનમાં વિચાર આવ્યો કે—અહો! મ્હારૂં કિન્નર-મિથુનને અનુસરણ નિષ્ફલ છતાં પણ આ

પાણ્ડુ અને ધાર્તરાષ્ટ્ર કુળના પક્ષનાં મનુષ્ય લડતાં હતાં. ૧. નીલકંઠ=મયૂર; શિવ. વિષ=જલ; ઝેર. મહાદેવે સમુદ્રમાંથી નીકળેલું કાલકૂટ નામનું વિષ પીધું હતું. ૨. હરિ=વાનર; શ્રીકૃષ્ણ પોતેજ. જલ વિ૦=પાણીમાં ભુસકા મારવાની રમત. ૩. અહીં ખરેખરા મકર; ધ્વજમાં તેનું ચિન્હ. ૪. અનિમિષ=મત્સ્ય; મીચ્યા વિનાનાં. જુઓ પૃ. ૬૬, લી. ૧૮, નો. ૫. દિવ્ય ચક્ષુ સર્વદા અનિમિષ રહેછે. જુઓ નલોપાખ્યાન પૃ. ૧૬.—

साऽपश्यद्विबुधान् सर्वानस्वेदान् स्तब्धलोचनान्।

* * * * * * *

भूमिष्ठो नैषधश्चैव निमेषेण च सूचितः॥

૫. પુંડરીક=શ્વેત કમલ; તે નામની વનસ્પતિ. ૬. અનંત=અસંખ્ય, શતપત્ર=સો પાંખડીવાળાં, પદ્મ=કમલ–સરોવરમાં; અને એ ત્રણ સર્પની જાતિયો પણ છે. ૭. મધુકર=ભ્રમર (સમાન અર્થ), અથવા મધુ વનમાં કર છે જેમનો એવા–કંસાદિક (હાથી સાથે લેતાં). કુવલયાપીડ=કુવલય–એક જાતિનું કમલ–રૂપી આપીડ–શિરોભૂષણ; તે નામનો હાથી. જુઓ પૃ. ૩૮ નોટ ૪. ૮. કદ્રુ=સર્પ લોકની માતા. (જુઓ પૃ. ૬૯ લી. ૧૩.) નાગ=હાથી; સર્પ. પયઃ=જલ; ને દૂધ. ૯. વન=જલ; અરણ્ય. ચંદન૦=ચંદન જેવું અને ચંદન-વૃક્ષથી શીતલ. ૧૦. સાધન=(ન્યાયશાસ્ત્રમાં) હેતુ અથવા વ્યાપ્ય, અથવા અનુમાન. અદૃષ્ટાન્ત=અદૃષ્ટ+અન્ત=અન્ત જેનો દૃષ્ટિયે પડે નહિ તેવું; અ+દૃષ્ટાન્ત=દૃષ્ટાન્ત–ઉદાહરણ–રહિત.

સરોવર જોવાથી સફલ થયું ! આજ મ્હારાં ચક્ષુને દ્રષ્ટવ્ય દીઠાનું પૂર્ણ ફલ મળ્યું ! ખરેખર આ તો મેં રમણીયતાનો અંત જોયો ! આનંદદાયક વસ્તુઓની અવધિ દીઠી ! મનોહર વિષયોની સીમા નિહાળી ! પ્રીતિજનક પદાર્થોની પરિસમાપ્તિ પ્રત્યક્ષ કીધી ! અને દર્શનીયમાં શ્રેષ્ઠનું દર્શન કર્યું ! આ સરોવરનું જલ ઉત્પન્ન કર્યા છતાં બ્રહ્માએ અમૃત ઉત્પન્ન કરીને સ્વ-સૃષ્ટિને જાણે પુનરુક્ત કીધીછે ! આ પણ અમૃતની પેઠેજ સર્વ ઇન્દ્રિયોને આલ્હાદન કરવા સમર્થ છે.—એની અતિશય નિર્મલતાથી એ આંખને આનંદ આપેછે; શીતલતાથી સ્પર્શને સુખ આપેછે; કમલની સુગન્ધથી નાસિકાને તૃપ્ત કરેછે; હંસના સ્વરથી શ્રવણને સંતુષ્ટ કરેછે; અને સુસ્વાદને લીધે એ જીભને ભાવેછે.[1] નક્કી આનેજ જોવાની તૃષ્ણાથી ભગવાન્ ગૌરીપતિ કૈલાસ મુકીને બીજે કહીં વસતા નથી ! શ્રી કેશવે પોતાનું જલ-શયન યોગ્ય સ્થલે રાખ્યું નથી; કેમકે એ આવું અમૃત-રસ જેવું સુગંધિ સલિલ મુકીને, લવણ રસથી કર્કશ થયેલા જલવાળા સમુદ્રમાં સુવેછે ! વળી ખરે ! આ સરોવર પ્રથમ નહિજ હોય, કારણ કે પ્રલય-મહાવરાહના નાસિકા-પ્રહારથી ભયભીત થઇને પૃથ્વી, અગસ્ત્ય મુનિયે પાન કરી માપેલા જલવાળા સમુદ્રમાં ઉતરી ગઈ હતી.[2] જો એમ ન હોય[3], અને આ મહાસરોવરના અગાધ તથા અનેક પાતાલ જેવા ગંભીર જલમાં એ મહી કદી નિમગ્ન થઈ હોય તો એક શું પણ હજારો મહાવરાહને તેનો પત્તો જડે નહિ !! નક્કી આમાંથીજ થોડું થોડું જલ લઇને મહાપ્રલય-કાલે પ્રલય-જલધરો પ્રલયના દુર્દિનથી દશે દિશાઓ અંધારી ઘોર કરી મુકીને સર્વ ભુવનોને રેલમછેલ ભરી દેતા હશે ! અને હું તો ધારૂંછું કે સૃષ્ટિની પૂર્વે જે બ્રહ્માંડરૂપે સલિલમય ભુવન હતું તેજ બધું ભેગું થઇને આ સરોવરના આકારમાં રહેલું હશે !

આવા વિચારમાં ને વિચારમાંજ ચંદ્રાપીડ તે સરોવરને દક્ષિણ તીરે આવી પહોચ્યો. ત્યાંની ઘણી ખરી રેતી પથરીઓને લીધે કર્કરી થયેલી હતી. વિદ્યાધર લોકોએ નાલસહિત કુમુદ પુષ્પ તોડીને ત્યાં રેતી-

---

૧. અર્થાત્ ઉપર કહ્યું તેમ એ પાંચે ઇંદ્રિયોને તુષ્ટિકારક છે.

૨. એટલે કે જો આ સરોવર તે કાળે હત તો પૃથ્વી સમુદ્રમાં સંતાવાને બદલે એમાં સંતાત—કેમકે સમુદ્રનું પાણી તો અગસ્ત્ય ઋષિ પણ માપી શક્યા હતા, પરંતુ આ સરોવર એવું મ્હોટું છે કે એને કોઇએ માપી શક્યું નથી ! ૩. અર્થાત્ જો આ સરોવર પ્રથમથીજ હોય.

માંનાં અનેક સુંદર શિવ-લિંગ ઉપર ચઢાવેલાં હતાં. અરુંધતીએ સૂર્યને આપેલા અર્ઘ્ય-જલમાંથી પડેલાં રક્તકમલ ત્યાં શોભતાં હતાં. તેની પાસેની શિલા ઉપર આવીને જલ-માનુષ તડકે બેઠાં હતાં. કૈલાસ ત્યાંથી પાસે હોવાથી સ્નાન કરવા આવેલી માતાઓનાં[1] પગલાંની પંક્તિ ત્યાં પડેલી હતી. ત્યાં પથરાયેલી ભસ્મ, સ્નાન કરી બ્હાર આવેલા, મહાદેવના સર્વ ગણે વિભૂતિ ચોળી હોય એમ સૂચવતી હતી. સ્નાન કરવાને ઉતરેલા ગણપતિના ગંડસ્થલમાંથી ગળેલા મદના ઝરણથી તે ભીનું થયું હતું. અને ત્યાં પડેલાં મ્હોટાં મ્હોટાં પગલાં, અંબિકાનો સિંહ તૃષિત થવાથી એ માર્ગે ઉતર્યો હશે એમ અનુમાન કરાવતાં હતાં.—એવે તીરે આવીને પોતે ઉતરી પડ્યો, અને પછી ઇન્દ્રાયુધ ઉપરથી પર્યાણ ઉપાડી લીધું. અશ્વ ભૂમિઉપર જરા આળોટીને ઉઠ્યો એટલે થોડુંક લીલું ઘાસ તેને ખવરાવી, સરોવરમાં લઈ જઈ, પાણી પાઈ, તેની ઇચ્છા પ્રમાણે ન્હાવા દઈ, ચંદ્રાપીડ તેને બ્હાર લાવ્યો; અને ચોકડું કાઢી લઈ, એક સુવર્ણમય શૃંખલાવડે તેના ચરણ, પાસે ઉગેલા વૃક્ષની મૂલ-શાખા સાથે બાંધી, નાના ખડ્ગથી કાપેલા કેટલાક, સરોવરની તીરે ઉગેલા દૂર્વાંકુરના કલ્લા તેની પાસે નાંખી, પોતે ફરીથી જલમાં ઉતર્યો. તેમાં પોતાના હાથ ધોઈ, ચાતકની પેઠે જલમય આહાર કરી, ચક્રવાકની પેઠે મૃણાલના કડકાનો સ્વાદ ચાખી, ચંદ્રની પેઠે કરાગ્રથી[2] કુમુદને સ્પર્શ કરી, સર્પની પેઠે જલ-તરંગના પવનને અભિનંદન કરી, કામબાણના પ્રહારથી જર્જરિત થયો હોય તેમ છાતીઉપર કમલ-પત્રરૂપી વસ્ત્ર મુકી, વનગજની સમાન જલ-કણથી ભીના પુષ્કરવડે સુશોભિત થયેલા કર સહિત,[3] સરોવરમાંથી તે બ્હાર નીકળ્યો. પછી, તરતજ તોડેલાં હોવાથી શીતલ રહેલાં, તથા જલ-કણિકાથી ભરેલાં, મૃણાલયુક્ત કમલપત્રની, લતા-મંડપમાં પડેલા શિલાતલ ઉપર શય્યા રચી, માથાતળે ગોળો વાળેલા વસ્ત્રનો ટેકો મુકી, રાજકુમાર ત્યાં સુતો. એવી રીતે જરા વાર વિશ્રામ લીધો એટલામાં તો તેણે તેજ સરોવરના ઉત્તર તીર ભણીથી આવતો,—ઘાસ ખાવું મુકી દઈ, કર્ણ નિશ્ચલ કરીને તે તરફ મ્હોં ફેરવી,

---

૧. માતાઓ=બ્રહ્માણી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, ઇન્દ્રાણી, ચામુંડા વિગરે દેવીઓ શિવપાસે રહેછે તે. ૨. કરાગ્ર=નખ; કર—કિરણ. ૩. 'પુષ્કર' તથા 'કર' વિશે જુઓ પૃ. ૧૧૩ નો. ૩.

ઉંચી ડોક પ્રથમ ઈન્દ્રાયુધે સાંભળેલો,—શ્રવણને મધુર લાગતો, વીણાના ઝંકાર સાથે મિશ્ર થયેલો, અમાનુષ ગીત-શબ્દ સાંભળ્યો[1]. સ્વર કર્ણે પડતાંજ,—આવા, માનવીઓના વાસ વિનાના પ્રદેશમાં વળી સંગીત-શબ્દ ક્યાંથી ?—એમ ઉત્સુક થઈને કમલ-પત્રની શય્યામાંથી ઉઠી, તેણે જે દિશામાંથી ગીત-ધ્વનિ આવતો હતો તેજ દિશા તરફ દૃષ્ટિ કરી. પરંતુ તે પ્રદેશ અતિ દૂર હોવાથી, મહા મહા પ્રયત્નથી આંખ ફેરવીને જોતાં પણ તેને કંઈ દેખાયું નહિ. કેવલ તે ગીત-શબ્દજ બંધ પડ્યા વિના સંભળાયાં કર્યો. આ કૌતુકને લીધે ગીત-ધ્વનિની ઉત્પત્તિ જાણવાની ઈચ્છાથી તેને જવાનું મન થયું એટલે ઈન્દ્રાયુધ ઉપર પર્યાણ માંડીને ચઢી બેસી, તેણે, ગીત ઉપરની પ્રીતિને લીધે આગળ દોડતાં વન-હરિણોએ, વગર પૂછે બતાવેલે માર્ગે તે ધ્વનિનીજ શોધમાં ને શોધમાં,—સપ્તપત્ર, બકુલ, એલાયચી, લવંગ અને લવલીની લતાઓ ઉપર લટકતાં કુસુમની સુગંધથી બ્હેકી રહેલી, ભ્રમરોના ગુંજારથી ગાજી રહેલી, તથા તમાલ-વૃક્ષથી કાળી પડેલી, દિગ્ગજોની મદપંક્તિ જેવી,—તે સરોવરના પશ્ચિમ તટ ઉપરની વન-લેખામાં થઈને ચાલવા માંડ્યું.

આગળ ચાલતાં કૈલાસ-ગિરિમાંથી સામા આવતા, સુગંધિ, સુખ-કારક પવન જે સ્વચ્છ ઝરણના જલ-કણવડે શીતલ થયેલા હતા, ભૂર્જ-

---

૧. જુઓ પૃ. ૧૧૬ લી. ૭. પશુઓને પણ સંગીત-શબ્દની અસર થાયછે એમ શેક્સ્પિયર પણ સૂચવેછેઃ—

"For do but note a wild and wanton herd,
"Or race of youthful and unhandled colts,
* * * * * * * *
"If they but hear perchance a trumpet sound,
"Or any air of music touch their ears,
"You shall perceive them make a mutual stand,
"Their savage eyes turn'd to a modest gaze,
"By the sweet power of music."

Merchant of Venice, Act V., Sc. I.

"..................... Then I beat my tabor,
"At which, like unback'd colts, they prick'd their ears,
"Advanc'd their eyelids, lifted up their noses,
"As they smelt music."

Tempest, Act IV., Sc. I.

વલ્કલને[1] જેઓ જર્જરિત કરતા હતા, હર-વૃષભના વાગોળવાથી થતાં ફેન-બિન્દુને જેઓ સાથે લાવતા હતા, કાર્તિકેયના મયૂરની શિખાને જેઓએ ચુંબન કીધું હતું, અંબિકાના કર્ણ-પલ્લવને જેઓ વારંવાર નચાવતા હતા, ઉત્તર કુરુ દેશની[2] કામિનીઓનાં કર્ણ-કમલ જેઓ કંપાવતા હતા, કક્કોલ વૃક્ષને જેઓ ડોલાવતા હતા, રુદ્રાક્ષનાં પુષ્પમાંથી પરાગ ખરાવતા હતા, અને હર-જટામાં બંધાવાથી ગભરાઇ ગયેલા વાસુકિ નાગને પીતાં જે શેષ રહેલા હતા,–તેઓથી સંતુષ્ટ થઇને કુમાર પેલા પ્રદેશ પાસે આવી પહોચ્યો તો ત્યાં, તેજ સરોવરને પશ્ચિમ તીરે ચંદ્રિકા જેવી શ્વેત પ્રભાથી આખા પ્રદેશને ધવલ કરતી, ચંદ્રપ્રભાનામે કૈલાસ-ગિરિની ટેકરીની તળેટી પર બાંધેલું, શ્રીમહેશ્વરનું તેણે એક શૂન્ય દેવાલય જોયું. તે શિવાલયની આજુ બાજુ સર્વ દિશાઓમાં મરકત જેવાં લીલાં, મનોહર હારીત પક્ષિયોના કૂજનથી રમણીય લાગતાં વૃક્ષો આવી રહ્યાં હતાં. તેમની પાકી કળિયો ભમતા ભૃંગરાજના[3] પંઝાથી જર્જરિત થઇ ગઇ હતી. તેમાંના આંબાની કોમલ શાખાઓ ઉન્મત્ત કોકિલ-કુલ કરડી ખાતાં હતાં, અને વિકસિત કળિયો ઉપર મદમત્ત ભ્રમરોનાં ટોળાં ગુંજાર કરતાં હતાં. તેમાંના મરિચના અંકુર,[4] અચકિત ચકોર પક્ષિયો પોતાની ચાંચથી ચાખતાં હતાં. પુષ્કળ ચંપક-પરાગથી પીળાં થયેલાં ચાતક પક્ષિયો પિપ્પલી-ફલ ખાતાં હતાં. ફલના ભારથી લચી ગયેલી ઘટ્ટ દાડમડીઓમાં ચકલીઓ માળા બાંધીને વીઆઇ હતી. રમતમાં કૂદતાં કપિ-કુલના કર-પ્રહારથી તાડીનાં વૃક્ષ ડગમગી જતાં હતાં. કલહથી અન્યોન્ય કોપેલાં કપોત પક્ષિયોની પાંખોથી તે વૃક્ષોનાં પુષ્પ ગરી પડતાં હતાં. પુષ્પપરાગ (ઉડ્યા)થી વિચિત્ર થયેલી મેનાઓ તેમનાં શિખર ઉપર બેઠલી હતી. સેંકડો શુક પોતાનાં મુખ તથા નખાગ્રવડે તેમનાં ફલના કડકા કરી નાંખતા હતા. જલધર-જલ જાણી લોભથી આવેલાં, પણ પછીથી છેતરાયલાં મુગ્ધ ચાતકો ત્યાંની તમાલ વૃક્ષોની ઘટામાં કોલાહલ કરી મુકતાં હતાં. હાથીનાં બચ્ચાંના પલ્લવ તોડવાથી લવલી-વલય કંપી જતાં હતાં. નવ યૌવનથી મત્ત થયેલાં પારાવત બેસતી વેળા પાંખો ફફડાવતાં તેથી એ વૃક્ષોનાં પુષ્પનાં લુમખાં તુટી પડતાં હતાં. પવનની લ્હેરથી કંપતાં કોમલ કદલી-પત્ર ત્યાં પંખાનું કામ સારતાં હતાં. ફલના અતિશય ભારથી નાળિયેરીનાં વન નમી જતાં હતાં. એ વૃક્ષોની આસપાસ કો-

---

૧. ભૂર્જ-વલ્કલ=ભોજપત્રની છાલ. ૨. એ હિમાલયથી ઉત્તરે આવેલો એક દેશ છે. ૩. તે નામનું એક પક્ષી. ૪. મરિચ=મરીના છોડ.

મલ પત્રવાળાં સોપારીનાં ઝાડ આવી રહ્યાં હતાં. કોઈ નિવારણ કરનાર નહિ હોવાથી પક્ષિયો પોતાનાં મુખવડે મ્હોટાં ખર્જૂરનાં લુમખાં કોચી ખાતાં હતાં. વળી વચ્ચે વચ્ચે, મદથી ટૌકા કરતી મયૂરીનો મધુર રવ નીસરતો હતો. કળી શકાય નહિ એટલી કળિયોના કલાપવડે તે વૃક્ષો છવાઈ ગયાં હતાં. અહિં તહિં કૈલાસ-સરિતાના તરંગની છોળો રેતીવાળી ભૂમિઉપર વાગેલી હતી. વનદેવતાઓનાં કરતલ જેવાં, અલક્તક-રસનાં બિન્દુથી ભીનાં થયાં હોય એવાં, અતિ સુકુમાર પલ્લવ તે વૃક્ષો ઉપર ઉગેલાં હતાં. ગ્રંથિપર્ણક[1] ખાઇને ચમરીઓનાં ટોળાં તેમનાં મૂળ આગળ આનંદમાં બેઠાં હતાં. કર્પૂર તથા અગુરુ વૃક્ષની સંખ્યા તેઓમાં ઘણી મ્હોટી હતી. ઇન્દ્રધનુષની પેઠે તેઓનું સ્થાન **ઘન** હતું.[2] કુમુદની સમાન સૂર્યકિરણને માર્ગ નહિ આપવાથી તેમની અંદરનો ભાગ શીતલ રહેલો હતો. રામરાજાનાં સૈન્યની પેઠે તેમના પ્રાન્ત ભાગમાં **અ[ા]ંજન-નીલ-નલ** હતા.[3] પ્રાસાદોની સમાન ત્યાં પારાવતનો વાસ હતો. ભવન-તાપસોની પેઠે તેમની પાસે **વેત્રાસન** હતાં.[4] રુદ્રની સમાન તેમના **પરિકર** ઉપર **નાગ-લતા** વીંટળાયલી હતી.[5] સાગરને કાંઠે આવેલા પુલિનની સમાન ત્યાં નિરંતર **પ્રબાલ-લતાના** અંકુર ફુટેલા હતા.[6] અભિષેક-જલની પેઠે તેઓમાં સર્વ ઓષધિ, પુષ્પ, ફલ તથા પલ્લવ હતાં.[7] ચિત્ર-ગૃહ જેવાં તેઓ બહુ વર્ણનાં વિચિત્ર પિચ્છવાળાં સેંકડો પક્ષિયોથી શોભતાં હતાં.[8] કૌરવોની પેઠે તેમને **ભારદ્વાજ** સેવતા હતા.[9] મ્હોટાં રણ-સંગ્રામની પેઠે ત્યાં **પુન્નાગ** ઉપર **શિલીમુખ** આવીને પડતા હતા.[10] મહાગજની પેઠે તેઓ લટકતાં બાલ-પલ્લવ વડે ભૂમિને સ્પર્શ કરતાં હતાં.[11] અપ્રમત્ત નરપતિયોની સમાન

---

૧. તે નામની એક વનસ્પતિ. ૨. ઘન=મજબુત; અને મેઘ. ૩. અંજન જેવા નીલ-શ્યામ, નલ જાતના છોડ. સૈન્યમાં આંજન-અંજના-પુત્ર-હનુમાન્, તથા નીલ નલ નામના બે વાનર. ૪. વેત્રાસન=વેત્ર અને અસન નામના છોડ; વેત્રાસન=વેત્રનાં બનાવેલાં આસન. ૫. પરિકર=પર્યન્ત ભાગ; કેડનો વા કછોટાનો ભાગ. નાગલતા=નાગરવેલ; સર્પ રૂપી લતા. ૬. પ્રબાલ-પલ્લવ-યુક્ત લતા; પ્રબાલ-પરવાળાં-ની લતા. ૭. અભિષેક-જલમાં સર્વ ઓષધિ વિગેરે નાંખેછે તે સારૂ જુઓ પૃષ્ઠ ૧૪૭ લીટી ૧૪. ૮. વૃક્ષોમાં ખરેખરાં પક્ષી; ચિત્રગૃહમાં માત્ર ચિત્રેલાં. ૯. ભારદ્વાજ=તે નામનું પક્ષી (Sky-lark); દ્રોણાચાર્ય. ૧૦. પુન્નાગ=નાગકેશર; હાથી. શિલીમુખ=ભ્રમર; બાણ. ૧૧. વૃક્ષોને નાની નાની

તેમની આસપાસ બહુ ગુલ્મ આવી રહ્યાં હતાં.[1] શસ્ત્ર-સજ્જ હોય તેમ તેમની કાયા ભ્રમર-કવચ વડે ઢંકાયલી હતી.[2] પ્રમાણ ગ્રહણ કરવાને તત્પર હોય તેમ ત્યાં [વા] નર કરાઙ્ગુલિથી ગુંજાને સ્પર્શ કરતા હતા.[3] પૃથ્વીપતિયોનાં શયનની પેઠે તેમનાં તલ સિંહ-પાદથી અંકિત હતાં.[4] પંચાગ્નિ-સાધન કરતાં હોય તેમ તેમની આસપાસ ઉંચી શિખાવાળા શિખીઓ શોભતા હતા.[5] દીક્ષિત હોય તેમ તેઓ કૃષ્ણ-મૃગનાં શૃંગથી ઘસાયલાં હતાં.[6] વૃદ્ધ ગૃહ-મુનિયોનીપેઠ તેઓ જટાલ બાલ-કમંડલુ-ધર હતાં.[7] અને ઇન્દ્રજાલિક જેવાં તે દષ્ટિને હરી લેતાં હતાં.[8]

પવનથકી ઉડીને આમ તેમથી આવતી કેવડાની ગર્ભ-રજ વડે સર્વ શરીર ધોળું થવાથી, મહાદેવનું દર્શન કરવા જતાં જાણે બલાત્કારે કોઇ ભસ્મવ્રત ધારણ કરાવતું હોય, તથા પ્રવેશ કીધાથી થતાં પુણ્ય[9] જાણે પરિગ્રહ કરતાં હોય તેમ, કુમાર તે દેવાલયની અંદર પેઠો, અને ત્યાં તેણે સચરાચર-ગુરુ ભગવાન્ મહેશ્વર, જેમના ચરણને સકલ ત્રિભુવન વંદન કરેછે તેમનું, નિર્મલ મુક્તા-શિલાથી ઘડેલું ચતુર્મુખી લિંગ જોયું. તેની પ્રતિષ્ઠા, ચાર સ્તંભ વાળા નાના એક સ્ફટિક-મંડપમાં કરેલી હતી;

ડાળિયો ઉગેલી હોય; હાથીએ તે શુંડમાં પકડેલી હોય. ૧. ગુલ્મ= ઝાડી; સીમા-રક્ષક સેના. ૨. ભ્રમર-કવચ= વૃક્ષોની ઉપર ભ્રમર બેઠેલા તેજ જાણે તેમનાં કવચ; યોદ્ધાઓને ભ્રમર જેવાં શ્યામ કવચ. ૩. વૃક્ષોમાં વાનર અંગુલિથી ગુંજા-ચનોખડી-ને સ્પર્શ કરતા; પ્રમાણ-તોલ-કરનાર પણ સૂક્ષ્મ વસ્તુ જોખવા સારૂ ચનોખડી (રતી) વાપરેછે. ૪. સિંહ-પાદ=સિંહનાં પગલાં; અને સિંહાકારના પાદ-પાયા. ૫. શિખા=કલગી; જ્વાલા. શિખી=મયૂર; અગ્નિ.
૬. વૃક્ષો ઉપર એ મૃગોએ પોતાનાં શૃંગ ઘસેલાં; ને દીક્ષા લેનારાઓને પોતાના શરીર ઉપર એ શૃંગનો સ્પર્શ કરવો પડેછે. ૭. જટાલ-બાલ-કમંડલુ-ધર=(વૃક્ષોમાં) જટા-મૂળ, અને આલવાલ-ક્યારા, તે યુક્ત કમંડલુ-વૃક્ષ હતાં; અથવા જટાલ-જટાવાળાં-મૂળવાળાં, બાલ-નાનાં-કમંડલુ-વૃક્ષ હતાં; અથવા ત્યાં જટાલ-જટારૂપે રહેલા, વાળ-કેશ છે જેમના એવા કમંડલુધર-શિવ-હતા; અથવા જટાલ-વડનાં ઝાડ, અને બાલ-કમં૦ હતાં. (મો. વુ.) ગૃહમુનિયોને જટાલ વાળ અને કમંડલુ-જલપાત્ર-હોયછે; અથવા જટાવાળાં બાલ-બાલક, તથા ક૦ હોયછે. કેટલાક મુનિયો પત્નીસહિત વાનપ્રસ્થાશ્રમ લે છે, તેમને પુત્રનો સંભવ છે.
૮. ઇન્દ્રજાલિક-જાદુગર. દૃષ્ટિ=આંખ; નજર. ૯. યશ, પુણ્ય, સદ્ગુણ, હાસ્ય વિ૦ નો વર્ણ સંસ્કૃત કવિયોએ શ્વેત કલ્પેલો છે, અને

અને તરત ચુંટેલાં હોવાથી ભીનાં રહેલાં, તથા પત્રની કોરેથી ટપકતાં જલબિન્દુવાળાં, સ્વર્ગ-ગંગાનાં પવિત્ર પુંડરીક જે ઉભાં ચીરેલાં ચંદ્ર-બિમ્બના કડકા જેવાં, શિવના અટ્ટહાસનાં અવયવ જેવાં, શેષ નાગની ફેણના કડકા જેવાં, પાઞ્ચજન્યના[1] સહોદર જેવાં, ક્ષીરસાગરના હૃદય જેવાં, તથા મોતીના મુકુટ જેવાં શોભતાં હતાં, તેવડે તેની પૂજા કીધેલી હતી.

તે બાણની દક્ષિણ મૂર્તિની સામે, બ્રહ્માસન રચીને તથા પાશુપત વ્રત ધારણ કરીને બેઠલી તેણે એક કન્યા જોઈ. તે, સર્વ દિશાઓને ડુબાવી દેતા, પ્રલય કાળે ઉભરાયલા ક્ષીરસમુદ્રના પૂર જેવા શ્વેત, અતિ દીર્ઘ કાલથી સંચિત તપઃસમૂહની સમાન ફેલાતા, અને વૃક્ષોની વચ્ચે વચ્ચે ગંગાજલની પેઠે ભેગા થઈને વહેતા, પોતાની દેહ-પ્રભાના પ્રવાહ વડે, વન-ગિરિ સહિત તે પ્રદેશને જાણે ગજ-દન્તમય બનાવી દેતી હતી; કૈલાસ-ગિરિને કોઈ અન્ય પ્રકારેજ ધોળી દેતી હતી; અને જોનારનાં ચક્ષુમાં થઈને (તે પ્રભા-પ્રવાહ) અંદર પેસવાથી, તેના મનને પણ જાણે શ્વેત કરી દેતી હતી!! તેના શરીરની આસપાસ અતિધવલ પ્રકાશ પ્રસરવાથી, તે જાણે સ્ફટિક-ગૃહમાં બેઠી હોય, ક્ષીરસાગરમાં ડુબી ગઈ હોય, નિર્મલ ચીનાઈ વસ્ત્રથી ઢંકાઈ ગઈ હોય, દર્પણ-તલમાં ઉતરેલી હોય, તથા શરદ્-મેઘની તળે સંતાઈ ગઈ હોય તેમ તેનાં અવયવ પરિપૂર્ણ રીતે સ્પષ્ટ દેખાતાં ન હતાં. પંચ મહાભૂતરૂપી, અંગ સરજવાનાં દ્રવ્યાત્મક સાધન મુકીને તેને જાણે કેવલ શ્વેત-ગુણથીજ ઉત્પન્ન કરેલી હતી!! ઉદ્ધત ગણલોક કેશ-ગ્રહણ કરશે એવા ભયથી જાણે દક્ષની યજ્ઞ-ક્રિયાજ મહાદેવને સેવવા આવી હોય;[2] કામદેવના શરીરને અર્થે શિવની

શાપ, પાપ આદિનો શ્યામ ગણેલો છે. (જુઓ પૃ. ૫૫ લી. ૭–૮; વિ.). ઇંગ્રેજી કવિયો પણ તેમજ ગણેછેઃ—

> "No might nor greatness in mortality
> "Can censure 'scape; back-wounding calumny
> "The *whitest* virtue strikes."
>
> *Measure for Measure Act* III., *Sc.* II.
>
> "The frequency of crimes has washed them white."
>
> *Cowper's Garden* L. 71.

૧. પાઞ્ચજન્ય=વિષ્ણુનો શંખ. ૨. અહિંથી શરૂ થતાં વાક્યોનો સંબંધ "એવી તે શોભતી હતી." એ છેલ્લા શબ્દો સાથે લેવો. દક્ષે યજ્ઞ કર્યો ત્યારે શિવ-પાર્વતીને આમંત્રણ કર્યું ન હતું અને

આરાધના કરીને તેમનો પ્રસાદ મેળવવા જાણે સાક્ષાત્ રતિજ આવી હોય; સહવાસ-પરિચયને લીધે શંભુની ચંદ્ર-લેખાને મળવાની ઉત્કંઠાથી જાણે ક્ષીરસાગરની અધિદેવતાજ આવી હોય; રાહુના ભયથી ચંદ્ર-મૂર્ત્તિ જાણે પશુપતિને શરણ આવેલી હોય; ગજ-ચર્મ ઓઢવાની ઉત્કંઠાને લીધે મહેશ્વરે ધ્યાન કર્યાથી આવીને બેઠેલી જાણે ઐરાવત હાથીની છવિ હોય;[1] શંકરના દક્ષિણ મુખની હાસ્યચ્છવિ જાણે બ્હાર નીકળી બેઠી હોય;[2] રુદ્રને ચોળવાની વિભૂતિ જાણે શરીર ગ્રહણ કરીને આવી હોય; નીલ-કંઠના કંઠનો અંધકાર છેદવાનો યત્ન કરતી, જાણે પ્રત્યક્ષ ચંદ્ર-પ્રભા હોય; દેહ ધારણ કરીને આવેલી જાણે પાર્વતીની મનઃશુદ્ધિજ હોય; કાર્તિકેયની જાણે સાક્ષાત્ કૌમાર-વ્રતની ક્રિયા હોય; હર-વૃષભના દેહની કાન્તિજ જાણે પૃથક્ નીકળેલી હોય; દેવાલયનાં વૃક્ષોની પુષ્પ-સમૃદ્ધિજ જાણે ભૂતનાથની પૂજા કરવા આવી હોય; બ્રહ્માની તપ-સિદ્ધિજ જાણે ભૂતલ ઉપર ઉતરી હોય; આદિયુગના પ્રજાપતિની કીર્તિજ જાણે સપ્ત લોકમાં[3] ભ્રમણ કર-વાથી થાકીને વિશ્રામ લેવા આવી હોય; કલિયુગમાં ધર્મ-નાશ થવાથી શોકાતુર બની જઈને જાણે ત્રયી[4] પોતેજ વનવાસ કરવા આવી હોય; આવતા કૃતયુગની બીજ-કલા જાણે યુવતી રૂપે રહેલી હોય; શરીરવાળી જાણે મુનિજનોની ધ્યાન-સંપત્તિ હોય; દેવગજ-પંક્તિ જાણે સ્વર્ગગંગાના વેગથી ગરબડી ગઈ હોય; રાવણે ઉન્મૂલન કર્યાના ક્ષોભમાં નીચે પડી ગયેલી જાણે કૈલાસની લક્ષ્મી હોય; શ્વેત દ્વીપની[5] શ્રી જાણે અન્ય દ્વીપ જોવાની આતુરતાથી ત્યાં આવી હોય; કાશ કુસુમની વિકાસ-કાન્તિ જાણે શરત્સમયની રાહ જોતી હોય; શેષ સર્પના શરીરની શોભા જાણે પાતાલ છોડીને બ્હાર નીસરી આવી હોય; બલરામની દેહ-પ્રભા જાણે મદિરાનો મદ ચઢવાથી ગળી પડી હોય; અને શુક્લ-પક્ષની પરં-

---

પાર્વતી ગયાં ત્યારે એમનો તિરસ્કાર કર્યો તેથી પોતે અગ્નિમાં પડી બળી ગયાં. એ ઉપરથી મહાદેવે ક્રોધાયમાન થઈ ત્યાં યુદ્ધ કર્યું તેમાં દક્ષ મરાયો, અને યજ્ઞ-ક્રિયા ખેદાન મેદાન થઈ ગઈ. ૧. ગજાસુરનું મર્દન કર્યા પછી મહાદેવે તેનું ચર્મ ધારણ કરીને તાંડવ નૃત્ય કર્યું હતું, અને ત્યાર પછી પણ પ્રતિદિવસ તેમ કરતા એમ કહેવાયછે. ૨. જુઓ પૃ. ૧૬૯ નો. ૯. દક્ષિણ મુખ કહેવાનું કારણ એ કે તે કન્યા દક્ષિણ મુખનીજ સામી બેઠી હતી. ૩. ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનઃ, તપઃ ને સત્ય લોક. ૪. જુઓ પૃ. ૧૩૫ નો. ૩. ૫. જુઓ પૃષ્ઠ ૧૧૪ નોટ ૩.

પરા જાણે ભેગી કરીને આણી હોય એવી તે શોભતી હતી!!! તેના શ્વેત વર્ણને લીધે, સર્વ હંસોસાથે જાણે તેણે સંવિભાગ કરેલો હતો; ધર્મના હૃદયમાંથીજ તે જાણે ઉત્પન્ન થયેલી હતી; શંખમાંથી જાણે કોતરી કાઢેલી હતી; મુક્તાફલમાંથી જાણે બનાવેલી હતી; મૃણાલનાંજ જાણે તેનાં અવયવ રચેલાં હતાં; હાથીદાંતના કડકાથીજ જાણે તે ઘડેલી હતી; ચંદ્ર-કિરણના કુંચાથી જાણે તે સ્વચ્છ થયેલી હતી; સુધાથી[1] જાણે છંટાયલી હતી; અમૃતના ફેન-પિંડથી જાણે તે ધવલ બનેલી હતી; પારાની ધારાથી જાણે તેને ન્હવરાવેલી હતી; રૂપાના રસનું જાણે તેને મર્દન કરેલું હતું; ચંદ્રમંડલમાંથી જાણે તે કોતરેલી હતી; કુટજ, કુંદ તથા સિંધુવાર કુસુમની જાણે કાન્તિવડે તે શોભતી હતી; અને ધવલતાની તે જાણે સીમા હતી. સ્કંધ સુધી લટકતી, ઉદયાચલ ઉપર ગયેલા સૂર્યબિમ્બમાંથી બાલ કિરણોની પ્રભા લઇને જાણે બનાવેલી, ચમકતી વીજળીના ચંચલ તેજ જેવી રાતી, તથા થોડી વાર થયાં સ્નાન કર્યાથી વિરલ વિરલ રહેલા જલકણને લીધે, જાણે પ્રણામ કરવાથી જગદીશ્વરના ચરણની ભસ્મ તેમાં ચ્હોંટી હોય એવી જટા તે કન્યાના મસ્તકને શોભાવતી હતી. માથામાં જટા-પાશ ભેગું ગુંથેલું મણિમય, નામયુક્ત, ગૌરીપતિનું ચરણ-યુગલ[2] તેણે પેહેરેલું હતું. સૂર્ય-રથના અશ્વોની ખરિયોવડે ખોદાયલા નક્ષત્રોના ચૂર્ણ જેવી શ્વેત ભસ્મવડે તેનું લલાટ અલંકૃત હતું તેથી, શિખર-શિલાને અડકેલી શશાંક-કલાવાળી, શૈલરાજની મેખલા જેવી તે શોભતી હતી. અતુલ ભક્તિથકી અલંકૃત થયેલી, શિવલિંગ ઉપર નિબદ્ધ કરેલી, પોતાની, બીજી પુંડરીક-માલા જેવી દૃષ્ટિવડે તે ભગવાન્ ભવાની-પતિને આરાધતી હતી. અહર્નિશ ગાન કરવાથી હાલતા હોઠને લીધે મુખમાંથી, શુદ્ધ હૃદયના કિરણ જેવા, સંગીત-ગુણ જેવા, સ્વર જેવા, તથા સ્તુતિના સાક્ષાત્ શબ્દ જેવા પ્રસરતા, અતિ સ્વચ્છ દંત-મયૂખથી તે, ત્રિપુરારિને ફરીથી જાણે સ્નાન કરાવતી હતી! પ્રજાપતિના મુખમાંથી નીકળીને આવેલા સાક્ષાત્ વેદાર્થ જેવા, ગુંથેલા જાણે ગાયત્રી-વર્ણ જેવા નારાયણના નાભિ-કમલમાંથી ચુંટેલાં બીજ જેવા, કર-સ્પર્શથી પવિત્ર થવાની ઈચ્છાએ તારાનાજ રૂપમાં આવેલા સપ્તર્ષિ જેવા, અતિ નિર્મલ, આમલક જેવડા મ્હોટા મોતીના દાણાનું અક્ષ-વલય તેણે કંઠમાં પેહેરેલું

---

૧. સુધા=ચૂનો. ૨. ચરણ-યુગલ=પગલાંની જોડ.

હતું, જેથી તે પરિવેષ સહિત[1] ચંદ્રમંડલયુક્ત પૂર્ણિમાની રાત્રિ જેવી શોભતી હતી!! અધોમુખ રહેલા હર-શિરઃકપાલના મંડલ જેવા, મોક્ષ-દ્વાર પાસે મુકેલા કલશ જેવા કાન્તિમાન્ તેના સ્તન-યુગલવડે તે, એકજ હંસ-મિથુન સહિત શ્વેત-ગંગા જેવી પ્રકાશતી હતી! પાર્વતીના સિંહની યાળનુંજ જાણે બનાવ્યું હોય તેવું, ચામર જેવી સુંદર આકૃતિવાળું, કલ્પ-લતાનું વલ્કલ જેની ગ્રંથિ સ્તન-મધ્ય-ભાગમાં વાળેલી હતી તેનું તે કન્યાએ ઉત્તરીય રચેલું હતું. ઇશ્વરે પ્રસન્ન થઇને આપેલા, ચૂડામણિ-ચંદ્રના કિરણનુંજ જાણે મંડલ બનાવ્યું હોય એવું બ્રહ્મસૂત્ર પેહેરીને તેણે પોતાની કાયાને પવિત્ર કીધેલી હતી. પગ સુધી પહોચતું, અને શ્વેત રંગનું છતાં પણ, બ્રહ્માસન-બંધમાં ચતા રાખેલા ચરણતલની પ્રભાના સ્પર્શથી લાલ જેવું દેખાતું દુકૂલ તેણે નિતંબ ઉપર પેહેરેલું હતું. યોગ્ય કાળે આવનાર, નિર્વિકારી તથા વિનયી શિષ્યના જેવું યૌવન પણ તેની સેવા કરતું હતું! સ્વચ્છ લાવણ્યે પણ જાણે પુણ્ય કર્યાં હોય તેમ તેનો પરિગ્રહ કીધો હતો! સુંદર લોચનવાળું રૂપ પણ, ચાપલ રહિત, દેવાલયના મૃગની પેઠે તેની સાથેજ રહેલું હતું! તેનો જમણો હાથ, જેની અંગુલિયો ઉપર શંખની સૂક્ષ્મ વીંટિયો આવી રહી હતી, ત્રિપુંડ્ર કરતાં ચ્હોટેલી ભસ્મવડે જે શ્વેત થયેલો હતો, જેના કાંડા ઉપર શંખ-ખંડક બાંધેલું હતું, અને નખ-કિરણ પ્રસરવાથી જાણે દંત-કોણ[2] ગ્રહણ કીધો હોય એવો જે દેખાતો હતો તેવડે એ કન્યા, ઉત્સંગમાં પોતાની પુત્રીની સમાન રહેલી દન્તમય વીણા વગાડતી હતી, જેથી તે પ્રત્યક્ષ ગન્ધર્વ-વિદ્યા[3] જેવી શોભતી હતી. તેની આજુબાજુ મણિ-મંડપના સ્તંભમાં, તેનાજ સમાન રૂપની, વીણા લઇને બેઠેલી સહચરીઓ જેવી પ્રતિમાઓ પડેલી હતી. સ્નાન કરાવ્યાથી ભીના થયેલા શિવલિંગમાં તેનું પ્રતિબિમ્બ પડ્યાથી, તે જાણે અતિ પ્રબલ ભક્તિ જોઇ પ્રસન્ન થયેલા પ્રમથનાથના હૃદયમાં પેઠેલી હતી. હાર-લતા જેવી કંઠ-યુક્ત, ગ્રહ-પંક્તિ જેવી ધ્રુવ-બદ્ધ,[4] ક્રુદ્ધ સ્ત્રીના જેવી રક્ત મુખ-વર્ણવાળી,[5]

---

૧. જુઓ પૃ. ૪૧ નો. ૩. ૨. કોણ=વીણા આદિ વગાડવાનો ગજ. (Bow.) ૩. સંગીત શાસ્ત્ર. ૪. ધ્રુવ=ગીતનો વારંવાર બોલાતો ભાગ, ટેક (Burden); જેની આસપાસ સર્વ ગ્રહાદિ ફરેછે તે. (Polar star.) ૫. રક્ત=અનુરક્ત અથવા અનેક રાગ યુક્ત. મુખવર્ણ=મુખમાંથી નીકળતા, અથવા આદિના શબ્દ-ગીતમાં. ક્રુદ્ધ સ્ત્રીનો મુખવર્ણ-રંગ, લાલ હોય.

મત્ત વનિતા જેવી ડોલતા ગંભીર તાર[ક]વાળી,[1] ઉન્મત્ત યુવતીની પેઠે અનેક તાલ કરતી,[2] તથા મીમાંસાની પેઠે અસંખ્ય ભાવનાથી ભરેલી[3] ગીત-સ્તુતિવડે તે કૈલાસનાથને વીણાથી રીઝવતી હતી. અતિ મધુર ગીત વડે આકૃષ્ટ થયેલાં, તથા કર્ણ નિશ્ચલ રાખીને જાણે ધ્યાન કરતાં,–મૃગ, વરાહ, વાનર, ગજ, શરભ, સિંહ વિગેરે–વનચરોનાં ટોળાં, તે સંગીત-યુક્ત વીણા-રવ સાંભળતાં હતાં. દેવ-ગંગાના જેવી તે સ્વર્ગમાંથી ઉતરેલી હતી. દીક્ષિત જનની વાચા જેવી તે અપ્રાકૃત હતી.[4] શંકરની બાણ-શલાકા જેવી તે તેજોમય હતી. જાણે અમૃત-પાન કીધું હોય એમ તે તૃષ્ણા-રહિત હતી. ચંદ્ર-શેખરની ચંદ્ર-કલાની પેઠે તેનામાં કદી રાગ દેખાતો ન હતો. અમથિત સમુદ્રની જલ-સંપત્તિ જેવી તે અન્તરમાં પ્રસન્ન હતી. સમાસ વિનાની પદ-વૃત્તિ જેવી તે દ્વંદ્વ-રહિત હતી.[5] બૌદ્ધ-બુદ્ધિના જેવી તે નિરાલંબન હતી.[6] જાનકીની પેઠે તેણે જ્યોતિષ્‌માં પ્રવેશ કીધો હતો.[7] દ્યૂત-કલામાં કુશલ હોય તેમ તેણે અક્ષ-હૃદય વશ કરી લીધું હતું.[8] પૃથ્વીના જેવી તેની દેહ જલ-ભૃત હતી.[9] હિમ-સમયની પ્રભાત-લક્ષ્મીની પેઠે તેણે સૂર્ય-તાપ પીધો હતો. આર્યાના જેવી તેની માત્રા યતિ-ગણને યોગ્ય હતી.[10] ચિત્રેલી હોય તેમ તેનું સ્થાન અચલ હતું.[11] જાણે કિરણ-મય હોય તેમ શરીરની કાન્તિથકી તે ભૂતલને રંગતી હતી. તે મમત્વ,

---

૧. તાર=ઉંચો સ્વર. તારક=કીકી. ૨. તાલ=સંગીતમાં કાળ માપવાને સારૂ તાળી અથવા ચીપટી વિ૰ દેછે તે. ગાંડાં મનુષ્ય પણ તાળિયો પાડેછે. જુઓ પૃષ્ઠ ૨૩ નો. ૬. ૩. ભાવના=ચિન્તન, ધ્યાન; પૂર્વ મીમાંસામાં કહેલી ક્રિયા વા વિધિ. ૪. અપ્રાકૃત=દિવ્ય; સંસ્કૃત. ૫. દ્વંદ્વ રહિત=એકલી; તે નામના સમાસ રહિત. ૬. નિરાલંબન=નિરાધાર. બૌદ્ધ લોક જગત્‌માં વિજ્ઞાન વિના અન્ય કોઈ આલંબનનું પ્રતિપાદન કરતા નથી. ૭. જ્યોતિષ્=પરબ્રહ્મ; અગ્નિ. સીતાએ પોતાની શુદ્ધિ સિદ્ધ કરવા સારૂ સર્વની સમક્ષ અગ્નિ-પ્રવેશ કર્યો હતો. જુઓ રઘુ. સ. ૧૪ શ્લોક ૬૧.—

वाच्यस्त्वया मद्वचनात् स राजा । वन्हौ विशुद्धामपि यत्समक्षम् ॥
मां लोकवादश्रवणादहासीः । श्रुतस्य किं तत्सदृशं कुलस्य ॥

૮. અક્ષ-હૃદય=અક્ષ–ઇંદ્રિયો, તથા હૃદય; અને અક્ષ–પાસાની રમત-નું હૃદય–રહસ્ય. ૯. કન્યા જલ ઉપર નિર્વાહ કરતી; પૃથ્વી જલથી ભરેલી. ૧૦. માત્રા=દ્રવ્યાદિક. યતિ-ગણ=મુનિજન. આર્યા સાથે લેતાં અર્થ સ્પષ્ટ છે. ૧૧. અચલ=પર્વત; ચળે નહિ એવું–ચિત્રનું સ્થાન.

અહંકાર તથા મત્સર રહિત હતી. આકૃતિ તેની અલૌકિક હતી. અને દિવ્ય સ્વરૂપને લીધે વય કળી શકાતી ન હતી તે છતાં પણ જાણે લગભગ અરાઢ વર્ષની હોય એવી તે દેખાતી હતી.

તે કન્યાને જોતાંજ નીચે ઉતરી પડી, વૃક્ષની શાખાએ અશ્વ બાંધી. ભગવાન્ ભવાનીપતિની પાસે જઈને ભક્તિથી પ્રણામ કરી કુમાર તેજ દિવ્ય યુવતીની સામે, નિમેષ વિના, નિશ્ચલ દૃષ્ટિથી, ફરીને જોવા લાગ્યો. તેની રૂપ-સંપત્તિ, કાન્તિ અને શાન્તિ વડે વિસ્મય પામીને તે વિચારમાંપડ્યો કે અહો ! જગત્માં પ્રાણિયોને કેવા કેવા અકલિત ભિન્ન ભિન્ન વૃત્તાન્ત આવી બનેછે! મૃગયામાંને મૃગયામાં અકસ્માત્ કિન્નર-મિથુનને નિરર્થક અનુસરતાં મેં આ અતિમનોહર, માનવીઓને અગમ્ય, અને દિવ્ય જનોનેજ ફરવા યોગ્ય પ્રદેશ જોયો ! વળી અહીં પાણી શોધતાં શોધતાં મેં,સિદ્ધપુરુષો જેના જલનો ઉપયોગ કરેછે એવું,હૃદય-હારી સરોવર દીઠું ! તેને તીરે સુતે સુતે અમાનુષ ગીત સાંભળ્યું ! અને તેને અનુસરવાથી આ દિવ્ય કન્યા જેનું દર્શન મનુષ્ય લોકને દુર્લભ છે તે જોઈ !!—આ દિવ્ય છે એમાં તો કંઈ સંશયજ નથી; કેમકે એની આકૃતિજ કહી આપે છે કે એ માનુષ-વર્ગમાં ઉત્પન્ન થયેલી ન હોય. વળી આવા ગંધર્વ-ગીત-ધ્વનિની (પણ) ઉત્પત્તિ મર્ત્ય લોકમાં ક્યાંથી હોય ? માટે જો આ મ્હારા દૃષ્ટિ-ગોચર-માંથી સહસા ખસી ન જાય, કે કૈલાસ-શિખર ઉપર ચઢી ન જાય, અથવા ગગનમાં ઉડી ન જાય તો હું એની પાસે જઈને બધું પૂછી લઉં કે તમે કોણ છો, તમારૂં નામ શું, અને શા સારૂ તમે યુવાવસ્થામાં આ વ્રત ગ્રહણ કર્યુંછે. આ સર્વ અતિ આશ્ચર્યકારક છે.—એવો નિશ્ચય કરીને તે એજ નાના સ્ફટિક-મંડપની અંદર બીજા એક સ્તંભને ટેકો દઈને, ગાયન-ની સમાપ્તિની રાહા જોતો બેઠો.

પછી ગીતને અંતે વીણા બંધ કરીને, શાન્ત પડેલા મધુકરના મધુર ગુંજારવાળી કુમુદિની જેવી તે કન્યા ઉઠી, પ્રદક્ષિણા કરી, મહાદેવને પ્રણામ કરી, પાછી વળી, સ્વભાવથીજ શ્વેત તથા તપઃપ્રભાવથી પ્રગલ્ભ થયેલી પોતાની દૃષ્ટિવડે જાણે ચંદ્રાપીડને આશ્વાસન કરતી હોય, પુણ્ય વડે જાણે સ્પર્શ કરતી હોય, તીર્થ-જલવડે સ્નાન કરાવતી હોય, તપવડે પાવન કરતી હોય, શુદ્ધ કરતી હોય, વરદાન આપતી હોય, અને પવિત્ર કરતી હોય તેમ કહેવા લાગી કે—ભલે પધાર્યા. આપ મહાભાગનાં પગલાં

આ ભૂમિમાં ક્યાંથી? ચાલો ઉઠો, મ્હારો અતિથિ-સત્કાર સ્વીકારો.—તેના આ શબ્દ સાંભળી, માત્ર સંભાષણથીજ પોતે અનુગૃહીત થયો એમ માની રાજપુત્ર ઉઠ્યો, અને ભક્તિપૂર્વક પ્રણામ કરી,—જેવી ભગવતીની આજ્ઞા,—એમ વિનય સહિત પ્રત્યુત્તર દઈ, શિષ્યની પેઠે, તે જતી હતી તેની પછવાડે પછવાડે ચાલ્યો.

વળી જતાં જતાં એને વિચાર આવ્યો કે ખરે! મને દેખીને એ અન્તર્હિત તો ન થઇ ગઈ; તેથી હવે કુતૂહલને લીધે પ્રશ્ન કરવાની આશા મ્હારા હૃદયમાં સ્થિર થઇ. તપસ્વી જનને દુર્લભ આવા દિવ્ય રૂપવાળી છતાં પણ એણે જે મને અતિશય સંમાનપૂર્વક સત્કાર-બુદ્ધિ દર્શાવી તે ઉપરથી મને લાગેછે કે હું એને જો પ્રાર્થના કરીશ તો એ પોતાનો સર્વ વૃત્તાન્ત કહી દેશે ખરી.—એમ વિચારતે વિચારતે આશરે સોએક પગલાં ભર્યાં એટલે એક ગુહા તેની નજરે પડી. તેના આગલા ભાગમાં દિવસે પણ જાણે રાત્રિનો દેખાવ આપતાં, નિરંતર ઉગેલાં તમાલ-વૃક્ષોએ અંધકાર પ્રસારી દીધો હતો. પ્રફુલ્લ પુષ્પથી ભરેલી લતા-કુંજોમાં મંદ મંદ કૂજન કરતા મદમત્ત મધુકરોનો ગુંજાર, તેને ચારે છેડે વ્યાપી રહ્યો હતો. શ્વેત શિલાતલના પ્રતિઘાતને લીધે ઉછળવાથી ફેનમય થયેલાં, અતિ દૂર પડતાં પાણીના, ઉંચાં ઉંચાં ખડકોવડે ભેદાતા, મ્હોટો ધૂધવાટ કરતા, અને ઝાકળની ઠંડી ફરફરનો ચારે પાસ પર્જન્ય વર્ષાવતા વેહેળાથી ત્યાં બધે ધુમસ ધુમસ વ્યાપી જતો હતો. હિમ-હાર જેવાં, અને હર-હાસ્ય જેવાં ધવલ, બંને પાસથી ઝરતાં ઝરણને લીધે,તેના દ્વાર ઉપર જાણે હાલતાં ચામર લટકાવ્યાં હોય એમ દેખાતું હતું! તેની અંદર કેટલાંક મણિમય કમંડલ મુકેલાં હતાં. એક સ્થલે તે યોગિનીને પેહેરવાનું વસ્ત્ર લટકાવેલું હતું. એક ખીંટીને છેડે નાલિયેરીના વલ્કલના બે સ્વચ્છ ઉપાનહ ભરવેલા હતા. અંગ ઉપરથી ચ્હોટેલી ભસ્મને લીધે ધૂસર થયેલું વલ્કલ-શયન એક ભાગમાં પાથરેલું હતું. ટાંકણાવડે કોતરી કાઢેલું, ચંદ્રમંડલ જેવું એક શંખમય ભિક્ષા-પાત્ર ત્યાં રાખેલું હતું. અને ભસ્મ ભરેલું એક તુંબીપાત્ર તેની પાસેજ મુકેલું હતું. એ ગુહાના દ્વારપાસે ચંદ્રાપીડ એક શિલાતલ ઉપર બેઠો, અને પેલી કન્યાને તે વલ્કલ-શયનના ઉશીસાપાસે વીણા મુકી, પત્રપુટવડે ઝરામાંથી અર્ઘ-જલ લઇ આવતી જોઇને કેહેવા લાગ્યો કે—ભગવતિ! બહુ થયું, બહુ થયું! શું કરવા આપ આટલો બધો શ્રમ લોછો? આ તો બહુ કૃપા થઇ. હવે ક્ષમા કરો. આ અત્યાદર જવા દો.

સર્વ-પાપ-ક્ષયકારી, આપનું માત્ર દર્શનજ અઘ-મર્ષણની[1] પેઠ પવિત્ર કરી શકે એમ છે માટે આ સઘળું રહેવા દો.—એટલું કહેવા છતાં પણ જ્યારે એણે બહુ આગ્રહ કરવા માંડયો ત્યારે કુમારે અતિનમ્રતાપૂર્વક તેના સર્વ અતિથિ-સત્કારનો માનસહિત સ્વીકાર કર્યો.

અતિથિ-પૂજન કરીને એક બીજા શિલાતલ ઉપર બેસી, જરા વાર શાન્ત રહી, તે દિવ્ય કન્યાએ જ્યારે રાજપુત્રને તેનો વૃત્તાન્ત અનુક્રમે પૂછયો ત્યારે તેણે દિગ્વિજયથી આરંભીને કિન્નર-મિથુનને અનુસરતાં ત્યાં આવી ચઢ્યા સુધીની પોતાની સર્વ વાત તેને કહી. તે વૃત્તાન્ત સાંભળી એ કન્યા ઉઠી, અને પોતાનું ભિક્ષાપાત્ર લઇ પેલાં દેવાલયનાં વૃક્ષોની નીચે ફરવા લાગી. ત્યાં થોડીજ વારમાં એનું પાત્ર, સહજ પડેલાં ફલથી ભરાઇ ગયું એટલે પાછાં આવીને એ ફલનો આહાર કરવાનું એણે ચંદ્રાપીડને કહ્યું. એ સમયે કુમારને વિચાર થયો કે ખરેખર, તપને કંઇજ અસાધ્ય નથી! જ્યારે અચેતન વનસ્પતિયો પણ સચેતનની પેઠે આ ભગવતીને ફલ અર્પણ કરીને પોતાના ઉપર અનુગ્રહ ઉત્પન્ન કરાવેછે ત્યારે પછી એથી બીજું વધારે આશ્ચર્ય તે શું હોય? આ તો મેં એક અદૃષ્ટપૂર્વ વિચિત્રતા જોઇ.—એમ અધિક અધિક વિસ્મય પામતો તે ઉઠયો, અને (જઇને) ઇન્દ્રાયુધને ત્યાંજ લઇ આવી, પર્યાણ ઉતારી, તેને જરા દૂર બાંધીને પોતે ઝરણના જલમાં સ્નાન કરી આવ્યો. ત્યાર પછી, અમૃત-રસ જેવાં મધુર પેલાં ફલ ખાઇ, હિમ જેવું શીતલ, પ્રવાહનું નીર પીને મુખ-પ્રક્ષાલન કરી, તે, જ્યાં સુધી પેલી કન્યા પણ જલ-ફલ-મૂલનો આહાર કરી રહી ત્યાં સુધી એકાન્તે રહ્યો.

એ પ્રકારે જમીને, સંધ્યાકાળને ઉચિત સર્વ ક્રિયા કરી રહી, જ્યારે તે દિવ્ય કન્યા એક શિલાતલ ઉપર નિરાંતે બેઠી ત્યારે ધીરે ધીરે તેની પાસે જઇ, જરા દૂર બેસી, ચંદ્રાપીડ થોડી વાર પછી વિનય સહિત કહેવા લાગ્યો કેઃ—ભગવતિ! તમારા પ્રસાદની પ્રાપ્તિથકી વૃદ્ધિ પામેલા કુતૂહલને લીધે આકુલ થયેલી, મનુષ્યજાતિને સુલભ લઘુતા, મ્હારી ઇચ્છા ઉપરાંત પણ મને બલાત્કારે (કંઇક) પ્રશ્ન કરવાની પ્રેરણા કરેછે. (તમે જાણોછો કે) અધીર પ્રકૃતિના પુરુષને, પ્રભુનો લેશમાત્ર પ્રસાદ પણ પ્રગલ્ભ બનાવી દેછે; એક સ્થલે સ્વલ્પ કાળ પણ સંવાસ થવાથી પરિચય ઉત્પન્ન થાયછે; અને થોડી થોડી પણ ઉપચાર-વિધિ પ્રણય ઉત્પન્ન કરાવેછે. માટે જો અતિખેદકારક

---

૧. જુઓ પૃષ્ઠ ૪૮ નોટ ૨ જી.

જેવું કંઈ ન હોય તો તમારી કથા કહેવાનો મને અનુગ્રહ કરો. તમને જોયાં ત્યારથીજ મને આ વિશે મ્હોટું કૌતુક ઉત્પન્ન થયુંછે. તમારા જન્મથી દેવ, ઋષિ, ગંધર્વ, ગુહ્યક કે અપ્સરાઓમાંથી કોનું કુળ અલંકૃત થયું હશે? આવા કુસુમ જેવા સુકુમાર નવ-યૌવનમાં તમે કેમ વ્રત-ગ્રહણ કર્યું હશે? ક્યાં આ વય? ક્યાં આ આકૃતિ? ક્યાં આ અતિશય લાવણ્ય? અને ક્યાં આ ઇન્દ્રિયોનો નિગ્રહ? આ સર્વ મને અદ્ભુત જેવું ભાસેછે. શા કારણ તમે અનેક સિદ્ધ-સાધ્યથી[1] ભરેલા, સુર-લોકમાં સુલભ દિવ્યાશ્રમ ત્યજીને આ નિર્માનુષ અરણ્યમાં એકલાં રહ્યાંછો? વળી એનાં એજ પંચ મહા-ભૂતનું બનેલું આ શરીર આટલું બધું ગૌર દેખાયછે એ શું? આવું તો મેં પૂર્વે કહીં જોયું એ નથી અથવા સાંભળ્યું પણ નથી. માટે (કૃપા કરી) મ્હારૂં આ કૌતુક શમાવો અને સર્વ વાત વિદિત કરો.—ચંદ્રાપીડનાં આ વચન સાંભળી, એ કન્યા કંઈક વિચારમાં પડી હોય એમ થોડી વાર છાની રહીને નિશ્વાસ મુકી, અંતરની હૃદય-શુદ્ધિને જાણે બ્હાર લઇ આવતાં હોય,[2] ઇન્દ્રિયોની સ્વચ્છતાનો જાણે વર્ષાદ વર્ષાવતાં હોય, તપ રૂપી રસનું ઝરણ ઝરાવતાં હોય, તથા લોચનની ધવલતાને પીગળાવીને પાડતાં હોય એવાં, અતિસ્વચ્છ, નિર્મલ ગાલ ઉપર ટપકતાં, તુટેલા હારનાં મોતીની સમાન ત્વરાથી ગરતાં, હારબંધ નીકળતાં, વલ્કલથી ઢંકાયલા સ્તન-શિખર ઉપર જર્જરિત થઇ ઝીણા ઝીણા કણમાં વિખરાતાં, મ્હોટાં મ્હોટાં અશ્રુ-બિન્દુ પાડીને, જરા આંખ મીચી, નિઃશબ્દ રુદન કરવા લાગી.

તેને રોતી જોઇને ચંદ્રાપીડને તત્કાળ વિચાર થયો કે અહો! અ-ચિન્તિત વિપત્તિનું નિવારણ કેવું દુષ્કર છે!—આવી સર્વોત્કૃષ્ટ આકૃતિને પણ તે પોતાને વશ કર્યા વિના રહેતી નથી! સર્વથા, જેને શરીર છે તેને પરિ-તાપનો સ્પર્શ નથી થતો એમ નથી; (સુખ-દુઃખાદિ) દ્વંદ્વની પ્રવૃત્તિ બલ-વાન્ છે. આના અશ્રુપાતથી મ્હારા મનમાં વળી બીજું એક વધારે મ્હોટું કૌતુક ઉત્પન્ન થયું કે જેમ ક્ષુદ્ર વજ્રપાતથી પૃથ્વી ચલિત થાય નહિ તેમ આવી આકૃતિયો કંઇ જેવા તેવા કારણથી શોકને અધીન થાય નહિ.—એવી રીતે એને કુતૂહલ વધતું ગયું; અને પોતેજ તે શોક-સ્મરણનો હેતુ હતો એમ જાણી, પોતાને અપરાધી જેવો ગણી, ઉઠીને તે, ઝરણમાંથી પોશ ભરીને તેનું મુખ ધોવાને જલ લઈ આવ્યો. પેલી કન્યાની આંખોમાંથી

---

૧. સિદ્ધ અને સાધ્ય એ બંને ભુવર્લોકમાં વસનાર દેવ-ભેદ છે.
૨. એવાં અશ્રુબિન્દુ પાડીને વિ૦.

ચોધાર આંસુ વહેતાં હતાં તોપણ રાજકુમારનું માન રાખી,તે,અંદરથી જરા લાલ થયેલાં પોતાનાં લોચન ધોઇ,વલ્કલના છેડાથી પોતાનું મુખ લ્હોઇને, દીર્ઘ તથા ઉષ્ણ નિશ્વાસ મુકતી મુકતી એને ધીમે ધીમે કહેવા લાગી કેઃ— રાજપુત્ર ! મ્હારા જેવી અતિક્રૂર હૃદયવાળી, મંદ ભાગ્યની અને પાપી સ્ત્રીએ જન્મથીજ વૈરાગ્ય ગ્રહણ કર્યાનો અશ્રવણીય વૃત્તાન્ત શ્રવણ કીધાથી શું ફલ થવાનું છે? તોપણ જો તમને મ્હોટી જિજ્ઞાસા હોય તો હું કહું; સાંભળો.—

એતો આપ—કલ્યાણની ઇચ્છા રાખનાર—ના સાંભળવામાં ઘણું કરીને આવ્યુંજ હશે કે દેવલોકમાં અપ્સરા નામની કન્યાઓ રહેછે. તેમનાં જે ચૌદ કુળ છે તેમાંનું એક ભગવાન્ બ્રહ્માના મનમાંથી ઉત્પન્ન થયેલું છે; બીજું ચાર વેદમાંથી; ત્રીજું અગ્નિમાંથી; ચોથું પવનમાંથી; પાંચમું મથન થતા અમૃતમાંથી; છઠું જલમાંથી; સાતમું સૂર્ય-કિરણમાંથી; આઠમું ચંદ્ર-મયૂખમાંથી; નવમું ભૂમિમાંથી; દશમું વીજળિયોમાંથી; અગિયારમું મૃત્યુમાંથી; બારમું કામદેવમાંથી; અને બાકીનાં બે, દક્ષ પ્રજાપતિની ઘણી કન્યાઓમાં મુનિ અને અરિષ્ટા નામની જે બે હતી તેમના, ગંધર્વ સાથે થયેલા સમાગમથી ઉત્પન્ન થયેલાં છે. એવી રીતે એ ચૌદ કુળ થયાં. હવે ગંધર્વોમાં જે દક્ષ-કન્યાઓવડે બે કુળ થયાં તેમાં ચિત્રસેનાદિ પંદર ભાઇયોથી ગુણમાં ચઢતા, ચિત્રરથ નામના સોળમા મુનિતનય ઉત્પન્ન થયા. એમનું પરાક્રમ ત્રણે ભુવનમાં પ્રખ્યાત થયેલું છે; સર્વ દેવલોકની મુકુટ-માલા જેનાં ચરણ-કમલનું વંદન કરેછે એવા ભગવાન્ ઇંદ્રે પોતાના મિત્ર કરીને એમનો પ્રભાવ અતિશય વધારી દીધોછે; અને બાલપણમાંથીજ એમણે ખડ્ગના કિરણથી શ્યામ પડતા પોતાના ભુજવડે સર્વ ગંધર્વોના અધિપતિની પદવી મેળવી છે. અહીંથી જરા દૂર, આ ભારત દેશની ઉત્તરે, પાસેના કિંપુરુષ દેશમાં હેમકૂટ નામે જે વર્ષ-પર્વત છે[1] ત્યાં એ વસેછે, અને એમના ભુજ-યુગની છાયા નીચે અનેક લક્ષ ગંધર્વો પણ ત્યાં રહેછે. ચૈત્રરથ નામનું આ અતિ મનોહર અરણ્ય એમણેજ બનાવેલું છે. અચ્છોદ નામનું આ મ્હોટું સરોવર એમણેજ ખોદાવેલું છે; અને આ ભગવાન્ ભવાનીપતિનું સ્થાપન પણ એમણેજ કરેલું છે. પેલા બીજા ગંધર્વ-કુલમાં અરિષ્ટાના તુંબુરુ વિગેરે છ પુત્રોમાં હંસ નામ-

---

૧. વર્ષ પર્વત—જુઓ પૃ. ૧૨૩ નો. ૯. તેમાં હેમકૂટ હિમાલયની ઉત્તરે આવેલો છે, અને તેની સાથેજ કિંપુરુષ દેશની સીમા બતાવેછે એમ કહેલું છે.

ના જગદ્-વિદિત, જ્યેષ્ઠ ગંધર્વ-પુત્ર થયા; તેમને ગંધર્વ-રાજ ચિત્રરથેજ અભિષેક કરીને બાલપણમાંજ (તે કુળનું) રાજ્ય-પદ આપ્યું. અસંખ્ય ગંધર્વ-સૈન્ય રૂપી પરિવાર સહિત એ પણ તેજ પર્વત ઉપર વાસ કરેછે. ચંદ્ર-મયૂખમાંથી જે અપ્સરાઓનું કુળ ઉત્પન્ન થયું તેમાં, કિરણ સાથેજ ગળેલા, ચંદ્રની સર્વ કલાઓના સંપૂર્ણ લાવણ્યથીજ જાણે ઘડી હોય એવી, ત્રિભુવન-નયનાનંદક, સાક્ષાત્ બીજીજ જાણે ગૌરી હોય એવી, ગૌરી નામે, ચંદ્ર-કિરણ જેવાજ શ્વેત વર્ણની કન્યા ઉત્પન્ન થઈ; અને સ્વર્ગ-ગંગાને જેમ ક્ષીરસાગરે તેમ તેને દ્વિતીય ગંધર્વ-કુલના અધિપતિ હંસે પોતાની પ્રિય પત્ની કરી. ભગવાન્ કુસુમાયુધને પરણવાથી જેમ રતિને, અને શરત્સમય સાથે યુક્ત થયાથી જેમ કમલિનીને, તેમ હંસ સાથે સંયોગ થવાથી ગૌરીને પણ સદૃશ સમાગમ વડે ઉત્પન્ન થતો અતિ મહાન્ પ્રમોદ થયો, અને એમના અખિલ અંતઃપુરમાં એને પ્રધાન-પદ પ્રાપ્ત થયું.

એ બંને મહાત્માને કેવલ શોકાતુરજ કરવાને હું આવી વિલક્ષણ, અનેક સહસ્ર દુઃખનું પાત્ર, એકજ પુત્રી ઉત્પન્ન થઈ ! મ્હારા પિતાને પૂર્વે કંઈ નહિ હોવાથી મ્હારા જન્મ-સમયે તેમણે પુત્ર-જન્મ કરતાં પણ અધિક ઉત્સવ કર્યો. દશ દિવસ થયા એટલે યથાયોગ્ય ક્રિયા કરીને, તેમણે મ્હારૂં ‘ મહાશ્વેતા ’ એવું યથાર્થજ નામ પાડ્યું. પછી હું બાલ-પણમાં વીણાની સમાન મધુર મધુર બોલતી, અને એક ગંધર્વના ખોળા-માંથી બીજાના ખોળામાં જતી; એવી રીતે મેં, સ્નેહ શું, શોક શું, અને દુઃખ શું એનું કેવલ અજ્ઞાન હોવાથી મનોહર લાગતી મ્હારી બાલ્યાવસ્થા પિતાને મંદિર ગાળી. ત્યારપછી અનુક્રમે, વસંતમાં જેમ ચૈત્રમાસ, ચૈત્ર-માસમાં જેમ નવ-પલ્લવ, નવ-પલ્લવમાં જેમ કુસુમ, કુસુમમાં જેમ મધુ-કર, અને મધુકરમાં જેમ મદ (પ્રવેશ કરે) તેમ મ્હારા શરીરમાં નવ-યૌવને પ્રવેશ કીધો.

એક સમયે, સકલ જીવલોકને હૃદયાનંદક ચૈત્રમાસના દિવસોમાં જ્યારે નવાં કમલવન ખીલતાં હતાં; આંબાની કોમલ કળિયોનો કલાપ કામાતુરને ઉત્કંઠિત કરતો હતો; મલયાચલની ઠંડી પવનની લ્હેરોથી કામદેવનું ધ્વજ-પટ ફરફરતું હતું; મદમત્ત કામિનીઓના મુખમાંથી છાં-ટેલા મધુવડે જ્યારે બકુલ વૃક્ષો પુલકિત થતાં હતાં;[1] મધુકર-કુલરૂપી કલં-

---

૧. જુઓ પૃષ્ઠ ૭૯ નોટ ૧. વળી જુઓ વાસવદત્તા પૃ. ૧૩૨—
–मधुमदमुदितकामिनीगंडूषसीधुसेकपुलकितबकुलः ॥

કવડે જ્યારે કાલેયક[1] કુસુમની કળિયો કાળી પડેલી હતી; અશોક વૃક્ષને તાડન કરવાથી જ્યારે યુવતીઓનાં મણિ-નૂપુર સહસ્ર પ્રકારના ઝણઝણાટ કરી મુકતાં હતાં; ઉઘડતી કળિયોના સુગંધથી ભેગા મળેલા ભ્રમરોનાં ટોળાંના મધુર ગુંજારને લીધે જ્યારે આમ્રવૃક્ષો મનોહર લાગતાં હતાં; અવિરલ કુસુમ-ધૂલિ[2] રૂપી રેતીના પુલિનથી જ્યારે ધરાતલ ધવલ દેખાતું હતું; મધુમદથી મત્ત થયેલા મધુકર-ગણ જ્યારે લતાઓ રૂપી હિંદોળા ઉપર હીંચતા હતા; પ્રફુલ્લ પલ્લવથી છવાઈ ગયેલી લવલી-લતાઓમાં ભરાતી મત્ત કોકિલાઓ મધુ-કણ ઉરાડી ઉરાડીને જ્યારે ભારે દુર્દિન કરી મુકતી હતી; પ્રોષિત-ભર્તૃકાઓના જીવ હરવામાં હર્ષ પામતા પુષ્પ-બાણે ચઢાવેલા ચાપનો ટંકાર સાંભળી, ભયથી પ્રવાસીઓનાં હૃદય ફાટી જઈ (તેમાંથી વહેતા) રુધિરવડે જ્યારે માર્ગ બધા પલળી જતા હતા; અહર્નિશ પડતાં કામદેવનાં શર-પત્રના[3] સુસવાટાથી જ્યારે સર્વે દિશાઓ બધિર થઈ જતી હતી; દિવસે પણ જ્યારે અંતરમાં મદન-રાગ પ્રસરવાથી અંધ બનેલી અભિસારિકાઓનાં ટોળાં ઠામ ઠામ દેખાતાં હતાં; અને રતિ-રસ-સાગરના ભારે પૂરથી જ્યારે બધું છાકમછોળ થઈ જતું હતું ત્યારે—હું માતાની સાથે, વસંતને લીધે અધિક શોભતા,—વિકસિત અભિનવ કમલ, કુમુદ, કુવલય અને કલ્હારવાળા—આ અચ્છોદ સરોવરમાં સ્નાન કરવાને આવી હતી. અને અહીં સ્નાન કરવા આવેલાં પાર્વતીએ તટ-શિલાતલ ઉપર કાઢેલી, ભૃંગરિટી સહિત[4] શિવમૂર્તિયો, જેમની આજુબાજુ રેતીમાં ડબાયેલી કૃશ પદ-પંક્તિથી એમ જણાતું હતું કે ત્યાં મુનિજનોએ પ્રણામ કરી પ્રદક્ષિણા કરેલી હતી, તેમને નમતી નમતી,—આ રહ્યો, ભ્રમરના ભારથી લચી ગયેલાં ગર્ભ-કેસરવાળા જર્જરિત કુસુમ-સમૂહવડે રમણીય લાગતો લતા-મંડપ; આ રહ્યું, કોકિલાએ કળિયો તથા દીંટાંમાં નખાગ્રથી પાડેલાં છિદ્રમાંથી ગળતી મધુધારાવાળું, સુપુષ્પિત આમ્ર-વૃક્ષ; આ રહી, મદમત્ત મયૂરોના કલકલથી બ્હીને દૂર જતા નાગવાળી, શીતલ, ચંદન વૃક્ષની હાર; વિકસિત પુષ્પ-સમૂહ પડવાથી, વનદેવતાએ ઝુલાવ્યોછે એમ સૂચવતો, આ રહ્યો, સુંદર લતાઓનો હિંદોળો; પુષ્કલ પુષ્પ-પરાગમાં ઉંડાં પડેલાં, કલહંસનાં પગલાંવાળું, આ રહ્યું અતિ

૧. તે નામનું ફૂલ. ૨ કુસુમ-ધૂલિ અથવા પુષ્પ-પરાગ=ફૂલની રજ. (Pollen.) ૩. પત્ર=બાણનાં પીછાં. ૪. ભૃંગરિટી=તે નામનો શિવનો અનુચર.

રમણીય, તીર ઉપરનું વૃક્ષતલ,—એમ (કહેતી કહેતી.) સુશોભિત તથા અતિ મનોહર આ પ્રદેશને જોવાના લોભથી આકૃષ્ટ થઈને હું સખીઓ સાથે આમ તેમ ફરતી હતી.

તેવામાં મને એક ભાગમાં, તરતજ, વનપવને આણેલી, અખિલ અરણ્ય પ્રફુલ્લ છતાં પણ બીજાં સર્વ પુષ્પોના પરિમલને ઢાંકી દેતી, સર્વત્ર પ્રસરતી, અતિશય સુગંધિ હોવાથી નાસિકાને જાણે લેપન કરતી--તૃપ્ત કરતી—પૂરી નાંખતી, હાંસાતુશીમાં દોડતાં ભ્રમરોનાં ટોળાંથી અનુગત, પૂર્વે નહિ સુંઘેલી, માનુષલોકને અનુચિત, પુષ્પની સુવાસ આવી. એ ક્યાંથી આવી ?–એવું કૌતુક ઉત્પન્ન થવાથી હું, જરા જરા આંખ મીચીને, ભ્રમરીની પેઠે તે કુસુમ-ગંધથી આકૃષ્ટ થઈ, જિજ્ઞાસાથી ચંચલ બની જઈ કેટલાંક પગલાં આગળ ચાલી. આ પ્રમાણે ચાલવાથી વધારે વધારે નીકળતા મણિ-નૂપુરના ઝંકારે કરીને સરોવરમાંથી કલહંસ દોડી આવવા લાગ્યા ; અને (જોઉંછું તો) મહાદેવના નયનમાંથી પ્રકટેલા અગ્નિયે બાળી નાંખેલા રતિ-પતિના શોકમાં ગ્રસ્ત થઈ જઈને તપશ્ચર્યા કરતા વસંત જેવો,—આખા મંડલની પ્રાપ્તિને અર્થે વ્રત-ગ્રહણ કરીને આવેલા, શિવ-મસ્તક ઉપરના ચંદ્ર જેવો[1], તથા ઉમાપતિને વશ કરવા સારૂ નિયમ-ગ્રહણ કરનાર મકરકેતુ જેવો, મેં, સ્નાન કરવા આવેલો એક અતિ મનોહર મુનિ-કુમાર દીઠો. તેની અતિ-તેજસ્વિતાને લીધે તે જાણે ચમકતી વીજળિયોના પંજરમાં હોય, ગ્રીષ્મકાળનાં સૂર્ય-મંડલના ઉદરમાં પેઠો હોય કે અગ્નિ-જ્વાલાઓની મધ્યે ઉભો હોય એવો દેખાતો હતો ! દેહમાંથી નીકળતી, દીપ-પ્રકાશ જેવી પીળી, અતિશય પ્રભાવડે તે પ્રદેશનાં વનને પીળાં પીળાં કરી દઈને તેને જાણે એ કનકમય બનાવી દેતો હતો ! તેની જટા ગોરોચનાના રસમાં બોળેલા મંગલસૂત્ર જેવી સુકુમાર અને પીળી હતી. પુણ્ય-પતાકા જેવી લાગતી ભસ્મ-લલાટિકા[2] જે, સરસ્વતી-સમાગમની ઉત્કંઠાથી કીધેલી ચંદન-લેખા જેવી દેખાતી હતી તે વડે એ, બાલ-પુલિન-લેખાથી જેમ ગંગા-પ્રવાહ શોભે તેમ શોભતો હતો. તેની ભ્રૂલતા અનેક શાપના ભ્રુકુટિ-ભવન ઉપર તોરણ જેવી પ્રકાશતી હતી. ચક્ષુ અતિ દીર્ઘ હોવાથી તેણે જાણે લોચનનીજ ગુંથેલી

---

૧. શિવ-મસ્તક ઉપર ચંદ્રની એકજ કળા બિરાજેછે. પરંતુ ત્યાં તેને બદલે આખું બિમ્બજ રાખવાનો મહાદેવ અનુગ્રહ કરે તે સારૂ ચંદ્ર જાણે વ્રત કરતો હોય. ૨. ભસ્મનું ત્રિપુંડ્ર.

માળા પેહેરેલી હતી. જાણે સર્વ હરિણીએ તેનાં ચક્ષુની શોભામાં સંવિભાગ આપેલો હતો. તેની નાસિકા લાંબી અને ઉંચી હતી. નવયૌવનનો રાગ જે તેના હૃદયમાં (હજી સુધી) પ્રવેશ કરી શક્યો ન હતો તેથીજ જાણે તેનો અધર લાલચોળ થયો હતો. તેના મુખ ઉપર શ્મશ્રુ ઉગી ન હતી તેથી તે, ચોપાસ ફરતી ભ્રમરાવલી રૂપી વલયની શોભાવિનાના બાલકમલ જેવું દીસતું હતું! મદન-ધનુષ્યની પણછનું જાણે ગુંછળું વાળેલું હોય, અથવા તપ રૂપી સરોવરની કમલિનીનું જાણે મૃણાલ હોય એવું યજ્ઞોપવીત તેણે ધારણ કર્યું હતું. એક હાથમાં, તેણે નાલસહિત બકુલ-ફલના જેવું કમંડલ લીધું હતું, અને બીજામાં, પતિ-વિનાશથી શોકાતુર થઈ રુદન કરતી રતિનાં જાણે અશ્રુ-બિન્દુઓનીજ રચેલી હોય એવી એક સ્ફટિકમય અક્ષમાલિકા ગ્રહણ કરેલી હતી. તેની નાભિ-મુદ્રા અનેક વિદ્યા રૂપી નદીઓના સંગમથી થતા જલ-ભ્રમર જેવી શોભતી હતી! તેના કૃશ ઉદર ઉપર, આછી આછી, અંજન-રજની લેખા જેવી જરાક શ્યામ, તથા અંતઃકરણમાંથી જ્ઞાન (રૂપી પ્રકાશે) કાઢી નાંખેલા મોહાન્ધકારને બ્હાર નીકળવાની પદવી જેવી રોમ-રાજિ આવી રહી હતી. પોતાના તેજથી સૂર્યને જીતીને હરી લીધેલા પરિવેષ-મંડલ જેવો મૌંજ-મેખલાનો દોરો તેના જઘન-ભાગ ઉપર આવી રહ્યો હતો. અને આકાશ-ગંગાના જલમાં ધોયેલું, વૃદ્ધ ચકોરનાં લોચન જેવું લાલ, મંદાર વૃક્ષનું વલ્કલ તેના વસ્ત્રનું પ્રયોજન સારતું હતું. બ્રહ્મચર્યનો તે જાણે અલંકાર હતો. ધર્મનું જાણે યૌવન હતો. સરસ્વતીનો જાણે વિલાસ હતો. સર્વ વિદ્યાઓનો જાણે સ્વયંવર-પતિ હતો, અને સર્વ શ્રુતિયોનો તે જાણે સંગ્રહ હતો. ગ્રીષ્મ કાળની સમાન તે આષાઢ યુક્ત હતો.[1] હિમસમયના વનની પેઠે તે પ્રફુલ્લ-પ્રિયંગુ-મંજરી-ગૌર હતો.[2] વસંતની પેઠે તેનું મુખ કુસુમ ધવલ તિલકની ભૂતિથી શોભતું હતું.[3] અને તેની પછવાડે સમાન રૂપનો તથા સમાન વયનો એક બીજો ઋષિ-કુમાર દેવ-પૂજનસારૂ પુષ્પ ચુંટતો ચુંટતો ચાલતો હતો.

---

૧. આષાઢ=ખાખરાનો દંડ; તે નામનો માસ. ૨. પ્રિયંગુની મંજરી જેવો ગૌર કુમાર; અને તેવડે ગૌર–શ્વેત–વન. ૩. કુસુમ જેવા ધવલ તિલકની–ટીલાની,ભૂતિ–વિભૂતિ–થી કુમાર શોભતો. વસંત, કુસુમને લીધે ધવલ થયેલા તિલક નામના છોડની ભૂતિ–કાન્તિ–થી. મુખ=મ્હોં; અને અગ્રભાગ.

વળી એ મુનિકુમારે કાને પેહેરેલી, કોઈ નવીજ જાતની, અમૃતબિન્દુ પાડતી, એક કુસુમ-મંજરી મેં જોઈ, જે વસંત-દર્શનથી આનંદ પામેલી વનશ્રીની સ્મિત-પ્રભા જેવી, મલય-પવનને વધાવવા સારૂ વસંતે છાંટેલી લાજાઞ્જલિ જેવી, કુસુમ-લક્ષ્મીની યૌવન-લીલા જેવી, રતિને સુરતશ્રમથી થયેલા સ્વેદ-જલ-કણની હાર જેવી, મદન-ગજની ધ્વજ-ચિન્હરૂપ ચામર-પિચ્છિકા જેવી, ભ્રમરરૂપી કામુકની અભિસારિકા જેવી, અને કૃત્તિકા નક્ષત્રના તારાગણ જેવી શોભતી હતી. બીજાં સર્વ પુષ્પના સુવાસને ઢાંકી દેતો આ પરિમલ એનોજ હશે એમ મનમાં નિશ્ચય કરીને તે યુવાન્ મુનિની સામું જોતી જોતી હું વિચારમાં પડી કે—અહો ! વિધાતાપાસે અતિશય રૂપ-સંપત્તિ આપવાનાં સાધનનો ભંડાર અખૂટજ છે ! કેમ જે એણે આખા ત્રિભુવનના રૂપ કરતાં અદ્ભુત રૂપ આપીને ભગવાન્ કામ-દેવને ઉત્પન્ન કર્યા છતાં પણ, તેના કરતાં ચઢતી કાન્તિવાળો વળી આ મુનિ-માયામય બીજો પંચબાણ બનાવ્યો !! મને લાગેછે કે બ્રહ્માએ અખિલ જગત્‌ને નયનાનંદક ચંદ્રબિમ્બ રચતાં, તથા લક્ષ્મીનાં લીલા-ગૃહ કમલ ઉત્પન્ન કરતાં, આ કુમારના વદનનો આકાર ઘડવામાં કુશલ થવા સારૂ પેહેલેથી અભ્યાસજ કરી મુક્યો હશે[1] !! નહિ તો સદૃશ વસ્તુ રચવાનું શું કારણ ? વળી એવું જે કેહેવાયછે કે કૃષ્ણપક્ષમાં ક્ષય પામતા ચંદ્રની સકલ કલાઓનું સુષુમ્ન નામના કિરણવડે સૂર્ય પાન કરેછે તે અસત્ય છે; એ તો બધીએ ખરેખર આનાજ શરીરમાં પ્રવેશ કરેછે.—નહિ તો રૂપનું હરણ કરતી, ક્લેશથી ભરપૂર તપશ્ચર્યા કરનારનું આવું લાવણ્ય ક્યાંથી હોય ?—એમ હું ચિન્તન કરતી હતી એટલામાં તો, વસન્ત-સમયનો મદ જેમ ભ્રમરીને તેમ, ગુણ દોષ નહિ જોતાં કેવલ રૂપનોજ પક્ષપાત કરતા, નવયૌવન-સુલભ મદને, મને પરવશ બનાવી દીધી.

(તેણે કરીને) દીર્ઘ શ્વાસ મુકતી મુકતી હું,—નિમેષ રહિત, જરા જરા મીચેલી, વાંકી અને અતિ ચંચલ કીકીને લીધે અંદરથી વિચિત્ર દેખાતી મ્હારી જમણી આંખવડે જાણે ઉમંગથી તેનું પાન કરતી હોઉં, તેની પાસે કંઈ માગતી હોઉં, હું ત્હારે અધીન છું એમ કહેતી હોઉં, સામે રહીને

૧. મુનિ-કુમારનું વદન ચંદ્ર તથા કમલ જેવું તો હતું પણ તેમનાથી જરા અધિક સુંદર હતું એમ દર્શાવવા સારૂ કવિ સંભાવના કરેછે કે એ વદન ઘડવા સારૂ બ્રહ્માએ ચંદ્ર-કમલ રૂપી નમુનાજ પેહેલા તૈયાર કર્યા હશે, અને પછી તેમાં સુધારો કરી એનું વદન ઘડ્યું હશે !!

મ્હારા હૃદયનું તેને જાણે અર્પણ કરતી હોઉં, સર્વાત્માથી[1] જાણે તેનામાં પ્રવેશ કરતી હોઉં, તન્મય થઈ જવાને જાણે ઇચ્છતી હોઉં, મદનથી હારીને જાણે રક્ષણને અર્થે તેને શરણ જતી હોઉં, હૃદયમાં મને અવકાશ આપો એવી જાણે તેની યાચના કરતી હોઉં તેમ--તેની સામું ઘણી વાર સુધી જોઈ રહી. અરેરે ! મેં આ કેવું અયોગ્ય, શરમ ભરેલું, કુલિન કુમારીઓને અઘટિત કામ આરંભ્યું છે !—એમ જાણવા છતાં મ્હારી ઇન્દ્રિયોને હું વશ રાખી શકી નહિ; જાણે સ્તબ્ધ થઈ ગઈ હોઉં, ચિત્રેલી હોઉં, કોતરેલી હોઉં, બાંધેલી હોઉં, મૂર્છામાં હોઉં, અથવા કોઈના હાથમાં હોઉં તેમ, તત્કાલ ઉત્પન્ન થયેલા અવષ્ટમ્ભને લીધે સર્વ મ્હારાં અવયવ નિશ્ચલ થઈ ગયાં; અને કહ્યા શીખવ્યા વિનાના, કહેવાય નહિ એવા, કેવલ મને પોતાનેજ જણાતા (કોઈક ભાવે) કે કોણ જાણે તેના અતિશય રૂપે, કોણ જાણે મ્હારા મને, કોણ જાણે મદને, કે નવ-યૌવને, કે અનુરાગે કે કોણ જાણે કોણે એ શીખવ્યું તે મને સમજાતું નથી.

મ્હારી ઇન્દ્રિયો મને ઉચકીને તેની પાસે જાણે લઈ જવા લાગી; આગળથી હૃદય જાણે મને આકર્ષણ કરવા લાગ્યું; અને પાછળથી પુષ્પબાણ જાણે પ્રેરણા કરવા લાગ્યો:—એવી અવસ્થામાં મેં મ્હારા નિષ્પ્રયત્ન આત્માને મહા કષ્ટથી વારી રાખ્યો. પછી તરતજ, મદનને જાણે અંદર અવકાશ આપવાને પ્રસરતા હોય તેમ મ્હારા (શરીર) માંથી શ્વાસ-પવન બ્હાર વાવા લાગ્યા. હૃદયમાં અભિલાષ ઉત્પન્ન થયોછે—એવું જાણે કહેવા માગતાં હોય તેમ, સ્તન-યુગનાં મુખ કંપવા લાગ્યાં. સ્વેદ-બિન્દુની લેખાથી જાણે ધોવાઈ જતી હોય તેમ લજ્જા ગળવા લાગી. મકરધ્વજના તીક્ષ્ણ શર-પ્રહારથી જાણે ત્રાસ પામતી હોય તેમ ગાત્ર-યષ્ટિ ધ્રુજવા લાગી. તેનું અતિશય રૂપ નિહાળવાના જાણે કુતૂહલને લીધે, આલિંગવાને તલપી રહેલાં અવયવોમાંથી રોમોદ્‌ગમ થવા લાગ્યો. અને સ્વેદ-સલિલવડે નિઃશેષ ધોવાઈ જઈને જાણે સ્મરણમાંથીજ રાગે મ્હારા હૃદયમાં પ્રવેશ કીધો.[2]

---

૧. ખરા અંતઃકરણથી, અથવા પરિપૂર્ણ રીતે.

૨. આ ઠેકાણે, સ્ત્રીઓને કામથી ઉત્પન્ન થતા કેટલાક સાત્વિકભાવ વર્ણવેલા છે જેવા કે સ્વેદ, રોમાઞ્ચ, વેપથુ વિ૦.—

स्तंभः स्वेदोथ रोमाञ्चः स्वरभंगोऽथ वेपथुः ।
वैवर्ण्यमश्रु प्रलय इत्यष्टौ सात्विका मताः ॥

વળી મને વિચાર થવા લાગ્યો કે—આવો શાન્ત પ્રકૃતિનો પુરુષ જેણે સુરત-સમાગમ દૂર કરેલો છે તેના ઉપર મને (મોહમાં) નાંખતાં આ અનાર્ય મદને કેવું અયોગ્ય કર્મ આચર્યું છે? ખરેખર, સ્ત્રીજનનું હૃદય એવું તો અતિમૂઢ છે કે અનુરાગના વિષયની યોગ્યતાનો પણ વિચાર કરી શકતું નથી! ક્યાં આ ઝગઝગતું તેજ તથા તપનું ધામ, અને ક્યાં પ્રાકૃત જનને પ્રિય, મકરકેતુની ચેષ્ટા!! નક્કી, આ કુમાર પોતાના મનમાં, મને મદન-વિડમ્બિત જોઈને હસતો હશે. વળી આ પણ વિચિત્રજ છે કે હું આટલું આટલું જાણુંછું તે છતાં મ્હારો વિકાર દૂર કરી શકતી નથી! બીજી ઘણીએ કન્યાઓ લજ્જા ત્યજીને પોતે પોતાના પતિયો પાસે ગઈ હશે; ઘણી નારીઓને આ અવિનયિ મકરલાંછને ઉન્મત્ત કરી હશે—પરંતુ મ્હારી પેઠે તો કોઈનેએ નહિ થયું હોય. માત્ર આકારજ જોયાથી આકુલ વ્યાકુલ બની જઈને એકજ ક્ષણમાં મ્હારૂં અંતઃકરણ કેમ આમ પરવશ થઈ ગયું હશે? કામને દુર્નિવાર્ય કરનાર તો કાળ અને ગુણ છે! ત્યારે હવે, જ્યાંસુધી હું સચેતન છું, અને જ્યાંસુધી એણે મ્હારામાં મદન-દુર્વિકારની લઘુતા સ્પષ્ટ જોઈ નથી તેટલામાંજ ઉચિત છે કે આ પ્રદેશમાંથી મ્હારે જતાં રહેવું. મુનિજનને કોપાયમાન થવું કંઈ દુર્લભ નથી; વખત છે, અણગમતો આવો મોહ-વિકાર મ્હારામાં જોઈને ક્રોધથી એ મને શાપ પણ દઈ બેસે!—એમ વિચારી મને પાછાં ફરવાની ઇચ્છા થઈ, અને આવા સત્પુરુષોનું તો સર્વ જનોએ પૂજન કરવું જોઈએ એમ જાણી એના વદન તરફ દૃષ્ટિ ફેરવી, અચલિત પક્ષ્મ-માલા સહિત, ગાલ ઉપરથી જરા ઉંચા થઈ ખસી ગયેલા કર્ણ-પલ્લવ સહિત, કેશની ચંચલ લટોને લીધે ફરફરતાં કુસુમ-કર્ણપૂર સહિત, તથા સ્કંધ ઉપર લટકતાં મણિકુંડલ સહિત, મેં ભૂમિ ભણી જોયા શિવાય એને પ્રણામ કર્યા.

ભગવાન્ અનંગના અનુલ્લંઘનીય શાસનને લીધે, ચૈત્રમાસની મદોત્પાદક શક્તિને લીધે, તે પ્રદેશની અતિ રમણીયતાને લીધે, નવ-યૌવનમાં ભરેલા બહુ અવિનયને લીધે, ઇન્દ્રિયોની ચંચલ પ્રકૃતિને લીધે, વિષયાભિલાષની દુર્નિવારતાને લીધે, મનોવૃત્તિની ચપલતાને લીધે, અમુક વસ્તુની અમુક ભવિતવ્યતાને લીધે,—ટુંકામાં, મ્હારા દુર્ભાગ્યને લીધે, અને એ કુમારને એટલો ક્લેશ સહેવો લખેલો હશે તેને લીધે, મેં પ્રણામ કર્યા કે તરતજ એનું ધૈર્ય મ્હારો વિકાર જોઈને ચલિત થઈ ગયું, અને

પવન જેમ પ્રદીપને તેમ મન્મથે એને પણ વિહ્વલ કરી દીધો. તે સમયે તેનામાં પણ, નવા પ્રવિષ્ટ થયેલા મદનને આવકાર આપતો હોય તેમ રોમોદ્ગમ થતો દેખાયો. મ્હારી સમીપ આવવાને નીસરેલા તેના મનને જાણે માર્ગ દર્શાવતા હોય તેમ શ્વાસ આગળ આગળ ચાલવા લાગ્યા. વ્રત-ભંગ થવાની જાણે ભીતિથી, તેના હાથમાંની અક્ષમાલા પ્રકમ્પને લીધે ધ્રુજવા લાગી. તેના ગાલ ઉપર સ્હોટેલી સ્વેદ-જલકણની હાર, જાણે કર્ણમાં પેહેરેલી બીજી કુસુમ-મંજરી હોય એવી દેખાવા લાગી. મને જોવાથી થયેલી પ્રીતિને લીધે વિસ્તાર પામેલાં, ઉંચી કીકીવાળાં, અને તે પ્રદેશને પુંડરીકમય હોય એમ દેખાડતાં તેનાં ચક્ષુમાંથી પ્રસરતા,—અકસ્માત્ અચ્છોદ સરોવરના જલમાંથી નીસરીને ગગન ભણી ઉડતા, વિકસિત કુવલય-વન જેવા શોભતા, કિરણથી દશે દિશાઓ રુંધાઇ ગઇ.—આવી તેની અતિપ્રકટ વિકૃતિ જોઇને મ્હારામાં બમણો કામાવેશ થઇ આવ્યો, અને તે ક્ષણે મ્હારી અવસ્થા એવી થઇ ગઇ કે તેનું વર્ણન કરવું (પણ) અયોગ્ય કહેવાય. વળી મને વિચાર થયો કે—અનેક સુરત-સમાગમ રૂપી નૃત્ય-લીલાનો ઉપાધ્યાય કામદેવજ આ સઘળા વિલાસ (બધાંને) શીખવેછે. નહિતો, વિવિધ રસના સમવાય વડે લલિત લાગતાં આવાં કાર્યોમાં જેનું મન પ્રવિષ્ટ નથી એવા આ પુરુષની આ અપરિચિત દૃષ્ટિ કેમ કરીને આમ,—જાણે રતિરસ ઝરાવતી, જાણે અમૃત વર્ષાવતી, જાણે મદથી અર્ધી મીચાયલી, જાણે ખેદથી મંદ પડેલી અને જાણે નિદ્રાથી જડ થયેલી હોય તેમ, આનંદના ભારથી ધીમી તથા ચંચલ કીકી સહિત ફરતી ફરતી, નિઃશંકપણે ભ્રૂલતાને નચાવી શકે? અને વળી આટલી બધી નિપુણતા એનામાં ક્યાંથી હોય કે એક અક્ષરે બોલ્યા વિના માત્ર ચક્ષુથીજ,અંતર્ગત હૃદયાભિલાષ આમ જણાવી શકે?

પછી મને આગળ ચાલવાની ગતિ આવી એટલે, એની સાથેના પેલા બીજા ઋષિ-કુમારની પાસે જઇને પ્રણામ કરી મેં પૂછ્યું કે—ભગવન્! આ યુવાન્ મુનિનું નામ શું? એ કોના પુત્ર? કયા વૃક્ષની આ કુસુમ-મંજરી એમણે કર્ણે પેહેરેલી છે? એમાંથી આવતા, અસાધારણ બ્હેકવાળા, પૂર્વે કદી નહિ સુંઘેલા સુવાસથી મ્હારા મનમાં એક મ્હોટું કૌતુક ઉત્પન્ન થયું છે.—ત્યારે તે જરા મ્હોં મલકાવીને મને કહેવા લાગ્યો કે—બાલા! એ પૂછવાનું ત્હારે શું પ્રયોજન છે? પણ જો જિજ્ઞાસા હોય તો કહું; સાંભળ.

સકલ ત્રિભુવનમાં જેમની કીર્તિ વિખ્યાત છે, તપ જેમનું અતિ ઉદાર છે, અને દેવદાનવ તથા સિદ્ધ લોકનાં વૃંદ જેમના ચરણનું વંદન કરેછે એવા શ્વેતકેતુ નામના એક મહામુનિ દિવ્યલોકમાં વસેછે. એ ભગવાન્નું રૂપ અશેષ ત્રિભુવનમાં સુંદર હતું, કુબેરના પુત્રની કાન્તિ કરતાં પણ અધિક હતું, અને સુરાસુર લોકની સુંદરીઓને હૃદયાનંદક હતું. એ એક દિવસ દેવપૂજા સારૂ કમલ ચુંટવાને, ઐરાવત હાથીનાં મદ-જલ-બિંદુ-થકી બંધાયેલા સેંકડો ચંદ્રાકારથી ભરેલા જલવાળી, તથા હર-હાસ્ય જેવા શ્વેત પ્રવાહવાળી સ્વર્ગ-ગંગામાં ઉતરતા હતા તેવામાં એમને, કમલવનમાં સર્વદા વસનારી, પ્રફુલ્લ સહસ્ર પત્રવાળા પુંડરીકમાં બેઠેલી દેવી લક્ષ્મીએ દીઠા. એમને જોતાં જોતાં, પ્રેમ-મદથી અર્ધાં મીંચાઈ ગયેલાં તથા આનંદાશ્રુના તરંગથી ચપલ થયેલી કીકીવાળાં લોચનવડે એમના રૂપનો સ્વાદ લેતાં લેતાં, અને બગાસું ખાવાની ઈચ્છાથી પ્હોળા થયેલા મુખઉપર હસ્ત-પલ્લવ મુકતાં મુકતાં, લક્ષ્મીના મનમાં કામ-વિકાર ઉત્પન્ન થયો. પરંતુ દર્શનમાત્રથીજ તેને સુરત-સમાગમનું સુખ પ્રાપ્ત થયું તેથી, જે પુંડરીકનું તેણે આસન કર્યું હતું તેમાં ને તેમાંજ તેનો મનોરથ કૃતાર્થ થયો. તેમાંથી પછી એક કુમારનો જન્મ થયો. અને એને ઉત્સંગમાં લઈને લક્ષ્મી જ્યારે–ભગવન્! આ તમારા પુત્રનું ગ્રહણ કરો–એમ કહી શ્વેતકેતુને આપી ગઈ ત્યારે એમણે પણ બાલકને ઉચિત સર્વ ક્રિયાઓ કરીને એનું નામ પુંડરીક પાડ્યું કેમકે એની ઉત્પત્તિ પુંડરીકમાંથીજ હતી. પછી એને એમણે વ્રત લેવરાવ્યું અને સર્વ વિદ્યાઓ ભણાવી. તેજ આ છે.

હવે આ જે મંજરી છે તે, દેવ-દાનવોએ ક્ષીરસાગરનું મથન કર્યાથી જે પારિજાત વૃક્ષ નીકળ્યું હતું તેની છે. વ્રત-વિરુદ્ધ એ કેવી રીતે આના શ્રવણમાં આવી છે તે પણ હું કહું. આજ ચતુર્દશી છે માટે કૈલાસવાસી ભગવાન્ ભવાનીપતિની પૂજા કરવાને અમે બંને સ્વર્ગમાંથી નંદનવન પાસે થઈને આવતા હતા એટલામાં,–સાક્ષાત્ વસંત-લક્ષ્મીએ જેને પોતાના લલિત હસ્તનો ટેકો આપ્યો હતો, બકુલ-માલાની જેણે મેખલા પેહેરેલી હતી, પુષ્પ-પલ્લવની ગુંથેલી તથા જાનુ સુધી લટકતી કંઠ-માલાઓથી જેનું આખું શરીર ઢંકાઈ ગયું હતું, આંબાના નવા અંકુરનું જેણે કર્ણપૂર પેહેરેલું હતું. અને પુષ્પ-મધુ-પાનથી જે મત્ત થયેલી હતી, એવી નંદન-વન-દેવતાએ બ્હાર આવી, આ પારિજાત પુષ્પની મંજરી આણીને પ્રણામપૂર્વક આને

કહ્યું કેઃ—ભગવન્! અખિલ ત્રિભુવનને નયનાનંદક આ તમારી આકૃતિને આ અલંકાર ઘણોજ ઉચિત છે માટે કૃપા કરીને એનું ગ્રહણ કરો; તમારૂં કર્ણપૂર થવાના વિલાસની સ્પૃહા રાખતી આ મંજરીને શ્રવણમાં પેહેરો, અને પારિજાતનો જન્મ સફલ કરો!—વનદેવતાનું આ વચન સાંભળી, પોતાની રૂપ-સ્તુતિથકી લજ્જા પામી, નીચી દૃષ્ટિયે, આ કુમાર તો એનો અનાદર કરીનેજ ચાલવા લાગ્યો; પણ મેં એને પછવાડે પછવાડે આવતી જોઈને આને કહ્યું કે–ભાઈ! એમાં શો દોષ છે? જે એ પ્રેમથી આપેછે તેનો સ્વીકાર કર.—એટલું કહી આ મંજરી મેં એના શ્રવણમાં એની ઇચ્છા ઉપરાંત બલાત્કારે પેહેરાવી.

તે ઋષિ-કુમાર જ્યારે આવી રીતે,—પેલો યુવાન્ મુનિ કોણ હતો, એ મંજરી શાની હતી, અને શી રીતે એના શ્રવણમાં આવી હતી એ સર્વ વૃત્તાન્ત યથાસ્થિત વર્ણવી રહ્યો ત્યારે પુંડરીક પોતેજ જરા મંદ મંદ હાસ્ય કરીને મને કહેવા લાગ્યોઃ–કુતૂહલિનિ! આ પ્રશ્ન કરવાનો શું કરવા ત્હારે શ્રમ લેવો જોઈયે? જો તને આનો સુગંધિ પરિમલ ગમતો હોય તો તુંજ આ મંજરી લે.—એટલું બોલી, મ્હારી પાસે આવી, તેણે પોતાના કર્ણમાંથી કાઢીને, મધુર મધુકર-ગુંજારવડે જાણે રતિ-સમાગમની પ્રાર્થના કરતી હોય એવી તે મંજરીને મ્હારા શ્રવણમાં પેહેરાવી. તેના હસ્ત-સ્પર્શના લોભથી તે ક્ષણે, પારિજાત-પુષ્પ પેહેરવાને સ્થલે મ્હારૂં તો જાણે બીજું હૃદયજ આવીને બેઠું.[1] મ્હારા ગાલના સ્પર્શ-સુખથી તેની અંગુલિયો ધ્રુજવા લાગી, તથા હાથમાંથી, લજ્જા સાથે પડી જતી પોતાની અક્ષમાલાને પણ તેણે દીઠી નહિ.[2] એ અક્ષમાલા ભૂમિઉપર પડી ન હતી એટલામાં તો મેં ઝીલી લીધી અને એ કુમારની ભુજપાશજ જાણે મ્હારા કંઠમાં પડી હોય તેમ કંઠગ્રહનું સુખ માની લઈને,[3] અપૂર્વ હાર-લતાની લીલા દર્શાવતી એ માલાને મેં લીલા સહિત મ્હારા ગળામાં પેહેરી.

---

૧. અર્થાત્ મ્હારા હૃદયની વૃત્તિ બધી તે તરફ આકૃષ્ટ થઈ. અહીં બીજો પાઠ એવો છે કે—તે ક્ષણે કર્ણપૂર પેહેરવાની જગાએ બીજા પારિજાતકુસુમ જેવો મને તો રોમોદ્‌ગમ થયો. ૨. સહોક્તિ અલંકાર.
૩. આવોજ વિચાર (પણ પુરુષમાં) રઘુ. સ. ૬. શ્લો. ૮૪ માં દર્શાવ્યો છે.

तया स्रजा मंगलपुष्पमय्या विशालवक्षःस्थललम्बया सः ।
अमंस्त कंठार्पितबाहुपाशाम् विदर्भराजावरजां वरेण्यः ॥

એ વખતે મને મ્હારી છત્ર ધરનારીએ કહ્યું:—ભર્તૃદારિકા! દેવી તો સ્નાન કરી રહ્યાંછે, અને ઘેર જવાનો સમય થવા આવ્યોછે માટે તમે પણ ડુબકી મારી લો.—નવગ્રહા કરિણી જેમ પ્રથમ અંકુશ-પાતથી તેમ હું એના આ વચનથી અનિચ્છાએ મહા મહા પ્રયત્ને પાછી હઠી; અને લાવણ્ય રૂપી અમૃત-પંકમાં જાણે ડુબી ગઈ હોય, ગાલ ઉપર ઉગેલા રોમાઞ્ચ રૂપી કાંટામાં જાણે ભરાઇ રહી હોય, મદન-બાણની સળિયોથી જાણે વિંધાઇ ગઇ હોય, તથા સૌભાગ્યની દોરથી જાણે સીવાઇ ગઇ હોય એવી મ્હારી દૃષ્ટિને એના મુખ ઉપરથી મહા મહા કષ્ટે પાછી ખેંચી લઇને, સ્નાન કરવા ચાલી. પણ મેં ચાલવા માંડયું એટલે પેલો બીજો મુનિ-પુત્ર પુંડરીકનું આવું ધૈર્ય-સ્ખલન જોઇને જરા પ્રણય-કોપ દર્શાવતો હોય એમ કહેવા લાગ્યો:—

ભાઈ પુંડરીક! આ કંઇ તને છાજે નહિ. એ તો ક્ષુદ્રજનને જવાનો માર્ગ છે. સાધુ પુરુષોએ તો ધૈર્ય રાખવું જોઇએ. (તેને બદલે) એક સાધારણ મનુષ્યની પ્રમાણે તું આમ વિકલવ થઈ જાયછે અને નિગ્રહ રાખવાનો કંઈ ઉપાય કરતો નથી એ શું કહેવાય? ક્યાંથી ત્હારામાં આજ આ અપૂર્વ ઇન્દ્રિય-રાજ્ય થઇ ગયું કે તું આવી વિકૃતિમાં આવી પડ્યો? ક્યાં ગયું ત્હારૂં એ ધૈર્ય? ક્યાં ગયો ત્હારો ઇન્દ્રિય-વિજય? ક્યાં ગયું એ સ્વચિત્તનું વશીકરણ? ક્યાં ગઈ એ પ્રશાન્તિ! ક્યાં ગયું એ કુલ-ક્રમાગત બ્રહ્મચર્ય? ક્યાં ગઇ એ સર્વ વિષયોની નિરુત્સુકતા? ક્યાં નાંખ્યા બધા ગુરુઓના ઉપદેશ? ક્યાં ગયું બધું ત્હારૂં જ્ઞાન? ક્યાં ગઈ એ વૈરાગ્ય-બુદ્ધિ? ક્યાં ગયો ત્હારો ઉપભોગ-દ્વેષ? ક્યાં ગઇ એ સુખની અરુચિ? ક્યાં ગયો એ તપ:પ્રેમ? ક્યાં ગઇ એ ભોગની નિ:સ્પૃહા? ક્યાં ગયું ત્હારૂં યૌવન-વશીકરણ? ત્હારા જેવા પણ જ્યારે અનુરાગ-સ્પર્શથી મલિન થઈ જવા માંડ્યા અને પ્રમાદથી હારવા લાગ્યા ત્યારે તો સર્વથા પ્રજ્ઞા બધી નિષ્ફલ ગઇ! ધર્મશાસ્ત્રાભ્યાસ નિર્ગુણ નિપજ્યો! સંસ્કાર નિરર્થક થયો! ગુરુનો ઉપદેશવિવેક નિરુપકારક થયો! વિદ્વત્તા નિષ્પ્રયોજન થઇ! જ્ઞાન નિરુપયોગી થયું! શું તું ત્હારા હાથમાંથી પડેલી અક્ષમાલાને કોઇએ લઇ લીધા છતાં પણ કંઈ જાણતો નથી? અહો મૂઢતા! આ માલા તો ગઇ પણ હવે ત્હારૂં હૃદય આ અનાર્યા હરી લેછે તેને તો તું વારી રાખ!

તેનાં આવાં વચન સાંભળી જરા લજ્જા પામ્યો હોય એમ પુંડરીકે પ્રત્યુત્તર દીધો:—સખે કપિઞ્જલ! કેમ મ્હારા વિશે તું આવી

અસત્ય ધારણા કરેછે? આ દુર્વિનીત કન્યાએ અક્ષમાલા ગ્રહણ કરીને જે અપરાધ કીધો છે તે હું ક્ષમા કરનાર નથી.—એટલું કહી, અસત્ય કોપને લીધે સુંદર લાગતા, પ્રયત્નથી રચેલી ભીષણ ભ્રુકુટિ વડે શોભતા, તથા ચુંબનેચ્છાથી ધ્રુજતા અધરવાળા મુખ થકી એણે મને કહ્યું કેઃ—ચપલા! આ અક્ષમાલા આપ્યા વિના ત્હારે આ પ્રદેશમાંથી એક ડગલું પણ ખસવું નહિ.—આ સાંભળી, કામદેવના નૃત્યારંભ-સમયની લીલા-પુષ્પાઞ્જલિ જેવી એકાવલીને[1] મ્હારા કંઠમાંથી ઉતારી,—ભગવન્! લો તમારી અક્ષમાલા—એમ કહી, મ્હારીજ સામું જોઈ રહેલા એ શૂન્ય-હૃદય કુમારના પ્રસારેલા હાથમાં મુકી, હું સ્વેદજલથી ન્હવાયેલી છતાં ફરીથી સ્નાન કરવા ગઈ. ન્હાઈ ઉઠ્યા પછી, નદીની પેઠે મહા મહા પ્રયત્ને મને મ્હારી સખીઓ પાછી વાળીને લઈ ગઈ, અને તેમની તથા મ્હારી માતાની સાથે હું એ કુમારનુંજ ચિન્તન કરતી કરતી બલાત્કારે ઘેર આવી. ત્યાં જઈને કન્યાન્તઃપુરમાં પ્રવેશ કર્યો ત્યારથી એના વિરહને લીધે કેવલ શોકાતુર રહ્યાથી,—હું આવી છું કે ત્યાંની ત્યાંજ ઉભીછું, એકલી છું કે સખીઓમાં બેઠી છું, ચૂપ રહી છું કે બોલું છું. જાગુછું કે ઉંઘુછું, રોઉછું કે નથી રોતી, આ દુઃખ છે કે સુખ છે, ઉત્કંઠા છે કે કંઈ વ્યાધિ છે, વિપત્તિ છે કે ઉત્સવ છે, દિવસ છે કે રાત્રિ છે, રમ્ય શું છે અને અ-રમ્ય શું છે—એ કંઈ મને સમજાયુંજ નહિ. વળી મદન-વૃત્તાન્ત હું બરાબર સમજતી ન હતી એટલે ક્યાં જવું, શું કરવું. શું સાંભળવું. શું જોવું, શું બોલવું, કોને કહેવું, અને શો એનો ઉપાય કરવો એ કંઈ મને સુઝ્યું નહિ; તેથી મહેલ ઉપર ચઢીને, સર્વ સખીઓને રજા આપી. કોઈ પરિજને અંદર પ્રવેશ કરવો નહિ એમ કહી, સર્વ કાર્ય ત્યજી દઈ, મણિમય જાળીમાં મુખ મુકીને તેજ[2] દિશા તરફ, એકલી એકલી જોતી હું ઉભી રહી. એ કુમાર તે રમણીય દિશામાં હોવાથી મને એ અલંકૃત જેવી, કુસુમિત જેવી, મહારત્નના ભંડારથી ભરેલી હોય એવી, અમૃત-રસ-સાગરના પૂરમાં ડુબી ગઈ હોય એવી. તથા પૂર્ણ ચંદ્રોદયથી શોભતી હોય એવી દેખાવા લાગી. તે બાજુએથી આવતા પવનને પણ,—વન-પુષ્પના પરિમલને પણ,—પક્ષીઓના સ્વરને પણ એની વાત પૂછી જોવાનું હું ધારતી. એની વલ્લભતાને લીધે તપનો શ્રમ વેઠવાને પણ હું ઈચ્છવા

---

૧. એક સેરનો હાર. ૨. જ્યાં એ કુમાર એને મળ્યો હતો તે.

લાગી; જાણે એની પ્રીતિને લીધે મૌનવ્રત ગ્રહી રહી; કામદેવે પક્ષપાત કરાવ્યાથી હું મુનિ-વેષને, એણે ગ્રહણ કરેલો માટે અગ્રામ્ય કહેવા લાગી; યૌવન એનામાં રહેલું માટે તેને રમ્ય કહેવા લાગી; પારિજાત-પુષ્પને એના કર્ણનો સ્પર્શ થયેલો માટે તેને મનોહર ગણવા લાગી; સુરલોકમાં એનો વાસ હોવાથી હું તેને રમણીય ગણવા લાગી; અને એની રૂપ-સંપત્તિને લીધે કામને દુર્જયતાનું અધ્યારોપણ કરવા લાગી. એટલો એ દૂર હતો તોપણ, કમલિની જેમ સૂર્યની, સાગર-વેલા જેમ ચંદ્રની, અને મયૂરી જેમ મેઘની, તેમ હું એનીજ સામું જોયાં કરતી હતી. એના વિયોગથી અકળાઈને બ્હાર નીકળતા મ્હારા પ્રાણની રક્ષાવલી જેવી પેલી અક્ષાવલીને મેં એમની એમજ કંઠમાં રાખી મુકી હતી.[1] અને એના સંબંધી રહસ્ય વાત કરતી હોય એવી, કર્ણમાં એમને એમજ પેહેરેલી પેલી કુસુમ-મંજરીને લીધે, તથા એના હસ્તના સ્પર્શ-સુખથી ઉભા થયેલા,—કદંબ-કલિના કર્ણપૂર જેવા શોભતા—એવા ને એવાજ રોમાચ્ચને લીધે મ્હારો એક કપોલ કંટકિત થયો હતો.

આવી રીતે હું સ્તબ્ધ થઈને ઉભી રહી હતી એટલામાં, તરલિકા નામની મ્હારી તાંબૂલ-કરંક-વાહિની જે મ્હારી સાથેજ સ્નાન કરવા આવી હતી તે પછવાડેથી જાણે બહુ વારે આવીને મને ધીરેથી કહેવા લાગી:—ભર્તૃદારિકા! પેલા જે બે દિવ્ય સ્વરૂપવાળા મુનિકુમાર આપણે અચ્છોદ સરોવરને તીરે દીઠા હતા તેમાંનો એક જેણે તમારા કર્ણમાં દેવવૃક્ષની આ કુસુમ-મંજરી પેહેરાવી હતી તે, પેલા બીજા કુમારથી છાનો છાનો તથા સંતાતો સંતાતો ચાલતો, પુષ્પથી છવાઇ ગયેલી લતાઓની ઘટામધ્યે મ્હારી પાસે આવીને, હું આવતી હતી ત્યારે પછવાડેથી મને તમારા સંબંધી પૂછવા લાગ્યો કેઃ—બાલા! એ કન્યા કોણ છે? કોની પુત્રી છે? એનું નામ શું? એ ક્યાં જવા નીસરીછે?—ત્યારે મેં ઉત્તર આપ્યો કેઃ—ભગવાન્ શીતરશ્મિના કિરણમાંથી ઉત્પન્ન થયેલી ગૌરી નામની અપ્સરા એની માતા છે; સર્વ ગંધર્વોના મુકુટમણિની શલાકાનાં શિખર ઘસાવાથી જેના ચરણ-નખ સુંવાળા થયેલા છે, પ્રેમથી સુતેલી ગંધર્વ-કામિનીઓના કપોલ ઉપરની પત્રલતાનું જેના ભુજ-વૃક્ષ-શિખર ઉપર ચિત્ર પડેલુંછે,

૧. વાંચનારને યાદ હશે કે જ્યારે પુંડરીકે અક્ષમાલા પાછી માગી હતી ત્યારે મહાશ્વેતાએ તે આપવાને બદલે પોતાનો એકાવલી હાર તેના હાથમાં નાંખ્યો હતો.—જુઓ પૃ. ૧૯૧ લી. ભા.

તથા જેણે લક્ષ્મીના કર-કમલનું પાદ-પીઠ કરેલુંછે એવા ગંધર્વાધિપતિ હંસ રાજા એના પિતા છે; મહાશ્વેતા એનું નામ છે; અને એ ગંધર્વોના અધિવાસ હેમકૂટ પર્વત ભણી જાયછે.—આ સાંભળી એ કંઈક વિચારમાં પડ્યો હોય એમ જરા વાર શાન્ત રહીને મ્હારી સામું એકાગ્ર દૃષ્ટિયે ઘણી વાર સુધી જોતો જોતો, મને કરગરીને જાણે યાચતો હોય તેમ ફરીથી કહેવા લાગ્યો કે:—બાલા ! બાલપણમાં પણ ત્હારી આ આકૃતિ અતિ રમ્ય, નિષ્કપટ અને અચપલ દેખાયછે માટે હું વિનતી કરૂંછું કે મ્હારૂં એક વચન તું રાખીશ ?–આ સાંભળી મેં સવિનય કર જોડી, આદર દર્શાવી, ઉત્તર આપ્યો કે:—મહારાજ ! તમારે એવું કહેવું ઘટે ? હું તે કોણ માત્ર ? સકલ ત્રિભુવનમાં પૂજવા યોગ્ય તમારા જેવા મહાત્માઓની, પુણ્ય વિના, અમારા જેવાં ઉપર, સર્વ પાપ હરનારી દૃષ્ટિ પણ ન પડે તો પછી આજ્ઞા તો ક્યાંથીજ થાય ? માટે આપને જે કંઈ કાર્ય હોય તે સુખેથી કહીને મ્હારા ઉપર અનુગ્રહ કરો.—આવું હું બોલી ત્યારે મને સખી જેવી—ઉપકારી જેવી—જીવિતદાન આપનારી જેવી ગણીને સ્નેહ-યુક્ત દૃષ્ટિથી અભિનંદન કરી, એણે પાસેના તમાલ વૃક્ષમાંથી એક પલ્લવ લાવીને પત્થર ઉપર તેને વાટી, પોતાના ઉત્તરીય-વલ્કલમાંથી એક ચીર ફાડીને તે ઉપર, ગંધગજના મદ જેવા સુગંધિ પેલા રસવડે, સ્વહસ્ત-કમલની કનિષ્ઠ અંગુલિના નખાગ્રથી લખીને—આ પત્રિકા તું, એ કન્યા એકલી હોય ત્યારે, છાનીમાની એને આપજે—એમ કહી મને તે આપી.—એટલું કહી તરલિકાએ મને પાનદાનીમાંથી કાઢીને એ પત્રિકા દેખાડી. મેં તો—શબ્દમય છતાં અંતઃકરણમાં જાણે સ્પર્શ-સુખ ઉત્પન્ન કરતી, અને શ્રોત્રમાંજ પડવા છતાં, રોમાઞ્ચ થવાથી સર્વાંગ-પ્રવેશ સૂચવતી, એના સંબંધી આ વાત સાંભળતાંજ, મદનાવેશ-મંત્રથી જાણે આવિષ્ટ થઈ હોઉં તેમ,—તરલિકાના હાથમાંથી તે લઈ લીધી, અને જોયું તો તેમાં આ આર્યા લખેલી દીઠી:—

માનસ-જન્મા મ્હારો, બિસ-સિત મુક્તા-લતા બતાવીને,
લલચાવી, દઈ આશા, બહુ દૂર લીધો, હંસ જ્યમ, તેં.[1]

---

૧. પુંડરીક લખેછે કે બિસ-સિત—કમલના તંતુ જેવી શ્વેત, મુક્તા-લતા—એકાવલી—બતાવીને મ્હારા માનસ-જન્મા—(મનસિજ)—મનમાં જન્મનાર—કામ—ને તેં લલચાવીને આશા આપી (હંસની સમાન) બહુ દૂર લીધોછે—ઘણો વધાર્યોછે. હંસ સાથે લેતાં માનસ-જન્મા=માનસ સરોવરમાં જન્મેલો; મુક્તા-લતા=મુક્તા જેવી નિર્મલ લતા; આશા=દિશા. અર્થાત્

માર્ગ ચૂકેલાને જેમ દિઙ્મોહ-ભ્રાન્તિથી,[1] અંધને જેમ ઘોર રાત્રિથી, મૂકને જેમ જિહ્વાચ્છેદથી, અતત્વદર્શીને જેમ ઇન્દ્રજાલિકની પિચ્છિકાથી,[2] અસંબદ્ધ વક્તાને જેમ જ્વર-પ્રલાપની પ્રવૃત્તિથી, વિષ-વિહ્વલને જેમ દુષ્ટ નિદ્રાથી, અધર્મિષ્ઠને જેમ નાસ્તિક મતથી, ઉન્મત્તને જેમ મદિરાથી, અને સપિશાચને જેમ દુષ્ટ આવેશ-ક્રિયાથી,[3] તેમ મ્હારા કામાતુર ચિત્તમાં, આ આર્યા જોવાથી તરતજ દોષ-વિકારની વૃદ્ધિ થઇ; અને નદી જેમ પૂરથી તેમ હું આથી આકુલ વ્યાકુલ બનીને વિહ્વલ થઇ ગઇ. વળી તરલિકાએ એ કુમારનું બીજી વાર દર્શન કર્યું હતું તેથી એ જાણે મહાપુણ્યશાલી હોય, સુરલોકમાં જાણે વસી આવી હોય, દેવતાથી અધિષ્ઠિત હોય, વરદાન પામી હોય, અમૃત પી આવી હોય, કે ત્રૈલોક્યનો રાજ્યાભિષેક પામી હોય એવી હું એને ગણવા લાગી! સર્વદા એ મ્હારી પાસે છતાં જાણે એનું દર્શન દુર્લભ હોય, અને અતિ પરિચિત છતાં પણ જાણે એ નવીજ આવી હોય એમ હું એને આદર સહિત બોલાવવા લાગી! મ્હારી પાસે બેઠેલી છતાં પણ જાણે એ સર્વ લોકની ઉપર હોય એમ હું એને નિહાળવા લાગી! એને ગાલે તથા એની ગુંછળાંવાળી લટોને, બાઝી બાઝીને સ્પર્શ કરવા લાગી! અને આવી રીતે સ્વામી-સેવકના સંબંધનો જાણે વ્યતિક્રમ દેખાડતી દેખાડતી હું પુનઃ પુનઃ એને પૂછવા લાગી કેઃ–કહે તરલિકા! તેં શી રીતે એને જોયો? તને એણે શું શું કહ્યું? કેટલી વાર તું એની પાસે ઉભી રહી? ક્યાંસુધી આપણી પાછળ પાછળ એ આવ્યો હતો?—આની આજ વાર્તામાં તેની સાથે તેજ મહેલમાં તેમ ને તેમજ, કોઇ પરિજનને પ્રવેશ કરવા દીધા શિવાય, મેં તે દિવસ ગાળ્યો.

પછી જાણે મ્હારા હૃદય સાથે રાગ-સંવિભાગ કરીને, ગગનતલને છેડે લટકતું રવિબિમ્બ જ્યારે લાલચોળ દેખાવા લાગ્યું; સરાગ સૂર્ય દેખીને અનુરક્ત થયેલી, કમલમાં સુતેલી દિવસ-લક્ષ્મી, કામાતુર બની ગઇ હોય તેમ જ્યારે ફીકી દેખાવા લાગી; રવિ-કિરણો જ્યારે ગૈરિક-ગિરિના સલિલ-પ્રપાત થકી રક્ત વન-ગજ-યૂથની સમાન કમલ-વનમાંથી નીસરી નીસરીને ભેગા થવા લાગ્યા; ગગન ઉતરી વિશ્રામ લેવાને ઉત્સુક થયેલા,

---

હંસને જેમ તેની લતા બતાવી, જે દિશાએ તે હોય તે દેખાડી, બહુ દૂર લઇ જઇયે તેમ વિ૦. ૧. દિઙ્મોહ—જુઓ પૃ. ૧૩૭ નો. ૭.
૨. ઇન્દ્રજાલિક=જાદુગર. ૩. આ સર્વને અનુસરતું આપણામાં કહેવત છે કે—મૂળ મિયાં ગાંડા ને ભાંગ પીધી!!

રવિ-રથના અશ્વોએ હર્ષથી કરેલા હેષા-રવના પ્રતિશબ્દ સાથે જ્યારે દિવસ (નો પ્રકાશ) મેરુ પર્વતની ગુહાઓમાં પેસવા લાગ્યો; મીચાઈ ગયેલાં રક્ત-કમલ-સંપુટમાં જ્યારે ભ્રમરની હારો ભરાઈ પેઠી;[1] રવિ-વિયોગ જોઈ મૂર્ચ્છા પામવાથી તેમનાં હૃદય જાણે અંધ થઈ ગયાં હોય તેમ કમલિનીઓ જ્યારે મીચાવા લાગી; અને બંને જણે કરડેલી સામાન્ય મૃણાલ-લતાના વિવરમાં થઈને જાણે આવેલાં એક એકનાં હૃદય લઈને જ્યારે ચક્રવાકનાં દ્વંદ્વ વિયુક્ત થવા લાગ્યાં ત્યારે પેલી છત્ર ધરનારી આવીને મને કહેવા લાગી કે:—ભર્તૃદારિકા! પેલા મુનિ-કુમારમાંથી એક આપણે બારણે ઉભો છે અને કહેછે કે હું અક્ષમાલા લેવા આવ્યો છું.

મને તો મુનિ-કુમારનું નામ સાંભળતાંજ, તે સ્થાને બેઠેલી છતાં જાણે દ્વાર પાસે ગઈ હોઉં એમ લાગ્યું,[2] અને એજ આવ્યો હશે એમ ધારી મેં એક કંચુકીને બોલાવી, તેને અંદર આવવાનું કહેવરાવ્યું. થોડી વારમાંજ મેં એનો,—રૂપના યૌવન જેવો, યૌવનના મદન જેવો, મદનના વસન્ત-સમય જેવો, વસન્ત-સમયના દક્ષિણ પવન જેવો,[3]—અનુરૂપ મિત્ર, કપિંજલ નામનો ઋષિ-પુત્ર, વૃદ્ધાવસ્થાથી ધવલ થઈ ગયેલા કંચુકીની પછવાડે પછવાડે, ચંદ્ર-પ્રકાશની પાછળ જેમ બાલ-સૂર્ય-પ્રકાશ આવે તેમ આવતો જોયો. મ્હારી પાસે એ આવી પહોચ્યો ત્યારે એની આકૃતિ આકુલ વ્યાકુલ હોય, ખિન્ન હોય, શૂન્ય હોય કે યાચના કરતી હોય તેમ મને અસંતુષ્ટ જણાઈ. ઉઠીને આદરસહિત પ્રણામ કરી, હું પોતેજ એને સારૂ આસન લઈ આવી. તે ઉપર એ બેઠો એટલે એની ઇચ્છા ઉપરાંત બલાત્કારે મેં એના ચરણ ધોયા, અને મ્હારા ઉત્તરીય વસ્ત્રના પલ્લવથી તેમને લોહીને હું એની પાસે, આસ્તરણ વિનાની ભૂમિ ઉપરજ બેઠી. પછી થોડી વાર રહીને, જાણે કંઈ કહેવું હોય એમ એણે મ્હારી પાસે બેઠેલી તરલિકા ઉપર દૃષ્ટિ નાંખી.[4] એટલે હું સમજી ગઈ તેથી મેં કહ્યું:—ભગવન્! મ્હારામાં ને એનામાં કંઈ ભેદ નથી માટે જે આપને કહેવું હોય તે સુખેથી કહો.

ત્યારે કપિંજલે પ્રત્યુત્તર આપ્યો કે:—રાજપુત્રિ! હું શું કહું? લજ્જાને લીધે, કહેવાની વાત કહેતાં મ્હારી જીભ પણ ઉપડતી નથી.

---

૧. જુઓ પૃ. ૧૩૦ નો. ૩. ૨. અર્થાત્ મ્હારો જીવ જાણે ઉડીને બારણે ચ્હોટ્યો. ૩. આવીજ પરંપરા સારૂ જુઓ પૃ. ૧૮૦ લીટી ૨૧–૨૩. ૪. એવી ઇચ્છાથી કે રહસ્ય વાત કરવી છે માટે એ ઉઠે તો ઠીક.

ક્યાં, કંદ-મૂલ-ફલ ખાનાર, શાન્ત, વનવાસી મુનિજન, અને ક્યાં અ-શાન્ત જનને ઉચિત, વિષયોપભોગના અભિલાષને લીધે મલિન, મદનના વિવિધ વિલાસથી ભરેલો, આ રાગમય પ્રપંચ!! જુઓ! દૈવે આ બધુંએ કેવું અનુચિત આરંભ્યું છે? ખરે! અયત્નથીજ મનુષ્યને ઈશ્વર ઉપહાસાસ્પદ[1] બનાવી દેછે. મને સમજાતું નથી કે આ તે વલ્કલને યોગ્ય છે કે જટાને ઉચિત છે; તપને અનુરૂપ છે કે ધર્મોપદેશાનું અંગ છે? આ તો એક અપૂર્વ વિડંબના થઈ છે. પણ મ્હારે અવશ્ય કહેવું તો જોઈયેજ, કેમકે બીજો કોઈ ઉપાય જણાતો નથી,–બીજો કોઈ પ્રતીકાર રહ્યો નથી,–બીજું કોઈ શરણ દેખાતું નથી,–બીજી કોઈ ગતિ છે નહિ. વળી ન કહું તો મ્હોટો અનર્થ થઈ જાય એમ છે અને પ્રાણ જાય તો ભલે પણ મિત્રનો જીવ બચાવવો જોઈયે માટે કહું છું.—તમારા દેખતાંજ મેં એને કોપાયમાન થઈને એવાં નિષ્ઠુર વચન કહ્યાં ત્યાર પછી એને છોડીને હું ક્રોધ પામી, પુષ્પ ચુંટવાં મુકી દઈ, ત્યાંથી બીજા પ્રદેશમાં ગયો. તમારા ગયા પછી થોડી વાર રહીને,—એકલો એ શું કરતો હશે—એ જાણવાના વિચારથી હું પાછો ફરી, એક વૃક્ષની પછવાડે સંતાઈ રહી, તે જગાએ જોવા લાગ્યો. પણ ત્યાં મેં એને દીઠો નહિ ત્યારે મને લાગ્યું કે કામને સ્વાધીન થઈ જઈને એ તમારી પછવાડે પછવાડે તો નહિ ગયો હોય? અથવા તમારા ગયા પછી જીવ ઠેકાણે આવવાથી, લજ્જા પામી મને એ દેખા દેતો નહિ હોય? કે ક્રોધાયમાન થઈને મને છોડી દઈ જતો તો રહ્યો નહિ હોય? અથવા મનેજ ખોળતો ખોળતો કોઈ બીજા પ્રદેશમાં તો નહિ જઈ ચઢ્યો હોય?—એવા સંકલ્પ વિકલ્પ કરતો કરતો હું થોડી વાર તો ઉભો રહ્યો. પરંતુ જન્મથી આજ સુધીમાં એક ક્ષણ પણ એનાથી હું વિખુટો પડેલો નહિ હોવાથી મને દુઃખ થવા લાગ્યું અને ફરીથી મેં વિચાર્યું કે ધૈર્ય-સ્ખલનથી વિલક્ષ બની જઈને વખતે એ કંઈક અનિષ્ટ પણ કરી બેસશે.—લજ્જાનો માર્યો શું ન કરી દે? માટે એને એકલો મુકવો યોગ્ય નથી.—એમ ધારીને હું એને શોધવા લાગ્યો. શોધતાં શોધતાં જેમ જેમ એ મને ન જડતો ગયો તેમ તેમ મિત્ર-સ્નેહથી બ્હીકણ બની ગયેલા મ્હારા મનમાં એના વિશે અશુભ વિચાર આવવા

---

૧. ઉપહાસનું પાત્ર. (Laughing-stock.)

લાગ્યા,[1] અને વૃક્ષ તથા લતાઓની ઘટાઓમાં, ચંદન-વૃક્ષોની હારોમાં, લતા-મંડપોમાં તથા સરોવરને તીરે તીરે તપાસતો તપાસતો, આમ તેમ ધ્યાનથી દૃષ્ટિ ફેરવતો ફેરવતો હું ઘણી વાર સુધી ભટક્યો.

એવામાં સરોવરની પાસે આવેલી એક અતિરમણીય, વસન્તની જન્મભૂમિ જેવી લતા-કુંજ જે, સૌ નિરંતર ભરાયેલાં હોવાથી કુસુમમય હોય, મધુકરમય હોય, કોકિલમય હોય તથા મયૂરમય હોય એવી લાગતી હતી, તેમાં મેં એને બેઠેલો જોયો. સર્વ વ્યાપાર ત્યજી દીધાથી, એ જાણે ચિત્રેલો હોય, કોતરેલો હોય, સ્તબ્ધ બની ગયો હોય, મૃત્યુની પાશમાં સપડાઇ ગયો હોય, નિદ્રાવશ હોય, કે યોગ-સમાધિમાં હોય એમ દેખાતું હતું. નિશ્ચલ છતાં પણ એ સ્વવૃત્તથી ચલિત હતો. એકલો છતાં પણ એ મદન સહિત હતો. સરાગ છતાં પણ ફીકો દેખાતો હતો. અંતઃકરણ શૂન્ય છતાં પણ એની પ્રિયાનો તેમાં વાસ હતો. ચૂપ રહીને પણ એ મદનની અતિશય વેદના કહેતો હતો, અને શિલાતલ ઉપર બેઠા છતાં પણ એ મરણને શરણ ગયો હતો. શાપ દેશે એવી જાણે બ્હીકથીજ અદૃષ્ટ રહીને મદન એને સંતાપતો હતો. છેકજ નિશ્ચલ હોવાથી, એની ઇન્દ્રિયો જાણે હૃદય-વાસી પ્રિયાને જોવા સારૂ અંદર ગઈ હોય, અસહ્ય સંતાપથી ત્રાસ પામીને ગળી ગઇ હોય, અથવા મનનો ક્ષોભ જોઈ કોપાયમાન થઇને એને ત્યજી ગઈ હોય તેમ શરીર ઉપર શૂન્ય જેવી દેખાતી હતી. મીચાઇને નિશ્ચલ રહેલાં, અંતરમાં બળતા મદનાગ્નિના ધૂમથી અભ્યંતરમાં જાણે આકુલ થઈ ગયેલાં, એનાં લોચનમાંથી, પાંપણોની વચ્ચે વચ્ચે થઇને, અસંખ્ય ધારાઓમાં અશ્રુજલનો વર્ષાદ વર્ષ્યા કરતો હતો. હૃદયને બાળી મુકતા કામાગ્નિની, ઉંચી જતી જાણે જ્વાલા હોય એવી રક્ત અધર-પ્રભાને લઇને બ્હાર નીકળતા એના ઉચ્છ્વાસથી પાસેની લતાઓનાં કુસુમ-કેશર કંપતાં હતાં. ડાબા ગાલની તળે મુકેલા કરતલમાંથી પ્રસરતા નિર્મલ નખ-કિરણવડે એનું કપાલ વિમલ થયાથી, અતિસ્વચ્છ ચંદન-રસનું તેમાં તિલક કીધું

---

૧. 'માલતીમાધવ'માં (પૃ. ૨૯૮) માધવ જ્યારે માલતીને શોધતાં કહીં દેખતો નથી ત્યારે આવોજ વિચાર દર્શાવે છેઃ—

किमपि किमपि शंके मंगलेभ्यो यदन्यत्।
विरमतु परिहासश्चंडि पर्युत्सुकोऽस्मि ॥

હોય એમ શોભતું હતું. એના કર્ણમાંથી પારિજાત-પુષ્પની મંજરી થોડી-જ વાર થયાં ગયેલી હતી તેથી શેષ રહેલા સુવાસવડે આકૃષ્ટ થયેલાં ભ્રમરનાં ટોળાં જે મધુર ગુંજારના આકારમાં મદન-મોહિનીનો જાણે મંત્ર જપતાં હતાં તેમને લીધે તે (શ્રવણ)માં જાણે નીલ કમલ અથવા તમાલ-પલ્લવ પેહેર્યું હોય એમ દેખાતું હતું. ઉત્કંઠાના જ્વરમાં થયેલા રોમાઞ્ચના રૂપમાં એણે જાણે, અંગ ઉપર પ્રત્યેક રોમ-કૂપમાં પેઠેલાં કામબાણનાં કુસુમ-શલ્યના કડકાને ધારણ કીધેલા હતા. નખ-કિરણથી છવાઇ ગયાથી, જાણે કરતલ-સ્પર્શના સુખને લીધે કંટકિત થઈ હોય એવી દીસતી—અવિનયની પતાકા—મુક્તાવલીને છાતી ઉપર એણે જમણા હાથમાં રાખેલી હતી. મદનના વશીકરણ-ચૂર્ણ જેવા પુષ્પ-પરાગને વૃક્ષો એના ઉપર વેરતાં હતાં. પોતાનો રાગ જાણે એને આપતાં હોય તેમ પાસેનાં અશોક-પલ્લવ પવનથી હાલી હાલીને એને સ્પર્શ કરતાં હતાં. સુરતના અભિષેક-જલ જેવા, નવાં પુષ્પનાં લુમખાંના મધુ-કણવડે વનશ્રી એને સ્નાન કરાવતી હતી. ભ્રમરોનાં ટોળાં જેમનો પરિમલ પીતાં હતાં એવી ચંપક-કળિયો એના ઉપર પડતી હતી તેથી, કામદેવ જાણે એને તપાવેલાં સધૂમ શર-શલ્યનો પ્રહાર કરતો હતો.[1] વનમાંથી નીસરતા અતિશય સુવાસથી મત્ત થયેલા મધુકરના ગુંજાર વડે, દક્ષિણ પવન જાણે હુંકારથી એનો તિરસ્કાર કરતો હતો. વસન્ત-જય-શબ્દના કલકલ જેવા, મદકલ કોકિલ-કુલના કોલાહલ વડે ચૈત્રમાસ એને આકુલ વ્યાકુલ કરી દેતો હતો. પ્રભાત-ચંદ્ર જેવો એ ફીકો દેખાતો હતો. ગ્રીષ્મ ઋતુના ગંગા-પ્રવાહ જેવો એ કૃશ થયેલો હતો. ચંદન-વૃક્ષની પેઠે એ અંતર્ગત અગ્નિથી કરમાઇ જતો હતો. અન્ય હોય, અદૃષ્ટપૂર્વ હોય, અ-પરિચિત હોય, જન્માન્તરે આવ્યો હોય, રૂપાન્તર ધારણ કરી લાવ્યો હોય, આવિષ્ટ હોય, મહાભૂતથી અધિષ્ઠિત હોય, ગ્રહથી ઘેરાઇ ગયો હોય, ઉન્મત્ત થઇ ગયો હોય, બદલાઇ ગયો હોય, અંધ થઈ ગયો હોય, બધિર બની ગયો હોય, મૂક થઇ ગયો હોય, વિલાસમય હોય વા મદનમય હોય, એવો એ, કામાવેશની છેલ્લી સીમાને પહોચ્યાથી દેખાતો હતો; એની ચિત્તવૃત્તિ પરાધીન થઇ હતી, તથા એનો પૂર્વ આકાર જરા પણ ઓળખાતો ન હતો.

---

૧. ચંપકની કલિયો પીળી તથા તેમની પાછળ આવતા ભ્રમર ધૂમ જેવા કાળા માટે ઉત્પ્રેક્ષા કરી છે કે જાણે તપાવીને પીળાં કરેલાં કામનાં બાણ ધૂમસહિત ત્યાં પડતાં હતાં!!

એની અવસ્થામાં આવી પડેલા મ્હારા મિત્રને એકાગ્ર દૃષ્ટિથી ઘણી વાર સુધી જોતાં મને ખેદ ઉત્પન્ન થયો અને મ્હારા કમ્પતા અંતઃકરણમાં વિચાર આવ્યા કેઃ—કામનો વેગ ખરેખર અતિદુઃસહજ છે. એણે એક ક્ષણમાં આની એવી દુર્દશા કરી નાંખી છે કે તેમાંથી બચવાનો ઉપાય રહ્યો નથી. પણ આવો જ્ઞાનનો ભંડાર એકદમ આમ કેમ વ્યર્થ થઈ જાય? બાલપણમાંથીજ આની પ્રકૃતિ એવી તો ધીર હતી અને વૃત્તિ એવી તો અસ્ખલિત હતી કે હુ તથા બીજા મુનિ-કુમારો એનું ચરિત જોઈ ઘણું આશ્ચર્ય પામતા.—તેજ આજ જ્ઞાનનો પરિભવ કરીને, તપઃ-પ્રભાવની અવગણના કરીને, તથા ગાંભીર્યનું ઉન્મૂલન કરીને ઇતર જનવત્ મદનથી જડ બની ગયો છે એ કેવું મ્હોટું આશ્ચર્ય! સર્વથા, નિર્વિકારી યૌવન દુર્લભજ છે.—પછી એની પાસે જઈ, તેજ શિલાતલની એક કોરે બેસી, એના સ્કંધ ઉપર હાથ મુકીને, એની આંખો મીચેલી છતાં મેં એને પૂછ્યું કેઃ—ભાઈ પુંડરીક! કહે તો ખરો, તને આ શું થયુંછે?—એટલે એ, દીર્ઘ કાળ થયાં બંધ રહ્યાથી જાણે ચ્હોંટી ગઈ હોય એવી, અનવરત[1] રુદન કરવાથી લાલચોળ થયેલી, અશ્રુ-જલના પૂરમાં ડુબેલી, ઝંખાઈ હોય અથવા વેદનાથી પીડાતી હોય એવી, સ્વચ્છ વસ્ત્રથી ઢંકાયલા રક્ત-કમલ-વન જેવી શોભતી પોતાની આંખો અતિપ્રયત્નથી ઉઘાડી, મંથર દૃષ્ટિથી મને ઘણી વાર સુધી નિહાળીને અતિદીર્ઘ નિશ્વાસ મુકી, લજ્જાથી ભાગ્યા તૂટ્યા થોડાક અક્ષરમાં, ધીમે ધીમે, કષ્ટથી કહેવા લાગ્યો કેઃ–મિત્ર કપિંજલ! સર્વ વૃત્તાન્ત વિદિત છતાં તું મને શું પૂછે છે?—મને તો એ સાંભળતાંજ એમ લાગ્યું કે આ અવસ્થામાં હવે કંઈ મદન-વિકારનો ઉપાય થાય એમ નથી, તથાપિ કુમાર્ગે ચઢેલા મિત્રને મિત્રે યથાશક્તિ પ્રયત્ન કરીને વારવો જોઈયે એમ ધારી હું બોલ્યો કેઃ—

ભાઈ પુંડરીક! એ તો મને સુવિદિત છે. પણ હું માત્ર આટલુંજ પૂછું છું કે તેં જે આ આરંભ્યું છે તે શું ગુરુઓએ શીખવ્યું છે? કે તું ધર્મશાસ્ત્રમાં ભણ્યો છે? કે કોઈ ધર્મ પ્રાપ્ત કરવાનો ઉપાય છે? કે કોઈ અન્ય પ્રકારનું તપ છે? કે સ્વર્ગે જવાનો માર્ગ છે? કે કોઈ ગુપ્ત વ્રત છે? કે મોક્ષ મેળવવાની યુક્તિ છે? કે કોઈ બીજાજ પ્રકારનો નિયમ છે? આ વિષયનું ત્હારે ચિન્તન કરવું પણ અયોગ્ય છે તો પછી એની વાત

---

૧. બંધ પડ્યા શિવાય.

અથવા એનું આલોકન થાયજ કેમ ? આ દુષ્ટ મદન તને ઉપહાસાસ્પદ કરવાને પ્રયત્ન કરેછે તે શું તું મૂર્ખની પેઠ સમજતો નથી ? કામથી તો મૂઢ હોય તે પીડાય ! સાધુ જનથી નિંદિત, પ્રાકૃત જનને ગમતા આવા વિષયોમાં તે તને શું સુખ મળે એમ છે ? જે મૂઢ, પરિણામે અનિષ્ટ વિષયોપભોગમાં સુખની ઇચ્છા રાખેછે તે, ધર્મ સમજીને વિષ-લતાના વનને સિંચેછે ; કુવલય-માલા ગણીને ખડ્ગ-લતાને આલિંગેછે; કૃષ્ણા-ગુરુનો ધૂમ જાણી કૃષ્ણ સર્પને બાઝે છે ; રત્ન જાણી બળતા અંગારાને સ્પર્શ કરેછે ; અને મૃણાલ ગણીને દુષ્ટ ગજના દંત-મુસલને ખેંચી કાઢવા જાયછે !! સર્વ વિષયનું તત્વ જાણવા છતાં કેમ તું આવું, ખદ્યોતના જયોતિ જેવું નિર્વીર્ય જ્ઞાન ધારણ કરેછે કે પ્રબલ રજઃપ્રસર-થી[1] મલિન થઈ ગયેલી નદિયોની પેઠ ઉન્માર્ગ જતી ત્હારી ઇન્દ્રિયોને નિવારી શકતો નથી, અને ક્ષોભ પામેલા મનને નિયમમાં લાવી શકતો નથી ? આ અનંગ તે કોણ માત્ર કહેવાય ? ધૈર્ય રાખીને એ દુરાચારી-નો તિરસ્કાર કર.—એમ હું કહેતો હતો તેવામાંજ વચ્ચે બોલી ઉઠી, પાંપણોમાં થઈને પડતા અશ્રુ-પ્રવાહને પોતાના હાથ વડે આંખમાંથી લોહી નાંખી, મ્હારો હાથ ઝાલીને એ મને કહેવા લાગ્યો:—

ભાઈ ! બહુ કહેવામાં શું ફલ છે ? એટલુંજ કે તું (હજી) સ્વસ્થ રહેલો છે; સર્પ-વિષના વેગ જેવાં વિષમ આ કુસુમ-ધનુષ્નાં બાણ હજી તને વાગ્યાં નથી; અને બીજાને ઉપદેશ દેવો એ ઘણું સેહેલું છે.[2] જેની ઇન્દ્રિયો (જાગૃત) હોય,મન ઠેકાણે હોય,જે જોઈ શકતો હોય વા સાંભળી શકતો હોય,સાંભળીને વિચાર કરતો હોય, કે શુભાશુભનો નિશ્ચય કરવા સમર્થ હોય તેને તો ઉપદેશ દેવો એ ઠીક, પણ મ્હારે તો એમાંનું કંઇ રહ્યું નથી. અવષ્ટમ્ભ, જ્ઞાન, ધૈર્ય, પ્રતિસંખ્યાન એ બધું તો હવે અસ્ત થઇ ગયુંછે.[3] પ્રાણ કોણ જાણે કેમે, યત્નવિનાએ હજી આમ રહ્યાછે. ઉપદેશનો કાળ તો હવે ખરેખર દૂર જતો રહ્યોછે; ધૈર્યનો અવસર વીતી ગયોછે; પ્રતિસંખ્યાનની વેળા વટી ગઈછે; ને જ્ઞાનાવષ્ટમ્ભનો સમય થઇ ગયોછે.

---

૧. રજસ્=રજોગુણ ; ધૂળ. ૨. જુઓ મિત્રલાભ શ્લોક ૧૦૨.—
परोपदेशे पाण्डित्यं सर्वदा सुकरं नृणाम् ।

૩. અવષ્ટમ્ભ=નિગ્રહ (ઇંદ્રિ વિ૦નો). પ્રતિસંખ્યાન=સાંખ્યશાસ્ત્રમાં કહેલો એક જ્ઞાન-ભેદ.

આ સમયે ત્હારા શિવાય બીજો કોઈ મને ઉપદેશ દે તેમ નથી, અથવા કુમાર્ગે જતો અટકાવે એમ નથી; બીજા કોઈનું વચન હું માનું એમ નથી; અને જગત્માં ત્હારા જેવો મ્હારે બીજો કોઈ બંધુ નથી.—પણ શું કરૂં? મ્હારાથી મ્હારા જીવને વારી શકાતો નથી! મ્હારી કેવી દુષ્ટ અવસ્થા થઈછે તે તો આ ક્ષણેજ તેં જોઈછે એટલે હવે કંઇ શીખામણ દીધે વળે એમ નથી. માટે મ્હારી આટલીજ ઇચ્છા છે કે જ્યાંસુધી મ્હારામાં પ્રાણ છે ત્યાંસુધીમાં, કલ્પાન્તે ઉગતા દ્વાદશ દિનકરના કિરણમાંથી પ્રસરતા તાપ જેવો તીવ્ર, આ મદન-સંતાપ શમાવવાને તું કંઈ ઉપાય કર. મ્હારાં અંગ બધાં જાણે રંધાઇ જાયછે; હૃદય જાણે ઉકળી જાયછે; દૃષ્ટિ જાણે બળી જાયછે; આખા શરીરમાં જાણે ભડકે ભડકા લાગી રહ્યાછે, માટે આ સમયે જે કંઇ તને યોગ્ય લાગે તે કર.—એટલું કહી એ શાન્ત પડી ગયો.

એમ કહેવા છતાં હું એને ફરી ફરી બોધ આપવા લાગ્યો. પણ જ્યારે શાસ્ત્રોપદેશથી વિમલ, દૃષ્ટાન્તયુક્ત તથા ઇતિહાસ-સહિત વચનથી, અનુનય તથા આલિંગન સાથે સમજાવતાં પણ એણે લક્ષ ન આપ્યું ત્યારે મેં ધાર્યું કે હવે તો એ છેલી સીમાપર આવી ગયોછે, એટલે એને પાછો વાળી શકાય તેમ નથી; ઉપદેશ બધા હવે નિરર્થક છે; માટે એના પ્રાણનું રક્ષણ કરવાને પણ મ્હારે યત્ન કરવો જોઈએ—એમ નિશ્ચય કરીને હું ઉઠ્યો, અને પેલા સરોવરમાંથી લીલી મૃણાલિકાઓ ચુંટી લાવી, જલબિન્દુવાળાં કમલ-પત્ર લાવી, તથા ગર્ભ-ધૂલિના સુગંધિ પરિમલથી મનોહર લાગતાં કુમુદ-કુવલય તથા કમલ લાવી, મેં, લતાગૃહના તેજ શિલાતલ ઉપર એને શયન કરી આપ્યું. ત્યાં જ્યારે એ સુખે બેઠા ત્યારે, પાસે ઉગેલાં ચંદનાદિ વૃક્ષોનાં કોમલ પલ્લવ વાટી, મેં, તેનો સ્વભાવથીજ સુગંધિ તથા હિમ જેવો ઠંડો રસ એને કપાળે ચોપડયો, અને એના ચરણતલ સુધી બધે શરીરે લેપ કર્યો. પાસેના ઝાડની ભાગેલી છાલનાં વિવરમાંથી ગરતા કર્પૂરનો હાથથી ભૂકો કરીને (એને લેગાવી,) સ્વેદનું પ્રશમન કર્યું. એની છાતીઉપર, ચંદન-રસમાં બોળેલું વલ્કલ મુકીને, સ્વચ્છ જલકણ જેમાંથી ઝરતા હતા એવા કદલી-પત્રથી એને પંખો ઉરાડ્યો. એમ વારંવાર કમલ-પત્રનાં શયન એક પછી એક બદલતે બદલતે, ઘડી ઘડી ચંદન-ચર્ચા રચતે રચતે, ઘડી ઘડી સ્વેદ-શમનના ઉપાય કરતે કરતે, તથા કદલી-પત્રથી અનવરત પવન નાંખતે નાંખતે મ્હારા મનમાં ચિન્તા

ઉત્પન્ન થઇ કે:—અરે! મદનને કંઇજ અસાધ્ય નથી. ક્યાં આ હરિણ જેવો વનવાસમાં મગ્ન, મુગ્ધ સ્વભાવનો પુંડરીક અને ક્યાં વિવિધ વિલાસ-રસથી ભરપૂર ગંધર્વ-રાજ-પુત્રી મહાશ્વેતા!! સર્વથા જગત્માં એને કંઇ દુર્ઘટ, દુષ્કર, અનાયત્ત કે અકર્તવ્ય નથી. દુ:સાધ્ય કાર્ય પણ એ અવજ્ઞાથી સાધેછે. એને પ્રતિકૂલ થવાની કોઇને શક્તિ નથી. સચેતનને તો શું પણ એને ગમે તો એ અચેતનને પણ સંયુક્ત કરી દે એમ છે.—કુમુદિની પણ રવિ-કિરણને અનુરક્ત થાય. કમલિની પણ ચંદ્ર-કિરણ ઉપર દ્વેષ ત્યજી દે. રાત્રિ પણ દિવસની સાથે મિશ્ર થઇ જાય. ચંદ્રિકા પણ અંધકારને અનુવર્તે. છાયા પણ પ્રદીપને અભિમુખ રહે. વીજળી પણ મેઘમાં સ્થિતિ કરે. વૃદ્ધાવસ્થા પણ યૌવનની સાથે સંચરે! હવે જ્યારે એણે આવો અગાધ ગામ્ભીર્ય-સાગર તૃણ જેવો લઘુ કરી નાંખ્યો ત્યારે એને બીજું શું દુ:સાધ્ય રહ્યું? ક્યાં એ તપ ને ક્યાં આ અવસ્થા! સર્વથા આ આપત્તિમાંથી ઉગરવાનો કંઇજ પ્રતીકાર નથી. હવે કરવું શું? શો રસ્તો લેવો? કઇ દિશાએ જવું? કોને શરણ જવું? શો ઉપાય કરવો? કોની સાહાય્ય લેવી? શી રીતે ચાલવું? કઇ યુક્તિ શોધવી? કોનો આશ્રય લેવો કે આના પ્રાણ બચી શકે? શી ચતુરાઇથી? કઇ યુક્તિથી? કયે પ્રકારે? કયા અવષ્ટમ્ભે? કઇ બુદ્ધિથી? કયા સમાશ્વાસનથી આ જીવી શકે?—આવા આવા સંકલ્પ મ્હારા ખિન્ન અંત:કરણમાં ઉઠવા લાગ્યા. વળી મેં વિચાર્યું કે આવી લાંબી લાંબી નિરર્થક ચિન્તા કર્યાથી શું વળવાનું છે? શુભ અથવા અશુભ, ગમે તે પ્રયત્ન કરીને આના પ્રાણનું તો રક્ષણ કરવુંજ જોઇશું. અને તેમ કરવાનો, એ બંનેના સમાગમ શિવાય બીજો એકે ઉપાય નથી. આ તો બાલક અને અપ્રગલ્ભ છે એટલે આ મદન-વિકારને, પોતાના તપને વિરુદ્ધ તથા અનુચિત ઉપહાસ જેવો માનેછે તેથી, શ્વાસ માત્રજ જીવ રહેવા છતાં પણ એ પોતે ત્યાં જઇને એ (કન્યા)નો અભિલાષ પૂર્ણ કરે એવું તો બને તેમ નથી. વળી આ વિકાર હવે જરા પણ વિલંબ ખમી શકે તેમ નથી, અને સાધુ પુરુષ એમ માનેછે કે અતિ નિન્દિત—અકર્તવ્ય—કર્મ કરીને પણ સર્વદા મિત્રના પ્રાણનું રક્ષણ કરવું; માટે હવે, એ ઘણું શરમ ભરેલું અને ન કરવા યોગ્ય છતાં પણ મ્હારે અવશ્ય કરવું પડશે. બીજું કંઇ થાય એમ નથી અને બીજો કોઇ રસ્તો સૂઝતો નથી માટે ચાલ એની પાસે જાઉં અને આની આ અવસ્થા જણાવું.—એમ વિચારી. કદાચિત્

મને એ અયોગ્ય કર્મ કરવા જતો જોઈને લજ્જાથી વારી રાખશે એમ જાણી, એને કહ્યાવિનાજ એ સ્થલેથી હું કંઈ બ્હાનું કાઢીને અહીં આવ્યો છું. હવે આવું બનેલું છે માટે જે આ અવસરને અનુકૂલ હોય, આવા અનુરાગને યોગ્ય હોય, મ્હારા આગમનને ઉચિત હોય, અને તમને ઘટિત હોય તે કરો.—એમ કહી, પ્રત્યુત્તર સાંભળવાની ઉત્કંઠાથી, મ્હારા મુખ ઉપરજ દૃષ્ટિ રાખીને એ છાનો રહ્યો.[1]

હું તો આ બધું સાંભળીને સુખામૃતમય સરોવરમાં જાણે ડુબી ગઈ હોઉં,–રતિ-રસમય સમુદ્રમાં જાણે પડી હોઉં,–સર્વ આનંદની ઉપર જાણે બેઠી હોઉં,–સર્વ મનોરથની અગ્રે જાણે ચઢી હોઉં,–સર્વ ઉત્સવની જાણે પરાકાષ્ઠાએ પહોચી હોઉં એવી થઈ ગઈ; અને તે સમયે લજ્જા આવવાથી મ્હારૂં વદન જરા નીચું નમેલું હતું તેથી ગાલને સ્પર્શ કર્યા શિવાય, એક પછી એક જાણે ગુંથેલાં હોય એમ ઉપરા ઉપરી પડીને માલાનો અનુક્રમ દેખાડતાં, તથા પાંપણોને ન અડકવાથી મ્હોટાં અને ભરેલાં દેખાતાં, નિર્મલ આનંદાશ્રુ-બિન્દુથી મ્હારા હર્ષનો ઉભરો બતાવતી બતાવતી તે ક્ષણે વિચારમાં પડી કેઃ–ધન્ય ભાગ્ય કે મ્હારી પેઠે એને પણ આ અનંગ પીડા કરેછે! મને દુઃખ દેતાં દેતાં પણ એણે કંઈક અનુકૂલતા દેખાડી ખરી. જો આણે કહ્યું તેવીજ એની યથાસ્થિત દશા હોય તો પછી મદનના ઉપકારમાં મણા શી? શું હવે બાકી રહ્યું? એના જેવો વળી બીજો બાંધવ કોણ કહેવાય?—શાન્ત આકૃતિ વાળા કપિંજલના આ મુખમાંથી સ્વપ્નમાં પણ અસત્ય વાણી તો ક્યાંથીજ નીકળે?—હવે જ્યારે આમજ છે ત્યારે મ્હારે પણ શું કરવું? અને એને મ્હોંએ શો ઉત્તર આપવો?—એમ હું વિચારતી હતી એટલામાંજ પ્રતિહારી દોડતી આવીને મને કહેવા લાગીઃ–ભર્તૃદારિકા! તમારા શરીરને આજ સુખ નથી એવું પરિજન પાસેથી સાંભળ્યાથી મહાદેવી તમને જોવા આવેછે.—એ સાંભળી, પરિજનાદિકની મ્હોટી ભીડ થશે એવી બ્હીકથી કપિંજલ તરતજ ઉઠ્યો

---

૧. વાંચનારને સહજ વિચાર થશે કે આવે ત્વરાને પ્રસંગે કપિંજલે આટલું બધું લાંબું ભાષણ (પૃ. ૧૯૫ થી પૃ. ૨૦૩ સુધી) કર્યું તેને બદલે ટુંકામાંજ જો પોતાના મિત્રની અવસ્થા વર્ણવીને એ પાછો ગયો હત તો કદાચિત્ મહાશ્વેતા તેની પાસે જરા વહેલી જઈ શકત અને પુંડરીકનો પ્રાણ જે મહાશ્વેતાના પહોચતા પહેલાં થોડી વાર ઉપરજ ગત થયો હતો (જુઓ પૃ. ૨૧૦) તે કદાચિત્ બચી શકત.

અને મને કહેવા લાગ્યો—રાજપુત્રિ! વાર ઘણી થઈ ગઈ છે અને ત્રિભુવનનો ચૂડામણિ ભગવાન્ સૂર્ય અસ્ત પામવાની તૈયારીમાં છે માટે હું તો જાઉંછું, પણ હાથ જોડીને તમને વિનતી કરૂંછું કે મ્હારા વ્હાલા મિત્રની પ્રાણ-રક્ષા રૂપી દક્ષિણા મને આપજો—એજ મ્હારો મ્હોટો વિભવ છે.—એટલું કહી, પ્રત્યુત્તરની વાટ જોયા વિનાજ એ, કનકની છડી ઝાલીને માતાની આગળ પ્રવેશ કરતી પ્રતીહારીઓથી,—તાંબૂલ, કુસુમ, પટવાસ, અને અંગરાગ લઇ ચાલતા કંચુકિ લોકથી,—અને કુબ્જ, કિરાત, બધિર, વામન, નપુંસક, વિકલ તથા મૂક જનોની આગળ હાથમાં ચામર લઇ ચાલતી દાસીઓથી દ્વારદેશ બધો રુંધાઇ ગયો હતો તેમાંથી મહા મેહેનતે રસ્તો કાપી, બ્હાર નીકળી ગયો. માતા મ્હારી પાસે આવી, બહુ વાર સુધી બેસી, પોતાને મહેલ પાછાં ગયાં. પણ એમણે ત્યાં આવીને શું કર્યું, શું કહ્યું અને શી ચેષ્ટા કરી એ મ્હારા શૂન્ય હૃદયને લીધે મે કંઈ જાણ્યું નહિ.

એમના ગયા પછી જ્યારે, હારીત પક્ષી જેવા હરિત અશ્વવાળા, કમલિનીના જીવિતેશ્વર, ચક્રવાકના મિત્ર, ભગવાન્ સૂર્યદેવતા અસ્ત પામ્યા, પશ્ચિમ દિશાનું મુખ જ્યારે લાલ ચોળ થવા માંડ્યું, કમલવન જ્યારે ઝાંખાં થવા માંડ્યાં, પૂર્વ દિશાનો ભાગ જ્યારે કાળો પડવા લાગ્યો, અને સર્વ જીવલોકમાં જ્યારે પાતાલ-પંક જેવો મલિન અંધકાર, મહાપ્રલય-કાલના સમુદ્ર-જલના પૂરની સમાન પ્રસરવા લાગ્યો ત્યારે, શું કરવું એની સૂઝ નહિ પડવાથી મેં તેજ તરલિકાને પૂછ્યું:—અલિ તરલિકા! તું શું નથી જોતી કે મ્હારૂં અંતઃકરણ અતિશય આકુલ વ્યાકુલ થઈ ગયું છે અને ઇન્દ્રિયો બેભાન થઇ વિહ્વલ બની ગઈ છે? શું કરવું એની જરા પણ મને સૂઝ પડતી નથી, માટે તું જે આ સમયે યોગ્ય હોય તે બતાવ. ત્હારી સમક્ષજ કપિંજલ બધી વાત કરી ગયોછે. જો હું ઇતર કન્યા સમાન લજ્જા મુકીને, ધૈર્ય છોડીને, વિનય ત્યજીને, જનાપવાદનો વિચાર ન કરીને, સદાચારનો અતિક્રમ કરીને, શીલનું ઉલ્લંઘન કરીને, કુળની અવગણના કરીને, તથા દુષ્કીર્તિનો અંગીકાર કરીને, માત્ર પ્રેમમાંજ અંધ થઇ જઇ, પિતાની આજ્ઞા વિના તથા માતાના અનુમોદન વિના મ્હારી મેળેજ જઇને પાણિ-ગ્રહણ કરાવું તો ગુરુજનનું અપમાન થવાથી એમાં મ્હોટે અધર્મ થાય. હવે જો હું ધર્મને અનુવર્તીને અન્ય પક્ષને અવલમ્બન કરી પ્રાણત્યાગ કરૂં તો તેમાં પણ પ્રથમ તો પોતાની મેળે આવેલા પ્રથમ-પ્ર-

ણથી કપિંજલનો પ્રેમ-ભંગ થાય. વળી બીજું એ કે કદાચિત્ જો એ પુરુષના જીવની મ્હારાથી થયેલા આશા-ભંગને લીધે હાની થાય તો પણ મને મુનિજનના વધ રૂપી મહાપાતક બેસે.–એમ હું વાત કરતી હતી એટલામાંજ પુષ્પ-પરાગથી જેમ વસંત ઋતુની વનરાજિ તેમ ચંદ્રોદય-સમય પાસે આવ્યાથી વિરલ વિરલ પ્રકાશ વડે પૂર્વ દિશા ધૂસર બનવા લાગી.

તે સમયે ઈન્દુ-પ્રકાશને લીધે પૂર્વ દિગન્તર, શશિ-સિંહના કર-નખરથી ભેદાઈ જતા અંધકાર રૂપી ગજ-ગંડસ્થલમાંથી નીકળેલા જાણે મોતીના ભૂકાથી[1] શ્વેત થઈ જતું હોય, ઉદયાચલની સિદ્ધ-સુંદરીઓનાં સ્તન ઉપરથી ખરી પડેલા જાણે ચંદન-ચૂર્ણના ઢગથી ધવલ થઈ જતું હોય,—અને સમુદ્ર-જલના તરંગને કંપાવતા પવને ઉરાડેલી, રેતીના કિનારાની ધૂળથી જાણે ધોળું બની જતું હોય એવું દેખાયું. ધીરે ધીરે ચંદ્ર-દર્શન થવાથી મંદ મંદ સ્મિત કરતી નિશાની દંત-પ્રભા જેવી ચંદ્રિકા તેના મુખને શોભાવવા લાગી. ત્યાર પછી, રસાતલમાંથી પૃથ્વી ફાડીને બ્હાર આવતા શેષના ફણા-મંડલ જેવા ચંદ્ર-બિમ્બથી રજની પ્રકાશવા લાગી; અને સકલ જીવલોકને આનંદકારક, કામિની-જન-વલ્લભ, મકરધ્વજ-બંધુ, રાગયુક્ત, સુરતોત્સવના ઉપભોગનેજ યોગ્ય, અમૃતમય મૃગલાંછન અનુક્રમે જરા જરા બાલભાવ ત્યજીને યૌવનની સમાન વધવાથી યામિની રમણીય લાગવા માંડી.

પછી, પાસેના સમુદ્રમાંથી આવતી પ્રબાલ-પ્રભાથી[2] જાણે રક્ત થયો હોય, ઉદયાચલના સિંહે પોતાના હરિણ ઉપર કરતલ-પ્રહાર કીધાથી જાણે તેના રુધિર વડે લાલ ચોળ થઈ ગયો હોય, અને રતિ-કલહમાં કોપેલી રોહિણી(એ તાડન કીધાથી તે)ના[3] ચરણના અલક્તક-રસથી છંટાઇ ગયો હોય એવો, ઉદય-રાગથી રક્ત, રજની-પતિ ઉગેલો જોઈને હું, અંદર મદનાગ્નિ બળવા છતાં પણ અંધ હૃદયવાળી, તરલિકાના ઉત્સંગમાં શરીર

---

૧ નીચેના શ્લોકમાં પણ શશિને સિંહ સાથે, તથા અંધકારને ગજ-ગંડસ્થલ સાથે સરખાવ્યા છેઃ—

मयूखनखरत्रुटत्तिमिरकुम्भिकुम्भस्थलो- ।
च्छलत्तरलतारकागणविकीर्णमुक्तागणः ॥
* * * * * * *
तुषारकरकेसरी गगनकाननं गाहते ॥

सु. र. भा. पृ. ४००.

૨ પ્રબાલ=પરવાળાં. ૩ રોહિણી=ચંદ્રની પત્ની.

રહેલું છતાં પણ મદનને હાથ ગયેલી, ચંદ્ર સામી દૃષ્ટિ રાખ્યા છતાં પણ મરણ(ની વાટ)જોતી,[1] તે ક્ષણે વિચારમાં પડી કેઃ—એક પાસ મદન, મધુમાસ, મલય-પવન વિગેરે ભેગા મળેલા છે, અને એક પાસ આ પાપકારી લુચ્ચો ચંદ્ર ખમી શકાય એમ નથી. વળી મ્હારૂં હૃદય આ અતિદુઃસહ મદન-વેદનાથી આતુર થઈ ગયુંછે તેમાં આનું ઉગવું એ દાહ-જ્વરથી પીડાતા ઉપર અંગારાના વર્ષાદ જેવું છે; ટાઢમાં ઠરી ગયેલા ઉપર હિમ પડવા જેવું છે; અને વિષ ચઢ્યાથી મૂર્છિત થયેલાને કૃષ્ણસર્પના દંશ જેવું છે.—એ ધ્યાનમાં ને ધ્યાનમાંજ, ચંદ્રોદયથી કરીને, કમલવનની મ્લાનિરૂપી નિદ્રા જેવી મને મૂર્છા આવી અને મ્હારી આંખો મીચાઈ ગઈ. પણ થોડીજ વારમાં, તરલિકાએ ગભરાટમાં કરેલી ચંદન-ચર્ચાથી તથા ઉરાડેલા વ્યજન-પવનથી મને શુદ્ધિ આવી, ને મેં જોયું તો જાણે સાક્ષાત્ વિશાદજ બેઠી હોય તેમ આકુલ વ્યાકુલ બની ગયેલી, મ્હારા લલાટ ઉપર ઝરતા ચંદ્રકાન્ત મણિની શલાકા મુકીને રુદન કરતી, તથા અવિચ્છિન્ન અશ્રુધારા પડવાથી ઢંકાઈ ગયેલા મુખવાળી તે તરલિકાનેજ દીઠી. મ્હારાં લોચન ઉઘડેલાં જોઈ, મને પગે પડી, ચંદન-રસથી ભીના પોતાના બે હાથ જોડી એ કહેવા લાગીઃ—ભર્તૃદારિકા! શું કરવા હવે લજ્જા અથવા ગુરુજનની બ્હીક રાખોછો? કૃપા કરીને મને મોકલો કે હું તમારા પ્રાણનાથને તેડી લાવું. નહિ તો તમે પોતેજ ઉઠીને ત્યાં જાઓ. પ્રબલ ચંદ્રોદયથી વધતી સેંકડો ઉત્કલિકાવાળા, સમુદ્ર જેવા આ મકરચિન્હને[2] હવે વધારે વાર તમે સહી શકો એમ નથી.—ત્યારે મેં એને પ્રત્યુત્તર આપ્યો કેઃ—અલિ ઉન્મત્ત! કામની શી વાત? સર્વ વિકલ્પ હરી લેનાર, સર્વ ઉપાયનું દર્શન દૂર કરનાર, સર્વ અંતરાયને આંતરનાર, સર્વ સંદેહને ટાળનાર, સર્વ શંકાઓને સંતાડનાર, લજ્જાનો વિનાશ કરનાર, સ્વાભિગમનથી લાગતો લઘુતાનો દોષ ઢાંકી નાંખનાર, વિલંબને અટકાવનાર, મૃત્યુની વા તેનીજ પાસે લઈ જનાર, આ રજનીપતિ આવેલોજ છે, માટે ચાલ, જેમ તેમ કરી જઈને હું જીવુંછું એટલામાં, આયાસકારી એ મ્હારા પ્રાણપ્રિયની આસના વાસના કરિયે.—એમ કહેતી કહેતી હું મદન-મૂર્છાના ખેદથી વિહ્વલ થયેલાં મ્હારાં ગાત્રને એનોજ ટેકો આપી,

---

૧ આ સર્વ વિરોધાભાસ છે. ૨. ઉત્કલિકા=ઉત્કંઠા; જલતરંગ. મકરચિન્હ=મકર જેનું ચિન્હ (ધ્વજામાં) છે તે=કામદેવ; અને મકર છે જેમાં એવો સમુદ્ર.

ઉઠી. પણ મેં ચાલવા માંડયું કે તરતજ, કોઈ માઠો પરિણામ થશે એમ સૂચવતું મ્હારૂં જમણું લોચન ફરકવા લાગ્યું. તેથી મને શંકા ઉત્પન્ન થઈ અને વિચાર થયો કે—દૈવે આ વળી બીજું કંઈક (વિઘ્ન) વચ્ચે નાંખ્યું.

પછી ત્રિભુવન-પ્રાસાદના મહાપ્રણાલ જેવું, સુધા-સલિલના પૂરથી જાણે ભરેલું, ચંદન-રસનાં ઝરણને જાણે ઝરાવતું, શ્વેત ગંગાના હજારો પ્રવાહનું જાણે વમન કરતું, અમૃત-સાગરના પૂરને જાણે વર્ષાવતું ચંદ્રમંડલ થોડું થોડું ઉગ્યું હતું તેથી અન્તરીક્ષ જ્યારે ચંદ્ર-પ્રભામાં ડુબી ગયું હતું; સર્વ જન જ્યારે શ્વેતદ્વીપમાં વસતા હોય વા ચંદ્રલોકના દર્શનનું સુખ ભોગવતા હોય એમ લાગતું હતું; મહીમંડલને જ્યારે મહાવરાહના દંષ્ટ્ર જેવો ચંદ્ર ક્ષીરસાગરના ઉદરમાંથી જાણે બ્હાર કાઢતો હતો; ઘેર ઘેર જ્યારે યુવતીઓ વિકસિત કુમુદવડે સુગંધિ કરેલા ચંદન-જલનો ચંદ્રોદય-સમયે અર્ઘ્ય આપતી હતી; રાજમાર્ગ ઉપર જ્યારે કામિનીઓએ મોકલેલી હજારો સુરત-દૂતીઓની ઠઠ આવ જા કરતી હતી; નીલ વસ્ત્રનું મુખ ઉપર આચ્છાદન કરીને ચંદ્ર-પ્રકાશના ભયથી ચકિત થઈ જઈ, નીલોત્પલ-પ્રભાથી ઢંકાઈ ગયેલી કમલવન-લક્ષ્મી જેવી અભિસારિકાઓ જ્યારે આમ તેમ દોડાદોડ કરી રહી હતી; કુમુદે કુમુદે જ્યાં ભ્રમરોનાં ટોળાં ભરાયલાં હતાં એવી, ગૃહ-સરોવરની કુમુદિનીઓ જ્યારે ઉઘડવા માંડી હતી; વિકસિત કુમુદવનની અતિશય રજવડે મધ્યભાગ શ્વેત થઈ જવાથી અંતરીક્ષ જ્યારે નિશારૂપી નદીના પુલિન જેવું દીસતું હતું; સકલ જીવલોક જ્યારે મહાસાગરની પેઠે ચંદ્રોદયથી આનંદમાં મગ્ન થઈ જઈને[૧] રતિ-રસમય હોય, ઉત્સવમય હોય, વિલાસમય હોય કે પ્રીતિમય હોય એવો બની ગયો હતો; ચંદ્રમણિમાંથી જ્યારે ઝરણ વહેવા લાગ્યાં હતાં, અને આનંદથી ગાન કરતા મયૂરના સ્વરવડે રમ્ય લાગતો પ્રદોષ-સમય જ્યારે થયો હતો—ત્યારે વિવિધ પુષ્પ, તામ્બૂલ, અંગરાગ, અને પટવાસ-ચૂર્ણ લઈ પછવાડે આવતી તરલિકા સાથે હું,—મૂર્છા આવી હતી તે વેળા કપાળ ઉપર ચોપડેલા, જરા જરા સુકાઈ ગયેલા ચંદન-રસમાં ચ્હોટી જવાથી ધૂસર બનેલી આકુલ લટો સહિત, ચંદન-રસની ચર્ચારૂપી અંગરાગવડે અતિશય ભીના થયેલા વેષ સહિત, તેમ ને તેમજ કંઠમાં પ્હેરેલી પેલી અક્ષમાલા સહિત, તથા શ્રવણ-શિખરને ચુંબન કરતી પેલી પારિજાત-

---

૧. જુઓ પૃ. ૯૪ નો. ૨.

મંજરી સહિત, પદ્મરાગ મણિના કિરણનું જાણે વણેલું હોય એવું રક્ત વસ્ત્ર માથે ઓઢીને, મ્હારા પણ કોઈ પરિજન દેખે નહિ એવી રીતે એ પ્રાસાદ-શિખર ઉપરથી ઉતરી.

ત્યાંથી નીચે આવી કે તરતજ, પારિજાત-મંજરીના પરિમલથી લોભાયેલા, આખી વાડી ખાલી કરીને તથા કુમુદવન ત્યજીને દોડી આવતા, અને મ્હોં ઉપર જાણે મેં નીલ વસ્ત્ર ઓઢયું હોય એવી શોભા આપતા ભ્રમરોનાં ટોળાં મ્હારી આસપાસ ભમવા લાગ્યાં; અને એવી રીતે હું પ્રમદવનના પક્ષદ્વારમાંથી[1] બ્હાર નીકળીને એ કુમારના ભણી જવા નીસરી. જતે જતે, મ્હારી સાથે બીજા કોઈ પરિજન વિના માત્ર તરલિકાનેજ જોઈને મને વિચાર થયો કે—પ્રિયતમની પાસે જનારને બાહ્ય પરિજનનું શું કામ છે? આજ બધા[2] એની પરિજન-લીલા દર્શાવેછે સ્તો! કેમકે કામદેવ ધનુષ્ ચઢાવી, બાણ સજ્જ કરીને પછવાડે પછવાડે ચાલેછે. ચંદ્ર પોતાના કર દૂર પ્રસારીને પ્રસ્ખલન થવાની બ્હીકથી જાણે હાથ ઝાલેછે. પગલે પગલે રાગ ટેકો દેછે. લજ્જાને પછવાડે મુકીને ઇન્દ્રિયોસહિત અંતઃકરણ આગળ આગળ દોડેછે, ને નશ્ચયારોપણ કરીને ઉત્કંઠા દોરી જાયછે.—પછી હું કહેવા લાગી કે—અલિ તરલિકા! આ લુચ્ચો ચંદ્ર જો. મને (લઈ જાય છે) તેમ એને પણ જો કર થકી કેશ-ગ્રહણ કરીને સામે લાવે તો કેવું સારું?—ત્યારે તરલિકાએ પ્રત્યુત્તર દીધોઃ—ભર્તૃદારિકા! તમે તો મુગ્ધ છો. એ પોતેજ જાણે કામાતુર થયો હોય તેમ તમારી સાથે વિવિધ ચેષ્ટાઓ કરેછે એટલે પછી એને એ કુમારનું શું કામ? પોતાના પ્રતિબિમ્બના આકારમાં એ, સ્વેદ-કણિકાથી ભરેલા તમારા ગાલનું ચુંબન કરેછે; લાવણ્યયુક્ત તમારાં ભારે પયોધર ઉપર ધ્રુજતો ધ્રુજતો કર નાંખે છે; તમારા રશનામણિને સ્પર્શ કરેછે; નિર્મલ નખમાં પડેલી પોતાની મૂર્તિરૂપે એ તમારે પગે પડેછે; વળી કામાતુર જનની પેઠે એનું શરીર તાપથી શુષ્ક-ચંદનલેપ[જેવું]પાણ્ડુર દેખાય છે; કર એના મૃણાલ-વલય[જેવા]ધવલ છે; પ્રતિમાના આકારમાં એ સ્ફટિકમણિની ભૂમિયોઉપર પડેછે; કેતકી[ના]ગર્ભ-કેસર[ની]ધૂલિ [જેવા]ધૂસર પાદથી કુમુદ-સરોવરોમાં સ્નાન કરેછે; જલકણથી ભીના થયેલા ચંદ્રકાન્ત મણિને પોતાના

---

૧. પક્ષદ્વાર=ગુહ્ય દ્વાર–ખુણામાંનું. ૨. આજ=આ નીચે બતાવેલા

કરથી સ્પર્શ કરેછે; અને ચક્રવાકનાં દ્વંદ્વ જેમાં વિખુટાં પડેલાં છે એવાં કમલવનને દ્વેષથી જુએછે.[1]—એવી એવી એ કાળને ઉચિત વાર્તાઓ કરતે કરતે તેની સાથે હું એ પ્રદેશમાં જઈ પહોચી. ત્યાં આગળ, કૈલાસ-તટમાંથી ચંદ્રોદયને લીધે ઝરેલા ચંદ્રકાન્તના ઝરણમાં જેવી હું, માર્ગે ચાલતાં ચ્હોટેલાં લતા-પુષ્પ તથા ધૂળથી ધૂસર થઈ ગયેલા મ્હારા ચરણને ધોતી હતી તેવામાંજ, જે પ્રદેશમાં એ મુનિકુમાર હતો તેજ પ્રદેશમાંથી, અને એ સરોવરના પશ્ચિમ તટ ભણીથી, અતિદૂર હોવાને લીધે થોડો ઘણો સ્પષ્ટ સંભળાતો કોઈ રુદન કરતા પુરુષના જેવો ધ્વનિ મ્હારે કર્ણે પડ્યો. (નીકળતાં)જમણી આંખ ફરકી હતી તેથી પ્રથમજ મ્હારા મનમાં કંઈક શંકા જેવું તો થયું હતું, અને તેમાં વળી આ સંભળાયું તેથી મ્હારૂં હૃદય તરતજ જાણે ફાટી ગયું; કંઈક અનિષ્ટ બન્યું છે એમ જાણે અંતરમાં કહેતો મ્હારો આત્મા અતિ ખેદ પામવા લાગ્યો, અને—ઓ તરલિકા! આ શું હશે?—એમ ભયભીત થઈને પૂછતી પૂછતી, કંપતી કંપતી હું ઘણીજ ત્વરાથી તેના ભણી ચાલી.

એટલે તો ચાલતે ચાલતે મેં, મધ્યરાત્રિ થવા આવેલી તેથી દૂરથી પણ વરતાતો, ગદ્‌ગદ્ કંઠે પોક મુકીને રોતા કપિંજલનો વિલાપ સાંભળ્યોઃ—હાય હાય! હું માર્યો ગયો! બળી ગયો! ઠગાયો! અરેરે! આ શું થઈ ગયું? શું બન્યું? મ્હારૂં સર્વસ્વ જતું રહ્યું! અરે દુરાત્મા, પાપી, ક્રૂર, પિશાચ મદન! તેં આ શું અકૃત્ય કીધું? ઓ પાપી, દુરાચરણી, દુર્વિનીત મહાશ્વેતા! આણે તે ત્હારૂં શું બગાડ્યું હતું? અરે પાપી, દુષ્ટ, ચંદ્ર ચાંડાલ! હવે તું કૃતાર્થ થયો? દાક્ષિણ્ય વિનાના લુચ્ચા દક્ષિણ પવન! હવે ત્હારા મનોરથ પૂર્ણ થયા! તેં ત્હારૂં ધાર્યું કીધું! જા હવે જ્યાં જવું હોય ત્યાં. અરે ભગવન્ શ્વેતકેતુ! પુત્રવત્સલ! તમને ક્યાંથી ખબર હશે કે તમારે ત્યાં આવી ચોરી થઈ છે? અરે ધર્મ! હવે ત્હારૂં કોઈ ગ્રહણ કરે તેમ નથી. તપ! હવે તું નિરાધાર થયું. સરસ્વતિ! તું તો હવે આજથી વિધવા થઈ બેઠી. અરે સત્ય! તું અનાથજ થયું. સુરલોક પણ આજથી શૂન્યજ થયો! પ્રિયમિત્ર! મને લેતો જા, હું એ ત્હારી પાછળજ આવુંછું. ત્હારાવિના એક ક્ષણ પણ એકલો રહી

છે તેજ—અર્થાત્ કામદેવ, ચંદ્ર વિ૦. ૧. ચંદ્ર સાથે લેતાં સર્વ સ્પષ્ટ છે. કામીજનનું શરીર ચંદન-લેપથકી પાણ્ડુર, હાથ મૃણાલ-વલયથકી ધવલ, અને પગ કેતકીની ધૂલિથકી ધૂસર હોય.

શકું તેમ નથી. અરે ! તું કેમ આમ અપરિચિત હોય—અદૃષ્ટપૂર્વ હોય—તેમ મને એકદમ છોડીને જતો રહેછે ? ક્યાંથી તું આટલો બધો કઠિન થઈ ગયો ? કહે તો ખરો ત્હારાવિના હું ક્યાં જાઉં ? કોની પાસે માગું ? કોનો શરણાગત થાઉં ? અરેરે ! હું તો અંધ થઈ બેઠો. દશે દિશાઓ મ્હારે તો હવે શૂન્ય થઈ ! જીવિત નિરર્થક થયું ! તપ નિષ્પ્રયોજન થયું ! આ લોક અને પરલોક સૌ સુખરહિત થયા ! હાય હાય ! હું ફરીશ કોની સાથે ? વાત કોની સાથે કરીશ ? અરે ! જરા ઉઠ તો ખરો ? મને રડતાને જરા ઉત્તર તો આપ ? ક્યાં ગયો એ મ્હારા ઉપરનો ત્હારો પ્રેમ ? ક્યાં ગઈ ત્હારી હસીને બોલવાની ટેવ ?...

આ વિલાપ સાંભળતાંજ મ્હારા તો પ્રાણ જાણે ઉડી ગયા, અને દૂરથીજ મ્હોટે સાદે હું રોવા લાગી. ચાલતાં ચાલતાં, સરોવરની તીરે ઉગેલી લતાઓમાં મ્હારૂં વસ્ત્ર ભરાઈને ફાટતું; યથાશક્તિ ત્વરા કરીને, સમવિષમ ભૂમિ જોયા વિના પગલાં ભરવાથી ડગલે ડગલે હું ઠોકર ખાતી ;—એવી રીતે, જાણે કોઇ મને ખેંચીને લઈ જતું હોય તેમ હું તે પ્રદેશમાં જઈ પહોચી, અને જોઉંછું તો સરોવરના તીરની પાસે, ઠંડા જલકણ જેમાંથી ઝરતા હતા એવા ચંદ્રમણિના શિલાતલ ઉપર પાથરેલા,—કુમુદ, કુવલય, કમલ તથા વિવિધ વન-કુસુમથી સુકુમાર થયેલા, મૃણાલમય, પંચબાણનાં બાણથીજ જાણે રચેલા શયન ઉપર સુતેલા, તત્કાલ મરણ પામેલા એ મહાભાગને મેં પાપિણીએ—મંદભાગિનીએ—દીઠા.[1] અતિ પ્રશાન્ત હોવાને લીધે એ જાણે મ્હારા પગનો શબ્દ સાંભળતા હતા. અંતરમાં મૃત્યુએ સર્વ મદન-સંતાપ શમાવી દીધેલો તેથી જાણે, તે ક્ષણે આરામ મળ્યાથી એ નિદ્રામાં પડેલા હતા. મનમાં ઉત્પન્ન થયેલા ક્ષોભના પ્રાયશ્ચિત્ત સારૂ એ જાણે પ્રાણાયામ કરી રહ્યા હતા. અતિશય ઝગઝગતા પોતાના અધરવડે—ત્હારે લીધે મ્હારી આવી દશા થઈછે—એમ જાણે મને એ કહેતા હતા. ચંદ્ર-દ્વેષને લીધે અવળા ફરીને સુવાથી એમની પીઠ ઉપર પડતા શશિ-કિરણ, મદનાગ્નિથી વિહ્વલ થયેલા હૃદય ઉપર મુકેલા હાથના નખ-કિરણના આકારમાં જાણે (પારોપાર)

---

૧. અર્થાત્ પુંડરીકને—જે અતિશય કામવેદનાથી તત્કાળ મૃત્યુ પામ્યો હતો. સંસ્કૃત રીતિ પ્રમાણે તો સર્વત્ર એને મહાશ્વેતાએ એક વચનમાંજ બોલાવેલો વા વર્ણવેલો છે. પરંતુ કોઇ કોઇ સ્થલે ગુજરાતીમાં તે રીતિ ગ્રામ્ય જણાવાથી ભાષાન્તરમાં બહુ વચન વાપરેલું છે.

છિદ્ર પાડી નીકળ્યા હતા. સુકાઇ ગયેલા ધોળા રંગની, પોતાનો વિનાશ કરવાનેજ ઉત્પન્ન થયેલી મદન-ચંદ્રકલા જેવી ચંદન-લેખા એમના લલાટમાં શોભતી હતી. જરા જરા દેખાતી ફરી ગયેલી કીકીવાળી, અનવરત રુદન કરવાથી લાલ ચોળ થયેલી, અને પ્રાણ ગયા પછી અશ્રુનો ક્ષય થવાથી જાણે રુધિર-બિન્દુ પાડતી હોય એવી, થોડી મીચેલી આંખોવડે એ જાણે મ્હારી સામું અસૂયાથી જોતા હતા.—મ્હારા કરતાં તને અન્ય જન અધિક પ્રિય છે—એમ જાણી જાણે કોપીને જીવે એમનો ત્યાગ કીધો હતો.[1] કામ-પીડાની સાથે પ્રાણને (પણ) જાણે પોતાની મેળે ત્યજી દઈને એ નિશ્ચેતનતાનું સુખ ભોગવતા હતા. અનંગયોગની વિદ્યાનું જાણે એ ધ્યાન કરતા હતા. અપૂર્વ પ્રાણાયામનો જાણે અભ્યાસ કરતા હતા. કામદેવે મને ત્યાં આણીને એમની પાસેથી જાણે પ્રેમથી પ્રાણરૂપી બક્ષીસ લઈ લીધી હતી. એમના લલાટ ઉપર ચંદનનું ત્રિપુંડ્ર રચેલું હતું. સરસ બિસ-સૂત્રનું એમણે યજ્ઞોપવીત ધારણ કરેલું હતું. એમના સ્કંધ ઉપર કેળના ગર્ભપત્રરૂપી ચારુ વસ્ત્ર ઓઢેલું હતું. એકાવલી રૂપી વિશાલ અક્ષમાલા એમણે પેહેરેલી હતી. એમનું શરીર નિર્મલ કર્પૂરના ભૂકાની પુષ્કળ ભસ્મ ચોળ્યાથી ગૌર થયું હતું. મૃણાલવલયરૂપી રક્ષા-સૂત્ર બાંધ્યાથી એ મનોહર લાગતા હતા. મદનવ્રતનો વેષ પેહેરીને એ જાણે મ્હારા સમાગમનો મંત્ર સાધતા હતા. અનંગશરરૂપી શલ્યની વેદનાથી જરા મીચાયલાં ચક્ષુવડે એ મને—અરે કઠિન હૃદયની! આ અનુરક્ત જનને ફરીથી દર્શન સરખાનો પણ અનુગ્રહ ન કર્યો?—એમ જાણે પ્રેમયુક્ત ઠપકો દેતા હતા. અધર જરા વિવૃત રેહેવાથી, પ્રાણ હરી લેવાને જાણે અંદર પેઠેલા ચંદ્રકિરણ બ્હાર નીકળતા હોય એવા દંતમયૂખ વડે એમનો પુરોભાગ ધવલ થઇ ગયો હતો. મદનવ્યથાથી ફાટી જતા હૃદય ઉપર મુકેલા ડાબા હાથવડે એ મને હૃદયમાં રહેલીને—પ્રાણપ્રિયા! પ્રાણની સાથે તું તો કૃપા કરીને ન જતી રહિશ—એમ કહીને જાણે ડાબી રાખતા હતા. નખકિરણથી દંતુર થવાથી જાણે ચંદન ઝરાવતા, બીજા, ચતા રાખેલા હાથવડે એ જાણે ચંદ્રિકાને પોતાના ઉપર આવતી અટકાવતા હતા. ઉંચી ડોક રાખીને, થોડી વાર થયાં ઉડી ગયેલા એમના જીવનો જાણે માર્ગ જોતા હોય એવો, તપશ્ચર્યા-

---

૧. જીવે એમ જાણ્યું કે મ્હારા કરતાં પણ પુંડરીકને મહાશ્વેતા વધારે વ્હાલી છે તેથી એ જાણે કોપીને એને ત્યજી ગયો!

સમયનો મિત્ર કમંડલુ એમની પાસેજ હતો.[1] કંઠમાં પેહેરેલા મૃણાલ-વલયને લીધે, એમને જાણે ચંદ્રકિરણની પાશથી બાંધીને કાઇક પરલોકમાં લઇ જતું હોય એમ લાગતું; અને મને દેખી ઉંચા ઉંચા હાથ કરી, –મહા પાપ થયું ! મહા પાપ થયું !—એમ, બમણું બમણું રૂદન કરી ચીસો પાડતા કપિંજલે એમના કંઠમાં આલિંગન દીધું હતું.

આ જોતાંજ મને તો મૂર્છાનાં અંધારાં આવી ગયાં અને જાણે પાતાલને તળિયે ઉતરી ગઈ હોઉં તેમ તે વખતે હું ક્યાં ગઈ, મેં શું કીધું, અને હું શું બોલી એનું મને કંઈજ ભાન રહ્યું નહિ. કોણ જાણે મ્હારૂં મૂઢ હૃદય અતિ કઠિન હોવાને લીધે, કોણ જાણે આ દુષ્ટ શરીરને અનેક સહસ્ર દુઃખ સહેવાં લખ્યાં હશે તેને લીધે, કોણ જાણે દીર્ઘ શોક થવાનો હશે તેને લીધે, કોણ જાણે પૂર્વ જન્મે કરેલાં દુષ્કૃત્યને લીધે, કોણ જાણે દગ્ધ દૈવની દુઃખનુંજ દાન કરવાની નિપુણતાને લીધે, કોણ જાણે દુરાત્મા મદન-પિશાચની અતિશય પ્રતિકૂલતાને લીધે કે કોણ જાણે બીજા શા કારણથી તે ક્ષણે મ્હારા પ્રાણ ન ગયા તે પણ મેં જાણ્યું નહિ. પરંતુ બહુ વખત પછી જ્યારે મને ભાન આવ્યું ત્યારે મેં માત્ર એટલુંજ જોયું કે જાણે અગ્નિમાં પડી હોઊં એમ અસહ્ય શોકથી બળતી હું દુઃખિયારી ભૂમિ ઉપર તરફડિયાં મારતી હતી. એમનું આ અસંભવિત મરણ અને મ્હારૂં જીવવું એ ખરૂં નહિ હોય એમ માનતી ઉઠીને હું આર્ત સ્વરે—હાય હાય! આ શું થઈ ગયું ! ઓ માતા ! ઓ પિતા ! અરે સખીઓ !—એમ બુમો પાડતી પાડતી,—અરે નાથ! પ્રાણાધાર ! કહો તો ખરા, આમ નિર્દય થઈ, મને અશરણને એકલી ત્યજીને ક્યાં જાઓછો ?[2] તરલિકાને તો પૂછો તમારે લીધે મેં કેવું દુઃખ ભોગવ્યું છે? સહસ્ર યુગ જેવો લાંબો દિવસ કેવા કષ્ટથી ગાળ્યો છે? કૃપા કરી એક વાર તો મ્હારી સાથે બોલો ! ભક્તવત્સલતા દેખાડો ! જરાક તો મ્હારા સામું જુઓ ! મ્હારા મનોરથ પૂર્ણ કરો ! હું પીડાયલી છું, તમારી દાસી છું, અનુરક્ત છું, અનાથ છું, બાલા છું, ગતિ વિનાની થઈ છું, દુઃખી છું, અનન્ય-શરણ છું, મદનથી હારેલી છું,—તોએ તમે કેમ મ્હારા ઉપર દયા લાવતા નથી? કહો તો ખરા મ્હારો શો અપરાધ થયો છે ? મેં શી સેવા નથી બજાવી ? તમારી કઈ આજ્ઞા લોપી છે ? તમને અનુકૂલ

---

૧. જુઓ પૃ. ૪૫ લી. ૨૧–૨૨. ૨. એ આદિ વાક્યોનો સંબંધ–'એવી રીતે.........વિલાપ કરવા લાગી'. એની સાથે છે.

કઈ વાતમાં મેં લક્ષ નથી આપ્યું, કે તમે આમ કોપાવેશમાન થઈ, દાસજનને અકારણ ત્યજી દઈ નાસી જતાં લોકાપવાદથી ડરતા નથી?—પણ હું એ ત્યારે તો, હજી પણ જીવુંછું એટલે, અસત્ય અનુરાગ દેખાડીને છેતરવામાં કુશલ, પાપી અને વામાજ થઈ તો!! અરે! હું ભાગ્યહીણી વિનષ્ટ થઈ! શું ત્યારે તમેએ મ્હારા નહિ, તાતે મ્હારા નહિ, વિનયે નહિ, બંધુવર્ગ અને પરલોક કોઈએ મ્હારૂં નહિ? ધિક્કાર છે મને દુષ્કૃત કરનારીને કે મ્હારે લીધે તમારી આવી દશા થઈ! હાય હાય! મ્હારા જેવી તે ક્રૂર અંતઃકરણની કોણ હોય જે તમને આવા મુકીને ઘેર જાય? અરે! મ્હારે ઘરે શા કામનું? માતાએ શા કામની? તાતનું પણ શું કામ? બંધુઓનું પણ શું કામ? પરિજનનું પણ શું કામ? હાય હાય! હવે હું કોને શરણ જાઉં? અરે દૈવ! જરા તો દયા લાવ! તને પ્રાર્થના કરૂં છું કે મ્હારા પ્રાણનાથને પુનરુજ્જીવિત કર. ભગવતિ ભવિતવ્યતા! કૃપા કરીને મુજ અનાથ અબલાનું રક્ષણ કર! અરે વનદેવતાઓ! મને ઉપકાર કરીને આમના પ્રાણ પાછા આપો! અંબ વસુંધરા! સકલ લોકને અનુગ્રહ કરનારી! શું તને મ્હારી દયા નથી આવતી! તાત કૈલાસનાથ! હવે હું તમારે શરણ આવી છું, આપ દયાળુ થાઓ!—એવી એવી રીતે આક્રોશ કરતી,—હું તે કેટલુંક સંભારૂં?—જાણે ગ્રહથી ગૃહીત હોઉં, પિશાચથી આવિષ્ટ હોઉં, ઉન્મત્ત હોઉં, અથવા ભૂતથી પીડાતી હોઉં તેમ વિલાપ કરવા લાગી. (તે ક્ષણે) ઉપરા ઉપરી પડતી અશ્રુ-ધારાના આસારમાં જાણે હું ગળી જતી હોઉં, દ્રવ પામી જતી હોઉં, વા પાણી પાણી થઈ જતી હોઉં એમ દેખાતું હતું. મ્હારા પ્રલાપના અક્ષર પણ, તેમની પછવાડે દંતકિરણ આવવાથી, જાણે અશ્રુધારા સહિત બ્હાર નીકળતા હતા. માથાના વાળ પણ, તેમાંથી પુષ્કળ પુષ્પ ગરી પડવાથી, જાણે અશ્રુ-બિન્દુ પાડતા હતા. આભૂષણ પણ, વિમલ મણિ-કિરણ રૂપી અશ્રુ પાડીને જાણે રુદન કરતાં હતાં.—એ બધાંની સાથે હું, એમના પુનરુજ્જીવનને તેમ મ્હારા મરણને ઈચ્છતી, શબ રૂપ છતાં પણ એમના હૃદયમાં જાણે સર્વાત્માથી પ્રવેશ કરવાને ઈચ્છતી,—એમના ગાલ ઉપર, સુકાયલા ચંદન-લેપથી શ્વેત થયેલાં જટા-મૂલવાળા લલાટ ઉપર, સરસ મૃણાલથી ઢાંકેલા સ્કંધ ઉપર, અને ચંદન-રસમાં બોળેલું કમલપત્ર જ્યાં મુકેલું હતું એવા હૃદય ઉપર હાથ ફેરવતી ફેરવતી,—પ્રિય નાથ! આમ છેક શું કઠિન થઈ જાઓછો કે મને આવી દુઃખીઆરીને

પણ ગણતાજ નથી !—એમ એમને ઠપકો દેતી, વારંવાર એમને અનુનય કરવા લાગી, વારંવાર ચુંબન કરવા લાગી, અને વારંવાર કંઠે બાઝીને મ્હોટે સ્વરે રુદન કરવા લાગી.—અરે પાપિણિ ! તેં પણ મ્હારા આવતા સુધી આમના પ્રાણનું રક્ષણ ન કીધું ?—એમ પેલી એકાવલીને નિન્દવા લાગી.—અરે ભગવન્ ! તમે કૃપા કરીને મ્હારા પ્રાણપ્રિયને પુનરુજ્જીવિત કરો—એમ કહી વારંવાર કપિંજલને પગે પડવા લાગી, ને ઘડી ઘડી તરલિકાની કોટે બાઝી બાઝીને રોવા લાગી. અદ્યાપિ વિચારતાં મને સમજાતું નથી કે તે કાળે એવાં અચિન્તિત, અશિક્ષિત, અનુપદિષ્ટ, અદૃષ્ટપૂર્વ, વ્હાલનાં દીન વચન મને પાપિણીને એટલાં બધાં ક્યાંથી આવડ્યાં; એ બધા સંલાપ ક્યાંથી આવ્યા, અને એ અતિકરુણ તથા દીન રુદન ક્યાંથી થયાં. એ તો કંઈ અન્યજ પ્રકાર થઈ ગયો.—અન્તરમાંથી અશ્રુવેગના જાણે પ્રલય-તરંગ (તે સમયે) ઉઠવા લાગ્યા; અશ્રુ-પ્રવાહના જાણે જલયંત્ર છૂટવા લાગ્યા; પ્રલાપના જાણે પ્રરોહ ફૂટવા લાગ્યા; દુઃખનાં જાણે સેંકડો શિખર વધવા લાગ્યાં; અને મૂર્છાની જાણે પ્રસૂતિયો થવા લાગી.[1]

એમ પોતાનો વૃત્તાન્ત કહેતાં કહેતાંજ જાણે ભૂતકાળની અતિકષ્ટદાયક અવસ્થામાં કોઈ પ્રકારે આવી પડી હોય તેમ એ, મૂર્છાથી અચેતન થઈ ગઈ, અને વેગથી શિલાતલ ઉપર પડતી હતી એટલામાંજ, શોકાતુર થયેલા ચંદ્રાપીડે ગભરાટમાં ત્વરાથી સેવકની સમાન હાથ લાંબા કરી એને ઝાલી લીધી. અશ્રુ-જલથી પલળી ગયેલા એનાજ ઉત્તરીય-વલ્કલના પલ્લવથી ધીરે ધીરે વા ઉરાડીને થોડા વારે એણે એને શુદ્ધિમાં આણી. દયા આવવાથી એના ગાલ ઉપર, અશ્રુજલનો પ્રવાહ ચાલવા લાગ્યો; અને એ સચેતન થઈ એટલે એને પોતે કહેવા લાગ્યો કેઃ—ભગવતિ ! મેં પાપીએ આ તમારા શોકનું પુનરુદ્દીપન કરાવ્યું તેથીજ તમારી આવી દશા થઈ ગઈ, માટે હવે એ કથા જવા દો,—આટલેથીજ સમાપ્ત કરો. મ્હારાથી પણ હવે એ સંભળાય એમ નથી. પૂર્વે થઈ ગયેલાં પણ મિત્રનાં દુઃખ, ફરીથી વર્ણવાય ત્યારે અનુભવ-સમાન વેદના ઉત્પન્ન કરેછે.

---

૧. ચંદ્રાપીડના પૂછવાથી મહાશ્વેતાએ પોતાનો વૃત્તાન્ત કહેવા માંડેલો (જુઓ પૃ. ૧૭૯) તે અહિં અર્ધ થઈ રહ્યો એમ કહી, પોપટ શૂદ્રકને આગળ વાત કહેવા માંડેછે અને જાબાલિ મુનિ પોતાના શિષ્યોને (તેમાં પોપટને પણ) આગળ સંભળાવેછે.

માટે, બલાત્કારે રહેલા આ અસુલભ પ્રાણને હવે તમે ફરીથી સ્મરણ-શોકરૂપી અગ્નિમાં બાળી નાંખશો નહિ.

કુમારનું આ વચન સાંભળી, મહાશ્વેતા દીર્ઘ તથા ઉષ્ણ નિશ્વાસ નાંખી, આંખમાં ઝળઝળિયાં સહિત નિર્વેદથી બોલી:—રાજપુત્ર! જે અતિક્રૂર પ્રાણ એ અતિદારુણ રાત્રિમાં ત્યજી ન ગયા તે હવે મને ત્યજી જશે એ તો અસંભવિતજ છે. ખરેખર! ભગવાન્ મૃત્યુદેવ પણ મુજ પાપિણી અને દુષ્ટાથી અળગા અળગા રહેછે! મ્હારા જેવી કઠિન અંતઃકરણવાળીને વળી શોક શાનોજ થાય? એ તો સર્વ આ દુરાત્મા શઠ-હૃદયના માત્ર જુઠા ચાળાજ છે. સર્વથા એ નિર્લજ્જે મને સર્વ નિર્લજ્જોની અગ્રેસર કરી મુકી છે. વળી જે, મદન-વેદના સહીને વજ્રમય હોય તેમ આ સર્વ દુ:ખ સહી શકી તેને એ (માત્ર) કહેવાથી શું થવાનું છે? અને આના કરતાં બીજું વધારે કષ્ટદાયક કહેવાનું શું હશે જે સાંભળી વા કહી શકાય નહિ? પણ હવે હું તમને, આ વજ્રપાત થયા પછી જે એક આશ્ચર્ય દેખાયું હતું તેજ કહુંછું, અને મ્હારા પ્રાણ-ધારણના એક લઘુ પણ અવ્યક્ત કારણ જેવું જે બન્યું હતું તે વર્ણવુંછું માટે, જે દુરાશારૂપી મૃગતૃષ્ણિકામાં પડીને હું આ મૃતપ્રાય, પરકીય જેવું ભાર થઈ પડેલું, નિષ્પ્રયોજન, અકૃતજ્ઞ, દુષ્ટ શરીર ધારણ કરી રહીછું તેજ માત્ર આપ સાંભળો.—

પછી જ્યારે મ્હારી એવી અવસ્થા થઈ ત્યારે[1] કેવલ મરણનોજ નિશ્ચય કરીને, બહુ બહુ પ્રકારે વિલાપ કરી, તરલિકાને મેં કહ્યું:—અલિ કઠિન અંતઃકરણની! હવે આમ ક્યાં સુધી રોરો કરીશ? ઉઠ, કાષ્ઠ આણી ચિતા ખડક કે હું મ્હારા પ્રાણનાથને અનુસરૂં.—એવું કહેતામાં તો, ઝટ ચંદ્ર-મંડલમાંથી નીસરી, ગગનમાંથી ઉતરી,—કુમુદ જેવો ગૌર, મહાપ્રમાણનો, મહાપુરુષનાં લક્ષણવાળો, દિવ્ય આકૃતિવાળો એક પુરુષ[2] જે પોતાની કેયૂર-કોટિમાં ભરાયેલું, અમૃત-ફેન જેવું ધોળું, પવનથી ફરફરતું ઉત્તરીય ખેંચતો હતો, બંને કર્ણમાં લટકતાં મણિ-કુંડલની પ્રભાથી જેના ગંડસ્થલ રક્ત દેખાતા હતા, તારા જેવાં મ્હોટાં મ્હોટાં મોતીનો ગુંથેલો અતિમનોહર હાર જેણે છાતી ઉપર પેહેરેલો હતો, શ્વેત

---

૧. જ્યારે મ્હારા પ્રાણનાથનું મરણ થયું, ને મ્હારી સર્વ આશા નિષ્ફલ થઈ ત્યારે. ૨. (અન્વય)......શબને ઉચકી લઈ......ગગનમાં ઉડી ગયો.

દુકૂલ-પલ્લવનો જેણે પાઘ બાંધ્યો હતો, ભ્રમર જેવા શ્યામ તથા ગુંછળાં-વાળા વાળ જેના વિકટ શિર ઉપર આવી રહ્યા હતા, પ્રફુલ્લ કુમુદ જેણે કર્ણમાં પેહરેલાં હતાં, કામિનીઓના સ્તન ઉપરની કુંકુમ-પત્રલતાનું જેના સ્કંધ ઉપર લાંછન પડેલું હતું, અને સ્વચ્છ જલ જેવી શ્વેત દેહપ્રભાવડે જે દિગન્તરોનું જાણે પ્રક્ષાલન કરતો હતો તે,—પોતાના શરીરમાંથી ખરતા સુગંધિ, શીતલ, શીત-જ્વરને જાણે ઉત્પન્ન કરતા, હિમ જેવા અમૃત-કણના વર્ષાદથી લેપન કરતો કરતો, જાણે ગોરોચનાનો રસ છાંટતો છાંટતો, ઐરાવતની શુંડ જેવા જાડા, મૃણાલ જેવી ગોરી અંગુલિયોવાળા, તથા શીતલ સ્પર્શવાળા પોતાના હાથથી એ શબને ઉચકી લઈ, દુંદુભિ-નાદ જેવા ગંભીર સ્વરથી—પુત્રિ મહાશ્વેતા! પ્રાણત્યાગ મા કર, ફરીથી ત્હારે આની સાથે સમાગમ થશે—એમ પિતાની સમાન આદરપૂર્વક કહી, એમની સાથેજ ગગનમાં ઉડી ગયો. હું તો આ જોઈને ભયભીત થઈ ગઈ—વિસ્મય પામી ગઈ, અને કૌતુકથી એ પુરુષ-ની સામું જોતી જોતી કપિંજલને પૂછવા લાગી કે આ શું? પરંતુ એ તો ગભરાટમાં ઉત્તર દીધા વિનાજ ઉભો થઈ,—અરે દુષ્ટ! ક્યાં મ્હારા મિત્રને લઈને નાશી જાય છે?—એમ કહેતો કહેતો, કોપાયમાન થઈ, તેના સામી ને સામીજ દૃષ્ટિ રાખી, વેગથી પોતાના ઉત્તરીય-વલ્કલની કેડ બાંધી, તે ઉડતો હતો તેની પછવાડે પછવાડેજ અન્તરીક્ષમાં ઉડી ગયો; અને જોતા જોતામાં તો એ સર્વે તારાગણમાં પેસી ગયા.

કપિંજલના ગમનથકી મને જાણે બીજા પ્રિયતમનો નાશ થયો તેથી મ્હારો શોક બમણો વધવા લાગ્યો અને મ્હારૂં હૃદય અતિશય ફાટી ગયું. શું કરવું એની સુઝ ન પડવાથી મેં તરલિકાને પૂછ્યું:—અલિ! તું એ નથી જાણતી કે આ શું થઈ ગયું?—પણ એ બિચારી તો સ્વાભાવિક રીતે બ્હીકણ, અને એ સઘળું જોયું એટલે તો તે ક્ષણે શોકને વેગળો મુકતા ભયમાં પડીને ધ્રુજતી ધ્રુજતી, હું હવે મરી જઈશ એવી શંકાથી હૃદયમાં અતિ ખેદ પામતી, દીન થઈ બોલી કે:—ભર્તૃદારિકા! હું પા-પિણી એ કંઈ જાણતી નથી. પરંતુ આ એક મ્હોટું આશ્ચર્ય થઈ ગયું. એ પુરુષની આકૃતિ કંઈ દિવ્યજ હતી, અને જતે જતે એણે પિતાની સમાન તમને અનુકંપાસહિત આશ્વાસન કીધું. ઘણું કરીને તો એવા દિવ્ય પુરુષો સ્વપ્નમાં પણ દર્શન દેછે ત્યારે (જે કંઈ કહેછે તે) સત્યજ હોયછે તો પછી સાક્ષાત્ મળે ત્યારે તો કહેવુંજ શું? વિચાર કરતાં

વળી, એને અસત્ય કહેવાનું કંઈ અલ્પ પણ કારણ મને જણાતું નથી. માટે હવે તો એજ યોગ્ય છે કે તમે વિચાર કરીને, આ પ્રાણ-પરિત્યાગનો નિશ્ચય ત્યજી દો, કારણ કે આવી અવસ્થામાં આ એક મ્હોટું આશ્વાસનનું સ્થાન છે. વળી કપિંજલ એ પુરુષની પછવાડે ગયોજ છે, અને તેની પાસેથી તમે સર્વ વૃત્તાન્ત સાંભળો કે એ પુરુષ ક્યાંથી આવ્યો હતો, કોણ હતો, શું કરવા એણે શબ રૂપ પુંડરીકને ઉચકી લીધા, એમને એ ક્યાં લઇ ગયો, અને તમને એણે પુનઃસમાગમની અસંભવિત આશા આપીને શું કરવા આશ્વાસન કીધું—ત્યાર પછી જીવવું કે મરવું એનો નિશ્ચય કરજો. મરણનો નિશ્ચયજ જ્યારે કરિયે ત્યાર પછી કંઈ એ દુર્લભ નથી. અને એ તો પછી પણ થાય એમ છે. વળી જીવતો હશે તો કપિંજલ તમને મળ્યા વિના રહેશેજ નહિ. માટે એ પાછો આવે ત્યાં સુધી પણ તમે આ પ્રાણને ધારણ કરી રાખો.—એમ કહેતી કહેતી એ મ્હારે ચરણે પડી; અને જીવિત-તૃષ્ણા મુકવી સર્વને કઠિન હોવાથી, સ્ત્રી-સ્વભાવની ક્ષુદ્રતાથી, એ પુરુષના વચનથી ઉત્પન્ન થયેલી દુરાશા રૂપી મૃગતૃષ્ણિકાથી, તથા કપિંજલ પાછો આવશે એવી આકાંક્ષાથી મને પણ એમજ લાગ્યું કે તરલિકા કહે છે તે સત્ય છે, માટે મેં તે ક્ષણે પ્રાણ-ત્યાગ કીધો નહિ.—આશા હોય તો શું ન થાય?—એ પાપી, કાલરાત્રિ જેવી, સહસ્ત્ર વર્ષ જેવી, યાતનામય,[1] દુઃખમય, નરકમય વા અગ્નિમય હોય એવી આખી રાત મેં ઉઘાડી આંખે, એમ ને એમજ, ભૂમિ ઉપર લોટ્યાં કીધું; ધૂળથી ધૂસર થઇ ગયેલા, અશ્રુજલથી ભીના ગાલ ઉપર ચ્હોટેલા, તથા છૂટા છૂટા વિખેરાયલા વાળથી મ્હારૂં મુખ ઢંકાઈ ગયું હતું; મ્હોટી મ્હોટી ચીસો પાડીને રોવાથી મ્હારો સ્વર જર્જરિત થઇ ગયો હતો, અને કંઠ સુકાઈ ગયો હતો—એવી રીતે મેં સરોવરના તેજ કિનારા ઉપર તરલિકાની સાથે તે નિશા ગાળી.

પછી સવારમાં ઉઠી, તેજ સરોવરમાં સ્નાન કરી, દૃઢ નિશ્ચય બાંધી, એમના ઉપરની પ્રીતિને લીધે એજ[2] કમંડલ, એજ વલ્કલ અને એજ અક્ષમાલા લઇને, સંસાર સાર-રહિત છે એમ સમજી, મેં અલ્પ પુણ્યજ કીધાં છે એમ જાણી, અચિન્તિત વિપત્તિયો પ્રતીકાર-રહિત તથા દારુણ હોય છે એવું જોઈ,[3] શોકનું નિવારણ કરવું અતિ કઠિન છે એમ ધારી, દૈવ નિર્દય છે એવું દેખી, સ્નેહ બહુ દુઃખથી ભરેલો છે એમ

---

૧. યાતના=મૃત્યુનું કષ્ટ. ૨. એમના=પુંડરીકના. એજ=પુંડરીકનુંજ.
૩. જુઓ પૃ. ૧૭૮ લી. ૨૧ મી.

વિચારી,[1] સર્વ ભાવ અનિત્ય છે એમ માની, સર્વ સુખ ક્ષણભંગુર છે એમ નિશ્ચય કરી, માતાપિતાને ન ગણકારી, પરિજન સાથે સકલ બંધુવર્ગનો ત્યાગ કરી, વિષય-સુખમાંથી મનને વારી રાખી, ઇન્દ્રિયોનો નિગ્રહ કરી, બ્રહ્મચર્ય ગ્રહણ કરીને હું શરણને અર્થે, અનાથના શરણ આ ભગવાન્ ત્રૈલોક્યનાથ શ્રી ઉમાપતિને આશ્રયે આવીને બેઠી. બીજે દિવસે કહીંકથી મ્હારી ખબર સાંભળી હશે તેથી મ્હારા પિતા, માતાની તથા સકલ બંધુજનની સાથે અહીં આવ્યા; બહુ વાર સુધી એમણે શોક કર્યો; તથા વિવિધ ઉપાયોથી, ઘણી ઘણી આજીજીથી, અનેક ઉપદેશથી, અને નાના પ્રકારનાં આશ્વાસનથી એમણે મને પાછી ઘેર લઈ જવાને મહા મહા પ્રયત્ન કર્યા. પરંતુ જ્યારે એમને એમજ નક્કી થયું કે ગમે તે કર્યાથી પણ આ એના નિશ્ચયમાંથી પાછી ફરશે નહિ ત્યારે એ નિરાશ થઈ ગયા, અને મેં એમને વારંવાર ઘેર પાછાં જવાનું કહ્યું તે છતાં પણ, દુહિતૃ-સ્નેહ ત્યજવો કઠિન લાગ્યાથી એ ઘણાક દિવસ મ્હારી સાથે રહીને પછી શોકમાંને શોકમાંજ ધગધગતે હૈયે ઘેર ગયા. પિતાના ગયા પછી હું એ મહાપુરુષને સારૂ માત્ર અશ્રુપાત કરીને મ્હારી કૃતજ્ઞતા દેખાડતી,—એમના પ્રેમમાં કૃશ થઈ ગયેલું આ, પાપથી ભરેલું, નિર્લજ્જ, અમંગલ, અનેક સહસ્ર ક્લેશ તથા શ્રમને સહેતું દગ્ધ શરીર વિવિધ નિયમ કરીને શોષવતી,—વનમાં જડતાં ફલમૂલ તથા જલથી નિર્વાહ ચલાવતી,—જપના વ્યાજમાં એમના ગુણગણની જાણે ગણના કરતી,—ત્રણે સંધ્યા-સમયે અહીં સરોવરમાં સ્નાન કરતી,—પ્રતિદિવસ ભગવાન્ પશુપતિનું પૂજન કરતી, તરલિકાની સાથે દીર્ઘ શોકમાં આજ ગુહામાં બહુ દિવસ થયાં રહુંછું. . આવી હું પાપી, ક્ષુદ્ર, નિર્લજ્જ, ક્રૂર, નિઃસ્નેહ, નૃશંસ, નિન્દનીય, નિષ્પ્રયોજન ઉત્પન્ન થયેલી, નિષ્ફલ જીવતી, અનાથ, નિરાધાર અને દુઃખી છું, તો મને, બ્રાહ્મણ-વધ રૂપી મહાપાતક કરનારીને, જોયાથી વા પૂછયાથી આપ મહાભાગને શું ફલ થવાનું છે ?—એમ કહી, શરદ્-મેઘના કડકાથી જેમ શશિને તેમ વલ્કલના શ્વેત પલ્લવવડે પોતાના વદનને ઢાંકી દઈ, ભારે અશ્રુવેગને વારી રાખવાને અશક્ત હોવાથી, આર્ત સ્વરે એણે મ્હોટેથી બહુ વાર સુધી રુદન કીધું.

ચંદ્રાપીડને તો પેહેલેથીજ મહાશ્વેતાના રૂપથી, વિનયથી, દાક્ષિણ્યથી, મધુર વાણીથી, નિઃસંગતાથી, અતિ તપસ્વિતાથી, શાન્તિથી, નિર-

૧. "The course of true love never did run smooth."
Mid S. N. Dream, Act 1. Sc. I.

ભિમાનતાથી, મ્હોટાઈથી તથા પવિત્રતાથી એના વિશે માનપૂર્વક સદ્-વિચાર ઉત્પન્ન થયેલો હતો; પરંતુ સદ્ભાવ દર્શાવીને એણે પોતાનો આ સર્વ વૃત્તાન્ત કહ્યો તેથી તથા એની આવી કૃતજ્ઞતાથી એનું અંતઃકરણ મોહિત થયું, અને મહાશ્વેતા ઉપર એને વધારે વધારે પ્રીતિ ઉત્પન્ન થઈ. હૃદય આર્દ્ર થઈ જવાથી એ એને ધીમે ધીમે કહેવા લાગ્યોઃ—ભગવતિ! કષ્ટથી બ્હીનાર—અકૃતજ્ઞ—સુખના લાલચુ લોક સાચા સ્નેહને યોગ્ય કર્મ કરી શકતા નથી, પરંતુ માત્ર નિષ્ફલ અશ્રુપાત કરીનેજ પોતાનો સ્નેહ દેખાડી રોયાં કરેછે. પણ તમે તો કર્મથીજ સત્ય પ્રેમ દર્શાવીને કંઈ બાકી રાખ્યું નથી તો શું કરવા રુદન કરોછો? જન્મથકીજ જેનો તમને પરિચય વધતો ગયેલો એવા પ્રિય બાંધવજન તમે એમને સારૂજ અપરિચિત જેવા ગણીને ત્યજી દીધાછે. પાસે છતાં પણ વિષયો તૃણવત્ ગણીને ધિક્કારી કાઢ્યાછે. ઈન્દ્રના કરતાં પણ ચઢતી સમૃદ્ધિથી ઉત્પન્ન થતાં ઐશ્વર્ય-સુખનો ત્યાગ કીધોછે. મૃણાલિની જેવી અતિ કોમલ કાયાને પણ તમે પ્રતિદિવસ અનુચિત દુઃખ સહેવરાવીને શુષ્ક કરી નાંખીછે. બ્રહ્મચર્ય ગ્રહણ કીધુંછે. મહાતપમાં આત્મા નિયુક્ત કીધો છે, અને અરણ્યવાસ સ્ત્રીજનને દુષ્કર છતાં પણ અંગીકૃત કીધો છે!! વળી દુઃખી જનનું જો મરણ થાય તો તે અનાયાસેજ થાય છે; પરંતુ અતિમહાન્ યત્ન કરવાથી આત્માને તેઓ કેવલ ભારે ક્લેશ-માંજ નાંખેછે. પરલોક પામેલા પ્રિયજનની પાછળ પ્રાણત્યાગ કરવો એ અતિનિષ્ફલ છે. એ માર્ગ અવિદ્વજ્જનને જવાનો છે. પિતા અથવા ભ્રાતા અથવા મિત્ર અથવા પતિના મરણ પછી (કોઈયે) પ્રાણ ત્યજી દેવા એ ગાંડાઈ છે, અજ્ઞાન છે, વગર વિચાર્યું ક્રમ છે, ક્ષુદ્ર દૃષ્ટિ છે, અતિ પ્રમાદ છે, અને મૂર્ખાઈનું સ્ખલન છે. પ્રાણ જો પોતાની મેળેજ ન જાય તો એમનો બલાત્કારે ત્યાગ કરવો ન જોઈયે. વિચાર કરીશું તો એમજ માલમ પડશે કે આ પ્રાણત્યાગ કરવો એ કેવલ સ્વાર્થ છે. કારણ કે પોતાની અસહ્ય શોક-વેદના મટાડવાનો એ એક ઉપાય છે; એમ કરવાથી, મુવેલા મા-ણસને તો કંઈ ગુણ થતો નથી—એ કંઈ પુનરુજ્જીવિત થતો નથી, એનો ધર્મ વધતો નથી, એ શુભ લોકમાં જતો નથી, નરકમાંથી છૂટતો નથી, દેખાતો નથી, અથવા એથી કંઈ પરસ્પર સમાગમ પણ થતો નથી. એ અવશ જન તો પોતાનાં કર્મના ફલને ઉચિત ભૂમિમાં જાયછે; અને પાછળ મરનારને કેવલ આત્મઘાતનું પાતક લાગેછે. તે કરતાં જો એ

જીવે તો જલાઞ્જલિ વિગેરે આપીને ઘણે પ્રકારે તે મરનારને તથા પોતાને ઉપકાર કરી શકે. પરંતુ પ્રાણ-પરિત્યાગ કીધાથી તો એમાંથી એકેને સુખ થતું નથી. તમને સ્મરણ હશે કે સકલ અબલા જનનાં હૃદય હરનાર ભગવાન્ કામદેવ, મહાદેવે પ્રકટેલા અગ્નિથી બળી ગયા તોપણ તેમની એકની એક પ્રિય પત્ની રતિયે પોતાના પ્રાણ ત્યજ્યા ન હતા. વળી અવજ્ઞાથી જીતેલા સર્વ રાજાઓના મુકુટનાં કુસુમથી જેનું ચરણાસન સુગંધિ થયેલું હતું, તથા સકલ ભુવનમાંથી જેણે રાજભાગ ઉઘરાવ્યો હતો એવો, રૂપસંપન્ન પાણ્ડુ નામનો પતિ, કિન્દમ મુનિના શાપાગ્નિથી બળી ગયો તોપણ, યદુવંશના સૂરસેન રાજાની પુત્રી કુન્તીએ પોતાનો દેહ પાડયો ન હતો. તેમજ બાલ ચંદ્ર જેવો નયનાનંદક, વિનયવાન્ અને શૂરો અભિમન્યુ મરણ પામ્યો તથાપિ વિરાટ રાજાની નાની પુત્રી ઉત્તરાએ પ્રાણત્યાગ કીધો ન હતો; અને સો ભાઈઓના ખોળામાં રમીને લાડઘેલી થયેલી ધૃતરાષ્ટ્રની પુત્રી દુઃશલા, સિંધુરાજ જયદ્રથ નામનો પોતાનો અતિમનોહર ભર્તા, જેનો મહિમા મહાદેવે વરદાન આપ્યાથી વધ્યો હતો તે, અર્જુનને હાથે મરણ પામ્યો તો પણ તેની પછવાડે મરી ગઈ ન હતી. તેમજ વળી બીજી પણ રાક્ષસોની, દેવ-દાનવોની, મુનિ-મનુષ્યોની તથા સિદ્ધ-ગંધર્વોની હજારો કન્યા વિશે સાંભળવામાં આવ્યું છે કે તેઓ ભર્તૃરહિત છતાં પણ પ્રાણ ધારણ કરી રહી હતી.

તેમ કરતાં પણ કદી જો અનુમરણથી સમાગમ થવાનો જરાએ સંભવ હોય તો તે કરવું. પણ તમે તો પુનઃસમાગમની વાણીને પોતેજ સાંભળી છે એટલે એનો અનુભવ થવામાં હવે શી શંકા રહે એમ છે? એવા અસાધારણ આકૃતિવાળા, સત્યવચની મહાત્માઓની વાચામાં જરાએ અસત્ય તે ક્યાંથીજ હોય? મરણ પામેલાની સાથે જીવતાનો સમાગમ થાય નહિ માટે એ મહાત્મા દયા લાવીને નિઃસંશય એમને પ્રત્યુજ્જીવિત કરવા સારૂજ ઉપાડીને સુરલોકમાં લઈ ગયા. મહાત્માઓનો પ્રભાવ અકલિત છે. સંસારની વૃત્તિયો બહુ બહુ પ્રકારની છે. દૈવ પણ વિચિત્ર છે. તપની સિદ્ધિ અતિઆશ્ચર્યકારક છે, અને કર્મ કર્મની શક્તિમાં પણ ફેર છે. વળી ઉંડો વિચાર કરતાં પણ, એમને ઉપાડી જવામાં જીવિતદાન વિના બીજું શું કારણ નીકળે એમ છે? તમારે એમ ન ધારવું કે એ અસંભવિત છે, કેમકે એવું એવું તો પૂર્વે ઘણી વાર થયેલું છે. જુઓ કે ગંધર્વરાજ વિશ્વાવસુ વડે મેનકામાં ઉત્પન્ન થયેલી પ્રમદ્વરા નામની કન્યાનું

જ્યારે સર્પ-દંશથી મરણ થયું હતું ત્યારે સ્થૂલકેશના આશ્રમમાં, ભાર્ગવ મુનિના પૌત્ર તથા પ્રમતિના પુત્ર રુરુ નામના મુનિકુમારે તેને પોતાના અર્ધ જીવિતનું દાન કર્યું હતું. તેમજ અર્જુન જ્યારે અશ્વમેધના અશ્વની પાછળ જતો હતો, અને યુદ્ધ થવાથી જ્યારે પોતાનાજ પુત્ર બભ્રુવાહને શર-પ્રહાર કરીને એના પ્રાણ હરી લીધા હતા ત્યારે ઉલૂપી નામની નાગ-કન્યાએ એને સજીવન કર્યો હતો. વળી અભિમન્યુનો પુત્ર પરિક્ષિત, અશ્વત્થામાના અગ્ન્યસ્ત્રથી બળી જઈને ગર્ભમાંથી જ્યારે મુવેલોજ જન્મ્યો ત્યારે ઉત્તરાના વિલાપથી દયા લાવીને ભગવાન્ વાસુદેવે એના દુર્લભ પ્રાણ પાછા આણી દીધા હતા. અને ઉજ્જયિનીમાં સાંદીપનિ દ્વિજના પુત્રને યમગૃહમાંથી, ત્રિભુવન-પૂજ્ય ચરણવાળા એજ પ્રભુએ પાછો આણ્યો હતો.—એવી રીતેજ અહીં પણ કદાચિત્ થવાનું હશે. તો પણ આમાં આપણે શું કરિયે એમ છે? કોનો દોષ કાઢિયે એવું છે? વિધાતા મ્હોટો છે. દૈવ બલવાન્ છે. સ્વેચ્છાએ આપણે એક શ્વાસ પણ લેવાને સમર્થ નથી, અને એ અતિ નિષ્ઠુર, દુષ્ટ દૈવના વિલાસ અતિક્રૂર હોયછે. નિષ્કપટ હોવાથી રમણીય લાગે એવો પ્રેમ દીર્ઘ કાલ સુધી રહે તે એ ખમી શકતો નથી. પ્રકૃતિ થકીજ સુખ ઘણું કરીને ક્ષણભંગુર અને દુઃખ ચિર-કાલ-સ્થાયી હોયછે. તેને લીધેજ પ્રાણીઓનો એક જન્મમાં કોઈક પ્રકારે સમાગમ થઈ જાયછે અને સહસ્ર જન્માન્તર સુધી વિરહ રહે છે. માટે તમારા અનિન્દ્ય આત્માને નિન્દવો ઘટતો નથી. સંસારનો આ અતિ ગહન માર્ગ ઓળંગનારને આવા આવા વૃત્તાન્તો બનેછે, ને ધીર હોય તેજ આપત્તિને તરી નીકળેછે.— આવી આવી રીતનાં મૃદુ આશ્વાસન-વાક્ય થકી એને શાન્ત પાડી, ચંદ્રાપીડે ફરીથી અંજલિમાં ઝરણનું પાણી લાવી, ઇચ્છા ઉપરાંત પણ એને બલાત્કારે મુખ-પ્રક્ષાલન કરાવ્યું.

આ સમયે, સૂર્ય દેવતા પણ જાણે મહાશ્વેતાનો વૃત્તાન્ત સાંભળી શોકાતુર બની ગયા હોય તેમ દિવસ-વ્યાપાર ત્યજી દઈ, અધોમુખ થયા. પછી જ્યારે દિવસ આથમી ગયો; (આકાશમાં) લટકતું રવિ-મંડલ જ્યારે પાકેલી પ્રિયંગુ-લતાની મંજરીની રજ જેવા પીળા રંગથી રંગાઈ ગયું; કસુંબીનાં કુસુમના રસથી રંગેલા દુકૂલ જેવો કોમલ, અસ્ત-સમયનો તડકો, દિશાઓનાં મુખમાંથી ધીમે ધીમે જ્યારે દેખાતો બંધ થયો; આકાશનો ભૂરો રંગ ઢંકાઈ જઈને જ્યારે ચકોરની કીકીના જેવો પિંગલ

વર્ણ ત્યાં પથરાઈ ગયો; કોકિલના લોચન જેવા સંધ્યાના કપિલ પ્રકાશથી જ્યારે પૃથ્વી લાલ ચોળ થઈ ગઈ; મ્હોટા નાના તારાઓના ગણ જ્યારે અનુક્રમે દેખાવા લાગ્યા; વનમહિષના જેવા શ્યામ રંગનો તથા ગગન-વિસ્તારને ઘેરી લેતો, રાત્રિનો અંધકાર જ્યારે વધારે વધારે કાળો થતો ગયો; પોતાનો લીલો રંગ ગાઢ તિમિરમાં ઢંકાઈ જવાથી વૃક્ષની હારો જ્યારે ગહન દેખાવા લાગી; ઝાકળનાં બિન્દુથી શીતલ થયેલો, વન-કુસુમોના અતિશય પરિમલથી વર્તાઈ આવતો, લતા અને વૃક્ષની શાખાઓને કંપાવતો પવન જ્યારે વાવા માંડ્યો, અને રાત પડવાથી જ્યારે પક્ષીઓ નિદ્રાવશ થઈ જઈને ગુપચુપ ભરાઈ પેઠાં—ત્યારે મહાશ્વેતા ધીમે ધીમે ઉઠીને પશ્ચિમ સંધ્યોપાસના કરી, કમંડલુ-જલવડે પોતાના ચરણનું પ્રક્ષાલન કરી, ખેદયુક્ત ઉષ્ણ નિશ્વાસ નાંખતી નાંખતી પોતાના વલ્કલ-શયન ઉપર જઈને બેઠી; એટલે ચંદ્રાપીડે પણ ઉઠીને ઝરણના નીરની સકુસુમ અંજલિ આપી, સંધ્યા-પ્રણામ કરી, પેલા બીજા શિલાતલ ઉપર કોમલ લતા-પલ્લવ પાથરીને પોતાની શય્યા બનાવી. ત્યાં બેઠ બેઠ એના મનમાં એના એજ મહાશ્વેતાના વૃત્તાન્ત વિશેના વિચાર આવવા લાગ્યા, અને એને લાગ્યું કે—ખરેજ, આ દુઃસહ-વેગી કષ્ટદાયક કામદેવની ક્રૂરતા સામે કંઈજ ઉપાય ચાલે તેમ નથી, કેમ જે એણે હરાવેલા મહાપુરુષો પણ આમ કાલક્રમની અપેક્ષા વિના ધૈર્ય ત્યજી દઈને સત્વર પ્રાણ-મુક્ત થાયછે! સર્વથા, નમસ્કાર છે તને, ત્રિભુવન વશ કરનાર ભગવાન્ કુસુમાયુધને!—એટલું વિચારી વળી એ મહાશ્વેતાને પૂછવા લાગ્યોઃ—ભગવતિ! પેલી તમારી વનવાસની સહીપણી અને દુઃખની સાથી, દાસી તરલિકા ક્યાં ગઈ છે?

ત્યારે તે બોલી કેઃ—મહાભાગ! મેં જે તમને કહ્યું હતું કે અમૃતમાંથી એક અપ્સરાઓનું કુળ નીકળેલું છે,[1] તે કુળમાં મદિરા નામની એક મદિરા જેવાં (ચળકતાં) અને દીર્ઘ ચક્ષુવાળી કન્યા ઉત્પન્ન થઈ. તેનું, સકલ ગંધર્વ કુળની મુકુટ-કલિકા રૂપી આસન ઉપર ચરણ મુકનાર દેવ ચિત્રરથે પાણિ-ગ્રહણ કર્યું, અને એના અગણિત ગુણગણથી મોહ પામીને એ મહારાજાએ એને, અન્ય સ્ત્રીને દુર્લભ, સર્વ અન્તઃપુરમાં શ્રેષ્ઠતા સ્થાપન કરતું, કનક-મુકુટ તથા છત્ર-વેત્ર-ચામર રૂપી ચિન્હ પ્રાપ્ત કરાવતું મહાદેવીનું પદ પરમ પ્રીતિથી આપ્યું. પછી તેઓ અન્યોન્ય પ્રેમ વધા-

---

૧. જુઓ પૃ. ૧૭૯ લી. ૧૧.

રવાને યત્ન કરતાં કરતાં યૌવન-સુખ ભોગવતાં હતાં તેવામાં કાળે કરીને એમને,—માતાપિતાના અથવા સર્વ ગંધર્વ કુળનાજ, અથવા સકલ જીવલોકનાજ જાણે એક જીવ જેવું,—આશ્ચર્યકારક એક કાદમ્બરી નામનું પુત્રી-રત્ન ઉત્પન્ન થયું. એ તથા હું જન્મથીજ સાથે બેસતાં, સાથે સુતાં, સાથે જલપાન કરતાં તથા સાથેજ જમતાં તેથી એના ઉપર મ્હારો અતિશય પ્રેમ થયો; સર્વ વિશ્વાસનું સ્થાન મ્હારે એજ થઈ; અને જાણે બીજું અંતઃકરણ હોય એમ મ્હારે ને એને બાલપણથીજ મિત્રાચારી થઈ. અમે બંનેએ નૃત્ય-ગીતાદિ કલાઓમાં અભ્યાસ (પણ) સાથેજ કર્યો, ને બાલકને ઉચિત ક્રીડાઓ કરી કરીને અમે અમારી બાલ્યાવસ્થા નિયન્ત્રણ વિના સુખમાં ગાળી. પછી એણે આ મ્હારો અનિષ્ટ વૃત્તાન્ત સાંભળ્યો ત્યારે શોકાતુર બની જઈને નિશ્ચય કીધો કે જ્યાં સુધી મહાશ્વેતા શોકમાં છે ત્યાં સુધી હું કદાપિ પણ મ્હારૂં પાણિગ્રહણ કરાવનાર નથી; અને વળી સખીઓની આગળ એટલું પણ એ સોગન ખાઈને બોલી ગઈ કે જો મ્હારી ઇચ્છા ઉપરાંત બલાત્કારે પિતા કદી કોઈ સાથે મને પરણાવવાનું ધારશે તો હું અન્ન ત્યજીને, અથવા અગ્નિમાં બળી જઈને, અથવા ફાંસો ખાઈને, કે વિષ ભક્ષણ કરીને પણ નક્કી મ્હારો દેહત્યાગ કરીશ. પોતાની પુત્રીએ કરેલો આ નિશ્ચય તથા તેનું આ નિશ્ચલ વચન, તેના પરિજન પાસેથી ગંધર્વરાજ ચિત્રરથે પોતે કર્ણ-પરંપરાએ સાંભળ્યાં. પછી જેમ જેમ દિવસ જતા ગયા તેમ તેમ એને પ્રફુલ્લ નવયૌવનમાં આવતી જોઈને એમને અતિશય પરિતાપ થવા લાગ્યો, તથા એક ક્ષણ પણ નિરાંત રહી નહિ. એકનું એકજ છોકરૂં ને તે પણ અતિશય વ્હાલું એટલે એને મ્હોંએ તો કંઈ એમનાથી કહી શકાયું નહિ, પણ બીજો કોઈ ઉપાય ન જડવાથી, આટલું[1] અહીં ઉચિત છે એવું જાણી, મહાદેવી મદિરાની સાથે વિચાર કરી, એમણે આજ સવારેજ ક્ષીરોદ નામના કંચુકીને મ્હારી પાસે મોકલ્યો, અને તેની સાથે મને એવો સંદેશો કહાવ્યો કેઃ—પુત્રિ મહાશ્વેતા! ત્હારા વિપરીત વૃત્તાન્તથીજ અમે હૃદયમાં બળી રહ્યાં છિયે ને તેમાં વળી આ એક નવું દુઃખ આવી પડ્યુંછે; કાદમ્બરીને હવે મનાવવી એ ત્હારાજ હાથમાં છે.—એ ઉપરથી મેં ગુરૂવચનનું માન રાખી, સખીના પ્રેમથી, ક્ષીરોદની સાથે મ્હારી તરલિકાને

---

૧. આટલું=આ નીચે જે સંદેશો મોકલ્યો છે તે.

મોકલી, ને એવું કહાવ્યું કેઃ—સખિ કાદમ્બરિ! શું કરવા તું દુઃખિયારીને પણ વધારે દુઃખ દેછે? જો મને જીવતી રાખવા ઇચ્છતી હોય તો ત્હારાં માતાપિતાનું વચન યથાર્થ પાળ.—એના ગયા પછી થોડીજ વારે આપ આ ભૂમિમાં પધાર્યા.—એટલું કહી એ શાન્ત પડી.

ત્યારપછી, લાંછનના આકારમાં જાણે, શોકાગ્નિથી બળી ગયેલા મધ્યભાગ વાળા મહાશ્વેતાના હૃદયની વિડમ્બના કરતો હોય, મુનિ-કુમારની હત્યાનું જાણે મહાપાતક ધારણ કરતો હોય,[1]—ઘણા કાળથી ચ્હોટેલું, દક્ષ મુનિના શાપાગ્નિનું દાહ-ચિન્હ[2] દર્શાવતો હોય, અને પુષ્કળ ભસ્મ ચોળ્યાથી શ્વેત થયેલો તથા કૃષ્ણ-મૃગ-ચર્મથી અર્ધ ઢંકાએલો પાર્વતીનો વામ સ્તન હોય એવો, શંભુની જટાનો ચૂડામણિ, ભગવાન્ તારાપતિ ઉગ્યો. અને ધીમે ધીમે જ્યારે એ,—ગગનરૂપી મહાસમુદ્રનો પુલિન, સપ્ત લોકનો નિદ્રા-મંગલ-કલશ,[3] કુમુદ-બાંધવ, કુમુદ-વનને વિકસિત કરનાર, દશ દિશાઓને શ્વેત રૂપ આપનાર, શંખ જેવો ધવલ, માનિનીનું માન ઉતારનાર, શ્વેત છત્ર જેવો ચંદ્રમા વધારે વધારે ઉદય પામતો ગયો; ચંદ્ર-કિરણ વડે ઢંકાઇ જવાથી તારાગણની પ્રભા જ્યારે ઓછી ઓછી થતી ગઈ; કૈલાસની શશિ-મણિ-શિલાઓમાંથી જ્યારે સર્વ દિશાઓમાં ઝરણનાં પ્રવાહ વહેવા લાગ્યા; મૃણાલનાં અંકુરથી ભરેલા અચ્છોદ સરોવરનાં કમલની શોભા જતી રહ્યાથી, ચંદ્ર-કિરણ જાણે લુટવાને તેના જલઉપર પડ્યા હોય એવું જ્યારે દેખાવા લાગ્યું; મોહ-નિદ્રામાં આવી પડેલાં, મ્હોટાં મ્હોટાં મોજાંની છોળોથી કંપતાં, વિરહી ચક્રવાકનાં ટોળાં જ્યારે ચીસો પાડવા લાગ્યાં; ચંદ્રોદય જ્યારે પૂર્ણ થઇ રહ્યો; અને નયનમાંથી આનંદાશ્રુબિંદુ રૂપી હિમપાત કરતી, આકાશમાં વિહાર કરનારી, મનોહર, વિદ્યાધરોની અભિસારિકાઓ જ્યારે દોડા દોડ કરી રહી ત્યારે ચંદ્રાપીડ, મહાશ્વેતાને નિદ્રાવશ થયેલી જોઇને પોતાના પલ્લવ-શયન ઉપર ધીમે રહીને સુતો, અને—આ વેળાએ મ્હારા વિશે વૈશમ્પાયન શું વિચાર કરતો હશે, બિચારી પત્રલેખા શું ધારતી હશે, અને રાજપુત્ર લોક શું વિચારતા હશે—એવી ને એવીજ ચિન્તા કરતો કરતો એ ઉંઘી ગયો.

---

૧. પુંડરીક કામપીડાથી મરણ પામેલો, ને તે પીડા ચંદ્રોદયથી વૃદ્ધિ પામેલી માટે કહ્યું કે “મુનિકુમારની હત્યા વિ૰.” ૨. જુઓ મહાભારત, શલ્યપર્વ, ૩૬ મો અધ્યાય. ૩. જુઓ પૃ. ૫૧ નો. ૧.

રાત વીતી ગયા પછી પ્રાતઃકાલમાં સંધ્યા કરીને શિલાતલ ઉપર બેસી મહાશ્વેતા પવિત્ર અઘમર્ષણનો[1] જપ કરતી હતી, અને ચંદ્રાપીડ (પણ) સર્વ પ્રાભાતિક વિધિ સમાપ્ત કરી રહ્યો હતો તેવામાંજ ત્યાં તરલિકા આવી પહોચી, અને તેની પછવાડે એક સોળ વર્ષની વયનો, સગર્વ તથા અગ્રામ્ય આકૃતિનો, રાજકુલ-સંપર્કથી ચતુર, કેયૂરક નામનો ગંધર્વ-પુત્ર, મદ-ખેદથી મંદ પડેલા ગજરાજના જેવાં ભારે ભારે પગલાં મુકતો આવ્યો. સુકાયલા ચંદન-લેપથી એના બે ઊરુ-દંડ ધૂસર થયેલા હતા; કુંકુમના રંગથી એ લાલ પીળો દેખાતો હતો; સુવર્ણના શૃંખલા-કલાપથી સજ્જડ કરેલું વસ્ત્ર જેનો પલ્લવ કક્ષાબંધ કીધા પછી લટકતો રહ્યાથી હાલ્યાં કરતો હતો તેજ માત્ર એણે પેહેર્યું હતું; ઉદર બહુ નાનું હોવાથી એની કટિ સ્પષ્ટ જણાતી હતી; છાતી વિશાલ હતી; હાથ લાંબા, ગોળ અને જાડા હતા; એના ડાબા કાંડા ઉપર માણિક્યનું કંકણ હાલ્યાં કરતું હતું; કર્ણાભૂષણના મણિમાંથી નીચે પ્રસરતા પંચરંગી કિરણ-સમૂહને એ રંગેલ વસ્ત્રના ઉત્તરીયની પેઠે એક સ્કંધ ઉપર ધારણ કરતો હતો; એનો અધર આમ્ર-પલ્લવના જેવો કોમલ, તથા વારંવાર તામ્બૂલ ખાધાથી લાગેલા રંગવડે કૃષ્ણ દેખાતો હતો; કર્ણ સુધી પહોચતાં, સ્વભાવથીજ શ્વેત પોતાનાં લોચનની ધવલતા વડે એ દિશાઓને જાણે ધોળી નાંખતો હતો, કુમુદવનનો જાણે વર્ષાદ વર્ષાવતો હતો, તથા દિવસને જાણે પુંડરીકમય દર્શાવતો હતો; એના વિશાલ લલાટ ઉપર સુવર્ણનો મુકુટ શોભતો હતો; અને એના કેશ ભ્રમર-કુલ જેવા શ્યામ તથા સરલ હતા. આવતાંજ—આ કોણ છે?—એવું તરલિકાને કુતૂહલ ઉત્પન્ન થવાથી તે, ચંદ્રાપીડની સામે બહુ વાર સુધી જોયા પછી, મહાશ્વેતાની પાસે જઈ, પ્રણામ કરી, વિનયસહિત બેઠી; અને તરતજ કેયૂરક પણ મસ્તક અતિ દૂર નમાવીને પ્રણામ કરી, મહાશ્વેતાએ દૃષ્ટિથી બતાવેલા એક જરા દૂર પડેલા શિલાતલ ઉપર બેઠો. ત્યાં બેઠે બેઠે, અદૃષ્ટપૂર્વ, કુસુમાયુધને પણ કોરે મુકે એવા,—સુર, અસુર, ગંધર્વ અને વિદ્યાધરોથી પણ રૂપમાં ચઢતા—ચંદ્રાપીડની અતિશય કાન્તિ જોઈને એ ઘણો વિસ્મિત થઈ ગયો.

જપ સમાપ્ત થયા પછી મહાશ્વેતાએ તરલિકાને પૂછ્યું:—કેમ તેં પ્રિયસખી કાદમ્બરીને કુશલ જોઇ? એ મ્હારૂં પેલું વચન પાળશે કે

૧. જુઓ પૃ. ૪૮ નો. ૨.

નહિ?—આ ઉપરથી તરલિકાએ જરા નમી ગયેલા કર્ણપાશ સહિત વિનયપૂર્વક શિરઃપ્રણામ કરી, અતિ મધુર વાણીએ વિનતી કીધી:—ભર્તૃદારિકા! તમારી પ્રિયસખીને મેં સર્વ પ્રકારે કુશલ દીઠી છે અને તમારો કહાવેલો બધો સંદેશો એને કહ્યો છે. પરંતુ તે સાંભળીને સ્થૂલ અશ્રુબિન્દુ પાડી, ચોધાર રુદન કરી, એણે જે પ્રત્યુત્તર કહાવ્યો છે તે, એણેજ મોકલેલો આ કેયૂરક નામનો એનોજ વીણાવાહક તમને કહેશે. એટલું એ કહી રહી કે તરતજ કેયૂરક બોલ્યો:—ભર્તૃદારિકા મહાશ્વેતા! દેવી કાદમ્બરી તમને દૃઢ કંઠાલિંગન દઈને વિનવે છે કે—તરલિકાએ જે મને આવીને કહ્યું તે શું ગુરુજનનું વચન પાળવા સારૂ છે, કે મ્હારા ચિત્તની પરીક્ષા કરવા સારૂ છે, કે હું ઘરમાં રહું છું તે અપરાધનો એક નિપુણ ઉપાલંભ છે,[1] કે પ્રેમ તોડી નાંખવાનો અભિલાષ છે, કે ભક્ત જનનો ત્યાગ કરવાનો ઉપાય છે કે પ્રકોપ છે? મ્હારૂં હૃદય સહજ પ્રેમના પ્રવાહથી ભરેલું છે એ તો તું જાણેજ છે તે છતાં તને આવો અતિ નિષ્ઠુર સંદેશો મોકલતાં શું જરા લાજે ન આવી? તું આવી મધુર બોલનારી, ને તને આવું અપ્રિય ભાષણ કોણે શીખવ્યું? સ્વસ્થ રહેલું પણ એવું કોઈ સહૃદય નહિ હોય જે આવા તુચ્છ—પરિણામે વિરસ—કાર્યમાં બુદ્ધિ પરોવે; તો પછી મ્હારા જેવી—દુઃખથી હૃદયમાં બળી રહેલી—ની તો વાતજ શી? મિત્ર-દુઃખથી ખિન્ન થયેલા મનને વળી સુખની આશા કેવી? નિર્વૃત્તિ કેવી? સંભોગ કેવા? અને હાસ્ય કેવાં? જેણે મ્હારી પ્રિય સખીને આવી દશામાં આણી મુકી છે તે અતિ દારુણ—વિષવત્ અપ્રિય કર્તા—કામને શું હું સકામ[2] કરીશ? સૂર્યનો અસ્ત થવાથી નલિની જ્યારે શોકાતુર થાય છે ત્યારે સહવાસ-પરિચયને લીધે ચક્રવાક-યુવતિ પણ પતિ-સમાગમનું સુખ ત્યજી દે છે તો પછી સ્ત્રિયો તેમ કરે એમાં શું આશ્ચર્ય!! વળી જ્યાં ભર્તૃ-વિરહથી પીડાતી પ્રિયસખી અહર્નિશ પરપુરુષનું દર્શન ત્યજીને રહે છે ત્યાં પરપુરુષ તે ક્યાંથી મ્હારા હૃદયમાં પ્રવેશ કરે? અને વળી જ્યારે પતિ-વિયોગથી શોક-ગ્રસ્ત પ્રિયસખી તીવ્ર વ્રત કરી કરીને ગાત્રને કૃશ કરી દઈ મહા મહા દુઃખ ભોગવેછે ત્યારે હું શું એ બધું ન ગણકારીને મ્હારાજ સુખને સારૂ મ્હારૂં પાણિ-

---

૧. ઉપાલંભ=ઠપકો. અર્થ એ કે મ્હારે પણ ત્હારી જોડે આ સમયે વનવાસ કરવો જોઇયે, તેને બદલે હું ઘરમાં રહી સુખ ભોગવું છું તે સારૂ શું તું મને આવું મેહેણું મારેછે? ૨. સકામ=કૃતાર્થ.

ગ્રહણ કરાવું? મને સુખ પણ ક્યાંથી મળે? ત્હારા પ્રેમને લીધે મેં આ વિષયમાં કુમારિકાઓને વિરુદ્ધ સ્વાતંત્ર્ય લઈને અયશ સંપાદિત કર્યો છે, વિનયને ધિક્કાર્યો છે, ગુરુવચન ઉલ્લંઘ્યું છે, લોકાપવાદ ગણકાર્યો નથી, અને સ્ત્રીજનનું સહજ ભૂષણ જે લજ્જા તે પણ મેં ત્યજી દીધી છે, તો કહે હવે હું એ કામમાં કેમ કરીને ફરીથી મન ઘાલું? માટે હું તને આ હાથ જોડીને, પ્રણામ કરીને, ચરણ-સ્પર્શ કરીને કહું છું કે મ્હારા ઉપર અનુગ્રહ કર; ત્હારી સાથે મ્હારો જીવ પણ વનમાંજ ગયેલો છે તેથી હવે તું ફરીથી સ્વપ્નમાં પણ આ વાત મનમાં લાવીશ નહિ.—એટલું કહી કેયૂરક શાન્ત પડ્યો.

મહાશ્વેતા આ સાંભળી ઘણા વિચારમાં પડી, પણ થોડી વાર પછી એણે કેયૂરકને—તું જા, હું પોતેજ ત્યાં આવીને જે યોગ્ય હશે તે કરીશ—એમ કહી પાછો મોકલ્યો. તેના ગયા પછી પોતે ચંદ્રાપીડને કહેવા લાગીઃ—રાજપુત્ર! હેમકૂટ રમણીય છે, ચિત્રરથની રાજધાની વિચિત્ર છે, કિંપુરુષ-દેશ બહુ કૌતુક ભરેલો છે, ગંધર્વ લોક ઘણા માયાળુ છે, અને કાદમ્બરી સરલ હૃદયની તથા ઉદાર સ્વભાવની છે; માટે જો તમને આવવાથી ઘણો ખેદ થશે એમ લાગતું ન હોય, અથવા કોઈ ભારે કાર્ય બગડતું ન હોય, અથવા અંતઃકરણમાં અદૃષ્ટપૂર્વ દેશ જોવાનું કુતૂહલ હોય, મ્હારૂં વચન જો ગમતું હોય, આશ્ચર્ય-દર્શનથી જો અતિ સુખ થાય એમ હોય, આવો પ્રણય જો મને ઘટતો હોય, મ્હારૂં પ્રત્યાખ્યાન કરવું અયોગ્ય ગણતા હો, (આટલા સહવાસથી) જો પરિચય-લેશ પણ થયો હોય, અને મને અનુગ્રહ કરવાને જો ઈચ્છતા હો, તો આ મ્હારી વિનતી નિષ્ફલ કરશો નહિ. અહીંથી આપણે સાથેજ અતિ રમણીય હેમકૂટ ઉપર જઈશું અને મુજથી અભિન્ન કાદમ્બરીને મળીને, એની આ કુમતિ દૂર કરી, એક દિવસ ત્યાં વિશ્રામ લઈ બીજે દિવસ તમે પાછા પધારજો. તમને—મ્હારા નિષ્કારણ બાન્ધવને—જોઈનેજ, (તથા) આ મ્હારો વૃત્તાન્ત સંભળાવીને, દુઃખાન્ધકારના ભાર તળે ડબાઈ રહેલું મ્હારૂં અંતઃકરણ ઘણે કાળે આજ જાણે ઉચ્છ્વસિત થયુંછે, (અને) શોક જરા સહ્ય જેવો થયોછે. દુઃખી જનને પણ સજ્જન-સમાગમ આનંદ આપેછે, અને તમારા જેવા મહાપુરુષોનો ગુણોદય અન્ય જનોના સુખને અર્થે પરાધીન રહેછે.—આ ઉપરથી ચંદ્રાપીડે પ્રત્યુત્તર આપ્યો કેઃ—ભગવતિ! દર્શન થયું ત્યારથીજ આ શરીર તમારે સ્વાધીન છે માટે જે જે કાર્ય યોગ્ય લાગે

તેમાં નિઃશંકતાથી એનો યથેષ્ટ ઉપયોગ કરો.—એવું કહી મહાશ્વેતાની સાથેજ એ હેમકૂટ જવા નીસર્યો.

ચાલતાં ચાલતાં હેમકૂટ ઉપર આવી પહોચ્યા પછી ગંધર્વ-રાજ-ગૃહમાં જઈને, કાઞ્ચન-તોરણ જ્યાં બાંધેલાં હતાં એવા સાત ઓરડા ઓળંગીને ચંદ્રાપીડે, મહાશ્વેતાને દેખી દોડતા આવતા, દૂરથીજ પ્રણામ કરતા, હાથમાં સુવર્ણ-દંડ લઈને ચાલતા પ્રતીહારોએ બતાવેલે માર્ગે કન્યાન્તઃપુરના દ્વારમાં પ્રવેશ કીધો. અને પેસતાંજ એણે લાખો સ્ત્રી-ઓથી ભરેલો.—બીજો જાણે નારીમયજ સંસાર હોય, સંખ્યા ગણવા સારૂ જાણે એકત્ર ભેગી કરેલી ત્રિલોકની સ્ત્રીઓથી ભરપૂર હોય, પુરુષ વિનાની બીજી સૃષ્ટિ હોય, અપૂર્વ ઉત્પન્ન થયેલો નારીમય દ્વીપ હોય, પાંચમો જાણે નારીયુગનો અવતાર હોય,[1] પુરુષ-દ્વેષથી પ્રજાપતિયે જાણે જગત્નો બીજોજ ખેલ રચ્યો હોય, અનેક કલ્પમાં[2] કલ્પવા સારૂ સૃષ્ટિ-ને તૈયાર રાખેલો સ્ત્રીજનનો કોષ હોય એવો. એ અન્તઃપુરનો અંદર-નો ભાગ જોયો. દિશાઓને પૂરી નાંખતું, દિવસને જાણે અમૃત-રસના પ્રવાહથી સિંચતું, અંતરીક્ષને જાણે ભીંજવતું, લલનાઓની લાવણ્ય-પ્રભા-નું અતિવિસ્તીર્ણ પૂર ત્યાં બધે પથરાયલું હતું તેથી એ અભ્યન્તર જાણે તેજોમય હોય, હજારો ચંદ્રમંડલથી જાણે રચેલો હોય, ચંદ્રિકાથી જાણે ઘડેલો હોય, આભરણ-પ્રભાથી જાણે એની દિશાઓ બનાવેલી હોય, સ્ત્રીઓના વિભ્રમથીજ જાણે ત્યાં સર્વ ઉપકરણ સંપાદિત કરેલાં હોય, યૌવન-વિલાસથીજ જાણે એનાં સર્વ અવયવ ઉત્પન્ન કરેલાં હોય, રતિ-વિલાસનોજ જાણે ત્યાં સંચય કરેલો હોય, મદન-ચરિતથીજ જાણે ત્યાં અવકાશ કલ્પેલો હોય, અને અનુરાગથીજ જાણે તેનો સકલ પ્રદેશ અનુલિપ્ત હોય, એવો દેખાતો; તથા જાણે શૃંગારમય હોય, સૌન્દર્યમય હોય, સુરત-દેવતામય હોય, કુસુમશરમય હોય, કુતૂહલમય હોય, આશ્ચર્ય-મય હોય, સૌકુમાર્યમય હોય અને પ્રેમમય હોય એવો શોભતો !!

એ કન્યાઓની અગણિત સંખ્યાને લીધે, તેમની આજુ બાજુ મુખ-પ્રભા પ્રસરવાથી જાણે ચંદ્રબિમ્બની વૃષ્ટિ પડતી હોય; તેમના કટાક્ષથી, પૃથ્વી જાણે ચલિત-કુવલય-વનમય થતી હોય; ભ્રૂલતાઓના નિઃશંક વિભ્રમથી કરીને, કામ-ધનુષનાં જાણે સૈન્ય ચાલતાં હોય; કેશ-

---

૧. સત્યયુગ, ત્રેતા, દ્વાપર અને કલિ પછી પાંચમો. ૨. જુઓ પૃષ્ઠ ૫૪ નો. ૩.

કલાપના અંધકારથી કરીને, કૃષ્ણ-પક્ષના પ્રદોષ-સાર્થ જાણે ત્યાં ભેગા થતા હોય; સ્મિત-પ્રભાથી કરીને, પ્રફુલ્લ પુષ્પવડે ધવલ વસન્ત દિવસ જાણે ત્યાં સંચરતા હોય; શ્વાસ-પવનના પરિમલને લીધે, જાણે ત્યાં મલયાચલના વા વાતા હોય; કપોલ-મંડલના પ્રકાશથી કરીને, ત્યાં જાણે હજારો માણિક્ય-દર્પણ ઝગઝગતાં હોય; હાથેલીઓના લાલ રંગથી કરીને, પૃથ્વી ઉપર જાણે રક્તકમલનો વર્ષાદ વર્ષતો હોય; નખ-કિરણ ચળકવાથી, આઠે દિશાઓ જાણે હજારો મદન-બાણથી છવાઇ ગઇ હોય; ભૂષણ-કિરણનાં ઇન્દ્રધનુષથી, ગૃહનાં જાણે મયૂર-વૃંદ ઉડતાં હોય; અને યૌવન-વિકારથી, હજારો જાણે અનંગ ઉત્પન્ન થતા હોય—એવું ચંદ્રાપીડે જોયું.[1] તેમજ તે કુમારિકાઓના ઉચિત વ્યાપારના છળમાં,—સખીઓના હાથ ઝાલવામાં પાણિ-ગ્રહણ, વેણુ વગાડવામાં ચુંબન, વીણા વગાડવામાં નખ-વ્યાપાર, દડા રમવામાં કરતલ-પ્રહાર, ગૃહ-લતાઓને સિંચવા સારૂ કલશને કેડે લેવામાં હસ્તાલિંગન, હિંદોળાઉપર ઝુલવામાં નિતમ્બ તથા સ્તનનું ચલન, પાનની બીડી કરડવામાં દન્તોપચાર, બકુલને કુસુમ લાવવામાં મધુ-ગંડૂષનો છંટકાવ, અશોક વૃક્ષને તાડન કરવામાં ચરણઘાત, અને બલિ-કુસુમ ઉપર સ્ખલન થવામાં શીત્કાર—એ સર્વ પણ તેણે, અદ્વિતીય સુરત-વ્યાપાર જાણે કરતી હોય એમ તેઓમાં દીઠું.[2]

વળી ત્યાં એ કન્યાઓએ કપોલ-પ્રકાશ રૂપીજ મુખ-પ્રક્ષાલન કીધું હતું; લોચન રૂપીજ કર્ણોત્પલ પેહેર્યાં હતાં; હાસ્યચ્છવિ રૂપીજ અંગ-લેપ ચોળ્યો હતો; નિશ્વાસ રૂપીજ સુગંધ લગાવ્યો હતો; (ને) અધર-પ્રભા રૂપીજ કુંકુમ-લેપ કર્યો હતો.[3] એમના આલાપજ વીણાના શબ્દ હતા;

---

૧ આ વાકયનો પ્રત્યેક, પંચમી વિભક્તિવાળો ભાગ ઉપમેય રૂપ છે, ને તે પછીનો ઉપમાન છે. ૨. અહીં ખરૂ જોતાં તો કુમારીઓ પોતપોતાનાં યોગ્ય કાર્યમાં ગુંથાયલી હતી. તે કાર્ય ભિન્ન ભિન્ન વસ્તુઓ સાથે છતાં કવિયે એવી રીતે વર્ણવેલાં છે કે તે સર્વે રતિ-ક્રીડામાં થતાં હોય એવાં દેખાય. ૩. અર્થાત્ ગાલ ઉપરનો પ્રકાશ એવો કે મ્હોં ધોવાનો ખપજ પડે નહિ. લોચન એટલાં લાંબાં કે કર્ણ સુધી પ્હોચી કર્ણોત્પલનું કામ સારે... વિ૦. બાણભટ્ટે રચેલા શ્રીહર્ષચરિતના ત્રીજા ઉચ્છ્વાસમાં (પૃ. ૬૯) પ્રમદાઓની સુકુમારતાનું આવુંજ વર્ણન છેઃ—

यत्र प्रमदानाश्चक्षुरेव सहजं मुंडमालामंडनं भारः कुवलयदामानि.........
कपोला एव सततमालोककरा विभवो मणिप्रदीपाः ..... वि०.

ભુજલતાઓજ ચંપકમાલા હતી; કરતલજ લીલા-કમલ હતાં;[1] સ્તનજ દર્પણ હતાં; દેહ-પ્રભા રૂપીજ આચ્છાદન-વસ્ત્ર હતું; જઘન-સ્થલજ વિલાસ રમવાનાં મણિ-શિલાતલ હતાં; કોમલ અંગુલિયોનો રંગજ ચરણનો અલક્તક-રસ હતો; અને નખ-મણિના કિરણજ, ભૂમિ ઉપર મુકેલાં બલિ-પુષ્પના સમૂહ હતા. તેજ પ્રમાણે ત્યાં અલક્તક-રસ પણ એ કુમારીઓના ચરણને અતિભાર થઈ પડતો; બકુલ-માલાની મેખલા બાંધ્યાથી પણ ગમનમાં વિઘ્ન પડતું; ચોળેલા અંગરાગના ભારથી પણ અધિક અધિક શ્વાસ ચઢતો; વસ્ત્રના ભારથી પણ (શરીર) ગ્લાનિ પામતું; મંગલ કંકણ પેહેરવાથી પણ હાથ ધ્રુજ્યાં કરતા; કર્ણ-કુસુમ ધારણ કરવાથી પણ શ્રમ થતો; અને શ્રવણમાં પેહેરેલા કમલ ઉપર ભમતા ભ્રમરોની પાંખનો પવન પણ આયાસકારક થઈ પડતો !! વળી એ અન્તઃપુરમાં, સખીઓને મળવા સારૂ, હાથને ટેકો આપ્યા વિના ઉભાં થવું એ પણ કુમારિકાઓને અતિસાહસ લાગતું હતું; શૃંગાર સજતાં પેહેરેલા હારનો ભાર સહન કરવો એ સ્તનની કઠિનતાનોજ પ્રભાવ હતો; પુષ્પ ચુંટવામાં એકથી બીજું પુષ્પ ચુંટવું એ પણ યુવતિજનને અયોગ્ય હતું; કન્યાઓના અભ્યાસમાં માલ્ય-ગ્રથન પણ અસુકુમાર જનનું કામ ગણાતું હતું; અને દેવતાઓને પ્રણામ કરતાં મધ્ય ભાગનો ભંગ થતો એ કંઈ બહુ વિસ્મયકારક ન હતું.

એવા પ્રકારના એ કન્યાન્તઃપુરની જરા અંદર ગયો એટલે તેણે કાદમ્બરીની પાસે રેહેનારી, આમ તેમ ફરતી દાસીઓના વિવિધ પ્રકારના અતિ મનોહર આલાપ સાંભળ્યા:— અલિ લવલિકા ! કેતકીનો પરાગ લઈ લવલી લતાઓની આજુ બાજુ ક્યારા બાંધ. સાગરિકા ! ગંધોદકથી ભરેલાં કનકમય સરોવરમાં રત્નની રેતી પાથર. અલિ મૃણાલિકા ! કૃત્રિમ કમલિનીઓમાં ચક્રવાકદ્વંદ્વ ઉપર કુંકુમના ભૂકાની મુષ્ટિયો ભરી ભરીને છાંટ. મકરિકા ! કર્પૂર-પલ્લવનો રસ રેડીને ગંધપાત્રોને સુગંધિ કર. રજનિકા ! તમાલ વૃક્ષોની અંધારી કુંજમાં મણિ-પ્રદીપ મુક. અલિ કુમુદિકા ! પક્ષીઓ દાડમને કરડી ખાય નહિ માટે તેમને મોતીની જાળથી ઢાંકી નાંખ. અલિ નિપુણિકા ! મણિમય પૂતળીઓનાં સ્તન ઉપર કુંકુમ-રસની પત્રલતાઓ ચિતર. ઉત્પલિકા ! સોનાની સાવરણીઓ લઈ

---

૧. લીલા-કમલ=રમવાને હાથમાં રાખેલાં કમલ.

કદલી-ગૃહની મરકતમય વેદિને વાળી નાંખ. કેસરિકા ! મદિરા-રસ લઈને બકુલ પુષ્પના મંડપ ઉપર છાંટ. અલિ માલતિકા ! કામદેવ-ગૃહની દંતમય વલભિ ઉપર સિંદૂરના ભૂકાનો લાલ રંગ ચઢાવ. અલિ નલિનિકા ! ગૃહ-કલહંસને કમલનો મધુ-રસ પા. કદલિકા ! પાળેલા મયૂરોને ધારા-ગૃહમાં લઈ જા. અલિ કમલિનિકા ! ચક્રવાકનાં બચ્ચાંને મૃણાલમાંથી ક્ષીર-રસ કાઢીને ખવરાવ. આમ્રલતિકા ! પાંજરામાંના કોકિલને આંબાના મોરનો આહાર કરાવ. પલ્લવિકા ! ઘરનાં ખબુતરને મરીના છોડનાં કોમલ પલ્લવ-પત્ર ખવરાવ. અલિ લવંગિકા ! ચકોરનાં પાંજરાંમાં પિપ્પલી-પત્રના કડકા નાંખ. મધુકરિકા ! પુષ્પનાં આભરણ રચ. મયૂરિકા ! કિન્નર-મિથુનને સંગીતશાલામાં મોકલ. અલિ કંદલિકા ! જીવંજીવ પક્ષીનાં દ્વંદ્વને ક્રીડા-પર્વતના શિખર ઉપર ચઢાવી દે. અલિ હરિણિકા ! પંજરગત શુક-સારિકાઓને ઉપદેશ આપ.[1]

આ વિના બીજાં પરિહાસનાં વાક્ય પણ તેના સાંભળવામાં આવ્યાં કેઃ—અલિ ચામરિકા ! તું આમ મિથ્યા મુગ્ધતા દેખાડીને કોને છેતરવા ઇચ્છે છે ? અલિ યૌવન-વિલાસથી ઉન્મત્ત બની ગયેલી ! સ્તન-કલશના ભારથી શરીર નમી જવાથી તું મણિ-સ્તંભના મયૂરોને ટેકો દેછે તે અમે સમજ્યાં છીએ. અલિ પરિહાસની આકાંક્ષા રાખનારી ![2] તું તો રત્નમય ભીંતમાં પડેલા એ ત્હારા પ્રતિબિમ્બ સાથે વાત કરેછે. સખિ ! ત્હારૂં ઉત્તરીય વસ્ત્ર પવનથી ઉડી ગયું છે તેને સંકેલવાને બદલે તું તો હસ્તને શ્રમ આપી ત્હારા હારની પ્રભાને પકડેછે ! અલિ ! તું તો મણિ-ભૂમિ ઉપર મુકેલાં, પૂજાનાં કમલને પગ અડકશે એવી બ્હીકથી ત્હારાં પોતાનાં પ્રતિબિમ્બનેજ ત્યજી ત્યજીને ચાલેછે ! જાળિમાં પડતા પદ્મરાગ મણિના પ્રકાશને બાલ-સૂર્ય-પ્રકાશ ધારીને સખિ ! તું ત્હારા કરતલથી ઢાંકી દેતી દેખાયછે ! અલિ ત્હારા હાથમાંથી ખેદને લીધે ચામર પડી ગયું છે તે તો તું જાણતી નથી અને માત્ર ત્હારા નખ-મણિના કિરણનેજ હલાવ્યાં કરેછે !—આવાં આવાં વચન સાંભળતો સાંભળતોજ કુમાર કાદમ્બરીના મંડપ સમીપ ચાલ્યો.

---

૧. આવીજ રીતના મધુર આલાપ વાસવદત્તામાં (પૃ. ૧૫૭, પૃ. ૨૩૧–૨–૩) પણ જોવામાં આવેછે. ૨. કોઈ સ્ત્રી પરિહાસની આકાંક્ષાથી પોતાના પ્રતિબિમ્બનેજ સખી રૂપ જાણી તેની સાથે વાત કરતી હશે તેને આ વચન કહેલું છે.

ત્યાં જવાના માર્ગ ઉપર વાડીની લતાઓમાંથી પુષ્પ-પરાગનો ઢગ ગરી પડવાથી તે પુલિન જેવો શોભતો હતો. કૂજન કરતાં કોકિલોએ નખથી કોચેલાં, આંગણામાં ઉગેલા આંબાનાં ફલનો રસ ટપકવાથી ત્યાં દુર્દિન જેવું દેખાતું હતું. પવનથી પથરાયલા, બકુલ વૃક્ષપર છાંટેલી મધુ-ધારાના કણને લીધે ત્યાં જાણે ઝાકળ પડ્યું હોય એમ લાગતું હતું. ચમ્પક-પત્રના ઢગથી, તે જાણે કાઞ્ચન-દ્વીપ હોય એવો જણાતો હતો, અને કુસુમ-સમૂહમાં પડેલા મધુકર-વૃન્દના અંધકારથી તે શ્યામ અશોક-વન જેવો શોભતો હતો. વળી ત્યાં યુવતિયો આમ તેમ ફરતી હતી તેમના ચરણ ઉપર ચોપડેલો અલક્તક-રસ ગળવાથી, જાણે રાગ-સાગર થયો હોય,—તેમના અંગલેપના સુવાસથી, એ જાણે અમૃતની ઉત્પત્તિનો દિવસ હોય,—તેમનાં દંતપત્રનાં મંડલથી, એ જાણે ચંદ્રલોક હોય,—ગોરોચનાનાં તિલકની લેખાઓથકી, એ જાણે પ્રિયંગુ લતાઓનું વન હોય,—કૃષ્ણાગુરુથી રચેલા પત્રભંગને લીધે, એ જાણે શ્યામ થઈ ગયો હોય,—કર્ણમાં પેહેરેલાં અશોક-પલ્લવને લીધે, એ જાણે રક્ત થઇ ગયો હોય,—શરીરે લગાવેલા ચંદન-રસથી, એ જાણે ધવલ બની ગયો હોય,—અને શિરીષ-પુષ્પનાં તેમનાં આભૂષણને લીધે, એ જાણે લીલો લીલો થઈ ગયો હોય,—એવું જણાતું હતું. સેવાને અર્થે આવેલી, એ માર્ગની બંને બાજુએ ઉભી રહેલી સ્રિયો રૂપી લાવણ્યમય દુર્ગવડે એ જાણે એક લાંબી શેરીનું મુખ હોય એવો દેખાતો હતો. એ માર્ગની અંદર પડેલો આભરણ-કિરણનો પ્રકાશ જે, ભેગા થયેલા નદી-જલનો પ્રવાહ વહેતો હોય એવો લાગતો હતો તેની અંદર થઈને, જાણે સામે પૂરે ચાલતો હોય તેમ જ્યારે તે આગળ ગયો ત્યારે, તેણે એક શ્રીમંડપ દીઠો, જેના પુરોભાગ પાસે પ્રતિહારી-મંડલ રક્ષાને અર્થે બેઠેલું હતું.

તે મંડપના મધ્યભાગમાં, છેક છેડા સુધી પહોચતા મંડલાકારમાં બેઠેલી, આભૂષણ-સમૂહ ચળકવાથી કલ્પ-લતાઓ જેવી શોભતી અનેક સહસ્ર કન્યાઓની વચ્ચે તેણે, નીલ વસ્રના પ્રચ્છદપટથી ઢાંકેલા એક મ્હોટા પલંગ ઉપર,—ધોળે ઉશીકે, વાળીને મુકેલી ભુજ-લતાને આધારે રહેલી હોવાથી, મહાવરાહના દંષ્ટ્ર વચ્ચે લટકતી પૃથ્વી હોય એવી શોભતી કાદમ્બરીને જોઈ. એની દેહ-પ્રભાના વિસ્તીર્ણ જલમાં હાથ હલાવીને જાણે તરતી હોય તેમ ચામર-ગ્રાહિણીઓ એને પવન નાંખતી હતી. સર્વ સ્થલે એનાં પ્રતિબિમ્બ પડેલાં તેથી, જાણે મણિ-ભૂમિમાં થઈને નાગ

એને નીચે લઇ જતા હતા; આસપાસની રત્નમય ભિત્તિયોમાં થઇને દિક્પાલો એને જાણે હરી જતા હતા; ઉપર મણિ-મંડપમાં થઇને દેવ-લોક જાણે એને ઉંચે ઉચકી જતા હતા; મ્હોટા મ્હોટા મણિમય સ્તંભો-એ જાણે એને પોતાનાં હૃદયમાં પ્રવેશ કરાવ્યો હતો; તે ગૃહમાં મુકેલાં દર્પણોએ જાણે એનું પાન કીધું હતું; અને શ્રીમંડપમાં નીચે મ્હોંએ કોતરેલા વિદ્યાધર લોકો જાણે એને ગગનમાં ઉપાડી લઈ જતા હતા. જાણે એનું દર્શન કરવાના કુતૂહલથી ભેગાં થયાં હોય એમ, ચિત્રના છળમાં ત્રણે ભુવન એની આજુબાજુ ભરાયેલાં હતાં. એ મંડપને પણ એને જોવાની જાણે ઇચ્છા થયેલી તેથી તે, આભૂષણનો શબ્દ સાંભળી નૃત્ય કરતા સેંકડો મયૂરના વિચિત્ર ચંદ્રક[1] રૂપી હજારો લોચનવડે એને નિહાળતો હતો. એની દાસીઓ પણ દર્શન કરવાના લોભથી જાણે દિવ્ય ચક્ષુ લઇ આવી હોય તેમ અનિમિષ દૃષ્ટિથી એની સામુ જોયાં કરતી હતી.[2] લક્ષણ[3] પણ જાણે રાગાવિષ્ટ હોય તેમ એનાં સર્વ અંગમાં વ્યાપી ગયાં હતાં. બાલ્યાવસ્થા જાણે અપુણ્યશાલી હોય તેમ એ એનો ત્યાગ કરતી હતી.[4] (પિતાએ) દાન કર્યા વિના પણ, કામાવેશથી જાણે પરવશ થઇ જઇને યૌવન એનું ગ્રહણ કરતું હતું.[5] પગ ઉપર ચોપડેલા નિશ્ચલ રંગની કિરણ-લેખાઓ જાણે બ્હાર આવતી હોય, અલક્તક-રસથી રક્ત થયેલા લાવણ્ય-જલની સેરો જાણે વહેતી હોય, પેહે-રેલા રક્ત વસ્ત્રના પાલવની કોરો જાણે લટકતી હોય, પગનાં આભૂષણ-માંથી નીકળતા રત્ન-કિરણની જાણે રેખાઓ હોય, અને અતિકોમલ હોવાથી જાણે નખ-વિવરમાંથી રુધિર-ધારાનો વર્ષાદ વર્ષાવતી હોય એવી અંગુલિયોવાળા, તથા પૃથ્વીના તારાગણ જેવા નખ-મણિ-મંડલથી યુક્ત પોતાના ચરણવડે એ જાણે પ્રબાલ-રસની એક નદી પ્રવર્તાવતી હતી!

---

૧. મયૂર-પિચ્છના ચાંલ્લા. ૨. દેવની અનિમિષ દૃષ્ટિ સારૂ જુઓ પૃ. ૧૬૩ નો. ૪. ૩. લક્ષણ=શુભ ચિન્હ. ૪. જેણે પુણ્ય કીધાં હોય તેજ આવી કન્યા પાસે ટકી શકે. બાલ્યાવસ્થાએ નહિ કીધેલાં માટે તે હવે ત્યાં રહી શકે તેમ ન હતું.—અર્થાત્ એ કુંવરી બાલભાવ ત્યજી યુવા-વસ્થામાં આવતી હતી. ૫. લગ્ન-સમયે પિતાએ પુત્રીનું દાન કરવું જો-ઇયે—તે વિના લગ્ન થાય નહિ, પરંતુ યૌવન તો તે વિના એનું ગ્રહણ કરતું હતું.— અર્થાત્ યૌવન પ્રવેશ કરતું હતું. 'યૌવન'ને અહીં કામાતુર પતિ જેવું કલ્પેલું છે.

એના નૂપુર-મણિમાંથી નીકળતો કિરણ-સમૂહ, ગુરુ નિતમ્બના ભારથી ખિન્ન થયેલી જાંઘોને જાણે સાહાય્ય કરવાને ઉંચે ચઢીને જઘન-ભાગને સ્પર્શ કરતો હતો. પ્રજાપતિને હાથે અતિશય દબાયલા મધ્યભાગમાંથી ગળી પડેલો, જઘન-શિલાતલના પ્રતિઘાતથી જાણે દ્વિધા વિભક્ત થયેલો લાવણ્ય-જલનો પ્રવાહ હોય એવું એનું ઊરુ-યુગલ શોભતું હતું. સર્વ દિશાઓમાં લાંબા લાંબા કિરણ પ્રસારીને, ઈર્ષ્યાથી જાણે પરપુરુષનું દર્શન રુંધતો હોય, કુતૂહલથી જાણે વધારે વધારે ફેલાતો હોય, અને સ્પર્શ-સુખથી જાણે રોમોદ્‌ગમ પામતો હોય એવો મેખલા-કલાપ એના નિતમ્બની આસપાસ પરિવેષના[1] આકારમાં આવી રહ્યો હતો. (આકૃષ્ટ થઈને) પડેલાં સર્વ લોકનાં હૃદયના ભારથીજ જાણે એના નિતમ્બ અતિગુરુ થયેલા હતા.[2] ઉંચાં સ્તનને લીધે મુખનું દર્શન નહિ પામવાથી, ચિન્તામાં ને ચિન્તામાં જાણે એનો મધ્યભાગ ક્ષીણ થઇ ગયો હતો[3]!! સુકોમલતાને લીધે, સ્પર્શ કરતાં પ્રજાપતિની જાણે અંગુલિ-મુદ્રા અંદર ડુબી ગઈ હોય એવી, આવર્તયુક્ત[4] એની નાભિ હતી. એની રોમ-રાજિ, કામદેવે ત્રિભુવન-વિજયની પ્રશંસાને અર્થે લખેલી વર્ણાવલી જેવી શોભતી હતી.[5] મદનનું ચરણાસન, એનું સુંદર સ્તનયુગ,--અંદર પડેલા, કર્ણ-પલ્લવના પ્રતિબિમ્બને લીધે, હૃદય જાણે અતિશય ભાર તળે દબાઈ જવાથી હાથ ઉંચો કરી તેને ખસેડતું હોય તેમ-બ્હાર પડતું હતું.[6] એના બાહુ, કર્ણાભૂષણના નીચે પ્રસરતા દીર્ઘ કિરણ જેવા તથા નિર્મલ લાવણ્ય-જલમાં ઉગેલા મૃણાલ-દંડ જેવા શોભતા હતા; અને નખમાંથી વર્ષતા કિરણના વર્ષાદને લીધે, માણિક્યનાં ભારે વલય પેહેરવાથી જાણે શ્રાન્ત થઇ જઈને સ્વેદ-જલ-ધારા પાડતા હોય એવા એના બે કર દીસતા હતા. સ્તનના ભારથી નીચે નમી જતા મુખને જાણે ઉંચું કરતો હોય એમ ઉંચા કર કરીને હાર એના ચિબુકને સ્પર્શ કરતો

---

૧. પરિવેષ–જુઓ પૃ. ૪૧ નોટ ૩. ૨. જુઓ વાસવદત્તા–એજ વિચાર–પૃ. ૫૭--अशेषजनहृदयपतनसंजातगौरवाभ्याम् વિ૦.

૩. એજ વિચાર વાસવ૦માં પણ છે. (પૃ. ૫૫)–उन्नतपयोधरभारान्तरितमुखचंद्रदर्शनाप्राप्तिजनितखेदेनेव.........क्षीणतरतामुपागतेन मध्यभागेनालंकृताम् ॥ ૪. આવર્ત=જલમાં થતા ભમરા–પાણીનું ચક્રાકારે ભ્રમણ.

૫. જુઓ વા૦. પૃ. ૫૪–त्रिभुवनविजयप्रशस्तिरोमावली......

૬. હૃદયને સ્તનનો ભાર લાગેલો માટે તે જાણે તેને ખસેડતું હતું.

હતો !! એના સુંદર ઓષ્ઠ, નવ-યૌવનના પવનથી ક્ષોભ પામેલા રાગ-સાગરમાંથી નીકળતા તરંગ જેવા, તથા પરવાળાંના છોડ જેવા રાતા હતા; ગાલ લાલ, શ્વેત તથા સ્વચ્છ કાન્તિના હોવાથી, મદિરા-રસ ભરેલી માણિક્ય-શુક્તિના[1] સંપુટ જેવા શોભતા હતા; અને એની નાસિકા, રતિની વીણા વગાડવાના રત્નમય કોણ[2] જેવી સુશોભિત હતી. એનું ચક્ષુયુગલ જે મુખ-લક્ષ્મીને વસવાનો ક્ષીરસાગર હતું અને જેના ખુણા, પોતાની ગતિના માર્ગમાં વિઘ્ન આણતા શ્રવણ ઉપર જાણે ક્રોધાયમાન થઈને રક્ત થયેલા હતા,[3] તે વડે આખી સૃષ્ટિને જાણે એ લોચનમય કરવાને તત્પર થયેલી હતી ! મદમત્ત યૌવન-કુંજરની મદલેખા જેવી બે ભમરો, અને રાગયુક્ત મદનનું હૃદય જાણે વદન ઉપર ચ્હોટયું હોય એવું, મનઃશિલાના રસથી કરેલું તિલક-બિન્દુ એના લલાટમાં શોભતાં હતાં. કર્ણમાં એણે ઉંચા સુવર્ણનાં આભૂષણ પેહેરેલાં હતાં તથા મરકત અને માણિક્યનાં કુંડલ ડોલતાં હતાં તેથી, જાણે ઢીલા પડેલા કર્ણ-કમલમાંથી મધુ-ધારા છૂટતી હોય એવી શંકા ઉત્પન્ન થતી હતી. લલાટને લાલચોળ કરી દેતા, સેંથીને અડકતા ચૂડામણિમાંથી નીકળતા કિરણથી કરીને એના લાંબા કેશ જાણે મદિરા-રસમાં ધોવાતા હોય એવા શોભતા હતા. પોતાના અર્ધ દેહમાં પેઠેલા શંભુથી ગર્વિષ્ઠ થયેલી ગૌરીને જાણે હરાવવાની ઈચ્છાથી એ અંગે અંગે વ્યાપેલા અનંગ વડે પોતાનું અતિશય સૌભાગ્ય દર્શાવતી હતી !![4] પોતાની છાતીમાં રાખેલી એકજ લક્ષ્મીથી આનંદ પામતા વિષ્ણુનો ગર્વ હરી લેવાને એ, પ્રતિબિમ્બથી કરીને પોતાના રૂપમાંથી જાણે સેંકડો લક્ષ્મીને સૃજતી હતી !! મસ્તકમાં મુકેલી એકજ ચંદ્રથી વિસ્મિત થયેલા મહાદેવનું અભિમાન મુકાવવા સારૂ, પોતાનાં વિલાસયુક્ત સ્મિતથી એ જાણે દિશાએ દિશાએ હજારો ચંદ્ર ફેંકતી હતી !! નિર્દય થઈને પશુપતિ-

---

તે ખસેડવામાં પેલું પ્રતિબિમ્બ હાથનું કામ સારતું હતું. ૧. માણેકની છીપ. ૨. જેને 'ગજ' કહેછે તે. ૩. એજ વિચાર વાસવદત્તામાં છે. (પૃ. ૬૦)—गतिप्रसररोधकश्रवणकृतकोपेनेवोपान्तलोहितेन नयनयुगलेन भूषिता॥

૪. સૌભાગ્ય=સ્ત્રીને પતિની હયાતી (પ્રીતિ વિ૦) નું સુખ. પાર્વતીના અર્ધ દેહમાં એકજ શંભુ રહેલા તેટલાથી એને ગર્વ ચઢેલો—(કે હું મ્હારા પતિની ઘણી માનીતી છું) તેને જાણે ઉતારવાને, એ, અર્ધ દેહ તો શું પણ અંગે અંગે વ્યાપી ગયેલા કામથી પોતાનું સૌભાગ્ય દેખાડતી હતી.

યે એક મદન બાળી નાંખેલો તેથી જાણે રોષે ભરાઈને એ પ્રત્યેક હૃદયમાં લાખ્ખો મદન ઉત્પન્ન કરતી હતી!! વળી એ, રાત્રિ-જાગરણથી ખિન્ન થઈ ગયેલા, પોતાના પાળેલા ચક્રવાક-મિથુનને સુવા સારૂ ક્રીડા-નદીઓમાં કમલ-ધૂલિ રૂપી રેતીના નાના નાના પુલિન કરાવતી હતી. પરિજનોના નૂપુરનો શબ્દ સાંભળી દોડી જતા, પોતાના વ્હાલા હંસ-મિથુનને મૃણાલની સાંકળથી બાંધીને લાવવાની હંસ-પાલિકાને આજ્ઞા કરતી હતી. આભૂષણમાં જડેલા મરકતમણિના કિરણને જિવ્હા-સ્પર્શ કરતા, ભવન-હરિણના બચ્ચાને, સખીના શ્રવણમાંથી કાઢીને એક યવાંકુર આપતી હતી.[1] પોતે ઉછેરેલી લતાને પ્રથમ પુષ્પોદ્‌ગમ થયો છે એવું નિવેદિત કરવા આવેલી માલણને સર્વ આભૂષણનું દાન આપીને તેનું સન્માન કરતી હતી. વિવિધ વન-કુસુમ તથા ફલથી ભરેલો પત્રપુટ લઈને આવેલી, ક્રીડા-પર્વત ઉપર રહેનારી ભીલડીની ભાષા નહિ સમજાયાથી હસી હસીને એની પાસે વારે વારે વાત કરાવતી હતી. હાથથી નીચે પછાડયા છતાં વારંવાર ઉડીને ઉંચા આવતા, મુખ-પરિમલથી અંધ બની ગયેલા મધુકર વડે એ જાણે કાળા દડાની રમત રમતી હતી![2] પાંજરામાં બેઠેલાં ખબુતરનો શબ્દ સાંભળી દુષ્ટ સ્મિત કરતી પોતાની ચામર-ગ્રાહિણીના મસ્તક ઉપર, હસતી હસતી એ એક લીલા-કમલ મારતી હતી. તામ્બૂલ-કરંક-વાહિનીના પયોધર ઉપર, મોતીથી ભરેલી પોતાની ચંદ્રલેખાનું પ્રતિબિમ્બ પડવાથી, ત્યાં સ્વેદ-બિન્દુથી ભરેલાં નખ-ચિન્હ છે એવું જાણી, પટવાસની મુષ્ટિ ભરી તેના ઉપર એ ફેંકતી હતી.[3] રત્ન-કુંડલનું પ્રતિબિમ્બ ચામર-ગ્રાહિણીના ગાલ ઉપર પડવાથી, ત્યાં તાજા

---

૧. હરિણના બચ્ચાને લીલું ઘાસ ખાવાની ઈચ્છા થયાથી તે મરકત-મણિના લીલા કિરણને તે ધારીને ચાટતું હતું; તે જોઈ કા૦એ પોતાની સખીના કર્ણમાંથી યવાંકુર કાઢીને તેને ખાવા નાંખ્યું.

૨. જુઓ વિક્રમચરિત પૃ. ૯૧ શ્લોક ૬૧.

काचित् क्षिपन्ती मधुपं विशन्तमितस्ततः पाणिसरोरुहेण ।
बाल्ये कृतं कन्दुकताडनेषु श्रमं मृगाक्षी बहु मन्यते स्म ॥

૩. ચંદ્રલેખા=ચંદ્રાકારથી ભરેલું એક આભૂષણ. કાદમ્બરીના એ આભૂષણનું પ્રતિબિમ્બ એની સખીની છાતી ઉપર પડેલું, પણ તેમાંના અર્ધ ચંદ્રાકારનાં વક્ર પ્રતિબિમ્બ નખચિન્હ જેવાં લાગતાં, અને મોતીનાં પ્રતિ૰ જલ-બિન્દુ જેવાં દેખાતાં, તેથી કા૦એ એમ ધાર્યું કે એના પ્રીતમના નખ ત્યાં-છાતી ઉપર-પડ્યા હશે અને તેમાં સ્વેદબિન્દુ ચ્હોટ્યાં હશે!

દાંત બેઠેલા છે એવું ધારી, પ્રસાદના છળમાં આપેલું પોતાનું કર્ણ-પલ્લવ મુકીને હસતી હસતી તેને એ ઢાંકી દેતી હતી. પૃથ્વીની પેઠે એણે ઉંચા કુલ[ના]ભૂધરોનો સંબંધ ત્યજી દીધો હતો, અને શેષ-ભોગ ઉપર રહેલી હતી.[1] વસન્ત-લક્ષ્મીની પેઠે એનો પાદપરાગ, ભ્રમરોએ આણેલી પુષ્પની રજથી ધૂસર થયેલો હતો.[2] શરદ્‌ની પેઠે એણે માનસજન્મ-પક્ષિનો શબ્દ ઉત્પન્ન કરીને નીલકંઠનો ગર્વ ઉતાર્યો હતો.[3] પાર્વતીની પેઠે એના ઉત્તમ અંગનું આભૂષણ શ્વેતાંશુક[થી]રચિત હતું.[4] સમુદ્રને તીરે ઉગેલી વનલેખાની પેઠે એ ભ્રમર જેવા શ્યામ તમાલ કાનનયુક્ત હતી.[5] ચંદ્રમૂર્તિની સમાન એનાં ગુરુ-કલત્રનું ગ્રહણ અતિ પ્રબલ મદન-વિલાસથી થયું હતું.[6] વનરાજિની પેઠે એનો મધ્ય ભાગ, શ્વેત તથા શ્યામ લવલી લતાથી શોભતો હતો.[7] પ્રભાત-લક્ષ્મીની પેઠે એનો શૃંગાર, ભાસ્કર-મુક્તાંશુથી ભેદાયલા પદ્મરાગનો હતો.[8] આકાશ-કમ-

---

૧. કાદમ્બરી ઉંચા કુળના ભૂધરો—રાજાઓ—નો સંબંધ ત્યજીને—અર્થાત્ કુમારી રહીને શેષ—બાકીના, લગ્ન-સુખ વિનાના, ભોગ ભોગવતી હતી. પૃથ્વી સાથે લેતાં કુલભૂધર=કુલપર્વત (જુઓ પૃ. ૨ નો. ૪); અને શેષભોગ=શેષ નાગની ફેણ.

૨. પાદપરાગ=કા૦ના પાદ—પગ, ઉપરનો પરાગ—રજ; વસન્તનાં પાદપ—વૃક્ષ, નો રાગ—રંગ. ૩. માનસજન્મ=મદન; હંસ. પક્ષિ=પાંખવાળાં—બાણ; અને પંખી. નીલકંઠ=મહાદેવ; મયૂર. કા૦એ મદન-બાણનો શબ્દ ઉત્પન્ન કરી મહાદેવનો ગર્વ ઉતાર્યો હતો. કારણ મહાદેવે કામને બાળેલો તે એણે ઉત્પન્ન કર્યો. શરદ્‌માં હંસનો શબ્દ સાંભળી મયૂરનો ગર્વ ઉતરે તે સારૂ જુઓ પૃ. ૧૪૨ નો. ૧. ૪ ઉત્તમ અંગ=ઉત્તમ શરીર (કા૦ નું); તેનું આભૂષણ શ્વેતાંશુક=શ્વેત વસ્ત્રનું રચેલું. પાર્વતીનું ઉત્તમ અંગ—મસ્તક, શ્વેતાંશુક—શ્વેત કિરણવાળો—ચંદ્ર તેથી અલંકૃત; અથવા પાર્વતીનું શિરોભૂષણ શ્વેતાંશુ—ચંદ્ર, ના કર—કિરણ—થી ચિત ભરેલું હતું. ૫. (શ્યામતમ+અલક+આનન). કા૦ ને ભ્રમર જેવી શ્યામતમ—અતિશ્યામ, અલક—વાળની લટો, વાળું આનન—મુખ હતું; સમુદ્ર તીરે શ્યામ તમાલ વૃક્ષનાં કાનન—અરણ્ય હોય.

૬. ગુરુ-કલત્ર=(કા૦ના) ગુરુ—ભારે, કલત્ર—નિતંબ. ચંદ્રે કામાવેશથી ગુરુ-કલત્ર—ગુરુની ભાર્યા—બૃહસ્પતિની પત્ની—નું ગ્રહણ કીધું હતું.

૭. (શ્યામલ+વલીલતા) શ્યામલ=કાળી, વલીલતા=કરોચલી; વનરાજિમાં શ્યામ—કાળી, લવલી જાતની લતાઓ હોયછે. ૮. ભાસ્કર=પ્રકાશતા, મુક્તાંશુ—મોતીના કિરણ, તેથી ભેદાયલા પદ્મરાગ-મણિ કા૦

લિનીની સમાન, એના સ્વચ્છ અંબરમાંથી મૃણાલ જેવું કોમલ ઊરુ-મૂલ દેખાતું હતું.[1] મયૂરોની હારની પેઠે, નિતંબ સુધી પહોચતા એના શિખંડ-ભારમાં ચંદ્રકાન્ત ઝળકતા હતા.[2] અને કલ્પવૃક્ષની લતા જેવી એ કામ-ફલ આપનાર હતી.[3] વળી એ, શયન-સમીપ સંમુખ બેઠ બેઠ તેની[4] કાન્તિનું વર્ણન કરતા કેયૂરકને—એ કોણ છે? કોના પુત્ર છે? એમનું નામ શું છે? એમનું રૂપ કેવું છે? વય કેટલી છે? એ શું કહેતા હતા? તેં શું કહ્યું? ક્યાં સુધી એમને તેં જોયા? મહાશ્વેતા સાથે એમનો પરિચય ક્યાંથી થયો? અહીં એ આવશે કે નહિ—એમ વારંવાર ચંદ્રાપીડ સંબંધીજ વાત પૂછતી હતી.

આવી કાદમ્બરી રૂપી ચંદ્રલેખાની શોભા જોતાંજ ચંદ્રાપીડનું હૃદય સમુદ્ર-જલની પેઠે ઉછળવા લાગ્યું,[5] અને એને વિચાર થયો કે—બ્રહ્માએ મ્હારી બીજી ઇન્દ્રિયો પણ કેમ લોચનમયજ ન કરી?[6] આ આંખે તે શાં એવાં પુણ્ય કીધાં હશે કે એ (એકલીજ) આને અનિ-વારિત જોઇ શકે છે? અહો! પ્રજાપતિયે સર્વ રમણીયતાનો આ એકજ ભંડાર કેવો વિચિત્ર ઉત્પન્ન કીધો છે? આવા અતિશય રૂપના પર-માણુ[7] ક્યાંથી આણ્યા હશે? મને લાગેછે કે આને ઘડતાં ઘડતાં પ્રજા-પતિના કર-સ્પર્શથી થતા દુઃખને લીધે આની આંખોમાંથી જે અશ્રુ-બિન્દુ પડેલાં તેમાંથીજ ખરેખર આ જગતૂનાં કુમુદ, કમલ, કુવલય તથા સૌગન્ધિકનાં વન ઉત્પન્ન થયાં હશે!!—એમ વિચારતાં વિચારતાંજ એની દૃષ્ટિ કાદમ્બરીનાં નયન ઉપર પડી; અને તેજ ક્ષણે, કેયૂરકે વર્ણ-વેલો રાજપુત્ર આજ હશે એમ ધારતી કાદમ્બરીની પણ દૃષ્ટિ—જે એનું અતિશય રૂપ જોઇ વિસ્મયથી ચિત્રવિચિત્ર બની ગઇ હતી તે—એના ઉ-

---

એ પેહેર્યા હતા. પ્રભાત-લક્ષ્મીને ભાસ્કર–સૂર્ય,થી મુક્ત–પથરાયલા, અંશુ–કિરણ,વડે ભેદાયલાં–ઉઘડેલાં, પદ્મ–કમલ, તેમનો રાગ–રક્ત વર્ણ, આભૂષણ જેવો. ૧. આકાશ૦—જુઓ પૃ. ૯૮ નો. ૨. અંબર=વસ્ત્ર; આકાશ. ઊરુ=ઝાંઘ. આકાશમાં ઊરુમૂલ=ઉડુમૂલ=મૂલ નક્ષત્ર દેખાય. ૨. કા૦ના નિતંબ સુધી પહોચતા શિખંડ–કેશ,માં ચંદ્રકાન્ત મણિ ઝગઝગતા; નિતંબ–પર્વતની ટેકરી–બાજુ–તેને અડકતો શિખંડ–મયૂર-પુચ્છ, તેમાં ચંદ્રક–ચાંલ્લા,ના અંત–છેડા, દેખાય. (મયૂર પર્વતે બેઠા હોય એમ ધારવું.) ૩. કામફલ=મદન-વિકારનું ફલ; ઇચ્છિત ફલ. ૪. ચંદ્રાપીડની. ૫. જુઓ પૃષ્ઠ ૯૪ નો. ૨. ૬. જુઓ વા૦ ૬૦ પૃ. ૧૫૮—किमिति लोचनमयान्येव ममाङ्गानि न कृतानि विधिना ॥ ૭. ઝીણામાં ઝીણા કણ.

પર પડી, અને નિશ્ચલ ધ્યાનથી ઘણી વાર સુધી ત્યાં ટકી રહી. એની લોચન-પ્રભાથી ધવલ થઈ ગયેલો ચંદ્રાપીડ તે ક્ષણે કાદમ્બરીને જોઈ વિહ્‌વલ થઈ ગયેલા બલરામ જેવો દેખાયો.[1] કુમારને જોયા પછી પ્રથમ રોમોદ્‌ગમ, પછી ભૂષણ-રવ, અને છેલ્લે કાદમ્બરી પોતે ઉભી થઈ. મદન-વિકારથીજ એને આ સમયે સ્વેદ થઈ આવ્યો પણ તેનું કારણ, જાણે સત્વર ઉઠવાનો શ્રમ હોય એમ જણાયું! એની ગતિને ખરેખરો રુંધનાર તો ઊરુ-કંપજ હતો પણ તેનો અપયશ નૂપુર-સ્વર સાંભળી દોડી આવેલા હંસ-મંડલને માથે! નિશ્વાસ ચાલવાથીજ એનું વસ્ત્ર કંપવા લાગ્યું પરંતુ ચામરનો પવન એનું નિમિત્ત હોય એમ દેખાયું! અંતરમાં બિરાજતા ચંદ્રાપીડને સ્પર્શ કરવાના લોભથીજ એનો હાથ તે ક્ષણે છાતી ઉપર પડ્યો, પરંતુ તે જાણે સ્તનને ઢાંકી દેવા મુકયો હોય એમ લાગ્યું! આનંદથીજ એની આંખમાં અશ્રુ ભરાઈ આવ્યાં, પણ હાલેલા કર્ણ-પૂરની કુસુમ-રજ તેના કારણ જેવી થઈ પડી! લજ્જાને લીધેજ એનાથી બોલી શકાયું નહિ, પરંતુ મુખ-કમલના પરિમલથી દોડી આવતા મધુકર જાણે એને અટકાવતા હોય એમ દેખાયું! મદન-બાણના પ્રથમ પ્રહારની વેદનાથીજ એને સીત્કાર થવા લાગ્યા, પરંતુ પુષ્પના ઢગમાંથી કેતકીનો કાંટો વાગ્યાથી તે ઉત્પન્ન થયા હોય એમ જણાયું! કંપથીજ એનો હાથ ધ્રુજવા લાગ્યો, પણ સમાચાર કહેવા આવેલી પ્રતિહારીને ના કહેવા સારૂ જાણે તે હલાવ્યો હોય એમ દેખાયું! વળી તે સમયે કાદમ્બરીના હૃદયમાં પ્રવેશ કરતા મદનનો પણ એક જાણે બીજો મદન ઉત્પન્ન થયો જે કાદમ્બરી સહિત ચંદ્રાપીડના અંતઃકરણમાં પેઠો. તેણે કરીને એ પણ ગંધર્વરાજપુત્રીના રત્નાભરણની પ્રભાને પણ આચ્છાદન વસ્ત્ર જેવી ગણવા લાગ્યો; પોતાના હૃદયમાં તેના પ્રવેશને પણ પરિગ્રહ માનવા લાગ્યો; તેના ભૂષણ-રવને પણ સંભાષણ ધારવા લાગ્યો; પોતાની સર્વ ઇન્દ્રિયોના હરણને પણ પ્રસાદવત્ માનવા લાગ્યો; અને તેની દેહ-પ્રભાના સ્પર્શથી પણ સુરત-સમાગમનું સુખ ભોગવતો હોય એમ એ કલ્પવા લાગ્યો!

---

૧. બલદેવજી ઘણા ગૌર વર્ણના હતા તથા કાદમ્બરી—મદિરા—ને ઘણા ચાહાતા હતા તેથી તે જોઈ વિહ્‌વલ થાય. (જુઓ પૃ. ૧૨૨ નો. ૮). તેમજ ચંદ્રા૦ કા૦ની લોચન-પ્રભાથી ગૌર દેખાતો હતો અને કા૦—ગંધર્વ-રાજપુત્રી—ને જોઈને વિહ્‌વલ બની ગયેલો.

કાદમ્બરી, જાણે મહાશ્રમથી કેટલાંક પગલાં આગળ આવીને, બહુ દિવસે દર્શન થવાથી ઉત્કંઠિત થયેલી મહાશ્વેતાને કંઠે સ્નેહ તથા ઉત્કંઠાથી બાઝી પડી. મહાશ્વેતાએ પણ એને અતિદૃઢ કંઠાલિંગન દીધું અને કહ્યું:—સખિ કાદમ્બરિ! ભરતખંડમાં પ્રજાની પીડા હરનાર તારાપીડ નામે નરપતિ રાજ્ય કરેછે, જેમણે પોતાના અસંખ્ય, ઉત્તમ અશ્વોની ખરીઓના અગ્રભાગથી ભૂમિને ખોદીને ચારે સમુદ્રને મુદ્રિત કરેલા છે, તેમના આ, નિજ ભુજ-શિલા-સ્તંભ ઉપર વિશ્રાન્ત વિશ્વને વંદનીય ચંદ્રાપીડ નામે પુત્ર છે. દિગ્વિજય કરવા નીસર્યા પછી ફરતા ફરતા એ અહીં આવી ચઢ્યા છે. એમને જોયા ત્યારથીજ મ્હારે એમની નિષ્કારણ મૈત્રી થઈછે, અને સર્વનો સંગ ત્યાગ કરીને નિષ્ઠુર થઈ ગયેલી પણ મ્હારી ચિત્તવૃત્તિ એમના અસાધારણ, સરલ સ્વભાવના ગુણથી આકૃષ્ટ થયેલી છે. આવા, સભ્યતાથકી પરવશ, શુદ્ધ અંતઃકરણના, ચતુર, અકારણ-મિત્ર મળવા દુર્લભ છે માટે હું એમને અહીં બલાત્કારે લઈ આવીછું કે એમને જોઈને મ્હારી પેઠે તું પણ—રચવામાં પ્રજાપતિની પ્રવીણતા, રૂપની અદ્વિતીયતા, લક્ષ્મીનો યોગ્ય સ્થાને પ્રેમ, પૃથ્વીનું સદ્ભર્તાનું સુખ, માનુષ લોકની દેવ લોક કરતાં શ્રેષ્ઠતા, મર્ત્ય સ્ત્રીઓનાં લોચનની સફલતા, સર્વ કલાઓનો એક સ્થાને સમાગમ, સૌભાગ્યનું ઐશ્વર્ય, અને મનુષ્યોની અગ્રામ્યતા[1]—જાણે. વળી ત્હારા વિશે મેં એમને બહુ પ્રકારે સૂચના આપેલી છે માટે,—એમને પેહેલાં કોઈ દિવસ જોયા નથી—એમ ધારીને જો લજ્જા આવતી હોય તો તે કોરે મુકી,—એમનો મ્હારે કંઈ પરિચય નથી—એમ ધારીને જો અવિશ્વાસ આવતો હોય તો તે ત્યજી દઈ,—એમના સ્વભાવથી હું અજાણી છું—એમ જાણીને જો કંઈ શંકા આવતી હોય તો તે દૂર કરી, જેમ તું મ્હારી સાથે વર્તે છે તેમ એમની સાથે પણ વર્તજે.—એ ત્હારા મિત્ર છે, બાંધવ છે, અને પરિજન છે.—આ પ્રકારે મહાશ્વેતાએ કહ્યું એટલે રાજપુત્રે પ્રણામ કર્યા; અને સ્નેહ સહિત કટાક્ષથી તેને પ્રણામ કરતો નિહાળી, કાદમ્બરીની કીકી જે એના અતિ દીર્ઘ લોચનના ખુણા તરફ જતી હતી તેમાંથી જાણે શ્રમ-જલ-બિન્દુઓ પડતાં હોય તેમ આનંદાશ્રુ ટપકવા લાગ્યાં! સત્વર આગળ દોડી ગયેલા હૃદયની પછવાડે ઉડતી ધૂળ હોય તેમ, અમૃત જેવી શ્વેત એની સ્મિત-પ્રભા

---

૧. આ સર્વ ચંદ્રાપીડનાજ સંબંધમાં છે.

પથરાવા લાગી!! આ મનગમતા કુમારનું, પ્રતિપ્રણામ કરીને સંમાન કર—એવું જાણે મસ્તકને કહેવા સારૂજ એની એક ભ્રૂલતા જરા ઉંચી ચઢી!! અંગુલિયો વચ્ચેથી મરકત મણિની વીંટીઓના કિરણ નીકળવાથી, લીલાસહિત જાણે પાનની બીડી લીધી હોય એવો દેખાતો એનો હાથ, બગાસું આવવાનું થયાથી ઉઘડેલા મુખ તરફ ગયો. સ્વેદ-જલના ઝરણ વડે સકલ લાવણ્ય ધોવાયાથી સ્વચ્છ થયેલાં એનાં અવયવોમાં સર્વ સ્થલે પ્રતિબિમ્બ પડવાથી ચંદ્રાપીડ જાણે ફરતો કામદેવ હોય એવો દેખાવા લાગ્યો.—કેમ જે મણિભૂમિ ઉપર (કંઈક) આળેખતા એના પાદાંગુષ્ઠે જાણે મણિનૂપુરના ઝણકારથી એને બોલાવ્યો હોય તેમ એ ચરણનખમાં આવી પડ્યો હતો! જોતાંજ સત્વર દોડી જઈને (કાદમ્બરીનું) હૃદય જાણે એને લઈ આવ્યું હોય તેમ એ એના સ્તનાભ્યન્તરમાં દેખાતો હતો! અને વિકસિત કુવલયની માલા જેવી દીર્ઘ દૃષ્ટિયે એનું પાન કીધું હોય તેમ એ એના ગાલ ઉપર જોવામાં આવતો હતો! વળી તે સમયે, ત્યાં બેઠલી સર્વે કન્યાઓ જે એને કુતૂહલથી કટાક્ષ નાંખી નાંખીને જોતી હતી તેમની, ખુણાસુધી ગયેલી, ચંચલ કીકીઓ જાણે બ્હાર નીકળી જવા ઇચ્છતી હોય તેમ, કર્ણપૂર ઉપરના ભ્રમરની સાથે ભમવા લાગી.

કાદમ્બરી લીલાયુક્ત પ્રણામ કરીને[1] મહાશ્વેતાની સાથે પલંગ ઉપર બેઠી, અને ત્વરાથી પરિજનીએ આણીને શયનના માથાભણી મુકેલા, ધોળા વસ્ત્રથી ઢાંકેલા, સુવર્ણના પાયાવાળા એક નાના આસન ઉપર ચંદ્રાપીડ બેઠો; એટલે તરતજ, કાદમ્બરીના ચિત્તનો અભિપ્રાય સમજી જઈ, મહાશ્વેતાને સારૂ લગાડવાને સર્વ પ્રતિહારીઓએ, બીડેલા મ્હોંઉપર આંગળી મુકી ચૂપ રહેવાની સંજ્ઞા કરી, વેણુના સ્વર, વીણાના ઘોષ, ગીતના ધ્વનિ અને માગધીઓના[2] જયશબ્દ સર્વ સ્થલેથી બંધ કરાવ્યા. પછી એક દાસી ત્વરાથી જલ લઈ આવી તે વડે, કાદમ્બરીએ પોતેજ ઉઠીને મહાશ્વેતાના ચરણનું પ્રક્ષાલન કીધું, અને પોતાના ઉત્તરીય વસ્ત્ર વડે તેમને લોહીને ફરીથી તે શયન ઉપર બેઠી. ચંદ્રાપીડના પણ ચરણનું પ્રક્ષાલન, રૂપમાં કાદમ્બરીના જેવીજ, તેની વિશ્વાસ-ભૂમિ[3] મદલેખા નામની પ્રાણપ્રિય સખીએ, ના ના કહેવા છતાં બલાત્કારે કર્યું. પછી કર્ણાભૂષણની પ્રભાથી છવાઈ ગયેલા (કાદમ્બરીના)

૧. ચંદ્રાપીડને પ્રતિપ્રણામ કરીને. ૨. માગધી=ચારણની સ્ત્રીઓ.
૩. વિશ્વાસનું સ્થાન. (Confidente.)

સ્કંધ-દેશ ઉપર વ્હાલથી હાથ ફેરવતી ફેરવતી, ભ્રમરના ભારથી લચી ગયેલા કર્ણ-પલ્લવને ઉછાળતી ઉછાળતી, ચામર-પવનથી વિખેરાઈ ગયેલી કેશની લટોને બાઝતી બાઝતી મહાશ્વેતા એને કુશલતાના સમાચાર પૂછવા લાગી. પણ કાદમ્બરી તો સખીનો આવો પ્રેમ જોઈ, પોતે ઘરમાં રહી એ જાણે એક મ્હોટો અપરાધ થયો એમ જાણી,[1] કુશલતાથીજ લજવાતી, જરા કષ્ટથી બોલી શકી કે—હા બેન, હું સારી છું. આ સમયે પોતે શોકાતુર હતી, તથા મહાશ્વેતાના મુખ સામુંજ જોઈ રહેવાને યત્ન કરતી હતી તોપણ કટાક્ષ ફેંકવાથી હાલતી ચંચલ કીકીને લીધે જેનો મધ્ય-ભાગ વિચિત્ર દેખાતો હતો એવા પોતાના ચક્ષુને, ધનુષ્ ચઢાવી ઉભેલો અનંગ વારેવારે બલાત્કારે, ચંદ્રાપીડને જાણે પીડવાનેજ (તેના ભણી) લઈ જતો હતો ત્યાંથી વારી શકી નહિ. તેજ ક્ષણે, પોતાની પાસે બેઠેલી સખીના ગાલ ઉપર એ રાજપુત્રને જોઈને એને ઈર્ષ્યા આવવા લાગી;[2] પોતાનાં સ્તન ઉપર રોમોદ્ગમ થવાથી, તેમાં પડેલું એનું પ્રતિબિમ્બ નાશ પામ્યું તે ઉપરથી એ વિયોગ-દુઃખ ભોગવવા લાગી; સ્વેદથી ભીની થયેલી (ચંદ્રાપીડની) છાતીમાં પૂતળીની પ્રતિમા પડેલી દેખાયાથી એને એ સપત્ની ઉપર રોષ આવવા લાગ્યો;[3] એના નિમેષથી પોતે દૌર્ભાગ્યનો[4] શોક કરવા લાગી; અને પોતાની આંખોમાં આનંદાશ્રુ ભરાઈ આવવાથી જ્યારે એને એ દેખી શકી નહિ ત્યારે અંધતાનું દુઃખ એને થવા લાગ્યું!! થોડી વાર પછી એણે તામ્બૂલ આપવા માંડ્યું ત્યારે મહાશ્વેતાએ કહ્યું:—સખિ કાદમ્બરિ! અમે બધાંએ તો ખાધુંજ છે પણ આ પહેલી વાર પધારેલા ચંદ્રાપીડની સેવા કરવી જોઈએ માટે આ બીડી તો તું એમને આપ.—આ સાંભળી મુખ જરા વાંકુ વાળી, નીચી દૃષ્ટિ કરી, એણે ધીમે સ્વરે જરા અસ્ફુટ ઉત્તર આપ્યો:—પ્રિય સખિ! પરિચય વિના આવું પ્રાગલ્ભ્ય દર્શાવતાં હું શરમાઉછું; લે તુંજ એમને આપ.—આવું કહ્યા છતાં પણ જ્યારે મહાશ્વેતાએ એને ઘણું ઘણું સમજાવી ત્યારે,

---

૧. જુઓ પૃ. ૨૨૬ લી. ૧૦ નો. ૧ લી. ૨. સખીના ગાલ ઉપર ચં૦નું પ્રતિબિંબ પડેલું તે પણ એનાથી ખમી શકાયું નહિ. પ્રતિબિંબને સાક્ષાત્ ચં૦જ માની, સખીની ઈર્ષ્યા કરવા લાગી. ૩. પૂતળીને સપત્ની—શોક—જેવી ગણી તેના ઉપર એ રોષે ભરાઈ. ૪. દૌર્ભાગ્ય=પતિના મરણ વા નાશનું દુઃખ. ચં૦ આંખ મીચે તે વખતે જાણે એ અનિષ્ટ અવસ્થાન્તરમાં આવ્યો એમ ગણી વૈધવ્ય-દુઃખ ભોગવતી.

જાણે ગ્રામ્ય હોય તેમ આખરે એણે, જેમ તેમ કરતાં, બીડી આપવાની હા કહી; અને મદન-શર-પ્રહારથી મૂર્છિત થઈને, સ્વેદ-જલના પ્રવાહમાં જાણે ન્હવાઈ જઈને,—એજ સ્વેદ-જલના પ્રવાહમાં ડુબી જવાના ભયથી પોતાના હાથને જાણે ઝાલી લેવાનું કહેતી હોય, તથા ભયભીત થઈ જઈને પડવાની તૈયારીમાં આવ્યાથી જાણે (ચંદ્રાપીડનો) હાથ પકડી લેવાનો પ્રયત્ન કરતી હોય તેમ,—મહાશ્વેતાના મુખ તરફથી દૃષ્ટિ ફેરવ્યા વિનાજ એણે કંપતે શરીરે,—આકુલિત આંખે,—અતિશય હાંફતે હૈયે, બીડી સહિત પોતાનો હાથ લાંબો કર્યો.

એટલે તરતજ ચંદ્રાપીડે પણ પોતાનો હસ્ત જે જય-કુંજરના કુંભ-સ્થલ ઉપર અફળાવાથી જાણે સિંદૂરવાળો થયો હોય એવો સ્વભાવેજ રક્ત હતો,—ધનુષ્યની પણછ ખેંચવાથી પડેલા આંકાને લીધે જરા શ્યામ થવાથી, જેના ઉપર, કેશ પકડીને ખેંચી આણતાં અશ્રુપાત કરતી રિપુ-લક્ષ્મીનાં લોચન અડકવાથી જાણે અંજન-બિન્દુઓ ચ્હોટી ગયાં હોય એમ દેખાતું હતું,—પ્રસરતા નખ-કિરણને લીધે જેની અંગુલિયો જાણે અતિશય વેગથી આગળ દોડી આવી હોય, વધી ગઈ હોય, કે હસતી હોય એવી દેખાતી હતી,—અને જે, સ્પર્શ-લોભથી તત્કાળ ત્યાં ભેગી થયેલી, રાગ-યુક્ત પાંચે ઈન્દ્રિયો વડે,[1] બીજી જાણે અંગુલિયોથી યુક્ત હોય એવો જણાતો હતો, તે આગળ ધર્યો. તે સમયે સુલભ વિલાસ-દર્શનની જાણે આતુરતાથી, સર્વે રસ કોણ જાણે ક્યાંથીએ આવીને કાદમ્બરીમાં વસ્યા; અને એણે, આડી દૃષ્ટિ રાખ્યાથી આશરે આશરે પ્રસારેલો પોતાનો હસ્ત જેના નખ-કિરણ ચંદ્રાપીડના હસ્તને જાણે શોધી કાઢવાનેજ આગળ આગળ દોડતા હતા, અને કંપથી કરીને હાલતાં કંકણના શબ્દ વડે જે જાણે સંભાષણ કરતો હતો તે (હસ્ત) વડે, સ્વેદ-જલમાં સ્નાન કીધા પછી,—અનંગે તમને અર્પણ કરેલી આ દાસીનું ગ્રહણ કરો—એમ કહીને જાણે પોતેજ તેને અધીન થતી હોય તેમ, તથા—આજથી હવે મ્હારો જીવ તમારે હાથ છે—એમ કહીને જાણે પોતાનો જીવજ આપતી હોય તેમ પેસી

---

૧. આવોજ વિચાર શેક્સ્પિયરે દૃષ્ટિના સંબંધમાં દર્શાવ્યોછે:—

"All senses to that sense did make their repair,
"To feel only looking on fairest of fair:
"Methought all his senses were lock'd in his eye,
"As jewels in crystal for some prince to buy."

Love's Labour's Lost, Act II., Sc. I.

પાનની બીડી ચંદ્રાપીડના હાથમાં મુકી ! પણ સ્પર્શ-તૃષ્ણાથી ભુજ-લતાની સાથે સાથેજ આવેલું, કામ-બાણથી મધ્યે ભેદાઇ ગયેલું પોતાનું જાણે હૃદય હોય એવું રત્ન-વલય, (બીડી આપીને) હાથ પાછો ખેંચી લેતાં નીકળી પડ્યું તેનીએ એને ખબર પડી નહિ!![1] ત્યાર પછી બીજી બીડી લઇને એણે મહાશ્વેતાને આપી.

એટલામાં,—કુમુદ-કેસરના જેવા પીળા ચરણને લીધે, ચંપક-કલિના જેવા મુખને લીધે, તથા કુવલય-પત્ર જેવી શ્યામ પાંખોને લીધે, જાણે પુષ્પમય હોય એવી જે દેખાતી હતી, તથા જેની પછવાડે એક, કુંડાળુ વળેલા ઇન્દ્રધનુષ્ જેવો ત્રણ રંગનો કાંઠલો કોટમાં ધારણ કરતો, પ્રબાલના અંકુર જેવી લાલ ચાંચવાળો, અને મરકત જેવી ચળકતી પાંખોવાળો પોપટ મંદ ગતિથી દોડતો આવતો હતો, તે સારિકા એકદમ ઉતાવળી ઉતાવળી આવીને ક્રોધમાં બોલવા લાગી કે:—ભર્તૃદારિકા કાદમ્બરિ ! કેમ તમે આ, મિથ્યા સૌભાગ્યથી ગર્વિષ્ટ, નિર્મર્યાદ, લુચ્ચા પોપટને મ્હારી પાછળ પડતો અટકાવતાં નથી ? જો તમે એનું ધાર્યું કરવા દેશો તો હું ખરેખર તમારા પાદ-પંકજ-સ્પર્શના સમ ખાઇને કહુંછું કે નક્કી મ્હારા પ્રાણ ત્યજીશ.—આ સાંભળીને કાદમ્બરી તો મંદ મંદ હસવા લાગી. પણ મહાશ્વેતાને એ વાત ખબર ન હતી તેથી તેણે મદલેખાને પૂછ્યું કે આ મેના તે શું કહેછે ? એણે કહ્યું:—ભર્તૃદારિકા કાદમ્બરીની (પાળેલી) આ કાલિન્દી નામની મેના છે; એને આ પરિહાસ નામના પોપટ સાથે ભર્તૃદારિકાએજ પાણિગ્રહણ કરાવી પરણાવીછે. પણ આજ સવારમાં એણે એને કાદમ્બરીની તામ્બૂલ-વાહિની આ તમાલિકાને, એકલી હતી ત્યારે કંઇક કહેતાં જોયો ત્યારથી એને ઇર્ષ્યા આવીછે અને કોપથી રીસાઇને હવે નથી એ એની પાસે જતી, નથી બોલતી, નથી સ્પર્શ કરતી, ને નથી સામું જોતી. અમે બધાંએ એને ઘણે ઘણે પ્રકારે સમજાવી પણ હજીએ મનાતી નથી.—આ સાંભળી ચંદ્રાપીડ મ્હોં મલકાવી મંદ મંદ હાસ્ય કરી બોલ્યો

---

૧. હૃદય ગોળગર્ણાને કંકણ સાથે સરખાવ્યું, પરંતુ હૃદયને કંઇ વચ્ચે ગાળો—પોલાણ—ન હોય, ને કંકણને તો હોય, માટે તે ભિન્નતા કાઢી નાંખવા સારૂ એમ કહ્યું કે હૃદય કામ-બાણ વાગવાથી મધ્યે ભેદાઇ ગયું હતું—તેથી બરાબર કંકણને મળતું આવતું !! આનાથી જરા ઉલટા સ્વરૂપની ઉત્પ્રેક્ષા પેહેલાં પૃ. ૧૨૯ લી. ૧૭ મીએ આવીછે, જ્યાં સૂર્યને નૂપુર સાથે સરખાવતાં નૂપુરનો ગાળો સૂર્ય-બિમ્બમાં ન હોવાથી દેખાતો ભેદ આવીજ ચતુરાઇથી કવિયે ઉડાવી દીધોછે.

કેઃ—એ વાત તો ખરી છે. રાજગૃહમાં પણ એ વાત ચાલેછે, પરિજનો પણ મોંહો મોંહે એમજ વાત કરેછે, બ્હારના લોક પણ એમજ બોલેછે, બીજા દેશોમાં પણ એવીજ કથા સંભળાયછે અને એમ અમે પણ સાંભળ્યુંછે કે દેવી કાદમ્બરીની તામ્બૂલ-વાહિની તમાલિકા સાથે પ્રેમમાં પડેલો પરિહાસ નામનો પોપટ એવો તો મદનવશ થઈ ગયો છે કે વીતી જતા દિવસોનું પણ એને ભાન રહેતું નથી! હવે એ તો જાણે દુરાચરણી છો પોતાની સ્ત્રીને તજીને નિર્લજ્જ થઈ એની સાથે રહે. પણ દેવી કાદમ્બરીને શું એ ઉચિત છે કે એવી ચપલા—દુષ્ટ—દાસીને વારતાં નથી? અથવા દેવીએ પણ પ્રથમથીજ, આવા અવિનયી પોપટ સાથે આ બિચારી કાલિંદીનું લગ્ન કરીને પોતાની નિઃસ્નેહતા બતાવીજ આપીછે. એ બિચારી શું કરે? શોકનું સાલ એ સ્ત્રીઓને કોપનું પ્રધાન કારણ છે, વિરાગ ઉત્પન્ન થવાનો મુખ્ય હેતુ છે, અને પરાજયનું મ્હોટું સ્થાન છે. એ તો આજ આટલી બધી ધીરી છે કે એણે આવા મ્હોટા દૌર્ભાગ્યને લીધે વૈરાગ્ય આવી જવાથી વિષ-ભક્ષણ કીધું નથી, અગ્નિ-પ્રવેશ કર્યો નથી અથવા આહારનો ત્યાગ કીધો નથી! સ્ત્રીઓને શોક જેવું બીજું કંઈ લઘુતા પમાડે એમ નથી. હવે આવો મ્હોટો અપરાધ કર્યા છતાં જો કદાચિત્ આ પોપટના અનુનયથી એ મનાઈ જશે તો તો ધિક્કાર છે એને. સર્વે એનાથી પછી તો અળગાં રહેશે અને માન-ભંગ થયાથી તિરસ્કાર કરીને દૂરથીજ એનો ત્યાગ કરશે. એની સાથે ફરીથી વાત કોણ કરશે? કોણ એની સામુંએ જોશે? અને કોણ એનું નામ પણ લેશે?—કાદમ્બરી સહિત તે સર્વ કન્યાઓ જે આ મજાકનાં વચન સમજી ગઈ હતી તે, ચંદ્રાપીડના આ ભાષણથી ખડખડ હસવા લાગી. પણ રાજકુમારનાં નર્મ વચન સાંભળીને પરિહાસ પોપટ કહેવા લાગ્યો કેઃ—ધૂર્ત રાજપુત્ર! એ કંઈ કાચી પોચી નથી; ચંચલ છતાં પણ તમારાથી અથવા બીજા કોઈથી એ છેતરાય તેમ નથી. આવી વક્રોક્તિ તો એ પણ સમજેછે. પરિહાસની વાતો એને પણ આવડેછે. રાજગૃહમાં રહેવાથી એની પણ મતિ ચતુર થયેલીછે, માટે હવે છાના રહો. અહીં કંઈ તમારાં કામુકોનાં નર્મ ભાષણ ચાલે તેમ નથી. એજ મધુર ભાષિણીને બધું વિદિત છે કે ક્રોધ કરવાનો તથા મનાવાનો કાળ કયો, કારણ કયું, પ્રમાણ કયું, વિષય કયો, અને પ્રસંગ કયો.

આ વખતે એક કંચુકિયે આવી મહાશ્વેતાને કહ્યુંઃ—આયુષ્મતિ! રાજા ચિત્રરથ તથા રાણી મદિરા તમને મળવાને તેડેછે.—આ સાંભળી,

ઉઠવાની ઇચ્છાથી એણે કાદમ્બરીને પૂછયું:—સખિ! ચંદ્રાપીડ ક્યાં ઉતરશે?—ત્યારે,શું અનેક સ્ત્રીઓનાં હૃદય રૂપી સ્થાન એમને રહેવાને બસ નથી?–એમ વિચારી જરા મનમાં હસીને કાદમ્બરીએ પ્રત્યુત્તર આપ્યો:—સખિ મહાશ્વેતા! ત્હારે એવું શાસારૂ કહેવું પડેછે? દર્શન દીધું ત્યારથી આ શરીરના પણ એજ પ્રભુ છે તો પછી મહેલની, વિભવની કે પરિજનની તે વાતજ શી? જ્યાં એમને ગમે અથવા મ્હારી પ્રિયસખીને ગમે ત્યાં એ સુખેથી રહે.–આ સાંભળી મહાશ્વેતાએ કહ્યું કે:—ત્યારે તો આ ત્હારી હવેલીની પાસેના પ્રમદવનમાં ક્રીડાપર્વત ઉપર જે મણિમય મહેલ છે ત્યાંજ એમને ઉતારો આપજે.–એટલું કહી એ ગંધર્વરાજને મળવા ગઈ. ચંદ્રાપીડ પણ તેની સાથેજ બ્હાર નીકળ્યો, અને એના વિનોદને અર્થે કાદમ્બરીએ પ્રતીહારીને આજ્ઞા કરી મોકલાવેલી વીણા વગાડનારી, વેણુવાદ્યમાં નિપુણ, તથા સંગીત કલામાં પ્રવીણ કેટલીક કન્યાઓ સાથે, પૂર્વે જોયેલા કેયૂરકે બતાવેલે માર્ગે ક્રીડાપર્વત ઉપર મણિ-મંદિરમાં ગયો. એના ગયા પછી તરતજ ગંધર્વ-રાજપુત્રી સર્વ સખીજન તથા પરિજનને વિદાય કરી, માત્ર અમુક દાસીઓનેજ લઇને હવેલી ઉપર ચઢી. ત્યાં તેઓ વિનયથી ગુપચુપ દૂર ઉભે ઉભે એને કંઇ કંઇ વિનોદથી રીઝવવા લાગી; પણ એ તો એકલી, શયનમાં પડીપડી, તે ક્ષણે[1]–ચપલા! આ તે તેં શું કરવા માંડયુંછે? એમ કહીને જાણે લજ્જા એને પકડતી હોય,—ગંધર્વ-રાજપુત્રિ! આવું કામ તને છાજે કે? એમ કહીને વિનય જાણે એને ઉપાલંભ દેતો હોય,–ક્યાં ગયો ત્હારો અત્યાર સુધીનો એ અપરિપક્વ બાલભાવ? એમ કહીને જાણે મુગ્ધતા એની હાંસી કરતી હોય,—આપમતીલી! એકલી એકલી, ત્હારી ઇચ્છા પ્રમાણે આવો અવિનય મા કર, એમ જાણે એને કુમારભાવજ કહેતો હોય,—અરે ભીરુ! આ કંઇ કુલિન કન્યાઓની રીત નહિ, એમ કહીને જાણે મહત્વ એને ઠપકો દેતું હોય,—દુરાચરણિ! અવિનય કરતાં જરા લાજ, એમ કહીને આચાર જાણે એને તરછોડતો હોય,—અલિ મૂઢ! મદને તો તને હલકી પાડી નાંખીછે, એવું કહીને જાણે એનો સુજન્મ શીખામણ દેતો હોય,–ત્હારૂં હૃદય કેમ આવું ચંચલ બની ગયું? એમ કહીને ધૈર્ય જાણે એને ધિક્કારતું હોય,—સ્વચ્છંદ વર્તનારી! તેં મને પણ શું નજ ગણી કે, એમ કહીને જાણે કુલસ્થિતિ એને નિન્દતી હોય તેમ—કોણ જાણે ક્યાંથીએ ભાન આવ્યાથી અતિશય શરમાઇ ગયેલી દેખાવા લાગી.

---

1. તે ક્ષણે......શરમાઇ ગયેલી દેખાવા લાગી. (અન્વય.)

વળી એ વિચાર કરવા લાગી કે--મેં પાપિણીએ મોહાન્ધ થઈ જઈને, કંઈ શંકા લાવ્યા વિના મ્હારૂં ચંચલ હૃદય આજ ખુલ્લું કરી દીધું એ કેવી મૂર્ખાઈ કીધી? એમને ને મ્હારે મળવાનો આ પ્રથમજ પ્રસંગ હતો એ તો મેં સાહસિકે કંઈ વિચાર્યું નહિ! લોક મને લઘુ હૃદયની કહેશે એ મેં લાજવિનાનીએ ગણ્યું નહિ! એમની ચિત્તવૃત્તિ કેવી હશે તેની મેં મૂઢે પરીક્ષા કરી નહિ! હું એમને ગમી કે નહિ તે પણ મેં વિચારી જોયું નહિ! મ્હારૂં પ્રત્યાખ્યાન કરશે એની પણ મને બ્હીક રહી નહિ! ગુરુજનનો કંઈ મેં ડર રાખ્યો નહિ! લોકાપવાદનો કંઈ ભય ગણ્યો નહિ!--તેમજ વળી, મહાશ્વેતા દુઃખી છે એ મેં દાક્ષિણ્ય વિનાનીએ જોયું નહિ! પાસે બેઠેલી સખીઓ પણ જોતી હશે એનું મને મંદ બુદ્ધિનીને ભાન રહ્યું નહિ! પાસેની દાસીઓ જોતી હશે એ મેં ચેતન વિનાનીએ દીઠું નહિ! જડ બુદ્ધિવાળાં પણ એવો અવિનય વર્ત્યા વિના ન રહે તો પછી મદન-વૃત્તાન્તનો જેને અનુભવ થયોછે એવી મહાશ્વેતા, સકલ કલામાં કુશલ સખીઓ, અને રાજકુલમાં ફરવાથી ચતુર થયેલી-નિત્ય ઇંગિતથીજ[1] સમજનારી--દાસીઓની શી વાત? આવું જોવામાં તો અંતઃપુરની દાસીઓ વળી વિશેષે કરીને કુશલ હોય (ને તે કેમ સમજ્યા વિના રહે?).--હવે મુજ પાપિણીના સર્વે પ્રકારે ખરેખરા ભોગ મળ્યા! આવું શરમ ભરેલું જીવતર કાઢવા કરતાં હવે તો મરવું એજ સારૂં છે. માતા આ વૃત્તાન્ત સાંભળશે ત્યારે શું કહેશે? પિતા શું કહેશે? અને ગંધર્વ લોક શું કહેશે? હવે હું શું કરૂં? શો ઉપાય કરૂં? શી રીતે આ મ્હારૂં સ્ખલન સંતાડી દઉં? કોને મ્હોંયે આ મ્હારી દુર્વિનીત ઇન્દ્રિયોના ચાપલની વાત કહું? આ-દગ્ધ હૃદયના-મદનથી ગૃહીત થયેલી જાઉં એ ક્યાં?-મહાશ્વેતાનો વૃત્તાન્ત સાંભળીને મેં એવી પ્રતિજ્ઞા કરી હતી, પ્રિય સખીઓની આગળ પણ એમ કહ્યું હતું અને કેયૂરક સાથે પણ મેં એવો સંદેશો મોકલ્યો હતો;[2] પણ મને મંદભાગિનીને સમજણ પડતી નથી કે આ મને છેતરનાર ચંદ્રાપીડને મ્હારી પાસે શું શઠ વિધિયે આણ્યો, કે મુવા મદને, કે પૂર્વે કરેલાં પાપે, કે ચંડાલ મૃત્યુએ, કે બીજા કોઈએ. જેને મેં પહેલાં કદી જોયો નથી, જેનો મને અનુભવ નથી, જેનું નામ પણ મેં સાંભળ્યું નથી, જેનું ચિન્તન પણ કદી કર્યું નથી ને જેને કદી ધારેલો પણ નથી-એવો આ કોઈક મ્હારી વિડંબના કરવાનેજ આવેલો દેખાયછે જેને માત્ર જોયાથીજ,--મ્હારી ઇન્દ્રિયોએ જાણે મને બાંધીને એને સ્વાધીન

---

૧. જુઓ પૃ. ૮૯ નો. ૨. ૨. જુઓ પૃ. ૨૨૬ લીટી ૨૪-૫.

કરી દીધી હોય, શર-પંજરમાં નાંખીને મદને જાણે મને આપી દીધી હોય, દાસી કરી દઈને જાણે અનુરાગ મને લઈ ગયો હોય, અને હૃદયે એના ગુણના બદલામાં જાણે મને વેચી દીધી હોય તેમ—હું તેનીજ થઈ ગઈછું! હવે મ્હારે એ ચપલનું કંઈજ કામ નથી.—આવો સંકલ્પ જરાવાર સુધી એણે કર્યો. પણ સંકલ્પ કર્યો કે તરતજ—મિથ્યા વિનય રાખનારી! જો મ્હારૂં કામ ન હોય તો લે હું આ ચાલ્યો—એમ જાણે, હૃદય કંપવાથી ચલિત થયેલા ચંદ્રાપીડે એની મજાક કીધી હોય; એનો પરિત્યાગ કરવાના સંકલ્પ સાથેજ બ્હાર નીકળી જતા પોતાના પ્રાણે કંઠે આવીને જાણે આજ્ઞા માગી હોય; અલિ અવિશેષજ્ઞ![1] ચક્ષુ સ્વચ્છ કરીને ફરીથી જો કે એ પુરુષ પ્રત્યાખ્યાનને યોગ્ય છે કે નહિ—એમ જાણે તે સમયે આવેલાં અશ્રુએ એને કહ્યું હોય; અને,—ત્હારૂં ધૈર્ય ને ત્હારો મદ હું પ્રાણની સાથે કાઢી નાંખીશ—એમ જાણે અનંગે એને કોપીને ઠપકો દીધો હોય તેમ ફરીથી પાછું એનું અંતઃકરણ પેહેલાંની પેઠેજ ચંદ્રાપીડને માટે તલપવા લાગ્યું. એ પ્રકારે સર્વ ઉપાય નિષ્ફલ થવાથી, પ્રેમાવેશને લીધે સ્વતંત્રતા ખોઈને પરવશ હોય તેમ ઉઠી, જાળિયે જઈ, તેજ ક્રીડાપર્વતને જોતી જોતી એ ઉભી રહી. ત્યાં ઉભી ઉભી, (ચંદ્રાપીડ) આનંદ-જલથી કરીને (દેખાતો) ઢંકાઈ જશે એવી જાણે બ્હીકથી, ચક્ષુવડે જોવાને બદલે સ્મૃતિથી એને એ જોવા લાગી!![2] અંગુલિયોમાંથી સ્વેદ-બિન્દુ ટપકવાથી રખેને એ ભુસાઈ જાય એવી જાણે ભીતિથી, કલમ વડે ચિત્ર કાઢવાને બદલે માત્ર ચિંતનથીજ એને આળેખવા લાગી!! રોમોદ્‌ગમ થવાથી આચ્છાદન થશે એવી જાણે શંકાથી, વક્ષઃસ્થલ થકી આલિંગન દેવાને બદલે એ હૃદયથીજ ભેટવા લાગી!![3] અને એના સંગમમાં થતો વિલંબ સહન કરવા-

---

૧. સારા ખોટાની પરીક્ષા વિનાની. ૨. ખરેખરા ચં૦ને પોતાની આંખથી તો એ જોઈ શકતી હતી નહિ, કારણ કે તે સામો ઉભો ન હતો; તે ઉપરથી, આંખે ન જોવાનું કારણ એવું કલ્પ્યું છે કે જાણે જોવાથી આનંદાશ્રુ આવે તો પાછો એ દેખાતો બંધ થઈ જાય માટે સ્મૃતિથી જોવું ઠીક.–તાત્પર્ય કે એ એનું ચિન્તન કરતી હતી.–એમ આગળ પણ બેસાડવું. ૩. 'હૃદય'—અંદરનો ભાગ. 'વક્ષઃસ્થલ'–બ્હારની છાતી. ચં૦ ત્યાં ન હતો એટલે છાતીએ તો ભેટે ક્યાંથી? આ ઉપરથી એમ ધાર્યું કે જો છાતીવડે આલિંગન દે તો હર્ષથી થતો રોમાઞ્ચ એની વચ્ચે આવે માટે અંદર હૃદયથી ભેટતી હતી–અર્થાત્ મનમાં ને મનમાં આલિંગન-સુખ કલ્પતી હતી.

ને જાણે અશક્ત હોય તેમ દાસી (સાથે સંદેશો) મોકલવાને બદલે પોતાના મનનેજ એની પાસે મોકલવા લાગી !! [૧]

ચંદ્રાપીડ પણ, કાદમ્બરીનું જાણે બીજું હૃદય હોય એવા સ્વચ્છ મણિગૃહમાં પ્રવેશ કરીને, શિલાતલ ઉપર પાથરેલું એક આસ્તરણ જેની બંને બાજુએ ઉપરા ઉપરી ઘણાં ઉશીકાં મુકેલાં હતાં તેમાં જ્યારે સુઈ ગયો, કેયૂરક એના ચરણને ઉત્સંગમાં લઈને બેઠો, ને પેલી કન્યાઓ બતાવ્યા પ્રમાણે એની આસપાસ ભરાઈ બેઠી, ત્યારે દોલાયમાન ચિત્તથી ચિન્તામાં પડ્યો કેઃ— ગંધર્વ-રાજપુત્રી કાદમ્બરીના શું સ્વાભાવિક વિલાસજ આવા, સર્વ લોકનાં હૃદય હરી લે એવા હશે કે વગર આરાધનાએ પ્રસન્ન થઈને ભગવાન્ કુસુમાયુધે મ્હારે લીધે ઉત્પન્ન કર્યા હશે ? [૨] મ્હારી સામું એ, અશ્રુથી ભરેલી, રાગયુક્ત, તથા હૃદયની અંદર વાગતાં કામબાણનાં પુષ્પની રજ પડી હોય તેમ જરા મીચાયેલી આંખથી કટાક્ષવડે જોયાં કરતી હતી. હું જ્યારે એના ભણી દૃષ્ટિ કરતો ત્યારે શરમાઈ જઈને એ શ્વેત સ્મિત-પ્રભારૂપી જાણે વસ્ત્રવડે પોતાનું આચ્છાદન કરતી હતી! મ્હારાથી શરમાઈને મુખ ફેરવી દઈ, જાણે મ્હારા પ્રતિબિમ્બને પ્રવેશ કરાવવાની લાલચે એ પોતાના ગાલ રૂપી દર્પણને મ્હારી તરફ ધરતી હતી !! મને અવકાશ આપવાથી હૃદયે કરેલા પ્રથમ અવિનયની જાણે રેખાને એ પોતાના નખવડે શયન ઉપર દોરતી હતી! મને બીડી આપતાં ખેદથી કંપતો પોતાનો હસ્ત, જેને રક્તકમલ ધારીને ભ્રમરોનાં ટોળાં આજુબાજુ ભમ્યાં કરતાં હતાં તેમાં જાણે તમાલ-પલ્લવ લઈને એ પોતાના ખિન્ન થઈ ગયેલા મુખને જાણે પવન નાંખતી હતી ! ! [૩]—વળી એ વિચારવા લાગ્યો કે—ઘણું કરીને આ, મનુષ્ય જાતિને સુલભ લઘુતાજ

---

૧. "......Love's heralds should be thoughts,
"Which ten times faster glide than the sun's beams."
Romeo and J. Act II., Sc. V.

૨. 'માલતીમાધવ'માં (પૃ. ૭૭) માલતીને માધવ સંબંધી આવી શંકા થાયછેઃ—

प्रियसखि किं तावत्तस्य महानुभावस्य स्वाभाविका एव मुहूर्तसंनिधायिनो जनस्य विप्रलंभयितृका विलासा आहोस्विद्यथा प्रियसखी संभावयति ॥

૩. હાથ કંપતો હતો ને તેની આજુ બાજુ ભ્રમર ભમતા હતા તે ઉપરથી ઉત્પ્રેક્ષાઓ કીધી કે ભ્રમર જાણે તમાલ-પલ્લવ, અને હાથ જાણે તે તમાલ-પલ્લવ લઈ મુખને વા નાંખતો હોય–(કારણ કે તે હાલતો હતો) !!

મને આવા આવા હજારો મિથ્યા સંકલ્પ કરાવી કરાવીને છેતરતી હશે, અથવા તો વિવેક-રહિત યૌવન-મદ કે મદન પોતેજ મને આવો ઉન્માદ કરાવતો હશે; કેમ જે રોગ-ગ્રસ્ત થઈ હોય એવી યુવાનોની દૃષ્ટિને સ્વલ્પ કલુષ પણ અતિ મ્હોટા જેવું ભાસેછે. કિઞ્ચિત્ માત્ર સ્નેહને પણ, જલની સમાન યૌવન-મદ બહુ વિસ્તીર્ણ કરી દેછે.[1] પોતેજ ઉત્પન્ન કરેલી અસંખ્ય ચિન્તાઓને લીધે આકુલ થયેલી તરલતા, કવિની બુદ્ધિની પેઠે કોઈની ઉત્પ્રેક્ષા નથી કરતી એમ નથી! ચતુર અનંગના હાથમાં આવેલી, તરુણ પુરુષોની ચિત્તવૃત્તિ, ચિત્ર કાઢવાની કલમની પેઠે, કંઈ નથી આળેખતી એમ નથી. સ્વ-રૂપથી ગર્વિષ્ટ થયેલી વેશ્યાના જેવી સ્વ-સંભાવના કહીં આત્માર્પણ નથી કરતી એમ નથી. મનુષ્યના મનોરથ, સ્વપ્નની સમાન અનનુભૂત વસ્તુનું પણ દર્શન કરાવેછે. ઈન્દ્રજાલ-પિચ્છિકા જેવી આશા, અસંભવિતને પણ લાવી લાવીને આગળ ધરેછે.—એવા વિચાર કરતાં કરતાં એને લાગ્યું કે—આમ મનને કેવલ વૃથા ખેદ આપવાથી શું થવાનું છે? જો કદાચિત્ એ શ્વેત-લોચનાની ચિત્તવૃત્તિ મ્હારી તરફ ખરેખર એવીજ થયેલી હશે તો થોડી વારમાં, વગર પ્રાર્થનાએ પ્રસન્ન થયેલો એ ભગવાન્ કામદેવજ એને પ્રકટ કરી દેશે, અને એજ આ સંશય છેદી નાંખશે.—એવો નિશ્ચય કરી, ઉઠીને પોતે બેઠો થયો; અને પેલી કન્યાઓ સાથે પાસાથી, ગાયનથી, વીણા-વાદ્યથી, પણવ વગાડવાથી, સ્વર-સંદેહના વિવાદથી, સુંદર વાર્તાઓથી અને એવા એવા બીજા આલાપ તથા સુકુમાર કલા-વિલાસથી વિનોદ કરવા લાગ્યો. આમ ત્યાં થોડી વાર બેઠા પછી બ્હાર જઈ, ઉપવન જોવાની ઈચ્છાથી એ ક્રીડાપર્વતના શિખર ઉપર ચઢ્યો.

કાદમ્બરીએ એને જોયો કે તરતજ—મહાશ્વેતાને આવતાં વાર લાગી માટે લાવ માર્ગમાં જોઉં—એવું બ્હાનું કાઢી, કામાતુર ચિત્તને લીધે પેલી જાળી છોડીને એ, પોતાની હવેલીને છેક ઉપલે માળ, પાર્વતી જેમ કૈલાસ-શિખર ઉપર ચઢે તેમ ચઢી ગઈ. ત્યાં એની સાથે દાસીઓ થોડીજ હતી; પૂર્ણ ચંદ્રમંડલ જેવું શ્વેત, સુવર્ણ-દંડવાળું છત્ર એના ઉપર છાયા કરવા ધરેલું હતું; ફીણ જેવા ધોળા ચાર નાના નાના પંખા ઉરાડીને દાસીઓ એને પવન નાંખતી હતી; અને માથા ઉપર, પુષ્પની સુગંધથી

૧. સ્નેહ=પ્રેમ; તેલ.

લલચાઈને ભમતા ભ્રમરો રૂપી શ્યામ આચ્છાદન-વસ્ત્ર દિવસે પણ ઓઢીને એ જાણે ચંદ્રાપીડની અભિસારિકા થવા સારૂ વેષ સજવાનો અભ્યાસ કરતી હતી! ત્યાં રહી રહી, કાઈવાર ચામર-શિખાને બાઝી બાઝીને, કાઈવાર છત્ર-દંડને ટેકો દઈને, કાઈવાર તમાલિકાના સ્કંધ ઉપર હાથ મુકીને, કાઈવાર મદલેખાને આલિંગન દઈને, કાઈવાર પરિજનની અંદર સંતાઈ જઈ માત્ર આંખના ખુણાથી દૃષ્ટિ કરીને, કાઈવાર ત્રિવલી વળી જાય તેમ ફરી ફરીને, કાઈવાર પ્રતીહારીની છડીના શિખર ઉપર ગાલ મુકીને, કાઈવાર નિશ્ચલ હાથમાં લીધેલી બીડી હોઠ આગળ ધરી રાખીને,તથા કાઈવાર કમલ ફેંકી પ્રહાર કરવાથી દોડી જતી દાસીની પછવાડે કેટલાંક પગલાં ભરીને, હસતી હસતી એ ચંદ્રાપીડને જોવા લાગી, અને ચંદ્રાપીડ એને જોવા લાગ્યો. એમ કરતાં કરતાં ઘણો કાલ વીતી ગયો તે પણ એને જણાયો નહિ. પછી જ્યારે પ્રતીહારીએ આવીને મહાશ્વેતા ઘેર આવ્યાની ખબર કહી ત્યારે એ મહેલ ઉપરથી ઉતરી, અને સ્નાનાદિક દિવસ-વ્યાપાર નહિ ગમવા છતાં પણ એણે મહાશ્વેતાનું મન રાખવાને કર્યો. ચંદ્રાપીડ પણ (એના ગયા પછી) નીચે ઉતર્યો, અને પેહેલેથીજ કાદમ્બરીએ મોકલી રાખેલી દાસીઓએ સ્નાન કરાવ્યા પછી એક સુંદર શિલાતલ ઉપર યથેચ્છિત દેવાર્ચન કરીને એજ ક્રીડાપર્વતમાં એણે આહારાદિ સર્વ દિવસ-કર્મ સમાપ્ત કર્યું.

ભોજન કરી રહ્યા પછી એ જ્યારે, ક્રીડાપર્વતના પુરોભાગમાં પડેલી એક મનોહર મરકત-શિલા,—જે હારીત પક્ષીના જેવી લીલી હતી, હરિણના વાગોળવાથી જ્યાં ફીણનાં આછાં આછાં ટપકાં પડેલાં હતાં, બલરામના હળના ભયથી નિશ્ચલ થયેલા યમુના-જલ જેવી જેની કાન્તિ હતી,[1] તરુણીઓના ચરણ ઉપરના અલક્તક-રસનો જ્યાં લાલ રંગ પ્રકાશતો હતો, પુષ્પ-રજ જેના તલ ઉપર પથરાયેલી હતી, લતા-મંડપમાં જે ઢંકાઈ ગઈ હતી, અને મયૂરોને નૃત્ય કરવાની સંગીત-શાલા હતી—તે ઉપર બેઠો હતો ત્યારે સહસાજ એની દૃષ્ટિયે કોઈ અતિશય ઝગઝગતો ધવલ પ્રકાશ પડતો દેખાયો જે જલની સમાન દિવસને નિસ્તેજ કરી દેવા લાગ્યો, મૃણાલ-વનની પેઠે સૂર્યના તાપનું પાન કરવા લાગ્યો, ક્ષીરસાગરની સમાન પૃથ્વીને (પોતામાં) ડુબાવી દેવા લાગ્યો, ચંદન-રસના વર્ષાદ

૧. જુઓ પૃ. ૪૩ નો. ૧. શિલા અને જલ વચ્ચે સાદૃશ્ય પૂર્ણ જણાય માટે જલને નિશ્ચલ રહેલું બતાવ્યું છે (કેમકે શિલા પણ તેવીજ

જેવો દિશાઓને ભીંજવવા લાગ્યો, અને અમૃતના જેવો આકાશને લેપ કરવા લાગ્યો. તે જોતાંજ એને એમ થયું કે—શું આ તે ઓચિંતો ચંદ્ર ઉગ્યો હશે ? કે યંત્ર ફેરવવાથી ઉડતી હજારો શ્વેત ધારાઓ ધારાગૃહો-માંથી છૂટી હશે ? કે પવનથી પથરાતા જલકણવડે આખી પૃથ્વીને શ્વેત રૂપ આપતી દેવગંગા મહીતલ ઉપર ઉતરી આવતી હશે ?

જિજ્ઞાસા ઉત્પન્ન થવાથી એણે જે તરફથી એ પ્રકાશ આવતો હતો તે તરફ દૃષ્ટિ ફેરવી જોયું તો, સેંકડો કન્યાઓની વચ્ચે. મદલેખાને આવતી દીઠી. એના ઉપર ધવલ છત્ર ધરેલું હતું; આજુબાજુ બે ચામર ઉડતાં હતાં; કાદમ્બરીની પ્રતીહારીએ પોતાના ડાબા હાથમાં છડી તથા, ભીના વસ્ત્રના કકડાથી ઢાંકેલું, ચંદન-લેપથી ભરેલું નાળિયેરનું સંપુટ રાખીને, જમણા હાથમાં એનો હાથ મેળવેલો હતો; ફુંક મારતાં ઉડી જાય એવાં, સર્પ-ત્વચા જેવાં સ્વચ્છ, કલ્પ-લતાનાં બે ધોયેલાં દુકૂલ લઈને કેયૂરક માર્ગ દેખાડવાને એની આગળ ચાલતો હતો; હાથમાં માલતી પુષ્પના હાર લઈને તમાલિકા એની પછવાડે પછવાડે આવતી હતી; અને એ (મદલેખા)ની પાસેજ તરલિકા ચાલતી હતી, જેના હાથમાં શ્વેત વસ્ત્રથી ઢાંકેલી એક નાની છાબમાં, ક્ષીરસાગરની ધવલતાના હેતુ જેવો,[1] ચંદ્રના સહોદર જેવો, નારાયણના નાભિ-કમલના મૃણાલ-દંડ જેવો, મંદરાચલે ઉત્પન્ન કરેલા ક્ષોભથી ઉછળેલા અમૃતના ફેન-પિંડના સમૂહ જેવો, મંથન-સમયે શ્રમ થવાથી કાઢી નાંખેલી વાસુકિ નાગની ત્વચા જેવો, (સાગરરૂપ) કુલગૃહના વિયોગથી ગળી પડેલા લક્ષ્મીના હાસ્ય જેવો, મંદરાચલવડે મથન કરવાથી કચરાઈ ગયેલી સર્વ ચંદ્રકલાઓના ખંડ-સંચય જેવો, સાગરમાંથી ઉચકી લીધેલા પ્રતિમા-તારાગણ જેવો,[2] દિગ્ગજોની શુંડમાંથી પડતા જલકણના સમૂહ જેવો, મદન-ગજના નક્ષત્ર-માલારૂપી આભરણ જેવો[3], શરદ્‌ના નાના નાના મેઘથી ઘડ્યો હોય કે કાદમ્બરીના રૂપને લીધે વશ થઈ ગયેલા મુનિજનોનાં હૃદયથીજ જાણે રચેલો હોય એવો, સર્વ રત્નોના શિરોમણિ જેવો, સર્વ સાગરોના જાણે એકત્ર ભેગા કરેલા યશઃસમૂહ જેવો, ચંદ્રના પ્રતિપક્ષ જેવો,[4] તથા શશિ-પ્રભાના પ્રાણ જેવો, પ્રકાશ મારતો એક અતિસુંદર હાર હતો. લક્ષ્મીના

હોય). ૧. ......એક...હાર હતો. ૨. સાગરમાં તારાઓનાં પ્રતિબિંબ પડે તેજ જાણે કાઢી લઈને તેમાંથી બનાવ્યો હોય એવો.
૩. જુઓ પૃ. ૧૧ નો. ૬. ૪. જુઓ ઉપર લીટી ૧૭.

હૃદય જેવો તે, કમલ-પત્ર ઉપરના જલ-બિન્દુવત્ [શોભતા] તરલ [યુક્ત] હતો.[૧] કામાતુરની સમાન તેના કર મૃણાલ-વલય[જેવા]ધવલ હતા.[૨] શરચ્ચંદ્રની પેઠે તે ઘન-મુક્તાંશુ વડે દિશાઓને શ્વેત કરતો હતો.[૩] અને સ્વર્ગ-ગંગાના પ્રવાહની પેઠે તેમાંથી દેવાઙ્ગનાઓનો સ્તન-પરિમલ નીકળતો હતો.[૪] તે હાર જોઈ,—ચંદ્રિકાને હરાવે એવી આ ધવલતાનું કારણ આજ છે એમ નિશ્ચય કરી, દૂરથીજ ચંદ્રાપીડે પ્રત્યુત્થાનાદિ[૫] યોગ્ય ઉપચાર વિધિ વડે, મદલેખા આવતી હતી તેનો સત્કાર કર્યો. આવીને એ તેજ મરકત-શિલાતલ ઉપર જરા વાર બેઠી પણ પછી તરતજ ઉઠીને પેલા ચંદન-રસનો એણે ચંદ્રાપીડને લેપ કર્યો, પેલાં બે દુકૂલ એને પેહેરાવ્યાં. અને પેલા માલતી પુષ્પના હાર એને માથે ઘાલીને એ હાર લઈ કહેવા લાગી કેઃ—રાજપુત્ર ! અહંકાર રહિત તમારી આ મનોહર કાન્તિ જોઈને પ્રીતિ-પરવશ જન શું ન કરે ? તમારી સભ્યતાજ આવાં આવાંને અવકાશ આપે છે.[૬] તમારી આ આકૃતિ કોનું ચિત્ત ન ચોરે ? આ તમારૂં નિષ્કારણ-સ્નેહમય ચરિત જોઈ કોણ બંધુ ન થાય ? તમારો આ મધુર પ્રકૃતિનો વ્યવહાર કોને મિત્ર ન કરી લે ? અને આ સ્વાભાવિક સુકુમાર વૃત્તિના તમારા ગુણ કોને પ્રેમાર્દ્ર ન કરી દે ? ખરો દોષ તો તમારી આકૃતિનોજ છે કે તે પ્રથમ દર્શનેજ આવો વિશ્વાસ ઉત્પન્ન કરેછે ![૭] નહિ તો, તમારા જેવા સકલ ભુવનમાં વિખ્યાત પુરુષો સાથે જે કંઈ આચરણ થાય તે અનુચિત જેવું લાગે.—(અમારે) વાત કરવી એ પણ (તમને) હલકા પાડવા જેવું દેખાય ; (તમારો) આદર સત્કાર કરવો એ પણ (અમારી) પ્રભુતાના ગર્વ જેવું ગણાય ;

---

૧. આ હારમાં તરલ—મધ્યે આવેલો મણિ—હતો તે કમલ-પત્ર ઉપરના જલબિંદુ જેવો શોભતો. લક્ષ્મીનું હૃદય કમલ-પત્ર ઉપર હાલતા જલબિંદુ જેવું તરલ—ચંચલ—હોય. ૨. કર=કિરણ; હાથ. બીજો અર્થ મૃણાલ-વલયથી ધવલ. ૩. ઘનમુક્તાંશુ=ઘન—જાડા, મુક્તાંશુ—મોતીના કિરણ ; ઘનથી મુક્ત—મેઘમાંથી નીકળતા, અથવા મેઘ વિનાના—સ્વચ્છ, અંશુ—કિરણ. ૪. હાર દેવ-સ્ત્રીઓએ પેહેરેલો માટે તેમના સ્તન-સ્પર્શને લીધે તેનો પરિમલ આવે. ગંગામાં એ સ્ત્રીઓ ન્હાય માટે ત્યાંથી પણ તે પરિમલ નીકળે. ૫. પ્રત્યુત્થાન=મળવા સારૂ ઉઠી સામા જવું. ૬. આવાં આવાંને=જે હું પ્રીતિદર્શક ચિન્હ (હાર વિગેરે) લાવીછું તેમને. ૭. આ વાક્ય મજાકમાં કહેલું છે.-અર્થ એવો કે તમને જોતાંજ અમને કંઈક તમારો સહવાસ થયો હોય એમ લાગે છે—તમે નવા

સ્તુતિ કરવાથી પણ સ્વાભિમાન જેવું કંઇક પ્રકટ થાય; ઉપચાર થકી પણ (અમારી) જાણે કે અણસમજણ દેખાય; પ્રીતિ દર્શાવવાથી પણ જાણે (અમારે) આત્મ-જ્ઞાન નથી એમ માલમ પડે; વિજ્ઞાપના કરવી એ પણ પ્રાગલ્ભ્ય જેવું લાગે; સેવા કરવી એ પણ ચાપલ જેવું દેખાય; અને દાન કરવું એ પણ પરિભવ જેવું થઇ પડે.[1]—પણ જેણે આવીને હૃદયનુંજ ગ્રહણ કર્યું છે તેને દાન કરવાનુંએ શું રહ્યું? પ્રાણનાથને આપિયે પણ શું?[2] અહીં પધારીને તમે જે મ્હોટો ઉપકાર• પ્રથમ કર્યો છે તેનો બદલોએ શી રીતે વાળિયે? દર્શનથીજ જેમણે અમારૂં જીવિત સફલ કર્યું તેમનું આગમન અમે કયે પ્રકારે સફલ કરી શકિયે?—આ બ્હાને તો[3] કાદમ્બરી તમને પોતાનો માત્ર પ્રેમ દર્શાવવા ચાહે છે—વિભવ નહિ; કેમકે સજ્જનોનો વિભવ પરાર્થેજ છે એ કંઇ સિદ્ધ કરવું પડે એમ નથી, માટે વિભવની વાત તો અહિં છેજ નહિ. તમારા જેવાની દાસી થઇને રહે તો પણ એ કંઇ અયોગ્ય કરેછે એમ ન કહેવાય; પોતાનો આત્મા તમને સમર્પિત કરે તો પણ કંઇ છેતરાઇ એમ ન કહેવાય; ને જીવિતનું અર્પણ કરે તો પણ એને કદી પશ્ચાત્તાપ ન થાય—કેમ જે સત્પુરુષોની મહત્તા પ્રણયિ-જનનું પ્રત્યાખ્યાન કરવામાં પરાઙ્મુખ, અને સભ્યતાથી કરીને પરવશ રહેછે.[4] તમારા જેવાને કંઇ આપતાં જેટલી (અમને) શરમ આવેછે તેટલી તો માગતાં પણ ન આવે! માટે આથી કરીને[5] જો કે કાદમ્બરી ખરેખર તમારી જાણે અપરાધી થઇ હોય એમ પોતાને

જોવા લાગતા નથી. ૧. મદલેખા એમ દેખાડે છે કે અમારી ને તમારી વચ્ચે અગાધ અંતર છે–તમારા આગળ અમે તુચ્છ જેવાં છીએ એટલે કંઇ પણ તમારી સેવા બજાવવાને અમે લાયક નથી. નહિ તો–જો તમારી કાન્તિ, સરલતા, સભ્યતા વિ૰થી અમને કંઇક વિશ્વાસ જેવું ન લાગ્યું હોય તો. ૨. દાન કરવાની અમૂલ્યમાં અમૂલ્ય વસ્તુ–અંતઃકરણ તે તો તમે હરી લીધું. હૃદય લીધું એટલે બાકીનું પણ બધું તમારૂંજ થયું. પછી અમારી પાસે શું આપવાનું રહ્યું? ૩. તમારા મ્હોટા અનુગ્રહનો બદલો વાળી શકે એવું તો કંઇ પણ અમારી પાસે આપવાનું નથી પરંતુ આ બ્હાને–આ હાર મોકલીને–કાદમ્બરી પોતાનો માત્ર પ્રેમ દર્શાવેછે–એ બક્ષીસ જેવું કંઇ છેજ નહિ. ૪. પ્રેમ, હૃદય, જીવિત વિ૰ તમને અર્પણ કરતાં કાઇને કંઇ ધાસ્તી રાખવા જેવું નથી કારણ કે તમારા જેવા સત્પુરુષો કદી કોઇનો પ્રણયભંગ કરતા નથી. ૫. આ હાર જેવી વસ્તુ મોકલવાથી.

માનેછે તોપણ એણે પોતાનો આ હાર એમ ધારી મોકલ્યોછે કે—આ આભૂષણ તમારેજ શરીરે શોભે--ચંદ્રનું યોગ્ય સ્થલ આકાશજ, પૃથ્વી નહિ![1] અમૃત-મથન સમયે ઉત્પન્ન થયેલાં સર્વ રત્નમાં આ હાર શેષ રહેવાથી શેષ નામે ઓળખાયછે, ને એજ કારણથી ભગવાન્ સાગરદેવને આ ઘણોજ પ્રિય છે. તેમણે એક દિવસ જ્યારે વરુણ દેવ પોતાને ઘેર આવ્યા ત્યારે એમને આ અર્પણ કર્યો હતો. પછી વરુણે ગંધર્વપતિને, ને તેમણે કાદમ્બરીને આપ્યો હતો. જો કે આપ જેવા સત્પુરુષો પોતાના શરીરને ગુણ-ગણ રૂપી આભૂષણથી અલંકૃત ગણીને, ઈતર જનને વ્હાલાં આભરણ સજતા નથી તોપણ અહિંયાં તો કાદમ્બરીની પ્રીતિ ઉપર જોવાનું છે. શું ભગવાન્ નારાયણે કૌસ્તુભ નામનો શિલાનો કડકો લક્ષ્મીનો સહોદર છે એમ જાણી બહુ માનથી પોતાની છાતી ઉપર નથી પેહેર્યો? હવે નારાયણ કંઈ તમારા કરતાં ચઢે એમ નથી; કૌસ્તુભમાં પણ એવો કોઈ ગુણલેશ નથી જે આ શેષ હારમાં નહિ હોય; અને આકારની અનુકૃતિમાં કાદમ્બરીની બરાબરી જરા પણ લક્ષ્મી કરી શકે એમ નથી, માટે તમારે એનું માન રાખવું જોઈએ. પ્રીતિ કરવાને એ અયોગ્ય નથી, અને તમે જો એનો પ્રણય-ભંગ કરશો તો નક્કી મહાશ્વેતાને હજારો મેહેણાં મારી, દુઃખ દઈ, એ પોતાના પ્રાણ ત્યજશે. એવું જાણીનેજ મહાશ્વેતાએ આ હાર લઈને તરલિકાને પણ તમારી પાસે મોકલીછે અને કહાવ્યુંછે કેઃ-મહાભાગ! કાદમ્બરીના આ પ્રથમ પ્રણય-પ્રસરનો ભંગ કરવા આપ મનમાં પણ ધારશો નહિ.--આટલું કહીને મદલેખાએ કનક-ગિરિના તટ ઉપર જેમ તારાગણ તેમ એના વક્ષઃસ્થલ ઉપર પેલો હાર પેહેરાવ્યો.

પછી ચંદ્રાપીડે વિસ્મય પામીને પ્રત્યુત્તર દીધોઃ--મદલેખા! હું શું કહું? તું ઘણી નિપુણ છે. ગ્રહણ કેમ કરાવવું એ તું સમજેછે. બોલવામાં તેં એવું તો ચાતુર્ય વાપર્યુંછે કે મ્હારે ઉત્તર દેવાનો અવકાશજ રાખ્યો નથી! મુગ્ધા! હું તે કોણ માત્ર? મ્હારે તે વળી ગ્રહણ કરવું ને ન ગ્રહણ કરવું એ શું? એ વાત તો કરવીજ ન જોઈયે. તમે બધી સૌજન્યશાલી કુમારિકાઓએ મળીને મને તમારો કરી દીધોછે તો હવે ઇષ્ટ વા અનિષ્ટ વ્યાપારમાં મ્હારો યથેષ્ટ ઉપયોગ કરો. અતિ મર્યાદશીલ દેવી કાદમ્બરીના ગુણ કોઈ

---

૧. અહીં પ્રતિવસ્તૂપમા અલંકાર છે. સાદૃશ્યવાચક શબ્દ વિના માલમ પડેછે કે ચંદ્ર, હાર સાથે--આકાશ, ચંદ્રાપીડ સાથે--અને પૃથ્વી, કાદમ્બરી સાથે સરખાવ્યાંછે.

અસભ્યને પણ એમનો દાસ બનાવ્યા વિના રહે એમ નથી.——એટલું કહી, કાદમ્બરી સંબંધીજ ઘણી વાર સુધી વાત કરી રાજપુત્રે મદલેખાને વિદાય કરી. તેના ગયા પછી થોડી વારે ક્રીડાપર્વત ઉપર, ઉદયાચલ ઉપર આવેલા ચંદ્ર જેવા, ચંદન-દુકૂલ [તથા] હા ર [થી] ધવલ દેખાતા[1] ચંદ્રાપીડને નિહાળવાને, છડી, છત્ર, ચામર વિગેરે રાજચિન્હ કાઢી નાંખીને, સર્વ પરિજનને દૂર કરી, માત્ર તમાલિકા સાથે ચિત્રરથ-તનયા ફરીથી મહેલના તેજ શિખર ઉપર ચઢી. ત્યાં રહીને પેહેલાંની પેઠેજ એ વિવિધ ભ્રૂવિલાસ રૂપી તરંગથી ભરેલા, વિકારી કટાક્ષથી એનું મન હરવા લાગી.— કેટલીક વાર પોતાનો ડાબો હાથ નિતમ્બ ઉપર મુકી, પેહેરેલા વસ્ત્રની સાથેજ જમણો હાથ નીચે લટકતો રાખી, નિશ્ચલ કીકીએ, જાણે ચિત્રેલી હોય તેમ તેના તરફ એ જોયાં કરતી. કેટલીક વાર બગાસુ આવવાનું થયાથી મુખ આગળ ધરેલા ચતા હાથને લીધે, જાણે એનું નામ દેવાઇ જશે એવી બ્હીકથી પોતાનું મ્હોં બંધ કરીને જોતી! શ્વાસના સુગંધને લીધે ભમતા ભ્રમરોને વસ્ત્રના પલ્લવથી કોઇ કોઇ વાર ઝપટ મારવાથી તેઓ ગણગણાટ કરતા તે વડે જાણે ચંદ્રાપીડને એ આમંત્રણ કરતી! કોઇ કોઇ વાર જ્યારે પવનથી કરીને છાતી ઉપરનું વસ્ત્ર ઉડી જતું ત્યારે ગભરાટમાં પોતાના બંને (ઉપરા ઉપરી) વાળેલા હાથથી સ્તનને ઢાંકી દઈ, રાજપુત્રને જાણે એ આલિંગનની સંજ્ઞા કરતી!! ઘણી વાર કેશમાંથી પુષ્પ લઈ, લઈને પોતાની પોશ ભરી લીલાસહિત સુંઘવામાં, તેને જાણે નમસ્કાર કરતી!! બંને હાથની તર્જનીઓ[2] ઉપર વારે ઘડીએ મોતીનો હાર ઉછાળી ઉછાળીને એ પોતાના હૃદયમાં ઉત્પન્ન થતી ઉત્કલિકાને જાણે સૂચવતી[3]!! કેટલીક વાર બલિ-કુસુમ ઉપર પગ અડકવાથી કંપતા હાથવડે એ જાણે મદન-બાણના પ્રહારથી પોતાને થતી વેદના જણાવતી! કોઇ કોઇ વાર કંદોરાની સાંકળી ઉતરી જવાથી ચરણ બંધાઇ જતા તેથી જાણે કામદેવે બાંધીને એને અર્પણ કરી હોય એમ દેખાડતી!! ઘણી વાર ઊરુ-કંપ થવાથી એનું વસ્ત્ર શિથિલ થઇ જતું; ભૂમિ ઉપર ફરફરતા વસ્ત્રના માત્ર એક છેડાથીજ સ્તન ઢંકાયલાં રહેતાં; ચકિત થઇને પાછાં વળવાથી એની ત્રિ-

---

૧. ચંદ્ર સાથે લેતાં, ચંદન વિ૦ જેવો ધવલ એ અર્થ લેવો.

૨. અંગુષ્ઠ જોડેની અંગુલિ. ૩. હાર ઉછળે તે ઉત્કલિકા (=જલ-તરંગ) જેવો લાગે. માટે જાણે કા૦ પોતાના હૃદયની ઉત્કલિકા (=ઉત્કંઠા—કામની ઉત્સુકતા) દેખાડતી!

વલી-લતા તુટી જતી; સ્કંધ ઉપર લટકતા કેશને ભેગા કરવામાં એના હાથ રોકાતા; કટાક્ષ ફેંકવાથી કર્ણ-કમલ ધવલ થઈ જતું; તથા લજ્જાથી ઉત્પન્ન થતા હાસ્યામૃતની રજથી ગાલ ધૂસર થઈ જતા. આ પ્રમાણે એણે સૂર્ય-પ્રકાશ ઝાંખો પડી જઈ દિવસ લાલ ચોળ દેખાવા લાગ્યો ત્યાંસુધી, મુખ વાંકુ વાળી વાળીને તેની સામે અનેક સરસ રચનાઓ કરી કરીને જોયાં કર્યું.

પછી હૃદયમાં રહેલા કમલિનીના જાણે રાગથી કરીને જ્યારે, સર્વ ચક્રવાકનાં ટોળાંના ચિત્ત મધ્યે બિરાજનાર, નલિનીના પ્રાણનાથ ભગવાન્ ભાનુદેવ રક્ત થવા લાગ્યા; દિવસનો વિલંબ જોઈ ક્રોધાયમાન થતી કામિનીઓની[1] લાલ ચોળ દૃષ્ટિવડે કરીનેજ જાણે આકાશ જ્યારે રાતું રાતું થઈ ગયું; વૃદ્ધ હારીતના જેવા હરિત અશ્વવાળા સૂર્યે જ્યારે પોતાની પ્રભા થોડે થોડે ઓછી કરવા માંડી; રવિ-વિયોગથી મીચાઈ ગયેલા પદ્મવાળાં કમલ-વન જ્યારે ઝાંખાં ઝાંખાં દેખાવા લાગ્યાં; કુમુદ-સમૂહ જ્યારે ધોળા ધોળા દીસવા લાગ્યા; દિશાઓનાં મુખ જ્યારે લાલ લાલ થવા લાગ્યાં; નિશાનું મુખ જ્યારે શ્યામતા પામતું ગયું; દિવસ-શ્રીનો ફરીથી સમાગમ થશે એવી જાણે આશાથી અનુરાગી કિરણો પણ જ્યારે ભગવાન્ દિનપતિની સાથેજ ધીમે ધીમે અસ્ત થતા ગયા; તત્કાળ ઉત્પન્ન થયેલા, કાદમ્બરી-હૃદયના રાગ-રસ-સાગર જેવા સંધ્યા-રાગથી જ્યારે સકલ ભુવન છલકાઈ જવા લાગ્યું; કામાગ્નિથી બળતાં હજારો ચક્રવાક-હૃદયમાંથી નીકળતો ધૂમ હોય તેમ માનિનીનાં નયનમાંથી અશ્રુધારા પડાવતો, તરુણ તમાલ જેવા રંગનો અંધકાર જ્યારે બધે પ્રસરવા લાગ્યો;[2]

---

૧. જ્યુલિયેટને પણ સૂર્યાસ્તને સારૂ આવીજ અધીરાઈ થાયછે:—

"Gallop apace, you fiery-footed steeds,
"Towards Phœbus' lodging; such a waggoner
"As Phæton would whip you to the west,
"And bring in cloudy night immediately.—
"Spread thy close curtain, love-performing night! &c."

Romeo and J. Act III., sc. 2.

૨. અંધકારને ધૂમ સાથે સરખાવવામાં સમાન ધર્મ અહીં બે છે. ધૂમ નાના તમાલ જેવો કાળો હોય અને આંખમાં આવ્યાથી અશ્રુ પડાવે તેમ અંધકાર પણ.—કારણ કે માનિની (સ્વામી ઉપર રોષે ભરાએલી સ્ત્રી) સંધ્યાકાળનો અંધકાર જોઈ નિશાસમય પાસે આવ્યાથી આતુર બને; પરંતુ સ્વામી સાથે રીસાયલી એટલે તેની પાસે જઈ શકે નહિ—માટે અંધકાર જોઈ અશ્રુપાત કરે.

દિગ્ગજોએ શુંડમાંથી છાંટેલા જલકણ જેવા તારાગણથી કરીને ગગન જ્યારે શ્વેત દેખાવા લાગ્યું; અને ઘોર અંધકારને લીધે સર્વ વસ્તુ દેખાતી બંધ થઈ—ત્યારે મહેલના શિખર ઉપરથી કાદમ્બરી નીચે ઉતરી, અને ક્રીડાપર્વત ઉપરથી ચંદ્રાપીડ. પછી તરતજ, પાદ-ગ્રહણ કરીને કુમુદિનીઓ જેને જાણે રીઝવતી હતી, શ્યામ મુખ હોવાથી કોપેલી હોય એવી દેખાતી દિશાઓને જે જાણે ખુશી કરતો હતો, સુતેલી કમલિનીઓ રખેને જાગે એવી જાણે બ્હીકથી જે તેમને છેડતો ન હતો, લાંછનના છલમાં જે જાણે સાક્ષાત્ રાત્રિને પોતાના હૃદયમાં ધારણ કરતો હતો, રોહિણીએ ચરણ-પ્રહાર કર્યાથી ચ્હોટેલા અલક્તક-રસ જેવો ઉદય-રાગ જેનામાં દેખાતો હતો,—અભિસારિકા જેવી તિમિર-શ્યામ અમ્બર વાળી ગગનશ્રીની જે પાસે જતો હતો,[1] અને તેના અતિશય પ્રેમને લીધે જે જાણે સૌભાગ્યને પ્રસરાવતો હતો તે લોચનાનંદદાયી ભગવાન્ રજની-પતિ ઉગ્યો. પછી જ્યારે કામદેવનું રાજ-છત્ર, નિશાનું સુશોભિત દંતપત્ર, ભગવાન્ કુમુદિની-પતિનું મંડલ ઉગી રહ્યું, અને દિશાઓ શ્વેત થયાથી અખિલ ભુવન જાણે દાંતમાંથી કોરી કાઢ્યું હોય એવું દેખાવા લાગ્યું ત્યારે, ચંદ્ર-પ્રભા નિરંતર પથરાયાથી કુમુદમય હોય એવી દેખાતી ગૃહ-કુમુદિનીના જે તીર ઉપરનાં પગથિયાં જલતરંગ વડે ધોવાયેલા ચૂનાને લીધે શ્વેત થયાં હતાં, નાનાં નાનાં મોજાં રૂપી પંખાનો જ્યાં પવન ઉડતો હતો, હંસ-મિથુન જ્યાં સુઈ રહ્યાં હતાં, તથા વિયોગથી ચક્રવાકનાં દ્વંદ્વ જ્યાં ચીસો પાડતાં હતાં—તે તીર ઉપર જઈને ચંદ્રાપીડ, કાદમ્બરીના પરિજનોએ બતાવેલી એક ચંદ્ર જેવી શીતલ મુક્તા-શિલા ઉપર સુતો. એ મુક્તા-શિલાની કોરે કોરે કુમુદ-પત્રની હારોથી પત્રલતાઓ કાઢેલી હતી, ધોળાં સિંધુવાર પુષ્પના હાર ત્યાં મુકેલા હતા, તથા હરિચંદન વૃક્ષના રસથી એને ધોઈને સ્વચ્છ કરેલી હતી. ત્યાં એ સુતો એટલામાં તો કેયૂરક આવીને ખબર કરી કે દેવી કાદમ્બરી આપને મળવા આવ્યાંછે.

આ સાંભળી ચંદ્રાપીડ સત્વર ઉઠ્યો, અને જોયું તો થોડીક સખીઓની વચ્ચે, તે કાળે રમણીય લાગતા વેષને લીધે સાક્ષાત્ ચંદ્રોદય-દેવતા જેવી દીપતી કાદમ્બરીને તેણે મદલેખાનો હાથ ઝાલી આવતી દીઠી.—સર્વ રાજચિન્હ એણે કાઢી નાંખેલાં હતાં; સાધારણ સ્ત્રીની સમાન માત્ર એક એકાવલીનું આભૂષણ પેહેર્યું હતું; શરીર ઉપર સ્વચ્છ

---

૧. તિમિર-શ્યામ વિ૦=તિમિર રૂપી અને તિમિર જેવું શ્યામ વિ૦.

ચંદન-રસનો શ્વેત લેપ કરી દીધો હતો; એક કર્ણમાં દંતપત્ર પેહેરેલું હતું; (બીજામાં) ચંદ્ર-કલા રૂપી કલિ જેવું કોમલ કુમુદ-પત્ર કર્ણપૂર રૂપે શોભતું હતું; અને ચંદ્રિકા જેવાં શ્વેત, કલ્પવૃક્ષનાં બે દુકૂલ એણે પેહેરેલાં હતાં. આવીને પ્રીતિયુક્ત મધુરતા દર્શાવતી, પરિજનોને યોગ્ય ભૂતલ ઉપર પ્રાકૃત સ્ત્રીની સમાન એ બેઠી. (તે જોઇ) ચંદ્રાપીડ પણ,—રાજકુમાર! આપ તો શિલા ઉપર બેઠા રહો—એમ મદલેખાએ ઘણી વાર કહ્યા છતાં ભૂમિ ઉપરજ બેઠો, અને સર્વે કન્યાઓ બેસી રહ્યા પછી જરા વારે કહેવા લાગ્યોઃ—દેવિ! તમારા માત્ર દૃષ્ટિપાતથીજ સંતુષ્ટ થયેલા દાસજનને સંભાષણાદિ પ્રસાદનો પણ અવકાશ ન રહે તો પછી આવા મ્હોટા અનુગ્રહની તો શી વાત? ઘણું ઘણું વિચાર કરતાં પણ મ્હારામાં હું કોઇ એવો, જેવો તેવોએ ગુણ નથી દેખતો જે આવા મહાન્ અનુગ્રહને ઉચિત હોય. એ તો તમારી સરલતા, અને નિરભિમાની મધુર સુજનતાજ (મ્હારા જેવા) નવા સેવક ઉપર પણ આવી કૃપા કરેછે. તમે મને કદાચિત્ એવો અસભ્ય ગણતાં હશો જેનું મન ઉપચાર વડે હરણ કરવું પડે, (પણ) ધન્ય છે તે પરિજનને કે જેના ઉપર તમારી નિયંત્રણા હોય! જે સેવકજન તમારી આજ્ઞા પાળવાને ઉચિત છે તેના ઉપર વળી આટલો આદર હોય?—આ શરીર તો પરોપકારને અર્થે છે, અને જીવિત તૃણ જેવું તુચ્છ છે—એ, તમે અત્રે પધારીને કીધેલા મ્હોટા અનુગ્રહના બદલામાં અર્પણ કરતાં હું લજવાઉંછું. (તોપણ) આ હું રહ્યો, આ શરીર રહ્યું, આ જીવ, આ ઇન્દ્રિયો—એમાંના ગમે તેનો પરિગ્રહ કરીને (તેનું) માન વધારો.—એવું એ બોલતો હતો એટલામાં મદલેખાએ વાત ઉપાડી લઇને જરા હસતાં હસતાં કહ્યુંઃ—રાજકુમાર! અતિશય શું કરવા કહોછો? એથી મ્હારી સખી કાદમ્બરીને ઉલટું દુઃખ થાયછે. તમારે શું કરવા એવું કહેવું જોઇયે? કહ્યા વિના પણ એ સર્વે તમારૂં એણે અંગીકૃત કીધુંછે, તો પછી નિરર્થક આમ બોલી બોલીને શું કરવા સંદેહમાં નાંખોછો?—એટલું કહ્યા પછી થોડી વાર રહીને એણે પ્રસંગ જોઇ પૂછયુંઃ—તારાપીડ રાજાની શી ખબર છે? દેવી વિલાસવતીને કેમ છે? આર્ય શુકનાસ કેવા છે? ઉજ્જયિની નગરી કેવી છે? અહીંથી એ કેટલી દૂર હશે? ભરતખંડ કેવો છે? મર્ત્ય લોક રમણીય છે કે નહિ?—એ પ્રકારે ઘણી વાર સુધી વાત થયા પછી કાદમ્બરી ઉઠી અને ચંદ્રાપીડની પાસે સુનાર કેયૂરક તથા બીજા પરિજન-

ને આજ્ઞા કરીને પોતાના શયન-ગૃહના શિખર ઉપર ગઈ. ત્યાં જઈ શ્વેત વસ્ત્રના ચંદરવા નીચે પાથરેલા શયનમાં સુતી. ચંદ્રાપીડ પણ એજ શિલાતલ ઉપર સુઈ જઈને, કાદમ્બરીની નિરભિમાનતા વિશે, અભિરૂપતા વિશે તથા ગંભીરતા વિશે, મહાશ્વેતાની નિષ્કારણ વત્સલતા વિશે, મદલેખાની સુજનતા વિશે, સર્વ પરિજનની મ્હોટાઈ વિશે, ગંધર્વ રાજલોકની અતિશય સમૃદ્ધિ વિશે, તથા તેમના દેશની રમણીયતા વિશે વિચાર કરતો કરતો, કેયૂરક ચરણ ચાંપતો હતો તેવામાંજ નિદ્રાવશ થઈ ગયો, એટલે આખી રાત એને એક ક્ષણ જેવી લાગી.

પછી, કાદમ્બરીને જોવા સારૂ જાગી જાગીને થાકી જવાથી જાણે શયન કરવા જતો હોય તેમ,—તાલ, તમાલ, તાલી તથા કદલી વૃક્ષની કોમલ શાખાઓથી ભરપૂર, જલ-તરંગની આછી આછી લહેરથી શીતલ થયેલી, કાંઠા ઉપરની વનરાજિમાં—રજનીપતિ ધીમે ધીમે ઉતરી ગયો. વિયોગ-સમય પાસે આવ્યાથી શોકાતુર થતી કામિનીઓના જાણે ઉષ્ણ નિશ્વાસથીજ ચંદ્રિકા ફિકી પડી ગઈ; અને ચંદ્રાપીડને જોયાથી કામાતુર થઈ હોય તેમ, આખી રાત કુમુદમાં ગાળ્યા પછી લક્ષ્મી કમલ-સમૂહમાં જઈને પડી! રાત વીતી ગયા પછી, ઝાંખા પડેલા શયન-ગૃહના પ્રદીપો, લલનાઓના કર્ણોત્પલ-પ્રહાર સંભારી સંભારીને જાણે ઉત્કંઠિત થયા હોય તેમ જ્યારે દુર્બલ થતા ગયા; પળે પળે બાણ ખેંચવાથી થાકી ગયેલા અનંગના નિશ્વાસ જેવા, પ્રભાતના પવન, લતાઓનાં પુષ્પના સુવાસ સહિત જ્યારે વાવા લાગ્યા; અરુણોદયથી ઢંકાઈ જતા તારાઓ જાણે બ્હી બ્હીને મંદરાચલના લતા-મંડપોની ઝાડીમાં જ્યારે ભરાવા લાગ્યા; અને, ચક્રવાકનાં હૃદયમાં વસવાથી લાગેલા અનુરાગને લીધે જાણે રક્ત થયું હોય[1] એવું સૂર્ય-મંડલ જ્યારે ધીમે ધીમે દેખાવા લાગ્યું, ત્યારે ચંદ્રાપીડ શિલાતલ ઉપરથી ઉઠ્યો; ઉઠીને મુખ-પ્રક્ષાલન કરી, સંધ્યા-વંદન કરી, પાનની બીડી ખાઈ કેયૂરકને એ કહેવા લાગ્યો:—જા જોઈ આવ, દેવી કાદમ્બરી ઉઠ્યાં છે કે નહિ, અને (ઉઠ્યાં હોય તો) હમણાં ક્યાં છે.— કેયૂરકે જઈ આવીને ખબર કરી કે—દેવ! મહાશ્વેતાની સાથે એ મંદર મહેલની નીચે આંગણામાં ચુનાની વેદિ ઉપર ઉભાં છે. એ

---

૧. ચક્રવાકને સૂર્ય વ્હાલો—કારણ કે દિવસે પોતાની પ્રિયા સાથે એ રહી શકે—માટે સૂર્ય તેના હૃદયમાં વસે છે એમ કહ્યું.

સાંભળી પોતે ગંધર્વ-રાજપુત્રીને મળવા ચાલ્યો, અને ત્યાં આવ્યો એટલે એણે ભસ્મના શ્વેત ત્રિપુંડ્રવાળી તથા હાથમાં અક્ષમાલા ફેરવતી કેટલીક પાશુપત-વ્રત ધારણ કરનારી સ્ત્રીઓને જોઈ; કેટલીક ગેરૂથી રંગેલાં રાતાં વસ્ત્ર વાળી પરિવ્રાજિકાઓને જોઈ; પાકા તાલ-ફલ જેવાં વલ્કલ રૂપી રક્તવસ્ત્ર પેહેરનારી કેટલીક રક્તપટ-વ્રત ધારણ કરતી સ્ત્રીઓને જોઈ;[1] અને કેટલીક બ્રહ્મચર્ય પાળતી તાપસીઓ તેણે દીઠી, જેમણે શ્વેત વસ્ત્રથી પોતાનાં સ્તન-મંડલ દૃઢ બાંધી દીધાં હતાં, ધોળા વસ્ત્રના વીજણા ઝાલેલા હતા, તથા જટા, ચર્મ, મૌંજી, વલ્કલ, ખાખરાના દંડ, એ સૌ ધારણ કરેલાં હતાં. સાક્ષાત્ મંત્ર-દેવતાઓજ હોય તેમ તે સર્વે ઉમાપતિની, ઉમાની, કાર્તિકેયની, કૃષ્ણની, જિનની, આર્યવિલોકિતેશ્વરની, અર્હત્ની[2] તથા બ્રહ્માની પવિત્ર સ્તુતિ કરતી કરતી મહાશ્વેતાની આસપાસ બેઠેલી હતી. મહાશ્વેતા પોતે, આખા અન્તઃપુરમાં માન પામેલી ગંધર્વ-રાજ-કુલની મળવા આવેલી વૃદ્ધ સ્ત્રિયોને આદર-પૂર્વક નમસ્કાર કરી, બોલાવી, (મળવાને) સામી ઉઠી, પાસેનાં વેત્રાસન બેસવા આપીને તેમનો સત્કાર કરતી હતી. પછવાડે બેઠેલું કિન્નર-મિથુન, મધુર વેણુથી તાન દેતું હતું, અને મીઠા સ્વરથી ગાન કરતી નારદની પુત્રી સર્વ મંગલકારી મહાભારત વાંચતી હતી તેમાં કાદમ્બરી લક્ષ આપતી હતી; આગળ મુકેલા મણિ-દર્પણમાં, તાંબૂલ-રાગથી બંધાયેલી કાળી રેખાને લીધે શ્યામ પડતા અભ્યન્તરવાળા, દંત-પ્રભાથી ચળકતા, મીણ (ચોપડીને) સાફ કરેલા વસ્ત્ર જેવા લાલ પોતાના અધરનું પ્રતિબિમ્બ નિહાળતી હતી; અને શૈવલની તૃષ્ણાથી ગૃહ-કલહંસ એના કર્ણમાં પેહેરેલા શિરીષ પુષ્પ ઉપર દૃષ્ટિ રાખી આજુબાજુ ફરતો હતો તેથી જાણે પ્રભાત-ચંદ્ર ગમન-સમય થયાથી એની પ્રણામસહિત પ્રદક્ષિણા કરતો હોય એમ દેખાતું હતું!!—(કાદમ્બરીને જોઈ) તેની પાસે જઈ, નમસ્કાર કરી, રાજપુત્ર તેજ વેદિકામાં મુકેલા એક આસન ઉપર બેઠો; અને થોડીક વાર પછી મહાશ્વેતાના મુખ સામું જોઈ મ્હોં મલકાવીને જરા હસ્યો. એટલા ઉપરથીજ એ એનો અભિપ્રાય સમજી ગઈ અને કાદમ્બરીને કહેવા લાગીઃ—સખિ! ચંદ્રકાન્ત જેમ ચંદ્રકિરણથી તેમ ચંદ્રાપીડ ત્હારા ગુણથી આર્દ્ર થઈ ગયાછે એટલે બોલી શકતા નથી પણ એમને જવાની

---

૧. જુઓ પૃ. ૧૨૭ નો. ૨. ૨. આ બૌદ્ધ દેવ-ભેદ છે.

વૃત્તિ થઇછે, કેમકે પછવાડે આખું રાજચક્ર એમનો વૃત્તાન્ત જાણ્યા વિના દુઃખી થતું હશે. વળી દૂર રહ્યા છતાં પણ તમારી બેની પ્રીતિ હવે તો કમલિની અને સૂર્ય તથા કુમુદિની અને ચંદ્રની (પ્રીતિની) પેઠે પ્રલયકાલ સુધી રહેવાની માટે તું એમને જવાની અનુજ્ઞા આપ.

આ સાંભળી કાદમ્બરીએ પ્રત્યુત્તર આપ્યોઃ—સખિ! જેમ એમનો અંતરાત્મા તેમ હું અને મ્હારા સર્વ પરિજન કુમારને સ્વાધીન છિયે એટલે આમાં અનુરોધ જેવું શું છે?–એટલું કહી, ગંધર્વ-કુમારોને બોલાવી એણે આજ્ઞા કીધી કે જાઓ, રાજકુમારને એમના દેશમાં મુકી આવો. એ પછી ચંદ્રાપીડે ઉઠીને પ્રથમ મહાશ્વેતાને અને પછી કાદમ્બરીને પ્રણામ કર્યો; તે વેળા એની પ્રેમાળ આંખ તથા મન પોતાના તરફ આકૃષ્ટ થયાથી એ કહેવા લાગ્યોઃ–દેવિ! શું કહું? બહુ બોલકણા ઉપર લોક વિશ્વાસ રાખતા નથી માટે (ટુંકામાં એટલુંજ કે) પરિજન-કથામાં મને કૃપા કરીને સંભારશો.–એટલું કહી કન્યાન્તઃપુરમાંથી પોતે નીસર્યો. તેના ગુણ-ગૌરવથી આકૃષ્ટ થયેલી, કાદમ્બરી શિવાય બીજી સર્વ કન્યાઓ જાણે પરવશ હોય તેમ, તે જતો હતો તેને વળાવવાને બ્હાર તોરણ સુધી આવી. પછી તે બધી પાછી ગઇ એટલે રાજપુત્ર, કેયૂરકે આણેલા અશ્વઉપર બેસીને, પાછળ આવતા પેલા ગંધર્વ-કુમારો સહિત હેમકૂટમાંથી ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં ચિત્રરથ-તનયા કેવલ તેના અન્તરમાંજ નહિ પણ બ્હારથીએ સર્વ આશાનું[1] બંધન રૂપ થઇ પડી.–એનું મન તન્મય હોવાથી તે જાણે અસહ્ય વિરહ-વેદનાને લીધે પસ્તાઇને પોતાની પછવાડે આવતી હોય, આગળ આવીને જાણે માર્ગ રૂંધતી હોય, વિયોગથી વ્યાકુલ બનેલા હૃદયમાં ઉત્પન્ન થતી ઊત્કલિકાના[2] આવેશથી જાણે આકાશમાં જતી રહી હોય, અને વિરહાતુર ચિત્તને લીધે વદન બરાબર નિહાળવાને જાણે ઉરઃસ્થલમાં આવીને બેઠી હોય એમ એ (સર્વ સ્થલે) તેને ને તેનેજ દેખવા લાગ્યો.[3] પછી ધીરે ધીરે જ્યારે મહાશ્વેતાના આશ્રમ પાસે એ આવી પહોચ્યો ત્યારે ઇન્દ્રાયુધને પગલે પગલેજ આવેલું પોતાનું સૈન્ય અચ્છોદ સરોવરની તીરે પડેલું

---

૧. આશા=અભિલાષ; દિશા. ૨. ઉત્કલિકા–જુઓ પૃ. ૧૬૨ નો. ૩.
૩. માધવ પણ માલતીને આમજ સર્વ સ્થલે દેખે છેઃ—

पश्यामि तामित इतः पुरतश्च पश्चा-।
दन्तर्बहिः परित एव विवर्तमानाम् ॥ मा० मा०, पृ. ६

એણે જોયું. પેલા ગંધર્વ-કુમારોને ત્યાંથી એણે વિદાય કર્યા, અને સૈન્યના માણસો એને જોઈ, આનંદસહિત, કુતૂહલસહિત, વિસ્મયસહિત પ્રણામ કરવા લાગ્યા; એવી રીતે એ પોતાના ભવનમાં પેઠો, અને ત્યાં સર્વ રાજલોકનું સન્માન કરી, દિવસનો ઘણોખરો ભાગ એણે,–આવી મહાશ્વેતા છે. આવી કાદમ્બરી છે, આવી મદલેખા છે, આવી તમાલિકા છે, આવો કેયૂરક છે–એવી ને એવીજ વાતો વૈશમ્પાયન તથા પત્રલેખાની સાથે કરવામાં ગાળ્યો. કાદમ્બરીનું રૂપ જોયા પછી રાજલક્ષ્મી ઉપર જાણે અભાવ થયો હોય તેમ પેહેલાંની પેઠે તે એને હવે પ્રિય લાગી નહિ, અને પ્રિયા-વિયોગથી પીડાતા ચિત્તમાં એજ શ્વેત-લોચનાનું ચિન્તન કરતે કરતે આખી રાત એણે જાગરણમાંજ કાઢી. બીજે દિવસ સૂર્યોદય થયા પછી પોતે એ ને એજ વિચારમાં સભામંડપમાં બેઠો હતો તેવામાં ઓચિંતાજ એણે પ્રતીહારની સાથે કેયૂરકને આવતો જોયો. કેયૂરકે દૂરથીજ મસ્તકવડે ભૂમિને સ્પર્શ કરી પ્રણામ કર્યા એટલે–આવ, આવ, એમ કહી ચંદ્રાપીડે પ્રથમ પ્રુણા તરફ જતા ચક્ષુવડે, પછી હૃદયવડે, પછી રોમોદ્‌ગમવડે અને છેલ્લે બાહુવડે, દોડીને તેને ગાઢ આલિંગન દીધું, તથા પોતાની પાસેજ બેસાર્યો. પછી જાણે બ્હાર નીકળતા પ્રીતિ-રસના બનેલા હોય તેમ હાસ્યામૃતને લીધે શ્વેત થયેલા અક્ષરમાં, આદરસહિત પોતે પૂછવા લાગ્યો કેઃ–કેયૂરક! કેમ દેવી કાદમ્બરી સખીજન પરિજન સહિત અને ભગવતી મહાશ્વેતા સૌ કુશલ છે?–ત્યારે, અતિશય પ્રીતિથકી ઉત્પન્ન થયેલા, રાજપુત્રના મંદ હાસ્યથીજ જાણે ન્હવાઈ ગયો હોય તથા અનુલિપ્ત થયો હોય તેમ તરતજ કેયૂરક વિશ્રાન્ત થઇ ગયો, અને પ્રણામ કરી, વધારે આદરથી એણે ઉત્તર આપ્યોઃ–આજ એ કુશલ થયાં કે આપે આવો પ્રશ્ન કર્યો! એટલું કહી, ભીના વસ્ત્રના કડકામાં વીંટેલો, મૃણાલ-સૂત્રથી મુખે બાંધેલો, લીલા ચંદન-રસમાં મુકેલા બાલ-મૃણાલવલય રૂપી મુદ્રાવાળો એક કમલ-પત્રપુટ કાઢીને એણે દેખાડ્યો; અને તે ઉઘાડીને તેમાં કાદમ્બરીએ મોકલેલાં કેટલાંક અભિજ્ઞાન દેખાડ્યાં–જેમાં મરકત જેવાં લીલાં, છાલ કાઢી નાંખેલાં, થોડી થોડી સુંદર મંજરીવાળાં, દૂધ ભરેલાં સોપારી હતાં; પોપટીના ગાલ જેવાં ધોળાં કેટલાંક પાન હતાં; શિવ-મસ્તકે બિરાજતી ચંદ્ર-કલા જેવડો કર્પૂરનો કડકો હતો; અને કસ્તુરીના અતિશય બ્હેકથી મનોહર લાગતું, લેપ કરવાનું ચંદન હતું. એ દેખાડી કેયૂરકે કહ્યુંઃ–કોમલ અંગુલિ-વિવરમાંથી નીકળતા રક્ત

કિરણથી છવાઈ ગયેલી અંજલિવડે ચૂડામણિને સ્પર્શ કરીને દેવી કાદમ્બરી આપને વંદન કરેછે; મહાશ્વેતાએ કંઠાલિંગન સહિત કુશલ સમાચાર પૂછ્યા છે; કેશના નમી જતા માણિક્યની પ્રભાથી રંગાયલા લલાટે, મદલેખાએ નમસ્કાર કહાવ્યા છે; અને સર્વ કન્યાઓએ સેંથીમાંની મકરિકાના કોટિ કોણ[1] ભૂમિ ઉપર મુકીને, તથા તમાલિકાએ ચરણ-રજઃસ્પર્શસહિત, આપને પાદ-પ્રણામ કહાવ્યા છે. વળી મહાશ્વેતાએ સંદેશો મોકલ્યો છે કેઃ—જેમણે તમને કદી જોયા નથી તેમનેજ હું તો સુખી સમજુ છું, કારણ કે સમક્ષમાં જે તમારા ગુણ હિમ-શીતલ તથા ચંદ્રમય જેવા લાગતા તેજ, વિરહથી હવે રવિમય હોય એવા થઈ પડ્યા છે. સર્વ જન, દૈવયોગે આવી વીતી ગયેલા દિવસને અમૃતની ઉત્પત્તિના વાસરની સમાન કેમે કરીને પાછો જોવાની ઇચ્છા રાખેછે. તમારા ગયા પછી આખું ગંધર્વ-રાજ-નગર જાણે ઉત્સવ થઈ રહ્યા પછી મંદ પડી ગયું હોય એવું ભાસે છે. તમે જાણોછો તો ખરા કે મેં સર્વ વસ્તુનો ત્યાગ કરી દીધો છે; તોપણ તમારા જેવા નિષ્કારણ બાંધવને મળવાને ઇચ્છા ઉપરાંત પણ મ્હારૂં અંતઃકરણ જાણે બલાત્કારે તલસે છે. તેમજ વળી કાદમ્બરીના શરીરને ભારે અસુખ થઈ આવ્યું છે અને એ આપ મદન-રૂપનું હસતું વદન ઘડી ઘડી સંભાર્યાં કરેછે, માટે પુનરાગમન રૂપી માન આપીને આપે એને ગુણવત્વનું અભિમાન કરાવવું ઘટે છે. (તમારા જેવા) ઉદાર પુરુષોના આદરથી (અમ જેવાંને) બહુ માન મળે છે. આપને અમારા જેવાંના પરિચયથી શ્રમ તો અવશ્ય વેઠવો પડશે. (પણ) આપની સુજનતા જોઈનેજ અમે આવો અનુચિત સંદેશો મોકલવાની હામ ધરી છે. આ આપના શયનમાં રહી ગયેલો શેષ હાર મોકલ્યો છે.—એમ કહી, ઉત્તરીય વસ્ત્રને છેડે બાંધેલો, સૂક્ષ્મ સૂત્ર-વિવર-માંથી નીકળતી કિરણ-લેખાઓ વડે ઓળખાઈ આવતો તે હાર છોડીને એણે ચામર-ગ્રાહિણીના હાથમાં આપ્યો.[2]

---

૧. મકરિકા—મકરના આકારનું આભૂષણ. કોણ=ખુણા.

૨. ચંદ્રાપીડ પોતાના શયનમાં આવો અમૂલ્ય હાર પણ ભૂલી ગયો એમ દર્શાવવામાં કવિનો વિચાર ગમે તો એની અતિશય સમૃદ્ધિ સૂચવવાનો હોય અથવા તો એની તે સમયની શૂન્ય-હૃદયતા બતાવવાનો હોય એમ લાગેછે.

કેયૂરકનાં વચન સાંભળી,—આ તો મહાશ્વેતાની ચરણારાધના રૂપી તપનું ફલ મને મળ્યું કે મ્હારા જેવા પરિજનને પણ દેવી કાદમ્બરીએ આવો અનુસ્મરણાદિ ભારે અનુગ્રહ કર્યો!—એટલું કહી, ચંદ્રાપીડે તે સર્વ (વસ્તુઓ) માથે ચઢાવી પોતેજ લીધી. કાદમ્બરીના ગળી પડેલા કપોલ-લાવણ્ય જેવો, રસ થઇ ગયેલા સ્મિત-પ્રકાશ જેવો, દ્રવ પામેલા હૃદય જેવો, ઝરી ગયેલા ગુણગણ જેવો, સ્પર્શને ગમતો, મનોહર તથા સુગંધિ (ચંદન)લેપ એણે શરીરે લગાવ્યો અને પેલો હાર કંઠમાં પહેર્યો. પછી પાનની બીડી ખાઇ, થોડી વાર રહીને પોતે ઉઠ્યો, અને ડાબે હાથે કેયૂરકના ખભા ઉપર ટેકો દઇ, ઉભે ઉભેજ, યથાયોગ્ય સન્માન આપ્યાથી આનંદ પામતા પ્રધાન રાજલોકને વિદાય કરી ધીમે ધીમે એ ગંધમાદન હાથીને જોવા ચાલ્યો. ત્યાં આગળ થોડીક વાર ઉભા રહી, પોતાના નખ કિરણથી મિશ્રિત હોવાને લીધે મૃણાલ સહિત હોય એવું દેખાતું થોડું ઘાસ તેને પોતાની મેળેજ નાંખીને ત્યાંથી પ્રિય-હય-શાલા તરફ ચાલ્યો. જતે જતે બંને બાજુએ જરા જરા વદન વાંકુ વાળી વાળીને પરિજનોને નિહાળવા લાગ્યો.—(આ ઉપરથી) એના ચિત્તનો અભિપ્રાય સમજી ગયેલા પ્રતિહારોએ કોઇને પણ પછવાડે આવવા નહિ દેતાં સર્વ પરિજનને કાઢી મુક્યા એટલે તે એકલા કેયૂરકનેજ લઇને અશ્વશાલામાં ગયો. રખેને કાઢી મુકે એવા ભયથી ત્યાંના અશ્વપાલો એને દેખી, ગભરાયલી આંખે પ્રણામ કરી કરીને ખસવા લાગ્યા એટલે, ઇન્દ્રાયુધની પીઠ ઉપરથી એક પાસ ખસી ગયેલું વસ્ત્ર ઠીક કરતો કરતો,—જરા મીચાયલી તેની આંખ ઉપર આવીને દૃષ્ટિને રુંધતી, કુંકુમ જેવી કપિલ તેની યાળને ખસેડતો ખસેડતો—(અશ્વની) પદ-પંક્તિ ઉપર ચરણ મુકીને, અશ્વશાલાના એક મોભ ઉપર શરીરનો ટેકો દઇને જરા હસતો હસતો એ કુતૂહલ સહિત, ધીમેથી કહેવા લાગ્યોઃ—કેયૂરક! મ્હારા ગયા પછી ગંધર્વ-રાજકુલમાં શો વૃત્તાન્ત બન્યો, ગંધર્વ-રાજપુત્રીએ ત્યાર પછી દિવસ શી રીતે ગાળ્યો, મહાશ્વેતાએ શું કર્યું, મદલેખા શું બોલી, પરિજનોમાં શી વાત ચીત થઇ, તેં શું કર્યું, મ્હારા સંબંધી કંઇ કથા નીકળી હતી કે નહિ—એ સર્વ મને કહે.—કેયૂરકે સર્વ પ્રશ્નોનો પ્રત્યુત્તર આપ્યોઃ—દેવ! સાંભળો. આપ બ્હાર નીકળ્યા કે તરતજ કન્યાન્તઃપુરમાં નૂપુરોના રણરણાટથી, હજારો હૃદયના પ્રયાણ-પટહનો[1] જાણે કલકલ થઇ રહ્યો એટલે દેવી કાદ-

૧. પ્રયાણ-પટહ=પ્રયાણ—બ્હાર નીકળવું, તે સમયે વગાડાતી નોબત.

મ્બરી પરિજનસહિત મહેલના શિખર ઉપર ચઢી,અશ્વોએ ઉરાડેલી ધૂળથી ધૂસર દેખાતે આપેજ લીધેલો માર્ગ જોતાં જોતાં ઉભાં રહ્યાં. પછી જ્યારે આપ દૃષ્ટિ-ગોચરની બહાર ગયા ત્યારે મદલેખાના સ્કંધ ઉપર પોતાનું વદન નાંખીને, શ્વેત છત્રના આકારમાં જાણે શશીજ આવીને ઈર્ષ્યાથી સૂર્ય-કરને એમને સ્પર્શ ન થવા દેતો હોય એમ (દર્શાવતાં), પ્રીતિથી, ક્ષીર-સાગર જેવા ધવલ દૃષ્ટિપાત વડે દિશાના તે ભાગને જાણે પૂરી નાંખતાં નાંખતાં, બહુ વાર સુધી ત્યાંજ રહ્યાં. આખરે ખેદ પામીને ત્યાંથી મહાકષ્ટે નીચે ઉતરી, થોડી વાર સભામંડપમાં બેસીને ઉઠ્યાં; એટલે, રખેને એ બલિ-પુષ્પ ઉપર સ્ખલન કરે એવી જાણે બ્હીકથી, ગુંજાર કરતા ભ્રમરો તે પુષ્પને બતાવવા લાગ્યા; જલધારા જેવા શ્વેત નખ-કિરણ તરફ જોઈ રહેલા ગૃહ-મયૂરોની ચીસોથી ઉદ્વેગ પામીને પોતે, નીકળી પડતાં વલયથી, પ્રત્યેક મયૂરને ગળે જાણે કંઠ-બંધ બાંધવા લાગ્યાં![1] પગલે પગલે, પુષ્પ-ધવલ ગૃહ-લતાઓનાં પલ્લવનું હાથવડે, તથા આપના ગુણ-ગણનું મનવડે એ ગ્રહણ કરવા લાગ્યાં.[2]–એમ (ચાલતાં ચાલતાં,) જે ક્રીડાપર્વત ઉપર આપ રહ્યા હતા ત્યાંજ આવી પહોચ્યાં. ત્યાં આવ્યાં એટલે દાસીઓ એમને સૂચના કરવા લાગી કે–મરકત-શિલામય મકર જેવા આકારના જલ-પ્રવાહથી સીંચાયલા લીલા લતા-મંડપમાંના આ, જલકણથી છવાઈ ગયેલા શિલા-તલઉપર કુમાર બેઠા હતા; ગંધોદકના પરિમલથી ભેગાં થયેલાં ભ્રમરોનાં ટોળાંથી ભરેલા આ શિલા-પ્રદેશ ઉપર કુમારે સ્નાન કર્યું હતું; પુષ્પ-પરાગ રૂપી રેતીથી ભરેલે, આ ગિરિ-નદીને તટે, ભગવાન્ પશુપતિનું પૂજન કીધું હતું; ચંદ્રની પણ કાન્તિને હરાવે એવા સુંદર આ સ્ફટિક-મણિમય શિલાતલ ઉપર ભોજન કીધું હતું; અને ચ્હોટેલા ચંદન-રસના ડાઘવાળી આ મુક્તા-શિલા ઉપર શયન કર્યું હતું;–એમ પુનરુક્તિથી[3] દર્શાવેલાં

ભાવ એ કે સર્વ કન્યાઓનાં અંતઃકરણ પણ ચંદ્રાપીડની સાથે બહાર ગયાં.

૧. કાદમ્બરીના શ્વેત નખ-કિરણ વર્ષાદની ધારા છે એમ સમજી મયૂરો તે તરફ જોઈ રહેતા તથા ટેહૂ ટેહૂ કર્યા કરતા; કાદમ્બરી વિરહ-વ્યથાથી પીડાતી હતી એટલે એનાથી તેમનો શબ્દ સહન થતો ન હતો, તેમજ હાથમાં વલય રહી શકતાં ન હતાં પણ ઉંચી ડોક ઉભેલા તે મયૂરોના ગળામાં અનુક્રમે પડતાં હતાં; તે ઉપરથી ઉત્પ્રેક્ષા કરી કે જાણે તેમને બોલતા અટકાવવાને કંઠે બંધ બાંધતી હતી!! ૨. પુષ્પ થકી ધવલ–પલ્લવ; પુષ્પ જેવા ધવલ–ગુણ. ૩. કહેવાની જરૂર ન છતાં જે ફરીથી કહેવામાં આવે તે ‘પુનરુક્ત’. ચં૦નાં સ્થાન-ચિન્હ કા૦ને જણાય એવાં હતાં તથાપિ કહેવામાં આવ્યાં માટે ‘પુનરુક્ત’.

આપનાંજ સ્થાન-ચિન્હ જોવામાં એમણે આખો દિવસ ગાળ્યો. દિવસ આથમતાં મહાશ્વેતાએ જ્યારે બહુ બહુ કહ્યું ત્યારે અણગમતું અણગમતું પણ એમણે એજ સ્ફટિક-મણિગૃહમાં ભોજન કીધું. સૂર્યાસ્ત થયા પછી જ્યારે ચંદ્ર ઉગ્યો ત્યારે, જાણે ચંદ્રકાન્તમય હોય તેમ, ચંદ્રોદયથી એમનું શરીર ભીનું ભીનું થઇ ગયું; અને રખેને ચંદ્ર-બિમ્બ પ્રવેશ કરે એવી જાણે બ્હીકથી હાથ ગાલ ઉપર મુકી, જરા આંખ મીચી, કંઇ વિચારમાં ને વિચારમાં ત્યાંજ જરા વાર એ બેસી રહ્યાં. પછી ઉઠીને, નિર્મલ નખમાં પડેલી ચંદ્ર-પ્રતિમાનો જાણે ભાર લાગતો હોય તેમ મહા કષ્ટથી પગલાં ભરતાં ભરતાં, લીલાયુક્ત મંદ ગતિથી ચાલીને શયનગૃહમાં ગયાં; અને શયનમાં સુતાં ત્યારથીજ અતિ પ્રબલ શિરોવેદના થઇ આવી તથા દારૂણ અગ્નિ જેવો જ્વર પીડવા લાગ્યો તેથી તરફડિયાં મારી મારીને, આખી રાત એમણે, કોણ જાણે શીએ આધિ થયાથી—મંગલ પ્રદીપ, કુમુદ-સમૂહ અને ચક્રવાકની સાથેજ—ઉઘાડી આંખે મહા મહા દુઃખે વીતાડી. પછી સવાર પડ્યું ત્યારે મને બોલાવીને આપના સમાચાર લાવવા સારૂ જવાની એમણે આજ્ઞા કરી.

આ સાંભળીને ચંદ્રાપીડ જવાની ઇચ્છાથી—અશ્વ લાવો એમ કહેતો કહેતો ત્યાંથી બ્હાર નીકળ્યો; અને પર્યાણ માંડીને અશ્વપાલે સત્વર આણેલા ઇન્દ્રાયુધ ઉપર સ્વાર થઈ, પછવાડે પત્રલેખાને બેસારી, સૈન્ય ઉપર વૈશમ્પાયનને સ્થાપી, સર્વ પરિજનને પાછા વાળી, બીજે ઘોડે બેસીનેજ પાછળ આવતા કેયૂરકની સાથે હેમકૂટ તરફ ચાલ્યો. ચાલતાં ચાલતાં કાદમ્બરીના મહેલના દ્વાર પાસે આવી પહોચ્યો ત્યારે ઘોડેથી એ ઉતર્યો. ઉતરીને અશ્વ દ્વારપાલને સોંપી, કાદમ્બરીનું પ્રથમ દર્શન કરવાને ઉત્સુક થયેલી પત્રલેખાને પછવાડે લઈ, મહેલમાં પ્રવેશ કરી, સામા આવતા એક વંઠલને પૂછવા લાગ્યો કેઃ—દેવી કાદમ્બરી ક્યાં છે? તેણે પ્રણામ કરી ઉત્તર દીધો કેઃ—દેવ! મત્ત મયૂરવાળા ક્રીડાપર્વતની નીચે કમલ-સરોવરને તીરે રચેલા હિમ-ગૃહમાં[૧] દેવી બિરાજેછે.—આ સાંભળી, કેયૂરકે બતાવેલે માર્ગે પ્રમદ-વનમાં થઇને એ કેટલેક દૂર ગયો એટલે મરકત જેવાં લીલાં કદલી-વનની પ્રભાથી રવિકિરણ લીલા ઘાસ જેવા તથા દિવસ લીલો છમ હોય એવો દેખાવા લાગ્યો, અને તે વનની વચ્ચે કમલ-પત્રથી નિરંતર ઢંકાઇ ગયેલું હિમગૃહ એની દૃષ્ટિયે પડ્યું. તેમાંથી બ્હાર નીકળતી, શિ-

---

૧. તાપ જ્યાં નડે નહિ એવું શીતલ ગૃહ. કા૦ને મદન-દાહ પ્રકટેલો તે

શિર ઉપચારમાં કુશલ, કાદમ્બરીની શરીર-સેવા કરનાર દાસીઓને એણે જોઇ.—તેઓ ભીનાં વસ્ત્રના છળમાં જાણે અચ્છોદ સરોવરના જલથી ઢંકાઇ ગઇ હોય એવી દેખાતી હતી; હાથ ઉપર રાખેલા મૃણાલવલયને લીધે આભૂષણથી જાણે તેમનાં અવયવ ધોળાં ધોળાં થઇ ગયાં હોય એવાં લાગતાં હતાં; તેમના એક કર્ણમાં પેહેરેલાં આછા શ્વેત રંગનાં કેતકી-ગર્ભ-પત્રનાં આભૂષણ દંતપત્રની શોભાને પણ હરાવતાં હતાં; તેમનાં મુખારવિંદ ઉપર સૌભાગ્ય-પટ્ટ જેવાં[1] ચંદન-તિલક રચેલાં હતાં; ગાલ ઉપર ચંદન-બિંદુનું તિલક કાઢ્યાથી, દિવસે પણ જાણે સ્પર્શ-લોભથી ચંદ્ર-પ્રતિબિંબ ત્યાં આવીને રહ્યું હોય એમ દેખાતું હતું; શિરીષ કરતાં પણ શોભામાં ચઢે એવી શૈવલ-મંજરીઓનાં તેમણે કર્ણપૂર પેહેરેલાં હતાં; કર્પૂરની રજથી ધૂસર થયેલાં, આછો ચંદન-રસ ચોપડેલાં, બકુલાવલી રૂપી વલયવાળાં સ્તન ઉપર તેમણે કમલ-પત્ર રૂપી વસ્ત્ર મુકેલાં હતાં; વારંવાર ચંદન-લેપ લઇ જવાથી ધોળા થયેલા હોવાને લીધે, જાણે સંતાપ-રોષથી ચંદ્ર-કિરણ મસળી નાંખ્યા હોય એવા દીસતા હાથમાં તેઓએ મૃણાલ-દંડવાળાં બિસ-તન્તુમય ચામર લીધેલાં હતાં; ઉન્નાલ[2] કમલ, કુમુદ, કુવલય, કદલી-પત્ર, કમલિની-પત્ર તથા પુષ્પનાં લુમખાં છત્રના આકારમાં ધરીને તેઓએ છાયા કરેલી હતી; અને (ભેગી થવાથી) તેઓ, જલદેવતાઓની જાણે સભા હોય, વરુણ-સ્ત્રિયોની જાણે મંડળી હોય, શરદ્ ઋતુની જાણે સમાજ હોય, તથા સરસીઓની[3] જાણે ગોષ્ઠી હોય એવી શોભતી હતી !!

તે દાસીઓએ પ્રણામ કરી, પાદ-નખનો સૂર્યથી દાહ થશે એવી જાણે બીકથી સત્વર ખસી જઇ એને માર્ગ આપ્યો એટલે—જે કેળનાં તોરણ પાસે ચંદન-પંકની વેદિયો બનાવેલી હતી, પુંડરીકની કળિયો રૂપી જેમને ઘંટાઓ બાંધેલી હતી, વિકસિત સિંધુવાર પુષ્પની મંજરીનાં જેમને ચામર હતાં, મ્હોટી મ્હોટી મલ્લિકાની કળિયોના હાર જેમને લટકાવેલા હતા, લવંગ-પલ્લવ તથા ચંદનની જેમને માલાઓ બાંધેલી હતી, કુમુદ પુષ્પના હારવાળી ધ્વજાઓ જ્યાં ફરફરતી હતી, અને મૃણાલની છડી હાથમાં લઇને, સુંદર કુસુમાભૂષણ ગ્રહણ કરીને, સાક્ષાત્ વસંત-લક્ષ્મી જેવી દ્વારપાલિકાઓ જ્યાં ઉભી રહેલી હતી—તે તોરણ તળે થઇને આગળ સર્વ બાજુએ

શમાવવાને એ હિમ-ગૃહમાં રહી હતી. ૧. સૌભાગ્યનો પટ્ટ=પટ્ટો હોય એવાં. સૌભાગ્ય સારૂ જુઓ પૃ. ૨૩૫ નોટ ૪.

૨. ઉપર રાખેલા નાલ—દંડ—વાળાં. ૩. સરસી=નાની તળાવડી.

જોતો જોતો એ ચાલ્યો તો કોઇ સ્થલે, બંને કિનારે તમાલ-પલ્લવ રોપીને કરેલી વન-લેખાવાળી, તથા કુમુદ-ધૂલિ રૂપી રેતીથી બનાવેલી પુલિન-માલા-વાળી,ચંદન-રસની ગૃહ-નદીઓ એણે વહેતી દીઠી;કોઇસ્થલે નિચુલ-મંજરી-ના રક્ત ચામર વાળા ભીના ચંદરવાની નીચે, સિંદૂરથી રંગેલાં ભૂતલ ઉપર, રક્ત કમલનાં શયન પથરાતાં જોયાં; કોઇ સ્થલે,સ્પર્શથીજ જણાય એવી સુંદર ભીંતો વાળાં સ્ફટિક-ગૃહમાં એલાયચીનો રસ છંટાતો જોયો; કોઇ સ્થલે, શિરીષનાં કેસરથી રચેલી નવતૃણમય ભૂમિવાળાં મૃણાલ-ધારાગૃહનાં શિખર ઉપર મુકાતાં, ધારાકદંબની[1] ધૂળથી ધૂસર થયેલાં યંત્ર-મયૂરોનાં ટોળાં જોયાં; કોઇ સ્થલે, આંબાના રસમાં પલાળેલાં જંબુ-પલ્લવ પર્ણકુટી-ઓના અભ્યંતરમાં ઢંકાતાં જોયાં; કોઇ સ્થલે, કૃત્રિમ હાથીનાં બચ્ચાંની ક્રીડાથી આકુલ થતી કાઞ્ચન-કમલિનીઓ જોઇ; કોઇ સ્થલે, સુવર્ણ રૂપ સુધાના પંકનાં જ્યાં કામ-પીઠ બાંધ્યાં હતાં એવા, ગંધોદક ભરેલા કુવા-ઓમાં,કમલ-પત્રપુટનાં ઘટી-યંત્ર[2] જોયાં જેમના અરક[3] સ્થૂલ મૃણાલ-લતા રૂપી દંડના બનાવેલા હતા, જેમના જલ-દ્રોણિ[4] કેતકી-પત્રના હતા, અને જે કુવલયાવલી રૂપી રજ્જુઓથી ફરતાં હતાં; કોઇ સ્થલે, સ્ફટિકમય વલા-કાઓ (નાં મુખ) માંથી નીકળતી જલધારાઓ વાળી તથા ચિત્રેલાં ઇન્દ્ર-ધનુષ વાળી, ફરતી, માયા-મેઘ-માલા[5] જોઇ; કોઇ સ્થલે, જેમને તીરે ધોળા યવાંકુર ઉગેલા હતા, તથા જેમના તરંગ તરતી માલતી-પુષ્પની નાની નાની કળિયોથી વિષમ દેખાતા હતા એવી,હરિચંદન-રસની વાપિકાઓમાં એણે હાર-લતાને શીતલ કરવામાં આવતી જોઇ;કોઇ સ્થલે,યંત્ર-વૃક્ષો એના જોવામાં આવ્યાં, જેમની આસપાસ મોતીના ભૂકાથી ક્યારા બાંધેલા હતા, તથા અહર્નિશ જેમાંથી સ્થૂલ જલબિંદુનો વર્ષાદ વર્ષતો હતો; કોઇ સ્થલે, ફડફડતી પાંખોમાંથી ઉડતા જલકણવડે બધે ઝાકળ પ્રસારીને ભ્રમણ કરતી, પત્રનાં પક્ષિયોની યંત્રમય હારો દીઠી; કોઇ સ્થલે, પુષ્પ-હારના હિંદોળા જોયા, જ્યાં ભ્રમર રૂપી ઘુઘરિયોની હારમાંથી અતિશય તીક્ષ્ણ સ્વર નીકળતો હતો; કોઇ સ્થલે,સુવર્ણ-કલશનો એણે પ્રવેશ થતો જોયો,જેમનાં મુખ, અંદર ઉગી બ્હાર નીકળી આવતાં, ઉંચા દંડવાળાં કમલનાં પત્રથી

---

૧. તે નામના વૃક્ષની. ૨. પાણીના રેંટ. ૩. પૈડાની આરા.

૪. જલ ભરાય એવાં વાસણ. ૫. માયા-મેઘ=કૃત્રિમ મેઘ—ખરે-ખરા નહિ.

છવાઈ ગયાં હતાં; કોઈ સ્થલે, કદલી-ગર્ભ-સ્તંભ રૂપી દંડવાળાં, સુંદર વંશ જેવાં, પુષ્પનાં લુમખાંનાં છત્ર બંધાતાં જોયાં; કોઈ સ્થલે, મૃણાલ-તન્તુમય વસ્ત્રોને, હાથમાં ચોળેલાં કર્પૂર-પલ્લવના રસ વડે સુગંધિ કરવામાં આવતાં દીઠાં; કોઈ સ્થલે,લવલી-ફલના રસમાં મલ્લિકા-મંજરીનાં કર્ણપૂરને પલાળાતાં જોયાં; અને કોઈ સ્થલે, પથ્થરના વાસણમાં ભરેલા શીતલ ઔષધિ-રસને કમલ-પત્રના પંખાથી પવન નંખાતો જોયો;—આવા આવા પ્રકારનાં શિશિરોપચારનાં સાધન પરિજનોએ તૈયાર કરી રાખ્યાં હતાં તથા કરતા હતા તે સઘળાં જોતો જોતો રાજપુત્ર હિમગૃહના મધ્યભાગમાં આવી પહોચ્યો. તે મધ્યભાગ જાણે હિમાલયના હૃદય જેવો, વરુણ દેવના જલ-ક્રીડા-ગૃહ જેવો,સર્વ ચંદ્રકલાઓના પ્રસવ-સ્થાન જેવો,સર્વ ચંદન-વન-દેવતાઓના કુલગૃહ જેવો,સર્વ ચંદ્રમણિયોની જન્મભૂમિ જેવો,સર્વ માઘમાસની રાત્રિયોના નિવાસ જેવો,સર્વ વર્ષા ઋતુઓના સંકેત-ગૃહ જેવો,સર્વ નદીઓને ગ્રીષ્મનો તાપ દૂર કરવાના સ્થલ જેવો, સર્વ સાગરોને વડવાગ્નિનો સંતાપ શમાવવાના સ્થાન જેવો, સર્વ જલધરોને વિદ્યુત્‌નો અગ્નિદાહ શાન્ત કરવાના સ્થલ જેવો, કુમુદિનીઓને ચંદ્ર-વિયોગથી દુઃસહ થઈ પડતા દિવસ ગાળવાના સ્થાન જેવો, અને કામદેવને હર-હુતાશન ઓલવવાના ક્ષેત્ર જેવો હતો !! ત્યાં જલયંત્રમાંથી નીકળતી હજારો ધારાઓ વડે દૂર થયેલા સૂર્ય-કિરણો પણ જાણે અતિ શીત સ્પર્શના ભયથી નિવૃત્ત થયા હોય તેમ આવતા ન હતા. કદંબ-કેસર સહિત વાતા પવન પણ જાણે કંટકિત થયા હોય એમ અનુગમન કરતા હતા.[1] આજુ બાજુ આવેલાં કદલી-વનનાં પત્ર પવનથી હાલતાં હતાં તેથી તે (વન) પણ જાણે શીતલતાથી કંપતાં હતાં! પુષ્પના સુવાસથી મદમત્ત થઈને ગુંજાર કરતા ભ્રમરો પણ ત્યાં જાણે દંત-વીણાનો[2] શબ્દ કરતા હતા! અને નિરંતર ભરાયલાં ભ્રમર-વૃન્દથી ઢંકાઈ ગયેલી ત્યાંની લતાઓ પણ જાણે શ્યામ વસ્ત્ર ઓઢીને ઉભી હોય એવી શોભતી હતી[3] !! ધીમે ધીમે અંતરમાં તથા બ્હાર ત્યાંનો અતિ દૃઢ, પિંડ રૂપે જાણે હરી શકાય એવો અતિ શીતલ સ્પર્શ થવાથી, રાજકુમાર

---

૧. પવન સાથે કદંબના કેસર—ઝીણા રેસા—આવે માટે એમ જણાય કે ટાઢથી એનાં જાણે રૂવાં ઉભાં થયેલાં !! ૨. દાંત કકડાવવાથી થતો શબ્દ. ભ્રમર ગણગણે તે જાણે ટાઢથી દાંત કકડાવતા હોય એવું લાગે.

૩. મતલબ કે અચેતનને પણ ત્યાં ટાઢ વાતી હોય એમ લાગતું તો સચેતનની શી વાત?

પોતાના મનને ચંદ્રમય ગણવા લાગ્યો, ઇન્દ્રિયોને કુમુદમય ગણવા લાગ્યો, અવયવોને ચંદ્રિકામય ગણવા લાગ્યો, અને બુદ્ધિને મૃણાલિકામય ગણવા લાગ્યો ! વળી સૂર્ય-કિરણને એ હિમમય ધારવા લાગ્યો, તાપને ચંદનમય, પવનને કર્પૂરમય, કાલને જલમય, અને સકલ ત્રિભુવનને તુષારમય ધારવા લાગ્યો !

એ પ્રકારના તે હિમગૃહના મધ્યભાગમાં એક પાસ સખીઓનાં ટોળાંની વચ્ચે, ભગવતી ગંગા જાણે સર્વ સરિતાની સાથે હિમાલયની ગુહાને તળિયે ગઈ હોય એવી કાદમ્બરીને તેણે મૃણાલ-દંડની એક મંડપિકા, જેની આજુબાજુ ચક્રને આકારે કર્પૂર-રસનો પ્રવાહ નદીની પેઠ વહેતો હતો તેના તલ ઉપર કુસુમ-શયનમાં સુતેલી દીઠી. હાર, અંગદ, વલય,રસના અને નૂપુરના આકારમાં,કામદેવે ઇર્ષ્યાથી એને જાણે મૃણાલમય સાંકળોથી બાંધી લીધી હતી !! ચંદનથી ધવલ થયેલા એના લલાટમાં જાણે ચંદ્રે સ્પર્શ કીધો હતો !! અશ્રુજલ જેમાંથી વહેતાં હતાં એવાં ચક્ષુ ઉપર જાણે વરુણ દેવે ચુંબન કીધું હતું !! નિશ્વાસ-પવન જેમાંથી વધારે વધારે નીકળ્યાં કરતો હતો એવા મુખ ઉપર જાણે વાયુએ એને દંશ દીધો હતો !! સંતાપથી તપી ગયેલાં અંગે અંગમાં જાણે સૂર્યે વાસ કીધો હતો !! કામાગ્નિથી પ્રજ્વલિત અંતઃકરણમાં જાણે અગ્નિદેવે પ્રવેશ કીધો હતો !! સ્વેદ-યુક્ત શરીર ઉપર જાણે જલે આલિંગન દીધું હતું.— એમ જાણે દેવતાઓએ પોતેજ એનું સૌભાગ્ય સર્વ અવયવોમાંથી હરી લીધું હતું !! હૃદયની સાથે એનાં સર્વ અવયવ (પણ) પ્રિયતમ પાસે જાણે જતાં રહ્યાં હોય તેમ એ દુર્બલ દેખાતી હતી ! અહર્નિશ હારનો સ્પર્શ થવાથી જાણે મોતીનો કિરણ-સમૂહ મ્હોટો રહ્યો હોય એવો એનો, જરા સુકાયલા ચંદન-લેપથી ધોળો થયેલો રોમાઞ્ચ શોભતો હતો !! સ્વેદ-જલકણથી ભરેલા એના ગાલ ઉપર પાંખોવડે પવન નાંખીને, કર્ણપૂર ઉપરના મધુકર જાણે પોતાની અનુકંપા દર્શાવતા હતા !! કર્ણપૂર ઉપરના મધુકરના ગુંજાર રૂપી અગ્નિથી શ્રવણ દગ્ધ થયો હોય તેમ તેના ઉપર, આંખના ખુણામાંથી નીકળતા અશ્રુ-પ્રવાહ વડે એ સિંચન કરતી હતી !! વેગથી વહેતા અશ્રુ-પ્રવાહને સારૂ પ્રણાલિકા રચતી હોય તેમ એ પોતાના કર્ણમાં કર્પૂર-કેતકીની કળિ પેહેરતી હતી. સંતાપથી ભય પામીને નાસી જતા દેહ-પ્રભાના સમૂહ જેવું એનું વસ્ત્ર દીર્ઘ દીર્ઘ શ્વાસ-

થી કંપીને સ્તન-કલશ ઉપરથી ખસી જતું હતું. હાલતાં ચામરનાં પ્રતિબિમ્બ એ કુચ-કલશ ઉપર પડવાથી, પ્રાણનાથની પાસે જવાના ઔત્સુક્યને લીધે જાણે પાંખો ઉત્પન્ન કરી(ને તેઓ ઉડવા જતાં) હોય તેમ તેમને પોતાના હાથવડે એ દાબી રાખતી હતી!! વારંવાર હિમ-શિલાની પૂતળીઓને ભુજ-લતાથી ભેટતી હતી. વારંવાર કર્પૂરની પૂતળીઓને ગાલથી આલિંગન દેતી હતી. વારંવાર ચરણારવિંદ વડે, ચંદન-પંકની પ્રતિમાને એ સ્પર્શ કરતી હતી. સ્તનમાં (પ્રતિબિંબ રૂપે) પડેલું એનું મુખ પણ જાણે 'આતુર થયું હોય તેમ વાંકુ વળીવળીને એની સામું જોતું હતું! કર્ણપૂરનું પલ્લવ પણ જાણે ઉત્કંઠિત થયું હોય તેમ, પોતાના પ્રતિબિંબ-સ્થલમાં રહીને એના ગાલ ઉપર ચુંબન કરતું હતું! મુક્તાત્મ[1] હાર પણ જાણે મદન-પરવશ થયા હોય તેમ કર પ્રસારી એને આલિંગતા હતા. મણિ-દર્પણ એણે પોતાની છાતી ઉપર રાખ્યું હતું તેથી,ચંદ્રને જાણે એ જીવિત-સ્પર્શમય સોગન ખવરાવતી હતી કે—આજ ઉગીશ નહિ!![2] હાથણીની પેઠે એ સામે આવતા પ્રમદવન[ના]ગંધ-વારણ સારૂ કર પ્રસારતી હતી.[3] જાણે પ્રસ્થાન કરતી હોય તેમ એને દક્ષિણ [ભાગમાં] વાતમૃગનું આગમન અશુભ લાગતું હતું.[4] મદનને સ્નાન કરવાની જાણે વેદિ હોય તેમ એની પાર્શ્વ ઉપર કમલથી ઢાંકેલા અને ચંદન વડે ધવલ થયેલા પયોધર-કલશ શોભતા હતા.[5] આકાશ-કમલિનીની પેઠે એનામાં સ્વચ્છ અંબર તળેથી મૃણાલ જેવું કોમલ ઊરુ-મૂલ દેખાઇ આવતું હતું.[6] કામદેવની ધનુર્લેખા હોય તેમ મદનની આરોપેલી ગુણ-કોટિથી એ વધારે સુશોભિત લાગતી હતી.[7]

---

૧. મુક્ત થયો છે આત્મા જેમનો એવા; મોતીના બનેલા.

૨. મણિ-દર્પણ ચંદ્ર જેવું ગણ્યું; તે છાતી ઉપર રાખેલું એટલે જીવને સ્પર્શ કરે. માટે જાણે એ ચંદ્રને સોગન ખવરાવી કહેતી વિ૦ વિ૦, કારણ કે કામપીડામાં ચંદ્રોદય ખમી શકાય નહિ. ૩. કાદમ્બરી પોતાની સામે આવતા પ્રમદવન—વાડી—ના ગંધનું વારણ કરવા—ગંધને અટકાવવા —હાથ લાંબો કરતી; હાથણી, પ્રમદ—મદમત્ત,વન-ગંધ-વારણ—વનનો ગંધગજ સામે આવતો જોઇ શુંડ પ્રસારે. ૪. કા૦ને દક્ષિણ વાત—પવન, તથા મૃગ—કસ્તૂરીનો વાસ—આવતો તે ગમતો નહિ; પ્રસ્થાન કરનારને શુકનમાં જો દક્ષિણે વાતમૃગ (એ નામનો મૃગ) આવે તો અશુભ ગણાય છે.

૫. પયોધર-કલશ=સ્તન રૂપ કલશ; અને પયઃ—પાણી, ભરેલા કલશ. પાર્શ્વ=બાજુ. ૬. જુઓ પૃ. ૨૩૮ નો. ૧. ૭. મદન=કામદેવ; એ નામનું

વસંત-દેવતા જેવી એ શિશિર-હારિણી હતી.[1] ભ્રમરીની પેઠે એ કુસુમ-માર્ગણથી આકુલ વ્યાકુલ થઈ ગઈ હતી.[2] ચંદનનો લેપ કર્યા છતાં પણ એ અનંગ-રાગિણી હતી.[3] બાલા છતાં પણ મન્મથ-જનની હતી;[4] અને મૃણાલિની છતાં પણ હિમ-સ્પર્શની ઇચ્છા રાખતી હતી !![5]

જેમ જેમ દાસીઓ એક પછી એક, ચંદ્રાપીડને જોઈને તેના આવ્યાની ખબર એને કહેવા આવતી તેમ તેમ એ, પ્રત્યેક મુખ ઉપર પડતા, ચંચલ કીકીવાળા પોતાના ચક્ષુથી, બોલ્યા વિના પૂછતી કે–શું એ ખરેજ આવ્યા છે? તેં એમને જોયા? એ કેટલે દૂર છે? ક્યાં છે?[6]—એટલામાં જ્યારે એણે વધારે ધવલ થતી પોતાની આંખે ચંદ્રાપીડને સંમુખ આવતો જોયો ત્યારે દૂરથીજ, તરત પકડી આણેલી હાથણીના જેવી ઊરુ-સ્તંભ[થી]વિધૃત એ પરવશ વરારોહા[7] અંગ-ચેષ્ટા કરતી કરતી,–ઉતાવળમાં ખસી ગયેલા ઉત્તરીયને બદલે હાર-કિરણથી છાતી ઢાંકવા જતી જતી,–મણિ-ભૂમિઉપર મુકેલા વામ કરતલને લીધે, પોતાની પ્રતિમા પાસે જાણે હાથનો ટેકો માગતી માગતી,[8]—છૂટા થઈ ગયેલા કેશનો

વૃક્ષ. ગુણ-કોટિ=લાખ્ખો ગુણ; અને પણછની ટોચ. ૧. શિશિર૦=થંડા હાર વાળી; ટાઢને હરી લેનારી. ૨. કુસુમ૦=કુસુમનાં માર્ગણ–બાણ–વાળો–કામ; કુસુમનું માર્ગણ–શોધવું. ૩. અનંગ૦=અન્+અંગરાગિણી=અંગરાગ–લેપ, વિનાની, એ વિરોધ. શમાવતાં–અનંગ+રાગિણી=કામે ઉત્પન્ન કરેલા રાગવાળી, પ્રીતિવાળી. ૪. બાલા અને વળી જનની–માતા–એ વિરોધ. શમાવતાં, કામને ઉત્પન્ન કરનારી એ અર્થ લેવો.

૫. મૃણાલિની–કમલિની–તેને હિમ ન જોઇયે પણ સૂર્ય જોઈયે માટે વિરોધ. કા૦ને મૃણાલનાં આભૂષણ હતાં અને તાપ શમાવવા હિમ-સ્પર્શની ઇચ્છા રાખતી હતી. ૬. કા૦ ના દૃષ્ટિપાતથીજ એની ઉત્કંઠા-ના પ્રશ્ન, વગર બોલે સમજાઈ જતા હતા. શેકસ્પિયરે પણ ઘણે સ્થલે આ વિચાર દર્શાવેલો છેઃ—

"...............Sometimes from her eyes
"I did receive fair speechless messages."

Merchant of Venice Act I., Sc. 1.

"She speaks, yet she says nothing; what of that?
"Her eye discourses, I will answer it."

Romeo and Juliet Act II., Sc. 2.

૭. ઊરુ-સ્તંભ વિ૦=સ્તંભ રૂપી સાત્વિક ભાવથી ગૃહીત; મ્હોટે સ્તંભે બાંધેલી. વરારોહા=સુશોભિત નિતમ્બવાળી. ૮. જુઓ શ્રીહર્ષચરિત. પૃ. ૯૪.–મણિભિત્તિષુ પ્રતિમાસ્વપિ હસ્તાવલમ્બલોભેન પ્રસારયામાસ કરકમલમ્ ।

અંગોડો વાળતાં થાકી જઈને સ્વેદ-જલથી ભીના થયેલા જમણા હાથ વડે, જાણે જલ લઈને એને પોતાનું દાન કરતી કરતી,—પૃષ્ઠ વળવાથી ત્રિવલી તામ્ર થઈને તરંગિત થયેલી રોમ-રાજિને લીધે અનંગથી જાણે સર્વ રસ નિષ્પીડિત થતી થતી,[1]—કપાલ ઉપરના તિલકમાંથી અંદર પેઠેલા ચંદન-રસ સાથે જાણે મિશ્ર થયું હોય એવું શીતલ આનંદ-જલ આંખમાંથી પાડતી પાડતી,—આનંદ-જલના પ્રવાહવડે, હાલેલા કર્ણપૂરની રજથી મલિન થયેલા પોતાના ગાલને પ્રિયતમની પ્રતિમાને પ્રવેશ કરાવવાના જાણે લોભથી ધોતી ધોતી,—જાણે ચંદન-તિલકના ભારથી જરા નીચું જોતી જોતી,—તે ક્ષણે ખુણા તરફ ગયેલી કીકીવાળી તથા રાજપુત્રના મુખ ઉપરજ જાણે ચ્હોટી હોય એવી, દીર્ઘ દૃષ્ટિવડે આકૃષ્ટ થતી થતી,—કુસુમ-શયનમાંથી, તેના સુવાસને લીધે ભરાઈને શબ્દ કરતાં મધુકરનાં ટોળાંની જાણે સાહાય્યથી ઉઠી. ચંદ્રાપીડ તો પાસે આવીને પહેલાંની પેઠેજ, પૂર્વે મહાશ્વેતાને પ્રણામ કર્યા પછી વિનયસહિત એને નમ્યો; અને સામો પ્રણામ કરીને ફરીથી એ તેજ કુસુમ-શયનમાં બેઠી એટલે, પ્રતિહારીએ આણેલા, ઝગઝગતાં રત્નજડિત પાદવાળા સુવર્ણમય આસનને પગથીજ ખસેડી મુકી રાજપુત્ર ભૂમિ ઉપરજ બેઠા. પછી,–દેવિ! મહારાજ ચંદ્રાપીડની પ્રસાદ-ભૂમિ પત્રલેખા નામની આ તામ્બૂલ-કરંકવાહિની છે—એમ કહીને કેયૂરકે પત્રલેખાને બતાવી. એને જોતાંજ કાદમ્બરીને લાગ્યું કે–અહો! મનુષ્ય જાતિની સ્ત્રીઓમાં પ્રજાપતિયે પક્ષપાત કર્યો દેખાય છે!—પત્રલેખાએ પ્રણામ કીધો એટલે એણે આદરસહિત—આવ, આવ, કહીને એને પોતાની પાસે, પાછળ સર્વ આશ્ચર્ય પામેલી દાસીઓના દેખતાં બેસારી; અને જોતાંજ અતિશય પ્રેમ ઉત્પન્ન થવાથી વારેવારે એને બાઝી બાઝીને એ પોતાના કર-પલ્લવનો સ્પર્શ કરવા લાગી.

ચંદ્રાપીડના આગમનને ઉચિત સર્વ ક્રિયાઓ થોડી વારમાં થઈ રહી એટલે કાદમ્બરીને આવી અવસ્થામાં આવી પડેલી જોઈને એને વિચાર થયો કે:—મ્હારૂં અતિમૂઢ હૃદય હજી પણ માનતું નથી,[2] માટે લાવ એને કંઈક યુક્તિબંધ વાતચીત કરીને પૂછી જોઉં. એમ વિચાર

૧. અર્થાત્ કામ જાણે એનામાંથી સર્વ રસ નિચોવી કાઢતો હોય તેમ. ૨. કે આ સઘળી પીડા એને મ્હારે લીધે થાયછે, ને મ્હારા ઉપર એ આસક્ત થઈછે.

કરીને એ કહેવા લાગ્યો:—દેવિ! હું જાણુંછું કે તમે કામરતિને લીધે આ અતિસંતાપકારક તીવ્ર વ્યાધિ સહન કરોછો. સુતનુ! ખરેખર અમને જેટલી એથી પીડા થાયછે તેટલી તમને નહિ થતી હોય; (માટે) દેહ-દાનથકી પણ તમને હું સ્વસ્થ કરવા ઈચ્છું છું. તમને કંપતાં જોઈ અનુકમ્પ[ા] કરતાં, તથા કુસુમ[માં]પીડાથી પડેલાં જોતાં મ્હારૂં હૃદય જાણે (નીકળી) પડેછે. તમારી કૃશ ભુજ-લતા અનંગદ થઈ છે. ગાઢ સંતાપને લીધે તમારી દૃષ્ટિમાં સ્થલ-કમલિનીની સમાન રક્તતામરસ[ા] દેખાયછે. અહર્નિશ અશ્રુ-બિંદુ પાડીને તમે વળી મુક્તાભરણતા ધારણ કરેલીછે. (તો હવે) સ્વયંવરયોગ્ય મંગલ ભૂષણ ગ્રહણ કરો, કેમ જે નબાલતા તો કુસુમ-શિલીમુખ સહિતજ શોભે.[1]—કાદમ્બરી બાલ્યાવસ્થામાં હોવાથી સ્વભાવે હતી તો મુગ્ધા પણ જાણે કામદેવે બુદ્ધિને ઉપદેશ કીધો હોય તેમ રાજકુમારનું આ સર્વ વ્યંગ્ય ભાષણ સમજી ગઈ. પરંતુ એટલે બધે દૂર ગયેલા પોતાના મનોરથ સંભવિત નહિ હોય એમ ધારી શરમાઈ જવાથી ચૂપ રહી, મુખ-સુગંધથી ભરાયલા ભ્રમરોના અંધકારમાં ઢંકાઈ ગયેલા ચંદ્રાપીડને જાણે જોવાને ઈચ્છતી હોય તેમ

---

૧. આ ભાષણનો એક અર્થ કા૦ જ અથવા એના ચતુર પરિજન જ સમજી શકે તેવો, ને બીજો સાધારણ મંદવાડને લાગુ પડે તેવો છે. અહીં સભંગ શબ્દશ્લેષ હોવાથી બીજા શબ્દ મુકતાં અલંકારની ખુબી જતી રહે માટે એજ શબ્દો રાખવા પડ્યાછે, જો કે તેમ કરતાં એક એ સંસ્કૃત રૂપ પણ અંદર રહેવા દેવાની જરૂર પડીછે. કામરતિ=પ્રેમ; અને કા(મ્)=કાંઇક, અરાત=મંદવાડ, દરદ. અનુકમ્પ=બીજાને કંપતાં જોઇ કંપવું; અનુકંપા=દયા. કુસુમ-પીડાથી=કામબાણની પીડાથી; કુસુમમાં=કુસુમના શયનમાં. અનંગદ=અનંગ-કામ-ને ઉત્પન્ન કરે એવી; (અન્+અંગદ) અંગદ-આભૂષણ-જ્યાં રહી શકે નહિ એવી પાતળી. રક્તતામરસા=રક્તતા(મ્)+અરસા=દુ:ખકારક રક્તતા—અનુરક્તતા, રતાશ; રક્ત+તામરસ=રાતાં કમલ (તેના જેવાં લોચન દેખાય). મુક્તાભરણવિ૦=(પીડાને લીધે) આભરણ મુક્ત કર્યાંછે—તજી દીધાંછે; (અશ્રુ-બિંદુરૂપી) મુક્તાભરણ—મોતીનાં આભૂષણ—પેહેર્યાંછે. સ્વયં વિ૦=સ્વયંવરને યોગ્ય; સ્વયં—પોતાની મેળે, વર—ઉત્તમ—(સ્ત્રી) ને યોગ્ય વિ૦. નબાલતા=જેને બાલતા નથી તે=યુવતી; (બીજી વાર) નવા લતા—નવી લતા (એમ અર્થ લેવો). જેમ નવી લતા કુસુમ-શિલીમુખ=કુસુમ અને શિલી૦—ભ્રમર સહિતજ શોભે તેમ યુવતી—કુસુમનાં શિલીમુખ, બાણ, છે જેને એવા—કામ સહિતજ શોભે.

તેજ ક્ષણે, બીજું કંઇક બ્હાનું કાઢી જરા સ્મિત-પ્રકાશ કરવા લાગી. પછી મદલેખાએ પ્રત્યુત્તર દીધોઃ—રાજપુત્ર! શું કહું? આ સંતાપ અતિદારુણ અને કહી શકાય નહિ એવો છે. તેમાં વળી દેવી કુમાર-ભાવયુક્ત છે એટલે એમને શાથી પીડા ન થાય? કમલિનીનું શીતલ પલ્લવ પણ એમને અગ્નિ-દાહ જેવું લાગેછે ને ચંદ્રિકા પણ તાપ જેવી લાગેછે. પલ્લવ રૂપી પંખાના પવનથી (પણ) એમના મનમાં કેટલો ખેદ થાયછે તે શું તમે નથી જોઈ શકતા? આટલું છતાં એ પોતાના પ્રાણ ધારણ કરી રહ્યાંછે તેનું કારણ કેવલ ધૈર્યજ છે.[1]—કાદમ્બરીએ મદલેખાના આ વચન જેવોજ મનમાંથી (કુમારને) પ્રત્યુત્તર આપ્યો. ચંદ્રાપીડનું ચિત્ત, આ ભાષણ દ્વિઅર્થી હોવાથી સંદેહ રૂપી હિંદોળે ચઢેલુંજ રહ્યું, (તથાપિ) ઘણી વાર સુધી મહાશ્વેતાની સાથે પ્રીતિયુક્ત ચતુર વાર્તા કરતો એ બેઠો અને ત્યાર પછી પેહેલાંની પેઠેજ મહા મહા પ્રયત્ને રજા લઇ પોતાના સૈન્ય તરફ જવા સારૂ કાદમ્બરીના ભવનમાંથી નીકળ્યો.

બ્હાર નીકળીને પોતે અશ્વ ઉપર ચઢતો હતો એટલામાં પછવાડેથી આવીને કેયૂરકે કહ્યુંઃ—મહારાજ! મદલેખા વિનતી કરે છે કે દેવીએ પત્રલેખાને પ્રથમ જોઈ ત્યારથીજ એના ઉપર બહુ પ્રસન્ન થઈ ગયાંછે માટે એમ ઇચ્છે છે કે એને આપ અહીં રાખી જાઓ. પછવાડેથી એને મોકલી દઈશું. દેવની શી આજ્ઞા છે?—ચંદ્રાપીડે આ સાંભળી ઉત્તર આપ્યો કેઃ—કેયૂરક! પત્રલેખા ખરી ભાગ્યશાલી અને સ્પૃહણીય કે એના ઉપર દેવીની આટલી બધી દુર્લભ કૃપા થઈ! સુખેથી એને રહેવા દ્યો.—એટલું કહી પાછો પોતે સૈન્ય પાસે આવ્યો અને ત્યાં પેસતાંજ, પિતા પાસેથી આવેલા, પત્ર લાવનાર એક ઓળખીતા દૂતને જોયો. તેને જોઇ, અશ્વ ઉભો રાખી, પ્રીતિથી વિકસિત થયેલા ચક્ષુ સહિત દૂરથીજ પૂછવા લાગ્યોઃ—કેમ! પિતા, માતા, પરિજન, અન્તઃપુર-જન સૌ ક્ષેમ કુશલ તો છે?—એ સાંભળી પેલા દૂતે પાસે આવી, પ્રણામ કરી,—હા મહારાજ! જેમ આપ કહોછો તેમજ કુશલ છે—એટલું કહી બે પત્ર આપ્યા. રાજકુમારે તે લેખ માથે ચઢાવી, પોતેજ ઉઘાડીને નીચે પ્રમાણે વાંચ્યાઃ—

સ્વસ્તિ (શ્રી) ઉજ્જયિનીથી લિ૦—સકલ ક્ષત્રિય-કુલ-શિખાનું શેખર

---

૧. આ ભાષણ પણ દ્વિઅર્થી છે. કહી શકાય નહિ=એવો મ્હોટો કે વર્ણવાય નહિ; ગુપ્ત માટે કહેવા યોગ્ય નહિ. કુમાર૦=યુવાવસ્થામાં આવેલાં; કુમાર ઉપર–તમારા ઉપર–ભાવવાળાં.

ચરણારવિંદ ધારણ કરનાર પરમ માહેશ્વર મહારાજાધિરાજ દેવ તારાપીડના, સર્વ સંપત્તિના ભંડાર ચંદ્રાપીડને, ચારુ-ચૂડામણિ-કિરણથી ચુંબિત મસ્તક ઉપર ચુંબન સહિત આશિર્વાદ. (લખવાનું કે) પ્રજા સર્વ સુખી છે પરંતુ તમને જોયે ઘણા દિવસ થઈ ગયા એટલે અમારૂં અંતઃ-કરણ ઘણું ઉત્કંઠિત થયેલુંછે. દેવી પણ સકલ અંતઃપુર સહિત શોકાતુર રહેછે માટે આ પત્ર વાંચી રહો કે તરતજ અહીં આવવા સારૂ પ્રયાણ કરજો.—પછી શુકનાસે મોકલેલા બીજા લેખમાં પણ એજ અર્થનું લખેલું વાંચ્યું, એટલામાં વૈશમ્પાયને પાસે આવીને પોતાના ઉપર આવેલા બીજા બે એવાજ અર્થના લેખ દેખાડ્યા. તે ઉપરથી,—જેવી તાતની આજ્ઞા—એટલું કહી, એમ ને એમજ ઘોડે બેઠે બેઠે એણે પ્રયાણ-પટહ વગડાવ્યું; અને પોતાની પાસે મ્હોટા અશ્વ સમુહની વચ્ચે ઉભેલા બલાહક પુત્ર મેઘનાદ નામના મહા-સૈન્યાધિકારીને આજ્ઞા કરી કે—તમે પત્રલેખાની સાથે આવજો; કેયૂરક નિઃસંશય એને તેડીને અહીં સુધી આવશે એટલે તમે (મ્હારી વતી) એને મ્હોંયે દેવી કાદમ્બરીને પ્રણામ સહિત આટલી વિજ્ઞપ્તિ કહાવજો કે—ખરેખર ! મર્ત્યલોકની આ પ્રકૃતિજ ત્રિભુવન-નિન્દનીય, અપ્રણય-યોગ્ય, નિષ્પરિચય અને દુર્ગ્રહ છે કે તેમની, અચિન્તિત વંચન કરતા પ્રીતિ નિષ્કારણ વત્સલતાને (પણ) ગણતી નથી ! આવી રીતે જવાથી,[1] મ્હારો સ્નેહ કૂટ કપટથી ભરેલો છે એમ તમને દેખાશે; ભક્તિ, જુઠા જુઠા મીઠા શબ્દો બોલવાની કુશલતા છે એમ ગણાશે; માત્ર ઉપચારથી મધુર દેખાતું આત્માર્પણ ધૂર્તપણાને તોલે થશે, અને મ્હારી વાચા તથા મન વચ્ચે ભિન્નાર્થ જણાશે. હવે મ્હારી વાત તો કોરે મુકિયે, પણ દિવ્ય-યોગ્ય દેવીને પણ અસ્થાને પ્રસાદ અર્પણ કરાવીને મેં ચર્ચા થાય એવું કર્યુંછે, કેમ જે અયોગ્ય સ્થાને વ્યર્થ નાંખેલી પ્રસાદામૃતમય દૃષ્ટિયો મહાજનોને પાછળથી વૈલક્ષ્ય ઉત્પન્ન કરેછે. વળી મ્હારૂં હૃદય દેવીના કરતાં મહાશ્વેતાના તરફ જોતાં વધારે લજ્જિત થાયછે, કેમકે એમણે અસત્ય આરોપણ કેડે મ્હારા ગુણનાં વખાણ કર્યાથી તથા અસ્થાને પક્ષપાત કર્યાથી દેવી એમને ખરેખર વારંવાર મેહેણાં માર્યાં કરશે. પણ હવે મ્હારે કરવું શું ? પિતાની મ્હોટી આજ્ઞા માત્ર મ્હારા દેહ ઉપરજ ચાલેછે પરંતુ હૃદયે તો હેમકૂટમાં વસવાનું વ્યસન પડ્યાથી સહસ્ર જન્માન્તર સુધી દેવીના દાસ રૂપે રહેવાનું લખી

૧. અર્થાત્ તમારી આજ્ઞા લીધા શિવાય.

આવ્યું છે. વનમાં ભ્રમણ કરનારને જેમ ઝાડીવાળો પ્રદેશ તેમ એને દેવીનો પ્રસાદ અહીંથી ડગલું પણ આગળ ભરવા દેતો નથી.—(તોપણ) સર્વથા પિતાની આશાથી હું ઉજ્જયિની ગયોછું (ને એટલુંજ માગુંછું કે) પ્રસંગોપાત્ત અસજ્જન-કથામાં ચંદ્રાપીડ ચંડાલને આપ સંભારશો. પણ એમ ન માનતાં કે જીવતો હશે તો ચંદ્રાપીડ ફરીથી દેવી-ચરણાર-વિંદને વંદન કરવાનો આનંદ અનુભવ્યા વિના રહેશે.[1]—(વળી કહેજે કે) પ્રદક્ષિણા સહિત, મસ્તક વડે મહાશ્વેતાના ચરણનું વંદન કરજે; મદલેખાને પ્રણામપૂર્વક અમારો અશિથિલ કંઠગ્રહ કહેજે; તમાલિકાને ગાઢ આલિંગન દેજે; અમારા તરફથી સર્વ કાદમ્બરી-પરિજનને કુશલ સમાચાર પૂછજે અને અંજલિ રચીને ભગવાન્ હેમકૂટને આમંત્રણ કરજે.

આ પ્રમાણે સંદેશો કહેવાની એને આજ્ઞા કરી, પોતે વૈશમ્પાયનને કહેવા લાગ્યો કે તમે પણ સૈન્યને ક્લેશ ન પહોંચે એમ ધીરે ધીરે લઈને આવજો; એમ કહી સૈન્ય ઉપર તેને રાખ્યો, અને પોતે તો ઘોડે ચડ્યો હતો તેમ ને તેમજ,—પ્રયાણ કરવાના હર્ષથી ખોંખારીને કૈલાસને કંપાવી દેતા, ખરીઓના ધબકારા રૂપી તાંડવવડે પૃથ્વીનું ખંડન કરતા—અશ્વમય સૈન્યને પછવાડે લઈને, અભિનવ કાદમ્બરી-વિયોગથી હૃદય શૂન્ય છતાં પણ, પોતાના પર્યાણ પાસે ચાલતા પેલા પત્ર લાવનારને ઉજ્જયિનીના સમાચાર પૂછતો પૂછતો નીકળી પડ્યો. ચાલતાં ચાલતાં માર્ગમાં એક શૂન્ય અરણ્ય આવ્યું જેમાં અતિશય જાડાં જાડાં થડવાળાં વૃક્ષો ઘણીખરી જગાએ જોવામાં આવતાં હતાં; વૃક્ષ-સમૂહની આસપાસ માલિની-લતાઓના મંડપ આવી રહ્યા હતા; ગજપતિએ પાડી નાંખેલાં ઝાડ આડે આવવાથી માર્ગ વાંકો ચૂકો લેવો પડતો હતો; માણસોએ રચેલા, કોટિ તૃણ-પર્ણ-કાષ્ઠના કૂટ[2] વીર પુરુષો અહીં મરાયા હશે એમ સૂચવતા હતા; કોઈ મ્હોટા વૃક્ષ-મૂલે વન-દુર્ગાની મૂર્તિ કોરેલી દેખાતી હતી, અને તૃષિત પથિક જને દલ ખંડિત કરીને નાંખી દીધેલાં આમળાં પડેલાં હતાં. ભાગીતુટી ગયેલા કેટલાક ત્યાં કુવા હતા તેમના તટ ઉપર વિકસિત કરંજ-મંજરીની[3] રજ વેરાયલી હતી; કાંઠે ઉગેલાં વૃક્ષોએ જીર્ણ

---

૧. અહીં સુધી કા૦ને કહેવાનો સંદેશો કહી, બાકીનું મહાશ્વેતાદિને કહેવાનું કહેછે. ૨. ઘાસ પાંદડાં વિગેરેના બનાવેલા, ત્રિકોણ વા ચતુષ્કોણના આકારના ઢગ. 'કૂટ' નો અર્થ એક ટીકાકાર 'શિખર' લેછે. ૩. કરંજ=તે નામની વનસ્પતિ.

વસ્ત્રનાં ધ્વજ-ચિન્હ બાંધેલાં હતાં;[1] ઇંટો ઉપર સૂકાં પલ્લવ પાથરીને બનાવેલી બેઠકોથી, પથિક જનોએ ત્યાં વિસામો ખાધો હશે એમ જણાતું હતું; તેમના કાંઠા ઉપર પડેલાં પલ્લવ, વિશ્રાન્તિને અર્થે બેઠેલા યાત્રાલુઓના ફાટી ગયેલા ચરણ ઉપરની ધૂળ લાગવાથી ધૂસર થઈ ગયાં હતાં; તેમનું જલ, વિવિધ જાતિનાં પત્ર પડવાથી દુર્ગન્ધિ, અશિશિર, પંકમય, વિવર્ણ તથા સ્વાદ-રહિત થઈ ગયું હતું; અને સંધાડેલા વેલાઓ સાથે બાંધેલી, પત્રપુટયુક્ત તૃણપૂલિયોનાં ચિન્હથી તેઓ ઓળખાઈ આવતા હતા.—આ કુવાઓમાં (સ્વચ્છ) જલ અસુલભ હોવાથી એ પ્રદેશ વિકટ લાગતો હતો. વળી એ અરણ્યની વચ્ચે વચ્ચે, સુકાઈ ગયેલી કેટલીક ગિરિ-નદીઓથી કરીને ભૂમિ સમ-વિષમ થઈ ગઈ હતી; તેમનાં તીર મધુ-બિંદુ ટપકાવતાં સિંધુવાર પુષ્પની વન-લેખામાંથી ઉડી આવેલી ધૂળથી ધૂસર થઈ ગયાં હતાં. કુબ્જક લતાઓ તેમના રેતીના કિનારા પર નિરંતર ઉગેલી હતી, અને વટેમાર્ગુઓએ રેતી ખોદીને નાની નાની ત્યાં કુઈઓ બનાવેલી હતી તેમાંથી થોડું થોડું મલિન સલિલ મળી આવે એમ હતું —આવા પ્રકારનું અરણ્ય જેમાં સંભળાતા, કૂકડા અને કૂતરાના શબ્દથી અનુમાન થઈ શકતું હતું કે ઝાડીની અંદર કોઈ નાનું ગામડું હશે ખરૂં, તેમાં આખો દિવસ ચાલ્યા પછી, જ્યારે રવિ-બિંબ આથમતું હતું તથા દિવસ તેને લીધે લાલચોળ દેખાતો હતો ત્યારે એ તે વનના એક પ્રદેશમાં આવી ચઢ્યો જેમાં, શિખર ઉપરજ એક પલ્લવ રહેલું હોવાથી છત્ર જેવી શોભા આપતાં, શાખા-રહિત કદંબ, શાલ્મલી તથા પલાશ વૃક્ષ ઉગેલાં હતાં; અને ઉંચા ઉંચા જેમાંથી ફણગા ફુટેલા એવાં સ્થૂલ થડની મૂલ-ગ્રંથિયોથી ભરેલાં, હરિતાલ જેવા પીળા પાકા વાંસની ડાળીઓની બનાવેલી વાડો વાળાં, પશુઓ ધાન્ય બગાડે એની બ્હીકથી મુકેલા તૃણ-પુરુષવાળાં, પક્વ હોવાથી પાણ્ડુ દીસતાં, તથા ફલિત પ્રિયંગુ વૃક્ષથી ભરેલાં વન-ક્ષેત્રો પાસે પાસે આવી રહ્યાં હતાં;—તે પ્રદેશમાં જુના રક્ત-ચંદન-વૃક્ષની ઉપર બાંધેલો, તથા આમ તેમ વટેમાર્ગુઓના બલિ-દાનની જાણે વાટ જોતો એક મ્હોટો રક્ત ધ્વજ દૂરથીજ તેની નજરે પડ્યો. તે ધ્વજના ઉપર સરસ માંસના ગોળા જેવા અલક્તક-પિંડ મુકેલા હતા તથા અભિનવ રુધિર જેવો લાલ રક્ત-ચંદન-રસ છાંટેલો હતો. તેના દંડ ઉપર જિહ્વા-લતા જેવી લાલ રક્ત-પતાકાઓ હતી તથા

---

૧. દૂરથી પણ મુસાફરોને જણાવે કે ત્યાં કુવો છે એટલા સારૂ.

કેશ-કલાપ જેવાં કાળાં ચામર અને અવચૂલ હતાં તેથી, તરતજ મારી નાંખેલાં પ્રાણિયોનાં જાણે અવયવનાં તેને આભૂષણ સજાવ્યાં હોય એમ દેખાતું હતું!! મ્હોટી મ્હોટી કોડીઓથી, પરપોટાનો બનેલો હોય એવો અર્ધચંદ્ર તેના ઉપર કાઢેલો હતો તેથી, તેના શિખર ઉપર જાણે પોતાના સુત યમના મહિષની રક્ષાને અર્થે ઉતરી આવેલા સૂર્યે ચંદ્રને ઉતારી આણ્યો હોય એમ દીસતું હતું. તેના ઉપર, આકાશને અડકે એવડી એક સોનાની ત્રિશૂલિકા મુકેલી હતી, જેના શૃંગ સાથે બાંધેલી લોહ-શૃંખલાઓના હાલવાથી, (ત્યાં) લટકાવેલી ઘંટાઓનો ઘર્ઘર તથ ઘોર રવ ઉત્પન્ન થતો હતો, અને જેના ઉપર સિંહની યાળ જેવું સુંદર એક ચામર લટકાવેલું હતું.

એ ધ્વજાની તરફ થોડુંક ચાલ્યા પછી તેણે કેતકીના કંટક સમુહ જેવાં ધોળાં વન-ગજ-દંતનાં દ્વારની અંદર ચંડિકાની એક મૂર્તિ જોઈ. ત્યાં દ્વારદેશ આગળ એક લોહ-તોરણ રચેલું હતું જેના ઉપરની રક્ત-ચામરાવલિ-યુક્ત ગોળ લોહ-દર્પણ-માલા, કપિલ કેશથી ભયંકર દીસતી શબર-મુખ-માલા જેવી લાગતી હતી.[1] તે દેવીની સામે અંજન-શિલાની વેદિકા ઉપર એક લોહ-મહિષ બેસાડેલો હતો તેના ઉપર રક્ત ચંદનના થાપા મારેલા હતા તેથી, રુધિરવડે લાલ થયેલો યમદેવનો હાથ જાણે તેને વાગ્યો હોય એમ લાગતું હતું; અને રુધિર-બિંદુના લોભથી લલચાયેલી શૃગાલી તેનાં રક્ત લોચનને જિહ્વા-સ્પર્શ કરતી હતી. કહીંક કહીંક ત્યાં શબર લોકે મારેલા વનમહિષનાં લોચન જેવાં રક્ત કમલથી, કહીંક કેસરિયોના નખ જેવી અગરિત પુષ્પની કળિયોથી, અને કહીંક સરુધિર વ્યાઘ્ર-નખ જેવી કિંશુક કુસુમની કળિયોથી પવિત્ર પુષ્પનાં બલિદાન આપેલાં હતાં.[2] અન્યત્ર,હરિણોના વક્ર શૃંગાગ્રથી ઉપહાર-હિંસા જાણે અંકુરિત થઈ હોય,લોહી ભરેલી સૈંકડો કપાયલી જિહ્વાઓથી જાણે પલ્લવિત થઈ હોય, હજારો રક્ત નયનથી જાણે પુષ્પિત થઈ હોય,અને મુંડ-મંડલથી જાણે ફલિત થઈ હોય એમ દેખાતું હતું.[3] એના આંગણામાં ઉગેલાં રક્ત

---

૧. ગોળ લોહ-દર્પણ તે શબરનાં કાળાં મુખ જેવાં અને ચામરાવલિ તેમના કેશ જેવી કલ્પી. ૨. અહીં ખરેખરાં પુષ્પ હતાં પણ તેમને કવિયે પશુઓનાં અવયવ સાથે સરખાવ્યાં છે. ૩. અહીં ખરેખરાં હોમ કરેલાં પશુઓનાં અંગ પડેલાં હતાં તેમને પુષ્પ, ફલ, પલ્લવ આદિ જોડે સરખાવીને ઉપહાર-હિંસા જાણે વૃક્ષ હોય એમ

અશોક વૃક્ષની શાખાઓમાં વચ્ચે વચ્ચે નિરંતર રાતા કૂકડા ભરાઈ રહેલા હતા તેથી, ભયને લીધે તેઓ જાણે અકાલ કુસુમોદ્‌ગમ દર્શાવતાં હતાં! બલિ-રુધિર પીવાની તૃષ્ણાથી આવેલા વેતાલ જેવાં તાલવૃક્ષ ફલ રૂપી મુંડનો એને ઉપહાર આપતાં હતાં. પડોશમાં, જાણે શંકા-જ્વરથી કંપતાં કદલીવન, જાણે ભયથી કંટકિત થયેલાં શ્રીફલ વૃક્ષ, તથા જાણે ત્રાસથી ઊર્ધ્વ થયેલા કેશવાળાં ખર્જૂર-વન ઉગ્યાથી અંધકાર વ્યાપી રહ્યો હતો. એ પ્રદેશની અંદર અંબિકાએ લડાવેલાં સિંહનાં બચ્ચાં ક્રીડા કરતે કરતે વન-ગજોનાં કુંભસ્થલ ફાડી નાંખતાં તેમાંથી ખરતાં લાલ ચોળ મોતીને,[1] નવ રુધિરથી રક્ત થયેલા ચોખાનું બલિદાન જાણીને મુગ્ધ કુક્કુટ લાલચથી લઈ લઈ પાછાં નાંખી દેતા હતા! અતિશય રુધિર જોઈને જાણે મૂર્છિત થઈ પડેલા, અસ્ત-સમયના લાલ ચોળ પ્રતિબિમ્બિત સૂર્યને લીધે વધારે લાલ લાલ દેખાતા રુધિર-પ્રવાહવડે ત્યાંનો ચોક ચીકણો થઈ ગયો હતો. લટકતા દીવાના ધૂમથી ગર્ભ-ગૃહના[2] દ્વારદેશ પાસેનાં વસ્ત્ર રક્ત થયાં હતાં; મયૂરનાં ગળાંની માલા ત્યાં બાંધેલી હતી; પિષ્ટ-પિંડ જેવી ધોળેલી મ્હોટી ઘંટાઓની હાર ત્યાં લટકાવેલી હતી; તેનાં બારણાંમાં શીસાના સિંહના મુખમાં એક સ્થૂલ લોહ-કંટક નાંખેલો હતો જેથી દાંતનો એક આગળો દેખાતો હતો; અને ચળકતાં, પીળાં, ભૂરાં તથા રાતાં દર્પણમાં બુદ્‌બુદ-માલા[3] સ્ફુરિત થતી હતી. અંદરની બેસણી ઉપર પડતાં, સર્વ પશુઓના શરણાગત જીવ જેવાં, અલક્તકે રંગેલાં વસ્ત્રવડે એ દેવીનાં ચરણ-મૂલ ઢંકાઈ ગયાં હતાં. વળી ત્યાં પરશુ, ભાલા વિગેરે કેટલાંક જીવ-હિંસા કરવાનાં શસ્ત્ર હતાં—જેમાં પડેલાં કૃષ્ણ ચામરોનાં પ્રતિબિંબને લીધે, શિરચ્છેદ કરવાથી જાણે ત્યાં કેશ ચ્હોટી રહ્યા હોય એમ દેખાતું હતું—તેમની પ્રભાથી પ્રસરી ગયેલા ગાઢ અંધકારને લીધે એ ચંડિકાનો વાસ જાણે પાતાલમાં હોય એમ લાગતું હતું.

કલ્પ્યું છે. ૧. લોહી ચ્હોટેલું માટે લાલ. જુઓ પૃ. ૩ નો. ૧. મેઘ, મત્સ્ય, સર્પ, ગજ, શંખ, વરાહ, શુક્તિ અને વેણુ એ આઠ સ્થલેથી મોતી નીકળેછે એમ કહેલું છે:—

> जीमूतमत्स्याहिकरीन्द्रशंखवराहशुक्त्युद्भववेणुजानि ॥
> मुक्ताफलानि प्रथितानि लोके तेषां तु शुक्त्युद्भवमेव भूरि ॥

૨. ગર્ભ-ગૃહ=અંદરનો મંડપ. ૩. બુદ્‌બુદ=જલ રુધિર આદિના પરપોટા; અથવા બારણામાં જડેલા ખીલાના મોગરા (?).

બાલકોના મુંડના જાણે બનાવ્યા હોય એવા કેટલાક બિલ્વના હાર, જેમાં રક્તચંદન ચોપડેલાં હાલતાં કલ-પલ્લવ મુકેલાં હતાં તેમનું એણે આભૂષણ પેહેર્યું હતું. શોણિત જેવા તામ્ર કદમ્બના ગોટાવડે જેમની પૂજા કરેલી હતી, અને તેથીજ જેઓને, પશુનું બલિદાન કરતાં વગાડેલા પટહના તીક્ષ્ણ શબ્દથી ઉત્પન્ન થયેલા રસને લીધે જાણે રોમોદ્‌ગમ થયો હોય એમ લાગતું હતું, તે સર્વ એનાં અવયવ ક્રૂરતાનો દેખાવ આપતાં હતાં. એના લલાટ ઉપર સુંદર કનક મુકુટ પેહેરાવ્યો હતો; શબર-સુંદરીઓએ સિંદૂર-તિલકનાં ટપકાં કીધેલાં હતાં; કર્ણમાં પેહેરેલાં દાડિમ-પુષ્પની પ્રભાથી એના ગાલ લાલ લાલ દેખાતા હતા; રુધિર રૂપી તાંબૂલથી ઓઠ રક્ત થયેલા હતા; રક્ત નયન ઉપર ભમરો ભ્રુકુટિથી કુટિલ દેખાતી હતી; અને શરીર ઉપર કસુંબાથી રંગેલું લાલ દુકૂલ હતું તેથી જાણે મહાકાલની અભિસારિકાનો વેષ ધારણ કર્યો હોય એવી એ શોભતી હતી. વળી, ભેગા થયેલા શ્યામ ગૂગલના ધૂપના ધૂમથી રક્ત થયેલી, ગર્ભ-ગૃહની દીપિકા-લતાઓ હાલતી હતી તે જાણે મહિષાસુરનાં રુધિરબિંદુ પડવાથી લાલ થયેલી આંગળિયો હોય અને તે વડે, વન-મહિષને જાણે એ, ગર્દન ઉપર ચુંટ મરડતાં ત્રિશૂલ-દંડ હલાવી નાંખીને કીધેલા અપરાધ સારૂ ધમકાવતી હોય એમ દેખાતું હતું. લાંબી લાંબી દાઢી વધારીને બકરા પણ જાણે વ્રત કરતા હોય; હોઠ હલાવી હલાવીને ઉંદરો પણ જાણે મંત્ર જપતા હોય; કૃષ્ણચર્મ ઓઢીને મૃગ પણ જાણે પ્રતિશયન[1] કરતા હોય; તથા મસ્તકમાં ઝળકતાં લાલ રત્નના કિરણને લીધે, કૃષ્ણસર્પોએ પણ જાણે માથે મણિ-દીપક લીધા હોય તેમ સર્વે એની આરાધના કરતા હતા, અને કઠોર વાયસો પણ સર્વ દિશાઓમાં કા કા કરીને એની જાણે સ્તુતિ કરતા હતા!! એ ચંડિકાના મંદિરમાં એક વૃદ્ધ દ્રવિડ-ધાર્મિક રેહેતો હતો. તેના શરીરને બળી ગયેલું થડ ધારીને જાણે ગોધા ગોલિકા અને કૃકલાસનાં ટોળાં[2] ત્યાં વસતાં હોય એવાં તેનાં જાડાં જાડાં નાડિયોનાં ગુંછળાંથી તેમાં જાળાં જાળાં પડી ગયાં હતાં. તેના આખા શરીર ઉપર પડેલાં વિસ્ફોટકનાં ધારાં અલક્ષ્મીએ કોતરેલાં જાણે લક્ષણ-સ્થાન હોય એવાં લાગતાં હતાં. કર્ણપૂરને સ્થલે આણેલી તેની શિખા જાણે નાની રુદ્રાક્ષ-માલા પેહેરેલી હોય એવી શોભતી હતી.

---

૧. શુભ વા અશુભ ઇચ્છિત અર્થનું સ્વપ્નદ્વારા જ્ઞાન થાય એવા હેતુથી કોઈ દેવાલય વિગમાં સુવું તે. ૨. ગોધા વિગેરે ત્રણ ધરોળીઓની

અમ્બિકાને પગે લાગવાથી તેના શ્યામ લલાટ ઉપર સોજો વધારે વધારે આવતો હતો.[૧] કોઈક કુવાદીએ આપેલું સિદ્ધાઞ્જન લગાવવાથી તેની એક આંખ ફુટી ગયેલી હતી તેથી અહર્નિશ બાજી આંખમાં અંજન આંજવા સારૂ એક સળીને તે ઝીણી કર્યાં કરતો હતો. તેની દંતુરતાના[૨] પ્રતીકારને અર્થે પ્રતિદિવસ તે કડવી તુંબડીનો સ્વેદ લેતો હતો. કંઈક કરતાં અસ્થાને ઇંટો વાગેલી તેથી, પોતાના એક શુષ્ક ભુજવડે ઉપ-શાન્ત (થયેલું પણ) મર્દન કર્યાં કરતો હતો. ઉપરા ઉપરી કટુક-વર્તિ-પ્રયોગ[૩] કીધાથી તેના નેત્રમાં અંધકાર વધતો ગયો હતો. એક પથ્થર ઉપર તેણે વરાહના દાંત ભેગા કરી રાખ્યા હતા. ઇંગુદી-કોશમાં[૪] ઔષધ તથા અંજનનો સંગ્રહ કરી રાખ્યો હતો. નાડીને સોયથી સીવી લેવાથી તેના ડાબા હાથની આંગળીઓ સંકોચાઈ ગઈ હતી. તેના રેશમી જોડા ઘસાઈ ગયાથી ચરણના અંગુષ્ઠમાં વ્રણ પડ્યા હતા. અપરિપક્વ રસાયન લીધાથી તેને અકાલ-જ્વર આવેલો હતો. વૃદ્ધ થયા છતાં પણ પોતે દક્ષિણ દેશનું અધિરાજ્ય પ્રાપ્ત કરવા સારૂ દુર્ગા દેવીને પ્રાર્થના કરી કરીને પીડતો હતો. કોઈ દુઃશિક્ષિત યતિયે બતાવેલું તિલક કરવામાં તેણે વિભવ મેળવવાની આશા બાંધી હતી. લીલાં પત્રનો રસ તથા કોયલાની બનાવેલી શાહીથી મલિન થયેલો એક ખડિયો પોતે લઈને ફરતો હતો. એક પટ્ટિકા ઉપર તેણે દુર્ગા દેવીનું સ્તોત્ર લખી રાખ્યું હતું. તેની પાસે તાલપત્ર પર લખેલાં કેટલાંક જાદુનાં તથા તંત્ર મંત્રનાં નાનાં નાનાં પુસ્તકનો સંગ્રહ હતો જેમાંના અ-લક્તકાક્ષર ધૂમથી રક્ત થઈ ગયા હતા. કોઈ પ્રાચીન મહાપાશુપતે શીખવેલો મહાકાલ-મત તેની પાસે લખેલો હતો. વળી તેને નિધિ-વાદનો વ્યાધિ થયો હતો;[૫] ધાતુ-વાદનો વાયુ થયો હતો;[૬] અને પાતાલમાં પ્રવેશ (કરવા) રૂપી પિશાચ લાગેલો હતો. કોઈ યક્ષ કન્યા સાથે પ્રેમમાં પડવાનો તેને મનોરમ વ્યામોહ થયો હતો. અદૃશ્ય થઈ જવાનાં કેટલાંક મંત્ર-સાધનનો તેણે સંગ્રહ કરી મુક્યો હતો. શ્રીપર્વતમાં[૭] થતી હજારો આશ્ચર્ય-વાર્તાઓથી

જુદી જુદી જાતિ છે. ૧. પ્રણામ કરવાથી અથવા નાગલાટીઓ તાણવા-થી કપાળ ભૂમિ સાથે ઘસાય માટે સુજેલું. ૨. દંતુરતા=દાંતનું બ્હાર નીકળી આવવું. ૩. કટુક—કડવું દ્રવ્ય, તેની ઘડેલી વર્તિકા—વાટ—નો પ્રયોગ. ૪. ઇંગુદી=વૃક્ષ-ભેદ. ૫. આમ આમ કરવાથી દ્રવ્ય-લાભ થાય—એ વાદ રૂપી વ્યાધિ. ૬. ધાતુવાદ=અન્ય ધાતુઓનું સોનું રૂપુ કરી દેવાનો વાદ. ૭. શ્રીપર્વત—કૃષ્ણા નદીથી કેટલેક દૂર આવેલો એક પર્વત જ્યાં

તે જાણીતો હતો. ઘણી વાર તેણે સર્ષપ મંત્રીને પિશાચથી આવિષ્ટ પુરુષો પર ફેંકેલા તેથી તેઓએ દોડી આવીને લપડાકો મારી મારીને તેના શ્રવણ ચપટા કરી નાંખ્યા હતા !! (દુર્ગા-પૂજન કરવા છતાં) તેણે શૈવાભિમાન ત્યજ્યું ન હતું. એક તંબુરાને આડો અવળો પકડીને તે વગાડ્યાં કરતો હતો તેનો શબ્દ સાંભળીને ઉદ્વેગ પામતા વટેમાર્ગુઓ તેની પાસે આવતા પણ ન હતા. આખો દિવસ માથું હલાવી હલાવીને તે કંઇક મચ્છરના ગણગણાટ જેવું ગાયાં કરતો હતો! સ્વદેશ-ભાષામાં રચેલા એક ભાગીરથી-સ્તોત્રને અનુસરીને નાચ્યાં કરતો હતો! પોતે અશ્વ-બ્રહ્મચર્ય[1] ગ્રહણ કરેલું હોવાથી, અન્ય દેશમાંથી આવી આવીને જે કોઇ વૃદ્ધ સંન્યાસિનીઓ ત્યાં વસતી તેમના ઉપર વારંવાર સ્ત્રી-વશીકરણ-ચૂર્ણ નાંખ્યાં કરતો હતો. પ્રકૃતિયે ઘણો તામસી હોવાથી, કોઇ વાર જ્યારે આડી અવળી મુકેલી અષ્ટપુષ્પિકા[2] પડી જતી ત્યારે તે ક્રોધાયમાન થઈ જતો હતો. ગાંડિકાને પણ મ્હોંના ચાળા કરીને ખૂબ હસતો હતો ! કોઇવાર વટેમાર્ગુઓને ઉતરવા દેવાની તેણે ના કહેલી તેથી તેઓએ કોપીને તેની સાથે મારામારી કરેલી તેમાં પડી જવાથી તેનો વાંસો ભાગી ગયો હતો ! કોઇવાર બાલકો કંઇક અપરાધ કરીને દોડી ગયાં હશે તેથી ચીઢાઇને પોતે પછવાડે દોડેલો, પણ દોડતાં દોડતાં ઠોકર ખાઇને ઉંધે મ્હોંએ પથ્થર ઉપર પડી જવાથી તેનું માથું તથા કપાળ ફુટી ગયાં હતાં અને ડોક ભાગી ગઇ હતી! ત્યાંના લોકોએ કોઈ વેળા કોઈ નવા આવેલા બીજા ધાર્મિકને આદરસત્કાર કરેલો જોઇને પોતે તેમના પર દ્વેષ રાખતો હતો. સંસ્કાર-રહિત હોવાથી ગમે તેમ તે વર્તતો હતો; લંગડો હોવાથી ધીમે ધીમે હિંડતો હતો; બ્હેરો હોવાથી સંજ્ઞાએ વાત કરતો હતો; રતાંધળો હોવાથી દિવસેજ બ્હાર નીકળતો હતો, અને લંબોદર હોવાથી આહાર અતિશય કરતો હતો ! ઘણી વાર ફલ પાડવાથી ચીડાયલા વાનરોએ નખના ઉઝરડા ભરી ભરીને તેની નાસિકા ઉપર છિદ્ર છિદ્ર કરી દીધાં હતાં !! બહુ વાર પુષ્પ તોડવા જવાથી ઉડેલા હજારો ભ્રમરોએ દંશ દઇ દઇને તેનું આખું શરીર ચારણી જેવું કરી નાંખ્યું હતું !! હજારો વાર, વાળ્યા ઝુંડ્યા વિનાનાં શૂન્ય દેવા-

---

કાપાલિકો પોતાની મંત્ર-સિદ્ધિ દર્શાવતા. જુઓ પ્રો૦ ભાન્ડારકરની 'માલતી માધવ' ઉપર ટીકા પૃ. ૭. ૧. અર્થાત્ પ્રતિબંધને લીધેજ ગ્રહણ કરેલું,—ઇન્દ્રિય-નિગ્રહ કે વૈરાગ્યથી નહિ. ૨. કુમુદઆદિ અષ્ટ પુષ્પનો સમૂહ.

લયોમાં સુવા ગયેલો ત્યાંથી કૃષ્ણ સર્પ તેને કરડ્યા હતા! સેંકડો વાર શ્રીફલનાં વૃક્ષમાંથી શિખર તુટી પડવાથી તેનું મસ્તક કચરાઈ ગયું હતું!! અનેક વાર. ભાગી તુટી ગયેલાં દેવાલયોમાં રહેનારાં રીંછે નખ મારી મારીને એના ગાલ જર્જરિત કરી નાંખ્યા હતા!! હંમેશ જ્યારે લોકો વસંત ખેલતા ત્યારે એક ભાગી તુટી ખાટલીમાં બેસારીને ઉચકી, કોઈ વૃદ્ધ દાસી સાથે પરણાવીને તેની હાંસી કરતા હતા!! ઘણાં ઘણાં દેવમંદિરમાં પ્રતિશયન[1] કર્યા છતાં તે કંઈ ફલ પામેલો ન હતો. તેની, વિવિધ વ્યાધિથી પીડાતી દુઃસ્થિતિને પણ તે પોતાના કુટુંબની પેઠે પાળતો હતો!! બહુ વ્યસનયુક્ત મૂર્ખતાએ જાણે અનેક પુત્ર-પુત્ર્યાદિક પ્રસવ્યા હોય એમ દર્શાવતો હતો!! અનેક દંડ વાગ્યાથી શરીરે થયેલાં ઢીંમડાંને લીધે, ક્રોધને પણ જાણે ફલ આવ્યાં હોય એમ બતાવતો હતો!! સર્વ અવયવ ઉપર દીવાથી દાઝ્યાનાં ચાંદાં પડેલાં તેથી પોતાના ક્લેશને પણ જાણે તેટલાં મુખ થયાં હોય એમ જણાવતો હતો!! વગર કારણે બૂમો પાડીને લોકને બોલાવવાથી તેમણે પગ ઝાલી ઝાલીને તેને સેંકડો વાર ખેંચેલો તેથી તેનો પરિભવ પણ જાણે સપ્રવાહ હોય એમ દેખાડતો હતો!! સુકી વન-લતાઓનો એક મ્હોટો કરંડિયો પુષ્પ ભરવાને, તથા વાંસની એક વાંશી પુષ્પ પાડવાને તેણે બનાવેલાં હતાં, અને કાળા કાંબળાના કડકાની એક ટોપીને ક્ષણપણ તે કાઢી મુકતો ન હતો.— આ પ્રકારની ચંડિકા દેવીના મંદિરમાં જઈને ચંદ્રાપીડે ત્યાંજ વિસામો કર્યો.

પછી અશ્વ ઉપરથી ઉતરી, દેવાલયમાં પ્રવેશ કરી, દેવીને એણે ભક્તિપૂર્વક નમસ્કાર કર્યો. અને પ્રદક્ષિણા કરીને વળી પુનઃ પુનઃ પ્રણામ કરી, એવા પ્રશાન્ત પ્રદેશનું અવલોકન કરવાની ઈચ્છાથી પોતે આમ તેમ ફરતો હતો તેવામાં એક જગાએ એણે પેલા દ્રવિડ-ધાર્મિકને ઉંચે સ્વરે બૂમો પાડીને રડતો અને કોપેલો જોયો. કાદમ્બરી-વિયોગથી ઉપજેલી ઉત્કંઠા અને ઉદ્વેગથી પોતે પીડાતો હતો તે છતાં પણ એ દ્રવિડને જોઈને બહુ વાર સુધી ખડખડીને હસ્યો. (પાસે જઈને,) તેની સાથે ઉપહાસ તથા કલહ કરવા મંડેલા પોતાના સૈનિકોને એણે વાર્યા, અને મહા મહા પ્રયત્ને મીઠાં મીઠાં વચનથી એ દ્રવિડને ઠંડો પાડી તથા રીઝવીને એની જન્મભૂમિ વિશે, જાતિ વિશે, વિદ્યા વિશે, સ્ત્રી-પુત્રાદિક વિશે, વિભવ વિશે, વય વિશે તથા પ્રવ્રજ્યા ગ્રહણ કરવાના કારણ વિશે પોતેજ એક

---

૧. જુઓ પૃ. ૨૮૨ નો. ૧

પછી એક પ્રશ્ન કર્યો. આ ઉપરથી તેણે પોતાનું સઘળું વર્ણન આપ્યું અને પેહેલાંના તેના શૌર્ય, રૂપ, વિભવ વિગેરેનું વિસ્તારીને આપેલું વર્ણન સાંભળીને રાજપુત્રને ઘણોજ આનંદ થયો. એના વિરહોત્કંઠિત હૃદયને એથી કંઇ જરા વિનોદ જેવું પણ મળ્યું. એમ જરા જરા પરિચય થયાથી એણે એને તાંબૂલ અપાવ્યું. પછી જ્યારે ભગવાન્ સૂર્ય દેવતા અસ્ત પામ્યા હતા; સર્વ રાજપુત્રોએ જેવું જેવું મળી આવ્યું તેવા ઝાડની તળે જ્યારે વાસો કરી લીધો હતો; અશ્વોનાં સુવર્ણ-પર્યાણ જ્યારે શાખાઓ ઉપર લટકાવવામાં આવ્યાં હતાં; ભૂમિ ઉપર આળોટીને ઉઠ્યાથી ભરાયેલી ધૂળને ખંખેરી નાંખવા સારૂ યાળને આમ તેમ ફેંકારવાથી તેઓનો જ્યારે ઉત્સાહ જણાઇ આવતો હતો; થોડું થોડું ઘાસ ખાઇને તેઓએ જ્યારે જલપાન કીધું હતું; સ્નાનથી પલળેલી પીઠને લીધે તેમનો શ્રમ જ્યારે ઉતરી ગયો હતો; પાસે દાટેલી ભાલાની લાકડીઓએ તેમને જ્યારે બાંધવામાં આવ્યા હતા; દિવસે ચાલવાથી થાકી ગયેલા સૈનિકજનો પેહેરો ભરીને, ઘોડાઓની પાસેજ પર્ણ-શય્યા રચી, જ્યારે સુવાની તૈયારીમાં હતા; અને બહુ સ્થલે સળગાવેલા દેવતાની પ્રભાથી અંધકારનો નાશ થઇ ગયેલો હોવાથી આખો સેના-નિવેશ જ્યારે દિવસ જેવો પ્રકાશતો હતો;—ત્યારે ચંદ્રાપીડ, પરિજનોએ એક ભાગમાં બાંધેલા ઇન્દ્રાયુધની પાસે પાથરેલા, પ્રતિહારે બતાવેલા શયન આગળ ગયો. ત્યાં બેસતાંજ એના હૃદયમાં કંઈક દુ:ખનો આવેશ થઈ આવ્યો. એ પીડાને લીધે એણે સર્વ રાજલોકનું વિસર્જન કર્યું, અને પાસે બેઠેલા અતિવલ્લભ જન સાથે પણ કંઇ વાતચીત કરી શકયો નહિ. માત્ર નેત્ર મીચીને વારંવાર મનથી ગંધર્વ દેશમાં પોતે જવા લાગ્યો; અન્ય વસ્તુ ઉપર ધ્યાન નહિ ચ્હોટવાથી હેમકૂટનુંજ સ્મરણ કરવા લાગ્યો; મહાશ્વેતાની કૃપા તથા નિષ્કારણ બાંધવતા વિશે ચિંતન કરવા લાગ્યો; જીવિત સફલ કરે એવા કાદમ્બરીના દર્શનનો પુનઃ પુનઃ અભિલાષ રાખવા લાગ્યો; અભિમાન રહિત હોવાથી મનોહર લાગતા મદલેખાના પરિચયને ઘડી ઘડી ચાહાવા લાગ્યો; તમાલિકાને જોવાને ઉત્કંઠિત થવા લાગ્યો; કેયૂરકને આવવાની વાટ જોવા લાગ્યો; હિમગૃહને (મનમાં) જોવા લાગ્યો; ઉષ્ણ તથા દીર્ઘ નિશ્વાસની પુનરુક્તિ કરવા લાગ્યો; શેષ હારને વધારે વધારે પ્રિય ગણવા લાગ્યો; અને પછવાડે રહેલી પત્રલેખાને પુણ્યશાલી માનવા લાગ્યો.—એમ ને એમ જરા પણ નિદ્રાવશ થયા વિનાજ એણે તે રાત્રિ

વીતાડી. પ્રાતઃકાળે ઉઠીને પેલા દ્રવિડ-ધાર્મિકની ઇચ્છા પ્રમાણે દ્રવ્યનું દાન આપી, તેના મનોરથ પૂર્ણ કરી, યથારુચિ રમણીય પ્રદેશોમાં વાસ કરતો કરતો, થોડાકજ દિવસોમાં તે ઉજ્જયિનીમાં આવી પહોચ્યો.

પોતાનું અકસ્માત્ આવવું જોઈ હર્ષથી ઘેલા થઈ ગયેલા નગરવાસીઓની, અર્ઘ-કમલ જેવી હજારો નમસ્કારાઞ્જલિને સ્વીકારતો સ્વીકારતો રાજપુત્ર અણચિન્તવ્યોજ નગરીમાં પેઠો. સર્વથી પહેલી ખબર લઈ જવાની આશાથી દોડતા, તથા અતિ હર્ષથી વિહ્વલ બની ગયેલા પરિજન પાસેથી જ્યારે એના પિતાએ સાંભળ્યું કે—દેવ! દ્વાર પાસે ચંદ્રાપીડ આવી પહોચ્યાછે—ત્યારે એ, અતિશય આનંદના ભારથી મંદ મંદ ગમન કરતો, મંદરાચલ જેમ ક્ષીરસાગરના જલને તેમ પોતે પોતાના નીચે પડી જતા નિર્મલ ઉત્તરીય વસ્ત્રને ખેંચતો ખેંચતો, કલ્પવૃક્ષમાંથી પડતા મોતીના વર્ષાદની પેઠે નેત્રમાંથી આનંદાશ્રુ પાડતો પાડતો, ચાલતો ચાલતોજ સામે મળવા આવ્યો; અને એની પછવાડે તરતજ હજારો રાજાઓ આવ્યા, જેમનાં મસ્તક વૃદ્ધાવસ્થાને લીધે શ્વેત બની ગયાં હતાં; ચંદનનો જેમણે લેપ કર્યો હતો; કોરાં રેશમી વસ્ત્ર, બાજુબંધ, પાઘ, મુકુટ તથા શેખર જેમણે પહેર્યા હતા ; (તેથી કરીને) જેઓ પૃથ્વીને બહુ કૈલાસમય વા બહુ ક્ષીરોદધિમય હોય એવી દર્શાવતા હતા ; અને જેમણે ખડ્ગ, છડી, છત્ર, કેતુ, ચામર વિગેરે ગ્રહણ કર્યાં હતાં. પિતાને દૂરથી જોતાંજ ચંદ્રાપીડે અશ્વ ઊપરથી ઉતરી પડી, ચૂડામણિના કિરણથી ભરેલું મસ્તક ભૂમિ ઉપર નમાવીને પ્રણામ કર્યો. એટલે તો બાહુ પ્રસારીને—આવ! આવ! એમ કહી પિતાએ એને ગાઢ આલિંગન દીધું. અને તે સમયે પાસે ઉભેલા માનનીય (રાજાઓ)ને નમસ્કાર કર્યા પછી હાથ ઝાલીને નૃપતિ એને વિલાસવતીના મેહેલમાં લઈ ગયો. રાણીએ પણ તેમજ સર્વ અંતઃપુર-પરિવાર સહિત આગળ મળવા આવીને, એના આવવાથી પ્રસન્ન થઈ, સર્વ આગમન-મંગલ-ક્રિયાઓ કરી; ત્યાં થોડી વાર સુધી દિગ્વિજય સંબંધીજ વાર્તા કરીને પોતે શુકનાસને મળવા ચાલ્યો. ત્યાં પણ એજ પ્રમાણે થોડી વાર બેસી, વૈશમ્પાયન સૈન્ય સાથે ક્ષેમ કુશલ રહેલો છે એમ કહી, મનોરમાને મળી, પાછા વિલાસવતીને મહેલ આવીને, જાણે પરવશ હોય તેમ સઘળી સ્નાનાદિક ક્રિયાઓ એણે ત્યાંજ કરી. સાંજે પછી પોતાનેજ મહેલ ગયો. પણ ત્યાં તો મદનની પીડાથી મન ખેદ પામવા લાગ્યું એટલે કાદમ્બરી વિના એ કેવલ પોતાનેજ નહિ, પોતાના મહેલ-

નેજ નહિ ને અવન્તી નગરીનેજ નહિ પરંતુ આખા મહીમંડલને પણ શૂન્ય ગણવા લાગ્યો !! એમ ગંધર્વ-રાજપુત્રીની વાર્તા સાંભળવાને ઉત્સુક થઈ રહેલો હોવાથી, પત્રલેખાનું આવવું જાણે મહોત્સવ હોય, ઇચ્છિત વર-પ્રાપ્તિનો સમય હોય કે અમૃતોત્પત્તિનો દિવસ હોય તેમ તેની વાટ જોવા લાગ્યો.

એમ કરતાં કરતાં કેટલાક દિવસ ગયા પછી મેઘનાદ પત્રલેખાને લઈને આવ્યો તથા એને રાજપુત્ર પાસે તેડી લાવ્યો. પત્રલેખાએ આવીને નમસ્કાર કર્યા કે દૂરથીજ સ્મિત-પ્રકાશવડે પોતાની પ્રીતિ દર્શાવીને ચંદ્રાપીડે, મૂળથી વ્હાલી છતાં પણ કાદમ્બરીની પાસે રહેવાથી તેનો પ્રસાદ પામીને જાણે અન્ય સૌભાગ્ય સંપાદિત કરી આવી હોય તેમ તેને વધારે વ્હાલી ગણીને, ઉઠી, અતિશય આદર દર્શાવી આલિંગન દીધું. વળી, પગે પડેલા મેઘનાદને વાંસે તેણે હાથ ફેરવ્યો, અને પછી બેસીને કહેવા લાગ્યો—પત્રલેખા! મહાશ્વેતા, તથા મદલેખા સહિત દેવી કાદમ્બરી સૌ કુશલ છે ? તમાલિકા કેયૂરકાદિ સૌ પરિજન પણ સુખી છે ?-- એ સાંભળી પત્રલેખાએ ઉત્તર દીધો કે—દેવ ! જેમ આપ પૂછો છો તેમ ત્યાં સૌ ક્ષેમ કુશલ છે, અને અંજલિ મસ્તક ઉપર ધરીને દેવી કાદમ્બરી સર્વ સખીજન તથા પરિજન સહિત આપનું અર્ચન કરેછે.--પત્રલેખાનું આ બોલવું સાંભળી, એને મંદિરના અભ્યન્તરમાં લઈ જઈ, સર્વ રાજલોકને કુમારે રજા આપી. મન તલપી રહેલું એટલે (વૃત્તાન્ત જાણવાની) જિજ્ઞાસા બહુ વાર સુધી તે દાબી શક્યો નહિ; તેથી સર્વ પરિજનને દૂર કરી,તેની સાથેજ એક ઓરડામાં જઈ, એક નાની સ્થલ-કમલિની જેનાં મ્હોટાં તથા ઉંચા દંડવાળાં પત્ર છત્રનું કામ સારતાં હતાં તેના મધ્યભાગમાં પેસી, સુખે સુતેલા એક હંસ-મિથુનને મરકત-પતાકા જેવા શોભતા એક પત્ર-મંડપની તળે ચરણારવિંદથી ખસેડી મુકી, ત્યાં બેસી, પત્રલેખાને અતિ પ્રીતિથી પૂછવા લાગ્યોઃ—પત્રલેખા ! કહે, મ્હારા ગયા પછી તું ત્યાં કેવે પ્રકારે ને કેટલા દિવસ રહી ? દેવીની કૃપા ત્હારા ઉપર કેવી રહેતી ? શી શી ગોષ્ઠીઓ ત્યાં થતી ? વાતો શી ચાલતી ? મને ત્યાં વધારેમાં વધારે કોણ સંભારતું ? ને મ્હારા ઉપર વધારે પ્રીતિ કોણ રાખતું ?—રાજપુત્રનો આ પ્રશ્ન સાંભળી એણે ઉત્તર આપ્યોઃ— દેવ ! કેવી રીતે ને કેટલા દિવસ હું ત્યાં રહી, દેવીની કૃપા મ્હારા ઉપર કેવી હતી, ને અમારે કથા વાર્તા કેવી થઈ એ વિગેરે આપ ધ્યાન આપીને સાંભળો.—

આપ ત્યાંથી નીકળ્યા કે તરત કેયૂરકની સાથે પાછી જઈને હું પેહેલાંની પેઠેજ પેલા કુસુમ-શયન પાસે બેઠી અને નવા નવા દેવી-પ્રસાદનો અનુભવ લેતી ત્યાં સુખે રહી. ટુંકામાં કહું તો ઘણું કરીને જ્યાં મ્હારી આંખ ત્યાંજ દેવીની, જ્યાં મ્હારૂં શરીર ત્યાંજ દેવીનું, જ્યાં મ્હારો કર ત્યાંજ દેવીનો કર-પલ્લવ, મ્હારાજ નામાક્ષરની દેવીની વાણી, અને મ્હારીજ પ્રીતિ (સંપાદન કરવા) માં એમનું હૃદય, એમ સૌ તે આખો દિવસ રહ્યું. સાંજે મનેજ અવલંબન કરીને હિમગૃહમાંથી નીસરી, સર્વ પરિજનને આવવાની ના કહી, સ્વેચ્છાએ ફરતાં ફરતાં એ પોતાની વ્હાલી બાલોદ્યાન ભણી ચાલ્યાં. ત્યાં જઈને, યમુના-જલના તરંગમયજ જાણે હોય એવી એક મરકત મણિની પગથીઆંની હાર ઉપર થઈને, ચુનાથી ધોળેલી પ્રમદવન-વેદિકા ઉપર ચઢ્યાં, અને ત્યાં એક મણિ-સ્તંભને અઢીંગીને ઉભાં રહ્યાં. એમ જરા ઉભાં રહી, હૃદયમાં દીર્ઘ કાળ સુધી વિચાર કરીને મને કંઈક કહેવાની ઇચ્છાથી, કીકી તથા પાંપણ નિશ્ચલ રાખી, મ્હારા મ્હોં સામું ઘણી વાર સુધી એ જોઈ રહ્યાં. જોતે જોતેજ સંકલ્પ કરીને મદનાગ્નિમાં પ્રવેશ કરવાની ઇચ્છાથી એમણે સ્વેદ-જલના પ્રવાહમાં જાણે સ્નાન કર્યું. સ્વેદ-જલના પ્રવાહથી જાણે તરલ થયાં હોય તેમ કંપવા લાગ્યાં, અને અંગ કંપવા લાગ્યું એટલે પડવાની જાણે બ્હીકથી વિષાદે એમને પકડી લીધાં !

આ ઉપરથી હું એમનો અભિપ્રાય સમજી ગઈ અને એમના મુખ ઉપર નિષ્કંપ નયન રાખી ધ્યાનથી જોઈ રહીને મેં જ્યારે વિનતી કરી કે મને આજ્ઞા કરો ત્યારે એમનાં અવયવ પણ કંપીને જાણે એમને વારી રાખવા લાગ્યાં; ગુહ્ય વાત સાંભળી જશે એવી લજ્જાથી પોતાની પ્રતિમાને પણ જાણે કાઢી મુકવા સારૂ ચરણાઙ્ગુષ્ઠ મણિ-ભૂમિ ઉપર ફેરવીને તેને એ ભુસી નાંખવા લાગ્યાં; મણિ-ભૂમિ ઉપર અંગુષ્ઠ ઘસવાથી ઝણ ઝણાટ કરતા નૂપુરવાળા ચરણારવિંદ વડે ભવન-કલહંસોને કાઢી મુકવા લાગ્યાં; કર્ણોત્પલ આગળ ભમતા ભ્રમરોને પણ, સ્વેદથી ભીના થતા વદન ઉપર વ્યજનનું કામ સારતા વસ્ત્ર-પલ્લવવડે ઉરાડી મુકવા લાગ્યાં; દાંતથી કરડેલા, પાનની બીડીના કડકાની મયૂરને જાણે લાંચ આપવા લાગ્યાં; રખેને વનદેવતા સાંભળી જાય એવી જાણે બ્હીકથી આમ તેમ વારંવાર જોવા લાગ્યાં; અને બોલવાની ઈચ્છા છતાં લજ્જાથી કંઠ ગદ્ ગદ થઈ જવાથી કંઈ પણ બોલી શક્યાં નહિ. એમની વાણી જાણે જ્વલતા મદનાગ્નિમાં પડીને નિઃશેષ બળી ગઈ હોય, અહર્નિશ વહેતા નયન-જલમાં તણાઈ ગઈ હોય,

પ્રવેશ કરતાં દુ:ખોથી પીડાતી હોય, (ઉપર) પડતાં કામબાણવડે કપાઈ ગઈ હોય, બ્હાર આવતા નિશ્વાસની સાથેજ જાણે નીકળી ગઈ હોય, હૃદયમાં ભરેલી સેંકડો ચિન્તાઓથી જાણે રૂંધાઈ ગઈ હોય, અને નિશ્વાસનું પાન કરતા મધુકરોના ગળામાં જતી રહી હોય તેમ, મહા મહા પ્રયત્ન કરવા છતાં પણ બ્હાર નીકળી શકી નહિ. પરંતુ જાણે દુ:ખ-સહસ્રની ગણત્રી કરવા સારૂ મોતીના દાણાની એક અક્ષમાલા બનાવતાં હોય તેમ એ મ્હોં નીચું રાખી,ગાલને સ્પર્શ ન કરે એવાં, સ્વચ્છ અશ્રુ-બિંદુથી કેવલ દુર્દિન દર્શાવવા લાગ્યાં. તે વખતે, મને લાગેછે કે એમની પાસેથી લજ્જા પણ લજ્જા-લીલા શીખી, વિનય પણ અતિ વિનય શીખ્યો, મુગ્ધતા પણ મુગ્ધતા શીખી, ચાતુર્ય પણ ચાતુર્ય શીખ્યું, ભય પણ ભીરુતા શીખ્યો, વિભ્રમ પણ વિભ્રમિતા શીખ્યો, વિષાદ પણ વિષાદિતા, અને વિલાસ પણ વિલાસ શીખ્યો!! એમની આ અવસ્થા જોઈ મેં વિનતી કરી કે—દેવિ! આ શું?—ત્યારે એમણે અંદરથી લાલ થયેલાં પોતાનાં લોચન લોહી નાંખી, અતિશય દુ:ખને લીધે જાણે ફાંસો ખાવાનું ધારતાં હોય એમ પોતાની મૃણાલ-કોમલ બાહુ-લતા વડે, તે વેદિકાની માલણે ગુંથેલી એક કુસુમમાલાને ઝાલીને, મૃત્યુનો જાણે માર્ગ જોતાં હોય એમ એક ભ્રૂલતા ઉંચી કરી દીર્ઘ અને ઉષ્ણ નિશ્વાસ મુક્યો. એમનું દુ:ખ જોઈને મેં વારે વારે આજીજી કરી પણ લજ્જાને લીધે, કહેવાની વાત જાણે લખીને આપતાં હોય તેમ નખાગ્રથી કેતકી-પત્ર ઉપર એ કંઈક આંકા કરવા લાગ્યાં; બોલવાની ઈચ્છાથી ઓઠ ફફડાવવા લાગ્યાં; નિશ્વાસ-મધુકરોની જોડે જાણે ગુહ્ય રીતે સંદેશો કહાવવા લાગ્યાં; અને ભૂમિઉપર નિશ્ચલ નયન રાખીને ઘણી વાર સુધી એમ ને એમ ઉભાં રહ્યાં.

પછી ધીમે ધીમે ફરીથી મ્હારા મુખ તરફ દૃષ્ટિ નાંખીને, મદનાગ્નિના ધૂમથી ધૂસર થયેલી પોતાની વાચાને પુન: પુન: ભરાતી આંખમાંથી પડતાં અશ્રુબિંદુઓવડે જાણે ધોઈ નાંખતે નાંખતે,—અને અશ્રુબિંદુઓના છળમાં, ગભરાટમાં ભુલી જવાયલા અપૂર્વ અભિધેય-વર્ણને વિલક્ષ સ્મિતથી ઝબકતા દંત-કિરણોવડે જાણે ગુંથતે ગુંથતે,[1]—મહા પ્રયત્ને એમણે બોલવાની હિમ્મત ધરી,અને મને કહ્યું:—પત્રલેખા! તને જોઈ ત્યારથીજ મને વલ્લભતાને લીધે જેટલી ત્હારા ઉપર પ્રીતિ ઉત્પન્ન થઈછે તેટલી તો મ્હારા

૧. દંત-કિરણ રૂપી દોરી તેમાં અશ્રુ-બિંદુ રૂપી મણકા—મણકા નહિ પણ અપૂર્વ અભિધેય-વર્ણ=કહેવાના શબ્દો—ગુંથીને જાણે માળા બનાવી. અર્થાત્ અશ્રુ-બિંદુથીજ કહેવાનો અભિપ્રાય સમજાતો.

તાત ઉપરે નથી, માતા ઉપરે નથી, મહાશ્વેતા ઉપર નથી, મદલેખા ઉપર નથી અને મ્હારા જીવિત ઉપર પણ નથી. હું નથી જાણતી કે સર્વ સખીજન ઉપરથી ખસી જઈને મ્હારા અંતઃકરણને શા કારણને લીધે ત્હારા ઉપર વિશ્વાસ ચ્હોટી ગયોછે. બીજા કોને હું ઉપાલંભ દઉં ? બીજા કોને મ્હોંયે મ્હારા પરિભવની વાત કહું ? બીજા કોને મ્હારા દુઃખમાં ભાગ આપું ? આ સઘળો અસહ્ય દુઃખભાર તને વિદિત કરીને હવે હું મ્હારા પ્રાણ ત્યજી દઈશ. જીવના સમ (જો હું જુઠું બોલતી હોઉં તો)—આ વૃત્તાન્ત મ્હારૂં હૃદય જાણેછે એટલાથીજ મને લાજ આવેછે તો પછી પરાયું જાણે ત્યારે તો કેટલું થાય ? મ્હારા જેવી સ્ત્રી ચંદ્રકિરણ જેવા શુભ્ર કુળને કોલીને કરીને કેમ કલંક લગાડશે ? કુલ-ક્રમાગત લજ્જાનો કેમ ત્યાગ કરશે ? ને કન્યાઓને અયોગ્ય ચાપલમાં કેમ ચિત્ત પરોવશે ? પિતાએ મ્હારો સંકલ્પ કર્યો નથી,[1] માતાએ કન્યાદાન દીધું નથી, અને ગુરુઓએ અનુમોદન કીધું નથી એટલે હું કંઈ પણ સંદેશો કહાવનાર નથી, કંઈ મોકલનાર નથી, અને મ્હારૂં મ્હોં દેખાડનાર નથી. જાણે દીન અને અનાથ હોઉં તેમ મને ગર્વિષ્ટ કુમાર ચંદ્રાપીડે ગુરુજનના ઠપકાને બલાત્કારે પાત્ર કરીછે ! તુંજ કહે કે શું મહાપુરુષોનો આ આચાર કહેવાય ! શું પરિચયનું ફલ આવું હોય કે નવા બિસ-કિસલયના તંતુ જેવું સુકુમાર મ્હારૂં મન આવી રીતે એ દુખવે ? યુવાનોએ તો કુમારિકાઓનો કદિ પરિભવ કરવોજ ન જોઈયે.—મદનાગ્નિ ઘણું ખરૂં પ્હેલાં તો લજ્જા બાળી મુકેછે ને પછી હૃદય; અને કામબાણ પહેલાં તો વિનયાદિકનું ખંડન કરેછે ને પછી મર્મસ્થાનનું.—હવે તો ત્યારે હું તને પુનર્જન્માન્તરે મળવાનું આમન્ત્રણ કરૂંછું; ત્હારા કરતે મને કોઈ વધારે વ્હાલી નથી. પ્રાણ-પરિત્યાગ રૂપી પ્રાયશ્ચિત્ત કરીને હું તો મ્હારૂં કલંક હવે ધોઈ નાંખુંછું.—એટલું કહીં એ છાનાં રહ્યાં.

હું તો ખરૂં શું છે તે જાણતી ન હતી તેથી જાણે શરમાઈ ગઈ હોઉં—બ્હીની હોઉં—ગભરાઈ ગઈ હોઉં—બેભાન થઈ ગઈ હોઉં, તેમ ચિંતાતુર થઈને કહેવા લાગી કેઃ—દેવિ ! મહારાજ ચંદ્રાપીડે શું કીધુંછે ? શો અપરાધ એમનાથી થઈ ગયોછે ? ને તમારૂં કુમુદ-કોમલ અખેદનીય મન કેવા અવિનયથી એમણે ખેદમાં નાંખ્યુંછે એ સઘળું હું જાણવા ઈચ્છુંછુ માટે કૃપા કરીને કહો. સાંભળીને પ્રથમ હું પ્રાણત્યાગ કરીશ ને પછી તમે.—મ્હારૂં આવું વચન સાંભળી એ ફરીથી બોલ્યાંઃ—લે કહું. ધ્યાન દઈને સાંભળ. પ્રતિદિવસ એ નિપુણ ધૂર્ત સ્વપ્નમાં આવી આવીને

[1] અમુક વરને દેવાનો વિચાર કર્યો નથી.

પાંજરામાંના મેના પોપટ રૂપી દૂત સાથે રહસ્ય સંદેશા મોકલેછે. હું સુતી હોઉંછું ત્યારે, વ્યર્થ મનોરથથી મનને મોહ પમાડીને મ્હારા શ્રવણ ઉપરના દંતપત્રમાં સંકેતસ્થાન લખી જાયછે. સંમોહકારી કેટલાક મનોહર મદન-લેખ એવા મોકલેછે કે તેમના અક્ષર સ્વેદથી ભુસાઈ ગયેલા છતાં, તેમાં પડેલી અંજનયુક્ત અશ્રુબિંદુની પંક્તિજ એમની અવસ્થા શુદ્ધ રીતે બતાવી આપેછે. બલાત્કારે મ્હારા ચરણ ઉપર અલક્તક-રસ જેવા પોતાના અનુરાગનો એ રંગ ચઢાવેછે. અવિનયથી નિશ્ચેતન થઈ જઈને એ મ્હારા નખમાં પડેલાં પોતાનાં પ્રતિબિમ્બને પણ બહુ માને છે. ઉપવનમાં હું એકલી જ્યારે પકડશે એવી બ્હીકથી દોડતી હોઉંછું અને પલ્લવોમાં વસ્ત્રનો છેડો ભરાઈ જવાથી ચાલવાને અશક્ત થઈ જાઉંછું ત્યારે લતા રૂપી સખીઓ મને પકડીને જાણે એમને અર્પણ કરી દેછે તેથી એ મિથ્યા-પ્રગલ્ભ પછવાડેથી મને આલિંગન દેછે. સ્તન ઉપર પત્રલતાઓ ચિત્રીને હઠીલાઈથી એ મ્હારા મુગ્ધ મનને જાણે કુટિલતા[1] શીખવેછે. શ્રમજલની કણિકા રૂપી તારાથી ભરેલા મ્હારા ગાલને એ, જુઠાં જુઠાં મધુર વચન બોલનાર, હૃદયોત્કંઠા રૂપી તરંગપર થઈને આવતા હોય એવા શીતલ મુખ-પવનથી ઠંડા પાડેછે. સ્વેદ-જલથી ઢીલું થઈ જઈને કમલ તો હાથમાંથી પડી ગયેલું હોયછે તોપણ એ દુર્વિદગ્ધ, યવાંકુર જેવા પોતાના શુદ્ધ નખ-કિરણનું કર્ણપૂર મને પેહેરાવેછે! મેં મ્હારાં અતિ વ્હાલાં બાલ બકુલવૃક્ષ ઉપર છાંટવા સારૂ સુરાના ઘુંટડા મ્હોંમાં ભરી રાખ્યા હોયછે તે એ છકેલ મ્હારા કેશ પકડી પકડીને મને વારે વારે પાઈ દેછે. મહેલના અશોકને તાડન કરવાને જ્યારે હું ચરણ ઉગામુંછું ત્યારે મ્હારા પાદ-પ્રહારને ઝીલવા સારૂ એ પોતાનુ મસ્તક ધરેછે!! કહે પત્રલેખા! મદનથી એમનું મન આમ વ્યામોહિત થઈ ગયુંછે તો એ નિશ્ચેતનને કઈ રીતે હવે હું વારી રાખું? પ્રત્યાખ્યાનને તો એ ઈર્ષ્યા સમજેછે;[2] આક્રોશને પણ પરિહાસ ગણી કાઢેછે; અસંભાષણને પણ માન[3] સમજેછે; દોષ કહીએ તોપણ તે સ્મરણ કરવાનો ઉપાય હોય એમ માનેછે; અવજ્ઞાને પણ નિયંત્રણા-રહિત પ્રણય ગણેછે, અને લોકાપવાદને પણ યશ ગણેછે!!

---

૧. કુટિલતા=ચિત્રેલી પત્રલતાના આકારની વક્રતા; અને મનની આડાઈ. ૨. હું પ્રત્યાખ્યાન કરૂંછું—એમનો પ્રણય ભંગ કરૂંછું—તો એ એમ માનેછે કે મ્હારા મનમાં પરસ્ત્રી સંબંધી ઈર્ષ્યા છે ને તેથી હું તેમ કરૂંછું. ૩. માન=પ્રણય-કોપ.

એમનું આવું બોલવું સાંભળીને મને અતિશય હર્ષ થયો અને હું વિચાર કરવા લાગી કે અહો! ચંદ્રાપીડની સાથે આ અતિશય પ્યારમાં લપટાઈ ગયેલાંછે! હવે જો કાદમ્બરીના રૂપમાં કામદેવની સાક્ષાત્ ચિત્તવૃત્તિજ મહારાજ ઉપર આમ ખરેખર પ્રસન્ન થઈ હોય તો તો એમના સહજ અને આદરથી સંવર્ધિત ગુણોએ હવે પ્રત્યુપકાર ખરેખરો કીધો! યશે દિશાઓને ધવલ કરી દીધી! યૌવને રતિ-રસ-સાગરના તરંગથી રત્ન-વૃષ્ટિ વર્ષાવી! યૌવન-વિલાસોએ ચંદ્રમાં નામ લખ્યું! સૌભાગ્યે નિજ શ્રીનો પ્રકાશ કર્યો! લાવણ્યે જાણે ચંદ્ર-કલાઓમાંથી અમૃત-વૃષ્ટિ કીધી!! તેમજ મલય-મારુતને ઘણે દિવસે હવે લાગ મળ્યો; ચંદ્રોદયને યોગ્ય અવસર પ્રાપ્ત થયો; વસંતની કુસુમ-સમૃદ્ધિને અનુરૂપ ફલ મળ્યું; મદિરા-મદનો દોષ ગુણ થઈ ગયો, અને મન્મથ-યુગનો હવે અવતાર થયો!!—પછી હું જરા હસીને બોલી કેઃ—દેવિ! જો એમજ હોય તો તમે કૃપા કરીને કોપ ત્યજી દો. કામના અપરાધ તમારે એમને માથે ચઢાવવા ઘટતા નથી. આ સઘળાં તો લુચ્ચા મદનનાં તોફાન છે, એમાં કંઈ દેવનો વાંક નથી.—આવું મને બોલતી સાંભળી કુતૂહલ સહિત એમણે પુનઃ પ્રત્યુત્તર આપ્યો કેઃ—આ જે કામ અથવા એવો કોઈ છે તેનાં રૂપ કેવાં કેવાં છે તે મને કહે.—ત્યારે મેં વિનવિ કરી કેઃ—દેવિ! એને વળી રૂપ કેવું હોય? એ તો અંગ-રહિત અગ્નિ છે, કેમકે જ્વાલાઓનો પ્રકાશ કીધા વિના એ સંતાપ ઉત્પન્ન કરે છે; ધૂમ પ્રકટ કર્યા વિના અશ્રુપાત કરાવેછે; ને ભસ્મ-રજ દર્શાવ્યા વિના પાણ્ડુતા બતાવેછે!! અખિલ ત્રિભુવનમાં એવું કોઈ પ્રાણી નથી જે એના શર-ગોચરમાં આવી ગયું નહિ હોય, આવતું નહિ હોય વા આવવાનું નહિ હોય. એનાથી કોણ ન બ્હીએ? કુસુમ-ધનુષ્ લઈને બાણથી એ મ્હોટા મ્હોટા બલવાન્‌ને પણ વિંધી નાંખેછે; અને જે કામિનીઓ એને વશ થઈ જઈને ચિન્તામાં પોતાના પ્રિયના મુખ-ચંદ્ર-સહસ્ર જોયાં કરેછે તેમને તો આકાશ પણ સાંકડું લાગેછે; જેઓ પોતાના પ્રાણપતિયોના આકાર ચિત્રેછે તેમને તો આખી પૃથ્વી પણ નાની લાગેછે; જેઓ પોતાના વલ્લભના ગુણગણ ગણ્યાં કરેછે તેમને તો સંખ્યા પણ સ્વલ્પ લાગેછે; જેઓ પ્રિયતમની કથા સાંભળ સાંભળ કરેછે તેમને તો સરસ્વતી પણ થોડા બોલી લાગેછે; અને જેઓ પોતાના પ્રાણનાથના સમાગમ-સુખનું ધ્યાન કરેછે તેમનાં હૃદયને તો કાળ પણ ઘણો ટુંકો લાગેછે!!!

એ સાંભળી થોડી વાર વિચાર કરી પાછો એમણે ઉત્તર દીધો કે:—પત્રલેખા! તું કહેછે તેમજ મને મદને કુમાર ઉપર પક્ષપાત કરાવી દીધોછે. એનાં આ બધાં રૂપ અને બીજાં પણ મ્હારામાં થયેલાં છે. અંતઃકરણથી તું કંઇ જુદી નથી માટે હવે હું તનેજ પૂછુંછું કે આ કાળે જે કરવું ઉચિત હોય તે મને બતાવ. આવી બાબતોમાં હું કંઇજ સમજતી નથી. મ્હારૂં અંતઃકરણ તો એમજ કહેછે કે ગુરૂજન હવે વાત કરશે અને મ્હારે હંમેશાં શરમાવું પડશે માટે જીવવા કરતાં મરવું એજ વધારે સારૂં છે.—એમનું આ વચન સાંભળી મેં ફરીથી કહ્યું કેઃ—દેવિ! બહુ થયું, બહુ થયું; નિષ્કારણ આમ મરણનો નિશ્ચય કરવામાં શું ફલ છે? ભગવાન્ મકરકેતુએ તો વગર આરાધનાએ પ્રસન્ન થઇને તમને વર આપ્યોછે. અને વળી જયારે કામદેવ ગુરુની સમાન કન્યાનો સંકલ્પ કરેછે, માતાની સમાન અનુમોદન કરેછે, પિતાની સમાન દાન કરેછે, સખીની સમાન ઉત્કંઠા ઉત્પન્ન કરેછે, અને ધાત્રીની સમાન તરૂણાવસ્થામાં રત્યુપચાર શીખવેછે ત્યારે એમાં ગુરૂજનને બોલવાનું શું રહ્યું? કહો તો કેટલીક એવી ગણાવું જેઓ પોતાની મેળે પતિને વરેલી છે; પણ જો એમ ન થતું હોય તો ધર્મશાસ્ત્રમાં બતાવેલો સ્વયંવર-વિધિ અનર્થકજ થઇ જાય. માટે દેવિ! ક્ષમા કરો. હું તમારા પાદ-પંકજ-સ્પર્શથી સોગન ખાઇને કહુંછું કે હવે તમે મરણની વાત મા કરો. મને કંઇક સંદેશો આપીને મોકલો કે હું જઇને તમારા પ્રાણપ્રિયને તેડી લાવું.—આ સાંભળી પ્રીતિદ્રવથી આર્દ્ર થયેલા ચક્ષુવડે મ્હારૂં જાણે પાન કરતાં કરતાં,—અટકાવી રાખ્યા છતાં, કામ-બાણના પ્રહારથી જર્જરિત થઇ ગયેલી લજ્જાને જાણે ભેદીને અંદર પ્રવેશ કરતા અનુરાગ-વિભ્રમથી આકુલ વ્યાકુલ થતાં થતાં,—સ્વેદથી ન્હોઠી ગયેલા પોતાના વસ્ત્રને, પ્રિય વચન શ્રવણ કરવાની પ્રીતિથી થયેલા રોમોદ્‌ગમવડે જાણે ઉંચું ધારણ કરતાં કરતાં,—તથા લટકતાં કુંડલ, માણિક્ય-પત્ર અને મકરની કોટિને અડકતા પોતાના હારને, કામદેવે ગળામાં નાંખેલી ચંદ્રકિરણમય મરણ-પાશની સમાન કાઢી નાંખતાં નાંખતાં એ, હર્ષથી અંતઃકરણ વિહ્વલ થયા છતાં પણ કન્યાઓની સહજ લજ્જાને જાણે ધારણ કરીને ધીમે ધીમે બોલવા લાગ્યાં:—

હું જાણુંછું કે તું મ્હારા ઉપર ઘણીજ પ્રીતિ રાખેછે, પણ કોમલ શિરીષ પુષ્પ જેવી મૃદુ પ્રકૃતિવાળી અબલાઓમાં ને તેમાં વળી વિશેષ કરીને બાલક કુમારિકાઓમાં એટલું બધું પ્રાગલ્ભ્ય ક્યાંથી હોય (કે સંદેશો મોકલે)? એ તો ખરી સાહસકારિણી હોય તેજ પોતે સંદેશો મોકલી શકે અથવા જઇ શકે. હું તો બાળક છું અને આવું સાહસ કરીને

સંદેશો મોકલતાં શરમાઉંછું.—પણ મ્હારે સંદેશોએ શો કહાવવાનો છે? જો એમ કહું કે તમે મને બહુ વ્હાલા છો તો એ પુનરુક્તિ થાય;[૧] તમને હું વ્હાલી છું?—એ તો જડ-પ્રશ્ન કહેવાય;[૨] તમારા ઉપર મ્હારો પ્રેમ અતિશય છે—એ તો વેશ્યાનું બોલવું કહેવાય; તમારા વિના હું જીવી શકતી નથી—એ તો અનુભવ-વિરુદ્ધ થાય; અનંગ મને બહુ પીડેછે—એ તો પોતાનોજ દોષ કાઢ્યો કહેવાય; મદને મને તમને અર્પણ કરીછે—એમ કહેવું એ પાસે જવાનો ઉપાય ગણાય; મેં તમને જોરથી પકડી રાખ્યાછે—એ કુલટાનું પ્રાગલ્ભ્ય કહેવાય; તમારે અવશ્ય અહીં આવવું—એ સૌભાગ્યનો ગર્વ ધરાવ્યો કહેવાય;[૩] હું પોતેજ તમારી પાસે આવુંછું—એમ કહેવું એ સ્ત્રી-ચાપલ કહેવાય; આ દાસી અનન્ય-રક્ત છે—એ તો સ્વભક્તિ દર્શાવવાની લઘુતા ગણાય; પ્રત્યાખ્યાનની શંકાથી હું સંદેશો મોકલતી નથી—એમ કહેવું એ તો સુતાને જગાડવું કહેવાય;[૪] અનુજીવિ જનના દુઃખને ન ગણું એવી હું દારુણ થઈ જાઉં—એ તો અતિ પ્રણય કહેવાય; ને મરણથી તમે મ્હારી પ્રીતિ જાણશો—એમ કહેવું એ તો અસંભવિતજ છે.[૫]

શ્રીબાણભટ્ટવિરચિત

પૂર્વભાગ સંપૂર્ણ.

---

૧. કારણ કે એ કંઈ શબ્દથી જણાવવાની જરૂર નથી પણ ચેષ્ટાદિકથી એની મેળેજ જણાવું જોઇયે. ૨. કારણ કે હું વ્હાલી છું કે નહિ એ તો વગર પૂછે મ્હારી મેળેજ મ્હારે વર્તી જવું જોઇયે. ૩. કેમકે એથી એવો અર્થ નીકળે કે હું મ્હારા સૌભાગ્યનો ગર્વ ધરાવું છું–(સૌભાગ્ય સારૂ જુઓ પૃ. ૨૩૫ નો.૪)–મ્હારૂં તમારાપર ચલણ છે. ૪. તમને પહેલેથી પ્રત્યાખ્યાન કરવાનો–પ્રણય-ભંગ કરવાનો–વિચારજ ન હોય, પણ જો હું આવું કહાવું તો શંકા ઉત્પન્ન થાય કે તે કરવું કે નહિ; માટે જે વાત તમને સાંભરતી ન હોય તે મ્હારે હાથે કરીને સંભારવી એવું થાય. ૫. આ વાક્યો એવાં યુક્તિથી કહેલાં છે કે તેમાં લખ્યા પ્રમાણે પ્રત્યેક સંદેશા તરીકે મોકલવાને અયોગ્ય ઠર્યા છતાં પણ, કાદમ્બરીનો ચંદ્રાપીડ પ્રત્યે ગાઢ પ્રેમ તેમાંથી યથાર્થ જણાઈ આવેછે. 'ફલાણી વાત મ્હારે કહેવાની નથી' એમ બોલવાથી જેમ તે વાત સમજાઈ જાય તેમજ આ સંદેશામાં પણ સમજાય છે.

ઉત્તર ભાગ.

મંગલાચરણ વિગેરે.

(મનહર.)

સંધાયું બેનું મળીને એક છે શરીર જેનું,
સંધિ ભેદ જણાય ન જેમાં કાંઈ જરાએ;
વંદુ એવા, સૃષ્ટિ તણા ગુરુ ઉમા-મહેશને,
દુર્ઘટ કથાની આપે શેષ-સિદ્ધિ રીઝીને.[1]

યાળ આસપાસ ઉડે, લાગે વિકરાલ મુખે,
શંખ ચક્ર ગદા ખડ્ગ ઝબુકે જેને કરે;
પ્રકટિયું રૌદ્ર એવું નરસિંહ રૂપ જેણે,
નમું એવા નારાયણ વિશ્વ સૃજનારને.

પૂજે લોક ઘેર ઘેર જેને નિત્ય ભક્તિ થકી,
પુણ્ય હશે માટે પામ્યો જન્મ હું જેના થકી;
રચી આવી અદ્વિતીય કથા જેણે બુદ્ધિ થકી,
વંદુ એવા વાગીશ્વર તાતને પ્રીતિ થકી.

પિતા સ્વર્ગવાસી થતાં જગમાંથી છિન્ન થયો,
કથાનો પ્રબંધ તેની વાચાનીજ સાથ જે;
અસમાપ્તિ તેની દેખી દુઃખી થતા સંત કેરું
દુઃખ ટાળવા લખ્યું હું—ન કવિત્વ-દર્પ એ.

કીધું ગદ્ય ગુરુએ છતાંએ આમ નીસર્યાં જે
અક્ષર, એ પિતા મુજ તણોજ પ્રભાવ છે:
અનન્ય પ્રવાહ વાળા અમૃતે ભરેલો ચંદ્ર,
તેના કરસ્પર્શથીજ દ્રવે ચંદ્રકાન્ત છે.[2]

ગંગામાં પ્રવેશ કરી તન્મય ને સ્રોત થઈ
ઇતર નદીઓ પણ સાગરમાં જાયછે;
વચન-પ્રવાહ તેમ પિતાનો સમુદ્ર-ગામી,
સંધાડવા કથા તેમાં નાંખી વાણી મેંયે છે.[૩]

કાદમ્બરી તણે રસે કીધા આ સમસ્ત જન
મત્ત તેથી કાંઈએ વિચારી તે જુવે નહિ;
માટે, રસ-વર્ણ હીન આવી મ્હારી વાણી થકી
સંધાડતાં શેષ તેનો મને છે ભીતિ નહિ.

ઉત્તમ ભૂમિમાં વેરી વાવનારે પોતે જેને
યોગ્ય કર્મ કેરા બલે વિકાશ પમાડ્યાં છે;
ફલ આપવા સમર્થ, પોષણને પામતાં, આ
તે નાં તેજ બીજ તેના પુત્રે ભેગાં કીધાં છે.[૫]

પ્રસ્તાવિક શ્લોક ઉપર ટીકા.

૧. બેનું=શિવ તથા પાર્વતીનું. સન્ધિ=સાંધો. ઉમા-મહેશ=પાર્વતીયુક્ત શિવ. શેષ-સિદ્ધિ=બાકીના ભાગની સિદ્ધિ. ગૂઢ અર્થ એમ કદાચ કાઢી શકાય કે બે શરીર ભેગાં થયા છતાં એ દેવના પ્રભાવથી તેમાં જેમ સંધિભેદ જરાપણ જણાતો નથી તેમજ બે કવિયોએ થઇને એક ગ્રંથ લખ્યા છતાં તેમાં કંઈપણ સાંધો કે ભેદ જણાય નહિ એવી રીતે લખવાની શક્તિ માગવા માટે આવું વંદન કર્યું હશે.

૨. પિતાએ ગદ્ય પૂરૂં કીધું તે છતાંએ આમ જે અક્ષર નીકળ્યા—આ બાકીનો ભાગ મ્હારાથી આવી રીતે લખાયો—એ મ્હારા પિતાનોજ પ્રભાવ—સામર્થ્ય—છે. (દૃષ્ટાન્તથી આ વિચાર દૃઢ કરેછે.) બીજો પ્રવાહ જેનો કોઈ સ્થલે નથી એવા અમૃતથી ભરેલા ચંદ્રના કિરણના માત્ર સ્પર્શથીજ જેમ ચંદ્રકાન્ત દ્રવે છે—તેમાંથી જલબિંદુ છુટે છે—તેમ (બીજી કોઈ જેની બરાબરી કરી શકે નહિ એવી વાણીવાળા) મ્હારા પિતાના માત્ર અનુગ્રહથીજ મ્હારા-માંથી આવી વાણી નીકળે છે.—એમ કહે છે કે બાણભટ્ટે મરણ-સમયે પુત્રને એવી આજ્ઞા કરી હતી કે કાદમ્બરીનો બાકીનો ભાગ ત્હારે સંપૂર્ણ કરવો. અથવા એમ પણ ધારી શકાય કે મરણ-સમયે બાણભટ્ટે પુત્રના હાથમાં કેટલાંક સાધન એવાં મુકયાં હશે—અથવા બાકી-નો વૃત્તાન્ત એવી રીતે એને સમજાવ્યો હશે કે—જેથી એ શેષ સંપૂર્ણ કરવાને શકિતવાન્ થાય.

પ્રો૦ પીટર્સન પેહેલી બે લીટીનો અર્થ નીચે પ્રમાણે કરેછે :—

પિતાએ ગદ્ય પૂરૂં કીધું તથાપિ એમના મુખમાંથી એવા શબ્દ નીકળ્યા એ મ્હારૂં સામર્થ્ય છે—પણ મ્હારૂં નહિ—પિતાનુંજ.

૩. સ્ફીત—વિશાળ, મ્હોળી. ઇતર નદિયો પણ ગંગાને આશ્રયે જેમ વૃદ્ધિ પામીને સાગરને મળી શકે છે તેમ મ્હારી વાણીને પણ થાય એમ ધારી મેંયે તેને પિતાના સમુદ્ર-ગામી—સમુદ્ર સુધી જતા—વચનરૂપી પ્રવાહમાં ભેળવી દીધી છે.

૪. લોકો કાદમ્બરીના (=આ કથાના; પક્ષે, મદિરાના) રસથી એવા તો મત થઈ ગયા છે કે હવે હું જે કંઈ મિશ્રણ કરૂં તેનો દોષ જોઈ શકે એમ નથી. માટે વિ૦.

૫. ઉતમ ભૂમિ=(આ ઠેકાણે) કાદમ્બરીની કથા. વાવનાર=બાણભટ્ટ. યોગ્ય કર્મ=રસ આદિનું સિંચન. ખેતીવાડી સંબંધી અર્થ સ્પષ્ટ છે. મર્મ એટલો છે કે—આ કૃતિ મ્હારી નથી. મેં તો માત્ર પિતાએ રોપેલાં, તૈયાર થવા આવેલાં, બીજ ભેગાં કર્યાં છે એટલુંજ. બીજી કંઈ બુદ્ધિ મેં લડાવી નથી. યશ સર્વ મ્હારા પિતાનેજ છે.

ઉત્તર ભાગ.[1]

તેમ કરતાં હમણાં કુમારને તું લાવે તોએ તરલતાથી લજ્જિત લજ્જાજ દર્શન નહિ દે; કામ-વિકારની વેદના જોઇ વિલક્ષ બની ગયેલું વૈલક્ષ્યજ આંગળ ઉભું નહિ રહે; અનિશ્ચય થકી ભય પામીને જડ બની ગયેલી જડતાજ પાસે નહિ આવી શકે; સ્વતઃ ઉપસર્પણ કીધાથી લઘુતા પામેલું લાઘવજ એમના (પ્રણયનો) નિશ્ચય નહિ કરાવી શકે; અને એમને બલાત્કારે અહીં આણ્યાના અપરાધથી બ્હીનેલી ભીતિજ સંમુખ નહિ થાય.[2] વળી, જો કદાચિત્ ગુરુજનની શરમને લીધે, રાજકાર્યના અનુરોધને લીધે, બહુ કાળે જોયેલા—સાથે ઉછરેલા—બંધુજનના દર્શન-સુખને લીધે, મિત્ર-મુખ-કમલ નિરખવાની ઉત્કંઠાને લીધે, પુનરાગમનનો ખેદ ત્યજવાની ઇચ્છાને લીધે, નિજ ગૃહે રહેવાની રુચિને લીધે, જન્મભૂમિના સ્નેહને લીધે કે મ્હારા ઉપરથી મન ઉતરી ગયાને લીધે, એમને મ્હારી પ્રિયસખી પત્રે પડી પડીને પણ—મ્હારા ઉપર સ્નેહભાવને લીધે—પ્રયત્ન કરવા છતાં અહીં લાવી નહિ શકે તો પછી કંઇ બાકીજ નહિ રહે.[3] અને હમણાં શું અધિક થયું છે? એની એજ હું કાદમ્બરી છું જેને, દૂર સુધી પ્રસરેલાં પત્ર વાળાં કુમુદવનની સુવાસ જ્યાં આસપાસ ફેલાયલી છે એવી કુમુદિની-ના તટ ઉપર;[4] ચંદ્ર-કરના સ્પર્શથી શશિ-મણિ-શિખરમાંથી વહેતાં ઝરણ-નો જ્યાં ખળખળાટ થાયછે એવા ક્રીડાપર્વતના નિતંબ ઉપર; મનોહર હરિચંદન-રસની કણિકાના છળમાં જ્યાં એમના કરતલ-સ્પર્શ-સુખથી ઉત્પન્ન થતા સ્વેદ-જલનાં બિન્દુ પડેલાં હોય એમ લાગતું એવા તત્કાલ-રમણીય મુક્તા-શિલાપટ્ટ-શયન ઉપર; પુષ્પની સુવાસથી જ્યાં દશે દિશા-

---

૧. અહીં સુધીનો વૃત્તાન્ત લખીને બાણભટ્ટ દેવલોક પામ્યાથી આગળ-નો વૃત્તાન્ત તેના પુત્રે લખેલોછે. પૂર્વ ભાગને અંતે જે કાદમ્બરીના ભાષ-ણનો આરંભ થયો હતો તેજ હજી અહીં ચાલેછે એમ સમજવું. ૨. સારાંશ કે લજ્જા, વૈલક્ષ્ય, જડતા આદિ સર્વથી કરીને મ્હારાથી એમની સંમુખ નહિ થવાય. ૩. અર્થાત્ એ લઘુતાની સીમા થશે, અને ત્યારપછી જીવવું નિષ્પ્રયોજન છે. ૪. (અન્વય)—"...આ કુમારે પુષ્પશય્યામાં પડેલી જોઈ હતી."

એ સુગંધિ થયેલી હતી, અને હિમકણ પથરાયા છતાં પણ જ્યાં માત્ર બ્હારથીજ દેહ-દાહ શમતો હતો એવા, સર્વ રમણીયના સંગ્રહસ્થાન, હિમગૃહમાં; પ્રદોષ-સમયે, જ્યારે મધુ-મદથી ગુંજાર કરતાં મધુકરનાં ટોળાંનો મધુર કોલાહલ થતો હતો, કોયલોના કરુણ કૂજનથી વિરહિજનનાં મનને દુઃખ થતું હતું, તથા વિકસિત પત્રવાળાં અરવિંદમાંથી નીકળતી સુવાસ સહિત મંદ મંદ વાતા પવન દશે દિશાઓને આનંદિત કરી દેતા હતા; કુસુમાયુધ જ્યારે પ્રફુલ્લ પુષ્પની વાસથી માનિનીઓનું માન મુકાવતો હતો; અને કર્પૂર જેવા શ્વેત કર-સમૂહથી ચંદ્ર જ્યારે ચંદ્રિકા રૂપી જલનો પુષ્કલ વર્ષાદ વર્ષાવતો હતો, ત્યારે—આ કુમારે પુષ્પ-શય્યામાં પડેલી જોઈ હતી. વળી, એમના દર્શનની અપુનરુક્ત સ્પૃહા રાખતાં એનાં એજ મ્હારાં લોચન છે જેમણે એમને જોયા હતા. અજ્ઞાનથી શૂન્ય બનેલું આ હતહૃદય પણ એનું એજ છે જે એમને અંદર પ્રવેશ કર્યા છતાં પણ ધારી શક્યું નહિ. એનું એજ આ શરીર છે જે એમની પાસે પણ બહુ વાર સુધી તટસ્થ રહ્યું હતું. એનો એજ આ હાથ છે જેણે ગુરુજનની મિથ્યા અપેક્ષા રાખી પોતાનું ગ્રહણ કરાવ્યું નહિ. પર પીડા ન ગણનાર ચંદ્રાપીડ પણ એજ છે જે અહીં બે વાર આવી પાછા ગયાછે. અને મનેજ મારતાં મારતાં બાણ ખપી જવાથી અન્યત્ર કંઈજ (પીડા) ન કરનાર મદન પણ એનો એજ છે જે તેં મને વિદિત કર્યો હતો. વળી મહાશ્વેતાને મ્હેંએ મેં પ્રતિજ્ઞા લીધી હતી કે જ્યાં સુધી તું દુઃખી છે ત્યાં સુધી હું મ્હારૂં પાણિગ્રહણ કરાવીશ નહિ.—આ સાંભળી મેં એમને ફરીથી કહ્યું કેઃ–દેવિ! એ વાત મનમાં લાવશો માં. એ કુમતિ છે. આ પાપકારી મકરકેતુ અતિદારુણ છે, અને કદાચિત્ પ્રિયજનનું દર્શન ન થવાથી, હૃદયમાં ઉત્પન્ન થયેલા અનુરાગને લીધે જીવ પણ લઈ લે.–ત્યારે એમણે કહ્યુંઃ–મ્હારે તો એ પણ નથી.[1] કોણ જાણે મદને, કે દૈવે, કે વિરહે, કે યૌવને, કે અનુરાગે, કે મદે, કે હૃદયે, કે પછી બીજા કોઈયે મને સંકલ્પમય કુમારનું દાન કરેલું છે જે, લોકોની સમક્ષ છતાં પણ કોઈના દીઠામાં આવતા નથી અને સિદ્ધની સમાન સર્વદા મને દર્શન દીધાં કરેછે. વળી એમની પેઠે[2] આ નિષ્કારણ પરિત્યાગ કરે એવા કઠિન હૃદયના નથી; પોતેજ મ્હારા વિયોગથી ડરેછે; રાત દિવસ લક્ષ્મીની સાથે રહેતા નથી; પૃથ્વીના પતિ નથી; સરસ્વતીની

---

૧. એ=પ્રિયજનનું અદર્શન. અર્થાત્ હું તો સર્વદા એમને (મનમાં) જોઉંછુંજ એટલે જીવ જવાની વાત ક્યાં રહી? ૨. એટલે ખરેખરા

અપેક્ષા રાખતા નથી; ને કીર્ત્તિ-શબ્દની વૃદ્ધિ કરતા નથી.[૧] કેવી રીતે હું એ, અસજ્જનની વિડંબનાજ કરનાર, ઠગ કુમારને બેઠે બેઠે, ઉભે ઉભે, ફરતાં ફરતાં, સુતે સુતે, જાગતાં, મીચેલી આંખે, ચાલતાં, સ્વપ્નમાં, શયનમાં, શ્રીમંડપમાં, ગૃહ-કમલિનીઓમાં, ઉદ્યાનોમાં, લીલા-સરોવરમાં, ક્રીડાપર્વત ઉપર અને નાની ગિરિ-નદીઓમાં અહર્નિશ જોઉછું તે મેં તને કહેલુંજ છે.[૨] માટે હવે એમને લાવવાની વાત જવા દે.—એમ કહેતાં કહેતાં અણચિન્તવી જાણે મૂર્છા આવી ગઈ હોય તેમ આંખો મીચી દઈને, પાંપણો પાસે ભેગા થયેલા નયનજલનો વર્ષાદ વર્ષાવતાં વર્ષાવતાં એ જાણે ગળી જતાં હોય, તથા અંતર્માં ઉત્પન્ન થયેલા ક્રોધના વેગથી નિચોવાઈ જતાં હોય તેમ, વેદિકા ઉપરના ચંદરવાની મધ્યે લટકતા દોરડા સાથેના વસ્ત્રને એમ ને એમ વળગી રહેલી પોતાની બાહુ-લતિકા ઉપર,—સ્વચ્છ જલ-પ્રવાહમાં ઉગેલી મૃણાલિકા ઉપર જેમ પાણીની છોળો વાગવાથી શ્યામ પડેલું રક્ત કમલ રહે તેમ—પોતાનું વદન મુકીને જાણે કોતરેલાં હોય તેમ મુગાં મુગાં ઉભાં રહ્યાં.

એમના કહેલા શબ્દ સાંભળીને મને વિચાર થયો કેઃ—સંકલ્પમય આ જે પ્રિય કહ્યો તે સર્વદા વિયોગિની કુલિન સ્ત્રીઓને ને તેમાં વિશેષે કરીને કુમારિકાઓને ખરેખરજ મ્હોટો જીવનાધાર તથા વિનોદ છે. કેમ જે આની સાથે, દૂતીઓએ પગે પડી પડીને દીનતા દર્શાવ્યા વિના ક્ષણે ક્ષણે (તેમના) સેંકડો સમાગમ થાયછે. અનિયમિત કાળે રમણીય લાગતાં સ્વેચ્છાભિસરણનું સુખ તેઓ ભોગવે છે; ને કુમારીભાવને દૂષણ ન લગાડે એવાં સુરત થાય છે. સુરતમાં પણ સ્તન-વ્યવધાનના દુઃખવિનાનાં આલિંગન દેવાય છે; વ્રણ દેખાયાથી ઉત્પન્ન થતી લજ્જા વિનાનાં, નખ-દંત-ક્ષતનાં સુખ મળેછે; ચોટલાને ઢીલવી નાંખે નહિ એવા કેશ-ગ્રહરૂપી મહોત્સવ થાય છે; શબ્દ-રહિત ચુંબન દેવાય છે; અને બેઠલા દાંત ગુરુજનની દૃષ્ટિયે પડ્યાથી થતા વૈલક્ષ્ય વિનાના, અધર-ખંડનના વિલાસ થાયછે. અંધકાર ગમે તેટલો હોય. પણ તે આને[3] અદૃશ્ય કરી શકતો નથી; જલધર-ધારાઓ ઢાંકી શકતી નથી; અને તુષાર-સમૂહ સંતાડી શકતો નથી.—આમ હું વિચાર કરતી હતી તેવામાંજ

ચંદ્રાપીડની પેઠે. ૧. અર્થ એક ખરેખરા ચં૦ને લક્ષ્મી, પૃથ્વી, સરસ્વતી આદિ બીજી સ્ત્રીઓ છે પણ આમને તો હું એકલીજ છું!
૨. જુઓ પૃ૪ ૨૫૨. ૩. સંકલ્પમય પ્રિયને.

અનુરાગ-કથાના રસમાં જાણે પડવાથી દિવસ રક્ત થઈ ગયો. તે ક્ષણે રાગ પ્રકટ કરતું રવિમંડલ, લજ્જાથી પલાયન કરતું કાદમ્બરીનું હૃદય હોય એવું દેખાયું. રાત્રિયે પલ્લવ-શયન જેવો સંધ્યારાગ રચ્યો. અને પરિચારકની સમાન પ્રદોષે ચંદ્રમણિ-શિલાતલનું શયન બનાવ્યું. એટલામાં, પોતપોતાનું કામ બજાવતી દીપિકા-ગ્રહણ કરનારી કન્યાઓ આવીને સુગંધિ તેલમાંથી નીકળતી સુવાસવાળી દીપિકાઓવડે મંડલાકાર રચી આસપાસ ભરાઈ ગઈ. પછી, નિર્મલ લાવણ્યમાં દેખાતાં દીપ-પ્રતિબિમ્બ થકી, મદન-બાણના સળગેલા કાંટા જાણે એમના અંગમાં લાગ્યા હોય, તથા નિરંતર નવી કળિયોથી ભરાઈ ગયેલી ચંપક-લતા હોય એવાં એ દેખાવા લાગ્યાં. એમ ને એમજ ઉભેલાં જોઇને મેં ફરીથી એમને વિનતી કરી કે:—દેવિ! કૃપા કરો. ખેદ સહન કરવા તમને સર્જેલાં નથી માટે હૃદયને ખેદકારી (આ) સંતાપ (હાથે કરીને) આણવો તમને ઘટતો નથી. શોકનો વેગ શમાવો. આ હું ચંદ્રાપીડને લઈને ઝટ આવું છું.—વિષ હરણ કરવાના મંત્રથી જેમ વિષ-મૂર્છિત જન તેમ તમારા નામ યુક્ત મ્હારી આ વાણીથી એમણે ઝટ આંખ ઉઘાડી, અને મ્હારી સામું આતુરતાથી જોઈ—અહીં કોણ છે?—એમ પરિજનને પૂછ્યું.

એટલે કેટલીક શ્વેત વસ્ત્રથી શોભતાં ગાત્રવાળી કન્યાઓ જેઓનાં અંગ દ્વાર-પ્રદેશમાં પ્રવેશ કરતાં સંકોચાતાં હતાં, (તેથી) જે પરશુરામના શર-વિવરમાંથી નીકળેલી કલહંસ-પંક્તિયો જેવી શોભતી હતી; કલહંસના જેવા મધુર સ્વરથી જેમનાં નૂપુર જાણે પ્રત્યુત્તર દેતાં હતાં; કર્ણપૂર-પલ્લવના પડવાથી ઉલ્લાસિત થયેલા જેમના શ્રવણ આજ્ઞા-શ્રવણ કરવાને જાણે દોડતા હતા; સ્કંધ ઉપર પડેલાં જેમના મૌક્તિક-કુંડલનાં કિરણ-જાલ ચામર ઉથક્યાં હોય એવાં શોભતાં હતાં; ગાલ ઉપર અથડાતાં કુંડલ જેમને જાણે જોરથી લઈ જતાં હતાં; અને શબ્દ કરતા કર્ણ-કમલમાંના મધુકરવડે જેઓ—શી આજ્ઞા છે?—એમ કહેતી હતી તે, પાસેથી દોડી આવી, અને આજ્ઞા સાંભળવાની ઇચ્છાથી (એમના) મુખ-કમલ તરફ જોવા લાગી એટલે અનુક્રમે સર્વ ઉપર દૃષ્ટિ ફેરવતાં ફેરવતાં એ મરકત-શિલાતલ ઉપર બેઠાં અને બોલ્યાં કે:—પત્રલેખા! એમ ન સમજીશ કે આ હું તને સારૂં લગાડવાને કહુંછું. (પણ) ખરેખર તનેજ જોઈને હું મ્હારૂં જીવિત ધારણ કરી રહીછું. તથાપિ જો ત્હારો એવોજ

વિચાર હોય તો તો તને ગમે તે કર.—એમ કહી, પોતાને અંગે અડકેલાં વસ્ત્ર, આભૂષણ ને તાંબૂલ આપી, અતિશય કૃપા દર્શાવી મને એમણે વિદાય કરી.

આટલું બોલી પત્રલેખા જરા નીચું વદન રાખી ફરીથી ધીમે ધીમે કહેવા લાગી:—દેવ ! નવા નવા દેવી-પ્રસાદથી પ્રગલ્ભ બની ગયેલી હું દુઃખિત થઈને વિજ્ઞાપન કરૂં છું કે આવી અવસ્થામાં આવી પડેલાં દેવીને મુકીને આવ્યા તે શું આપે પણ આપની આપન્ન-વત્સલ પ્રકૃતિને ઉચિત કીધું?—પત્રલેખાની આવી ઉપાલંભયુક્ત વિજ્ઞપ્તિ સાંભળીને, તથા કાદમ્બરીનો આવો સ્નેહોક્તિથી ભરપૂર, ગંભીર, તાપયુક્ત, પરિહાસયુક્ત, યાચનાયુક્ત, અભિમાનયુક્ત, અપમાનયુક્ત, પ્રસાદયુક્ત, નિર્વેદયુક્ત, અનુરાગયુક્ત, નિર્વિશેષયુક્ત, અવષ્ટંભયુક્ત, કોપયુક્ત, આત્માર્પણયુક્ત, સદ્‌ભાવયુક્ત, ઉપહાસયુક્ત, ઉપાલંભયુક્ત, અનુક્રોશયુક્ત, સ્પૃહાયુક્ત, નિશ્ચયયુક્ત, મધુર છતાં પણ દુઃશ્રવ, સરસ છતાં પણ શોષકારી, કોમલ છતાં પણ કઠોર, નમ્ર છતાં પણ ઉન્નત, પેશલ છતાં પણ અહંકૃત, અને લલિત છતાં પણ પ્રૌઢ આલાપ સાંભળીને, પક્ષ્મ અચલ થઈ જવાથી, દુઃસહ દુઃખને લીધે ઉત્પન્ન થતાં અશ્રુથી ભરાઈ ગયેલાં દીર્ઘ ચક્ષુવાળું એનું મુખ જોતો જોતો ચંદ્રાપીડ સ્વભાવે ધીર પ્રકૃતિનો છતાં પણ અતિશય આકુલ વ્યાકુલ થઈ ગયો.

પછી જાણે કાદમ્બરીના શરીરમાંથી આલાપ-પદનીજ સાથે આવેલા ક્રોધે તેના હૃદયમાં, જીવિતે કંઠમાં, કંપે અધર-પલ્લવમાં, નિશ્વાસે મુખમાં, સ્ફુરિતે નાસાગ્રમાં, અને અશ્રુએ ચક્ષુમાં સાથેજ વાસ કર્યો એટલે કાદમ્બરીને તુલ્ય વૃત્તિમય થઈને તે, અશ્રુપાતને લીધે ગદ્‌ગદ થયેલી વાણીએ ઉંચે સ્વરે કહેવા લાગ્યો:—પત્રલેખા ! હું શું કરૂં ? આ દુરાત્મા, દુઃશિક્ષિત, જ્ઞાનાભિમાની, (પોતાને) પંડિત માનનાર, દુર્વિદગ્ધ, દુર્બુદ્ધિમાન્, અસત્ય ધૈર્ય ધરનાર, સ્વયંકૃત મિથ્યા શતસહસ્ર વિકલ્પથી ભરેલા, અવિશ્વાસુ, મૂઢ હૃદયે, શૃંગાર-નૃત્યાચાર્ય ભગવાન્ કામદેવ અંતર્ગત વિકાર જણાવવા સારૂ એ બાલાને મ્હારે લીધે જે જે કંઈ અનેક પ્રકારે બલાત્કાર કરેછે તે સર્વે,—દિવ્ય કન્યાઓ પૂર્વે નહિ જોયેલી તેથી, એ લીલા રૂપને અનુરૂપ હશે એમ ધારવાથી, અને એવો વિચાર પણ મ્હારા ઉપર આવે એ અસંભવિત લાગવાથી,—એ (બાલા) નું સ્વાભાવિકજ છે એમ મને વિકલ્પ-સંશયને હિંદોળે ચઢાવી મનાવીને, દેવીના આવા

દુઃખનો તથા ત્હારા ઉપાલંભનો હેતુ બનાવ્યોછે. હું ધારૂં છું કે મને પણ આ કોઈ, મનને વ્યામોહ કરનાર, શાપજ લાગેલો હશે, નહિ તો, અણસમજુને પણ જેમાં કંઈ સંદેહ ન પડે એવાં એવાં સ્ફુટ મદન-ચિન્હને વિશે પણ મને કેમ આમ ભ્રમ થાય? અતિસૂક્ષ્મ હોવાને લીધે દુર્વિભાવ્ય એ સ્મિત, એ કટાક્ષ, એ કથન, એ વિલાસયુક્ત અનુભાવ તથા લીલાયુક્ત લજ્જાના આવિર્ભાવ જે અન્યથા પણ સંભવે તેમને ન ગણીએ તોપણ, પોતાનો કંઠ-સ્પર્શ બહુ વાર અનુભવ્યાથી સૌભાગ્ય પામેલા આ હારને મુજ પુણ્ય-રહિતના કંઠમાં તેજ ક્ષણે પેહેરાવીને એમણે શું નથી જણાવ્યું? વળી હિમગૃહનો વૃત્તાન્ત તો તેં પણ પ્રત્યક્ષજ દીઠો હતો. માટે દેવીએ પ્રણય-કુપિત છતાંએ આમાં શું અસત્ય કહ્યું છે? આ સર્વે દોષ વિપર્યયે મ્હારો છે. તો હવે પ્રાણના પણ ઉપયોગથી હું એવી રીતે વર્તું કે દેવી મને આવો અતિ કઠિન હૃદયનો જાણે નહિ.—કુમાર આમ બોલતો હતો તેવામાંજ વેત્રધારી એક પ્રતિહારીએ કહાવ્યા વિનાજ પ્રવેશ કરી પ્રણામપૂર્વક વિનતી કરીઃ—યુવરાજ! દેવી વિલાસવતીએ કહાવ્યું છે કે પરિજનના કહેવાથી મેં સાંભળ્યું કે પછવાડે રહેલી પત્રલેખા આજ પાછી આવી છે. ત્હારામાં ને એનામાં મ્હારે કંઈ સ્નેહ-વિશેષ નથી એવી રીતે મેંજ એને ઉછેરીછે. તને પણ જોયે બહુ વાર થઈછે માટે એને તેડીનેજ આવ. સેંકડો મનોરથે મળેલું ત્હારા મુખ-કમલનું દર્શન અતિદુર્લભ છે.

આ સાંભળી ચંદ્રાપીડને વિચાર થયો કેઃ—અહો! મ્હારૂં જીવિત સંદેહને હિંદોળે ચઢ્યું છે! (એક પાસ) માતા આમ ક્ષણ વાર પણ મને નથી જોતાં તો દુઃખી થાયછે; અને (બીજી પાસ) નિષ્કારણ-વત્સલ દેવીએ પત્રલેખાને મ્હોએ ત્યાં આવવાની મને આમ આજ્ઞા કરીછે. જન્મકાલથી બંધાયલો જનની-સ્નેહ બલવાન્ છે; અને મ્હારૂં હૃદય વાઞ્છાને લીધે આકુલ વ્યાકુલ થઈ ગયું છે. તાત-ચરણની સેવાનું સુખ ત્યજાય એમ નથી; અને દુષ્ટ મન્મથ અતિ પીડાકારી છે. ગુરુજનનાં લાડ મનોહર છે; ઉત્કંઠા (નાં દુઃખ) દુઃસહ છે. બાંધવજનની પ્રીતિ બાંધી રાખે એવી છે; અભિનવ પ્રાર્થના કુતૂહલ ઉત્પન્ન કરેછે. કુલક્રમાગત નૃપતિયો (મ્હારા) મુખને જોનારા છે; (પણ) પ્રિયા-મુખ-દર્શન જીવન-સફલકારી છે. પ્રજા સર્વ અનુરક્ત છે; (પણ) ગંધર્વ-રાજપુત્રીનો પ્રેમ ઘણો છે. જન્મભૂમિ ત્યજવી કઠિન છે; (પણ) દેવી કાદમ્બરી સંમાનાર્હ છે. મનને વિલંબ દુઃસહ છે;

(પણ) હેમકૂટ વિંધ્યાચલ વચ્ચે અંતર ઘણું છે.—એમ વિચારતો વિચારતોજ પત્રલેખાનો હાથ ઝાલી, પ્રતિહારીએ બતાવેલે માર્ગે માતાની સમીપ ગયો, અને માતાએ લડાવેલાં અનેક પ્રકારનાં લાડના સુખમાં દુઃસહ હૃદયોત્કંઠા ભૂલી જઈને તે દિવસ એણે ત્યાંજ ગાળ્યો.

પછી સ્વચિન્તા જેવી, દશે દિશાઓમાં અંધકાર કરી મુકતી, જ્યારે રાત પડી; અનિવાર્ય વિરહ-વેદનાથી મનમાં ખેદ પામીને આકુલ વ્યાકુલ થતાં ચક્રવાક-દ્વંદ્વ જ્યારે ઉંચે સ્વરે કરૂણ શબ્દ કરવા લાગ્યાં; અંકોલ્લ-ની[1] ધૂળ જેવો ધૂસર પ્રકાશ પાડતા, ચંદ્રના અગ્ર કિરણ કામબાણને ઉત્તેજિત કરીને જ્યારે પથરાવા લાગ્યા; તથા વિકસિત થતી કુમુદિનીનો શ્વાસ-પરિમલ લઈને પ્રદોષ-પવન જ્યારે મંદ મંદ વાવા લાગ્યા ત્યારે ચંદ્રાપીડ શયન ઉપર સુતો પરંતુ નયન મીચ્યા છતાંએ એને નિદ્રા-વિનોદ મળ્યો નહિ; અને એનું મન, હેમકૂટથી આવતાં ઉપજેલા ખેદને લીધે નીચે પડીને જાણે (કાદમ્બરીના) પાદ-પલ્લવની છાયામાં વિશ્રાન્ત થયું હોય,—જંઘાને અનુસરીને અધિરોહણ કરતાં, જાણે એ સંશ્લિષ્ટ ઊરુમાં સંયુક્ત થયું હોય,—વિશાલ નિતંબ-ફલક[2] ઉપર જાણે ચિત્રિત થયું હોય, નાભિ-મુદ્રામાં જાણે ડુબી ગયું હોય, રોમ-રાજિમાં જાણે ઉલ્લ-સિત થયું હોય, ત્રિવલી રૂપી પગથિયાંથી મનોહર લાગતા મધ્યભાગ ઉપર જાણે ચઢી ગયું હોય, ઉન્નત અને વિસ્તીર્ણ સ્તનતટ ઉપર જાણે જઈ બેઠું હોય, બાહુમાં જાણે લીન થઈ ગયું હોય, હસ્ત ઉપર જાણે અવલંબન કરી રહ્યું હોય, કંઠમાં જાણે આશ્લિષ્ટ થયું હોય, ગાલમાં જાણે પ્રવિષ્ટ થયું હોય, અધરપુટમાં જાણે કોતરાયું હોય, નાસિકા-સૂત્રમાં જાણે ગુંથાયું હોય, લોચનમાં જાણે પ્રફુલ્લ થયું હોય, લલાટ-શાલામાં જાણે સ્થિર થયું હોય, કેશકલાપના અંધકારમાં જાણે ભરાઈ ગયું હોય, અને સર્વ દિશાઓને ભરી નાંખતા લાવણ્ય-પૂરમાં જાણે તરતું હોય તેમ, મદનાવાસ[3] કાદમ્બરી-રૂપનું સ્મરણ કરવા લાગ્યું!!

પછી આત્મીય-બુદ્ધિ ઉત્પન્ન થઈ એટલે[4] એનું અંતઃકરણ અતિ સ્નેહાર્દ્ર થવાથી, તે દિવસથીજ જાણે તેની રક્ષા કરવાને તત્પર થયો હોય તેમ, જ્યાં જ્યાં કુસુમ-ધનુષ્ ચઢાવીને મદનને તેના ઉપર પ્રહાર

---

૧. એક જાતના છોડની. ૨. નિતંબ રૂપી ફલક—ચિત્રવાનું પાટિયું. ૩. મદનને રહેવાનું સ્થલ. ૪. તે (કાદમ્બરી) પોતાની છે એમ લાગ્યું એટલે.

કરતો જોવા લાગ્યો ત્યાં ત્યાં પોતે વચ્ચે પડવા લાગ્યો. કોમલ માલતી કુસુમ જેવા સુકુમાર શરીર ઉપર આમ નિર્દય પ્રહાર કરતાં શું તને લજ્જા નથી આવતી?—એમ જાણે, ચંચલ કીકીવાળી તથા અશ્રુથી ભીની થયેલી દૃષ્ટિથી કામદેવને આખો દિવસ ઠપકો દેવા લાગ્યો; અને કામબાણના પ્રહારથી મૂર્છા પામેલી (કાદમ્બરી)ને જાણે સચેતન કરવા ઇચ્છતો હોય તેમ એ પોતાનાં અવયવ ઉપર સ્વેદ-જલ-બિંદુ ધારણ કરવા લાગ્યો તથા દીર્ઘ દીર્ઘ નિશ્વાસ-પવન નાંખવા લાગ્યો. તેના સચેતન થવાથી હર્ષ પામ્યો હોય તેમ, અંગે અંગે વ્યાપેલા રોમાઞ્ચને ક્ષણ પણ વિયુક્ત રાખતો નહિ. હૃદયથી વેદના સહન થાયછે કે નહિ—તેની ખબર કાઢવાને જાણે મોકલ્યું હોય તેમ તેનું મન શૂન્ય જણાવા લાગ્યું. જાણે તેના સમાચાર સાંભળવા સારૂ સર્વદા તે મૌનવ્રત ગ્રહણ કરીને રહેવા લાગ્યો. તેના મુખ-દર્શન થકી સર્વ ઢંકાઈ ગયું હોય તેમ અન્ય કંઈજ તે જોતો નહિ. ચંદ્રબિંબથી પણ એની દૃષ્ટિને ચેન પડતું નહિ. તેના આલાપથી જાણે શ્રવણ ભરાઇ ગયા હોય તેમ બીજું કંઈજ તે સાંભળતો નહિઃ—વીણાના ધ્વનિ પણ બ્હારજ રહેતા; સુભાષિતને પણ પ્રવેશ મળતો નહિ; મિત્રના બોલ પણ જાણે કઠિન લાગતા; (અને) બાંધવજનના શબ્દથી પણ એને સુખ થતું નહિ. સ્વભાવ સમજી જશે એવી જાણે બ્હીકથી પૂર્વની પેઠ કોઈને પોતે દર્શન (પણ) દેતો નહિ. અહર્નિશ લાગતી જ્વાલાવાળો મદનાગ્નિ અંતરમાં બળવા છતાં ગુરુજનની શરમને લીધે, તરત ચુંટેલાં ભીનાં કમલના શયન ઉપર એ સુતો નહિ; સરસ મૃણાલલતાઓ અંગ ઉપર રાખતો નહિ; જલબિંદુ રૂપી મૌક્તિકના ક્ષોદ વડે તારકિત થયેલાં[1] કોમલ કમલ-પત્ર પાર્શ્વે પણ મુકતો નહિ; કુસુમ-પલ્લવનું શયન રચવાનું કહેતો નહિ; અહર્નિશ ધારા પડવાથી ઉડતી શિશિર જલકણિકા વડે જ્યાં દુર્દિન થઈ રહેલો એવા ધારાગૃહને જોતો પણ નહિ; સર્વદા પુષ્પ-રસ ગળવાથી શીતલ થયેલા અભ્યન્તરવાળા, મહેલની વાડીના લતામંડપમાં પણ જતો નહિ; ચંદન-જલ છાંટેલી મણિભૂમિ ઉપર પણ સ્વેચ્છાએ આળોટતો નહિ; ચંદ્રકિરણ પડવાથી મનોહર લાગતાં, લલનાઓના હાથમાં રહેલાં ચંદ્રમણિ-દર્પણમાં પણ પોતાનું પ્રતિબિંબ પાડી શકતો નહિ;—ટુંકામાં, જાડા હરિચંદનરસની ચર્ચા પણ ચરણતલથી કરાવતો નહિ.

---

૧. તારાથી ભર્યાં હોય એવાં.

એમ ને એમજ રાતદિવસ જંપ્યા વિના રાજકુમાર, જ્વલિત છતાં પણ બાળે નહિ એવા, બળતા પણ સ્નેહેંધનનો[1] ક્ષય ન કરતા, અને જાણે દુઃખ સહન કરાવવા સારૂ ભસ્મ નહિ કરતા મદનાગ્નિથી અંતરમાં તેમજ બ્હાર ઉકળાટ પામતો પામતો સુકાવા લાગ્યો. પરંતુ પ્રતિક્ષણે વધતી આર્દ્રતાને એણે ત્યજી નહિ.[2] એવી રીતે પ્રતિક્રિયાના અભાવથી તથા (પ્રેમ) ત્યજવો દુષ્કર હોવાથી એણે મદનની વેદના સહન કરવા છતાં, લોકલોચનથી પોતાના આકારનુંજ રક્ષણ કર્યું, કામબાણથી પોતાના જીવિતનું નહિ; દેહમાંજ કૃશતા આવવા દીધી, લજ્જામાં નહિ; શરીર-સ્થિતિમાંજ અનાદર દર્શાવ્યો, કુલક્રમની સ્થિતિમાં નહિ; પ્રજાઓનોજ અનુરોધ કર્યો, મદનોત્કંઠાનો નહિ; અને સુખનીજ અવગણના કરી, ધૈર્યની નહિ. આ પ્રમાણે, કાદમ્બરીના રૂપ-ગુણને આધારે ઉત્પન્ન થયેલો બલવાન્ અનુરાગ એને આગળ ખેંચવા લાગ્યો, અને ગુરુજનના પ્રતિબંધને લીધે અધિક દૃઢ થયેલો મ્હોટો સ્નેહ પછવાડેથી એને વારવા લાગ્યો. પરંતુ, પ્રકૃતિયે ગંભીર સમુદ્ર જેમ ચંદ્રથી તેમ એ (આથી) દૂર ઉછળવા છતાં આત્માને મર્યાદાથી અટકાવી રાખવા લાગ્યો; એમ, થોડા છતાં પણ સહસ્ર જેવા લાગતા દિવસો ક્રમે કરીને વીતી ગયા પછી એક દિવસ, મદન-વેદનામાંથી જાણે જરા છૂટ્યો હોય તેમ નગરીની બ્હાર જઈ, જલતરંગના સંગથી શીતલ જલકણસહિત જ્યાં પવન વાતા હતા અને કલહંસ તથા ચક્રવાકનાં ટોળાં જેના સરસ સુકુમાર પુલિન ઉપર મધુર મધુર શબ્દ કરતાં હતાં તેવા સિપ્રા નદીના તટને અનુસરતો અનુસરતો એ થોડેક સુધી ચાલતો ચાલતોજ ગયો. ફરતાં ફરતાં કાર્તિકેયના દેવાલય પાસે પ્હોચ્યો એટલામાં વેગથી આવતા ઘણાક અશ્વ દૂરથીજ એની દૃષ્ટિયે પડ્યા, જેઓના પૂરપેટીએ દોડવાથી ખરીઓ ઝડપ ઝડપ ઉપડતી હતી; જેઓ ભેગા થઈ જતા હતા અને જુદા પડતા હતા; પાસે પાસે આવતા હતા અને વિખેરાઈ જતા હતા; ઉત્સાહથી ચાલતા હતા અને ધીમા પડતા હતા; દોડી જતા હતા અને પંક્તિ તોડી નાંખતા હતા; સ્ખલન કરવા છતાં, પડવા છતાં, બેસી જવા છતાં અશ્વારો જેમને યથાશક્તિ ઉભા કરતા હતા; નિઃસહ થયાથી

---

૧. સ્નેહ=તેલ, તથા ઇંધન=બળતણ, તેનો; (પક્ષે) સ્નેહ—પ્રેમ—રૂપી ઇંધનનો. ૨. સુકાવા લાગ્યો પણ આર્દ્રતા—ભીનાશ—ત્યજી નહિ એ વિરોધ. શમાવતાં આર્દ્રતા=અંતઃકરણનું પ્રેમથી પલળી જવું તે.

જેઓ દૂરાગમનનો ખેદ જણાવતા હતા; અને અતિત્વરામાં ચાલવાથી ભારે કાર્યને પ્રસંગે આવવું થયું હશે એમ સૂચવતા હતા. તેમને જોતાંજ કુતૂહલ ઉત્પન્ન થવાથી ખબર કાઢવા રાજપુત્રે એક પુરુષને મોકલ્યો અને પોતે પણ ઊરુ સુધી આવતા સિપ્રાજલમાં થઈને, એ ખબર સાંભળવા સારૂ તેજ ભગવાન્ કાર્તિકેયના મંદિરમાં જઈને ઉભો રહ્યો.

ત્યાં રહે રહે કુતૂહલથી તેજ અશ્વવૃન્દ તરફ દૃષ્ટિ કરી, પાસે ઉભેલી પત્રલેખાને હાથથી ખેંચીને એ કહેવા લાગ્યોઃ–પત્રલેખા! જો, જો, પેલો સૌથી આગળજ આવતો અશ્વવાર જેનું મુખ સૂર્યકિરણનું નિવારણ કરવા સારૂ ધરેલી, ઉડતી ચંચલ દીર્ઘ શિખાવાળી, મયૂર-પિચ્છમય છત્રિકાને લીધે ઢંકાઈ ગયેલું છે તે મને લાગેછે કે કેયૂરક છે.–એમ તેની સાથે નિહાળીને એ જોતો હતો તેવામાંજ, ખબર કાઢવા મોકલેલા પુરુષ પાસેથી–ચંદ્રાપીડ ત્યાં ઊભા છે–એમ સાંભળી, દૃષ્ટિ પડતાંજ અશ્વ ઉપરથી ઉતરી પડી સમીપ આવતા કેયૂરકને એણે જોયો. દૂરથી વેગ સહિત આવતાં ઉડેલી ધૂળવડે તેનું શરીર ધૂસર તથા શ્યામ પડી ગયું હતું તેથી તેનો આકાર જાણે બદલાઈજ ગયો હોય એમ ભાસતું હતું; અને અંગરાગસંસ્કાર વિના મલિન થઈ ગયેલા શરીરવડે, વિષાદથી શૂન્ય મુખવડે, તથા અંતરનો દુઃખભાર દર્શાવતી દૃષ્ટિવડે, દૂરથીજ તે, વગર પૂછે પણ કાદમ્બરીની દુઃખી અવસ્થા બોલ્યા વિના જણાવતો હતો. તેને જોઈ, પ્રીતિથી—આવ, આવ,—કહી, ચંદ્રાપીડે, સસંભ્રમ પ્રણામ કરીને તે પાસે આવ્યો એટલે દૂર પ્રસારેલા પોતાના બાહુથી આલિંગન દીધું. પછી જરા પાછા ખસીને તેણે પુનઃ નમસ્કાર કર્યો એટલે તેના સર્વે સહાયોને કુશલ પ્રશ્ન પૂછી, આગળ ઉભેલા કેયૂરકને આતુરતાથી પુનઃ પુનઃ નિહાળી રાજપુત્ર કહેવા લાગ્યોઃ—કેયૂરક! ત્હારા દર્શનથીજ એટલું તો જણાયછે કે દેવી કાદમ્બરી સપરિવાર કુશલ છે. હવે અહીં આવવાનું કારણ વિશ્રાન્ત થયા પછી સુખે કહેજે.—એમ કહી, વેગથી આરોહકે આણેલી હાથણી ઉપર ચઢીને,—આ શરીરને તે સુખ ક્યાંથી?—એમ બોલતા કેયૂરકને પછવાડે બેસાડી, પત્રલેખાને લઈને ચંદ્રાપીડ પોતાને મંદિર ગયો. ત્યાં સર્વ રાજલોકનો પ્રવેશ બંધ કરાવી, વક્ષભોદ્યાનમાં જઈ, પરિવારયુક્ત કેયૂરક સહિત એણે ઉત્કંઠિત ચિત્તને લીધે અચેતન રહીનેજ સર્વ દિવસ-વ્યાપાર કર્યો. પછી સર્વ પરિજનને દૂર કરી, એક-

લી પત્રલેખાનેજ રાખી, કેયૂરકને બોલાવી તે કહેવા લાગ્યોઃ—કેયૂરક ! દેવી કાદમ્બરીનો, મદલેખાનો તથા મહાશ્વેતાનો જે સંદેશો હોય તે કહે.

ચંદ્રાપીડનો આ પ્રશ્ન સાંભળી, વિનયથી પાસે બેસી, કેયૂરક પણ કહેવા લાગ્યોઃ—દેવ ! હું શું કહું ? દેવી કાદમ્બરીનો, મદલેખાનો કે મહાશ્વેતાનો જરાએ સંદેશો મ્હારી પાસે કહેવાનો નથી. મેઘનાદને પત્રલેખા સોંપી, પાછાં આવી, મેં આપનો ઉજ્જયિની ગયાનો વૃત્તાન્ત કહ્યો કે તરતજ ઊંચું જોઇ, દીર્ઘ અને ઉષ્ણ નિશ્વાસ નાંખી, નિરાશ થઇ,—એમ થયું !—એટલું બોલી, ઉઠીને મહાશ્વેતા પાછાં તપ કરવા સારૂ પોતાને આશ્રમેજ ગયાં. દેવી કાદમ્બરી પણ તત્કાળ હૃદયમાં જાણે બાણ વાગ્યો હોય—માથે જાણે અણચિન્તવ્યો વજ્ર-પ્રહાર થયો હોય—તેમ અંતરની પીડાથી આંખ મીચાઈ જવાથી મૂર્છિત હોય, મુષિત હોય, પરિભૂત હોય, વંચિત હોય કે અંતઃકરણથી ઉન્મુક્ત હોય તેમ બહુ વાર સુધી રહ્યાં. પછી આંખો ઉઘડી ત્યારે, મહાશ્વેતાના ગયાની ખબર જાણ્યા વિના, વિલક્ષ હોય, લજ્જિત હોય કે વિસ્મૃત હોય તેમ વિસ્મયથી સ્તબ્ધ દૃષ્ટિયે જોતાં જોતાં—જા મહાશ્વેતાને કહે—એવું મને જાણે ક્રોધ સહિત કહેવા લાગ્યાં, અને મદલેખા તરફ મ્હોં ફેરવીને વિલક્ષ-સ્મિત સહિત તેને કહેવા લાગ્યાં કેઃ—મદલેખા ! બીજું કોઇ એવું હશે કે જેણે કુમાર ચંદ્રાપીડના જેવું કર્યું હશે વા કરશે ?—એટલું કહી, ઉભાં થઇ, સર્વ પરિજનને દૂર કરી, શયન ઉપર પડી, ઉત્તરીય વસ્ત્રથી મસ્તક ઢાંકી દઈ, સમાન દુઃખી મદલેખા સાથે પણ કંઇ બોલ્યા ચાલ્યા શિવાય આખો દિવસ એમ ને એમ રહ્યાં. બીજે દિવસ પ્રાતઃકાળમાંજ હું એમની પાસે ગયો એટલે—તમે આવા અતિદૃઢ શરીરવાળા બેઠા છો ને હું આવી અવસ્થા અનુભવું છું !—એમ જાણે અમને ઠપકો દેતાં હોય,—મ્હારે તમ જેવા પાસે રહેનારનું કામ નથી—એમ જાણે તિરસ્કાર કરતાં હોય,—કેમ મ્હારી પાસે ઉભો રહ્યોછે—એમ જાણે અંતરના ક્રોધાવેગથી તરછોડતાં હોય—તેમ, અશ્રુજલ છલકાઈ જવાથી કંપતી તથા આકુલ દૃષ્ટિથી બહુ વાર મ્હારા સામું જોઇ રહ્યાં. આ ઉપરથી, દુઃખિત દેવીની આવી દૃષ્ટિ થકી મને જવાની આજ્ઞા મળી એમજ જાણીને હું એમને કહ્યા વિનાજ આપની પાસે ચાલી આવ્યો છું. માટે, આપજ જેનું એક શરણ છો એવા જનના જીવિત-રક્ષણને અર્થે આતુર કેયૂરકની વિજ્ઞાપના સાંભળવામાં લક્ષ આપવાની કૃપા કરશો એવી આશા છે.

સાંભળો મહારાજ! સુગંધિ મલય-પવન જેવા આપના પ્રથમ આગમનથી જે વેળા એ સમસ્તજ કન્યકા-લતાવન ચલિત થયું તે વેળાજ સકલ ભુવનને મનગમતા વસંત જેવા આપને જોઈને રક્ત અશોક વૃક્ષની લતા જેવી દેવીમાં મદને પ્રવેશ કર્યો, અને હવે તો આપને લીધે દેવી કાદમ્બરી મહાન્ આયાસ ભોગવે છે. સૂર્યોદય થાય છે ત્યારથી, સૂર્યમણિના અગ્નિ જેવા નિઃશબ્દ, પવનની પ્રેરણા વિનાના, નિર્ધૂમ, ભસ્મરહિત, પ્રજ્વલતા એમના મદનાનલની, પરિજનના હસ્તવડે કોમલ પલ્લવ ઉરાડવાથી શાન્તિ થતી નથી; નાના નાના વ્યજનમાંથી ઉડતી શીતલ જલકણિકાઓના સિંચનથી તેની નિવૃત્તિ થતી નથી; સરસ હરિચંદનનો લેપ લગાવવાથી તેનો છેદ થતો નથી; વાટેલાં મોતીની ઝીણી રજ નાંખવાથી તે ઓલવાતો નથી; કોતરેલી યંત્રમય કલહંસ-પંક્તિમાંથી છૂટતી જલધારાવાળા ધારાગૃહવડે તે શમતો નથી; પરંતુ જલયંત્ર ચાલવાથી ગળતી અતિશીતલ જલકણિકાવડે તારકિત થયેલી જલધારાઓ જેમ જેમ તેના ઉપર પડે છે તેમ તેમ વૈદ્યુતાગ્નિનો[1] સહોદર હોય તેમ એ મદનાગ્નિ જાગૃત થતો જાય છે. વળી શિશિર ઉપચાર કરવાથી, કુંદ-કલિયોની મંજરીના જેવી સ્વેદ-બિંદુની સંતતિ વધારે વધારે વિકાસ પામે છે. આશ્ચર્ય એ છે કે મદનાગ્નિમાં બળવા છતાં અગ્નિ-શૌચ વસ્ત્રની પેઠે એમનું લાવણ્ય સર્વદા નિર્મલ થતું જાય છે! મને લાગે છે કે સ્વભાવે મૃદુ છતાં મુક્તાફલ બનેલા જલની સમાન[2] અબલાઓનું હૃદય ઉત્કંઠાથી કઠિન થઈ જતું હશે, નહિ તો એટલો બધો સંતાપ છતાં પણ કેમ ન ઓગળી જાય? વલ્લભ જનના સંગમની આશા ખરેખર બલવાન્ છે કેમકે વેદના સહન કરવાથી વિહ્વલ થયા છતાં પણ, અતિ કષ્ટ ભોગવતા પ્રાણ રહી શકે છે![3]–(પણ) હું શું કરૂં? એ મ્હોટી ઉત્કંઠા શી રીતે કહું? કઈ રીતે

---

૧ વીજળીના અગ્નિનો. ૨ જુઓ પૃ. ૨૮૧ નો. ૧. વળી જુઓ ભર્તૃહરિનું નીતિશતક શ્લોક ૬૭.

स्वात्यां सागरशुक्तिसंपुटगतं तज्जायते मौक्तिकम् ।

૩ જુઓ મેઘદૂત શ્લોક ૧૦ મો.—

आशाबंधः कुसुमसदृशं प्रायशो ह्यङ्गनानाम् ।
सद्यःपाति प्रणयिहृदयं विप्रयोगे रुणद्धि ॥

અને માલતીમાધવ પૃ. ૩૨૦—

आशातन्तु र्न च कथयताऽत्यंतमुच्छेदनीयः ।
प्राणत्राणं कथमपि करोत्यायताक्ष्याः स एकः ॥

વર્ણવું? કયે ઉપાયે દર્શાવું? કયે પ્રકારે જણાવું? કઈ યુક્તિથી પ્રકાશ કરૂં? કઈ વેદના જોડે સરખાવું?—સ્વપ્નસમયે પ્રાણિયોની વેદના ખરેખર જતી રહેછે, ને તેથીજ તમે પ્રતિદિવસ દેખાયા છતાં એવી અવસ્થા જોઈ શકતા નથી.[1] સૂર્યના સહસ્ર કિરણનો પ્રચંડ તાપ સહે એવાં કમલ એમના શયનતલ ઉપર રહેવાથી કરમાઈ જાયછે એવી તો એમની સૂર્યના તાપથી પણ ચઢે એટલી, ઉષ્ણુતા છે! અકરૂણ તથા નિષ્કારણ પ્રતિકૂલ કામની પીડાથી એ આવી આવી વિવિધ ચેષ્ટાઓ કરેછેઃ—મદન-વેદના સહી શકે એવા અતિ કઠિન મનમાં આપ વસોછો માટે મૃદુ કુસુમ-શયન ઉપર એ સખિયોના બલાત્કારથી સુવેછે.[2] કુસુમ-શયનમાં સુતા પછી સંતાપને લીધે પગેથી ગળતા અલક્તક-રસથકી રક્ત થયેલાં શય્યા-કુસુમ વડે, હૃદયમાંથી પડેલાં સરુધિર કામબાણની શંકા કરાવીને સૌ સખિયોને ભયભીત કરેછે. કામબાણનું નિવારણ કરવા સારૂ પેહેરેલા કવચ જેવો, આપના સ્મરણથી ઉત્પન્ન થતો રોમાઞ્ચ ધારણ કરેછે. રોમાઞ્ચિત સ્તનયુગ ઉપર, શ્વાસથી ખસી ગયેલા વસ્ત્રને મુકતાં મુકતાં, આપના પાણિ-ગ્રહણની તૃષ્ણાથી પોતાના જમણા હાથને જાણે કંટક-શયન-વ્રતની શોભા આપે છે!! અને ડાબા ગાલના ભારથી જડ થઈ ગયેલી અંગુલિવાળા, ચળકતા પદ્મરાગ મણિના વલયના કિરણથી રંગાવા—જ્વલતા મદનાગ્નિમાં જાણે બળતા—ડાબા હાથને હલાવ્યાં કરેછે. કમલ-પત્રના વ્યજનના પવનથી એમના મુખ ઉપર કર્ણ-કુવલય-પત્ર હાલ્યાં કરેછે તેથી, અહર્નિશ ગળતાં અશ્રુના ભયથી જાણે એમનાં ચંચલ લોચન પલાયન કરતાં હોય એમ ભાસેછે! ક્ષણે ક્ષણે એ દુર્બલ થતાં જાયછે તેથી, પડી જવાની બ્હીકથી, હાલતાં મંગલ વલયનેજ નહિ પરંતુ હૃદયને પણ વારંવાર હસ્ત-પલ્લવથી પકડી રાખેછે. લીલા-કમલની માલા જેવી, શીતલ જલકણિકા ઝરાવતી, સખીઓની હસ્ત-પરંપરા શરીર ઉપર મુકયાથી એ થાકી જાયછે. વળી હમણાં એ ચરણ-દ્વંદ્વ વડે રસના-કલાપને, વિસ્તારિ નિતમ્બવડે મધ્યભાગને, સંગમની આશાવડે હૃદયને, હૃદયવડે આપને, છાતિયે કમલપત્રના આવરણને, કંઠે જીવિતને, હાથે ગાલને, આપ

---

૧. (સ્વપ્નમાં) કા૦ તમને જુએ છે તોએ તમે એની દુઃખી અવસ્થા જોતા નથી તેનું કારણ એ કે સઘળી પીડા મનુષ્યને સ્વપ્નમાં શાન્ત પડી ગયેલી હોય એટલે ક્યાંથી દેખાય? ૨. તમે કઠિન સ્થલે છતાં પોતે કેમ કોમલ શયનમાં સુવે?—માટે બલાત્કારે વિ૦.

સંબંધી આલાપ વડે અશ્રુપાતને, કપાળે નાની ચંદન-લેખાને અને સ્કંધે વેણીને ધારણ કરેછે.[1] આપને જોવાની ઇચ્છાથી, હૃદય ફાટી જાય તો ઠીક એમ વાઞ્છના કરેછે.[2] ગોત્ર-સ્ખલનથી[3] લજ્જા પામે તેવી જીવવાથી પામેછે. પ્રિયસખી જેવી મૂર્છા વારંવાર એમના મનને સ્પર્શ કરેછે. પરિજન જેવી કામોત્કંઠા એ પરવશાને કુસુમ-શયનમાંથી ઉઠાડેછે. પરિચારિકા જેવી આધિ એમનાં શિથિલ ગાત્રોને ચલાવેછે. ઉત્કંઠા શમાવવાના વ્યજનને સારૂ પલ્લવ-ભંગ થશે એવા ભયથી જાણે કંપતા હોય તેવા, પવનથી હચ-હચી ગયેલા લતામંડપમાં વારંવાર એ રહેછે.[4] કોશમાંથી નીકળી આવેલી સુંદર કળિયોને લીધે, બિસ-વલયના સંરક્ષણને અર્થે જાણે અંજલિ રચતું હોય એવા સ્થલ-કમલિનીવનમાં વારંવાર સુવેછે. રખેને ગળે ફાંસો ઘાલે એવી જાણે બ્હીકથી કિસલય વડે નિરંતર આચ્છાદિત લતા-પાશ વાળી વાડીમાં એ ઘણીવાર જાયછે.[5] રોઇ રોઇને લાલ ચોળ કરી નાંખેલી આંખનાં પ્રતિબિંબ પડવાથી, શયન ઉપર પથરાવાના ત્રાસથી જાણે કમલ ડુબતાં હોય એમ દર્શાવતા ઉપવન-સરોજલમાં વારંવાર સ્નાન કરેછે. ત્યાંથી નીકળી તમાલ વૃક્ષની હારોમાં ફરેછે. ત્યાં પોતાની ઉંચી કરેલી ભુજ-લતા વડે શાખાને ટેકો દઈ, તે ઉપર પોતાનું વદન મુકી, આંખો મીચી દેછે તેથી ચંપક-પત્રની માલાનો જાણે ફાંસો ઘાલ્યો હોય એવી શંકા કરાવેછે. એમ જરા વાર વિશ્રામ લીધા પછી સંગીત-ગૃહમાં પ્રવેશ કરેછે. ત્યાં મધુર મૃદંગ-સ્વર અને લય યુક્ત લલિત નૃત્ય-લીલા વડે ખેદ પામી, મયૂરીની પેઠે, છૂટતી જલધારા વાળા ધારાગૃહમાં જાયછે. ત્યાંથી પણ, ઘન જલધારાઓની કણિકા વડે શરીરે રોમાઞ્ચ થવાથી, કદમ્બ-કલિની પેઠે કંપતાં કંપતાં અંતઃપુરની કમલિનીને તીરે જાયછે. ત્યાંથી વળી,

---

૧. અહીં અલંકાર દીપક છે. ૨. આપનું પ્રત્યક્ષ દર્શન તો ક્યાંથી થાય? પણ આપ એમના અંતઃકરણમાં સર્વદા રહોછો, માટે એ એમ ધારેછે કે કંઇ કરતાં જો હૃદય ફાટે તો ત્યાં આપને જોઇ શકાય! ૩. ગોત્ર-સ્ખલન= ગોત્ર–નામ–દેવામાં સ્ખલન કરવું–ભૂલ કરવી. ભૂલથી પ્રિયતમનું નામ દેવાઇ જવું. ૪. અહીંથી શરૂ થતાં વાક્યોમાં કાર્યનાં કારણ કંઇક છતે કંઈક ઉત્પ્રેક્ષિત કર્યાં છે. લતામંડપ કંપે પવનથી પણ કવિ કહેછે કે તેને જાણે એવી બ્હીક લાગી હતી કે કાદંબરી ઉત્કંઠાનો તાપ શમાવવા સારૂ વ્યજન–વીજણા– જોઇયે તે મ્હારાં પલ્લવ તોડી તોડીને કરશે અને તે પલ્લવનેજ લેવા સારૂ એ આવ્યાં હશે–એમ ધારી ત્રાસથી જાણે એ કંપતો હતો. ૫. લતા-પાશ

ગૃહકલહંસનો સ્વર અસહ્ય લાગવાથી આગળ ચાલી, નૂપુર તત્કાલ ઉતારી મુકી, દુર્બલતા જાણે સારી દેખાતી હોય[1] તેમ તેથી આનંદ પામેછે. વલય રચી રચીને મ્લાનિ પમાડેલાં મૃણાલને લીધે જાણે કોપાયમાન થયાં હોય તેમ ગૃહ-સરોવરનાં ચક્રવાક-મિથુન એમને પોતાની ચીસોથી ખેદ પમાડેછે.[2] શય્યા-વિલાસમાં ચગદી નાંખેલાં કુસુમને લીધે જાણે રોષે ભરાઈને પ્રમદવનના મધુકર પોતાના ગુંજારથી એમને ઉદ્વેગ પમાડે છે. પ્રબલ ઉત્કંઠા સમયના ગીતથી કોયલના સ્વરને હઠાવી દીધેલો માટે જાણે ક્રોધ પામી તેમનાં ટોળાં. આંગણામાંના આમ્ર વૃક્ષ ઉપર કલકલ કરીને એમને આકુલ વ્યાકુલ કરી દેછે. મદન-વેદનાથી શ્વેત થઈ ગયેલા ગાલવડે તેમના ગર્ભપત્રની કાન્તિનો પરિભવ કરેલો માટે વાડીની કેતકીઓએ કાંટાથી વિંધી નાંખ્યાં હોય તેમ પીડા ભોગવેછે.—આવી આવી મદનની દુઃખદાયક ચેષ્ટાઓમાં એમનો આખો દિવસ જાયછે.

ચંદ્રોદય-સમયે એમનું ધૈર્ય જાણે તિમિરમય હોય તેમ નાશ પામે છે; હૃદય જાણે કમલમય હોય તેમ ખેદ પામેછે; મદન જાણે કુમુદમય હોય તેમ વિકાસ પામેછે; લોચન જાણે ચંદ્રકાન્તમય હોય તેમ દ્રવ પામેછે; નિશ્વાસ જાણે સમુદ્ર-જલમય હોય તેમ વૃદ્ધિ પામેછે; અને મનોરથ જાણે ચક્રવાકમય હોય તેમ વિશ્લેષ પામેછે!! શીત-જ્વરથી પીડાતાં હોય તેમ એ મણિભૂમિમાં પડેલા ચંદ્ર-પ્રતિબિંબ ઉપર વેપથુથી[3] કંપતી અંગુલિયોવાળા પોતાના હાથ પ્રસારીને શશિ-સંતાપને વગર બોલ્યે કહેછે. સીત્કારમાં દેખાતા દંત-કિરણના વ્યાજમાં, મદન-શરથી જર્જરિત થયેલા હૃદયમાં પેઠેલા ચંદ્ર-કિરણને જાણે વમેછે. વેપથુમાં, કદલી-પત્ર રૂપી વ્યજનના કંપનો જાણે ઉપદેશ ગ્રહણ કરેછે. બગાસુ

સ્વાભાવિક રીતે ઢંકાઈ ગયેલી પણ તેનું કારણ એમ કલ્પેછે કે જાણે કા૦ વખતે ફાંસો પણ ખાય માટે તેવી પાશ તેની દૃષ્ટિયે પડવી ન જોઈયે.

૧. "સારી બુદ્ધિ હોય" એમ એક ટીકાકાર અર્થ કરેછે. ૨. કા૦ કામાતુર માટે તેને ચક્રવાકની તેવી ચીસોથી ખેદ થાય. પણ કવિ તેનું કારણ અન્ય કલ્પેછેઃ–મૃણાલ એ ચક્રવાકનો આહાર; તેમને કા૦નાં વલય કરવા સારૂ આણેલાં, ને તે કામજ્વરથી સુકાઈ ગયેલાં માટે પોતાના આહારની વસ્તુ બગાડનાર કા૦ છે એવા જાણે વિચારથી તેઓ ચીસો પાડી પાડીને એને ખેદ પમાડતાં! આમ હવે પછીનાં વાક્યોમાં પણ સમજવું.

૩ વેપથુ–ધ્રુજારો–એ એક સાત્વિક ભાવ છે.

ખાતાં, કંઠે આવેલા પ્રાણને બ્હાર જવાનો માર્ગ જાણે બતાવેછે. ગોત્ર-સ્ખલન થવાથી ઉત્પન્ન થતા વિલક્ષ-સ્મિતમાં, હૃદયમાં પડેલાં મદન-શરની પુષ્પ-રજનું જાણે વમન કરેછે! રોતાં રોતાં, મ્હોટાં મ્હોટાં આંસુની ધારા પડવાથી એ જાણે ઓગળી જાયછે. ચંદ્ર-મણિનાં દર્પણમાં પડેલાં અનેક પ્રતિબિંબના આકારમાં એ જાણે સહસ્રધા વિભક્ત થઈ જાયછે! કુસુમ-શયન ઉપર, પરિમલથી લોભાઇને આવેલા ભ્રમરો ભરાવાથી એ જાણે ધૂમાય છે! નિર્મલ કમલ-શય્યા ઉપર કમલ-તંતુઓના પરાગથી પીળાં પીળાં બની જઈને જાણે બળતાં હોય એમ ભાસેછે! સ્વેદના પ્રતીકારને અર્થે ચોપડેલી, સ્વચ્છ કર્પૂરના ભૂકાની રજથી ધવલ થયાથી જાણે ભસ્મ રૂપ બની જાયછે! કોણ જાણે મુગ્ધતાથી, કોણ જાણે વિલાસથી કે કોણ જાણે ઉન્માદથી, સંગીતમાં મૃદંગ-ધ્વનિ સાંભળીને, કેકા-રવ કરશે એવી શંકાથી એ, ધારાગૃહના મરકત-મણિમય મયૂરનાં મુખ ઢાંકી દેછે! સંધ્યા-સમયે વિયોગ થશે એવી બ્હીકથી, ભીંતે ચિત્રેલાં ચક્રવાક-મિથુનને મૃણાલ-સૂત્રથી સંયુક્ત કરી દેછે! કલ્પિત રતિ-ક્રીડાના આરંભમાં કર્ણ-કમલ વડે મણિ-પ્રદીપોને તાડન કરેછે! ઉત્કંઠાના લેખમાં, સંકલ્પ-સમાગમનાં અભિજ્ઞાન લખેછે; અને દૂતીઓ સાથે સ્વપ્ન-સમયના અપરાધને સારૂ ઉપાલંભ કહાવેછે!!

વળી દક્ષિણ પવનની સાથે, ચંદનની સુગંધ જેવી એમને મૂર્છા આવેછે; નિશાની સાથે ચક્રવાકના શાપ જેવો જાગરણનો ત્રાસ આવી નડેછે;[1] વલભી ઉપરનાં કપોતના સ્વર સાથે તેમના પ્રતિશબ્દ જેવાં દુઃખ ઉત્પન્ન થાયછે; અને વાડીનાં પુષ્પની સુવાસ સાથે ભ્રમર જેવો મરણા-ભિલાષ આવેછે. તેમજ એ જલ-કણિકાની પેઠે કમલ-પત્ર ઉપર રહે રહે કંપેછે.[2] સ્ફટિકના પથ્થરમાં, જલમાં, મણિ-દર્પણમાં તથા મણિભૂમિમાં પ્રતિચ્છાયા જેવાં એ દેખાયછે. કમલિનીની પેઠે ચંદ્ર-કિરણના સ્પર્શથી મ્લાનિ પામેછે. હંસીની પેઠે સરસ મૃણાલિકાના [આ] હારથી જીવેછે.[3] શરદ્‌ની સમાન કુમુદ, કુવલય તથા કમલના સંપર્કથી મનોહર ગંધ[વહ]

---

૧. અર્થ એ કે દક્ષિણ પવનની સાથે ચંદનની સુગંધ આવે તેમજ તે પવનથી કા૦ને (કામવૃદ્ધિ થઈને) મૂર્છા આવે. નિશા થઈ એટલે ચક્રવાકને (વિયોગનો) શાપ નડે અને કા૦ને જાગરણનો ત્રાસ—નિદ્રા નહિ આવે એવી બ્હીક—નડે. આમ આગળ પણ સમજવું. ૨. જલ-કણિકા કમલ-પત્ર ઉપર હોય ને કા૦ કમલપત્રની શય્યા ઉપર. ૩. હંસીને મૃણાલિ-

આપેછે તથા સકુસુમ-બાણ વિજૃંભણ કરેછે.[1] ચંદ્રમૂર્તિની પેઠ કમલ-સમૂહમાં પાદ-પલ્લવ સ્ખલિત થવાથી ફરતાં ફરતાં નિશા નિર્ગમન કરેછે. કુમુદિનીની પેઠ ચંદ્ર-કિરણથી જાગૃત રહીને અસત્ય નિદ્રામાં દિવસ કાઢેછે. વિષ્ણુની જલ-શયન-લીલાના જેવાં એ મંદ ઉચ્છ્વાસ [કરતા] શેષ સહિત, નયન મીચી દઈને કંઈક ચિન્તન કરેછે.[2] મલય-સરિત્‌ની પેઠ એ હરિચંદન વૃક્ષનાં સરસ કિસલયથી ઢંકાયલા શિલાતલ ઉપર પડેછે. કુંદ-કલિની સમાન, તુષારથી ભીનાં થયેલાં પલ્લવમાં રહીને વનપવનથી એ કંપેછે.[3] અસહ્ય સંતાપથી ભુજંગીની પ્રમાણે ચંદનને આલિંગન દઈને, મયૂર-વૃંદના કોલાહલથી એ ખેદ પામેછે.[4] હરિણીની પેઠ કેસરિ-વનને પરિહરેછે.[5] કુસુમ[ઉપર]ના શિલીમુખ થકી મનોહર લાગતા, મદનધનુષ્‌ જેવા પ્રમદવનથી એ ત્રાસ પામેછે.[6] જાનકીની પેઠ, નિશાચર જેવા પીત-રક્ત ચંપક અને અશોકથી ભય પામેછે.[7] ઉષાની પેઠ સ્વપ્ન-સમાગમથી પણ પોતાને કૃતાર્થ માનેછે. ગ્રીષ્મ-સમયની નિશા-લક્ષ્મીની સમાન દિવસે દિવસે એ અતિક્ષીણ થતાં જાયછે.[8]—સર્વથા, મદન-વેદના-એ કરીને એમનાં અંગ, દિવસે કરીને જીવિત-ધારણ કરનારી વસ્તુઓ, વલય-રચનાએ કરીને ગૃહ-કમલિનીનાં મૃણાલ, ઉપદેશે કરીને સખી-વચન, શય્યા-રચનાથી કરીને વાડીમાંનાં પુષ્પ, અને અહર્નિશ પ્રહાર કરી

કાનો આહાર—ખોરાક; કા૦ને તેનો હાર—પેહેરવાનો. ૧. શરદ્‌માં પુષ્પની સુવાસથી મનોહર ગંધવહ—પવન—આવે; કા૦ની પાસેથી તેવાં પુષ્પની સુગંધ આવે. શરદ્‌ 'સકુસુમ-બાણ' હોય એટલે તેમાં 'બાણ'નામના છોડ સકુસુમ—પુષ્પિત—હોય અને તે વિજૃંભણ કરે—વિકાસ કરે (તરુવરાદિકને.) કા૦ સ-કુસુમબાણ=પુષ્પ-બાણ સહિત=મદન અથવા તેનાં બાણ સહિત હતી—તેનામાં તેમનો વાસ હતો; અને તે વિજૃંભણ કરતી=બગાસાં ખાતી. (કામી જનનું આ એક ચિન્હ ગણાયછે). ૨. વિષ્ણુ 'શેષશાયી' કહેવાયછે—શેષ નાગ ઉપર સુવેછે માટે તે નાગ મંદ મંદ ઉચ્છ્વાસ કરે—શ્વાસ લે. કા૦ને કામજ્વર એટલો વ્યાપેલો કે તેનો જીવ માત્ર ઉચ્છ્વાસ-શેષ રહેલો—શ્વાસ ચાલે તેથીજ વર્તાય એવો હતો. • ૩. કળિ પલ્લવમાં રહે અને કા૦તે પલ્લવના શયનમાં. ૪. સંતાપ=(સૂર્યનો) તાપ; પીડા. ચંદન=તે નામનું વૃક્ષ; તેનો રસ. ૫. કેસરિ-વન=જેમાં કેસરિ—સિંહ—રહે તે વન; કેસર—નાગકેસર—થી ભરેલું વન. ૬. મદન-ધનુષ્‌ને કુસુમનાં શિલીમુખ—બાણ—હોય; વનમાં કુસુમ ઉપર શિલીમુખ—ભ્રમર—બેસે. ૭. પીત-રક્ત=પીધું છે રક્ત—લોહી—જેમણે એવા નિશાચર; ચંપક અને અશોકમાં પહેલું પીત—પીળું, અને બીજું રક્ત—રાતું. ૮. ઉનાળામાં રાત ક્ષીણ—ટુંકી—

કરીને કામદેવનાં બાણ—નિઃશેષ ક્ષીણ થઈ ગયાંછે.[1] વધારે શું કહું?—હવે તો તમારે નામે એ સર્વ સખીજનને બોલાવેછે; તમારા સંબંધી ત્યાં સર્વ રહસ્ય ચાલેછે; તમારા સમાગમના ઉપાય શોધવા સારૂ સર્વ સમવાય થાયછે; તમારી વાર્તા મેળવવા સારૂ સર્વ પ્રશ્ન થાયછે; તમારોજ વૃત્તાન્ત પરિજન કહ્યાં કરેછે; તમારા આલાપથી સર્વ વિનોદ થાયછે; તમારા આકારનોજ ચિત્ર-કલાભ્યાસ ચાલેછે; તમારા ઉપાલંભથી સર્વ માગધી મંગલગીત ભરેલાં હોયછે; તમારા દર્શનને અર્થે પુનરુક્ત સ્વપ્ન આવેછે; તમારા પરિહાસમય, સર્વ મદન-જ્વર-દાહના વિપ્રલાપ પ્રવર્તેછે; તમારા નામગ્રહણ રૂપી એકજ ઉપાયથી મટી શકે એવી મહા ભયંકર મૂર્છા થાયછે........

એવું કેયૂરક કહેતો હતો તેવામાં,—રહેવા દે, હવે મ્હારાથી વધારે સંભળાશે નહિ—એમ જાણે નયન મીચવાથી સંજ્ઞા આપતી હોય એવી, કાદમ્બરીની વ્યથા શ્રવણ કરવાથી થયેલી વેદનાને લીધે ઉપજેલી અનુકમ્પા થકી ચંદ્રાપીડને આવતી મૂર્છાએ, તેને વારી રાખ્યો—પણ અવસ્થા નિવેદન કરવાની સમાપ્તિયે નહિ!![2]

આ પ્રમાણે, કાદમ્બરીનુંજ જાણે ધ્યાન કરતો હોય તેમ નયન મીચી ચંદ્રાપીડ મૂર્છામાં પડ્યો એટલે ગભરાટમાં તેનું શરીર કેયૂરકે (પોતાના ખોળામાં) લીધું, પત્રલેખા પંખો નાંખવા લાગી, અને એ બંનેએ તથા ભવિષ્ય વૃત્તાન્તનો અનુભવ આપવામાં તત્પર નિયતિયે તેને શુદ્ધિમાં આણ્યો. જાગૃત થયા પછી તે, પોતે[3] કરેલી પીડાના અપરાધને લીધે જાણે ભયભીત હોય, લજ્જિત હોય કે વિલક્ષ બની ગયો હોય તેમ ગુપચુપ ઉભેલા કેયૂરકને, ભરાઈ આવતાં આંસુથી ગદ્ગદ કંઠે ભાગ્યા તુટ્યા અક્ષરમાં મહાકષ્ટથી કહેવા લાગ્યો કેઃ-કેયૂરક! મ્હારા પુનરાગમનનો સંભવ દૂર કરી, મને કેવો અતિ કઠિન અંતઃકરણનો તથા પોતાના ઉપર પ્રેમ વિનાનોજ ગણીને દેવી કાદમ્બરીએ તને આવવાની આજ્ઞા આપી નથી, મહાશ્વેતાએ કંઈ સંદેશો મોકલ્યો નથી, અને સંબંધ ત્યજી દઈને મદલેખાએ ત્હારે મ્હોંએ મને કંઈ ઉપાલંભ કહાવ્યો નથી એ સર્વ મને પત્રલેખાએ જણાવ્યું છે.-એટલુંજ કે દેવી કાદમ્બરી કુલીનતાને લીધે, મહાનુભાવત્વને લીધે, ઉદારતાને લીધે, સમાન-શીલતાને લીધે, દક્ષિણતાને લીધે, તથા

થતી જાય; કા૦ દુર્બલ થતી હતી. ૧. અલંકાર દીપક છે. ૨. કવિનો ભાવાર્થ એવો લાગેછે કે આ મૂર્છાથી કરીને કેયૂરકને વૃત્તાન્ત કહેતાં બંધ રહેવું પડ્યું; નહિ તો કોણ જાણે કેટલુંએ એણે લંબાણ કર્યું હોત!! ૩. કેયૂરકે.

સ્વભાવની અતિ મધુરતાને લીધે પોતે પોતાને કળી શકતાં નથી. ચંદ્રમૂર્તિના દર્શનથી, ચંદ્રકાન્ત નામનો નિશ્ચેતન પાષાણ-ખંડ આર્દ્રભાવજ પામી શકે, તેના કરનું આકર્ષણ કરી શકે નહિ. મધુકર સર્વદા પક્ષપાતી છતાં પણ અભિગમનજ કરી શકે; પુષ્પ-રસનો લાભ તો તેને કળિના વિકસિત થવાથીજ મળે. દિવસના સંતાપથી મ્લાનિ પામેલો કુમુદ-સમૂહ ઉન્મુખ થઈ રહે; પરંતુ તેનો વિકાસ તો ચંદ્રિકાથકી મનોહર લાગતી રજનીજ કરે. અંતર્માં સરસતા ઘણીએ હોય તોપણ વસંત-લક્ષ્મીના પરિગ્રહ વિના વૃક્ષ પલ્લવની રતાશ શી રીતે દર્શાવી શકે?[1]—માટે દેવી કાદમ્બરીનીજ આજ્ઞાનો અહીં અપરાધ છે, કેમકે માત્ર અધરુ-સ્પંદનીજ વાટ જોનાર દાસજન પાસે ઉભેલા છતાં એણે[2] નિષ્કરુણતાથી નહિ પ્રવર્તીને, સુખની શત્રુ, માત્ર દુઃખદાનમાંજ નિપુણ, પર હૃદયની પીડા ન ગણનારી લજ્જાની અપેક્ષા કરી પણ જીવિતને સંદેહમાં નાંખનારી દેવીની અવસ્થા જોઈ નહિ! અથવા દેવીના પરિજનનો પણ આ કેવો વ્યામોહ કે તેમણે તેની ઇચ્છા ઉપરાંત પણ બલાત્કારે તેને પ્રવર્તાવી નહિ? ચરણ-તલે બંધાયેલા દાસજનની લજ્જા કેવી? ગૌરવ કેવું? અનુરોધ કેવો? વળી ચિત્તનો આ અવિશ્વાસ કેવો કે શિરીષ પુષ્પ જેવા કોમલ પોતાના આત્માને આવી અતિદારુણ પીડા આપી પણ મ્હારો મનોરથ કૃતાર્થ કર્યો નહિ?—પણ અંતર્ધાન લલનાઓમાં ક્રમાગત હોય છે, ને તેમાં વિશેષે કરીને કન્યાઓમાં, જેમણે બાલભાવ નિઃશેષ ત્યજ્યો ન હોય અને જેમનામાં મુગ્ધ મદન બહુ પ્રદીપ્ત થયો ન હોય. દેવીએ પોતે તો મ્હારી સાથે લજ્જા મુકી(ને વાત કરી) નહિ, પણ મદલેખા તો એમનું બીજું હૃદય છે ને એણે કેમ આ દુરાત્મા સ્વયંભૂ કામદેવ[3]—જે, સંયમ રૂપી અહાર્ય ધન વાળા મુનિયોનાં પણ, રક્ષણ કરી શકાય નહિ એવી રીતે હૃદય હરનાર, અનિગ્રાહ્ય ચોર છે; પવિત્ર જન પણ જેના સ્પર્શને દૂર કરી શકતા નથી એવો અબહિષ્કાર્ય ચંડાલ છે; અસંખ્ય પ્રાણિયોને ભસ્મમય કરનાર, ઓલવાય નહિ એવો સ્મશાનાગ્નિ

---

૧ આ વાક્યોમાં ચંદ્રમૂર્તિ આદિ સ્ત્રીલિંગ વાચક શબ્દો કાદમ્બરીના ઉપમાન તરીકે, અને ચંદ્રકાન્ત આદિ પુંલિંગ વાચક શબ્દો ચંદ્રાપીડના ઉપમાન તરીકે ગણવા. ૨. એ આજ્ઞાએ.

૩ અહીંથી કામદેવનાં વિશેષણ શરૂ થાયછે, અને "કામદેવ"નો સંબંધ નીચે આવતા "તેનાથી પીડા પામતા વિ૦" શબ્દો સાથે લેવો જોઈએ.

છે; સર્વ દોષથી ભરેલો અશરીર-વ્યાધિ છે; રૂપનું હરણ કરનાર અસત્ વ્યાધ છે; મર્મ ભેદનાર અલીક ધનુર્ધર છે;[1] તત્કાલ પ્રાણ હરનાર અકાલ મૃત્યુ છે; સ્થાનાસ્થાન જોયા વિના પ્રવર્તનાર છે; પરાપકારથી જે કૃતાર્થ થાયછે; હૃદયમાં વસેછે અને પરાયાનો વિશ્વાસ કરતો નથી—તેનાથી પીડા પામતા દેવીના શરીરની અપેક્ષા રાખી નહિ? હું ત્યાં હતો ત્યારેજ કેમ મ્હારે કાને એ વાત નાંખી નહિ? હવે જાણીને પણ શું કરૂં? જતે જતે દિવસ ઘણા થાય એમ છે. દેવીનું શરીર, મલયાચલનો પવન લાગવાથી લતામાંથી પડતા પુષ્પને પણ સહન કરી શકે એવું નથી, અને કામબાણ વજ્ર જેવા કઠિન હૃદય વાળાને પણ દુ:સહ છે (તો પછી દેવીની શી વાત?) નિમેષ માત્રમાં શું થશે તે કળાતું નથી. દેવીને પણ કદાચિત્ આ દુ:ખ સહન કરવાનું લખેલુંજ હશે!—વળી, દુ:ખદાનમાંજ નિપુણ, દુર્ઘટ ઘટના રચવામાં પંડિત, યત્કિંચન કરનાર, નિષ્કારણ કુપિત હત વિધિનો જેમ જેમ હું સર્વ પાસથી અસ્થિર સમારંભ જોઉંછું તેમ તેમ મને લાગેછે કે આટલેથીજ એ બંધ રહેશે નહિ. નહિ તો, ક્યાં મ્હારૂં નિષ્પ્રયોજન કિન્નર-મિથુનની પાછળ પડતાં પડતાં અમાનુષ-ભૂમિમાં આવવું! ક્યાં ત્યાં તૃષા લાગવી અને અચ્છોદનું દર્શન થવું! તેને તીરે વિશ્રાન્ત થતાં ક્યાં એ અમાનુષ-ગીત-ધ્વનિનું શ્રવણ થવું! તેની જિજ્ઞાસાએ જતાં જતાં ક્યાં મહાશ્વેતાનો મેળાપ થવો! તરલિકા સાથે તે સ્થલે ત્હારા આવવાથી ક્યાં મ્હારા ગમનનો પ્રસંગ નીકળવો! ક્યાં મ્હારૂં મહાશ્વેતા સાથે હેમકૂટ જવું! ક્યાં દેવી કાદમ્બરીના વદનનું ત્યાં દર્શન થવું! ક્યાં આ શરીર ઉપર દેવીના અનુરાગની ઉત્પત્તિ થવી! ને અપરિપૂર્ણ મનોરથે ચાલી આવવાની ક્યાં મ્હારા પિતાની અનુલ્લંઘનીય આજ્ઞા મળવી!—માટે આ અયુક્ત કાર્ય કરનાર, અમારા કર્મ-ખલની આજ્ઞાને અનુસરવામાં ચતુર, દગ્ધ વિધિયે અતિ દૂર લઈ જઈને અમને ખરેખર પાડ્યાછે, તો પણ દેવીની સંભાવના કરવાને અમે પ્રયત્ન કરીશું.

ચંદ્રાપીડ આમ બોલતો હતો તેવામાંજ—આ કાદમ્બરી-વૃત્તાન્ત-થીજ આ અતિશય સંતાપ પામ્યોછે તો વળી મ્હારા તેજથી શું કરવા મ્હારે એને સંતાપવો જોઈયે?—એમ જાણે દયા ઉપજ્યાથી ભગવાન્ સૂર્ય

---

૧. ખરેખરા વ્યાધ હોય તે માંસનું હરણ કરે, પણ આ તો રૂપનું માટે 'અસત્'. અલીક=અસત્ય.

દેવે તમ કનકના દ્રવના કણ જેવો પીળો પ્રકાશ મારતા, દિશાઓમાં પથરાયલા શંભુના જટા-મંડલ જેવા પોતાના હજારો કિરણને સંકોચી લીધા. સૂર્યાસ્ત થયો એટલે દિવસ પણ ઉંચાં ઉંચાં વૃક્ષશિખર ઉપર રહેલા રક્ત આતપચ્છેદને[1] આકર્ષતો આકર્ષતો જતો રહ્યો. પછી અનુક્રમે, દયા ઉપજી હોય એમ સંધ્યા પણ જ્યારે ભીના વસ્ત્ર જેવું પોતાનું રાગ-પટલ[2] (તેના) ઉપર પ્રસારી દેવા લાગી; શૂન્યતાથી વિકલવ બની ગયેલા (આ કુમાર) નું આમ દર્શન ન થાય તો ઠીક—એમ જાણે આપ્ત મિત્રની સમાન ધારીને નિશાગમ[3] પણ જ્યારે ગળીવાળા લટકતા વસ્ત્રની સમાન તિમિર-લેખાને સર્વત્ર ભ્રમણ કરાવવા લાગ્યો; શોષકારી સંતાપ દુઃસહ હોવાથી શય્યા-રચનામાં પોતાનો ઉપયોગ થશે એવી જાણે બ્હીકથી કમલ પણ જ્યારે મીચાવા લાગ્યાં; સ્વભાવે સ્વચ્છ હોવાથી અતિ આર્દ્ર કુમુદ પણ શયન-સંપાદન કરવાની જાણે હોંસાતુશીથી જ્યારે પ્રફુલ્લ થવા લાગ્યાં; પ્રિયા-વિરહથી ખેદ પામતાં ચક્રવાક પણ જ્યારે કાદમ્બરીની સમીપ જવાનો જાણે ઉપદેશ આપતાં હોય તેમ મધુર, કરુણ અને ઉંચા સ્વરથી વારંવાર ચીસો પાડવા લાગ્યાં; સમસ્ત ભુવનનું એક છત્ર—અમૃતથી ભરેલો રૂપાનો કલશ—પૂર્વ દિગ્વધૂના વદન ઉપરનું ચંદન-તિલક[4]—ગગન-લક્ષ્મીના લાવણ્યનું મહાસરોવર—સકલ લોકને આલ્હાદકારી ભગવાન્ ચંદ્ર પણ જ્યારે અમૃતમય કરથી (ચંદ્રાપીડને) જાણે સ્પર્શ કરવાને તથા આશ્વાસન કરવા સારૂ ચંદ્રિકા રૂપી જલ છાંટવાને ઉદય-ગિરિના શિખર ઉપર ચઢી ગયો, અને પ્રદોષ-સમય જ્યારે પ્રૌઢ થયો, ત્યારે એજ વક્ષભોદ્યાનમાં ચંદ્ર-પ્રકાશના સ્પર્શ થકી દેખાતાં સ્વચ્છ જલબિંદુઓને લીધે રમણીય લાગતા એક ચંદ્રમણિ-શિલાતલ ઉપર અંગ નાંખીને ચંદ્રાપીડ ચરણ ચાંપવા આવેલા કેયૂરકને કહેવા લાગ્યોઃ—કેયૂરક! તું શું ધારેછે? અમે આવિયે ત્યાં સુધી દેવી કાદમ્બરી પ્રાણ ધારણ કરી શકશે? મદલેખા એમને વિનોદ કરાવી શકશે? એમને આશ્વાસન કરવા

---

૧. આતપ-તાપ, તેના છેદ-કડકા. ૨. રાગ-સંધ્યા-પ્રકાશ, તે રૂપી પટલ-ઢાંકણ. ૩. નિશાનો આગમ-આવવું (Night-fall).

૪. જુઓ વિક્રમચરિત પૃ. ૯૭ શ્લો. ૩૫—पूर्वदिक्तिलकबिन्दुरिवेन्दुः। અને પૃ. ૧૦૧ શ્લો. ૭૮—

सोऽयं निमज्जति जगन्नयनाभिरामः।
श्यामावधूवदनचंदनबिन्दुरिन्दुः॥

સારૂ મહાશ્વેતા આવશે? મ્હારા પરિચયથી ઉદ્વેગ પામતાં એ, શરીર-સ્થિતિને અર્થે તેઓની વિનતિ કબુલ કરશે? અને હું એમનું હસતું, ચંચલ કીકીવાળું તથા ત્રાસ પામેલા હરિણના બચ્ચાના જેવાં દીર્ઘ લોચન વાળું મુખ[1] પુનરપિ જોઈ શકીશ?

કેયૂરકે કહ્યું:—મહારાજ! ધૈર્ય રાખીને અહીંથી નીકળવાનો પ્રયત્ન કરો. પાસેના સખીજન વા પરિજનનું શું કામ છે? એમને તો આપના દર્શનની ઈચ્છાજ સ્વેચ્છાએ આંખ મીચવા પણ દેતી નથી. સમાગમની આશાએજ હૃદયને ધૈર્ય આપ્યું છે. શ્વાસજ મુખે રહેલો છે. રોમાઞ્ચજ એમના શરીરને ક્ષણ પણ મુકતો નથી. અશ્રુપાતજ અહર્નિશ લોચન પાસે ઉભો રહેછે. જાગરણજ રાત્રે પણ લક્ષ આપ્યાં કરેછે. અરતિજ[2] એમને એકલાં રહેવા દેતી નથી. અને જીવિતજ કંઠસ્થાન પાસેથી ખસતું નથી.[3]

કેયૂરક આમ કહેતો હતો તેવામાં રાજપુત્રે તેને વિશ્રામ લેવાનું કહ્યું, અને પોતે પણ ગમન-ચિન્તામાં પ્રવેશ કર્યો:—જો હું પિતા માતાને કહ્યા વિના, તેમને ચરણે પડ્યા વિના, તેમનાથી મસ્તકે ચુંબિત થયા વિના, તેમની આશિષ્ લીધા વિના, સહસા તેમની આજ્ઞા વગરજ ચાલી નીસરૂં તો ગયા છતાં પણ ક્યાંથી મને સુખ મળે? શું મ્હારૂં શ્રેયસ્ થાય? કેમ કરીને ફલનો લાભ થાય? ને કેવી હૃદય-નિર્વૃતિ મળે?—અથવા આ ઉત્તર કાળની ચિન્તા તો જવા દઈયે, પણ હું અહીંથી ચાલી નીસરૂં એ શી રીતે? દુસ્તર યુદ્ધાર્ણવ તરવાના સેતુબંધ—યોગ્ય વાઞ્છિત ફલનું દાન કરનાર કલ્પ વૃક્ષ—શત્રુ-પરાક્રમના યશને નીકળવાના દ્વારના અર્ગલ-દંડ—અશેષ ભુવનને ઉચકી રાખનાર સ્તંભ—નિજ ભુજ—ઉપરથી ઉતારીને પિતાએ સર્વ રાજ્યભાર મ્હારે માથેજ નાંખેલોછે. માટે જો હું કહ્યા વિના એક પગલું પણ ભરૂં તો, અસંખ્ય ગજ, અશ્વ અને રથના ગમનથી ધરણીને ક્ષોભ પમાડતા, ફરફરતી ધ્વજાઓના વનથી સૂર્ય-કિરણને આકુલ કરી મુકતા, ઉંચાં ધરેલાં શ્વેત છત્રમંડલની છાયાથી દિવસના

---

૧. જુઓ ઉત્તરરામચરિત અંક ત્રીજો:—त्रस्तैकहायनकुरंगविलोलदृष्टेः વિ૦. ૨. રતિ=સુખ, તેનો અભાવ. ૩. "અમે આવિયે વિ૦" શબ્દોમાં પૂછેલા ચંદ્રાપીડના પ્રશ્નના ઉત્તરમાં કેયૂરક કહેછે કે બાહ્ય પરિજનની જરૂર નથી. દર્શનની ઈચ્છા, સમાગમની આશા વિ૦, પરિજનનુંજ કામ સારેછે!!

પ્રસરમાં અંતરાય લાવતા, અતિશય ઉડતી ધૂળ વડે પૃથ્વીની ગુફાઓને નિરંતર પૂરી નાંખતા, આગળ દોડતા વેગી અશ્વોવાળા, તથા જોડે જોડે આવતા ગજમય સૈન્યવાળા રાજાઓ થાકી ગયા છતાં ને ભૂખ્યા છતાંએ ગતિમાં વિલંબ ન કરતાં સમુદ્ર પર્યંત આઠે દિશાઓમાંથી અવશ્ય મ્હારી પાછળ દોડી આવે. સેવા કરવાને તત્પર રાજાઓ તો રહ્યા પણ સુખ ભોગવનારી પ્રજાઓ પણ પિતૃ-સ્નેહથી સ્ત્રીપુત્ર ત્યજીને મ્હારી પછવાડે લાગે એમ મને ભાસે છે. વળી તાતને પણ કોણ બીજો એવો છે કે જેના ઉપર મ્હારો સ્નેહ[૧] આણીને, મ્હારા ગયા પછી,—એ ગયો તોએ શું ને ન ગયો તોએ શું?—એમ મ્હારા અવિનયને લીધે કોપાયમાન થઈ, આધાર રાખીને રહે? બીજા કોનું મુખ જોઈને હૃદયમાં સુખ પામી, મને પાછો આણવા સારૂ શોકમય પ્રલાપ કરી, તાતનેજ માતા આકુલ વ્યાકુલ ન કરે? વળી પિતા જો પછવાડે આવ્યા તો તો અરાઢ દ્વીપની માલા વાળી પૃથ્વીજ પછવાડે આવવાની. તે વખતે મ્હારે ક્યાં જવું? ક્યાં રહેવું? ક્યાં વિશ્રામ લેવો? ક્યાં ચાલવું? ક્યાં ભોજન કરવું? ક્યાં દોડી જવું? ક્યાં સંતાઈ જવું? અને પકડાયો તો શું મ્હોં દેખાડવું? પૂછે તો શો ઉત્તર આપવો? વળી ધારો કે કદાચિત્ દૈવયોગે કેમે કરીને હું નીસરી ગયો, તો પણ અખેદનીય તાતને એવી રીતે મ્હોટા શ્રમમાં, અને તાતના પ્રસાદથી જેણે કદી દુઃખ જોયું નથી એવી માતાને મ્હારા નાસી જવાથી ઉત્પન્ન થતા શોક-સાગરમાં નાંખવાં એ મેં પાપીએ શું કર્યું કહેવાય?—બહુ દિવસના પ્રવાસથી ખિન્ન થયેલું મ્હારૂં સૈન્ય પણ હજીયે નથી આવી પહોચતું કે બીજી કોઈ યુક્તિ કરી અર્ધે રસ્તેથીજ પાછા વળી ફરીથી દોડી જવાય!–પિતા માતાને કહીને તેમની આજ્ઞા લઈ ઉત્તમ પ્રકારે જવાનું ધારૂં તો તેમાં પણ મ્હારે કહેવું શું?–મ્હારા સ્નેહથી દુઃખ પામતી ગંધર્વ-રાજપુત્રી કાદમ્બરી મ્હારે લીધે કામદેવની પીડા ભોગવતી અતિ કષ્ટદાયક અવસ્થામાં છે એમ કહેવું? કે મ્હારો એના ઉપર પ્રેમ બલવાન્ છે અને એના વિના હું પ્રાણ ધારણ કરી શકતો નથી એમ કહેવું? કે એના અને મ્હારા બંનેના જીવિત-નિબંધનની હેતુભૂત મહાશ્વેતાએ એને પરણવાનો મને સંદેશો કહાવ્યો છે એમ કહેવું? કે એનું દુઃખ સહન કરવાને અશક્ત હોવાથી આ કેયૂરક એના ઉપરની ભક્તિને લીધે મને તેડવા આવ્યો છે એમ કહેવું?–ફરીથી બ્હાર નીકળવા સારૂ બીજું કોઈ પણ બ્હાનું કાઢીજ શકાય તેમ નથી.

---

૧. મ્હારા ઉપર પોતાનો સ્નેહ છે તે.

હમણાંજ હું આખી પૃથ્વી જીતીને ત્રણ વર્ષ કરતાં વધારે વખત પછી પાછો આવ્યો છું: અદ્યાપિ મ્હારૂં સૈન્યે નથી આવી પહોચ્યું. વળી જવાનું કારણ કહ્યા વિના હું અહીંથી છૂટો શી રીતે થઈ શકું? પિતા માતા કેમ મને જવા દે?—ત્યારે આ મિત્રથી સધાય એવા અર્થમાં, કષ્ટ પામતો હું એકલો શું કરૂં? વૈશમ્પાયન પણ મ્હારી પાસે નથી. હું કોને પૂછું? કોની સાથે આ વાત વિચારૂં? કોણ મને ઉપદેશ આપે? બીજો કોણ મને નિશ્ચય કરી આપે? બીજા કોની બુદ્ધિ વિવેકી છે? બીજા કોનું મેં સાંભળ્યુંછે વા સાંભળવા યોગ્ય છે? બીજા કોને (યથાર્થ) બોલતાં આવડે છે? બીજા કોનો મ્હારા ઉપર અસાધારણ સ્નેહ છે? બીજા કોની સાથે હું સમાન-દુઃખી થાઉં એમ છે? હું દુઃખી તો દુઃખી ને હું સુખી તો સુખી એવો બીજો કોણ છે? રહસ્ય નિવેદન કરવાનું સ્થાન બીજું મ્હારે કયું છે? બીજા કોના ઉપર કર્તવ્ય ભાર નાંખી હું નિર્વૃત થઈને રહું એમ છે? બીજો કોણ મ્હારા કાર્ય સારૂ આકુલ થાય એમ છે? અને મ્હારા ઉપર ક્રોધ પામેલાં માતા પિતાને સમજાવી બીજો કોણ મને લઈ જવાને સમર્થ છે?

આવા ને આવાજ વિચારમાં એની તે રાત દુઃખથી દીર્ઘ લાગવા છતાં પણ વીતી ગઈ; અને પ્રાતઃકાળમાંજ એણે વાત સાંભળી કે સૈન્ય દશપુર[1] સુધી પાછું આવી પહોચ્યુંછે. આ સાંભળી, પ્રફુલ્લ અંતઃકરણે પોતે વિચાર કરવા લાગ્યો:—અહો! હું ભાગ્યશાલી છું! ભગવાન્ વિધિનો હું અનુગ્રાહ્ય થયો કે ધ્યાન કરતામાંજે મ્હારૂં દ્વિતીય હૃદય વૈશમ્પાયન આવી પહોચ્યો!—આમ હર્ષથી એ પરવશ થયો હતો તેવામાં કેયૂરકને એણે પ્રવેશ કરતો જોયો; અને દૂરથીજ તેણે પ્રણામ કર્યો એટલે તેને કહેવા લાગ્યો કે:—કેયૂરક! હવે તો સિદ્ધિ કરતલમાં આવેલી ગણવી; વૈશમ્પાયન આવ્યો છે.

---

૧. દશપુર=ઉજ્જયિનીથી થોડે દૂર આવેલું એક શેહેર. જુઓ એચ. એચ. વિલ્સનની મેઘદૂત ઉપર ટીકા:—

" Das'apura, according to its etymology, should mean a district; that of the ten cities. It is said, however, by the commentators, to be the name of a city; and by one of them, Mallinàtha, to be that of the city of Rantideva; if he is correct, it may possibly be the modern Rintimpore or Rantampore; especially as that town, lying a little to the north of the Chumbal, and in the line from Oujein to Tahnesar, is consequently in the course of the Cloud's progress, and the probable position of Das'apura."

H. H. Wilson's notes to Meghadûta.

આ સાંભળી, ગમનમાં વિલંબ થશે એવી ચિન્તાથી શૂન્ય અંતઃ-કરણેજ તે—ઠીક થયું, મહારાજના હૃદયને મ્હોટી નિવૃત્તિ મળી—એમ કહેતા કહેતાજ પાસે જઈ, ચંદ્રાપીડની સમીપ બેસી, સંજ્ઞાથી સમસ્ત પરિજન ક્ષણ માત્રમાં દૂર કરવામાં આવ્યા એટલે વૈશમ્પાયનના આગમનની વાર્તાનાજ સંબંધમાં કહેવા લાગ્યોઃ–મહારાજ ! સર્વત્ર ઝબકતી વિદ્યુત્ જેમ મેઘાગમનને (સૂચવેછે), શ્યામ પડી ગયેલી મેઘલેખા જેમ જલાગમનને, શ્વેત કાન્તિ દર્શાવતી પૂર્વ દિશા જેમ ચંદ્રોદયને, પરિમલ-આણી મલય-પવનની આગતિ જેમ વસંત માસના અવતારને, મદનની ઉન્નતિ કરતી વસંત-લક્ષ્મી જેમ પલ્લવોદ્ગમને, પ્રકાશતા લાલ રંગ વાળી પલ્લવોત્પત્તિ જેમ કુસુમોદ્ભવને, તથા વિકસિત કાશ કુસુમની મંજરી જેમ શરદ્‌ના આરંભને તેમ આ અવસ્થાજ આપના નિઃસંશય ગમનને સૂચવેછે. મહારાજને અવશ્ય દેવીની પ્રાપ્તિ થશે.—ચંદ્રિકા વિનાનો ચંદ્ર, મૃણાલિકા વિનાનો કમલાકર, કે લતા વિનાનો ઉદ્યાન-ભાગ કોઇયે કોઈ વેળા જોયોછે? વળી ચૈત્રમાસ સર્વ જનને રમણીય છતાં પણ આમ્ર-કુસુમની મંજરીના પરિગ્રહ વિના નજ શોભે; તેમજ દાન-લેખાની લક્ષ્મી વિનાનું ગજપતિનું વદન (પણ). પરંતુ વૈશમ્પાયન આવી પ્હોચશે અને તેની સાથે આપ જવાની યુક્તિનો વિચાર કરશો એટલામાં અવશ્ય કેટલોક વિલંબ થશે, અને દેવીની અવસ્થા કેવી વિલંબ ન સહી શકે એવી છે તે મેં આપને નિવેદિત કીધેલુંજ છે. સર્વે જન આશાથી જીવી શકેછે, પરંતુ દેવીના હૃદયને તો આપનું પુનર્દર્શન થવાની આશા હવે જતીજ રહીછે તો તે કયા આશ્વાસનથી રહી શકે ? હું જે સમાચાર કહીશ તે સાંભળીને એમને એટલો વિચાર થશે કે-મ્હારા જીવિતનું કામ છે માટે દુઃખને પણ સહન કરતાં કરતાં લાવ હું એ ધારણ કરી રાખું.—આથી હું વિજ્ઞપ્તિ કરૂંછું કે અંતઃકરણ વડે તો આપ આગળ ગયેલાજ છો અને શરીરથી પણ (મ્હારે) પગલે પગલે આવશોજ, તો મ્હારે અહીં રહીને પણ હવે શું કરવાનું છે? માટે આપના આગમન રૂપી ઉત્સવના સમાચાર કહેવા સારૂ, પ્રણય-પ્રસાદજ દેખી રહેલું મ્હારૂં હૃદય હમણાંજ જવાની અનુજ્ઞા રૂપી પ્રસાદ મળવાની ઈચ્છા રાખેછે.

કેયૂરકની આવી વિજ્ઞપ્તિ સાંભળી,અંતર્‌ના સંતોષથી વિકસિત થયેલી, પ્રફુલ્લ નીલ કમલના સમૂહની માલા જેવી દૃષ્ટિથી પ્રસાદ દર્શાવી ચંદ્રાપીડે પ્રત્યુત્તર દીધો કેઃ–હું શું કહું ? બીજો કોણ આમ અમારાં દુઃખ નહિ સહી

શકીને પોતાની શરીર-શક્તિની (પણ) અપેક્ષા ન કરી (ત્હારા જેવો) ઉત્સાહ રાખે એમ છે? બીજો કોણ આવી રીતે દેશકાલ જાણેછે? અને બીજા કોની અમારા ઉપર આવી નિષ્કપટ ભક્તિ છે?—એ તેં ઠીક ધાર્યું છે; દેવીના પ્રાણ ધારણ કરી રાખવા સારૂ તું જા, અને મ્હારા આવવાની ખાત્રી કરાવવા સારૂ પત્રલેખા પણ આગળથી ત્હારીજ સાથે દેવીના ચરણ પાસે આવશે. આ પણ દેવીની પ્રસાદ-ભૂમિજ છે. હું ધારૂં છું કે આને પણ જોઇને દેવીને કેટલીક તો ધૃતિ અવશ્ય મળશે. વળી આને પણ દેવી ઉપર સ્નેહ અને ભક્તિ છેજ.—એટલું કહી,—કેમ ખરૂં કે નહિ?—એવું, પછવાડે બેઠલી પત્રલેખાને એણે પૂછ્યું. ત્યારે વદન જરા નીચું નમાવી એણે વિનતી કરી કેઃ—મહારાજ! આપની જે આજ્ઞા હોય તે સુખેથી કરો.—પછી એને જવાનો નિશ્ચય થયો એટલે મેઘનાદને બોલાવવા સારૂ એણે એક પ્રતીહારીને આજ્ઞા કરી; અને તરતજ તે આવીને દૂરથી પ્રણામ કરી આજ્ઞાની રાહ જોતો હતો તેવામાં પોતેજ તેને બોલાવી, કૃપા દર્શાવી, કહ્યું કેઃ-મેઘનાદ! જે સ્થલે મેં પૂર્વે તને પત્રલેખાને લાવવા સારૂ રાખ્યો હતો તે સ્થલ સુધી પત્ર-લેખાને લઇને તું કેયૂરકની સાથે આગળથી જા. હું પણ વૈશ-મ્પાયનને મળીને ત્હારે પગલે પગલેજ અશ્વો સાથે આવું છું.—આ સાંભળી, જેવી દેવની આજ્ઞા એમ કહી, નમસ્કાર કરી, ત્વરાથી જવાની તૈયારી કરવા સારૂ મેઘનાદ ગયો એટલે—મહારાજ! હવે શું કરવા વધારે વિલંબ કરવો જોઇયે-એમ કહી, મેઘનાદના ગયા પછી તરત ગમન-પ્રણામ કરી, કેયૂરક ઉઠતો હતો તેને સ્નેહ સહિત બોલાવી, ચંદ્રાપીડે અશ્રુયુક્ત દૃષ્ટિયે પુનઃ પુનઃ નિહાળી, આલિંગન દઇ, રોમાઞ્ચિત થયેલા હાથવડે પોતાના કર્ણમાંથી કાઢી, અનેક વર્ણથી રુચિર લાગતું,[1] સંદેશા જેવું કર્ણાભૂષણ તેને કર્ણે આરોપ્યું, અને આંસુ ભરાઇ આવવાથી ગદ્ગદ કંઠે ભાગ્યા તુટ્યા અક્ષરમાં એ કહેવા લાગ્યો કેઃ–કેયૂરક! તેં તો મ્હારે સારૂ કંઇ દેવીનો સંદેશો આણ્યોજ નથી એટલે ત્હારી સાથે હું તેને અનુરૂપ શો અપૂર્વ સંદેશો મોકલું? દેવીને વિજ્ઞપ્તિ કરવાની છે તેમાં પણ ખોટા લજ્જાના ભારથી તને શું કરવા મ્હારે શ્રમમાં નાંખવો

---

૧. વર્ણ=રંગ (આભૂષણના); અક્ષર (સંદેશાના). આભૂષણ કર્ણમાં પેહેરાવ્યું તે જાણે કાનમાં સંદેશો કહ્યો હોય એવું હતું.

જોઈયે? પત્રલેખા દેવીના ચરણ સમીપ આવેજ છે માટે એ સર્વ કહેશે.—આમ કહીને તરતજ એ, અતર્કિત આવી પડેલા પોતાના વિયોગથી પીડાતી, અશુભ ગણાવાની શંકાથી યત્ન કરતાં પણ અશ્રુવેગને નહિ અટકાવી શકતી, (અશ્રુથી) છલકાતી તથા લક્ષ વિના શૂન્ય ફરતી દૃષ્ટિ વાળી, પગે પડવાને તત્પર થયેલી પત્રલેખાની સામે પ્રણયથી ઉભો રહી, હાથ જોડી કહેવા લાગ્યો:—

પત્રલેખા ! અંજલિ સહિત શિરવડે મ્હારી વતી પ્રણામ કરી દેવી કાદમ્બરીને વિજ્ઞપ્તિ કરજે કે—પ્રથમ દર્શન સમયે પણ સ્વાભાવિક વત્સલતાથી દેવીએ અતિશય પ્રસાદ દર્શાવ્યો તે છતાં, સર્વ ખલ પુરુષોની ઉપર મુકવા લાયક જે મનુષ્યે દેવીને પ્રણામ પણ કર્યા વિના ચાલી જઈને બુદ્ધિની જડતા, જ્ઞાનની મૂઢતા, ધીરતાની તરલતા, સ્નેહલતાની કઠિનતા, ગૌરવની લઘુતા, પ્રિયંવદતાની કટુતા, મૃદુ-હૃદયતાની નિષ્ઠુરતા, સ્થૈર્યની ચંચલતા, દયાલુતાની ક્રૂરતા, નિષ્કપટતાની માયાજાલ, સત્યવાદિતાની અસત્ય મધુર-ભાષિતા, દૃઢ ભક્તિની અવજ્ઞા, મધુરતાની કુટિલતા, લજ્જાની પ્રગલ્ભતા, ઉદારતાની ક્ષુદ્રતા, દાક્ષિણ્યની અમહાનુભાવતા, વિનયની અહંકૃતિ, કૃતજ્ઞતાની કૃતઘ્નતા, સદ્ભાવની દુર્બુદ્ધિ—એમ સર્વ ગુણના દોષ કરી દીધા તે કેમ બીજો ગુણ ધારણ કરીને પુનઃ પરિગ્રહની વિજ્ઞપ્તિ કરી શકે? અને કયે પ્રકારે દેવી (તેનો) અંગીકાર કરે? શું અસત્ય આત્માર્પણ કરીને મેં દેવીનું હૃદય નથી ઠગ્યું એમ (કહેવાશે)? શું પ્રકૃતિથી પ્રેમાળ હૃદયને ત્યજીને હું નથી ચાલી ગયો એમ? શું આ પ્રાણ-સંદેહકારી શરીરાવસ્થાની મેં નિષ્કરુણે નથી અવગણના કરી એમ? શું એ (અવસ્થા)નું હું કારણ નથી એમ? કે આ સર્વ દોષનો આશ્રય છતાં મેં અનુકૂલતા પ્રમાણે ચરણની આરાધના કરીછે એમ (કહેવાય તેમ છે)?—માટે હું તો સર્વ ગુણ વિહીન છું તથાપિ દેવીના ગુણનેજ આશ્રયે રહ્યોછું. પ્રકૃતિથી સરસ એમની આ સરલતાજ, હું દૂર છતાં, મ્હારૂં મદનાગ્નિથી બળતાં રક્ષણ કરેજ છે. એમનો સ્નેહભાવ વારંવાર મને બોલાવેજ છે. પ્રતિજ્ઞા દૃઢ રાખવાની ટેવ મને (એમની તરફ) લઈજ જાયછે. દાક્ષિણ્ય પાસે બોલાવેજ છે. વત્સલતા મ્હારો અંગીકાર કરેજ છે. હૃદયની મૃદુતા ચરણે પડતાં તુચ્છકારતીજ નથી. મહાનુભાવતા મને ઉભો કરી સંભાવના કરેજ છે. એમની પ્રિયવાદિતા (મ્હારી સાથે) બોલેજ છે, અને એમની અત્યુદારતા હૃદયમાં અવકાશ આપેજ છે. વળી હું જે

આવી રીતે જઇને, નિર્લજ્જ થઇ, ફરીથી વદન દેખાડવાનું સાહસ માથે લઉંછું તેનું પણ કારણ સત્પ્રકૃતિવાળા દેવી-પ્રસાદજ છે.—સ્વચ્છતાને લીધે, ઉદારતાને લીધે, સંગતિને લીધે એ સર્વે, ક્ષણ-પરિચિત છતાં પણ જીવિતાશા આપીને કંઇ નથી કરાવતા એમ નથીઃ–દેવીની સેવા કરવાનું મને સ્મરણ કરાવેછે; ચરણારાધના કરવાને ઉત્સાહ આપેછે; સેવામાં ચાતુર્ય શીખવેછે; આરાધનાના ઉપાયનો ઉપદેશ આપેછે; મધુર ભાષણ કરવાની વારંવાર આજ્ઞા કરેછે; 'આવી રીતે રહેવું' એમ પોતેજ બતાવેછે; અયોગ્ય કાલે ઉપસર્પણ કરવાથી મુખ ઉપર દેખાતા કોપને અનુનયવડે દૂર કરેછે; સંતોષને અવસરે ગુણ ગાઇને અનુગ્રહ કરેછે; લજ્જાથી દૂર ગયો હોઉં ત્યારે બલાત્કારે ખેંચી આણી સમીપ લાવેછે; અને અન્યત્ર ક્ષણ પણ મને રહેવા દેતા નથી. વળી એ (પ્રસાદ) પોતાની અનુગ્રાહક શક્તિને લીધેજ અપરિત્યાજ્ય છે; ગુરુત્વથીજ અવષ્ટંભ કરી રહ્યા છે; વિસ્તારથીજ અલંઘનીય છે; અને મ્હોટાઇથીજ અપરિહાર્ય છે.—માટે, હું અતિ દૂર છતાં, એ મને બલાત્કારે ખેંચી જઇ, આવવાની આજ્ઞા વિના પણ દેવીના ચરણ પાસે લાવેછે; અને જે વાણીએ ગમનાજ્ઞાની અપેક્ષા ન રાખતાં અનિયંત્રણથી 'હું ગયો છું' એમ કહાવ્યું હતું તેજ વાણી હવે વિજ્ઞપ્તિ કરેછે કે જેમ મ્હારૂં આગમન નિષ્ફલ ન થાય અથવા જગત્ શૂન્ય ન થાય[1] તેમ દેવીએ જીવિત ધારણ કરી રાખવાને પોતેજ યત્ન કરવો.

એટલો સંદેશો કહીને વળી ફરી બોલ્યો કેઃ—પત્રલેખા! ત્હારે પણ માર્ગે જતાં જતાં મ્હારા વિયોગથી પીડા ભોગવવી નહિ; શરીર-સંસ્કારમાં અનાદર કરવો નહિ; ભોજન-વેલાનો અતિક્રમ કરવો નહિ; ગમે તે અજાણ્યે માર્ગે જવું નહિ; વિચાર કર્યા વિના ગમે ત્યાંજ ઉતરવું વા રહેવું નહિ; ગમે તેવા અજાણ્યા માણસને (અંતઃકરણમાં) અવકાશ આપવો નહિ; અને સર્વદા શરીરની સંભાળ રાખવાનું ભૂલવું નહિ. શું કરૂં? ત્હારાથી પણ દેવીના પ્રાણ મને અધિક પ્રિય છે તેથીજ આમ એકલી તેમના સંરક્ષણને અર્થે તને મોકલવી પડેછે. વળી મ્હારૂં જીવિત પણ ત્હારાજ હાથમાં છે. માટે ખચિત યત્ન કરીને ત્હારૂં પોતાનું રક્ષણ કરજે—

૧. જુઓ ઉત્તરરામચરિત અંક ત્રીજો, અને માલતીમાધવ અંક નવમો.—

शून्यं मन्ये जगदविरतज्वालमन्तर्ज्वलामि ॥

એમ કહી, સ્નેહથી આલિંગન દઈ, કેયૂરકને ફરીથી તેની સંભાળ રાખવાનું કહી, મહાશ્વેતાના આશ્રમ સુધી તું આનીજ સાથે મને તેડવા આવજે એવી આજ્ઞા કરી, તેમને એણે વિદાય કર્યાં.

કેયૂરકની સાથે પત્રલેખા ગઈ એટલે,—એ શીઘ્ર જશે કે નહિ? માર્ગમાં કંઈ એમને વિલંબ થશે કે નહિ? કેટલા દિવસે એઓ ત્યાં પહોચી જશે?—એવી ને એવીજ ચિન્તાથી શૂન્ય અંતઃકરણે ક્ષણવાર ઉભો રહી, સૈન્ય સંબંધી વાર્તા સ્પષ્ટ કરવા સારૂ એક દૂતને મોકલી, બહુ દિવસે જેનું દર્શન થવાનું એવા વૈશમ્પાયનની સામે જવા સારૂ આજ્ઞા લેવાને પોતે પિતાની પાસે ગયો. ત્યાં બંને બાજુથી સસંભ્રમ પ્રતિહાર-મંડલના ખસી જવાથી પડેલો વિસ્તીર્ણ માર્ગ ઓળંગીને, દૂરથીજ દક્ષિણ જાનુ તથા કરતલ નિર્મલ મણિભૂમિ ઉપર મુકવાથી પડેલી પ્રતિમાને લીધે બેવડા દેખાતા દીર્ઘ કેશ-કલાપ સહિત એણે પિતાને પ્રણામ કર્યો.

પછી તારાપીડ, એવી રીતે દૂરથીજ ચંદ્રાપીડને પ્રણામ કરતો જોઈ, પૂર્ણ સ્નેહથી ભરેલા, જલભારથી મંદ મેઘના ધ્વનિ જેવા ગંભીર,[1] ધીરા સ્વરથી—આવ! આવ! એમ કહી, એને બોલાવી, સત્વર દોડતાં પણ શુકનાસને પ્રણામ કરીને પાસે આવી જેવો એ ભૂમિ ઉપર બેસવા જતો હતો તેવો હઠથી એને ખેંચી લઈ, ચરણાસન ઉપર બેસારી, અવલોકન-સ્પૃહી જેની તૃપ્ત થતી ન હતી એવા લોચન વડે બહુ વાર સુધી એને નિહાળી, યુવાવસ્થાને લીધે અધિક લાવણ્યમય લાગતાં એનાં અંગ પ્રત્યંગ ઉપર હાથ ફેરવી, શુકનાસને દેખાડી કહેવા લાગ્યોઃ—શુકનાસ! જુઓ આ,—બહાર નીકળતી કનકગિરિની મહાનીલમણિ પ્રભા જેવી, ગંડસ્થલ ઉપર શોભતી ગંધગજની મદલેખા જેવી, શ્રેષ્ઠ કાન્તિ યુક્ત ચંદ્રમાની લક્ષ્મચ્છાયા જેવી,[2] વિકાસ-શોભાની રાહ જોતી કમલાકરની ભ્રમરાવલી જેવી, રૂપાલેખ્યને[3] શોભાવનારી (સાક્ષાત્) શ્યામ અંજનની લેખા, પ્રફુલ્લ તારુણ્ય રૂપી મેઘની પ્રસરેલી શ્યામિકા,[4] જ્વલતા મદન-પ્રદીપની કજ્જલ-શિખા,[5] પ્રકાશતા પ્રતાપાગ્નિની ધૂમરાજિ, મદનોદ્યાનની તમાલ-વલ્લી, કામવિકાર રૂપી નિશાગમની બાલ તિમિરોદ્ગતિ, અને લગ્ન રૂપ મંગલ કાર્યની ભ્રૂસંજ્ઞા—આયુષ્માન્ ચંદ્રાપીડની

---

૧. જુઓ ઉત્તરરામચરિત પૃ. ૮૭–अम्महे जलभृतमेघस्तनितगंभीरमांसलः कुतोन्वेष भारतीनिर्घोषः ॥ ૨. લક્ષ્મ=કલંક. ૩. રૂપનું ચિત્ર અથવા રૂપ એજ ચિત્ર. ૪. કાળાશ. ૫. કાજળની રેખા.

શ્મશ્રુ-રાજિ-લેખા મુખ ઉપર ફુટવા માંડીછે. હવે આ વિવાહ-મંગલને યોગ્ય અવસ્થામાં આવી પહોચ્યો માટે દેવી વિલાસવતી સાથે મળીને જગત્‌માંથી કોઈ અતિ રૂપવાળી રાજકન્યા શોધી કાઢો. જેનું દર્શન દુર્લભ હતું એવું પુત્રનું વદન જોયું; હવે વધૂ-મુખકમલના દર્શનથી આનંદ પામિયે.— એટલું તારાપીડે કહ્યા પછી શુકનાસે પ્રત્યુત્તર આપ્યોઃ—

મહારાજે ઠીક વિચાર કર્યો. આ સહૃદય કુમારે તો હૃદયમાં સર્વ વિદ્યા આણેલીજ છે; સર્વ કલાઓ પ્રાપ્ત કરેલીજ છે; સર્વ પ્રજાઓ વશ કરેલીજ છે; સર્વ દિગ્‌વધૂઓના કર ગ્રહેલાજ છે; રાજલક્ષ્મીને નિશ્ચલ કરી કુટુમ્બિની-પદે સ્થાપેલીજ છે; અને ચાર સમુદ્રની મેખલાથી આભૂષિત પૃથ્વીને એ વરેલોજ છે—તો હવે શું બાકી રહ્યું છે જે આનાથી ન પરણાય?—શુકનાસનાં આવાં વચનથી લજ્જિત થઇ, વદન નીચું નમાવી, ચંદ્રાપીડ વિચાર કરવા લાગ્યો—અહો આ કેવો યોગે યોગ મળી ગયો કે કાદમ્બરી-સમાગમના ઉપાયની હું ચિન્તા કરતો હતો તેવામાંજ પિતાને આવી બુદ્ધિ ઉત્પન્ન થઈ!! આ જે કહેવાય છે કે અંધકારમાં પડેલાને પ્રકાશ મળે, વનગહનમાં પડેલાને માર્ગદર્શક મળે, મહાસાગરમાં પડેલાને વહાણ મળે, અને મરતા ઉપર અમૃતવૃષ્ટિ થાય તેવું મને થયું!! સર્વથા કાદમ્બરીની પ્રાપ્તિમાં અંતરાય માત્ર હવે મ્હારે વૈશમ્પાયનના દર્શનનોજ રહ્યોછે.—એમ એ વિચારમાં પડ્યો હતો તેવામાંજ મહીપતિ ઉઠ્યો. અને ઉઠીને, વિનયથી પૂર્વ કાયમાં નમી ગયેલા ચંદ્રાપીડનેજ ખભે, સકલ ભૂમંડલનો ભાર ઉદ્‌વહન કરવાથી ભારે થયેલા પોતાના હાથથી ટેકો દઈ, ધીમે ધીમે ચાલતાં, પછવાડે આવતા શુકનાસ સહિત તે વિલાસવતીને ભવન ગયો. ત્યાં જઈ, સંભ્રમ સહિત ઉઠી આવકાર કરતી, ચંદ્રોદયના દર્શનથી ચંચલ થયેલી સમુદ્ર-વેલા જેવી વિલાસવતીને ઉભે ઉભેજ કહેવા લાગ્યો કઃ—દેવિ! તને પણ વધૂમુખ જોવાના સુખની ઉત્સુકતા થતી નથી એમ જાણે ઉપાલંભ આપતી હોય તેવી, પુત્રને મુખે દેખાતી આ,— પ્રફુલ્લ યૌવનારંભની સૂત્રપાત-રેખા[1]—આપણા તારુણ્ય-દુર્વિલાસની ઇચ્છાને અટકવાની આજ્ઞા—એની શ્મશ્રુરાજિની શોભા (આપણને) વિવાહ મંગલ સંપાદન કરવાની સૂચના કરેછે. તું બીજી શી સૂચના કરેછે તે પૂછવાનું છે માટે કહે. આમ કહેતાં પણ કેમ તું આજ

---

૧ સુતરથી પાડેલી રેખા—જેવી સુતાર લોક પાડેછે તેવી.

શરમાઇને વળી વદન આડું ફેરવી દેછે, અને પૂછિયે છિયે તોએ કર્તવ્ય શું છે તે કહેતી નથી? તું તો હવે વરમાતા થઇ. હું જાણું છું કે ચંદ્રાપીડની ઉપર ત્હારી આ અપ્રીતિ છે તેથી તું આ કાર્યમાં અનાદર અને અવધીરણા દર્શાવેછે!—આવાં આવાં નર્મ વચનથી અંતઃકરણમાં સુખ પામી, બહુ વાર ત્યાં રહી, શરીર-સ્થિતિ કરવા સારૂ તે ત્યાંથી બ્હાર ગયો.

ચંદ્રાપીડે પણ વૈશમ્પાયનને તેડવા જવા સારૂ શુકનાસને મ્હોંએજ રજા માંગી લઇ, માતૃગૃહમાંજ સ્નાન-ભોજનાદિ કરી, વૈશમ્પાયનની સંમુખ જવાની તૈયારી કરવાના વિનોદમાંજ તે દિવસ ગાળ્યો.

પછી રાત પડી એટલે શયનમાં સુતે સુતે પણ મિત્રદર્શનના ઔત્સુક્યથી બે પ્રહર કરતાં વધારે વાર સુધી એ જાગૃતજ રહ્યો; અને સ્વકાન્તિથી આકાશનો નીલ રંગ જાણે બદલી નાંખતા હોય,[1] વૃક્ષની ઘટાઓની લીલાશ હરી લેતા હોય, નીચે પણ છિદ્ર કરીને જાણે પ્રવેશ કરતા હોય, તરુતલચ્છાયાને જાણે બ્હાર કાઢી મુકતા હોય, ગુફાઓ અને કુંજોના અભ્યન્તરમાં પણ ભરાઇ રહેલા અંધકારને જાણે ન ખમી શકવાથી (તેમાં) પ્રવેશ કરી જડમૂલ તેનો નાશ કરતા હોય, વિવર-પ્રવેશના છળમાં જાણે રસાતલમાં જવાને તૈયાર થયા હોય, મહેલની ધવલતાને જાણે અન્યથા પુનર્ ધવલ કરતા હોય, કર્પૂરની રજથી જાણે દિશાઓનાં મુખ પૂરી નાંખતા હોય, જાડા ચંદન-રસથી જાણે નિશાને લિંપતા હોય, પૃથ્વીને જાણે ઉંચી કરતા હોય, આકાશને જાણે સમીપ લાવતા હોય, તારા ગ્રહ અને નક્ષત્રમંડલને જાણે સંક્ષિપ્ત કરી દેતા હોય, નદિયોના પુલિનને જાણે વિસ્તારતા હોય, કમલવનને જાણે દાબી દાબીને પૃથક્ પૃથક્ રાખતા હોય, તથા પ્રફુલ્લ પત્રવાળા વિકસિત કુમુદાકરને જાણે ભેગા કરતા હોય એવા ચંદ્રકિરણો—જે પર્વતનાં શિખર ઉપર જાણે પથરાયા હતા, હવેલિયોને મથાળે જાણે ફેલાયા હતા, ભેગા થઇને શેરીનાં મુખમાં જાણે વહેતા હતા, જલ-તરંગ ઉપર જાણે તરતા હતા, રેતીવાળાં સ્થલમાં જાણે પ્રસારેલા હતા, હંસસાર્થ સાથે જે જાણે મળી ગયા હતા, અગાશીમાં સુતેલી કામિનીઓના ગાલના લાવણ્ય સાથે જાણે સંવિભક્ત હતા, ચંદ્રકાન્તમાંથી ઝરતી હજારો જલધારાથી જાણે ધોવાઇ ગયા હતા, અને વળી ગર્ભગૃહમાં પણ જે વગર અડચણે પેઠા

---

૧ (અન્વય) એવા "ચંદ્રકિરણોએ જયારે મદનોત્સાહ દ્વિગુણ કરી દીધો હતો...વિ૦."

હતા, દન્ત-વલભીઓ કરતાં પણ ચઢતા હતા, પદ્મિનીપત્રના ખંડ ઉપર પણ જેમની ધવલતા અખંડિત હતી, ઉદ્યાનમાં પણ જે દિવસ-બુદ્ધિ ઉત્પન્ન કરાવતા હતા, પરસ્પર ઉદ્‌ભેદને અનુક્રમે જેઓ સર્વ દિશામાં ચંદ્રિકા-પ્રવાહને જાણે વમન કરતા હતા, રેડતા હતા, પાથરતા હતા, વિસ્તારતા હતા, પ્રવર્તાવતા હતા અને વર્ષાવતા હતા, તથા કાદમ્બરી-સમાગમમાં ત્વરા કરવા સારૂ કામનાં જાણે સર્વે બાણ છોડતા હતા—તે ચંદ્રકિરણોએ જ્યારે મદનોત્સાહ દ્વિગુણ કરી દીધો ત્યારે એણે ગમન-સંજ્ઞા તરીકે શંખનાદ કરવાનો આદેશ કર્યો.

આજ્ઞા થઈ કે તરતજ, ગગનતલમાં પહોચેલો, દિશાઓમાં જાણે પ્રસરતો, આકાશને અડકતા નગરીના કિલ્લાની અંદર જાણે ફરતો, ઉંચાં ઉંચાં નગરદ્વાર અને અટારિયોનાં શિખર ઉપર જાણે ચઢતો, હવેલિયોના અભ્યન્તરમાં જાણે ભમતો, ચોક ચકલાં ઉપર જાણે વિકાસ પામતો, રાજમાર્ગમાં જાણે ફેલાતો, ગૃહોના સાંકડા ભાગમાં જાણે ભટકતો, વાડીઓના વૃક્ષની ગુફાઓમાં જાણે પ્રવેશ કરતો, મહેલના ખૂણામાં જાણે વૃદ્ધિ પામતો, તે ક્ષણેજ જાગેલાં ગૃહ-કમલિનીનાં સારસના અતિતીક્ષ્ણ તથા દીર્ઘ સ્વરથી જાણે અનુગત થતો, ગૃહકલહંસના સ્વભાવેજ ગદ્‌ગદ તથા મધુર કૂજનથી, વારંવાર જાણે વિચ્છેદ પામતો, અને ગમન-વેલાએ પ્રણામ કરવાના સંભ્રમમાં પડેલી વારાંગનાઓનાં હાલતાં વલય નૂપુર તથા રસનાના શ્રોત્રપ્રવેશી કલકલથી જાણે ઓળખાઈ આવતો, તીક્ષ્ણ તથા અતિદીર્ઘ શંખનાદ થયો. તે થયો કે તરતજ હજારો અશ્વ, જેમાંના કેટલાક ઉભા કરાતા હતા અને કેટલાક ઉભા થયેલા હતા, કેટલાક આકર્ષાતા હતા અને કેટલાક આકૃષ્ટ હતા, કેટલાક ઉપર પર્યાણ મંડાતાં હતાં અને કેટલાક ઉપર માંડેલાં હતાં, કેટલાક લઈ જવાતા હતા અને કેટલાક લવાતા હતા, કેટલાક દાખલ થતા હતા અને કેટલાક ખસેડાતા હતા, કેટલાક આવતા હતા અને કેટલાક આવેલા હતા, કેટલાક પૂજાતા હતા અને કેટલાક પૂજિત હતા, કેટલાક હારબંધ રહ્યા હતા, કેટલાક વાહનને અર્થે સજ્જ થતા હતા, કેટલાક ઉભા હતા અને કેટલાક રાહ જોતા હતા, રાજ-દ્વારનું આંગણું જેમને માટે પૂરતું ન હતું, ચકલું જેમને નાનું પડતું હતું, અને આખી શેરીનો માર્ગ રોકી નાંખ્યાથી જેઓ અંદર અને બ્હાર નગરીના વિસ્તારને સંકોચાવી દેતા હતા,—તે અશ્વોને લીધે

અંતરીક્ષ જાણે તે ક્ષણે ભાલાના વનથી ભરેલું હોય, પૃથ્વી જાણે ખરિયોના શબ્દમય હોય, શ્રોત્ર-વિવર જાણે હેષા-રવમય[1] હોય, યુવરાજના મહેલનું આંગણું જાણે ફેનપિંડના ગોટાથી ભરેલું હોય, દશે દિશાઓ જાણે ચોકડાના ખણખણાટથી વ્યાપી ગઈ હોય, અને ચંદ્રકિરણ જાણે અશ્વાલંકારની રત્નપ્રભાના બનેલા હોય એમ દેખાવા લાગ્યું!! પછી થોડી વાર થઈ એટલે સજ્જ થઈને, આંગણા આગળ ઉભા રાખેલા ઈન્દ્રાયુધ ઉપર ચઢી,—પ્રકાશ આપવા આવેલા દ્વિતીય ચંદ્રમંડલ જેવા, હંસવત્ શોભતા, આગળ લઈ જવાતા મંગલ છત્રથી પોતાનો નિર્ગમ સૂચવતો,—ચંદ્રાપીડ, દર્શનાનુક્રમે હજારો રાજપુત્ર અશ્વ ઉપર રહ્યે રહ્યેજ આમ તેમથી પ્રણામ કરતા હતા (તે સ્વીકારતો સ્વીકારતો), નગરવાસીઓ સૂતેલા હોવાથી રાજમાર્ગ ઉપર ભીંડ ન છતાં અશ્વ-બલની મ્હોટી સંખ્યાને લીધે કષ્ટથી માર્ગ કરી વેગે કરીને નગરીની બ્હાર નીકળ્યો. બ્હાર નીકળ્યો કે પાસેજ, સ્વચ્છતાને લીધે જેનું પાણી પ્રફુલ્લ ચંદ્રિકાના પૂરથી વર્તાય એમ ન હતું, (જલ) ઉપર મધુર કૂજન કરવાથી વર્તાઈ આવતા ત્રસ્ત હંસસાર્થના ઉડવાથી જે જાણે અંગુલિના આકારમાં ઉંચે જતી હતી,[2] અને સર્વ દિશાઓથી થતા અતિ શીતલ તરંગ-પવનના સ્પર્શ માત્રથીજ જેનું જલ સમીપ છે એમ લાગતું હતું તે સિપ્રા નદી ઉતરીને, દશપુર જવાનો માર્ગ જે અતિ વિશાલ તથા ભીંડ વિનાનો હોવાથી ગમનોત્સાહમાં જાણે વૃદ્ધિ કરતો હતો, અને અતિ વિસ્તીર્ણ છતાં ચંદ્રકિરણથી જે જાણે વધારે વિસ્તાર પામ્યો હોય એવો દેખાતો હતો તે માર્ગે એ જવા લાગ્યો.

પછી, સકલ દિશાઓમાં પ્રસરેલા, વેગથી વહેતા ચંદ્રિકારૂપી જલપ્રવાહવડે જાણે તણાતા, વૈશમ્પાયનને જોવા સારૂ ઉતાવળા થયેલા ચંદ્રાપીડના મનનીજ તુલ્ય દોડતા ઇંદ્રાયુધના જંઘાનિલથી[3] જાણે

---

૧ હેષારવ=ઘોડાઓનો ખાંખારો. ૨. નદીના જલ ઉપર શ્વેત ચંદ્રિકા પડે તેનો અને હંસનો રંગ સરખો માટે વર્તાય નહિ, પણ શબ્દથીજ જણાઈ આવે એવા હંસ સૈન્યમાં ચાલતાં પ્રાણીઓના પગનો ધબકારો સાંભળી ભય પામી ટોળાંમાં ને ટોળાંમાં ઉડતા તે ઉપરથી ઉત્પ્રેક્ષા કરી કે નદી પોતેજ જાણે એ સિદ્ધી અંગુલિ જેવી હારના આકારમાં ઉંચે જતી હતી! ૩. જંઘાનિલ=ઇંદ્રાયુધના દોડવાથી તેના પગની પાછળ ઉડતો પવન—ખરેખરૂં જોતાં ધૂળ.

આકર્ષાતા અશ્વો સાથે એટલીજ પાછલી રાતમાં એણે ત્રણ યોજન તો કાઢી નાંખ્યા. અને જ્યારે ચંદ્રિકા-જલમાં યથેચ્છ સ્નાન કરવાથી અતિશિશિર સ્પર્શવાન્ થયેલો, હિમકણને આકર્ષતો, વેગથી વિવિધ વન-પલ્લવને કંપાવતા પવનથી શીતલ થયેલો,[1] વિનિદ્ર કુમુદિનીનો પરિમલ લાવતો, પરિમલને લીધે જડ બનેલો, રાત્રિનો વિરામ સૂચવતો, આલ્હાદ-કારી પવન જાણે માર્ગનો શ્રમ ઉતારવાને વાવા લાગ્યો; દુઃસહ રાત્રિ-વિરહની જાણે ચિન્તાથી, પાસે આવતા સૂર્યોદયના જાણે દુઃખથી, પ્રદોષ-સમયથી આરંભીને કુમુદાકરે ઉંચે મુખે પીધેલા પોતાના તેજના જાણે ક્ષયથી, તથા ગગન-સરોવરનું જલ પીવાને મેઘના છલમાં આવેલા અશ્વની રંજના જાણે સમૂહથી, અનુક્રમે, પ્રભાત થવા આવ્યું એટલે, પશ્ચિમ દિગ્વધૂનું મુખ-ચુંબન કરતું ચંદ્રબિમ્બ જ્યારે શ્વેત પડી ગયું; ગગન-લક્ષ્મીનો તરત વિયોગ થવાથી સંતાપમાં કાઢી નાંખેલા ધવલ ઉત્તરીય જેવો ચંદ્રપ્રકાશ ચંદ્રમાંથી જ્યારે ગળી જવા લાગ્યો; ચંદ્રિકા રૂપી જલ-પ્રવાહ જાણે પશ્ચિમ સમુદ્રમાં પડવાથી, ફીણના પરપોટાની હાર જેવી તારાઓની પંક્તિયો સહસા જ્યારે નાશ પામવા લાગી; ગળતા હિમજલ વડે જાણે ધોવાઈ જવાથી, દિશાઓ જ્યારે ધીમે ધીમે મોતીના ભૂકાના જેવો શ્વેત ચંદ્રપ્રકાશ ત્યજવા લાગી; સહજ શ્યામ કાન્તિ ફરીથી દેખાવા-થી, વૃક્ષ લતા તથા શાખાઓ જ્યારે જલમાંથી જાણે તરી આવવા લાગ્યાં; પૂર્વ દિગ્વધૂના કર્ણમાં પેહેરેલા રક્ત અશોક-પલ્લવ જેવો, ગગન-સરોવર-ના રક્ત કમલ જેવો, પ્રભાત રૂપી ગજના ગંડસ્થલ ઉપરના સિંદૂર-રેણુ જેવો, તથા સૂર્યરથના રક્ત ધ્વજવસ્ત્ર જેવો, પ્રાતઃસંધ્યારાગ જ્યારે પ્રકાશવા લાગ્યો; પ્રાતઃસંધ્યા-સમયનો પ્રકાશ પડેલો હોવાથી જાણે દાવાનલ લાગ્યો હોય એમ દેખાતાં નિવાસ-વૃક્ષમાંથી પક્ષિયોનાં ટોળાં કલકલ કરતાં કરતાં જ્યારે નીસરવા લાગ્યાં; જરા નિદ્રામાં હોવાથી મંદ લાગતાં હરિણોનાં ટોળાં, બહુ વાર સુધી પ્રસારી રાખવાથી અકડાઈ ગયેલી જંઘા તથા પગને જોરથી ખેંચીને દીર્ઘ દીર્ઘ પગલાં ભરતાં જ્યારે ખારી ભૂમિ ઉપરથી સુઈ ઉઠીને દોડવા લાગ્યાં; તળાવને કાંઠે ઉગેલી મુસ્તાગ્રંથિને[2] ઉખાડીને સ્વેચ્છાએ કરડતાં વરાહ-યૂથ અરણ્યની ગુફાઓ તરફ જ્યારે જવા મંડ્યાં; રાત્રિને અંતે ચરવા નીકળેલી ગાયોનાં ટોળાંને

---

૧. શબ્દશઃ કહિયે તો "પંખો નંખાયલો." પવન પવનથી શીતલ થયેલો એમજ અહીં સમજવું પડેછે. ૨. એક જાતની વનસ્પતિને.

લીધે, ગ્રામસીમાને અંતે આવેલાં અરણ્યસ્થલ આમ તેમ જ્યારે ધવલ દેખાવા લાગ્યાં; લોકો બ્હાર આવતા દેખાવાથી ગામને જાણે પ્રસવ થતો હોય એમ જ્યારે લાગવા માંડ્યું; જેમ જેમ સૂર્યકિરણ પ્રકાશતા ગયા તેમ તેમ જ્યારે પૂર્વ દિગ્ભાગ જાણે ઉંચો થતો હોય, દિશાઓ જાણે દૂર જતી હોય, અરણ્ય જાણે આઘાં આઘાં ખસતાં હોય, ગ્રામસીમા જાણે વિસ્તાર પામતી હોય, જલાશય જાણે વિશાલ થતાં હોય, પર્વતો જાણે અવચ્છિન્ન થતા હોય, પૃથ્વી જાણે ઉદ્ધૃત થતી હોય અને કુમુદિનીઓ જાણે અદૃશ્ય થતી હોય એમ દેખાવા માંડ્યું; અદૃશ્ય કરનાર કાળા પડદા જેવા અંધકારને કરવડે ખસેડીને, વિરહથી પીડાતી કમલિનીને જોવાને સમ-લોક-ચક્ષુ ભગવાન્ સૂર્ય દેવતા જ્યારે ઉદય ગિરિના શિખર ઉપર ચઢ્યા; ગગનતલને પ્રકાશિત કરી, સકલ જગત્‌ના પ્રદીપ સૂર્યકિરણ જ્યારે દિશાઓને પ્રકાશિત કરવા લાગ્યા; અને જ્યારે દૃષ્ટિ પ્રસારી શકાય એવી વેલા થઈ—ત્યારે સહસાજ લગભગ ગાઉએક ઉપર ચંદ્રાપીડે પોતાની આગળ, રાત્રિ-પ્રયાણ કરી આવીને પડાવ નાંખતું તે સૈન્ય જોયું. અંતરમાં ક્ષોભથી ભય પામેલું રસાતલ તેનું જાણે વમન કરતું હતું. મ્હોટા સમૂહનો ભાર અસહ્ય લાગવાથી પૃથ્વી જાણે આમ તેમ તેને ફેલાવતી હતી. પોતાનું પ્રમાણ ઓછું પડવાથી દિશાઓ તેને જાણે સંકોચતી હતી. અપરિમિત રજથી રુંધાઈ જવાની આશંકાને લીધે ગગનમાર્ગ તેને જાણે પાથરી દેતો હતો. જાણે સૂર્યપ્રકાશની સાથે તે વિસ્તાર પામતું હતું. દૃષ્ટિને લાંબી લાંબી પ્રસારી શ્રમ આપતાં પણ તેનો પર્યન્ત દેખાય એમ ન હતું. અનુગમન કરનાર શતસહસ્ર ભૂધરો તેમાં વસેલા હતા (તેથી,) ફરતું જાણે બીજું પૃથ્વીમંડલ હોય એવું એ શોભતું હતું. નદિયોના પ્રવેશ વિના (પણ) ગંભીર લાગતો, પ્રાણિમય, દુસ્તર, આઠમો જાણે મહાસમુદ્ર હોય એવું એ દીસતું હતું. ઉંચે ઉડતા રજના ઢગને લીધે તેનો સર્વ વૃત્તાન્ત સ્ફુટ દેખાતો ન હતો તથાપિ આમ તેમ ધવલ ધ્વજના ફરફરવાથી, નિરંતર ઉભેલી અનેક સહસ્ર હાથીઓની ઘટા પ્રકાશ પામતી હતી; તેથીજ તે અગણિત વલાકાની પંક્તિથી શોભતી મેઘ-ઘટા વાળા મૂર્તિમાન્ જાણે મેઘ-સમયના આરંભ જેવું દેખાતું હતું; અને વળી આવાસભૂમિ ગ્રહણ કરવાના સંભ્રમમાં દોડતા અસંખ્ય ગજ અશ્વ તથા મનુષ્યની પરસ્પર ઉર્મિથી વ્યાપ્ત હોવાને લીધે, તે જાણે મંદરાચલના અમંદ આસ્ફાલનથી છિન્નભિન્ન થઈ ગયેલી તરંગમાલાથી ભરેલો મહા સમુદ્ર હોય એમ શોભતું હતું !!

તે સૈન્યને જોઇને એણે વિચાર કર્યો કે જો હું અણચિન્તવ્યોજ જઈને વૈશમ્પાયનને મળું તો ઠીક થાય. એમ ધારી છત્ર ચામરાદિ સ્વચિન્હ સાથે સર્વ રાજપુત્રોને મુકી, અતિશય વેગવાળા ત્રણ ચાર અશ્વ લઈને, ઉત્તરીયથી મસ્તક ઢાંકી દઈ, વિશેષ વેગથી ચાલતા ઇંદ્રાયુધ ઉપર, અણચિન્તવ્યોજ એ, વિવિધ વ્યાપારમાં વ્યગ્ર થયેલા લોકથી ભરેલા તે સૈન્ય આગળ આવી પહોચ્યો. પ્રવેશ કરીને આવાસે આવાસે જઈ પૂછવા લાગ્યો કે વૈશમ્પાયનનો આવાસ ક્યાં છે?—ત્યારે ત્યાં પાસેની સ્ત્રિયોએ એને કોઇ અન્ય જાણી ઓળખ્યો નહિ એટલે પોતપોતાના આરંભેલા કર્મમાં વ્યગ્ર રહીનેજ, અશ્રુથી શૂન્ય લાગતાં વદને કહ્યું કેઃ—ભાઈ! શું પૂછો છો? અહિંયાં તે વૈશમ્પાયન ક્યાંથી હોય?—આ સાંભળી,—અરે પાપિણીઓ! કેમ આવું અસંબદ્ધ બોલોછો?—એમ, શૂન્યહૃદય થઈનેજ તેઓને ઠપકો દઈ, અંતઃકરણ ભેદાઈ ગયાથી બીજી કોઈ સ્ત્રીને પૂછ્યા વિના એમ ને એમજ, ત્રાસ પામેલા હરિણના બચ્ચા જેવો, યૂથમાંથી વિખૂટા પડવાથી ગભરાતા નાના હાથી જેવો, ગાયના વિરહથી ઉત્કર્ણ થયેલા વાછડાના જેવો એ કંઈ જોયા વિના, કંઈ બોલ્યા વિના, કંઈ વાત કર્યા વિના, કંઈ સાંભળ્યા વિના, કંઈ વિચાર્યા વિના. કહીં ઉભા રહ્યા વિના, કોઈને બોલાવ્યા વિના,—હું ક્યાં આવ્યોછું? શે અર્થે આવ્યોછું? ક્યાં નીકળ્યોછું? ક્યાં જાઉંછું? શું જોઉંછું? શું મેં આરંભ્યું છે? ને હું શું કરૂંછું?—એ બધાના કંઈ ભાન વિના, અંધ હોય, બધિર હોય, મૂક હોય, જડ હોય, વા આવિષ્ટ હોય તેમ ઠેઠ સૈન્યના મધ્ય ભાગ સુધી એવાજ વેગથી અશ્વ લઈ ગયો.

પછી, ઇંદ્રાયુધને ઓળખવાથી, તથા વાત સાંભળીનેજ પાછળ દોડતા રાજપુત્રલોકના દર્શનથી, ચંદ્રાપીડ આવ્યાછે એમ જાણી ચારે પાસથી સંભ્રમ સહિત હજારો ક્ષત્રિય રાજાઓ ઉત્તરીય વડે અચિન્તિત સ્ખલન પામતા દોડી આવ્યા; અને અશ્રુ ભરાયાથી શૂન્ય લાગતી દૃષ્ટિ સહિત, દૂરથીજ, લજ્જા તથા પ્રણામક્રિયામાં નીચે નમવા લાગ્યા. તેમનાં મુખ જોઇ ચંદ્રાપીડે પૂછ્યું કે વૈશમ્પાયન ક્યાં? તે ઉપરથી તે સર્વેએ સાથેજ વિચારી કહ્યું કે—આપ આ વૃક્ષતળે ઉતરો એટલે અમે જે બન્યું છે તે આપને નિવેદિત કરિયે. આ તેમની સ્પષ્ટ આખ્યાન કરતાં પણ અધિક કષ્ટદાયક વાણીથી ચંદ્રાપીડના હૃદયની અંદર ભાલો વાગવાથી તે જાણે ચિરાઈ ગયું. (પરંતુ) તે સમયે આવેલી મૂર્છા એજ

કેવલ તેને ધારી રાખ્યું. અશ્વથી ઉતારી, ગાલીચા ઉપર બેસારી, એના પિતાની સમાન વયના અનતિક્રમણીય ક્ષત્રિય રાજાઓએ એના શરીરને (ખોળામાં) લીધું તેનીએ એને તે વખતે ખબર પડી નહિ. મૂર્છા વળી ગયા પછી સચેત થયા છતાં પણ, વૈશમ્પાયનને ન જોવાથી તથા પોતાને જોવાથી,—આ શું છે? હુ ક્યાં છું? મેં આ શું કર્યું?—એમ (વિચારી વિચારી) ભ્રમમાં પડ્યો હોય તેમ, ઇંદ્રિયો જાણે મોહ પામવા લાગી તેથી એ મુઝાવા લાગ્યો. સૈન્ય એકલું આવ્યું તેથીજ તેનો અભાવ જોઈ બીજું કંઈ નહિ માનતાં, અંતઃકરણમાં અસહ્ય પીડા ઉત્પન્ન થવાથી,—હું રોઉં? કે હૃદયને ધીરજ આપી છાનોમાનો બેસી રહું? કે આત્મઘાત કરી બલાત્કારે પ્રાણત્યાગ કરૂં? કે એકલો કોઇ દિશા તરફ જતો રહું? કે શું કરૂં?—તેજ એને સમજાયું નહિ; (પણ) અંતઃકરણમાં જાણે દ્રવતો હોય, બળતો હોય, તથા દુઃખથી સહસ્રધા ચીરાઈ જતો હોય તેમ એ વિચાર કરવા લાગ્યો કેઃ—અહો! સંસાર રમ્ય છતાં પણ મ્હારે અરમણીય થયો! વસ્તી છતાં પણ પૃથ્વી શૂન્ય થઈ! ચક્ષુ છતાં પણ દિશાઓ અંધ થઈ! ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયા છતાં જન્મ મ્હારો એળે ગયો! સુરક્ષિત છતાં જીવિતફલ ચોરાઈ ગયું! હુ કોને જોઉં? કોની સાથે બોલું? કોને ગુહ્ય વાત કહું? કોની સાથે સુખે બેસું? હવે હું જીવું તોએ શું અને કાદમ્બરી મળે તોએ શું! વશમ્પાયનને સારૂ હું ક્યાં જાઉં? કોને પૂછું? કોની યાચના કરૂં? કોણ મને એવું મિત્રરત્ન ફરીથી આપે? વૈશમ્પાયન વિના મ્હારે તાતને અને શુકનાસને શી રીતે મ્હોં દેખાડવું? પુત્રશોકથી વિહ્વલ થતી માતા મનોરમાને શું કહીને શાન્ત કરવી?—શું એમ કહેવું કે કોઈક ભૂમિ અજિત છે તેને લેવાને એ પછવાડે રહ્યોછે? કે એક નરપતિની સાથે સલાહ નથી થઈ તે કરવામાં એને પાછળ વિલંબ થયોછે? કે એક વિદ્યા અમે શીખ્યા નથી તે શીખવા મેં એને રાખ્યોછે?—આ અને આવા બીજા વિચાર બહુ વાર સુધી નીચું જોઈનેજ કર્યા પછી હૃદય ન ફાટી જવાથી પોતે વિલક્ષ હોય—અપરાધી હોય—મહાપાતકી હોય—એમ માનતો, મ્હોં દેખાડ્યા વિના ધીમે ધીમે મહા મેહનતે તેમને પૂછવા લાગ્યો કેઃ—

મ્હારા આવ્યા પછી શું વચ્ચે એવું કોઈ યુદ્ધ થયું હતું કે કોઈ શીઘ્ર પ્રસરનાર અસાધ્ય વ્યાધિ ઉત્પન્ન થયો હતો, જેથી અચિન્તિત આ મહાવજ્રપાત આવી નડ્યો?—આવો પ્રશ્ન સાંભળી તે સર્વેએ સાથેજ

કાને બે હાથ દઈ, વિજ્ઞપ્તિ કરી કે—મહારાજ! વિઘ્ન સૌ શાન્ત છે. આપની પેઠે વૈશમ્પાયન હજી સો વર્ષ કરતાં અધિક જીવશે.—આ સાંભળી જાણે ઉજ્જીવિત થયો હોય તેમ પુષ્કલ આનંદાશ્રુ પાડતો પાડતો ચંદ્રાપીડ સર્વેને આદર સહિત કંઠાલિંગન દઈ બોલ્યો કે:—વૈશમ્પાયન જીવતો હોય તો ક્ષણ પણ અન્યત્ર રહે એ અસંભવિત હોવાથી મેં આપને એવો પ્રશ્ન કર્યો હતો. હવે એ જીવેછે એવા અક્ષર તો મ્હારે કર્ણે પડ્યા. પણ હમણાં એને શું થયું છે કે એ આવ્યો નથી? એ ક્યાં રહ્યો છે? શા પ્રસંગે રહ્યોછે? એને એકલો મુકીને કેમ આપ સૌ ચાલી આવ્યા? બલાત્કારે પણ કેમ તેડતા આવ્યા નહિ?—એ જાણવાને મ્હારૂં હૃદય તલપી રહ્યુંછે.—આ પ્રશ્ન સાંભળી તે સર્વેએ કહ્યું:—દેવ! સાંભળો જે બન્યું છે તે.

સૈન્યની સંભાળ રાખી વૈશમ્પાયનની સાથે તમે સૌ ધીમે ધીમે પાછળથી આવજો—એવી આજ્ઞા કરી આપ જે દિવસે ગયા તે દિવસે ઘાસ ઇંધન આદિ સૌ ઉપકરણ પુષ્કલ લીધેલું હોવાથી સૈન્યે પ્રયાણ કરવા દીધુંજ નહિ. બીજે દિવસ જ્યારે પ્રયાણ-ભેરી વગાડી અને સૈન્ય સૌ સજ્જ થતું હતું ત્યારે પ્રાતઃકાળમાંજ વૈશમ્પાયને અમને કહ્યું:—પુરાણમાં કહેછે કે અચ્છોદ નામનું સરોવર બહુ પવિત્ર છે. માટે એમાં સ્નાન કરી, એનાજ તીર ઉપર આવેલા દેવાલયમાં ભગવાન્ ભવાનીપતિ મહેશ્વર ચંદ્રશેખરને પ્રણામ કરીને આપણે જઈયે. દિવ્ય પુરુષોએ સેવેલી આ ભૂમિ સ્વપ્નમાં પણ કોઈ કોઈ વાર ફરી જોનાર છે?—એટલું કહી ચાલતાં ચાલતાંજ એ અચ્છોદ સરોવરને તીરે ગયો. ત્યાં અતિ રમણીયતાને લીધે સર્વપાસ દૃષ્ટિ કરી ફરતો હતો તેવામાં એક તટલતામંડપ એણે જોયો જે, અમર-કામિનીઓને શ્રવણ-શિખરે આરોહણ કરવાને યોગ્ય—તરંગ-પવનના સ્પર્શથી હાલતાં—પોતાનાં પલ્લવ વડે, તથા પુષ્પ-રસના લોભથી નિરંતર ભરાયેલા મત્ત ભ્રમરોના મધુર ગુંજાર વડે દૂરથી જાણે (એને) બોલાવતો હતો; મરકત મણિ જેવી શ્યામ પોતાની પ્રભાવડે દશે દિશાઓને સાથેજ જાણે લેપ કરતો હતો; રવિ-કિરણનો પ્રવેશ નહિ થવાથી દિવસે પણ અંદરથી રાત્રિ જેવો દેખાવ આપતો હતો;[1] બહુ

---

૧. જુઓ ઇંગ્રેજી કવિ ટોમ્સનનું 'વસંત વર્ણન' લી. ૫૧૯—૫૨૧.

" .... Now the bowery walk
" Of covert close, where scarce a speck of day
"Falls in the lengthen'd gloom, protracted sweeps."
Thomson's Spring, L. 519-521.

દિવસનો પરિચય છતાં પણ મેઘની શંકાથી વારંવાર મધુર કેકારવ કરીને ઉંચી ડોક વનમયૂરો જેને જોઈ રહેતા હતા; મેઘસમયનું જે જાણે સ્થાન હતો; સર્વ સંતાપનો જાણે પ્રતિપક્ષ હતો; શીતલતાનો જાણે આવાસ હતો; ચૈત્રમાસનો જાણે નિર્ગમ-માર્ગ હતો; મદનનો જાણે આશ્રય હતો; કામોત્કંઠામાં રતિનું જાણે વિનોદસ્થાન હતો; સર્વ રમણીયતાનું સ્થલ હતો; અને અહર્નિશ વાતા સુગંધિ તથા શીતલ, અચ્છોદ સરોવરના તરંગ-પવનથી જેના અભ્યંતરનાં શિલાતલ ઠંડાં થયેલાં હતાં.

તે લતામંડપને દેખી, બહુ દિવસ થયાં નહિ જોયેલા જાણે કોઈ ભાઈને, પુત્રને કે મિત્રને જોતો હોય તેમ અન્યત્ર દૃષ્ટિ ન ફેરવતાં નિમેષ રહિત ચક્ષુ વડે (તેનેજ) જોતો જોતો, સ્તબ્ધ થઈ ગયો હોય વા ચિત્રેલો હોય તેમ એ બહુવાર સુધી ઉભોજ રહ્યો; અને અંગ ધારણ કરવાને જાણે શક્તિમાન્ ન હોય, મૂર્છાએ જાણે ઘેરાતો હોય, તથા ઇંદ્રિયોથી જાણે ત્યજાતો હોય તેમ, તરતજ અંગ ઢીલાં થઈ જવાથી ભૂમિ ઉપર બેસી જઈ, મનમાં કંઈ સ્મરણ કરતો હોય વા ધ્યાન કરતો હોય તેમ નિર્વિકાર વદને, લોચનમાંથી ચોધાર અશ્રુ પાડતો ગુપચુપ નીચે મ્હોંએ રહ્યો. તેની આવી અવસ્થા જોઈ અમારા હૃદયમાં ચિન્તા થઈ કે—વૃદ્ધકાળે ધીર બુદ્ધિવાળા પણ રસિક જન ગમે તેનાથી આકૃષ્ટ થાયછેજ તો પછી કુતૂહલથી ભરેલી પ્રથમ વયમાં આવેલાને એમ થાય તેમાં શું આશ્ચર્ય? માટે નક્કી આ અતિમનોહર ભૂમિ જોઈને પ્રસન્ન થયાથી આને આ આવી હૃદય-વિકૃતિ થઈ.—પછી થોડી વારે અમે એને એવું કહ્યું કે:—દર્શનીય વસ્તુઓની આ અવધિ જોઈ.[1] માટે ઉઠો; હવે આપણે સ્નાનવિધિ કરિયે. વાર બહુ થઈ ગઈ. સૈન્ય સર્વ સજ્જ થયું છે. પ્રયાણ કરવાને તત્પર થયેલી સર્વ સેના તમારી વાટ જોઈ રહીછે તો અદ્યાપિ વિલંબ કર્યાનુ શું ફલ છે?—આવું અમે કહ્યું તે છતાં પણ એ તો જાણે, અમારા શબ્દ સાંભળ્યા ન હોય, જડ બની ગયો હોય, મૂગો હોય કે બોલતાં ન શીખ્યો હોય તેમ કંઈ પણ ઉત્તર આપ્યા વિના, નિમેષ•રહિત પક્ષ્મ વાળી, નિશ્ચલ તથા સ્તબ્ધ કીકી વાળી, ચોધાર અશ્રુ પાડતી, જાણે ચિત્રેલી આંખે કેવલ તેજ લતામંડપને જોતો જોતો બેસી રહ્યો.[2]

---

૧. જુઓ પૂર્વભાગ પૃ. ૧૬૪ લી. ૧—૪. ૨. વાંચનારને યાદ હશે કે પુંડરીક મહાશ્વેતાને દેખી વિહ્વલ બન્યો હતો ત્યારે અચ્છોદ પાસે એક લતામંડપમાં સૂતો હતો તથા ત્યાંજ મરણ પામ્યો હતો. (જુઓ પૃ. ૧૯૭

ફરી ફરીને અમે એને આવવાને સારૂ આજીજી કરી ત્યારે ત્યાંની ત્યાંજ દૃષ્ટિ રાખી અમને નિશ્ચયથી નિષ્ઠુર શબ્દોમાં એ કહેવા લાગ્યો કેઃ—હું તો આ પ્રદેશમાંથી આવનાર નથી. આપ સૌ સૈન્યને લઇને જાઓ. ચંદ્રાપીડના ભુજબલથી રક્ષિત મહાસૈન્યને, તેના ગયા પછી રાખીને આ ભૂમિમાં તમારે ક્ષણ પણ રહેવું યોગ્ય નથી.—આવું એણે કહ્યું ત્યારે—અકસ્માત્ કંઇક આને દૈવયોગેજ વૈરાગ્ય-કારણ ઉત્પન્ન થયું—એમ શંકા કરી, અનુનય સહિત પુનઃ પુનઃ અમે એને આવવાને સમજાવવા લાગ્યા, અને એવા અસંબદ્ધ અનુષ્ઠાનથી પીડા પામી નિષ્ઠુર શબ્દ પણ કહેવા લાગ્યા કેઃ—અમારે તો આમ રહેવું યોગ્ય નથી, પણ તમે મહારાજ તારાપીડથી નિર્વિશેષ શુકનાસથી જન્મેલા, દેવી વિલાસવતીના ખોળામાં લાડેલા, દેવ ચંદ્રાપીડની સાથે એકત્ર ઉછરેલા, તથા વિદ્યાગૃહમાં મહાયત્નથી એ પ્રકારે શીખેલા એટલે તમને તો આ ઘટે કે તમારા જ્યેષ્ઠ ભાઇ, મિત્ર, વ્હાલા સ્વામી, જગન્નાથ ગુણવાન્ (ચંદ્રાપીડ) તમને સર્વ અર્પણ કરીને ગયા પછી તેનો ત્યાગ કરી તમારે અહીં રહેવું!! બીજું કોણ આવો યુક્ત અયુક્તનો વિચાર કરે?[1] અમારો તમારા ઉપરનો સ્નેહ તથા ભક્તિ તો કોરે રહ્યાં. પણ આ શૂન્ય અરણ્યમાં તમને એકલા મુકીને અમે જઇયે તો ચંદ્ર-શીતલ પ્રકૃતિના મહારાજ ચંદ્રાપીડજ અમને શું કહે? શું ચંદ્રાપીડ ને તમે જુદા છો?—માટે આ સંમોહ ત્યજી દો અને ચાલવાનો વિચાર કરો.—આવું અમે કહ્યું ત્યારે જરા વિલક્ષ-હાસ યુક્ત વચનથી અમને એણે પ્રત્યુત્તર દીધો કેઃ—શું હું એટલુંએ નથી સમજતો કે આપ મને આવવાને સમજાવોછો? વળી ચંદ્રાપીડના વિના હું ક્ષણ પણ અન્યત્ર રહી શકું એમ નથી. એજ હું યથાર્થ સમજુ છું. તોપણ શું કરૂં? આજ ક્ષણે મ્હારૂં પ્રભુત્વ સર્વત્ર જતું રહ્યું છે. કેમકે કંઇક જાણે સાંભરી આવતું હોય તેમ મ્હારૂં

લી. ૫, પૃ. ૨૦૧ લી. ૨૦, તથા પૃ. ૨૧૦ લી. ૧૬ વિ૰) આગળ સમજાશે કે આ વૈશમ્પાયન પુંડરીકનોજ અવતાર હતો માટે તેને પૂર્વ જન્મનું કંઇક અવ્યક્ત પણ સ્મરણ જેવું-ભાન જેવું-થવાથી આ લતામંડપને જોઇને આવો વિકાર થયો એમ કવિની સૂચવવાની ઇચ્છા જણાયછે. ૧. આ વક્રોક્તિ છે. વૈશમ્પાયને કહ્યું કે તમારે અહીં રહેવું ઘટતું નથી. તે ઉપરથી વૃદ્ધ રાજાઓ તેને કહેછે કે ખરૂં સ્તો; અમારે તો રહેવું યોગ્ય નહિ અને તમારે આમ એકલાં રહેવું એ યોગ્ય! શા યોગ્ય અયોગ્ય સમજનારા!!

મન અહીંથી બીજે કહીં પ્રવર્તતું નથી. દૃષ્ટિ જાણે કંઈક જોતી હોય તેમ અન્યત્ર ખસતી નથી. હૃદય જાણે કહીંક આસક્ત થયું હોય તેમ કંઇ પણ સમજતું નથી. સાંકળથી બાંધેલા હોય તેમ ચરણ એક પગલું પણ ભરવાને શક્તિમાન્ નથી. અને શરીર જાણે આજ સ્થાને જડાઇ ગયું છે. એટલે મ્હારી મેળે તો હું આવવાને અસમર્થ છું. હવે જો આપ બલાત્કારે મને લઇ જવા ધારતા હો તો તેમાં પણ, આ પ્રદેશમાંથી ખસ્યા પછી મ્હારો જીવ રહે એમ મને આશા નથી. પણ જો હું અહીં રહિશ તો જે આ અંદર હૃદયમાં કંઇક કળી શકાય નહિ એવું થાયછે—જેનાથીજ હું ગ્રસ્ત છું—તે વડેજ અવશ્ય મ્હારા પ્રાણ ટકશે એમ હું ધારૂં છું; માટે હવે આજીજી રહેવા દો. આપ જાઓ, અને જીવિત પર્યંત ચંદ્રાપીડના દર્શનનું સુખ તૃપ્તિ થતા સુધી ભોગવો. મુજ અલ્પપુણ્યનું તો એ પ્રાપ્ત છતાં પણ કરતલમાંથી દૈવે આમ છીનવી લીધું છે.—આવું સાંભળી કૌતુક ઉત્પન્ન થવાથી પુનઃ પુનઃ અમે એને પૂછ્યું કેઃ—શા કારણથી તમે આમ બોલો છો ને દેવ ચંદ્રાપીડની સમીપ આવતા નથી?—ત્યારે એણે કહ્યુંઃ—હું આમ બોલતાં શરમાઉં છું, તથાપિ મિત્ર ચંદ્રાપીડનાજ જીવના મને સમ છે જો હું કંઇ જાણતો હોઉં કે શા કારણથી અહિંથી જવાને હું અશક્ત છું. વળી આ વૃત્તાન્ત આપની પણ પ્રત્યક્ષજ બનેલો છે, માટે આપ પધારો.—એટલું કહી શાન્ત પડ્યો.

ક્ષણ એક પછી ઉઠીને, એ સર્વ અતિરમણીય વૃક્ષતલમાં, લતાગૃહમાં, સરોવરને તીરે અને તે દેવાલયમાં કંઇક જાણે નષ્ટ વસ્તુ શોધતો હોય તેમ બીજે કહીં દૃષ્ટિ ફેરવ્યા વિના એ ફરવા લાગ્યો. પછી બહુ વાર સુધી ફરીને અંતર્માં ખિન્ન થઇ, નિર્વેદ સહિત ઉંચો નિશ્વાસ મુકી, ફરીથી એ પાછો લતા-મંડપમાં જઇને બેઠો. અમે પણ એને સમજાવવાની આશાએ લતાઓની સમીપ ઉભાજ રહ્યા. અને બેએક પ્રહર ઉપરાંત થયા પછી જ્યારે શરીરસ્થિતિ કરવાને અમે એને વિનતી કરી ત્યારે એણે ઉત્તર આપ્યો કેઃ—મિત્ર ચંદ્રાપીડને આ પ્રાણ સ્વજીવિત કરતાં પણ ખરેખર વધારે વ્હાલા છે. તેથી, જો બલાત્કારે પણ મને એ ત્યજી જતા હોય તોએ એમને રોકી રાખવાને મ્હારે પ્રયત્ન કરવો જોઇએ. પણ જતા નથીજ એટલે શું? મ્હારે ચંદ્રાપીડના દર્શનનુંજ કામ છે મૃત્યુનું નથી. માટે આમાં તમારે આજીજી કરવાની જરૂર નથી.—એમ કહી, ઉઠીને સ્નાન કરી, કંદમૂલ તથા ફલથી એણે વનવાસને ઉચિત ભોજન કર્યું.

એણે સ્નાન ભોજનાદિક કર્યું ત્યાર પછી અમે પણ કર્યું, અને આવાજ ક્રમમાં રાત દિવસ—આ શું છે?—એમ એના વૃત્તાન્તનુંજ ચિન્તન કરતા, અંતઃકરણમાં વિસ્મય પામતા, ત્રણ દિવસ ત્યાં અમે રહ્યા; પછી એના આવવાની કે એને તેડી લાવવાની કંઈ આશા રહી નહિ એટલે ભાથુ વિગેરે સારી રીતે આપી એના શરીર-રક્ષકોને ત્યાં રાખીને અમે અહીં આવ્યા. આગળથી અમે કોઈ દૂત ન મોકલ્યો તેનું એક કારણ તો એ કે આપ માર્ગમાં જતા હો ત્યાં એ પહોચી શકેજ નહિ, અને બીજું એ કે બહુ દિવસે આપ નગરમાં માત્ર પેઠાજ હો એટલામાં આપને પુનરાગમનનો ક્લેશ થાય નહિ.

સ્વપ્નમાં પણ ન ધરાય એવો આ વૈશમ્પાયનનો વૃત્તાન્ત સાંભળી ચંદ્રાપીડના હૃદયમાં સાથેજ ઉદ્વેગ તથા વિસ્મય ઉત્પન્ન થયો અને એણે વિચાર્યું કે—સર્વ પરિત્યાગ કરીને વનવાસનેજ શરણ થવાના આવા વૈરાગ્યનું શું કારણ હશે! મ્હારો પોતાનો કંઈ વાંક થયો હોય એમ તો મને લાગતું નથી. પિતાના પ્રસાદથી મ્હારી પેઠે એને પણ સર્વ રાજાઓ ચરણતલે ચૂડામણિ-સ્પર્શ કરીને અર્ચન કરેજ છે. મ્હારી પેઠે એને પણ ઇચ્છાથી અધિક સર્વ ઉપભોગમાં કંઈ પણ ન્યૂનતા રહેતી નથી. મ્હારી પેઠે એની પણ આજ્ઞાનું કોઈ ઉલ્લંઘન કરતુંજ નથી. હું જેમ પ્રસાદ આપુંછું તેમ એ પણ આપેજ છે. અપરાધી જન જેમ મ્હારાથી તેમ એનાથી પણ બ્હિયેજ છે. મ્હારે તેમ એને પણ સર્વ પ્રકારની સંપત્તિ છે. એને પણ જોઈને જાણે મને જોતા હોય તેમ લોકોને સ્પૃહા ઉત્પન્ન થાયછે. શું, આવતાં આવતાં પિતાએ, માતાએ, આર્ય શુકનાસે કે મનોરમાએ તનય-સ્નેહને ઉચિત સદ્ભાવથી એની સંભાવના નહિ કરી હોય? અધિક વિનય ઇચ્છતા તાત શુકનાસે કંઈ પીડાકારી કહ્યું હશે? કે માર્યો હશે?—એમ હોય તોપણ એ કંઇ એવો નિઃસ્નેહ, કે પિશુન સ્વભાવ વાળો, કે ગુરુજન ઉપર ભક્તિ વિનાનો, કે ગુણ-ગ્રહણ કરવામાં વિમુખ, કે તરલ ચિત્તનો, કે યત્ કિંચન કરનાર, કે અધમ પુરુષના જેવો ક્ષુદ્ર પ્રકૃતિનો, કે ધનાઢ્યનો પુત્ર હોવાથી ગર્વિત થયેલો, કે દુઃશિક્ષિત, કે દુર્વિનીત, કે એકનો એકજ પુત્ર હોવાથી લાડકવાયો થઇ ગયેલો—નથી કે જન્મસમયથી આજ સુધી સર્વ ઉપકાર કરનાર ગુરુજનને આવો ખેદ ઉત્પન્ન કરે અથવા સંબંધ તોડી નાંખે. વળી આવા વૈરાગ્યનો પણ આ સમય નથી. હજી એ વિદ્વજ્જનને ઉચિત ગૃહસ્થાશ્રમમાં જ નથી પેઠો; હજી એણે દેવ,

પિતા તથા મનુષ્યોનું ઋણ પણ ઉતાર્યું નથી; અને ઋણ મુક્ત થયા વિના ત્રણે ઋણ લઈને એ ક્યાં જશે? નથી એણે પુત્ર પૌત્રની સંતતિથી વંશની પ્રતિષ્ઠા કરી. નથી એણે અનન્ત દક્ષિણા આપી મહાયજ્ઞો કર્યા. નથી એણે ધર્મશાલા, કુવા, વાવ, મહેલ, તળાવ, વાડી વિગેરે કરીને પૃથ્વીને અલંકૃત કરી. નથી એણે કલ્પ કાળ સુધી રહે એવો, દિશાઓમાં પથરાતો યશ પ્રાપ્ત કર્યો. નથી એણે સેવા કરીને ગુરુઓને સુખ આપ્યું. નથી એણે વ્હાલા બંધુજનને ઉપકાર કર્યો. નથી સ્નેહીઓને નિર્વિશેષ વિભવ આપ્યો. નથી સાધુઓની વૃદ્ધિ કરી. નથી અનુજીવિ જનને ભાગ આપ્યો. નથી અભ્યાગતોની તૃષા મટાડી. નથી એણે કામિનીઓ જોઈ વા સાંભળી. નથી એણે જન્મીને સંસાર-સુખનો લાવો લીધો. નથી એણે પુરુષાર્થનાં સાધન–ધર્મ, અર્થ, કામ–માંથી એક પણ મેળવ્યું.—ત્યારે એણે આ શું કર્યું?

એમ અંતઃકરણ ઉભરાયાથી વિચાર કરતાં કરતાં બહુ વાર સુધી તેજ વૃક્ષતળે બેસી રહ્યા પછી પોતે શૂન્ય હૃદય છતાં પણ ઉચિત પ્રસાદ, સંમાન તથા સંભાવના કરી સર્વે રાજ લોકને વિદાય કરી ઉઠ્યો, અને તેજ ક્ષણે રચેલા એક મંડપમાં પેઠો. ત્યાં ઉંચાં ઉંચાં તોરણ ઉપર ચંદન-માલાઓ બાંધેલી હતી. બંને બાજુએ મુકેલા, મુખસુધી પૂર્ણ હેમ-કલશ-માંથી પલ્લવ બ્હાર નીકળતાં હતાં. દ્વાર પાસેથીજ માર્ગ જલ છાંટીને સ્વચ્છ કરેલો હતો. તેની અંદર અને બ્હાર સુગંધિ પુષ્પ પાથરેલાં હતાં. કર્મકર લોક[1] વિવિધ ઝારિયો લઈ આમ તેમ ફરતા હતા. મણિ-ચામર, વ્યજન, રત્ન-પાદુકા વિગેરે ઉપકરણ હાથમાં લઈને વારાંગનાઓ ત્યાં ચાલતી હતી. મદની સુવાસથી દિશાઓને ભરી નાંખતો ગંધમાદન રાજ-હસ્તિ તેની એક બાજુએ ચંદરવાની તળે ઉભેલો હતો. બીજી બાજુએ વળી ઇંદ્રાયુધને રહેવાનું સ્થાન રચેલું હતું. બ્હારનું આંગણું ભૂપતિને બેસવાની હાથણીઓથી ભરાઈ ગયું હતું. સર્વ દ્વાર પાસે બહુ છડીદાર ઉભેલા હતા. તેના મહત્વને લીધે, તેની ગંભીરતાને લીધે તથા ભેગાં થયલાં અનેક સત્વને[2] લીધે તે મહાજલનિધિ જેવો દેખાતો હતો; કેમ જે, યામદર્શક[3] અનેક ગજઘટાને લીધે જાણે તટવન યુક્ત હોય, ગંધમાદનને લીધે જાણે અંતઃપ્રવિષ્ટ મહાશૈલ સહવર્તમાન હોય, સસંભ્રમ ફરતા કર્મકર

---

૧. મજુર લોક. ૨. સત્વ=જલચર આદિ પ્રાણી (સમુદ્રમાં); (અહીં) મનુષ્ય આદિ. ૩. યામ=પ્રહર. જુઓ પૃ. ૧૧૪ નો. ૨.

લોકની ઉપરા ઉપરી આવતી જતી હારોને લીધે જાણે તરંગમય હોય, પ્રાહરિક જનનાં[1] ઉભેલાં ટોળાંને લીધે જાણે જલભ્રમરથી ભરેલો હોય, સુંદર સ્ત્રિયોને લીધે જાણે સલક્ષ્મીક[2] હોય, મહા પુરુષોને લીધે જાણે સરત્ન હોય, શ્વેત ધ્વજાઓને લીધે જાણે હંસમાલા યુક્ત હોય, પુષ્પ-સમૂહને લીધે જાણે ફીણના ઢગથી છવાયલો હોય, તથા હરિની પેઠ **અનંત ભોગના પરિકર સમેત હોય એવો તે શોભતો હતો.**[3]

તેની અંદર પ્રવેશ કીધો કે તરતજ, શરીર-સંસ્કાર નહિ કીધાથી મલિન વેષ તથા ઉદ્વેગયુક્ત દીન મુખવાળી વારાંગનાઓ, યામિક લોક તથા કર્મકર લોક આમ તેમથી એને પ્રણામ કરવા લાગ્યા; (પણ) પોતે તો શાંન્ત રહી, છડીદાર જેવા મદ-સુગંધે સૂચવેલા ગંધમાદન તરફ શૂન્ય દૃષ્ટિ કરી, ધીમે ધીમે શયનગૃહ ભણી ચાલ્યો. ત્યાં જઈને વસ્ત્રાદિક ઉતારી શયન ઉપર સૂતો એટલે સેવક જન વ્યજનથી પવન નાંખવા લાગ્યા, તથા અંગ ચાંપનારા ધીમે ધીમે માર્ગનો શ્રમ ઉતારવા લાગ્યા; (પરંતુ) આખી રાતનો ઉજાગરો પડ્યાથી ખિન્ન થયા છતાં, મહાદુઃખને લીધે નિદ્રાસુખ નહિ મળવાથી પુનરપિ એ અન્ય દુઃખ ઉત્પન્ન કરનાર ચિન્તામાંજ પડ્યો કે:—જો હું માતા પિતાની અનુજ્ઞા વિના, એમને એને મ્હોટા શોકસાગરમાં નાંખીને, તથા પુત્ર-વિરહના શોકથી વિહ્વલ થયેલા તાત શુકનાસને અને માતા મનોરમાને આશ્વાસન કર્યા વિના, આજ પ્રદેશ-માંથી જતો રહું તો મેં પણ વૈશમ્પાયનના જેવું કર્યું કહેવાય. અહીંથી પાછો ફરીને જાઉં, તો મને શંકા થાયછે કે જવાની આજ્ઞા મળશે નહિ. માટે હવે શું કરવું?—અથવા, એ નહિ આજ્ઞા મળવાની શંકા મ્હારી ખોટીજ છે; પ્રિય મિત્રે પોતાનો તથા મ્હારો ત્યાગ કરતાં પણ, અન્ય પ્રકારે ગમન ઉત્પન્ન કરી, કાદમ્બરી સમીપ જવાના ઉપાયની ચિન્તામાં હું આકુલ થયોછું તેમાં મને ઉપકારજ કર્યોછે. હવે હું વૈશમ્પાયનને પાછો લાવવા જાઉં તેમાં પિતા મને વારી શકે એમ નથી, માતા પણ (વારી શકે એમ નથી,) તેમ આર્ય શુકનાસ પણ (અટકાવી શકે એમ નથી). અને

---

૧. પેહેરેગીરનાં. (પોલીસનાં.) ૨. લક્ષ્મીસહિત. ૩. હરિ=વિષ્ણુ; અનંત=શેષનાગ; તેની ભોગ—ફેણ, ઉપર સુવેછે. અહીં અનંત=અસંખ્ય ભોગ=વિલાસ. વાંચનારને સ્પષ્ટ જણાશે કે જલનિધિ સાથે સાદૃશ્ય યથાર્થ બેસે માટે ઉપમાન પદમાં 'તટવન,' 'મહાશૈલ,' 'તરંગ,' 'જલ-ભ્રમર,' 'લક્ષ્મી' વિગેરે મુકેલાંછે જે સર્વ સમુદ્ર સાથે સંયુક્ત છે.

અહીંથી ગયો કે વૈશમ્પાયનની સાથે તેજ બાજુએ થઇને હું આગળ જઇશ.—આવો નિશ્ચય કરી, તત્કાળ થયેલા વૈશમ્પાયનના વિયોગ-દુઃખને પરિણામે સુખકર ઔષધની પેઠે સારૂં માની, ક્ષણ એક વાર વિશ્રામ લઇ, અંગને સુખ થયું એટલે, તૃતીય અર્ધયામનો શંખનાદ થતાં, નિત્ય કર્મ કરવાને પોતે ઉઠ્યો.

ઉઠીને,—જ્યાં કાદમ્બરી ત્યાંજ વૈશમ્પાયન છે—એમ પોતાના ધૈર્યના બલથીજ હૃદયને ધારી રહી, શૂન્ય અંતઃકરણે ફરીથીજ સર્વ રાજલોકને ભેગા કરી એણે સ્નાન ભોજનાદિક કર્યું. આહાર કર્યા પછી, અંતર્માં જ્વલતા મદનાગ્નિને તથા વૈશમ્પાયન-વિરહના શોકાગ્નિને બ્હાર પણ સંતાપ આપવામાં જાણે સાહાય્ય કરવા સારૂ સૂર્ય જ્યારે—ઉપર રહે રહે આઠે દિશાઓમાં સાથેજ કર પ્રસારીને અયત્નથીજ અતિ કષ્ટદાયક સંતાપ ઉત્પન્ન કરૂં—એમ જાણે વિચારીને ગગનતલના મધ્યભાગમાં આવ્યો; તડકાના આકારમાં રવિ-કિરણ જ્યારે ઉનો ઉનો જાણે રૂપાનો રસ નાંખવા લાગ્યા; આતપ-કણિકાઓ જ્યારે શરીરને ભેદીને જાણે અંદર પ્રવેશ કરવા લાગી; ભેગાં થતાં પ્રાણિયોના સમૂહ સહિત વૃક્ષચ્છાયા જ્યારે તલપ્રવેશને લીધે સંકોચાવા લાગી;[1] દૃષ્ટિ જ્યારે બ્હાર જોવાને પણ અશક્ત થવા લાગી; દિશાઓ જ્યારે જાણે બળવા લાગી; ભૂમિ જ્યારે દુઃસ્પર્શ થવા લાગી; માર્ગ ઉપર અવર જવર શૂન્ય થવા લાગ્યો; વટેમાર્ગુઓ જ્યારે સાંકડી વાવ અને ઝુંપડિયોની અંદર જલપાન કરવાને ભેગા થવા લાગ્યા; તાપથી હાંફતાં હાંફતાં પક્ષિયો જ્યારે પોતપોતાના માળામાં ભરાઈ ગયાં; મહિષ-વૃંદ તળાવની અંદર જલમાં ઉતર્યાં; કમલ-પત્રના કડકા તથા રેસાથી છવાઇ ગયેલા, અને સ્વેચ્છાએ હલાવતાં ઉખડી ગયેલા મૃણાલ-દંડના કડકાથી દંતુર થયેલા, સરોવરના પંકમાં હાથીનાં ટોળાં જ્યારે જવા લાગ્યાં; કામિનીઓના કપોલના ઉપાન્ત જ્યારે રક્ત કમલ જેવા શોભવા લાગ્યા; ઉષ્ણતાથી ઉત્પન્ન થતી જલ-કણિકાની હાર, ભાગેલાં મોતીના ભૂકા જેવી જ્યારે દીસવા લાગી; ચંદ્રિ-

---

૧. આજ વિચાર નીચેના શ્લોકમાં છેઃ—

छाया संश्रयते तलं विटपिनां श्रान्तेव पान्थैःसमम् ।
मूलं याति सरोजलस्य जडता ग्लानेव मीनैः सह ॥
आचामत्यहिमांशुदीधितिरपस्तप्तेव लोकैः समम् ।
निद्रा गर्भगृहं सह प्रविशति क्लान्तेव कान्ताजनैः ॥

કા જ્યારે સાંભરી આવવા લાગી; તુષારના ગુણ ગવાવા લાગ્યા; મેઘ-સમયના આગમનની વાઞ્છા થવા લાગી; દિવસ-પરિણામની ઇચ્છા થવા લાગી; અને સંધ્યાસમય જોવાને હૃદય જ્યારે ઉત્સુક થવા લાગ્યાં,—ત્યારે ચંદ્રાપીડ ઉઠીને સરોવરને તીરે રચેલા એક જલમંડપમાં ગયો. ત્યાં અહર્નિશ જલધારાનો વર્ષાદ પડવાથી સૂર્યકિરણનો સંતાપ દૂર થયેલો હતો. તેની આસપાસ, પરંપરાએ પડતી અવિચ્છિન્ન ધારાના વેગથી વહેતી નદી જેવી એક નેહેર આવી રહેલી હતી. અંદર લટકાવેલાં જલજંબુ-પ્રવાલથી તેમાં અંધકાર થઈ રહ્યો હતો. તેમાંના સર્વ સ્તમ્ભ ઉપર લટકતાં કુસુમ તથા પલ્લવ વાળી લતાઓ વીંટાળેલી હતી. જાડા હરિચંદન-રસના લેપથી તે ભીનો રહેલો હતો. સમસ્ત ભૂતલ ઉપર મરકત જેવાં શ્યામ કમલ-પત્ર પાથરેલાં હતાં. સુગંધિ તથા સરસ પ્રફુલ્લ કમલના ઢગ ત્યાં વેરેલા હતા. સરસ બિસ-દંડ (અહીં તહીં) મુકેલા હતા. આમ તેમ વર્ષતી શૈવલ-પ્રવાલ-મંજરીને લીધે ત્યાં અકાલ મેઘ-સમયની રચના કરેલી હતી. તત્કાલ સ્નાન કર્યાથી ભીના થયેલા કેશપાશ વાળી, જલદેવતા જેવી બહુ વારાંગનાઓ ત્યાં ઉભેલી હતી જેમણે સુગંધિ કોમલ જલાર્દ્ર વસ્ત્ર ગ્રહણ કીધાં હતાં; પાતળા પાતળા ચંદન-લેપથી જે મનોહર દીસતી હતી, હાર તથા વલયનાંજ માત્ર જેમણે આભૂષણ રાખ્યાં હતાં, કુંળા શૈવલ-પ્રવાલ જેમણે કર્ણે પેહેર્યા હતા, અને મૃણાલના વ્યજન, કર્પૂરનો ભૂકો, હરિચંદન, ચંદ્રકાન્ત મણિનાં દર્પણ વિગેરે ઉપકરણ જેમણે હાથમાં લીધેલાં હતાં. વળી (શીતલતાને લીધે) તે (મંડપ) ઉષ્ણ કાલનું જાણે પરિભવ-સ્થાન હોય, શીતકાલનું જાણે મુખ્ય કારણ હોય, વારિધરોનો જાણે નિવાસ હોય, રવિકિરણનો જાણે તિરસ્કાર હોય, સરોવરનું જાણે હૃદય હોય, હિમાચલનો જાણે સહોદર હોય, શિશિરતાનું જાણે સ્વરૂપ હોય, રાત્રિયોનો જાણે આવાસ હોય, તથા દિવસનો જાણે પ્રત્યાઘાત હોય એવો શોભતો હતો.

ત્યાં અતિરમ્યતાને લીધે ક્ષોભ પામતી મદનની હજારો ઉત્કલિકા[1] થકી વિષમ બનેલો, તથા જલપાતની શીતલતાથી સળગેલા મિત્રવિયોગ રૂપી અગ્નિવાળો,[2] મહાસમુદ્ર જેવો ગંભીર, તે દિવસ એણે એકલે, મહા

---

૧ ઉત્કંઠા; જલ-તરંગ. ૨ સમુદ્રની તળે વડવાગ્નિ રહેછે એમ કલ્પેલું છે. આ બંને વિશેષણ દિવસને તેમજ સમુદ્રને લાગેછે.

મહા કષ્ટથી, સ્વધૈર્ય રૂપી યાનપાત્ર વડે[1] ઓળંગ્યો. પછી જ્યારે સંધ્યાકાળે સૂર્યપ્રકાશ લાલ લાલ થવા લાગ્યો ત્યારે બ્હાર આવી, જાડા ગોમયના લેપથી લીલા દીસતા, તથા મંદ મંદ વાતા પવનથી હાલતાં ધવલ પુષ્પ વડે શોભતા, શયનગૃહના આંગણામાં ક્ષણ એક સભા કરી પાસેના રાજાઓ સાથે વૈશમ્પાયન સંબંધીજ વાત કર્યા પછી,–બીજેજ પ્રહરે આપણે ચાલવું છે માટે સૈન્ય તૈયાર કરો–એમ સેનાપતિને આજ્ઞા કરી, તારા ઉગતાંજ સર્વ રાજલોકને વિદાય કરીને એ શયનગૃહમાં ગયો. થોડી વાર થઈ એટલામાં, બહુ દિવસ થયાં ઊજ્જયિની નહિ જોયાથી ઉત્સુક થયેલા સર્વે સૈન્યના લોક પ્રયાણ-નાન્દી વિના પણ સજ્જ થઈ ચાલવા લાગ્યા; અને પોતે પણ, નિદ્રાવિનોદ નહિ મળવાથી, ત્રીજા પ્રહરને આરંભેજ, અશ્વ તથા હાથણીઓનાં વાહનવાળા થોડા ઘણા રાજલોક સહિત જ્યાં સૈન્યની ભીંડ થોડી હતી તેવે માર્ગે ચાલ્યો. પછી માર્ગનીજ સાથે રજની જ્યારે ક્ષીણ થઈ, સર્વ વસ્તુઓ જાણે રસાતલમાંથી તરી આવવા લાગી, દૃષ્ટિ જાણે ઉઘડવા લાગી, જીવલોક ફરીથી જાણે અન્યથા સૃજાવા લાગ્યો,[2] નીચા ઊંચા પ્રદેશ વર્તાવા લાગ્યા, ગાઢ વન જાણે વિરલ વિરલ થવા લાગ્યાં, તરુલતાની ઝાડીઓ જાણે સંકોચાવા લાગી, ગગનતલમાં ચઢતી દિવસશ્રીના, લાક્ષારસથી રક્ત પાદ જેવું,—ઝાકળ પડ્યાથી પૂર્વ દિશા રૂપી લતાને ફુટતા નવા પલ્લવ જેવું,—કમલિની-ને રાગ દેનાર સૂર્યબિમ્બ જ્યારે દેખાવા લાગ્યું, અને પ્રભાત સમય જ્યારે સ્પષ્ટ થવા લાગ્યો ત્યારે સૈન્યના લોકનીજ સાથે એ ઉજ્જયિની પ્હોચી ગયો.

ત્યાં, દૂરથીજ, અંજલિ રચી રહેલા, ભેગા થતા અને ભેગા થયેલા, ટોળાં બાંધી ઉભેલા અને બેઠેલા, વળતા અને કેટલાંક શૂન્ય પગલાં ભરતા, પાછા ફરતા અને આવતા, ઉન્મુખ અને અધોમુખ, અશ્રુમય દૃષ્ટિવાળા અને વિવર્ણ તથા દીન વદનવાળા, 'મહાકષ્ટ' નો શબ્દ બોલતા અને અધિક દુઃખ થવાથી મૌન ગ્રહણ કરી રહેલા, નગરીમાંથી આવેલા, મુનિયોને પણ, મુમુક્ષુને પણ, વૈરાગીને પણ, નિઃસ્પૃહીને પણ, તટસ્થને પણ, અને દુર્જનને પણ,સ્નેહથી પરવશ થઈને,—પિતા હોય, મિત્ર હોય અને વ્હાલા બંધુઓ હોય તેમ–અતિ દુઃખથી વૈશમ્પાયનનોજ વૃત્તાન્ત પૂછતા, કહેતા, વિચારતા તથા ચિન્તન કરતા એણે ચોપાસ સાંભળ્યા.

---

૧ વ્હાણ વડે. ૨ સૃષ્ટિના સાધારણ નિયમથી નહિ માટે 'અન્યથા.

આ સાંભળીને એને વિચાર થયો કેઃ—બ્હારના લોકની પણ આ આવી સમવસ્થા છે તો પછી જેણે એને ખોળામાં લડાવ્યો હોય, ઉછેર્યો હોય કે એના બાલપણના મધુર શબ્દ સાંભળ્યા હોય તેની શી વાત? હવે મ્હારે વૈશમ્પાયન વિના તાત શુકનાસને કે માતા મનોરમાને મળવું એ અતિ કષ્ટદાયક છે.—એમ વિચારતો વિચારતો, અશ્રુથી ભરેલી દૃષ્ટિ નીચી રાખી, સર્વ વૃત્તાન્ત જોયા વિનાજ એ ઉજ્જયિનીમાં પેઠો. ઉતરીને રાજગૃહના દ્વારમાં પેસતાંજ એણે સાંભળ્યું કે દેવી વિલાસવતી સાથે રાજા આર્ય શુકનાસને મહેલ પધાર્યા છે. આ સાંભળી, પાછો વળીને ત્યાંજ એ ગયો. અને જતાં જતાં સમીપ આવી પહોચ્યો ત્યારે[1]—અરે પુત્ર વૈશમ્પાયન! હજી તો તું મ્હારા ખોળામાં લાડવા યોગ્ય બાળકજ છે ને કેમ તું એકલો, લાખ્ખો વાઘ વરૂથી ભયંકર લાગતા એ નિર્માનુષ—શૂન્ય—અરણ્યમાં રહ્યો? ત્યાં પણ, સર્વ ક્રૂર પ્રાણીને હણીને કોણે ત્હારા શરીરની રક્ષા કરી હશે? કોણે ત્હારી, દુઃખ શમાવનાર શરીર-સ્થિતિ કરી હશે? કોણે ત્હારે સારૂ નિદ્રાસુખ આપે એવું શયન રચ્યું હશે? તું ભૂખ્યો હોય, તરશો હોય, કે સુવા ઈચ્છતો હોય તેનું દુઃખ કોને લાગશે? બેટા! મ્હારો ઉત્સંગ મુકીને તેં તુજ સમાન સુખ-દુઃખ ભોગવે એવી વહૂ પણ નથી આણી! તું આવશે કે તરતજ ત્હારા પિતાને વિનતી કરી વહૂનું મુખ જોઈશ એમ મેં ધાર્યું હતું તેજ મને પુણ્ય વિનાનીને ન મળ્યું એટલુંજ નહિ પણ ત્હારૂંએ મુખદર્શન મ્હારે તો હવે દુર્લભ થયું! પુત્ર! જ્યાં તને રહેવાની રુચિ હોય ત્યાંજ મને પણ ત્હારા પિતાને વિજ્ઞપ્તિ કરીને લઈ જા. તને દીઠા વિના મ્હારાથી જીવાશે નહિ. તાત! બાલપણમાંએ તેં મ્હારી અવગણના કરી નથી ને અણચિન્તવ્યોજ કેમ તું આવો નિષ્ઠુર થઈ ગયો? જન્મથી આજ સુધી જેનું મુખ કદી કોપેલું જોયુંજ નથી તે તું કેમ આમ મ્હારા ઉપર અકસ્માતજ કોપીને આમ મને ત્યજીને રહ્યો છે? ગયેલો પણ આવ! હું તને પગે લાગું છું! ત્હારા વિના મ્હારે બીજો કોણ છે? શું દેશાન્તરના પરિચયથી અમારા ઉપરનો સ્નેહ તેં ઉતારી નાંખ્યો? ક્ષણ પણ જેને જોયા વિના તું રહેતો નહિ એ ચંદ્રાપીડ ઉપર કેમ ત્હારી આવી નિઃસ્નેહતા થઈ? બેટા! સુખી રાખવા યોગ્ય સર્વે ગુરુજનને દુઃખમાં નાંખ્યા એ તેં સારૂં કર્યું નહિ! હું

[1] "એણે મનોરમાને નીચેનો વિલાપ કરતી સાંભળી"—એમ અન્વય કરવો.

નથી જાણતી કે આમ કરવાથી તને શું મળશે.—આવાં વચનથી, તત્કાલ થયેલા પુત્રવિરહના શોકમાં વિહ્વલ બની જઇને અંતર્ભવનમાં બેઠે બેઠે, દેવી વિલાસવતીએ પોતે આશ્વાસન કરવા છતાં વિલાપ કરતી મનોરમાને એણે સાંભળી.

આવા એના અતિ કરુણ પ્રલાપ રૂપી વિષથી જાણે વિહ્વલ બની ગયો હોય—નિદ્રાના જાણે ઘેનમાં પડ્યો હોય—તેમ રાજપુત્ર નિશ્ચેતન થઇ ગયો. (પણ) મહા મહા કષ્ટે, સહજ સત્વનેજ આધારે પોતાને ધારણ આપી, મંદિરમાં પ્રવેશ કરી, પિતાને પણ મુખ દર્શાવતાં શરમાઇને, સર્વ અંગ સ્તબ્ધ હોવાથી મંદરાચલ જેવા શોભતા શુકનાસની સાથે મથનને અંતે શમી ગયેલા મહા સમુદ્ર જેવા પિતાને[1] નીચે મુખેજ પ્રણામ કરી આઘેજ બેઠો. તે બેઠો એટલે ક્ષણ એક વાર તેના સામુ જોઇ, અંતર્માં ભરાઇ આવતાં અશ્રુથી ગદ્ગદ થતા સ્વરે, વર્ષવાની તૈયારીમાં આવેલા મેઘની પેઠે રાજાએ કહ્યું:—વત્સ ચંદ્રાપીડ! હું જાણું છું કે ભાઈ ઉપર[2] તું ત્હારા જીવ કરતાં પણ અધિક પ્રીતિ રાખેછે. (પણ) કેવલ સુખના હેતુ વલ્લભજન તરફથીજ સંભવે નહિ એવી પીડા જો કદી થાય તો તેટલાથીજ મનુષ્ય શું ન કરે? માટે ત્હારા ભાઈ અને મિત્રનો આ—જન્મને, સ્નેહને, વયને, શીલને, જ્ઞાનને, ગુરુજનની આજ્ઞાને, વિનયને—સર્વેને અનુચિત વૃત્તાન્ત સાંભળીને મ્હારા હૃદયમાં ત્હારા દોષની શંકા ઉત્પન્ન થાયછે.[3]—આમ નરપતિ બોલતો હતો તેવામાંજ, સાથેજ શોક અને ક્રોધથી જેના મુખ ઉપર અંધકાર વ્યાપી ગયો હતો એવો શુકનાસ, વિદ્યુતને લીધે દુષ્પ્રેક્ષ્ય વર્ષાઋતુના આરંભ જેવો, કમ્પતા અધર સહિત જાણે ગર્જના કરીને વચ્ચે બોલ્યો કે:—

---

૧. એજ વિચાર સારૂ જુઓ પૃ. ૩૫ લી. ૨૦–૨૧. ૨. અર્થાત્ વૈશમ્પાયન ઉપર. ૩. તારાપીડ કહેછે કે આવો ડાહ્યો વૈશમ્પાયન અકારણ આમ વૈરાગ્ય ગ્રહણ કરીને રહે એ સંભવતું નથી. તેથી મને શંકા થાયછે કે કદાચિત્ તેં કંઇક એને પીડાકારક વચન કહ્યું હશે ને તેથી એને સંસાર ત્યજી દઇ વિરક્ત થવાનું મન થયું હશે; કારણ કે જે પ્રિયજને પોતાના બાંધવના સુખનીજ ઇચ્છા રાખવી ઘટે તેના તરફથીજ (કદી ધારી શકાય નહિ એવી) જ્યારે પીડા તે બાંધવને થાય ત્યારે માત્ર તે પીડાથીજ તે શું ન કરી શકે?—અર્થાત્ એ મ્હેણાનો કે દુઃખનો માર્યો તે ગમે તે સાહસ કરી બેસે, અને તેમજ ત્હારે લીધે વૈશમ્પાયને કદાચિત્ આમ કર્યું હશે.

મહારાજ ! ચંદ્રમાં જો કદી ઉષ્ણતા હોય, અગ્નિમાં અતિ શીતલતા હોય, સૂર્યમાં અંધકાર હોય, રાત્રિમાં દિવસ હોય, મહાસમુદ્રમાં શોષ હોય, શેષ નાગમાં પૃથ્વીનું અધારણ હોય, સાધુજનમાં પરાર્થે અનુદ્યમ હોય કે સ્વજનના મુખમાં અપ્રિય વચન હોય તો યુવરાજમાં પણ દોષ હોય !! માટે કેમ આમજ વગર વિચારે એ અનાત્મજ્ઞ—મૂઢ પ્રકૃતિવાળા—દુર્જાત—રાજાનું અહિત કરનાર—માતા પિતાનો ઘાત કરનાર—મિત્રદ્રોહી— કૃતઘ્ન—કર્મચાંડાલ—મહાપાતકીને લીધે અપિ કૃતયુગમાં અવતરવા યોગ્ય, ગુણવાન્, અતિ ઉદાર ચરિતના, આપના ચંદ્રાપીડને વિશે પણ શંકા કરો છો ? ગુણવાન્‌માં ઇતર જન પણ દોષની સંભાવના કરે એના કરતાં બીજું કંઇ અધિક કષ્ટદાયી પીડા-કારણ નથી તો પછી ગુરુજન (એવી સંભાવના કરે તે)ની શી વાત ? ગુણી હોય તેની તો ગુણથીજ આરાધના કરવી જોઇયે. એ પોતાનો ગુણવાન્ આત્મા (ગુરુજન વિના) બીજા કોને જણાવે ? વળી જન્મથીજ જે મહારાજના અને દેવી વિલાસવતીના ખોળામાં લાડયા છતાં પણ નિગ્રહમાં ન રહી શકયો તે—પવન જેવા દુર્ગ્રહ પ્રકૃતિવાળા—ને ચંદ્રાપીડ પણ શું કરી શકે ? એવા, શરીરમાંથી ઉત્પન્ન થતા મહા કૃમિ,[1] સર્વ દોષથી ભરેલા મહાવ્યાધિ, અંતરમાં વિષ રાખતા મહા સર્પ, વિનાશ આણનારા મહા ઉત્પાત, ભુજંગ-વૃત્તિ [વાળા] મહાવાયુ,[2] વક્રચારી મહાગ્રહ,[3] તમોમય પ્રદોષ,[4] મલિનાત્મક કુલ-પાંશુ, નિઃસ્નેહ ખલ,[5] નિર્લજ્જ ક્ષપણક, સંજ્ઞા રહિત પશુ,—વળી કાષ્ઠ રહિત અગ્નિ, ગુણ રહિત જાળવાળા,[6] તીર્થ રહિત જલાશય,[7] ગૌરવ રહિત કઠોર પ્રકૃતિ વાળા,[8] શિવમૂર્તિ રહિત મહા વિનાયક વડે અધિ-

---

૧ કીડા. ૨ ભુજંગ=જાર, લંપટ; સર્પ. વૃત્તિ=વર્તણુક; આહાર. સર્પ વાયુભક્ષી કહેવાયછે. જુઓ વૈરાગ્યશતક શ્લોક ૧૦—

हिंसाशून्यमयत्नलभ्यमशनं धात्रा मरुत् कल्पितम् व्यालानाम् वि०

૩ વક્રચારી=વાંકા ચાલનારા—એક વર્તણુકમાં, બીજા ગતિમાં. ૪ તમોમય=તમોગુણમય; તિમિરમય. ૫ અહીં શ્લેષ લઇએ તો લેવાય એમ છે. સ્નેહ—પ્રેમ—રહિત દુષ્ટ જન; સ્નેહ—તેલ—રહિત ખોળ. ૬ અહીંથી વિરોધાલંકાર છે. જાળ ગુણની—દોરીની—હોય માટે 'ગુણરહિત' એ વિરોધ. શમાવતાં 'ગુણ'નો સાધારણ અર્થ લેવો. ૭ જલાશયમાં તીર્થ—ઉતરવાનાં પગથીઆં—હોય. શમાવતાં તીર્થ=ગુરુ. ૮ કઠોર પ્રકૃતિવાળાને ગૌરવ—જડતા—હોય તે રહિત માટે વિરોધ. બીજો અર્થ 'માન.'

હિત[1]—પોતાની મેળેજ જન્મેછે.[2] તેઓ સકલંક ખડ્‌ગની પેઠ સ્નેહથીજ કઠિન થાયછે.[3] સ્વભાવે મલિન ગજ-ગંડસ્થલની પેઠે દાનથીજ અધિક અધિક મલિન થતા જાયછે. વર્તિ વિનાના મણિ-પ્રદીપની સમાન પ્રસાદ-થીજ પ્રજ્વલેછે.[4] અંગે લાગેલા ભુજની પેઠે દાક્ષિણ્ય-પરિગ્રહથીજ ઈતર [જન] વામ થાયછે.[5] ગુણ-મુક્ત બાણ જેવા સપક્ષાશ્રય ફલથીજ દૂર જાયછે.[6] સરાગ પલ્લવ જેવા, દિવસ ચઢવાથીજ અપરક્ત થાયછે.[7] ભૂતિથી સ્પૃષ્ટ દર્પણ જેવા અભિમુખ રહીને સૌ ઉલટું ગ્રહણ કરેછે.[8] અંતરમાં અસ્વચ્છ વૃત્તિના જલાશયની પેઠે ગાઢ અવગાહનથીજ કલુષ થાયછે.[9] સ્નેહીઓ સાથે પણ તેઓ અકૃપાલુ થાયછે; પ્રમાણિક સાથે

---

૧ શિવમૂર્તિ હોય ત્યાં વિનાયક—ગણપતિ—હોય; પક્ષે શિવમૂર્તિ—શુભમૂર્તિ-રહિત; મહા વિનાયક=મહા વિઘ્ન. ૨ આ વાક્યને સરલ રીતે મુકીએ તો એમ કહેવાય કે એવા દુષ્ટો જે મહા કૃમિની સમાન શરીરથી ઉત્પન્ન થાય છે......મહાવાયુની સમાન ભુજંગ-વૃત્તિ [વાળા] છે...... પ્રદોષના જેવા તમોમય છે......તે......વિ૦ ૩ ખડ્‌ગ સકલંક હોય-કટાયું હોય; આ લોકને કલંક—અપયશ—હોય. એવા ખડ્‌ગને સ્નેહ—તેલ—ચોપડેથી કઠિનતા આવે; આ લોક સ્નેહ—પ્રેમ—રાખવાથી ઉલટા કઠિન થતા જાય. ૪ વર્તિ=વાટ; (?). પ્રસાદ=સ્વચ્છતા; કૃપા અથવા અનુગ્રહ. ૫ ભુજ અંગે લાગેલા—શરીરે વળગેલા—તેમાંથી એકનો દાક્ષિણ્ય-પરિગ્રહ કરિયે,—એકને દક્ષિણ—જમણો—ગણિયે, તો ઈતર—બીજો—વામ થાય—ડાબો ગણાય. (બહુવચન બહુ દ્વંદ્વને અર્થે સમજવું.) ઈતર જન=અધમ વા પામર જન; તેઓ (આશ્રયદાયી જનને) અંગે વળગીને—તેમની સાથે રહીને દાક્ષિણ્ય—સભ્યતા વા માન—પામવાથી ઉલટા વામ થાયછે—દુષ્ટ આચરણ કરેછે. ૬ ગુણમુક્ત=પણછમાંથી ફેંકેલાં (બાણ); ગુણરહિત—દુર્ગુણી (મનુષ્યો). સપક્ષાશ્રય ફલ=પક્ષ—બાણનાં પીછાં—તેની સાથે રહેલું (બાણનું) ફલ—ફળું—અગ્રભાગ; સ-પક્ષ—મિત્ર—તેને આશ્રયે રહેલું—તેના થકી પ્રાપ્ત થતું—ફલ—લાભ, અથવા મિત્રના આશ્રય રૂપીજ લાભ. ૭ સરાગ=જુઓ પૃ. ૮૨ નો. ૫. દિવસ ચઢવાથી=(બીજો અર્થ) જેમ જેમ વયોવૃદ્ધિ થતી જાય તેમ તેમ, અપ-રક્ત=ફીકા; પ્રીતિરહિત. ૮ ભૂતિ=રાખ; તે વડે સ્વચ્છ કરીને અભિ-મુખ—સામે—રાખેલા દર્પણમાં જેમ ઉલટુંજ પ્રતિબિમ્બ પડે તેમ ભૂતિ—ઐશ્વર્ય—સંપત્તિ—નો સ્પર્શ થયા પછી એ ખલ પુરુષો અભિમુખ રહીને—બહારથી મિત્રતાનો ડોળ કરીને—સર્વ ઉલટુંજ ગ્રહણ કરેછે. ૯ જલમાં જેમ ગાઢ અવગાહન કરવાથીજ—ઉંડા ઉતરી બહુ સ્નાન કરવાથીજ—તે કલુષ થાય—ડોળાઈ જાય તેમ આ લોક સાથે ગાઢ

પણ વક્ર થાયછે; સાધુઓ સાથે પણ અસાધુ થાયછે; ગુણવાન સાથે પણ દુષ્ટ થાયછે; સ્વામી સાથે પણ સેવકભાવ રહિત થાયછે; વૈરાગી સાથે પણ ક્રુદ્ધ થાયછે; તૃષ્ણારહિત જનને પણ લૂટવા ઇચ્છેછે; મિત્રમાં પણ દ્રોહી થાયછે; વિશ્વસ્ત જનોનો પણ ઘાત કરેછે; ભયભીતને પણ પ્રહાર કરેછે; પ્રિયજન ઉપર પણ દ્વેષ રાખેછે; વિનીત સાથે પણ ઉદ્ધત થાયછે; દયાલુ સાથે પણ નિર્દય થાયછે; સ્ત્રિયો સાથે પણ શૂરા થાયછે; સેવક સાથે પણ ક્રૂર થાયછે; દીન સાથે પણ દારુણ થાયછે. વળી એ વિપરીત જનોને ગુરુ એજ લઘુ, નીચ એજ ઉચ્ચ, અગમ્ય એજ ગમ્ય, કુદૃષ્ટિ એજ સદ્દર્શન, અકાર્ય એજ કાર્ય, અન્યાય એજ ન્યાય, અસ્થિતિ એજ સ્થિતિ. અનાચાર એજ આચાર, અયુક્ત એજ યુક્ત, અવિદ્યા એજ વિદ્યા, અવિનય એજ વિનય. દુષ્ટ સ્વભાવ એજ સુશીલતા, અધર્મ એજ ધર્મ અને અસત્ય એજ સત્ય હોયછે. એવા ક્ષુદ્ર જનોની બુદ્ધિ બીજાને છેતરવા સારૂ હોયછે, જ્ઞાનને અર્થે નહિ; એમનું શાસ્ત્રજ્ઞાન માયાજાલને સારૂ હોયછે, શાન્તિને અર્થે નહિ; પરાક્રમ પ્રાણિયોના ઘાત સારૂ, ઉપકારને અર્થે નહિ; ઉત્સાહ ધન મેળવવા સારૂ, યશને અર્થે નહિ; સ્થિરતા વ્યસનના સંગ સારૂ, દીર્ઘ કાળ સુધી સમાગમને અર્થે નહિ; ધન-પરિત્યાગ કામને સારૂ, ધર્માર્થે નહિ.—વધારે શું કહું? સર્વે વસ્તુ એમને દોષાર્થે હોયછે—ગુણાર્થે નહિ.[1] માટે આ પણ આવોજ કોઈ અપુણ્યવાન્ ઉત્પન્ન થયો છે જેને આમ કરતાં વિચાર થયો નહિ કે હું ચંદ્રાપીડનો મિત્ર છું ને તેનો કેમ દ્રોહી થાઉં? આચાર-ભ્રષ્ટ થનારને દંડ કરનાર મહારાજા તારાપીડ, આમ કરવાથી હૃદયમાં પીડાઇને મ્હારા ઉપર કોપશે એમ પણ એણે મનમાં શંકા આણી નહિ! માતાનું જીવિત ધારણ કરનાર એકલો હુંજ છું અને મ્હારા વિના એને શું થશે?—એવું એ નૃશંસના હૃદયમાં લાગ્યું નહિ! પિંડ આપવાને પિતાએ મને વંશવૃદ્ધિને અર્થે ઉત્પન્ન કર્યો અને તેની અનુજ્ઞા વિના કેમ હું સર્વ પરિત્યાગ કરૂંછું?—

સંબંધ રાખવાથીજ તેઓ કલુષ—કપટી—થાયછે.'અંતર્માં' વિ૦ પણ બંને સાથે યોજવાનું છે. ૧ આજ વિચાર નીચેના શ્લોકમાં છે:—

विद्या विवादाय धनं मदाय ।
शक्तिः परेषां परिपीडनाय ॥
खलस्य साधोर्विपरीतमेतत् ।
ज्ञानाय दानाय च रक्षणाय ॥

એ પણ એ મૂર્ખની બુદ્ધિને સૂઝ્યું નહિ! આવી રીતે અસદ્ માર્ગમાં પ્રવૃત્ત થયેલા—નષ્ટાત્મ—એ વિમૂઢની કુદૃષ્ટિયે દુર્દૃશ્ય અદૃષ્ટ તો જાણે ન દીઠું પણ દીઠેલુંએ જેણે ન દીઠું તે—અજ્ઞાનના તિમિરથી અંધ બનેલા—ને શું કરવું? વળી એ જડ જેવાને મહા મહા યત્નથી દેવે પોપટની પેઠ ભણાવ્યો અને પાળ્યો છે!—અથવા, પક્ષિયો પણ વિનોદ આપીને, એમને શીખવવાનો શ્રમ સફલ કરેછે; તેઓ પણ ઉછેર્યાં હોય તો પોષણ કરનાર ઉપર સ્નેહ ભાવ રાખેછે; તેઓ પણ કૃતજ્ઞ હોયછે; તેઓ પણ પરિચયને અનુવર્તેછે; તેઓને પણ માતા પિતા ઉપર સ્વાભાવિક સ્નેહ હોયછેજ. પણ આને—આ ઉભય લોકથી ભ્રષ્ટ થયેલા, પાપી, દુર્જાતને—તો તેવું કંઈજ નથી!! એણે તો એ સર્વ નીચે મુક્યું!! વળી જે દુરાત્મા-એ જન્મીને આપણે સર્વેને કેવલ સુખ નથી આપ્યું એટલુંજ નહિ પણ આવા પ્રકારના દુઃખાર્ણવમાં નાંખ્યાછે તેને આવાં આચરણથી અવશ્યજ કોઇ પક્ષિયોનિમાં પડવાનું છે. જેમનું ચિત્ત સ્વસ્થ હોય તે સર્વે સ્વહિત અને પરહિતને અર્થે પ્રવર્તે છે. પણ આણે તો આપણને આમ દુઃખમાં નાંખતાં નથી સ્વહિત સંપાદન કર્યું, નથી પરહિત કર્યું! મ્હારી બુદ્ધિનેજ સૂઝતું નથી કે આ આત્મદ્રોહીએ આ શું કર્યું?—સર્વથા, એ પાપકર્મી—ગ્રહગૃહીત—આપણને દુઃખ દેવાજ અવતર્યો છે.—એટલું કહી, હેમન્તકાલની કમલિની જેવી, અશ્રુથી ભરેલી દૃષ્ટિ તથા કંપતા અધર સહિત, અંતરમાંથી બ્હાર નીસરવાને અશક્ત ક્રોધ રૂપી પૂરથી જાણે ફાટી જતો હોય તેમ, નિશ્વાસ મુકતો મુકતોજ એ (શાન્ત) રહ્યો.

એવી અવસ્થામાં તારાપીડે એને પ્રત્યુત્તર દીધો કે—(આપ) આર્યને અમારા જેવાએ ઉપદેશ કરવો એ પ્રદીપથી અગ્નિનો પ્રકાશ કરવા જેવું, દિવસ-પ્રકાશથી સૂર્યને પ્રભા આપવા જેવું, તુષાર-બિંદુથી શશીનું આલ્હાદન કરવા જેવું, મેઘજલબિંદુથી સાગર પૂરવા જેવું, અને વ્યજન-ના પવનથી વાયુને વધારવા જેવું છે!![1] તથાપિ, બુદ્ધિમાન્ હોય, બહુશ્રુત હોય, વિવેકી હોય, ધીર હોય કે સત્વવાન્ હોય તો પણ સર્વેનું મન, મહાદુઃખ આવી પડે ત્યારે, વર્ષાદના જલથી જેમ સરોવર તેમ, વિશુદ્ધ છતાં અવશ્ય કલુષ થઇ જાયછે; મન કલુષ થયાથી, 'આ શું છે?' એ સર્વ દર્શન નાશ પામે છે; ચિત્ત ચિંતન કરતું નથી; બુદ્ધિ બોધ પામતી નથી,

---

૧ અર્થાત્ તમે અમને શીખામણ દેવા યોગ્ય તેને બદલે અમારે તમને કંઈ કહેવું એ (આ દૃષ્ટાન્તની સમાન) વિપરીતજ કહેવાય.

ને વિવેક પણ વિવેચન કરતો નથી; માટે હું કહું છું.—બીજી લોકરીતિ તો અમારા કરતાં આપજ વિશેષ જાણો છો.—

શું, આ લોકમાં કોઈ એવો છે જેનું યૌવન નિર્વિકાર ગયું છે? યૌવનના અવતાર સમયે તો બાલભાવનીજ સાથે ગુરૂજન-સ્નેહ જતો રહેછે. વયનીજ સાથે અભિનવ પ્રીતિ વધે છે. વક્ષઃસ્થલનીજ સાથે વાઞ્છા વિસ્તાર પામે છે. બલનીજ સાથે મદ વૃદ્ધિ પામે છે. બાહુયુગલનીજ સાથે બુદ્ધિ સ્થૂલ થતી જાયછે. મધ્યનીજ સાથે જ્ઞાન કૃશતા પામેછે. ઊરૂ-દ્વંદ્વનીજ સાથે અવિનય વધતો જાયછે. શ્મશ્રૂનીજ સાથે, મલિનતા આણનાર મોહ ઉત્પન્ન થાયછે. આકારનીજ સાથે હૃદયમાંથી વિકાર પ્રકટ થાયછે.[1] તેથી, ધવલ છતાં પણ સરાગ ચક્ષુ[2] દીર્ઘ થતાં પણ દીર્ઘ દૃષ્ટિ કરી શકતાં નથી!! શ્રોત્ર અમલિન છતાં પણ તેમાં ગુરૂજનનો ઉપદેશ પ્રવેશ કરી શકતો નથી! હૃદય સ્ત્રીરાગી છતાં તેમાં વિદ્યાને અવકાશ મળતો નથી![3] અસ્થિર પ્રકૃતિની તરલતામાં એ (યુવાનો) સ્થિર રહેછે, અને પરિત્યાગ યોગ્ય વ્યસનમાં આસક્ત રહેછે.

સર્વ વિકારનું કારણ ઘણું કરીને સરસતા છે, અને તે સર્વેને જલ-પ્રાય કરતી કરતી વર્ષા[ા]ની અતિવૃદ્ધિથીજ ઉત્પન્ન થાયછે.[4] વળી દિવસ થકી દોષાગમ, દોષાગમ થકી દૃષ્ટિ-નિરોધ,[5] દૃષ્ટિ-નિરોધથકી અસત્ દર્શન, અસત્દર્શન થકી અવિવેક, અને અવિવેક થકી અસત્ માર્ગમાં

---

૧ આવાજ અલંકાર તથા દૃષ્ટાન્ત સારૂ જુઓ પૃ. ૧૦૧ લીટી ૧૯—૨૪. ૨ એજ વિચાર સારૂ જુઓ પૃ. ૧૩૭ લી. ૧૧. ૩ હૃદય સ્ત્રીરાગી છતાં વિદ્યા રૂપી સ્ત્રીને પ્રવેશ આપતું નથી! ૪ વિકાર=રોગાદિકનો ઉપદ્રવ; મનોવૃત્તિની વિકૃતિ. સરસતા=ભીનાશ; રસિકતા. જલપ્રાય વિ૦=જલ જલ કરી દેતી; અને ('डलयोःसावर्ण्यात्'–ડ તથા લ સમાન ગણાયછે માટે) જડપ્રાય=જડ બનાવી દેતી. વર્ષાની વૃદ્ધિથી= અતિશય વર્ષાદ થવાથી; વર્ષની વૃદ્ધિથી=વયની વૃદ્ધિ થવાથી. અર્થ—જેમ અતિશય વર્ષાદથી ઉત્પન્ન થતી તથા સર્વત્ર જલ જલ કરી દેતી સરસતા—ભીનાશ—સર્વ ઉપદ્રવનું મુખ્ય કારણ છે તેમ યુવાવસ્થાથી પ્રાપ્ત થતી તથા સર્વેને જડ બનાવી દેતી સરસતા—પ્રેમાર્દ્રતા—સર્વ મનોવિકારનું મુખ્ય કારણ છે. ૫ દિવસ પછી દોષા—રાત્રિ—આવે અને તેથી દૃષ્ટિ-પ્રસર બંધ થાય વિ૦ વિ૦; તેમજ દિવસની વૃદ્ધિ થયા પછી —વયોવૃદ્ધિ થયા પછી—દોષ ઉત્પન્ન થવા માંડે—મનોવિકાર વિગેરે થવા માંડે—જેથી મનુષ્ય યથાર્થ આલોકન કરી શકે નહિ વિ૦ વિ૦. શેષ ભાગ બંને સાથે લેવો.

પ્રવૃત્તિ થાયછે. અસત્ માર્ગમાં પ્રવૃત્ત થયેલું મોહાન્ધ ચિત્તભ્રમણ કરતાં કરતાં અવશ્યજ સ્ખલિત થાયછે. ચિત્ત સ્ખલિત થયું એટલે તેને વળગેલી લજ્જા પણ પડેજ છે, અને લજ્જાના આવરણ વિનાના શૂન્ય હૃદયમાં પ્રવેશ કરી તેને વશ કરતાં, દુર્નિવાર—સર્વ અવિનયના હેતુ-મદનને કોણ નિવારી શક્યું છે? વળી જેમ કામ વૃદ્ધિ પામતો જાય તેમ, સત્વજ નીચે જતું રહે એવાં હજારો છિદ્ર કેમ ન પડે? અને સત્વ નીચે ગયું એટલે કોને આશ્રયે રહીને શીલ ન પડે? શીલ ગયું એટલે વિનયને કોનો આધાર રહ્યો? નિરાધાર ધૈર્ય કરેએ શું? બુદ્ધિ ક્યાં સ્થિર રહે? અને અવષ્ટંભનું સમાધાન ક્યાં થાય? કોણે વળી બલથી ધારી રાખીને મન નિશ્ચલ કર્યું? કુમાર્ગે જતી ઇંદ્રિયોને કોણે નિયમમાં રાખી? જગત્ નિન્દે એવાં દુશ્ચરિત કોણે નિવાર્યાં? તમસ્ની વૃદ્ધિ કરનાર, દૃષ્ટિનો નાશ કરનાર, દોષ[l]નો સંસર્ગ કિયે પ્રકાશરૂપે દૂર કર્યો?[1] બહુદર્શિત્વ ન હોય ત્યારે જોવાયે શું? અને તેવા કાળનોજ યુવાવસ્થામાં અસંભવ એટલે બહુદર્શિત્વ આવે પણ ક્યાંથી કે જેથી અન્વય-વ્યતિરેક વડે નિશ્ચય કરી મલિનતાનો ત્યાગ થાય? વળી વૃદ્ધાવસ્થામાં પણ પુણ્યશાલી કેટલાક પુરુષોનાંજ, કેશની સાથે ચરિત ધવલ થાયછે. માટે મોહ જેનો વિષય છે એવા મહાસર્પ જેવું—મદવિકારયુક્ત ગંધગજ જેવું—દુર્વિલાસના એક રાજ્ય જેવું—રતિ-નિદ્રા-વિલાસના મહેલ જેવું—અભિનવ સ્નેહ રૂપી પલ્લવના ઉત્પત્તિ-સમયની લીલાથકી વૃદ્ધિ પામતાં દુરાચરણ ઉપર ચક્રવર્તિત્વ ભોગવતું—તારુણ્ય જ્યારે આવે ત્યારે અતિ વિષમ વિષય-માર્ગમાં પડેલા સર્વેને સ્ખલન થાયજ, તો, લાડ લડાવવા યોગ્ય અને પાળવા યોગ્ય બાલક ઉપર આપે શું કરવા આટલો મ્હોટો ક્રોધાવેશ આણીને, પુત્રસ્નેહને અનુચિત આવું આક્રોશયુક્ત ભાષણ કરવું જોઇયે? સ્વભાવસ્થામાં પણ ગુરુજનના મુખમાંથી જે શુભ વા અશુભ ઉચ્ચારણ થાય તે અવશ્ય શિશુજનને ફળ્યા વિના રહેજ નહિ. કેમકે ગુરુ એજ બાલકોના દેવ છે. ગુરુજનોએ દીધેલી આશિષ જેમ વરદાન રૂપ થાયછે તેમજ આક્રોશ શાપ રૂપ થાયછે.[2] માટે,કોપાવેશમાં વૈશમ્પાયનવિશે આપે એવું અતિપરુષ ભાષણ કર્યું ત્યારે મ્હારા અંતઃકરણમાં ભારે પીડા

---

૧ તમસ્=તમો ગુણ; અંધકાર. દોષ [l]—ઉપર પ્રમાણે. ૨ આ ઉપરથી કવિ એમ સૂચવે છે કે શુકનાસનો શાપ (જુઓ પૃ. ૩૫૩લી. ૧૩) ફળવો જોઇયે; અને તેમજ થયું છે એમ આગળ સમજાશે.

ઉત્પન્ન થઈ. આપણે પોતે ઉછેરેલાં વૃક્ષ ઉપર પણ આપણને સ્નેહ ઉપજે છે, તો પછી અંગમાંથી ઉત્પન્ન થયેલાં બાલકની શી વાત? માટે વૈશમ્પાયન ઉપરનો આ ક્રોધાવેગ ત્યજી દો. એણે કંઈ પણ વિરૂપ આચરણ તો કીધું નથી. સર્વ પરિત્યાગ કરીને ત્યાં રહ્યો છે, તેનું પણ કારણ જાણ્યા વિના કેમ આમ આપણાથી દોષપક્ષે નિરૂપણ થાય? કદાચિત્ એમ પણ બને કે આ જે, અવિનયથી ઉત્પન્ન થયું હોય તો દોષ ગણવા યોગ્ય છે—તેજ ગુણ હોય! માટે એને તેડાવો. આપણે જાણીએ તો ખરા કે એની વયને અનુચિત છતાં પણ આવો આ સંવેગ કેમ ઉત્પન્ન થયો? પછી જે યુક્ત હશે તે થશે.

તારાપીડનાં આ વચન સાંભળી ફરીથી શુકનાસ બોલ્યો:—મહારાજ! અતિઉદારતા તથા વત્સલતાથી આપ એવું કહો છો. (પણ) યુવરાજને ત્યજીને સ્વેચ્છાએ એ ક્ષણ પણ અન્યત્ર રહ્યો એનાથી બીજું શું વિરૂપ આચરણ જોઈયે છિયે?—શુકનાસ આમ બોલી રહ્યા પછી, પિતાની આ દોષ-સંભાવનાથી અંતરમાં જાણે કશાઘાત[1] થયો હોય તેમ અશ્રુપૂર્ણ દૃષ્ટિ સહિત, બેઠે બેઠેજ સમીપ જઈ ચંદ્રાપીડ ધીમે ધીમે શુકનાસને કહેવા લાગ્યો:—આર્ય! કહ્યું છે તે ઉપરથી જો કે હું જાણું છું કે મ્હારા દોષથી કંઈ વૈશમ્પાયન નથી આવ્યો એમ નથી તથાપિ પિતાએ (એમ) ધાર્યુંજ; અને બીજા કોને એમ નહિ લાગ્યું હોય? લોક, અને તેમાં વિશેષે કરીને ગુરુ જે માને તે મિથ્યા છતાં પણ સત્ય ગણવું. આ જગત્માં પ્રસિદ્ધિ દોષ કે ગુણની થાય તેમ તેનું ફલ અયશ કે યશ મળેછે; પરત્ર ફલદાયી પરમાર્થ ક્યાં જોવાય છે?[2] માટે આ દોષ-સંભાવનાના પ્રાયશ્ચિત્તને અર્થે આપ પિતા પાસેથી મને વૈશમ્પાયનને લેવા જવાની અનુજ્ઞા અપાવો. મ્હારી દોષ-શુદ્ધિ અન્યથા થાય એમ નથી; કારણ કે વૈશમ્પાયન નહિ આવે ત્યાં સુધી તાતની આ સંભાવના નહિ જાય, અને મ્હારા ગયા વિના વૈશમ્પાયન આવશે નહિ. બીજો કોઈ જો લાવીજ શકે

૧ કશા—ચાબુક—તેનો ઘાત—ઘા. ૨ ચંદ્રાપીડ કહેછે કે આ જગત્માં તો લોક કોઈ મનુષ્યને દોષારોપણ કરે તો તેને અયશ મળે છે, અને ગુણારોપણ કરે તો યશ મળેછે. તે પોતે ખરૂં જોતાં કેવો છે તે કોઈ પૂછતું નથી. પરમાર્થ—ખરી વાત—પ્રમાણે ન્યાય તો પરત્ર—બીજી દુનીયાંમાં—ઈશ્વર સમક્ષજ થાયછે. માટે જ્યારે પિતાએ આમ મ્હારા ઉપર દોષની શંકા આણી, તેમજ બીજાને પણ થઈ હશે, ત્યારે મ્હારે અવશ્ય તે દૂર કરવી જોઈએ—કેમકે તે વિના યશ નથી.

એમ હોય તો, પિતા પણ જેમના વચનનું ઉલ્લંઘન કરતા નથી એવા હજારો નૃપતિયો એને લાવ્યાજ હત. માટે આપ મને જવાની અનુજ્ઞા અપાવવાની કૃપા કરો. અશ્વો સહિત જતાં મને જોયેલી ભૂમિમાં સ્વલ્પ પણ ગમન-ક્લેશ થશે નહિ એટલે વૈશમ્પાયનને લઇને હું આવ્યોજ એમ આપ ધારજો. વળી બાહ્ય ખેદ કરતાં એના વિયોગથી થતો અંતઃખેદજ મને તો (અધિક) અસહ્ય છે. સૈન્ય લઇને મ્હારી પાછળજ એ આવશે એમ ધારીને હું એના વિના આવ્યો. નહિ તો, જન્મદિવસથી આજ સુધી વૈશમ્પાયનના વિના હું ક્યારે ગયો છું? રહ્યો છું? રમ્યો છું ? હસ્યો છું ? ક્યારે મેં (એના વિના) જલ પીધું છે કે ખાધું છે ? ક્યારે હું (એના વિના) સુતો છું કે જાગ્યો છું ? ક્યારે મેં (એકલાએ) ઉચ્છ્વાસ પણ લીધો છે ? એનો વૃત્તાન્ત સાંભળી, તેજ પ્રદેશમાંથી હું જતો ન રહ્યો તે એટલાજ સારૂ કે હું એની તુલ્ય ગણાઉં. માટે આપ મને અપ્રતિગમનના દોષ થકી રક્ષણ કરો.

આવું ચંદ્રાપીડે કહ્યું એટલે અંતરની પીડાએ કરીને રક્ત કમલ તુલ્ય દીસતા મુખ ઉપર સપક્ષપાત ભમરાવલી જેવી દૃષ્ટિ કરીનેજ,—યુવરાજ જવાની વિજ્ઞપ્તિ કરેછે, મહારાજની શી આજ્ઞા છે?—એ પ્રમાણે શુકનાસે ધીમે ધીમે રાજાને પૂછ્યું. શુકનાસનો આવો પ્રશ્ન સાંભળી, તારાપીડે કંઈક વિચાર કરી પ્રત્યુત્તર દીધો કેઃ—આર્ય! મેં ધાર્યું હતું કે આજ દિવસોમાં સંપૂર્ણ મંડલથી પ્રકાશતા ચંદ્રની ચંદ્રિકા જેવી કરાલમ્બન કરતી, પુત્રની વધૂને હું જોઇશ; એટલામાં તો આ બીજો, આશાપથને[1] ઢાંકી દેતો મેઘસમય જેવો વિઘ્નકારી વૈશમ્પાયન-વૃત્તાન્ત પ્રતિકૂલ પ્રકૃતિના વિધાતાએ વચ્ચે આણ્યો! જેમ આયુષ્માને કહ્યુંજ છે તેમ, અન્ય કોઇ એને લાવી શકે એમ નથી, અને એના વિના આ અહીં રહી શકે એમ નથી. માટે અવશ્યજ વ્યસનાર્ણવ આ યાનપાત્રથી તરવો જોઇયે. વૈશમ્પાયનને તેડવા સારૂ દેવી વિલાસવતી પણ આને મોકલશેજ એ મ્હારો નિશ્ચય છે. માટે જવા દો. પરંતુ એને અતિદૂર જવાનું છે માટે જ્યોતિષિયો સાથે આપ આદરથી એને જવા સારૂ દિવસ તથા લગ્નનો નિશ્ચય કરો અને તૈયારી કરાવો.—શુકનાસને એટલું કહી, અશ્રુપૂર્ણ લોચન વડે ચંદ્રાપીડને બહુ વાર સુધી નિહાળી, બોલાવી, એને—વિનયથી અવનમ્રને—સ્કંધે, શીર્ષે તથા બે બાહુએ હાથ ફેરવી તારાપીડે કહ્યું કેઃ—

---

૧ આશા=અભિલાષ; દિશા.

પુત્ર ! જા, તું જ અંદર જઈ, મનોરમા સાથે ત્હારી માતાને ત્હારો ગમન-વૃત્તાન્ત કહે. એવું ચંદ્રાપીડને કહી, રાજા શુકનાસની સાથે પોતાને મહેલ ગયો. અને ચંદ્રાપીડે કાદમ્બરીની વરમાલા જેવી સુંદર વર્ણ[1] યુક્ત ગમનાનુજ્ઞાને હૃદયે ધરી, અંતરમાં હર્ષ પામવા છતાં હર્ષ રહિત દૃષ્ટિયે પ્રવેશ કરી, નમસ્કાર કરી, માતાની સમીપ બેસી, પોતાના દર્શનથી દ્વિગુણ થતા વૈશમ્પાયનના વિરહ-શોક વડે વિહ્વલ બની ગયેલી મનોરમાને આશ્વાસન કરીને કહ્યું કેઃ—

માતા ધીરજ રાખો. વૈશમ્પાયનને તેડી લાવવા સારૂ પિતાએ મને જવાની આજ્ઞા આપીછે માટે થોડાક દિવસમાં વૈશમ્પાયનના મુખ-દર્શનનો ઉત્સવ થશે એ વિશે નિઃશંક રહીને મનેજ તમે જવા દો. આ સાંભળી એણે પ્રત્યુત્તર દીધો કેઃ—બેટા ! ત્હારા જવાના શબ્દથી શું મને આશ્વાસન કરેછે? ત્હારામાં અને એનામાં મ્હારે શો ફેર છે? એ કઠિન હૃદયનાને તો હું દેખતી નથી, અને તું વળી જશે તો એના અદર્શનમાં જીવિત ધારણ કરવાનો હેતુ જે ત્હારૂં દર્શન તે પણ દૂર થશે. માટે પુત્ર ! તું ન જઈશ. તમારા બેમાંથી એક વડે પણ અમે બે પુત્રવતી છિયે. એ નિષ્ઠુર અંતઃકરણનો ન આવે તો રહ્યો.—મનોરમાના આ શબ્દ સાંભળી વિલાસવતી ધીમેથી બોલીઃ—પ્રિય સખિ ! ત્હારે ને મ્હારે તો તેં જેમ કહ્યું તેમ છે. પણ વૈશમ્પાયન વિના આ કોને જોશે? માટે (એ વાત) રહેવા દે. શું કરવા આને વારેછે? વાર્યા છતાં પણ આ નહિજ રહે. અને મને લાગેછે કે આના પિતાએ પણ એવોજ વિચાર કરીને જવાની અનુજ્ઞા આપી હશે. માટે જવા દે. આપણે બે કેટલાક દિવસ આ બંનેનાં પણ અદર્શનથી ક્લેશ ભોગવિયે એ ઠીક પણ વૈશમ્પાયનને ન જોયાથી દુઃખવડે દીન થયેલું પ્રતિદિવસ આનું મુખ જોવું એ સારૂં નહિ. માટે ઉઠ, વત્સ ચંદ્રાપીડને જવાની તૈયારી કરવા આપણે જઈયે.

એમ કહેતાં કહેતાંજ મનોરમાને હાથ ઝાલી ઉઠાડી, પાછળ આવતા ચંદ્રાપીડ સહિત એ પોતાને આવાસ ગઈ. ચંદ્રાપીડ પણ માતાની સાથે ગમન સંબંધી આલાપજ જરા વાર કરી પોતાને મહેલ ગયો. ત્યાં વસ્ત્રાદિક ઉતારી, જવાને ઉત્સુક થયેલા હૃદયને લીધે જ્યોતિષિયોને બોલાવી એકાન્તે કહેવા લાગ્યો કેઃ—આર્ય શુકનાસ કે મ્હારા પિતા પૂછે ત્યારે, જવામાં મને વિલંબ ન થાય એવો આપ સર્વે દિવસ

---

[1] વર્ણ=અક્ષર; રંગ.

બતાવજો.—આવો આદેશ સાંભળી તેઓએ વિજ્ઞપ્તિ કરી કે:—દેવ! સર્વે ગ્રહ જેમ રહેલા છે તેમ જોતાં તો અમારા મત પ્રમાણે હાલ આપને જવુંજ સારૂં નથી. પણ કર્માનુરોધે રાજાની ઇચ્છા એજ કાળ છે. માટે દિવસ જોવાનું કંઈ કામજ નથી. રાજા કાળનું કારણ છે.[1] જે વેળાએ ચિત્તવૃત્તિ થાય તેજ વેળા સર્વ કાર્યમાં (ઉચિત છે).—આવી તેઓની વિજ્ઞપ્તિ સાંભળી ફરીથી ચંદ્રાપીડે કહ્યું:—પિતાએ આવો આદેશ કર્યોછે માટે હું કહુંછું. બાકી તો પ્રતિક્ષણ ઉત્પન્ન થતાં અગત્યનાં કાર્યોમાં કાર્યાર્થી મનુષ્યોને દિવસ જોવડાવવાની વાતજ કેવી? માટે તમે એવું કહેજો કે કાલેજ મ્હારે જવાનું થાય.—આ સાંભળી—દેવની જેવી આજ્ઞા—એમ કહી તેઓ ગયા એટલે પોતે સ્નાન-ભોજનાદિ કરવાને ઉઠ્યો; અને શરીર-સ્થિતિ કરી રહ્યો એટલામાં તે જ્યોતિષિયોએ ફરીથી આવીને ધીમેથી કહ્યું કે:—આપનો આદેશ અમે પાળ્યોછે અને આર્ય શુકનાસ પુત્રવિયોગથી વિકલવ થયાછે એટલે તે સિદ્ધ થયોછે. માટે કાલે રાત્રે આપ અહીંથી પ્રસ્થાન કરજો. આ સમાચાર સાંભળી,—ઠીક કર્યું—એમ કહી, આનંદ પામતા હૃદયવડે તેમનાં વખાણ કરી, કાદમ્બરી તથા વૈશમ્પાયન દૃષ્ટિગોચરમાં આવ્યાંજ એમ માનતો,—પત્રલેખાએ પ્રવેશ કીધો નહિ હોય એટલામાંજ હું પહોંચી જઈશ એમ આગળ દોડતા અંતઃકરણ થકી ધારતો,—અને ચાર સમુદ્રના સારભૂત, ઇન્દ્રાયુધના વેગને અનુગમન કરે એવા અશ્વો તથા અશ્વગમનના ખેદની અવગણના કરે એવા, ઉત્સાહી, અગણિત રાજપુત્રો વિશે તપાસ કરતો કરતો—તે, અન્ય કર્મ નહિ હોવાથી, એક રાત્રિ અને દિવસ મહા મહા મેહેનતે ત્યાં રહ્યો.

પછી, જાણે અનુરક્ત કમલિનીના સમાગમની અપ્રાપ્તિથકી સંતાપ પામીને દિવસની સાથે સૂર્ય જ્યારે અસ્ત થયો; દિનપતિના પતનથકી ચિતાગ્નિ જેવા સંધ્યારાગમાં બીજી દિશાની સાથે જ્યારે પશ્ચિમ ગગનભાગે પ્રવેશ કર્યો; સંધ્યાગ્નિના તનખા જેવા તારા જ્યારે પ્રકાશવા લાગ્યા; દિવસના અંતથી થતા મૂર્છાગમ જેવા અંધકાર વડે દિશાઓનાં

---

૧ જુઓ વિક્રમોર્વશી (મુંબઇની આવૃત્તિ) ઉપર ટીકા પૃ. ૧૦૧.

कालो वा कारणं राज्ञो राजा वा कालकारणम् ।
इति ते संशयो माभूद् राजा कालस्य कारणम् ॥

આ શ્લોક મહાભારતના ઉદ્યોગ પર્વમાં છે.

મુખ જ્યારે નિમીલિત થવા લાગ્યાં;[1] પોત પોતાના માળા ભણી જતાં શબ્દ કરતાં પક્ષિયો જાણે ગગન-વિયોગના દુઃખથી આર્ત સ્વરે પ્રલાપ કરવા લાગ્યાં; પ્રકાશ ઉત્પન્ન કરતો જન્મજ દોષાગમ છે એમ જોઈને જગતે જ્યારે પ્રકાશ-રહિત ગર્ભ જેવા તિમિરમાં પુનઃપ્રવેશ કર્યો;[2] જાણે જન્માન્તરે આવ્યો હોય એવો, ઉદયગિરિ ઉપરનો, પોતાની અતિશય કાન્તિથી નિષ્કલંક જેવો દીસતો ચંદ્ર સ્વપ્રકાશથી પૂર્વ દિગ્વધૂના વદનને વિકાશિત કરીને જ્યારે નક્ષત્ર-સમાગમનું સુખ ફરી ફરી ભોગવવા લાગ્યો; અને રાત્રિ જ્યારે સ્પષ્ટ થઈ, ત્યારે પ્રસ્થાન સમયે મંગલ પ્રણામ કરવાને ચંદ્રાપીડ માતા પાસે ગયો. તેને, પીડાથી અંતરમાં જાણે ઓગળી જતી હોય એવી, અમંગલની શંકાથી પ્રયત્ન કરવા છતાં, અતિ દીર્ઘ લોચન વડે પણ અશ્રુવેગ અટકાવવાને અશક્ત, વિલાસવતીએ શોકના આવેગથી ગદ્‌ગદ કંઠે ભાગ્યા તુટ્યા અક્ષરમાં કહ્યું કેઃ—

પુત્ર ! ઉત્સંગમાં લડાવેલા ગર્ભરૂપના પ્રથમ ગમન સમયે—ઉત્સંગમાંથી જ્યારે પ્રથમજ દૂર જાય ત્યારે—હૃદયને ભારે પીડા થાય એ તો યુક્ત છે. પણ મને તો ત્હારા હમણાં જવાથી જે પીડા થાયછે તેવી પીડા પ્રથમ ગમનસમયે પણ થઈ ન હતી. મ્હારૂં હૃદય જાણે ફાટી જાયછે. મર્મસ્થાન જાણે ચીરાઈ જાયછે. શરીર જાણે ઉકળી જાયછે. ચિત્ત જાણે નીકળી પડેછે. સંધિ-બંધન જાણે તુટી જાયછે. પ્રાણ જાણે નિસરી જાયછે. બુદ્ધિથી કંઈ

---

૧. મૂર્છાગમથી નિમીલન થાય—ચક્ષુ મિચાઈ જાય; અંધકારથી મુખ ઢંકાઈ જાય. ૨. જન્મસમયે પ્રકાશ તો ઉત્પન્ન થાયછે પણ તે દોષાગમ—દોષથી ભરેલો—છે, અર્થાત્ જન્મ લેવાથી પ્રાણીને સંસારમાં અનેક પ્રકારનાં દોષાચરણ કરવાં પડે છે, એમ જોઈને, તેને ન ઇચ્છતાં પ્રકાશ વિનાના ગર્ભમાં જેમ પુનઃપ્રવેશ કરે તેમ જગતે આ સમયે પ્રકાશ ઉત્પન્ન કરતા દોષાગમને—પ્રદોષને—જોઈને અંધકારમાં પુનઃપ્રવેશ કર્યો. કવિનો ધારેલો અર્થ આ હશે એમ કહેવામાં અત્રે પ્રમાણ જેવું પણ છે. કેમકે ભાગવતના સ્કંધ ત્રીજાના અધ્યાય ૩૧ માં ૨૦ મા શ્લોકમાં જ્યાં ગર્ભ સ્તુતિ કરેછે ત્યાં તે પણ ઇશ્વર પાસેથી બ્હાર નીકળવાનું માગતો નથી, તે, ઉપર કહેલાજ કારણને માટે છેઃ—

सोऽहं वसन्नपि विभो बहुदुःखवासम् ।
गर्भान्न निर्जिगमिषे बहिरंधकूपे ॥
यत्रोपयातमुपसर्पति देव माया ।
मिथ्यामतिर्यदनु संसृतिचक्रमेतत् ॥

(આ સ્ફુટીકરણને માટે હું શાસ્ત્રીજી શંકરલાલ મહેશ્વરનો અનુગૃહીત છું.)

સમાધાન થતું નથી. સર્વે મને શૂન્ય ભાસેછે. મ્હારી પેઠે હૃદયને ધારી રાખવાને હું અશક્ત છું. વારી રાખ્યા છતાં પણ મ્હારો અશ્રુવેગ બલાત્કારે આવેછે. તને મંગલક્રિયા કરવાને વારંવાર નિશ્ચય કર્યા છતાં મતિ મ્હારી ચલિત થાયછે. હું આગળ શું જોઉં છું તે જાણતીજ નથી. શા કારણથી આ આવી મને હૃદયની પીડા થાયછે તે પણ હું સમજતી નથી.[1] શું બહુ દિવસે ક્રમે કરીને આવેલો મ્હારો વ્હાલો પુત્ર ફરીથી ઝટ જતો રહે છે માટે? કે વૈશમ્પાયનના વિયોગથી ઉદ્વિગ્ન થયેલો તું એકલો કેમ જશે એમ જાણીને?—એમ તો નહિ હોય કે વૈશમ્પાયનનો વૃત્તાન્ત સાંભળીને હું પોતેજ દુઃખી થઈ છું માટે આમ થતું હશે? આવી પીડા થાયછે માટે વૈશમ્પાયનને તેડવા તું ન જઈશ એમ કહેતાં મ્હારી જીભ ઉપડતી નથી. પણ હૃદય તો ત્હારા ગમનને ઇચ્છતુંજ નથી. માટે આવી મ્હારી પીડા જાણીને, પેહેલાંની પેઠે હવે કોઈ સ્થલે તું અતિ દીર્ઘ કાળ સુધી નિવાસ કરીને રહિશ નહિ. આ અર્થે, વ્હાલા પુત્ર! હું અંજલિ સહિત શિર નમાવીને તને વિનતી કરૂં છું.—એમ કહેતી પોતાની માતાને ચંદ્રાપીડે અતિ અવનમ્ર થઈ વિજ્ઞપ્તિ કરી કે:—માતા! તે વેળા તો હું દિગ્વિજયને પ્રસંગે રહ્યો હતો પણ હવે તો તે સ્થલે જાઉં એટલીજ વાર છે. માટે આ વખત મને આવતાં બહુ દિવસ થશે એમ ધારી જરા પણ પીડા હૃદયમાં ત્હારે થવા દેવી નહિ.—ચંદ્રાપીડની આ વિજ્ઞપ્તિ સાંભળી, અશ્રુપૂરને અટકાવી, મહા મેહેનતે ધીરજ આણી ગમન-મંગલ-ક્રિયા કરી, (સ્તનમાંથી) છૂટતી ધારાવડે સિંચતાં માથે ચુમ્બન કરી, બહુ વાર સુધી ગાઢ આલિંગન દઈ, માતાએ જાણે નીકળી જતા પ્રાણ સહિત પુત્રને કષ્ટથી છોડ્યો.

---

૧ વિલાસવતીને ચંદ્રાપીડના આ ગમનસમયે આવી અશુભસૂચક પીડા થાયછે એમ દર્શાવીને કવિ યુક્તિથી ચંદ્રાપીડનું આગામિક મૃત્યુ સૂચવેછે. શુભ વા અશુભ ભવિષ્ય વૃત્તાન્ત કેવો થશે એ પૂર્વેથી સ્વપ્નના રૂપમાં, વા શાપના આકારમાં, વા અકલિત શોકના વિચારમાં દર્શાવવાનું ચાતુર્ય ઇંગ્રેજી મહાકવિ શેક્સ્પિયરનામાં જેવું જણાયછે તેવુંજ આપણા ગ્રંથકારમાં છે એમ કહીશું તો એ અઘટિત—અનર્હ—સ્તુતિ કરી એમ નહિ ગણાય. જુઓ 'રોમિયો ને જ્યુલિયેટ':—

Romeo.........For my mind misgives
Some consequence, yet hanging in the stars,
Shall bitterly begin his fearful date
With this night's revels; &c &c

વળી આગળ:— *Act I. Sc. IV.*

માતા પાસેથી આવીને એ પિતાને પ્રણામ કરવા શયનગૃહમાં ગયો. ત્યાં—મહારાજ! યુવરાજ ગમન-પ્રણામ કરે છે—એમ દ્વારપાલે જણાવ્યું એટલે પ્રવેશ કરી, ભૂતલ ઉપર શિર મુકી, દૂર રહે રહેજ એણે શયન-સ્થિત પિતાના ચરણને પ્રણામ કર્યો. આવી રીતે એને પ્રણત જોઈ, પૂર્વકાય જરા ઉંચી કરી, શયનમાં રહે રહેજ પિતાએ એને બોલાવી, ચક્ષુથી જાણે પાન કરતાં કરતાં પ્રેમથી ગાઢ આલિંગન દઈ, અપ્રૌઢ હોય તેમ સહસા ભરાઈ આવતાં અવિરલ અશ્રુના વેગથી આકુલિત લોચન સહિત, અંતરના ક્ષોભના આવેગથી વિક્ષિપ્ત અક્ષરમાં કહ્યું કેઃ—વત્સ! પિતાએ મ્હારી દોષ-સંભાવના કરી એમ જાણી મનમાં જરા પણ ત્હારે દુઃખી થવું નહિ. તેં જ્ઞાનસંપાદન કર્યું ત્યારથી અમે ત્હારી યથાર્થ પરીક્ષા

Juliet. O God! I have an ill-divining soul;
Methinks, I see thee, now thou art so low,
As one dead in the bottom of a tomb: &c &c.

Act III. Sc. V.

ચંદ્રનો ભવિષ્ય અનિષ્ટ વૃત્તાન્ત ન સમજવા છતાં તેજ કારણથી અતર્ક્ય પીડા ભોગવતી વિલાસવતીનું નિર્વિશેષ દૃષ્ટાન્ત શેક્સ્પિયરના "બીજો રિચર્ડ" નામના નાટકમાં પણ મળેછે, જેમાં રિચર્ડની રાણીને પણ એ રાજાને આવી પડનાર વિપત્તિ ન જાણવા છતાં તેને લીધે પૂર્વથીજ હૃદયવેધક પણ અકલિત આવાજ પ્રકારનો શોક થાયછે. એ આખો ભાગ આપતાં લંબાણ બહુ થઈ જાય માટે એમાંથી થોડોકજ ઉતારો અહીં કરેલોછે.

Queen.........Yet I know no cause
Why I should welcome such a guest as grief,
Save bidding farewell to so sweet a guest
As my sweet Richard: Yet, again, methinks,
Some unborn sorrow, ripe in fortune's womb,
Is coming towards me; and my inward soul
With nothing trembles: at something it grieves
More than with parting from my lord the king.

* * * * *

Queen. It may be so; but yet my inward soul
Persuades me it is otherwise: Howe'er it be,
I cannot but be sad; so heavy sad,
As—though, in thinking, on no thought I think—
Makes me with heavy nothing faint and shrink.

* * * * *

Queen...
But what it is, that is not yet known; what
I cannot name; 't is nameless woe, I wot.

Richard II. Act II. Sc. 2.

કરીછે; અને પરીક્ષા કરીને, ગુણગણથીજ પ્રાપ્ત થાય એવો રાજ્યભાર તને સોંપ્યોછે—તનય-સ્નેહથીજ નહિ. આ જે રાજ્ય છે તે પૃથ્વી-ભાર વડેજ અતિ દુરુદ્વહ છે;[૧] મહીધરની ભીંડથીજ અતિ સંકટ છે;[૨] કુટિલ નીતિના પ્રચારવડેજ અતિ દુઃસંચર છે; ચાર સમુદ્ર સુધી પૃથ્વીની વ્યાપ્તિ વડેજ અતિ મહત્ છે; મહા સાધન થકી વશ થાય માટેજ અતિ દુઃ-સાધન છે;[૩] અનંત કાર્યતંત્રની જાલવડેજ અતિ ગહન છે; ઉચ્ચ વંશાથી પ્રતિષ્ઠિત માટેજ એનો આરોહ દુષ્કર છે;[૪] અને હજારો શત્રુઓના ઉદ્ધ-રણવડેજ એ અતિ દુર્ધર છે. વળી સમવૃત્તિતાને લીધેજ એ અતિ વિષમ છે; અનેક તીર્થ-કલ્પનાથીજ એનું અવતરણ દુષ્કર છે;[૫] કંટક-શોધન વડેજ એ દુર્ગ્રહ છે;[૬] અખિલ પ્રજાના પાલન રૂપ વ્યવહારવડેજ દુષ્પાલ્ય છે; તથા સર્વ આશાની પ્રાપ્તિ થકીજ દુષ્પ્રાપ્ય છે.[૭] જે મહાસત્વ રહિત હોય, અસ્થિર પ્રકૃતિનો હોય, અદાતા હોય, સ્થૂલ લક્ષ્ય રહિત હોય,[૮] અશુદ્ધ હોય, શૌર્યહીન હોય, મહાઉત્સાહ રહિત હોય, અપ્રિયવક્તા હોય, અસત્ય-નો ભરેલો હોય, અબુદ્ધિમાન્ હોય, અવિવેકી હોય, અકૃતજ્ઞ હોય, અનુદાર પ્રકૃતિનો હોય, સંવિભાગ-શીલ રહિત હોય,[૯] અન્યાયવર્તી હોય, ધર્મમાં અરુચિ રાખતો હોય, શાસ્ત્રોક્ત વ્યવહાર રહિત હોય, અશરણ્ય હોય,[૧૦] ભક્તિહીન હોય, અકૃપાલુ હોય, અમિત્રવત્સલ હોય, પોતાને અવશ હોય, અજિતેંદ્રિય હોય, વા અસેવક હોય તેનામાં તો એ સ્થિતિજ કરતું નથી. (પણ) જે સમગ્ર ગુણથી[૧૧] આકર્ષણ કરી બલાત્કારે એ-પ્રકૃતિથકી ચંચલ—નો પ્રતિબંધ કરવાને સમર્થ હોય તેનામાં વાસ કરેછે; અને ગુરુઓ પણ પૂર્વાપર વિચાર કરી, સ્ખલનની ભીતિથી મુક્ત થઈને તેનેજ એનું આરોપણ કરેછે.[૧૨] માટે આથીજ વત્સ! ત્હારે જાણવું

---

૧. ઉચકી શકાય નહિ એવું. ૨. મહીધર=રાજાઓ; પર્વતો.

૩. સાધન=સૈન્ય; ઉપકરણ. ૪. વંશ=કુળ; વાંસ. ૫. તીર્થ=રાજ-સેવક—જેવા કે મંત્રી, પુરોહિત, સેનાપતિ વિગેરે. જુઓ 'પંચતંત્ર'માંનું ત્રીજું—પૃ. ૪૮:—

तीर्थशब्देनायुक्तकर्माभिधीयते ॥ બીજો અર્થ 'પગથિયાં.'

૬. કંટક=કાંટો; કાંટા જેવા નડતા પુરુષો. ૭. આશા=દિશા; અભિલાષ. ૮. મ્હોટી મ્હોટી ધારણા વિનાનો હોય. ૯. બીજાને કંઈ ભાગ આપવાની ટેવ જેને ન હોય. ૧૦. કોઈનું રક્ષણ કરતો ન હોય.

૧૧. 'ગુણ'નો બીજો અર્થ 'દોરી.' ૧૨. અર્થાત્ જે માણસ રાજ્ય કરવાને સમર્થ હોય તેનેજ ગુરુઓ તે આપેછે.

કે મ્હારામાં દોષ નથી.[1] વળી હવે કોના ઉપર રાજ્યભાર નાંખીને તું અણુ પણ દોષાચરણ કરે? ત્હારેજ સકલ લોકનું રંજન કરવાને પ્રયત્ન કરવાનો છે. અમારો તો સમય ગયો. અમે સ્ખલિત ન થતાં બહુ વર્ષ સુધી સ્થાને રહ્યા છિયે. લોભથી પ્રજાને પીડી નથી. અપમાનથી ગુરુઓને ઉદ્વિગ્ન કર્યા નથી. મદથી સત્પુરુષોને વિમુખ કર્યા નથી. ક્રોધથી પ્રાણિયોને ત્રાસ આપ્યો નથી. હર્ષથી આત્માની હાસી કરાવી નથી. કામથી પરલોક ખોયો નથી. રાજધર્મને અનુરોધ કર્યોછે, સ્વરુચિને નહિ; વૃદ્ધની સેવા કરીછે, વ્યસનની નહિ; સજ્જનોના ચરિતને અનુવર્તન કીધુંછે, ઇંદ્રિયોને નહિ; ધનુષ્‌ને ઉન્નત કર્યુંછે, મનને નહિ; વૃત્તની રક્ષા કરી છે, શરીરની નહિ; જનાપવાદની ભીતિ રાખીછે, મરણની નહિ; તેમજ સુરલોકને દુર્લભ સર્વ વિષયોપભોગનાં સુખ યૌવનેચ્છા તૃપ્ત થતા સુધી ભોગવ્યાંછે; અને અકાર્યના ત્યાગથી તથા કાર્યના અનુષ્ઠાનથી પરલોકનું પણ સંપાદન કીધુંછે—એમ હું ધારૂંછું. વળી ત્હારા જન્મથી હું કૃતાર્થજ છું. માટે આવોજ મ્હારો મનોરથ છે કે લગ્ન થયા પછી તું પ્રતિષ્ઠિત થાય એટલે મ્હારો સર્વ રાજ્યભાર તને સોંપી, જન્મ-નિર્વાહથી લઘુ થયેલા હૃદયે, પૂર્વ રાજર્ષિયોએ લીધેલો માર્ગ લેવો. આમાં આ વૈશમ્પાયનવૃત્તાન્ત રૂપ અન્તરાય અતર્કિતજ મને આવી નડ્યો. (તેથી) મને લાગેછે કે આ બનવાનુંજ નથી. નહિ તો ક્યાં વૈશમ્પાયન? ને ક્યાં આવું એનું—સ્વપ્નમાં પણ ધરાય નહિ એવું—ચેષ્ટિત? માટે પુત્ર! તું જઇને પણ એવું કરજે કે આ મ્હારો મનોરથ બહુ વાર સુધી હૃદયમાં રહ્યો રહ્યોજ વિપરીત થાય નહિ.—એટલું કહી, જરા ઉંચા કરેલા મુખવડેજ સંપીડિત[2] હૃદય જેવું તામ્બૂલ આપી એને વિદાય કર્યો.

પિતાની આવી સંભાવનાથી અતિ ઉન્નત થયા છતાં અતિ અવનમ્ર રહીને સમીપ જઇ, પુનઃ પ્રણામ કરી, પ્રફુલ્લ મનથી ચંદ્રાપીડ બ્હાર નીકળ્યો, અને શુકનાસને મંદિર ગયો. ત્યાં જઇ, પુત્રની ચિંતામાં ગ્રસ્ત થયેલા, ઇંદ્રિયોથી જાણે મુક્ત હોય એમ શરીરે શૂન્ય દીસતા શુકનાસને, તથા શોકાતુર મુખે નિરંતર અશ્રુપાત કરતી મનોરમાને એણે પ્રણામ

---

૧. આથીજ=તને રાજ્ય-ભાર સોંપ્યોછે તેટલાથીજ. અર્થાત્ જો ત્હારામાં દોષની શંકા હત તો તને રાજ્ય સોંપ્યુંજ ન હત.

૨. પીડા પામતું (હૃદય); ચાવેલું (પાન).

કર્યો; એટલે એમ ને એમજ આશિષ્ દઈને પોતાનો દુઃખભાર જાણે આપતાં હોય તેમ એ બે એને દ્વાર સુધી વળાવવા આવ્યાં તેમને પાછાં જવાને વારંવાર મુખ પાછું ફેરવી (કહેતો કહેતો) એ ત્યાંથી બ્હાર નીસર્યો; અને દીન દેખાતો ઇંદ્રાયુધ, આગળ દોરી ગયા છતાં પણ પાછો પાછો ખસતો હતો, ખાંખારો કરતો ન હતો, કર્ણ ઉંચા કરતો ન હતો, મ્હોં-એથી સારો શબ્દ કરતો ન હતો, જવાને ખુશી ન હતો, ગમનોત્સાહ દર્શાવતો ન હતો[1]—તે જોયા છતાં પણ, ફરીથી વળી કોઈ જવાની ના કહેશે એવી શંકાથી, વૈશમ્પાયનને જોવાની ત્વરાથી, તથા કાદમ્બરીના સમાગમની ઉત્સુકતાથી જરા પણ વિલંબ કર્યા વિના અશ્વાર થઈ, વેગથીજ પોતે નગરીમાંથી નીસર્યો.

નગરીમાંથી નીસરી સિપ્રાને તટે એમના પ્રસ્થાન-સમયે મંગલ-વાસને અર્થે રચેલા મંડપમાં પ્રવેશ કર્યા વિના બ્હારથીજ યુવરાજ ગયા—એમ કલકલ કરતા, અને તે કાળે એના અતર્કિત ગમનથી ગભરાટમાં પડેલા પરિજન તથા રાજપુત્ર લોક આમ તેમથી દોડતા દોડતા એની પછવાડે ગયા. અને (તેમની સાથે) પાંચ છ કોશ જઈ, ઘાસ પાણી જ્યાં સુલભ હતું એવા એક પ્રદેશમાં એણે નિવાસ કર્યો. હૃદય તલપી રહ્યું હતું તેથી પ્રભાત થયા પહેલાંજ એણે રાતમાં ઉઠીને ફરીથી ચાલવા માંડ્યું; અને ચાલતાં ચાલતાં તેજ દિવસથી એને વિચાર થવા લાગ્યા કેઃ—અણુચિન્તવ્યોજ ત્યાં પહોચી જઈને, લજ્જાથી એ નાસી જતો હશે તેની પાછળ જઈ, જોરથી કંઠગ્રહ દઈ, 'હવે ક્યાં નાસી જશો?' એમ કહી, વૈશમ્પાયનનું વૈલક્ષ્ય હું દૂર કરીશ. એના સમાગમનું સુખ અનુભવ્યા પછી,—નિષ્કારણ પ્રસન્ન થયેલી, દોષ રહિત, મ્હારૂં અતર્કિત આગમન જોઈ વિશેષ હર્ષ પામતી—મહા-શ્વેતાને ફરીથી હું આગળ જવાની સિદ્ધિને અર્થે મળીશ. પછી મહા-શ્વેતાના આશ્રમ સમીપ સર્વે અશ્વ તથા સૈન્ય ફરીથી રાખીને એની સાથેજ હેમકૂટ જઈશ. ત્યાં મને ઓળખીને સંભ્રમ સહિત દોડતી કાદમ્બરીની દાસીઓ આમ તેમથી પ્રણામ કરવા આવશે તે સમયે હું પ્રવેશ કરીશ ત્યારે ગંધર્વ-રાજપુત્રીની પાસેથી એની સખીઓ પ્રફુલ્લ નયને મ્હારા આવ્યા-ની ખબર કહી શિરપાવ લઈ જતી હશે.—એ ક્યાં છે?—કોણે કહ્યું?—

---

૧. ઇંદ્રાયુધને પણ આવાં અમંગલ સૂચક ચિન્હ થતાં બતાવીને કવિ આગળ થવાનો અનિષ્ટ પરિણામ પૂર્વ પ્રમાણેજ સૂચવેછે.

કેટલે દૂર છે?—એવા પ્રશ્ન પોતે પૂછતી હશે.[1] તે ક્ષણે સાથેજ ઉપજેલી તાપ-શાન્તિ તથા લજ્જાને લીધે, છાતી ઉપર મુકેલું કમલપત્ર દૂર કરી, ઉત્તરીય વસ્ત્રના પલ્લવથી એ પોતાનાં સ્તન ઢાંકતી હશે. આભરણ કરીને પેહેરેલાં મૃણાલ ત્યજી દઈ ભૂષણથી પણ અધિક, સ્વશરીરની શોભાનેજ સર્વ આભરણ-સ્થાને એ ધારણ કરતી હશે. તાપશાન્તિને અર્થે આભૂષણમાં માત્ર હારજ પેહેર્યો હશે. જાડી હરિચંદનની ચર્ચાથી ઢંકાઈ ગયેલી લાવણ્ય-શોભાવાળાં અંગને એ પોતાના કર-પરામર્શ વડે યત્નથી અધિક દર્શનીય કરતી હશે. શયનમાં પાથરેલાં કમલ, કુમુદ તથા કુવલયનાં પત્ર તથા કેશરના, અંગે ચ્હોટેલા કડકાને રોમોદ્‌ગમથીજ દૂર કરતી હશે. ગાંલ ઉપર વાંકી ચૂકી આવી રહેલી પોતાના કેશની લટને મણિ-દર્પણમાં જોઈને હાથથી સ્કંધ ઉપર મુકતી હશે. આનંદને લીધે નેત્રપુટમાંથી ગળતા અશ્રુજલ વડેજ એ, કામાગ્નિના સંતાપને જાણે જલાઞ્જલિ આપતી હશે! અંગ ઉપરથી કાઢી નાંખતાં શેષ રહેલા, ભસ્મ જેવા, સૂકા ચંદનરસથીજ મદનાગ્નિની નિવૃત્તિ સૂચવતી હશે! અને મળવા સારૂ ઉભા થવાને પ્રસંગેજ કુસુમ-શય્યાને દૂર કરતી હશે.—એવી કાદમ્બરીને જોઈ, દર્શનીયના અવલોકન રૂપી ફલવડે મ્હારાં ચક્ષુને હું કૃતાર્થ કરીશ. પછી અંજલિયુક્ત પ્રણામ અને કંઠગ્રહથી મદલેખાને મળી, ચરણે પડેલી પત્રલેખાને ઉઠાડી, કેયૂરકને પુનઃ પુનઃ ગાઢ આલિંગન દઈશ; અને મહાશ્વેતા (મને) લગ્નની મંગલ ક્રિયા કરશે તથા બધી સખીઓ ત્વરાથી દેવીના વૈવાહિક-સ્નાનની મંગલ વિધિ કરશે એટલે હું વર્ષાદથી અભિષિક્ત પૃથ્વી જેવી દેવીનું કરગ્રહણ કરીશ. પછી પુષ્કલ કુંકુમ, કુસુમ, ધૂપ તથા લેપના સુવાસથી કામોદ્દીપન કરતા શયનગૃહમાં હું શયન ઉપર બેઠો હોઈશ ત્યારે મ્હારી સમીપ બેસી, થોડી વાર સુધી નર્મ ભાષણ કરી મદલેખા બ્હાર જશે એટલે, લજ્જાથી અવનમ્ર મુખે રહેલી, ના ના કહેતી પ્રિયાને બે હાથે બલાત્કારે શયનમાં લાવી, શયનમાંથી ઉત્સંગે

1. આવાજ પ્રશ્ન° તથા અહીંથી શરૂ થતા વર્ણનના જેવા વર્ણન સારૂ જુઓ પૂર્વભાગ પૃ. ૨૭૩ લી. ૮ વિ૰. આવી અનુકૃતિથી કદાચિત્ કવિની એમ સૂચવવાની ઈચ્છા હશે કે તે સમયનું કાદમ્બરીનું ચિત્ર ચંદ્રાપીડના ચિત્તમાં ઠસી ગયું હતું તેથીજ તેને આવા વિચાર આવતા હતા; બાકી એ તો સ્પષ્ટજ છે કે એ કાળની અને ચં૰ ચિન્તન કરે છે તે કાળની કા૰ની અવસ્થા સમાન છે.

અને ઉત્સંગમાંથી હૃદય પાસે લઇ જઇશ. પછી ગાઢ નીવિ-ગ્રંથીએ અતિ દૃઢતાથી બે હાથ રાખી, લજ્જાથી એ પોતાનાં લોચન મીચી દેશે તેમને ચુમ્બન કરી, બહુ દિવસે હું કૃતાર્થ થઇશ. દેવને પણ દુર્લભ એવું અધરામૃત તૃપ્ત થતા સુધી પીને મ્હારૂં જીવિત સફલ કરીશ. અતિકોમલતાને લીધે ઓગળીને જાણે અંગે અંગે પ્રવેશ કરતી હોય એવી પ્રિયાના—મદનાગ્નિથી બળતાં શેષ રહેલા—શરીરને ગાઢ આલિંગન દઇ સુખરસથી શાન્ત કરીશ. પરવશ છતાં પણ જાણે સ્વેચ્છાએ વર્તતી હોય, પ્રયત્નરહિત છતાં પણ જાણે યત્ન કરતી હોય, અપસર્પણ કરવા છતાં જાણે ઉપસર્પણ કરતી હોય, સર્વ અંગ ઢાંક્યા છતાં જાણે ભાવ દર્શાવતી હોય એવી દેવી કાદમ્બરી સાથે પછી હું—સર્વ જનને સુલભ છતાં કેવલ યોગનેજ ગમ્ય, સ્પર્શ-વિષયક છતાં હૃદયગ્રાહી, ઇન્દ્રિયોને મોહિત કરવા છતાં પ્રસન્ન કરતું, મદનાગ્નિ ઉદ્દીપ્ત કરવા છતાં નિર્વૃત કરતું, સર્વ અંગ ખિન્ન કરવા છતાં આહ્લાદન કરતું, વિષમ ઉચ્છ્વાસ અને શ્રમ-સ્વેદ ઉત્પન્ન કરવા છતાં સીત્કાર સહિત રોમાઞ્ચ કરતું, અનુભૂત થતાં પણ અનુભવવાની સ્પૃહા ઉત્પન્ન કરતું, સહસ્ર વાર અનુભૂત છતાં પણ અપુનરુક્ત લાગતું, અતિસ્પષ્ટ છતાં પણ અવર્ણ્ય સ્વરૂપ વાળું, અચિન્ત્ય સમાગમ વાળું, અતુલ સ્પર્શ વાળું, અનુપમ રસ વાળું, અવર્ણ્ય પ્રીતિ ઉત્પન્ન કરતું,' અગણિત ધ્યાનથી પ્રાપ્ત થતા અપર પ્રકારના મોક્ષસુખ જેવું—સુરત નામનું વિચિત્ર સુખ ભોગવીશ; અને નિમેષ માત્ર પણ વિયુક્ત રહ્યા વિના એની સાથેજ વિવિધ વિવિધ રમ્ય સ્થલોમાં ક્રીડા કરીને, સ્વાભાવિક રીતે રમ્ય છતાં પણ યૌવનને અધિક રમણીય બનાવીશ. પછી વિશ્વાસ ઉત્પન્ન થશે એટલે દેવીનેજ વિનતી કરી વૈશમ્પાયનનું પણ મદલેખા સાથે લગ્ન કરાવીશ.—આવા આવા વિચારમાં ને વિચારમાં ક્ષુધા, તૃષા, તાપ, શ્રમ કે ઉજાગરો એ કોઇની વ્યથા ન ગણતાં એણે રાત દિવસ ચાલ્યાંજ કર્યું.

એમ ચાલવા છતાં પણ, અંતર ઘણો હોવાથી, અર્ધો રસ્તો કાપ્યો એટલામાં તો એને મેઘકાલ જે માર્ગનો કાલ-સર્પ છે, ગ્રીષ્મ ઋતુનો પ્રબલ પંક છે, સૂર્યનો નિશાગમ છે, ચંદ્રનો રાહુ છે, વર્જાગ્નિના પ્રકાશનો ધૂમોદ્‌ગમ છે, મદન-ગજનો મદાગમ છે, વિરહાતુરનો મરણ રૂપી ઘોર અંધકારમાં પ્રવેશ છે, ઉત્કંઠિત કામિજન રૂપી હરિણને ફસાવનાર કાલપાશ છે, દિગ્ગજોનો અભેદ્ય લોહમય અર્ગલ-દંડ છે, અશ્વોની

અછેદ્ય પદ-શૃંખલા છે, વટેમાર્ગુઓનો અત્માજ્ય શૃંખલા-બંધ છે, પ્રોષિત જનની અલંઘ્ય વનલેખા છે, પ્રાણિમાત્રનો લોહપંજર-યંત્ર છે,—ભ્રમરનાં ટોળાંથી ઢંકાયલા કુવલય જેવી મલિન, ગર્જતી મેઘ-ઘટાના વિસ્તારથકી ભયંકર લાગેછે,—વિષમ ધ્વનિથી ગડગડેછે, અધિક વિષમ વિદ્યુત્ રૂપી પણછ ખેંચે છે, વિકટ ઇંદ્રધનુષ્ ચઢાવેછે, અહર્નિશ ધારા રૂપી બાણુની હેલીના વર્ષાદથી પ્રહાર કરેછે, વિરુદ્ધ હોય તેમ મુખ ઉપર અંધકાર કરી દઈ આગળથી માર્ગ રોકેછે, અને શતસહસ્ર ખડ્ગના સંઘાત જેવો દુષ્પ્રેક્ષ્ય હોવાથી આંખોને જાણે રુંધી દેછે તે (મેઘકાલ) ત્વરિત ગમનમાં વિઘ્નકારી થઈ પડ્યો.

તેમાં પ્રથમ તો એને અચેતન કરનાર મૂર્છાવેગથી દશે દિશાઓમાં અંધકાર વ્યાપી ગયો, પછી મેઘથી. પેહેલું એનું તલપી રહેલું અંતઃકરણ કહીંક જતું રહ્યું, પછી હંસ (ગયા).[1] આગળ એના પરિમલયુક્ત નિશ્વાસ-પવન નીકળ્યા, પાછળથી સુગંધિ વાયુ. પૂર્વે એનાં નીલકમલવન જેવાં સુંદર નયનમાંથી જલ વર્ષ્યું, પછી મેઘવૃંદમાંથી. પ્રથમ સહસ્ર ઉત્કલિકાથી આકુલ વ્યાકુલ થતું એનું મન ઉદ્વેગથી ભરાવા માંડ્યું, પછી નદિયોનો પટ.[2] વળી દુસ્તર નદી-પૂરનીજ સાથે એની મદન-વેદના વધવા લાગી. વર્ષાદથી ચીમળાઈ ગયેલા કમલ-સમૂહનીજ સાથે એની કાદમ્બરી-સમાગમની આશા ડુબી ગઈ. ધારાનો વેગ સહન કરવાને અશક્ત પલ્લવ-નીજ સાથે એનાં લોચન તામ્ર થયાં. મેઘકાલના પવન વાયાથી કદમ્બ-કલિનીજ સાથે એનું કંટકિત શરીર કંપવા લાગ્યું. તીર ઉપર આવતા જલ-થી મૂલમાંથી ખોદાતા નદી-તટનીજ સાથે એના પ્રાણ પડ્યા.[3] પરિમલમય માલતી-કુસુમ સાથેજ એનામાં મદન વિકસિત થયો. તેમજ ભારે ધડા-કાથીજ એના મનોરથ ભાગી ગયા. અતિતીક્ષ્ણ અગ્રભાગવાળા કેવડાના કંટકથીજ એનાં મર્મ ભેદાઈ ગયાં. શિખા ઉંચી કરતા શિખિયોથીજ એનાં ગાત્ર બળી ગયાં.[4] દિશાઓને ઘેરી લેતા મેઘના તિમિરથીજ એનો મોહાન્ધકાર વૃદ્ધિ પામ્યો. (અને) અંધકારને ઢાંકી દેતા વિદ્યુત્-

---

૧. વર્ષાઋતુ હંસને પ્રતિકૂલ છે એ વિશે જુઓ પૃ. ૧૪૨ નો. ૧.
૨. ઉત્કલિકા=ઉત્કંઠા; જલતરંગ. ઉદ્વેગ=ખેદ; ઉંચે જતો વેગ.
૩. અહીં અતિશયોક્તિજ સમજવી. ખરેખરા પ્રાણ ગયા એમ નહિ પણ તે તુલ્ય વેદના થઈ. ૪. શિખા=કલગી; જવાલા. શિખિ=મયૂર; અગ્નિ.

પ્રકાશથીજ એને સંતાપ થયો. (વળી) ઉપરા ઉપરી ગંભીર ગર્જના કરીને વસુંધરાના સંધિબંધને કંપાવતા, આકાશમાં, નવા મેઘથી;[1] મેઘ-જલ-ધારા પડવાથી ચંચુમાંથી શબ્દ કરતા, અંતરીક્ષમાં, ચાતકથી; મ્હોટે સ્વરે ડ્રૌં ડ્રૌં કરતા, પૃથ્વી ઉપર, દેડકાઓથી; અહર્નિશ ઝંકાર જેવા શબ્દથી ધારાના જલકણને જર્જરિત કરતા, દિશાઓમાં, પવનથી; મદમત્ત થઈ ટેહુ ટેહુ કરતા, વનમાં, મયૂરોથી; વિષમ શિખરોમાં શિલાઓ ઉપર સ્ખલન થવાથી કલકલ શબ્દ કરતાં, પર્વતોમાં, ઝરણથી; (અને) ઉંચા ઉછળતા તરંગના આસ્ફાલનથકી વૃદ્ધિ પામતો વિષમ નિર્ઘોષ કરતાં, નદિયોમાં, પૂરથી; તેમજ સ્થલ ઉપર વિસ્તાર પામતા, ગુફાઓમાં ડબાઈ જતા, ગિરિયો ઉપર પ્રચંડ લાગતા, જલ ઉપર મધુર મધુર સંભળાતા, પર્વત-તટ ઉપર તીક્ષ્ણ લાગતા, લીલા ઘાસવાળી ભૂમિ ઉપર મૃદુ લાગતા, વૃક્ષો ઉપર રમ્ય લાગતા, તૃણ ઉપર સૂક્ષ્મ લાગતા, તાલીવનમાં સ્પષ્ટ સંભળાતા,—સર્વે દિશાઓમાં પડતી જલધારાના શ્રોત્રહારી તથા હૃદય-પ્રવેશી સ્વરથી રાજપુત્રને વધારે વધારે ઉત્કંઠા થતી ગઈ તેથી રાત્રે કે દિવસે, ગામમાં કે અરણ્યમાં, અંતર્માં કે બ્હાર, વનમાં કે ઉપવનમાં, માર્ગમાં કે આવાસમાં, ચાલવામાં કે રહેવામાં, વૈશમ્પાયનના સ્મરણમું કે કાદમ્બરી-સમાગમના ધ્યાનમાં કદી પણ એને કોઇએ પ્રકારે નિર્વૃતિજ મળી નહિ.

આમ નિર્વૃતિ મળી નહિ, અને મેઘસમય રૂપી ઇંધનવાળા વર્ષાનલ જેવા—જાણે ભસ્મ કરી નાંખવાને તત્પર થયેલા—કામાગ્નિથી એ અતિ કષ્ટ પામવા લાગ્યો તેથી, સ્વભાવે ધીર છતાં પણ એની પ્રકૃતિજ બદલાઈ ગઈ. સકલ ધરાતલને છાકમછોળ કરી નાંખતા ધારાજલથી પણ એ શોષ પામ્યો. દશે દિશાઓને પ્રકાશિત કરતી વિદ્યુત્-પ્રભાથી પણ એ મૂર્છાન્ધકારમાં પડયો. જગત્‌ને આલ્હાદન કરતા, મેઘસમયના પવનથી પણ એ બળી ગયો. જલભારથી શ્યામ દેખાતા ઘનથી પણ એ ક્ષીણ થઇ ગયો. તૃણમય ભૂમિને રક્ત રૂપ આપતા શક્રગોપથી[2] પણ એ ફીકો પડી ગયો. કુસુમથી ધવલ લાગતા કુટજથી[3] પણ એ રાગવશ

૧. અહીંથી શરૂ થતી પંચમી વિભક્તિયોનો સંબંધ આગળ આવતા "વધારે વધારે ઉત્કંઠા થતી ગઈ" એ શબ્દો સાથે લેવો. ૨. શક્રગોપ=એક જાતના લાલ કીડા. ૩. કુટજ=એક જાતનો છોડ.

થયો. તથાપિ, મેઘકાલ રૂપી, સકલ જગત્‌ના જીવન-હેતુવડે પણ જીવિત-સંદેહમાં પડેલો એ કુમાર ઉત્કૂલ[1] ગમન કરતાં વિધિ-વિલસિત અને સરિત્પૂરને તરતો તરતો, અહર્નિશ વર્ષતા જલથી ઉત્પન્ન થયેલી મૂર્છામાં તથા પંકમાં ડુબતો ડુબતો, જલથી ભરાઈ ગયેલા માર્ગમાં તથા લોચનમાં સ્ખલન પામતો પામતો, વિકસિત થતી કાદમ્બરી-પ્રાપ્તિની ચિન્તાઓમાં તથા ધારા-કદમ્બની[2] રજોવૃષ્ટિયોમાં નયન મીચતો મીચતો, ઉપરા ઉપરી આવતાં ગમન-વિઘ્નથી તથા મેઘ-ગર્જિતથી મોહ પામતો પામતો, દુર્લંઘ્ય વેગવાળી હજારો ઉત્કંઠાને તથા નદીઓને ઓળંગતો ઓળંગતો, મેઘથી વૃદ્ધિ પામતા કાદમ્બરી-સમાગમના ઔત્સુક્યથી તથા જલ-પ્રવાહના વેગથી તણાતો તણાતો, જીવિતાશાને તથા દુર્બલ અશ્વને ત્યજતો ત્યજતો, સમસ્ત પ્રાણિ જેમાં પોત પોતાના સ્થાનમાંથી હાલી ચાલી શકતાં ન હતાં એવી વર્ષાઋતુમાં પણ જરાએ વિલંબ કર્યા વિના આગળ ને આગળજ ચાલ્યો: (કારણ કે,) વીજળીઓ જાણે એને તરછોડતી હતી, જલધર જાણે એને અટકાવતા હતા, ગર્જનાઓ જાણે એને ધમકાવતી હતી, નિસ્ત્રિંશ-વૃત્તિની[3] વર્ષાદની ધારાઓ જાણે એના સેંકડો છેદ કરી નાંખતી હતી, અને જલદ-કાલથીજ—ત્વરિત ગમનમાં વિઘ્ન રૂપ થઈ પડેલી—સર્વ આશાઓ રૂંધાઈ ગઈ હતી તો પણ કાદમ્બરી-સમાગમની આશા જરા પણ એને બંધ થઈ ન હતી.[4] એ ચાલતો ગયો તેમ એનું અશ્વ-સૈન્ય—જેનાં ચક્ષુ જલધારાઓ સામી આવવાથી જરા મીચાઈ જતાં હતાં, વારંવાર પોતાનાં મુખને જે આડાં અવળાં ફેરવતું હતું તથા નીચાં નમાવતું હતું, જેની કેસરના અગ્રભાગ જલ પડવાથી ચ્હોટી જઈને ભેગા થઈ ગયા હતા, કાદવમાં ને કાદવમાંજ ચાલવાથી જેની ખરીઓ ડબાઈ ગઈ હતી, ઉંચા નીચા ભૂમિભાગ ન જણાવાથી ગતિ જેની સ્ખલિત થતી હતી, પર્યાણ-બંધ જેના તુટી જતા હતા, ઉપરા ઉપરી નદીઓનાં તીર વારંવાર ઉતરવાથી જેના પૃષ્ઠભાગ પલળી ગયા હતા, અને બલવેગ તથા ઉત્સાહ જેનો ઘટતો જતો હતો—તે સૈન્ય પણ અનુગમન કરતું ગયું; અને રાજલોક સૌ ઉચિત વિજ્ઞપ્તિ

---

૧ ઉત્કૂલ=પ્રતિકૂલ; કૂલ—કિનારો—ઓળંગીને.

૨. ધારાકદંબ=એક જાતનું વૃક્ષ. ૩. નિસ્ત્રિંશ—ખડ્ગ—તેના જેવી વૃત્તિની; નિર્દય વૃત્તિની. ૪. આશા (બીજો અર્થ) દિશા.

કરતા તે છતાં પણ શરીર-સંસ્કાર ન કરતાં, જીવિત-સંધારણને અર્થે માત્ર આહારજ કરતો કરતો એ આખો દિવસજ આગળ ને આગળ ચાલતો.

એમ ચાલતાં ચાલતાં એક તૃતીયાંશ માર્ગ બાકી રહ્યો હતો તેવામાં એણે મેઘનાદને પાછો આવતો જોયો.[1] જોઇને, દૂરથીજ એણે નમસ્કાર કર્યો એટલે ચંદ્રાપીડ પૂછવા લાગ્યો કેઃ—પત્રલેખાના ગમન-વૃત્તાન્ત સંબંધી પ્રશ્ન તો હમણાં રહ્યો પણ વૈશમ્પાયનનો વૃત્તાન્તજ પૂછુંછું. કેમ તેં વૈશમ્પાયનને અચ્છોદ સરોવર ઉપર જોયો? એને ત્યાં રહેવાનું કારણ પૂછી જોયું? પૂછ્યું હોય તો એણે કંઇ કહ્યું કે નહિ? અમારા પરિત્યાગથી હવે એ પશ્ચાતાપ કરેછે? અમને સંભારેછે? મ્હારા વિશે તને કંઈ એણે પ્રશ્ન કર્યો? એનો અભિપ્રાય કંઇ જણાયો? તમારે બેને કંઇ વાતચીત થઇ? માતા પિતાને કંઈ સંદેશો એણે કહાવ્યો છે? આવવાને સારૂ તેં કંઇ એને સમજાવ્યો હતો? અમારા આવવાની કંઇ ખબર કહી હતી? ત્યાંથી એ નાસી તો નહિ જાય? મને મળશે ખરો? મ્હારો અનુનય માનશે? ફરીથી મ્હારી સાથે આવશે? આખો દિવસ એ શું કરેછે? ત્યાં એને વિનોદ શાનો છે?

આવા પ્રશ્ન સાંભળી મેઘનાદે વિજ્ઞપ્તિ કરી કેઃ–મહારાજ! વૈશમ્પાયનને મળીને ત્હારે પગલે પગલેજ અશ્વો સહિત હું આવું છું એવું કહીને આપે મને જવાની આજ્ઞા આપી હતી; (અને) અચ્છોદ સરોવર તરફ પાછા વૈશમ્પાયન ગયા હશે એવી તો વાતે થઈ ન હતી. આપને આવતાં વિલંબ થયો ત્યારે પત્રલેખાએ તથા કેયૂરકે મને કહ્યું કે મેઘસમયનો આરંભ જોઇને આવા દિવસોમાં દેવ તારાપીડે, દેવી વિલાસવતીએ તથા આર્ય શુકનાસે યુવરાજને પ્રયત્ન કરવા છતાં પણ જવાની અનુજ્ઞાજ કદાચિત્ નહિ આપી હોય, અને ત્હારે એકલાએ આ ભૂમિમાં[2] રહેવું જોઇયેજ નહિ માટે અહીંથીજ તું પાછો જા. અમે તો હવે આવી પહોચ્યાં છિયે.–આવું કહીને, અચ્છોદ સરોવર ત્રણ ચાર પ્રયાણ જેટલું દૂર હતું ત્યાંથીજ મને બલાત્કારે પાછો મોકલ્યો છે.—આટલું કહીને મેઘનાદ શાન્ત પડ્યો. ત્યારે ચંદ્રાપીડે પુનઃ પ્રશ્ન કર્યો કેઃ–તું શું

---

૧ જુઓ પૃ. ૩૨૬ લી. ૧૪–૧૬. પત્રલેખા, કેયૂરક અને મેઘનાદ આગળ ગયાં હતાં, અને પેહેલાં બેને મુકીને મેઘનાદ પાછો આવતો હતો.

૨ જ્યાં ચંદ્રાપીડે એને રાહ જોવાનું કહ્યું હતું ત્યાં.

ધારેછે? પત્રલેખા આજ સુધીમાં પહોચી ગઇ હશે કે નહિ?—તેણે પ્રત્યુત્તર આપ્યો કેઃ—દેવ ! માર્ગમાં જો કોઇ વિલમ્બકારી અંતરાય ન આવ્યો હોય તો તો નિઃસંશય પહોચવાં જોઇયે એમ હું ધારૂં છું.

મેઘનાદ આમ બોલી રહ્યા પછી સ્વાનુમાનથી કાદમ્બરીને મેઘસમયથકી વિસ્તારમાં વૃદ્ધિ પામતા મદનાર્ણવમાં પડેલી ધારી ધારીને ખેદ પામતા ચંદ્રાપીડને જલધર કાલપુરુષ જેવા, વીજળિયો મદનાગ્નિની જ્વાલા જેવી, ગડગડાટ પ્રેતપતિના પટહ-સ્વર જેવા, જલધારાઓ કામ-બાણ જેવી, ગંભીર ગર્જનાઓ મદન-ધનુષ્‌ની પણછના ટંકાર જેવી, મયૂર-કેકા કાલદૂતના આલાપ જેવી, કેતક-સુગંધ વિષ-પરિમલ જેવો, ખદ્યોત પ્રલયાગ્નિના સ્ફુલિંગ જેવા, ભ્રમર-વલય કાલપાશ જેવાં, વલાકા-પંક્તિયો પ્રેતપતિની પતાકા જેવી, નદિયો સર્વક્ષયકારી મહાપૂર જેવી, દુર્દિન કાલરાત્રિ જેવા, અને કુટજવૃક્ષ યમના હાસ્ય જેવાં દેખાવા લાગ્યાં!! વળી એના શરીરમાં પણ સત્વને બદલે બ્હીકણપણું, બલને બદલે ક્ષીણતા, કાન્તિને બદલે વૈવર્ણ્ય, મતિને બદલે મોહ, ધૈર્યને બદલે વિષાદ, હાસ્યને બદલે શોક, નયનમાં અશ્રુ, આલાપમાં મૌન, અંગમાં અસ-હનતા, ઈન્દ્રિયોમાં અસુખ, અને સર્વમાં અરતિ દેખાવા લાગી. પછી કેટલેક દિવસે એ,—અહર્નિશ વહેતા અશ્રુપૂરના પ્રવાહથી જાણે ધસાઇ જતું હોય, સર્વદા વાતા નિશ્વાસ-પવનથી જાણે ભાગી જતું હોય, ઉપરા ઉપરી આવતી મદન-દુઃખની હજારો ઉત્કલિકાથી જાણે ખોદાઇ જતું હોય, મદનબાણના વર્ષાદથી જાણે આમતેમ જર્જરિત થતું હોય, અને શરીરની સાથેજ જાણે ક્ષીણ થતું હોય તેમ સ્વલ્પ શેષ રહેલું, તથા સંકલ્પમાં ચિત્રેલા સ્વ-સમાન વૃત્તિના કાદમ્બરી-શરીરનીજ સાથે કંઠે વળગેલું—પોતાનું જીવિત મહા મહા કષ્ટે ધારી રાખતો રાખતો તેજ[1] અચ્છોદ સરોવર પાસે આવી પહોચ્યો. તે સમયે ત્યાં વૃક્ષતલ મેઘજલથી પલળી ગયાં હતાં; તેના તીર પાસેની નવતૃણમય ભૂમિ ઉપર જલ ફરી વળ્યું હતું; કિનારે અર્ધિલાં લતાવનમાં પ્રવેશ થાય એમ ન હતું; કિનારા ઉપરનું જલ નિરંતર પ્રવિષ્ટ થયાથી તેના પ્રાન્તભાગ મલિન થયા હતા; ઉંચા દંડ વાળાં કુમુદપત્ર ત્યાં તુટી જતાં હતાં; કમલ-સમૂહ થોડા થોડા ડુબી ગયા હતા; સુકાઈ જતા કમલ-કેસર તથા પત્રના કડકા જલ ઉપર તરતા હતા;

---

૧. પૂર્વે જયાં એ આવ્યો હતો તેજ.

કલ્હાર તથા કુવલય જરા જર્જરિત થઈ ગયાં હતાં; (પુષ્પમાંથી) ભ્રમરનાં ટોળાં જતાં રહ્યાં હતાં; હંસ-સાર્થ ઉડી ગયા હતા; અસ્વસ્થ સારસ કરુણ શબ્દ કરતાં હતાં; શેષ રહેલાં પત્રતળે ઉચ્ચકિત ચક્રવાક-મિથુન ભરાઈ જતાં હતાં; કંપતાં કાદમ્બકનાં કદમ્બક[1] તીર સમીપ બરૂઓમાં સંતાઈ જતાં હતાં; અને દીર્ઘ તથા મનોહર શબ્દ કરતાં મયૂર, બક, તથા વલાકાનાં ટોળાં તટ ઉપરના વૃક્ષોમાં બેઠેલાં હતાં. વર્ષાઋતુના વિકારને લીધે જાણે અન્ય હોય તેમ, દૃષ્ટપૂર્વ છતાં તે (ચંદ્રાપીડને) અદૃષ્ટપૂર્વ જેવું દેખાતું હતું; દૃષ્ટિને સુખકર ન હતું; હૃદયને આલ્હાદન કરતું ન હતું; અને મનને પ્રિય લાગતું ન હતું—પણ દ્વિગુણ દુઃખ ઉત્પન્ન કરતું હતું.

તે સરોવરની સમીપ જતાં જતાંજ એણે સર્વ અશ્વવારોને આજ્ઞા કીધી કેઃ—વૈલક્ષ્યથકી કદાચિત્ એ આપણને જોઈને નાસવાજ માંડશે માટે તમે સૌ ચારે બાજુએ સંભાળથી રહેજો. એટલું કહી પોતે પણ, ખિન્ન છતાં જાણે અખિન્ન હોય એમ અશ્વ ઉપર બેઠે બેઠેજ લતા-ગહન, વૃક્ષમૂલ, શિલાતલ તથા પ્રફુલ્લ મંડપ તપાસતો તપાસતો આસપાસ ભ્રમણ કરવા લાગ્યો. પણ ભમતાં ભમતાં કહીં પણ જ્યારે કંઈ અવસ્થાન-ચિન્હ એની દૃષ્ટિયે ન પડ્યું ત્યારે એણે વિચાર્યું કેઃ—નક્કી પત્રલેખા પાસેથી મ્હારા આવવાની ખબર જાણીને પેહેલેથીજ એ નાસી ગયો હશે માટે અહીં અવસ્થાન-ચિન્હ માત્ર પણ દેખાતું નથી. કોઈ છુપી જગાએ ગયેલો માટે એ આમ ખોળ્યો તોએ મળ્યો નહિ. હવે તો મહા કષ્ટ આવી પડ્યું! વૈશમ્પાયનને જોયા વિના આ પ્રદેશમાંથી એક પગલું પણ આગળ ભરવાને મ્હારા ચરણમાંજ ઉત્સાહ નથી. અને કામબાણથી જર્જરિત થઈ ગયેલા, કાદમ્બરીના દર્શનની આશાએજ ટકી રહેલા, આ મ્હારા પ્રાણ ક્ષીણતાને લીધે ક્ષણ પણ વિલંબ સહન કરી શકે એમ નથી. સર્વથા હું દુર્દૈવથી ઘેરાઈ ગયોછું. દેવી કાદમ્બરીનું દર્શન ન થયું તેમ વૈશમ્પાયનનું પણ ન થયું!—આવો નિશ્ચય ઉત્પન્ન થયા છતાં, પ્રત્યાશા ત્યજવી દુષ્કર હોવાથી, એના મનમાં એમ થયું કેઃ—કદાચિત્ મહાશ્વેતાને પણ આ વૃત્તાન્ત ખબર હશેજ માટે પ્રથમ એને તો મળું, પછી જે યુક્ત હશે તે કરીશ. એમ ધારી એના આશ્રમનીજ સમીપ અશ્વસૈન્યનો પડાવ કરી, સ્વારીનો વેષ ઉતારી, સર્પ-કંચુક જેવાં સૂક્ષ્મ, મેઘરહિત ચંદ્રિકા

૧. કાદમ્બક–રાજહંસ–નાં કદમ્બક–ટોળાં.

જેવાં સુંદર બે વસ્ત્ર પેહેરી, એમ ને એમજ રાખેલા પર્યાણવાળા ઈન્દ્રાયુધ ઉપર બેસી પોતે મહાશ્વેતાને આશ્રમે આવ્યો. ત્યાં પેસતાંજ અશ્વ ઉપરથી ઉતરી, મહાશ્વેતાને જોવાના કુતૂહલથી આકૃષ્ટ થયેલા ઈન્દ્રાયુધના પરિજન સહિત એ અંદર પેઠો. ત્યાં ગુહાદ્વાર પાસેજ એક શ્વેત શિલાતલ ઉપર નીચે મુખે બેઠેલી, અસહ્ય શોકના વેગથી અંગે અંગે કંપતી, નેત્રમાંથી નિરંતર અશ્રુધારા પાડતી, પ્રચંડ મેઘ-સમયના પવનથી કંપી ગયેલી લતા જેવી મહાશ્વેતાને એણે રુદનથી દીન દેખાતી તરલિકાએ મહા મહા પ્રયત્ને ઝાલી રાખેલી જોઈ. આવી એની અવસ્થા જોઇને એને વિચાર થયો કે—દેવી કાદમ્બરીને તો કંઈ અનિષ્ટ નહિ થયું હોય જેથી, મ્હારા હર્ષદાયી આગમન છતાં મહાશ્વેતા આવી અવસ્થા અનુભવતી હશે?—આ શંકાથી એનું હૃદય ભેદાઈ ગયું અને ઉડી ગયેલાજ પ્રાણથી પગલે પગલે જાણે સ્ખલન કરતો કરતો, પડતો પડતો, મોહ પામતો પામતો પાસે આવી, તેજ શિલાતલના એક ભાગ ઉપર બેસી, ભરાઈ આવતાં અશ્રુથી દીન વદને તરલિકાને એ પૂછવા લાગ્યો કે આ શું છે?—પણ એણે તો એવી અવસ્થામાં આવેલી પણ મહાશ્વેતાનાજ મુખ સામું જોયાં કર્યું.

એટલામાં શોકનો વેગ શમી ન ગયા છતાં મહાશ્વેતાજ ગદ્ગદ કંઠે બોલી કે:—મહાભાગ! આ બિચારી શું કહે? દુઃખ સહન કરવાનેજ જેનું કઠિન હૃદય સર્જેલું છે અને જેણે દુઃખ શ્રવણ કરવાને અનુચિતને પણ[1] પોતાનું દુઃખ પુનરપિ સંભળાવ્યું હતું તે હુંજ મંદભાગિની, મહાભાગના જીવિતમાં વિઘ્ન લાવનારી–નિર્લજ્જ–નિર્દય—આ દુઃશ્રવણ દુઃખ પણ આપને સંભળાવું છું. સાંભળો. કેયૂરક પાસેથી આપના ગયાની ખબર સાંભળી[2] મ્હારૂં મન ભેદાઈ ગયું કે ન મેં ચિત્રરથનો મનોરથ પૂર્ણ કર્યો, ન મદિરાની પ્રાર્થના કૃતાર્થ કરી, ન મ્હારૂં કંઈ સારૂં કર્યું, ન ગૃહે આવેલા ચંદ્રાપીડનું પ્રિય કર્યું, ને ન મેં પ્રિયસખી કાદમ્બરીને પણ પ્રાણવલ્લભના સમાગમથી સુખી થયેલી જોઈ.–એમ અનેક રીતે વૈરાગ્ય ઉત્પન્ન થયાથી, ગાઢ બંધન કરતા કાદમ્બરી-સ્નેહ-પાશને પણ છેદીને હું ફરીથી કષ્ટતર[3] તપ આચરવાને અહીંજ આવી. તેવામાં મેં આપનીજ સમાન આકૃતિના,—શૂન્ય હૃદય, શૂન્ય શરીર તથા ગભરાયેલા મુખવાળા—એક યુવાન્ બ્રાહ્મણને અશ્રુથી ભરાઈ ગયેલી, લક્ષ્ય રહિત, શૂન્ય દૃષ્ટિયે જાણે

૧ અર્થાત્ તમને. ૨ જુઓ પૃ. ૩૧૧ લી. ૫–૯. ૩ અતિશય કષ્ટદાયક (Severest.)

કંઈક પ્રનષ્ટ વસ્તુને આમ તેમ શોધતો જોયો. તે મ્હારી પાસે આવીને, —પૂર્વે નહિ જોયા છતાં પણ જાણે મને ઓળખી કાઢતો હોય, અપરિચિત છતાં પણ જાણે ચિર-પરિચિત હોય, સંભાવના વિના પણ જાણે પ્રૌઢ પ્રેમ ધરાવતો હોય, અસ્નિગ્ધ છતાં પણ જાણે પ્રેમથી પરવશ હોય, શૂન્ય છતાં પણ જાણે કંઈક સંભારી કાઢતો હોય, આકાર દુઃખિત છતાં પણ જાણે સુખ પામતો હોય, વગર બોલે પણ જાણે કંઇ યાચના કરતો હોય, અપૃષ્ટ છતાં પણ જાણે પોતાની અવસ્થા સૂચવતો હોય, અભિનંદન કરતો હોય, અનુશોચ કરતો હોય, હર્ષ પામતો હોય, ખેદ પામતો હોય, બ્હીતો હોય, અભિભવ કરતો હોય, મોહિત હોય, આકાંક્ષા રાખતો હોય,—નિમેષ રહિત, નિશ્ચલ તથા સ્તબ્ધ પક્ષ્મ સહિત, અશ્રુપૂરથી ભરેલાં, કર્ણાન્તને ચુમ્બન કરતાં, વિકસિત જેવાં, અર્ધી ઉઘાડી કીકીવાળાં નેત્રથી કંઈક સ્મરણ કરતો હોય,—મત્ત હોય, આવિષ્ટ હોય, વિયુક્ત હોય, પાન કરતો હોય, આકર્ષણ કરતો હોય, અને અંતરમાં પ્રવેશ કરતો હોય તેમ—બીજે કહીંજ દૃષ્ટિ કર્યા વિના મ્હારી સામુ બહુવાર સુધી જોઇ રહી કહેવા લાગ્યો કેઃ—વરતનુ! જગત્‌માં સર્વે જન જન્મને, વયને કે આકૃતિને સદૃશ આચરણ કરે તો તેમને કોઇ ઉપાલંભ દેતું નથી. પરંતુ તેં અતિ વામ પ્રકૃતિના વિધિની પેઠે અસદૃશ અનુષ્ઠાનમાં શો આ પ્રયત્ન માંડ્યો છે કે કોમલ માલતી-કુસુમ-સુકુમાર માલા જેવી,[1] કંઠ-પ્રણયનેજ યોગ્ય કાયાને અનુચિત આ કષ્ટતર તપના શ્રમથી તું ગ્લાનિ પમાડે છે? લતા જેવી આ સુમનોહારી (કાયા)નો, રૂપ-વયમાં અનુરૂપ રસાશ્રયી ફલ સાથે કેમ તું સંયોગ કરતી નથી?[2] રૂપ ગુણ વિહીન પ્રાણીને પણ જન્મથકી પ્રાપ્ત થતાં સંસાર-સુખ અનુભવ્યા પછી પરલોક સંબંધી તપશ્ચર્યાનો શ્રમ શોભે છે તો રુચિર આકૃતિ જેને છે તેની તો વાતજ શી? માટે મૃણાલિની જેવી સ્વભાવે સરસ ત્હારી આ કાયા ઉપર હિમપાત જેવો તપઃક્લેશ જોઇને મને પીડા થાય છે. જ્યારે ત્હારા જેવી સંસાર-સુખથી દૂર રહી તપઃક્લેશ સહન કરે ત્યારે કુસુમધન્વા પોતાનું ધનુષ્ વૃથા અધિજ્ય[3] રાખે છે એમ કહેવાય; ચંદ્રનો ઉદય નિષ્કારણ ગણાય; વસંત માસનું આગમન વૃથા થાય; કુમુદ, કુવલય, કલ્હાર તથા કમલનાં વન

---

૧. કાયા કુસુમ જેવી, માલા કુસુમ વડે સુકુમાર. ૨. કાયા સુમનોહારી—સારી રીતે મન હરણ કરતી; લતા સુમનસ—પુષ્પ—વડે સુંદર લાગતી.
૩. ચઢાવેલી—જ્યા—પણછ—વાળું.

નિષ્ફલ વિકસિત થાય; મેઘસમયના આરંભની ગર્જનાઓ નિષ્પ્રયોજન થાય; ઉપવન નિરર્થક થઈ જાય; ચંદ્રિકાનુંએ શું કામ? લીલા-સરિત્‌ના પુલિનનુંએ શું કામ? અને મલયાચલના પવનનુંએ શું?

મને તો દેવ પુંડરીકનાજ વૃત્તાન્તને લીધે કૌતુક સર્વ જતું રહ્યું હતું તેથી, તેના આમ બોલવા છતાં પણ—તું કોણ છે? ક્યાંથી આવ્યો છે? શું કરવા મને આવું કહેછે?—એવું પૂછ્યા વિનાજ હું તો બીજા પ્રદેશમાં જતી રહી. અને ત્યાં જઈને દેવપૂજા સારૂ પુષ્પ ચૂંટતી ચૂંટતી, તરલિકાને બોલાવીને કહેવા લાગી કે—તરલિકા! આ કોઈક બ્રાહ્મણાકૃતિનો યુવાન્ છે તેની દૃષ્ટિમાં તથા વાચામાં મને કંઈક અન્યજ અભિપ્રાય જણાય છે માટે એને વારી રાખ કે ફરીથી અહીં આવે નહિ. વાર્યા છતાં જો એ આવશે તો અવશ્ય એનું કંઈક અશુભ થશે. (આ ઉપરથી તરલિકાએ) વાર્યા છતાં એ દુર્નિવાર્ય વૃત્તિવાળા દુષ્ટ મદનના દોષથી કે અનર્થ ભવિતવ્ય હશે તેથી અનુગમન કરતો અટક્યોજ નહિ. એમ કરતાં કરતાં કેટલાક દિવસ ગયા પછી એક સમયે ગાઢ રાત્રિયે કામાગ્નિનું ઉદ્દીપન કરતા ચંદ્રિકાપૂરનું જ્યારે ચંદ્રકિરણ જાણે વમન કરતા હતા, અને તરલિકા નિદ્રાવશ થઈ હતી ત્યારે સંતાપને લીધે નિદ્રાસુખ ન મળવાથી હું બ્હાર આવીને આજ શિલાતલ ઉપર ગાત્ર નાંખીને પડી હતી. કલ્હારની સુગંધ લાવતો અચ્છોદ સરોવરનો પવન તે સમયે મંદ મંદ વાતો હતો; અને ચંદ્રમા ચૂનાના કુંચા જેવા પોતાના કિરણથી દશે દિશાઓને ધવલ કરતો હતો; તેના ઉપર દૃષ્ટિ નાંખીને હું—અમૃત વર્ષાવતા, અખિલ જગત્‌ને આલ્હાદન કરતા કરથી આ ચંદ્રમા એ મ્હારા પ્રાણનાથને પણ વર્ષાવે તો કેવું સારૂં!!—એમ આશાને પ્રસંગે દેવ પુંડરીકના કલ્યાણકારી નામનું સ્મરણ કરતી હતી અને વિચાર કરતી હતી કે—શું મુજ પાપિણીના અભાગ્યથી એવા દિવ્ય આકૃતિના, આકાશમાંથી ઉતરેલા મહાપુરુષનું પણ ભાષણ અસત્ય નીવડ્યું? અથવા—જીવિત પ્રિય ગણનારી તપસ્વિની છો જેમ તેમ કરી જીવતી—એમ અનુકમ્પા લાવીને અમથુંજ એણે આશ્વાસન કર્યું જે ફરીથી મને દર્શન દીધું નહિ? કલ્યાણકારી દેવ પુંડરીક શું કરે? એમને તો એ શવ રૂપેજ ઉપાડીને લઈ ગયો! પણ જીવતાં મુવા જેવો, નિષ્કરુણ, કપિંજલ કેમ આટલો બધો કાળ વીતી ગયો તથાપિ મને કંઈ વાર્તાએ ન કરી ગયો?—આવા આવા વિચાર કરતી કરતી, દુર્જીવિતથી ગ્રહાયલી હું જાગતીજ ત્યાં સુઈ રહી હતી.

એટલામાં, દિવસથી નિર્વિશેષ ચંદ્રપ્રકાશ વડે દૂરથી પણ દેખાતો; આવિષ્ટ જેવો, મત્ત જેવો, ઉન્માદથી ધીમે પગલે પાસે આવતો એજ યુવાન્ મ્હારી દૃષ્ટિયે પડ્યો. નિરંતર પડેલાં કામબાણના શલ્યથી ભરાઈ ગયું હોય તેમ એનું શરીર ચરણ સુધી કંટકિત થયેલું હતું. વિકસિત કેતકીની રજના સમૂહ જેવો ધવલ હોવાથી, પ્રથમથીજ જાણે મદનાગ્નિએ બાળીને ભસ્મ કરી નાંખ્યો હોય એવો એ લાગતો હતો. સકલ જગત્માં જેનું શાસન અપ્રતિહત છે એવા કામદેવે અવશ્ય મરણાર્થે મોકલેલું જાણે આજ્ઞાવલય હોય એવું લીલું મૃણાલ-વલય એણે હાથે પેહેરેલું હતું. ભય તથા કંપથી હાલતી, કર્ણાન્તે વ્હોટેલી, મદનના પ્રથમ સહાય ચંદ્રની કલા જેવી કેતકીની ગર્ભ-સૂચિ—હવે તું ક્યાં જનાર છે? ત્હારૂં મેં મૃત્યુ આણ્યું છે!—એમ એને તરછોડતી હતી. ઉદ્વેગથી નીકળતા નયનજલના પ્રવાહથી પોતાને એ જાણે જલાઞ્જલિ આપતો હતો. સ્વેચ્છાએજ મ્હારૂં કર-ગ્રહણ કરવાને સ્વેદજલથી જાણે એ સ્નાન કરતો હતો. પર હૃદય જાણ્યા વિના ત્હારે જવું યુક્તજ નથી—એમ જાણે (કહીને) ભારે ઊરુસ્તંભ પગલે પગલે એને વારી રાખતો હતો. મને આલિંગન દેવાની મિથ્યા આશા રાખીને દૂરથીજ એણે હાથ પ્રસારેલા હતા (તેથી) હજારો ઉત્કલિકાથી વિષમ થયેલા રાગ-સાગરને એ જાણે તરતો હતો. નિરંતર ચાલતા દીર્ઘ નિશ્વાસ-પવન જાણે એને આગળથી આકર્ષણ કરતા હતા. દિશાઓને ભરી નાંખતું ચંદ્રિકાનું પૂર એને જાણે તાણી લાવતું હતું. મદન-વેદનાથી એ શૂન્ય લાગતો હતો. મુખ એનું સુકાઈ ગયું હતું. સત્વથી એ ત્યજાયલો હતો, કૃપણતાથી સ્વીકારાયલો હતો; ધૈર્યથી અવધીરિત હતો, તરલતાથી ગૃહીત હતો; લજ્જાથી વિસર્જિત હતો, ધાર્ષ્ટ્યથી અરહિત હતો; પરલોકના ભયથી દૂર હતો, સ્વરુચિથી અંગીકૃત હતો; યુક્ત અયુક્તના વિવેકથી વિમુક્ત હતો અને કેવલ મદનનેજ વશ હતો.

હું નિસ્પૃહી છતાં પણ એને એવો આવતો જોઈ અતિશય ભય પામી અને વિચાર કરવા લાગી કે—અહો આ કષ્ટ આવ્યું! ઉન્માદથી આવીને જો હસ્તથી પણ એ મને સ્પર્શ કરશે તો મ્હારે આ પુણ્યરહિત હત-શરીર ત્યજવું પડશે, અને દેવ પુંડરીકનું પુનર્દર્શન કરવાની આશાએ ઘણો કાળ થયાં અધિક અધિક દુઃખ ભોગવીને પણ પ્રાણ-સંધારણ કરેલું મ્હારૂં વ્યર્થ જશે.—આમ હું ચિન્તન કરતી હતી એટલામાંજ મ્હારી પાસે

આવીને એ કહેવા લાગ્યો કેઃ—ચંદ્રમુખિ ! મદનનો સહાય આ ચંદ્ર મને હણવાને તત્પર થયોછે માટે હું ત્હારે શરણ આવ્યો છું. મુજ અશરણનું–અનાથનું–આર્ત્તનું તું રક્ષણ કર. બીજો કોઈ પ્રતીકાર મ્હારાથી સહન થાય એમ નથી. મ્હારૂં જીવિત ત્હારે સ્વાધીન છે. શરણાગતનું પરિત્રાણ તો તપસ્વિયોનો પણ ધર્મ છે. માટે જો તું આત્મ-પ્રદાનવડે મ્હારૂં સંરક્ષણ નહિ કરે તો આ કુસુમશર તથા શીતકિરણ મને મારી નાંખશે.—આ સાંભળીને મ્હારા મસ્તકમાંથી તો જાણે ધગધગતી જ્વાંલા ઉઠી, અને રોષાગ્નિથી જાણે તેને બાળી નાંખતી હોઉં તથા અશ્રુ રૂપી તનખા પાડતી દૃષ્ટિ થકી તર્જતી હોઉં તેમ, તે વખતે ચરણસુધી શરીરે કંપતી કંપતી–આવિષ્ટ હોઉં તેમ મ્હારા પોતાના પણ ભાન વિના–ક્રોધાવેગથી કઠોર અક્ષરમાં બોલી કેઃ—અરે પાપી ! આવું મને કહેતાં કેમ ત્હારા મસ્તક ઉપર વજ્ર ન પડ્યું ? કેમ ત્હારી જિહ્વા સહસ્રધા કપાઈ ન ગઈ ? કેમ ત્હારી વાણી વિહ્વલ ન થઈ ? કેમ ત્હારા અક્ષર વિનષ્ટ ન થયા ? આ ત્હારા શરીરમાં, મને તો લાગેછે કે, સકલ લોકનાં શુભાશુભ-સાક્ષિભૂત પંચ મહાભૂત છેજ નહિ. કે તને આમ બોલતાં અગ્નિયે બાળી નાંખ્યો નહિ–વાયુ ઉપાડી ગયો નહિ–જલે ડુબાવી દીધો નહિ–પૃથ્વીએ રસાતલમાં દાટી દીધો નહિ–આકાશે પણ તત્ક્ષણ આત્મવત્ કરી નાંખ્યો નહિ !! આ વ્યવસ્થિત લોકમાં તું આવો અવ્યવસ્થિત ક્યાંથી ઉત્પન્ન થયો જે પક્ષીની પેઠ કામવશ થઈને (બીજું) કંઈએ જાણતો નથી ? જે કોઈ હત વિધિયે તને પોપટની પેઠ મુખ-રાગ દર્શાવતો, માત્ર સ્વપક્ષપાત કરતો, સ્થાનાસ્થાનના વિવેક વિના આમ બોલતો બનાવ્યો તેણેજ કેમ તને એજ જાતિમાં નાંખ્યો નહિ ? એમ હત તો આવું બોલતાં પણ સૌ તને હસી કાઢત અને કોઈને ક્રોધ આવત નહિ. ત્હારા વચનથી પીડાયલી હું આટલો તને સંવિભાગ કરી આપુંછું જેથી ત્હારી વાણીને અનુરૂપ જાતિમાં પડીને મ્હારા જેવી ઉપર તું કામાન્ધ થાય નહિ.–એટલું કહી,ચંદ્ર સામું જોઈ, હાથ જોડી ફરીથી હું બોલીઃ–ભગવન્ પરમેશ્વર ! સકલ-ભુવન-ચૂડામણિ ! લોકપાલ ! મેં જો દેવ પુંડરીકના દર્શન પછી મનમાં પણ કોઈ અન્ય પુરુષનું ચિંતન ન કર્યું હોય તો આ મ્હારા સત્ય વચનથી આ દુષ્ટ કામી મ્હારી કહેલીજ જાતિમાં પડજો.—આટલું હું બોલી એટલામાંજ એ તો, કોણ જાણે અસહ્ય વૃત્તિના મદનજ્વરના વેગથી, કે સત્વર ફલદાયી સ્વદુષ્કૃતના ગૌરવથી, કે મ્હારા વચનના સામર્થ્યથીજ,

છિન્ન-મૂલ વૃક્ષની પેઠે અચેતન થઈને ભૂમિ ઉપર પડ્યો! એના મરણ પછી આક્રંદ કરતા એના પરિજન પાસેથી મેં સાંભળ્યું કે એ તો આપ મહાભાગનોજ મિત્ર હતો.—એટલું કહી લજ્જાથી મુખ નીચું નમાવી, બોલ્યા વિનાજ એ, ભૂમિને મહા અશ્રુવેગથી ડુબાવવા લાગી.

આ સાંભળી ચંદ્રાપીડનાં તો, કર્ણાન્તને સ્પર્શ કરતાં, દીર્ઘ લોચન મીચાઈ ગયાં, દૃષ્ટિ ભગ્ન થઈ, વચન-સૌંદર્ય ભ્રષ્ટ થયું, અને—ભગવતિ! તમારા પ્રયત્ન છતાં મને અપુણ્યશાલીને આ જન્મમાં દેવી કાદમ્બરીની ચરણ-સેવાનું સુખ ન મળ્યું માટે જન્માન્તરે પણ તે તમે સંપાદન કરાવજો—એટલું કહેતામાંજ, કાદમ્બરી-સમાગમની અપ્રાપ્તિ રૂપી દુઃખથીજ વિભિન્ન થવાને તત્પર થયેલું એનું સ્વભાવે સરસ હૃદય ભ્રમરના આઘાતથી પુષ્પ-મુકુલ ફાટે તેમ ફાટી ગયું. તે જોઈ, મહાશ્વેતાનું શરીર મુકી દઈ, સસંભ્રમ ચંદ્રાપીડનું શરીર (ખોળામાં) લઈ—ભર્તૃદારિકા! હવે લજ્જા શું રાખોછો? જુઓ તો ખરાં દેવ ચંદ્રાપીડ તો કંઈક અન્યજ લાગેછે! એમની ગ્રીવા ભગ્ન થઈ હોય તેમ શિરને ધારી શકતી નથી! હલાવ્યા છતાં કંઈ ચેતન જણાતું નથી! કીકી અંદર પેસી ગઈછે! લોચન ઉઘડતાં નથી! ગાત્ર જેમ તેમ પડ્યાંછે! હૃદય ધડકતું નથી!—અરે દેવ ચંદ્રાપીડ! ચંદ્રાકૃતિ! કાદમ્બરીપ્રિય! એમને મુકીને તમે ક્યાં જાઓછો?—એમ કહી આર્ત્ત સ્વરે તરલિકા પ્રલાપ કરવા લાગી. વાંકા વળી ગયેલા ચંદ્રાપીડના મુખ ઉપર નિશ્ચલ—સ્તબ્ધ—આંખે જોતી મહાશ્વેતા શૂન્યજ બની ગઈ. ઓ પાપી દુષ્ટ તાપસિ! તેં આ શું કર્યું? અખિલ જગત્‌ની પીડા હરનાર તારાપીડનું કુળ ઉચ્છિન્ન કર્યું! પ્રજાઓને અનાથ કરી! અમારી સાથે ગુણના માર્ગ ભગ્ન કર્યા! અર્થિ લોકની આશાઓમાં અર્ગલ દીધો! હવે લક્ષ્મી કોનું વદન જોશે? ભૂમિનો આધાર કોણ થશે? સેવકો કોને સેવશે? દેવ ચંદ્રાપીડ! તમારા વિના હવે સેવા વ્યસનજ થઈ, સમાનશીલત્વ ગત થયું, પરિજનનાં વખાણ અસ્ત થયાં, સેવકજનનો આદર લઘુ થયો, પ્રિય આલાપ દૂર થયા, દાનની કથાઓ સમાપ્ત થઈ!! શું, હવે તમે કથાવશેષજ થયા?[1] પૂર્વની તમારી પ્રજા હવે કોને શરણ જશે? સાધુઓનું ક્યાં હવે સમાધાન થશે? તમે ધુરંધર અળગા થયા તો હવે દેવ તારાપીડે વહન કરેલી ધુરા કોણ ઉપાડશે? ધીર છતાં પણ કેમ કાયર હો તેમ તમારૂં હૃદય શોકથી ભેદાઈ ગયું? દયાલુ છતાં

૧. કથાજ જેની હવે અવશેષ રહીછે એવા.

કેમ આજ અમારા ઉપર આટલા નિર્દય થયા? દેવ! ક્ષમા કરો! એક વાર તો આજ્ઞા કરો! ભક્તજનની પ્રાર્થના પૂર્ણ કરો! પ્રાણધારણ કરો! તમારા વિના પુત્રવત્સલ દેવ તારાપીડ કે દેવી વિલાસવતી કે આર્ય શુકનાસ કે મનોરમા કે રાજાઓ કે પ્રજા એક ક્ષણ પણ જીવે એમ નથી! સર્વને ત્યજીને એકલા ક્યાં જતા રહ્યા? એકાએકજ આટલા બધા નિષ્ઠુર ક્યાંથી થઈ ગયા? ક્યાં ગઈ તમારી ગુરુજન ઉપરની એ ભક્તિ કે આમ (તેમની) અપેક્ષા વિના જતા રહોછો?—એવી રીતે, ભૂતલ ઉપર આળોટતા પરિજન વિલાપ કરવા લાગ્યા. તે સાંભળી સાંભળીને—હા! હા! આ શું?—એમ ઉદ્ભ્રાન્ત મનથી બૂમો પાડતા પાડતા રાજલોક દોડી આવવા લાગ્યા; અને અશ્રુથી ભરાઇ ગયેલાં ઉત્પક્ષ્મ નયનથી જોતો ઇંદ્રાયુધ ચંદ્રાપીડના મુખ ઉપર દૃષ્ટિ રાખીને અતિદીન હેષારવથી આક્રંદ કરવા લાગ્યો, ઉપરાઉપરી ચારે ખરિયો ઉપાડીને ભૂતલ ઉપર જાણે શોકથી પછાડવા લાગ્યો, તથા જાણે છૂટી જવા સારૂ, તીક્ષ્ણ ચોકડાને તથા સોનાની સાંકળના બંધને—અશ્વજાતિમાંથી મોક્ષ ઇચ્છતો હોય તેમ—તોડી નાંખવા લાગ્યો. એવામાં, પત્રલેખાએ ચંદ્રાપીડના આવવાની ખબર કહ્યાથી, ચંદ્રોદયથકી ઉલ્લાસ પામતી સમુદ્રની ભરતી જેવી મકરધ્વજ યુક્ત[1] કાદમ્બરી માતાપિતા પાસે મહાશ્વેતાને મળવાનું બ્હાનું કાઢી, શૃંગાર યોગ્ય વેષ તથા આભૂષણ પેહેરી, આગમનનો ખેદ ન ગણતાં ચંદ્રાપીડના દર્શનને અર્થે તલપતી તલપતી ત્યાંજ આવી. રણકતાં નૂપુરવાળી, શબ્દ કરતી મેખલા વાળી, રમ્ય ઉજ્જવલ વસ્ત્ર વાળી, અનંગ-સૈન્યની શોભા ધારણ કરતી થોડીક દાસીઓ સુગંધિ માલા, અંગલેપ, પટવાસ આદિ ઉપકરણ લઈને એની પાછળ ચાલતી હતી; આગળ કેયૂરક માર્ગ દર્શાવતો હતો; અને પત્રલેખાને હાથે વળગી મદલેખા સાથે પોતે વાત કરતી હતી કેઃ—મદલેખા! પત્રલેખા રોજ કહેછે પણ મને તો એ અતિ કઠિન હૃદયના, શઠ મતિના, ક્રૂર મનના, નિસ્પૃહી કુમારના આવવાનોજ વિશ્વાસ પડતો નથી. કેમ, તને નથી સાંભરતું કે તે દિવસ હિમગૃહમાં મ્હારી અવસ્થા ઉપર અણવિશ્વાસ લાવીને એ દુર્વિદગ્ધ બુદ્ધિમાને મને દુઃખ થાય એમ કેવું વક્ર ભાષણ કર્યું હતું?[2] તે સમયે મેં જરા હસીને ત્હારા સામું જોયું એટલે તેંજ એમને ખરેખર સંશયકારી[3] પ્રત્યુત્તર આપ્યો હતો!

---

૧. મકર—મગર—રૂપી ધ્વજ—ચિન્હ યુક્ત; (બીજો અર્થ) મદન. ૨. જુઓ પૃ. ૨૭૫—૨૭૬. ૩. અહીં બીજો પાઠ 'અસંશયકારી' એવો છે.

માટે એ તો મરણે પણ મ્હારી આવી અવસ્થા માનનારજ નથી. નહિ તો--મ્હારે લીધે આ આવું દુઃખ ભોગવેછે--એવું એમને લાગ્યું હત તો એ એમ જાતજ નહિ. માટે ત્યાં આવ્યા હોય તોએ વાતચીતે કંઈ પણ ત્હારેજ કરવી. હું તો જોઈશ તોપણ બોલાવનાર નથી, ઠપકો દેનાર નથી અને ચરણે પડશે તોએ અનુનય ગ્રહણ કરનાર નથી; ત્હારે મને મનાવવી નહિ.

એમં કહેતી કહેતીજ ત્યાં આવી એટલે અમૃતરહિત સાગર જેવા, ચંદ્રરહિત નિશાસમય જેવા, તારાગણરહિત ગગન જેવા, કુસુમરહિત ઉપવન જેવા, ઉખાડેલી કર્ણિકાવાળા[1] કમલ જેવા, ખંડિત અંકુરવાળા મૃણાલ જેવા, મધ્ય મણિ વિનાના હાર જેવા, પ્રાણરહિત ચંદ્રાપીડને એણે દીઠો. જોતાંજ સહસા—અરે! આ શું?—એમ (કહી) અધોમુખે ભૂમિતલ ઉપર પડતાં એને, આક્રંદ કરતી મદલેખાએ જેમ તેમ કરીને ઝાલી રાખી. પણ પત્રલેખા તો કાદમ્બરીનો હાથ મુકી દઈ અચેતન થઈ ભૂમિ ઉપર પડી. બહુ વારે સચેતન થયા છતાં કાદમ્બરી એમ ને એમજ, મૂઢ હોય તેમ નિશ્ચલ તથા સ્તબ્ધ દૃષ્ટિસહિત, આવિષ્ટ હોય કે સ્તંભિત હોય તેમ નિષ્પ્રયત્ન રહી, શ્વાસ પણ લીધા વિના, અંતરમાં રહેલા શોકના ભારથી જાણે નિશ્ચલ બની જઈ, ચંદ્રાપીડના મુખ ઉપરજ ચક્ષુ સ્થિર કરી,—શ્યામ પડેલા અરુણ વદનને લીધે, ગ્રહણ સમયે રક્ત થયેલા ચંદ્રબિંબવાળી પૂર્ણિમાની નિશા જેવી,—ધ્રુજતા અધર-પલ્લવને લીધે, તીક્ષ્ણ પરશુના ઘાતથી કંપતી લતા જેવી,—સ્ત્રીસ્વભાવને વિરુદ્ધ મન રાખી,[2] ચિત્રિત હોય તેમ ઉભી રહી. આમ એને ઊભેલી જોઈ, આર્ત સ્વરે મદલેખા પગે પડીને કહેવા લાગી:—પ્રિયસખિ! કૃપા કરીને આ શોકના ભારને રુદન વડે દૂર કર. અશ્રુપાત વડે આ શોકવેગ લઘુ ન કરતાં, અતિભારથી પીડાતા સરોવર જેવું સરસ તથા મૃદુ ત્હારૂં હૃદય સહસ્ત્રધા ફાટી જશે.[3] માટે દેવી મદિરા તથા દેવ ચિત્રરથના સામું જો. ત્હારા વિના બંને કુળ ઉચ્છિન્ન થશે.

આવું મદલેખાનું વચન સાંભળી, કાદમ્બરીએ હસીને પ્રત્યુત્તર

---

૧ કર્ણિકા=કમલનો ડોડો. ૨. અર્થાત્ બાહ્ય શોક કે વિલાપ ન કરતાં ધૈર્ય રાખી. ૩. જુઓ ઉત્તરરામચરિત અંક ત્રીજો:—

पूरोत्पीडे तडागस्य परीवाहः प्रतिक्रिया ॥
शोकक्षोभे च हृदयं प्रलापैरेव धार्यते ॥

દીધો:—ઘેલી! આ મ્હારૂં વજ્ર જેવું કઠિન હૃદય જે જોઈનેજ સહસ્રધા વિભિન્ન થયું નહિ તેને તે ફાટવાનું કેવું? વળી જે જીવતી હોય તેને માતા, પિતા, બંધુ, આત્મા, સખિયો પરિજન વિગેરે આ સર્વ છે પણ હું તો મરતી હતી તેવામાં જેમ તેમ કરીને મને આ જીવિત-હેતુભૂત પ્રિયતમ-શરીર મળ્યું છે જે—જીવતું સંભોગથી, ન જીવતું અનુમરણથી—બંને પ્રકારે મ્હારાં સર્વ દુઃખ શાન્ત કરે એમ છે. માટે, મ્હારે સારૂ આવીને પ્રાણત્યાગ કરી, જે શરીરને દેવે અતિગુરુત્વ પ્રાપ્ત કરાવ્યું છે તેને, માત્ર અશ્રુપાત વડે લઘુ કરીને શું હું પતિત કરૂં? સ્વર્ગમાં જતા દેવને, રુદનવડે શું હું અમંગલ આચરૂં? પાદ-ધૂલિ જેવી, દેવ-પાદને અનુગમન કરવાને તત્પર થયેલી શું હું હર્ષસ્થાને પણ રુદન કરૂં? એવું શું મ્હારે દુઃખ છે? હવે તો મ્હારાં સર્વ દુઃખજ દૂર થયાં! શું હજીએ મ્હારે રોવું? જેને અર્થે કુલ-ક્રમ ન ગણ્યો, ગુરુજનની અપેક્ષા ન કરી, ધર્મનો અનુરોધ ન કર્યો, જનાપવાદની ભીતિ ન રાખી, લજ્જાનો ત્યાગ કર્યો, મદનોપચાર કરાવી કરાવીને સખીજનને ખેદ આપ્યો, મ્હારી પ્રિયસખી મહાશ્વેતાને દુઃખિત કરી, અને એને લીધે જે પ્રતિજ્ઞા લીધી હતી તે પણ ન પાળી એટલુંએ મેં વિચાર્યું નહિ—તે મ્હારા પ્રાણનાથે મ્હારે અર્થેજ પ્રાણત્યાગ કર્યા પછી મને—પ્રાણ રાખી રહેલીને—તેં એવું કેમ કહ્યું? આ સમયે તો મરણ એજ જીવિત, અને જીવિત એજ મરણ છે!! માટે જો મ્હારા ઉપર સ્નેહ હોય અને મ્હારૂં પ્રિય વા હિત તું ઇચ્છતી હોય તો સ્નેહ-બદ્ધ છતાં પણ પ્રિયસખિ! ત્હારે એવો પ્રયત્ન કરવો કે તાત કે માતા કોઇ મ્હારા શોકથી પ્રાણત્યાગ કરે નહિ, અને મ્હારા સંબંધી વાઞ્છિત મનોરથ ત્હારા થકી પૂર્ણ કરે, જેથી હું પરલોકવાસી થયા છતાં અંજલિ આપનાર પુત્ર થશે. મ્હારી સખિયો કે મ્હારા પરિજન મને સંભારે નહિ, કે ભવન શૂન્ય જોઇને નાસી જાય નહિ એમ કરજે. મહેલના આંગણામાં ઉગેલા, મ્હારા પુત્ર, નાના આમ્રવૃક્ષનું મેં ધારેલીજ માલતી-લતા સાથે તું પોતેજ લગ્ન કરજે. મ્હારા ચરણતલ વડે લડાવેલા બાલ અશોક વૃક્ષમાંથી કર્ણપૂરને અર્થે પણ પલ્લવ તોડશો નહિ. મેં ઉછેરેલી માલતીનાં કુસુમ દેવાર્ચનનેજ અર્થે ચૂંટજો. શયનગૃહમાં શિરોભાગે મુકેલું મ્હારૂં કામદેવ-પટ ફાડી નાંખજો. મેં પોતે રોપેલાં આમ્રવૃક્ષને જેમ ફલ આવે તેમ ઉછેરજો પંજરબંધના દુઃખમાંથી બિચારી કાલિન્દી મેના તથા પરિહાસ શુક એ

બંનેને છોડી મુકજે.[1] મ્હારા ખોળામાં સૂનારી નકુલિકાને[2] ત્હારા પોતાનાજ ખોળામાં સૂવાડજે. મ્હારા પુત્ર—બાલ હરિણ—તરલકને કોઈક તપોવનમાં મોકલાવજે. મ્હારે હાથે ઉછેરેલું ચકોર-દ્વંદ્વ ક્રીડા-પર્વત ઉપર જેમ ન સોરે તેમ કરજે. ચરણ સાથે સંચરતા મ્હારા હંસને કોઈ મારી નાંખે નહિ એમ કરજે. ગૃહવાસને અપરિચિત, બલાત્કારે આણેલી બિચારી તે વનમાનુષીને વનમાંજ પાછી મોકલાવજે. ક્રીડા-પર્વત કોઈ શાન્ત તપસ્વીને અપાવજે. મ્હારાં વસ્ત્રાભૂષણનું બ્રાહ્મણોને દાન કરજે. પણ વીણાને તો ત્હારાજ ઉત્સંગમાં રાખજે. બીજું જે કંઈ તને ગમે તે પણ લેજે. હું તો હવે ચંદ્રકિરણથી, લીલી ચંદન-ચર્ચાથી, ધારાગૃહના નિરંતર વર્ષાદથી, અસંખ્ય ઈન્દુ-કિરણવડે તારકિત થયેલા ઉજ્જવલ હાર પહેરવાથી, મણિદર્પણ ધર્યાથી, ચંદન-જલમાં બોળેલાં કમલપત્રના આસ્તરણથી, સરસ બિસ-પલ્લવ પાથરવાથી, કોમલ મૃણાલિનીની શય્યા રચવાથી, તથા વિકસિત કમલ, કુમુદ, કુવલયના શયનથી બળતાં શેષ રહેલું આ શરીર, દેવને કંઠે વળગીને, ચિતામાં ઉજ્જવલ અગ્નિથકી શાન્ત કરૂં છું.—એમ કહેતી કહેતીજ એ, અટકાવવાને પ્રયાસ કરતી મદલેખાને તરછોડી, મહાશ્વેતાની પાસે જઈ, કંઠાલિંગન દઈ, નિર્વિકાર વદનથીજ ફરી બોલી કે:—

પ્રિય સખિ! તને તો કંઈએ પણ આશા છે જેથી પ્રેમ-પરવશ થઈ પુનઃ સમાગમની આકાંક્ષાએ ક્ષણે ક્ષણે મરણથી (પણ) અધિક અધિક દુઃખ ભોગવતી તું અલજ્જાકારી, અશોચ્ય, અનુપહસનીય, અવાચ્ય જીવિત ધારી રહી છે. પણ મને તો—સર્વે પાસથી નિરાશ થયેલીને—તે પણ નથી. માટે પ્રિય સખિ! જન્માન્તરે પુનઃસમાગમને અર્થે હું તને આમંત્રણ કરૂં છું.—આટલું કહી, ઉત્પન્ન થતા રોમાઞ્ચ રૂપી કેસરથી શોભતી, વિષમ ભય રૂપી પવનથી ઝપટાતી, ઉત્કંપ રૂપી તરંગથી તણાતી, આનંદાશ્રુ-વેગ રૂપી ઉર્મિથી તરલ થતી, ગળતા સ્વેદ રૂપી પુષ્પ-રસનાં બિન્દુ વર્ષાવતી, મીચાતાં નયન રૂપી કુમુદ વાળી, ચંદ્રાપીડ રૂપી ચંદ્રના અસ્ત થકી શોક-ગ્રસ્ત થયેલી, કુમુદિની જેવી કાદમ્બરી, પ્રાણનાથ એવી અવસ્થામાં છતાં જાણે સમાગમ-સુખ ભોગવતી હોય તેમ, મસ્તક નમાવી, એકદમ ઉપર પથરાતા કેશમાંથી ખરતાં પુષ્પવડે ચંદ્રાપીડના ચરણની પૂજા કરી, ઝરતા

---

૧. એમને સારૂ જુઓ પૃ. ૨૪૪. ૨. નોળિયાની માદાને. ભાલણ કવિના મત પ્રમાણે—નકુલિકા નામની હરણીને.

સ્વેદામૃત થકી ભીના થયેલા પોતાના કરવડે તેમને ઉપાડી ખોળામાં લઈને બેઠી. એટલામાં એના કર-સ્પર્શથી જાણે સજીવન થતા ચંદ્રાપીડના દેહમાંથી તે આખા પ્રદેશને જાણે હિમમય કરતું, અવ્યક્ત રૂપનું, ચંદ્ર-ધવલ, કંઈક જ્યોતિ જેવું ઝટ બ્હાર નીકળ્યું; અને તરતજ અંતરીક્ષમાં અમૃત ક્ષરાવતી હોય એવી, શરીર રહિત વાણી સંભળાઈ કે:—પુત્રિ મહાશ્વેતા ! પુનરપિ હુંજ તને સમાશ્વાસન કરૂંછું. ત્હારા પુંડરીકનું શરીર મ્હારા લોકમાં મ્હારા તેજથી પ્રફુલ્લ થતું ફરીથી ત્હારા સમાગમને અર્થે અવિનાશી રહેલુંજ છે. આ બીજું, મ્હારા તેજનું, પોતાની મેળેજ અવિનાશી અને વિશેષે કાદમ્બરીના આ કરસ્પર્શથી પ્રફુલ્લ થતું ચંદ્રાપીડનું શરીર, શાપ-દોષથી વિમુક્ત છતાં પણ આત્માથી શરીર-સંક્રાન્તિ કરનાર યોગીના શરીર જેવું, અહીંજ તમારા બંનેના વિશ્વાસને અર્થે શાપ-ક્ષય સુધી ભલે રહે. એને અગ્નિ-સંસ્કાર કરવો નહિ, જલમાં નાંખવું નહિ તેમ ફેંકી પણ દેવું નહિ, પરંતુ સમાગમ-પ્રાપ્તિ સુધી યત્નથી સેવવું.

આ વાણી સાંભળી,—આ શું હશે?—એમ હૃદયમાં વિસ્મય પામી પત્રલેખા શિવાય સર્વે પરિજન ગગનતલ ભણી નિમેષ રહિત દૃષ્ટિ કરી, લિખિત જેવા ઉભા રહ્યા. (પણ) પત્રલેખા તો તે જ્યોતિના, તુષારવત્ શીતલ, આલ્હાદક સ્પર્શથી સચેતન થઈ, ઉઠીને જાણે આવિષ્ટ હોય તેમ વેગથી દોડી, અશ્વપાલકના હાથમાંથી ઇંદ્રાયુધને ઝુંટાવી લઈ,—અમારા જેવાંને જે થાય તે ઠીક પણ ત્હારે તો વાહન વિના દેવ આમ એકલા દૂર ગયા પછી ક્ષણ પણ રહેવું શોભે નહિ—એમ કહેતી કહેતી તે ઇંદ્રાયુધનીજ સાથે અચ્છોદ સરોવરમાં પડી !!

તે બંને ડુબ્યાં એટલામાંજ તે સરોજલમાંથી ઉદ્વિગ્ન આકૃતિનો એક તાપસ-કુમાર સહસાજ બ્હાર નીકળ્યો. શૈવલ-સમૂહ જાણે માથે ચ્હોટ્યો હોય એવા તેના જટાકલાપમાંથી જલબિંદુનો વર્ષાદ વર્ષતો હતો તથા દીર્ઘ શિખા આમ તેમ લટકતી હતી, અને મુખ ઉપર વાળ પરસ્પર ચ્હોટેલા હોવાથી તથા સંસ્કાર વિના મલિન થવાથી, ચિરકાલ સુધી તેનું ઉર્ધ્વ બંધન થયું હશે એમ જણાતું હતું; જાણે મૃણાલ-તંતુઓનું બનાવ્યું હોય એવું, સુંદર બ્રહ્મસૂત્ર તેના જલાર્દ્ર શરીરને આસક્ત હતું; કોમલ કમલિની-પત્રના પૃષ્ઠ જેવા પાણ્ડુર, જીર્ણ મંદાર વૃક્ષના વલ્કલથી તેણે કેડ બાંધેલી હતી; મુખ ઉપર આવેલી જટાને હાથવડે તે ઉંચી કરતો હતો; અને અશ્રુજલના છલમાં, પીવાયલા અચ્છોદ-જલને જાણે તે, આતામ્ર

નયનમાંથી ઉદ્‌ગમન કરતો હતો. તે મુનિકુમાર જલમાંથી નીકળી, દૂરથીજ, વેગ સહિત ભરાઈ આવતાં અશ્રુજલ થકી આકુલ થયેલી છતાં પણ એકાગ્ર દૃષ્ટિ વડે જોતી મહાશ્વેતાની સમીપ આવી શોકથી ગદ્‌ગદ કંઠે બોલ્યોઃ—ગંધર્વરાજપુત્રિ! જન્માન્તરે આવ્યા જેવું છતાં આ શરીર કંઈ ઓળખાય છે કે નહિ?—આ પ્રશ્ન સાંભળી શોકાનંદમાં વિભક્ત થતી મહાશ્વેતા સંભ્રમ સહિત ઉઠી, પાદ-વંદન કરી બોલી કેઃ—ભગવન્ કપિંજલ! શું હું એવી અપુણ્યવતી છું કે તમને પણ ન ઓળખું?—અથવા, દેવ પુંડરીકનો સ્વર્ગવાસ થયા છતાં પણ જે હું અનાત્મજ્ઞ, પરિપૂર્ણ વ્યામોહિત થઈને જીવુંછું તેના સંબંધમાં આવી સંભાવના યુક્તજ છે. હવે કહો એમને ઉપાડી કોણ લઈ ગયું? શું કરવા લઈ ગયું? એમનું શું થયું? એ ક્યાં છે? તમને શું થયું હતું કે આટલો કાળ ગયા છતાં વાર્તા પણ ન કહી ગયા? અને દેવના વિના એકલા ક્યાંથી આવ્યા?—આ પ્રશ્ન સાંભળી કપિંજલ ઉત્તર દેવા લાગ્યો, અને વિસ્મયથી ઉ-મુખ થયેલા, ઉપરા ઉપરી પડતા કાદમ્બરીના પરિજન તથા ચંદ્રાપીડને અનુગમન કરનાર રાજપુત્ર લોક તેની સામું જોવા લાગ્યા.

તે બોલ્યોઃ—ગંધર્વરાજપુત્રિ! સાંભળો. તમે આર્ત સ્વરે પ્રલાપ કરતાં હતાં તો એ તમને એકલાં મુકી મિત્રસ્નેહથી હું કેડ બાંધી.—ક્યાં મ્હારા પ્રિય મિત્રને લઈ જાયછે?—એમ કહેતો કહેતો તે પુરુષની પાછળ વેગથી ઉડ્યો[1] પણ એ તો મને પ્રતિવચન દીધા વિનાજ દેવમાર્ગ—જ્યાં વૈમાનિકો[2] વિસ્મયથકી ઉત્ફુલ્લ લોચન વડે એનું દર્શન કરવા લાગ્યા, આચ્છાદિત મુખ વાળી દિવ્ય અભિસારિકાઓ એને ગગનમાં માર્ગ આપવા લાગી, તથા ચંચલ તારકયુક્ત ચક્ષુવાળી તારકાઓ[3] આમ તેમથી પ્રણામ કરવા લાગી—તેમાં થઈને ગગન-સરોવરના કુમુદાકર જેવા તારાગણનું અતિક્રમણ કરી, ચંદ્રિકાને લીધે રમણીય લાગતા સકલ લોક વાળા ચંદ્રલોકમાં ગયો. ત્યાં મહોદયા નામની સભામાં ચંદ્રકાન્તમય એક મ્હોટા શયન ઉપર તે પુંડરીક-શરીર મુકીને મને એ કહેવા લાગ્યોઃ—કપિંજલ! હું ચંદ્ર છું. જગદનુગ્રહને અર્થે ઉદય પામીને હું સ્વવ્યાપાર કરતો હતો તે વેળા, કામાપરાધથી પ્રાણ ત્યજતા આ ત્હારા પ્રિય મિત્રે મને નિરપરાધીને શાપ દીધો કેઃ—દુરાત્મન્ ચંદ્ર! કિરણથી સંતપ્ત કરીને તેં મને

૧. આ કથાના અનુસંધાન સારૂ જુઓ પૃ. ૨૧૬ લી. ૧૫ વિ૦.
૨. વિમાનમાં બેઠેલા દેવ. ૩. ચંદ્રપત્નીઓ.—જુઓ પૃ. ૬૩ નો. ૫.

અનુરાગ ઉત્પન્ન થયા છતાં પ્રાણપ્રિયાના સમાગમ-સુખ વિના પ્રાણ-મુક્ત કર્યોછે માટે તું પણ કર્મભૂમીભૂત આ ભરતખંડમાં જન્મે જન્મેજ અનુરાગી થઈ, સમાગમ-સુખ પ્રાપ્ત થયા વિના, તીવ્રતર હૃદય વેદના ભોગવી પ્રાણ ત્યજશે!—મને તો, આ એના શાપાગ્નિથી જાણે ઝટ જ્વલિત થયો હોઉં એમ, શા સારૂ આ આત્મ-દોષનું ફલ ભોગવતા નિર્વિવેકીએ મને નિરપરાધીને શાપ દીધો એમ વિચારી ક્રોધ ઉત્પન્ન થયો તેથી મેં એને પ્રતિશાપ દીધો કે તું પણ મ્હારા તુલ્યજ સુખદુઃખ ભોગવશે.—પણ ક્રોધ શાન્ત થતાં સ્વસ્થ બુદ્ધિયે મેં વિચાર્યું ત્યારે આનો મહાશ્વેતા સાથેનો સંબંધ મને જણાયો. પુત્રી મહાશ્વેતા તો મ્હારા કિરણથી પ્રકટ થયેલા અપ્સરાઓના કુલમાં ગૌરીમાંથી ઉત્પન્ન થઈછે,[1] અને એનો આ ભર્તા સ્વયંવૃત છે! (પણ) હવે તો આને સ્વયંકૃત આત્મદોષથીજ મ્હારી સાથે મર્ત્ય લોકમાં બે વાર તો અવશ્ય અવતરવું પડશે; નહિ તો, જન્મે જન્મે એ પુનરુક્તિજ નિરર્થક થાય. માટે જ્યાં સુધી આ શાપ-દોષમાંથી મુક્ત થાય ત્યાં સુધી આત્મારહિત એનું શરીર વિનષ્ટ ન થાય એટલા સારૂ હું ઉપાડી લાવ્યોછું; અને પુત્રી મહાશ્વેતાને મેં આશ્વાસન આપ્યુંછે. તેથી આ અહીં મ્હારા તેજથી પ્રફુલ્લ થતું થતું શાપ-ક્ષય સુધી રહેશે. હવે તું જઈને આ વૃત્તાન્ત શ્વેતકેતુને કહી આવ;[2] એમનો પ્રભાવ મહાન છે; કદાચિત્ અહીં પ્રતિક્રિયા પણ એ કંઈક કરે.—એટલું કહી, મને મોકલ્યો.

હું તો મિત્ર વિના શોકાવેગથી અંધ બની જઇ દેવમાર્ગમાં દોડતો હતો તેવામાં એક અતિ ક્રોધી વૈમાનિકનું મ્હારાથી ઉલ્લંઘન થઇ ગયું, એટલે એણે તો રોષાગ્નિથી ભસ્મ કરી નાંખતો હોય તેમ ભ્રૂકુટિથી વિકરાલ થયેલા ચક્ષુથી મ્હારા સામું જોઈ કહ્યું કેઃ—દુરાત્મન્! મિથ્યા તપોબલ-ગર્વિત! આવા અતિ વિસ્તીર્ણ ગગનમાર્ગમાં અશ્વની પેઠે ઉન્મત્ત થઈને ચાલતાં તેં મ્હારૂં ઉલ્લંઘન કર્યું માટે અશ્વજ થઈને તું મર્ત્યલોકમાં અવતરશે!—આ સાંભળી અશ્રુપૂર્ણ નયને, હાથ જોડી મેં તેને કહ્યુંઃ—ભગવન્! મિત્રશોકથી અંધ બની જઈને મ્હારાથી તમારૂં ઉલ્લંઘન થઇ ગયું, અવજ્ઞાથી નથી થયું માટે ક્ષમા કરી આ શાપનો ઉપસંહાર કરો.—એણે કહ્યુંઃ—જે હું બોલ્યો તે અન્યથા થાય નહિ પણ આટલું હું કરૂંછું કે જેનું

---

૧. જુઓ પૃષ્ઠ ૧૮૦ લીટી ૪ વિ૦. ૨. શ્વેતકેતુ—પુંડરીકના પિતા, જેમને લક્ષ્મી વડે એ પુત્ર પ્રાપ્ત થયો હતો. જુઓ પૃ. ૧૮૮ લી. ૩ વિ૦.

તું થોડાક કાળ સુધી પણ વાહન થશે તેનુંજ મરણ થયે સ્નાન કરીને તું શાપમુક્ત થશે.—ત્યારે મેં ફરીથી કહ્યું:—ભગવન્! જો એમ હોય તો હું (આટલી) વિજ્ઞાપના કરૂંછું કે તે મ્હારો પ્રિય મિત્ર પુંડરીક પણ ચંદ્ર સાથે શાપ-દોષથી મર્ત્યલોકમાંજ અવતરનાર છે માટે આપ દિવ્ય ચક્ષુ થકી જોઈને મને એટલી પણ કૃપા કરો કે અશ્વ રૂપે પણ મ્હારો એજ પ્રિયમિત્રની સાથે અવિયોગમાં કાળ જાય.—આવું સાંભળી, ક્ષણ એક ધ્યાન કરી, ફરીથી મને એણે કહ્યું કે:—આ ત્હારા સ્નેહથી મ્હારૂં હૃદય આર્દ્ર થયું તેથી મેં જોયું: ઉજ્જયિનીમાં પુત્રને અર્થે તપ કરતા તારાપીડ નામે રાજાને ત્યાં દૃષ્ટાન્ત સહિત ચંદ્રમા તનય રૂપે આવશે, ત્હારો મિત્ર પુંડરીક પણ તેના શુકનાસ નામના મંત્રિનોજ પુત્ર થશે,[1] અને તું પણ એ મહોપકારી ચંદ્રાત્મક રાજપુત્રનું વાહન થશે.—આ વચન સાંભળતાંજ હું તો નીચેના મહાસાગરમાં પડ્યો, અને ત્યાંથી અશ્વ થઈને નીકળ્યો.[2] અશ્વ રૂપે પણ મને સંજ્ઞા રહી ખરી, જેથી હું આજ અર્થે, કિન્નર-મિથુનને અનુસરણ કરતાં ચંદ્રમાના અવતાર આ ચંદ્રાપીડને આ ભૂમિમાં લઈ આવ્યો. વળી પૂર્વ અનુરાગના સંસ્કારથી પ્રણય કરતાં જેને તમે અજાણતાં શાપાગ્નિથી ભસ્મ કરી નાંખ્યો એ પણ મ્હારા પ્રિયમિત્ર પુંડરીકનો અવતાર હતો!

આ સાંભળી—હા! દેવ પુંડરીક! જન્માન્તરે પણ મ્હારો સ્નેહ ન વિસ્મરનાર! મ્હારા ઉપર જીવનાર! મ્હારે શરણે રહેનાર! મ્હારૂં મુખ જોનાર! મનેજ સકલ જીવલોકમાં દેખનાર! શું, લોકાન્તરે ગયા છતાં, હુંજ રાક્ષસી તમારો વિનાશ કરવાને ઉત્પન્ન થઈ? દગ્ધ પ્રજાપતિનું મને સૃજવામાં તથા દીર્ઘ જીવિત આપવામાં શું આજ પ્રયોજન હતું કે પુનઃ પુનઃ તમારૂં વ્યાપાદન કરવું? પોતે હત્યા કરીને હું પાપિણી દોષ કોનો કાઢું? કહું શું? વિલાપ શો કરૂં? કોને શરણે જાઉં? કોણ મને દયા કરે? હવે હું પોતેજ માગુંછું કે દેવ! ક્ષમા આણી દયા કરો! મને પ્રતિ-

---

૧ ચંદ્રાપીડના તથા વૈશમ્પાયનના જન્મ પેહેલાં તેમના પિતાને જે ચંદ્ર તથા પુંડરીકનાં ચિન્હ સ્વપ્નમાર્ગે જણાયાં હતાં તે હવે સાર્થક લાગશે. જુઓ પૃ. ૮૬ લી. ૧૮–૮૮ નો. ૧. ૨. વાંચનારને યાદ હશે કે ઈન્દ્રાયુધ અયોનિજન્મ, સમુદ્રથી ઉત્પન્ન થયેલો, જણાવ્યો હતો. જુઓ પૃ. ૧૦૩ લી. ૩; અને પૃ. ૧૦૬ નો. ૧ માં કહ્યા પ્રમાણે એ કોઈ શાપ ભોગવતો મહાત્મા હતો.

વચન દો !—એ અક્ષર બોલતાં પણ હું લાજુંછું ! મને લાગેછે તમને પણ મુજ મંદભાગિની ઉપર વૈરાગ્યજ ઉત્પન્ન થયો હશે તેથી આટલો વિલાપ કરવા છતાં પણ પ્રતિવચન દેતા નથી ! હા ! જીવિત ઉપર આ મુજ અનિર્વેદથીજ હું તો હણાઇ !—એમ આર્ત સ્વરે, છાતી કૂટતે કૂટતે પ્રલાપ કરતાં મહાશ્વેતા ભૂમિ ઉપર પડી.

આમ તેને અતિશય વિલાપ કરતી જોઈ, કપિંજલ અનુકંપા સહિત બોલ્યો:—ગંધર્વરાજપુત્રિ ! આમાં તમારો શો દોષ છે કે તમે તમારા અનિન્દનીય આત્માને નિન્દો છો ? હવે માત્ર સુખ અનુભવવાનું છે તેમાં દુઃખનો એવો શો અવસર છે કે તમે શોક કરી કરીને પીડાઓછો ? જે અતિ અસહ્ય હતું તે તો તમે, આજ સમાગમની આશા વડે હૃદય દૃઢ રાખીને સહન કર્યુંછે ! શાપ-દોષ થકી તમને બંનેને આ દુઃખ ઉત્પન્ન થયું છે એ મેં તમને કહ્યુંજછે; અને ચંદ્રમાની પણ વાણી તમે સાંભળી જ છે, માટે તમને તથા મ્હારા મિત્રને અશ્રેયસ્કર થઇ પડે એવો આ શોકાવેગ ત્યજી દો. તમારા બંનેના શ્રેયસ્‌ને અર્થે જે તમે વ્રત-ગ્રહણને ઉચિત તપ કરવા માંડ્યું છે તેજ ચાલુ રાખો. યથાર્થ તપશ્ચર્યા કરી હોય તો તેને કંઇ અસાધ્ય નથી. પાર્વતીએ તપના પ્રભાવથી મહાદેવનું પણ, દુર્લભ, દેહાર્ધ-પદ પ્રાપ્ત કીધું હતું, તેમ તમે પણ થોડા કાળમાં તેવીજ રીતે મ્હારા મિત્રના ઉત્સંગમાં, તમારા તપના પ્રભાવથી વિરાજશો.—આ પ્રકારે એણે મહાશ્વેતાને આશ્વાસન કીધું.

પછી મહાશ્વેતા શાન્ત પડી એટલે વિષાદથી દીન મુખે કાદમ્બરી કપિંજલને પૂછવા લાગી કે-ભગવન્ ! પત્રલેખાએ અને તમે બંનેએ આ સરોવરના જલમાં પ્રવેશ કીધો હતો માટે એનું શું થયું તે મને કૃપા કરીને કહો. આ ઉપરથી એણે પ્રત્યુત્તર આપ્યો કે:—રાજપુત્રિ ! જલ-પ્રવેશ પછી કંઇપણ એનો વૃત્તાન્ત મને વિદિત નથી. માટે, ચંદ્રાત્મક ચંદ્રાપીડનો તથા પુંડરીકાત્મક વૈશમ્પાયનનો જન્મ ક્યાં થયોછે અને એ પત્રલેખાનું શું થયુંછે એ સર્વે વૃત્તાન્ત જાણવાને હું, લોકત્રય જેને પ્રત્યક્ષ છે એવા તાત શ્વેતકેતુના ચરણ સમીપ જાઉંછું.—એમ કહેતાં કહેતાંજ એ ગગનમાં ઉડી ગયો.

તેના ગયા પછી, વિસ્મયથી જેનો શોકવૃત્તાન્ત અન્તરિત થયો હતો એવી કાદમ્બરી, ચંદ્રાપીડને જોઈ, અશ્રુ પાડી, પોતપોતાને સ્થાને પરિ-જન સહિત રાજપુત્રલોક ગયા એટલે મહાશ્વેતાને કહેવા લાગી:—પ્રિય

સખિ! ત્હારૂં અને મ્હારૂં સમાન દુઃખ કરીને વિધાતાએ બહુ કાળે આજ મને સુખી કરીછે![1] આજ મ્હારૂં શિર ઉઘડયું! હવે તને વદન દર્શાવતી તથા પ્રિય સખિ! કહીને બોલાવતી હું લજવાતી નથી! ત્હારી પણ પ્રિય સખી હું આજજ થઇ! હવે મને મરણથી વા જીવિતથી કંઇ દુઃખ થનાર નથી. બીજા કોને મ્હારે પૂછવાનું છે? બીજું કોણ મને ઉપદેશ દે એમ છે? માટે હવે આ સમયે જે કરવા યોગ્ય હોય તે તું મને કહે. હું પોતે કંઇ જાણુતી નથી કે શું કર્યાથી શ્રેયસ્ થાય.—આ સાંભળી મહાશ્વેતાએ કહ્યુંઃ—પ્રિયસખિ! પ્રશ્નનું કે ઉપદેશનું અહીં શું પ્રયોજન છે? જે જે આ અનતિક્રમણીય, પ્રિયતમ-સમાગમની પ્રત્યાશા કગાવે તે તે કરવું. પુંડરીકનો વૃત્તાન્ત હજી આજ કપિંજલને મુખે સ્પષ્ટ થયો; તે દિવસ તો માત્ર વાચાએજ સમાશ્વાસિત થઇને મેં બીજું કંઇ કર્યું ન હતું. પણ ત્હારે તો આ, વિશ્વાસદાયક, ચંદ્રાપીડનું શરીર ઉત્સંગમાંજ છે એટલે બીજું શું કરવાનું છે? આમ જો ન હત તો તો કંઇ ચિંતા કરવાની હતી ખરી. પણ જયાં સુધી આ અવિનાશી છે ત્યાં સુધી એની અનુવૃત્તિ વિના બીજું શું કરવા યોગ્ય છે? અપ્રત્યક્ષ દેવતાઓની મૃણ્મય, પાષાણમય, કે કાષ્ઠમય પ્રતિમાઓ (પણ) પૂજાસત્કારથી શ્રેયસ્કર થાયછે તો પછી ચંદ્રાપીડ નામ ધારણ કરીને આવેલા પ્રત્યક્ષ દેવ ચંદ્રમાની, વગર આરાધનાએ પ્રસન્ન થયેલી મૂર્તિની શી વાત?

આમ જયારે મહાશ્વેતાએ કહ્યું ત્યારે કાદમ્બરીએ બોલ્યા વિનાજ ઉઠીને, તરલિકા તથા મદલેખાની સાથે ચંદ્રાપીડના અખેદનીય શરીરને ઉપાડી,—શીત, પવન, તાપ, વર્ષાદ આદિ સવ દ્વંદ્વ-દોષ રહિત એક શિલાતલ ઉપર, તેને ખેદ થાય નહિ એમ ધીમેથી મુક્યું. પછી પોતે માત્ર મંગલ ચિન્હ તરીકે એક એક રત્ન-વલય રાખીને સર્વ શૃંગાર-વેશ તથા આભરણ ઉતારી નાંખ્યાં; સ્નાન કરીને શુદ્ધ થઇ; ધોયેલાં સ્વચ્છ બે વસ્ત્ર પેહેર્યાં; અને અધર-પલ્લવ ઉપરથી ગાઢ લગ્ન તામ્બૂલ-રાગ પુનઃ પુનઃ પ્રક્ષાલિત કર્યો. બંધ કરતાંજ ઉપરા ઉપરી ભરાઈ આવતાં અશ્રુના વેગથી એનાં લોચન કંપવા લાગ્યાં; અને દુષ્ટ પ્રકૃતિના, અકાર્ય-પંડિત, દગ્ધ વિધિના બલથી એ બિચારી બાલા (તે સમયે) અન્યજ કંઇક અચિ-

---

૧. અત્યાર સુધી તું દુઃખી હતી અને હું સુખી હતી તે જોઈ મને દુઃખ થતું હતું પણ હવે આપણી સમાન સ્થિતિ જોઇ મને સુખ થયુંછે.

ન્તિત, અનુપ્રેક્ષિત, અશિક્ષિત, અનભ્યસ્ત, અનુચિત અને અપૂર્વ આચરવા લાગી: જે સુગંધિ પુષ્પ, ધૂપ, લેપ વિગેરે સુરતોપભોગને અર્થે લાવી હતી તેવડેજ એણે ચંદ્રાપીડની મૂર્તિની દેવવત્ પૂજા કરી;[1] સાક્ષાત્ શોકવૃત્તિજ જાણે હોય, આર્ત રૂપને લીધે તે ક્ષણેજ જાણે રૂપાન્તર પ્રાપ્ત થયું હોય, અને શૂન્ય મુખને લીધે જાણે પ્રાણ રહિત હોય એવી એ દેખાવા લાગી; ચંદ્રાપીડના મુખ તરફ દૃષ્ટિ કરતી કરતી, પીડાથી હૃદય ભરાઈ જવા છતાં અશ્રુ-પાતને વારી રાખવા લાગી; અને આ પ્રકારે અતિ પ્રબલ શોક કરતાં—મરણ કરતાં—પણ અધિક કષ્ટદાયક અવસ્થા અનુભવતાં અનુભવતાં, એમ ને એમજ ચંદ્રાપીડના ચરણને પોતાના ઉત્સંગમાં રાખીને એણે—દૂરાગમનથી ખિન્ન થયા છતાં, ક્ષુધિત છતાં, સ્નાનપાનભોજન ન કર્યા છતાં, શરીરનો અનાદર કરતા રાજપુત્ર લોક સાથે તથા સ્વ-પરિજન સાથે—નિરાહાર રહીને તે દિવસ ગાળ્યો.

જેવી રીતે તે આખો દિવસ તેવીજ રીતે તે ઘોર અંધારી રાત્રિ જે—ગંભીર મેઘવડે ભયાનક લાગતી હતી, નિરંતર સંભળાતા ગર્જનાના ધ્વનિથી હૃદય-બંધને કંપાવતી હતી, મધુર કલાપિ-કુલની કેકાના કોલાહલથી ચિત્તને આકુલ વ્યાકુલ કરતી હતી, મ્હોટે સ્વરે આરટતા દેડકાઓના શબ્દથી કર્ણને બધિર કરી દેતી હતી, દુર્દર્શ વિદ્યુલ્લતાના ઝબકારાથી ચક્ષુને પીડા કરતી હતી, વજ્રપાતની ગર્જનાથી ભુવન-જ્વર ઉત્પન્ન કરતી હતી, અને પ્રકાશતા બહુ ખદ્યોતને લીધે જર્જરિત થયેલા, વૃક્ષની ઘટામાંના તિમિર-પ્રસરને લીધે જે અધિક ભયંકર લાગતી હતી—તે (રાત્રિ) પણ, અબલા જનની સ્વાભાવિક ભીતિ દૂર કરી, ચંદ્રાપીડનાં ચરણ-કમલ ઉત્સંગમાંજ રાખી, સ્વ-શરીર-ખેદની અવગણના કરી, જાગતે જાગતે, જાણે એક ક્ષણ વારજ બેસી રહી હોય એમ એણે વીતાડી. પ્રાતઃકાળે ચંદ્રાપીડનું શરીર ચિત્ર જેવું ઉન્મીલિત થયેલું જોઇને, ધીમે ધીમે તેને હસ્ત-સ્પર્શ

---

૧. આવોજ વિચાર શેક્સ્પિયરે જ્યુલિયેટના મરણસમયે દર્શાવ્યોછે:

"All things that we ordained festival,
"Turn from their office to black funeral:
"Our instruments to melancholy bells;
"Our wedding cheer to a sad burial feast;
"Our solemn hymns to sullen dirges change;
"Our bridal flowers serve for a buried corse,
"And all things change them to the contrary."

Romeo & Juliet Act IV., Sc. V.

કરતી કરતી પોતે પાસે બેઠેલી મદલેખાને કહેવા લાગી:—પ્રિય સખિ મદલેખા ! કોણ જાણે સ્વરુચિને લીધે કે કોણ જાણે નિર્વિકારતાથીજ, પણ મને તો એવું ને એવુંજ આ શરીર લાગેછે. માટે તું પણ જરા ધ્યાનથી જો.—આ સાંભળી મદલેખાએ પ્રત્યુત્તર દીધો:—પ્રિય સખિ! આમાં શું જોવાનું છે? અંતરાત્માના વિયોગથી આને મોત્ર વ્યાપારજ શાન્ત થઈ ગયાછે. બાકી બધું, વિકસિત કમલ જેવું લક્ષ્મીથી જરા પણ અવિરહિત આ વદન એવું ને એવુંજ છે. છેડેથી ગુંછળાં વળેલા આ કેશ તેવાજ સ્નિગ્ધ છે. ચંદ્રકલા જેવા આ લલાટની કાન્તિ તેવી ને તેવીજ છે. જરા મીચાઈ ગયેલાં નીલ કમલ જેવાં શોભતાં, કર્ણાન્ત સુધી પહોચતાં આ લોચન (પણ) તેવાંજ છે. હાસ્ય વિના પણ વિકસિત હોય એવા, કપોલમૂલને પ્રકાશિત કરતા, મુખના આ પ્રાન્તભાગ તેવાજ છે. અભિનવ પલ્લવ જેવો શોભતો અધર એવો ને એવોજ છે. પ્રવાલ જેવાં રક્ત હસ્તપાદનાં નખ, અંગુલિ તથા તલ તેવાંજ છે. અને સહજ લાવણ્ય તથા સૌકુમાર્યથી અવિરહિત અવયવોનું આ સૌંદર્ય પણ તેવુંજ છે. માટે મને લાગેછે કે પેલી આકાશવાણી તથા કપિંજલે કહેલો શાપ-વૃત્તાન્ત સત્યજ છે.—આવું મદલેખાએ કહ્યું ત્યારે આનંદથી પ્રફુલ્લ થઈને કાદમ્બરીએ મહાશ્વેતાને (તે શરીર) દેખાડીને, ચંદ્રાપીડને આશ્રયે જીવિત નિર્વાહ કરતા રાજપુત્ર લોકને પણ તે દેખાડ્યું.

એટલે વિસ્મયથી પ્રફુલ્લ લોચન સહિત તે સર્વ રાજલોકે ભૂતલ ઉપર શિર મુકી, ચંદ્રાપીડના ચરણને પ્રણામ કરી, અંજલિ રચીને જાનુ ઉપર ઉભા રહી, કાદમ્બરીને વિજ્ઞપ્તિ કરી કે:—દેવિ ! અમને અપુણ્યશાલીને ત્યજીને દૂર ગયેલા દેવનું પણ તેવું ને તેવુંજ પ્રસન્ન ચંદ્રમંડલ જેવું કાન્તિમાન્ આ વદન અમે જોઈયે છિયે તે તમારાજ પ્રભાવથી છે. પ્રથમના જેવુંજ આ ચરણયુગલ પ્રફુલ્લ રક્ત કમલ સમાન શોભેછે; અને (અમારું) હૃદય એમ ને એમજ પુનઃ પ્રસાદ અનુભવવાની આશાથી તલપેછે. અમે જેવું જોયું તેવું બીજું મનુષ્ય લોકમાં કોણે ક્યારે જોયું હશે, સાંભળ્યું હશે કે અનુભવ્યું હશે?—આ પ્રમાણે રાજલોક બોલી રહ્યા પછી સખીજન તથા પરિજન સહિત ઉઠીને, પોતેજ દેવાર્ચન સારૂ પુષ્પ ચૂંટી લાવી, સ્નાન કરી, ચંદ્રાપીડના શરીરને પૂજા-સંસ્કાર કરી, કાદમ્બરીએ સર્વે રાજલોકને સ્નાન-ભોજનાદિ કરવાની આજ્ઞા કરી. તેઓ સર્વ દિવસ-વ્યાપાર કરી રહ્યા એટલે પોતે પણ મહાશ્વેતાએ

આણેલાં ફલ તેની તથા પરિવારની સાથેજ ખાધાં; અને આહાર કર્યા પછી ફરીથી તેમ ને તેમજ ચંદ્રાપીડના ચરણને ઉત્સંગમાં લઈને તે દિવસ પણ ગાળ્યો. બીજે દિવસ, ચંદ્રાપીડનું શરીર અવિનષ્ટ રહેશે એમ અધિક વિશ્વાસ ઉત્પન્ન થયાથી એ મદલેખાને કહેવા લાગી:—પ્રિય સખિ! પ્રાણનાથના આ શરીરની સેવામાં શાપ-ક્ષય સુધી અવશ્ય આપણે અહીં રહેવાનું થશે. માટે તું જા અને માતા પિતાને આ અતિ અદ્ભુત વૃત્તાન્ત વિદિત કરી આવ કે મ્હારા વિશે કંઈ તેઓ અન્ય ચિન્તા કરે નહિ અથવા દુઃખી થાય નહિ. મને આવી દુઃખીને તેઓ આવીને જુએ નહિ તેમ તું કરજે. તાતને તથા માતાને જોઈને મ્હારાથી શોકનો વેગ ધારી શકાશે નહિ. દેવને પ્રાણરહિતજ જોઈને જે હું રોઈ ન હતી તે, હવે જ્યારે એમનું જીવિત નિઃસંશય થયુંછે ત્યારે શું કરવા રોઉં?—એટલું કહીને એણે એને ત્યાં મોકલી.

જઈને પાછાં આવી એણે કહ્યું:—પ્રિય સખિ! ત્હારો અભિલાષ સિદ્ધ થયોછે. ચિત્રરથ તાતે તથા મદિરા માતાએ એવો સંદેશો કહાવ્યો છે કે ગાઢ આલિંગન દઈ, મસ્તકે ચુમ્બન કરી અમારી વતી પુત્રીને કહેજે કે અત્યારસુધી તો અમારા મનમાં પણ એવું ન હતું કે તને જામાત્ સહિત જોઈશું! માટે આજ અમારે પરમ આનંદ છે કે તેં પોતે વર શોધી કાઢ્યો છે, અને તે વળી લોકપાલ ભગવાન્ ચંદ્રમાનો અવતાર! માટે થોડાજ સમયમાં, શાપને અંતે, કલ્યાણવડે અમે જામાતૃ સહિતજ ત્હારૂં આનંદાશ્રુથી છલકાઈ જતું વદનારવિંદ જોઈશું.—આ સાંભળી, શાન્ત અંતરાત્માથી ચંદ્રાપીડના શરીરની દેવ-સમાન સેવા કરતી કરતી એ ત્યાં રહી.

એમ કરતાં કરતાં જ્યારે જલદ-સમય વીતી ગયો; મેઘ-નિરોધ રૂપી બંધમાંથી સર્વ જીવલોક જ્યારે મુક્ત થયો; દિશાઓ જ્યારે જાણે પ્રસરવા લાગી; કણિશના ભારથી લચી જતી ડાંગરનાં ક્ષેત્રને લીધે ગ્રામ-સીમાઓ જ્યારે પીળી પીળી દેખાવા લાગી; કાશ-કુસુમવડે જ્યારે અરણ્ય સ્થલીઓ ધવલ થઈ; વૃક્ષતલ જ્યારે ઉપયોગમાં આવવા લાગ્યાં; કલ્હાર પુષ્પથી જ્યારે સરોવર મનોહર લાગવા માંડ્યાં; પુષ્પના સુગંધથી જ્યારે રાત્રિયો શીતલ થઈ; પ્રભાત સમયના પવન જ્યારે સેફાલિકાના પરિમલ સહિત વાવા લાગ્યા; ચંદ્રપ્રભાથી જ્યારે પ્રદોષ-સમય રમણીય થયા; પ્રફુલ્લ કમલના પરાગની વાસથી જલાશય જ્યારે સુગંધિ થયા; તીર

ઉપરની સુકુમાર રેતીની રેખાઓ, જલના અપસર્પણને ક્રમે જ્યારે તરંગ જેવી દેખાવા લાગી; નદિયો જ્યારે સુખે તરાય એવી થઇ; પંકના અભાવથી શુષ્ક થયેલા ધોરી રસ્તા જે પોતાની મેળે ઉગેલા ઘાસવડે ઢંકાઇ ગયા હતા, અને (કોઇ કોઇ સ્થલે) જરા જરા લીલા રહેલા કાદવમાં જ્યાં નવાં નવાં પગલાં પડતાં હતાં, તેમનો જ્યારે પ્રવાસી જન ઉપયોગ કરવા લાગ્યા; અને કીચડ બધેથી જતો રહેવાથી ભૂમિ ઉપર જ્યારે અશ્વની ખરિયો લપસી જતી બંધ થઇ--ત્યારે એક દિવસ ચંદ્રાપીડના ચરણમૂલ-સમીપ બેઠેલી કાદમ્બરી પાસે આવીને મેઘનાદ વિનતી કરવા લાગ્યો કે:--દેવિ! યુવરાજને બહુ વાર લાગી એમ જાણી હૃદયમાં ખેદ પામતા દેવ તારાપીડે, દેવી વિલાસવતીએ, અને આર્ય શુકનાસે દૂત મોકલ્યાછે. તેમને અમે તમારોજ શોક-શલ્ય દૂર કરવા સારૂ, જેમ સર્વ બન્યું છે તેમ વર્ણવીને કહ્યું કે:--તમારી સાથે દેવ ચંદ્રાપીડને કંઇ સંદેશો પાછો મોકલવાનો છે નહિ; તેમ દેવી કાદમ્બરીને પણ નથી; માટે વિલમ્બ કર્યા વિનાજ જઇને તમે પ્રજાની પીડા હરનાર દેવ તારાપીડને આ અખિલ વૃત્તાન્ત વિદિત કરો.--આવું જ્યારે અમે કહ્યું ત્યારે અતિશય ખેદ પામીને તેઓ બોલ્યા કે--તમે કહ્યું તે ખરૂં. અમારો ક્રમાગત સ્નેહ, ભક્તિ કે અનુવૃત્તિ તો જાણે કોરે રહી. પણ ગુરુ કાર્ય થકી થતું કુતૂહલજ અમને દેવનું દર્શન કરવાને બલાત્કારે પ્રેરેછે. જો તમે પણ આ વૃત્તાન્ત માત્ર સાંભળેલોજ હોય તો તો અમારે તમારી પાસેથી સાંભળીને પાછાં જવું યોગ્ય છે; પણ જો તમે દૃષ્ટિયે જોયો હોય તો અમે પણ કંઇ એવા અપુણ્યશાલી નથી કે દેવને ન જોઇયે. અમે પણ બહુ કાળ સુધી દેવના ચરણ સેવીને આત્મા પવિત્રજ કર્યો છે; અમને પણ સર્વદા દર્શન-ગોચરમાં રાખીને દેવ પ્રસાદ દર્શાવતાજ હતા; તો શા માટે અમને દેવના ચરણારવિંદને વંદન કરવાનો પ્રસાદ મળ્યા વિના પાછા મોકલો છો? એના એજ અમે પાદ-લગ્ન ચરણ-રજ છિયે. માટે દેવીને વિજ્ઞપ્તિ કરીને આપ, યુવરાજના પાદ-પ્રણામ વડે અમારો આગમન-પરિશ્રમ સફલ કરાવો. નહિ તો, આટલે સુધી આવીને, સંભવ છતાં પણ યુવરાજના શરીરનું પ્રત્યક્ષ દર્શન કીધા વિના જો અમે જઇશું તો દેવ તારાપીડ અમને શું કહેશે? અને અમારે પણ દેવને શી વિજ્ઞપ્તિ કરવી?--હવે દેવીની જેવી ઇચ્છા.--આટલું કહી મેઘનાદ શાન્ત પડ્યો એટલે તે ક્ષણે આશ્વસિત ન થાય એવું શ્વશુર-કુલનું વૈકલ્ય

જોઈને જાણે શોકથી ઓગળી જતી હોય તેમ, અંતરમાં ભરાઈ ગયેલાં અશ્રુનું, આકુલ તથા તરલ કીકીવાળાં લોચન વડે પાન કરતાં કરતાં કાદમ્બરીએ ગદ્ગદ કંઠે બહુ વારે મહાકષ્ટે પ્રત્યુત્તર દીધો કેઃ--તેઓએ જવાની ના પાડી તે યોગ્યજ છે. દેવનું દર્શન કર્યા વિના એમ ને એમજ જો ગયા હત તો એમને શું કહેત? વળી આ વૃત્તાન્તજ એવો અલૌકિક છે કે તેમાં અવલોકનથી પણ વિશ્વાસ ઉત્પન્ન થાય એમ નથી તો પછી આ-લોકને ન હોય તો શું થાય? માત્ર દંભથી પ્રેમ દર્શાવનાર, (સ્વ)° જીવિતને અતિવલ્લભ ગણનાર આપણે પણ જયારે દેવને જોઈયે છિયે ત્યારે સ્નેહ તથા સદ્ભાવનાથી પ્રાણવૃત્તિની અપેક્ષા ન રાખનાર સદ્ભૃત્યો ન જુવે એ અઘટિત કહેવાય. માટે વિલંબ વિના એમને અહીં પ્રવેશ કરાવ. ભલે તેઓ દેવને જુએ, અને આગમન-પરિશ્રમ સાથે લોચન સફલ કરીને જાય.---આ આજ્ઞા થતાંજ મેઘનાદ તેમને તેડી લાવ્યો, અને (ચંદ્રા-પીડને જોઈ) દૂરથીજ અશ્રુપાત સહિત, પંચ અંગવડે ભૂતલને સ્પર્શ કરી, ઉત્પક્ષ્મ તથા નિશ્ચલ નયને તેના ચરણ-કમલને સદ્ભાવથી તેઓ વંદન કરવા લાગ્યા તે જોઈ, અનન્ય દૃષ્ટિથી બહુ વાર સુધી તેમને નિહાળી કાદમ્બરી પોતેજ કહેવા લાગીઃ--

ભદ્રજનો! ક્રમાગત સ્નેહ તથા સદ્ભાવથી થઈ આવતો આ શો-કાવેગ જવા દો. અવધિ જેની દેખાતી નથી, અને જેને અંતે દુઃખજ છે એવા દુઃખથી તો ખરેખર, મરણનો ભય રાખનારને શોકાવેગ થાય; પણ જેને અંતે સુખ છે તે (વા દુઃખ) ને તો આગળ ઉભેલી સુખ-પ્રત્યાશાજ અટકાવીને હૃદયમાં પ્રવેશ કરવા દેતી નથી. આ વૃત્તાન્ત એવો છે કે એમાં શોકનો અવકાશ નથી એટલુંજ નહિ પણ, એથી ઉલટું, અતિ મહાન્ વિસ્મયનો અવસર છે. આ વિશે વધારે કહેવાનું શું પ્રયોજન છે? મનુષ્ય લોકમાં અન્યત્ર પૂર્વે નહિ જોયેલો આ વૃત્તાન્ત આપણે પ્રત્યક્ષજ દીઠો. વળી તમે પણ પૂર્વની પેઠેજ અવિકારી શરીરે રહેલા દેવનું વદન જોયું. અને જે સંભાષણ દેવ વિના સંભવે નહિ તે પણ સાંભળ્યું. માટે હવે તમે, વાર્તા સાંભળવાને ઉત્સુક દેવ તારાપીડ પાસે જાઓ. પણ પ્રત્યક્ષ દીઠા છતાં આ, મૃત શરીરના અવિનાશનો વૃત્તાન્ત પ્રકાશ કરશો નહિ. એટલુંજ કહેજો કે અમે દેવને અચ્છોદ સરોવર ઉપર જોયાછેઃ કારણ કે મરણ તો પ્રાણિયોને અવશ્ય છે એટલે તેનો તો કદી વિશ્વાસ બેસે, પરંતુ પ્રાણરહિત જનના શરીરનો અવિનાશ દીઠા છતાં પણ કોઈ

માનેજ નહિ. માટે આ વાત કહીને, સુદૂર રહેલા પણ ગુરુજનને હમણાં મરણ-સંશયમાં નાંખવાનું કંઈ પ્રયોજન નથી. જ્યારે જીવિતનાથ પુનરૂજ્જીવિત થશે ત્યારે આ અતિ અદ્‌ભુત વાર્તા પોતાની મેળેજ ગુરુજનને પ્રકટ થશે.—આવી આજ્ઞા સાંભળીને તેઓ બોલ્યાઃ—દેવિ! અમે શું કહિયે? આ વસ્તુનું અજ્ઞાન બેથીજ થઈ શકે એમ છે.—અમારા ન જવાથી અથવા ન કહેવાથી. પણ અમારા હાથમાં તો એ બેએ નથી. યુવરાજ તથા વૈશમ્પાયનની વાર્તા વિના દુઃખ પામતા દેવ તારાપીડે, દેવી વિલાસવતીએ અને આર્ય શુકનાસે અમને માન સહિત અહીં મોકલ્યાછે અને અમારા જીવ ત્યાં છે એટલે ન જવાની વાત તો દૂરજ રહી. અને જઈને પણ, અતિશય વ્હાલા પુત્રની વાર્તા સાંભળવાને ઉત્સુક રાજા, રાણી તથા આર્ય શુકનાસનાં,—દુઃખથી ડુબી ગયેલાં લોચન વાળાં—વદન જોઈને અમે નિર્વિકાર મુખે ઉભા રહીએ એ અશક્યજ છે.—આ સાંભળી 'એમજ છે!' એટલું બોલી, કાદમ્બરીએ મેઘનાદને કહ્યુંઃ—મેઘનાદ! હું સમજુંછું કે ભક્ત જનને એ અનુચિત છે, તથાપિ ગુરુજનના ચિત્તને પીડા થશે એમ જાણી મેં એવું કહ્યું હતું. બીજું કોઈ પણ દુઃખ આ કરતાં અધિક હશે? (પણ) આ મહા વજ્રપાત સરખાનું શું કહેવું? માટે આટલું પણ કરજેઃ આમની સાથે, ખાત્રીને સારૂ કોઈ એવો પુરુષ મોકલજે કે જેના વચન ઉપર વિશ્વાસ રખાય, અને જેણે આ સકલ વૃત્તાન્ત પ્રત્યક્ષ દીઠો હોય.—આવી આજ્ઞા સાંભળી મેઘનાદે વિનતી કરી કેઃ—દેવિ! રાજલોકનું તો શું કહું? કંદ, મૂલ, ફલ ઉપર નિર્વાહ કરનાર સકલ આ સેવકવર્ગ પણ નિશ્ચય કરી બેઠોછે કે આપણામાંથી કોઈએ પણ દેવના વિના પાછાં જવું નહિ! સેવક પણ તેજ જે સંપત્તિ કરતાં વિપત્તિમાં અધિક સેવા કરે; ઉન્નત કરવા જતાં અધિક અવનત થઈ જાય; સંભાષણ કરતાં સમાન આલાપ ન કરે; સ્તુતિ કરવાથી ગર્વિષ્ઠ ન થાય; દોષ કાઢતાં માઠું ન લગાડે; વાત કરતાં સામુ ન બોલે; (સલાહ) પૂછતાં હિત તથા પ્રિય વિજ્ઞપ્તિ કરે; કહ્યા વિના કાર્ય કરે; કરીને બકે નહિ; પરાક્રમ કરીને ફૂલે નહિ; પ્રશંસા કરવાથી પણ લજવાઈ જાય; મહાયુદ્ધની અંદર ધ્વજ જેવા આગળ દેખાય; દાન-કાલે પલાયન કરી પાછળ ભરાઈ જાય; ધનથી સ્નેહને વધારે ચાહે; જીવવા કરતાં, આગળ મરવાને ઇચ્છે; ગૃહ કરતાં સ્વામિ-સમીપ સુખે રહે; તૃષ્ણા જેમની સ્વામીની ચરણ-સેવામાં, અસંતોષ તદ્દયારાધનામાં, વ્યસન મુખ-દર્શનમાં, વાચા-

લતા ગુણ-ગ્રહણમાં, અને કાર્પણ્ય અપરિત્યાગમાં હોય; આત્મા છતાં જેમની સકલ ઈન્દ્રિય-વૃત્તિયો સ્વાધીન ન હોય; દૃષ્ટિ છતાં જે અંધ જેવા હોય; શ્રવણ કરવા છતાં પણ બધિર જેવા હોય; વાચાલ છતાં પણ મૂક જેવા હોય; જ્ઞાન છતાં જડ જેવા હોય; કર-ચરણ અખંડ છતાં પણ અપંગ જેવા હોય; નપુંસક સમાન પોતે કંઈ કરતા ન હોય; (પણ) સ્વામીના ચિત્ત રૂપી દર્પણમાં પ્રતિબિમ્બવત્ વર્તે. તે પ્રમાણે આ સર્વે સેવકવર્ગ તો એમ રહ્યોછે: (પણ) દેવને સ્થાને આપ છો માટે (હમણાં) આજ્ઞા પ્રમાણે થયું જાણો.—એટલું કહી, ત્વરિતક નામના એક, ચંદ્રાપીડના બાલ સેવકને બોલાવી, તેઓની સાથે તેણે મોકલ્યો.

હવે, બહુ દિવસ પછી, વાર્તા વિના પીડાતી વિલાસવતી ચંદ્રાપીડનાજ આવવાને સારૂ અવન્તી નગરીની દેવતાઓની આરાધના કરવાને એક વાર જ્યારે ત્યાંની માતાને મંદિર ગઈ હતી ત્યારે સહસાજ એણે વેગમાં દોડતા પરિજન પાસેથી સાંભળ્યું કે:—દેવિ! વધામણી છે! અવન્તીની માતાઓ તમને પ્રસન્ન થઈ છે! યુવરાજના સમાચાર લેવા મોકલેલા દૂત પાછા આવ્યા છે.—આ સાંભળી, આનંદાશ્રુથી છલકાઈ ગયેલી, જલાર્દ્ર કમલ-પત્રની માલા જેવી, દીર્ઘ પ્રસારેલી દૃષ્ટિ થકી જાણે અર્ચન કરતી હોય એમ બહુ વાર સુધી દિશાઓ નિહાળી, બાલકથી વિયુક્ત હરિણીની પેઠે ફૂત્કાર કરતી કરતી, પ્રાકૃત સ્ત્રીની પેઠે આર્ત થઈને એ પૂછવા લાગી કે:—વાણીના છલમાં કોણે આ મને અમૃતની વૃષ્ટિ કરી? મ્હારા ઉપર કોને અનુકમ્પા ઉપજી? કોણે એમને જોયા? કેટલે દૂર છે? એમણે શું કહ્યું? મ્હારો પુત્ર કુશલ છે?—આ પ્રમાણે પૂછતી હતી એટલામાંજ એણે દૂરથીજ ત્વરિતક સહિત આવતા તે દૂતને જોયા. તેમને આવતા જોઈ જોઈ, ટોળાંમાં ને ટોળાંમાં દોડતા, નરપતિની સેવામાંના તથા સેવા બ્હારના ઉજ્જયિની-વાસીઓ પૂછતા હતા કે:—કેમ, યુવરાજ આવ્યા કે? તમે એમને ક્યાં મુકીને આવ્યા? આ દિવસોમાં એ ક્યાં હશે? તમે એમને ક્યાં જઈને મળ્યા હતા? સાધનમાં માત્ર વાહન સહિત, એમણે અતિકષ્ટદાયક જલધર-સમય ક્યાં વીતાડ્યો હતો? અશ્વ ઉપર ગયા હતા એટલે મને લાગે છે કે એ તો ચાલતાં ચાલતાંજ વીતી ગયો હશે! ત્વરિતકને એ ખબર હશે ખરી. પણ એ જાણ્યું તોએ શું? માટે આ વાત કહો કે જેમને અર્થે યુવરાજે આ શ્રમ લીધો તે વૈશમ્પાયન તમે જોયા? એમને પાછા તેડી લાવ્યા કે નહિ? પત્રલેખા

સહિત મેઘનાદ એમને મળ્યો હતો કે?[1]—કેમ, દેવવર્ધને કંઈ સંદેશો કહાવ્યો નથી કે? એ તો મ્હારા મિત્ર થાય. આજથી ઉછાંછળાવેડા કરીનેજ પોતાની મેળે બલાત્કારે ગયેલા મ્હારા પુત્ર બાલવર્માના[2] સમાચાર પૂછતાં પણ મને તો બ્હીકજ લાગેછે. યુવરાજે એને બક્ષીસ કરેલો પેલો અશ્વ જીવે છે કે?—ભાઈ, કૃપા કરીને મને અશ્વવારોમાં પ્રથમ, પૃથુવર્મા નામના મ્હારા મામાના સમાચાર કહો.—અમને લાગે છે કે અશ્વવારોને પણ મહા શ્રમ પડ્યો હશે.—કેમ, મહાન્ અશ્વપતિ અશ્વસેન કુશલ છે? એ અમારા શ્વશુર થાય.—આ અતિ આશ્ચર્યકારક છે કે અમારા પિતાએ પણ તમારી સાથે કંઈ ચિન્હે નથી મોકલ્યું! એ તો મહા કામમાંજ હોયછે.—યુવરાજના ભવનમાં મ્હારા ભાઈ ભરતસેનને તમે જોયો હતો કે?—કેમ, ભદ્રસેન સેનાપતિ સપરિજન કુશલ છે?—મ્હારો સેવા-વ્યસની પુત્ર કુમારવર્મા ત્યાં રહ્યો છે!—સૈન્યાધિકારી અવન્તિસેનના શા ખબર છે? આગળ પ્રયાણ કરવાને લીધે યુવરાજ કંઈ એમના ઉપર રોષે ભરાયા હતા (એ ખરૂં) કે?—રાજકુલમાં કયા માનીતાની ચઢતી અને ચલણ છે?—આટલા દિવસમાં કોઈને કંઈ મળ્યું?—આજીવિકાને અર્થે ખરેખર નવા સેવકો બહુ થયા દેખાયછે.—હશે, બીજી વાત તો સર્વ રહી, પણ જેણે જોયું હોય તે સર્વસેનના પુત્ર વીરસેનની વાત કહો. પિતાના મરણ પછી પ્રથમજ એ (સેનાની) યાત્રામાં પેહોછે, અને એની માતાએ તરત થયેલા પતિ-મરણના શોકમાં (નવું) દુ:ખ આવી પડવાથી ભોજન કરવુંજ ત્યજી દીધું છે! આપણે નથી સમજતા કે આમ એ શી રીતે જીવશે.—આવા અને એવા બીજા પ્રશ્ન પગલે પગલે પૂછવા છતાં તે દૂત લોક પ્રત્યુત્તર દીધા વિના, શોકદર્શક દૃષ્ટિ નાસાગ્રે સ્થિર કરીને, આવિષ્ટ હોય તેમ, માર્ગના શ્રમથી અંગ શિથિલ થઈ ગયા છતાં મ્હોટી મ્હોટી ફલંગો ભરીને ઉત્સાહ દેખાડવાથી ખિન્ન થયેલી ગતિયે ચાલતા હતા. તેમનાં જીર્ણ વસ્ત્ર અતિમલિન થઈ ગયાં હતાં. સંસ્કાર વિના કાયા (પણ) મલિન થઈ હતી. બહુ બહુ રીતે ઉંચા બાંધેલા તેમના કેશ માર્ગમાં ઉડેલી ધૂલથી કર્કશ થઈ ગયા હતા. માર્ગ-ક્લેશના

---

૧. હવે પછીના પ્રશ્ન જૂદા જૂદા પુરુષો પોતાના સંબંધીઓ વિશે પૂછેછે એમજ સમજવું. ૨. આ પાઠ લેતાં 'બાલવર્મા' પુરુષનું નામ હોય એમ લાગે છે; બીજો પાઠ 'બાલધર્મા' લેતાં તેનો અર્થ 'બાલકના ધર્મવાળો–બાલક જેવો' એવો લાગેછે.

તેઓ જાણે ધ્વજ હતા. શ્રમના જાણે આશ્રમ હતા. પ્રવાસના જાણે આવાસ હતા. મનની અસ્વસ્થતાના જાણે પાદન્યાસ હતા. અને સર્વ દુઃખના જાણે સંગ્રહ હતા. તેમને જોઈ, તેજ માતાના મંદિરના આંગણામાં રહી, વિલાસવતીએ તેમને તેડી લાવવાની આજ્ઞા કરી.

આ સમયે અણધાર્યું (રાણીનું) દર્શન થવાથી તેમના દુઃખનો આવેગ દ્વિગુણ થયો; અને જાણે મુષિત હોય, ઇંદ્રિય-રહિત હોય કે કાષ્ઠમય હોય તેમ શૂન્ય શરીરે, નિર્જીવ જેવા તેઓ પાસે આવતા હતા, અને પ્રણામ તો કર્યોએ ન હતો એટલામાં એણે, અશ્રુથી અંધ થઈ જઈને પડતી હોય એમ ભયથી સ્ખલિત થતા ચરણે કેટલાંક ડગલાં આગળ ભરીને ગદ્ગદ સ્વરે મ્હોટેથી કહ્યું:—ભદ્રજનો! મ્હારા પુત્રની જે વાર્તા હોય તે મને ઝટ કહી દો. આ મ્હારૂં અંતઃકરણ તો કંઈક અન્યજ કહેછે! એને વિશ્વાસજ પડતો નથી! મ્હારા પુત્રને તમે જોયો કે નહિ?—આ પ્રશ્ન સાંભળી, સહસા ભરાઈ આવતાં અશ્રુને, ભૂતલ ઉપર મસ્તક મુકી પ્રણામ કરવાના અપદેશમાં લોહી નાંખી, મહા કષ્ટે ઉંચું વદન કરી, અભિમુખ રહીને તેઓએ વિનતી કરીઃ—દેવિ! અચ્છોદ સરોવરને તીરે અમે યુવરાજને દીઠા છે. બાકીનું આ ત્વરિતક વિદિત કરશે.—એમ તેઓ કહેતા હતા એટલામાંજ, અશ્રુથી છવાઈ ગયેલે મુખે વિલાસવતી બોલી ઉઠીઃ—આ બિચારો બીજું શું કહેશે? દૂરથી હર્ષ વિનાજ પાસે આવવાથી, પ્રતિલેખ-માલા વિનાના શૂન્ય મસ્તકથી, વિષાદ વડે દીન મુખથી, પ્રયત્ને કરીને અટકાવેલા અશ્રુ-પાતને લીધે પીડાતાં લોચનથી, અને મ્હારા મુખ સમક્ષ દૃષ્ટિ નહિ ધારી શકવાથી, જે કહેવાનું હતું તે તમેજ કહ્યુંછે!—હા! વત્સ! જગદેકચંદ્ર! ચંદ્રાપીડ! ચંદ્રાનન! ચંદ્ર-શીતલ! ચંદ્ર સમ ગુણી! લોચનાનંદદાયક! તને શું થયું કે હજી તું આવ્યો નહિ! તાત ચંદ્રાપીડ! હું પીડાથી બોલુંછું, કોપથી ઠપકો દેતી નથીઃ—'માતા! હું જરા પણ વિલંબ નહિ કરૂં'—એમ મ્હારી પાસે પ્રતિજ્ઞા લઈને બીજે કહીં પણ રહેવું તને છાજે નહિ. પુત્ર! તું જતો હતો ત્યારેજ મેં આ હત-હૃદયની શંકાથીજ જાણ્યું હતું કે ત્હારૂં પુનર્ મુખાવલોકન ભાગ્યેજ થશે! બલાત્કારે તું ગયોછે! હવે હું શું કરૂં? ત્હારો શો દોષ કાઢું? મ્હારાંજ મંદભાગિનીનાં અપુણ્યનો આ પરિણામ થયો! લોકમાં અપુણ્યવતીઓએ હોયછે, પણ મ્હારા જેવી કોઈ પાપિણી નહિ હોય જેનો તું એકનોએક આમ અણધાર્યોજ કહિંક ઝડપાઈ ગયો!! હાય હાય! દગ્ધ વિધિયે મને

છેતરી! બેટા! દૂર છતાં પણ હું ત્હારે પગે પડુંછું, એક વાર પાછો આવ! તને 'માતા!' કહેતો જોવાને મ્હારૂં અંતઃકરણ તલખી રહ્યુંછે. દુર્લભ પુત્ર! હું સમજતીજ નથી કે જન્મ પછી ત્હારા બાલપણને સંભારીને શોક કરૂં, કે યૌવનને વિસ્તારતી વર્તમાન રૂપ-શોભાને, કે ભવિષ્યની અતિ ધૈર્યવાળી પ્રભુતાને વિચારી વિચારીને? આમ મને વિલાપ કરતી જોઇને, હૃદયમાં રહેલા પુત્ર! એમ ન ધારીશ કે મ્હારા વિના પણ વિલાસવતી જીવેજ છે. બેટા! ત્હારા વિના જીવતાં પણ મ્હારાથી ત્હારા પિતાને હવે શી રીતે મુખ દેખાડાશે? કોણ જાણે તું વ્હાલો છે તેથી, કે ત્હારી આકૃતિના સ્મરણથી કે સ્ત્રીજનની સ્વાભાવિક મૂઢતાથીજ અદ્યાપિ મ્હારૂં હૃદય ત્હારૂં અનિષ્ટ માનતું નથી, અને તેથી સહસ્રધા ફાટતું નથી! ત્હારી વાર્તા ત્વરિતક પાસેથી સ્ફુટ કરતાં હું બ્હીઉંછું. અશ્રવણીય શ્રવણ કર્યા પેહેલાંજ હું મરી જાઉં તો કેવું સારૂં? પુત્ર! શું તું એમ કહેછે કે સુત-સ્નેહને અનુચિત, લોક-લજ્જાકારી, આ વૈકલ્યથી શું થવાનું છે? લે ત્યારે, બેટા! ત્હારા વચનથી હું આ છાની રહી. હવે નહિ રોઉં.––એમ કહેતાં કહેતાંજ મૂર્છા આવવાથી પાસેની સખીઓએ એને ઝાલી લીધી.

એટલામાં વિલાસવતીના અનેક સહસ્ર પરિજને દોડતાં જઇ આ વૃત્તાન્ત વિદિત કર્યાથી, મંદરાચલના આસ્ફાલનથી ઉછળતા મહાસાગર જેવો તારાપીડ, અંતઃકરણમાં ગભરાતો ગભરાતો ઝટ ઉઠીને, આર્ય શુકનાસ સહિત,–એક યામાવસ્થિત,[1] વેગે ચાલતી હાથણી ઉપર બેસી,–વેગમાં જાણે આગળથી રાજમાર્ગનું પાન કરતો હોય તેમ,–'શું થયું? શું થયું?' એમ આર્ત સ્વરે કલકલ કરતા, સર્વ પાસથી દોડી આવતા નગરવાસીઓનાં ટોળાંને લીધે પાછળથી જાણે નગર-દ્વાર, અટારિયો, કોટ, મંદિર તથા તોરણ સહિત ઉજ્જયિનીને આકર્ષણ કરતો હોય અથવા બ્હાર કાઢતો હોય તેમ–બ્હાર નીકળ્યો. અને તે માતાના મંદિર પાસે આવીને ઉતરી પડ્યો તો તેણે દાસિયોને, અશ્રુથી છવાઇ ગયેલાં શોકાતુર વદન વાંકાં ફેરવીને, અર્ધ ઉઘડેલાં લોચનવાળી, ઉષ્ણ કાળની કમલિની જેવી વિલાસવતીને ચંદન-જલ છાંટી, કદલી-પત્રથી પવન નાંખી, જલાર્દ્ર હસ્ત-પલ્લવથી ચાંપીને મહા મહા પ્રયત્ને સચેતન કરતાં જોઇ. આ જોઇ, સહસા ચાલતી અશ્રુધારા વડે, શેષ રહેલી મૂર્છા દૂર કરવાને જાણે સિંચન કરતો કરતો પાસે બેસી, સ્પર્શામૃત વર્ષાવતો હાથ એના લલાટ ઉપર, ચક્ષુ

૧. જુઓ પૃ. ૧૧૪ નો. ૨, તથા પૃ. ૧૨૭ નો. ૧.

ઉપર, ગાલ ઉપર, છાતી ઉપર તથા હાથ ઉપર ધીમે ધીમે ફેરવી, અશ્રુ-થકી ગદ્ગદ સ્વરે તે કહેવા લાગ્યો:--દેવિ! વત્સ ચંદ્રાપીડને જો ખરે-ખરજ કંઇ અનિષ્ટ થયું હશે તો તો જીવાશેજ નહિ. માટે, પુત્રને અર્થે, સકલ લોકને સાધારણ આ વૈક્લવ્ય દર્શાવીને શું કરવા હલકાં પડવું જોઇયે? આપણે કરેલાં શુભ કર્મ આટલાંજ હશે. બીજું શું કરિયે? અધિક સુખ ભોગવવાને આપણે ઉચિત નહિ હોઇયે. હૈયું કૂટતાં પણ અપ્રાપ્ત વસ્તુ ઇચ્છા પ્રમાણે પ્રાપ્ત થાય એમ નથી. વિધિ કોઇક અન્યજ પ્રકારનો છે. તેને જે ગમે તે કરેછે. કોઇને પણ તે અધીન નથી. આમ જ્યારે સર્વ પરાધીન છે ત્યારે આપણને શું નથી મળ્યું? વત્સનો અતિ દુર્લભ જન્મોત્સવ આપણે કર્યોછે. ઉત્સંગમાં બેસાડીને એનું મુખ જોયુંછે. ચતા સૂતેલાને ચુમ્બન કરીને મસ્તકે ચરણ મુકયાછે. ઘુંટણે ચાલતાં આવડ્યા પછી ધૂળથી ધૂસર થયેલે શરીરે ઉત્સંગમાં રમતાં સ્પર્શ-સુખ અનુભવ્યું છે. અવ્યક્ત, મનોહર, એના પેહેલા બોલ સાંભળ્યા છે. રમતાં રમતાં એને બાલપણમાં કાલા કાલા મધુર શબ્દ બોલતો જોયોછે. વિદ્યા-ગ્રહણ કીધાથી ગુણવાન્ થયેલો જોઇ હૃદયમાં આપણે આનંદ પામ્યાં છિયે. યુવાવસ્થામાં આવ્યો ત્યારે એની અમા-નુષી રૂપ-શોભા તથા શક્તિ પ્રત્યક્ષ દીઠીછે. યૌવરાજ્યાભિષેક પામ્યા પછી મસ્તકે ચુમ્બન કર્યુંછે. દિગ્વિજય કરી આવીને પ્રણામ કરતાં, એના અંગને આલિંગન દીધુંછે. ચિન્તન કરેલી ઇચ્છિત વસ્તુઓમાં માત્ર આટલુંજ શેષ રહ્યુંછે કે એને વધૂ-સમેત મ્હારે સ્થાને પ્રતિષ્ઠિત કરીને તપોવનમાં ન જવાયું.-સર્વ વાઞ્છાઓની પ્રાપ્તિ તો મહા પુણ્ય કર્યાં હોય ત્યારેજ થાય. વળી પુત્રને શું થયું એ તો અદ્યાપિ કોઇએ સ્ફુટ રીતે કહ્યું નથી. આટલું તો મેં આજ પરિજન કહેતા હતા તેમની પાસેથી અવ્યક્ત સાંભળ્યું કે આપણે જે લેખ-હારક મોકલ્યા હતા તેમની સાથે ત્વરિતક નામનો, પુત્રનો એક બાલ-સેવક, આવ્યોછે તે સર્વ વૃત્તાન્ત જાણેછે. તેને પણ તેં પૂછ્યુંજ નથી. માટે હવે તેને તો પૂછી જોઇએ. પછી જીવિત વા મરણમાંથી એકનો નિશ્ચય કરીશું.--આ પ્રમાણે ભૂપતિ કહેતો હતો એવામાંજ, પરિજનની પાછળ બેઠેલા ત્વરિતકને બોલાવી,-જુઓ મહા-રાજ!--એમ કહી, પ્રતિહારે તેને દૂરથી ભૂતલ ઉપર મસ્તક મુકી પ્રણામ કરતો બતાવ્યો.

રાજાએ તેને એ પ્રમાણે (પ્રણામ કરતો) જોઇ, ચંદ્રાપીડના સ્નેહથી 'આવ, આવ' એમ કહી, મસ્તક ઉપર હાથ ફેરવી કહ્યું:--કહે ભાઇ, કુમારને શું થયું કે મેં, એની માતાએ, અને પ્રધાને લખ્યા છતાં એ ન આવ્યો, અને ન આવવાનું કારણ પણ કંઇ લખ્યું નહિ?–આવો રાજાનો પ્રશ્ન સાંભળી તેણે, જવાથી આરંભીને જે જે બન્યું હતું તે કહેવા માંડ્યું. (પણ) રાજાએ તો ચંદ્રાપીડનું હૃદય ફાટી ગયાનો વૃત્તાન્ત સાંભળ્યો કે અતિ ક્ષુભિત શોકસાગરમાં પડવાથી વિહ્વલ બની જઇ, કર પ્રસારી, આર્ત સ્વરે ત્વરિતકને કહ્યું:--ભાઇ હવે બંધ કર. કહેવાનું હતું તે તેં કહ્યું. મેં પણ સાંભળવાનું હતું તે સાંભળ્યું. મ્હારી પ્રશ્નની ઇચ્છા પૂર્ણ થઇ. શ્રવણ કરવાનું કૌતુક શાન્ત થયું. કર્ણ કૃતાર્થ થયા. હૃદય આનંદિત થયું. પ્રીતિ ઉત્પન્ન થઇ. સુખ થયું.--અરે પુત્ર! તેં એકલાએ ફાટી જતા હૃદયની વેદના અનુભવી. વૈશમ્પાયન ઉપર તેં ખરી પ્રીતિ દર્શાવી. અમે દુઃખિયારા, ક્રૂર, કર્મ-ચાંડાલ ત્હારૂં પણ હૃદય ફાટી ગયું સાંભળી નિર્વિકારજ રહ્યા છિયે!! દેવિ! વજ્રથી પણ આપણું હૃદય અધિક કઠિન છે કે તે પોતાની મેળે સહસ્રધા ફાટતું નથી! તેમ આ મરણ-દુઃખથી બ્હીતા પ્રાણ પણ પોતાની મેળે વત્સને અનુગમન કરતા નથી! માટે ઉઠો, એકલો એકલો પુત્ર અતિ દૂર ન જાય એટલામાંજ એને અનુગમન કરવાને પ્રયત્ન કરિયે. અરે શુકનાસ! હજી શું શોકમાં ને શોકમાં ઉભા રહ્યા છો? સ્નેહ દર્શાવવાનો સમય આ છે. મહાકાલના મંદિર સમીપ સત્વર ચિતા રચવાને પરિચારિકોને આજ્ઞા કરો. કાષ્ઠિકો! ઝટ કાષ્ઠ લાવો! કંચુકિયો! કેમ આમ સંકોચાઇને ઉભા રહ્યા છો? જાઓ, જઇને અગ્નિ-પ્રવેશનાં સાધન બ્હાર લાવો. હવે નિષ્કારણ રુદન કર્યે શું થવાનું? પુરોહિત! વિલંબ કર્યા વિના જઇને અશેષ ભંડાર બ્રાહ્મણોને અપાવી દો. હજીએ કોને સારૂ પાલન કરવું! મુજ પુણ્ય-રહિતનું, પાલનાદિ સર્વ કરણીયજ હવે ક્ષીણ થઇ ગયું! ભૂપતિયો! જ્યાં જવું હોય ત્યાં જાઓ. હવે તમે સ્વતંત્ર છો. પ્રજાને આજજ આ દુઃખ ન જણાય એમ કરજો. મ્હારા પુત્રની તો હવે માત્ર કથા શેષ રહી. બીજા કોને સોંપીને હું જાઉં?—આમ તારાપીડને આર્ત સ્વરે પ્રલાપ કરતો, તથા સ્વપીડા ન ગણતાં વિલાસવતીએજ ઝાલી રાખેલો જોઇ, શોકાતુર કંઠે ત્વરિતકે વિનતી કરી કે—મહારાજ! હૃદય ફાટી ગયા છતાં યુવરાજ હજી શરીરે જીવે છે. માટે એ તથા શાપ-દોષ વડે કરીને વૈશમ્પાયનનો કેવો જન્મ થયોછે એ બધું આપ સાંભળો.

તારાપીડને તો આ અદ્‌ભુત વાત સાંભળી, શોકમાં કૌતુક ઉત્પન્ન થયું તેથી તેણે નિમેષ રહિત ચક્ષુએ, જાણે આવિષ્ટ હોય તેમ, ધ્યાન દઈને, જે જે ત્વરિતક જોયા પ્રમાણે, સાંભળ્યા પ્રમાણે, અને અનુભવ્યા પ્રમાણે કહેવા લાગ્યો તે તે સર્વે નિરવશેષ સાંભળ્યું. અને, અનેક ચિન્હથી વિશ્વાસ ઉત્પન્ન કરાવતો તથા મનાય નહિ એવો, અતિશય શોક-કારક તથા વિસ્મય-જનક, દુઃશ્રવ તથા કૌતુકોત્પાદક, આ યુવરાજ વૈશમ્પાયનનો વૃત્તાન્ત સાંભળીને જરા મુખ મરડી, વિચારમાં સ્તબ્ધ થયેલી કીકી વાળી દૃષ્ટિ શુકનાસના નિર્વિકારી વદન ઉપર તેણે નાંખી.—મિત્ર તો તે જે પોતે દુઃખી હોય તો પણ આત્મદુઃખ ગુપ્ત રાખીને મિત્રનું દુઃખ નિવારણ કરવાનેજ યત્ન કરે.—તેમજ શુકનાસે એવી અવસ્થામાં છતાં સ્વસ્થ રહીને ભૂપતિને કહ્યુંઃ—

મહારાજ! સુખદુઃખમય દેવ, તિર્યગ્-જાતિ[૧] તથા મનુષ્ય લોક જેમાં સંચરે છે એવા આ વિચિત્ર સંસારમાં ત્રિગુણાત્મક પ્રધાનનો પણ પરિણામ હોવાથી,[૨]—પરમાણુથી માંડીને બ્રહ્માણ્ડ પર્યન્તની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય કરનાર ઈશ્વરની ઈચ્છાથી, અથવા ધર્માધર્મનાં સાધન-ઈષ્ટ કે અનિષ્ટ ફલની પ્રાપ્તિ કરાવનાર—શુભાશુભ કર્મના વિપાકથી, અથવા પોતાની મેળેજ અનેક પ્રકારે ઉત્પન્ન થતા, રહેતા, કે નાશ પામતા, નિયત વૃત્તિવાળા સ્થાવર-જંગમની કદાચિત્ એવી કોઈ અવસ્થા નથી કે જે સંભવિત નથી. ત્યારે શું કરવા આપ આમાં ખેદ કરોછો? જો એમ ધારતા હો કે આમાં કંઈ યુક્તિ હશે[૩] તો,—આ સંસારમાં કેટલી બધી યુક્તિ-રહિત (વસ્તુઓ) આગમના[૪] પ્રમાણથીજ સમજી શકાય એવી છતાં ભ્રાન્તિ-રહિત જણાયછે?[૫] મુદ્રાબંધ વા ધ્યાન વડે, વિષથી મૂર્છિત થયેલાને ઉઠાડવામાં શી યુક્તિ છે? લોહચુમ્બકથી લોહના આકર્ષણ કે ભ્રમણમાં શી યુક્તિ છે? વૈદિક કે અવૈદિક[૬] મંત્રથી અનેક પ્રકારનાં કર્મની સિદ્ધિ

૧. પશુ, પક્ષિ આદિ. (Organic world.) ૨. 'પ્રધાન' ના અર્થ સારૂ જુઓ પૃ. ૬૮ નો. ૧૨ માંનો બીજો અર્થ. પરિણામ=વિકૃતિ, અથવા રૂપાન્તર પ્રાપ્ત થવું તે. ૩. યુક્તિ—અનુમાન કે તર્ક—લગાડી શકાય એવું હશે. ૪. આગમ=શાસ્ત્રાદિક વિશેનાં ધર્મ-પુસ્તકો. ૫. શુકનાસ કહેછે કે પ્રત્યેક વસ્તુમાં અનુમાન કે તર્ક લગાડીજ શકાય એમ નથી. ઘણી એવી નીકળશે કે જે તેના વિના શાસ્ત્રાદિકના પ્રમાણથીજ સિદ્ધ થઈ શકે. નીચેનાં દૃષ્ટાન્તથી આ અર્થ વધારે સ્પષ્ટ થશે. ૬. વૈદિક=વેદ સંબંધી, વેદના.

મળેછે તેમાં શી યુક્તિ છે? વિવિધ દ્રવ્ય-સંયોગ થકી[1] મરણ-મદનાદિ ઉત્પન્ન થાયછે તથા હરી લેવાય છે, અને વશીકરણ વિગેરે થાયછે તેમાં શી યુક્તિ છે?—બીજી એવી એવી બહુ વસ્તુઓ સ્વશક્તિથી ઉત્પન્ન થાયછે તે પ્રત્યેકમાં આગમનુંજ પ્રમાણ છે. અને પુરાણ, રામાયણ, ભારત વિગેરે સર્વે આગમમાં અનેક પ્રકારની શાપ-વાર્તાઓ છેજ. તેનાં દૃષ્ટાન્તઃ—મહેંદ્ર-પદ પામેલો રાજર્ષિ નહુષ, અગસ્ત્યના શાપથી અજગર થયો હતો.[2] વસિષ્ઠ-પુત્રના શાપથી સૌદાસ રાક્ષસ થયો હતો. શુક્રાચાર્યના શાપથી યયાતિ તરૂણ અવસ્થામાંજ વૃદ્ધ થઈ વળી ગયો હતો. ત્રિશંકુ પિતાના શાપથી ચંડાલ થયો હતો. વળી એમ સંભળાય છે કે સ્વર્ગવાસી મહાભિષ નામે રાજા આ લોકમાં શાન્તનુ[3] રૂપે અવતર્યો હતો અને તેની પત્ની રૂપે રહેલી ગંગાના આઠે વસુઓ શાપ-દોષથી મનુષ્યલોકમાં જન્મ્યા હતા. બીજા તો જાણે રહ્યા. પણ આ આદિદેવ ભગવાન્, જે અજન્મ છે તે પોતેજ જમદગ્નિના પુત્ર થયા હતા.[4] વળી એમ સંભળાય છે કે પોતાના ચાર વિભાગ કરીને દશરથ રાજર્ષિને ત્યાં એ જન્મ્યા હતા, તેમજ મથુરામાં વસુદેવને ત્યાં. માટે મનુષ્યલોકમાં દેવતાઓની ઉત્પત્તિ કંઈજ અસંભવિત નથી. તેમ પૂર્વ મનુષ્યો કરતાં આપ કંઈ ગુણમાં હીન નથી. અને ભગવાન્ નારાયણ કરતાં ચંદ્રમા ચઢે એમ નથી.[5] તો હવે શું આમાં અસંભવિત લાગે એમ છે? વળી ગર્ભારંભે આપે દેવીના વદનમાં ચંદ્રનેજ પ્રવેશ કરતાં જોયો હતો. તેમ મેં સ્વપ્નમાં પુંડરીક જોયું હતું. માટે એ બંનેની ઉત્પત્તિ વિશે તો કંઈ સંદેહ છેજ નહિ. હવે જો એમ પૂછતા હો કે વિનષ્ટ થયા પછી શરીરનો અવિનાશ ક્યાંથી, અથવા પુનરુજ્જીવિતની પ્રાપ્તિ ક્યાંથી, તો એમાં પણ અખિલ લોકમાં જેનો પ્રભાવ પ્રખ્યાત છે એ અમૃતજ એક કારણ છે. અને ચંદ્રમાં તે છે એવી વાર્તા પણ છેજ. માટે આ સર્વ સત્યજ છે એમ આપે માનવું. વળી એવા, અખિલ લોકને આલ્હાદકારી આકારનો તથા કાન્તિનો અન્યત્ર સંભવજ નથી. માટે થોડાજ કાળમાં, શાપને અંતે, ગંધર્વ-પુત્રી સાથે લગ્ન

---

૧. પદાર્થોની મેળવણી થકી. ૨. નહુષના વૃત્તાન્ત વિશે જુઓ પૃ. ૨૫ નો. ૧ લી. ૩. ભીષ્મના પિતા. ૪. પરશુરામના અવતાર તરીકે. ૫. જમદગ્નિ, વસુદેવ આદિ પૂર્વ પુરુષો જેવાજ આપ છો તો તેમને ત્યાં જેમ ભગવાને તેમ આપને ત્યાં સાક્ષાત્ ચંદ્રમાએ અવતાર લીધો એમાં કંઈ આશ્ચર્ય નથી.

થયા પછી, વધૂ સાથે, અશ્રુ સહિત પગે લાગતા, ચંદ્રાપીડ નામ ધારણ કરી પુત્ર રૂપે આવેલા લોકપાલ ચંદ્રમાનાજ—કલ્યાણ થકી થતા—દર્શન વડે, જન્મથી થયલો આપનો સર્વે સંતાપ દૂર થશે. એમનો આ શાપ આપણે તો વરદાનજ થયો! માટે આ વિષે આપ કે દેવી જરા પણ શોક કરશો નહિ. (પરંતુ) મંગલ ક્રિયાઓ ચલાવો. અભિમત દેવતાઓની આરાધનાથી તથા દ્રવ્યના દાનથી, અન્ય જન્મમાં ઉપાર્જિત કુશલની વૃદ્ધિ કરો. અકુશલ હોય તેનો પણ યમ, નિયમ, કષ્ટ, વ્રત, ઉપવાસાદિ તપઃકલેશથી ક્ષય કરો. વળી બીજું જે કંઈ આમાં શ્રેયસ્કર કર્મ સંભળાતું હોય કે જાણવામાં હોય તે આજથીજ આરંભીને (પૂરૂં) કરો તથા કરાવો. વૈદિક કે અવૈદિક કર્મને કંઇ પણ અસાધ્ય નથી. મહા કષ્ટે પ્રાપ્ત થયેલા એ બંને પુત્રની ઉત્પત્તિ પણ આવેજ પ્રકારે થઈ હતી.

આવું શુકનાસનું ભાષણ સાંભળી, રાજાએ સશોકજ રહીને પ્રત્યુત્તર દીધો:—આપે જેમ કહ્યું તેમજ સર્વ છે. બીજો કોણ જાણનાર છે? બીજો કોણ અમને સમજાવે એમ છે? બીજા કોનું વચન અમારે સાંભળવાનું છે? પરંતુ, વૈશમ્પાયનનું દુઃખ જોઈ, મ્હારા પુત્રનું હૃદય ફાટી ગયું એ મ્હારી દૃષ્ટિ આગળજ રહીને બીજા સર્વેને અંતરિત કરે છે. મને એ નું એજ દેખાય છે. એ નું એજ સંભળાય છે. એ ના એજ વિચાર આવેછે. માટે જ્યાં સુધી પુત્રનું વદન પ્રત્યક્ષ જોવાશે નહિ ત્યાં સુધી મને ધીરજજ આવશે નહિ. જ્યાં હું આવી અવસ્થામાં છું ત્યાં દેવીને સમજાવવાની વાત તો દૂરજ રહી. માટે જીવિત-સંધારણને અર્થે, જવા શિવાય બીજો ઉપાયજ નથી એ આપ નિશ્ચય કરજો.—આવું જ્યારે તારાપીડે કહ્યું ત્યારે, બહુ વારથી પુત્રને અર્થે પીડા ભોગવતી વિલાસવતી તેની આગળ લજ્જા મુકીને હાથ જોડી મ્હોટે સ્વરે કહેવા લાગી:—આર્યપુત્ર! જો એમ હોય તો પણ વિલંબ શું કરવા કરવો જોઇયે? આપણે બ્હાર નીકળ્યાંજ છિયે. પ્રયાણની આજ્ઞા કરો. પુત્રનું દર્શન કરવાને મ્હારૂં હૃદય તલપી રહ્યું છે. દુઃખના નિવારણને અર્થે એ (હૃદય) ચીરાઇ જાય એમ મેં ઇચ્છયું હતું તે પણ હવે દર્શનની આકાંક્ષાથી ગમતુંજ નથી. જાણું છું કે દીર્ઘ કાળ સુધી પણ દુઃખ ભોગવીને એક વાર પણ પુત્રના દર્શનને અર્થે જીવાય તો ઠીક. પણ અસહ્ય દુઃખ શમાવવાને હમણાંજ મરી જાઉં એ ઠીક નહિ. માટે, ફરીથી ઉપજેલી આશાએ બંધાઇ રહેલા, સર્વ દુઃખના નિવારણના ઉપાય, પુત્રનું મુખ જોવાને ઉત્સુક આ હૃદયને

ગમનથી પણ વિનોદ થવા દો.—એમ તે કહેતી હતી એટલામાંજ તેની પાસે આવીને, શુકનાસના એક અતિ આપ્ત, વૃદ્ધ, ષટ્કર્મા[1] બ્રાહ્મણે સ્વસ્તિપૂર્વક કહ્યું કે:—દેવિ! સર્વે પાસથી આ અપરિસ્ફુટ વાર્તાનો કલકલ સાંભળી, હૃદયમાં આકુલ વ્યાકુલ થતાં મનોરમા પોતેજ દોડતાં દોડતાં આવ્યાં છે. પરંતુ રાજાની લજ્જાથી અહીં નહિ આવી શકવાથી માતૃગૃહની પાછળ ઉભાં છે, અને આપને પૂછે છે કે આ લોકે શું કહ્યું? મ્હારો પુત્ર વૈશમ્પાયન જીવે છે? અથવા શરીરે સ્વસ્થ છે? યુવરાજની પાસે ફરીથી એ આવ્યો હતો? હમણાં ક્યાંછે? કેટલા દિવસ પછી એ બંને આવશે?—રાજા તો તેમના મૃત્યુની વાર્તા કરતાં પણ આ અધિક કષ્ટદાયી (પ્રશ્ન) સાંભળી, શોકથી જાણે ફાટી ગયો હોય તેવો થઈ, સોગણા વધેલા શોકથી રુદન કરતી વિલાસવતીને કહેવા લાગ્યો:—દેવિ! ત્હારી પ્રિયસખીએ બંને પુત્ર સંબંધી કંઈજ સાંભળ્યું નથી, અને બીજે કહિંકથી સાંભળશે તો કદાચિત્ પ્રાણથીજ વિયુક્ત થશે, માટે ઉઠ, તું પોતેજ ધૈર્ય રાખી, સર્વ વૃત્તાન્ત કહીને એવી રીતે ત્હારી પ્રિય સખીને આશ્વાસન કર કે આર્ય શુકનાસની સાથે તે આવે.—એમ કહી, ઉઠાડીને તેણે સપરિજન વિલાસવતીને ત્યાં મોકલી, અને પોતે પણ શુકનાસ સાથે જવાની સામગ્રી તૈયાર કરાવી.

પછી, આ પ્રમાણે ભૂપતિ ચાલ્યો એટલે, તેના અનુરાગથી, ચંદ્રાપીડના સ્નેહથી, આશ્ચર્ય જોવાના કુતૂહલથી તથા આગળ ગયેલા પિતા, પુત્ર, ભાઈ, મિત્ર અને સ્વજનને મળવા (ની આતુરતા) થી, ગૃહ-રક્ષક શિવાય, ઉજ્જયિનીના સર્વે લોક ચાલવા લાગ્યા. રાજા તો, શીઘ્ર ગમનમાં વિઘ્ન રૂપ થઈ પડતા (તે) સર્વેને મુકીને, થોડાજ પરિચાર સહિત, માર્ગનું જાણે પાન કરતો હોય તેમ, એક દિવસેજ પહોચી જવાને ઇચ્છતો,—થોડુંક ચાલ્યા ત્યારથીજ, અશ્વ ઉપર બેઠેલા ત્વરિતકને બોલાવી બોલાવીને 'હજી આપણે ક્યાં સુધી આવી પહોચ્યા છિયે? કેટલા દિવસ પછી આપણે પહોચી જઈશું?' એ પ્રમાણે ઉત્કંઠિત અંતઃકરણે વારંવાર પૂછતો પૂછતો,—

---

૧. ષટ્—છ—કર્મ (યજ્ઞ કરવો, યજ્ઞ કરાવવો, ભણવું, ભણાવવું, દાન કરવું, દાન લેવું) જાણનાર.

इज्याध्ययनदानानि याजनाध्यापने तथा ।
प्रतिग्रहश्च तैर्युक्तः षट्कर्मा विप्र उच्यते ॥

નિરંતર પ્રયાણ કરવાથી થોડાજ દિવસમાં અચ્છોદ સરોવર પાસે આવી પહોચ્યો. ત્યાં આવ્યો કે અંતરાત્મા સૈંકડો વિકલ્પને હિંદોળે ચઢી અસ્વસ્થ થવાથી તેણે દૂર રહીનેજ પ્રથમ પોતાના આપ્તતમ અશ્વવારોને ત્વરિતક સહિત ખબર કાઢવા મોકલ્યા.

પછી જ્યારે તેઓની સાથે, આત્મ-સંસ્કાર ત્યાગ કીધાથી શરીરે મલિન તથા કૃશ થયેલા, જાણે ભૂતલમાં પ્રવેશ કરવાને ઇચ્છતા, પરસ્પર ઢંકાઇ જવાની હોંસાતુશીમાં પોતાનું મ્હોં સંતાડતા,—અક્ષત છતાં પણ જાણે હણાયા હોય, વસ્ત્રાદિક છતાં પણ જાણે લૂટાયા હોય, જીવતા છતાં જાણે મુવેલા હોય, અને સસંભ્રમ આવવા છતાં જાણે ચરણ પાછા હઠાવતા હોય એવા,—અંગનીજ સાથે ગળી ગયેલા ઉત્સાહવાળા, અશ્રુનીજ સાથે મુક્ત થયેલા આત્માવાળા, વૈકલ્યનીજ સાથે ઉપસર્પણ કરતા, ચંદ્રાપીડને આશ્રયે જીવિત-નિર્વાહ કરતા, સર્વ રાજપુત્ર-લોકને આગળ ચાલતા મેઘનાદ સહિત તેણે આવતા જોયા ત્યારે ઉછળતા તનય-શોક રૂપી તરંગના વેગથી દુઃખી થયા છતાં જાણે ઉચ્છ્વસિત થઇને, ચંદ્રાપીડના શરીરના અવિનાશ વિશે અંતર્માં વિશ્વાસ દૃઢ થવાથી પાછાં વળીને, આવરણયુક્ત પર્યાણ ઉપર બેઠેલી વિલાસવતીને તેણે કહ્યું:—દેવિ! વધામણી છે! પુત્રનું શરીર ખરેખરજ અવિનષ્ટ છે! કારણ કે એના ચરણ-કમલને આધારે જીવતા આ સર્વ રાજપુત્ર એના પાદ-મૂલ પાસેથી અહીં આવેછે.—આ સાંભળી એણે પોતાને હાથેજ આવરણ-વસ્ત્રનો છેડો જરા ખસેડી, નિશ્ચલ દૃષ્ટિયે, પુત્ર-સમાન તે રાજપુત્રલોકની સામું બહુવાર સુધી જોઇ, નિરંતર અશ્રુધારા વહેવા છતાં, ધૈર્ય ત્યજી. ઉંચે સ્વરે બૂમ પાડી:—અરે પુત્ર! ત્હારી સાથે ધૂળમાં ભેગા રમનાર આટલા બધા રાજપુત્રલોકની વચ્ચે તુંજ એકલો કેમ દેખાતો નથી?—આ પ્રમાણે એ રુદન કરતી હતી તેને આશ્વાસન કરી, દૂરથીજ રાજાએ. સર્વ લોકની સાથે ભૂતલ ઉપર શિર મુકતા મેઘનાદને પાસે બોલાવી પૂછયું:—મેઘનાદ! કહે, પુત્રનો શો વૃત્તાન્ત છે?—તેણે વિનતી કરી:—મહારાજ! ચેતન નહિ હોવાથી શરીરમાંથી માત્ર ચેષ્ટાજ ગયેલી જણાયછે, અને દિવસે દિવસે કાન્તિ અધિક અધિક થતી જાયછે.—રાજાને આ સાંભળી, પુનર્ જીવિત પ્રાપ્ત થવાની આશા ઉત્પન્ન થઇ તેથી,—દેવિ! મેઘનાદનું વચન સાંભળ્યું? ચાલો હવે ઘણે દિવસે દર્શન કરીને આપણે પુનઃ કૃતાર્થ થઇયેઃ પુત્રનું વદન નિહાળિયે—એમ કહેતા કહેતાજ તે હાથણીને અધિક વેગથી ચલાવીને મહાશ્વેતાના આશ્રમ તરફ ચાલ્યો.

એટલામાં, ચંદ્રાપીડના ગુરૂજનનું આગમન સાંભળી, આગળ પથરાતાં ઉજ્જ્વલ મુક્તાફલ જેવાં અશ્રુબિન્દુ પાડતી મહાશ્વેતા,—અરે! હું પાપિણી, જન્મદુઃખી, વિનષ્ટ થઈ! દુઃખદાન કરવામાંજ પંડિત આ દગ્ધ વિધિ કોણ જાણે ક્યાંસુધીએ હજી મને, મરણ ભૂલી ગયેલીને, અનેક પ્રકારે બાળ બાળ કરશે!—એમ બોલતી બોલતીજ દોડીને લજ્જાથી સહસાજ ગુહામાં પેસી ગઈ. કાદમ્બરી પણ (તે સાંભળી) બોલ્યા ચાલ્યા વિનાજ મૂર્છાના અંધકારમાં પડી એટલામાં એની સખીઓએ સત્વર દોડી આવીને એને ઝાલી લીધી. આવી અવસ્થામાં એ બંને આવ્યાં હતાં તેવામાં શુકનાસને ટેકો દઈ ચાલતો રાજા આશ્રમપદમાં આવી પહોચ્યો. અને તેની પાછળ મનોરમાને ટેકો દઈ ચાલતી, અશ્રુથી ભરેલી અતિ દીર્ઘ દૃષ્ટિ આગળ નાંખતી,—મ્હારો પુત્ર ક્યાં છે?—એમ પૂછતી પૂછતી વિલાસવતી આવી. આવીને, જાણે નિદ્રાવશ હોય તેમ સહજ કાન્તિથીજ અવિરહિત તથા સર્વ પ્રયત્ન રહિત પોતાના પુત્રને જોઈ, એ પુત્રવત્સલ માતા, તારાપીડ આવ્યો ન હતો એટલામાં તો, ટેકો આપતી મનોરમાને પણ તરછોડી દઈ, દૂરથીજ હાથ પ્રસારી, વેગથી ગરતી જર્જર અશ્રુધારા વડે તથા સ્તન-પ્રસ્રવ વડે મહીતલને ભીંજવતી,—આવ, દુર્લભ પુત્ર! બહુ દિવસે ત્હારૂં દર્શન થયુંછે;[1] મને પ્રતિવચન દે! એક વાર તો મ્હારા સામું જો! બેટા! ત્હારે આમ રહેવું શોભે નહિ; ઉઠીને ઉત્સંગમાં આવીને ત્હારો પુત્રને ઘટિત સ્નેહ દેખાડ! બાલપણમાં પણ તેં કદી મ્હારૂં વચન ઉથાપ્યું નથી તો આજ કેમ, હું આમ વિલાપ કરૂંછું તોએ તું કંઈ સાંભળતો નથી? બેટા! કોણે તને દુભવ્યો છે? આ હું પગે લાગીને તને મનાવું છું! પુત્ર ચંદ્રાપીડ! સ્નેહથીજ આટલે બધે દૂર આવેલા ત્હારા પિતાને પણ સામો જઈને પ્રણામ તો કર! ક્યાં ગઈ એ ત્હારી ગુરુ-ભક્તિ? ક્યાં ગયા એ ગુણ? ક્યાં ગયો એ સ્નેહ? ક્યાં ગઈ એ ધર્મજ્ઞતા? ક્યાં ગયો એ પિતાનો પક્ષપાત? ક્યાં ગઈ એ બંધુ-પ્રીતિ? ક્યાં ગઈ એ પરિજન-વત્સલતા? શું, મ્હારાં મંદભાગ્યથી સર્વનો એકાએકજ ત્યાગ કરીને તું આમ ઉદાસી[2] થઈ રહ્યો છે?—અથવા, જેમ તને સુખ થાય તેમ રહે; અમે ત્હારા વિશે અનુદાસીન છિયે—એ પ્રમાણે આર્ત પ્રલાપ

---

૧. "..............એ પ્રમાણે......પ્રલાપ કરતી કરતી......રોવા લાગી"–એ પ્રમાણે સંબંધ લેવો. ૨. તટસ્થ. (Indifferent.) તેથી ઉલટું 'અનુદાસીન.'

કરતી કરતી પાસે જઈ, વારંવાર તેના અંગને ગાઢ આલિંગન દઈ, શિર ઉપર તથા ગાલ ઉપર ચુમ્બન કરી, તેના ચરણ મસ્તકે મુકી મ્હોટે સ્વરે રોવા લાગી. તેને રોતી જોઈ, પોતાની પીડા દબાવી, તારાપીડે ચંદ્રાપીડને આલિંગન દીધા વિનાજ, સર્વ પ્રજાની પીડા હરવાને શક્તિમાન્ પોતાના હાથથી ટેકો દઈ કહ્યું:—દેવિ ! જો કે આપણા સુકૃતથી પુત્ર રૂપે પ્રાપ્ત થયાછે તો પણ (ખરેખરા) આ દેવતાજ છે એટલે અશોચ્ય છે. માટે મનુષ્ય લોકને ઉચિત આ શોક કરવાનું મુકી દો. શોક કર્યાથી આમાં કંઈ વળવાનું નથી. આક્રોશ કરવાથી કેવલ ગળુંજ ફાટશે, હૃદય નહિ ફાટે. નિરર્થક પ્રલાપજ મુખમાંથી નીસરશે, પ્રાણ નહિ. નિરાધાર નયનનું જલજ પડશે, શરીર નહિ. વળી પુત્રનું માત્ર અદર્શનજ આપણને પીડાકારી હતું તે તો આ મુખ જોતાં દૂર થયું. બીજું, આવી અવસ્થામાં આપણે બંનેએ પણ મહા ધૈર્ય રાખીને મનોરમા તથા શુકનાસને ધીરજ આપવી જોઈયે, કેમકે એમનો વૈશમ્પાયન પરલોકવાસી થયો છે. એ પણ જવા દઈયે. જેના પ્રભાવથી પુત્રની પુનર્ જીવિત-પ્રાપ્તિનો અભ્યુદય-મહોત્સવ અનુભવવાનો છે તેજ આ ગંધર્વરાજપુત્રી, તમારી વહૂ, આપણું આવવું સાંભળી શોક-તરંગમાં ડુબી જઈ મૂર્છિત થયેલી છે, અને નામ દઈ દઈને આક્રન્દ કરતી પ્રિયસખીઓના ખોળામાં હજી પણ સચેતન થઈ નથી. માટે એને તો ઉઠાડીને ઉત્સંગમાં બેસાડી સચેતન કરો; પછી જેટલું ગમે તેટલું રુદન કરજો.

આ સાંભળી, ક્યાં છે મ્હારા પુત્રને જીવાડનાર એ વહૂ ?—એમ કહેતી કહેતીજ ઝટ પાસે જઈ, કાદમ્બરીને અચેતન અવસ્થામાંજ પોતાને હાથે ખોળામાં લઈ, મૂર્છામાં નયન મીચાઈ ગયાથી બમણું શોભતું એનું વદન નિહાળી, નિરંતર ગળતા અશ્રુજલમાં સ્નાન કરવાથી ભીનો થયેલો, ચંદ્ર-કલા જેવો શીતલ પોતાનો ગાલ એના ગાલ ઉપર, લલાટ લલાટ ઉપર, અને લોચન લોચન ઉપર મુકતી મુકતી, તથા ચંદ્રાપીડના સ્પર્શથી શિશિર થયેલો હાથ હૃદય ઉપર ફેરવતી ફેરવતી વિલાસવતી કહેવા લાગી:—માતા ! ધીરજ રાખ ! ત્હારા વિના આજ સુધી મ્હારા ચંદ્રાપીડનું શરીર કોણ ધારી શક્યું હત ? તું તો અમૃતમય જેવી છે તેથી પુત્રનું મુખ ફરીથી (અમે) જોયું.—ચંદ્રાપીડના આ નામ-ગ્રહણથી તથા તેનાથી નિર્વિશેષ, વિલાસવતીના સ્પર્શથી, કાદમ્બરી સચેતન થયા છતાં લજ્જાથી અવનમ્ર મુખે રહી, અને શું કરવું તેની સૂઝ નહિ પડવાથી,

જાણે પરવશ હોય તેમ મદલેખાએ એને ખોળામાંથી ઉતારી, ગુરૂજનને અનુક્રમે વંદન કરાવ્યું. તે સમયે તેઓએ—આયુષ્મતિ! દીર્ઘ કાળ સુધી સૌભાગ્યવતી રહે!—એમ આશિર્વાદ દઈ, ધીરે ધીરે એને ઉઠાડી, વિલાસવતીની પાછળ ધણીજ પાસે બેસાડી, ઝાલી રાખી. ચિત્રરથ-તનયાને સચેતન જોઈ, ચંદ્રાપીડનેજ ઉજ્જીવિત થયો માની, રાજા એનાં અંગને ગાઢ આલિંગન દઈ, ચુમ્બન કરતો કરતો, નિહાળતો નિહાળતો, સ્પર્શ કરતો કરતો બહુ વાર રહીને, મદલેખાને બોલાવી કહેવા લાગ્યો કેઃ—અમારે માત્ર દર્શન-સુખજ પ્રાપ્ત થવાનું હતું તે થયું. માટે જેવા ઉપચારથી આટલા દિવસ વહૂ પુત્રના શરીરને ધારણ કરતી હતી તેજ ઉપચાર અમે આવ્યા તેથી કે લજ્જાથી જરા પણ ત્યજવો નહિ. અમે તો કેવલ નિષ્પ્રયોજન જોનારજ છિયે. અમે અહિં રહ્યા તોએ શું ને ગયા તોએ શું? જેના કર-સ્પર્શથી પ્રફુલ્લ થઈને આ અવિનાશી રહ્યું છે તે વહૂજ એની પાસે ભલે રહે.—એમ કહી ત્યાંથી પોતે બ્હાર ગયો. બ્હાર જઈને, પોતાને સારૂ તૈયાર કરેલા આવાસમાં ન જતાં, તપસ્વીને વસવા યોગ્ય, આશ્રમની પાસેનાજ એક, શુદ્ધ શિલાતલયુક્ત લતામંડપમાં જઈને, સ્વ-સમાન દુઃખ ભોગવતા સર્વે રાજલોકને બોલાવી, બહુ માન સહિત તે કહેવા લાગ્યોઃ—આપે એમ ન સમજવું કે આજ શોકાવેગથીજ હું આનો અંગીકાર કરૂં છું. પૂર્વેથીજ મેં ધાર્યું હતું કે વહૂ સહિત ચંદ્રાપીડનું મુખ જોઇને મ્હારો (રાજ્ય-)ભાર એને આપી, કોઈક આશ્રમપદમાં જઈને વૃદ્ધાવસ્થા ગાળવી. તે તો ભગવાન્ યમે કે પૂર્વે કરેલાં વિરૂપ કર્મે કરીને આમ વિપરીત થઈ ગયું! આપણે બીજું શું કરિયે? ભવિતવ્યતા અનતિક્રમણીય છે. સ્વપ્રયત્નથી ઉત્પન્ન થતું પુત્રનું સુખ નહિ મળવાનું હોય તે અનુભવાયું નહિ. પ્રજા-પાલનનું ફલ તો આપના ભુજ અક્ષત છે એટલે અવિરહિતજ છે. અમે અન્યથા આચરતા હતા ત્યારે પણ તે સર્વ તેઓમાંજ હતું. માટે ઘણા કાળથી આકાંક્ષિત મ્હારો મનોરથ પૂરવાને હું ઇચ્છું છું. ધન્ય છે તેમને જેઓ વૃદ્ધાવસ્થામાં શરીર ક્ષીણ થયેથી પુત્રને પોતાનો ભાર સોંપી, શરીરે લઘુ થઈ, પરલોક-ગમન સાધે છે. કોઈક દિવસ પણ તે, ઇચ્છા વિનાએ ગળે બલાત્કારે પગ મુકીને મૃત્યુ લઈ જનારજ છે. તો કોઈ સુપાત્રને નિજ પદ આપી, વૃદ્ધપણાથી જેનો આયુઃશેષ ખવાઈ જવાનો છે એવા, નિષ્પ્રયોજન રહેલા, સર્વ સુખ રહિત માંસ-પિંડથી જો પરલોકનાં સુખનું ઉપાર્જન થાય તો તે

લાભજ છે. માટે આ વિશે મ્હારે તમને અરજ કરવાની હતી.—એટલું કહી, સમીપનાં પણ સર્વે ઉચિત સુખનો પરિત્યાગ કરી, વનવાસનાં અનુચિત દુઃખનો અંગીકાર કરી, વૃક્ષમૂલને મહેલ ગણી, અંતઃપુરની સ્ત્રિયોની પ્રીતિ લતાઓમાં આણી, પરિચિત જનનો સ્નેહ હરિણ ઉપર, વસ્ત્રની રુચિ ચીર-વલ્કલમાં, કેશ-રચનાનો અભિયોગ જટામાં, આહારનો સ્વાદ કંદ-મૂલ-ફલમાં, શસ્ત્ર ધારણ કરવાનું વ્યસન રુદ્રાક્ષમાલામાં, પ્રજા-પાલનશક્તિ સમિત્ કુશ તથા કુસુમમાં, નર્મ આલાપ ધર્મ-કથામાં, યુદ્ધ-રસ ઉપશમમાં, જયની ઇચ્છા પરલોકમાં, કોશની સ્પૃહા તપમાં, આજ્ઞા મૌનમાં, સર્વ ઉપભોગનો રાગ વૈરાગ્યમાં, અને તનય-સ્નેહ તરુઓમાં રાખી, તપસ્વિજનને ઉચિત ક્રિયાઓ કરતો કરતો,—કાદમ્બરી તથા મહાશ્વેતા ક્રમે કરીને લજ્જા છોડી પ્રતિદિવસ ગંધર્વલોકને ઉચિત ઉપચાર કરતી હતી તે સ્વીકાર્યા વિના,—નિરંતર સાંજ સવારે ચંદ્રાપીડના દર્શનનું સુખ ભોગવતો તે રાજા દુઃખ ગણ્યા વિના, વિલાસવતી, શુકનાસ તથા પરિવાર સહિત ત્યાંજ રહ્યો.

આટલે સુધી કહીને ભગવાન્ જાબાલિયે વૃદ્ધાવસ્થાને લીધે શોભા-રહિત લાગતું મંદ હાસ્ય કરી હારીત વિગેરે સર્વે તે શ્રોતાજનને કહ્યું:— જોયું આપ આયુષ્મતોએ અંતઃકરણ હરણ કરનાર કથા-રસનું આ આક્ષેપ-સામર્થ્ય?[1] જે કહેવાનું મેં આરંભ્યું હતું તે મુકીનેજ કથાના રસથી કહેતાં કહેતાં હું અતિ દૂર જતો રહ્યો છું. હવે (આપ સમજ્યા હશો કે) કામથી વિહ્વલ બની જઈ, પોતેજ કરેલા અવિનયને લીધે દિવ્ય લોક-માંથી ભ્રષ્ટ થઈને મર્ત્યલોકમાં વૈશમ્પાયન નામે, શુકનાસનો જે પુત્ર થયો હતો તેજ આ, ફરીથી પોતે કરેલા અવિનયથી કોપેલા પિતાના આક્રોશથી, તથા મહાશ્વેતાના સત્ય અધિષ્ઠાનથી શુકજાતિમાં પડેલો છે.[2]

આ પ્રમાણે ભગવાન્ જાબાલિ બોલતા હતા તેવામાંજ, બાલક છતાં પણ મને, જાણે સુઈ ઉઠ્યો હોઉં તેમ, પૂર્વ જન્માન્તરે પ્રાપ્ત કરેલી સર્વ વિદ્યા જિહ્વાગ્રે આવી. સકલ કલાઓમાં કૌશલ ઉત્પન્ન થયું. ઉપદેશને અર્થે મનુષ્યના જેવી આ, વિસ્પષ્ટ વર્ણાભિધાનયુક્ત વાણી પ્રાપ્ત થઈ. સર્વ વસ્તુ વિશે વિજ્ઞાન તથા સ્મરણ થયું. ટુંકામાં, મનુષ્યશરીર વિના તે ક્ષણેજ મને બીજું સર્વે ઉત્પન્ન થયું.—એ નો એજ ચંદ્રાપીડ ઉપર સ્નેહ, એ ની એજ કામ-પરવશતા, એ નો એજ મહાશ્વેતા ઉપર અનુરાગ, અને એ ની એજ એને પ્રાપ્ત કરવાની ઉત્સુકતા. માત્ર મને તે સમયે પાંખો નહિ આવેલી તેથી પૂર્વ જન્મની શરીર-ચેષ્ટાજ ન હતી. આ પ્રમાણે અન્ય જન્મનો સકલ વૃત્તાન્ત પ્રત્યક્ષ થયો એટલે ઉત્સુક અંતઃકરણે— માતાપિતાનું શું થયું હશે? મિત્ર ચંદ્રાપીડનું શું થયું હશે? પ્રથમ જન્મના મિત્ર કપિંજલનું, અથવા મહાશ્વેતાનું શું થયું હશે--એમ કોનું કોનું ક્રમ મને સ્મરણ થયું તે સમજાયુંજ નહિ. આ પ્રમાણે અતર્માં ઉત્સુક થઇ, ભૂતલ ઉપર શિર મુકી, બહુ વાર પછી મેં, મ્હારો અવિનય સાંભળ્યાથી ઉત્પન્ન થયેલી લજ્જા વડે જાણે વિલીન થતો હોઉં—પાતાલમાં પેસતો હોઉં-- એમ, મહા કષ્ટે, ધીમે ધીમે ભગવાન્ જાબાલિને વિનતી કરી કે:—ભગવન્! તમારા પ્રસાદથી મને સર્વ જ્ઞાન આવિર્ભૂત થયું છે. પૂર્વ જન્મના સર્વે બાંધવ મને હવે સાંભરે છે. હું મૂઢ હતો ત્યારે મને તેમનું સ્મરણ

૧. જુઓ પૃ. ૬૪ નો. ૧. અહિંથી હવે વૈશમ્પાયન પોપટ આગળની કથા શૂદ્રક રાજાને કહે છે. આક્ષેપ=આડે રસ્તે લઈ જવું તે.

૨. શુકનાસના આક્રોશ સારૂ જુઓ પૃ. ૩૫૩ લી. ૧૩ અને મહાશ્વેતાના શાપ સારૂ જુઓ. પૃ. ૩૭૮ લી. ૨૯.

ન હતું તેમજ વિરહ-પીડા પણ ન હતી. પણ હવે તો તેઓ સાંભરી આવવાથી મ્હારૂં હૃદય જાણે ફાટી જાય છે.—તેમાં ચંદ્રાપીડ, જેનું હૃદય મ્હારૂં મૃત્યુ સાંભળતાંજ ફાટી ગયું, તે સાંભરી આવવાથી જેટલું મને થાય છે તેટલું બીજાના સ્મરણથી થતું નથી. માટે એના પણ જન્મનો વૃત્તાન્ત કહેવાનો આપ પ્રસાદ કરો કે જેથી. મ્હારો આ પક્ષિજાતિમાં જન્મ પણ એની સાથેજ વસવાથી પીડાકારી ન થઈ પડે.

આવું મેં કહ્યું ત્યારે મ્હારા ઉપર જરા જાણે ક્રોધયુક્ત દૃષ્ટિ કરી, ભગવાન્ જાબાલિયે સ્નેહ-ગર્ભિત વાણીથી પ્રત્યુત્તર દીધો કેઃ—દુરાત્મન્! જે તરલ-હૃદયતાએ તને આવી દશામાં આણ્યો છે તેનેજ કેમ વળગી રહેછે? હજી તને પાંખોએ પૂરી નથી આવી. માટે ચાલતાં તો શીખ. પછી મને પૂછજે.—આવું જ્યારે તે ઋષિયે કહ્યું ત્યારે કુતૂહલ ઉત્પન્ન થયાથી હારીતે પ્રશ્ન કર્યોઃ—તાત! મને એક મહાન્ વિસ્મય લાગેછે કે મુનિ-જાતિમાં છતાં આને એવી કામ-પરવશાતા ક્યાંથી થઈ કે જીવિત પણ ધારી શક્યો નહિ? અને દિવ્ય લોકમાં ઉત્પન્ન થયા છતાં એટલું સ્વલ્પ આયુષ્ કેમ થયું?—પુત્રનો આ પ્રશ્ન સાંભળી, ભગવાન્ જાબાલિ, નિર્મલ દંતકિરણ રૂપી જલધારાવડે પાપનો મલ જાણે પ્રક્ષાલિત કરતા કરતા બોલ્યાઃ—વત્સ! એનું કારણ સ્પષ્ટજ છે. આ કેવલ, કામ-રાગ-મોહમય, અલ્પ-સાર સ્ત્રી-વીર્યથીજ ઉત્પન્ન થયો છે.[1] અને શ્રુતિમાં કહેલું છે કે જેમાંથી (પ્રાણી) જન્મે તેવોજ થાય. લોકમાં પણ ઘણું કરીને કાર્ય કારણના ગુણ પ્રમાણેજ થતાં જણાય છે. તેમ વળી આયુર્વેદમાં પણ કહેછે કે જે જન્તુ કેવલ, અલ્પ-સાર સ્ત્રી-વીર્યથીજ ઉત્પન્ન થાયછે તે સારભૂત, સ્થૈર્ય આપનાર, પુરુષ-વીર્યના અભાવથી કાં તો ગર્ભમાં વિલીન થઈ જાયછે, અથવા મૃત અવતરે છે, અથવા જન્મીને દીર્ઘ કાલ જીવતું નથી. તેમ આ ઉત્પન્નજ એવી રીતે થયો તેથી એને એવો કામાવેશ થયો. મરણ પણ મદનના વેગથી થતો સંજ્વર ન સહી શક્યાથી તેવું થયું. હજી પણ એવુંજ એને અલ્પ આયુષ્ છે. (પણ) શાપની અવધિ પછી અક્ષય આયુષ્ થશે.

આ સાંભળી, ફરીથી ભૂતલ ઉપર શિર મુકી, પ્રણામ કરી, એ મહર્ષિને મેં વિજ્ઞપ્તિ કીધીઃ—ભગવન્! પક્ષિજાતિમાં પડેલો હું અપુણ્ય-

---

૧. લક્ષ્મીમાંથી પુંડરીકની ઉત્પત્તિ વિશે જુઓ પૃ. ૧૮૮ લી. ૧૪–૧૬.

વાન્ પોતાની મેળે કંઈજ કરવાને સમર્થ નથી. વાચા પણ મ્હારા મુખમાં આપની કૃપાથી હમણાંજ આવી, અને પૂર્વ કાળનું જ્ઞાન (પણ) અંતરાત્માને (હમણાંજ થયું). હવે આયુષ્ની વૃદ્ધિ કરનાર કર્મને યોગ્ય શરીર જો મને અન્ય જન્મમાં આપના પ્રસાદથી પ્રાપ્ત થાય તો મહાકર્મથી સાધ્ય એ અક્ષય આયુષ્ કયે પ્રકારે મળે એ આપ કૃપા કરી કહો.—આમ મેં વિનતી કરી ત્યારે સર્વે દિશાઓમાં દૃષ્ટિ ફેરવી એ ભગવાને કહ્યું:—એ પણ ત્હને જેમ છે તેમ વિદિત થશેજ. હમણાં તો આ કથા રહેવા દો.* રસના આક્ષેપથી આપણને જણાયા વિનાજ રજની વીતી જઈને પ્રભાત થવા આવ્યું છે. પ્રભા-રહિત થયાથી, રૂપાના અસ્વચ્છ દર્પણ જેવું આ, આકાશને પશ્ચિમ અન્તે લટકતું ચંદ્રબિમ્બ દેખાયછે!* ઉદ્‌ગમને અનુસાર વિસ્તાર પામતી, જરઠ પદ્મ જેવી અરુણ, ફીકી ફીકી દેખાતી આ અરુણના અગ્ર કરની પ્રકાશ-લેખા, પૂર્વ દિશાના અંધકાર રૂપી કેશપાશને જાણે સેંથી પાડતી હોય તેમ ઉલ્લસિત થાયછે. શેષ રહેલા તિમિરથી આકાશના એક ભાગમાં મલિન દેખાતા સૂર્યના પ્રકાશમાં સૂક્ષ્મતા પ્રમાણે અનુક્રમે આ તારાઓ પ્રવેશ કરવા માંડે છે. પમ્પા સરોવર પાસે શયન કરતાં પક્ષિયોનો પ્રબોધ સૂચવતો આ શ્રોત્રહારી કોલાહલ સંભળાવા માંડેછે. અને રાત્રિના સંપર્કથી શીતલ લાગતા, હાલતાં વન-કુસુમનો પરિમલ લાવતા, આ પ્રભાતસૂચક પવન વાવા માંડ્યાછે. હવે આપણે અગ્નિ લઈ જવાની વેલા થઈ.—એમ કહેતાં કહેતાંજ સભાનું વિસર્જન કરીને પોતે ઉઠ્યા.

પછી, ભગવાન્ જાબાલિ ઉઠ્યા એટલે તે સર્વે તાપસ લોક વિરાગી છતાં, નિષ્કૌતુક છતાં, તથા મોક્ષ માર્ગે રહેલા છતાં, કથા-રસથી ગુરુને ઉચિત આચરણ ભૂલી જઈને, હજી જાણે સાંભળતા હોય તેમ કંટકિત કાયે,વિસ્મયથી પ્રફુલ્લ મુખે, સાથેજ શોકાનંદનાં અશ્રુ પાડતા પાડતા, હા! અરેરે! એવા શબ્દ બોલતા બોલતા, જાણે સ્તબ્ધ હોય તેમ બહુ વાર સુધી રહીને પોત પોતાને સ્થાને ગયા. અને હારીત, બીજા મુનિકુમાર સમીપ છતાં પોતાને હાથેજ મને ઉચકીને પોતાની પર્ણશાલામાં લઈ જઈ, શયનના એક ભાગમાં ધીમેથી મુકીને પ્રાભાતિક ક્રિયા કરવાને બ્હાર ગયો. તે ગયો એટલે મને, એકે કાર્ય સાધી શકાય નહિ એવી પક્ષિજાતિમાં પડ્યાની હૃદયમાં થતી પીડાથી ચિન્તા થઈ કે:—અહિંયાં, અનેક ભવમાં કરેલાં શતસહસ્ર સુકૃતથી પ્રાપ્ત થાય એવો મનુષ્ય-દેહજ

દુર્લભ છે; તેમાં વળી સર્વ જાતિથી ચઢતું બ્રાહ્મણ્ય; તેથી પણ ચઢતું. સત્વર મોક્ષદાયી મુનિત્વ; અને તેનાથી પણ કંઈક અધિક, દિવ્ય લોકમાં નિવાસ. માટે જેણે આટલે (ઉચ્ચ) સ્થાનેથી સ્વદોષે કરીને આત્માને પતિત કર્યો તે હવે સર્વ ક્રિયા વિહીન, આ પક્ષિજાતિમાંથી પોતાનો શી રીતે ઉદ્ધાર કરી શકશે? વળી પૂર્વજન્મના સ્નેહીઓ સાથે કેમ કરીને સમાગમનું સુખ ભોગવશે? તે ભોગવ્યા વિના આમ નિરર્થક જીવિત-રક્ષણ કર્યાથી ફલ શું? ભલે આ દુ:ખી શરીર ગમે ત્યાં પડે. કષ્ટને અર્થેજ સર્જેલા આ શરીરને સુખ તો મળવાનું છેજ નહિ. માટે લાવ એને ત્યજી દઉં. ભલે, મને દુ:ખ-દાન કરવાનીજ એક ચિન્તાથી અસ્વસ્થ થયેલા વિધિના મનોરથ પૂર્ણ થાય!—આ પ્રમાણે જીવિત ત્યજવાની ચિન્તામાં (ગરક થઈ) નયન મીચીને હું બેઠો હતો એવામાં, હસતે મુખે મને જાણે આશ્વાસન કરતો હોય એમ સહસા પ્રવેશ કરીને હારીત કહેવા લાગ્યો:—ભાઈ વૈશમ્પાયન! એક વધામણી લાવ્યોછું! ત્હારા પિતા ભગવાન્ શ્વેતકેતુ પાસેથી કપિંજલ તનેજ ખોળતો ખોળતો અહીં આવ્યો છે.

મને તો આ સાંભળી, તે ક્ષણે જાણે પાંખો ઉત્પન્ન થઈ હોય તેમ ઉડીને તેની સમીપજ જવાનું મન થયું, અને ઉંચી ડોક કરી, દૃષ્ટિ ફેરવીને મેં તેને પૂછ્યું કે એ ક્યાંછે?—તેણે કહ્યું:—પિતાના ચરણ પાસેછે.—ત્યારે મેં ફરીથી એને કહ્યું કે:—જો એમ હોય તો મને ત્યાંજ આપ લઈ જાઓ. એને જોવાને મ્હારૂં હૃદય તલપી રહ્યું છે.—આવું હું કહેતો હતો એટલામાંજ,—ગગનમાંથી આવવાના વેગથી જેનો જટા-કલાપ વાંકો ચૂંકો થઈ ગયો હતો, પવનમાર્ગે ચાલવાથી જેના ઉત્તરીયનો એક છેડો ખસી ગયો હતો, વલ્કલથી જેણે સજ્જડ કેડ બાંધી દીધી હતી, અર્ધ તુટી ગયેલા યજ્ઞોપવીત સાથે જેની છાતીઉપર અસ્થિ તરી આવતાં હતાં, આખો દેવમાર્ગ ઉતરીને આવવાથી શ્રમવડે જેનું શરીર હાંફતું હતું,—પવનથી અપહૃત છતાં, મરુત્પથમાં ઉડવાથી ઉત્પન્ન થતા ખેદવડે ધારણ કરાયલા, જલ-પ્રવેશથી ઝરતા સ્વેદને મુખે,[1] તથા મને જોયાથી થતા

---

૧. પરસેવો પવને હરેલો પણ મરુત્-પથ—પવનના માર્ગ—માં ઉડવાથી......ઉત્પન્ન થયેલો એ વિરોધ; શમાવતાં મરુત્-પથ=દેવ-માર્ગ, આકાશ. એ અર્થ લેવો. જલ-પ્રવેશ=આકાશમાંથી નીચે આવતાં મેઘમંડલમાં પ્રવેશ કરવો પડે તે.

દુઃખને લીધે ભરાઇ આવતાં અશ્રુબિન્દુને નયનમાંથી જે સાથેજ કાઢતો હતો,—મુમુક્ષુ છતાં પણ જે મ્હારા સ્નેહથી અમુક્ત હતો, વિરક્ત છતાં પણ જે મ્હારા પ્રિય-હિતમાં રક્ત હતો, નિઃસંગ છતાં જે મ્હારા સમાગમને અર્થે ઉત્સુક હતો, નિઃસ્પૃહી છતાં જે મ્હારો અર્થ સંપાદિત કરવાને આકુલ હતો, નિર્મમ છતાં જે ગાઢ સ્નેહી હતો, નિરહંકારી છતાં 'હું તેજ આ' એમ મને જે માનતો હતો, ક્લેશ ત્યજ્યા છતાં મ્હારે સારૂ જે ક્લેશ પામતો હતો,—લોષ્ટ, પાષાણ, કાઞ્ચનને સમાન ગણી સુખી છતાં મ્હારે દુઃખે જે દુઃખી હતો,—તે કપિંજલને મેં—કૃતજ્ઞને અકૃતજ્ઞે, સ્નેહી પ્રકૃતિવાળાને કઠિન હૃદયવાળાએ, સુકૃતિને અપુણ્યશાલીએ, અનુગમન કરનારને વામ સ્વભાવનાએ, પ્રેમાર્દ્ર હૃદયવાળાને અતિનિષ્ઠુરે, મિત્રને વૈરીએ, વચન પાળનારને વચન ઉત્થાપનારે, મહાત્માને દુરાત્માએ—મ્હારી આગળ જોયો. જોતાંજ મ્હારાં નયનમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં, અને એવડો હતો તોપણ મળવાને સામા જવાનો પ્રયત્ન કરી, પૂત્કાર કરીને હું બોલ્યોઃ—મિત્ર કપિંજલ! બે જન્મસુધી વિયોગ ભોગવ્યા પછી તને જોઇને સસંભ્રમ ઉઠી, દૂરથીજ હસ્ત પ્રસારી, ગાઢ આલિંગન દઇને શું હું સુખ પામીશ? શું, હાથ ઝાલીને આસને બેસાડીશ? શું, સુખે બેઠેલાનાં ગાત્ર ચાંપીને હું શ્રમ ઉતારીશ? —આ પ્રમાણે હું મ્હારા વિશે શોક કરતો હતો તેવામાંજ કપિંજલ મને બંને હાથે ઉચકી, મ્હારા વિરહ-દુઃખથી દુર્બલ થયેલી છાતીએ ચાંપીને બહુ વાર સુધી જાણે અંતર્માં પ્રવેશ કરાવતો હોય તેમ મ્હારા આલિંગનનું સુખ એ પ્રકારે ખરેખર ભોગવી, મ્હારા ચરણ મસ્તકે મુકીને મહા શોકાવેગથી ઈતર જનવત્ રુદન કરવા લાગ્યો.

મ્હારાથી તો માત્ર વાચાએજ પ્રતીકાર થઇ શકે એમ હતું તેથી, એને રોતો જોઈ હું ફરીથી કહેવા લાગ્યોઃ—મિત્ર કપિંજલ! સકલ ક્લેશથી પરિભૂત થયેલા મુજ પાપાત્મને તેં જે આ આરંભ્યું છે તે શોભે. પણ તને તો બાલ્યાવસ્થામાંએ આ સાંસારિક, મુક્તિ-માર્ગ રોધનાર રાગાદિ દોષનો સ્પર્શજ થયો નથી. ત્યારે શું કરવા તું હવે મૂઢ જનને માર્ગે જાયછે? બેસીને સર્વ વાત યથાસ્થિત કહે.—તાત કુશલ છે? મને સંભારે છે? મ્હારે દુઃખે પોતે દુઃખી છે? મ્હારો વૃત્તાન્ત સાંભળીને શું બોલ્યા હતા? કોપાયમાન થયા હતા કે નહિ?—આમ મેં કહ્યું ત્યારે

હારીતના શિષ્યે આણેલા એક પલ્લવાસન ઉપર બેસી, મને ખોળામાં લઈને, હારીતે આણેલા જલ વડે મુખ-પ્રક્ષાલન કરી એ કહેવા લાગ્યો:—

ભાઈ! પિતા કુશલ છે. આપણો આ વૃત્તાન્ત એમણે પ્રથમથીજ દિવ્ય ચક્ષુવડે જોયો હતો. અને જોઈને તેની પ્રતિક્રિયાને અર્થે કર્મ આરંભ્યું હતું. તે કર્મ આરંભ્યું એટલેજ અશ્વજાતિમાંથી મુક્ત થઈને હું પિતાપાસે ગયો હતો. દૂરથીજ મને, અશ્રુથી ભરેલી આંખે તથા વિષાદ-થી દીન મુખે ભયથી પાસે ન જતો જોઈને બોલાવી એમણે કહ્યું કે:—વત્સ કપિંજલ! ત્હારો પોતાનો દોષ થયો હશે એવી શંકા મુકી દે. એ તો મુજ શઠ-મતિનોજ આ સર્વ દોષ છે કે મેં જાણીને પણ પુત્રના જન્મ-સમયેજે આ દીર્ઘ આયુષ્ આપનાર કર્મ કીધું નહિ. હવે તો એ ઘણું ખરૂં સિદ્ધ થઈ ચૂક્યું છે માટે દુ:ખી થવું નહિ. હમણાં તો તું મ્હારી પાસેજ રહેજે.—આવું પિતાએ કહ્યું ત્યારે નિર્ભય થઈને મેં વિનતી કરી કે:—તાત! જો આપની કૃપા હોય તો જ્યાં એ ઉત્પન્ન થયોછે ત્યાંજ મને જવાની આજ્ઞા આપો.—આ ઉપરથી એમણે ફરીથી કહ્યું કે:—પુત્ર! એ તો શુકજાતિમાં પડેલો છે. એટલે જઈને પણ તું હમણાં એને ઓળખી શકશે નહિ, તેમ એ પણ તને ઓળખશે નહિ માટે થોડા દિવસ અહીં રહે.—આજ પ્રાત:કાલેજ પાછો મને બોલાવીને એમણે કહ્યું કે:—વત્સ કપિંજલ! જાબાલિ મહામુનિના આશ્રમમાં ત્હારો મિત્ર આવ્યોછે, અને જન્માન્તરનું એને સ્મરણ થયું છે માટે હવે એને મળવા જા. મ્હારી આશિષ્ સહિત એને કહેજે કે:—પુત્ર! જ્યાં સુધી આ કર્મ સમાપ્ત થાય ત્યાં સુધી ત્હારે આ જાબાલિ મુનિના ચરણ સમીપજ રહેવું. વળી, ત્હારે દુ:ખે દુ:ખી થયેલી ત્હારી માતા લક્ષ્મી પણ એજ કર્મમાં પરિચારિકા થયેલી છે, અને એણે પણ મસ્તકે ચુમ્બન કરીને આ નું આજ ફરી ફરી કહાવ્યું છે.— આટલું કહી, કોમલ શિરીષ પુષ્પની શિખાના જેવાં સૂક્ષ્મ પીછાં ઉગ્યાથી સુંવાળાં થયેલાં મ્હારાં ગાત્ર ઉપર ફરી ફરી હાથ ફેરવી, એ, અંત:કરણમાં ખેદ પામવા લાગ્યો. આમ એને ખિન્ન થતો જોઈ મેં કહ્યું:—સખે કપિંજલ! શું કરવા તું ખેદ કરેછે? તેં પણ મુજ મંદ-પુણ્યને અર્થે અશ્વ થઈને, પરાધીન વૃત્તિમાં બહુ બહુ દુ:ખ ભોગવ્યાં છે. સોમપાનને યોગ્ય આ મુખે ફીણ તથા રુધિર કાઢતા, તીક્ષ્ણ ચોક-ડાના ઘસારા કેમ કરીને સહ્યા હશે? કોમલ પલ્લવ-શયનમાંજ સૂનાર આ સુકુમાર પૃષ્ઠ ઉપર સદા પર્યાણ રહેવાથી કેમ એ ભાગ્યા વિના રહી

હશે? પુષ્પ ચૂંટતાં પડતી બાલ વન-લતાનો સ્પર્શ પણ ન ખમી શકે એવાં આ ગાત્રોએ ચાબુકોના ફટકા કેમ સહન કર્યા હશે? અને બ્રહ્મસૂત્ર પેહેરનાર આ દેહે ચર્મના બંધથી કેવી પીડા ભોગવી હશે?—આવા પ્રકારની પૂર્વે વૃત્તાન્તની વાત કરવામાં તે કાળે હું પક્ષિજાતિનું મ્હારૂં દુઃખ વિસરી જઇને ત્યાં સુખે રહ્યો.

પછી મધ્યાહ્ન થવા આવ્યો એટલે હારીતે કપિંજલને તથા મને યથાયોગ્ય આહાર કરાવ્યો. અને આહાર કરી રહ્યા પછી જરા વાર રહીને કપિંજલ મને કહેવા લાગ્યો કેઃ—પિતાએ મને તને આશ્વાસન કરવાને તથા કર્મસમાપ્તિ સુધી ત્હારે જાબાલિ મુનિના ચરણ પાસેથી ખસવું નહિ એમ કહેવાને મોકલ્યો હતો. હું પણ એજ કર્મમાં વ્યગ્રજ છું, માટે હવે જાઉંછું.— આ સાંભળી ઉતરી ગયેલે મ્હોંએ મેં એને કહ્યુંઃ— સખે કપિંજલ! એમ છે ત્યારે હું શું કહું? અને પિતાને કે માતાને શો સંદેશો મોકલું? તુંજ સર્વ જાણેછે.— આવું મેં કહ્યું ત્યારે મ્હારે ત્યાં રહેવા વિશે મને તથા હારીતને પુનઃ પુનઃ કહીને મને આલિંગન દઈ, એ, વિસ્મયથી ઉન્મુખ રહેલા મુનિકુમાર જોતા હતા તેવામાંજ અન્તરીક્ષમાં થઈને કહીંક અદૃષ્ટ થઈ ગયો. એના ગયા પછી મને આશ્વાસન દઈ, હારીત શરીર-સ્થિતિ કરવા ઉઠ્યો, અને મ્હારી પાસે એક મુનિકુમારને બેસાડીને બ્હાર ગયો. સ્નાનાદિ ક્રિયા કરી રહ્યા પછી પોતાની સાથેજ તેણે મને સાયાહ્ન-સમયે ફરીથી ભોજન કરાવ્યું.

આ પ્રમાણે ધ્યાન દઈને હારીત મને ઉછેરતો હતો એટલે થોડાકજ દિવસમાં મને પૂરે પૂરી પાંખો આવી; અને ઉડતાં આવડ્યાથી મેં વિચાર કર્યો કેઃ—ચાલવાને તો હું શક્તિવાન્ થયોછું હવે ચંદ્રાપીડની ઉત્પત્તિ ક્યાં હશે એ જાણવાનું રહ્યું. મહાશ્વેતા તો હજી એ ની એજ છે. ત્યારે જ્ઞાન મળ્યા છતાં શામાટે મ્હારે એના દર્શન વિના નિમેષ પણ દુઃખમાં રહેવું જોઈયે? લાવ ત્યાંજ જઇને રહું.—આવો નિશ્ચય કરી, એક દિવસ આહારને અર્થે પ્રાતઃકાલે હું બ્હાર ગયો હતો ત્યારેજ ઉત્તર દિશા તરફ ઉડ્યો.[1] (પણ) ઉડવાનો અભ્યાસ બહુ દિવસનો નહિ તેથી

---

૧. વાંચનારને સેહેજ સમજાશે કે આ પણ વૈશમ્પાયનની 'તરલહૃદયતા'નોજ પરિણામ છે. એનાં માતપિતાએ ત્યાં રહેવાની સ્પષ્ટ આજ્ઞા કરેલી તે ઉલ્લંઘીને એને જવુંજ ઘટતું ન હતું. અને વિહ્વલતાથી એ ગયો માટેજ—(આગળ જણાશે કે)—ચંડાલની પાશમાં પડ્યો.

થોડુંકજ ગયો એટલામાં તો મ્હારાં અંગ શ્રમથી શિથિલ થઈ ગયાં. તૃષાથી ચાંચ સુકાઈ ગઈ. અને નાડિયોને ધમધમાવતા શ્વાસથી કંઠ કંપવા લાગ્યો. આવી અવસ્થામાં, શિથિલ થતી પાંખે, આ પડ્યો, આ પડ્યો, એમ પડવાની તૈયારીમાં છતાં ઉડવાનો પ્રયત્ન કરતો કરતો હું, કૃષ્ણપક્ષની રાત્રિયોના તિમિર-સમૂહની પેઠે સૂર્યકિરણને ઢાંકી દેતી, લીલાં પલ્લવની ઘટાના ભારથી લચી જતી, પાસેની એક, સરોવરના તીર ઉપરની વૃક્ષ-કુંજ ઉપર જઇને બેઠો. બહુવારે ત્યાં વિશ્રાન્ત થયો એટલે નીચે આવી, શીતલ વૃક્ષ છાયામાં બેસીને મેં, આસપાસ આવી રહેલી પત્રની ઘટાને લીધે શિશિર રહેલું, કમલના કેશર તથા પરાગની વાસથી સુગંધિ થયેલું, મૃણાલ-રસથી કષાયિત, પીતાં પીતાંજ પુનઃ પાન કરવાની સ્પૃહા ઉત્પન્ન કરતું પાણી તૃપ્ત થતા સુધી પીધું, તથા કોમલ કમલની કર્ણિકાનાં[1] બીજ, તીરે ઉગેલાં તરુઓના પત્રાઙ્કુર અને ફલ જે મળ્યાં તે ખાધાં. પછી, સાયાહ્ન-સમયે હવે કેટલોક માર્ગ કાપીશ એમ ધારી-ને હું માર્ગના શ્રમથી નિઃસહ થઈ ગયેલાં અંગને વિશ્રામ આપવાને અવિચ્છિન્ન છાયાવાળી એક શાખા ઉપર ચઢીને વૃક્ષને મૂલભાગેજ રહ્યો. ત્યાં મને, થાકી ગયેલાને, ઝટ નિદ્રા આવી. (પણ) બહુ વારે જાગ્યો ત્યારે તો મેં જોયું કે તોડી શકાય નહિ એવા તંતુ-પાશથી હું બંધાઈ ગયો હતો; અને મ્હારી પાસે એક પાશ-વિરહિત કાલ-પુરુષ જેવો, શરીર અતિકઠિન તથા સ્યામ હોવાથી જાણે કેવલ લોહ-પરમાણુથીજ બનાવેલો,[2] બીજા પ્રેતપતિ જેવો, પુણ્ય-રાશિના પ્રતિપક્ષ જેવો, પાપના ભંડાર જેવો,—ક્રોધ-કારણ વિના પણ ચઢાવી રાખેલી ભીષણ ભ્રુકુટિથી અતિભયાનક દીસતા મુખને લીધે,[3] તથા અતિરક્ત કીકીવાળાં નયનને લીધે, સકલ જનને ભયંકર ભગવાન્ યમને પણ જાણે ભય ઉપજાવે એવો,—હૃદયમાં તથા કેશમાં અસ્નિગ્ધ, મુખમાં તથા જ્ઞાનમાં અંધકારિત, વર્ણમાં તથા ચરિતમાં કૃષ્ણ, વસ્ત્રમાં તથા કર્મમાં મલિન, અને શરીરમાં તથા વા-ચામાં કઠોર પુરુષ ઉભેલો હતો, જેના ક્રૌર્ય-દોષનું અનુમાન, (પૂર્વે) જોયા કે સાંભળ્યા કે અનુભવ્યા વિના પણ આકાર ઉપરથીજ થઇ શકતું હતું. તેને એવો જોઇને સર્વે આશા ત્યજી દઈ મેં પૂછ્યુંઃ—ભાઇ! તું કોણ

૧. કર્ણિકા=કમલનો ડોડો. ૨. જુઓ પૃ. ૩૬ લી. ૧૭.

૩. જુઓ પૃ. ૩૭ લી. ૨૧–૨૨. આ ચંડાલનું વર્ણન એ શબર-સેના-પતિના વર્ણન ઉપરથી લીધેલું છે.

છે? શું કરવા તેં મને બાંધ્યોછે? જો માંસની તૃષ્ણાથી હોય તો કેમ મને નિદ્રામાંજ મારી નાંખ્યો નહિ? મને નિરપરાધીને બંધન-દુઃખ શામાટે આપેછે? જો કેવલ કૌતુકથીજ બાંધ્યો હોય તો (હવે) તે થઈ રહ્યું માટે કૃપા કરીને મને છોડ. વલ્લભ જનના દર્શનની ઉત્કંઠાથી મ્હારે દૂર જવાનું છે. અને મ્હારૂં હૃદય વિલંબ ખમી શકે એમ નથી. તું પણ પ્રાણિ-ધર્મ જાણેછે.—આ સાંભળી તેણે કહ્યુંઃ—મહાત્મન્! હું તો ક્રૂર કર્મ કરનાર, જાતિયે ચાંડાલ છું. મેં તને કંઈ માંસના લોભથી કે કુતૂહલથી બાંધ્યો નથી. મ્હારો સ્વામી, પક્વણનો[1] અધિપતિ, અહીંથી થોડેક દૂર ચંડાલ લોકની ભૂમિમાં રહેછે. તેની પુત્રી કૌતુકમય પ્રથમ વયમાં આવેલી છે. તેને કોઈ દુરાત્માએ કહ્યું હતું કે જાબાલિ મુનિના આશ્રમમાં એક આવા આવા ગુણવાળો મહાઆશ્ચર્યકારી પોપટ આવેલો છે. તેણે આ સાંભળ્યું ત્યારથી કૌતુક ઉત્પન્ન થવાથી તને પકડવાને મ્હારા જેવા બીજા ઘણાએ મોકલ્યા છે. તેમાં પુણ્યે કરીને આજ તું મ્હારા હાથમાં આવ્યો છે. માટે હું તને તેની પાસે લઈ જઈશ. તને રાખવો કે છોડી દેવો એ હવે એના હાથમાં છે.

મને તો આ સાંભળીને મસ્તકમાં જાણે શુષ્ક વજ્રપ્રહાર થયો હોય તેમ લાગ્યું, અને હૃદયમાં ગભરાટ સહિત વિચાર આવ્યા કેઃ—અરે! મુજ મંદ-પુણ્યનાં કર્મનો આ કેવો અતિ દારૂણ પરિણામ થયો! દેવ-દાનવો જેના ચરણ-કમલને શિરઃશેખર વડે વંદન કરેછે એવી લક્ષ્મી-માંથી હું ઉત્પન્ન થયેલો, ત્રણે જગત્‌ને નમવા યોગ્ય મહામુનિ શ્વેતકેતુએ પોતાને હાથે મને ઉછેરેલો, અને દિવ્ય લોકના આશ્રમમાં હું રહેલો—તે મ્હારે, મ્લેચ્છ જાતિ પણ જેનો દૂરથી ત્યાગ કરે એવા પક્વણમાં હવે પેસવું પડશે!! ચંડાલ લોક સાથે એકત્ર રહેવું પડશે!! વૃદ્ધ ચંડાલ-સ્ત્રિયોએ હાથે ભરાવેલા કોળિયાથી જઠર ભરવું પડશે!! ચંડાલ-બાલ-કોની રમત થવું પડશે!!—દુરાત્મન્ પાપી પુંડરીક! ધિક્કાર છે ત્હારા જન્મ-લાભને કે ત્હારાં કર્મનો આવો પરિણામ થયો! કેમ તું પ્રથમ-ગર્ભમાંજ સહસ્રધા છુંદાઈ ગયો નહિ?—ચરણ-પંકજે અશરણ જનને શરણ દેનારી એ લક્ષ્મી માત! આ અતિ ગહન–ભયંકર–મહાનરકપાત-માંથી મને ઉગાર! ત્રિભુવન તારવાને સમર્થ તાત! આ એક કુલ-તંતુનું

૧. પક્વણ=શબરાલય=ચંડાલાદિકનું સ્થાન.

રક્ષણ કરો ! તમેજ મને ઉછેર્યો હતો. મિત્ર કપિંજલ ! દોડી આવીને તું જો મને આ પાપમાંથી ન મુક્ત કરે તો જન્માન્તરે પણ ફરી મ્હારા સમાગમની આશા રાખીશ નહિ.—આવા ને એવા બીજા વિલાપ અંતઃકરણમાં કરીને ફરીથી મેં એને દીન સ્વરે પ્રાર્થના કરીઃ—

ભાઈ ! મને સાંભરે છે કે પૂર્વ જન્મે હું જાતિયે મુનિ છું. માટે આ મહા પાપ-સંકટમાંથી જો મને ઉગારશે તો તને પણ અદૃષ્ટ-સુખદાયક ધર્મ થશેજ. મને છોડતાં તને કોઈ જોનાર નથી અને જોશે તોએ તને કંઈ દોષ થાય એમ નથી. માટે મને (કૃપા કરીને) મુક્ત કર.—આવું કહેતો કહેતોજ હું એને પગે પડ્યો. ત્યારે હસીને એ મને કહેવા લાગ્યોઃ— અરે મોહાન્ધ! શુભાશુભ કર્મના સાક્ષિભૂત, ત્હારા પોતાનાજ શરીરમાં રહેલા પંચ લોકપાલ જોઈ શકતા નથી તો તું બીજા કોના ભયથી અકાર્ય ન કરે ? માટે હું તો તને સ્વામીની આજ્ઞાથી લઇ જાઉંછું.—એમ કહેતો કહેતોજ મને ઉપાડીને એ પક્વણ તરફ ચાલ્યો.

આ એના વચનથી મસ્તકમાં જાણે ઘા વાગ્યો હોય તેમ હું તો ચૂપજ થઈ ગયો, અને–કિયાં કર્મનું વળી મને આ ફલ મળ્યું ?—એમ મનમાં વિચારીને પ્રાણત્યાગ કરવાનો મેં નિશ્ચય કર્યો. જતાં જતાં, મુક્ત થવાની આશાએજ આગળ દૃષ્ટિ કરીને જોયું તો (કેટલાક) ભૂતગ્રસ્ત હોય તેમ બીભત્સ રચના કરતા, (કેટલાક) દૂર રહેલા, (કેટલાક) જાલને જલ-ભ્રમરમાં ફેરવવામાં ગુંથાયલા, મૃગોએ ફાડી નાંખેલી જીર્ણ જાલને ગુંથવામાં (કેટલાક) વ્યગ્ર થયેલા, (કેટલાક) તુટી ગયેલા કૂટપાશને સમું કરવા મંડેલા, (કેટલાક) હાથમાં ધનુષબાણ લઈ ઉભેલા, (કેટલાક, લટકાવેલી) પાશ વડે પ્રચંડ દીસતા દંડ હાથમાં લઈ ઉભેલા, (કેટલાક) ભાલા ગ્રહણ કરી ઉભેલા, લાકડિયો વાળા, લાસક પક્ષિને પકડનારા, વિવિધ ગ્રાહક પક્ષિયોને વાચાલ કરવામાં કુશલ, શ્વાનને છોડવામાં તથા ચલાવવામાં ચતુર, ટોળાંમાં ને ટોળાંમાં દિશાએ દિશાએ મૃગયા રમતા ચંડાલ-શિશુઓ વડે દૂરથીજ જણાઈ આવતો, કેવલ અપુણ્ય કર્મથકીજ ભરેલો, મેં પક્વણ દીઠો. આમ તેમથી આવતા, અપક્વ માંસ જેવી દુર્ગંધ વાળા ધૂમે કરીને ત્યાં, ગાઢ વાંસના વનની પાછળ ગૃહ-સમૂહ હશે એમ અનુમાન થઈ શકતું હતું. વાડને રસ્તે ઘણુ ખરૂ ખોપરીઓજ પડેલી હતી. શેરિયોમાં કચરાના ઢગલામાં હાડકાંજ દેખાતાં હતાં. ઝુંપડિયોનાં આંગણાં પાસે ઘણુ ખરૂ, કાપેલા માંસનો,

ચરબીનો તથા લોહીનોજ કિચ્ચડ થયેલો હતો. ત્યાં(ના લોક)ની આજીવિકા વિશેષે કરીને મૃગયા ઉપર ચાલતી હતી; આહાર વિશેષે કરીને માંસનો હતો; સ્નેહ વિશેષે કરીને ચરબીમાં હતો; વસ્ત્ર વિશેષે કરીને કીડાઓએ કાઢેલા રેશમનાં હતાં; આસ્તરણ વિશેષે કરીને ચર્મનાં હતાં; પરિવાર વિશેષે કરીને શ્વાનનો હતો; વાહન વિશેષે કરીને ઘોળી ગાયનું હતું; પુરુષાર્થ વિશેષે કરીને સ્ત્રી-મદ્યમાં હતો; દેવતાઓની બલિ-પૂજા વિશેષે કરીને રુધિરથી થતી હતી; અને ધર્મ-ક્રિયા વિશેષે કરીને પશુ-બલિદાનમાં હતી. સર્વ નરકની તે જાણે ખાણ હતો; સર્વ અકુશલનું જાણે કારણ હતો; સર્વ સ્મશાનનો જાણે સમૂહ હતો; સર્વ પાપનું જાણે નગર હતો; અને સર્વ કષ્ટનો જાણે આલય હતો. સ્મરણ થતાં પણ તે ભયંકર લાગતો હતો; શ્રવણ કરતાં પણ ઉદ્વેગ ઉત્પન્ન કરતો હતો; અને દર્શન થકી પણ પાપજનક હતો. જન્મ-કર્મથી (પણ) ત્યાંના જન અધિક મલિન હતા. જન થકી (પણ) લોક-હૃદય અધિક ક્રૂર હતાં. લોક-હૃદય થકી પણ સમસ્ત પુરુષના વ્યવહાર અધિક ક્રૂર હતા. બાલક, યુવાન્ કે વૃદ્ધના આચારમાં ત્યાં કંઇ ભેદ ન હતો. અને સ્ત્રી-સંભોગમાં ગમ્ય કે અગમ્યની વ્યવસ્થા ન હતી.

નરકવાસીને પણ ઉદ્વેગ કરે એવા આ પક્વણને જોઈને મને તો કમકમાટ છૂટ્યો અને વિચાર થયો કેઃ—એ ચંડાલ-પુત્રી મને દૂરથીજ જોઈને દયા લાવી છોડી દે, અને સ્વજાતિ-સદૃશ વર્તે નહિ તો કેવું સારૂં! એવાં મ્હારાં પુણ્ય હશે? એમ હોય તો એક નિમેષમાત્ર પણ હું અહીં રહું નહિ.—આમ હું આશા રાખતો હતો એવામાંજ એ ચંડાલે મને, સાદે વેષે બેઠેલી તે કન્યાપાસે લઈ જઈ, દૂર રહે રહેજ પ્રણામ કરી, 'આ હું આને લઇ આવ્યો' એમ કહી, દેખાડ્યો. મને જોઇ એનુ વદન તો અતિશય પ્રહૃષ્ટ થયું, અને 'ઠીક કર્યું' એમ કહી, તેના હાથમાંથી મને પોતાના હાથમાં લઈ,—અરે પુત્ર! (આખરે) તું હાથમાં આવ્યોછે![1] હવે ક્યાં જનાર છે? ત્હારૂં સર્વે આ કામીપણું હું કાઢી નાંખું છું!—એમ કહેતાં કહેતાંજ એણે, દોડતા ચંડાલ-બાલકે આણેલા,—અર્ધા સૂકાયલા વાળ વાળા, દુર્ગંધિ, ગોચર્મની સાટે લટકાવેલા,—દૃઢબદ્ધ કાષ્ઠમય પાન-ભોજન-પાત્ર વાળા કાષ્ઠ-પંજરમાં, જરાક દ્વાર ઉઘાડીને મને, મહાશ્વેતાને મળવાના મનોરથ સાથે પૂરીને દ્વાર બંધ કરી કહ્યું કેઃ-હવે અહીં નિરાંતે રહે.—આટલું કહીને તે શાન્ત પડી. આવી

૧. આ ચંડાલ-કન્યાના તથા વૈશમ્પાયનના સંબંધ વિશે જુઓ પૃષ્ઠ ૪૨૩ નોટ ૧. 'પુત્ર'ના સંબોધનથી તે વર્તાય એમ તો છે.

રીતે પંજર-ગત થયાથી મને વિચાર આવ્યો કે—આ તો મહાસંકટ આવી પડ્યું. હવે જો હું મ્હારી અવસ્થા દર્શાવીને શિર નમાવી, મને મુક્ત કરવાની એને વિનતી કરૂં તો જે મ્હારો ગુણ દોષ રૂપ થઇને બંધન-હેતુ થઈ પડ્યોછે તેજ સંવર્ધિત થાય. હું સારૂં બોલુંછું એટલા માટેજ એણે મને પકડી મંગાવ્યોછે. મ્હારી બંધન-પીડાથી એને શી પીડા થવાની છે! નથી હું એનો પુત્ર, નથી ભાઈ કે નથી બંધુ. હવે જો મૌન ગ્રહીને રહું તો તેમાં પણ મ્હારૂં શઠપણું જોઇ કોપાયમાન થઇને એ કદાચિત્ આ કરતાં પણ અધિક કષ્ટદાયક અવસ્થામાં મને નાંખે. આ જાતિ સૌથી ક્રૂરમાં ક્રૂર છે.—અથવા, ભલે આના કરતાં પણ અધિક દુઃખ પડે, પણ ચંડાલ સાથે તો ભાષણ કરવું નહિ. વખત છે, હું મૌન ગ્રહણ કરીને રહું તો કદાચિત્ નિર્વેદથી એ મને છોડી પણ દે. પણ જો બોલ્યો તો કદી મને એ છોડનારજ નથી.—વળી, **દિવ્ય લોકમાંથી જે હું ભ્રષ્ટ થયો, મર્ત્ય લોકમાં જન્મ્યો, પક્ષિ-જાતિમાં પડ્યો, ચાંડાલને હાથ ગયો અને પંજરગત થઇને આ પ્રકારનું દુઃખ ભોગવુંછું—એ સર્વે, ઇંદ્રિયો અનિયત રાખ્યાનોજ દોષ છે.**[1] માટે એકલી વાચા તો શું પણ સર્વે ઇંદ્રિયોને હવે મ્હારે નિયમમાં રાખવી.—આવો નિશ્ચય કરીને મેં મૌન-ગ્રહણ કર્યું; અને મને બોલાવવા માંડ્યો, તરછોડવા માંડ્યો, મારવા માંડ્યો, તથા બલાત્કારે (મ્હારી પાંખો) તોડવા માંડી તોએ હું કંઇ પણ બોલ્યો નહિ. કેવલ ઉંચે સ્વરે મેં ચીત્કારજ કર્યા કર્યો. અન્ન પાણી આણીને મ્હારી પાસે મુક્યું તોએ મેં તે દિવસ નિરાહાર રહીનેજ કાઢ્યો. બીજે દિવસ મ્હારે ખાવાનો સમય વીતા જતો જોઇ જાણે હૃદયમાં ખેદ પામતી હોય તેમ એ કન્યા પોતાને હાથે વિવિધ પક્વ તથા અપક્વ ફલ, અને સુગંધિ તથા શીતલ જલ લઇને આવી; (પણ) મેં જ્યારે તેનો ઉપયોગ કર્યો નહિ ત્યારે મ્હારા સામી દૃષ્ટિ માંડીને જાણે સ્નેહથી કહેવા લાગી કે:—નિર્વિચાર ચિત્તવૃત્તિનાં, ક્ષુધાતૃષાથી પીડાતાં પશુ-પક્ષિયો, આહાર પાસે આણ્યા છતાં ઉપયોગ ન કરે એ અસંભવિતજ છે. પણ તું જો એવો કોઇક ભોજ્યાભોજ્યનો વિવેક જાણનાર, પૂર્વ જાતિ સ્મરનાર હોય ને તેથી અમારો આહાર ત્યજતો હોય તોપણ, ભક્ષ્યાભક્ષ્ય-વિવેક રહિત પક્ષિ-જાતિમાં પડ્યા પછી ત્હારે અભક્ષ્ય શું છે કે ભક્ષણ કરતો નથી? જેણે

---

૧. મને લાગેછે કે વૈશમ્પાયનના અવિનયનાં ફલ દર્શાવતા આ વાક્યમાં આખી કથાનો સાર (moral) આવી ગયો છે એમ કહિયે તોચાલે.

ઉત્તમમાં ઉત્તમ જાતિમાં જન્મીને પોતેજ એવું કર્મ કર્યું કે પક્ષિજાતિમાં પડ્યો તે તું હવે શું વિચારે છે? પ્રથમજ તેં આત્માને વિવેકમાં ન રાખ્યો તો હવે સ્વકર્મ થકી પ્રાપ્ત થયેલી જાતિને સદૃશ આચરવામાં તને કંઈ દોષ છેજ નહિ.[1] વળી જેઓને સારૂ ભક્ષ્યાભક્ષ્યનો નિયમ છે તેમને પણ આપત્કાલે પ્રાણનું સંધારણ અભક્ષ્યના ઉપયોગથી પણ કરવાનું (શાસ્ત્રમાં) કહેલુંજ છે. તો ત્હારા જેવાને શું? તેમ હું ત્હારે સારૂ કંઈ એવું લાવી નથી કે જેમાં તને ચંડાલના આહારની શંકા થાય. ફલ તો તેમની પાસેથી પણ લેવાયજ છે. જલ પણ ચંડાલના વાસણમાંથી એ ભૂમિ ઉપર પડે એટલે પવિત્રજ થાય એમ લોક કહેછે. ત્યારે શા માટે તું ક્ષુધા તથા તૃષાથી પીડાય છે અને મુનિજનને ઉચિત આ વન-ફલ ખાતો નથી કે પાણી પીતો નથી?—મને તો આ એના, ચંડાલ જાતિને અનુચિત વચનથી તથા વિવેકથી અંતઃકરણમાં ઘણો વિસ્મય થયો, અને એણે કહ્યું તે માન્ય કરીને મેં—શાપને અધીન થયેલાએ—ક્રમક્રમાટ ત્યજી દઈ, જીવિત-તૃષ્ણાથી ક્ષુધા-તૃષા શમાવવાને આહારાદિક કર્યું. પણ મૌન તો ત્યજ્યું નહિ.

એમ કરતાં કરતાં કેટલેક દિવસે હું તરુણાવસ્થામાં આવી પહોચ્યો ત્યાર પછી એક વેળા જ્યારે પ્રભાત થવા આવ્યું હતું ત્યારે નયન ઉઘાડીને મેં જોયું તો આ કનક-પંજરમાં હું બેઠેલો હતો એમ મને માલમ પડ્યું!! પેલી ચંડાલ-કન્યા પણ જેવી થઈ તેવી આપે પણ જોઈજ છે. તે સમયે આખા પક્વણને અમરપુર જેવો થઈ ગયેલો જોઈને ચાંડાલ-વાસનો ત્રાસ દૂર થયાથી અંતરમાં વિસ્મય પામી, આ શું? એમ કુતૂહલથી પૂછવાની ઈચ્છાએ હું મૌન ત્યજતો હતો એટલામાંજ એ કન્યા મને લઈને આપના ચરણ સમીપ આવી. માટે, એ કોણ છે, શા સારૂ એણે ચંડાલરૂપ ધારણ કર્યું છે, શા સારૂ મને પંજરમાં પૂર્યો છે, અને પૂરીને શા સારૂ અહીં આણ્યો છે—એ વિશે હું પણ આપના જેવો અજ્ઞજ છું.

---

૧. વાંચનારને અહિં સહજ કૌતુક થશે કે આ ચંડાલ-કન્યાને વૈશમ્પાયનનો પૂર્વ વૃત્તાન્ત વિદિત ક્યાંથી? પણ આગળ સમજાશે કે એ કન્યા પુંડરીકની માતા સાક્ષાત્ લક્ષ્મીજ હતી. અને તેટલા માટેજ આ ગ્રંથના આરંભમાં કવિયે તેને ચંડાલ-કન્યા છતાં દિવ્ય રૂપ આપી લક્ષ્મી-સમાનજ વર્ણવી છે.

શૂદ્રક રાજાને આ સાંભળી વધારે કુતૂહલ ઉત્પન્ન થયું તેથી તેણે એ કન્યાને બોલાવવાની, પાસે ઉભેલી પ્રતિહારીને આજ્ઞા કરી. પછી થોડીજ વારમાં તે પ્રતિહારીએ દર્શાવેલે માર્ગે પ્રવેશ કરીને તે કન્યાએ સન્મુખ ઉભે ઉભેજ જાણે પોતાના તેજથી તથા પ્રાગલ્ભ્યથી રાજાનો અભિભવ કરતી હોય એમ તેને કહેવા માંડ્યું:—ભુવન-ભૂષણ! રોહિણી-પતે! તારાનાથ! કાદમ્બરી-લોચનાનંદક! ચંદ્ર! આ દુર્મતિનો તથા તમારો પોતાનો પૂર્વ જન્મનો સર્વ વૃત્તાન્ત તમે સાંભળ્યોજ છે. આ જન્મમાં પણ, પિતાએ ના કહ્યા છતાં, કામાવેશથી અંધ બનીને પિતાની આજ્ઞા ઉલ્લંઘીને આ વધૂ-સમીપ જવા નીસર્યો હતો તે પણ એણે પોતેજ કહ્યું છે. હું આ દુરાત્માની માતા લક્ષ્મી છું. દિવ્ય ચક્ષુવડે, એને એ પ્રમાણે બ્હાર નીસર્યો જોઈ એના પિતાએ મને કહ્યું કે અવિનયને માર્ગે જે કોઈ જાયછે તે પશ્ચાત્તાપ વિના પાછો ફરતો નથી. આ ત્હારો પુત્ર કદાચિત્ આ પક્ષિજાતિમાંથી પણ નીચે પડશે માટે આ કર્મ પરિસમાપ્ત થાય ત્યાં સુધી એને પકડીને મર્ત્ય લોકમાંજ રાખ; અને જેથી એને પશ્ચાત્તાપ થાય એવો ઉપાય કર.—આ ઉપરથી આને શિક્ષા આપવાને મેં આ બધું રચ્યું હતું. હવે એ કર્મ સમાપ્ત થયુંછે, અને શાપનો અંત થવા આવ્યો છે. શાપને અન્તે તમે બ્ંને સાથેજ સુખમાં રહેશો એમ જાણી મેં તમારી પાસે આને આણ્યો છે. આમાં પણ જે ચાંડાલ જાતિ કહેવડાવી તે લોક-સંપર્ક ત્યજવાને. માટે હવે તમે બેએ, જન્મ-જરા-વ્યાધિ-મરણાદિ દુઃખથી ભરેલાં આ શરીર સાથેજ ત્યજીને ઈષ્ટ જનના સમાગમનું સુખ ભોગવો.—આ પ્રમાણે કહેતી કહેતીજ એ રણકતાં ભૂષણના સ્વરથી અન્તરિક્ષને બધિર કરતી, પૃથ્વી ઉપરથી ઝટ ગગનમાં ઉડી ગઈ અને ઉત્ફુલ્લ લોચનથી લોક એની સામું જોતા રહ્યા.

લક્ષ્મીનું આ વચન સાંભળતાંજ રાજાને પૂર્વ જન્મનું સ્મરણ થયું અને—સખે વૈશમ્પાયન રૂપ પુંડરીક! ભલું થયું કે આપણા શાપનો અન્ત સાથેજ આવ્યો.—એમ કહેતાં કહેતાંજ એના મનમાં,—કર્ણ સુધી ધનુષ્ ખેંચી, કાદમ્બરી રૂપ પરમ અસ્ત્ર આગળ કરી, જીવ લેવા સારૂ, શત્રુની સમાન સર્વ આશા રુંધી દઈ,—કામદેવે પ્રવેશ કર્યો. તેના પ્રવેશ-થીજ જાણે નિર્વાસિત થયું હોય તેમ અંતઃકરણ કાદમ્બરીને શરણ ગયું. તેના શર-પ્રહારના જાણે ભયથી દેહ ત્યજીને ઉષ્ણ શ્વાસ-પવન બ્હાર આવવા લાગ્યા. તેનાં બાણ-પક્ષના પવનનો જાણે સ્પર્શ થયો હોય તેમ

તરલ શરીર કંપવા લાગ્યું. તેનાં બાણના કાંટાથી જાણે ભરાઇ ગઇ હોય તેમ કાયા રોમાઞ્ચિત થઇ. તેનાં શરની રજ જાણે નયનમાં પડી હોય તેમ તેમાંથી અશ્રુજલ વહેવા લાગ્યું, અને મુખની શોભા તરતજ ફીકી પડી ગઇ. તેના ધનુષ્‌ની પણછનો શબ્દ સાંભળી ભયભીત થયું હોય તેમ હૃદય-વેદનાથી નયન-યુગલ જરા મીચાવા લાગ્યું. અંતર્‌માં જ્વલનાર મદનાગ્નિનો જાણે ધૂમ લાગ્યો હોય તેમ કંપતું અધર-પલ્લવ શુષ્ક થવા લાગ્યું. તે અગ્નિના તાપથી વિરસ થયેલું, નિષ્પીડિત, સરાગ હૃદય જેવું તામ્બૂલ મુખમાંથી બ્હાર પડ્યું.[1] કાષ્ઠવત્ આર્દ્ર એનું અંગ બળવાથી દારુણ દ્રવ જેવો સ્વેદ તેમાંથી નીકળવા લાગ્યો.[2] મદન-શર પેસી ગયાં હોય તેમ તેજ ક્ષણેથી એનાં સર્વ અંગ પરવશ થઇ ગયાં. વળી કાદમ્બરીને આગળ કરીને મદન એને જે પીડા કરવા લાગ્યો તે પીડા, તાપ હરી શકે એવી વસ્તુઓ પણ શમાવવાને સમર્થ થઇ નહિ, કારણ કે તેનાં[3] અવયવની રૂપ-શોભાએ તેમને હરાવેલી હતી.—જેમ કે, કમલ-પલ્લવને હાથ પગે, કુવલય-પત્રની માલાઓને દૃષ્ટિયે, મણિ-દર્પણને કપોલે, મૃણાલને બાહુ-લતિકાએ, ચંદ્રકિરણને નખ-કિરણે, કર્પૂર-ધૂલિને સ્મિત-પ્રભાએ, મુક્તાહારને દંત-કિરણે, ચંદ્રબિમ્બને મુખે, ચંદ્રિકાને લાવણ્યે, અને મણિ-વેદિકાની ભૂમિને નિતંબે. આ પ્રમાણે સર્વ બાહ્યોપચાર એને વિફલ થયા, અને હૃદયમાં પણ બીજા કોઇ વિનોદથી સુખ થયું નહિ. કેવલ તેનુંજ એ ધ્યાન કરવા લાગ્યો; તેનીજ ઉત્પ્રેક્ષા કરવા લાગ્યો; તેનોજ અભિલાષ રાખવા લાગ્યો; તેનેજ જોવા લાગ્યો; તેનીજ સાથે વાત કરવા લાગ્યો; તેનેજ આલિંગન દેવા લાગ્યો; તેની સાથે રહેવા લાગ્યો; તેને કોપાયમાન કરવા લાગ્યો; તેનો અનુનય કરવા લાગ્યો; તેને પગે પડવા લાગ્યો; તેની સાથે લીલા કરવા લાગ્યો; અને તેની સાથે રમવા લાગ્યો. બીજી સર્વ ક્રિયાઓ એણે ત્યજી દીધી. દિવસે પણ એ આંખ મીચતો નહિ; રાત્રે પણ સૂતો નહિ; મિત્રો સાથે પણ વાત કરતો નહિ; ગુરુઓને પણ નમતો નહિ; ધર્મ-ક્રિયા પણ કરતો નહિ; સુખની પણ ઇચ્છા રાખતો નહિ; દુઃખથી પણ

---

૧. વિરસ=રસ વિનાનું—શુષ્ક (તામ્બૂલ); દુઃખદાયક. નિષ્પીડિત=ચવાયલું; અતિશય પીડિત. સરાગ—જુઓ પૃ. ૮૨ નો. ૫. તામ્બૂલને પહેલાં પણ હૃદય સાથે સરખાવ્યું છે—જુઓ પૃ. ૩૬૪ લી. ૨૨. ૨. આર્દ્ર=ભીનું, લીલું; પ્રેમથી પલળેલું. મૂળમાં 'દારુણઃ' શબ્દ શ્લિષ્ટ છે. તેનો એક અર્થ 'ભયંકર'; અને બીજો અર્થ દારુ=કાષ્ઠ—એ શબ્દની ષષ્ઠી વિભક્તિનું રૂપ લેવાથી મળે છે. ભાષાન્તરમાં તેમ બની શકતું નથી. ૩. તેનાં=કાદમ્બરીનાં.

ઉદ્વેગ પામતો નહિ; મરણથી પણ બ્હીતો નહિ; ગુરૂઓની પણ લજ્જા રાખતો નહિ; પોતાના ઉપર પણ સ્નેહ રાખતો નહિ;—ટુંકામાં, કાદમ્બરીના સમાગમને અર્થે પણ એ ઉદ્યમ કરતો નહિ; (પરંતુ) વારંવાર આવતી મુર્છાના છલમાં, કેવલ, શરીરને પ્રાણત્યાગને યોગ્ય કરતો. વિહસ્ત[1] છતાં પણ વિવિધ ઉપકરણ ધારણ કરતા, નયનમાંથી અશ્રુ પડવા છતાં શુષ્ક મુખવાળા, અને વચનનો અવકાશ ગયા છતાં વૈશમ્પાયનનો આક્રોશ કરતા એના આપ્ત પરિજન વારંવાર ચરણ સુધી ચંદનની ચર્ચા કરતા; ચરણ-તલ ઉપર ભીનાં કમલ-પત્ર મુકતા; કર્પૂર છાંટીને હાથમાં હિમ-ખંડ આપતા; હૃદય ઉપર ભીના હાર મુકતા; ગાલ ઉપર સ્ફટિક મણિનાં દર્પણ મુકતા; લલાટ ઉપર ચંદ્રમણિ મુકતા; સ્કંધ ઉપર મૃણાલ-દંડ મુકતા; કદલી-પત્રના વ્યજન રાખતા; પંખા હલાવતા; જલાર્દ્ર પવન નાંખતા; કુસુમ-શય્યાઓ રચતા; ધારાગૃહના જલયંત્ર ચલાવીને એની પીડાનું શમન કરતા; મણિ-ભૂમિને પ્રક્ષાલિત કર્યા કરતા; સજલ કમલ-કેશર તથા કલ્હારના સમૂહનો ઉપયોગ કરવામાં ગભરાઈ જતા; શિશિર ભૂગૃહના અભ્યંતરમાં યોગ્ય સંભાળ લેતા; વાડિયોનાં સરોવરને તટે લતાઓના ગહન મંડપમાં જલ છાંટીને સંતાપ-હરણ કરતા; અને અગાશિયોમાં ચંદન-જલ ધ્યાન દઈ દઈને છાંટતા—તોપણ એની દેહ કાષ્ઠ જેવી થઈ ગઈ અને કામાગ્નિનું બલ ઝટ સીમા-રહિત વધીગયું.[2] મહાશ્વેતાને અર્થે ઉત્કંઠિત થતા, પુંડરીકાત્મ વૈશમ્પાયનની પણ દશા રાજાનેજ તુલ્ય થઈ.

એવામાંજ, એ કામાગ્નિને જાણે પ્રજ્વલિત કરવા સારૂ,—સરસ પલ્લવ યુક્ત લતાઓને નૃત્યોપદેશ આપવામાં ચતુર દક્ષિણ પવનનું પ્રવર્તન કરતો, લટકતાં લોલ પલ્લવ વાળાં અશોક વૃક્ષને કુસુમિત કરતો, વિકસિત કલિ તથા મંજરીના ભારથી બાલ આમ્રવૃક્ષને નમાવી દેતો,—

---

૧. હસ્ત-રહિત; વ્યાકુલ. (વિરોધ.) ૨. શૂદ્રક(ના રૂપમાં ચંદ્રાપીડ વા ચંદ્ર)ને હમણાં તો કાદમ્બરીના સ્મરણથી પીડા થઈ પણ તે પહેલાંએ પૃ. ૫, લી. ૨૫ માં લખ્યું છે કે "કામ-ક્રીડા ઉપર તેને કંઈક દ્વેષ જેવું હતું."—આ વાંચતી વેળા નિષ્પ્રયોજન જેવું લાગ્યું હશે પણ હવે સાર્થક છે એમ વાંચનારને લાગશે. કારણ કે, પુંડરીકનો શાપ ચંદ્રને એવો હતો કે જન્મે જન્મે પ્રિયા-વિરહનું દુઃખ ભોગવી સંભોગ વિના તું મ્હારી પેઠે મૃત્યુ પામશે, અને એ શાપની ગુઢ સૂચનાને અર્થેજ એ વાક્ય કવિયે ત્યાં મુકેલું છે.

કુરવક સહિત બકુલ, તિલક, ચંપક તથા કદંબને કલિકા લાવતો,— કિંકિરાત વડે દિશાઓને પીળી પીળી કરતો, અતિમુક્ત લતાનો સુવાસ પ્રસરાવતો, કિંશુક-વનને પ્રફુલ્લ કરતો, કામિજનનાં મનને નિરંકુશ કરતો, (સ્ત્રિયોના) રોષનું નિર્મૂલન કરતો, લજ્જા ત્યજાવતો, કોપ કાઢી નાંખતો, અનુનય દૂર કરતો, હઠચુમ્બન આલિંગન વિગેરેની સ્પૃહા ઉત્પન્ન કરાવતો, મકરધ્વજના રક્ત ધ્વજ જેવા કિંશુકને નચાવતો,— સર્વે જીવલોકને જાણે સુવર્ણમય, રાગમય, મદનમય, ઉન્માદમય, પ્રેમમય, ઉત્સવમય, વા ઔત્સુક્યમય કરી દેતો,— સર્વ મહાઅરણ્ય, વન તથા ઉપવનનાં વૃક્ષને પલ્લવિત કરતો, ઉત્ફુલ્લ આમ્રવૃક્ષની સુગંધથી દશે દિશાઓને વ્યાપ્ત કરતો, મધુમદથી મધુર લાગતા કોકિલના આલાપ વડે પાન્થજનના શ્રવણને દુઃખ દેતો, અહર્નિશ પુષ્પ-રસના કણના વર્ષાદથી દુર્દિન કરીને સકલ જીવલોકનાં હૃદયને ઉન્મત્ત કરતો, મદમત્ત થઇ ભ્રમણ કરતા ભ્રમરોના ગુંજારથી વિરહાતુર જનની મનોવૃત્તિને ચકિત કરતો, મદનનીજ વૃદ્ધિ કરતો ચૈત્રમાસ ખરેખરો બેઠો.[1]

તે, મકરકેતુના પરમ અસ્ત્ર, વસન્ત-સમયવડે હૃદયમાં આકુલ વ્યાકુલ થતી કાદમ્બરીએ ભગવાન્ કામદેવનો મહોત્સવ આવ્યો ત્યારે મહા મહા પ્રયત્ને જેમ તેમ કરી દિવસ વીતાડીને સાયાહ્ને જ્યારે દશે દિશાઓ શ્યામ થવા માંડી ત્યારે સ્નાન કરી, કામદેવનું પૂજન કરી, તેની આગળ અતિ સુગંધિ તથા શીતલ જલવડે ચંદ્રાપીડને સ્નાન કરાવ્યું; કસ્તુરીનો સુવાસ આપતું હરિચંદન તેના ચરણ સુધી ચોળ્યું; સુગંધિ કુસુમના હારવડે તેના કેશ અલંકૃત કર્યા; પલ્લવયુક્ત અશોકનાં પુષ્પનું એક કર્ણે કર્ણપૂર પેહેરાવ્યું; કર્પૂર-કુસુમાદિકનાં આભૂષણ પેહેરાવ્યાં; અને નિમેષ રહિત, ભાવાર્દ્ર દૃષ્ટિયે તેનું જાણે પાન કરતી હોય તેમ બહુ વારસુધી જોઇ રહીને અસહ્ય ઉત્કંઠાથી પુનઃ પુનઃ નિશ્વાસ મુકી, ગભરાટમાં કંપી કંપી, સર્વે અંગે નીકળતા સ્વેદ સહિત, રોમાઞ્ચિત શરીરે, શુષ્ક અધર યુક્ત મુખે, રખેને મહાશ્વેતા જોતી હોય એવા ભયથી વારંવાર દિશાએ દિશાએ ચકિત દૃષ્ટિ ફેરવતે ફેરવતે, પુનઃ પુનઃ તેની પાસે જઈ, આવિષ્ટ હોય કે પરવશ હોય તેમ બહુ વાર ઉભાં રહી, ત્રિભુવનને ઉન્મત્ત કરનાર ભગવાન્ મદને બલાત્કારે લજ્જાસહિત અબલાજનની સહજ ભીતિ

---

૧. આવાજ વસંતવર્ણન સારૂ જુઓ 'દશકુમારચરિત' ની પૂર્વ પીઠિકાના પંચમ ઉચ્છ્વાસનો પ્રારંભ.

ત્યજાવ્યાથી પોતાનું મન ધારી રાખવાને અશક્ત તથા નિઃસહ થઇને એકાન્તે સહસા તેને બાથમાં લઇ, નયન-કમલ મીચી દઇ, જાણે જીવતો હોય તેમ કંઠે નિર્ભર આલિંગન દીધું ! !

ચંદ્રાપીડને તો આ, અમૃત-રસવડે આલ્હાદન કરતા, કાદમ્બરીના આલિંગનથી, દૂર ગયેલા પણ પ્રાણ કંઠસ્થાનમાં સત્વર પુનઃ પ્રાપ્ત થયા. દિવસના તાપથી મીચાઇ ગયેલું કુમુદ જેમ શરચ્ચંદ્રિકા પડવાથી બંધનમાંથી વિકસિત થાય તેમ એનું હૃદય ઉચ્છ્વસિત થયું. પ્રભાત-સમયની કમલ-કલિની શોભા સહિત એનાં, કર્ણ સુધી પહોચતાં, નયન ઉઘડી ગયાં, અને પંકજની સમાન એનું વદન પ્રફુલ્લ થયું. આ પ્રમાણે, સૂઇ ઉઠ્યો હોય એમ ફરીથી સર્વ અંગચેષ્ટા પામેલો ચંદ્રાપીડ કાદમ્બરીને એવી કંઠ-લગ્ન જોઇને, બહુ દિવસના વિરહથી દુર્બલ થયેલા હસ્તવડે અધિક ગાઢ આલિંગન દઇ,—પવનથી હાલી ગયેલી બાલ કદલિની પેઠે ભયથી શરીરે કંપતી, વધારે વધારે નયન મીચતી, વક્ષઃસ્થલમાંજ જાણે પ્રવેશ કરવાને ઇચ્છતી, ન મુકી દેવાને કે ન પકડી રાખવાને સમજતી—પ્રિયાને શ્રોત્રહારી, હૃદયાનંદક, શ્રુતપૂર્વ સ્વરે આલ્હાદન કરતો કરતો કહેવા લાગ્યો:—

ભીરુ ! હવે ભય ત્યજી દે ! ત્હારાજ આ કંઠાલિંગનથી હું પુનર્ ઉજ્જીવિત થયો છું. તું તો અમૃતમાંથી ઉત્પન્ન થયેલા, અપ્સરાઓના કુલમાં જન્મેલી છે.[1] મેં તને કહ્યું હતું કે—તે તેજનું બનેલું આ શરીર સ્વતઃજ અવિનાશી છે તેથી, અને વિશેષે કરીને કાદમ્બરીના કર-સ્પર્શથી પ્રફુલ્લ રહેશે[2]—તે શું તને નથી સાંભરતું ? આટલા દિવસ સુધી ત્હારા હસ્તનો સ્પર્શ થયા છતાં હું પુનર્ ઉજ્જીવિત થયો ન હતો એ શાપનો દોષ હતો. આજ એ મ્હારા શાપનો અંત આવ્યો છે. ત્હારા વિરહથી દુઃખદાયી થઇ પડેલી, માનુષ લોકમાં મ્હારી શૂદ્રક નામની કાયા મેં ત્યજી દીધી છે. પણ આ તો, તને આમાં રુચિ ઉત્પન્ન થઇ એમ જોઇને ત્હારી પ્રીતિથી ધારી તથા પાળી રાખી છે. માટે આ લોક અને ચંદ્રલોક એ બંને હવે ત્હારે ચરણે છે. વળી ત્હારી પ્રિયસખી મહાશ્વેતાનો પણ પ્રિયતમ મ્હારી સાથેજ શાપમુક્ત થયોછે.—આ પ્રમાણે, ચંદ્રાપીડના શરીરમાં રહેલો ચંદ્ર બોલતો હતો એટલામાંજ,—ચંદ્રલોકમાં રહેવાથી અંગે

૧. જુઓ પૃ. ૨૨૨ લી. ૨૩ વિ૦ ૨. ચંદ્રની આકાશવાણી સારૂ જુઓ પૃ. ૩૮૪ લી. ૮–૯.

લાગેલો કેવલ અમૃત-પરિમલજ અધિક આપતો, જે વેષે મહાશ્વેતાની ઉત્કંઠામાં મરણ પામ્યો હતો તેજ વેષ ધારણ કરતો, તેમજ કંઠે એકાવલી ધારણ કરતો, તેવાંજ પીડાથી નિઃસહ થયેલાં અંગવાળો, તેવાજ ફીકા તથા નિર્માંસ કપોલયુક્ત મુખવાળો—પુંડરીક કપિંજલનો હાથ ઝાલી ગગનતલમાંથી ઉતરતો તેમને દેખાયો.

તેને દૂરથીજ જોયો કે તરત ચંદ્રાપીડનું વક્ષઃસ્થલ મુકી દઈ, કાદમ્બરીએ પોતેજ દોડીને મહાશ્વેતાને આલિંગન દઈ, પુંડરીકના આગમન-મહોત્સવની વધામણી ખાધી ન હતી એટલામાં તો ઉતરી આવીને પુંડરીક પરમોપકારી ચંદ્રાપીડ રૂપ ચંદ્ર પાસે જઈ પહોચ્યો. ચંદ્રાપીડે એને કંઠાલિંગન દઈ કહ્યું:—સખે પુંડરીક ! પૂર્વ જન્મને સંબંધે જો કે તું મ્હારો જામાતા છે[1] તોપણ પછીના જન્મમાં ઉત્પન્ન થયેલા મિત્રસ્નેહ તથા સદ્ભાવથીજ ત્હારે મ્હારી સાથે વર્તવું.—આમ ચંદ્રાપીડ બોલતો હતો એવામાંજ ચિત્રરથને તથા હંસને વધામણી ખાવાને કેયૂરક હેમકૂટ ગયો. મદલેખા પણ દોડતી દોડતી બ્હાર જઈ, મૃત્યુંજયનો મંત્ર જપવામાં વ્યગ્ર થયેલા તારાપીડને તથા વિલાસવતીને પગે લાગી, અત્યંત આનંદથી મ્હોટે સ્વરે કહી આવી કેઃ—મહારાજ ! દેવીને તથા આપને વધામણી છે ! યુવરાજ અને વૈશમ્પાયન પ્રત્યુજ્જીવિત થયા છે !—રાજા તો આ સાંભળી, શરીર-સંસ્કાર વિના ઉગેલાં અવિરલ, દીર્ઘ, કઠોર પલિતથી છવાઈ ગયેલાં કાંડાંવાળા પોતાના હાથથી એને આલિંગન દઈ, હર્ષમાં નિમગ્ન થઈ, વિલાસવતીને કંઠે અવલમ્બન કરી, વૃદ્ધાવસ્થામાં પડેલી કરચલીને લીધે શિથિલ થઈ ગયેલા બાહુવડે ઉત્તરીય વસ્ત્રનો છેડો ઉંચો કરતો કરતો, લય-શિક્ષા રહિત હોવાથી જેમ તેમ પડતા ચરણે પોતેજ જાણે નૃત્ય કરતો કરતો,— આસપાસ વિંટળાઈ વળેલા, પ્રફુલ્લ વદનવાળા હજારો નરપતિને લીધે, મલય-પવનથી ચલિત થયેલા કમલાકર જેવો શોભતો,—'એ ક્યાં છે ? ક્યાં છે ?' એમ પુનઃ પુનઃ મદલેખાને પૂછતો પૂછતો, નિર્વિશેષ હર્ષમાં લીન થઈ ગયેલા શુકનાસને વળી વળી કંઠ-ગ્રહ દેતો દેતો તેની પાછળ પાછળ ત્યાંજ આવ્યો; અને ચંદ્રા-

---

૧. ચંદ્રાપીડ ચંદ્રનો અવતાર હતો. તે ચંદ્રના કિરણમાંથી ઉત્પન્ન થયેલા અપ્સરાઓના કુળમાં ગૌરી જન્મી હતી (જુઓ પૃ. ૧૮૦ લી.૪). તેની પુત્રી મહાશ્વેતાઃ અને પુંડરીક તેનો પ્રિયતમ માટે ચંદ્રનો જામાતા—જમાઈ.

પીડને એ પ્રમાણે પુંડરીકને કંઠે બાઝી ઉભેલો જોઈ, અત્યંત આનંદથી શુકનાસને કહેવા લાગ્યો:—ઠીક થયું કે પુત્રના પ્રત્યુજ્જીવનોત્સવનું સુખ મેં એકલેજ ભોગવ્યું નહિ.—ચંદ્રાપીડે આમ હર્ષમાં નિમગ્ન થયેલા પિતાને જોયા કે ઝટ પુંડરીકને મુકી દઈ, તેની આગળજ ભૂતલ ઉપર મસ્તક મુકી પ્રણામ કર્યો. તે સમયે સત્વર પાસે જઈ, એને ઉભો કરી તારાપીડ બોલ્યો:—પુત્ર! શાપ-દોષથી કે મ્હારાં પુણ્યથી જો કે હું ત્હારો પિતા થયો છું તોપણ તું તો જગદ્વંદનીય લોકપાલ છે. વળી મ્હારામાં પણ જે કંઈ નમવા યોગ્ય અંશ હતો તેપણ મેં તનેજ આપ્યો છે. માટે ઉભયથા પણ તુંજ નમસ્કાર યોગ્ય છે.—એમ કહેતાં કહેતાંજ હજારો રાજપુત્ર સહિત એ ઉલટો એને ચરણે પડ્યો. (પણ) વિલાસવતીએ તો એને ફરી ફરી મસ્તકે, વળી લલાટે, અને વળી ગાલે ચુમ્બન કરી, બહુ વાર સુધી ગાઢ ગાઢ આલિંગન દીધું; અને માતા પાસેથી મુક્ત થયો ત્યારે શુકનાસની પાસે જઈ એણે તેને પ્રણામ કર્યો. શુકનાસે આ જોઈ એને ઘણી આશિષ દીધી એટલે અનુક્રમે પાસે જઈને એણે—આ તમારો વૈશમ્પાયન છે—એમ કહી, વિનયથી વિલક્ષ બની અવનમ્ર મુખે ઉભેલા પુંડરીકને પ્રથમ પિતાને, પછી માતાને, પછી શુકનાસને અને પછી મનોરમાને બતાવ્યો.

આજ પ્રસંગે પાસે આવીને કપિંજલે શુકનાસને કહ્યું:—ભગવાન્ શ્વેતકેતુએ આપને એવો સંદેશો કહાવ્યોછે કે:—આ પુંડરીકને મેં તો માત્ર ઉછેર્યોજ છે. પણ પુત્ર તો એ તમારો છે. એને પણ આપ સર્વ ઉપરજ સ્નેહ લાગ્યો છે. માટે આ વૈશમ્પાયનજ છે એમજ ગણીને એને અવિનયમાંથી વારજો. એ કોઈ અન્ય છે એમ ગણીને એની ઉપેક્ષા કરશો નહિ. શાપ રહિત છતાં મેં મ્હારી પાસે એને બોલાવ્યો નથી તેનું કારણ એજ કે એ તમારોજ છે. વળી ચંદ્ર જેટલાજ આયુષ્ વાળા આ પુત્રમાં પોતાનું સ્થાપન કરીને કૃતાર્થ થઈ, મ્હારૂં સત્વ નામનું જ્યોતિ હવે આ દિવ્ય લોકની પણ ઉપર જવાને તત્પર થયું છે.—આ સાંભળી શુકનાસે, વિનયથી નીચું જોતા પુંડરીકને ખભે હાથ ફેરવી કપિંજલને કહ્યું:—ભગવાને, સકલ જગત્ના મનોરથ વિદિત છતાં શું કરવા આ સંદેશો મોકલ્યો? સર્વથા સ્નેહનો આ અસંતોષ છે.—આવા આવા પૂર્વ-જન્મ-વૃત્તાન્તના સ્મરણાલાપમાં, પરસ્પર દર્શન-સુખ થકી પ્રફુલ્લ થતાં લોચને તે સર્વેની રાત અજાણતાંજ વીતી ગઈ. પ્રાત:કાલ થયો એટલામાંજ સકલ ગંધર્વલોકસહિત તથા મદિરા અને ગૌરી સહિત ગંધર્વરાજ ચિત્રરથ અને હંસ એ બંને પણ ત્યાંજ આવ્યા. આવીને તેઓ પોતાની લજ્જિત પુત્રિયોને જોઈ હૃદયમાં હર્ષ પામ્યા; જામાતૃ-દર્શનથી તેમનાં વદન પ્રફુલ્લ

થયાં; અને તારાપીડ તથા શુકનાસ સાથે સંબંધને ઉચિત સંવાદ-વાર્તા કરતાં કરતાં તેમણે જાણે સહસ્ત્ર ગણો મહોત્સવ ચલાવ્યો.

એ ચાલતો હતો એટલામાંજ ચિત્રરથે તારાપીડને કહ્યું કેઃ—અમારૂં મંદિર છતાં શામાટે અરણ્યમાં મહોત્સવ કરવો જોઇયે? જો કે પરસ્પર રુચિથી ઉત્પન્ન થયેલો આજ આપણે ધર્મ્ય વિવાહ છે તોપણ લોક-વ્યવહારને અનુવર્તન કરવુંજ જોઇયે. માટે અમારે ત્યાં ચાલો. પછી (જેમ અનુકૂલ પડે તેમ) આપના દેશમાં વા ચંદ્રલોકમાં પધારજો.—તારાપીડે આ સાંભળી પ્રત્યુત્તર દીધોઃ—ગંધર્વ-રાજ! જ્યાં નિરતિશય સંપત્સુખ મળે તેજ વન છતાં પણ ભવન સમજવું; અને આવું સંપત્સુખ મને બીજે ક્યાં મળ્યું છે? વળી હવે તો મેં સર્વ ગૃહજ તમારા જામાતૃને આપ્યાંછે. માટે આપ વધૂસહિત એનેજ તેડીને ગૃહ-સુખના અનુભવને અર્થે સિધાવો.—આ વચન સાંભળી—રાજર્ષિ! જેવી આપની ઇચ્છા—એમ કહી ચિત્રરથ ચંદ્રાપીડને લઇને હેમકૂટ ગયો. ત્યાં જઇને તેણે કાદમ્બરી સહિત પોતાના સર્વે રાજ્યનું ચંદ્રાપીડને અર્પણ કર્યું. પુંડરીકને પણ મહાશ્વેતા સહિત નિજ પદ હંસે આપ્યું. પણ તે બંનેએ તો હૃદય-રુચિત વધૂના લાભથીજ કૃતાર્થ થઇને બીજું કંઇ પણ સ્વીકાર્યું નહિ.

બીજે દિવસ, જન્મમાં વાઞ્છિત હૃદય-વલ્લભ મળ્યાથી મુદિત થયેલી અને સર્વ સ્વજન મધ્યે જઈ નિર્વૃત થયેલી છતાં કાદમ્બરી નયનમાં અશ્રુસહિત શોકાતુર મુખે, ચંદ્રાપીડ રૂપ ચંદ્ર શયનમાં ગયો ત્યારે પૂછવા લાગી કેઃ—આર્યપુત્ર! આપણે સર્વ તો મૃત છતાં પ્રત્યુજ્જીવિત થઇને પરસ્પર સંયુક્ત થયાં. પણ પેલી બિચારી પત્રલેખા આપણામાં દેખાતી નથી! એ એકલીનું શું થયું તે કંઈ સમજાતું નથી.—આ સાંભળી, એણે પ્રસન્ન થઇ પ્રત્યુત્તર આપ્યોઃ—પ્રિયે! અહિંયાં એ ક્યાંથી હોય? એ તો મ્હારે દુઃખે દુઃખ પામતી રોહિણી હતી તેણે મને શાપ થયો સાંભળી,—મર્ત્યલોકમાં વસવાનું દુઃખ તમે એકલા કેમ ભોગવશો?—એમ કહી, મેં વારી રાખ્યા છતાં પ્રથમથીજ, મ્હારા ચરણની સેવા કરવા મર્ત્ય લોકમાં જન્મ લીધો હતો. મ્હારૂં મૃત્યુ થયા પછી શરીર-ત્યાગ કરી ફરીથી પાછી એ મ્હારા બીજા જન્મ-સમયે મર્ત્ય લોકમાં અવતરતી હતી તે વેળા બલાત્કારે મેં વારીને એને ચંદ્રલોકમાંજ રાખી છે, માટે ત્યાં તું એને હવે દેખશે.[1]—આ સાંભળી, કાદમ્બરી તો રોહિણીની એવી ઉદારતા, સ્નેહલતા, મહાનુભાવતા, પતિવ્રતતા, અને મધુરતાથી અંતઃકરણ-

૧. ચંદ્રાપીડ તથા પત્રલેખાના આવા સંબધની સૂચના પૂર્વેથીજ કવિયે આપી છે તે સારૂ જુઓ પૃ. ૧૩૬ નો. ૧.

માં વિસ્મય પામી, બહુ લજવાઈ ગઈ અને જરા પણ બોલી શકી નહિ.

ત્યાર પછી થોડીવારે, કાલ-પ્રભુ ચંદ્રમાને, જન્મદ્વયમાં આકાંક્ષિત જાણે કાદમ્બરી-સંભોગ-સુખ આપવાને દિવસ અપસરણ કરી ગયો; અનુરાગ-પતાકા જેવી પશ્ચિમ સંધ્યા પ્રકાશવા લાગી; વધૂની લજ્જા જાણે ઢાંકવાને નિશા પ્રસરવા લાગી; અને સર્વે જગત્ ચંદ્રોદય થકી રમણીય થઈ રહ્યું. એ પ્રમાણે જ્યારે રાત્રિ થોડી ઘણી વીતી ત્યારે ચંદ્રાપીડે શિથિલ નીવિ-બંધ ભણી પ્રસારેલા કરનું વારંવાર નિવારણ કરતી કાદમ્બરીનું,— દીર્ઘ કાલથી ઈચ્છિત, ઉન્મીલિત નયન-કમલ યુક્ત, પ્રત્યાલિંગન-સુખ યુક્ત, પ્રાર્થિત સુરતના સમાપ્તિ-સમયની લજ્જા વડે સુભગ—પ્રથમ-સુરત-સુખ અનુભવ્યું; અને જાણે એકજ દિવસ રહ્યો હોય એમ દશ રાત્રિ રહીને, હૃદયમાં સંતુષ્ટ શ્વશુર શ્વશ્રૂની આજ્ઞા લઈ, ત્યાંથી એ પિતા પાસે આવ્યો.

ત્યાં આવીને, સાથેજ જેમણે ક્લેશ ભોગવ્યો હતો એવા રાજ-લોકને આત્મ-સમાન કરી, સર્વે રાજ્યભાર પુંડરીકને સોંપી, પિતામાતા-ની ચરણ-સેવા કરતો કરતો કદાચિત્ એ, જન્મભૂમિના સ્નેહથી, ઉજ્જ-યિનીમાં વસતો, જ્યાં અતિ પ્રફુલ્લ નયને નગરવાસીઓ એનું દર્શન કરતા; કદાચિત્ ગંધર્વરાજના આદરથી, અનુપમ તથા અતિ રમણીય હેમકૂટ ઉપર વસતો; કદાચિત્ રોહિણીના બહુ માનથી, અમૃતના પરિ-મલ વડે સુગંધિ તથા શીતલ થયેલા સર્વ પ્રદેશને લીધે મનોહર લાગતા ચંદ્રલોકમાં વસતો; કદાચિત્ પુંડરીકની પ્રીતિથી, અહર્નિશ ઉત્ફુલ્લ રહેતા કમલસમૂહવાળા, લક્ષ્મીને વસવાના સરોવરમાં, અને કાદમ્બરીની રુચિ પ્રમાણે સર્વત્રજ વસતો; બીજાં પણ વિવિધ રમ્ય રમ્ય સ્થાનમાં તેની સાથે જન્મદ્વયની આકાંક્ષાને લીધેજ અપરિસમાપ્ત તથા અપુનરુક્ત નાના પ્રકારનાં સુખ ભોગવતો ભોગવતો માત્ર ચંદ્રમા કાદમ્બરીની સાથે રહ્યો એટલુંજ નહિ પણ કાદમ્બરી મહાશ્વેતા સાથે, મહાશ્વેતા પુંડરીક સાથે અને પુંડરીક પણ ચંદ્ર સાથે—એમ સર્વે પરસ્પર સર્વ કાલ અવિયુક્ત રહીને સર્વે સુખ અનુભવતાં અનુભવતાં આનંદની ખરેખરી સીમા પામ્યાં.

શ્રીબાણભટ્ટ-તનય-વિરચિત

ઉત્તર ભાગ

સંપૂર્ણ.

કોશ.

(ટીકામાં નહિ આપેલા શબ્દોનો.)

અકર્તવ્ય=ન કરવા યોગ્ય.

અકારણ=કારણ વિના.

અક્ષત=આખું.

અખેદનીય=ન ખેદ આપવા યોગ્ય.

અગમ્ય=ન જવા યોગ્ય;નમળે એવું.

અગસ્તિ=અગથિયો.

અગાધ=ઘણુંજ ઉંડું. [એવું.

અગ્નિશૌચ=અગ્નિમાં ન બળે

અગ્ન્યસ્ત્ર=અગ્નિ જેથી પ્રકટે એવું

અગ્રણી=મુખ્ય. [બાણ.

અગ્રભાગ=આગળનો ભાગ.

અગ્રામ્ય=ગામડાનું નહિ તે, સુધ-

અગ્રેસર=મુખ્ય. [રેલું, સારૂ.

અચપલ=ચંચલ નહિ તે, સ્થિર.

અચલ=સ્થિર; પર્વત.

અછેદ્ય=છેદી શકાય નહિ એવું.

અજ્ઞ=અભણ.

અણુ=થોડુંક.

અતર્કિત=અણચિન્તવ્યું.

અતિક્રમ ક૦=હદ બ્હાર જવું.

અતિત્વરિત=ઘણું ઉતાવળું.

અતિથિ=દૂરથી ચાલી, શ્રાન્ત થઇ, વૈશ્વદેવ સમયે પરઘેર આવતો માણસ.

અતુલ=જેની કોઇ બરાબરી કરી શકે નહિ એવું.

અત્યાજય=ત્યજી શકાય નહિ એવું.

અત્યાસક્તિ=અતિશય લપટાઇ જ-

અદૃષ્ટપૂર્વ=પૂર્વે નહિ જોયેલું. [વું તે.

અદ્વિતીય=જેની જોડ ન મળી

અધર=નીચેનો હોઠ. [શકે એવું.

અધરદંશ=અધરનું કરડાવું તે.

અધરસ્પંદ=અધરનું હાલવું તે.

અધારણ=નહિ ધારણ કરી રાખવું તે.

અધિદેવતા=સંરક્ષણ કરનાર, ઉચ્ચ પદ ધારણ કરતી દેવી.

અધિરોહણ ક૦=ચઢવું.

અધિષ્ઠાન=આધાર.

અધિષ્ઠિત=આધારે રહેલું.

અધોમુખ=નીચે મ્હોએ.

અધ્યયન=અભ્યાસ.

અધ્યારોપણ=કોઇને કંઇ આરોપ

અનંગ=કામદેવ. [કરવો તે.

અનતિક્રમણીય=જેનું ઉલ્લંઘન થાય નહિ એવું.

અનનુભૂત=પૂર્વે નહિ અનુભવેલું.

અનન્યશરણ=બીજા કોઇને શરણ નહિ એવું.

અનભ્યસ્ત=અભ્યાસ કીધા વિનાનું.

અનાત્મજ્ઞ=આત્માને,જ્ઞાનને, નહિ જાણનાર.

અનાયત્ત=સ્વાધીન નહિ તે, પરતંત્ર.

અનાર્યા=ખરાબ સ્ત્રી. [નહિ એવું.

અનિગ્રાહ્ય=પકડી-કબ્જે થઇ-શકે

અનિમિષ=આંખ મીચકારો કર્યા વિનાનું.
અનિવાર્ય=વારી શકાય નહિ એવું.
અનિષ્ટ=અશુભ.
અનુકમ્પા } અનુક્રોશ } =સમભાવ; દયા.
અનુગત=પાછળ જવાયલું.
અનુગમન=પાછળ જવું તે.
અનુગ્રહ=કૃપા, મેહેરબાની.
અનુગ્રાહ્ય=અનુગ્રહ કરવા યોગ્ય.
અનુજીવિ=સેવક.
અનુજ્ઞા=રજા, પરવાનગી.
અનુત્પ્રેક્ષિત=નહિ ધારેલું.
અનુનય=કાલાવાલા.
અનુપદિષ્ટ=નહિ શીખવેલું.
અનુપહસનીય=નહિ હસવા લાયક.
અનુમતિ=મંજુરી.
અનુમરણ=કોઈની પાછળ મરવું તે.
અનુમોદન=સંમતિ, મંજુરી.
અનુરક્ત=પ્રીતિમાં લપટાયલું.
અનુરાગ=પ્રીતિ; રાતો રંગ.
અનુરૂપ=યોગ્ય. [ર્તવું તે.
અનુરોધ=અનુકૂલતા પ્રમાણે વ-
અનુલિપ્ત=લિપેલું. [યોગ્ય.
અનુલ્લંઘનીય=ઉલ્લંઘન ન કરવા
અનુવર્તન } અનુવૃત્તિ } =(કોઈની) મરજી પ્રમાણે ચાલવું તે; સેવા.
અન્તરાલ=બે વસ્તુની વચ્ચેની જગા.
અન્તરિક્ષ } અન્તરીક્ષ } =આકાશ.
અન્તરિત=અટકાવાયલું.

અન્વય-વ્યતિરેક=(આ બે ન્યાયના શબ્દ છે.) એક વસ્તુના અસ્તિત્વથી બીજાનું અસ્તિત્વ સિદ્ધ કરવું એ 'અન્વય,' અને એકના અભાવથી બીજાનો અભાવ દર્શાવવો એ 'વ્યતિરેક.'
અપદેશ=છળ; બ્હાનું. [નહિ એવું.
અપરિત્યાજ્ય=ત્યાગ કરી શકાય
અપરિમિત=અગણિત.
અપરિહાર્ય=ત્યજાય નહિ એવું.
અપસર્પણ=આઘે ખસવું તે.
અપુત્ર=પુત્ર વિનાનો.
અપૃષ્ટ=પૂછ્યા વિનાનો.
અપ્રતિહત=અડચણ-વિઘ્ન-રહિત.
અપ્રમત્ત=બેદરકાર નહિ તે.
અબહિષ્કાર્ય=બ્હાર કાઢી શકાય નહિ એવું.
અભવ્ય=અશુભ, ખરાબ, હલકું.
અભિગમન=(કોઈની)પાસે જવું તે.
અભિજ્ઞાન=સ્મરણ-સૂચક ચિન્હ.
અભિનન્દન ક૦=પ્રીતિથી આવ-
અભિનવ=નવું. [કાર દેવો.
અભિન્ન=ભેદ વિનાનું, એકજ.
અભિમત=મન ગમતું.
અભિમુખ=મુખ સામું; અનુકૂળ.
અભિયોગ=ખંતથી કરવામાં આવતો પ્રયત્ન.
અભિરૂપતા=સૌંદર્ય, ડહાપણ.
અભિલાષ=ઇચ્છા.
અભિવંદન=પ્રણામ, નમસ્કાર.
અભિષિક્ત=સ્નાન પામેલો-લી-લું.
અભિષેક=સ્નાન.

અભેદ્ય=ભેદી શકાય નહિ એવું.
અભ્યન્તર=અંદર; અંદરનો ભાગ.
અભ્યુદય=આબાદી, સુખ.
અમથિત=મથન કર્યા વિનાનો.
અમાનુષી=મનુષ્ય લોકમાં ન મળે
અરવિંદ=કમલ. [તેવી.
અરુણ=સૂર્યનો સારથિ; રક્ત.
અર્ગલ=આગળો.
અર્ઘ=સૂર્યાદિકને અપાતી જલ વિ૦
અર્ચન=પૂજન. [ની અંજલિ.
અર્ણવ= સમુદ્ર.
અલંકૃત=શણગારેલું.
અલંઘ્ય=ઓળંગાય નહિ એવું.
અવચ્છિન્ન=છૂટું છૂટું.
અવજ્ઞા, અવધીરણા =તુચ્છકાર, અવમાન, અનાદર.
અવધીરિત=ધિક્કારાયલું.
અવનમ્ર, અવનત =નમી ગયેલો.
અવનિપાલ=રાજા.
અવમાન=અનાદર, અવગણના.
અવર્ણ્ય=વર્ણવી શકાય નહિ એવું.
અવશ=(પોતાને) વશ નહિ તે.
અવસ્થાન=રેહેઠાણ.
અવિચ્છિન્ન=નિરંતર.
અવિનષ્ટ=નાશ નહિ પામેલું.
અવ્યક્ત=ઉઘાડુ—ખુલ્લુ—નહિ તે.
અશિક્ષિત=નહિ શીખવેલું.
અશોચ્ય=નહિ શોક કરવા લાયક.
અશ્રવણીય=નહિ સાંભળવા યોગ્ય, સંભળાય નહિ એવું.
અશ્રુપાત=આંસુનું પડવું તે.
અશ્વબલ=ઘોડાઓનું સૈન્ય.
અશ્વમેધ=એક જાતનો યજ્ઞ.
અશ્વવાર=અસ્વાર.
અશ્વારોહણ=ઘોડે ચઢવું તે.
અસમર્થ=અશક્ત.
અસંબદ્ધ=સંબંધ વિનાનું.
અસંભાવ્ય=ધારી શકાયનહિ એવું.
અસ્તાચલ=(સૂર્ય ચંદ્રનો) જ્યાં અસ્ત થાયછે તે પર્વત (પૂર્વમત
અસ્થિપંજર=હાડ-પંજર. [પ્રમાણે.
અસ્નિગ્ધ=પ્રેમવિનાનું; તેલવિનાનું.
અહાર્ય=હરી—લઈ—શકાય નહિ એવું.

આ.

આકૃષ્ટ=આકર્ષણ પામેલું.
આક્રોશ=ઠપકો, નિન્દા, શાપ.
આક્રંદ=કળકળાટ, મ્હોટે સ્વરે
આગમ=શાસ્ત્ર. [રુદન.
આગમન, આગતિ =આવવું તે.
આચમન ક૦=સંધ્યાદિક કરતાં હાથેલામાંથી જલબિન્દુનું પાન
આચાર્ય=ગુરુ. [કરવું.
આચ્છાદન=ઢાંકણ.
આડંબર=ડોળ; રૂપ.
આતામ્ર=થોડું રાતું.
આત્મદ્રોહી=પોતાનું ભુંડું કરનાર,
આદેશ=હુકમ. [દુઃખિયારો.
આધિપત્ય=અધિપતિપણું.
આપન્ન=આપત્તિમાં આવેલો.
આપ્તતમ=વધારેમાં વધારે તનનો—ખાનગી (માણસ).

આમલક=આમળું.
આમંત્રણ=તેડું; છેલ્લી સલામ.
આયાસ=શ્રમ, મેહેનત.
આયુધ=હથિયાર.
આરાધના=પૂજા, સેવા.
આરોહક=મહાવત.
આરોહણ=ઉપર ચઢવું તે.
આર્ત=દુ:ખી.
આર્દ્ર=ભીનું, પલળેલું.
આર્ય=સારો, સ્વચ્છ.
આલેખ્ય=ચિત્ર.
આલોકન=જોવું તે.
આલોચન=દર્શન; વિચાર.
આવરણ=ઢાંકણ.
આવર્ત=જલનું ચક્રને આકારે ભ્રમણ, જલ-ભ્રમર.
આવલિ=હાર.
આવાસ=મુકામ.
આવિર્ભૂત થ૦=પ્રકટ થવું.
આવિષ્ટ=ભૂતથી પીડાતું.
આશ્રમપદ=મુનિને વસવાની જગા.
આશ્લિષ્ટ=જોડાયલું.
આશ્વસિત=દિલાસો પામેલું.
આસ્તરણ=પાથરણું.
આસ્ફાલન=અફળાવું તે.
આહાર=ભોજન.
આહુતિ=અગ્નિમાં હોમવું તે.

ઇ.

ઇતર=બીજું; હલકું.
ઇંધન=બળતણ.
ઈષદ્રક્ત=થોડું લાલ.

ઉ.

ઉચિત=યોગ્ય.
ઉચ્ચ=ઉંચું.
ઉચ્ચકિત=ગભરાયલું; બેબાકળું.
ઉચ્છ્વસિત=શ્વાસ લેતું, ખીલેલું, પ્રફુલ્લ.
ઉત્કર્ણ=ઉંચા કાન વાળું.
ઉત્કૃષ્ટ=ઉત્તમ.
ઉત્તરીય=ઉપરનું વસ્ત્ર.
ઉત્તેજિત=ઉત્તેજન પામેલું.
ઉત્પક્ષ્મ=ઉંચી પાંપણો વાળું.
ઉત્પાત=ભયંકર બનાવ.
ઉત્સુક=આતુર.
ઉત્સંગ=ખોળો.
ઉદયરાગ=(સૂર્ય કે ચંદ્રના) ઉગવા વખતની રતાશ.
ઉદયાચલ=જે પર્વત ઉપરથી (સૂર્ય-ચંદ્રનો) ઉદય થાયછે તે (પૂર્વમત પ્રમાણે).
ઉદ્ગમ=ફૂટવું-બ્હાર આવવું-તે.
ઉદ્દામ=ભયંકર.
ઉદ્ધૃત=ઉંચે આણેલું, ઉચકેલું.
ઉદ્ભેદ=બ્હાર નીકળી આવવું તે.
ઉદ્ભ્રાન્ત=ઉદ્વેગ પામેલું.
ઉદ્યાન=બાગ, વાડી.
ઉદ્વમન ક૦=બ્હાર કાઢવું, નાંખવું.
ઉદ્વહન ક૦=ઉચકી જવું.
ઉદ્વિગ્ન=ખેદ પામેલું.
ઉન્મીલિત=ઉઘડેલું, ખીલેલું.
ઉન્મુખ=ઉંચા મુખ વાળું.
ઉપકરણ=સાધન.
ઉપદ્રવ=ઇજા, પીડા.
ઉપવન=બાગ, વાડી.
ઉપસર્પણ=(કોઇની) પાસે જવું-ખસવું-તે.
ઉપહાર=બલિ-દાન.
ઉપાનહ્=જોડો.
ઉપાલંભ=ઠપકો.
ઉપેક્ષા=અનાદર, અવગણના.

ઉલ્લસિત=પ્રકાશિત.
ઉલ્લંઘન ક૦=ઓળંગવું.
ઉષા=ઓખા.
ઉષ્મપાન=(સૂર્યના) તાપને પીવો–તેનું સેવન કરવું–તે.
ઊર્ધ્વ=ઉભું.

ઋ.

ઋણ=દેવું.

ઐ.

ઐશ્વર્ય=મ્હોટાઈ, સાહેબી.

ઓ.

ઓષ્ઠ=ઓઠ.

અં.

અંકિત=આંકાવાળું.
અંગદ=હાથનું એક આભૂષણ.
અંગરાગ=શરીરે ચોળવાનો લેપ.
અંગુલિ=આંગળી.
અંજલિ=પોશ.
અંજલિ રચવી=હાથ જોડવા.
અંતર્ગત=અંદરનું.
અંતર્ધાન=છાનાપણું, છુપાપણું.
અંતઃપુર=સ્ત્રીઓનો ઓરડો, ઝનાનો.
અંતઃપ્રવિષ્ટ=અંદર પેઠેલું.

ક.

કક્ષાબંધ=કચ્છોટો.
કજ્જલ-મલિન=કાજળ જેવું મેલું.
કંચુકી=અંતઃપુરમાંનો (વા રાજાનો) સેવક.
કટુતા=કડવાશ.
કંટક-શયન-વ્રત=કાંટા ઉપર સુવાનું વ્રત.
કંઠગ્રહ=કંઠે બાઝી આલિંગન દેવું તે.
કણિકા=ઝીણો કણ.
કણિશ=કણસલું.
કદલી=કેળ.
કનિષ્ઠ=નાનામાં નાનું; હલકામાં હલકું.
કન્યકા-લતા-વન=કન્યા રૂપી લતા-વેલ-નું વન.
કન્યાન્તઃપુર=કન્યાઓને રહેવાનો ઓરડો.
કપાલ=ખોપરી.
કપિ=વાનર.
કપિલ=પીળચટ્ટુ.
કપોલ=ગાલ.
કમલ-કલિકા=કમલની કોમલકલિ.
કમલ-મધુ-પાન=કમલનો રસ પીવો તે.
કમલાકર=કમલનો સમૂહ.
કરણીય=કરવા યોગ્ય.
કરિણી=હાથણી.
કરુણ=દયા ઉપજાવે એવું; દયાળુ.
કરુણાર્દ્ર=દયાથી પલળી ગયેલું.
કરંક=કરંડિયો.
કર્કશ=કર્કરૂં.
કર્ણ-પાશ=કાનનું એક આભૂષણ(?)
કર્ણપૂર= „ „
કર્ણોત્પલ=કાનમાં પેહેરેલું ઉત્પલ–કમલ.
કર્તવ્ય=કરવા યોગ્ય (કામ).
કર્મ-ભૂમિ=જે ભૂમિમાં (કોઈ) કર્મ બનેલું તે.
કર્માનુરોધે=કામને પ્રસંગે, કામના સબબથી.
કલંક=ડાઘ.
કલહ=કજિયો.
કલા=હુન્નર; પૂર્ણ ચંદ્રનો એક સોળમો ભાગ.
કલાપ=સમૂહ.

કલાપિ=મોર (પક્ષી).
કલ્પવૃક્ષ=પાંચ દેવ-વૃક્ષમાંનું એક.
કષાયિત=સુગંધિ; રાતું.
કાઞ્ચન=સોનું.
કાન્તિ=રૂપ.
કામપીઠ=કામનું આસન; કામ-ક્રીડાને અર્થે રચેલું આસન.
કાર્પણ્ય=કંજુસાઈ.
કાર્ય-સંકટ=ભારે કાર્ય.
કાલ=વખત; કાળું.
કાલાન્તરે=કેટલાક વખત પછી.
કાવ્યામૃત=કાવ્ય રૂપી અમૃત.
કાશ=એક જાતનો ઘાસ.
કાષ્ઠિક=લાકડાં વાળો.
કિન્નર, કિંપુરુષ=ઘોડાના જેવા મ્હોં વાળો, અને મનુષ્ય જેવા શરીર વાળો એક દેવ-ભેદ.
કિંશુક=એક જાતનું વૃક્ષ.
કુક્ષિ=કુંખ; ખૂણો.
કુચકુંભ=સ્તન રૂપી કુમ્ભ-ઘડો.
કુંજર=હાથી.
કુટિલ=વાંકુ.
કુટુમ્બિની=કુટુમ્બવાળી સ્ત્રી.
કુતૂહલ=આતુરતા.
કુતૂહલિની=કુતૂહલ રાખનારી સ્ત્રી.
કુનૃપતિ=ખરાબ રાજા.
કુમારભાવ=કુંવારાપણું.
કુમુદ-કોમલ=કુમુદપુષ્પ જેવું કોમલ.
કુંભસ્થલ=હાથીનો લમણો.
કુલ=કુળ; સમૂહ.
કુલક્રમાગત=વંશપરંપરાથી આવેલું.
કુલગૃહ=કુળનું ઘર.
કુલટા=વેશ્યા.
કુવલય=એક જાતનું પુષ્પ.
કુવાદી=ખોટો વાદ કરનાર.
કુશાસન=કુશ-દાભ-નું આસન.
કુસુમધન્વા=કામદેવ.
કુસુમ-શર=ફૂલનું બાણ; કામદેવ.
કુસુમાયુધ=કામદેવ.
કુસુમિત=ફૂલથી છવાઈ ગયેલું.
કુસુમોદ્ગમ=ફૂલ આવવાં તે.
કૂજન, કૂજિત=પક્ષિયોનું ગાન.
કૂટપાશ=જનાવરોને પકડવાનું પાંજરૂ-એક જાતનો સંચો.
કૂર્મ=કાચબો.
કૃતકૃત્ય=કૃતાર્થ.
કૃતયુગ=સત્યયુગ-ચાર યુગમાંનો પહેલો.
કૃત્રિમ=સ્વાભાવિક નહિ તે, બનાવટનું.
કૃપણ=કંજુસ.
કૃશ=દુર્બલ.
કૃષ્ણ=કાળુ; તે નામના દેવ.
કૃષ્ણ-પક્ષ=અંધારિયું પખવાડિયું.
કેકા=મયૂરનો સ્વર.
કેતુ=ધ્વજ.
કેસરી=સિંહ.
કૈલાસનાથ=શિવ.
કોટર=વૃક્ષની અંદરનો પોકળ ભાગ.
કોટિ=તે નામની સંખ્યા; ખૂણો, છેડો.
કોશ=કળિ.
કૌતુક=કુતૂહલ, આતુરતા.
કૌમાર-વ્રત=કુમારાપણાનું વ્રત.
કૌલીન=લોકાપવાદ.
કૌસ્તુભ=તે નામનો એક મણિ.
ક્લેશ=શ્રમ.

ક્ષપણક=બૌદ્ધ મતનો ભિક્ષુક.
ક્ષીર=દૂધ.
ક્ષીરોદધિ=દૂધનો દરિયો.
ક્ષુદ્ર=હલકું.
ક્ષુધા=ભૂખ.
ક્ષુભિત=ડોળાયલું.
ક્ષેત્ર=ખેતર.
ક્ષોદ=ભૂકો.

ખ.

ખડ્ગ-ધારા=તરવારની ધારા.
ખંડ=સમૂહ; કડકો.
ખલ=લુચ્ચો, લુચ્ચું.
ખર્જૂર=ખજૂર.
ખિન્ન=ખેદ પામેલું.
ખુર=ખરી.

ગ.

ગગન-કમલિની=ગગન રૂપી, કમલથી ભરેલું સરોવર.
ગજ-ઘટા=હાથીઓની ઘટા.
ગંડસ્થલ=હાથીનો લમણો.
ગંધોદક=સુગંધિ પાણી.
ગમનાજ્ઞા=જવાની આજ્ઞા.
ગર્દભ=ગધેડો.
ગર્ભ-કેસર=અંદરના રેસા.
ગર્ભ-પત્ર=અંદરનું પાંદડુ.
ગર્ભ-પીડન=ગર્ભમાં દબાવું તે.
ગર્ભ-સંભવ=ગર્ભની ઉત્પત્તિ.
ગહન=ઉંડું, ગાઢ, ખીચોખીચ.
ગાત્રયષ્ટિ=શરીર.
ગુણગણ=ગુણનો સમૂહ.
ગુહા=ગુફા.
ગુહ્યક=(ભંડારનું રક્ષણ કરનાર) [એક દેવ-ભેદ.
ગૃહ-દેવતા=ઘરનું રક્ષણ કરનાર દેવતા.
ગૃહ-મયૂર=ઘરમાં પાળેલો મોર.
ગૃહ-સારસ= „ પાળેલું સારસ.
ગૈરિક=ગેરૂ.
ગોમય=ગાયનું છાણ.
ગોષ્ઠી=સભા; વાતચીત.
ગૌરવ=ભાર; માન.
ગૌરી=પાર્વતી; મહાશ્વેતાની માતા.
ગ્રંથી=ગાંઠ.
ગ્રહ-ગૃહીત=દુષ્ટ ગ્રહથી પીડાતું.
ગ્રાસ=કોળિયો.
ગ્રાહ=પકડવું તે.
ગ્રીવા=ડોક.
ગ્લાનિ=દિલગીરી, શોક.

ઘ.

ઘંટિકા=ઘંટા.
ઘર્ષણ=ઘસારો.
ઘૃત-બિન્દુ=ઘીનું ટપકું.
ઘોષ=શબ્દ, સ્વર.
ઘ્રાણેન્દ્રિ=સુંઘવાની ઇન્દ્રિ-નાસિકા.

ચ.

ચક્ર=પૈડું; તે નામનું ગોળ શસ્ત્ર; સમૂહ; મંડલ.
ચક્રવર્ત્તિ=સમુદ્ર પર્યંત પૃથ્વી ઉપર રાજ્ય ચલાવનાર (રાજા).
ચક્ષુ=આંખ.
ચંચલ=અસ્થિર.
ચંદ્રક=મોરનાં પીછાંમાંનો ચાંલ્લો.
ચંદ્ર-લેખા=ચંદ્રની કળા; તે નામનું [આભૂષણ.
ચંદ્ર-શેખર=મહાદેવ.

ચંદ્રાકાર=ચંદ્ર જેવો આકાર.
ચંદ્રાનન=ચંદ્ર જેવા મુખવાળો.
ચંદ્રિકા=ચંદ્રનો પ્રકાશ.
ચપલ=અસ્થિર.
ચમર=એક જાતનો મૃગ, જેની પુછડીના વાળનાં ચામર બનેછે.
ચાપલ=તોફાન.
ચારુ=સુંદર.
ચિત્ર-ફલક=ચિત્ર કાઢવાનું પાટિયું.
ચિબુક=હડપચી.
ચૂર્ણ=ભૂકો.
ચૌર્ય=ચોરી.

છ.

છવિ=છબી; કાન્તિ.
છિન્ન-મૂલ=મૂળમાંથી કપાયલું.

જ.

જગદીશ્વર=જગત્નો ઈશ્વર.
જગદેકચંદ્ર=જગત્નો એકજ ચંદ્ર.
જઘન-સ્થલ=સ્ત્રીની કટિની આગળનો ભાગ.
જટિલ=જટાવાળું, ઘુંચવાયલું.
જઠરાગ્નિ=પેટમાંનો અગ્નિ.
જડ=શીતલ; મંદ બુદ્ધિવાળું.
જન્માન્તર=બીજો જન્મ.
જરા=વૃદ્ધાવસ્થા.
જર્જરિત=ખોખરૂ; ભાગી તુટી ગયેલું.
જલદ, જલધર=વાદળું, મેઘ.
જલધર-સમય=વર્ષા ઋતુ.
જલનિધિ=સમુદ્ર.
જલયંત્ર=ફુવારો.
જલશય્યા=જલમાં કરેલું બીછાનું.
જલાર્દ્ર=જલથી પલળેલું.
જલાશય=તળાવ.
જાનુ=ઢીંચણ.
જામાતૃ=જમાઈ.
જિજ્ઞાસા=જાણવાની ઈચ્છા.
જીર્ણ=જૂનું.
જીવિકા-નિર્વાહ ક૦=ગુજરાન ચલાવવું.
જીવિત-નિબંધન=જીવ ધારણ કરી રાખનાર.
જ્યોતિ=પ્રકાશ.
જ્યોતિષી=જોશી.
જ્ઞાતવ્ય=જાણવા યોગ્ય.

ત.

તટ-ગુહા=તટ ઉપર આવેલી ગુફા.
તપસ્વિની=બિચારી.
તપોજલ=તપ રૂપી જલ.
તપોવન=તપ કરવાનું સ્થલ.
તરંગમાલા=મોજાંની હાર.
તરંગિત=મોજાં જેવું લાગતું.
તરલ=અસ્થિર; સુંદર; હારની મધ્યે આવતો મણિ.
તાડન=મારવું તે.
તાંડવ=એક જાતનું નૃત્ય.
તાપસ=તપ કરનાર.
તામ્બૂલિક=તંબોળી.
તારુણ્ય=યુવાવસ્થા.
તાલ=તે નામનું વૃક્ષ; ઉંચો સ્વર; ગાયનમાં કાળ માપવા સારૂ પડાતી તાળી.
તિમિર=અંધકાર
તિમિરોદ્ગતિ= અંધકારનું આવવું તે.
તિલપાત્ર=તલથી ભરેલું પાત્ર.
તીર્થ=ગુરુ; પવિત્ર સ્થાન; જલાશય.

તીર્થોદક=તીર્થમાંથી આણેલું પાણી.
તૃણપુરુષ=ખેતર વિ૦ માં પક્ષીઓને બ્હીવરાવવા સારૂ ઘાસ વિગેરેની પુરુષના જેવી આકૃતિ બનાવે છે તે.
તૃણપુલી=ઘાસનો નાનો પુળો.
તૃતીય=ત્રીજું.
ત્રસ્ત=ત્રાસ પામેલું.
ત્રિપુરારિ=મહાદેવ.
ત્રિભુવનવ્યાપી=ત્રણે દુનિયામાં [વ્યાપનાર.
ત્રૈલોક્યદર્શી=ત્રણે લોકને એક દૃષ્ટિયે જોનાર.

દ.

દગ્ધ=બળી ગયેલું; બળ્યું.
દંતપત્ર=એક જાતનું કર્ણાભૂષણ.
દન્તી=હાથી.
દર્પ=ગર્વ.
દર્ભ=દાભ.
દર્શનોત્સુક=જોવાને આતુર.
દલ=પત્ર; દળ.
દંષ્ટ્ર=શિકારી પ્રાણીના દાંત.
દાનવ=રાક્ષસ.
દારુણ=ભયંકર.
દાવાનલ=વનમાં સળગતો અગ્નિ.
દાહજવર=દાહ ઉત્પન્ન કરતો જ્વર–તાવ.
દિક્પાલ=દિશાનો પાળનાર દેવ.
દિગન્તર=બીજી દિશા; દિશા.
દિગ્દાહ=દિશાઓનું બળવું તે.
દિગ્વધૂ=દિશા રૂપી વહૂ.
દિનકર } =સૂર્ય.
દિનપતિ }
દિવ્ય=સ્વર્ગનું.
દીપ્તિમાન્=તેજસ્વી.
દીક્ષા=યજ્ઞાદિક કરતા પેહેલાં પવિત્ર થઇ મંત્ર ગ્રહણ કરવો તે.
દુકૂલ=રેશમી વસ્ત્ર; વસ્ત્ર.
દુગ્ધધારા=દૂધની ધાર.
દુંદુભિ=નોબત જેવું એક વાદિત્ર.
દુરાશા=દુઃખે પાર પડે એવી આશા.
દુર્ગ્રહ=દુઃખે ગ્રહણ થઇ શકે વા સમજાઇ શકે એવું.
દુર્ઘટ=દુઃખથી પાર પડે એવું.
દુર્જાત=ખરાબ ચોઘડિયામાં જન્મેલો; ખરાબ સ્વભાવનો.
દુર્દર્શ્ય=દુઃખે જોવાઈ શકાય એવું.
દુર્ધર=દુઃખથી ધારણ કરી શકાય એવું.
દુર્નિવાર } =દુઃખથી-મુશ્કેલાઇથી વારી શકાય એવું.
દુર્નિવાર્ય }
દુર્વિકાર=ખોટો વિકાર.
દુર્વિદગ્ધ=અડધું ભણેલો; ખોટો ગર્વ ધરાવતો.
દુર્વિનીત=કુચાલવાળો–ળી–ળું.
દુર્વિભાવ્ય=દુઃખે દેખાઇ શકે એવું.
દુષ્કર=દુઃખે થાય એવું.
દુષ્પાલ્ય=દુઃખથી પાળી શકાય [એવું.
દુષ્પ્રાપ્ય=દુઃખથી પ્રાપ્ત થાય એવું.
દુષ્પ્રેક્ષ્ય=દુઃખથી જોવાય એવું.
દુસ્તર=દુઃખથી તરી શકાય એવું.
દુહિતૃ=દીકરી.
દુઃશ્રવ } =દુઃખે કરીને સંભળાય એવું.
દુઃશ્રવણ }
દુઃસંચર=દુઃખે જેમાં માર્ગ મળે એવું.

દુઃસ્વપ્ન=ખોટું સ્વપ્ન.
દૂર્વાંકુર=દૂર્વા નામે ઘાસનો અંકુર.
દ્રષ્ટવ્ય=જોવા યોગ્ય.
દૃષ્ટિગોચર=જ્યાં સુધી નજર પહોચે ત્યાં સુધીનું સ્થલ.
દેવગજ=દેવનો હાથી–ઐરાવત.
દેવાંગના=દેવની સ્ત્રી.
દૈન્ય=દીનતા–ગરીબાઈ.
દૈવનિયોગ=દૈવનો હુકમ.
દોલાયમાન=હિંદોળે ચઢેલું.
દ્યુતિ=પ્રકાશ.
દ્રવ=રસ.
દ્રવ્યાત્મક=દ્રવ્ય–પદાર્થ–નું બનેલું.
દ્વાદશ=બાર.
દ્વારદેશ=બારણા પાસેની જગા.
દ્વારપાલ=બારણાના રક્ષક.
દ્વિગુણ=બમણું, બેવડું.
દ્વીપાન્તર=બીજા દ્વીપ–બેટ.

ધ.

ધનુષ્મન્ત=ધનુષ્ ધારણ કરનાર.
ધરાતલ=પૃથ્વીની સપાટી.
ધર્મ-શાસન=ધર્મનો ઉપદેશ.
ધર્મ્ય=ધર્મ પ્રમાણે થયેલું,વ્યાજબી.
ધવલ=ધોળું.
ધાતુ-ધૂલિ=ધાતુનો ભૂકો.
ધાત્રી=માતા, ઉપમાતા, ધાવ, પોષણ કરનાર સ્ત્રી.
ધાર્ષ્ટ્ય=ઉદ્ધતાઈ.
ધૂમ=ધુમાડો.
ધૂમલેખા=ધુમાડાનો ઉંચે જતો ગોટો.
ધૂમ્ર=ધુમાડાથી રંગાયલું.
ધૂસર=ભૂખરૂ, ધૂળવાળુ.
ધૃતિ=ધૈર્ય.
ધૈર્ય-સ્ખલન=ધૈર્યનું જતું રહેવું તે.
ધ્વજ-પટ=ધ્વજ ઉપરનું વસ્ત્ર.
ધ્વજ-ભુજ=ધ્વજ રૂપી હાથ.

ન.

નખર=નખ, પંઝો.
નરેંદ્ર=રાજા.
નર્મ=મજાક ભરેલું.
નલિની-સમેત=કમલ-સમૂહથી ભરેલું.
નવ=નવું.
નવગ્રહા=તરત પકડી આણેલી.
નવયૌવન=ભર જુવાની.
નષ્ટાત્મ=આત્મા જેનો નાશ પામ્યોછે તે, વિચાર હીન.
નાગ-કુલ=સર્પનું ટોળું.
નાટ્ય=નૃત્ય, નાટક.
નાના=વિવિધ, જુદું જુદું.
નાભિ=ડુંટિ; નાયડી.
નાલ=કમલનો દંડ–દાંડો.
નાવિક=વાહાણ હાંકનાર.
નાસાગ્ર=નાકની અણી.
નિક્ષેપ ક૦=મુકવું.
નિગ્રહ=દાબ, કબ્જો.
નિચુલ=એક જાતનું વૃક્ષ.
નિતંબ=પર્વતનો એક ભાગ; સ્ત્રીની કટિની પાછળનો ભાગ.
નિપુણ=પ્રવીણ, હુશિયાર.
નિભૃત=ગુપચુપ.
નિમગ્ન=ડુબી ગયેલું.
નિમેષ=આંખ મીચકારો.
નિયમ=વ્રત, નીમ; બાહ્ય સાધનથી સાધી શકાય એવું નિત્ય કર્મ.
નિયત=વ્રતમાં રહેલું, દબાયલું.

નિયતિ=વિધિ, ભાગ્ય, પ્રારબ્ધ.
નિયંત્રણા=દાબ, દબાણ, કબ્જો.
નિયુક્ત=જોડાયલું.
નિરવશેષ=શેષ વિનાનું, બધું.
નિરુત્સુકતા=આતુરતા નહિ તે.
નિરૂપણ ક૦=બતાવવું, જોવું, તપાસ કરવી, નિશ્ચય કરવો.
નિરોધ=બંધન.
નિર્ગમન=બ્હાર નીકળવું, કાઢવું તે.
નિર્ધૂમ=ધુમાડા વિનાનું.
નિર્મમ=મ્હારૂં ત્હારૂં વિનાનું.
નિર્માનુષ=માણસ વિનાનું.
નિર્વાસિત=ઘર બ્હાર કાઢેલું.
નિર્વિકાર=વિકાર વિનાનું.
નિર્વિશેષ=ભેદ વિનાનું, સમાન.
નિર્વેદ=કંટાળો.
નિવારણ=અટકાવ.
નિશા=રાત.
નિશ્ચયારોપણ=નિશ્ચય ઉત્પન્ન કરાવવો તે.
નિશ્ચેતનતા=બેશુદ્ધિ.
નિષ્કંપ=કંપ વિનાનું, સ્થિર.
નિષ્ઠુર=કઠણ.
નીલ=ભૂરૂં; કાળું.
નીલ કંઠ=મયૂર; મહાદેવ.
નીલોત્પલ=ભૂર કમલ.
નીવાર=એક જાતનું ધાન્ય.
નીવિ-ગ્રંથી=ચણિયાના નાડાની અથવા વસ્ત્રની ગાંઠ.
નૂપુર=પગનું ઝાંઝર.
નૃપતિ=રાજા.
નૃશંસ=ઘાતકી.
નૌકા=હોડી.

પ.

પક્ષ=પાંખ; તરફેણ.
પક્ષ્મ=પાંપણ.
પંક=કાદવ.
પંકજ=કમલ.
પંક્તિ=હાર.
પંચબાણ=કામદેવ.
પટહ=નોબત, નગારૂં.
પટુ=તીક્ષ્ણ.
પટ્ટ=પટ્ટો.
પર્ણ=પાંદડું.
પર્ણકુટી=પાંદડાં વિ૦ ની રચેલી ઝુંપડી.
પતાકા=ધજા.
પત્રપુટ=પડિયો.
પદ=સ્થાન; પગલું.
પદપંક્તિ=પગલાંની હાર.
પદવી=રસ્તો.
પદ-શૃંખલા=પગની સાંકળ.
પદ્મ-સરોવર=કમલથી ભરેલું સરોવર.
પયોધર=સ્તન; મેઘ.
પરકીય=પારકું.
પરંપરા=એક પછી એક આવતી હાર.
પરાગ=પુષ્પમાંથી નીકળતો ઝીણો ભુકો.
પરાઙ્મુખ=વિરુદ્ધ.
પરાજય, પરાભવ=હાર. (જયથી ઉલટું).
પરામર્શ=ચાંપી, ચાંપવું તે.
પરિગ્રહ=ગ્રહણ કરવું તે.
પરિચારક=સેવક.
પરિચિત=પરિચય પામેલું.
પરિત્રાણ=રક્ષણ.
પરિભવ=પરાજય.

પરિભૂત=હારેલું.
પરિવાર=પરિજન, નોકર ચાકર.
પરિવૃત=ઘેરાયલું.
પરિવ્રાજક=સંન્યાસી.
પરિહાસ=મજાક.
પરુષ=કઠણ.
પર્યટન=મુસાફરી.
પર્યન્ત=છેડો; સુધી.
પલાશ=પાંદડું; એક જાતનું વૃક્ષ.
પલિત=પળિયાં. [લવ.
પલ્લવ=કોમલ શાખા; વસ્ત્રનો પા-
પલ્લવાસન=પલ્લવનું બનાવેલું આ-
પશુપતિ=મહાદેવ. [સન.
પશ્ચિમાચલ=પશ્ચિમમાં આવેલો
પર્વત.
પશ્ચિમાર્ણવ= ,, ,, સમુદ્ર.
પાઠક=પાઠ કરનાર.
પાણ્ડુર=ધોળું. ફિક્કું.
પાત્ર=યોગ્ય; યોગ્ય સ્થાન.
પાદ-ધૂલિ=પગની ધૂળ.
પાદ-ન્યાસ=પગ મુકવો તે.
પાદાંગુષ્ઠ=પગનો અંગુઠો.
પાદુકા=પાવડી. [નાર.
પાપ-ક્ષય-કારી=પાપનો નાશ કર-
પારંગત=પાર–છેડે–ગયેલો. [પક્ષી).
પારાવત=પારેવો (ખબૂતર જેવું.
પાર્વતી-સિંહ=પાર્વતીનુ વાહન-સિંહ.
પાર્શ્વ=બાજુ.
પાશ=જાળ.
પાષાણ=પથ્થર.
પિચ્છ=પીછું.
પિચ્છિકા=પીછી.
પિંજર=પીંજુ.
પિંડ=લોચો; ચોખા, દહીં વિ૰નો
લાડુ (શ્રાદ્ધાદિક કરતાં મુકવામાં
પિતામહ=બ્રહ્મા. [આવેછે તે).
પિતૃતર્પણ=(મુએલા) પિતાદિકની
અન્ન ઉદક આદિ વડે તૃપ્તિ ક-
પિપ્પલ=પીપળો. [રવી તે.
પિશુન=દુર્જન, ખલ.
પિષ્ટ=લોટ.
પીઠ=આસન.
પુણ્ય=પવિત્ર; સુકૃત્ય.
પુણ્ય-જનક=પુણ્ય ઉત્પન્ન કરે તેવું.
પુણ્ય-રજ્જુ=પુણ્ય રૂપી દોરી.
પુનરુક્ત=ફરીથી કહેલું; નકામું.
પુનરુદ્દીપન=ફરીથી ઉદ્દીપ્ત કરવું–
પ્રકટ કરવું.
પુરોભાગ=આગળનો ભાગ.
પુરોહિત=રાજ્ય-ગોર.
પુલકિત=રોમાઞ્ચિત.
પુલિન=રેતીનો કિનારો.
પુષ્પ-પાત=ફૂલનું પડવું તે.
પુષ્પ-બાણ=ફૂલનું બાણ; કામદેવ.
પુષ્પોદ્ગમ=ફૂલનું આવવું તે.
પૂર્ણિમા=પૂનેમ.
પૂર્વાપર=આગળ પાછળ.
પેશલ=મધુર, મીઠું, મનોહર.
પૌત્ર=પુત્રનો પુત્ર.
પૌર્ણમાસી=પૂનેમ.
પ્રકૃતિ=સ્વભાવ.
પ્રક્ષાલન ક૦=ધોઈ નાંખવું.
પ્રગલ્ભ=છાતીવાળું, ઉદ્ધત.
પ્રચંડ=ભયંકર.
પ્રચ્છદ-પટ=પછેડી.
પ્રજાપતિ=બ્રહ્મા.

પ્રજ્ઞા=બુદ્ધિ.
પ્રણત=નમેલો, પગે પડેલો.
પ્રણય=પ્રેમ, સ્નેહ.
પ્રણય-કોપ=પ્રેમમાં થયેલો કોપ.
પ્રણાલ, **પ્રણાલિકા**=પરનાલ.
પ્રતાપ=પરાક્રમની કીર્તિ.
પ્રતિકૃતિ=છબી.
પ્રતિક્રિયા=ઉપાય.
પ્રતિ-ક્ષણે=ક્ષણે ક્ષણે.
પ્રતિ-દિવસ=રોજ રોજ.
પ્રતિનિધિ=કોઈએ પોતાની જગાએ નીમેલો માણસ.
પ્રતિહાર, **પ્રતીહાર**=દ્વારપાલ.
પ્રતિપક્ષ=સામાવાળો, હરીફ.
પ્રતિપ્રણામ=સામો પ્રણામ.
પ્રતિલેખ=પ્રત્યુત્તર.
પ્રતિશબ્દ=પડઘા.
પ્રતિષ્ઠા=આબરૂ, માન.
પ્રતીકાર=ઉપાય.
પ્રત્યંગ=અંગે અંગ.
પ્રત્યાખ્યાન ક૦=પાછું ઠેલવું, ન કબૂલ કરવું.
પ્રત્યેક=એક એક.
પ્રદક્ષિણા ક૦=દેવ વિ૦ ની આસપાસ ફેરા ફરવા.
પ્રધાન-પદ=મુખ્ય પદવી.
પ્રબંધ=અત્રુટિત રચના (કાવ્ય કથા વિ૦ ની).
પ્રબાલ=પરવાળું; નવી શાખા.
પ્રબોધ=જાગવું તે.
પ્રભા=પ્રકાશ.
પ્રભાવ=શક્તિ.
પ્રભુ=શેઠ, ધણી; ઈશ્વર.

પ્રમત્તતા=બેશીકરાઈ.
પ્રમથ-નાથ=મહાદેવ.
પ્રમદ-વન=રાણીઓને માટે કરેલી વાડી.
પ્રમદા=જુવાન સ્ત્રી.
પ્રમાણ=માપ, કદ.
પ્રમાદ=બેશીકરાઈ.
પ્રયાણ=સૈન્યનું ચાલવું તે.
પ્રયાણ-નાન્દી=પ્રયાણ સમયની, આશિર્વાદયુક્ત સ્તુતિ.
પ્રયાણ-પટહ=પ્રયાણ સમયે વગાડાતી નોબત.
પ્રરોહ=ફણગો.
પ્રવર્તન ક૦=ચલાવવું.
પ્રવ્રજ્યા=સન્યાસી તરીકે બ્હાર ફરવું તે.
પ્રશમન=શાન્તિ.
પ્રશંસનીય=વખાણવા યોગ્ય.
પ્રશસ્ત=વખણાયલું.
પ્રસવ-સ્થાન=ઉત્પત્તિની જગા.
પ્રસાદ=મહેરબાની.
પ્રસાદ-ભૂમિ=જેને પ્રસાદ બહુ થતો હોય તે, માનીતું માણસ.
પ્રસાદામૃતમય=પ્રસાદ રૂપી અમૃતની ભરેલી.
પ્રસૂતિ=ઉત્પત્તિ, જન્મ.
પ્રસ્તુત=જે વિશે વાત ચાલતી હોય તે; મંગલ, શુભ.
પ્રસ્થાન=ચાલવું, બ્હાર નીકળવું તે.
પ્રહર=પ્હોર.
પ્રાકાર=કિલ્લો.
પ્રાકૃત=સાધારણ, હલકું.
પ્રાગલ્ભ્ય=ઉદ્ધતાઈ; હિમ્મત.
પ્રાણાયામ=પ્રાણ વાયુને દબાણમાં રાખવો તે.
પ્રાન્ત=છેડો.

પ્રાભાતિક=પ્રભાત-સવાર-સંબંધી.
પ્રાસાદ=હવેલી.
પ્રેતપતિ=યમ.
પ્રોષિત-ભર્તૃકા=જે સ્રીનો ધણી બીજે દેશ ગયો હોય તે.
પ્રૌઢ=પ્રવૃદ્ધ, ઉમ્મરે પહોચેલું.

ફ.

ફણા=ફેણ.
ફૂત્કાર="ફૂ" "ફૂ" શબ્દ.

બ.

બદ્ધ=બાંધેલું.
બધિર=બ્હેરૂં.
બંદી-જન=સ્તુતિ ગાનાર લોક.
બાહુલ=બહુ, અતિશય.
બહુ-દર્શિત્વ=અગમ બુદ્ધિ.
બહુ-શ્રુત=ઘણું શ્રવણ કર્યું હોય એવો, વિદ્વાન્.
બાહ્ય=બ્હારનું.
બિલ્વ=બીલું.
બુદ્ધિ-લોચન=બુદ્ધિ રૂપી આંખ.
બ્રહ્માસન=ધ્યાન સમયે વા યોગ સમયે બેસવાની અમુક રીત.

ભ.

ભય-ચકિત=ભયથી ગભરાઇ ગયે-લો–લી–લું.
ભર્તા=ધણી.
ભર્તૃ-દારિકા=શેઠની દીકરી.
ભવન=ઘર.
ભવાની-પતિ=મહાદેવ.
ભવિતવ્ય=થવાનું, બનવાનું.
ભિત્તિ=ભીંત.
ભીતિ=બીક.
ભુજ=હાથ.
ભુવન=દુનિયાં, લોક.
ભુવનાન્તર=બીજી દુનિયાં.
ભૂગૃહ=ભોંયરૂ.
ભૂતનાથ=મહાદેવ.
ભૂર્જપત્ર=ભોજપત્ર.
ભૃકુટી, ભ્રુકુટી, ભ્રૂકુટી=ભમર ચઢાવવી તે.
ભ્રમરાવલિ=ભ્રમરની હાર.
ભ્રાતા=ભાઈ.
ભ્રુકુટી-ભવન=ભ્રુકુટીરૂપી ગૃહ.
ભ્રૂ-ભંગ=ભ્રુકુટી.
ભ્રૂ-લતા=ભમર રૂપી લતા.
ભ્રૂ-સંજ્ઞા=ભમરવડે કરેલી સંજ્ઞા.

મ.

મકર-લાંછન=કામદેવ.
મંજરી=માંજર.
મંડપિકા=નાનો મંડપ.
મંડલ=સમુહ; ગોળાકાર.
મત્સર=મચ્છર, ગર્વ.
મદન-જ્વર=કામપીડાથી આવતો તાવ.
મદનાવેશ=કામનો જુસ્સો.
મદલેખા=હાથીના લમણામાંથી નીકળતા પ્રવાહી પદાર્થની ધાર; તે નામની કા૦ ની સખી.
મદોત્પાદક=મદ ઉત્પન્ન કરનાર.
મધુકર=ભ્રમર.
મધુપુટ=મધપુડો.
મધુમાસ=ચૈત્ર માસ, વસંત.
મંદભાગિની = કમનશીબ વાળી સ્રી.
મન્મથ=કામદેવ.
મમત્વ=મ્હારાપણું. 'મ્હારૂં ત્હારૂં' ગ-

મયૂખ } =કિરણ. [ણવાની પ્રકૃતિ.
મરીચિ }
મલ=મેલ.
મલયાચલ=મલય પર્વત.
મલ્લિકા=એક જાતની જાઈ-જુઈ.
મહાનુભાવતા=મનની મ્હોટાઈ, ઉદારપણું.
મહાભાગ=ભાગ્યશાલી (પુરુષ).
મહાવીરતા=મહાબળ.
માનનીય=માન આપવા યોગ્ય.
માનિની=ઈર્ષ્યાથી પતિ સાથે નાખુશ થયેલી સ્ત્રી.
માન્ય=માન આપવા યોગ્ય.
મારુત=પવન.
મીમાંસા=એક હિંદુ શાસ્ત્ર.
મુકુલ=જરા ખીલેલી કળિ.
મુગ્ધ=અણસમજુ.
મુંડ=શિર. [બાંધવી તે (?)
મુદ્રાબંધ= મુદ્રા—વીંટી (મંત્રેલી ?)
મુમુક્ષુ=મોક્ષની ઈચ્છા રાખનાર.
મુષિત=ચોરાયલું.
મુષ્ટિ=મૂઠી.
મૂક=મુંગો.
મૃગયા=શિકાર.
મૃણાલ-સૂત્ર = કમલના દાંડાના
મૃણ્મય=માટીનું બનેલું. [રેસા.
મૃતપ્રાય=મુવા જેવું.
મૃત્તિકા=માટી.
મૃદુ=નરમ, કોમલ.
મેઘ=વાદળું.
મેઘ-નિર્ઘોષ=મેઘનો ધડાકો.
મેઘ-વૃન્દ=મેઘનો સમૂહ.
મેષ=ઘેટો.
મોહ-પ્રાય=મોહ, મૂર્ખતા, થી ભરેલું.
મૌક્તિક=મોતી.

ય.

યજ્ઞોપવીત=જનોઈ.
યત્કિંચન=જે કંઈ, ગમે તે.
યથાયોગ્ય=જેમ ઘટે તેમ.
યથારુચિ=જેમ ગમે તેમ.
યંત્રમયૂર=યંત્રમાં બનાવટના મૂકેલા મોર.
યમ=મૃત્યુ-દેવ; શરીરથીજ સાધી શકાય એવું નિત્ય કર્મ-અહિંસા,
યવ=જવ. [સત્ય વિ૦.
યાચના=વિનતી, માગણી.
યાત્રા=સૈન્યનું એકથી બીજી જગા-
યાનપાત્ર=વ્હાણ. [એ જવું તે.
યામિની=રાત.
યુગ=કાલ-વિભાગ; જોડું.
યુગલ=જોડું.
યુગાન્ત=યુગનો અંત.
યુદ્ધાર્ણવ=યુદ્ધ રૂપી સમુદ્ર.
યુવરાજ=પાટવી કુંવર.
યુવાવસ્થા=જુવાની.
યૌવનારંભ=જુવાનીની શરૂઆત.
યૌવરાજ્યાભિષેક=પાટવી કુંવરને ગાદીએ બેસાડવાની ક્રિયા.

ર.

રક્ષાધૂમ=રક્ષણ કરે એવો ધૂમાડો.
રજનિ } =રાત.
રજની }
રજોવૃષ્ટિ=રજનું પડવું તે.
રતિ-વિલાસ=કામ-ક્રીડા.

રત્યુપચાર=કામ સંબંધી ક્રિયા.
રમણીય } =સુંદર, મનોહર.
રમ્ય }
રસના=સ્ત્રીનો કંદોરો.
રસાતલ=પૃથ્વીની નીચેનો એક
રહસ્ય=ગુપ્ત, ખાનગી. [ભાગ-લોક.
રાજપ્રિય=રાજાને વ્હાલું.
રાજલક્ષ્મી=રાજાની લક્ષ્મી—શોભા.
રાજહંસી='રાજહંસ'પક્ષીની માદા.
રિપુ=શત્રુ.
રુચિર=મનોહર.
રૂપાન્તર=બીજું રૂપ.
રેણુ=ધૂળ.
રોમ=રૂવાટી.
રોમ-કૂપ=રોમ રૂપી કુવો.
રોમાંકુર=ઝીણા રોમ.
રોમાઞ્ચ } =રૂવાટીનું ઉભું થવું
રોમોદ્ગમ } તે.

લ.

લક્ષ્ય=નિશાન. (બાણ મારતાં તાકવામાં આવે છે તે.)
લગ્ન=(મેષ, મીન આદિ) રાશિનો
લતા=વેલ. [ઉદય; વળગેલું.
લતિકા=કોમલ લતા.
લય=ગીત, વાદ્ય, પગ વિગેરેની ક્રિયામાં તથા કાલમાં સમતા, મે-
લલના=(સુંદર) સ્ત્રી. [લાપ.
લલિત=સુંદર.
લવલી=એક જાતની લતા.
લાક્ષા=લાખ.
લાઘવ=લઘુતા, હલકાઇ.
લાલસ=આતુર.
લાવણ્ય=રૂપ, શોભા.
લીલા=રમત; શોભા.
લેખ-હારક=કાગળ લઈજનાર દૂત.
લેપન=લેપ.
લોષ્ટ=માટીનું ઢેપુ.
લોહ-કંટક=લોઢાનો સળિયો.

વ.

વંશ=વાંસ; કુળ.
વક્તા=બોલનાર.
વક્રોક્તિ=શ્લેષોક્તિ; મરોડમાં બોલવું તે.
વક્ષઃસ્થલ=છાતી. [લવું તે.
વંચન=છેતરામણ.
વંચિત=છેતરાયલો.
વત્સ=પુત્ર, છોકરો.
વત્સલ=પ્રેમ રાખનાર.
વધૂ=વહૂ.
વધ્યશાલા=મારવાનું સ્થલ.
વન-ગજ=વનમાં રહેનાર હાથી.
વન-મહિષ= ,, ,, ભેંશ.
વન લેખા=વન(નાં વૃક્ષો)ની હાર.
વન-વરાહ=રાની ડુક્કર.
વન-સ્થલી=વનમાંની જગા.
વંદનીય=નમવા યોગ્ય.
વંધ્યતા=વાંઝિયાપણું.
વમન=બ્હાર કાઢવું તે.
વર-તનુ=સુંદર શરીર વાળી સ્ત્રી.
વલભી=છજુ, અટારી.
વલાકા=બગલો.
વલ્લભ=પ્રિય.
વલ્લી=વેલ.
વાઞ્છા=તૃષ્ણા.
વાપિકા=વાવ.

વામ=ડાબુ; અવળુ; આડુ.
વાયસ=કાગડો.
વારાંગના=વેશ્યા.
વાસભૂમિ=મુકામ.
વિકટ=ભયંકર. [ગાભરો.
વિકલ=લુલો લંગડો; શોકાતુર,
વિકૃતિ=ફેરફાર, વિકાર.
વિક્લવ=વિહ્વલ, શોકાદિકથી જે-
નાં ગાત્ર ગળી ગયાં હોય એવો.
વિક્ષિપ્ત=વિખરાયલું. છૂટું છૂટું.
વિડંબના=અનુકરણ; મશ્કરી,
વટમણા.
વિદ્યાધર=એક જાતના દિવ્યલોક.
વિદ્યુત્=વીજળી.
વિદ્યુદ્દંડ=વીજળી રૂપી દંડ.
વિનિદ્ર=નિદ્રા રહિત, ઉઘડેલું,
વિપન્ન=વિપત્તિમાં પડેલો. [પ્રફુલ્લ.
વિપર્યયે=ઉલટી રીતે.
વિપાક=પરિણામ.
વિપ્રલાપ=અન્યોન્ય વિરુદ્ધ ભાષણ.
વિભક્ત=છૂટું પડેલું.
વિભૂતિ=સંપત્તિ; રાખ.
વિભ્રમ=શોભા; શૃંગાર રસ થકી
ઉત્પન્ન થતી સ્ત્રીઓની એક ચેષ્ટા.
વિભ્રમિતા='વિભ્રમ' નો ધર્મ.
વિમલ=નિર્મલ, સ્વચ્છ.
વિમુક્ત=ત્યજાયલું.
વિમુખ=વિરુદ્ધ.
વિયોગિની=વિયોગી સ્ત્રી.
વિરલ=કોઈક કોઈક.
વિરહ=વિયોગ.
વિરૂપ=બેડોળ.
વિલક્ષ=લક્ષ રહિત.
વિલક્ષણ=સારાં લક્ષણ વિનાનું.
વિલસિત=રમતનું-ક્રીડાનું-કામ.
વિલાસ=ભોગ; શોભા. [સ્ત્રી.
વિલાસિની=વિલાસ કરતી સ્ત્રી;
વિલીન=ઓગળી ગયેલું.
વિવર=છિદ્ર, પોલાણ.
વિવર્ણ=ફિકુ.
વિવૃત=ઉઘાડું.
વિશેષ=ભેદ, જુદાપણું, વધારો.
વિશ્લેષ=વિયોગ.
વિષમ=ખરબચડુ; કઠણ.
વિષયાસક્ત=વિષયમાં મચેલો.
વિષાદ=પીડા.
વિસર્જિત=વિદાય કરેલું.
વિસ્તીર્ણ=વિશાલ.
વિહાર=ક્રીડા.
વૃથા=ફોગટ.
વૃષભ=આખલો.
વેત્ર=બરૂ; છડી.
વેત્રધારી=છડીદાર.
વેત્રાસન=બરનું બનાવેલું આસન.
વેદિ=યજ્ઞાદિકને અર્થે ચોકમાં જરા
ઉંચી ચણેલી ભૂમિ.
વૈક્લવ્ય=ગભરાટ, દુઃખ, નિરાશા.
વૈતાલિક=સ્તુતિ ગાઈને પ્રાતઃકા-
ળે રાજાને જગાડનાર.
વૈરૂપ્ય=કદ્રૂપ.
વૈશ્વદેવ=ભોજન સમયે વિશ્વના
દેવોને (અગ્નિમાં હોમવાથી)
અપાતું બલિદાન.
વ્યગ્ર=કામમાં ગુંથાયલુ.
વ્યંગ્ય=ગૂઢ. [થી ઉલટું.)
વ્યતિક્રમ=ઉલટો ક્રમ. (અનુક્રમ-

વ્યવધાન=આચ્છાદન, ઢાંકણું.
વ્યસન=દુ:ખ; કુચાલ.
વ્યસનાર્ણવ=દુ:ખનો દરિયો.
વ્યાખ્યાન=વિસ્તારથી કહેવું તે, [સમજુતિ.
વ્યાઘ્ર=વાઘ.
વ્યાજમાં=છળમાં, આકારમાં.
વ્યાપાદન=મારવું તે.
વ્યાપાર=કામ.
વ્યાપૃત= કામમાં ગુંથાયલું.
વ્યાપ્તિ=વ્યાપવું તે.
વ્યામોહ=મનનો ગભરાટ.
વ્રણ=ઘાર; છિદ્ર.

શ.

શક્તિ=સત્તા; દેવી.
શંખ-ખંડક=શંખનો કડકો (?)
શત=સો.
શમી=તે નામનું વૃક્ષ (જેનાં કાષ્ઠના ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન થાયછે).
શર-પ્રહાર=બાણનો પ્રહાર.
શશાંક=ચંદ્ર.
શશિ-મણિ=ચંદ્ર-કિરણ પડવાથી પાણી ઝરે એવો મણિ.
શશી=ચંદ્ર.
શષ્પ=ઘાસ.
શાપાક્ષર=શાપના અક્ષર.
શાશ્વતિક=હમેશાનું.
શાસન=હુકમ.
શાસ્ત્રાઞ્જન=શાસ્ત્ર રૂપી અંજન.
શાસ્ત્રોક્ત=શાસ્ત્રમાં કહેલું.
શિથિલતા=મંદતા, આળસ.
શિરોભાગ=માથાનો–અશીકાનો ભાગ.
શિલાતલ } =પથ્થરનો કડકો.
શિલાપટ્ટ }
શિશિર=ઠંડું.
શીઘ્ર=ઉતાવળથી.
શીત-કિરણ } =ઠંડા કિરણ ; ચંદ્ર.
શીત-રશ્મિ }
શીલ=સ્વભાવ.
શુક-શિશુ=પોપટનું બચ્ચું.
શુંડાગ્ર=શુંડની અણી.
શુભ્ર=ધોળું.
શુષ્ક=સુકું.
શૃંગ=શિંગડું; શિખર.
શેષ=તે નામનો નાગ; બાકીનું.
શૈલરાજ=પર્વતનો રાજા, હિમાલય.
શોકાર્ત=શોકથી પીડાતું.
શોણિત=લોહી.
શ્મશ્રુ=દાઢી મુછ.
શ્યામ=કાળું.
શ્યામાક=એક જાતનું ધાન્ય.
શ્રમ-સ્વેદ=શ્રમથી થતો પરસેવો.
શ્રાન્ત=થાકી ગયેલું.
શ્રી=લક્ષ્મી, શોભા.
શ્રેયસ્=કલ્યાણ.
શ્રોતા=સાંભળનાર.
શ્વશુર=સસરો.
શ્વશ્રૂ=સાસુ.
શ્વેત-લોચના=ધોળી આંખો વાળી [સ્ત્રી.

ષ.

ષષ્ઠી-દેવી=દુર્ગા, જેનું પૂજન બાળકના જન્મ પછી છઠ્ઠે દિવસે કરવામાં આવે છે.

સ.

સંયમ } =ઇંદ્રિયોનો નિગ્રહ–ક-
સંયમન }

સંયોગ=જોડાવું તે, મેળાપ. [બન્ને.
સંવેગ=સંભ્રમ, કર્મ કરવામાં હર્ષા-
દિકથી થતી ત્વરા.
સંશ્લિષ્ટ=ભેગું થયેલું.
સંસર્ગ=સ્પર્શ.
સકલ=બધું.
સંકટ=ભરેલું; સાંકડું.
સંકલ્પિત=ધારી મુકેલું, કલ્પેલું.
સંક્રાન્તિ=એકથી બીજી જગાએ
સંક્ષોભ=ગરબડાટ. [જવું તે.
સંચય=સંગ્રહ.
સંચિત=ભેગું કરેલું.
સત્યવાદિતા=સાચું બોલવાની ટેવ.
સદૃશ=સરખું.
સંતાન=છોકરાં છૈયાં.
સંતાપ-રોષ=સંતાપથી થયેલો રોષ.
સંનિબંધ=બંધારણ, બાંધો.
સંધ્યા=(સવારે તથા સાંજે દેખાતું)
ઝળઝાંખળું.
સંધ્યાતપ=સંધ્યા સમયનો તડકો.
સંધ્યારાગ= „ „ રાતો રંગ.
સંધ્યોપાસના=સંધ્યા સમયે અથ-
સમ=સરખું. [વા સંધ્યાને વંદન.
સમક્ષ=પાસે.
સમવાય=સમૂહ.
સમિધ્=યજ્ઞાદિકમાં વપરાતું સુકું તૃ-
સમુદય=સમૂહ. [ણ કાષ્ઠ.
સમૃદ્ધિ=સંપત્તિ; સંગ્રહ.
સમેત=યુક્ત.
સંપર્ક=સ્પર્શ.
સંપાત=પડવું તે.
સંપાદન=પ્રાપ્તિ.
સંપુટ=ડબો, ડબા જેવો આકાર.

સભાવના=ધારણા; સરભરા.
સંભ્રમ=ગરબડાટ, ઉતાવળ.
સંમાનાર્હ=સંમાનને યોગ્ય.
સંમોહકારી=મૂર્છા, ગભરાટ, મોહ
ઉત્પન્ન કરનાર.
સરસ=રસ ભર્યું; સુંદર.
સરિત્પૂર=નદીનું પૂર.
સરોજલ=સરોવરનું પાણી.
સર્પ-કંચુક=સાપની કાંચળી.
સર્વદા=હંમેશાં.
સહચરી=સાથે રહેનારી, સખી.
સહજ=સ્વાભાવિક.
સહસ્ર=હજાર.
સહસ્રધા=હજાર રીતે, હજાર કટકામાં.
સહાય=મદદગાર. [દ્ધિમાન્.
સત્હૃદય=સારા અંતઃકરણનો, બુ-
સહોદર=ભાઈ, ભાંડુ.
સાધુતા=સારાપણું.
સાધુવાદ=સારી બોલી-વાતચીત.
સામર્થ્ય=શક્તિ.
સારભૂત=સાર થયેલું-બનેલું.
સારિકા=મેના. [વાનો માર્ગ.
સિદ્ધિ-માર્ગ=સિદ્ધિ—મોક્ષ—મેળવ-
સીત્કાર='સી' 'સી' શબ્દ, સીસવાટો.
સુઘટિત=સારી ઘડેલી.
સુતનુ=સારા શરીરવાળી (સ્ત્રી).
સુધા=અમૃત; ચૂનો.
સુનાસીર=ઇંદ્ર.
સુરા=મદિરા.
સુરાસુર=દેવ અને દૈત્ય.
સુવૃત્ત=સારા આકારનું.
સૂચિ=સોય, દોરો.
સૂર્યાતપ=સૂર્યનો તાપ.

સેતુ=પૂલ.
સેના-નિવેશ=છાવણી.
સેફાલિકા=એક જાતનો છોડ.
સેવાઞ્જલિ=સેવાને અર્થે જોડેલા હાથ.
સૌગન્ધિક=ધોળું અને ભુરૂં કમલ.
સૌજન્યશાલી=ભલું, માયાળું, સુજનતા રાખનાર.
સૌષ્ઠવ=સૌંદર્ય.
સ્કંધ=ખભો.
સ્કંધ-દેશ=ખભા પાસેનો ભાગ.
સ્ખલન પા૦=ઠોકર ખાવી, ચલિત થવું.
સ્તન-પ્રસ્રવ=સ્તનમાંથી છૂટતી દૂધની ધાર.
સ્તબ્ધ=નિશ્ચલ.
સ્થિત=રહેલું.
સ્થૂલ=જાડુ.
સ્નાન-વિધિ=ન્હાવાની ક્રિયા.
સ્નિગ્ધ=પ્રેમી; તેલવાળું.
સ્નેહલતા=માયાલુતા, સ્નેહીપણું.
સ્નેહોક્તિ=સ્નેહ ભરેલાં વચન.
સ્પર્શામૃત=સ્પર્શ રૂપી અમૃત.
સ્પૃહણીય=સ્પૃહા કરવા-ચાહવા-લાયક.
સ્ફુટ=સ્પષ્ટ.
સ્ફુરિત=ધ્રુજારો; કંપ.
સ્ફુલિંગ=તણખો.
સ્મિત-વિકસિત=મંદ હાસ્યથી પ્રફુલ્લ.
સ્વચ્છંદ-ચારી=પોતાની ઈચ્છા પ્રમાણે વર્તનાર.
સ્વજાતીય=પોતાની જાતિનું.
સ્વતઃ=પોતાની મેળે.
સ્વયંવૃત=પોતે પસંદ કરેલો.
સ્વાનુમાન=પોતે કરેલું અનુમાન.
સ્વાભિગમન=પોતાની મેળે (કોઈ) પાસે જવું તે.
સ્વેદ=પરસેવો.

હ.

હંસપાલિકા=હંસને પાળનારી સ્ત્રી.
હત=હણાયલો; મુવો.
હર=શિવ.
હરિત=લીલું; કાળું.
હરિદ્રા=હળધર.
હર્ષદાયી=હર્ષ આપનાર.
હાર-લતા=હારની દોરી.
હાસ્યામૃત=હાસ્ય રૂપી અમૃત.
હિતોપદેશ=સારી શિખામણ.
હિમ-રશ્મિ=ઠંડા કિરણ; ચંદ્ર.
હિમાદ્રિ=હિમાલય.
હુતાશન=અગ્નિ.
હૃદય-હારી=હૃદયને મોહ પમાડનાર.
હેતુ-ભૂત=હેતુ બનેલું.
હેમન્ત=શરદ્ પછીની અને શિશિર પેહેલાંની ઋતુ (માર્ગશીર્ષ અને પૌષ માસની).
હેમાચલ=મેરુ પર્વત.
હેષા-રવ=ઘોડાનો ખાંખારો.
હોમ-ધેનુ=ઋષિયોએ હોમ માટે રાખેલી ગાય.
હોમાગ્નિ=હોમ માટે સળગાવેલો અગ્નિ.

આગળથી આશ્રય આપનાર સદ્‌ગૃહસ્થોનાં નામ.

ભાવનગર.

પ્રત. નામ.

૧૦૦ નામદાર મહારાજા સાહેબ.
૧૦ રા.રા. વિજયશંકર ગૌરીશંકર.
૫ ,, હરિપ્રસાદ સંતોષરામ.
૨ ,, કેશવલાલ હરજીવનદાસ.
૧ ,, અર્જુનલાલ નાનાલાલ.
૧ ,, દુર્ગાશંકર જેષ્ઠારામ.
૧ ,, દાજીભાઈ પરમાનંદદાસ.
૧ ,, બળવંતરાય હરજીવનદાસ.
૧ ,, વરજદાસ પ્રભુદાસ.
૧ ,, હરજીવનદાસ ભગવાનદાસ.
૧ જ્ઞાનોદ્યોતક સભા.
૧ રા. વલ્લભદાસ ગોપાળજી.
૧ ,, દેવશંકર વૈકુંઠજી.
૧ ,, મૂળજી આનંદજી.
૧ ,, પ્રેમજી ખેતસિંહ.
૧ ,, મુકુંદરામ કેશવરામ.
૧ ,, સાકરલાલ સવાઈલાલ.
૧ ,, માર્કંડરાવ નંદશંકર.
૧ ,, પ્રભાશંકર વેણીશંકર.
૧ ,, ભૂપતરાય લક્ષ્મીશંકર.
૧ ,, પ્રતાપરાય સંતોષરામ.
૧ ,, પ્રતાપરાય વજેશંકર.
૧ ,, નવનીધરાય વજેશંકર.
૧ ,, હરિલાલ છગનલાલ.
૧ ,, સારાભાઈ શ્રીપ્રસાદ.
૧ ,, સાકરલાલ મનસુખરામ.
૧ ,, માનશંકર ગૌરીશંકર.
૧ ,, માનશંકર પીતામ્બરદાસ.
૧ જ્ઞાનવર્ધક સભા.
૧ રા. રતિશંકર ગિરજાશંકર.
૧ ,, કલ્યાણરાય ગોવિંદરામ.
૧ ,, કપિલરામ કેશવરામ.
૧ ,, દુર્લભરામ રામજી.
૧ ,, છોટાલાલ આણંદજી.
૧ ,, ચંદ્રશંકર માનશંકર.
૧ ,, ગિરિજાપ્રસાદ દુર્ગાપ્રસાદ.
૧ ,, નવનીધરાય મહીપતરાય.
૧ ,, મહમદઅલ્લી અબદુલઅલ્લી.
૧ ,, વિઠ્ઠલદાસ હરજીવનદાસ.
૧ ,, મણિલાલ છોટમલાલ.
૧ ,, ગુલાબરાય માધવજી.

શિહોર.

૧૫ રાવળશ્રી હરિસિંહજી રૂપસિંહજી.
૧ રા. ત્રિકમજી પુરુષોત્તમ.

ઘોઘા.

૧ રા. ભગવાનદાસ ઉત્તમદાસ.

જુનાગઢ.

૨૫ ખુદાવંત નવાબ સાહેબ.
૧૦ પાટવી કુમાર (હાલ નવાબ સાહેબ) શ્રી બહાદુર ખાનજી.
૨ રા.રા. હરિદાસ વિહારીદાસ.
૧ રા. મગનલાલ સુંદરજી.
૧ ,, વિઠ્ઠલરામ જેઠાભાઈ.
૧ ,, તુળજાશંકર રમાશંકર.
૧ ,, દુલેરાય હરિપ્રસાદ.
૧ ,, રતનચંદ મૂળચંદ.

કચ્છ-ભુજ.

૨૫ નામદાર રાઓસાહેબ શ્રી ખેંગારજી.
૧૦ રા. બા. મણિભાઇ જસભાઇ.
૩ ઠાકોર સાહેબ વેરસળજી સુમરી રોહા.
૨ રા.રા. જીવણભાઇ હીરાચંદ.
૧ ,, છોટાલાલ સેવકરામ.
૧ ,, મોહનલાલ મણીલાલ.
૧ ,, જેશંકર નૃસિંહરામ.
૨ ,, ચુનીલાલ અમૃતરામ.
૧ ,, નર્મદાશંકર લાધાભાઇ.
૧ ,, ડાહ્યાભાઇ મગનલાલ.
૧ ,, હાથીરામ સોમજીભાઇ.
૧ ,, બલદેવ વેલજી.
૧ ,, વિઠ્ઠલજી કેશવજી.
૧ ,, હીરજી ભગવાનજી.
૧ ,, નિર્ભયશંકર કેશવજી.
૧ ,, લક્ષ્મીદાસ રવજી.
૧ ,, માધવજી કલ્યાણજી.
૧ ,, આત્મારામ કેશવજી.
૧ ,, વિશ્વનાથ જેઠાલાલ.
૧ ,, શીવજી પુરુષોત્તમ.
૧ ,, કાનજી શંકરજી.
૧ ,, ઇબ્રાહીમ ઇસ્માલ.
૧ ,, તાપીશંકર શીવદાસ.
૧ ,, ગોવિંદજી મોટાભાઈ.
૧ ,, માવજી રાઘવજી.

કચ્છ-માંડવી.

૧૦ રા. રા. રાજારામ રામકૃષ્ણ.
૫ ,, જેરામ શિવજી.
૨ ,, કેશવજી વાઘજી.
૨ રા. રણછોડદાસ ઓધવજી.
૨ 'વિદ્યાસંગ્રહ' પુસ્તકશાલા.
૧ રા. મોરારજી રુઘનાથ.
૧ ,, કરસનદાસ નેનસી.
૧ ,, નરહરિ મેગળજી.
૧ ,, ત્રીકમદાસ નરસિંહ.
૧ ,, લાધા વિશરામ.
૧ ,, જટાશંકર હરજીવન.
૧ ,, લક્ષ્મીદાસ લધા.
૧ ,, દ્વારકાંદાસ ગોપાલજી.
૧ ,, વસનજી હરિદાસ.
૧ ,, મોરારજી અજરામર.

કચ્છ-નળિયા.

૧ રા. રા. લક્ષ્મીદાસ વિશરામ.
૧ ,, ભાણજી ભગવાનજી.
૧ ,, હરજીવન વેણીદાસ.
૧ નળિયા પુસ્તકશાલા.
૧ રા. તુલસીદાસ ડુંગરસી.
૧ ,, મેઘજી જેઠા.
૧ ,, વિઠ્ઠલજી જીવણ.
૧ ,, જીવણરામ ઇબજી,

વાંકાનેર.

૨૦ શ્રી વાંકાનેર દરબાર.
૧ રા. ઇશ્વરભાઇ શંકરભાઇ.
૧ ,, પ્રાણજીવન ડાહ્યાભાઈ.
૧ ,, કલ્યાણજી પુંજારામ.
૧ ,, મૂળશંકર જીવણરામ.
૧ ,, પરભુરામ કાનજી.

બિલખા.

૫ આજમ વાલાશ્રી દેશા ભીમા.
૫ ,, વાલાશ્રી આલા ભીમા.

૫ આજમવાલાશ્રી કાલા દેવદાન.
૨ કુમાર શ્રી અમરાવાળા કાલા વાલા.

રાજકોટ.

૫ ઠાકોર સાહેબ બાવાજી રાજ.
૪ રા. જટાશંકર નરસિંહરામ.
૨ કુમાર શ્રી એદલખાનજી.
૨ ,, વખતસિંગજી.
૧ ,, જયસિંહજી જેઠિભાઈ.
૧ ,, વખતસિંહજી.
૧ ,, નસરુલ્લાખાન.
૧ ,, મોહનદેવજી.
૧ ,, પ્રતાપસિંહજી ગુલાબસિંહજી.
૧ રાવળ શ્રી નથુભાઈ ગોદરભાઈ.
૧ કુમાર શ્રી રાયસિંહજી નરસિંહજી.
૧ ,, કદરખાન.
૨ રા. કાનજી નથુભાઈ.
૧ ,, પ્રભાશંકર દલપતરામ.
૧ ,, હરિલાલ ઝીણાભાઈ.
૧ ,, જટાશંકર પ્રાણજીવન.
૧ ,, અનુપચંદ જગજીવન.
૧ ,, જયચંદ રઘુનાથજી.
૧ ,, પ્રભાશંકર જયશંકર.
૧ ,, મૂળજી દ્વારકાંદાસ.
૧ ,, દાદાભાઈ સોરાબજી.
૧ ,, સોમચંદ કપૂરચંદ.
૧ ,, જીવરામ લક્ષ્મીરામ.
૧ ,, કૃષ્ણરાવ બાપુજી.
૧ ,, મણીશંકર રતનજી.
૧ ,, બલવંતરાય રાજારામ.
૧ ,, ગિરજાશંકર બાવાભાઈ.
૧ ,, પ્રભાશંકર મીઠારામ.
૧ રા. જાદવજી વાહાલજી.
૧ ,, શામલજી નાનજી.
૧ ,, ઈશ્વરલાલ બદ્રીનાથ.
૧ ,, મોહનલાલ સાંકળચંદ.
૧ ,, ત્ર્યંબકલાલ મણિશંકર.
૧ હાલાર પ્રાંતની પુસ્તકશાલા.

ગાંડલ.

૫ નામદાર ઠાકોર સાહેબ ભગવતસિંહજી.
૧ રા.રા. વલ્લભદાસ સુંદરજી.
૧ ,, દયાશંકર દેવશંકર.
૧ ,, દેવશંકર શિવશંકર.
૧ ,, પદમશી વશરામ.

ચૂડા.

૫ ઠાકોર સાહેબ બેહેચરસિંહજી.

મહુવા.

૧ રા. વલ્લભદાસ પોપટભાઈ.
૧ ,, મનમોહન કમલશી.
૧ ,, લલુભાઈ કાળીદાસ.
૧ ,, અલ્લીભાઈ વાલજી.
૧ મહુવા પુસ્તકશાળા.

મોરવી.

૧ રા. રા. મોતીચંદ ઓધવજી.
૧ ,, મૂળચંદ મોનજી.
૧ ,, અમરશી જાદવજી.
૧ ,, અમરચંદ શીવદાસ.
૧ ,, નવલચંદ ડોસાભાઈ.
૧ ,, ગોરધનદાસ લાધા.
૧ ,, જગજીવનદાસ જીવણભાઈ.
૧ ,, શેઠ બેહેરામજી હોરમસજી.

૧ રા. આશારામ દલીચંદ.
૧ ,, સીતારામ તુકારામ.

દેવગઢ બારિયા.

૧૫ ઠાકોર સાહેબ શ્રી માનસિંગજી.

જામનગર.

૧ રા. રા. મગનલાલ બાપુભાઈ.
૧ ,, ત્રીકમલાલ ગોપાળ.
૧ ,, તલકશી દેવજી.
૧ ,, હસતભાઈ પીરભાઈ.
૧ ,, વિશ્વનાથ વિઠ્ઠલજી.
૧ ,, પ્રતાપરાય શિવલાલ.

જસદણ.

૨ શ્રી જસદણ દરબાર સાહેબ.
૧ રા. રા. ભગવાનજી ભોળાનાથ.

કુંડળા.

૧ રા. બાપુભાઈ માધવજી.
૧ ,, જમનાદાસ ગિરધરભાઈ.
૧ ,, ધીરજરામ કરુણાશંકર.

માંગરોળ.

૧ રા. વજેશંકર શામલજી.
૧ ,, ભૂપતરાય ત્રિભુવનદાસ.
૧ ,, ગૌરીશંકર ઉમયાશંકર.
૧ ,, સાકરલાલ હરજીવનદાસ.
૧ ,, જટાશંકર પુરુષોત્તમ.

સોનગઢ.

૨ રા. રા. વજુભાઈ હિંમતભાઈ.
૧ ,, લક્ષ્મીચંદ હરીભાઈ.
૧ ,, મહીપતરામ નથુભાઈ.
૧ ,, ઉદેરીધ મણીરીધ.
૧ ,, ઈશ્વરચંદ [illegible]સીચંદ.

૧ રા. આણંદલાલ હરિદાસ.
૧ ,, પ્રેમચંદ ઉમીચંદ.
૧ ,, લલ્લુભાઈ હરિભાઈ.

વઢવાણ.

૨ રા. રા. ગોવિંદલાલ સુખલાલ.
૧ ,, કૃષ્ણલાલ ગોવિંદલાલ.
૧ ,, છગનલાલ સુંદરજી.
૧ ,, છગનલાલ ડોસાભાઈ.
૧ ,, છગનલાલ હરિકૃષ્ણ.

રાંધણપુર.

૧ રા. કરમચંદ ઘેલચંદ.

મેંગણી.

૧ ગુણગ્રાહક સભા.

પલાણા.

૧ રા. રણછોડભાઈ ઈશ્વરદાસ.

સોજીત્રા.

૨ રા. ઈશ્વરભાઈ શંકરભાઈ.

વળા.

૧ 'મ્યુનિસિપલ લાઈબ્રેરી.'

સચીન.

૧ રા. રા. હરિલાલ અનુપરામ.

નડિયાદ.

૫ રા.રા. બેહેચરદાસ વિહારીદાસ.
૧ ,, વ્રજલાલ બેહેચરદાસ.
૧ ,, હીરાલાલ રેવાશંકર.
૧ ,, ઉમયાશંકર હીરાશંકર.
૧ ,, રણછોડદાસ ગોકળભાઈ.

પેટલાદ.

૧ ખાનબહાદુર કાજી અબદુલ [રહીમાન.
૧ રા. કેશવરાવ પાંડુરંગ.

૧ રા. પુરુષોત્તમ પરશુરામ.
૧ ,, રતનલાલ અચરતલાલ.
૧ ,, ગુલાબચંદ શામળદાસ.
૧ ,, ગણપતભાઈ ઉમયાશંકર.
૧ ,, છગનલાલ લલ્લુભાઈ.
૧ ,, રાવજીભાઈ દલસુખભાઈ.

અમદાવાદ.

૩ રા. બા. ભોળાનાથ સારાભાઈ.
૧ રા. છગનલાલ અનંતરાય.
૧ ,, નભુલાલ પરસદરાય.
૧ ,, વ્રજલાલ સુંદરલાલ.
૧ ,, ત્રિકમલાલ હરિસુખરાય.
૧ ,, વૈકુંઠરાય અણંદરાય.
૧ ,, કમલાશંકર પ્રાણશંકર.
૧ ,, અચરતલાલ જીવણલાલ.
૧ ,, ચમનલાલ મોતીલાલ.
૧ ,, છોટાલાલ લાલચંદ.
૧ ,, રણછોડ લાલદાસ.
૧ ,, નગીનદાસ શામળભાઈ.
૧ ,, ચુનીલાલ મોતીલાલ.
૧ ,, ત્ર્યંબકરાય વ્રજરાય.
૧ ,, બાલાભાઈ મગનલાલ.
૧ ,, ભગવાનલાલ રણછોડલાલ.

વડોદરા.

૧૦ 'ડાઈરેક્ટર ઑફ વર્નાક્યુલર ઈન્સ્ટ્રક્શન.'
૧ રા.રા. હરગોવિંદદાસ દ્વારકાંદાસ.
૧ ,, પરશોતમ પરમાનંદ.
૧ ,, મોહનલાલ ભગવાનદાસ.
૧ ,, વિઠ્ઠલ નાગર.

સુરત.

૧ રા. રા. ઉત્તમરામ નરભેરામ.
૧ રા.રા. રતીરામ મોતીરામ.
૧ ,, મોહનલાલ રણછોડદાસ.
૧ ,, લલ્લુભાઈ કેશવલાલ.
૧ ,, હરિલાલ હર્ષદરાય.
૧ ,, ભાનુશંકર નારણશંકર.
૧ ,, મહાનંદ ભાઈશંકર.
૧ ,, નરભેરામ મનસુખરામ.
૧ ,, હરિસુખરામ ત્ર્યંબકરામ.
૧ ,, બાળાશંકર ઉલ્લાસરામ.
૧ ,, જગન્નાથ ઈચ્છારામ.
૧ ,, કર્પૂરરામ મન્મથરામ.
૧ ,, મોટાલાલ મોતીલાલ.

મુંબઈ.

૫ રા.રા. ભાઈશંકર નાનાભાઈ.
૧ ,, શેઠ લક્ષ્મીદાસ ખીમજી.
૧ રા.રા. ઝવેરિલાલ ઉમયાશંકર.
૫ ,, ઈશ્વરદાસ (બુકસૅલર).
૧ ,, હીરચંદ રાઘવજી.
૧ ,, જગન્નાથ જેઠાભાઈ.
૧ ,, રેવાદાસ લક્ષ્મીદાસ.
૧ ,, સારાભાઈ મગનભાઈ.
૧ ,, અમીચંદ રણછોડજી.
૧ ,, કરમઅલ્લી રહિમભાઈ.
૧ ,, રતનશી પીરદીન.
૧ ,, મુલવર્મન્ નાથવર્મન્.
૧ ,, ફતેચંદ કર્પૂરચંદ.
૧ ,, નગીનદાસ દ્વારકાદાસ.
૧ ,, મણિલાલ હરિલાલ.
૧ ,, ફકીરચંદ પ્રેમચંદ.
૧ ભુલેશ્વર પુસ્તકશાલા.
૧ રા. ઘેલારામ નથુરામ.
૧ ,, પ્રહ્લાદ દેવશંકર.

પાટણ.

૧ રા. અવન્તીલાલ નરસિંહરામ.
૧ ,, નટવરલાલ દોલતરામ.
૧ ,, શ્યામલાલ હીરાલાલ.
૧ ,, નારાયણ ભારતી યશવંત-ભારતી.
૧ કન્યાશાલાની સ્ત્રીશિક્ષક બાઈ દીવાળી નારણજી.

રાંદેર.

૧ રાંદેર પુસ્તકશાલા.

મેહેમદાવાદ.

૧ રા. ભોગીલાલ જેઠીસનદાસ.

પારડી.

૧ રા. મનસુખ અનોપચંદ.
૧ ,, ડાહ્યાભાઈ ભગવાનદાસ.
૧ ,, સાકરલાલ ચુનીલાલ.
૧ ,, શિવલાલ ચુનીલાલ.

જંબુસર.

૧ રા. હરીશંકર ભાઈજી.

બજાણા.

૨ રા.રા. માણેકચંદ તુલસીદાસ.

અંકલેશ્વર.

૧ શેઠ ડોસાભાઈ પેસ્તનજી.